LIBRARY
SMT
Th
Call No 7 AE 74 J6-4
G. 24747

G 4 540

THE M. S. UNIVERSITY OF BARODA LIBRARY

શેઠ બેજનજી અરદેશર દસ્તુર કામદીનવાળા ઇનામના રચેલા.

જ્ઞાન ચક્ર

યાને

ગુજરાતી સાઈકલોપીડિયા.

પુસ્તક ૪ થું.

કે-ખ-ગ-ઘ.

રચનાર

રતનજી ફરામજી શેઠના,

તે હકદારનો હક કાચ કામનો હૂનર, ફોટોગ્રાફી, ચાઈનીજ ટેલ્સ, એશિયાની સદ્‌ગુણી બાનુઓ, સુંદર હેલન, ગુલબુશરો, રંગમાં ભંગ, લૉનટેનીસ, બિલ્લીક વગેરેનો કર્તા.

આ ચોથા ગ્રંથ સંબંધી સર્વે હક્ક રચનારે સ્વાધિન રાખ્યાં છે.

કિંમત રૂ. ૩-૦-૦
(પોસ્ટેજ આના ચાર.) એન. એમ. ત્રિપાઠી એન્ડ કં
બુકસેલર્સ, પ્રિ

C.M.S.
PURCHASED
Date 3-8-71.
Initial M.H.V.
Ex 24747.
Rs. 30-00

7AE
74
·J6-4

મુંબઈ:
ધી જમશેદજી નશરવાનજી પીતીત પારસી ઑરફનેજ
કૅપતન પ્રિંતીંગ વર્કસ.
લાલબાગ–પરેલ.

અર્પણ પત્રિકા.

શેઠ મનચેરશાહ નશરવાનજી રૂસ્તમફરામના,

"જ્ઞાન પ્રસારક મંડળી" ના એક લાઇફ-મેમ્બર.

તમો સાહેબે વિદ્યાજ્ઞાન તરફની કદરસનાશીથી સખી હસ્ત
લંબાવી આ વિદ્યાજ્ઞાનના ગ્રંથને પ્રગટ કરવામાં ઉદાર
દિલથી જે કિમતી મદદ અને ઉત્તેજન આપ્યાંછે
તેના હેશાતની માનપૂર્વક ઈધાણી દાખલ
આ ગ્રંથ તમો સાહેબને અર્પણ
કરવાની રજા લઉંછું.

લા૦ સેવક,
રતનજી ફરામજી શેઠના
(જ્ઞાનચક્ર પુસ્તક ૪ થાના રચનાર.)

રતનજી ફરામજી શેઠના કૃત.

જ્ઞાન ચક્ર

યાને

ગુજરાતી સાઈકલોપીડિયા.

પુસ્તક ૪ થું.

કે.

કેરોસીન તેલ—તેની બનાવટ, શોધ, વેપાર તથા તવારીખ.

કેરોસીન તેલની હસ્તી પ્રાચીન કાળમાં કયારે જણાઇ તે ચોકસ નથી. પણ પુરાતન ઇતિહાસીક શોધો ઉપરથી જણાય છે કે બેબિલોનીયાના વતનીઓ આ તેલ વિશે જાણુતા હતા. હાલમાં નિનિવેહ અને બેબિલોનના ખંડીયરો ઉપરથી જણાય છે કે તેઓ જે દેવાલ પથ્થર ચુનાથી ચણી લેતા હતા તેમાં ડામર જેવી કેરોસીનના ભેળવાળી મેળવણી કરતા હતા, અને તે તેલ યૂફ્રેટીસ તથા 'ઇજ'ના ઝરાઓમાંથી મેળવતા. હિરાડોટસના લખવા મુજબ ઈ. સ. પૂર્વે ૫૦૦માં 'ઝેન્ટી'ના ટાપુમાં એના ઝરા મળી આવ્યા હતા અને તે ઝરા આ તવારીખનવેશે વટીક દીઠા હતા. ટ્રોબોના જણાવવા મુજબ 'જુડા'ની ખીણોમથી એક પ્રકારનો ધાતુપુષ્ટ પદાર્થ મળતો હતો કે જેને ઈજીપ્ત ખાતે સડો ન લાગે તેવા સુગંધી પદાર્થમાં ભેળ કરવા મોકલવામાં અવતો. ડાયોડોરસ પણ એવીજ હકીકત જણાવે છે કે, સિસિલીના સરોવર કાંઠે આ તેલ જેવો પદાર્થ મળતો હતો. પ્લિની, પ્લુટાર્ક, એરીસટોટલ અને જોસેફસના જણાવવા મુજબ કેરોસીન તેલનો મોટો જથ્થો એડ્રીઆટિક સમુદ્રપરના આલબેનિયાની ભૂમિ તળે મોટા જથ્થામાં હતો. કાસ્પિયન સમુદ્ર કાંઠેના બાકુ ખાતેના પવિત્ર હમેશ બળતા આતશની પુજા જમાનાઓ થયાં થતી આવી છે અને આગળ ત્યાં હિંદુસ્થાનથી હજારો જાત્રાળુઓ અગ્નિની પૂંજા અર્થે જતા હતા. આ હમેશ બળતો આતશ ભૂમિ તળે છુપાયલા અખૂટ કેરોસીનના પ્રતાપે રોશન રહેતો હતો.

અઢારમી સદીની આગમજ કેરોસીન તેલના ઉપયોગથી ઉત્તર અમેરિકાના ઇંડિયનો જાણીતા હતા. તેઓ પોતાના દેશમાં આવેલી 'મિત્રણુની' ખાડીમાંના તેલ વડે લઢાઇપર જતાં પોતાના શરીરને રંગતા અને ધર્મ સંબંધી કામમાં પણ વાપરતા હતા. તેઓ રાત્રે ખાડી કિનારે આજ તેલના બળતાં કરી મોજ મેળવતા હતા. સેનેકાના સરોવરનું પાણી તેલના મિશ્રણવાલું હોવાથી તે પાણીને 'સેનેકા તેલ'ને નામે ઓળખતા અને તેને સંધિવાની દવા તરીકે ઉપયોગમાં લેતા.

ત્યાંના લોકો ખાડીમાં ઉનનું કાપડ બોળી તેમાંનું પાણી નિચોવી નાખ્યા પછી તેલ કાઢી લેતા. ત્યાંની કેરોસીનની ખાડીને લગતી ખીણમાં ચોકસ ઠેકાણે પાણી ભરી રાખીને તેની સપાટી ઉપરનું તેલ ભેગું કરવા માટે ખાડાઓ ખોદેલા મળી આવ્યા તે ઉપરથી અટકળ થઇ શકે છે કે ઈંડીયનોએ કેરોસીનના ખાડા ખોદ્યા હશે અને તેઓ તેનો ઉપયોગ જાણતા હતા.

અમેરિકામાં કેરોસીન ૧૮૨૬ માં ઉપયોગમાં લેવાનું જાહેર થયું અને ત્યાં સ્વચ્છ રોશની માટે આજ તેલ વાપરવામાં આવતું હતું. ૧૮૫૪ માં પેહેલવેહેલી 'પેન્સિલ્વેન્યા રૉક ઑઇલ કુંપની' સ્થાપન થઇ. આ વેળા કુંપનીએ તે તેલની ખાડીની આસપાસ ૧૦૦૦ એકર જગા ખરીદી આગલા ઇંડીયનોની રીત મુજબ તેલ કાઢવા માંડયું હતું. તેઓ પાણીમાં ધાબળી બોળી કાઢીને તેમને નિચોવી લેતા હતા. આ કઢંગી રીતથી કંપનીનું કામ જલ્દી બંધ પડયું. ઇ. સ. ૧૮૫૭ માં કર્નલ ઇ. એલ. ડ્રેકે સ્વચ્છ તેલ મોટા જથ્થામાં મેળવવાની રીત શોધી કાઢી ઉપલી કંપનીની જમીન ૨૫ વર્ષને પટે લઇ ૧૮૫૯ ના આગસ્ટ માસમાં દરરોજ ૪૦૦ થી ૫૦૦ ગૅલન તેલ કાઢવા માંડયું. આ સ્વચ્છ તેલ કાઢવાની શોધ પછી અમેરિકામાં અનેક કુંપનીઓ ઉભી થઇ સંખ્યાબંધ ઝરા શોધી કાઢયા છે.

કેરોસીનની ખુદ્રતી બનાવટ.—કેરોસીન જમીનના પેટાંમાં શી રીતે ઉત્પન્ન થાયછે તે વિષે વિદ્વાનોએ એવો તર્ક કર્યો છે કે તે મુવેલા અને નાશ પામેલા પદાર્થોમાંથી ઉત્પન્ન થતું હોવું જોઇએ, અને તેથી તે છેક પ્રાચીન કાળમાં થોડું બનેલું હોવાથી ઝાઝું જણાયું નહોતું. મો૦ સ્કોલૅફ નામે એક રશિયન વિદ્વાન એવું જણાવે છે કે દુનિયાં પેદા થઇ તે વેળા દુનિયાંના વાતાવરણમાંની હાઇડ્રોકારબોનમાંથી તે ઉત્પન્ન થયલું હોવું જોઇએ. જ્યારે એક બીજો વિદ્વાન કહેછે કે ધરતીની સપાટીમાંથી ઉંડી ફાટ અને ચીરાઓ મારફતે પૃથ્વીના પેટામાં પાણી દાખલ થયાથી ત્યાં 'કારબાઇડ ઑવ આયર્ન' નામના પિગળતા પદાર્થ સાથે તે સમાગમમાં આવેલું હોવું જોઇએ, અને એ બેના સમાગમથી 'ઑક્ષાઇડ ઑવ આયર્ન' તથા કેરોસીનમાંની હાઇડ્રો કારબન ઉત્પન્ન થએલી હોવી જોઇએ. આ તર્ક રસાયન શાસ્ત્રીઓ જે કે માન્ય કરેછે પણ તે બીજાઓના લક્ષમાં ઉતરતું નથી; કારણ કે અખ્તરાથી સાબેત થયું છે કે જાનવરોની લાશો મધેથી કુદરત એ તેલ ઉત્પન્ન કરેછે. તે શોધી કાઢવા માટે એક વિદ્વાને ખારી માછલી, માછલીના કોરા વગેરે ભારે દબાણ તળે ભઠ્ઠીમાં ગાળી જોઇ તેમાં કેરોસીનને બદલે નાઇત્રોજનના બેળવાલું તત્વ મેળવ્યું હતું. પણ જમીનમાં કેટલેક ઠેકાણેથી મીણના જેવી ખાશિયત ધરાવનારા પદાર્થ મળી આવે છે જે બાબે અજમાયશ ઉપરથી વિદ્વાનોએ એવું અનુમાન જાહેર કર્યું કે જનાવરોની લાશની સર્વે ચીજો સડી ગયા પછી જે ચરબિદાર પદાર્થ રહી જાયછે, તે એ પદાર્થ છે. વળી ચોકસ આગલા જમાનાનાં હાડકાંઓ મધેથી પણ ચરબિદાર પદાર્થ મળી આવતો જણાયો છે. આ સબબો અને ઉપલા અનુમાન ઉપરથી તે શોધકે અનુમાન કાઢયું કે જે રીતે માછલાંઓને ભઠ્ઠીમાં ગાળવાથી ઉપલો ચરબિદાર પદાર્થ મલ્યો હતો, તેજ મુજબ ખુદરતને હાથ પણ બનતું હોવું જોઇએ; યાને જનવરોની લાશમાંથી પેહેલાં નાઇટ્રોજનનું તત્વ હવામાં ઉડી ગયા પછી બાકી ચરબી રહેતી હોવી જોઇએ. આ ઉપરથી તેણે જનવરની ચરબી ગાળી જોઈ, જેનું પરિણામ ધુંકમાં એ આવ્યું કે ચરબીના લગભગ ૭૦ ટકા જેટલા ભાગનું કેરોસીન બન્યું. પાછળથી જણાયું છે કે માખણ, ડુક્કરની ચરબી, સ્પીન વગેરે જાતની ચરબી ચોકસ દબાણ તળે દાબીને ચોકસ ગર્મી આપી ગાળવાથી કેરોસીન બનાવી શકાયછે. આ ઉપરથી જણાયછે

કે પશુ, પક્ષી, માછલાં વગેરેની લાશો કાદવ યા માટીમાં લપેટાઇને સમુદ્રના મોજા સાથ ધસડાઇ એકડી થતી હોવી જોઇએ, કે જ્યાં તેનીપર રેતી વગેરેના પડના દબાણ ફરી વળતાં તે સૂર્યના તાપ અને પડના દબાણથી કેરોસીન તેલમાં ફેરવાઇ જતું હોય એ બનવા જોગ છે.

બીજા વિદ્વાનોના જણાવવા મુજબ "જમીન ઉપરનું પાણી ભૂમિના પેટામાં પચી ધાતુના (અગત્ય કરીને લોઢાના) કાર્બાઇડસ સાથે મળી જાયછે, કે જ્યાં તે બળતા હોયછે. ત્યાં પાણી પોતાનાં બે તત્વો ઑકસિજન અને હાઇડ્રોજનમાં વેંહચાઇ જાયછે અને પછી ઑકસિજન લોઢાં સાથે મળી જાયછે, પણ હાઇડ્રોજન કાર્બોન સાથે મળી જઇ ઉંચે ચઢેછે અને ત્યાં તેનો થોડોક ભાગ બનીજ તેલનું રૂપ લે છે. આ તેલ પર્વતોની હાર લાગી હોય તે તરફના ભાગોમાંથી મળેછે.

કેરોસીન તેલ ઝેરી અસર ધરાવે છે એ જાણીતી બીના છે. આ તેલના કુવાઓમાં કામ કરનારા મજુરોને એક જાતનો ચામડીનો રોગ લાગુ પડે છે. તુર્તનું કાઢેલું તેલ જે ભારી હોયછે તેમાં કામ કરનારાઓપર આ રોગ તુર્ત અસર કરે છે. આ તેલ પીધાથી ઘણા બુરા દર્દો ઉત્પન્ન થાયછે અને તે પીતાં ઝુકણ આવી મુઈ જતાં મરણ નિપજે છે. આ તેલ પિધાથી કાંઇ ઝેર ચઢતું નથી પણ નબળા બાંધાના યા બેમારના દમમાં તેનો વાસ જતાં તે વરાળની ઝેરી અસરથી ગુંગળાઇ મરણ પામે છે.

કોલસા પ્રમાણે પૃથ્વીના પેટામાં કેરોસીનનો અખુટ ખજાનો ભરેલો છે. કેરોસીન તેલની કુલ દુન્યામાં વાર્ષિક ઉત્પત્તિ ૬૦,૦૦,૦૦૦ ટનની છે; જેમાં અર્ધાથી વધુ ભાગ અમેરિકાનો યુનાઇટેડ સ્ટેટસ પુરો પાડેછે. એશિઆમાં રૂશિયનોને તાબેનો કૉકેસસનો મુલક કેરોસીન તેલ મોટા જથ્થામાં ઉત્પન્ન કરવા માટે જગપ્રસિદ્ધ છે, અને બાકુમ તથા બાકુના બંદર શેહરો તેના વેપાર થકી જાણીતાં છે.

રૂશિઆ દેશના 'ખરોસ્ની' નામે જગા-ઉપર ૧૮૯૪ માં કેરોસીનનો એક નવો ઝરો હાથ લાગો હતો, જેનું બોદકામ કરતાં ૧૮૯૫ માં જણાયું હતું કે ૨૪ કલાકમાં તેમાંથી ૧૩,૦૦૦ ટન તેલ નિકળી શકેછે. કૉકેસસ ઉપરાંત એશિઆ ખંડના બીજા દેશો પણ કેરોસીનની ઉત્પત્તી કરવા લાગ્યા છે.

હિંદુસ્થાન, બરમાં, બલુચિસ્તાન પણ કેરોસીન માટે જાણીતા થવા લાગાછે. અમેરિકાના મેકેન્ઝીને નામે ઓળખાતી નદીના કિનારા ઉપર મોટામાં મોટા કેરોસીનના ઝરણો છે. અમેરિકામાં કેરોસીન તેલ દુન્યામાંના બીજા ભાગો કરતાં વધારે નિકળેછે એ બીના નીચલા આંકડા ઉપરથી જણાશે. અમેરિકાથી ૧૮૬૪ થી ૧૮૯૦ ના ૨૭ વર્ષમાં એકંદર ૧,૦૪,૩૪,૭૪,૪૩૫ પૈંડાનું તેલ પરદેશ ખાતે રવાના કરવામાં આવ્યું હતું. ૧૮૬૪ થી ૧૮૯૬ વેર યૂનાઇટેડ સ્ટેટથી કેરોસીન પરદેશ મોકલવાથી નીચે મુજબની ઉપજ થઈ હતી:—

વર્ષ	ગૅલન	ડૉલર કિંમત
૧૮૬૪	૨,૩૨,૧૦,૩૬૯	૧,૦૭,૮૨,૬૮૯
૧૮૬૫	૨,૫૪,૯૬,૮૪૯	૧,૬૫,૬૩,૪૧૩
૧૮૬૬	૫,૦૯,૮૭,૩૧૪	૨,૪૮,૩૦,૮૮૭
૧૮૬૭	૭,૦૨,૫૫,૫૮૧	૨,૪૪,૦૭,૬૪૨
૧૮૬૮	૭,૬૪,૫૬,૮૮૮	૨,૧૮,૧૦,૬૭૬
૧૮૬૯	૧૦,૦૬,૩૬,૬૮૪	૩,૧૧,૨૭,૪૩૩
૧૮૭૦	૧૧,૩૭,૩૫,૨૬૪	૩,૨૬,૬૮,૬૬૦
૧૮૭૧	૧૪,૬૮,૬૨,૬૬૧	૩,૬૮,૬૪,૮૧૦
૧૮૭૨	૧૪,૫૧,૭૧,૫૮૩	૩,૪૦,૫૮,૩૬૦
૧૮૭૩	૧૮,૩૮,૧૫,૧૮૭	૪,૨૦,૫૦,૭૫૬
૧૮૭૪	૨૪,૭૮,૦૪,૪૮૩	૪,૧૨,૪૫,૮૧૫
૧૮૭૫	૨૨,૧૬,૫૫,૩૦૮	૩,૦૦,૭૮,૫૬૮
૧૮૭૬	૨૪,૩૬,૬૦,૧૫૨	૩,૨૬,૧૫,૭૮૬
૧૮૭૭	૩૦,૬૧,૬૮,૬૧૪	૬,૧૭,૮૬,૪૩૮
૧૮૭૮	૩૩,૮૮,૪૧,૩૦૩	૪,૬૫,૭૪,૬૭૪
૧૮૭૯	૩૭,૮૩,૧૦,૦૧૦	૪,૦૩,૦૫,૨૪૬

વર્ષ	ગૅલન	ડૉલર કિંમત
૧૮૮૦	૪૨,૩૯,૬૪,૬૯૯	૩,૬૨,૧૮,૬૨૫
૧૮૮૧	૩૯,૭૬,૬૦,૨૬૨	૪,૦૩,૧૫,૬૦૯
૧૮૮૨	૫૫,૯૯,૫૪,૫૯૦	૫,૧૨,૩૨,૭૦૬
૧૮૮૩	૫૦,૫૯,૩૧,૬૨૨	૪,૪૯,૧૩,૦૭૯
૧૮૮૪	૫૧,૩૬,૬૦,૦૯૨	૪,૭૧,૦૩,૨૪૮
૧૮૮૫	૫૭,૪૬,૨૮,૧૮૦	૫,૦૨,૫૭,૬૪૭
૧૮૮૬	૫૭,૭૭,૮૧,૭૫૨	૫,૦૧,૬૯,૮૪૪
૧૮૮૭	૫૯,૨૮,૦૩,૨૬૭	૪,૬૮,૨૪,૬૩૩
૧૮૮૮	૫૭,૮૩,૫૧,૬૩૮	૪,૭૦,૪૨,૪૦૬
૧૮૮૯	૬૧,૬૧,૬૫,૪૫૬	૪,૬૬,૧૩,૬૭૭
૧૮૯૦	૬૬,૪૪,૬૧,૪૬૮	૫,૧૪,૦૩,૦૮૬

કેરોસીન હિંદુસ્તાન બધે મુખ્ય કરી બરમામાંથી નિકળેછે. તેમજ બ્રહ્મદેશ, ઉત્તર આસામ અને પંજાબમાં પણ મળેછે. ઉપલા બ્રહ્મદેશમાં બિનાનચાંગની તળેટીમાં એ તેલના ૧૧૦ કરતાં વધારે કુવા છે, તેમાંથી ૧૮૮૮ માં ૨૭,૫૦,૦૦૦ ગ્યાલન ને ૧૮૯૩ માં ૧,૦૨,૫૦,૦૦૦ ગ્યાલન તેલ કાઢવામાં આવ્યું હતું. કેરોસીન તેલની આયાતપર જકાત નાખવામાં આવેછે તોપણ તેનો ખપ હિંદુસ્થાન માં ૧૮૮૭-૮૮ ના વર્ષમાં માત્ર ૩,૦૨,૫૦, ૦૦૦ ગ્યાલનનો થયો હતો, ત્યારે ૧૮૯૩ માં ૮,૩૬,૫૦,૦૦૦ ગ્યાલનનો ખપ થયો હતો. શિખી હરણાઇ રેલ્વેપરના ખટના સ્ટેશનના કુવામાંથી ૧૮૮૫ થી ૧૮૯૫ વેરમાં ૪,૦૦,૦૦૦ ટન તેલ કાઢવામાં આવ્યું હતું, પણ હાલમાં તે ઘટતું જાયછે. આસામના મક્રમ નામના ગામમાંથી સારૂં તેલ નિકળેછે પણ હજી ઘણું નિકળતું નથી. આ દેશમાં જૂદે જૂદે વખતે પરદેશથી નીચે મુજબ તેલ આવ્યું હતું.

	ગ્યાલન.	રૂ. કિંમત.
૧૮૭૫–	૬,૨૩,૮૬૪	૪,૪૯,૩૭૦
૧૮૮૧–૮૨	૬૮,૮૩,૦૬૪	૫૦,૪૦,૩૩૦
૧૮૯૧–૯૨	૫,૮૧,૦૬,૨૮૩	૨,૩૬,૮૧,૪૦૦
૧૮૯૩–૯૪	૮,૩૬,૬૬,૮૬૩	૩૦,૬૪,૭૩,૪૫૦

૧૮૯૩–૯૪ માં ૪૬૨ લાખ ગ્યાલન તેલ અમેરિકાથી ને ૩૪૦ લાખ ગ્યાલન રશિયાથી આવ્યું હતું. ત્યારે એજ વર્ષમાં હિંદુસ્થાનમાંથી માત્ર રૂ. ૭,૬૭,૨૬૭ ની કિમતનું ૧૦૩ લાખ ગ્યાલન નિકળ્યું હતું. ૧૮૬૮ થી હિંદમાં દર વર્ષે ૧૬૦ લાખ ગ્યાલન નિકળે છે. પણ આ તેલ પુરૂં પડતું ન હોવાથી યૂનાઇટેડસ્ટેટ, રશિયા, તથા સુમાત્રાથી ૮૫૦ લાખ ગ્યાલન આયાત કરવામાં આવે છે.

રશિયામાં કેરોસીનનો વેપાર આગળ ઘણા નાહાના પાયાપર ચાલતો હતો. પણ ઇ. સ. ૧૮૮૩ માં ત્યાં અનેક ઝરા હાથ લાગતાં તે તરફનો વેપાર ખીલી નિકળ્યો હતો. તે તરફ આ તેલ કૉકેસસ પર્વતની આસપાસના પ્રદેશમાંથી નિકળેછે. માત્ર કાઇમિયાથી તે કોખાન સુધી વાયવ્ય અગ્નિ દિશા ભણી એક મ્હોટો તેલનો ઝરો ફરી વળેલો છે. આ તેલની ખાણો ત્યાં મળ્યાથી તેનો વેપાર ત્યાં વધી કાસ્પિયન સમુદ્રના કિનારા ઉપરના પ્રદેશમાં મોટો ફેરફાર થઇ ગયોછે. ગઇ સદીની અધવચમાં બાકુ એક નાહતું ગામડું હતું તે હાલ મોટું શેહેર બન્યું છે. ત્યાં આવેલા ૬૩ કારખાનામાંના સૌથી મોટા કારખાનામાંથી દર માસે ૩૦,૦૦૦ ટન તેલ સાફ થઈ પરદેશ જાયછે, ત્યારે નાહનામાં નાહના કારખાનામાંથી ૫,૦૦૦ ટન સાફ થઈ પરદેશ જાયછે.

બિબિયાબાદ નામના તેલના એક મથક ઉપર એક ઝરો એકાએક ઉભાઇ જઇ વેહવા લાગ્યો હતો. તેમાંથી દરરોજ ૪,૦૩૦ ટન તેલ બાહેર નિકળતું હતું. આ ઉભાયલો ઝરો લાગટ ૯ દિવસ વેર વેહેતો રહ્યો હતો. તેને એકહું કરવા માટે એક મોટી ટાંકી બનાવી તેમાં ૮,૦૬૦ ટન તેલ રહી શકે તેટલી તે મોટી હતી. પણ તે બે દિવસમાં ભરાઇ ગઇ હતી અને બાકીનું તે પછી ૨૮,૨૧૦ ટન તેલ વેહેતું સમુદ્રના પાણીમાં જઇ મળ્યું હતું. આ રીતે થોડા દિવસ ઉભાઇ બંદ પડતાં ત્યાં કુવો ૫૭૪ ફીટ ઉંડો ખણી તેલ કાઢવાનું કામ ચલાવ્યું હતું.

એક બીજો એવોજ મોટો ઝરો ડુજ્બા નામે ઉભાઇ વેહવા માંડ્યાથી તેમાંથી પેહેલાં ૨૮,૦૦,૦૦૦ ગ્યાલન તેલ વહી આસપાસના ખેતરોનો નાશકર્તા થઇ પડવાથી રશિયાના સરકારે તેને બંધ કરાવ્યો હતો.

રશિયામાંના આ ઝરા આપોઆપ એમ ઘણા દિવસો સુધી વેહવા માંડે છે. પછી તેમાં ધુંએ લગાડતાં તેમાંથી પુશકળ તેલ નિકળે છે. તે પછી તેના કુવા બને છે કે જે કેટલીક વખત ૭૦૦ ફીટ ઉંડા હોયછે. કેટલાક કુવા ૪૦૦ ફીટ ખોદીયા પછી તે સુકકા થઇ જાયછે, પણ તેમાં વળી ૧૫૦ ફીટ ખોદયું હોય તો પછી તેલ નિકળવા માંડે છે. ૧૮૮૫ માં બાકુ ખાતેથી ૯૩,૦૦૦ ટન કેરોસીન પરદેશ ગયું હતું ને ૧૮૮૮ માં ૫,૦૦,૦૦૦ ટન મોકલવામાં આવ્યું હતું.

બાકુમાં કેરોસીન કાઢી તેને સ્વચ્છ કરવાના ૬૪ કારખાના છે. ત્યાંની રશિયન સરકાર તેલની સફાઇ ઉપર મુખ્ય ધ્યાન આપે છે, અને તેથી નિકાશ કરવા પેહેલાં તેનીપર સખત તપાસ રાખી પછી તે પસાર કરે છે.

ત્યાંના કારખાનાવાલાઓ તેલને સાફ કરવા રસાયણી પદાર્થ વાપરે છે, તેમાં મુખ્ય 'સલફ્યુરિક ઍસિડ' છે અને તે વાપરવા પેહેલાં ઉકાળેલા તેલને પેહેલાં રદ્દી ઍસિડથી સુકવવામાં આવેછે. કેટલાક કારખાનામાં ફીણ ફીણ થાય એવી રીતે સમુદ્રનું પાણી રેડી આ તેલને સ્વચ્છ બનાવે છે. ઘણાખરા કારખાનાવાલાઓ ઍસિડનો ઉપયોગ કાઢ્યા પછી 'કાસ્તિક સોડા'ની મજબુત ભેળાયલી મેળવણી વડે તેલને ધોઇ કાઢે છે. જેમ કરવાની મુખ્ય નેમ તેલના 'આલ્ક લાઇન' તત્વો પાણી સાથે આમેજ કરી છુટા પાડી દેવાની હોયછે. ત્યારે કેટલાકો 'લાઇ'ને નામે ઓળખાતી બનાવટી મેળવણી વાપરે છે.

આ તેલ ઘણું જલ્દી સળગી ઉઠવાની ખાશીઅત ધરાવે છે. તે જલ્દી નહિ સળગી ઉઠે એવું બનાવવા થકી નીચલી મેળવણીથી તેને બનાવવાની શોધકો સુચના કરે છે.

'૨૫૦ ગ્યાલન કેરોસીનમાં ૫૫૦ રતલ નીમક નાખી તેને ૧૦૦ ડીગ્રી સેન્ટીગ્રેટ જેટલું ગરમ થાય ત્યાં સુધી ઉકાળવું. આવી રીતે ઉકાળ્યાથી હાઇડ્રો કારબન્સ કે જે સાધારણ રીતે એનઝાઇન્સને નામે ઓળખાય છે તે ઉડી જાયછે. યાને તેઓ એકત્ર થઈ ૬૦ ગ્યાલનને સુમારે કેરોસીનના કુલે જથ્થામાંથી ઉડી જશે. આ પદાર્થો છુટા પડ્યા પછી બાકી રહેલું તેલ ૧૦૦ ડીગ્રીની ગર્મી સુધી સળગી ઉઠતું નથી અને કેટલાક નવા ખારો જેવા કે 'કલ્શેરાઇડ ઑવ કેલશિઅમ' 'ક્લોમાઇડ ઑવ મેગ્નેસિયમ' વગેરેનો તેમાં ઉમેરો થવાથી તે ઉત્તમ રોશની આપેછે. સળગી ઉઠે એવા પદાર્થો ઉપર જણાવેલી રીતે છુટા પાડ્યા પછી તે તેલના બાકી રહેલા ૧૯૦ ગ્યાલનમાં ૩૭૫ ગ્યાલન નવું તેલ ઉમેરવું અને સઘળાંને એક કલાક સુધી ઉકાળવું. તે પછી તેને ૪૦ ડીગ્રી સુધી થંડુ પડવા દેવું. ત્યાર પછી એનઝાઇન પદાર્થોવાળું જુદું પડેલું ૬૦ ગ્યાલન તેલ તેમાં રેડી દેવું અને પાછું સઘળાને ૮૫ ડીગ્રી જેટલું ગરમ કરવું. આ મુજબ તૈઆર કરેલું તેલ ૭૫ ડીગ્રી જેટલી ગર્મી સુધી સળગી ઉઠશે નહિ.

કેલ—પ્રૂશિયાના સ્લેશવિક હૉલ્સ્ટી પ્રાંતનું આ શેહેર હમ્બર્ગની ઉત્તરથી પૂર્વે રેલ માર્ગે ૬૬ મૈલપર બાલ્ટીકની ૧૧ મૈલ લાંબી ખાડી ઉપર છે. એની ખાડીમાંથી શેહેર નજદીક મોટા વહાણો આવી શકે છે. જર્મન દર્યાઇ ખાતાનું આ એક બાલ્ટીક તરફનું મુખ્ય મથક હોઇ ત્યાં વાહાણો બાંધવાની ગોદીઓ અનેક છે. શેહેરમાં લોઢાના કારખાના, ધાન્યની મીલો, સરસામાન બનાવવાનાં કારખાનાં વગેરે પુશકળ છે. અત્રે ૧૬૬૫ માં યૂનિવરસિટી સ્થાપન કરવામાં આવી હતી, અને આ ઇમારતમાં ૧૮૭૬ માં વધારો કર્યો હતો. તેમાં ૮૫ પ્રોફેસર તથા ૫૦૦ વિદ્યાર્થિઓ છે. ૧૩ મી સદીમાં બાંધેલા એક કિલ્લાના ભાગમાં યૂનિવરસિટીનાં એક ભાગ લેખે તેમાં એ

લાખ પુસ્તકો છે. ૧૮૭૫ માં લોક વસ્તી ૩૭,૨૭૦ ની ને ૧૮૯૦માં ૬૯,૧૭૨ ની હતી.

કેલકની—આ જાણીતું શેહેર ડબલીનની દક્ષિણ પશ્ચિમે નોરી નદી પર છે. ૧૮૫૧ માં વસ્તી ૧૯,૯૭૫ ની ને ૧૮૯૧ માં ૧૧,૦૪૮ ની હતી. આગળ અતરે સણ તથા ઉનના કાપડની મીલો હતી. ૧૮૫૭ માં અતરે રોમન કેથોલિક કેથીડ્રલ ૩૦,૦૦૦ પૌંડને અર્થે બાંધવામાં આવ્યું હતું કે જેનો મિનારો ૧૮૬ ફીટ ઉંચો છે. ૧૬ મી સદીમાં સ્થાપેલી વાણીશાસ્ત્રની રકુલ નદી કાંઠેછે કે જેમાં સ્વિફ્ટ, કૉનગ્રેવ્હ અને બીશપ બર્કલી જેવાએ પોતાનો વિદ્યાઅભ્યાસ કર્યો હતો.

કેલ્ટ—આ પ્રજા પ્રાચીન કાળમાં ફ્રાન્સમાં વસ્તી હતી. એઓ પ્રથમ પૂર્વ ભણીથી આવી વસ્યા. તે આગમજ ફ્રાન્સમાં કાંઇ ઝાઝી વસ્તી નહોતી. આથી ફ્રેન્ચ પ્રજાના મૂળ પુરૂષ કેલ્ટ લોકો ગણાયા છે. એમને ગૉલ પ્રજા પણ કહેવામાં આવે છે.

'ગૉલ' તેજ 'કેલ્ટ' પ્રજા હતી. એ વિશે આજસુધી તેની તકરારો ચાલે છે. તોય એ ખરૂં છે કે, પ્રાચીન લોકો યૂરપના પશ્ચિમ અને ઉત્તર ભાગમાં રહેનારી સર્વ પ્રજાને કેલ્ટ કહેતા. તે પછી ગ્રીક, રોમન વગેરે પ્રજા સાથે આ પ્રજા સંબંધમાં આવી ત્યારે જર્મન એંગ્લેરીયન, બ્રીટન, એલ્જીઅમ વગેરે પ્રજાના જાતી ભેદો સ્પષ્ટ રીતે થઇ ગૉલ પ્રજાનેજ કેલ્ટ કહેવા લાગ્યા. આ ગૉલ (કેલ્ટ) પ્રજા યૂરપના પશ્ચિમ ભાગનાજ રહેવાશી હતા. હાલમાં આ પ્રજા ગ્રેટબ્રિટન અને આયરલંડમાં છુટી છવાઇ વસતી જણાય છે. ફ્રેન્ચ પ્રજા જે જૂદી જૂદી જાતોની મીલાવટથી બની છે તેમાં ગૉલ યા કેલ્ટ પ્રજા મુખ્ય છે. એમની ભાષા, ચાલચલણ, નામો વગેરે રીતભાત હાલમાં ફ્રેન્ચ ભાષા અને રીતભાતમાં જગેજગ માલમ પડેછે. આયરલંડમાં, સ્કૉટલંડના પહાડી દેશમાં અને હેબ્રિડીજ તથા મૅન આ બેઉ ટાપુમાં ગૉલ પ્રજા હજી જગે જગ જણાય છે, અને તેમની ભાષા તથા રીતભાત પ્રાચીન કાળ મુજબજ ટકી રહીછે.

કેલ્ટ ટોળાની રચના એક કુટુંબ જેવી છે. એટલે એક ટોળીનાં સર્વ માણસો પોતાને એક પૂર્વજના વંશજ અને એકમેકના સગા કહેતા, અને તે ટોળીમાં જે વડો હોય તેને ઉપરી ગણી તેની આજ્ઞા મુજબ ચાલતા, આથી તેમનામાં અજબ તહોનો મજબૂત ગાંઠ બંધાયો હતો. અઢારમી સદી સુધી થોડાક હાઇલંડર પ્રજાના બહાદુરોએ મ્હોટા મ્હોટા ઈંગ્રેજ સૈન્યો સાથે ટક્કર ઝીલી પોતાની સ્વતંત્રતાનું રક્ષણ કર્યું હતું, અને તેમના એઓ વંશજ છે.

કેલટ્રોપ—લોઢાનું ચારે તરફ અણીઆલાં ૪ ઉંચ લાંબા દાંતાવાલું હથિઆર. એનો દરેક દાંતો ૫ ઇંચ લાંબો ને અતિ તિણી ધારવાલો બનાવવામાં આવેછે. જ્યારે દુશમનો ની ઘોડેસ્વાર પલટણ સામે આવતી હોય ત્યારે આ હથિઆરો તેમની પર ફેંકવામાં આવતા હતા. તેમજ ઘેરી લેનાર લશકરથી બચાવ કરવા કિલ્લા આસપાસથી ખાઇ યા મેદાનપર ફેંકવામાં આવતા તેથી સામો દુશમન જેમ જખમી થતો તેમ તેના માર્ગમાં કાંટાઓ પડયા હોય તેમ વિખરાઈ પડવાથી હિલચાલ કરવાનું જોખમભર્યું થઇ પડતું.

કેલ્પ—સમુદ્રમાંની ઝાડીમાંથી ખાર કાઢવાને સારૂં આ રોપાઓને તોડીને તેને કેટલાક વખત સુધી કિનારા ઉપર સુકવિયા પછી તેના કટકા કરીને મોટી ભઠ્ઠીમાં બાળી નાખેછે અને પછી તેને થંડા પાડીને કામે લગાડેછે. આ કેલ્પમાં મુખ્ય કરી 'સોડા' હોયછે. અને તે સાબુ, કાચ તથા કટકા બનાવવાના કામમાં આવેછે.

કેલ્યૂમેટ—ઉત્તર અમેરિકાના ઇંડીયનોનો એક પ્રકારનો હૂકકો. આ હૂકકો ૨½ ફીટ લાંબો હોઇ બરૂની નળીનો બનાવવામાં આવેછે. જ્યારે લઢાઈ સમયે કદાચ સુલ્હે કરવી હોય ત્યારે તેમાં તમાકું ભરી મિત્રાચારીના પેગામ તરીકે તે સામું ધરેછે અને તેને જો સામી

તરફવાલો પિયેછે તો સુલ્હે થએલી સમજેછે પણ પાછું ફેરવતાં શત્રૂવટની નિશાની સમજેછે.

કેલવાડોસ—નૉરમંડીનો આ સમુદ્ર કાંઠેનો પ્રાંત. ક્ષેત્રફળ ૨૧૩૦ ચૌરસ મૈલ છે. લોક વસ્તી ૧૮૬૧ માં ૪,૮૦,૯૯૨ ની ને ૧૮૯૧માં ૪,૨૮,૯૪૫ ની હતી. એનું કેલવાડોસ નામ એક સમે સ્પેનિશ કાફલાનું વહાણ અત્રે આવી લંગર કર્યાથી પડયું હતું. કિનારો ખડકથી ભરપુર છે.

કેલ્વિન જૉન—આ સુધારક અને કેલ્વિનિસ્ટ પંથના સ્થાપકનો જન્મ ઇ. સ. ૧૫૦૯ માં ૧૦ મી જુલૈએ પિકર્ડીમાં થયો હતો. એણે પેરીસ ખાતે ધર્મજ્ઞાનની કેળવણી લીધી હતી અને ૧૫૨૯ માં ૨૧ વર્ષની વયે એ અભ્યાસ થકી જન્મવતનની પાસેના ગામમાં જઈ રહ્યો હતો. એણે રોમન ધર્મપંથથી પોતાના વિચારો વેગળા દોડાવી કાયદાનો અભ્યાસ કર્યો હતો, પણ પ્રોટેસ્ટંટ ધર્મ તરફ ખૂલ્લો અંગીકાર બતલાવવાથી એને ફ્રાન્સમાં રહેવું ભયભર્યું થઇ પડયું, તેથી એ ૧૫૩૫ માં 'બેલ' માં જઇ રહી ત્યાં Institutes of the Christian Religion નામે ગ્રંથ લખી પ્રગટ કીધો. આ ગ્રંથનો તર્જુમો જૂદી જૂદી ભાષાઓમાં થએલોછે. તેજ વર્ષમાં એ જીનોવા જઇ રહી ત્યાંની કૉલેજમાં પ્રોફેસર તથા મંત્રીપદ પામ્યો. પણ ત્યાંથી એને જલ્દી સ્ટાર્સબર્ગખાતે જઈ રહેવું પડયું. એણે ફ્રેન્ચ ચર્ચમાં પોતાના અધ્યક્ષપણા તળે કામ ચલાવી ત્યાં બ્રહ્મજ્ઞાનના પ્રોફેસરની જગા મેળવી. તે પછી ૧૫૪૧ માં જીનોવાના લોકોએ તેને મોટા આદરમાન સહિત પોતા તરફ તેડી લીધો અને ત્યાં એણે વાયજ કર્તા તથા લેખક તરીકે મોટી પ્રસિદ્ધતા મેળવી. એનું મરણ જીનોવામાં ૧૫૬૪ માં ૨૭ મી મે એ નિપજ્યું.

લૉર્ડ કેલવિન—આ મહાન વિદ્વાનનો જન્મ ઇ. સ. ૧૮૨૪ માં ૨૫ મી જુને આયરલંડમાં થયો હતો. એનો પિતા ડૉ. જેમ્સ ટૉમસન તે વેળા શેહેરની એકેડેમિકલ ઈન્સ્ટીટયુટમાં ગણિતશાસ્ત્રી તરીકેના ઓધ્ધા પર હતો. લૉર્ડ કેલવિનને ઉમરાવપદ મળવા આગમજ તેનું નામ વિલિયમ ટૉમસન હતું. એ ૧૮૩૪ માં ગલાસગોની કૉલેજમાં દાખલ થયો. ત્યાં એનો પિતા ગણિતશાસ્ત્રીના ઓધાપર હતો, ત્યાં એને ગણિતશાસ્ત્રમાં પોતાનું અસાધારણ બુદ્ધિબળ બતલાવ્યું. આથી એને કેમબ્રિજ પાઠશાળામાં ગણિતશાસ્ત્રનો અભ્યાસ કરવા મોકલવામાં આવ્યો. ત્યાં એણે ૧૮૪૫ માં બી. એ. ની પરીક્ષા પસાર કરી ગણિત શાસ્ત્રમાં 'સીન્યર રેંગલરની' ઉંચી પદ્વિ મેળવી ઇનામ જીત્યું. કૉલેજની જીંદગી દરમ્યાન લૉર્ડ કેલવિને ગર્મી તથા વિજળીને લગતાં નિબંધો લખી પ્રગટ કીધાં હતા. 'સિન્યર રેંગલર' તરીકેનુ મોહું માન મેળવ્યા બાદ પારિસના પ્રસિદ્ધ વિદ્વાન અને શોધક 'રેગનોની' વિદ્યા દૂત્વર લગતી શોધખોળ ચલાવવા માટેની પ્રયોગશાળામાં દાખલ થયો.

૧૮૪૬ માં ગલાસગોની કૉલેજમાં 'નેચરલ ફીલોસોફી' ના પ્રોફેસર તરીકે નેમાયો. ૧૮૫૨ માં વાલટરકમ નામના ચિતારાની બેટી મારગ્રેટ સાથે પરણ્યો. તેજ સમયે યૂરપ અને અમેરિકા ખંડ વચ્ચે તારના દોરડાં નાખવામાં આવતા હતાં, તે બાબતમાં એણે કેટલોક સુધારો સુચવ્યાથી તે ખાતામાં ઇજનેરનો ઓધો મેળવી કામ પાર પાડયું આથી એને આયરલંડના લૉર્ડ લેફ્ટનન્ટના નાઇટનો ખેતાબ ઇ. સ. ૧૮૬૬ માં આપવામાં આવ્યો હતો.

લૉર્ડ કેલવિનના મહાભારત કામો અને શોધોથી કેમબ્રિજ યૂનિવરસિટી તરફથી એલ. એલ. ડી. ની માનવંત પદ્વિ અને ઑકસફર્ડ યૂનિવરસિટી તરફથી ડી. સી. એલની ડીગ્રી આપવામાં આવી છે. તેમજ ફ્રાન્સની સરકારે તેને ગ્રાંડ ઑફીસર ઑવ ધી લીજીયન ઑવ ઑનર' નો માનવંત ખેતાબ આપ્યો છે. ૧૮૯૨ માં મહારાણી

તરફથી તેને ઉભરાવી પદ્રિ બક્ષવામાં આવી હતી. એની જાણીતી શોધોમાં મુખ્ય ઍટલાન્ટીક મહાસાગરની આસપાસ નાખવામાં આવેલા તારના દોરડાનાં સંબંધમાં અતિ અગત્યનાં બે નવા યંત્રો બનાવેલાં હતાં.

તારના દોરડાં મારફતે મોકલવામાં આવેલા સંદેશા સારી રીતે ઉકેલવા થકી "મીરર ઇન્સ્ટ્રૂમેંટ" નામનું એક યંત્ર પ્રથમ એણે બનાવ્યું, તે પછી દોરડાં મારફતે આવેલા સંદેસા પોતાની મેળે લખાઈ શકાય એવું 'સાઇફત રેકરર્ડ' નામનું બીજું યંત્ર શોધી બનાવ્યું હતું. તે શિવાય દર્યાના પાણીની ઉંડાઇ માપવાનો સુધરેલી ઢપનો એક તાર અને વહાણ વટીઓને ઘણા ઉપયોગનું એવું એક સુધારેલા પ્રકારનું હોકાયંત્ર બનાવ્યું હતું. લૉર્ડ કેલવિનની એટલી તો હાલમાં નામના વધીછે કે યૂરપના જાણીતા વિદ્વાનો તેની પાસે શિક્ષણ લેવામાં મગરૂરી સમજેછે અને વિદ્યા દૂનરના મોટા મોટા મેલાવડામાં લૉર્ડ કેલવિનનેજ પ્રમુખસ્થાન આપવામાં આવેછે.

કેલશિયમ—ઈ. સ. ૧૮૦૦ સુધી સઘળા લોકોની એવી સમજ હતી કે ચુનો પોતે સ્વચ્છ યાને કોઇ પણ બે પદાર્થ મળીને બનેલો નથી એમ કહેતા, પણ ૧૮૦૭ માં સર હંફ્રીડેવીડ નામે શોધકે એવી શોધ કરી કે કળીનો ચુનો પોતે શુદ્ધ ધાતુ અને એક પોતે શુદ્ધ વાયુ એવા સંબંધથી બને લોછે. આ ધાતુનું નામ કેલશિઅમ અને તે વાયુનું નામ ઑકસિજન.

આ ધાતુ શુદ્ધ સ્થિતિમાં કેથે મળતી નથી, સંયૂકત સ્થિતિમાં બીજી સઘળી ધાતુ કરતાં એ વધારે મળેછે. ચુનખડી, સંગેમરમરનો પથ્થર, ચૉક, એ પદાર્થો કેલશિઅમ અને કાર્બોનિક ઍસિડ મળી બનેલા હોયછે, અને તેના મોટા મોટા પર્વતો હોયછે. હાડકાં ઘણુ કરી કેલશિઅમ ધાતુ તથા ફૉસફરસ ઍસિડના સંયોગથી બનેલાં હોયછે. આ ધાતુ રીક્ષા સફેદ રંગની હોયછે. તે ધનવર્ધનિય હોઇ પ્રસરણશીળ હોવાથી તેને પાણીનો સ્પર્ષ થતાં તેમાંથી ઑકસિજન કાઢી લઈ પોતામાં શામેલ કરેછે, તેથી તે સરદ હવામાં રાખી શકાતું નથી. કેલશિઅમ બીજા તત્વોથી સંયોગ પામી તેના અનેક પદાર્થો બનેછે, પણ તેમાં કેલશિઅમ કાર્બોનેટ, કેલશિઅમ ક્લોરાઈડ, કેલશિઅમ ઑકસાઇડ, અને કેલશિઅમ સલ્ફેટ એ મુખ્ય છે.

કેલશિઅમ કાર્બોનેટ એટલે કેલશિઅમ અને કાર્બોનેટ ઍસિડ વાયુ એના સંયોગથી ઉત્પન્ન થએલો પદાર્થ. ચુનખડી, સંગેમરમરનો પથ્થર, ચૉક, જળચર પ્રાણીના બદનપરના ભિંગડા, ઈંડાનું કોટલું, પરવાળાં મોતી એ પદાર્થો જોકે તદન જૂદાં જણાયછે તોય તેમની મૂળ પ્રકૃતિ એકજ છે, એમ રસાયનશાસ્ત્ર વેત્તાઓએ સિધ્ધ કર્યું છે. તે સઘળા કેલશિઅમ ધાતુ અને કાર્બોનિક ઍસિડના બનેલાં છે.

ચુનખડીના મોટા મોટા પર્વતો હોઇ પૃથ્વીના પેટામાં તેના મોટા મોટા થરો મળી આવેછે. ઘણા પ્રાચીન કાળના જે ચુનખડીના પથ્થરા હોયછે તેમાં પ્રાણીનો કોઇ ભાગ જણાતો નથી. અર્વાચીન કાળની ચુનખડીના પથ્થર કદિ કદિ તદન સૂક્ષ્મ સિપોનો બનેલો હોયછે. ચુનખડીનો મુખ્ય ઉપયોગ ચુનો તૈઆર કરવામાં થાયછે. સંગેમરમરના પથ્થરને આવું સુંદર રૂપ મળવાનું કારણ એ છે કે, તે સૂક્ષ્મ સ્ફટીકનો બનેલો હોયછે. ઉત્તમ પ્રકારનો ચુનો સંગેમરમરના પથ્થરનો બનાવવામાં આવેછે, ચૉકના ઝીણા કટકા લઇ સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોતાં તે અતિ સૂક્ષ્મ સીપના બનેલા જણાયછે.

કેલશિઅમ કાર્બોનેટ બનાવવાની એક સેહેલી રીત છે. થોડો ચુનો લઇ તેનું નિતરૂં પાણી તૈયાર કરી પછી એક નળી તે 'લાઇમ વૉટર'માં બોળી તેમાં મોહમાંથી ફુક મારવી. આ 'લાઈમ વૉટર' પ્રથમ તદન સ્વચ્છ હોવા છતાં ગળી જાયછે. ગળી ગયા પછી તેને ફુંકવાનું બંધ કરવું. એટલે પછી થોડા

વખતબાદ તેના તળીયામાં થર એખટો થાયછે, તેજ કેલશિઅમ કાર્બોનેટ છે, કારણકે આપણા ઉચ્છવાસ સાથે નિકળતો કાર્બોનિક ઍસિડ પવનને સ્વચ્છ ચુનાના પાણી સાથે મળી જતાં તે પદાર્થ ઉત્પન્ન થાયછે, તેનો થર નીચે બેઠા પછી ફરીથી તે પાણીમાં વધારે ફુંક મારવાથી કેટલેક વખતે તે થર નીચે ઠરેલા જણાશે; પછી તે પાણી ઉકાળવું એટલે ફરી તે થર નીચે બેસેછે, આ પ્રયોગ ઉપરથી કેલશિઅમ કાર્બોનેટનો એક ધર્મ જણાઇ આવેછે. તે પદાર્થ અમથા પાણીમાં પિગળતો નથી પણ, તેમાં કાર્બોનિક ઍસિડ વધારે મળતાં તે ગળી જાયછે, તેને ઉકાવી કાઢી નાખતાં તે ફરી ગળે નહિ તેવો બનેછે.

વર્સાદના પાણીમાં હવામાંનુ કાર્બોનિક ઍસિડ ઠીક ગળેલો હોયછે તેથી તે પાણી કઠણ બનેછે, તેમાં સાબુનું ઘણું ફીણ નિકળતું નથી અને તે પાણીમાં સાબુએ ધોએલા મેલાં કપડાં સ્વચ્છ બનતાં નથી.

આ કેલશિઅમ કાર્બોનેટના પિગળેલા પાણીનો ઉપયોગ વરાળ યંત્રના બૉઇલરમાં કીધાથી તે પાણી ઉકળવા માંડતાં તેમાં રહેલો કાર્બોનિક ઍસિડ ઉડી જઈ કેલશિઅમ કાર્બોનેટનો થર બૉઇલરની તળીયે બેસેછે, અને આ થર દિવસો દિવસ વધતો જઇ બૉઇલરને નુકસાન થવાની ધાસ્તિ રહેછે, એમ થાય નહિ માટે તે પાણીમાં નવસાગર નાખવામાં આવેછે, આ નવસાગર તે પાણી માહેલા કેલશિઅમ કાર્બોનેટથી સંયોગ પામી એમોનિયમ કાર્બોનેટ અને કેલશિઅમ ક્લોરાઇડ એવા બે પદાર્થ ઉત્પન્ન થાયછે, તેમાં એમોનિયા કાર્બોનેટની વરાળ બની ઉડી જાયછે અને કેલશિઅમ ક્લોરાઈડ પાણીમાં પિગળેલું રહી પાણી સાથે કાઢી નાંખી શકાયછે એટલે બૉઇલરમાં થર નહિ બેસવા દેતાં તે પાણીનો ઉપયોગ કરી શકાય છે.

કેલશિઅમ ક્લોરાઇડ એટલે કેલશિઅમ ધાતુ અને પવન ક્લોરીન એના સંયોગથી બનેલો પદાર્થ. આ પદાર્થ હાઇડ્રોક્લોરિક ઍસિડમાં સંગેમરમરનો પથ્થરના કટકા નાખી બનાવવામાં આવેછે. એનો વિશેષ ગુણ એ છે કે તે હવામાનો ભિનાસ તુરત ખેંચી લેછે, અને તેથી કેટલાક પ્રયોગ માટે હવા તદન સૂકી જોઇએ ત્યારે તે કેલશિઅમ ક્લોરાઇડ ઉપરથી પસાર કરેછે એટલે તે તદન સૂક્રિ બનેછે.

કેલશિઅમ ઑકસાઈડ એટલે કેલશિઅમ ધાતુ અને ઑકસિજન એનો બનેલો પદાર્થ એ કળીનો ચુનો છે. ચુનખડીને ભઠ્ઠીમાં નાખી તેને અતિશય આંચ આપવામાં આવે છે એટલે તેનો કળીનો ચુનો બને છે, અને સંગેમરમરના પથ્થર, ચૉક, પરવાળાં, મોતી એમાંથી પણ ઉત્તમ પ્રકારનો કળીચુનો બનેછે.

ખરો કળીનો ચુનો સફેદ હોઇ તે ઠીક કઠણ હોયછે. તેને કેટલી પણ ગર્મી લગાડવા છતાં તેનો રસ થતો નથી, માત્ર તે ઘણું તપવાથી તેનો અત્યંત તેજોમય એવો સફેદ પ્રકાશ પડેછે. 'મૅજીકલેંટર્ન' વડે ચિત્ર બતાવતાં કદિ કદિ એના પ્રકાશનો ઉપયોગ કરવામાં આવેછે. ઑકસિજન વાયુ અને હેદ્રોજન વાયુ એ એક ઠેકાણે મેળવી સલગાવેછે, અને તેની જ્વેતમાં કળીના ચુનાનો એક કટકો મુકેછે એટલે તે ભીજાઇ તેથી પ્રકાશ પડેછે. કળીના ચુનાને અંગે પાણી ખેંચી લેવાની શકિત હોયછે. અને તેનો તથા પાણીનો સંયોગ કેટલા જોશથી થાયછે તે જાણીતી બિના છે.

ઘણા ખરા સઘળા પદાર્થો ઠંડા પાણી કરતાં ગરમ પાણીમાં વધારે પિગળે છે, પણ ચુનાના બાબમાં તેથી ઉલટું છે. ચુનો ઠંડા પાણીમાં વધારે પિગળે છે અને તે મુજબ ચુનો જેમાં પિગળ્યો હોય તેનું પાણી સ્વચ્છ હોયછે. તેનો દવા દારૂમાં ઉપયોગ કરવામાં આવેછે; તે થોડો વખત ઉઘાડું રાખતાં તેની ઉપર એક જાતની છારી બંધાયછે. તે પેલા થર અને હવામાંની કાર્બોનિક ઍસિડને યોગે બને છે.

ઇમારતોના કામમાં ચુનાનો મોટો ઉપયોગ થાયછે. ઈંટરડી યા પથ્થરને અમથા ચુનાથી એસાડવા પછી તે કામ મજબુત બનતું નથી. કારણ તે ચુનો સુકાતાં તેમાં ફાટ પડે છે, તેથી ઇમારતી ચુનામાં તેનાથી ત્રણ ઘણી યા ચાર ઘણી રેતી નાખવામાં આવેછે ને પછી તેને ઉપયોગમાં લઇ શકાય છે. સાધારણ ચુનો પાણીમાં પિગળેછે તેથી પૂલના થાંભલાં અને કમાનો, તલાવ, બંદર વગેરેના બંધ, ધક્કા વગેરે બાંધતી વેળા પાણીમાં નહિ પિગળે એવા ચુનાનો ઉપયોગ કરવો પડેછે. તે ચુનામાં પાંચમે હિસ્સે ચિકણી મટોડી અને દોઢ ઘણી રેતી મિશ્ર કરીને તે ઉપયોગમાં લેવામાં આવેછે.

ચુનાને ખાતર તરીકે પણ ઉપયોગમાં લેવામાં આવેછે. જેજે જમીનમાં વનસ્પતિ યા પ્રાણીનો કાંઇ ભાગ મિશ્ર થએલો હોયછે તેમાં ચુનો નાખવાથી તે સર્વ પદાર્થ જમીનમાં મળી જઇ વનસ્પતિના પોષણ માટે ઘણું ઉપયોગી થઈ પડેછે.

ચુનામાંથી બીજો એક અતિ ઉપયોગી પદાર્થ બનાવવામાં આવેછે, તે પદાર્થ **બ્લિચિંગ પૌડર** એટલે સફેદ કરવાની બૂકી એ નામે જાણીતી છે. કોઇપણ રંગના કપાસ યા સણના કપડાંનો રંગ કાઢી નાખી તેને સફેદ કરવાના કામમાં આ પદાર્થ અતિશય ઉપયોગી હોયછે. થોડો ભિનો ચુનો લઈ તેની ઉપર જો ક્લોરિન વાયુ થોડો વખત છોડ્યાથી તે ચુનો તેનો પવન ખેંચી લઇ તેનું બ્લિચીંગ પૌડર બનેછે. આ બૂકી સફેદ હોઇ તેના અંગે પાણી શોષી લેવાની શક્તિ હોયછે. જે કપડાનો રંગ કાઢી નાખવો હોયતો તે કપડું પેલી બૂકી નાખી તૈઆર કરેલા પાણીમાં ભિનવી કાઢવું, પછી થોડી સલફ્યૂરિક ઍસિડ નામી તૈઆર કરેલા પાણીમાં તેને ડુબાડેછે, એટલે તે કપડા માહેલો રંગ નાશ પામી તે કાપડ સફેદ બનેછે.

કેલશિયમ સલફેટ—એટલે કેલશિઅમ ધાતુ, ગંધક અને ઓકસિજન વાયુ એના સંયોગથી બનેલો પદાર્થ. એ સૃષ્ટિ મધે ઘણો મળેછે એનું બીજું નામ જીપ્સમ છે. આ પદાર્થની એક ઉંચી અને પારદર્શક એવી એક જાત છે તેના પુતળાં વગેરે બનાવવામાં આવેછે. આ પદાર્થનો ખાતર તરીકે પણ ઉપયોગ થાયછે. આ પથ્થર ભઠ્ઠીમાં નાખી કાચો ભુંજી છુંદીયાથી તેનો ભૂકો બને છે, તે ભૂકાને પલાસ્ટર ઑવ પારિસ કહેછે. એમાં એવી ખાશિયત છે કે તેને પાણીમાં મેળવી થોડો વખત રહેવા દીધાથી તે તુરત સુકાઇ જઇ તદન કઠણ તથા ઉઠાવદાર બને છે આથી તેના પુતળાં, રમકડાં, વાસણ વગેરે બનાવવામાં આવે છે.

કેલહારી—આ દક્ષિણ અમેરિકાનું ઉજ્જડ અરણ્ય ૩૫૦ મૈલ પોહળું ને ૬૦૦ મૈલ લાંબુ છે. આ અરણ્ય કેટલેક ઠેકાણે ૩,૦૦૦ થી ૪,૦૦૦ ફીટ ઉચું છે અને ત્યાં પાણી નહિ મળતું હોવાથી તદન ઉજ્જડ સ્થિતિમાં છે, પણ વર્સાદની મોસમમાં કેટલેક મધ્ય ભાગ ફળદ્રુપ બનેલો છે. આ અરણ્યમાં 'બેકાલારી' નામે જંગલી પ્રજા વસેછે. તેઓ ઢોરો ઉછેરી તેમના દુધપર તથા ધાન્યપર નિર્વાહ કરેછે.

કેલામરી—આ એક વિચિત્ર પ્રકારની માછલી એટલાન્ટીક અને મેડીટરેનિયન સમુદ્રમાં છાલકા પાણીવાલા ભાગમાં મળે છે. આ માછલી ઝાઝી ખાવામાં આવતી નથી. એ કદે ૧૫ ફીટ લાંબી હોયછે. પુછડી તરફનો આકાર રમવાના કાર્ડ માહેલા 'ક્રુર' જેવો અને ઉપર પાટલી જેવું મોંહ હોયછે. માથાપર સીંગડારોકાં ૧૦ હાથ હોયછે, તેમાં બે પુછડી જેવા અત્યંત લાંબા હોયછે. હાથોની તળે તેને બે આંખ હોયછે અને ગળું ચપટ ગોળાકાર હોયછે. એ રંગે ફિક્કા પિળા રંગપર હોઇ તેપર ભૂરી છાંટ હોયછે.

કેલામાન્ડર—ઘેર સણગારનો સામન બનાવવા લાયકનું એક જાતનું સુંદર લાકડું. એના વૃક્ષનું મૂળ સ્થાન સીલોન અને હિંદુસ્થાનની

દક્ષિણ પૂર્વનો ભાગ છે. આ લાકડાના ઉત્તમપણાને લીધે પેહેલાં ડચોએ અને પછી ઇંગલીશોએ ગમે તે ઉપયોગમાં લઇ તેનો મોટો નાશ કર્યાથી તેમજ તેના વધારા માટે કશી જતન નહિ લેવાથી હાલમાં આ ઝાડનું લાકડું અસાધારણ ગણાય છે. આ લાકડાનો એક ઘન ફીટ કકડો ૬૦ રતલ જેવડો ભારી થાયછે. આ લાકડાપર અત્યંત ચળક નિકળે છે. એનું હાલનું કેલામાન્ડર નામ, કારો માંડલ લાકડાનો અપભ્રંશ છે.

કેલમાઝો—કેલમાઝોનું મુખ્ય શેહેર. મિચીગનમાં એજ નામની નદીપર ચીકાગોની પૂર્વે ઉત્તર પૂર્વમાં ૧૪૪ મૈલપર છે. આ શેહેર રેલ્વે જંકશન, દેવાનશાળા અને કૉલેજ માટે જાણીતું છે. અતરે કાગળ, આટો, ગાડી તથા પવનથી મીલો ચલાવવાના કારખાનાઓ છે. તેમજ અતરે ખેતીવાડીના ઓજારો તથા ઘેર સણગારનો સામન ઉત્તમ પ્રતિનો બને છે. ૧૮૮૦ માં લોક વસ્તી ૧૧,૯૩૭ ની ને ૧૮૯૦ માં ૧૭,૮૫૩ ની હતી.

કેલાયરી—સાર્ડિનિયાનું આ શેહેર વિશાળ અખાતપર ટાપુના દક્ષિણ કિનારાપર છે. લૅગહૉર્નથી રિટમબોટ મારફતે ૩૪ કલાક અને પેપલ્સથી ૨૭ કલાકમાં જવાય છે. સમુદ્ર સપાટીથી ૩૦૦ ફીટ ઉંચાઇપર શેહેર છે. અતરેના બંદર કિનારે મજબૂત કિલ્લો છે. બંદરને ૧૮૮૨ થી સુધારી બાંધવામાં આવ્યું છે. અત્રેની યૂનિવરસિટી ૧૫૯૬માં સ્થાપન થઇ ને ૧૭૬૪ માં ફરી સુધારી બાંધી હતી. કેથિડ્રલ ૧૩૧૨ માં બાંધેલું હાલમાં પણ કાયમ છે. લોક વસ્તી ૩૫૫૮૮ ની છે.

કેલાહ શેરઘાન—આ પ્રાચીન એસિરિયન ખંડીયરો દર્શાવનાર ટેકરો તાઇગ્રીસ નદીના જમણા કાંઠા ઉપર અને નિમરૂદના ટેકરાની દક્ષિણે ૪૦ મૈલ ઉપર આવેલો છે. આ જગાનું ખોદકામ લેયર્ડ તથા હોરમઝ દરસામે કર્યું હતું પણ તેમાંથી ગોધા તથા ખિલ્લારોકા લેખના કટકા શિવાય બીજું કશું જડ્યું નહોતું. સર હેન્રિ રૉલિન્સ મુજબ "અતરે પુરાણા એસેરિયાનું સર્વથી પેહેલું પાયતખત હતું, અને તે વેળા એ શેહેરને 'અસુર' કહેતા હતા." કેટલાકોના મત મુજબ નિમરૂદ નામે પાદશાહે એજ નામનું એક શેહેર અત્રે વસાવ્યું હતું કે જે ધર્તિકંપથી ગર્ક થયું હતું. હાલમાં માત્ર 'કેલાહ' ના મેદાનમાં તાઇગ્રીસ નદીનો એક ઝરો વહે છે અને તેની નજદીક 'જબલખાતુકા' પર્વત આવેલો છે. આ કેલાહનો ટેકરો ૬૦ ફીટ ઉંચો ને ૨૭૨૭ ફીટ વિસ્તારવાલો છે. ટેકરો ત્રિકોણાકાર હોઇ તેની અદરનો ઘેરાવો ૧૪૦૫૫ ફીટનો છે. એમાંથી ઇમારતોનાં ખંડિયરો જડ્યાં ન હોતાં પણ એક બેઠેલું પુતળું માથા વિનાનું જડી આવ્યું હતું. તેના લેખ ઉપરથી તે પુતળું નિમરૂદના ટેકરામાંનો વચલો મેહેલ બાંધનાર 'શાલમનૂઅર' નામના પાદશાહનું પુતળું હશે. તેમજ નદી કાંઠે ઈંટના બાંધેલા બુરજો જડી આવ્યા છે.

કેલીઓપ—(મધૂર-સ્વર) હિંદુ દંતકથા મુજબ ગાયણ દેવતા, ગણપતિની માતા. પાર્વતીને યૂરોપીયન વિદ્વાનો કેલીઓપી કહે છે. કેટલાકો એને ઓરફિયસ અને શીરીન્સની માતા તરીકે જણાવે છે. (જુઓ પાર્વતી.)

કેલીડોન—આ ઇટેલિયાનું પ્રાચીન કાળમાં જાણીતું થએલું શેહેર. હાલમાં તે 'લિવેડીઆમાં' આઇટો નામે જાણીતું છે. ગ્રીક દંતકથા મુજબ છેક પ્રાચીન કાળમાં કેલીડોનની આસપાસનું જંગલ કોઇ જંગલી જનુની રાક્ષસી હુક્કરે ઉજ્જડ કરી નાખ્યું હતું પણ તેને 'મેલિગરે' થિસીયસની મદદથી મારી નાખ્યું હતું.

કેલીડાસ્કોપ—એ એવડા કાચની અંદર જે પ્રતિબિંબો સરખા માનથી ગોહવેલા હોય છે તે તત્વ ઉપર સુંદર આકૃતિઓ જોવાનું એક રમકડાં રોકું યંત્ર. આ યંત્ર સર ડેવિડ બ્રૅવેસ્ટરે ૪૦ સ૦ ૧૮૧૭ માં પ્રથમ શોધી કાઢયું હતું. આ યંત્રમાં એક નળાની અંદર એક છેડાથી બીજા છેડા સુધી એક એકથી ૬૦ નો કોણુકરનાર એવા બે લાંબા અને

શંકવાકાર–કૃતિના બે કાચો બેસાડેલા હોયછે. તે નળાના એક છેડાપર ધાતુનું ઢાકણું હોયછે, તે ઢાકણાને વચોવચમાં છિદ્ર રાખેલું હોયછે. તેમાંથી જોઇ શકાય છે, અને બીજા છેડા ઉપર એક દાબડી બેસાડેલી હોય છે. તેની ઉપલી બાજુપર ચળકતા કાચ જડેલા હોઇ નિચલી બાહેરની બાજુપર સફેદ કાચ હોયછે; અને તે બેઉની વચમાં રંગીન કાચનાં ચિત્ર વિચિત્ર આકારના નાહના કકડા હોયછે. નળાનું નિચલું મોહું પ્રકાશ ભણી પકડી છિદ્રમાંથી જોઇએ એટલે તે કટકા અને કાચમાંથી તેમના પ્રતિબીંબ મળી સુંદર અને ચિત્ર વિચિત્ર આકારના દેખાવો દેખાય છે, અને જેમ જેમ નળી ફેરવિયે તેમ તેમ તે જૂદા જૂદા આકાર પકડે છે. એમાં દરેક કાચ વાટે સુંદર આકૃતિઓ ઉત્પન્ન થાય છે, તેથી આવી રીતે ત્રણ કાચ એકત્ર બેસાડયાથી ત્રણ યંત્રો એકત્ર કરવાનું પરિણામ ધડે છે.

કેલીફ્રેર્નિયા—અમેરિકન યૂનિયનને લગતું એક રાજ્ય. એની આસપાસ 'ઑરગોન, નેવ્હાડા, મેકસિકન રાજ્ય અથવા જુનું કેલીફ્રેર્નિયા અને પેસીફીક ઓશન આવેલાં છે. એનું ક્ષેત્રફળ ૧,૫૫,૯૮૦ ચૌરસ મૈલ છે. એની પૂર્વ ભણી 'સેરા નેવેડા' પર્વતની હારો લંબાયલી છે, અને તે કાસ્કાડીની હારોને મળે છે. એ હારમાંના કેટલાક પર્વતો ૧૦૦૦૦ ફીટ ઉંચા છે. મૈાંટ વ્હાની અલાસ્કા શિવાય યૂનાઇટેડ સ્ટેટમાં સર્વોપરી ઉંચો ગણાય છે. તેની ઉચાઇ ૧૪૮૯૮ ફીટની છે. સેરાનેવેડાની પશ્ચિમે કેલેડોનિયાની મધ્ય ખીંડ આવેલી છે, અને તેમાં મેકેમેન્ટો નદી વગેરે વહે છે. કેલીફ્રેર્નિયાનો સમુદ્ર કાંઠો તદન ખડકવાલેા હોવાથી તેમાં થોડાંજ બંદરો અને અખાતો છે. કેલીફ્રેર્નિયાની ઋતુમાં ચમત્કારિક ફેરફાર જણાય છે. ઉત્તર પશ્ચિમ ભણી અતિશય વર્સાદ વર્ષે છે. ઉત્તર કિનારાના પ્રદેશનો અર્ધો ભાગ તદન સરદ ઋતુવાલેા અને દક્ષિણ કેલીફ્રેર્નિયાની આબેા હવા તંદરોસ્ત છે. કેલીફ્રેર્નિયામાં મુખ્ય બે ઋતુઓ છે. એક વર્સાદવાલી થંડીની ને બીજી વર્સાદ વિનાની ઉન્હાળાની. કેલીફ્રેર્નિયાના મધ્ય ભાગમાં કોઇ કોઇ ઠેકાણે ઉન્હાળા દરમ્યાન ૧૨૦ ડીગ્રી ગરમી પડે છે.

પુરાણા વખતમાં અત્રે બેહદ સુન્નું મળતું હતું પણ વચલા જમાનામાં બંધ પડયા પછી હાલમાં ત્યાં મોટા જથ્થામાં સુન્નું જડી આવ્યું છે. ૧૮૪૮ થી ૬૪ માં દર વર્ષે સુન્નાથી સરકારને ૫૬,૦૦૦,૦૦૦ પૈાંડની ઉપજ હોય ચાંદી વગેરે કિમતી ધાતુ પણ બેહદ જડે છે. તે શિવાય બીજા ખનીજ પદાર્થોમાં ટંકણખાર, ખનીજ મીઠું, સંગેમરમર, ડામર, પેાટાશ, ગંધક, સેાડા, કેઓલીનની અનેક ખાણો છે. કેરોસીનના મોટામાં મોટા ઝરા પણ એજ દેશમાં જડયા છે. ત્રાંબુ, લોઢું, ક્રોમિયમ અને સુરમાની ધાતુ અત્રેની મુખ્ય ઉત્પંતિ છે. ખનીજ શિવાય આ દેશમાં ઘઉં, વાઇન, તહેંવાર પ્રકારની ફળ ફળાદી વગેરે પુશકળ ઉત્પન્ન થાય છે. તે શિવાય ઉન્ડી, સાકર, વહાણ, રેસમ વગેરેના હુનર ઉધ્યેાગના અનેક કારખાનાઓ છે. અત્રેથી દેશાવર ઘઉં, બાજરી, ઉન, દારૂ વાઇન, મધ, ઇમારતી લાકડાં, ખાધ ખેારાકી, ધાતુ, ટંકણ ખાર અને લોહું મોકલવામાં આવેછે.

મૈાંટ હેમિલ્ટન ઉપર મીલેકની વેધશાળા છે કે જે બર્કલીની યૂનિવરસિટીને તાબેછે. લોક વસ્તી ૧૮૫૦ માં ૯૨૫૯૭ ની, ૧૮૬૦ માં ૩૭૬૯૬૪ ની, ૧૮૭૦ માં ૫૬૦૨૪૭ ની, ૧૮૮૦ માં ૮૬૪૬૯૪ની ને ૧૮૯૦ માં ૧૩૦૮૧૩૦ ની હતી.

મુખ્ય શેહેર સેન ફ્રાન્સિસ્કેા, લૅાસએંગલ્સ, દક્ષિણ કેલીફ્રેર્નિયાનાં સંસ્થાનો, ઑકલેંડ અને સેક્રેમેન્ટો મુખ્ય છે. ૧૮૬૯ માં અત્રે યૂનિયન પેસીફીક રેલ્વે ખુલ્લી થતાં વેપાર અસાધારણ વધી ગયેાછે.

જુતું કેલીફ્રેર્નિયાના મેક્સીકાનું એક રાજ્ય અને દ્વિપકલ્પ છે. તેનું ક્ષેત્રફળ ૬૭૫૬૨ ચૌરસ મૈલ છે. ત્યાં હવા તદન સૂકી ને ભૂમી પહાડી છે. નિચપ્રદેશ માત્ર

ખેતીવાડીવાલેા છે ને બાકીનેા ભાગ ઉજડ છે. લોક વસ્તી ની હોઈ ૩૦૧૯૮ તેમનેા મુખ્ય ધંધેા માછીમારનેા છે.

કેલીફ્રેર્નિયાનેા અખાત પેસીફીક ઓશનનેા એક ભૂજ છે. એ ૭૦૦ મૈલ લાંબેા ને વધતામાં વધતી પેાહળાઇ ૪૦ થી ૧૦૦ મૈલની છે. તેમાં કલેારેડેાનું પાણી ભરાય છે.

કેલીસ્ઝ—રશિયનપેાલાંડનું આ મુખ્ય શેહેર પ્રેાસ્ના નદીના સરહદપર વૉરશાની પશ્ચિમે દક્ષિણ પશ્ચિમમાં ૧૩૨ મૈલપર છે. અતરે કાપડ વણવાની ઘણીક મીલેા ચાલેછે. લોક વસ્તી ૧૮૮૦૪ ની છે. અતરે બે લઢાઈઓ થઇ હતી. ૧૭૦૬ માં પેાલાંડના રાજા આગસ્ટસ સાથે સ્વિડીશોને થઇ તેમાં આગસ્ટસ જીત્યેા હતેા, અને ૧૮૧૩ માં રશિયન, ફ્રેન્ચ અને સેકસનેા વચ્ચે થઇ હતી.

કેલે—આ બંદર શેહેર પાસડીકેલેસનું ડોવ્હરની સામુદ્રધૂનિપર, પેરીસની ઉત્તરે ૧૮૪ મૈલપર છે. અતરેનેા મજબુત કિલ્લેા કાયમ છે. દક્ષિણ અને પૂર્વ બાજુની સરદ જમીન તદન નીચાણમાં છે. ઇંગ્લંડથી ફ્રાન્સ જતા મુસાફરેા માટેનું આ એક અગત્યનું બંદર છે. ૧૮૧૫ થી અતરે ચાલુ સ્ટિમરેાથી વેહવાર ચાલે છે તથા ટેલીગ્રાફ પણ નાખેલા છે. જોવાજોગ હૉટલ ડીવેલી ૧૭૫૦ માં બાંધવામાં આવ્યું હતું અને ૧૮૬૭ માં તેમાં મેાટેા વધારેા કરવામાં આવ્યેા હતેા. અતરેની દિવાદાંડી ૧૯૦ ફીટ ઉંચી છે. ૧૮૮૪ માં સ્થાપન કરવામાં આવેલું મ્યુઝીયમ જોવાજોગ છે. ૧૮૬૨માં લોક વસ્તી ૩૯,૭૦૦ ની ને ૧૮૯૧ માં ૫૨,૫૨૨ ની હતી. ઇ. સ. ૯૯૭ વેર કેલે નાહતું માછીમાર ગામડું હતું. ૧૩૪૭ માં ૧૨ મહિનાવેર ૩જા એડવર્ડ આ શેહેરને ઘેરેા નાખ્યેા હતેા.

કેલેડિઅમ—આ આલુના કુટુંબમાંના અતિ શેાભાયમાન પાંદડાવાલા ઝાડની અસંખ્ય જાતેા છે. યાને એના પાંદડાં અસંખ્ય રીતે ચિત્રવિચિત્ર રંગના એકમેકથી ભિન્ન ભિન્ન પ્રકારનાં હોયછે. એના ઝાડ ગાંઠ રેાપ્યાથી ઉગે છે. એની ગાંઠ બે માસમાં ફુટવા માંડે છે કે તેને જૂદી કરી એક ભાગ પાંદડાનું કેાહેલું ખાતર, એક ભાગ કાળી મતેાડી અને એક ભાગ નળીયાનેા ભૂકેા એકત્ર કરી કુંડામાં ભરી તેમાં રેાપવામાં આવેછે. પેહેલાં એને દરરેાજ પાણી પાવું પડે છે પણ ઝાડ મેાટું થતાં તેને ૮ દિવસ આંતરે છાંણનું ખાતર આપવું પડેછે. અકટોબરમાં એનીપરના પાંદડા સુકાતાં એના ઝાડની ગાંઠેા જાળવી રાખવા રેતીમાં દાટી મે માસમાં ફરી રેાપવામાં આવેછે. એના ઝાડને કેાલસાનું ખાતર આપતાં તેના પાંદડાનેા રંગ અતિશય ખુલ્લેા થાયછે. રાવબહાદુર ગણેશ ગેાખલેએ પેાતાના ગ્રંથમાં આ કેલેડિઅમના જાણીતા નામેા નીચે મુજબ દર્શાવ્યા છે.

એડાલ્ફી એન્ડીન.	એલ્મી વ્હરડીઅર.
એઝએાલ્યુરીઅમ.	ગોલ્ડન ક્વિન.
એરન જેમ્સ ડીરાથચાઈલ્ડ.	એડા.
અગસ્ટી કયાર પેન્ટીઅર.	ઓરનેટસ.
વિક્ટીઆય.	જેરાર્ડ ડૌ.
આલ્ફ્રેડમેમ.	ક્રારડીનેલી.
આસિડ મિયાસ.	મીસીસલેંગ.
વીકટમ.	પ્રિન્સેસ ઓફ વેલ્સ.
સેમીની.	
રેમી વ્હિકટોરિઆ.	

લેધ્રિયા—ઇટલીના રાજ્યમાં આ દક્ષિણ પશ્ચિમ માંહેલું દ્વિપકલ્પ. ક્ષેત્રફળ ૬,૬૩૭ ચૌરસ મૈલ હોઇ ૧૮૯૨ માં વસ્તી૧૩,૨૧,૦૩૮ ની હતી. આ ભાગમાં જ્યાં ત્યાં ખેતીવાડીનેા ઉદ્યેાગ ચાલેછે. દેશમાં જાણવાજોગ મેાટી નદીઓ નથી પણ નાહના નાળાઓ વહે છે, તેથી ખીણેા અને મેદાનેા ફળકુપ બનેલાં છે. ઘઉં, ચેાખા, રૂ, કેસર અને શેરડીનેા અતરે મુખ્ય પાક થાયછે. તેમજ વાઇન, નારંગી, લીંબુ, સંતરા, ઑલીવ્હ વગેરે ફળફળાદી પણ ઉગે છે. સમુદ્ર કાંઠે મુખ્ય વસ્તી માછીમારેાની છે. અતરેની પ્રજા મગરૂર ને ઝનુની તથા કાનેબાજ છે.

કેલો—લીમા, પીરૂનું આ બંદર શેહેર લીમાની દક્ષિણ પશ્ચિમે ૭ મૈલપર છે. એ એક નાહના અખાત ઉપર તરતી ગોદીવાલું બંદર શેહેર છે. એનું ક્ષેત્રફળ ૫૨૦ એકર છે. અતરેની ગોદી ૧૮૭૫ માં બાંધવામાં આવી હતી. અતરેનો પુરાણો કિલ્લો 'કસ્ટમ' ખાતા તરીકે વપરાય છે. અતરે ખાંડ, લોઢું, લાકડ કાપવાના કારાખાનાઓ છે. ઉન, સાકર, નગદી, ત્રાંબુ, રૂ, છાલ, વગેરે અતરેથી પરદેશ મોકલાય છે. લોક વસ્તી ૩૫,૦૦૦ ની છે. એનો દક્ષિણ ભાગ ધર્તીકંપથી ઘણો નાશ પામ્યો છે. તેમજ ૧૮૮૦ માં ચીલ્લી તથા પીરૂ વચ્ચેની લઢાઇ વેળા તોપના મારાથી આ ગામને પણ ભારે નુકસાની પોંહચી હતી.

કેવડો—કેવડાનું ઝાડ ૭ થી ૧૦ ફીટ ઉંચું વધે છે. એના લાંબા લાંબા બેટા થાયછે. એના પાંદડાં કાંટાદાર પડારોકા હોયછે. સફેદ જાતને કેવડો ને પીળી જાતને કેતકી કહેછે. કેતકીમાં વાસ વધારે આવેછે પણ તેના પાંદડા ઘણા નાજુક હોયછે, શ્રાવણ માસમાં કેવડાનો ભાર હોયછે. કેટલી માઘ અને ફાગણ માસમાં થાયછે, પણ સફેદ કેવડો બારે માસ ઉગેછે. કર્નાટકમાં એના કાંટાદાર પાંદડાની છત્રી તથા છત બનાવવામાં આવેછે. કેવડો સુગંધી હોવાથી તેના ઝાડ તળે સાંપનો વાસ હોયછે. કેવડાનું તેલ બનાવવામાં આવેછે, તેમજ કેવડાની પાંદડીમાં કાયો બાંધી તેની કાથગોળી બનાવેછે. (જુઓ કાથગોળી). ગર્મીમાં જ્યારે માથું દુખેછે ત્યારે કેવડાનું પાણી બાટલીમાં ભરી તે પાણી ઉપર ઝીણું કપડું બાંધી તે વારેવાર સુંઘવાથી માથું નરમ પડેછે, તેમજ ઉષ્ણતા ઉપર કેવડાના પાંદડાના રસમાં જીરૂં વાટી સાકર નાખીને તે પીધાથી દર્દ મટેછે.

કેવડાના પાંદડાની પટીની છત્રી, ચટાઇ, વગેરે બનેછે, ને લાકડાનાં રમકડાં બનાવવામાં આવેછે.

કેવરાની જડ—એને સંસ્કૃતમાં વચા (ઉગ્ર ગંધા) ને મરાઠીમાં વેખંડ કહેછે. ઔષધિમાં એના મૂળીયાં યોજેલાં છે, આ વનસ્પતિ યૂરપ અને ઉત્તર અમેરિકાની છે. હિંદુસ્થાન અને બ્રહ્મદેશના નીચ અને સરદ પ્રદેશમાં ૩૦૦૦ થી ૫૦૦૦ ફીટની ઉંચાઇ સુધીના પ્રદેશમાં એ ઉગેછે. મણીપૂર તથા નાગહિલ્સમાં તે વિશેષ નજરે પડેછે, ત્યાં ખેતરોના બંદ પર જ્યાં ત્યાં એનાજ ઝાડો રોપેછે.

આ વનસ્પતિનું જન્મસ્થાન એશિયાખંડ હોવું જોઇએ અને ત્યાંથી એ યૂરપ ખંડમાં દાખલ થયું હશે. ગ્રીક લેખકોએ વર્ણન કરેલી 'કયાલેમસ આરો માટિકસ' વનસ્પતિ તે એજ છે. એ વિશે મત ભેદ છે, તોય ઘણાકો તેને એજ વનસ્પતિ તરીકે જણાવેછે.

કેવરાની જડના પાંદડાનું તેલ, ઈંગલંડના ગાંધીઓ એક પ્રકારના સુગંધી ચૂરણમાં મિશ્ર કરી તેને બાલ પર ચોપડવાના ઉપયોગમાં લે છે. કેવરાની જડનું તેલ કાઢેછે. તે કાળાસપર પિળા રંગનું હોયછે અને તેનો ઉગ્રગંધ, અને રૂચીમાં કડવું ને તીખું હોયછે. આ તેલમાં આકોરિન નામે એક દ્રવ્ય હોયછે તેથી આવી રૂચી આવેછે. ઉડનારૂ તેલ અને આકોરીના આ બે દ્રવના યોગે એના અંગે અનેક ગુણો આવેલાં છે.

કેવરાની જડ વિશેષ પ્રમાણમાં લીધાથી ઉલટી થાયછે. થોડા પ્રમાણમાં લીધાથી પેટ દુઃખતું બંધ કરી જુલાબ લાવે છે. થંડી લાગી તાપ લાગુ પડતાં તેનીપર એ અતિ અકસીરછે. શક્તિવર્ધક, રેચક વગેરે ઔષધિમાં એની યોજના કરેલી છે.

હિપોક્રેટસના સમયમાં કેવરાની જડનો ઉપયોગ થતો હતો. હાલમાં આંતરીયા તાપ ઉપર એનો બોહોળો ઉપયોગ કરવામાં આવે છે. સિંકોનાને જગે આ ઔષધ યોજેલું છે. યૂરપીયન તબીબો એનો ઝાઝો ઉપયોગ કરતા નથી. ઇંગલંડના ગાંધીની દુકાનોમાં આ જડ ઝાઝી મળતી નથી. ગળું સાફ કરવા એનું મૂળીયું મોહમાં મેલ્યાથી સાફ બોલાય છે.

જીન, બીઅર વગેરે દારૂને રૂચીકારક બનાવવા તેમાં કેવરાની જડ નાખે છે, અને તેથી યૂરપમાં એનો ઠીક ખપ થાયછે. નારફક કોંટીમાંની નદી કાંઠે એ ઉગે છે. ત્યાં જમીનપર એના પાંદડા પાંથરી તેપરથી ચાલે છે એટલે સારો સુગંધ છુટે છે. સુગંધી સરકો તૈયાર કરવા કેવરાની જડ ભેળે છે. મુંબઇમાં વેપાર અર્થે જે કેવરાની જડ આવેછે તે ઇરાનના અખાતમાંથી આવે છે. ડૉ૦ ડીમકના જણાવવા મુજબ ૩૭½ શેરી ૩ મણને ૩ રૂપ્યા પડેછે.

ધાણા અને કાળી મરીના દ્રવ સાથે (૬ ભાગ મૂળીયું ને પોણોશેર પાણી) એનો કાવો કરી લાંબા વખતના અત્તેસારપર આપ્યાથી તે બંધ પડેછે.

કેવેનધ જુલિયા—આ બાનુ ગ્રંથકારનો જન્મ રીપેરેરીના પ્રાંતમાં ગ્રૂલેસમાં ૧૮૨૪ માં થયો હતો. એનો પિતા એક આયરિશ ફીલસુફીના ગ્રંથકાર તરીકે જાણીતો હતો. કેવેનધ જોકે ખુબસૂરતીમાં અસાધારણ રૂપ ધરાવતી હતી, પણ તેણી કદે અતિ ઠીંગણી હોવાથી તેનું રૂપ તેથી ઢંકાઇ ગયું હતું. આ બાનુએ પોતાની જુવાનીનો મોટો ભાગ નારમંડીમાં પસાર કર્યો હતો પણ તે પછી પેરીસમાં જઇ રહી હતી. એનું મરણ નાઇસ ખાતે ૧૮૭૭ માં ૨૮ મી અકટોંબરે નિપજ્યું હતું. એણે પોતાની વાર્તાનો પેહેલો ગ્રંથ ૧૮૪૮ માં પ્રગટ કર્યો હતો. એના રચેલાં ગ્રંથોમાં નિચલા વાર્તાના પુસ્તકો જાણીતાં છે. Beatrice (૧૮૬૫ માં), Queen Mab (૧૮૬૩માં), Pearl Fountain (૧૮૭૬માં) વગેરે.

કેવેન્ડિશ હેન્રિ—આ કુદરતી જ્ઞાનશાસ્ત્રીનો જન્મ ૧૦ મી અકટોંબર ૧૭૩૧ માં થયો હતો. એ હેકનીની શાળામાંથી ૧૭૪૯ માં પીટર હૌસ કેમબ્રિજમાં દાખલ થયો હતો. એણે વિદ્યા હુન્નર સંબંધી પોતાના વખતમાં અનેક શોધો કરી હતી. ૧૭૬૦ માં એણે હૈદ્રોજન ગ્યાસની શોધ કરી, હવામાં બલુન ઉડારવાની ઉપયોગી શોધ પણ કરી હતી. એણે વિજળિક શાસ્ત્ર વિષે ૧૭૭૧–૮૧ માં એક ગ્રંથ પ્રગટ કર્યો હતો, તે શિવાય બગોળ શંશોધનના યંત્રો વિશેની શોધોનું પુસ્તક રચ્યું હતું. મરણ કલેપેહેમ્પમાં ૧૦ મી માર્ચ ૧૮૧૦ માં નિપજ્યું. એ જન્મ વેર કુમારો રહ્યો હતો અને એ સ્ત્રી જાતીની હાજરીથી હમેશ નારાજ રહેતો હોવાથી પોતાની ખીદમતમાં કોઇ પણ સ્ત્રીને રાખી નહોતી. એ મરણ પામ્યો ત્યારે એની દોલત ૧૦૦૦૦૦ પૌંડની નીકળી તે સગાંઓએ વેંહેચી લીધી હતી.

કેશરી ચાંપો—આ ઝાડ ઘણું મોટું હોઇ તે સુંદર ફુલો માટે ઘણું વખણાય છે. એને કેટલાકો 'કેસર'ના ઝાડ તરીકે ઓળખેછે પણ એ તે ઝાડ નથી. એના બિયાંમાંથી આ ઝાડ સાધારણ જમીનમાં ઉગી નિકળેછે, અને તેનીપર પાંચ છ દિવસે પાણી સીંચવું પડે છે. એના બિયાંનો રંગ બને છે એના પાંદડા અતિ ગિચ્ચ હોયછે. એનીપર વર્ષમાં બેવાર ઉન્હાળા અને વર્સાદમાં ફુલો આવેછે. એના ફુળ ઉપર નરમ કાંટા હોયછે, અને તેની ઉપરની છાલનો રંગ કેસર જેવો હોયછે. આ રંગ રેશમ રંગવાના કામમાં વપરાય છે. એના ફુલનો સુગંધ અતિ ઉગ્ર હોવાથી તે હવાને સ્વચ્છ બનાવે છે. આ ફુલો એ ઝાડ વાવ્યા પછી ૮ થી ૧૦ વર્ષ રહી ઉગે છે. આ ઝાડના લાકડાની છાલના દોરડાં વખણાય છે. એના ફુલો ઘણું કરી પિળાં રંગના હોયછે. પણ અમેરીકન કેશરીયા ચાંપા ના ફુલો ગુલાબી રંગના હોયછે.

કેશવ ચંદ્રસેન—આ મહાન બ્રહ્માન્દ બાબુનો જન્મ કલકત્તામાં ઇ. સ. ૧૮૩૮ માં થયો હતો. બચપણમાં એના પિતા 'પ્યારી મોહનસેન' મરણ પામ્યા ત્યારે એનું પાલણ પોશણ એની માતાએ કીધું. કેશવચંદ્રસેને પોતાનો વિદ્યા અભ્યાસ હિંદુ કૉલેજ અને પ્રેસિડન્સી કૉલેજમાં કીધો, અને ત્યાંજ તેનીતિક્ષણ બુદ્ધિ આશકારા થઇ. કેશવચંદ્ર જન્મથી વકતા તરીકેના

ઉત્તમ ગુણ ધરાવનારો હતો; તેથી તેણે એક તેવી નાહની મંડળી સ્થાપી ત્યાં પોતાનો અભ્યાસ વધાર્યો. રાજારામ મોહનરામે બ્રહ્મસમાજ ૧૮૨૮ માં સ્થાપન કીધું તેના સભાસદ તરીકે કેશવચંદ્ર ૧૮૫૮ માં તેમની સાથે જોડાયા. તે વેળા સભાના પ્રમૂખ બાબુ દેવેંદ્રનાથ તાગોર હતા, પણ કેશવચંદ્રને શુદ્ધ આચરણ, ને શુદ્ધ અંતઃકરણવાલો ઉદ્યોગી જોઇ સર્વ સભાનું–સમાજનું કામકાજ સોંપ્યું. ત્યારથી કેશવ ચંદ્રસેનને ધર્મ સંબંધી કામ કરવાનું નવું જોમ છુટ્યું. તેણે જાતી ભેદનો ત્યાગ કરી નાની બાળકીઓ તથા મોટી સ્ત્રીઓની એકત્ર શાળા કાઢી તેમને કેળવણી આપવા માંડી. ગરીબ મજુર લોકોને ભણાવવા રાતની નિશાળો કાઢી અને ઉધરાણા કરી ગામડાઓમાં ધર્મોપદેશકોને મોકલ્યાં.

કેશવ ચંદ્રે બ્રહ્મધર્મ, વિધા વિવાહ, બાળ વિવાહ વગેરે જૂદા જૂદા વિષયોપર અસંખ્ય ભાષણો આપ્યાં હતા. ૧૮૭૦ માં કેશવચંદ્ર સેન ઇંગલંડ જઇ ત્યાં વક્તા તથા સાધુ તરીકે મોટી નામના મેળવી. ત્યાં એવી તો માન માન્યતા મેળવી કે કેશવચંદ્રસેનની વાત મહારાણી વિક્ટોરીયાએ સાંભળતાં એમને ખાસ પોતાની મુલાકાતે તેડી પોતાની સાથે ભોજન લેવાનું મોટું માન આપ્યું. ઇંગલંડથી પોતાને દેશ ફરતાં કેશવ ચંદ્રે અતિ ઉત્સાહથી પોતાના કામ પાછળ મંડી મોટી કીર્તી મેળવી પણ તેણે પોતાની બાળકન્યાને કુચબિહારના રાજા સાથે પરણાવવાથી તેના વિશે વિશેષ ચર્ચા થઇ, જેથી કેશવચંદ્રને ઘણું ખમવું પડ્યું હતું.

લૉર્ડ લૉરેન્સ અને લૉર્ડ નૉર્થબ્રૂક જેવા મહાન નરો કેશવચંદ્રને મોટું માન આપી કેટલીક વેળા તેની સલ્હા રાજકીય પ્રકરણમાં લેતા હતા. આ મહાન નરનું મરણ ઇ. સ. ૧૮૮૪ માં ૮ મી જાનેવારીએ નિપજ્યું હતું.

કેશવજી મોરારજી—આ મહાપંડીતનો જન્મ ઇ. સ. ૧૭૨૦ માં જામનગરમાં થયો હતો. બાળ વયમાં વિઠ્ઠલજી ભટ્ટજી, સ્વામી વ્રજનાથ, સ્વામી ટોકરાનંદ તાતાચાર્ય વગેરે પાસે વિધા અભ્યાસ સંપાદન કરી; કાવ્ય, અલંકાર, પુરાણ, વ્યાકરણ, વેદાંત, ન્યાય આદી શાસ્ત્રનો પૂર્ણ અભ્યાસ સંપાદન કરી મોટી પ્રસિદ્ધતા મેળવી હતી. ઇ. સ. ૧૭૪૮ માં જામનગરના જામશ્રી રણમલજીએ એને રાજશાસ્ત્રીનો એલકાબ આપ્યો હતો. તે વેળા આવેલા એક પ્રસંગ દરમ્યાન કેશવ શાસ્ત્રીએ પોતાની વિદ્વત્તા બતાવ્યાથી જોધપૂરના મહારાજા પણ ભારે પ્રસન્ન થયા હતા. પોતાના વખતમાં કેશવ શાસ્ત્રી ગુજરાત પ્રાંતમાં મોટું માન પામ્યા હતા. અને તેથી તેમની પાસે શિક્ષણ લેવા અનેક વિદ્વાનો જતા હતા. મરણ ઇ. સ. ૧૭૮૧ માં નિપજ્યું.

કેશવદાસ—આ વ્રજ ભાષાનો જાણીતો કવિ ઇ. સ. ૧૫૬૮ માં જનમ્યો હતો. એનું જન્મવતન 'ટેહરી' હતું. એણે રચેલું રસીક પ્રિયા, અને કવિ પ્રિયા નામે બે ગ્રંથો હિંદમાં ઘણા પ્રસિદ્ધ છે. રસિક પ્રિયાનામે ગ્રંથ ઉચૈના રાજા ઇંદ્રજીતની સ્ત્રી રાયપ્રવીનના વિનોદ અર્થે બનાવ્યો હતો. આ ગ્રંથ રસ આદિથી ભરપૂર છે.

કેશવાદ—એ એક મરાની સરદાર પ્રાચીન કાળમાં થઈ ગયો છે. એણે અફરાશિઆબ સાથની લઢાઇઓમાં મુખ્ય ભાગ લીધો હતો. એ લઢાઇમાં એના હાથપર અફરાશિઆબે હાર ખાધી હતી.

કેશિનિ—એક રાજ કન્યા. એના સ્વયંવર વેળા પ્રહ્લાદ પુત્ર વિરોચન અને અંગિરા ઋષિનો પુત્ર સુધન્વા એ બેઉ એકી વેળા આવી પુગા. ત્યારે તે બેમાં શ્રેષ્ટ કોણ તે વિષે વાદવિવાદ ચાલ્યો અને તેથી બેઉએ ઓડમાં પ્રાણ મેલ્યા. પછી બેઉજના પ્રહ્લાદ પાસે ગયા. ત્યારે પ્રહ્લાદે વિરોચનને તજી સુધન્વાનો પક્ષ ધર્યો, બને વિરોચનના પ્રાણની શર્ત માટે સુધન્વા માટે માગી

ત્યારે સુધન્વાએ વિરોચનને પ્રાણદાન આપ્યું તે છતાં કેશીનિનો વિવાહ તેનીજ સાથે થયો.

(૨) એક અપ્સરા. (૩) સૂર્યવંશી સગર રાજાની બે સ્ત્રી માહેલી એક, એ શિબ્બી રાજાની કન્યા તેથી એને શૈબ્યા એવું નામ પડ્યું. એનું બીજું નામ ભાનુમતિ પણ હતું.

(૪) સોમવંશીય પુરૂ કુલોત્પન્ન અજમીઢ રાજા. તેની ૪ સ્ત્રીઓમાંની એક. (૫) અયોધ્યા નગરી અને ભાગીરથી નદી માહેલી એક નાહની નદી. (૬) દમયંતીની દાસી.

કેશો—અનામમાં ઇંદોચાઇનાના દ્વિપકલ્પમાંનું શેહેર, એ ટાનકવિનનું મુખ્ય રાજધાની શેહેર ગણાયછે, અતરે ૧૦૦૦૦૦ ની લોક વસ્તી છે.

કેસ્કમીટ—હંગેરીમાંનું આ શેહેર બુદાપાસ્તની દક્ષિણ પૂર્વે ૫૫ મૈલ પર છે, લોક વસ્તી ૪૮૨૩૪ ની છે.

કેસ્ટલફ્રેર્ડ—આ યૉર્ક શાયરના વેસ્ટરીડીંગનું ગામ લીડસની દક્ષિણ પૂર્વે ૧૦ મૈલપર એયર ઉપર છે, એ એક રોમન મથક હોઈ હાલમાં કાચકામના કારખાના માટે પ્રસિદ્ધ છે, અત્રે બાટલીઓ ઉત્તમ બનેછે, લોક વસ્તી ૧૮૫૧ માં ૨૧૫૦ ની ને ૧૮૯૧ માં ૧૪૧૪૩ ની હતી.

કેસ્ટલ મેરી—ઇટલીનું આ બંદર શેહેર નેપલ્સની દક્ષિણ પૂર્વે રેલ માર્ગે ૧૭½ મૈલ પર છે, ઇ. સ. ૭૯ માં જ્યારે વિસુવિયસ ફાટેા હતો ત્યારે તેના રસ અતરે સર્વત્ર ઉભાઇ જતાં બીજા પ્લિનીએ તેનું અવલોકન કરવા જતાં જાન ખોયો હતો, અતરેનો કિલ્લો ૨ જા ફ્રેડરીકે ૧૩ મી સદીમાં બાંધ્યો તેથી એનું નામ કેસ્ટલ પડ્યું, લોક વસ્તી ૨૨૨૦૭ ની છે.

(૨) આ સીસિલીનું બીજું શેહેર એજ નામના અખાતને મળેછે, અને પૅલમોની પશ્ચિમે દક્ષિણ પશ્ચિમમાં ૪૧ મૈલ પર છે. લોક વસ્તી ૧૫૩૦૩ ની છે.

કેસ્ટાન્યૂની—એશીઆ માઇનરનું આ મુખ્ય શેહેર સિનોપીની દક્ષિણ પશ્ચિમે ૭૬ મૈલપર છે. અતરે ૩, ચામડા વગેરેના કારખાનાઓ છે. લોક વસ્તી ૪૦,૦૦૦ ની છે.

કેસ્ટીલ—સ્પેનનો આ મધ્ય પ્રાંત કેસ્ટીલીયન સાયસ પર્વત (૮૭૩૦ ફીટ ઉંચો) થી જુના અને નવા કેસ્ટીલના બે ભાગ પડેછે. પેહેલો ભાગ ઉત્તરથી બિસ્કેના અખાતવેર લંબાયલો હતો. એની આસપાસ પર્વતોની હારો ૨૫૦૦ થી ૩૭૦૦ ફીટ ઉંચાઈની ફરી વળેલી હોઇ ઉજડ છે. આ ભાગને ૮ પ્રગણામાં વેંહેંચી નાખવામાં આવ્યો છે. નવું કેસ્ટીલ દક્ષિણ તરફનો ભાગ ગણાયછે, તેમાં પર્વતો ફરી વળેલા હોઈ પેહેલાં ૧૮૦૦ ફીટ હેઠાણમાંછે અને ત્યાંની સ્થિતિપણ તેવીજ છે. એમા મેડ્રીડ, ટૉલીડો, ગ્યૂડેલાજારા વગેરે પ્રગણા છે. અતરે સ્પેનિશ ભાષા બોલાયછે. ક્ષેત્રફળ—જુના કેસ્ટલનું ૨૫૨૮૦ ચૌરસ મૈલ ને લોકવસ્તી ૧૭૩૦૨૯૫ ને નવા કેસ્ટીલનું ક્ષેત્રફળ ૨૭૭૫૫ ચૌરસ મૈલ તથા લોક વસ્તી ૧૬૭૧૭૩૯ ની છે. જુમલે ક્ષેત્રફળ ૫૩૦૩૫ ચૌરસ મૈલ તથા તેમાં લોક વસ્તી ૩૪૦૨૦૩૪ ની છે.

કેસ્ટીલોન ડીપ્લેના—સ્પેનનું આ શેહેર મેડીટરેનીયનથી ૫ મૈલ પર અને વેલેન્સિયા ની ઉત્તરે ઉત્તર પૂર્વમાં ૪૩ મૈલ પર છે, અતરે મલમલ, ઉનનું કાપડ, બરાંડી વગેરે ચીજો બનાવવામાં આવેછે. લોક વસ્તી ૨૫૩૩૭ ની છે.

કેસ્ટ્રિલ—આ પક્ષી ઉત્તર યૂરપમાં ગરમીની મોસમમાં જણાયછે, પણ દક્ષિણ ભાગમાં બારે માસ જણાયછે. સ્પેનમાં એના ટોળેટોળાં વસેછે. બ્રિટનમાં આ શીકારનું સાધારણ પક્ષી છે. આ નર પક્ષી ૧૩ ઇંચ મોટું હોયછે. તેના પીછાંનો રંગ ભૂરો, કાળો, કાબર ચિત્રથી તરેહવાર હોઇ માથું સપાટ ને ચાંચ બલુ રંગની હોયછે. નર કરતાં માદા કદમાં મોટી હોયછે.

કેસર—નેપાળ તથા ઇંગલાંડમાં આ વનસ્પતિના ઝાડ ઉગેછે, એનું ઝાડ નાહનું હોયછે, ને તેની ગાંઠ બબે હાથને છેટે હારબંધ વાવવામાં

આવેછે. વાવ્યા પછી એથી ત્રણ મહિનાનું ઝાડ થાયછે ત્યારે તેને ફુલ આવેછે. તેને ત્રણ પાંખડીઓ હોયછે ને તેની માંહે તંતૂઓ હોયછે. આ તંતૂ તેજ કેસર તરીકે જાણીતું છે, એના ઝાડપર ફુલો આવવા માંડેછે એટલે ફુલ ઉખેડી લે છે અને પાંખડીઓની અંદરથી તંતૂ કાઢી લઈ તેને અગ્નિની આંચ આપેછે, પછી કાગળ ઉપર પાંથરી બુરનસની એક બે ઘડી વાળી તેનીપર દાબી રાખેછે, કેસર રંગે લાલ હોયછે ને તેના તાંતણા લાંબા હોયછે તેજ ઉંચી જાતનું કેસર કહેવાયછે. કેસર એક વર્ષ સુધી બગડયા વિના રહી શકેછે, કેસરનું મૂળ એકવાર વાવ્યું એટલે તે ત્રણ વર્ષ સુધી રહેછે. કેસરના રોપાને એક જગ્યાએથી કાઢી બીજી જગ્યાએ વાવી શકાયછે, કેસર ઓસડ તથા રંગના ઉપયોગમાં આવેછે. તેનો સુંગધ ઉત્તમ હોયછે, એ સબળે ઉત્પન્ન થતું નથી તેથી મોઘું વેચાયછે.

એનો ઉપ્યોગ ૧૦ મી સદીમાં આરબ હકીમો શીખ્યા હતા, અને તે પછી એના છોડ ચીન દેશમાં તેઓ લઇ ગયા હતા. આ પદાર્થ રૂચીકારક ને રંગ આપનાર છે. કેશરમાંથી યૂરપમાં રંગ બનાવવામાં આવેછે અને તેને તેઓ 'પૉલીક્રોટ' કહેછે. સુશ્રૂત મુજબ કેસર રકતશુદ્ધિ કરનાર છે.

પાણી યા આલકોહલમાં કેસરને ભિજવ્યાથી તે માહેલું (સેક્રોનિન) નામનો રસ પિગળેછે, આગળ કેસરને કપડાં રંગવામાં અને ચિત્રો પાડવાનાં ઉપ્યોગમાં લેવામાં આવતું હતું, પણ હાલમાં બીજા રંગોની શોધથી તેનો ઝાઝો ઉપયોગ કરવામાં આવતો નથી, પણ મીઠાઇ અને કેટલીક દવાઓને રંગ આપવા તેનો ઉપયોગ કરવામાં આવેછે. કેસર માંહેલા સેક્રોનમાં રંગીન રસ ગુલાબી રંગનો હોયછે, તેને ગરમ કરતાં તે તપકિરયા રંગ પકડેછે. પાણીમાં તથા આલકોહલનાં રસમાં એ વિદ્રાવ્ય છે. એનો રસ નારંગીયા રંગનો હોયછે, પથરમાં તે પિગળતો નથી. તિક્ષણ સલફ્યૂરિક ઍસિડમાં તે વિકૃત થાયછે, રસને પેહેલાં બલુ ને પછી જાંબુડો રંગ આવેછે.

કેસર અજીરણ વગેરે દર્દો ઉપર અસરકારક છે, કેસરનો સારો ઉપયોગ દુધમાંથી બનાવવામાં આવતા મિષ્ટાનોમાં કરવામાં આવેછે, તેનો એવો ઉપયોગ કરતી વેળા તે ઝીણા મલમલના નહિ પણ સેહેજ જાડા કપડામાં બાંધી દુધમાં ઉકાળે છે. એ મુજબ કરવાથી કેસરનો રંગ છુટો પડી મિષ્ટાન સાથે મળી જાયછે.

જર્મનીમાં દરેક ખોરાકમાં કેસર વાપરવાનો ચાલ છે. જેમજ તેઓ ચોકસ જાતના દારૂને પણ કેસરથી સ્વાદિષ્ટ બનાવેછે.

નાહના બાળકોને દુધ પાતી વખતે તેમાં કેસર ભેળવાથી તે એક પુષ્ટીકારક ખોરાક બને છે.

કેસરી—હિંદુ દંત કથા મુજબ, એક વાનર, અંજનિનો પતિ. એ ગોકર્ણ નામે પર્વત ઉપર રહેતો હતો. એક પ્રસંગે શંખાસદન નામે એક અસૂર મસ્ત બની ઘણાક ઋષિઓને પીડા આપવા લાગ્યો ત્યારે એણે તેની સાથે યૂદ્ધ કરી તેનો પ્રાણ લીધો. તે વેળા ઋષિઓએ એને આશિરવાદ આપ્યો કે તારે ત્યાં માહાપરાક્રમિ પુત્ર અવતરશે. તે મુજબ એને ત્યાં હનુમાન અવતર્યો હતો.

(૨) ગદ્રદ વાનરનો પુત્ર ને જાંબુવનનો નાહનો ભાઇ.

કેસરી—એના વૃક્ષ દક્ષિણ અમેરિકામાં ઉત્પન્ન થાયછે, પણ હાલમાં એની મોટી ખેતી યૂરપમાં કરવામાં આવેછે. એના ઝાડ હિંદુસ્થાનના બગીચાઓમાં પણ જણાયછે, એના ફળોમાંથી બનાવેલો રંગ હાલમાં યૂરપ તરફ અમેરિકાથી આવેછે.

કેસરીનાં ફળો પાકપર ચઢતાં તોડી તેને ખોખરાં કરી પાણીમાં નાખે છે અને તેને તેમજ અઠવાડિયાવેર રહેવા દેવાથી ફળમાંનો ગર જૂદો પડે છે, પછી તેને ખાદી જેવા જાડા કપડામાં નાખી નિચવે છે. પીલી કાઢેલા રસમાં રંગીન પદાર્થ નીચે બેસેછે તેને

ધીમા અગ્નિપર મેળી પાણીને બાળી નાખેછે. એટલે રંગની ભૂકી બને છે. કેસરીનું રંગીન દ્રવ પાણીમાં થોડું પિગળે છે પણ ઇથર અને આલકોહલમાં તે એકદમ પિગળે છે. તિક્ષણ સલફ્યૂરિક ઍસિડમાં કેસરી નાખતાં તેનો બલુ રંગ બને છે, પણ તે હળવે હળવે લીલો બની કારમીજી રંગદાર બને છે. આલકલી અને તેના કાર્બોનેટના રસમાં એની ભૂકી તરત પિગળી લાલ રંગનો રસ બનેછે, અને તેમાં ઍસિડ નામતાં નારંગીયો રંગ પકડે છે.

કેસરીની ભૂકી ઘણી સસ્તી મળે છે, પણ તે રંગ આપવાના કામમાં ઘણી મોઘી પડે છે. કારણ કે આ ભૂકી જો ઘણી શુદ્ધ હોયછે ત્યારે તેમાં રંગનો ભાગ થોડો હોયછે. કેસરીની ભૂકી શુદ્ધ છે કે નહિ તે તપાસવા તેને સૂકી કરી બાળવી. જો હશે તો સેંકડે ૧૦ થી ૧૨ ભાગથી વધારે રાખ રહેશે નહિ. કેસરીનો રંગ ચળકતો હોઇ તેનીપર સાબુ અથવા ઍસિડની અસર થતી નથી, પણ હવા અને પ્રકાશમાં ઉઘાડું રાખતા તે ખરાબ થાયછે, પણ ઘણું કરી રંગની ઝાંખ બદલવા માટે એનો બહુ ઉપયોગ કરવામાં આવેછે.

કેસલ—પ્રશિયાનું એક મુખ્ય શેહેર. આગલા ઇલેક્ટોરેટ હેસીકેસટલનું પાયતખત છે, એની નજદીક ફુલડા નદી વહેછે. ફ્રાન્કફોર્ટ ઓન મેનની ઉત્તરે ઉત્તર પૂર્વમાં ૧૨૦ મૈલપર ને બર્લીનની પશ્ચિમે દક્ષિણ પશ્ચિમમાં ૨૩૩ મૈલપર છે, લોક વસ્તી ૧૮૭૫ માં ૫૩૦૪૩ ની ને ૧૮૯૦ માં ૭૨૪૭૭ ની હતી. પુરાણા શેહેરનો બાકી રહેલો ભાગ નદી કાંઠે સાંકડા રસ્તાવાલો છે, શેહેરમાં અતિ વિશાળ ચોક, મ્યુઝીઅમ, લાયબ્રેરી (૧૦૦૦૦૦ ગ્રંથો), હાલની કાયદાની મોટી કોર્ટ (૧૮૮૦ માં બંધાઈ છે.) વગેરે જોવા જોગ છે, કેસલમાં લોકોમોટિવ અને વરાળ યંત્રની ગાડીઓ, વિદ્યા દૂતર સંબંધી હથિઆરો, કપાસ, ખાંડ વગેરેના કારખાના છે.

કેસસ—એને વલ્કનના પુત્ર તરીકે ગ્રીક દંતકથામાં જણાવ્યો છે, એ લોકોને લુટી તેમના જનમાલને આગ લગાડી ફના કરતો હતો. તે કદે રાક્ષસ જેવો હતો, એક સમે એ હરકયુલિસના બળદો ચોરી ગયો તેથી હરકયુલિસે તેને પોતાના ગુરજથી છુંદી નાખ્યો હતો.

(૨) બીજી કથા મુજબ એજ નામનો એક સ્પેનદેશનો રાજા આગલા જમાનામાં પોતાની ક્રૂરતા માટે પ્રસિદ્ધતા પામી ગયો છે. તેણે બંદુકનો દારૂ અને અગ્નિઅસ્ત્ર શોધી કાઢયાં હતા તેથી તેને પણ વલ્કનના પુત્ર તરીકે જણાવવામાં આવેછે. એનેજ હરકયુલિસે પોતાના બળદ ચોરવા માટે મારી નાખ્યો હતો.

કેસાન્લીક—પૂર્વે રૂમિલીયાનું આ શેહેર બાલકન્સની તળેટીમાં શિપકાપાસના દક્ષિણ છેડાપર ૫ મૈલ ઉપર અને એદ્રીઆનોપલની ઉત્તર પશ્ચિમે ૮૭ મૈલપર છે. અતરે ગુલાબનું અત્તર બનાવવાના કારખાનાઓ છે. લોક વસ્તી ૨૦,૦૦૦ ની છે.

કેસીનિ—આ કુટુંબના વિદ્વાન શખ્સો ખગોળશાસ્ત્ર તથા ભૂગોળ વિદ્યાની શોધો માટે જાણીતા થઈ ગયા છે.

જોવાની ડોમિનિકો કેસિની નાઇસ પાસેના પરામાં ૮ મી જુને ૧૬૨૫ માં જન્મ થયો હતો. કેળવણી જીનોઆ અને બોલોગનમાં લઇ ૧૬૫૦ માં ખગોળશાસ્ત્રી તરીકે નેમાયો હતો. ૧૬૫૫ માં ધૂમકેતુ વિષે એક ગ્રંથ રચ્યો હતો. ૧૬૬૪-૬૫ માં એણે જ્યૂપિટરની ગતિનો કાળ સિદ્ધ કર્યો હતો. તે પછી એણે માર્કસ અને વિનસની ગતીનો કાળ નક્કી કરી શનિશ્ચરના ચાર ઉપગ્રહોને પણ શોધી કાઢયાં હતા. ૧૬૬૯ માં જ્યારે એ પેરિસ ગયો ત્યારે એને કોલબર્ટની જે નવી વેધશાળા બંધાઇ હતી તેનો અધ્યત્યાર લેવા અરજ કરવામાં આવી પણ એણે નાદરસ્ત તબીયતને લીધે તે માંગણી ના પાડી

હતી. મરણ ૧૪ મી સપ્ટેંબર ૧૭૧૨ માં નિપજ્યું.

જેકયૂસ કેસીનિ ઉપલાનો બેટો. જન્મ પેરિસમાં ૧૮ મી ફેબ્રુવારી ૧૬૭૭ માં થયો હતો. ૧૬૯૪ માં વિદ્યા દૂનરની એકેડમીના સભાસદ તરીકે નેમાયો હતો. એણે ઈટલી, હૉલંડ, ઈંગલંડ વગેરે દેશોમાં મુસાફરી કરી ન્યૂટન, હેલી, ફ્લેમસટેડ અને બીજા વિદ્વાનો સાથે ઓળખાણ કરી જ્ઞાન મેળવ્યું હતું. તેમજ એ 'રૉયલ સોસાયટી' ના સભાસદ તરીકે નેમાયો હતો. એના પિતાના મોતથી એ પેરિસની વેધશાળાનો વડો અધિકારી થયો હતો. મરણ ૧૬ મી એપ્રેલ ૧૭૫૬ માં નિપજ્યું.

સીઝર કેસીનિ એ ઉપલાનો પુત્ર. એણે ૧૭૧૪ થી ૧૭૮૪ વેર પોતાના પિતા સાથે સાહિત્યના વધારા પાછળ મેહેનત કરી હતી.

જેનડોમિન્યૂ કેમેટડી કેસીનિ. ઉપલાનો બેટો. જન્મ ૩૦ મી જુન ૧૭૪૮ માં થયો હતો. એ પોતાના વડવા પછી વેધશાળાનો મુખી થયો હતો. એના પિતાએ ફ્રાન્સનાં તમામ ભાગોનો જે નકાશો બનાવ્યો હતો તેને એણે ૧૭૯૩ માં સંપૂર્ણ કર્યો હતો. મરણ ૧૮ મી અકટોંબર ૧૮૪૫ માં નિપજ્યું.

કેસૉક—ખ્રિસ્તી પાદરીઓનો પેહેરવાનો તંગ ઝભ્ભો, આ ઝભ્ભો પગવેર ઝુલતો હોઈ સાધારણ રીતે સર્વે કાળા રંગના પેહેરે છે. આગળ હરકોઇ તે પેહેરી શકતા પણ હાલમાં ખ્રિસ્તીધર્મગુરૂ શિવાય કોઇ પેહેરતા નથી.

સર્વે પાદરીઓ કાળા રંગનાં કેસૉક પેહેરે છે, પણ બિશપ ખાસ સરઅવસરે નિલલોહિત યા નાફરમાની રંગનો પેહેરે છે. રોમન કેથેલિકમાં દરજ્જા મુજબ જૂદા જૂદા રંગના પેહેરે છે. પાદરીને માટે કાળો, બિશપને માટે નિલલોહિત, કાર્ડીનલ કીરમજી, ગુલબાર યા લાલ રંગનો પેહેરે છે અને માત્ર પોપને સફેદ ઝભ્ભો પેહેરવાનો અધિકાર છે.

કેસોજ—સાબીનદીના તિલેારી કાંટાને કાંઠે વંથળીની દક્ષિણે ૧૫ અને જુનાગઢની નૈઋત્યે ૨૫ મૈલપરનું કિલ્લેબંદીવાલું શેહેર. અસલમાં રાયજાદા જાગીરદારોની જાગીરી ગામ હતું. દગોજી રાયજાદાએ ઇ. સ. ૧૭૮૪–૮૬ માં બાંટવા પ્રગણાનાં ગામો લુટી એટલું તોફાન મચાવ્યું હતું કે બાંટવાના તાલુકદારો બાબી એદલખાન તથા મુખત્યારખાનને જુનાગઢના દિવાન રઘુનાથજીની મદદ માંગવી પડી હતી. રઘુનાથજીએ પોતાના ભાઇઓ દુલ્લભજી તથા રણછોડજીને મોકલ્યો. તેણે દગોજીને નમાવી તેની પાસથી દંડ લઇ બાંટવાની લુટ પાછી અપાવી. દગોજી લશકરને પગાર ન આપી શકવાથી 'કેસોજ'ને ૧,૦૦,૦૦૦ જામશાહી કોરીએ વેચી નાખ્યું હતું. લોક વસ્તી ૨,૭૦૦ ની છે.

કેળાં—આ ફળના ઝાડ ઉષ્ણ દેશમાં ઘણું કરી થાયછે. તે જેમ ઘણા પ્રાચીનકાળથી હિંદુસ્થાનમાં પેદા થાયછે તેમ અમેરિકાખંડ શોધી કાઢયા પેહેલાં તે ખંડમાંપણ તેનો પાક થતો હતો, એમ ત્યાં કરેલી શોધ ઉપર થી જણાયછે. બરમામાં કેળાંની ૩૦ જૂદી જૂદી જાતો છે, અને સીલોનમાં ૧૦ જાતો જાણીતી છે. કેળાંનો પાક ઘઉંના પાક કરતાં અતિ મોટો થાયછે, કેમકે ૧૬૦૭ ચોરસ ફીટ ઉત્તમ જમીનમાં કેળાનાં ઝાડ રોપ્યાં હોય તો તેમાંથી દર વર્ષે ૪૦૦૦ રતલ પૌષ્ટિક પદાર્થ ઉત્પન્ન થવાથી ૫૦ માનસો નિર્વાહ કરી શકેછે, ત્યારે તેટલીજ જમીનમાં રોપેલા ઘઉંથી માત્ર બે માનસો વર્ષ દહાડે પોતાનો નિર્વાહ કરી શકેછે.

હમબોલ્ટ નામે વિદ્વાન જણાવેછે કે અમેરિકામાં ૧૦૦૦ ચોરસવાર જમીન ઉપર કેળાંના ઝાડ રોપ્યા હોય તો તેના ઝાડ ૪૦૦૦ રતલ કેળાં આપશે અને તેટલીજ જમીન ઉપર પપેટા વાવિયા હોય તો માત્ર ૪૬૨ રતલ પપેટા અને ઘઉં વાવે તો ૩૮ રતલનો પાક ઉતરે.

બીજા વિદ્વાનોની ગણત્રી મુજબ ૨૨ એકર જમીન ઉપર જો કેળાંની ખેતી કરી હોય તો તેનાં ફળ ઉપર દરરોજ ૬૦૦૦ માણસોનું ગુજરાન થઇ શકે પણ જો ભાત રોપ્યું હોય તો માત્ર ૧૮૬, બાજરી વાવી હોય તો ૮૮ અને ઘઉં વાવ્યા હોય તો માત્ર ૪૨ માણસો પેટ પુરતું અન્ન મેળવી શકેછે.

દક્ષિણ અમેરિકામાં કેળાંને સુકવી તેનો લોટ બનાવી આરારૂટ જેવી કાંજી યા બિસકોટ બનાવવાના ઉપયોગમાં લે છે. ૧૦૦ ભાગ કેળાંમાથી ૨૭ ભાગ સુકો આટો નિકળે છે, અને કેળામાં સાકરનો અંશ રહેતો હોવાથી ૨૦ થી ૩૦ વર્ષવેર તે બગડયા વિના રહી શકે છે.

રસાયન શાસ્ત્ર આધારે એમ જણાવે છે કે સાધારણ જાતના કેળાના ૧૦૦ ભાગમાં નીચે જણાવ્યા પ્રમાણે જૂદા જૂદા પદાર્થો હોયછે.

પાણી	— ૧૪	સાકર	— ૨
સ્ટાર્ચ	— ૬૫½	તેલ	— ½
ગુંદર	— ૪	આલબ્યૂમિન	— ૪½
તંતૂ	— ૪½	રાખ	— ૪½

ઉપર મુજબ જોતાં કેળાના ૧૦૦ ભાગમાં ૨૭ ભાગ સગીન પદાર્થ હોયછે.

પપેટા અને ઘઉં કરતાં આ કેળા ઓછા પુષ્ટીકારક ગણાયછે અને તેની ખાશીયત ચોખાને મળતી છે. અમેરિકામાં આગળ કાચા કેળાંને સૂકવી તેનો આટો બનાવતા. આ આટામાં પાણીનો ભાગ હોવાથી બાનારૂનું પેટ પુલે છે. એક માણસને અમથા કેળાં ૬½ રતલ અને તેનો આટો બે રતલ ને બીજું મોટું ગોસ્ત રોજના ખોરાક માટે પુરતું ગણાય છે.

કેળાનાં ઝાડમાંથી ૧૨ માસે કેળાં ઉત્પન્ન થાય છે. કેળાંની એક લૂમ ૨૫ થી ૯૦ રતલ વજનની હોયછે. એક કેળનાં ખુંટામાંથી ૪ રતલ વજનનાં તંતૂ નિકળે છે, અને એક એકર જમીનમાં કેળાંની ખેતી કરી હોય તો તેમાંથી દર વર્ષે '૨૧૪' મણ તંતૂ નિકળે છે. આ તંતૂમાંથી કાગળ, કંતાન અથવા દોરી બની શકે છે. કેળ જણવા આગમજ તેના તંતૂ વધારે મજબૂત હોયછે.

ચીનાઓ કેળના નાહના ઝાડમાંથી કાગળ બનાવે છે. કેળનાં દાંડા કાપી તેમાંથી જે રસ નિકળે છે તેની 'માર્કિંગ ઈંક' બનેછે. કેટલાકો તેના ખૂટામાંથી કાઢવામાં આવતા રસને રંગ બનાવવાના ઉપયોગમાં લીયે છે.

ગોવા, કર્નાટક તથા વસાઇમાં કેળાંનો મોટો પાક થાયછે. વસાઇ પ્રાંતના આગાશી ગામમાં સુકા કેળાં બનાવવામાં આવેછે. ત્યાં કેળો જંગલમાં કુદરતી વર્સાદથી પાકે છે તેને વગડાઉ કેળ કહે છે. કાચા કેળાંની, કેળાનાં ફુલની અને ગાભાની ભાજી બનેછે. પાકેલાં કેળની ભાજી ઉત્તમ બને છે. કેળના યોગે હથિયારોને પાણી આપવામાં આવેછે. કેળના પાંદડાના દાંડાને બાળતાં તેમાંથી જે ખાર (ક્ષાર) ઉત્પન્ન થાયછે તેનો કોંકણમાં ધોબી લોકો સાબુને બદલે ઉપયોગ કરેછે. ગામડીયાઓ જખમ ઉપર કેળના અંદરના રસને મલમ તરીકે ઉપયોગમાં લેછે. પાકેલા કેળાં ખાવાના ઉપયોગમાં લઇ શકાયછે. વગડાઉ કેળાં કોઇ ખાતું નથી. તેના કાચા કેળાનું, ફુલેાનું, અને ગાભાનું શાક બનાવેછે અને પાંદડા પત્રાવળા તરીકે વપરાયછે. ગરીબ વનવાસીઓ આ જાતના કેળાના કંદનો આટો બનાવી તે ખાવાના ઉપયોગમાં લેછે. જવાના બેટામાં થતા જંગલી કેળના રસમાંથી લાખ બનાવેછે. એક ઝાડમાંથી આ જાતની લાખ પાંચ તોલા નિકળેછે.

કેળના ઝાડની ખેતી માટે સારી ફળદ્રુપ જમીન અને તેને ઉત્તમ પ્રકારની કેળ રેતાળ અને કાળી જમીનમાં ઉગેછે, પણ બેતરની જમીન સૌથી ઉત્તમ ગણાયછે. સમુદ્ર કિનારા પાસેની જમીનમાં ખાર હોયછે તેથી ત્યાં કેળ ઉત્તમ ઉગેછે. કેળની બેતી માટે ઉત્તમ ઋતુ માર્ચમાસથી ગણાયછે, પણ જે દેશમાં ભારે તાપ પડેછે ત્યાંતો વર્સાદની શરૂઆતની મોસમજ માફકસર થઇ પડેછે. જ્યાં કેળનો પાક કરવો હોય તે જમીનમાં હળ ફેરવી જમીન પોચી બનાવવી અને ત્યાં દસદસ ફીટને આંતરે સમાંતર લીટીમાં

એક ફીટ ઉંડો ત્રણ ફીટ પોહળો કિત્તો કરવો. પછી તે કિત્તામાં ૮ ફીટના અંતર પર ૩ ફીટ ઉંડા અને તેટલાજ વ્યાસના ખાડા ખણી તેમાં છાણ તથા રાખનું એ ટોપલા ખાતર નાખવું. ઉપર જણાવ્યા મુજબ ખાતર નાખી ખાડા બનાવ્યા પછી તેમાં દાટવાના સશકત જોરાવર પીલાં કાઢી તેના ઝીણાં મૂળીયાં ખોળવા, પછી તે પિલાં ઉપર જણાવ્યા પ્રમાણે બનાવેલા ખાડામાં ૧૧ થી ૧૫ ફીટ ઉંડાણમાં જાય તેમ પશ્ચિમ બાજુએ જરા ઢળતા દાટવા, અને તેના છેડા પરનો ભાગ–જ્હાના ફુટેલાં હોય તો નીચે સુમારે ૧૦ ઇંચ રાખી ઉપરનો ભાગ તીરક્સ કાપી નાખવો.

કેળ રોપ્યા પછી તેને તેજ દિવસે ભરપૂર પાણી પાવું પડેછે, પાંદડા ફુટતાં ચોથે યા પાંચમે દિવસે પાણી આપવું પડેછે. વસાહની મોસમમાં વટીક કેળના ખેતરને મોટ વડે પાણી પાવું પડેછે.

કેળના કિત્તામાં સોપારી, કાશી, નાગવેલ વગેરેની ઉત્તમ ખેતી કરી શકાય છે. કેળના પેહેલા પાક વેળા જ્યારે કેળ નાહની હોયછે ત્યારે તેની ખાલી જગ્યામાં સૂરણ, ભિંડા વગેરે ભાજી તરકારી વાવવામાં આવેછે, કેળના કિત્તામાં ઘાસ ઉગેછે તેને વારંવાર કાપી કાઢવું પડેછે, અને મહિને દોઢ મહિને કેળ આસપાસની જમીન ખણી ખુલ્લી કરવી પડેછે, ચાર મહિને આંતરે ખાતર તરીકે છાણ તથા રાખનો એક ટોપલો દર ઝાડ દીઠ નાખવો પડેછે.

કેળની બાજુમાં એટલે તેનાં ખુંટા પાસે ઘણાં પિલાં ફુટેછે, તેમાંના દરેક ખુંટા પાસે ત્રણ ત્રણ રાખી બાકીના સઘળાં પિલાં ઉગીયા બરાબર ખેંચી કાઢવા. કેળની લુંગરમાંના એક બે કેળાં પાકવા માંડતા તે લુમ ઝાડ ઉપરથી કાઢી સુક્કી ગરમ હવામાં ટાંગી રાખવી, કે તે તુરત પાકવા માંડેછે, કેટલાકો કેળના લુંગરો પેટીમાં બંધ કરી તેને આંચ આપેછે તેથી તે જલ્દી પાકપર ચઢેછે, પણ તેની રૂચી ઘટેછે, કેટલાક દેશમાં જલ્દી પાકવવા થકી લુંગરપર ચુનો ચોપડેછે.

કેળની અનેક જાતો છે, તેમાં કેટલાક કેળાં અંગોઠા જેવડાં નાહના હોયછે ત્યારે મોટામાં મોટા ૧૦ ઇંચ લાંબા હોયછે. ફીલીપાઇનના ટાપુમાં થતા કેળાં અતિ મોટાં હોયછે. મી૦ સિમાંડસ પોતાના ટ્રૉપિકલ ઍગરીકલચર ગ્રંથમાં લખે છે કે એવી જાતના એક બે કેળાં મનુષ્યના વજન જેવડાં થાયછે. તે કેળાંને ત્યાંના લોકો પપેટા પ્રમાણે ઉકાળી યા ભૂંજી ખાયછે.

કેટલાક કેળાં અંગોઠાના આકારના હોયછે ત્યારે કેટલાક તદન ગોળ હોયછે અને કેટલાક માત્ર ૩ ધારી હોયછે. કેટલીક જાતના કેળની છાલ પાતળી તો કોઇની જાડી તો કોઇની અતીશય જાડી હોયછે. કેટલાક જાતના કેળાની છાલ પાકીયા પછી લાલ, લીલી યા નારંગીયા યા ખાકી રંગની બને છે.

કેટલાક કેળનો ગર સફેદ ને કોઇ રતાસપર હોયછે. કેળમાં જે બિયાં હોયછે તે અતિ સૂક્ષમ હોયછે તેથી તે જણાતા નથી. કેટલાક કેળામાં કાળા ઝીણા રંગના બિયાં જણાયછે. જંગલી કેળામાં મોટા બિયાં કપાસિયા જેવડાં હોયછે પણ કામ્બોડિયાના દક્ષિણમાં આવેલા 'પુલોઆ'માં ઉગતા જંગલી કેળામાંથી સીતાફળના ઠળીયા જેવાં બિયાં નિકળે છે.

અમેરિકામાં કેળાનો રમ દારૂ બને છે. આ દારૂ બનાવવા માટે પેહેલાં અતિ પાકેલા કેળાંની છાલ છોલી નાખી તેને એક મોટા વાસણમાં એકપર એક રચી ચારપાંચ દિવસ વેર રાખી મુકેછે. પછી તેમાંથી જે પાતળો પ્રવાહિ ગળી પડે છે તેને બાટલીમાં ભરી લે છે તેજ રમ દારૂ બને છે. કેળાનો સરકો ઉત્તમ પ્રકારનો બને છે. આ સરકો બનાવવા માટે એક ઉઘાડા મોઢાનું પીપ લઇ તે પર નેતરની ટોપલી રાખેછે, અને તેમાં પાકેલા

કેળાં ભરેછે પછી તેમાંથી જે રસ ટપકે છે તેનો સરકો બને છે.

દક્ષિણ અમેરિકામાં કેળાના આટાની આરારૂટ જેવી કાંજી બનાવે છે. કેળાનો આટો આરારૂટ કરતાં વધારે મોઘો વેચાતો હોવાથી એનો વેપાર મોટો ચાલતો નથી તોય તેનો મોટો ખપ યૂરપમાં થાય છે.

કાણા જીલ્લા માહેલા વસાઇ તાલુકામાં રાન્નળુ નામે કેળાં થાયછે. તેને સૂકવી સૂકાં કેળાં બનાવવામાં આવેછે, આ જાતની કેળ ૧૫ થી ૨૦ ફીટ ઉંચી વધે છે, તેથી પવનના સપાટામાંથી બચાવવા તેને લાકડાના ટેકા આપવા પડેછે. આ જાતના કેળાંના ઝાડ દરિયા કિનારે રેતાળ જમીનમાં ઉત્તમ પ્રકારનાં ઉગેછે. આ જાતની જમીન હળવડે ખેડી તૈયાર કર્યા પછી તેમાં સુમારે ૭ થી ૮ ફીટ આંતરે હારેદોર કેળ રોપવામાં આવે છે. એક એકર જમીનમાં ૯૦૦ ઝાડ રોપી શકાય છે, આ જાતની કેળ માટે ત્યાં દર એકરે ૩૯ હંડરવેટ ખાતર નાખવામાં આવે છે. આ કેળપર આશ્વિન અને કાર્તીકમાં કેળાં આવેછે. આ જાતના કેળાનું લુંગર પાકતાં તેને ઉતારી તેના ફણગા ટોપલીમાં ૬ થી ૭ દિવસ સુધી બાફવા ઢાંકી મુકેછે, પછી તે કેળાં ઉપરની છાલ કાઢી નાખી તેને સમુદ્ર કાંઠે આખો દિવસ સાદડીઓપર સુકવવા મુકેછે, અને રાત્રે તેની ઉપર ઘીનો હાથ ફેરવી ઘેરમાં ઢાંકી મેળે છે.

આ મુજબ ૭ થી ૮ દિવસવેર ક્રિયા કીધા પછી સૂકાં કેળાં તૈયાર થાયછે. આ રીતે બનાવેલાં સૂકા કેળાં ૬ માસ વેર બિગડયાવિના રહી શકેછે. આ સુકાં કેળાં વસાઇ તાલુકાના આગાશી, વટાર, વાઘેલી, કોપરડ, રાજોડી અને મુરદસમાંજ બને છે. ફકત આગાશી ગામના 'કોશી'ઓ દર વર્ષે આ જાતનાં સુકા કેળાં ૩ ૩૦૦૦૦ ના પરદેશ ખાતે રવાના કરેછે અને દર વર્ષે ૧૪૦૦૦ મણ ત્યાં સુકા કેળાં બનાવવામાં આવે છે.

કેળાં તથા તેના ફળ ઔષધિ ઉપચારમાં અતિ ઉપયોગી ગણાય છે. હડકાયલા કુતરાના ઝેર ઉપર પાકેલા વગડાઉ કેળાનો બી ખાવા આપવાં અને દંશ ઉપર પણ વાટી ચોપડવા. સોમલનું ઝેર ચઢયા પછી કેળના સોપાનો રસ પા શેર પાયાથી ઝેર ઉતરે છે. ધાતુવિકાર ઉપર પાકેલું કેળું અર્ધા તોલા ઘી સાથે દરરોજ સહવારે અને સાંહજે ૭ થી ૮ દિવસ ખાધાથી ઘણો ફેર પડેછે. આ ઔષધિથી કોઇને થંડી લાગે તો તેમાં મધના ટીપાં નાખી ઔષધ પિવા આપે છે.

ઇંગલંડમાં ઇ. સ. ૧૮૬૧ આગમજ આ એક નવાઇનું ફળ ગણાતું હતું. ઇંગલંડમાં કેળાંનો મોટો ભાગ 'કેનેરી' તથા વેસ્તઇંદીઝના ટાપુમાંથી જાયછે. ઇંગલંડમાં કેળાના ઝાડ કાચના ઘરમાં ઉગાડવામાં આવેછે. 'કયૂ' અને 'ચેરટર' ખાતે એના ઝાડો ઉગાડવાનાં મોટાં મોટાં મકાનો બાંધવામાં આવ્યાં છે.

સરહેન્રિ પીકે ઇ. સ. ૧૮૭૭ માં ઇંગલંડ મધે પેહેલ વેહેલી ઉગાડેલી કેળની એક લુંગર જાહેરમાં દેખાડી હતી કે જેનું વજન ૬૮ રતલનું હતું. ૧૮૬૪ માં લુવર્ટર શેહેરમાં ૮૦ થી ૧૦૦ રતલનું લુંગર ધરાવનાર બે ચીનાઇ ઝાડો જણાયા હતા.

દુનિયાંની વસ્તીનો મોટો ભાગ કેળાં ઉપર આધાર રાખેછે, જો કે તે બાબતમાં ચોખા તેનાથી સેહેજ ચઢતી પદ્વિ ધરાવે છે.

કયૂબા, કવિન્સલેંડ, અને સૈાથસીનાં ટાપુઓમાં મોટે ભાગે કેળાની ખેતી કરવામાં આવે છે, અને વેસ્તઇંડીજમાં ૧૮૮૫ થી શેરડીને બદલે એનીજ ખેતી મોટા પાયાપર કરવામાં આવેછે.

અમેરિકાનાં યૂનાઇટેડસ્ટેટમાં કેળાં લઇ આવવા સારૂં ૨૬ સ્ટીમરોનો એક કાફલો રોકવામાં આવેલો છે કે, જે કયૂબા અને બાહામાના ટાપુમાંથી યૂનાઇટેડસ્ટેટમાં ચોંહચાડે છે.

કૈકાઉસ—(જુઓ કયકાઉસ)

કૈકયી—ધર્મ કથા મુજબ સૂર્યવંશી દશરથ રાજાની મુખ્ય ત્રણ સ્ત્રીઓમાંની ત્રીજી. એ કેકય દેશના અશ્વપતિ રાજાની કન્યા હતી. એ બાળક હતી ત્યારે એના બાપને ઘરે કોઈ ઋષિ રહેતો હતો, ને એની મા નિત્ય તેની પૂંજા કરીને જમતી. એક દિવસે એની માને બહાર જવું પડયું તેથી પૂંજા કરવાનું કામ એને સોંપી ગઇ, તે પૂંજા કરવા ગઈ ત્યારે એણે ઋષિને સમાધિસ્ત જોયા. પછી મશકેરીમાં તેને મોહડે મેસ ચોળીને કૈકેયીએ હસવા માંડયું. ઋષિએ તેને શ્રાપ દીધો કે તને સર્વ જન ધિક્કારશે, એ વાત એની માતાએ જાણી એટલે ઋષિ પાસે ક્ષમા માગી ઉપશાપ આપવાની વિનંતી કરી ત્યારે ઋષિએ કહ્યું કે એને એક પ્રસંગે ઘણો યશ મળશે.

પછી જ્યારે એક વેળા દશરથ ઇંદ્રના તેડાવ્યા ઉપરથી શુક્રાચાર્ય જોડે યૂદ્ધ કરવા ઇંદ્ર પુરી જવા નિકળ્યો હતો ત્યારે કૈકેયી ઘણો આગ્રહ કરી યૂદ્ધ જોવાને પતિ સાથે ગઇ. યૂદ્ધમાં દશારથના રથનો આંક ભાગી પડયો તે સમયે કૈકેયીએ નીચે ઉતરીને યૂદ્ધ પુરૂં થયું ત્યાંસુધી પોતાનો એક હાથ આંકને બદલે રથમાં ભેરવી રાખ્યો હતો. આ સાહાસ દશરથે જોઇ તેના ઘણા વખાણ કર્યા ને ઇંદ્ર આદી દેવો આશ્ચર્ય પામી કહેવા લાગ્યા કે આજે કૈકેયી વડેજ આપણને જય મળ્યો છે. દશરથે પ્રસન્ન થઇને કહ્યું કે "તેં મને જીવાડયો છે માટે ઇચ્છામાં આવે તેવા બે વર માંગ. કૈકેયીએ એ વેળા માંગ્યું નહિ પણ માંગે ત્યારે બે વર આપવાનું દશરથ પાસે વચન લીધું. પછી જ્યારે શ્રીરામચંદ્રને ગાદીએ બેસાડવાનો દશરથે ઠેરાવ કર્યો ત્યારે કૈકેયીએ પોતાની દાસીના સમજાવ્યાથી રાજા પાસે બે વર માગ્યા કે "રામને ચૌદવરસ વનવાસ મોકલીને ભરતને ગાદીએ બેસાડવો.' એ મુજબ દશરથે વચન પાલ્યું હતુ પણ નશીબના લેખ ઓર હોવાથી સેવટે રામનેજ ગાદી મળી હતી. (જુઓ શ્રી રામચંદ્રજી)

(૨) મત્સ્ય પતિ વિરાટ રાજાની સ્ત્રી સૂદેષ્ણા, તે કૈકયાધિ પતિની કન્યા તેથી એને કૈકેયીનું બીજુ નામ મલ્યું. એ ઉપરથી એનો ભાઇ કીચક કૈકેય હતો.

કૈકેયાદ્ર—(જુઓ કય કેાયાદ)

કૈખરારૂ.—(જુઓ કય કખશરૂ)

કૈલાસ—(૧) શિવ લોક. એ સત્ય લોકમાં અંતર્ભુત સમજવો, કેમકે વેદમાં એનું પૃથક નામ નથી.

(૨) કૈલાસ હિમાલયની ઉત્તરે છે. ત્યાં નંદિકેશ્વર તથા બીજા ગણો રહેછે. દેવતાનો ખજાનચી કુબેર પણ ત્યાંજ છે.

કોઇપિસ—આ વિચિત્ર પ્રાણી 'ઓર્નિથોરાસ એરીસ તથા દક્ષિણ અમેરિકાનું વતની હોઈ બીવરને મળતું આવેછે. તે નદી કિનારે કોતરો કરી તેમાં વસે છે. એની માંદા એકી વેળા પાંચથી સાત બચ્ચાંનો જન્મ આપેછે. એનું શરીર બે જાતના બાલથી અછાદિત થએલું હોયછે. એક પડ ઝીણા ગીચ ઉગેલા રૂવાંતુ અંદરનું પડ હોઇ તેની ઉપર પાસે લાંબા, ચળકતા અને ઉંચા બદામી રંગનું એક પડ હોયછે, તે પાણીમાં રહેતું હોવા છતાં તે ભિનાઇ જતું નથી. એનું માથું ઉંદરને મળતું પણ બેહું હોયછે ને આંખો નાહની હોયછે. એના કાન ગોળ હોયછે. મી૦ બ્રોરીકૃત પ્રાણીવિદ્યાના ગ્રંથ મુજબ 'આ પ્રાણીના થેબિયા લાંબા અને તારના જેવાં, કરડવાનાં દાંત લાંબા મજબૂત અને નારંગીયા રંગના હોયછે. ઉપરના કરડવાના દાંતોની પાછળ એક બાલવાળું જડબું હોયછે જે એવું દેખાય છે કે જાણે પેલા દાંત ઉપરના હોઠમાં ભોકાઈ ગયાં હોય. એ જડબાં ઉપર બાલ હોયછે, તેનું કારણ એ કે હમેશાં એ પ્રાણી કઠણ છાલ યા સખત લાકડાં ઉપર પોતાનાં દાંતનો ઉપયોગ કરે છે, તેથી એનું જડબું ઇજા નહિ પામે તેવું બનેલું હોયછે. એના પગના આગળાં પાંચ હોઇ તેને મજબૂત

નખો હોયછે. પાછલા પગ મોટા અને પંથરાઇ ગયલાં હોયછે, ને ખુલ્લા અંગુઠા શિવાય બધાં આંગળાં ચામડાનાં પગથી વળગી ગએલાં હોયછે. પુછડી લાંબી, ગોળ ભિંગડાવાલી અને કઠણ બાલના પાતળાં પડથી ઢંકાયલી હોયછે, એ જાતે નરમ અને નિર્દોશ હોયછે. એ પાળી શકાય તેવું હોઇ એને સતાવનારપર એ કદી વેર લેતું નથી અને કદી અવાજ કાઢતું નથી, પણ દુઃખ થતાં તિણો સાદ કાઢે છે. દેખાવમાં તે સૂસ્ત અને ધીમી ચાલવાલું હોયછે.

કોઇપસનું ચામડું વેપારમાં અગત્ય ધરાવે છે અને તેની ટોપી વગેરે ચીજો બનાવવામાં આવેછે.

કોઇમ્બતૂર—મદ્રાસ ઇલાકાને લગતો દેશ. એની ઉત્તરે અને ઉત્તર પશ્ચિમે માઇસોરનું દેશી રાજ્ય, ઉત્તર પૂર્વે સેલમ તથા બ્રિટીશ જીલ્લો, પૂર્વે સેલમ અને ત્રીચનાપલ્લી, દક્ષિણ પૂર્વે મદુરાનો જીલ્લો, દક્ષિણે મદુરા અને ત્રાવનકોરનું રાજ્ય અને પશ્ચિમે મલબાર પ્રાંત તથા કોચીનનું રાજ્ય. એનું ક્ષેત્રફળ ૮૨૮૦ ચોરસ મૈલ છે. એની ભૂમિનો મુખ્ય ભાગ સપાટ છે પણ પશ્ચિમ તરફનો ઘાટોથી ઉંચો બનેલો છે. આ ભાગની સરાસરી સમુદ્ર સપાટીથી ૮૦૦ થી ૯૦૦ ફીટની ઉંચાઇ અંકાઇ છે. એનો ઉત્તર ભાગ ગુચવણુ ભર્યા પર્વતોની હારોથી ભરપૂર હોઇ તે તરફ માયસોરનો ઉંચ સપાટ પ્રદેશ આવેલો છે, દક્ષિણે ઉરગીરિ તથા એનીમલીના પર્વતો આવેલાં છે. આ પ્રાંતની મુખ્ય નદીઓમાં કાવેરી, ભવાની, નૉયલ અને ઉમરાવતી છે. તે શિવાય નાહના મોટાં અનેક નાળાંઓ દેશમાં વહે છે, પણ તે ઉનાળામાં તદ્દન સુકાઇ જાયછે.

આ તરફની હવા સાધારણ થંડી તથા ગરમ છે, તેથી આબોહવા માફક સરની ગણાયછે; તથા હિંદીમહાસાગરનો થંડો પવન પાલઘાટની બીણોમાંથી સર્વત્ર પસરે છે. વર્સાદ ઉત્તર પૂર્વે ભણીથી વર્સે છે અને નવેંબરની શરૂઆતથી ડીસેંબર વેર પૂર જોરમાં હોય છે, તે વેળા નદી નાળાં અને તલાવો પાણીથી ભરપૂર બનેછે. વર્સાદ પુરો થતાં ૬ અઠવાડીયાં પછી ત્યાંની થંડીની બે ઋતુ બેસેછે. આ ઋતુ ઘણી દીલખુશ હોઈ ઉત્તર પૂર્વેનો પવન ઘણો સુખદાયક ગણાય છે. જાનેવારીમાં બપોરના થરમામિટરનો પારો ૬૨° થી ૮૦° અથવા ૮૨° ડીગ્રીવેર હોય છે. માર્ચની આખેરીમાં પૂર્વનો પવન બંધપડી દક્ષિણ અને દક્ષિણ પૂર્વનો તુફાની પવન વાયછે તે મે સુધી ચાલુ વાયા કરે છે. એપ્રેલમાં ગર્મી પડવા માંડે છે ત્યારે ઉષ્ણુતા માપક યંત્રમાં પારો ૭૦° થી ૮૩° વેર ચઢે છે અને કોઇવેળા ૭૬° થી પણ ઓછો થાયછે.

આ દેશમાં આવેલી બનીજ પદાર્થોની બાણોમાં લોઢું, નીલમ, લસણીયો, પીરોજ, સુરોબાર વગેરે પુશકળ જડે છે.

આ દેશના પહાડી ભાગમાં હાથીઓના ટોળે ટોળાં વસે છે અને ત્યાં તેમનો નાશ શેકારીઓ મોટી સંખ્યામાં કરેછે. ઇ. સ. ૧૮૪૩ માં શેકારીઓએ ૭૦૦ થી ૮૦૦ હાથી માર્યા હતા, તે તરફ હાથીઓના દંતશૂળનો મોટો વેપાર ચાલે છે. ઉત્તમ પ્રકારની– એક દંતશૂળની જોડના ૮ થી ૯ પૌંડ અને નાહના કદની જોડના ૪ થી ૬ પૌંડ કિંમત ઉપજે છે. આ દેશના જંગલોમાં ઈમારતી લાકડાંના પુશકળ વૃક્ષો છે, શેરડી, રૂ વગેરેનો પાક ઉત્તમ થાય છે. અતરેથી કપાસ ત્રીચનાપલ્લી, માયસોર, મલબાર, વગેરે દેશોમાં રવાના થાયછે. વળી આ ભાગમાં તંબાકુની મોટી બેતી કરવામાં આવે છે. ચંદનના વૃક્ષો કોઇમ્બતૂરના જંગલમાં પુશકળ જડેછે અને તેનો વેપાર પરદેશ સાથે બોહોળા પાયાપર ચાલે છે.

કોઇમ્બતૂર પ્રાંતમાં ૧૧,૫૩,૮૬૨ ની લોક વસ્તી છે, લોકની ભાષા તામીલ સર્વત્ર બોલાયછે. કોઇમ્બતૂરના મુખ્ય ભાગ પાલઘાટ અને ધરમપૂર છે.

કોઇમ્બતૂર—એજ નામના બ્રિટીશ પ્રાંતના મુખ્ય શેહેરનું નામ છે. આ શેહેર નોયલ નદીના ડાબા કાંઠાપર આવેલું છે. આ શેહેર કાવેરીથી ફળદ્રુપ બનેલા સુખાકારી ભાગ ઉપર આવેલું હોઈ તેની પાસે નિલગીરિના પર્વતોની હારો લંબાયલીછે, ત્યાંના રસ્તા પોહળા અને પાકા બાંધણીના છે, યૂરોપીયનોને રેહવાનું મથક પૂર્વ ભણી શેહેરથી વેગળું છે. સરકાર તેમજ પ્રજા તરફથી કેળવણી ખાતાને સારૂં ઉત્તેજન મળતું હોવાથી ત્યાંની નિશાળોમાં ઇંગ્રેજી તેમજ દેશી ભાષાનું જ્ઞાન આપવામાં આવે છે. જીલ્લા ખાતાનું મુખ્ય જેલ શેહેરના દક્ષિણ પૂર્વે બાંધેલું છે. આ જેલ ચોરસ બાંધણીનું હોઇ તેમાં એકી વેળા ૨૭૫ કેદીઓને રાખી શકાયછે. દેશી લશકરની એક ખાસ પલટણની અત્રે છાવણી છે. દક્ષિણ તરફ આવેલો ગંજાવર તલાવ છે કે જે ૩ મૈલ લાંબોછે.

હૈદરઅલીના સમયમાં આ શેહેરમાં ૪૦૦૦ મકાનો હતા પણ તે પછી માયસોરની બ્રિટીશ લઢાઇથી આ ગામ નાશ પામ્યું છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૩૮૯૬૭ ની ને ૧૮૯૧ માં ૪૬૩૮૩ ની હતી. મદ્રાસથી એપૂરની રેલ્વે ખુદ કોઇમ્બતૂરમાંથી પસાર થાયછે, સમુદ્રની સપાટીથી શેહેર ૧૪૮૩ ફીટપર છે, કલીકટની પૂર્વે ૮૦ મૈલપર, માંગલોરની દક્ષિણ પૂર્વે ૧૯૬ મૈલપર, મુંબઇની દક્ષિણ પૂર્વે ૬૦૦ મૈલપર, શ્રિરંગાપટણની દક્ષિણે ૧૦૦ મૈલપર અને મદ્રાસની દક્ષિણ પશ્ચિમે ૨૬૮ મૈલપરછે.

કોઇમ્બ્રા—બ્રિરાના પોર્ટુગીજ પ્રાંતનું આ મુખ્ય શેહેર લીસબનની ઉત્તરે ઉત્તર પૂર્વમાં રેલ માર્ગે ૧૩૫ મૈલપર છે. ૧૧૩૯ પછી આ શેહેર પોર્ટુગીજ રાજ્યનું ૨૫૦ વર્ષવેર પાયતખત હતું. અતરે એ ખ્રિસ્તી દેવળો, અને યૂનિવરસિટી છે કે જેમાં ૭૦૦ વિદ્યાર્થિ ઓ ભણે છે. યૂનિવરસિટી પ્રથમ ૧૨૮૮ માં લીસબનમાં સ્થાપન થઇ પણ ૧૫૩૭ થી કોઇમ્બ્રામાં આવી છે. લોક વસ્તી ૧૩૩૬૯ ની છે.

કોક—ખનીજ કોલસાને લંબોચા લોખંડના વાસણમાં નાખીને તેનું મોહું બંધકરી આંચ આપી તે માહેલા ચળકતા તત્વો એક છિદ્ર દ્વારે કાઢી નાખતા તેમાંનો વાયૂરૂપી પદાર્થ ઉડી જઇ પાત્રમાં કાર્બોનનો ઘણો અંશ રહેછે તેને કોક કહેછે. સારો અને ભારી કોલસો હોય તો તેમાંથી સેંકડે ૭૦ ભાગ કોક મળેછે. બાળવાના કામમાં કોક ખનીજ કોલસા કરતાં ઘણો ઉત્તમ હોય છે. એના બળતણથી અત્યંત ઉષ્ણતા ઉત્પન્ન થઈ ધૂમાડો નિકળતો નથી, અને આંથ્રેસાઈટ જેવો ભૂકો થઇ ભઠ્ઠીના મોઢાપર ભરાતો નથી. ગ્યાસના કારખાનામાં ધૂમાડો બળતણ કરવા માટે લીધા પછી બાકી જે શેષ રહેછે તે કોક હોય છે. ગ્યાસના કારખાનામાં કોલસાને 'રિટૉર્ત' નામના યંત્રમા મુકીને તે યંત્રોની બહાર દેવતા સળગાવી તેઓને લાલચોળ ગરમ કરવામાં આવે છે, જેના પરિણામમાં કોલસામાંથી કોલતાર તેલ વગેરે બળીને છુટાં પડેછે, અને રિટૉર્તમાં ગૅસ કૉક નામનો ભુજેલો કોલસો રહી જાયછે. કોકની સ્પેસિફક ગ્રેવ્હિટી પાણીની સ્પેસિક ગ્રેવ્હિટીની બરાબર અથવા લગભગ તેટલીજ હોય છે, એનો ઉપયોગ એક પ્રકારની ભેટરીમાં કરવામાં આવે છે.

ડૉ૦ કૉક—આ પ્રસિદ્ધ ડૉ૦ રૉબર્ટ કૉકનો જન્મ જર્મનીમાં હોનોવર રાજ્યના કેલાસ્થલમાં ૧૮૪૩ માં થયો હતો. એણે ગોટીનગનની યૂનિવર સિટીમાં ૧૮૬૫ વેર અભ્યાસ કર્યો હતો. વૈદકને લગતી પરિક્ષા પસાર કર્યા પછી હેમબર્ગની ઑસપીટલના મદદનિશ તબીબ તરીકે નેમાયો અને તે પછી ૧૮૭૨ માં વોલસ્ટીન નામે ગામમાં બદલી થઇ હતી. ત્યાં એણે પોતાની શોધખોળ ચલાવવાની તક હાથ ધરી ઓગણીસમી સદીની શરૂઆતમાં યૂરપના ખેડુતો પોતાના ઢોરોને તલ્લીનો તાવ લાગુ પડવા માટે હમેશાં ભય રાખતા હતા કે જે તાવ ૪૬ જીવ્હપ્તમાં એકવાર મર્કી રૂપે ફાટી નિકળ્યો હતો. આ તાવ અતિશય

જેરી હોવાથી તેના કારણ વિષે તે વખતના તબીબોએ અનેક અટકળ ચલાવી હતી પણ ૧૮૪૮ માં ડૉ૦ ડીવેને આ દર્દથી પીડાતા ઢોરોનાં લોહીમાંથી એક ઝીણો જંતૂ શોધી કાઢ્યો હતો, જે તેના જણાવવા મુજબ એ રોગનું મૂળ હતું, પણ તે એ વાત પૂરવાર કરી શકયો નહિ, પણ ડૉ૦ કૉકે તેપર અખતરા કરી તે શોધમાં સંપૂર્ણ ફત્તેહ મેળવી. ઉપલી શોધ કીધા પછી પાઠાનાં રોગ વિષેનો પોતાનો નિબંધ બાહેર પાડયો. ૧૮૮૦ માં એણે બોન શેહેરમાં પ્રોફેસર રીન્કેનબર્ગના મદદનીશ તરીકે જગા મેળવી. ૧૮૮૨ માં ખઇ રોગ ઉત્પન્ન કરનારા જંતૂની પોતે કરેલી શોધ જાહેર કરી દુનિયામાં મોટી પ્રસિદ્ધતા મેળવી. ૧૮૮૩ માં યૂરપના પૂર્વ ભાગમાં કોલેરાએ નવેસરથી દેખાવ આપ્યો અને ત્યાંથી તે ઇજીપ્તમાં ફેલાઇ ગયો. જર્મન સરકારે આ રોગના સંબંધમાં શોધખોળ ચલાવવાને ડૉ૦ કૉકના પ્રમુખપણા તળે એક કમીશન મોકલ્યું હતું, પણ તેઓ અનુમાનપર આવે તે આગમજ કોલેરા નાબુદ થયો. આથી નાહિમ્મત ન થતાં એ રોગ વિષે વધુ શોધખોળ ચલાવાને ડૉ૦ કૉક હિંદુસ્થાન આવ્યો અને અહિં એ રોગ ઉત્પન્ન કરનારો "કોમા"ને નામે ઓળખાતા 'અલ્પ વિરામ' ચિન્હને મળતો જંતૂ શોધી કાઢવામાં ફત્તેહ મેળવી. તેથી આ શોધને માટે જર્મન સરકારે એને બર્લિન યૂનિવ્હરસિટીના ડાઇજીન અને એકટ્રીયાલૉજીનો પ્રોફેસર નેમ્યો. ત્યાં એણે ખઇ રોગનો ઉપાય શોધી કાઢવાનું કામ આરંભ્યું અને તે ૪ વર્ષની મેહેનત બાદ ૧૮૯૦ માં બર્લિનમાં તબીબોની કૉંગ્રેસમાં જાહેર કર્યું હતું. પણ હજી તે શોધ અધુરી છે છતાં એની દવા તરીકે ૧૮૯૭ માં એક શોધ કરી O અને R ને નામે ઓળખાતી દવા બનાવી હતી. આ બેમાંથી R દવા રોગને જન્મ આપનાર જંતુ સામે નક્કી બચાવ કરે છે અને તેથી જંતૂ કશી અસર કરી શકતું નથી. આ નવી દવા સુઇઆ વડે ચામડીની અંદરથી પ્રથમ નાહના પ્રમાણમાં દાખલ કરવામાં આવેછે, અને ધીરે ધીરે તેનું પ્રમાણ વધારવામાં આવેછે. ૧૮૯૭ માં મુંબઈમાં ફેલાયલી બ્યૂબોનીક મર્કીના મૂળની શોધ માટે ડૉ૦ કૉક તે તરફ ખાસ ગયો હતો.

કોકચેફર—અથવા મે-બીટલ. આ નાહનું પ્રાણી ઈંગલંડ તથા ફ્રાન્સમાં ટોળેટોળાં થઇ વસે છે. આ પ્રાણીને પાંખ આવ્યા પેહેલાં તે કીડાના આકારમાં ઝાડ તળે ફરતા રહી મૂળીયાં ખાઇ ઝાડ તથા ખેતીને મોટું નુકસાન પોંહચાડે છે, પણ પાંખ આવ્યા પછી ગમે તે ઝાડપર બેસી તેના સર્વ પાંદડા કોતરી નાખી નૂકસાન પોંહચાડે છે. ઇંગલંડમાં આ પ્રાણીનો ઉપદ્રવ ઝાઝો નથી પણ ફ્રાન્સમાં તેના ટોળેટોળાં ઉભાઈ જતા હોવાથી ત્યાં તેનો મોટા પાયાપર નાશ કરવામાં આવેછે. જ્યારે તેમનો નાશ કરવાનો હોયછે ત્યારે કેટલાક જીલ્લાઓની નિશાળો રાબેતા કરતાં એક કલાક મોડી ઉઘાડવામાં આવેછે કે જેથી નિશાળીઆઓને પણ તેમના શેકારમાં ભાગ લેવાનો અવકાશ મળે છે. આ કીડા એપ્રેલમાં જણાવા માંડી જુન માસમાં તેના ટોળેટોળાં ઉભાઇ જાયછે. ઇ. સ. ૧૮૯૫ માં ફ્રાન્સમાં 'મોઝ' જીલ્લાનાં ૫૧ ગામડાઓમાંથી ૩૪ ટન જેટલા કોકચેફરનો નાશ કરવામાં આવ્યો હતો. ૧૮૯૨ માં ૧૨૪ ગામડામાંથી ૧૨૦ ટન જેટલાંનો ઘાણ કાઢવામાં આવ્યો હતો. એક રતલ કોકચેફર દીઠ ગામડીયાઓને અર્ધી પેની ઇનામમાં મળે છે. આ મુવેલા કોકચેફરને કળીચુનામાં મિશ્ર કરી તેનું ઉત્તમ ખાતર બનાવી ખેતીવાડીના ઉપયોગમાં લેવાય છે.

કોકણ પ્રાંત—સહ્યાદ્રિથી મહારાષ્ટ્ર દેશના બે ભાગ થએલાછે. તેમાંના પશ્ચિમ ભણીના ભાગને કોકણ તરીકે ઓળખવામાં આવેછે. પ્રાચીન હિંદુ ધર્મ ગ્રંથમાં પણ આ દેશ કોકણનેજ નામે પ્રસિદ્ધ છે. આ દેશનાં મૂળના રહેનારાઓને 'કોંકર્ણ' અથવા 'કોકણસ્થ' એ નામ નહિ હોવાથી, અને 'કુક્રોણ પ્રાંત'

બીજે કેથે જણાયલો ન હોવાથી પ્રાચીન 'કુકોણ દેશ' તેજ પ્રાચીન કોંકણ પ્રાંત હોવો જોઇએ. આ કોંકણ પ્રાંત 'શૂર્પારક દેશ' ને નામે પણ ઓળખાય છે. પરશુરામ અવતારના સંબંધથી શૂર્પારક એ નામનો ઉલ્લેખ ભારત સભાપર્વમાં અનેક ઠેકાણે કરેલો છે. સહદેવના વિજય વર્ણનમાં જણાવવામાં આવે છે કે શૂર્પારક દેશ પશ્ચિમ કિનારાની પાસે સમુદ્ર કિનારે જણાયો હતો. તે ઉપરથી તે કોંકણ દેશજ હોય એમ જણાય છે. આ પરશુરામ ક્ષેત્રના તે વેળા ૭ પેટા ભાગ ગણવામાં આવતા તેમાં કેટલાકને ગ્રીક લોકો 'લિમિરિકા' કહેતા હતા. જમદગ્નીરામે ક્ષત્રી વિનાની ભૂમિ બનાવી તે કશ્યપને આપી અને ફરી કોઇ પણ ક્ષત્રી મળતાં તેને તતકાળ મારી નાખવો એવો ક્રમ શરૂ કીધો. ત્યારે કશ્યપ ઋષિએ પરશુરામને કહ્યું કે દાન આપેલા ભારત વર્ષમાંથી હવે તું નિકળી જા. તે ઉપરથી સમુદ્રે તેને આ પ્રાંત (કોંકણ યા શૂર્પારક) જૂદો પાડી આપ્યો જેથી તે ત્યાં જઇ રહ્યો હતો. સમુદ્રથી વેગળા પડેલા આ નવા પ્રાંતનો આકાર શૂર્પ યાને સુપડાં જેવો ઘણે ભાગે મળતો આવેછે તેથી તેનું નામ 'શૂર્પારક' પડ્યું.

ચીનાઇ મુસાફર હ્યુએન જણાવે છે કે દ્રવિડ દેશ છોડ્યા પછી વાયવ્ય દિશા તરફ જતાં સમુદ્ર કાંઠે કોંકિનપૂર (Kong–Kien–pulo=કોંકિના—પુલો=કોંકણપુર) મળ્યું હતું. આ ઉપરથી કનિંગહેમ જણાવે છે કે 'દિશા અને અંતર ઉપરથી તુંગભદ્રના ઉત્તર કાંઠાપરનું અનાગોંદી (હસ્તીનાવતી) એ શેહેર હતું. મુસલમાનોના અમલ પેહેલાં એ રાજ્યધાની શેહેર હતું. માર્ટિન મુજબ ટૉલમિએ લખેલું 'બનૌસ' તે હાલનું 'બનવાસી છે ને તેજ હ્યુએનનું કોંકણપુર હશે.' પણ અંતર વિશેષ રહે છે. અનાગોંદી એ પ્રાચીન સ્થાન છે. તેજ નદીપર દક્ષિણ ભણી વિજય નગર શેહેરની સ્થાપના થવા આગમજ તે યાદવ ધરાણાનું રાજધાની શેહેર હતું.

કોંકણને નામે હાલમાં જેટલો ભાગ ગણાય છે તે કરતાં થોડોજ ભાગ સાતમી સદીમાં તેમાં ગણાતો હતો, કેમકે હાલમાં કોંકણની ઉત્તર તરફ ઘણો ભાગ મહારાષ્ટ્રમાંના ચાલુક્ય રાજાના તાબામાં તે વખતે હતો અને એ ચાલુક્ય રાજા કોંકણમાંના 'કદંબ' વંશના રાજા સાથે લઢતા હતા.

પ્લિની કોંકણને પોતાના ગ્રંથમાં 'કોંકણી' તરીકે જણાવે છે. અબૂરિહાને દંડકા આ પ્રદેશમાં કોંકણના મેદાનોનું વર્ણન આપેલું છે. આ વર્ણન ઘાટ ઉપરની સપાટ ભૂમિને લાગુ પડી શકે છે. આ ઉપરથી હ્યુએનના સમયમાં આજ મુજબ જણીતું હશે.

વળી બીજા તર્ક મુજબ કોંકણ એ મૂળના 'ગોકર્ણ' શબ્દનો અપભ્રંશ જણાયછે. કોંકણ શબ્દ પ્રાચીન કાળથી પ્રચારમાં આવેલો જણાય છે, કેમકે શાલિવાહાન શકના દસમાં શકમાં કોરેલા શિલાલેખ તથા રાજતરંગણી ઉપરથી જોતાં કોંકણના ૭ વિભાગો આગલા લોકોએ કર્યા હતા એમ જણાય છે.

કોંકણ કાંઠાના મહારાષ્ટ્ર દેશમાં તદન દક્ષિણ તરફનો જે ભાગ છે તેને 'ગોમંતક' કહે છે; ગોમંતક અથવા ગોમંત નામનો પર્વત દક્ષિણમાં છે એવું હરિવંશમાં વર્ણન છે.

હાલના ભૂગોળ પ્રમાણે મુંબઈ ઇલાકામાં આવેલો એક મોટો સાંકડો પ્રદેશ. સાવંતવાડીની દક્ષિણથી તે ગોવાની સરહદવેર લંબાયલો છે. એની લંબાઇ ૩૩૦ મૈલ ને પોહળાઇ ૨૫ થી ૫૦ મૈલની છે. એની પશ્ચિમે અરબી સમુદ્ર અને પૂર્વે પહાડી ઘાટનો પ્રદેશછે. ક્ષેત્રફળ ૧૫૪૨૩ ચૌરસ મૈલ છે, ને લોક વસ્તી ૩૨૯૪૨૮૮ ની છે. તેમાં દેશી રાજ્યોને તાબે ૧૭૮૪ ચૌરસ મૈલ ને બ્રિટીશ જીલ્લા ૧૩૬૩૯ ચૌરસ મૈલ છે. બ્રિટીશ જીલ્લામાં વસ્તી ૨૯૬૬૭૨૯ ને દેશી રાજ્યમાં ૩,૨૭,૫૫૯ ની છે. બ્રિટીશ જીલ્લામાં મનુષ્ય વસ્તીનું દર ચૌરસ મૈલે ૨૧૭)૫૨ ને દેશી રાજ્યમાં ૧૮૭)૬૧ નું પ્રમાણ આવે છે. ૧૮૭૨ માં એજ બ્રિટીશ જીલ્લાઓમાં માત્ર ૨૬૧૫૩૭૧ ની વસ્તી હતી.

એનો ઘાટવાલો ભાગ ફળદ્રુપ છે, તેમાં જગે જગ નદીઓ વહે છે અને અરબી સમુદ્રને મળેછે. પહાડી ભાગમાં વાઘનો ભારે ઉપદ્રવ જણાય છે. નદીઓ જ્યારે ઘાટમાંથી વલાણ લેછે ત્યારે તેના પાણી અતિ સ્વચ્છ હોયછે પણ સપાટ પ્રદેશમાં વહેતા નદી નાળાં ઉંડા બની મટોડી સાથે પાણી મિશ્ર થતાં તેના પાણી ગદળાં બને છે. આ ભાગમાં ભારે વર્સાદ વર્સે છે અને કોઇ કોઇ ઠેકાણે તો ૩૦૦ ઇંચ જેટલો વર્સે છે. ગરમીમાં ગરમી ૧૧૦. ડીગ્રી વેર પડેછે પણ થંડી માફક સરનીજ હોયછે.

કોંકણ પ્રાંત કલેક્ટરને તાબે છે. તેના મુખ્ય જીલ્લા ઠાણા ને રતનાગીરી છે. મુંબઇની દક્ષિણ તરફના છેડાપર 'મહાડ' નામે જણીતું ગામ છે, તેમજ કોંકણમાં અનેક શેહેરો તથા કિલ્લાઓ કિનારાપર છે, તેમાં મુખ્ય જંજીરા, રતનાગીરી, વિજયદુર્ગ અને વેંગુર્લા છે.

૧૬ મી સદીવેર કોંકણ વિષે ઝાઝું જણાયું નથી પણ તે પછી પોર્ટુગીઝોના ચંચળ કારોબાર તળે એનો કિનારો આવતાં તે જણીતું થયું. સત્તરમી સદીમાં બીજાપૂરના રાજા તથા છત્રપતિ શિવાજીથી તે પ્રસિદ્ધતા પામ્યું. ઔરંગજેબે કોંકણ ઉપર સત્તા સ્થાપવા ધણ્ણ કરી પણ તેમાં તે ફાવ્યો નહિ અને મોઅજમે તો કોંકણપરનો સર્વ કાબુ ખોઇ દીધો હતો. તે પછી કોંકણ પ્રાંત સતારાના રાજ્ય સત્તા તળે હતું. પણ તુરતજ તેપર પેશવાની હાકમી ચાલુ થઇ હતી તે છેક ૧૮૧૮ વેર ઇંગ્રેજોની ફતેહસુધી કાયમ હતી. તે પછી કોંકણ બ્રિટીશ સત્તા તળે આવી સદાનું રહ્યું છે.

કોંકણ—માલકોસ રાગની ભાર્યા. ગાવાનો વખત દિવસના ૯ થી ૧૨ વાગા સુધીનો. એની ઋતુ સરદ છે. રૂપે નાજમાં મસ્ત, કામણગારી, શોખચશમ, બેશરમ નજર, છટેલ ચાળા કરતી, કપડાં વિખરાયલાં, ફાટેલા, પીખાયલા, ગળા માહેલાં પુલ ચુથાએલાં, તુટી ગએલેા હાર, સુરત નેત્ર, આંખેા ઉજાગરાથી લાલ થએલી અને ઈસ્કમાં મસ્તનાજદાર દેખાવની.

કોંકમ—એના ઝાડ કોંકણ, કર્નાટક, કારવાડ, મલબાર કિનારા ઉપરના દેશોમાં પુશકળ ઉગે છે. ગોવા તથા માલવણ પ્રાંતોમાં એનો મોટો પાક થતો હોવાથી તે પરદેશ રવાના કરવામાં આવેછે. કોંકમ આંબલી કરતાં પથ્ય કારક હોવાથી તેની કઢી, ચટણી બનાવવામાં આવેછે. એનાં ઝાડ શોભિતાં હોવાથી તે બગીચામાં રોપવામાં આવેછે. એના પાંદડાં પૂર્ણ હોઇ તે ડાંખળીપર સામસામાં ઉગેછે. તે જ્યારે કુમળાં હોયછે ત્યારે તેનો રંગ રતાસપર હોયછે. પણ જુના થતાં તેનો રંગ કાળો લીલો બને છે. એના પાંદડાં ૩ ઇંચ લાંબા ને ૨ ઇંચ પોહળાં હોયછે. આ વૃક્ષ લાંબી મુદતે ઉગેછે. મોટા ઝાડની ઉંચાઇ ૨૫ ફીટથી વધારે હોતી નથી. જ્યારે તેની ઉપર લાલ નારંગીયા રંગના ફળો આવેછે ત્યારે તે ઘણાં શોભઇતાં જણાયછે. એના વૃક્ષને સમુદ્ર કિનારેની હવા માફકસર ગણાતી હોવાથી તે સમુદ્રથી દૂરનાં પ્રદેશમાં સારાં ફળો આપતાં નથી.

કોંકમના વૃક્ષપર થંડીની શરૂઆતમાં મોર આવેછે. એનાં ફુલો ઘણાં શોભઇતાં હોઇ તે સાદાં હોયછે. એના ફળની આકૃતિ નાહની નારંગી જેવી હોયછે તેને કોંકમ કહે છે. આ ફળમાં મોટાં બિયાં હોયછે તેનું તેલ કાઢવામાં આવેછે, અને તે ઉષ્ણતામાપક યંત્રના ૯૮° અંશપર પારો હોય તેવી ગર્માંમાં પણ બંધાઇ જાયછે. તે રંગે સફેદ હોઇ ખજ યા ચામડીમાં પડતા ચીરાપર ચોપડવામાં આવેછે.

કોંકમના ફળની ચીરો હોયછે તેને કોંકણ તરફના લોકો ખાયછે. એના નવાં ઝાડ બિયાંથી ઉગી શકે છે અને તે સમુદ્ર કિનારે થંડી હવાની જગામાં ઉગે છે. એનાં બિયાં જૂન માસમાં 'નર્સરી' યા કુંડામાં વાવી તેના રોપા બનાવી ૧૨ મહિના પછી તેને ૩ ફીટ

ચોરસ ખાડામાં રોપેછે અને તેનીપર પ્રથમ ૩ દિવસ આંતરે અને મોટું થતાં પાંચથી ૯ દિવસ આંતરે પાણી સીપવું પડે છે. એને ખાતર તરીકે કોહેલાં પાંદડા ચાલે છે, તેમજ માછલીનું ખાતર પણ ઉપયોગી થઇ પડેછે.

કોકીલાવ્રત—આષાઢ માસમાં આવતું હિંદુ સ્ત્રીઓનું વ્રત. એનો આરંભ આષાઢી પૌર્ણિમાએ થાયછે અને તે એક માસ ચાલેછે. એમાં કોયલરૂપની શિવાદેવીનું નિત્ય પૂજન કરી રાત્રે ભોજન કરેછે, આ વ્રતમાં ચાંદીનાં બનાવેલાં કેરીના ઝાડપર તેજ ધાતુની કોયલ બેસાડે છે અને તેનું પૂજન કરી બ્રાહ્મણોને દાન આપેછે.

કોકેન—દક્ષિણ અમેરિકાના કિનારા તરફ એન્ડીઝ પર્વતનાપૂર્વ ભણીના સમુદ્ર સપાટીથી ૬૦૦૦ફીટ ઉંચા ભાગોમાં કોકા અથવા કુકા નામના રોપા ઉત્પન્ન થાયછે. તેની ડાંખળી ઉભી અને અકેકથીસરખે અંતરે હોયછે, આ રોપો ૪થી ૬ ફીટ ઉંચો વધેછે, તેના પાતરાં ચાહેના પાતરાંને મળતાં હોયછે, અને તેનીપર પિળા રંગનાં નાહનાં ફુલો આવેછે.

એના બિયાની વાવણી વર્સાદ શરૂ થતાં કરવામાં આવેછે. પ્રથમ એના બિયાંને વાની સૂરજની રેન્જલથી બચાવવા તેનીપર છાંયડો કરવા મંડપ બાંધવામાં આવેછે. પછી તેનીપર ચાલુ પાણી સીપવાથી ૧૪ થી ૧૫ દિવસમાં રોપા વધવા માંડેછે. એનોપાક ૬૮ માસ પછી પેહેલો ઉતરેલો ગણાય છે, અને તે પછી લાગટ ૪૦ વર્ષ સુધી તેનો ચાલુ પાક ઉતર્યા કરેછે. એની કાપણી વર્ષમાં ત્રણથી ચાર વખત થઇ શકે છે. એના પાંદડા અતિ સંભાળથી સુકવવાં પડેછે, તેને જેમ ઝાઝો તડકો તેમ સરદી બિગાડેછે તેથી ઘણી સંભાળથી સુકવવાં પડેછે.

કોકાના રોપા તથા પાંદડાનો ઉપયોગ ઇ. સ. ૧૫૮૩ માં અમેરિકન ઈંડીયનો તરફથી પેહેલ વેહેલો યૂરપમાં જણીતો થયો હતો. કોકેનનો મોટો વેપાર દક્ષિણ અમેરિકાના પીરૂ, બોલિવિયા, ઈક્વેડોર અને પારતોનના ભાગોમાં બોહોળો ચાલેછે. ત્યાં દરવર્ષે ૩ થી ૩½ કરોડ રતલ કોકેનનો પાક ઉતરે છે, પણ તેનો મોટો ભાગ ત્યાંનાજ દેશીઓ પોતાના ઉપયોગમાં લેછે. તેઓ મરણ કાંઠે આવેલા મનુષ્યને તેના પાંદડા ખવાડેછે જેથી તેને મરતી વેળા તકવો અને હુશિઆરી આવેછે. તેમજ ઈંડીયનો ભૂખની વેદના સમાવવા માટે કોકાના પાંદડાં ખાયછે જેથી હોજરીના તંતૂઓના લાગણીદાર છેડાઓ થોડો વખત સુન્ન મારી જતાં હોવાથી ભૂખ તદન મટેછે અને તેનામાં હુશીયારી વધેછે.

કોકેન દવા હાલમાં વહાડકાપના પ્રયોગમાં અતિ અકસીર પુરવાર થએલી છે. તેની અસરથી દર્દીની લાગણી સુન્ન મારી જઇ તે આસાનીથી વહાડકાપ કરવા દેછે. આ કોકેન કોકાના પાંદડામાંથી બનાવવામાં આવે છે. તેનો પેહેલો ઉપયોગ ડૉ૰ કારલ કૉલરો એ શોધી કાઢયો હતો. તેણે આ વસાણાનો પ્રથમ જનવરોના આંખ ઉપર અખતરા કરી જોઇ અનુભવ મેળવી પોતાના આંખના દર્દીઓપર તે ઘલાજ આસાનીથી અજમાવી ફત્હે મેળવ્યા પછી આંખના મોતીયા ફુલું, વગેરે દર્દો કાપી કાઢતી વખતે છુટથી એનો ઉપયોગ કરવાના ફાયદા આશકારા કર્યા હતા. ઇ. સ. ૧૮૮૩ થી કોકેન તબીબ મંડળમાં એક ઉપયોગી દવા તરીકે પ્રસિદ્ધતા પામ્યાથી તેનો છુટથી ઉપયોગ કરવામાં આવે છે. કોકેનના પાંદડા ચાવીયાથી ગમે તેવી થાક તરત ઉતરી જઇ મનુષ્યના અંગમાં તાજગી ફરી વળી તાકાત આવેછે.

કોકેશિઅન—મનુષ્યની એકજ જાત પૃથ્વીના સર્વ ભાગ ઉપર પસરેલી છે, પણ તેમના રહેવાના જૂદા જૂદા પ્રદેશ તથા ચહેરાના ફેરફારો ઉપરથી તેઓ જૂદે જૂદે નામે ઓળખાય છે,તેમાં દુનિયામાં ત્રણ જાતો તેમના ઘાટ ઘટમ ઉપરથી યોજેલી છે. તે કોકેશીઅન, મોંગોલીઅન અને ઇથિઓપિઅન; તેમાં સર્વથી શ્રેષ્ટ અને દુન્યામાં આગળ વધેલી કોમ તરીકે

પ્રસિદ્ધતા પામેલી જાત યુરોપ, પશ્ચિમ એશિઆમાં ગંગા નદી સુધી અને ઉત્તર આફ્રિકા ખંડની વસ્તી પ્રજા છે. તેમનું પ્રથમ મૂળ કાસ્પિયન અને કાળા સમુદ્ર મધેના કોકેસસ પર્વત ઉપર વસનારા લોકોથી શરૂ થએલું અને ત્યાંથી ચોમેર તે જાત ફરી વળેલી જણાવવામાં આવેછે. આ ટોળાનું મૂળ વતન ઈરાનવેજ હતું અને ત્યાંથી આ પ્રજા દુનિયાના સર્વ ભાગોમાં ઇ. સ. પૂર્વે ૬૦૦૦ વર્ષપર છુટી પડી હતી. આ પ્રજાના લક્ષણો—વર્ણગોરો, ગુલાબી રૂખસાર, ગાલ લાલ, બાલ કાળા, યા ઝાંખાં કાળા ને એકદમ ગીચ્છ તથા કર્લદાર, કાળા વર્ણપર ઈદ્રિ ધનુષ્ય રંગની છાયા, ગોરા વર્ણવાલાઓની આંખો માંજરી, આંખો મોટી, મોહું નાહનું, ચેહેરો ઉઠાવદાર, આંખ, નાક ઘટમદાર, વિશાળ કપાળ, ઝીણું ને સીધું નાક. આ લોકોની બુદ્ધિ શ્રેષ્ટ ગણાયછે. આ જાતીમાં સરકેશિઅન, હિંદુ, પારસી, કેલ્ટ, ગ્રીશિઅન, ઈંગલીશ, ઇટાલીયન, જર્મન, સ્લ્યાવ્હોનિક અને ઘણાક યૂરોપીયનોનાં પેટા ભેદ છે.

કૉકેસસ—આ પર્વતની હાર કાળો સમુદ્ર અને કાસ્પિયન સમુદ્ર વચ્ચે વધે છે. એનો મુખ્ય ફેલાવો પશ્ચિમથી ઉત્તરે અને પૂર્વથી દક્ષિણ પૂર્વમાં છે. એની જુમલે લંબાઇ ૭૫૦ મૈલ અને પોહોળાઇ ૧૫૦ મૈલની છે, પણ કોકેસસનો ઉંચો ભાગ માત્ર ૭૦ મૈલ પોહોળો છે. એની હારો કોઇ વેળા એશિઆ અને યૂરપ વચ્ચે સરહદ બાંધેછે. પણ મુખ્ય કરી એ એશિઆમાંજ લંબાય છે. એનો ઉંચો અને મધ્ય ભાગ સમાંતર વધતો સપાટ ટોળાવદાર છે. અતિ ઉંચો શિખરવાલો ભાગ મધ્યમાં હોઇ તેમાંના ૬ પર્વતો ૧૬૦૦૦ ફીટથી ઉંચા છે. અલબુર્જ પર્વત સમુદ્ર સપાટીથી ૧૮૫૩૮ ફીટ ઉંચો, કઝબક ૧૬૦૫૪, દખતૂ ૧૬૯૨૩ ફીટ ઉંચો છે. ૧૦ થી ૧૧ હજાર ફીટ ઉપર બરફ બંધાય છે. મુખ્ય હારોમાં ૧૦ હજાર ફીટથી નીચા માર્ગો નથી. કેટલોક ભાગ તદન ઉજડ છે પણ બીજો ભાગ તદન ગીચ્છ ઝાડોથી ભરપૂર છે. કાળા સમુદ્ર તરફના પર્વતવાલો ભાગ ઇમારતી લાકડાના વૃક્ષોથી ભરપુર હોઇ તેમાં મેપલ, ઓક બીચ, આષ, અખરોટ વગેરેના ઝાડો છે. ધાન્ય ૮૦૦૦ ફીટ ઉંચાઈના ભાગમાં પણ પાકે છે. નીચી ખીણવાલા ભાગમાં કપાસ, તંબાકુ, ચોખા, ગળી વગેરેની મોટી ખેતી ચાલે છે. આબો હવા ઘણું કરી તંદરોસ્તીને માફકની છે પણ દક્ષિણ અને ઉત્તર ભાગની તદન ઉલટી છે. દક્ષિણ ભાગમાં હિંસક પશુઓનો મોટો ભય છે. દક્ષિણ ઢોલાવપર જીયૉર્જીયા તરફ અતિ સુંદર કુદરતિ લીલા નજરે પડે છે. કૉકેસસ પર્વતમાં ઉભાતા જવાળામુખી પર્વતો નથી પણ કોઈ કદાચ જણાય છે. અલબુર્જ અને કઝબક બેહ જવાળામુખી ધરાવે છે. તેમાંથી ગરમ પાણીના ઝરા વહે છે. કેટલાક પર્વતમાંથી કેરોસીન તેલના ઝરા વહે છે. તેમજ શીસું, કોલસો, ત્રાંબુ, લોહું ગંધક વગેરે ખનીજ પદાર્થો કૉકેસસ પર્વતના દરેક ભાગમાંથી મળેછે.

કોકોનોર—તિબેટમાં કોકોનોર નામના સરોવર ઉપરથી આ દરામણા મુલકનું નામ પડયું છે તે ૩૬° ને ૩૭° અંશની વચમાં તથા ૧૬° અને ૧૭° અંશની લંબાણમાં વહે છે. એ ૬૦ મૈલ લાંબો ને ૪૦ મૈલ પોહળો હોઇ સમુદ્ર સપાટીથી ૧૨૦૬૭ ફીટપર છે. કોકોનોર સરોવર નજદીક અતિ ભયંકર શિખર તથા કરાડાવાલા પહાડો ફરી વળેલા છે. તેના બો અને વહેતી નદી તથા સરોવરથી દેશનો મોટો ભાગ ભવ્ય લાગે છે. આ દેશમાં હોશોશ્ત, ચોરો, ખોઇત, તૌરગોથ વગેરે પ્રજાની જાતો વસે છે કે જેઓ ૧૯ ટોળામાં વેંહેંચાઇ ગયા છે. તેમજ બીજા ટોળાઓ ૧૨ પંથમાં વેંહેંચાઇ તેઓ કોકોનોરથી તે તઘશાન અને આલતાઇના પર્વત વેરના મુલકમાં વસે છે. કોકોનોરનો મુલક તિબેટથી જૂદો પડતાં બતાવેલી સરહદ અચોકસ છે. ચીનાઇ ભૂગોળવેત્તાઓ સીફાન તથા તુમાન દેશો તિબેટમાં દાખલ

કરે છે પણ એ ચોકસ રીતે કોકોનોરના ભાગો છે. આ દેશ પુરાણા વખતથી પ્રસિદ્ધ તા પામ્યો છે, કેમકે ત્યાંની 'સીફાન પ્રજાએ પૂર્વ ભણી સજીચૂએનનો એક ભાગ હાથ કીધો હતો અને પશ્ચિમે પોતાનો અમલ છેક કાશમિરથી સરહદ વેર લંબાવ્યો હતો. તાંગવંશના શેહેનશાહ તાઇતશુંગના અમલ દરમ્યાન ઈ૰ સ૰ ૬૩૦ માં સીફાન લોકોએ પોતાના રાજાને શેહેનશાહની બેટી સાથે લગ્ન કરવાની ફરજ પાડી મિત્રાચારી કરી હતી. ઇયૂન તશુંગના અમલમાં બળવો થતાં સીફાન પ્રજાએ શેહેનશાહી શેહેરને મદદ આપી હતી પણ તે પછી તેમને ચીનની મોટાઈ જણાતાં ત્યાં લુટફાટ કરવા ઉતરી પડવા લાગ્યા. તેથી ચીનાઇ સરકારે સીફાન પ્રજાને વૈહીતાતારી પ્રજા સાથે અથડાવી લઢાવવા માંડી તેઓને આડકતરી રીતે જેર કર્યા હતા. ૯ મી ને ૧૦ મી સદીમાં સીફાન પ્રજા બળવામાં શામેલ થઇ નબળી પડી, અને તે પછી શ્રુંગ શેહેનશાહે તુફાનનો મુલક પોતાના રાજ્યને તાબે કીધો. તે વેળા ચઢી આવેલા મોગલોએ પણ તેમને પહાડોમાં વિખેરી નાખ્યા હતા, તેમાં કેટલાકો 'ઇયૂન' શેહેનશાહની રૈયત બની રહી હતી. તેમજ કાલકા પ્રજાઓ પણ એજ ભાગમાં વસે છે. અત્રેની પ્રજા ચીનાઇ માનદરીનની તાબેદારી કબુલ કરતા નથી, પણ પોતાના સરદારોનેજ માન આપેછે.

કોકોનોરની નદી તથા પર્વતોમાંથી સુન્તું જડે છે. તેમનો ધર્મ બુદ્ધિસ્ત હોઇ તેમાં પાંચ મોટા મંદીરો છે. મુખ્ય વેપાર રેવંચીનો કરે છે. કોકોનોર અને ચીન વચ્ચે પાહાડોની કુદરતી દેવાલો આવેલી હોઇ તેમાં અનેક ઘાટો છે. જેનીપર મોટા કિલ્લા બાંધેલા છે. તેમાં તુયુંગફાંગચૈનો કિલ્લો મુખ્ય વેપારતું મથક ગણાય છે. કોકોનોરના તાતાર લોકો ચામડાના તથા ઉનનાં ઉત્તમ પ્રકારનાં વસ્ત્રો બનાવે છે.

કોઆતીસ—પેરાગ્વૂએ તરફના દેશમાં આ વિચિત્ર પ્રાણી ઘણાં મળે છે. મી૰ બોરીકૃત પ્રાણી વિદ્યા ગ્રંથમાં જણાવવા મુજબ "એનું ડાચું જડબાથી ઘણું અજબ રીતે બાહેર નિકળી આવેલું હોય છે. એની સુંઢ યા ડાચું હુક્કર પ્રમાણે નાકના હાડકાં સાથે સંબંધ ધરાવી લંબાયલું નથી, પણ વળી શકે એવા નળીનાં જેવાં મૈાસના લોચાનું તે બનેલું હોય છે. એના ડાચાનો છેડો એક જાતની રકાબીના જેવો આકાર પકડે છે, જ્યાં નસકોરાં ઉઘડે છે. આ સુંઢ પોતાનો ખોરાક શોધતી વેળા તહેવાર રીતે જૂદી જૂદી દિશાએ ફેરવે છે, તેથી કિડા તથા ઝીણા પ્રાણીઓની શોધમાં તે જમીન ખોદી કાઢે છે."

"એની આંખો નાહની ચપળ ને કાન મધ્યમ ગોળ હોયછે. એનું શરીર લાંબુ, ઉંડું અને દબાયલું હોય છે. પુછડી લાંબી, સાંધા ટુંકા અને મજબુત, આંગળાં દર પગમાં પાંચ હોઇ તેનીપર મજબુત નખો હોય છે અને તે નખ વડે આ પ્રાણી જમીન ખણી શકેછે. રૂવાં જરા ખભરાયલાં પણ લાંબા ભરેલા અને પાસે પાસે હોયછે. પુછડી તથા ફિક્કા રંગના પટ્ટાથી અવારનવાર ઢંકાયલી હોયછે. કૂતરિયા દાંતો કઠણ અને તિણાં હોયછે અને બંને બાજુએથી ધારદાર હોયછે. આ પ્રાણી દિવસના ઉંઘાઈ રાત્રે ચપળ બને છે. તે જાતે બિજાસી રહેછે. આ પ્રાણી કરડેછે ત્યારે તે સખત ઘા કરેછે. તેથી તેને ખુલ્લી રીતે પાળી શકાતો નથી પણ તેમને પીંજરામાં પુરી રાખી પાલી શકાય છે. એને દરેક પ્રકારનો ખોરાક માફક સર થઈ પડેછે."

"આજ પ્રાણીની એક બીજી તપકિર્યા જાત આવે છે તેના બદન ઉપર પીળી છાંટ હોયછે. અને તે કોઇ કોઇતો કાળા રંગના પણ હોયછે. આ પ્રાણી બ્રાઝીલ, ગાયના અને પેરાગ્યૂઆનું વતની ગણાય છે. તે ટોળાં થઈ યા પોતાના જોડાં સાથે ભટકે છે. આ પ્રાણી ઝાડ ઉપર સેહલાઇથી ચઢી શકે છે પણ જ્યારે શેકારી આવી તેને ધમરાવે છે ત્યારે જમીનપર પડી મરણ પામવાના ઢોંગ કરેછે ને લાગ મળતાં નહાશી જાયછે. તપ-

કિરિયું કોઆતિસ મોટી બીલાડીના જેવું હોય છે. એ ૧૨ થી ૧૪ ઇંચ લાંબુ હોઇ તેની તેટલીજ વધારે લંબાઇ હોયછે. આ પ્રાણી પોતાની સુંઢ વડે સુંઘી દરેક ચીજ પારખી શકે છે. એ ચીરડાતી વેળા અતિ તિણો અવાજ કાઢે છે.

કોગનાક—ચેરંટીના ફ્રેન્ચ પ્રદેશનું એક ગામ. અત્રેની એક ટેકડીપર પુરાણો કિલ્લો હોઇ તે રિચફોર્થની દક્ષિણ પૂર્વે ૪૨ મૈલ પર છે. અત્રે દ્રાક્ષની મોટી ખેતી થતી હોવાથી તેનો દારૂ તથા બરાંડી બને છે. આ ગમના નામ ઉપરથી કોગનાક બ્રાન્ડી પ્રસિદ્ધ છે. ૧૮૭૨ માં લોક વસ્તી ૧૨૯૫૦ ની ને ૧૮૯૧ માં ૧૭૦૫૨ ની હતી.

કોંગ્રેસ—(જુઓ કોનગ્રેસ.)

કોચીન—આ રાજ્ય મદ્રાસ ઇલાકામાં મલબાર પ્રાંતમાં હોઇ એની ઉત્તરે મલબાર દેશ, પૂર્વે ડંડિગલ, દક્ષિણે ત્રાવણકોર અને નૈઋત્યકોણમાં આરબી સમુદ્ર છે. ઉત્તર કાનડાથી તે કેપ કુમારીકા સુધી આ રાજ્યનો વિસ્તાર છે. એનું ક્ષેત્રફળ ૧,૩૬૧ ચૌરસ મૈલ ને તેમાં ૩,૯૯,૦૮૦ માણુસોની વસ્તી છે. વાર્ષિક ઉપજ ૧૩,૦૮,૫૧૪ ની છે. આ રાજ્ય બ્રિટીશ રક્ષણ તળે હોઈ લશકરમાં ૩૮૦ પાયદળ ને ૩ તોપો છે.

દેશનો ભાગ પહાડી તથા સપાટ છે, પશ્ચિમ ભાગપર ઘાટ છે, જેની ઉંચાઈ સમુદ્રની સપાટીથી ૪,૫૯૦ ફીટની છે. આ પહાડ અને સમુદ્રની વચ્ચેના નાળાં તથા સમુદ્રનું પાણી મળી જવાથી ત્યાં વિશાળ સરોવરો બનેલાં છે તેમાં ઘણાં મૈલો સુધી વાહાણો ચાલે છે. ભૂમિમાં ડાંગર, મરી, એલચી, સોપારી, શેરડી, કાપી, તજ, સુંઠ, રતાળુ અને કોનફળ વગેરે પાકે છે. જંગલોમાં ઇમારતી લાકડાં ને દેવદારના ઝાડો પુશકળ છે. જંગલમાં હાથીઓના ટોળાંઓ વસે છે તે શિવાય જંગલી ભેંસ, વાઘ, પાડા અને બીજા પશુઓ પણ છે. ઝેરી પ્રાણીમાં સાપ તથા નદીમાં મગરો ફરે છે. મુખ્ય લોક વસ્તી હિંદુ, મુસલમાન, ઇસ્રાયલ અને ખ્રિસ્તીઓની છે. હિંદુઓમાં નાપુરી નામે અસલી બ્રાહ્મણો, ઉતરતી નાયર નામે પ્રજા અને તે શિવાય પઢાણ, મોપીલેલવી નામે મુસલમાનોની પણ વસ્તી છે. આ દેશમાં સાપ તથા મગરને દેવતા તરીકે ગણી તેને પૂજે છે. હિંદુઓની ભાષા દ્રવિડ અને મુસલમાનોની હિંદુસ્થાની છે. દેશની હવા સરદ તથા રોગીષ્ટ છે. આ દેશમાં 'કોચીન પલેગ' નામે રોગ સાધારણ છે જેથી માણસનો પગ સૂજી જાડો બને છે.

મુખ્ય શેહેરમાં વાયવ્ય ખૂણે આવેલા ત્રિપૂરમાં રાજા રહે છે. તે શિવાય સંગનૂર, ચિતૂર, બલરપલ્લી અને એદપલ્લી ઈ૰.

કોચીનનું બંદર તથા કિલ્લો ઇંગ્રેજ સરકારને તાબે છે છતાં એ રાજ્યનું નામ કોચીનનું રાજ્ય પડેલું છે. આ રાજ્ય પ્રાચીન કાળથી જાણીતું છે.

કોચીન ચીન—પુરાણા જમાનામાં આ દેશ 'કાઓચી' ને નામે પ્રસિદ્ધ હતો. કોચીન સાથે તેની પાસેના બીજા અનેક દેશો આગળ તેનાથી સ્વતંત્ર અને જૂદા હતા તે હાલ સાથે જોડાયલા છે. આ દેશ સિયામ તથા તાનકવિનના આખાતની વચ્ચે વસાયલું છે. કોચીનમાં ઉઠેલા બળવાથી ત્યાંના રાજાને પદભ્રષ્ટ થવું પડયું હતું, પણ ૧૭૯૦ માં તેણે પાછી ગાદી મેળવી હતી. તે પછી એદ્રાન નામે એક ફ્રેન્ચ મીશનરીની મદદથી તેણે યૂરોપીયન લોકોની લશકરી પદ્ધતિ મુજબ ફોજ કેળવી લઢાઇના કાફલામાં વધારો કર્યો હતો. તેથી ઓગણીસમી સદીની શરૂઆતમાં તોનકવિન, કાંબ્ઓદિયા અને સિયામ એ દેશો પણ તાબે કર્યા હતા. આ સર્વ દેશોમાં લોક વસ્તી ૧,૩૦,૫૦,૦૦૦ ની છે. પ્રજાનો મુખ્ય ધર્મ બૌદ્ધનો છે, પણ અમીર ઉમરાવો કાનફુશિઅસના મતે ચાલે છે. દેશમાં મુખ્ય 'મયેકોંગ' નદી કાંબ્ઓદિયામાં થઈ ચીનાઇ સમુદ્રમાં વહે છે. ચોમાસામાં ભારે વર્સાદથી રેલ આવે છે

ત્યારે ખેતરો તથા ઝાડો ઉપર પાણી ફરી વળે છે. ઇ. સ. ૧૮૩૫ થી ૧૮૪૦ સુધીમાં સમુદ્ર એકદમ ૧૯૦ ફીટ ઉંચે ચઢી ગયો હતો. જંગલ ઇમારતી લાકડાં તથા ગુંદરના ઝાડથી ભરપૂર છે, તે શિવાય રેવંચીનો શીરો ત્યાંના જંગલી ઝાડમાંથી પુષ્કળ નિકળે છે. કોચીન ચીનમાં સમુદ્રકાંઠેથી દરિયાઈજળો (ત્રિપાંગ) મળી આવે છે, તેને ત્યાંના લોકો ખોરાક તરીકે ઉપયોગમાં લીયેછે. કોચીન ચીનનું મુખ્ય રાજધાની શેહેર 'હુએપૂ અથવા હુઇ કિલ્લેબંદી વાલું' છે તેમાં ૧૮૫૦૦૦ ની લોકવસ્તી હોઇ તે મજબુત મથક ગણાયછે. આ દેશમાં લાઓ' નામનો ભાગ પાહાડોની વચ્ચોવચમાં ફળદ્રુપ દેશ ગણાયછે. આ દેશમાં કેટલાક સ્વતંત્ર સરદારોની સત્તા ચાલેછે. લાઓમાં લોબાન, કસ્તૂરી, લાખ, સોનું, રૂપું, હિરા વગેરેનીમોટી ઉત્પંતિ થાયછે, તોનકવિન શેહેર આબાદ અને ફળદ્રુપ હોવાથી રાજ્યને મોટી આમદાની આપેછે, તેનું મુખ્ય શેહેર કેશો છે, કાંબોડિયા દક્ષિણ તરફનો દેશ હોઇ તે ફળદ્રુપતાથી ભરપૂર છે. સૈગાંગનું શેહેર કોચીનનું મુખ્ય બંદર શેહેર હોઇ ત્યાં વેપાર બોહોળો ચાલેછે, આ બંદર ફ્રેન્ચોએ ૧૮૬૪ ના સુમારમાં જીતી લીધો હતો.

કોચીનચાઇનાના પહાડી ભાગમાંથી લોહું, સુન્દું, કૂંપુ વગેરે ખનીજ પદાર્થોની ખાણો મળી આવીછે, જંગલોમાં લોહલકડ, અબનૂસ ચંદન, પતંગ, તજ વગેરે ઉપયોગી વૃક્ષોની ઘટા છવાયલી છે, અતરે જુન, જુલાઇ અને આગષ્ટમાં પડતા વસાદથી ચોખાનો મોટો પાક ઉતરેછે, અતરે તજનો બોહોળો વેપાર ચાલેછે.

કોચીન ચાઇના—આ નામ અનામનું છે, પણ પુખ્ય કરી ફ્રેન્ચ કોચીન ચાઇના થકી બોલાયછે, ફ્રેન્ચ ઇંડો ચાઇના, ઇંડો ચાઇનાનો દક્ષિણ ભાગનો છેડો રોકેછે, એની ઉત્તરે કાંબોડિયા અને અનામ છે, ક્ષેત્રફળ ૨૩૦૮૨ ચૌરસ મૈલ છે, ૧૮૯૧ માં વસ્તી ૨૦૩૪૪૫૩ ની હતી, કોચીન ચાઇનાનો મુખ્ય ભાગ નીચો ને સપાટ છે, પણ ઉત્તર અને પૂર્વ ભાગમાં માત્ર પર્વતોની હારો છે, અત્રે અકટોંબર અને એપ્રેલમાં હવાનું પ્રમાણ ૯૫° થી ૬૨° રહેછે અને બીજી ઋતુઓમાં ૬૮ થી ૮૬ રહેછે. આ દેશ અતિ ફળદ્રુપ હોઇ ત્યાં ચોખાનો મુખ્યપાક થાયછે. શેરડી, તમાકુ, કપાસ, ગળી, મકાઇ, ચાહ, સોપારી, તથા કાફી, કોકો અને વેનીલા પણ અત્રે બનેછે, અત્રે રેલ્વે લાઇન ૪૪ મૈલ ફરી વળેલી છે. સોગાન રાજધાનીમાં સ્ટીમ ટ્રેમ ફરેછે.

કોજાગરી પૌર્ણિમાં—અથવા માણેકઠારી પૂનેમ. કાર્તિકમાસમાં આ પૂનેમને દીને લક્ષ્મી ઇંદ્ર અને વિષ્ણુની પુંજાકરી જાગરણ તથા દ્યુત રમવામાં આવેછે. વર આપનારી એવી લક્ષ્મી મધરાત્રે ગૃહમાં આવી જુવેછે કે કોઇ જાગરણ કરેછે કે નહિ, "જે જુગાર રમી જાગરણ કરેછે તેને હું દ્રવ્ય આપીશ" એવું તે કહેછે. દુધ, નારીયળ, પહુઆ વગેરે પદાર્થ દેવ, પિતર એમને આપી બાંધવો સહ પોતે ભક્ષ કરવાં, વળી એને 'કઉમુદી પુર્ણિમાં' પણ કહેછે, એટલે પૂર્ણ ચંદ્રના પ્રકાશવાલી પુનેમ, અને તે દિવસે પડતા વર્સાદના બંદુના મધ્ય રાત્રે દરિયામાં મોતી થાયછે, એવી લોક સમજ છે.

કૉટ—આ ફળનાં ઝાડ હિંદુસ્થાનમાં ઘણે ઠેકાણે હુગે છે. એના વૃક્ષ મોટાં હોઇ તેના પાંદડાં પાંખ જેવા હોયછે. તેનો રંગ ચળકાટવાલો લીલાસપર હોયછે. એના સુંદર પાંદડાંથી શોભાયમાન દિસે છે. એના લાકડાની છાલ કાળા રંગની હોયછે. એનાં ફળો દડા જેવાં કઠણ કોટલાના લોબાનના રંગનાં હોયછે. કૉટના અંદરના ગરને ખાંડ સાથે ભેળી ખાવામાં લેવાય છે. તે સ્વાદે ખાટો લાગેછે. આ ફળો હાથીઓને ઘણા ગમતાં હોવાથી ઇંગ્રેજીમાં તેને 'ફ્રેરોનિઆ એલીફન્ટમ' અથવા 'એલીફંટ એપલ' કહે છે. તેમજ વાંદરાઓ પણ આ ફળના ઘણા શોખીન

હોયછે. એનાં ઝાડ સાધારણ જમીનમાં બિથી ઉગી શકે છે.

કોટ કમાલિઆ—પંજાબમાં રાવી નદીની પશ્ચિમે ૭ મૈલ ઉપરનું ગામ. અતરે એક મોટો કિલ્લો પુરાણા વખતનો બંધાયલો સારી સ્થિતિમાં રહેવા પામ્યોછે.

જ્યારે અલેકઝાન્ડર ધી ગ્રેટ દુઆબ અથવા ચીનાબ અને રાવી વચ્ચેની સામુદ્રધૂનિમાંથી પસાર થતો હતો ત્યારે અતરે સેકંદર ચઢાઇ કરતાં જખમી થયો હતો. આ શેહેરમાં તે વખતે 'માલી' નામની પ્રજાનો અમલ હતો.

કોટધર—એક નાહનું પહાડી રાજ્ય. એની ઉત્તરે સતલજ નદી, પૂર્વે બુશાહિર, દક્ષિણે કોથકાઇનો બ્રિટીશ જીલ્લો અને પશ્ચિમે કોમ હરસીન છે. આ રાજ્ય ૭ મૈલ લાંબુ ને ૫ મૈલ પોહળું છે. તેનું ક્ષેત્રફળ ૩૦ ચૌરસ મૈલ છે. આગળ આ રાજ્ય 'બારા હકરાઇ' ના નામે જાણીતું હતું. આ નાહના રાજ્યનો ભાગ આગળ બુશાહિરને તાબે હતો પણ ૧૮૫૧ માં ૬ ઠી નવેંબરે બ્રિટીશોએ હાલના રાજ્યકર્તાને બક્ષેસમાં આપ્યું હતું.

બ્રિટીશ લશકરની છાવણી એના મુખ્ય પ્રગણાં સનડોચમાં પૂર્વ પર્વતની ૪૦૦૦ ફીટ નીચાણમાં છે. એની ઉત્તર પશ્ચિમમાં જમીન ઉતરતી જઇ સતલજથી ૪ મૈલપર ૪૦૦૦ ફીટ નીચી બને છે.

અત્રેની ખીણો અને પહાડોની તળેટીમાં યૂરપમાં ઉત્પન્ન થતી તર્હેવાર ફળફળાદી ઉગી શકે છે. અત્રેની હવા થંડી ને સુખાકારીભરી છે. અકટોંબરથી હીમ પડવા માંડે છે તે ડીસેંબર, જનેવારી અને ફેબ્રુવારી વેર પડી બરફ બંધાઇ જાયછે. એપ્રેલ, મે અને જુનમાં સૂર્યના તાપથી માફકસર ગર્મી હોય છે. ૧૮૨૫ માં ગુર્খા લઢાઇ વેળા અત્રે બ્રિટીશ ફોજે મથક કર્યું તે હજી કાયમ છે. આ રાજ્ય સમુદ્રની સપાટીથી ૬૬૩૪ ફીટ ઉપર છે.

કોટડા સાંગાણી—એક દેશી રાજ્ય. એનું મુખ્ય શેહેર એજ નામે જાણીતું છે. એ ગોહીલ નદીની ઉત્તર તથા પશ્ચિમ તરફથી વળતા બે ફાંટાના સંગમ ઉપર રાજકોટની અગ્નિય દિશાએ ૧૯ મૈલપર ને ગોંડલની ઉશાન્યે ૮ મૈલપર છે. આ રાજ્ય ૪ થા વર્ગનું છે. તેના તાબામાં ૩૭ ચૌરસ મૈલ જમીન, ૧૮ ગામ અને ૮૬૦૦ માણસની વસ્તી છે. મુખ્ય શેહેરમાં ૨૪૦૦ ની છે. વાર્ષિક ઉપજ રૂ ૭૫૦૦૦ ની છે. તેમાંથી ઉગ્રેજ સરકારને જમાબંદી તથા જુનાગઢના નવાબને જોરતલબી મળી કુલે રૂ ૧૧૬૧૬ આપવા પડે છે. દેશમાં મુખ્ય પેદાશ જુવાર અને કઠોળનો છે. વસ્તી રજપૂત અને કોળીની છે. મુખ્ય શેહેર કોટડા સાંગાણીમાં નામદાર ઠાકોરનો દરબાર છે.

'આ તાલુકો ગોંડલના પેહેલા કુંભાજીના રાજકુંવર સાંગોજીએ સ્થાપ્યો હતો. ઇ. સ. ૧૬૫૪-૫૫માં સાંગોજીએ અરદોઇ મેળવ્યા પછી તેના નામ ઉપરથી સાંગાણી એ સંજ્ઞાએ ઓળખવા લાગ્યું. તે રાજકોટના રણમલજી સાથે જોડાઇ રાઈઆના કાઠીઓ પાસથી સરધાર જીત્યું પણ લડાઇ દરમ્યાન ઇ. સ. ૧૬૬૯માં માર્યો ગયો. તેનો કુંવર તેજોજી ઇ. સ. ૧૭૨૭ માં રાજ્યપદ ભોગવી મરણ પામ્યો. તે વેળા સોરઠમાં અંધાધુંધી ભર્યો વહિવટ ચાલતો હતો, તેથી જ્યાં ત્યાં તાલુકદારો તથા ઠાકોરો સ્વતંત્ર થઇ બેઠા હતા. તેવે સમયે કાઠીઓએ કોટડા લઇ લીધું પણ વર્યજ્ન જોગીઆ ખુમાણ નામે લુટારાએ ત્રાસ વર્તાવ્યાથી અરદોઇના જસાજી તથા સરતાનજીએ ઇ. સ. ૧૭૫૦ માં કોટડા જીતી લીધું. તે વેળા ગોંડલનો બીજો કુંભોજી બાલ્યા અવસ્થામાં હતો પણ તેના પિતાએ તેને ગોંડલ તથા કોટડાની સરહદ નક્કી કરવા મોકલ્યો. બન્ને પક્ષોએ સરહદ નક્કી કરવાનું કામ એક નિપક્ષપાત પટેલને સોંપ્યું હતું. પટેલે કુંભાજીને જમણા ને જસાજીને ડાબા હાથપર રાખી ચાલતાં ચાલતાં સરહદ નક્કી

કરી. ચાલવા દરમ્યાન જસાજી વારે ઘડીએ પટેલને પોતાના ભાલાની અણી અડકાવી સમજાવતો તેથી પટેલ તેનાથી દૂર રહેતો. આથી ગોંડલની હદની ઘણી જમીન કોટડાની હદમાં આવી. તે વેળા કુંભાજી બાળક હોવાથી તેણે મોટપણે તે વેર લેવાની તક હાથ કરી સાયલાના શેશમલજીની મદદથી ૧૭૫૫ માં કોટડાપર ચઢાઇ કરી, રાજપીપળા ગામ આગળ થએલી લઢાઈમાં જસાજી તથા સરતાજીને રણમાં મારી નાખ્યા. જસાજી પછી દેવોજી ગાદીનશીન થયો પણ તેને રાજપીપળાની લઢાઇમાં ઘા વાગેલા તેથી તેજ વર્ષમાં તેનું મૃત્યુ નિપજ્યું. તે પછી હાથોજી થયા એ કોટડાના પેહેલા ઠાકોર કહેવાયા. તેણે ૧૮૧૨ વેર રાજ્યપદ ભોગવ્યું હતું. તે પછી કુંવર ભોજરાજ ગાદીએ બેઠા તે ૧૮૨૫ માં સંતાન વિના મરણ પામતાં તેના ભાઇ બામનીઓજી ઠાકોર થયા, તેના મોતથી કુંવર સબલોજી ૧૮૩૮ માં ગાદીએ બેઠા. તેના પછી મેરોજી ૧૮૪૦ માં ઠાકોર થયા. ૧૮૬૨ માં તેમનાં કુંવર તોગાજી ગાદીએ બેઠા પણ તે વ્યસની નિવડવાથી ગેરબંદોરત રાખ્યો. તેના મોત પછી ૧૮૭૯ માં મૂળવોજી ગાદીએ બેઠા તે હાલનાં ઠાકોર સાહેબ કહેવાય છે.

કોઠડા—પીઠા—આ તાલુકો ગોહેલવાડ પ્રાંતમાં કાઠિઆવાડના બાબરા થાણાની હદમાં છે, તેના તાબામાં ૨૫ ચોરસ મૈલ જમીન ૧૩ ગામો ન ૭૨૦૦ માણસની વસ્તી છે. વાર્ષિક ઉપજ ૩ ૬૦૦૦૦ની થાયછે, તેમાંથી ઈંગ્રેજ સરકાર જુનાગઢ દરબારને કુલે ૩ ૫૫૭૮ આપવા પડેછે.

તાલુકામાં (કોડા ગામમાં) નવા નગર સંસ્થાનનો હિસ્સો હતો પણ કર્નલ કીટિંજે એ હિસ્સો કાઢી નાખી તેના બદલામાં તે સંસ્થાનને જંગવર અને કુંડાલું ગામ તથા ૩૦૦૦ વિંઘા જમીન ઓટલું આપ્યું, કોટડા ગામ નાહની ટેકડી ઉપર વસાયલું હોઇ તે દેખાવે રળીયામણું છે.

તાલુકદારો વાળા શાખાના કાઠી છે. આ તાલુકો ૬ઠ્ઠા વર્ગમાં છે, કોટડા ગામ રાજકોટ તથા ભાવનગરના મોટા માર્ગ ઉપર છે. વસ્તી ૨૪૦૦ની છે. એ ચિમળાના રેલ્વે સ્ટેશનથી ૧૩ મૈલ ઉપર છે.

કૉટન સર રૉબર્ટ બ્રુસ—આ ઈંગ્રેજ પ્રાચીન સાહિત્ય શોધકનો જન્મ હંટીંગડન શાયરના ડનટનમાં ૨૨ મી જનેવારી ૧૫૭૧ માં થયો હતો. કેળવણી વેસ્તમિન્સટર સ્કુલમાં લઇ પછી કેમબ્રિજમાં દાખલ થઈ ૧૫૮૫ માં બી. એ. ની ડીગ્રી મેળવી. તે પછી એણે હાલના હૌસઑફ લૉર્ડની જ્યાં ધમારતછે તે ઠેકાણે આવેલા પોતાના મકાનમાં આગલા વખતના સિક્કા, દસ્તાવેજો, ધર્તિહાસીક નોંધો વગેરેનો અતિ કિમતી સંગ્રહ કર્યો અને પોતાના અભ્યાસનો લાભ પ્રજાને આપવા માંડયો હતો. એની બાહોશી, વિદ્વત્તા અને બીજા સાધારણ ગુણોપર જેમ્સ રાજાએ પ્રસન્ન થઇ એને ૧૬૦૩ માં નાઇટનો ખેતાબ આપ્યો, અને ૧૬૧૧ માં બેરોનેટનો ખેતાબ આપ્યો હતો. ઓવર બરીકેસમાં ભાગ લેવાથી એને તે વેળા ૮ માસવેર બંદીખાનું સેહેવવું પડયું હતું. કૉટનના ગ્રંથો અને નિપક્ષપાત વિચારોથી કૉટન તથા એના મિત્રો રાજાની ધતરાજીમાં આવી પડવાથી એને કેદખાનું સેહેવવું પડયું હતું. પણ ૧૬૩૦ માં ૨૯ મી મે ને દિવસે રાજાને ત્યાં ફરજંદ વૃદ્ધિ થતાં તેની ખુશહાલીમાં એને તથા એના મિત્રોને બંદ મૂક્ત કર્યા હતાં, પણ એની અતિ કિમતી લાયબ્રેરી સરકારે જપત કરવાથી તેના ગમમાં એ ૧૬૩૧ માં ૬ ઠી મે એ મરણ પામ્યો.

કૉટનની પુરતકશાળા ૧૭૩૦ માં એશબર્નહેમ હૌંસ, વેસ્ટમિન્સટરમાં લઇ જઇ ગોઠવવામાં આવી હતી, તેજ વર્ષમાં લાગેલી આગથી ૯૫૮ કિમતી ગ્રંથોમાંથી માત્ર ૧૧૪ બચવા પામ્યાં હતા અને તેમાં ૯૮ તો તદન બિગડી ગયલાં હતા, તે પછી આ ગ્રંથોને બ્રિટીશ મ્યુઝિઅમમાં રાખવામાં આવ્યાં છે.

કોટબ્રિજ—લેંકેશાયરનું આ આબાદ શેહેર ગલાસગોની પૂર્વે ૯ મૈલ પર છે, આ શેહેર ખાણોવાલા ભાગનું મધ્ય મથક હોઇ તેની આસપાસ સંખ્યાબંધ કારખાનાઓ છે, ૧૮૩૧ માં લોક વસ્તી ૭૪૧ ની, ૧૮૫૧ માં ૮૫૬૪ ની, ૧૮૦૧ માં ૧૮૪૨૫ ને ૧૮૯૧ માં ૩૦૦૩૪ ની હતી. આ વસ્તી પ્રમાણ ઉપરથી જણાયછે કે કોટબ્રીજ પોતાના ઉદ્યોગ હુન્નરથી પોણી સદી વચ્ચે તે પોતાની આગલી સ્થિતિ તથા વિસ્તાર કરતાં ૪૦ ઘણું વધી ગયું છે.

કોટળીગઢ—આ કિલ્લો નેરળની પૂર્વે ૧૨ મૈલપર ને કર્જતની ઇશાન્યે ૧૪ મૈલપર એક પર્વતના શિખર ઉપર છે. એની લંબાઇ ૧૬૦ યાર્ડ ને પોહળાઇ ૬૦ યાર્ડની છે. આ કિલ્લો પેંઠ નામના ગામડામાં છે ને એ ગામ સૈહ્યાદ્રિના એક ઉંચા પ્રદેશપર છે. કૈલનો ઘાટ ને નકિંદ ઘાટ આ કિલ્લાની પાસે છે. આ કિલ્લાની ચઢાણ અતિ બિકટ હોવાથી થોડાં માણસો પુરતી બાંધ બોરાકી ધરાવતા હોય તો તે મોટા સૈન્યને હંફાવી શકે એવો તે મજબુત છે. ઇ. સ. ૧૮૧૭ નાં નવેંબર માં બાપુરાવ નામના મરાહાએ બાજીરાવ પેશવાની સમંતિથી ઈંગલીશો પાસથી લીધો, પણ તરતજ ડીસેંબરમાં ૩૦ મી તારીખે કેપતન બ્રૂસે ફરી જીતી લીધો. ઈ. સ. ૧૮૬૨ વેર આ કિલ્લો સારી હાલતમાં હતો. ૧૮૮૦ માં તેના ૩ કોટ તથા ૩ દરવાજા હતા. એની ચઢવાની સીઢીઓ પહાડ કોતરી બનાવેલી છે. કિલ્લાપર હાલમાં પાંચ ફીટ લાંબી કેટલીક કિટાયલી તોપો તથા ગોળાઓ પડેલા છે.

કોટા—અથવા હાડાવતી યા હાડાના પ્રદેશને નામે એ મશહૂર છે. આ રાજ્યની ઉત્તરે બુંદી અને જયપૂરનું રાજ્ય તથા ગવાલિયર નો પ્રદેશ, પૂર્વે ગવાલિયરનો મૂલક, દક્ષિણે ઝાલાવાડનું રાજ્ય, પશ્ચિમે બુંદીનું રાજ્ય, મેવાડનો મુલક તથા ઇદોર તાબાનો રામપુર જીલ્લો છે.

દેશનું ક્ષેત્રફળ ૫૦૦૦ ચોરસ મૈલ છે, તેમાં ૪,૬૦,૦૦૦ ની લોક વસ્તી છે. વાર્ષિક પેદાશ ૩ ૨૫,૦૦,૦૦૦ ની છે. આ રાજ્ય ઈંગ્રેજ સરકારનું ખંડીયું છે.

દેશની ભૂમિ પહાડી ને ગીચ્છ ઝાડીથી છવાયલી છે. ચંબલ, કાળાસિંધ, પાર્વતી અને 'નેવાજ' મુખ્ય નદીઓ છે. સપાટ ભૂમિમાં કપાસ, શેરડી, અફીણ, કસૂંબી, ઘઉં દરેક જાતનો કઠોળ તલ, અળશી પાકે છે. દેશમાં રજપૂત, ભિલ, જાટ, મિણા, ગુજ્જર, મુસલમાન, વાણીયા ઇત્યાદી જાતો વસે છે. મુખ્ય દેશની ભાષા મારવી છે.

કોટા એ મુખ્ય રાજ્યધાની શેહેર છે તે ચંબલા નદીના પૂર્વ કિનારાપર કિલ્લેબંદીવાલું છે. આ શેહેર નસિરાબાદ અને નીમચ વચ્ચેની રેલ્વે લાઇનપરના ચિતોરના સ્ટેનથી પૂર્વે ૭૫ મૈલપર છે, તે સિવાય મુકુંદરા, સાંગોદ, પાટણ વગેરે મુખ્ય શેહેરો છે, રાજ્યના લશકરમાં ૭૦૦૦ સ્વાર, ૪૬૦૦ પેદલ અને ૧૧૯ તોપો છે.

કોટી—બુંદેલખંડમાં બંદાથી રેવાના માર્ગમાં આ જાગીરદાર શેહેર રેવાની ઉત્તર પશ્ચિમે ૪૬ ને બન્દાની દક્ષિણ પૂર્વે ૬૬ મૈલપર છે. આ જાહાગીર એક બુંદેલ સરદારના વંશજોને તાબે હોઇ તેમને તે ઇંગ્રેજોએ પોતાને બુંદેલ ખંડમાં લઢાઇ સમે કરેલી મદદને બદલે ૧૮૧૦ માં બક્ષેસમાં આપી હતી. સનદ મુજબ તેમને તાબે ૮૨ ગામો છે. ૧૮૫૨ માં. લાલામાંધૂસિંગ મરણ પામ્યો હતો, અને તેની જગાએ તેનો ભાઇ લાલાઅબદુલ સિંગ બેઠો હતો.

(૨) મુંબઈ ઇલાકામાં અહમદાબાદ જીલ્લાને તાબેનું આ ગામ, રાજકોટથી અહમદાબાદના માર્ગમાં અહમદાબાદની દક્ષિણ પશ્ચિમે ૩૨ મૈલપર છે.

(૩) સિંધના સાગર દુઆબવાલા ભાગમાં ચીનાબ નદીને કાંઠેનું ગામ એ મુલતાનની ઉત્તરે ૧૩ મૈલપર છે.

કોટેડાર—ફ્રાન્સની પૂર્વે આવેલો એક પ્રાંત, એ બર્ગંડીના જુના પ્રાંતમાં આવેલો છે, ક્ષેત્રફલ ૩૩૮૩ ચૌરસ મૈલ છે, ૧૮૯૧ માં લોકવસ્તી ૩૭૬૮૬૬ ની હતી.

કોટેશ્વર—આ કચ્છનું બંદર શેહેર હાલમાં જો કે નાહાની વસ્તીવાલું છે તોય ૭ મી સદીમાં એ પાંચ મૈલના ઘેરાવાવાલું હતું, એમ હ્યુએન નામના ચીનાઇ મુસાફરના ગ્રંથ ઉપરથી જણાયછે, તે વેળા એમાં ૮૦ મઠો હતાં. તથા સમ્મીતા પંથના ૫૦૦૦ બાવાઓ તેમાં વસતા હતા, તે શિવાય ૧૨ મંદીરો હતા, ગામની વચ્ચો વચમાં મહાદેવનું એક દેહેરું હતું. હાલમાં થોડાક મંદીરો શિવાય પ્રાચીન કાળનાં કશાં ચિન્હ જણાતાં નથી. આ મંદિરો ગામની વાયવ્ય દિશાએ એક ટેકડી ઉપર આવેલાં છે, જેમની આસપાસ એક મજબુત કોટ ચણી લીધેલો છે. આ મંદિરોના દરવાજા ઉપરના લેખ ઉપરથી જણાયછે કે કોટ તથા મંદિરો ક્ષત્રક્ષત્રી સુંદર સિવાજી તથા જેઠાશિવજીએ ૧૮૨૦ માં બંધાવ્યાં હતા. કોટની વચ્ચો વચમાં કોટેશ્વર મહાદેવનું સુંદર દેહેરું છે, અને તેની નજદીક કલ્યાણેશ્વરનું મંદીર છે, લોક વસ્તી ૩૫૦ ની રહી છે.

કોટોપેક્ષી—આ દુનિયાંમાં અતિ ઉંચો જવાળામુખી પર્વત ઇકવેડોરમાં એંડસ પર્વતની પૂર્વ હારમાં ઇકવેડોરની દક્ષિણે ૫૦ મૈલ ઉપર છે એ બરફથી છવાયલો છતાં ૧૯૫૫૦ ફીટ ઉંચોછે, એનું ઉપલું શિખર માત્ર ૪૪૦૦ ફીટ શંકુ આકારે ઉંચોછે, આ જવાળા મુખી ફાટવાની નોંધ નીચે મુજબ મળેછે.

૧૫૩૩, ૧૬૫૮, ૧૭૪૩, ૧૭૬૮ અને ઓગણીસમી સદીની શરૂઆતમાં ફાટી મોટી ખરાબી કરી હતી, તે પછી ૧૮૫૧ વેર આ પર્વત તદન ચુપ રહયો હતો પણ ૧૮૫૪-૫૬, ૧૮૭૭ અને ૧૮૮૦ માં ફરી ફાટયો હતો.

કોઠી—(જુઓ કવઠ.)

કોઠી ઝાડ—ગુજરાતમાં આ ઉદભિજ ઉગે છે. એની બે જાત આવે છે. એક કડવાં ને બીજા મીઠાં. કડવાં ફળ પુશકળ થાય છે, અને તેનું શાક બનાવવામાં આવે છે.

કોડી—આ પદાર્થ લકદીવ અને માલદીવમાં જડે છે, તેમજ જંજીબારમાં પણ તે મળી આવે છે. પ્રાચીન કાળથી હિંદુસ્થાનમાંના કેટલાક ભાગોમાં ચલણ તરીકે કોડી ચાલુ છે. હાલમાં એક પૈસાની ૯૬ કોડી મળે છે યાને રૂપ્યાની ૬૧૪૫ મળે છે. હિંદુસ્થાનમાં કોડીનીમાળા બનાવી ઢોરોનાં ગળામાં સણગાર તરીકે બાંધે છે. તુળજાપૂરમાં આવેલી અંબાબાઇ દેવીના પુજારી તથા ભક્તો કોડીની માળા ગળામાં પેહેરે છે. આ દેવી કોલ્હાપૂરના રાજાને લાં હોવાથી લગ્ન યા કોઇ પણ પ્રસંગે અમૂલ્ય રત્નજડીત અલંકારો પેહેર્યા છતાં તેમને કોડીની માળા પેહેરવી પડે છે.

જંગલી જાતોમાં કોડીનાં ઘરેણા પેહેરવાની ચાલ છે. નાગ જાતના પહાડી લોકો કોડીને ઉભી કાપી તેને કાળા કપડા ઉપર સીવી લઇ તેની ધાબળી બનાવે છે.

પ્રાચીનકાળમાં કોઇ શૂરવીર ચોકસ પરાક્રમ કરતો તો તેને રાજા તરફથી એકથી ત્રણ કોડીની માળા પેહેરવાનો અધિકાર મળતો. આવી માળા ત્રણ શેરથી વધારે વજનની પેહેરવામાં આવતી નહોતી. મી૦ મલ્હારાવ રામચંદ્ર મૂળે કૃત ગ્રંથમાં જણાવવામાં આવે છે કે, "તુળજાપૂરની અંબાબાઇ નામે દેવી જંગલી અને પહાડી પ્રજાની દેવી છે. તે સ્ત્રી છતાં તેણીએ રાક્ષસનો નાશ કર્યો તેથી તેઓને પોતાના શૂરપુરૂષોનું શૌર્યદર્શક અલંકાર તે તેણીને અર્પણ કર્યું. તેથી તેણીના ગળામાં એની સંખ્યાબંધ માળા ઓળેવલી હોય છે."

કોડીકામ—અથવા ચીનીકામ. આ સુંદર અને ઉપયોથી બનાવટનું કામ બનાવવાનું માન ચીનાઓએ મેળવ્યું છે અને તે નામ હજી સુધી તેઓ જાળવી શક્યા છે. યૂરપમાં તેની નકલ કરવામાં આવે છે તોપણ ચીનાઇ માલ જેવો ટકાઉ અને સુંદર તે બની શકતો નથી. ચીનમાં 'કિનસીંગ' માં તે બને છે.

યૂરપમાં પેહેલ વેહેલું પોર્ટુગીજોએ દાખલ કર્યું, પણ તેની બનાવટ છેક અઢારમી સદી-વેર કોઈ જાણી શકયું નહિ. આ કોડી કામ વિશે એક ફ્રેન્ચ પાદરીએ એના કારખાનાઓ જોઇને તે વિશે વિગતવારે એક પત્ર ફ્રાન્સ લખી મોકલવાથી તેની ઉપર ત્યાંના રસાયનીઓએ ધ્યાન આપવાથી ઈંગલંડમાં ડ્રેસડન ખાતે એક કારખાનું ઉઘાડવામાં આવ્યું. હાલ ફ્રાન્સમાં સેવેર્સ નામની જગા ઉપર એ કામ બનેછે, પણ ચીનના જેવું ટકાઉ અને સુંદર બનતું નથી. અસલ જમાનામાં ચીનીકામ વિશે ઉત્તમ વિચાર હતો. રોમના શેહેનશાહ આગસ્ટસે અલેકઝાન્ડ્રીયામાં લુટ ચલાવી ત્યારે તે અમૂલ્ય લુટમાંથી પોતાના હિસ્સા તરીકે તેણે એક કોડીનું પ્યાલું પસંદ કીધું. પલિની કહે છે કે ઇરાનમાં કેરમાનિયા ખાતે ચીની કામનું કારખાનું હતું. (જુઓ ચીની કામનો કૂનર)

કોંડાણે—(જુઓ સિંહગઢ)

કોડીનાર—આ કિલ્લાબંદીવાલું ગામ નદીના દક્ષિણ કાંઠાપર દરીયાથી ૩ મૈલપર છે. મોગલ સત્તાની પડતી પછી કસબાતીઓની સત્તા દરમ્યાન કોડીનાર પ્રસિદ્ધતાં પામ્યું. સાંપ્રત વખતમાં આ જાત અતિ પડતી હાલતમાં આવી પડીછે ને તેમને ડેકાણે બુખારી તથા કાદરી નામના બે સૈયદ કુટુંબોના મુખીઓ કોડીનારના સત્તાધારી થયા હતા, પણ જુનાગઢના નવાબે ગાયકવાડ સરકારને કોડીનાર મહાલમાં ઇ. સ. ૧૮૧૩ માં ભાગ આપ્યો ને ઉપલા બેઉ કુટુંબો પાસથી કલરાવ દેવાજીએ જાગીરો લઇ તેમને બદલા તરીકે જૂદા જૂદા નાહના ગામો આપ્યા. ગાયકવાડ સરકારે જૂનાગઢના નવાબની સમંતિથી અર્ધી ઉત્પતિ મેળવવા માંડી હતી અને તેને બદલે તેઓ દ્વારકા માહેલા એ થાણાનું રક્ષણ કરતા. કોડીનારમાં મુખ્ય વસ્તી સૈયદ, મેમણ, વાણીયા, લુહાણા, બ્રાહ્મણ, ફકીર, રજપૂત, ધોબી, ઢેડ વગેરેની છે. કોડીનારની ભૂમિ રસાળ હોવાથી ખેતી માટે ઉત્તમ ગણાય છે. ત્યાં ૩ જાતનાં ચલણ ચાલે છે. કુંપની સિક્કા, બાદશાહી સિક્કા તથા સ્પેનિશરાળ. આથી લેણદેણમાં ઘણો ગુંચવાડો પડેછે. આ ગુંચવાડો ટાળવા દિવાન રાજા સર. ટી. માધવરાવે ૧૮૭૮ માં રાળની કિંમત કુંપની સિક્કાના રૂ ૨-૫-૦ જેટલી સરકાર તથા રૈઅત વચ્ચે ના લેણ માટે ઠેરવી. કોડીનાર બંદર શેહેર હોઇ તેનો વેપાર મુંબઇ, કરાંચી, પોરબંદર ને માંગરોળ સાથે સિદ્ધો ચાલેછે. મુખ્ય નિકાસ કપાસ, ધાન્ય ને ઘી છે. ને અથાત ઘઉં, જુવાર, કાપડ તથા તેજાનાનો છે. કોડીનારથી નજદીકમાં દરિયા કિનારે 'પંચતિર્થ' એ નામની જગ્યા છે જ્યાં હિંદુઓ સ્નાન કરવા જાય છે. જે દ્વારકા યાત્રાએ જાય તે આ જગ્યાએ નહાય એટલે તેની યાત્રાનો આરંભ થયો એમ કહેવાય છે. કોડીનારમાં ૬૫૦૦ ની વસ્તી છે. ગામમાં વહિવટદાર, મુનસફ વગેરેની કચેરી તેમજ સરકારી નિશાળ ને પોસ્તઑફીસ છે.

કોઢ—(જુઓ કોહોડ.)

કોતરકામ—જવાહેરો ઉપર કોતરવાનો હુનર ઘણો પુરાણો ગણાય છે. પ્રાચીન ગ્રંથોમાં કોતરેલી મોહોર અને એવીજ બીજી ચીજો વિશેના એસારા મળે છે. શિલ્પકળા સાથે સંબંધ ધરાવતું લાકડા ઉપરનું કોતરકામ ભરતખંડમાં પ્રાચીનકાળથી જાણીતું છે. આર્ય પ્રજામાં ભપકાદાર મકાનોમાં રહેવાનો ચાલ નહોતો. તેઓ લાકડા ઉપર કોતરકામ કરાવેલી ચીજોની ઝાઝી જરૂર જોતા નહિ, તો પણ તેઓ પોતાના વખતમાં સુતારોને સારૂં માન આપતા; તેને તેઓ 'સૂત્રધાર' કહેતા, અને તે યૂદ્ધ પ્રસંગ માટે રથો બનાવતો ને સારથીનું પણ કામ કરતો. ઋગવેદમાં સુતાર માટે વર્ણન આપેલું છે, અને 'મનૂ'એ પોતાની સંહિતામાં તેમની એક જૂદી જાત માનેલી છે. રથ શિવાય પલંગ, સિંહાસન, દેવ્હારો વગેરે ઉપર ઉત્તમ કોતરકામ કરી જાણતા. બૃહત્સંહિતામાં તથા શિલ્પ શાસ્ત્રમાં ઝાડ ક્યારે કાપવું, કેમ કાપવું ને લાકડું

કાપી સૂકવી કેમ તૈયાર કરવું તેમજ તેની જણસો કેમ બનાવવી એ જણાવેલું છે. પલંગો ઉપર ઉત્તમ કોતરકામ આગલા વખતમાં થતું હતું અને તેમાં હાથીદાંત યા સૂન્નાની ચીપો બેસાડતા. તેઓ તહેં જાતના સિંહાસન બનાવતા. તેઓ સિંહોના પગપર સિંહના ચિત્રો કાઢતા હોવાથી તેને "સિંહાસન" નામ મળ્યું છે. પદ્મ સિંહાસનપર કમળના આકાર પાડતા, ગજ સિંહાસનપર હાથીના આકારમાં પગ બનાવતા. રાજ સિંહાસનના પગપર કમળ, શંખ, હંસ, સિંહ, હરણ વગેરે ચિત્રો કોતરતા. સંભાર નામના લાકડાનું આસન બનાવી તેનીપર સુન્નેરી નક્ષી કરી તેપર માણેક જડી સપાટીપર કમળકોરી પગપર કમળની કળીઓ બનાવતા ને તેને તેઓ 'પદ્મ સિંહાસન' કહેતા. ઉપલાજ લાકડાનું આસન બનાવી તેનીપર ચાંદી તથા ચકમકની નક્ષી પાડતા, પગપર શંખની આકૃતિ કોતરી તેને શંખ સિંહાસન કહેતા. આ સિંહાસન ઉપર ચિત્રો કોતરતા તેજ મુજબ હંસ સિંહાસનપર હંસની આકૃતિ કોતરતા; ગજ સિંહાસન ઘણું કરી સૂપરતું બનાવતા અને તેનીપર હિરા તથા મોતીની સિપો જડતા, તે શિવાય આગલા જમાનાંમાં કોચ, ખુર્સી, બાંક વગેરે બનાવતા ને તેના પગ ઉપર સિંહના પંજા યા ગરૂડનાં નખોની આકૃતિ કોતરતા હતા.

હાલમાં લાકડા તથા હસ્તદંતપર કોતકામ કરવાનો ઉધ્યોગ કાનડા, સૂરત, મુંબઈ, બિલિમોરા, ત્રાવનકોર, ત્રીચૂના પલ્લી, હળદગી રાયદુર્ગ, તિરકતુર, મદુરા, ઉદયગીર, કર્નૂલ, કોઈબતૂર, કૃષ્ણા, ગોદાવરી, સોરાબ અને સાગરમા ઉત્તમ પ્રકારે ચાલેછે. મદ્રાસ ઇલાકામાં ત્રાવણકોર તથા દક્ષિણ કાનડામાં ચંદન ઉપર ઉતમ કોતરકામ કરવામાં આવેછે. ચંદનની ચમરીઓ બનાવવાની હૂન્નરમંદી અતિ સૂક્ષમ કારીગરીનું પરીણામ છે. આ ચમરીઓ કાનડા તથા હોળકરના રાજ્યમાંના રાજપૂરમાં ઉત્તમ પ્રકારની બનેછે.

વાયવ્ય પ્રાંતમાં 'નગીના' ગામમાં લાકડા પર કોતરકામ કરેલી ટેબલ, ખુરસી, કબટ વગેરે ઉત્તમ ચીજો બનેછે. આગળ પેશવાઇ અમલદરમ્યાન નક્ષીકામ કરનારાઓને સારૂં ઉત્તેજન મળતું હતું. નાશકમાં પેશવાના ઉપાધ્યા હિંગણેના મેહેલપર અતિ ઉત્તમ પ્રકારનું કોતરકામ કરેલું જણાયછે. ત્યાંની એકજ બારીનો માત્ર નમુનો બનાવવા માટે તે મેહેલનું કોતરકામ કરનાર અસલ કારીગરના એક વંશજને આપ્યો હતો તેણે તે બારી દિવસો સુધી અતિશય મેહેનત કરી બનાવી આપી ત્યારે માત્ર એક બારીની કિંમત રૂ ૧૧૭ ની થઈ હતી, જ્યારે તે આખા મેહેલની કિંમત શું હશે ?. સાવંતવાડી, કાનડા અને મદ્રાસમાં વાસણો ઉપર પણ અતિ ઉત્તમ કારીગરી કરવામાં આવેછે.

પ્રાચીન ઇજીપશિયનો લાકડાના ટુકડા ઉપર જાડું કોતરકામ કરી તેને મોહોર તરીકે છાપ મારવાના કામમાં વાપરતા હતા. એજ મુજબ લાકડા ઉપર કોતરકામ કરવાનો હૂન્નર ચીનમાં ૧૧૨૦ માં દાખલ થયો હતો. ઈ.સ. ૧૪૦૦ માં પાના બનાવનારાઓએ આ રીત શોધી કાઢી અને તેનીપરથીજ ઈંગલંડમાં છાપવાનો હૂન્નર સૂજ પડયો હતો. કેટલાક કહેછે કે ફ્લોરેન્સ શેહેરના એક રહેવાશીએ અને બીજાઓના કહેવા મુજબ 'રૂસ' નામના જર્મને આ હૂન્નર શોધી કાઢયો. ૧૭૮૯ માં આ હુન્નર ઉંચી ટોચે ચઢયો હતો. લાકડાં ઉપરનું સૌથી અસલી નકસી કામ હાલના વખતમાં મળી આવ્યુંછે તે ઈ. સ. ૧૪૨૩ નું છે.

સાધારણ રીતે યુરપમાં એ હુનરની ફરી શોધ કરવાનું માન જરમનીને આપવામાં આવે છે. દાખલા તરીકે ત્યાંના કોલોં શહેરમાં છેક ૧૪૨૩ નાં વરસમાં સેંટ ક્રિસ્તોફર નામના સાધુની આકૃતી લાકડાંમાં કોતરવામાં આવી હતી. એ ઉપરાંત સેંટ સેબાસ્તીયનની આકૃતી સાથનો લાકડાંનો એક ટુકડો છેક ૧૪૩૭ ના સાલનો અને મેડોનાની ૧૪૧૮ નાં વરસની એક આકૃતી ત્યાંથી મળી આવી

છે. પણ બીજા હાથ ઉપર લાકડાંના રમવાનાં પાનાં, જે ઉપર રાજા, રાણી તથા ગુલામ કોતરવામાં આવ્યા હતા તે છેક ચૌદમી સદીની અધવચમાં ફ્રાન્સ ખાતે જાણીતાં હતાં. આ રીતે જરમની ખાતે લાકડાં ઉપર કોતરકામ થયું તે આગમજ ફ્રાનસમાં તે હુન્નર જાણીતો હતો એવો દાવો ફ્રાન્સ કરે છે. બીબલોથિક નેશોનેલવાળા મી૦ હેનરી બુચાઉએ હાલ જાહેર કરયું છે કે જીઝસ ક્રાઇસ્તને ક્રૉસ ઉપર ખીલા મારીને ઠોકી બેસાડવાના દેખાવ સાથનો લાકડાનો બહુ જુનો એક ટુકડો ફ્રાન્સના એક ભાગમાંથી મળી આવ્યો છે. આ દેખાવનો કેટલોક ભાગ જોકે ભાંગી ગયો છે તોપણ તેનો મોટો ભાગ સચવાઇ રહેલોછે અને તે ઉપર બીજા માણસોના જે ચિતાર પાડવામાં આવયા છે તેમના પોશાક ચઉદમી સદીના લોકોના જેવા છે, જેથી તે ટુકડો ૧૩૪૦ થી ૧૩૫૦ ના વખતનો ધારવામાં આવે છે.

પતરાં તથા લાકડાં ઉપર યુરપમાં કોતરકામનો ઉપ્યોગ ૧૫ મી સદીમાં શરૂ થયો હતો, હીરા ઉપર કોતરવાનું ૧૫૬૪ ને સુમારે શોધી કાઢયું, કાચ ઉપર કોતરણી કરવાની કરામત ૧૭૯૯ માં પેરીસ મધે ઘણી સંપૂર્ણતાએ આવી હતી. ઇ. સ. ૧૪૫૦ માં જર્મનીમાં કોતરેલા ત્રાંબાના પતરાં ઉપરથી છાપ લેવામાં આવતો. ઇટલીમાં ૧૪૬૦ માં 'એકવાફારટીસ નામના તેજાબથી ત્રાંબા ઉપર કોતરવાનો હુન્નર ફ્રાન્સીસ મઝાઉલી નામના શખ્સે ૧૫૩૨ ને સુમારે શોધી કાઢયો. પથ્થરપર કોતરણી કરવાનું એલોઇસ સેનીફેલ્ડર નામના શખ્સે શોધી કાઢયું, ૧૭૯૮ માં એ શોધની યૂરપખંડમાં ખબર પડી અને ૧૮૧૭ માં 'ચાકરમન' નામના શખ્સે ઈંગલંડમાં દાખલ કીધો.

ઓપેલા લોઢાં ઉપર ૧૮૧૯ માં ફીલાડેલ્ફીયાના પરકિન્સ અને હીથ નામના શખ્સે કોતરવાની કળા ઇંગલંડમાં દાખલ કરી. હાલમાં આજ હુન્નરથી બેંક નોટ છાપવામાં આવેછે.

કોતાગીરી—મદ્રાસ ઇલાકામાં મલબારને તાબે આ એક નાહનું હવા પાણી માટેનું જાણીતું મથક નિલગીરિને લગતું છે. આ મથક સમુદ્ર સપાટીથી ૬૦૦૦ ફીટ ઉંચે છે. અત્રે પડતા વર્સાદનો જોશ દક્ષિણ પૂર્વ તરફ આવેલા દોદાબીતાના પર્વતની હારથી અતિ ઓછો થાયછે. આ પર્વતની હાર તદન નજદીક આવેલીછે. અત્રે વર્સાદમાં ૫૦ ઇંચ વર્સાદ પડે છે.

કોથખાઈ—સતલજ અને ટોન્સ નદીની વચમાં આવેલું એક પહાડી રાજ્ય; એની ઉત્તરે બૂશેહેર અને સનડોચનો બ્રિટીશ પ્રાંત, પૂર્વે બૂશેહેર અને ટયૂરોહ, દક્ષિણે પુન્દુર અને પશ્ચિમે બુલસન તથા કામહરસીન. આ રાજ્ય ઉત્તર દક્ષિણ ૧૨ મૈલ અને પૂર્વ પશ્ચિમ ૬ મૈલ ઉપર છે. એ પૂર્વ ભાગના બીણનો એક ભાગ હોઇ તેમાં ઉત્તરે વર્તૂ પર્વત ને દક્ષિણે ચૂર પર્વત દાખલ થાય છે. પર્વતની હારની પશ્ચિમ બાજુએ ગીરિ નદી અને તેની શાખાઓ વહે છે. પૂર્વ ભણી સતલજના અનેક ફાંટાઓ વહે છે. એની બીણનો દક્ષિણ ભાગ જંગલથી ભરપૂર છે. આ રાજ્યના આગલા રાજ્યકરતાના આગલા વંશથી ઉતરેલો એક રાણો ઘણો જુલમી નિવડવાથી તેને ૧૮૨૮ માં પદભ્રષ્ટ કરી કોથખાઇ બ્રીટીશ રાજ્ય સાથે જોડી આગલા રાજાના સગાને નામનો રાજા બનાવી ગાદીએ બેસાડયો હતો.

કોથખાઇ—એજ નામના દેશી રાજ્યનું મુખ્ય શેહેર ગીરિ નદીને કાંઠે કુદરતી મનોહર જગાપર આવેલું છે. અતરે બે જાણીતી સુંદર ઇમારતો છે, તેમાંનો એકમાં આગલા પદભ્રષ્ટ રાજાના સગાઓ રહે છે, ને બીજામાં ત્યાંના રાજ્યકર્તા રહે છે. શેહેર સમુદ્ર સપાટીથી ૫૫૨૫ ફીટ ઉપર છે.

કોથમિર—આ દરરોજની અતિ ઉપયોગી ઉદભિજ સર્વત્ર પ્રસિદ્ધ છે. એના છોડપર આવતાં બિયાંને ધાણા કહે છે. ધાણાનો તથા કોથમિરનો ઉપયોગ મસાલો બનાવવામાં કરે છે. ધાણાં ખોખરાં કરીને વાવવાથી થોડા

દિવસમાં કોથમિર ઉગી નિકળે છે. કોથમિરની ભાજી, ચટણી, વડાં વગેરે બનાવવામાં આવેછે. ઔષધિમાં કોથમિરનાં બિયાં (ધાણા) અતિ ઉપયોગી પદાર્થ ગણાય છે. અરૂચિ ઉપર ધાણાં, એલચી અને મરીની ભૂકી ઘી તથા સાકર સાથે ખાવા અપાય છે. તાપ ઉપર ધાણાં, દેવદાર, સૂંઠ ભોરિંગણી, ડોરલીનો કાઢો પાય છે.

યૂરપમાં કોથમિરનાં છોડ એકથી બે ફીટ ઉંચા વધે છે. તે તરફ એનું જન્મવતન દક્ષિણ અને પૂર્વ યૂરપમાં ગણાયછે. આ ઉદ્ભિજ પોતાના ફળ (ધાણા) માટે પ્રાચીન કાળથી જાણીતુંછે. ઈંગલાંડના જૂજ ભાગમાં એની ભાજી ઉગાડવામાં આવે છે, પણ તે બ્રિટન, જર્મની અને કેટલાક યૂરોપીયન દેશોમાં ઝાઝી વાપરવામાં આવતી નથી. એની ઉપર આવતાં ફળો તે તરફ સ્વાદદાર ને મિઠા ઉગે છે. તે તરફ એના ધાણાં લોહી સુધારનાર તથા રેચક ઔષધિમાં વાપરે છે, તેમજ દારૂમાં સોહરમ આપવા થકી પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. "કનફેકશનરો" ધાણાને ચાસપાક એક પ્રકારની તેની મીઠાઈ બનાવે છે.

કોથી—હિંદુસ્થાનમાંનું એક નાહનું પહાડી રાજ્ય. એની ઉત્તરે ભોગી, પૂર્વે મૂદહાન, દક્ષિણે સીમલા અને કયનથલ તથા પશ્ચિમે પતિયાનું રાજ્ય. ક્ષેત્રફળ ૩૫ચોરસ મૈલછે. આ રાજ્યમાં જ્યાં ત્યાં ઉંચા પર્વતો આવેલાં છે. એને તાબે પાંચ પ્રગણા હોઇ તેમાં ૩૨૦૦ ની વસ્તી છે. વાર્ષીક ઉપજ ૪૦૦ પૌંડની છે.

કોદરા—સર્વ જાતના ધાન્યમાં અતિ હલકી પ્રતિનું આ ધાન્ય ગણેલું છે. એની ૪ જાતો છે. રાજેશ્વરી, શિવેશ્વરી, હરકોણી અને મેણા કોદરા. મેણા કોદરાની જાત વધારે જાણીતી છે. 'આર્ય ભિષેક' મુજબ મેણા કોદરા ખાવાના ઉપયોગમાં લીધાથી પેહેલાં તેની જે આકૃતિ કરવાની છે તે જો નહિ કરતાં ખાવામાં લે તો તેથી મોટો અવગુણ થઇ ઉલટી, જુલાબ, એવા વિકાર થાયછે. આંખો આવેછે, ચિત્ત ભ્રમ થાયછે, ગલાની આવી કેફ ચઢે છે અને કોઇ સમયે પ્રાણ પણ જાયછે. તે થકી મેણા કોદરા ખાવામાં લેવા પેહેલાં તેને એક દિવસ પાણીમાં પલાળી રાખી પછી સ્વચ્છ ધોઇ બે દિવસ તડકામાં સૂકવવાથી તેનો અવગુણકારક ખવાસ મટેછે અને પછીજ તે ખાવા લાયક બને છે. કોદ્રા મોટી રાઇ જેવા રાતા, પિળા રંગના હોયછે.

કોનગ્રેસ—જૂદા જૂદા રાજ્યના અથવા એક રાજ્યના જૂદા જૂદા દેશોનાં પ્રતિનિધીઓએ એકત્ર થઇ તે સભામાં રાજદુવારી હકકો માટે વિચાર કરવાનું જે મંડળ તે કોનગ્રેસ. અમેરિકા આ મંડળની સ્થાપના માટે પેહેલ કાઢનાર દેશ ગણાયછે, તેમ ત્યાં કોનગ્રેસો જૂદી જૂદી તેમથી ભરવામાં આવી હતી. રાજ્ય દુઆરી હક્ક યા લઢાઇ સંબંધી, ધર્મ સંબંધી, અને વિદ્યા કૂનર સંબંધી. પોતાની સ્થિતિ સુધારવા માટે પેહેલી કોનગ્રેસ ઇ. સ. ૧૭૫૭માં ૭મી ઓકટોંબરે ભરવામાં આવી હતી. જૂદા જૂદા રાજ્યોના પ્રતિનીધિઓના સુલ્હેના કોલકરાર માટે પેહેલી કોનગ્રેસ ઇ. સ. ૧૮૧૫ માં 'વિયેના ખાતે મળી હતી. ૧૮૧૯ માં કાર્લસબેડની કોનગ્રેસ જર્મનીની રાજ્યવ્યવસ્તા માટે મળી હતી. તે બાદ રશીયન લઢાઇ પછી ૧૮૫૪–૫૫ માં પારિસમાં મળી હતી. હિંદુસ્થાનમાં કોંનગ્રેસની પેહેલી સ્થાપના મહા પ્રતાપી મારકવિસ ઑફ લોર્ડ રીપનના અમલ પછી ઇ. સ. ૧૮૮૫ માં થઇ હતી.

આ ઇન્ડીઅન નેશનલ કોંનગ્રેસનો પાયો ૧૮૮૫ માં મુંબઇ શેહેર મધે હિંદના નામીચા ખેરખાહો સર વિલીયમ વેદરબર્ન, મી૦ એ૦ ઓ૦ હ્યુમ, મી૦ દાદાભાઇ નવરોજજી, મી૦ વોમેશચંદ્ર બોનરજી, જાણીતા ન્યાયાધિશ મહાદેવ ગોવિંદ રાનડે સી. આઇ. ઈ. એમ. એ. એલ. એલ. બી, કાશીનાથ ત્રીંબક તેલંગ; ઑ૦ શ્રીરાઝશાહ મેહેરવાનજી મેહેતા, ઑ૦ સુરેન્દ્રનાથ બોનરજી, જસ્ટીસ બદરૂદ્દીન તૈઅબજી અને જસ્ટીસ ચંદ્રાવરકરની આગેવાની હેઠળ નાખવામાં આવ્યો હતો.

હિંદમાં કોનગ્રેસનો મેલાવડો દર વર્ષે જૂદા જૂદા દેશના મુખ્ય શેહેરમાં ડીસેંબર માસની આખેરીમાં ભરાય છે. આ કોનગ્રેસ ફકત ૩ દિવસ મળે છે. પેહેલે દહાડે રીસેપશન કમિટીનો સરનશીન ગામેગામથી આવેલા દેલીગેતોને આવકાર દેનારૂં ભાષણ કરેછે અને ત્યાર પછી કોનગ્રેસનો નેમાયલો પ્રમુખ પોતાનું ભાષણ કરે છે. આ પ્રમુખનું ભાષણ અતિ વિદ્વત્તા ભર્યું હોયછે. આ ભાષણમાં તમામ હિંદુસ્થાન દેશની રાજ્યનીતિનો તુલોતવિલ સાર સમાયલો હોયછે, તેમજ દેશમાં ચરવાતા રાજદુવારી સવાલોપર ઘણીજ ઉંચી વિદ્વત્તાથી વિવેચન કરવામાં આવેછે. બાકીના કોનગ્રેસનાં બે દહાડા જૂદા જૂદા ઠરાવોપર દરખાસ્ત કરનાર અને ટેકો આપનારા ભાષણોથી પસાર થાયછે.

કોનગ્રેસનો ૩ દિવસના બેહક માટેનો ખરચ લગભગ ૫૦,૦૦૦ રૂપ્યાનો બેસેછે, તેમાં હિંદના જૂદા જૂદા ભાગોમાંથી ૮૦૦ દેલીગેતો હાજરી આપેછે. દરેક દેલીગેત ૧૦ રૂપ્યાની ફી ભરેછે. આ 'ફી' થી ૮૦૦૦ રૂપ્યાની ઉપજ થાયછે. બીજું બ્રાતાજનો પાસથી ત્રણ દિવસની ટીકીટના પાંચ રૂપ્યા લેવામાં આવેછે અને તેથી મોટી ઉપજ થાયછે. બાકીની ઘટ રીસેપસન કમિટિ ફંડ ઉઘરાવીને પુરી કરેછે, જેફંડમાં આખા હિંદુસ્થાનનાં શેહેરો પોતપોતાની ગુંજાસ પ્રમાણે ફાલો આપેછે.

* કોનગ્રેસનો મંડપ ૩૦૦૦ થી ૫૦૦૦ બ્રાતાજનોની સગડ થાય તેવો બાંધવામાં અને તેમાં ઉજાસ હવા તથા દરેકની સગવડ સચવાય એવી કૂનર મંદીરથી બનાવી સણગારવામાં આવેછે. મંડપમાં દાખલ થવાના દરવાજાની છેક સામી તરફ એક તખતો ઉભો કરવામાં આવેછે. જેઓ ભાષણ કરવાનાં હોય તેમને તેપર બેસવાદેવામાં આવેછે. તખતાપર બીજી જગા નામાંકિત પરોણાઓ, જેમને હાજર થવા માટે કોનગ્રેસ પોતે ઇજન મોકલેછે તેઓને માટે રાખેલી હોયછે. તખતા નીચે 'રીપોર્ટરો' થકી મોટી ટેબલ માંડવામાં આવે છે, જ્યાં તમામ દેશમાંથી આવેલા રીપોર્ટરો ૪૦ થી ૬૦ ની સંખ્યામાં બેસે છે, પણ કોંનગ્રેસનો ખાસ રિપોર્ટ લેવા ૩ દિવસ માટે કોઇ બાહોશ 'શૉર્ટહેંડરાઇટર'ને ૩ ૨૦૦૦ થી ૩૦૦૦ નાં લવાજમે રોકવામાં આવેછે. આ રીપોર્ટર કોઇ વેળા છેક ઇંગલંડથી તો કોઈ વેળા હિંદમાંથીજ ચુંટી કાઢી રોકવામાં આવેછે, અને તેને ખાસ પલેતફૉર્મ ઉપરજ જગા મળેછે.

જૂદા જૂદા દેશના દેલીગેટો માટે ખંડો બનાવેલાં હોયછે જ્યાં તે દેશના દેલીગેતો બીરાજેછે. કોનગ્રેસના મંડપ નજદીક જૂદી જૂદી ઑફીસો માટે તંબુઓ ઉભા કરવામાં આવેછે. એક પોસ્ત ઑફીસનો બીજો લાયબ્રેરીનો, ત્રીજો તાર વગેરે લખવાનો, ચોથો ઇનકવાયરી ઑફીસનો, પાંચમો બુંબાખાના માટે, છઠો છાપાખાનાનો, સાતમો રીફરેશમેંટનો અને એવાજ બીજાં તંબુઓ ખાસ સગવડ માટે ઉભા કરવામાં આવેછે, આ ત્રણ દિવસ કોનગ્રેસના કારોબારી દેલીગેટોને દરેક સગવડ મળે તે માટે બારે ઇંતેજારીથી કામ બજાવેછે અને ઉપલાં કામો ખાસ પોતાના માનસો પાસેથી બજાવેછે.

'હિંદી નેશનલ કોનગ્રેસે પોતાની સ્થાપના થયા પછીથી અગત્યનાં વેહવાર સવાલો હાથ ધર્યા હતા, તેઓમાંનો એક દેશમાંના ઉદ્યોગ કૂનરોને મજબુત કરવા, નવા ઉદ્યોગો દાખલ કરવા અને તેમને બરની ઉંચામાં

* નીચલા જૂદા જૂદા વર્ષોમાં નીચે મુજબ દેલીગેતોએ કોનગ્રેસમાં ભાગ લીધો હતોઃ—

ઇસવી સન.	દેલીગેતોની સંખ્યા.	ઇસવી સન.	દેલીગેતોની સંખ્યા.	ઇસવી સન.	દેલીગેતોની સંખ્યા
૧૮૮૫	૭૨	૧૮૯૧	૮૧૨	૧૮૯૭	૬૯૨
૧૮૮૬	૪૩૬	૧૮૯૨	૬૨૫	૧૯૦૨	૫૦૦
૧૮૮૭	૬૦૭	૧૮૯૩	૮૬૩		
૧૮૮૮	૧૨૪૮	૧૮૯૪	૧૨૦૦		
૧૮૮૯	૧૮૪૯	૧૮૯૫	૧૫૪૮		
૧૮૯૦	૬૭૦	૧૮૯૬	૭૮૪		

ઉંચી કેળવણી પ્રજાને મળે એવી ગોઠવણ કરવાને લગતો હતો, તે સવાલની ફત્તેહનો આધાર પ્રજાના આગેવાનોએ તેમજ હિંદની વડી નામદાર સરકાર સાથે હાથ મેળવીને કામ લેવા ઉપર હતો, તે બીના કૉંનગ્રેસના આગેવાનોએ પ્રથમથી ધ્યાનમાં રાખી, પોતાની તરફથી તે માટેનો વેહવાર દાખલો બેસાડવાના ઉપાયો લીધા હતા. મુંબઇની વિક્ટોરિયા જુબીલી ટેકનિકલ ઇન્સ્ટીટયુટ તથા ઇલાકાનાં અને દેશના બીજા કેટલાક ભાગોમાં ચાલતી ધણીખરી ઉદ્યોગ કૂન્નરની કેલવણી આપનારી શાળાઓ ઉભી કરવામાં અને કરાવવામાં આગેવાન ભાગ હિંદી પ્રજાકિય કૉંનગ્રેસના આગેવાનોએ લીધો હતો, અને તેઓની ભલામણથી તથા સલ્લાથી શ્રીમંત હિંદી ગ્રહસ્થો અને બાનુઓએ તે કામના સંબંધમાં નાણાની સારી મદદો કરી પોતાની સ્વદેશ ભક્તિ બતાવી આપી કૉંનગ્રેસના શુભ કામમાં દીનપરદીન ઉલટમંદ ભાગ લેતા જણાયછે, તે ઉપરાંત ૧૯૦૧ થી કલકત્તામાં રાષ્ટ્રીય સભા ટાકણે પોતાના દેશના કૂન્નર ઉદ્યોગની ખીલવણી માટે દરસાલ પ્રદક્ષણ ભરવાની શરૂઆત કરી તે ચાલુ દરસાલ ભરવાની કોશેસ અમલમાં મેળી હતી.

આ મહાન વાર્ષિક મોહોત્સવ પ્રસંગે હિંદુસ્તાનમાં માન પામેલાં આગેવાન ગ્રસ્થોનેજ વડા પ્રમુખની જગ્યા આપવામાં આવેછે, ઇ૰ સ૰ ૧૯૦૨ સુધી ૧૮ રાષ્ટ્રીય સભા ભરાઇ હતી અને તેના નીચલા માનવંત અધ્યક્ષસ્થાને બીરાજ્યા હતા:—

ઇ. સ. ૧૮૮૫ માં મુંબઇમાં મળી તે વેળા પ્રમુખ મી૰ ડબલ્યુ સી. બોનરજી હતા.
,, ૧૮૮૬ માં કલકત્તામાં મળી તે વેળા પ્રમુખ—પ્રોફેસર દાદાભાઇ નવરોજી હતા.
,, ૧૮૮૭ માં મદ્રાસમાં મળી તે વેળા પ્રમુખ—જસ્ટીસ બદરૂદ્દીન તૈઅબજી હતા.
,, ૧૮૮૮ માં કલકત્તા મળી તે વેળા પ્રમુખ—મી૰ જ્યોર્જ મુલ હતા.
,, ૧૮૮૯ માં મળી તે વેળા પ્રમુખ—મી૰ વિલ્યમ વેડબર્ન હતા.
,, ૧૮૯૦ માં કલકતામાં મળી તે વેળા પ્રમુખ—ઑ૰ ફીરોજશાહ મેરવાનજી મેહેતા હતા.
,, ૧૮૯૧ માં નાગપુરમાં મળી તે વેળા પ્રમુખ રાવબહાદુર આનંદાચાર્લુ હતા.
,, ૧૮૯૨ માં અલાહબાદમાં મળી તે વેળા પ્રમુખ—મી૰ ડબલ્યુ સી. બોનરજી હતા.
,, ૧૮૯૩ માં લાહોરમાં મળી તે વેળા પ્રમુખ—પ્રોફેસર દાદાભઈ નવરોજજી હતા.
,, ૧૮૯૪ માં મદ્રાસમાં મળી તે વેળા પ્રમુખ—મી૰ આલ્ફ્રેડ વેબ હતા.
,, ૧૮૯૫ માં પુનામાં મળી તે વેળા પ્રમુખ—ઑ૰ સુરેન્દ્રનાથ બોનરજી હતા.
,, ૧૮૯૬ માં મદ્રાસમાં મળી તે વેળા પ્રમુખ—મી૰ રહિમતુલ્લા સયાની હતા.
,, ૧૮૯૭ માં ઉમરાવતીમાં મળી તે વેળા પ્રમુખ—ઑ૰ શંકર નાયર હતા.
,, ૧૮૯૮ માં મદ્રાસમાં મળી તે વેળા પ્રમુખ—ઑ૰ આનંદમોહન વસુ હતા.
,, ૧૮૯૯ માં લખનોરમાં મળી તે વેળા પ્રમુખ—મી૰ રોમેશચંદ્ર દત્ત હતા.
,, ૧૯૦૦ માં લાહોરમાં મળી તે વેળા પ્રમુખ—જસ્ટીસ નારાયણ ગણેશ ચંદરાવરકર હતા.
,, ૧૯૦૧ માં કલકતામાં મળી તે વેળા પ્રમુખ—મી૰ દીનશાહ એદલજી વાછા હતા.
આ કૉંનગ્રેસનો પ્રસંગ એટલા માટે વધારે ધ્યાન ખેંચેછે કે, આ વખતથી પ્રદક્ષણ ભરી દેશના વેપાર કૂન્નરને ઉતેજન આપવાની આ સભાના આગેવાનોએ શરૂઆત કરી.
,, ૧૯૦૨ માં અમદાવાદમાં મળી તે વેળા પ્રમુખ—ઑ૰ સુરેન્દ્રનાથ બોનરજી હતા. આ પ્રદક્ષણ માહારાજા સર સયાજીરાવ ગાયકવાડ જી. સી. એસ. આઇ.ના પ્રમુખપણા હેઠળ ખુલ્લું મેળાયું હતું—તથા મુંબઇના નામદાર ગવરનર લૉર્ડ નૉર્થકોટે મુરબીપણું સ્વિકાર્યું હતું.

કેનડ્રમ્સ—મીલમાં તાનાખાતામાં કાંજી આપવાના ભાગનું એક યંત્ર. કેનડ્રમ્સ પગરોકો હોઇ તેનીપર ચામડાનો પટો મેળેલો હોયછે, જેનું કામ આગલા બીમને ધીમે થા ઉતાવળે ચલાવવાનું હોયછે. આ કેનડ્રમ્સ હમેશાં બે હોયછે.

કેનડર—આ પક્ષિ દક્ષિણ અમેરિકાનાં જંગલોમાં એંડીઝ પર્વત તરફ વસતું જણાયછે. આ પક્ષી માંસહારી હોઇ રાક્ષસી ગણાય છે. તે મુખ્ય કરી મેઢાં, બતકાં વગેરેને ખાવામાં મોટી મોજ સમજે છે. તે કદ તથા વજનમાં ભારે મોટો હોયછે. તેની ચાંચ એટલી તો જબરી હોયછે કે એક ઘાથી તે મનુષ્યનું ટાળકું ચીરી નાખે છે. આ પક્ષી ગરૂડ કરતાં પણ વધારે ઉંચે ઉડી શકે છે. યાને ૬ મૈલ કરતાં વધારે ઉંચે તે ઉડતું જણાયું છે. આ પક્ષીના પાંખનો ઘેરાવો ૧૫ ફીટનો હોઇ તે રંગે કાળાં ને ઝાંખા બલુ રંગનો ચળક મારે છે. એની ચાંચ મૂળમાં કાળી ને અણીપર પિળી હોયછે.

અમેરિકાના ઇંડીયનો એનો શેકાર ભારે મુસીબત અને બહાદુરીથી કરે છે. એનો શેકાર કરવા દસથી બાર જણા ઘોડેસ્વાર થઇ સાથે નિકળેછે અને તેને જમીનપર બેઠેલું જોતાં શેકારીઓ તેની પાછળ દોડેછે કે પોતાની પાંખો હલાવતું ઉંચે ઉડે છે કે પેલા ચંચળ શેકારીઓ ચપળાઇથી દોરડાંનો ફાંસો તેના ગળામાં નાખી તાણે છે, ત્યારે તે ફાસાથી ગુંગળાઇ જમીનપર પડેછે ને ગોળ ગોળ ફર્યા કરે છે, તેથી પોતેજ હાંફી જાયછે. આ વેળા સાહુચેતી ન રાખી હોય તો તે ઘોડાને તથા સ્વારને જખમી કરવા ચુકતું નથી. કેટલીક વેળા તે એટલું તો જોર કરે છે કે શેકારીને ઉંચકી ઉડે છે પણ સામટા બળ સામે નાચાર થઇ પછડાઇ પડે છે.

આ પક્ષી નવેંબર તથા ડીસેંબરમાં બે ઇંડા મેળે છે અને તેને સેવી તેમાંથી બચ્ચાં કાઢે છે. આ બચ્ચાં એક વર્ષવેર ઝાઝાં ઉડી શકતાં નથી.

કેન્દ્રાપૂર—મદ્રાસ ઇલાકામાં ઉત્તર કેનેરાના ભાગ માહેલા પેટા વિભાગનું મુખ્ય મથક. આ ગામ ઘાટમાંથી વહેતી પાંચ નદીઓની ખાડીઓને કિનારે છે. આ ખાડીઓમાં નાહની હોડીઓ માત્ર ફરહર કરી શકે છે. એની આસપાસનો પ્રદેશ ફળદ્રુપ હોઇ શેહેરથી થોડે દૂર પોર્ટુગીજોએ બાંધેલો એક ગંજાવર કિલ્લો છે. આ શેહેરમાં લગભગ ૩૦૦ ઉપર ઘરો છે. ૧૬ મી સદીમાં અત્રે પોર્ટુગીજ અમલ ચાલુ હતો, પણ ૧૫૬૫ માં વિજ્યાનગરની રાજ્યસત્તા તળે તે આવી ગયું હતું. તે પછી બેદનોરને તાબે થયું પણ ૧૭૫૬ માં હૈદરઅલીની તેપર સત્તા સ્થાપન થઇ પણ ૧૭૯૯ માં ટીપુની હાર પછી બ્રિટીશ સરકારને તાબે થયું હતું. આ શેહેર માંગલોરની ઉત્તરે ૫૩ ને મુંબઇની દક્ષિણે ૩૯૦ મૈલપર છે.

કેન્દ્રેપેલી—મદ્રાસ ઇલાકામાં મછલીપટણના બ્રિટીશ જીલ્લામાં આ એક પહાડી કિલ્લો છે. આ કિલ્લો સમુદ્ર સપાટીથી ૧૭૦૦ ફીટ ઉંચો છે, આગળ આ કિલ્લો પોતાની મજબુતાઇ માટે વખણાયો હતો, પણ હાલમાં તે પડત હાલતે પુગો છે. મદ્રાસની ઉત્તરે ૨૪૫ મૈલપર અને મચ્છલીપટણની ઉત્તર પશ્ચિમે ૫૨ મૈલપર છે.

કેનરાડ—કાર્લોવિંહજીઅન વંશના છેલ્લા બાળ રાજા લુઇ ધી ચાઇલ્ડ ઇ. સ. ૯૧૧ માં મરણ પામતા આ ફ્રેન્ક ડયૂકે પ્રજાની સમતિથી રાજ્યપદ મેળવ્યું. તેણે રાજ્ય સત્તા હાથ લેતાંજ સેક્સનીના ડયૂક હેન્રિ સાથે કલહ કરવા માંડયો. એના અમલમાં મેઝના આર્ચ બિશપ હાટોએ હેન્રિને એક સુવાની ચાંપવાલી કંઠી ભેટ આપી. આ ઘરેણામાં કમાનથી એક વિચિત્ર બનાવટ કરી હતી તેથી તે ઘરેણું ગળામાં પેહેરતાંજ તે ગળામાં મજબુત દબાઇ બેસતું. હેન્રિએ તે ઘરેણું ગળામાં પેહેરતાં તેનો દમ ગુંગળાઇ જવા માંડયો કે તુરત કંઠી કપાવી નાખી પ્રપંચથી બચ્યો હતો. આથી હેન્રિએ આર્ચબિશપ ઉપર ચઢાઇ કરી પણ ફ્રેન્કો હાર્યા હતા. એનું મરણ ૯૧૯ માં નિપજ્યું.

કોનરાડ ૨ જો—ડ્યૂક ઑવ ફ્રેન્કોનિયા હરમનનો એ બેટો. ઈ. સ. ૧૦૨૪ માં જર્મનીના પાદશાહ તરીકે ચુટણીથી નેમાયેા. ઈ. સ. ૧૦૨૭ માં રેામ ખાતે પૂર્વ તરફના પાદશાહ તરીકે તાજ પેહેર્યું હતું, અને ૧૦૩૩ માં ફ્રીંગરૂડાલ્ફ ૩ જાએ પેાતાના વિલમાં એને રાજ્યગાદીનેા માલેક ઠેરવ્યાથી એ બર્ગંડીના તખ્તપર પણ હક્ક ધરાવવા લાગેા. મરણ ૧૦૩૯ માં નિપજ્યું.

કોનરૉડ ૩ જો—ફ્રેડરીક ડ્યૂક ઑવ સ્યૂબિયાનેા એક પુત્ર. ૧૧૩૮ માં જર્મનીના શેહેનશાહ તરીકે ચુટણીથી નેમાયેા. તે પછી ડ્યૂક ઑવ સેકસની અને બવેરિયન સાથે લઢાઇમાં ગુંતાઇ ઈ. સ. ૧૧૪૭ માં એ ૭ મા લુઇ સાથે ક્રૂસેડની લઢાઇપર ગયેા હતેા, પણ હાર ખાઇ પાછેા આવતાં ૧૧૫૨ માં બામ-બિજમાં મરણ પામ્યેા હતેા.

કોનવે—કારનરવૉન શાયરમાં ઉત્તર વેલ્સનું આ નાહનું સુંદર બંદર શેહેર કોનવે નદીના ડાબા કાંઠાપર ચેસ્ટરની પશ્ચિમે ઉત્તર પશ્ચિમે ૪૫½ મૈલપર છે. નદીપર એક ૪૧૨ ફીટ લાંબેા પૂલ છે. શેહેર ત્રીકેાણાકાર બાંધણીનું હેાઇ શેહેરની ચેાતરફ ૧૨ ફીટ ઉંચી ને ૧ મૈલ લાંબા ઘેરાવાવાલી દેવાલ ફરી વળેલી છે. તેને ૨૧ બુરજો અને ૪ મેાટા દરવાજાથી સણગારેલું છે. દક્ષિણ પૂર્વ ભાગમાં એક પુરાણેા કિલ્લેા અર્લ ઑવ ચેસ્ટરે બાંધ્યેા હતેા જેને ૧ લા એડવર્ડ ૧૨૮૪ માં ફરી બંધાવ્યેા હતેા. એની દેવાલ ૧૨ થી ૧૫ ફીટ જાડી હેાઇ તેને ૮ બુરજોથી ટેકાવેલી છે. લેાક વસ્તી ૩૪૬૭ની છે.

કોન્સટન્સ—(૧) સ્વિતઝરલેંડની દક્ષાન્યે એજ નામના સરેાવરનું ગામ, આ ગામ ગ્રાંડ ડચી ઑવ બેડન નામના પ્રાંતનું મુખ્ય શેહેર છે. અત્રેથી રેહેન કોન્સન્સ સરેાવરમાં દાખલ થઇ ૪૫ મૈલ માહેથી વહેતી ઝેલ સરેાવરમાં દાખલ થાયછે. આ ગામ નાહનું પણ કુદરતિ મનેાહરતા વચ્ચે હેાવાથી જાણીતું છે.

(૨) આ ગામ એજ નામના સરેાવરને કાંઠે છે. એને 'બેડન સી' પણ કહે છે. આ સરેાવરની એક બાજુએ જર્મની અને બવેરિયાના દેશેા ને બીજી બાજુએ સ્વિતઝરલેંડ આવેલું હેાઇ તેના ૧૬૦ મૈલ લાંબા કાંઠાપર પાંચ રાજ્યેા આવેલાં છે. સરેાવર ૪૫ મૈલ લાંબેા ને ૯ મૈલ પેાહેળેા છે. ૧૮૭૯–૮૦માં કકડતી થંડીને લીધે આ સરેાવર તમામ બંધાઇ ગયેા હતેા.

કોન્સ્ટનટાઈન ૧ લેા—આ રેામનેા શેહેનશાહ ઈ. સ. ૩૦૬ થી ૩૩૭ સુધી મેાટેા રાજ્ય અમલ ભેાગવી ગયેાછે. એનેા જન્મ ઈ. સ. ૨૭૪ માં 'અપર માસિયા'માં 'નાયસિયસ'માં થયેા હતેા. એના પિતાના મેાત બાદ એ ઈ. સ. ૩૦૬ માં ગાદીનશીન થયેા. એણે મેકસેનટીયસને મેલીવ્હિયન બ્રીજ' પાસે ૨૮ મી અકટેાંબર ૩૧૨ માં હરાવી પેાતાના શુરાતમનેા સર્વત્ર છાપ બેસાડયેા હતેા. ઈ. સ. ૩૧૩ ના માર્ચમાં મિલાન ખાતે એણે ખ્રિસ્તીધર્મ સ્વિકાર્યેા હતેા. તે પછી ૩૨૫ માં એણે ખ્રિસ્તીઓના રક્ષણ થકી ખાસ જાહેર નામું પ્રગટ કર્યું હતું અને તે પછી એણે રેામમાં અનેક દેવાલયેા બંધાવ્યાં હતા. ઈ. સ. ૩૨૫ માં એણે 'નાઇસ' તરફ બિથિનિયામાં બિશપેાની એક સભા ભરી ત્યાં ખ્રિસ્તી ધર્મ માટે જાનફેશાની કરવાનેા એક ખરડેા રજુ કરી સર્વેએ તેની પર સહિએા કરી કબુલાત આપી હતી. આ લખતને તેના અસલ મૂળ ઉપરથી હાલમાં તેને ઇંગલંડના દેવળેામાં 'ધી નાઇસીન ક્રીડ' કહેછે. તેમજ કોન્સ્ટનટાઈનની માતા હેલીનાએ જ્યૂજસને જે ક્રૂસપર મારી નાખ્યેા હતેા તે તથા તેની ઘેાર શેાધી કાઢી તેનીપર એક દેવળ બંધાવ્યું હતું.

ઈ. સ. ૩૨૮ માં કોન્સ્ટનટાઇને પેાતાનું પાયતખ્ત રેામમાંથી કાઢી બાઇઝેન્શીયમ તરફ લઇ જઇ સ્થાપ્યું હતું અને તેજ વર્ષમાં સર્વ મૂર્તિપૂજક દેહરાંઓનેા નાશ કરાવી ખ્રિસ્તી ધર્મ ચેાદિશાએ ફેલાવ્યેા

હતેા. એણે પેાતાની બેહેન કોન્સ્ટાનટીનાને લિસિનીયસ સાથે પરણાવી હતી, પણ ઈ. સ. ૩૨૩ માં લિસિનીયસ સાથે થએલી લઢાઇમાં કોન્સ્ટનટાઇને જીત મેળવી આ પેાતાના બનેવીને મારી નાખ્યેા હતેા. એની પેહેલી બાઇડીને પેટે અવતરેલેા બેટેા ક્રિસપસ કે જે અતિ લેાક પ્રિય થઈ પડયેા હતેા તેને ઈ. સ. ૩૨૬ માં રાજદ્રેાહ મંડળમાં શામેલ થએલેા જાણી મારી નખાવ્યેા હતેા, બીજે વર્ષે પેાતાની બીજી સ્ત્રી ફૂયસ્તાના ૩ બેટાઓ વચ્ચે પેાતાનું રાજ્ય સરખે હિસ્સે વેંહેંચી આપ્યું હતું. એનું મરણ નિકેામિડિયામાં ઈ. સ. ૩૩૭ માં ૨૨ મી જુલૈએ નિપજ્યું હતું.

કોનસટન્ટીનેાપલ—ઓટેામન શેહેનશાહાતનાં પાયતખ્ત શેહેરની સ્થાપના ઈ. સ. ૩૩૦ માં કોન્સ્ટાઇન ધી ગ્રેટે કરી હતી, પણ તે આગમજ ઈ. સ. પૂર્વે ૬૫૮ માં તે ગ્રીકેાને તાબે હતું. તુર્કેા એને બસ્તમબુલ કહે છે પણ પ્રાચીન કાળમાં ગ્રીકેા એને 'બાઇઝેન્સ્યમ' કહેતા હતા.

ઈ. સ. ૬૬૭ અગાઉ પ્રાચીન યૂનાન દેશમાં આવેલા 'મેગારા' પ્રાંતના દેારીઅન લેાકેાએ એની સ્થાપના કરી હતી. મહાન ઇરાની પાદશાહ ગુશતાસ્પે "બાઇઝેન્સ્યમ" જીતી લીધું હતું પણ પલાટીઆની લઢાઇ પછી આ શેહેર ઓથિનીયન અને સ્પાર્ટન લેાકેાએ પાછું વસાવ્યું હતું. તે પછી ચઢતી પડતીના તબક્કા વચ્ચેથી પસાર થઇ માસીડેાન દેશના ફીલિપ રાજાએ આ શેહેરપર ચઢાઇ કરી હતી. ફીલિપનું લશકર એક અંધારી રાત્રે ગુપચુપ શેહેરપર ચઢાઇ કરતું હતું તેટલાં ઉત્તર તરફથી વિજળીનેા ચમકારેા થયેા, આથી શેહેરીઓને પેાતાપર આવતી આફતની તુરત ખબર મળી હતી. ત્યાંના લેાકેા એવું માનવા લાગા કે તેઓની રક્ષણ કરતા દેવી દાયનાએ આ મેાજેજો કરી બતાવ્યેા હતેા. તેણીના માનાર્થે તેઓએ એક મેાટું મંદીર બંધાવ્યું અને શેહેરની નિશાની માટે પેાતાના વાવટા ઉપર બીજનેા ચાંદ પાડયેા. આ બીજના ચાંદની નકલ તુર્કીઓએ કરી પેાતાના વાવટાપર તેને ચિતારેલી છે. તે પછી આ શેહેર સેકંદરે પેાતાને તાબે કર્યું હતું પણ તેટલાં ઉત્તર તરફની જંગલી જાતેાએ ઉલટી પડી શેહેરને ઘણું પાયમાલ કર્યું હતું. ૪સવીસનની બીજી સદીમાં 'રેામન સેવર્સ' શેહેનશાહની સામે તેઓએ ઘણા વર્ષોવેર ઘેરામાં પડી રહી પેાતાનેા ટેક જાળવ્યેા હતેા, પણ અંતે ભુખમરાથી શરણે ગયા હતા. તે વખતે આ શેહેર દેશના બલાસી તથા માછીમારેાનું મુખ્ય મથક હતું અને શેહેરમાં દ્રાક્ષરસ બનતેા હેાવાથી તે પી ઘણું તુફાન કરતા. ઈ. સ. ૩૩૦ માં કોન્સ્ટાઇને આ શેહેર હુંગરના ઢેાળાવપર ત્રીકેાણાકારે દરિયાની સરીલ ઉપર બંધાવ્યું હતું, અને ત્યાં રેામન પ્રજાને વસાવી ગ્રીક શેહેનશાહાતનું પાયતખ્ત બનાવ્યું. તે વેળા એશિઆખંડના મુખ્ય દેશેા તથા હિંદુસ્થાનના વેપારનું એ મુખ્ય બંદર હતું. એની આસપાસની દેવાલ ઈ. સ. ૫૨૭–૫૬૫ માં જસટીનીએ બંધાવી હતી. તે પછી આ શેહેર સાસાનીયાન જરથેાસ્તી પાદશાહેાને હાથ એક વેળા ગયું હતું. તે પછી અવારસ, સારેસન (૬ વખત) રશીયન (૯ મી તથા ૧૧ મી સદી) ઇટાલીયન અને છેલ્લે ૧૪૫૩ માં તૂર્ક પ્રજાને તાબે આવ્યું હતું, ૧૩૫૬ માં મુરાદે પેહેલ્લેા હલ્લેા કર્યો હતેા, ફરી ૧૪૨૨ માં મહમદ બીજાએ ફતેહમંદ હલ્લેા કરી તાબે કીધું હતું.

એનું બારૂં અતિ મેાટું હેાઇ તેમાં આસાનીથી ૧૨૦૦ વાહાણેા સમાઇ શકેછે, દર્યાના પાણીને અટકાવવા ૨૦ ગંજાવર દેવાલેા બાંધેલી છે, જ્યાં જગે જગે બરજો જોડે ૬ દરવાજા બનાવેલા છે. શેહેરની પશ્ચિમે પાંચ મૈલ લાંબેા મેાટેા કેાટ છે, આ કેાટ ઈ. સ. ૧૪૫૨ માં તૂર્ક લઢાઈ કરનારાઓએ ભાંગ્યેા હતેા. આગળ એને ૧૮ દરવાજા હતા પણ હાલ માત્ર ૭ બાકી રહેલા છે.

કોન્સટન્ટી નેાપલના બે ભાગ છે, બસ્તમ

ખુલ (કોન્સટન્ટીનોપલ) અને ખ્રિસ્ચીયન કોન્સટન્ટી નોપલ આ બે ભાગ એક 'ગોલ્ડન હૉર્ન,થી જૂદા પડેછે. આ ખાડી ૫ મૈલ લાંબી ને ½ મૈલ પોહળી દાખલ થવાના માર્ગમાં છે, એ એક ઉંડુ ને સલામત બંદર હોવાથી તેમાં ટર્કીશ કાફલો રહી શકે એવું છે. તૂર્ક કોન્સટન્ટીનોપલ દક્ષિણ તરફ અને ખ્રિસ્ચીયન કોન્સટન્ટીનોપલ ઉત્તર તરફ છે. એનો જુનો કોટ ૧૪ મૈલ ઘેરાવામાં છે ને તે લાલ પથ્થરથી ચણી લીધેલો છે. આ દેવાલ વચ્ચેનું શેહેર રોમ પ્રમાણે સાત ઉંચા ટેકરા જેવા ભાગો પર છે, ને તેપર મસજીદો તથા ભવ્ય ઇમારતો બાંધેલી છે, એજીયા સોફીયાને કોન્સટન્ટાઇને દેવલો અર્પણ કર્યા હતા તેને ૧૪૧૫ માં થિઓડોશિઅસે સુધારી વધારો કર્યો હતો પણ હાલમાં તેમને મસજીદમાં બદલી નાખવામાં આવ્યાંછે, તે શિવાય શેહેરમાં ૨૦૦ ઉપર મસજીદો છે તેમજ ૧૦૦ મદ્રેસા અથવા મસજીદની પાઠશાળાઓ છે.

કોન્સટન્ટીનોપલ યૂરપના કાંઠાનું સેવટનું શેહેર છે, જ્યારે એશિયાના નાકાનું શેહેર સ્કુટારી તેની અડોઅડ ખાડીની સામી પાળેજ છે. આ વચલી ખાડીમાંથી ઉત્તરે કાળા સમુદ્ર માહેલો એક મજબુત પ્રવાહ ભૂમધ્ય તરફ વહેછે માટે તે પ્રવાહની સામે થઇ કોન્સટન્ટીનોપલ ઉપર ધસી આવનાર કાફલાના વહાણોનો દક્ષિણ તરફથી જોરાવર પુઠનો પવન જોઇએ છે, જો એમ નહિ અને તો ગમે એવા બળવાન કાફલાનું કશું વળે નહિ. ૧૮૦૭ માં આ શેહેર ઉપર તોપોનો મારો ચલાવવામાં આવ્યો હતો પણ બ્રિટીશ કાફલો ૮ મૈલ દુર હતો તેટલાં તેને પાછું ફરવું પડ્યું હતું.

આ શેહેરપર અનેક વેળા આફતો વર્સી છે. તુર્કોને હાથ આવ્યા પછી ૧૬૩૩ માં લાગેલી મોટી આગથી ૭૦૦૦૦ ઘરો બળી ગયાં હતાં. ૧૭૮૪ માં ૧૦૦૦૦ ઘરોનો નાશ થયો હતો. ૧૭૮૮ માં ફરી મોટી આગ લાગી હતી કે, જેથી મોટી હાની પોંહચી હતી. તે પછી ધર્તિકંપના આંચકાથી બે ત્રણ વેળા નાશ પામતું સેહેજમાં બચ્યું હતું. ઓગણીસમી સદીની શરૂઆતમાં ત્યાં ૪૦૦૦૦૦ ની વસ્તી હતી ત્યારે ૧૮૯૧ માં ૮,૭૫૦૦૦ ની હતી. પ્રજનો મુખ્ય ભાગ મોહમેદનોનો, પા ભાગ યૂનાની અને બાકીના આર્મેનિયન તથા યાહુદી તથા યૂરોપીયનો છે.

'જેરૂસલેમપર ધર્મ યૂદ્ધ થકી લઢાઇ કરવા જવા માટે પેહેલી ગોઠવણ એજ શેહેરમાં થઇ હતી. શેહેર અતિ ભપકાદાર હોઇ તેમાં સુલતાનના જનાનખાનાથી હિપોદ્રમ સુધીનો મોહલ્લો મોભાદાર અને જોવાજોગ જગ્યામાં પેહેલે દરજ્જે આવેલો છે. અતરેના એક મોટા ચોકમાં બાવલાંઓ મેલેલાં હોઇ તેની પાસેના ચોકમાં ઘોડા કેળવવામાં આવેછે. તોપખાના નામના એક વસ્તીવાલા ચોકમાં અતિ ગંજાવર પુવારાથી જગ્યા શોભાવવામાં આવીછે. તેજ તરફ સુલતાનનો મેહેલ, દરબાર, જનાનખાનું અને સરકારી કચેરીઓની ગંજાવર ઇમારતો એકમાં એક ભેળવાયલી આવીછે. એની દેવાલો ૩૦ ફીટ ઉંચી હોઇ તેના બુરજો તથા ૯ દરવાજા છે. આ ગંજાવર મેહેલ આગલા તમામ બાઇઝેન્સ્યમ ઉપર લંબાયલો છે, અને તેમાં રાજમનો મોટો ખજાનો પણ છે. અતરેનું તોપ બનાવવાનું કારખાનું અતિ ગંજાવર છે. સ્કુટારી શેહેર આગલા ક્રીસોપોલિસના ખંડીયર ઉપર બાંધેલું છે. 'ગલેટા' નામના વેપારી મથકપર યૂરપીયનો તથા યાહુદી કોમની વસ્તી છે.

કોન્સટન્ટીની—આલજીર્યાનું આ છેક પૂર્વે તરફનું શેહેર અતિ મનોહર ભૂમિપર ૮૩૦ ફીટ ઉંચાઇપર છે, શેહેર કિલ્લેબંદીવાલું હોઈ ત્યાં આરબ અને ફ્રેન્ચ હાણા છે. પ્રાચીન કાળમાં એ ન્યૂમિદિઆનું પાયતખત હતું અને ૩૧૧ માં નાશ પામ્યું હતું, પણ તેને કોન્સટન્ટાઇન ધી ગ્રેટે ફરી બંધાવ્યું હતું, જેના નામે પ્રસિદ્ધતા પામ્યુંછે, અતરે ઉનનું કાપડ ઘોડેસ્વારીનો સામાન, ગલીચાનો

ઉદ્યોગ ચાલેછે, ૧૮૯૧ માં લોક વસ્તી ૪૦૨૪૩ ની હતી તેમાં ૧૧૩૩૧ ફ્રેન્ચ ને ૬૨૯૫ જ્યૂ હતા.

કોન્સટન્સી—આ એડનનું શેહેર આગલા વખતમાં રાહિનના બેઉ કાંઠાપર વસાયલું હતું. આ શેહેર બાસિલની પૂર્વે રેલ માર્ગે ૯૧ મૈલપર છે. આ શેહેર જર્મનીમાં પુરાતમ વખતથી પ્રસિદ્ધ હોઇ બારમી સદીથી સણના કાપડ માટે જાણીતું છે, અતરે કપાસ, જુટ, વાટરપૂફ, કેનવાસ, ગલીચા વગેરેનો વેપાર ઉદ્યોગ ચાલેછે, લોક વસ્તી ૧૬૨૩૫ ની છે.

કોનસલ—આ એક પ્રાચીન રોમના મુખ્ય ન્યાયાધિશની પદ્વિ હતી. આવા ન્યાયાધિશ રોમ શેહેરમાં બે હતા, આ અધિકાર મહાજનના વર્ગ માહેલા કોઇપણ બે યોગ્ય પુરૂષોને મળતો અને તે અધિકાર તેમના તરફ એક વર્ષ સુધી રહેતો. તે પછી આ અધિકારી નેમવાનો હક્ક પ્રજને આપવાથી તેઓ આમ વર્ગમાંથી કોઇપણ ગ્રસ્થને ચુંટી તેને કોનસલ તરીકે નેમતા હતા, હાલમાં સર્વ સુધરેલા અને વેપારી રાજ્યો તથા દેશોમાં પોતાના વેપારીઓના લાભ તથા હક્ક સાચવવાને માટે પોતાની તરફથી આડતિયા યાને કોનસલ મોકલેછે, તેવો ઈ. સ. ૧૨૮૫ માં ઇંગલંડ મધે પેહેલવેહેલો ઠેરવવામાં આવ્યો હતો.

કોન્સટેબલ—હાલમાં આ બોલ માત્ર પોલીસ સીપાઇ યા તેના અધિકારીને માટે વપરાયછે; પણ આગળ આ નામથી ચઢતા દરજ્જાના કામદારોને ઓળખવામાં આવતા હતા. લૅટીનમાં આ બોલ Comes Stabali' યાને "Count of the Stable"હતો.રોમન શેહેનશાહાતમાં પાદશાહી તબેલાની ગાડીના વડા રખેવાળ યા અધિકારીને એ નામે ઓળખવામાં આવતો, અને બે પછી તેને લશકરખાતામાં કેપટનની પદ્વિ મળતી હતી, ફ્રાન્સના લશકરખાતામાં આ દરજ્જાવાલો અધિકારી મોટી યોગ્યતાનો ગણાતો હતો. નેપોલીયનના સમયમાં કોન્સટેબલનો દરજ્જો સેનાધિપતિથી પાંચમો ગણાતો હતો, પાદશાહી કિલ્લાના વડા અધિકારીને (ગવરનર) ઈંગલંડમાં કોન્સટેબલ કહેછે, તે શિવાય ઈંગલંડ, ફ્રાન્સ, ઇટલીમાં કોન્સટેબલનો દરજ્જો જૂદા જૂદા નામે ભોગવવામાં આવેછે.

કોન્સિપિશન—ચિલ્લી દેશ માહેલો એક પ્રાંત. એનું ક્ષેત્રફળ ૩૫૩૫ ચોરસ મૈલ છે, ને લોક વસ્તી ૧૮૯૩ માં ૨૩૦૮૪૭ ની હતી. મુખ્ય શેહેર કોન્સિશન બિયોબિયો નદી કાંઠે સુંદર બાંધણીવાલું છે. એનું બંદર ચિલ્લીમાં સર્વોપરી ગણાયછે. તેમાં લોક વસ્તી ૨૪૧૮૦ ની છે.

કોનાવાર—આ જીલ્લાની ઉત્તરે સિપટની ખીણ, પૂર્વે ચીનાઇ સરહદ, દક્ષિણે ગુરવાલ અને પશ્ચિમે કોલુ. એની લંબાઇ ૭૦ મૈલ અને ઉત્તર પૂર્વ પોહળાઇ ૪૦ મૈલની છે. એનું ક્ષેત્રફળ ૨૧૦૦ ચોરસ મૈલ છે. આ જીલ્લાનો સર્વ ભાગ ઢેકાઢર્યાવાલો હોઇ તેમાં પહાડોની અનેક હારો સમાયલી છે; પણ સતલજવાલો ભાગ કે જે ઉત્તર પૂર્વથી દક્ષિણ પશ્ચિમમાં વહે છે તે ભાગ માત્ર ફળકુપ છે. આ જીલ્લા નો ઉંચો ભાગ સતલજ નદીથી ૧૦૦૦૦ થી ૫૦૦૦ ફીટ ઉંચાઇ સુધીનો છે. ચીનાઇ હદ તરફનો ભાગ ૮૦૦૦ ફીટ ઉંચો છે. કોનાવારના દક્ષિણ અને નીચા પ્રદેશમાં જુલૈથી સપટેંબરવેર ભારે વર્સાદ પડે છે, પણ ઉત્તર તરફ ઝાઝો પડતો નથી. અત્રે થંડીમાં સખત તાઢ પડે છે, અને કેટલીક ખીણોમાં તો બરફ ના થરો બંધાય છે.

મુખ્ય વસ્તી કૉકેશિઅન અને મોંગોલીયન ટોળાનીછે. કોનાવારી પ્રજા દેખાવે તદન કાળી છે, પણ તેમનો બાંધો સર્વ રીતે મજબૂત ને ઉંચો હોઇ રીતભાતમાં સાધારણ છે. આ પ્રજા એવી તો શૂરવીર છે કે ગુરખા જેવી બહાદુર પ્રજને એક સમે હરાવી ૭૫૦ પૌંડનું વાર્ષિક લવાજમ લેવા માંડ્યું હતું અને એ રીતે સુલ્હે જાળવી રાજની તાબેદારી સ્વિકારી હતી. દક્ષિણ તરફની કોનાવાર પ્રજા

હિંદુ ધર્મ પાળે છે પણ ઉત્તર તરફના બુદ્ધિસ્ત લામાઓના ફરમાન મુજબ ચાલે છે. ઉત્તર તરફની પ્રજા પાંચ જાતની ભાષા બોલે છે પણ તે તિબેટ દેશની ભાષાને મળતી આવેછે. લોક વસ્તી ૧૦૦૦૦ ની છે.

કોનિંગ્સબર્ગ—પૂર્વ પ્રૂશિયામાં આ શેહેર અને કિલ્લો બર્લીનની ઉત્તર પૂર્વે ૩૬૬ માઈલ-પર છે. ૧૬ મી અને ૧૮ મી સદીમાં આ કિલ્લો ટ્યૂટાનિક મથક હતું. ૧૫૨૫ થી ૧૬૧૮ વેર ત્યાં પ્રૂશિયન ડ્યૂકનું મથક હતું. ઇ. સ. ૧૭૦૧ માં પ્રૂશિયાના ૧ લા રાજા ૧ લા ફ્રેડરિકને અત્રેના દેવળમાં રાજ્યાભિષેક કર્યો હતો. આ ચૅપલ ૧૫૯૨ માં બાંધવામાં આવ્યો હતો. યૂનિવરસિટી ૧૫૪૪ માં સ્થાપવામાં આવી હતી અને ૧૮૪૪–૪૫ માં તેને ફરી બાંધી હતી. વેધશાળા ૧૮૧૧ માં બાંધી હતી. પ્રાણી મ્યૂઝીયમ ૧૮૧૯ ને બાગબાનીનો બગીચો ૧૮૦૯ માં સ્થાપન કર્યો હતો. અત્રેની 'લાયબ્રેરી' માં ૨૦૦૦૦૦ ગ્રંથોનો સંગ્રહ છે. શેહેરમાં લોહું, યંત્રો, પ્યાનો, દોરી, તંબાકુ, બીર વગેરેના કારખાનાં છે. આ શેહેર ચાહેના વેપારનું મુખ્ય મથક ગણાય છે. ૧૮૭૫ માં લોક વસ્તી ૧૨૨૬૩૬ ની ને ૧૮૯૦ માં ૧૬૧૬૬૬ ની હતી.

કોપરનિકસ—આ વિદ્વાન ખગોળ વેત્તા, ગણિત શાસ્ત્રી, તથા ધર્મગુરૂનો જન્મ પ્રૂશિઆમાં વિસ્ચુલા નદી કાંઠેના થૉર્ન શેહેરમાં ૧૪૭૩ માં ૧૯ મી ફેબ્રુવારીએ થયો હતો. એનો પિતા જર્મનિના વેસ્ટફેલિયા પ્રાંતનો તબીબ હતો. પ્રથમ કોપરનિકસેને તેના પિતાએ ક્રેકોની નિશાળમાં તબીબી અભ્યાસ કરાવ્યો પણ ગણિત વિદ્યા, દર્શનાતું શાસ્ત્ર, ખગોળ વિદ્યા તથા ચિત્ર વિદ્યા તરફ કોપરનિકસની વલણ હોવાથી તેણે પ્રથમ ઇટલી જઇ બોલોગ્નાની પાઠશાળામાં ખગોળ વિદ્યાનો અભ્યાસ શરૂ કર્યો. એવું કહે છે કે તેના શિક્ષક ડોમેનિકમરાયા પૃથ્વીના આંસની સ્થિતિમાં ફેરફાર થાયછે તે વિષે શોધ કરી તે ઉપરથીજ તે વખતે ગ્રહમંડળ વિશે જે શિખવતા હતા તેમાંની ભૂલ તેને સુઝ પડી. તે પછી બોલોગનથી રોમ ગયો અને ત્યાં ગણિતવિદ્યાનો અભ્યાસ કરી મોટો યશ મેળવી ફ્રાયનબર્ગના દેવળમાં કૅનનની નોકરી મેળવી. ત્યાંથી પોતાના જન્મવતનમાં આર્ચડિકન તરીકે ઓધો પામ્યો અને ત્યાં કરીદ્હામ થતાં ખગોળનું અવલોકન કરવા એક ટેકડીપર મકાન હતું તેમાં જઇ રહ્યો. એવું જણાવવામાં આવે છે કે પિથાગોરસનું ગ્રહમંડળ વિશેનું મત સર્વે કરતાં ઉત્તમ છે એવો તેને આસરે ૧૫૦૭ માં નિશ્ચય થયો. આ મત લોકોના ચાલતા વિચારો વિરૂધ હોવાથી તે જાહેર કરવામાં ઘણી ચોકસાઇ વાપરી તે પ્રસિદ્ધ કરવાનો વિચાર કીધો, તે વખતે ગણિતના યંત્રો હાલહવાલ હતા, અને દુરબીનની તો શોધજ થઇ નહોતી. પણ કોપરનિકસ પાસે લાકડાનાં ખરબચડાં અને શાહીથી લીટી દોરેલાં યંત્રો હતાં. આ યંત્ર યોગે તેણે શોધો કરી છેક ૧૫૩૦ માં તે ગ્રંથદ્વારે પોતાનું મત પ્રગટ કર્યું. આ ગ્રંથથી ઝાઝી માઠી અસર થઇ નહિ પણ રોમના કેટલાક ધર્મગુરૂઓ વટીક તેના મતને માનવા લાગા. તે પછી ૧૫૪૦ માં કોપરનિકસે વધારે શોધખોળ કરી પૃથ્વીની ગતી વગેરે વિષયોનો ગ્રંથ રેકટીસ નામના મિત્રની મદદથી વગર નામે પ્રગટ કરી પ્રજાના મનપર શું અસર થાય છે તે તપાશી. આ ગ્રંથ લોકોએ હોંશે વાંચવાથી તેની બીજી આવૃતિ પોતાના ખરા નામથી પ્રગટ કરી. આ ગ્રંથ ઉપર ધરાસ્મર રેનહોલ્ડ નામે વિદ્વાને ટીકા કરી લખનારના ઘણાં વખાંણ કરી તેને બીજા ટૉલેમીની ઉપમાં આપી. તે પછી ન્યૂબર્ગ શેહેરના વિદ્વાનોના આગ્રથથી બીજો ગ્રંથ પ્રગટ કર્યો. આ ગ્રંથ છપાઇ પુરો થતાં તેની એક પ્રત ૧૫૪૩ ના મે માસમાં ૨૩ મી તારીખે સહવારમાં કોપરનિકસને મળી જે પછી સાંહજે તે મરણ પામ્યો.

કોપરૂં—નારીયળમાંથી નિકળતો ગર. એ ખાવાના ઉપયોગમાં આવે છે. એમાં રસાયનિક નિચલા પદાર્થો છે. (જુઓ નારીયળ.)

તત્વ.	કુમળા કોપરામાંથી.	નારીયળના કોપરામાંથી.
સાકર...	૧·૦૦	૦·૪૮
ગુંદર ...	૦·૩૩	૦·૭૧
આલ્બૂમન.	૧·૪૬	૦·૩૦
તેલ ...	૨·૩૧	૩૦·૦૦
પોટાશ ને બીજા ક્ષાર.	૦·૧૨	૧·૧૦

કોપેનહેગન—આ ડેનમાર્કનું રાજ્યધાની શેહેર ઝીલેંડના ટાપુના પૂર્વ કાંઠાપર છે, ૧૮૩૫ માં અત્રેની લોક વસ્તી ૧,૨૦,૦૦૦ ની, ૧૮૮૦ માં ૨,૩૫,૨૫૪ની ને ૧૮૯૧ માં ૩,૧૨,૮૫૯ ની હતી. પરાંઓ સાથે એકંદર વસ્તી ૩,૭૫૭૧૯ ની છે. હાલમાં પણ આ શેહેરને કિલ્લેબંદીથી મજબુતી આપવામાં આવી છે.

આ શેહેર ઇ. સ. ૧૨૫૪ માં 'એકસલ' નામે બિશપે વસાવ્યું હતું. પેહેલાં એ એક માછીમારનું ગામડું હતું, ત્યારે એ 'એકસેલ્હસ' ને નામે જાણીતું હતું, તે પછી રફતે રફતે વધતાં ૧૪૪૩ માં ૩ જા ક્રિસ્ચયને એને પોતાનું રાજ્યધાની બનાવ્યું તે વેળાના તેના બોહોળા વેપારી બંદર ઉપરથી ડેનિશભાષામાં 'કયોબનહેવન' નામ રાખ્યું હતું અને તેથી તેનું અપભ્રંશ કોપેન હેગન થયું છે.

આ શેહેર ત્રણ જૂદા જૂદા ભાગોથી બનેલું છે. એક ભાગ પુરાણા શેહેર તરીકે, બીજો ફ્રેડરિકસ ટૌનનો ને ત્રીજો ક્રિસ્યન્સ હેવનને નામે ઓળખાયછે. પુરાણા શેહેરનો ભાગ વિશાળ અને વસ્તીવાલો છે, નવા કસ્બામાં એમાલિયનબર્ગ નામનો લતો અતિ શોભાયતો છે. અત્રે ૪ મોટા મ્હેલો છે તેમાના એકમાં ખુદ રાજકુટુંબ વસેછે. શેહેરનો ૩ જો ભાગ ક્રિસ્યન્સ હેવન તરીકે ઓળખાયછે, એ ભાગ એક એમેગારના ટાપુપર ૪થા ક્રિસ્ચીયને બંધાવ્યો હતો, આ ટાપુ શેહેરની લગોલગ પણ નાહની ખાડીથી છુટોછે, અત્રે બોટોના પુલથી વેહવાર ચાલેછે. આ એમેકનેનો ટાપુ અતિ વિશાળ હોઈ ફલદ્રુપતા માટે વખણાય છે. કોપેનહેગનનું બારૂં ઉંડું હોઇ તેમાં ૫૦૦ વાહણો રહી શકેછે, અને બારાના બંચાવ માટે કિલ્લે બંદી સાથે 'ફ્રેડરીકસ્વેન' નામનો કિલ્લો બાંધેલો છે. અત્રેનો ક્રિસ્ચન્સ બોર્ગનો મેહેલ ૧૭ મી સદીની શરૂઆતમાં બાંધવામાં આવ્યો હતો, પણ ૧૭૯૪ માં બળી જવાથી ૧૮૨૮ માં ફરી બંધાવ્યો હતો, ફરી ૧૮૮૪ માં મોટી આગથી તેનું લાકડકામ બળી ગયું હતું. આ આગમાં 'પીક્ચરગેલેરી' બચી હતી, તથા અત્રેનું પુસ્તકખાનું કે જેમાં ૪૦૮૦૦૦ છાપેલાં પુસ્તકો અને ૧૫,૦,૦૦૦ હસ્તલેખો છે તે પણ બચવા પામ્યાં હતા.

શેહેરમાં પિવાનું પાણી નેહેર વાટે પુરૂં પાડવામાં આવેછે. કોપેનહેગનમાં થૉર્વાલ્ડસેન મ્યુઝિઅમ નામનું સંગ્રસ્થાન નેહેરને કાંઠે છે કે જે આઇસલેંડ તરફના થૉર્વાલ્ડસેન નામે એક હુન્નરમંદે એખલે હાથે બનાવ્યું હતું. તેણે માર્બલ તથા મટોડીનાં ૫૦૦ ઉપર બાવલાં બનાવી અત્રે મેલ્યાં છે.

ઇ. સ. ૧૭૦૦ માં આ શેહેરપર ઇંગલીશ, ડચ અને સ્વિડીશોએ ચઢાઇ કરી દારૂગોળાથી તેની મોટી ખરાબી કરી હતી. ઓગણીસમી સદીની શરૂઆતમાં કોપેનહેગન નજદીક મ્હોટી દર્યાઈ લઢાઇ થઇ હતી જેમાં લૉર્ડ નેલસને ભાગ લીધો હતો.

કોફીન—(જુઓ કાષ્ઠ.)

કૉફીન—આ એક તત્વ, ચાહ કાફી તથા બીજી ઘણી વનસ્પતિઓમાં હોયછે. એની સૂક્ષ્મકરજો સુંવાળી સોયની અણી જેવી હોયછે. એ સ્વાદે કડવું અને પાણી તથા આલકોહોલમાં તુરત પિગળી જાય તેવું છે. કાફીમાં એ ૦·૨ થી ૧ ટકા જેટલું હોય છે અને ચાહમાં ૨ થી ૪ ટકા હોયછે. કૉફીનથી શરીર ઉત્તેજક બની શરીર માહેલી નાઇત્રોજન તત્વને થામેછે.

આથી કાફી તથા ચાહ એ દરરોજનો ચાલુ પ્રવાહી ખોરાક થઈ પડ્યો છે.

કોબર્ગ—કોબર્ગના ડ્યૂકના રાજ્યનું આ મુખ્ય શહેર સેક્સકોબર્ગ ગોથાના જોડાણવાલા રાજ્યમાં ઇટઝ નદીના સુંદર ભાગપર છે. અત્રેની જાણીતી ઇમારતોમાં તોપખાનું, જાહેર પુસ્તકાલય, શહેર સમાજની ઇમારત, એડીનબર્ગના ડ્યૂકનો મેહેલ, કોબર્ગનો પુરાણો કિલ્લો (૧૦૫૭ માં બંધાયો) વગેરે છે. શહેરમાં ઉન, સુતર, કપાસ, પોરસીલેન ફરનીચર, ગાડી અને બીરનાં કારખાનાં છે. ૧૮૮૫ માં લોક વસ્તી ૧૪,૫૬૭ ની ને ૧૮૯૦ માં ૧૭૧૦૬ ની હતી. ૧૮૬૫ માં મરહુમ મહારાણી વિકટોરીયાએ પોતાના ભરતાર પ્રિન્સ આલબર્ટનું બનાવેલું પુતળું બજારમાં ખુલ્લું મેલ્યું હતું.

કોબલેંઝ—રેહેનીશ પ્રૂશિયાનું આ મુખ્ય શહેર કોલોગનની દક્ષિણે, દક્ષિણ પૂર્વમાં રેલમાર્ગે ૫૬ મૈલપર છે. એ રાહિન અને મોસેલના સંગમપર આવેલું છે.

કોબલેંઝ નવું અને જુનું એમ બે વિભાગમાં હોઇ જુનુ હાલહવાલ સ્થિતિમાં છે ત્યારે નવું નવે ધોરણે શુશોભિત બાંધણીનું છે. એની પાસે વહેતી નદીપર એક ૧૪ મી સદીમાં પૂલ બાંધવામાં આવ્યો હતો જેની સામે પારે એક મોટો કિલ્લો છે. આ કિલ્લાને 'રાહિનનો જીબ્રાલ્ટર' કહેછે. આ કિલ્લાને લગતું એક નાનકડું ગામ છે જે મોટોના પૂલથી કોબલેંઝને જોડે છે. આ કિલ્લાપર હાકમનો મેહેલ, ૪ બુરજપર સુંદર દરબાર, એક પાર્ક વગેરે છે. આ કિલ્લો નદીથી ૩૮૭ ફીટ ઉચા ખડકપર છે. ઇ. સ. ૧૭૯૪ માં ૧ લા નેપોલ્યન બોનાપાર્ટે તેને તાબે કરી પોતાના રાજ્ય સાથે જોડી રાહિન અને મોસેલનો ભાગ બનાવ્યો હતો, પણ તે પછી પ્રૂશિયનોએ જીતી લઇ રૂ ૧,૨૫,૦૦,૦૦૦ ના ખર્ચે ફરી બંધાવ્યો હતો.

અત્રે ૮૩૬ માં સ્થાપન કરેલું સેંટ કેસ્ટરનું દેવળ છે અને તે શિવાય મધ્ય કાળનાં અનેક જાણીતાં દેવળો છે. અતરે વાઇન, ધાન્ય, અને બનીજ પાણીનો મોટો વેપાર ચાલેછે. અતરે થતી ચંપીન દારૂની ઈંગલંડ બાતે દર વર્ષે ૧૦,૦૦,૦૦૦ બાટલીઓ રવાના કરવામાં આવેછે. તે શિવાય સીગારેટ, ફરનીચરના કારખાનાં છે.

૧૮૭૫ માં લોક વસ્તી ૨૯,૨૯૦ ની ને ૧૮૯૦ માં ૩૨૬૬૪ ની હતી. ૧૦૧૮ થી ૧૭૯૬ વેર આ શહેર 'ટ્રેવસની' સત્તા તળે હતું. ૧૭૯૮ થી ફ્રેન્ચને તાબે હતું ને ૧૮૧૫ થી તે પ્રશિયનોને તાબેછે.

કોબાદ—કાવેઅહંગારનો આ એક શરવીર વંશજ અફરાશિઆબ સાથની લઢાઈમાં માર્યો ગયો હતો.

કોબાદ—માલકમની હિસ્ત્રી ઑાવ પરશિઆ તેમજ ફીરદોશી તથા ઉગમણ તરફના સઘળા તવારીખનવેશો કોબાદને પાલાશના ભાઈ તરીકે જણાવેછે, પણ તે વખતના હયાતી ભોગવી ગએલા અરમાની લેખકો એને પાલાસના ભત્રીજા અને ફીરઝના બેટા તરીકે દર્શાવી ગયાછે.

કોબાદનો જન્મ ઇ. સ. ૪૪૯ માં થયો હતો, જ્યારે પાલાસ ગાદીનશીન થયો ત્યારે તેનો ભાઈ આ કોબાદ પણ ઉમેદવાર હતો; પણ ભાઇની સત્તા વધતાં તે 'બાકાન' તરફના મુલકમાં નહાશી ગયો. જ્યારે તે નિશાપૂરમાંથી પસાર થતો હતો ત્યારે તે શેહેરની એક ખુશનુમા જવાન ઓરત સાથે તેણે એક રાત ગુજારી હતી, અને જ્યારે કોબાદ બાકાનપાસથી ૪ વર્ષ પછી લશકરની મદદ મેળવી તે તરફ ફર્યો ત્યારે તે બાનુએ તેની પ્રિતીથી પેદા થએલું એક બચ્ચું સામે નજર કર્યું, તેજ વેળા એક કાસદ તરફથી પાલાશના મોતની ને કોબાદને દરબારીઓ પાદશાહ તરીકે કબુલ કરેછે એવું પત્ર મલ્યું, તે વાંચી કોબાદ નેહાયત ખુશી થઇ તે બાળકને એક સારા સગન તરીકે લેખી તેનીપર બેહદ માયા રાખવા લાગો. એજ પુત્ર આદેલ નોશીરવાનને નામે પ્રસિદ્ધતા પામી ગયોછે.

ઇરાનની ગાદીપર ઇ. સ. ૪૮૭ માં બેસતાં કોબાદને પ્રથમ 'બાઝાર' પ્રજા સાથે લઢાઇમાં ઉતરવું પડ્યું, એ લોકો જંગલી અને ક્રૂર હતા. તેઓ ડૉન અને વ્હૉલગા નદીના નીચા પ્રદેશમાં રહેતા હતા. તેઓ ધીરે ધીરે વધતા કૉકેસસ ઉતરી ઇરાનમાં ત્રાસ આપવા લાગા તેથી કોબાદે એક લાખના લશકર સાથે ચઢાઇ કરી તેમને હરાવ્યા હતા. તે પછી કોબાદથી એક ભુલ થઇ. તે મજદક નામના માઝી લોકના એક ગુરૂને માનવા લાગો. પાદશાહ, ઉમરાવ તથા સર્વ પ્રજાએ એક સરખી સ્થિતિમાં રહેવું જોઇએ એવું તેનું મત હતું. વળી બીજા કરતાં પોતાની પાસે વધારે માલમતા હોય તો તે બીજાઓને સરખે હિસ્સે વેહેંચી આપવી, અને સર્વ ચીજનો ભોગવટો સરખીજ રીતે કરવો. એના મતને ઘણા લોકોએ સ્વિકાર્યા પછી કોબાદ પણ તેના મતને માનવા લાગો અને આ નવા ધર્મનો ફેલાવો કરવા માટે આર્મેનિયામાં કોબાદે એક નવો ક્ષત્રપ નેમ્યો હતો. આથી આવા પાદશાહને પદભ્રષ્ટ કરવા માટે કૉન્સટન્ટી નોપલના પાદશાહની મદદ માંગવા કાસદ મોકલ્યો હતો, પણ તેટલાં અમીર ઉમરાઓએ તેને પોતાની સત્તાથી પદભ્રષ્ટ કરી તેના નાહના ભાઈ જામાસ્પને તખ્તનશીન કીધો, પણ કોબાદ પોતાના મજદકી મદદગારોની મદદથી છુટકારો મેળવી શકયો. તે પછી નહાશી ખુશનિવાઝના આશ્રયમાં જઈ તેની બેટી સાથે લગ્ન કરી ૩૦,૦૦૦સીપાઇઓની કુમકથી ઇરાનપર ચઢાઇ કરી. પણ જામાસ્પે નહિ લઢતાં તાબેતખ્ત કોબાદને સ્વાધિન કીધું. પ્રોકોપિઅસ નામનો તવારીખનવેશ જણાવે છે કે "જામાસ્પની ઉદારતાના બદલા તરીકે કોબાદે તેની બેઉ આંખો ફોડી નખાવી શિક્ષા કરી હતી." તે પછી રોમ અને ઇરાન વચ્ચે લઢાઈ શરૂ થઇ તે વેળા એનાસ્ટેશિઅસ રોમનો પાદશાહ હતો. કોબાદ પણ બળવંત લઢવૈયો હતો. એણે 'અમિદા' શેહેરને ૮૦ દિવસ સુધી ઘેરો નાખી તે તાબે કીધું. આ શેહેર તાબે કરવાથી કોબાદનું શુરાતન પ્રગટ થયું. પશ્ચિમ તરફ કોબાદ પોતાની ફોજ સાથે હતો ત્યાં સુધી ઇરાનીઓ જય પામ્યા પણ પછી ઇશાન્ય ભણી એફથલાઇટ પ્રજા સાથે વિગ્રહમાં ઉતરવું પડ્યું. આ પ્રજા સાથે એને લાગટ ૧૦ વર્ષો સુધી લઢવું પડ્યું હતું. આ લોકો ઝનુની લઢવૈયા હોવાથી તેમની સાથે પોતે લઢવા ગયો અને પોતાના એક સરદારને રોમનો સાથે લઢવા રાખ્યો. તેણે લઢાઇમાં ઝાઝો જય મેળવ્યો નહિ તોય સલ્હા કરી લઢાઈ બંધ પાડી.

એનાસ્ટેશિઅસ પછી જસ્તિન ગાદીએ બેઠો તે વેળા ફરી રોમનો સાથે ઇરાનીઓએ લઢાઈ શરૂ કરી. આ સમયે મજદકી પંથના લોકોએ ફરી ગડબડ શરૂ કરી તેપર કોબાદને લક્ષ આપવું પડ્યું. કોબાદ આ વેળા બુઢાપાએ પુગ્યાથી તેના મોત પછી કદાચ મજદકી પંથને ધોકો પોંહચશે એવી બીહીક તેના પંથવાલાઓને હતી.

કોબાદને ૪ બેટા હતા. તેમાં ત્રણ, જામાસ્પ, નૌશીરવાન અને ફાઉશ મજદકી પંથના દુશમન હતા ત્યારે થસ્વરસસ (કથાસુઆર્સસ) તે પંથનો મદદગાર હતો. મજદકી પંથના વડાઓએ 'થસ્વરસસ' ને કોબાદ પછી રાજ્યપદ મળે એવો બંદોબસ્ત કરવા માંડ્યો. એ વાત કોબાદને જણાતાં તેણે યૂક્તિ રચી. કોબાદે મજદકી ધર્મના સર્વ અનુયાયીઓને તથા ખુદ મજદકને એક મોટા બગીચામાં થસ્વરસસને રાજ્યપદ આપવાનો મેલાવડો કરવાને નિમિત્તે તેડી સર્વેની એકી વેળા કતલ ચલાવી જરથોસ્તી ધર્મનો મદદગાર થયો.

કોબાદના બુઢાપામાં રોમનો સાથે લઢાઇ ઉઠી તે વેળા ઇરાની ફોજપર કોબાદના શાહાજાદાઓને સરદારી આપી હતી. પ્રસિદ્ધ બેલિસરિયસને પુરતી હાર મળી તેથી આ લઢાઇ જાણવા જોગ છે. ઇ. સ. ૫૨૯ માં નિસિબી પાસે આ યૂદ્ધ થયું તેમાં ઈરાનીઓને હાર મળી પણ બીજે વર્ષે ફરી લઢાઇ કરી

ઇરાનીઓએ રોમનોપર જય મેળવ્યો હતો. તે પછી કોબાદ પોતાની ૮૨ વર્ષની વયે ઇ. સ. ૫૩૧ માં ૮ મી નવેમ્બરે મરણ પામ્યો.

કોબાદ ૨ જો—ખુશરૂ પરવિઝ પછી આ શાહાન્શાદો ઇ. સ. ૬૨૮ ના ફેબ્રુઆરીમાં રોમનોની સાહ્યતાથી ઇરાનની ગાદીએ બેઠો. કોબાદે ૨મી શેહેનશાહ હિરાકલીસ સાથે દોસ્તીનો ગાંઠ બાંધી ખુશરૂ પરવેઝે જીતેલા મીસર, પેલેસ્તાઈન, સિરિયા, એશિઆમાઇનર અને પશ્ચિમ મેસેપોટેમિયાના પ્રાંતો પાછાં સ્વાધિન કરી હિરાકલીસના ભાઇ થિએોડોરને નવાજ્યો હતો, અને થિએોડોરે રોમન રાજ્યમાં વસેલી ઇરાની પ્રજાને ઇરાન તરફ પાછી મોકલી આપી હતી. તેમજ કોબાદે જ્યૂજસકાઇસ્તની જે સૂળી ખુશરોએ જીતમાં આણી હતી તે રોમનોને પાછી આપી. તે પછી એણે કેટલાંક ભલાં કામો કરવાની કબુલાત આપી રૈયતને ૩ વર્ષ વેરના કર માફ કીધા પણ પછી ખુશરૂ પરવેઝના ૨૭ શાહાન્શાદાઓને કતલ કરવાથી એ રૈયતમાં અકારો થઇ પડયો. તે પેળા એની બેહેનો પુરાનદોખ્ત તથા આજરમીદોખ્તે તેના ક્રૂર કામો માટે સખત ઠપકો આપવાથી કોબાદ અતિ દુઃખી થયો. આ વેળા ઇરાનમાં ફેલાયલી મર્કીમાં કોબાદ સપડાઇ ૪. સ. ૬૨૮ ના અકટોબરમાં મરણ પામ્યો હતો.

કોબાલ્ટ અને નિકલ—આ બેઉ ધાતુ વચ્ચે અતી નિકટ સંબંધ હોઇ તે એક સરખી છે. એના સંયોજક પ્રમાણો સરખાં હોઇ એનાં વજન પણ સરખાં છે. એનાં રસાયન કાર્યો એટલાતો સરખા છે કે તે માહેલો ભેદ બતાવવો કઠણ છે. પૃથ્વીમાં આ બેઉ ધાતુ સાથે જડેછે અને આકાશમાંથી જે અજાયબ પથરા (Meteorites) પડે છે તેમાં લોઢા સાથે આ બેઉ ધાતુ હોય છે. એનાં જે નામો પડયા છે તે હકીકત વિલક્ષણ છે. જર્મનીમાં ત્રાંબાની ખાણોમાં કેટલા એવા થરો જડયા કે તેમાંના પથરા જોતાં ત્રાંબાના પથરાં જેવાં જણાયા, પણ તેનો રસ કરી ગાળી જોતાં તેમાં ત્રાંબુ નહિ જડતાં એક પ્રકારની સફેદ રાખ નિકળી. તે ઉપરથી તેઓએ તેને કપ્ફર-નિકલ અને કોબોલ્ડ ગ્લ્યાન્સ એવાં ભૂતોનાં નામો આપ્યાં. કારણ કે તેઓને એવો વેહેમ પેઠો હતો કે નિકલ અને કોબાલ્ટ એ બેઉ ખાણોમાંના ભુતો બલતા પથ્થરા નાખી તેમને ફસાવી સતાવેછે. પછી અઢારમી સદીની અધવચમાં આ પથરામાંથી ઉપલી બેઉ ધાતુઓ જડી ત્યારે શોધકોએ તે ખાણ ખોદનારાઓએ આગળ આપેલાં નામો કાયમ રાખ્યાં. બેઉ ધાતુ આર્સેનિકસ અને ગંધક એમનાથી સંયુક્ત થએલી જડેછે.

કોબાલ્ટના પથરા (૧) 'સ્મલ્ટાઇન અથવા સ્તિસકોબાલ્ટ' (કોબાલ્ટનો આરસેનાઇડ) અને (૨) 'કોબાલ્ટ ગ્લાન્સ' (કોબાલ્ટનો આરસેનાઇડ અને સલ્ફાઇડ) એ રૂપે જડેછે. તેમજ નિકલ પથરા (૧) રિપસ નિકલ અથવા કપ્ફરનિકલ અને નિકલ ગ્લ્યાન્સ રૂપે જડેછે, તેમાંથી બેઉ ધાતુ એક રીતે જૂદી પડે છે.

મી૦ બ્રૅંટે કોબાલ્ટ ધાતુ ઈ. સ. ૧૭૩૩ માં પેહેલ વેહેલી જૂદી પાડી અને નિકલ ધાતુ ક્રાન્સ્ટેટે ૧૭૫૧ માં જૂદી પાડી. એ સંયૂક્ત સ્થિતિમાં કેથે ઘણી જણાતી નથી. આ ધાતુ શુદ્ધ સ્થિતિમાં તૈયાર કરવાની ઘણી બીકટ અને મેહેનતભરી રીતો છે. નીચે દર્શાવેલી રીત સેહેલ છે.

બનાવટ—રિપસ નામના આ ધાતુના પથરા, ચૉક, ફ્લ્યુઅરસ્પાર સાથે પિગળાવી તેનો લોચો બનાવેછે. તે લોચાનો ભૂકો કરી તેને ૧૨ કલાક સુધી ગર્મી આપી ભૂંજે છે, અને તેમાંનું આર્સેનિક (સોમલ) કાઢી નાખે છે. પછી બાકીનો રસ જળમિશ્રીત હૈદ્રોક્લોરિક ઍસિડમાં પિગલાવે છે, અને લોઢાનો અંશ હોય તેનો ક્ષાર બનાવવા માટે તેમાં સફેદાશ આપવા માટેની ભૂકી (બ્લિચીંગ પાઉડર) ચોકસાથી મેળવે છે. પછી તેમાંનો લોઢાનો ઑકસાઇડ તળીએ બેસે ત્યાંવેર તેમાં મીલ્ક ઑવ લાઇમ મેળવે છે. જે તેમાં આર્સેનિકનું

તત્વ રહ્યું હોય તો તે લોહ ઑકસાઇડ સાથે તળીએ બેસે છે. પછી રસ ગાળી લે છે. તેમાં કોબાલ્ટ અને નિકલ હોયછે. તેમાં સલ્ફ્યુરેટેડ હૈદ્રોજનનો પ્રવાહ છોડી ત્રાંબુ, બિસ્મીથ અને શીસું એને નીચે ઠરવા દે છે. રસ જૂદો રેડી ગાળીને ઉકાળે છે અને સલ્ફ્યુરેટેડ હાઇદ્રોજન કાઢી નાખેછે. હવે રસમાં માત્ર કોબાલ્ટને નિકલ રહેછે. તેમાં પેહેલે ચુનો મેળવી રસને 'ન્યૂટ્રલ' કરી તેમાં ચુનાનો ક્લોરાઇડ રેડે છે. તેની સાથે સઘળી કોબાલ્ટ ધાતુ સેસ્કિવ ઑકસાઇડ રૂપે તળીએ બેસે છે. રસમાં ફરી ચુનાનું દુધ મેળવ્યાથી તેમાંની નિકલ ધાતુ હેઠે ઠરેછે. આ રીતે કોબાલ્ટ અને નિકલનો ઑકસાઇડ બનેછે. ઑકસાઇડને ગરમ કરી તે ઉપરથી હાઇદ્રોજનનો પ્રવાહ છોડી તેને કોલસા સાથે મૂસમાં ગરમ કરવાથી બેઉ ધાતુ તૈઆર થાયછે. આ બેઉના સંયૂક્ત પદાર્થો તેમના ઑકસાઇડથી તૈઆર થાયછે.

કોબાલ્ટ ધાતુ રંગે ઉગ્રલાલાસપર હોય કઠણ પણ ભાગી જાય તેવી અને લોહચુંબક વડે આકર્ષિ શકાય તેવી છે. લોઢા પ્રમાણે એનો રસ જલ્દી થતો નથી. આ ધાતુ હવામાં રાખ્યા છતાં તેપર કાટ ચઢતો નથી. હાઇદ્રોક્લોરિક અને ધિમા સલ્ફ્યુરિક ઍસિડમાં એ આરતે પિગળે છે, અને હાઇદ્રોજન જૂદો પડેછે, પણ નાઇત્રિક ઍસિડનું તે પર જલ્દી કાર્ય ચડેછે. આ ધાતુનો ચાલુ વેહવારમાં ઉપયોગ થતો નથી, પણ તેના કેટલાક સંયૂક્ત પદાર્થનો રંગ અતિ સુંદર રહેતો હોવાથી તે રંગ આપવાના કામમાં ઉપયોગી છે.

કોબાલ્ટ ધાતુના નીચ અને ઉચ એવા બે પ્રકારના ક્ષાર અને સંયૂક્ત પદાર્થ બનેછે. તેને કોબાલ્ટસ અને કોબાલ્ટિક એવી સંજ્ઞા આપેલી છે. કોબાલ્ટ અને લોઢાના ક્ષારમાં એક ભેદ જણાયછે. કોબાલ્ટનાં ઉચ્ચ સંયૂક્ત પદાર્થ નીચ સંયૂક્ત પદાર્થ કરતાં વધારે સ્થિર રહેછે.

કોબી—આ અતિ વિશાળ અરણ્ય દક્ષિણ અને ઉત્તર મંગોલીયાની વચ્ચે કોકોનોર તથા તિબેટની સામી ઉત્તર દિશાની હદપર ફેલાઇ છેક તૂર્કસ્તાનના નૈઋત્ય ખુણાની સરહદવેર લંબાયલું છે.

કોકોનોરની ઉત્તર બણી કોબીનું અરણ્ય રેતાળ હોઇ ઉન્હાળામાં મૃગજળથી મુસાફરો ઘણા ઠગાયછે. પણ તૂરફાન તથા હારાશારની દક્ષિણ દિશાએ જમીન અતિ ફળદ્રુપ હોઈ ઇરિગેશ્યાંગ તથા ખોતનબણીથી અરણ્ય ફળદ્રુપતામાં બદલાઇ જાયછે. આ અરણ્ય સમુદ્ર સપાટીથી ઘણે ઉંચે હોવાથી ત્યાં થંડીની મોસમમાં સખત થંડી અને ગર્મીમાં સખત તાપ પડેછે.

કોબી—જેપાનના રાજ્યને તાબેનું આ સુંદર બંદર શેહેર છે. ૧૮૬૮ થી આ બંદર સર્વ દેશના વેપાર થકી ખુલ્લું મેળાયું હતું. શેહેર પાહાડની તળેટીમાં હોઇ તેમાં લોક વસ્તી જેપાનીસોની છે તેમાં માત્ર ૫૦૦ પરદેશીઓ છે.

કોબી—ઓગણીસમી સદીની અધવચવેર હિંદના લોકો આ ઉદભિજથી અંજાણ હતા, પણ યૂરોપીયન પ્રજાએ જ્યારે કલીકટ, મદ્રાસ, સૂરત, ગોવા વગેરે દેશમાં આવી પોતાની સત્તા સ્થાપી તે વેળા પોતાના દેશ માહેલા રોપા આ દેશમાં લાવી ઉગાડતા હતા. કોબીની અનેક જાતો છે, તેમાં કાંદા કોબી, ફ્લકોબી, ડવાર્ફ ડ્રમ હેડ, વ્હેનાક, લાલ કોબી, આલકોબી, સાદી કોબી, અર્લી-યાર્ડ અને ફીલ્ડમાર્કેટ એ મુખ્ય છે. હિંદુસ્થાનમાં કોબી વર્ષમાં એકજ વખત થાયછે, પણ યૂરપખંડમાં એનો પાક બે વખત થાયછે. કોબીને થંડી હવા માફક આવે છે. હિંદમાં કોબીની મોસમ માઘ, ફાગણમાં થાય છે. જે વર્ષે અતિશય થંડી પડે છે તે વર્ષે કોબી ઘણી પાકે છે. કાંદા-કોબી એ સર્વમાં ઉંચી જાતની ગણાય છે. આ જાતની કોબીનો દડો બે મણ વજનનો પણ થાય છે.

કોબી રોપવાની ઘણી ખટપટ છે. કોબીનાં બિયાં આગસ્ટથી નવેમ્બર સુધી ખોખામાં યા ટોપલીમાં રોપી તેના રોપા બનાવવા પડેછે.

જે જમીનમાં આ રોપા ઉગાડવાનાં હોય તેમાં ૧½ ફીટ ઉંડા ખાડા ખણી કોહેલું ખાતર નાખી તૈયાર કરવું. પછી તેમાં બિયાં યા રોપા રોપવાં. ૧૦ ફીટ ચોરસ જમીનમાં રોપા ઉગાડવા ૧½ તોલો થી જોઇએ અને તેને ૧½ હાથના અંતરપર રોપવાં. તેને ૪ દિવસ આંતરે પાણી સીપવું પડે છે. કોબીનાં મૂળીયાં પાસે કોઇ વેળા કીડા થાય છે તે માટે રોપાને હિંગના વાસવાલા પાણીનું મિશ્રણ ચોપડવું. કોઇ વેળા કોબીના રોપા નાહના હોય છે ત્યારે તેના પાંદડા ઉપર કીડા થાય છે. તેનો નાશ કરવા મીઠાનું પાણી ઝારી વડે સીપવું યા રાખ ભભરાવવી. આવી જાતના કીડા આગસ્ટ માસ આગમજ રોપેલા રોપા ઉપર પુશકળ થાય છે. કોબીના પાક થકી સારા પ્રતિના ખાતરવાલી જમીન જોઇએ. કોબીના નાહના રોપાને સખત તડકા તથા પવનના તુફાનથી રક્ષણ આપવું ઘટે છે. બી વાવિયા પછી કોબી ૮ દિવસમાં ઉગી નિકળે છે. કાંદા કોબીનો કાંદો કુમળાં પાત્રાં એક ઉપર એક વળગ્યાથી થાય છે, પણ આલકોબીનો કાંદો કંદ જેવો કહણ જમીન ઉપર તેના ઝાડના થડ ઉપર થાય છે; આ અજાયબ કંદ છતાં જમીનની અંદર પાકતો નથી.

સાલીડ નામે કોબીની એક જાત છે, તે બારેમાસ થાય છે. તેનાં પાંચ છ કુમળાં પાત્રાં એક દાંડા ઉપર ઉભાં રહે છે. કોબીની અનેક તરહાંની ભાજી તથા અચાર બનાવવામાં આવેછે. કોબી પુષ્ટીકારક છે. કર્નાટક, ગોવા વગેરે હિંદના કેટલાક દેશોનાં હિંદુ લોકો એને યૂરપ દેશની ભાજી ગણી ખાતાં નથી.

ઇજીપ્તમાં કોબીને છાકટપણાના ઉતાર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. ત્યાંના લોકો ખાણું ખાધા પછી દારૂ પીવા આગમજ બાફેલી કોબી ખાય છે.

કોબી તાડ—એને કાંબેજપામ પણ કહેછે. આ ઝાડ હિંદના સોપારીના ઝાડ જેવું પણ ઠીંગણું હોય છે. એનીપર દ્રાક્ષ જેવાં ફળો આવે છે. આ ફળના કોટલામાં રહેતો ગાભો ઘણો સ્વાદિષ્ટ હોય છે. તેને કાચા અથવા તેનું પકવાન બનાવી ખાઇ શકાય છે.

કોમ્બા—મદ્રાસ ઇલાકામાં ઉત્તર કેનેરાના ભાગમાં હિંદી માહાસાગરના પૂર્વ કિનારાની ખાડી ઉપર આવેલું શેહેર. આ ગામમાં નારીયળીના ઝાડના જગેજગ બગીચાઓ આવેલાછે. ટીપુસૂલતાનના લશકરે આ શેહેર પાસે બે વેળા છાવણી કરી હતી ત્યારે આ શેહેર બેઉ વેળા આગથી તારાજ થયું હતું.

એની ખાડીમાં નીમક પુષ્કળ બનેછે. તેમજ આ શેહેરની આસપાસના ભાગમાં ૩ ઉત્તમ પ્રકારનો પાકે છે. શેઠ અ. સો. દ. કામદીનના ગ્રંથ મુજબ 'કોમટા ૩ બીવાળો, કલર-ડલ પણ સફેદાઇપર વધારે હોય છે. તેનો વાસ લીલી ચાહેને સેહેજ મળતો આવે છે. એના ૩માંથી ૩૫ નંબર વેરનું સૂતર કાઢી શકાય છે, અને તેના તારની લંબાઇ ૦–૯૫ ઇંચની હોય છે." આ ગામ બંદરથી એક મૈલ વેગળાઇપર છે. એનું બંદર વર્સાદની મોસમ શિવાય શાંત હોવાથી ત્યાં દરેક મોસમમાં ઠીક વેપાર ચાલે છે. માંગલોરની ઉત્તર પશ્ચિમે ૧૧૩ મૈલપર અને મુંબઇની દક્ષિણ પૂર્વે ૩૨૮ મૈલપર છે.

કોમ્બ કોનમ—તાનજોરના બ્રિટીશ જીલ્લા માહેલો તાલુકો. આ શેહેર કાવેરી નદીના બે પાટની વચ્ચે આવેલું છે, અને તે દક્ષિણથી ઉત્તરે બે મૈલ લાંબુ છે, અને પૂર્વ પશ્ચિમ ૧ મૈલ પોહળું છે. અતરેનાં ઘરો સાધારણ બાંધણીનાં હોઇ મોટા રસ્તાઓ ઉપર માત્ર ઉંચી ઇમારતો છે. આ શેહેરમાં સંખ્યાબંધ 'પેગોડા'ઓ છે. મુખ્ય ઉદ્યોગ વણકરનો ચાલે છે, પણ તેમની હાલત ઘણી કંગાલ છે. નદી કિનારેના ભાગ ઉપર દેશી લશકરનું મથક રાખેલું છે. ત્યાં જેલ, કોર્ટ તથા ઇસ્પીતાલની ઇમારતો છે. જેલમાં ૩૦૦ બંધવા એકી વેળા પુરી શકાય છે. તાનજોરની ઉત્તર પૂર્વે ૨૦ મૈલપર, મદુરાની ઉત્તર પૂર્વે

૧૧૨ મૈલ અને બેંગલોરની દક્ષિણ પૂર્વે ૧૮૬ મૈલપર છે.

કોમ્બલે—મદ્રાસ ઇલાકામાં દક્ષિણ કેનેરાના ભાગમાં આવેલું એક શેહેર. આ શેહેર એક ઉંચા દ્વિપકલ્પ ઉપર વસાયલું છે. આ દ્વિપકલ્પ એક ખારા પાણીના સરોવરમાં રેતીના એક મોટા ભૂશિર ઉપર છે. તેમાં બે નદીઓનાં પાણી મળે છે. તેમાં ઘાટોમાંથી વહેતી નદીમાંથી અને બાકીનું શેહેરની પૂર્વ ભણી થોડાક માઇલપર વહેતી નદીનું પાણી મળે છે. વર્સાદ ઋતુમાં આ સરોવરનું પાણી તદન તાજું રહે છે પણ બાકીની મોસમમાં ખારૂં બને છે. એનો કિલ્લો ઉત્તમ બચાવ ધરાવનાર જગાપર છે. માંગલોરની દક્ષિણે ૧૯ મૈલપર ને મદ્રાસની પશ્ચિમે ૩૬૦ મૈલપર છે.

કોમહારસીન—આ પહાડી રાજ્ય સતલજ અને જમનાની વચમાં છે. એની ઉત્તરે કોલુ, પૂર્વે કોતધર, દક્ષિણે બુલસન અને પશ્ચિમે મોન્દ જીલ્લો છે. ક્ષેત્રફળ ૫૬ ચોરસ મૈલ છે. સતલજ નદીના ડાબા કાંઠાનો સાંકડો ભાગ માત્ર સપાટ છે, બાકી સર્વ ભાગ પાહાડી ને ઉંચો છે. કોમહારસીન શેહેર સમુદ્ર સપાટીથી ૫૨૭૯ ફીટ ઉપર છે. કોતગરની છાવણી પૂર્વ સરહદપર ૬૬૩૪ ફીટપર છે, અને વારદુનું મથક એજ તરફ ૧૦,૬૫૬ ફીટ ઉપર આવેલું છે. ઉત્તર તરફ સતલજના ફાંટા ફરી વળેલા છે ને દક્ષિણે ગીરિ નદીના બે ઝરા વહે છે. મુખ્ય પાક બાજરી, ઘઉં અને કઠોળનો છે. સતલજ નદીને કાંઠે આદું તથા કપાસનો પાક ઉત્તમ થાય છે. અતરે અફીણને માટે ખસખસની ખેતી મોટા પાયાપર કરવામાં આવે છે. સણનો વેપાર આ તરફ અતિ મોટો ચાલે છે. ચોખાનો પાક સર્વત્ર થાય છે પણ ઓટનો પાક સાધારણ છે. ફળફળાદી દરેક જાતની આ પ્રદેશમાં ઉત્તમ થાય છે.

અતરેનો રાજ્યકર્તા રાણા આગળ 'બુશેહીર'ના સરકારને વફાદાર હતો. ૧૮૧૫ માં અત્રેના રાજાને બ્રિટીશોએ તેની આગલી હાલતમાંથી છોડી ફરી રાજ્યકર્તા તરીકે નેમ્યો હતો. અત્રેનો રાજા ૧૮૩૯ માં વગર વારસે મરણ પામતાં તેના એક સગા પ્રિતમસીંગને રાજ્યકર્તા તરીકે નેમવામાં આવ્યો. હાલમાં વાર્ષિક ઉપજ ૩ ૧૫૦,૦૦ ની છે, તેમાંથી ઇંગ્રેજ સરકારને ૨૧૬૦ ખંડણીના દેવા પડે છે.

કોમાસી—પશ્ચિમ આફ્રિકામાં આશાન્ટીનું આ પાયતખ્ત શેહેર કેપકોસ્ટ કેસ્ટલની ઉત્તરે ઉત્તર પશ્ચિમમાં ૧૨૦ મૈલપર છે. આ ગામ ૪ મૈલ ઘેરાવામાં હોઇ પહાડની કઠણમાં છે. અતરેનો 'કોંગ્સ' પેલેસ' ૧૮૭૪ માં વેલ્સલેયે બાળી નાખ્યો હતો. લોક વસ્તી ૨૦,૦૦૦ ની છે.

કોમિને—આ અર્વાચીન ઇતિહાસ કર્તાનો જન્મ ઇ. સ. ૧૪૪૫ માં થયો હતો. એના બચપણમાં માતપિતા મરણ પામવાથી ૧૪૬૩ માં એ બર્ગંડીના ડ્યૂકની દરબારમાં જઇ તેના આશ્રયમાં રહ્યા. ત્યાંથી એ ચાર્લસ ડીએોલ્ડની દરબારે ગયો હતો. ચાર્લસે એની બાહોશી અને રાજ્ય પદ્ધતિ જોઇ તેને પોતાનો વજીર નેમ્યો. ૧૪૬૮ માં ૧૧ મો લુઇ પેરોનેમાં કેદ થયો હતો ત્યારે કોમિનેએ યૂક્તિથી તેને છોડાવ્યો હતો. તે પછી કેટલેક દિવસે ચાર્લસે લુઇની દરબારમાં એને પોતાના વકીલ તરીકે મોકલ્યો. ૧૪૭૨ માં એ બર્ગંડી છોડી ફ્રેન્ચ દરબારમાં આવી રહ્યા. ફ્રેન્ચ રાજાએ એને પોતાના વજીર મંડળમાં દાખલ કરી, ૬૦૦૦ લીવરનું વર્ષાસન આપતું કર્યું હતું. લુઇએ બર્ગંડીના સંસ્થાનનો નાશ કરવા થકી જે કપટ પ્રપંચ રચ્યું હતું તેમાં આ કોમિનેની ઘણી મદદ હતી. લુઇ મરણ પામતાં તેની બેટી 'એની' પોતાના ભાઇ વતી રાજ્ય ચલાવવા લાગી ત્યારે એણે રાજ્યપક્ષ તજી ઓર્લેંગના પક્ષમાં મળી ગયો. એક સમે એણે બાળ રાજાને 'એની' ના કબજામાંથી નહસાડી જવાનો પ્રયત્ન કર્તા પકડાઇ જવાથી 'એની' ના પક્ષકારોએ કોમિનને લોખંડના પીંજરામાં કેદ કરી ૧૦

વર્ષ પેર દેશ નિકાલ કીધો. પણ તે પછી ફરી તેને તેડાવી વજીર બનાવવામાં આવ્યો. આ વેળા ૮ મો ચાર્લસ ધટલીપર ચઢાઇ કરવાની તૈઆરીમાં હતો તેને કૉમિનેની મદદ હતી. તે વેળા એણે રાજા તરફથી ઘણાં પરાક્રમો કરી બતલાવ્યા. જે ધતિહાસીક ગ્રંથ ઉપરથી એની કીર્તી હજીવેર કાયમ રહી છે તે ગ્રંથ એણે ધડપણમાં લખ્યો હતો. આ તેના ગ્રંથના ૮ પ્રકર્ણો છે. પેહેલા ૭ પ્રકરણમાં ૧૪૮૮થી ૧૪૯૪ સુધીનું વૃત્તાંત અને છેલ્લા બેમાં ૧૪૯૭થી ૧૫૦૧ સુધીની હકીકત છે. મરણ ૧૫૦૯ માં નિપજ્યું હતું.

કૉમેડી—'યાને હાસ્યરસ નાટક. 'ઇ. સ. પૂર્વે ૫૬૨ માં સૂઝેરીઅન તથા ડોલન નામના બે શખસોએ નાટકના ખેલ શોધી કાઢયા હતા. તેઓની પોતાની પેહેલી કૉમેડી ગાડામાં અથવા ૪ પૈડાં ઉપર ટેકાવી રાખેલા એક હીલતા તખતા ઉપર કરી હતી, જેના બદલામાં તેઓને અંજીરની એક ટોપલી તથા દારૂનું પીપ ભેટ મલ્યું હતું. એરીસ્ટોફેનિસ જે ઇ. સ. પૂર્વે ૪૩૪ માં થઇ ગયો તે અસલી કૉમેડીનો સરદાર ગણાય છે. ઇંગલંડમાં પેહેલી કૉમેડીનો ખેલ ઇ. સ. ૧૫૫૪ માં થયો હતો. શેરડીન નામનો પુરૂષ કૉમેડીના લખનાર તરીકે વખણાઇ ગયો છે.

કોમો—ઉત્તર ધટલીના લૉમ્બર્ડીનું આ કિલ્લેબંદીવાલું શેહેર, કોમો સરોવરના દક્ષિણ પશ્ચિમ છેડાપર મિલાનની ઉત્તરે ૩૦ મૈલપર છે. આ પર્વતો વચ્ચેની ખીણવાલા ફળદ્રુપ ભાગમાં છે. અતરે ૧૩૯૬ તથા ૧૭૩૨માં બાંધેલું ખ્રિસ્તી દેવળ તથા માર્બલનો ૧૩મી સદીમાં બાંધેલો ટૌનહૉલ છે. મુખ્ય ઉદ્યોગ વેપાર રેસમ, સાટીન, હાથમોજાં, સાબુ વગેરેનો ચાલે છે. વસ્તી ૨૫૫૬૦ ની છે.

(૨) ઉત્તર ધટલીનો આ સરોવર ૩૦ મૈલ લાંબો છે. એના બે ભાગ થએલા છે. જુમલે પોહળાઇ ૨½ મૈલની છે. એ સમુદ્ર સપાટીથી ૬૬૩ ફીટપર છે, અને ઉંડાઇ ૮૭૦ ફીટની ધરાવે છે. એનો અતિ ઉંડો ભાગ ૧૩૫૨ ફીટ છે. આ સરોવરના આસપાસનો ભાગ કુદરતિ મનોહરતા માટે એટલો તો પ્રસિદ્ધ છે કે તેના કિનારે શોખીનો ટોળાબંધ જોવા માટે ઉતરી પડે છે.

કોમોડસ લ્યૂસિઅસ યૂરિલીઅસ—આ રોમન શેહેનશાહનો જન્મ ધ. સ. ૧૬૧ માં લેન્યૂવ્હિયમ ખાતે થયો હતો. તેનો પિતા માહાન માર્કસ ઔરિ લીયસના મોત બાદ ઈ. સ. ૧૮૦ માં ગાદીનશીન થયો હતો. એણે ડેન્યૂબના ઉપલા મુલકમાં વસતા માર્કોમાર્નિ ટોળા સાથે શરૂઆતમથી લઢાઇઓ કરી પણ પાછળથી જંગલી ટોળાઓ સાથે સુલ્હે કરી નાખી રોમનોને મોજ મઝામાં ડુબાડયા. ધ. સ. ૧૮૩માં એની બેહેન લ્યૂસિલાને પોતાના શિરદછેદ પ્રપંચમાં દાખલ થએલી જાણી એણે તે વખતથી પોતાનો દયાળુ, બહાદુર અને ધનસાગી સ્વભાવમાં એવો તો નઠારો ફેરફાર કર્યો કે એની તમામ કારકીર્દી નિર્દય પશુવત પસાર થઇ. એણે પોતાને એક મોટા બોદા તરીકે જાહેર કરી 'મરકયૂલસ રૉમાનસ' નામ ધારણ કરી પોતાને દેવતા તરીકે માન આપવાની પ્રજાને ફરજ પાડી. આવા વિચિત્ર ફાંટાબાજ ફેર શેહેનશાહથી પ્રજા કંટાળી જવાથી એનો પ્રાણ લેવાની યૂક્તિ કરી પણ તેમાં કોઇ ફાવ્યું નહિ. પણ જ્યારે એણે પોતાની રાણી 'મારસિયા' ને કતલ કરવાની ગોઠવણ કરી ત્યારે તે રાણીએ એને મારી નાખવા બે વેળા ઝેર દેવાની કોશેસ કરી પણ તેમાં ફાવી નહિ; આથી નારસિસિઇશ નામે એક તાલીમબાજની મદદથી ૩૦ મી ડીસેંબર ૧૯૨ માં ગુંગળાવી મારી નાખ્યો હતો.

કોયડો—હિંદુ પુરૂષો તર્જની આંગળીએ એક જાતનું ઘેરણું પેહેરે છે. તેને ૪ વીટીઓ હોય છે, તે ભેગી કરી પેહેરે છે તેનીપર ⋮⋮⋮ ૯ પુલકીઓ હોયછે. આ રીતે વીટી ભેગી કરી પેહરવામાં ગુચવણ હોવાથી તેને કોયડો કહેછે.

કોયલ—આ નદી છોટા નાગપુરની દક્ષિણ સરહદના પર્વતોમાંથી વહેતી ઉત્તરે વલાણ લેતી માર્ગમાં જમણી ડાબી તરફ અનેક નાળાને મળતી પાલામોવા અને બિહાર પ્રાંતમાં સરડોજાના રાજ્યમાં વહેતી સોન નદીને જમણે કાંઠે મળેછે, એની જુમલે લંબાઇ ૧૪૦ મૈલની છે, એનીજ પાસે સીંગારની કોલસાની અતિ કિમતી ખાણો આવેલી છે.

કોયલ—આ પક્ષી પોતાના મધુર હલક તથા સુંદરતા માટે જમાનાઓ થયાં જગતના સર્વે ભાગોમાં જાણીતું છે. આ પક્ષીનું માથું નાહનું હોઈ તેજ પ્રમાણમાં ચાંચ વાંકદાર નાહની હોયછે, પણ તેનાં પિછાં લાંબા હોય છે. આ પક્ષી ૧૨ ઈંચ જેવડું લાંબું હોયછે. એના પીછાંપર ઝીણી ઝીણી છાંટ હોય છે. એની પીઠપરનો રંગ આપના લાકડા જેવો ભૂરાસપર અને પેટ તરફનો ભાગ ભુરો હોયછે, એના પિછાંપર ઝીણી સફેદ છાંટ હોઈ ચાંચ અને પગ પિળા હોયછે. આ પક્ષી પોતા માટે માળા બાંધતું નથી પણ દર મોસમે ઈંડા મુકવાની વેળા કોઇ પણ પક્ષી ના માળામાં છુપાઇ જઇ ત્યાં અકેક અનુક્રમે ઈંડા મેળેછે, કે જે ઈંડા બીજા પક્ષીઓ સેવન કરી ફોડેછે અને તેમાંથી કોયલ પેદા થાયછે; તે વેળા એ રંગે કાળા ભૂરા કાબરચિત્રા રંગનું હોયછે, ઘણું કરી આ પક્ષી ઝાડીવાલા ભાગમાં મલેછે, ઉત્તર યુરોપમાં કોયલ ઘણું કરી એપ્રીલ અને મેમાં દેખાવ દેછે, અને આગસ્ટ સપટેંબરમાં ફરી ગુમ થઈ જાયછે, એશિઆ અથવા ગરમ પ્રદેશમાં એ થંડીની મોસમ ગુજારેછે.

કાર્ક—આ મનસ્ટરનો એક પ્રાંત, એ આયરલંડમાં સર્વથી મોટો અને દક્ષિણ તરફનો ભાગ છે, એની લંબાઇ પૂર્વ પશ્ચિમ ૧૧૦ મૈલ ને પોહળાઈ ૭૦ મૈલની છે. જુમલે ક્ષેત્રફળ ૨૮૯૦ ચૌરસ મૈલ છે, કાર્કની ભૂમિ પહાડી પણ તહેવાર નીચ ઉંચ ભુમિ માટે જાણીતી છે, એનો પશ્ચિમ ભાગ પહાડીને બિનાસ વાલો છે, પણ પૂર્વ અને દક્ષિણ ભાગ ફળદ્રુપ અને ખુબરતી મનોહરતા માટે પ્રસિદ્ધ છે, પર્વતોની હારો પૂર્વથી પશ્ચિમે વધેછે, કિનારો ખડકવાલો ૨૫૦ મૈલ લાંબો છે, મુખ્ય પર્વતો ૧૨૦૦ થી ૨૨૪૦ ફીટ ઉંચા છે, કાર્કના પશ્ચિમ ભાગમાં અનેક નાહના સરોવર ફરી વળેલા છે, મુખ્ય ખનીજ પેદાશ કોલસો, લોહું, ત્રાંબુ, ચુનખડી, માર્બલ વગેરેની છે, મુખ્ય ઉદ્યોગ ચામડા રંગવાનું, વિસ્કી બનાવવાના, પોર્ટર બનાવવાના કારખાનાનો ચાલેછે, લોક વસ્તી ૧૮૪૧ માં ૮,૫૪,૧૧૮ ની, ૧૮૫૧ માં ૬,૫૩૧૮૦ ની, ૧૮૭૧ માં ૫૧૭૦૭૬ ની, ૧૮૮૧ માં ૪,૯૫૬૦૭ ની ને ૧૮૯૧ માં ૪,૩૬૬૪૧ હતી, ૯૦ ટકા કેથોલિક પ્રજા વસેછે, ૧૮૮૫ થી આ કૌન્ટી તરફથી પાર્લામેંટમાં ૭ સભાસદો બીરાજેછે, મુખ્ય શેહેર કાર્કમાં લોક વસ્તી ૭૭૨૮૧ ની છે, અત્રેથી પાર્લામેંટમાં બે સભાસદો બીરાજે છે.

કોરંગશાહ—આ પાદશાહ જમુલસ્તાનનો રાજ્યકર્તા હતો. જ્યારે શાહ જમશેદ જોહાકના હાથપર હારખાઇ તેની દેહેશતથી નહાસતો જમુલસ્તાનમાં આવી ચઢયો ત્યારે કોરંગશાહની બેટી સમનનાજ સાથે પ્યારમાં પડી પરણ્યો હતો. પણ જ્યારે કોરંગે પોતાના જમાઇને જમશેદ પાદશાહ તરીકે ઓળખ્યો, ત્યારે જોહાક તરફથી મળનાર ઇનામ અને નામદારીની લાલચથી જોહાકને એણે જમશેદની ખબર આપવાથી જમશેદ પાદશાહ નહાશી ગયો પણ જોહાકના સિપાઇઓને હાથે કેદ થઇ માર્યો ગયો હતો. કોરંગશાહે પોતાની બેટીનો ભવ આ રીતે નાશ કરવાથી શાહજાદીએ એક પુત્રનો જન્મ આપ્યા પછી તેના ગમમાં મરણ પામી. આ પુત્રને શાહ કોરંગે જોહાકની દેહેશતથી જંગલમાં એક પીરમર્દને સોંપી ઉધાર્યો, અને તેના વંશમાં જે આબતીન નામે પુત્ર થયો તે શાહ ફરેદુનનો પિતા હતો.

કોરનડમ—આ જાતનો પથ્થર હીરા કરતાં

થોડો કદણ લીલાસ ઉપર હોય છે. તેની કોઈ જાતપર ભૂરી છાંટ આવે છે. હિંદુસ્થાન, ચીન અને યૂરાપના ચોકસ ભાગોનાં મળે છે. ચીનના કરતાં હિંદુસ્થાનમાં મળતો પથ્થર વધારે સફેદ અને સર્વેથી ચોખ્ખો હોય છે. એ હિંદુસ્થાનમાં તીખું લોઢું પૉલીશ કરવાના ઉપયોગમાં આવે છે. આથી કિમતી પથરાઓ પણ કપાય છે. મુંબઇના બજારમાં આ પથ્થરને 'સામાદા'ને નામે ઓળખે છે.

કોર્દોવા—આર્જેન્ટાઇનનો આ મધ્ય પ્રાંતવાલો મુલક છે. ક્ષેત્રફળ ૫૫૩૫૦ ચૌરસ-મૈલ છે. વસ્તી ૧૮૯૨ માં ૩,૮૦,૦૦૦ ની હતી. રિયોપ્રિમિરોની ખીણમાં આ ગામ વસાયલું છે. અત્રે ટ્રામવે, સુંદર સીટીહૉલ, યૂનિવરસિટી, વગેરે જાહેર ખાતાં છે. ૧૫૭૩ માં આ પ્રાંત કેબ્રેરાએ સ્થાપન કર્યું. તે પછી આ શેહેર કંગાલ હાલતમાં હતું, પણ ૧૮૭૦ થી રેલ્વે શરૂ થતાં એનો વેપાર ઉદ્યોગ બેહોળો વધી ગયો છે. ૧૮૬૯ માં જે ૨૮૫૦૦ વસ્તી હતી તે વધી ૧૮૮૮ માં ૬૬૨૪૭ ની થઇ હતી.

કોર્દોવા—સ્પેનનું આ ઇતિહાસ પ્રસિદ્ધ શેહેર સેવ્હિલની પૂર્વે ઉત્તર પૂર્વમાં ૮૧ મૈલપર છે. આ શેહેર ગાડાલ્કાવીવિર નદી કાંઠે છે. જુની દેવાલવાલા ભાગ નજદીક બગીચા અને સારા માર્ગો છે પણ શેહેરનો ભાગ ગલીચ છે. આ શેહેરની સ્થાપના રોમનોએ ઈ. સ. પૂર્વે ૧૫૨ માં કરી તેનું નામ કોર્દોબા રાખ્યું હતું. એનેજ સ્પેનીશો 'કોરડુબા' કહેતા ને આરબો 'કારતુબા કહે છે. રોમન શેહેનશાહના અમલમાં અત્રેના રહેવાશીઓએ પોમ્પિની તરફેણ કરવાથી જુલીયસ સીઝરે આ શેહેરનો અર્ધો ભાગ તારાજ કર્યો હતો ને ૨૮૦૦૦ રહેવાશીની કતલ કરી હતી. તે પછી રોમના તંગદસ્ત ઉપરાવોને અત્રે લાવી વસાવ્યા હતા.

આ શેહેર મુરોને તાબે ઇ. સ. ૭૧૧ થી ૧૨૩૬ વેર હતું. રોમનોના હાથમાંથી બગદાદના ખલીફાએ જીતી લીધું પણ તેનાજ એક હાકમે હુલ્લડ કરી પોતે ખલીફથી છુટો પડયો ને મુરીશ રાજ્યની સ્થાપના કરી. ઇ. સ. ૭૫૬ થી ૧૦૦૯ વેર આ શેહેર ચઢતી કળાએ પુગું હતું, પણ તે પછી પાદશાહી કુટુંબમાં તડાં પડતાં માંહોમાંહે લઢાઇઓ ચાલી અને જેને જે હાથ આવ્યું ત્યાં તે રાજ્ય કરવા લાગ્યું. એ રીતે તેઓ છુટા છવાયા રાજા થયા અને ખ્રિસ્તીઓને મદદ કરવા લાગા, તેથી ૧૨૩૫માં કોર્દોવાને સેંટ ફરડીનાન્ડે તાબે કીધું. ૧૪૯૨ માં ફરડીનાન્ડ તથા ઇસાબેલાએ જીતી લીધું. તે વખતે શેહેરમાં ૧૦,૦૦,૦૦૦ ની વસ્તી હતી ને તેમના રહેવાનાં ૨,૦૦,૦૦૦ મકાનો, ૩૦૦ મસજીદો, ૯૦૦ હમામખાનાં, ૬૦૦ મદ્રેસા હતી. ૧૮૮૩ માં લોક વસ્તી ૪૬,૦૦૦ ની ને ૧૮૯૧ માં ૫૪૪૬૬ ની હતી. કોર્દોવા પ્રાંતનું ક્ષેત્રફળ ૫૧૯૦ ચૌરસ મૈલ હોઇ તેમાં ૧૮૮૭ ની ગણત્રી મુજબ લોક વસ્તી ૪,૨૦,૭૧૪ ની હતી.

આગળ કોર્દોવામાં બકરાના ચામડાંનો મોટો વેપાર ઉદ્યોગ ચાલતો હતો હતો પણ હાલમાં તેનું નામ નિશાન વટીક રહ્યું નથી. માત્ર રેસમ, તાર ને ચાંદીની બનાવટનો ઉદ્યોગ ચાલે છે.

કોર્દોવા પ્રાચીન કાળથી મસજીદો માટે અતિ પ્રસિદ્ધતા પામ્યું છે, પણ હાલમાં સર્વે મસજીદો ખ્રિસ્તી દેવળમાં ફેરવાયલી છતાં તેની આગલી દૂનરમંદીનો ખ્યાલ આપેછે. મૂર લોકોએ પોતાની આગમજના ખ્રિસ્તીઓને ચાલુ શિકસ્ત આપ્યા પછી તેમને તેમનો ધર્મ પાળવાની છુટ બક્ષી અને તેઓએ અસલ 'જેનસ' નામે દેવતાનાં દેહરાંને ફેરવીને પોતાનું દેવળ બાંધ્યું હતું તે વાપરવા દીધું, પણ બાકીનાં સર્વ દેવળો હતાં-તે ભાંજી નાખ્યાં. પાછળથી મૂર લોકોની સત્તા વધી પડવાથી તેઓએ આ દેવળનો અર્ધો ભાગ ખ્રિસ્તીઓ પાસેથી પડાવી લઈ તેમાં મસજીદ બનાવી, પણ થોડી મુદત બાદ ૧ લા અબદુલ રહિમાને ખ્રિસ્તીઓને ૧,૦૦,૦૦૦ દીનાર આપી

આખું દેવળ ખરીદી લીધું. આ ખલીફ તે વખતે પશ્ચિમ તરફનું કોર્દોવાને મક્કા બનાવવા ચાહતો હતો, અને તેથી તેણે આ દેવળને મસજીદમાં ફેરવવા માટે મેહેસુલનો મોટો ભાગ આપી દીધો. આ કામ ઇ. સ. ૭૮૬ માં શરૂ થઇ અબદુલ રહિમાનના મોત બાદ ૭૯૭ માં તેના બેટા હાશમે પુરૂં કરાવ્યું. એના ઉત્તમ કારીગરીના પુરાવા તથા મિનારા ૩ જા અબદુલ રહિમાને બંધાવેલા છે. ઇસ્લામી અમલ દરમ્યાન રમજાન માસમાં આ મસજીદના ફકત દિવાનખાનામાં ૧૪૫૪ બતીઓ સળગાવવામાં આવતી અને એક ૬૦ રતલી કાકરો મોટી રોશની થકી વચ્ચે સળગાવતા હતા. તેમજ ત્યાં ૨૮૦ ઝુમરોમાં ૧૦૮૦૫ બત્તીઓ સળગાવતા હતા. આ મસજીદને ફરડીનાન્ડે દેવળમાં ફેરવી નાખ્યા પછી થોડા ફેરફાર સાથે હાલમાં તે પુરાણી હુનરમંદી બતાવતું કાયમ છે. આ દેવળ ૪ એકર જગાપરોકે છે. તે ૬૪૨ ફીટ લાંબુ ને ૪૬૨ ફીટ પોહળું છે. એની આસપાસની દેવાલ ૩૦ થી ૬૦ ફીટ ઉંચી ને ૬ ફીટ જાડી છે, તેને ૪૮ બુરજોથી ટેકવી તેમાં દાખલ થવાના ૧૬ રસ્તા ને ૨૧ દરવાજા છે. તે શિવાય આ દેવળમાં જોવાજોગ સંખ્યાબંધ જગા તથા મિનારા અને થાંભલાઓ છે કે, જે આગલી મૂરીશ હુનરમંદીનો ખ્યાલ આપે છે.

કોર્નકેક—બ્રિટનમાં આ પક્ષી જાણીતું હોઇ તે કવચિત નજરે પડેછે. એ લંબાઇમાં ૧ ફીટથી વધારે હોતું નથી. એનો રંગ કાબરચિત્રો, લાલ અને ભૂરો હોયછે. એની ચાંચ માથા કરતાં ઘણી નાહની ને ટુંકી હોયછે, તેમજ પુછડી તદ્દન સપાટ કાતરે કાપેલી હોય તેવી દેખાય છે, એના પગ લાંબા ને મજબુત હોવાથી તે ઝડપથી દોડી શકેછે, તેમજ તે પાણીમાં તરી શકેછે, એની માદા પોતાના નર તરફ અતિશય વફાદાર હોયછે. આ પક્ષી ઉત્તર અમેરિકા અને મધ્ય એશિઆમાં જણાયછે પણ એના ટોળેટોળાં આફ્રિકામાં જ જણાયલાં છે. એનું માંસ ખાવામાં ઘણું સ્વાદિષ્ટ ગણાય છે.

કૉર્નવાલ્સ ચાર્લસ મારકિવસ—આ ઈંગલીશ જનરલ રાજદ્વારી નર અર્લ કૉર્નવૉલનો બેટો હતો. જન્મ લંડનમાં ૩૧ મી ડીસેંબર ૧૭૩૮ માં થયો હતો. એણે પોતાનો વિદ્યા અભ્યાસ ઇટન તથા ટયૂરિનની લશકરી પાઠશાળામાં કર્યો હતો. ૭ વર્ષની લઢાઇ વેળા એણે મારકિવસ ઑવ 'ગ્રેનબી' ના 'એડીકેમ્પ' તરીકે નોકરી બજાવી હતી, ૧૭૬૬ માં એ કર્નલની પદ્વિ પામ્યો. તે પછી ટાવર ઑવ લંડનમાં ગવરનર તરીકે નેમાયો ને તુરત મેજર જનરલની પદ્વિ પામ્યો. એણે અમેરિકન લઢાઈમાં ભાગ લઇ પ્રસિદ્ધતા મેળવી બ્રેન્ડીવાઇન અને ચાર્લસટાઉન તરફ ભારે શૂરાતન બતલાવ્યું હતું, તે પછી કામડન અને ગીલ્ડફોર્ડની લઢાઇમાં જય મેળવ્યો પણ ૧૭૮૧ માં એનું લશકર યૉર્ક ટાઉન પાસે યૂનાઇટેડ અમેરિકન તથા ફ્રેન્ચ લશકરને શરણે ગયું હતું, જેનું કારણ એમ બતાવવામાં આવ્યું હતું કે સર હેન્રિક્લિનટન તરફથી જે આઇન મદદ મળવી જોઇએ તે વખતસર ન મળવાથી એ ઈંગલંડ ઉપડી ગયો. ૧૭૮૬ માં એ બંગાલના ગવરનર તરીકે હિંદુસ્થાનમાં આવ્યો. ૧૭૯૦ માં બેંગલોર શત્રુઓ પાસેથી કૉર્નવાલ્સે જીતી લીધું અને પછી એણે ટીપુ સુલતાનને હરાવી શાહાજાદાઓને જામિનગિરીમાં મેળવ્યા હતા, તે પછી એણે સુલ્હેના કોલકરાર કરી ઈંગલંડ ગયો કે જ્યાં મારકવિસનો ઓલકાબ મેળવ્યો હતો. ૧૭૯૩ માં એણે 'લૉર્ડ લેફ્ટનન્ટ ઑવ આયરલંડ'નો ઓદ્દો મેળવ્યો, તે વેળા ત્યાં ઉઠેલા બળવાને એણે દાબી નાખ્યો હતો, તે પછી ૧૮૦૪ માં ગવરનર જનરલ તરીકે હિંદુસ્થાન આવ્યો, પણ ૫ મી અકટોંબર ૧૮૦૫ માં ગાઝીપૂર ખાતે મરણ પામ્યો હતો.

કૉર્નેલિયસ ઍગ્રિપા—આ એક ઉત્તમ ગ્રંથકાર અને ધર્મધિકારી કૉલોન શેહેરમાં એક સરદારના કુટુંબમાં ૧૪૮૬ માં જનમ્યો અને તેજ ગામની પાઠશાળામાં વિદ્યા અભ્યાસ કીધો. પ્રથમ એ મેકસિમિલીયન પાદશાહનો આશ્રીત હતો, આ પાદશાહે કૉર્નેલિઅસને પેરીસખાતે એલચી તરીકે મોકલ્યો હતો, ત્યાં એણે પ્રજાને ધર્મબોધ આપવા માંડયો. એણે ધર્મ ગુરૂઓનાં દુષ્ટ આચરણો ઉપર ભાષણો આપવા માંડયાથી મહંત મંડળ એની વિરૂધ થયું હતું, અને એ ધર્મ ભ્રષ્ટ છે એમ વાતો ફેલાવવામાં ધર્મ ગુરૂઓએ મુખ્ય ભાગ લીધો; આથી એને બર્ગન્ડીની રાણી તરફથી જે મદદ મળતી હતી તે બંધ પડી, તે ઉપરથી એણે એક ઉત્તમ ગ્રંથ રચી એ રાણીને અર્પણ કીધો તોય રાણીના મનનો શક નાબુદ થયો નહિ, તે પછી ફરી ૧૫૧૦ માં એને ફ્રાન્સમાં એલચી તરીકે નેમ્યો હતો, ત્યાંથી એ ઈટલી ગયો જ્યાં એને નાઈટનો ખેતાબ મલ્યો. એના ધર્મ સંબંધી વિચારો જૂદા હોવાથી પોપ એની વિરૂધ હતો, ઈટલીમાં એણે તબીબી તથા કાયદાનો અભ્યાસ કીધો. એનો સ્વભાવ તથા એની જીંદગીમાં બનેલા જાણીતા બનાવો જડતાંનથી તેનું કારણ એ છે કે 'ડૉમિનિકના' પંથના ધર્મ ગુરૂઓએ એના વિશે તહેવાર નિંદા કરી કીર્તિને ઝાંખ લગાડી હતી, આથી પણ નહિ ધરાતાં જ્યારે એ ૧૫૩૫ માં મરણ પામ્યો ત્યારે તેની કબર ઉપર એક તદન ખોટો લેખ કોતરાવ્યો હતો.

કોરલા—આ ઉદભિજ પદાર્થ જંગલમાં આપો આપ ઉગેછે, ઘણું કરી જેષ્ટ માસનાં સુમારે એ ઝાડને પાંદડાં આવેછે, તેનું શાક બનેછે, એની ભાજી નિર્મળ હોવાથી તે ઘણા લોકો ખાયછે.

કોરલઇનો કિલ્લો—કોલાબા જીલ્લામાં કોરલઈ ગામ અને કિલ્લો એકજ ઠેકાણે છે. આ કિલ્લો પહાડી હોઈ તે રેવદંડાની દક્ષિણે ૧૦ મૈલપર રોહ્યાની ખાડીના દક્ષિણ કાંઠા પર છે, એની ત્રણે બાજુએ પાણી ફરી વળેલું છે. ત્યાં ખ્રિસ્તીઓનું એક દેવળ ને તળેટીમાં કોરલઇ ગામ છે.

કોરલઈની ટેકડી ૨૭૧ ફીટ ઉંચી હોઇ મથાળેથી નીચલા પ્રદેશ સુધી તેની દેવાલ બાંધેલી છે, આગલી બાજુએ એક ખડક હોઇ તેનીપર એક મોટો કોટ બાંધેલો, છે, મુખ્ય કિલ્લો અને આ કિલ્લાની વચમાં ૩ આડી દેવાલો છે.

સોલમી સદીમાં યૂરોપ્યનો આ સ્થળને 'ચૌલનો ખડક' કહેતા હતા, આજ ઠેકાણે આગળ મુસલમાનો તથા પોર્તુગીજો વચ્ચે અતિ ભયંકર લઢાઈઓ થઇ હતી, ઇ. સ. ૧૫૨૧ માં અહમદનગરના બાદશાહે પોર્તુગીજોને ચૌલમાં કિલ્લો બાંધવાની રજા આપી તે વખતે તેઓએ કોરલઇ ટેકડીની ઉત્તર તરફથી તળેટીપર એક મોટો ધકકો બાંધ્યો, તે પછી ખંભાતના ગુજરાતી આરમારે કોરલઇ ઉપર હલ્લો કર્યો, પણ પોર્તુગીજોએ ચૌલથી કોરલઇ તરફ મદદ મોકલી ગુજરાતના કાફલાને હરાવી નહસાડયો. અહમદનગરનો બાદશાહ બુરહાનુદ્દીન નિજામ (ઇ. સ. ૧૫૦૮–૧૫૫૩) મરણ પામતાં ૧૫૫૭ માં પોર્તુગીજોએ કોરલઇ તેમની પાસે છુટું કરી માંગ્યું; આથી અહમદનગરના બાદશાહે કોરલઇમાં મજબુત કિલ્લો પોતાની સત્તા તળે બાંધવા માંડયો, પણ પોર્તુગીજોએ સામા થઇ તેમને બાંધવા દીધો નહિ, આથી મુસલમાનોએ તેમનું ભારે નુકસાન કર્યું, આ વેળા એક અજાયબ એવી વાત બની કે 'પોર્તુગીજોએ ત્યાં એક લાકડાનો ક્રૉસ દાટયો હતો તેને તોડી પાડવા તરહેવાર ઓજારો તથા હાથીઓને લગાડયા છતાં મુસલમાનો તેને જરા ખસાડી કે ઢીલોકરી શક્યા નહિ; પણ ૧૫૯૪ માં બુર્હાન નિજામે કિલ્લો બાંધ્યો, તે વેળા ફરી કિલ્લો બાંધવાનું કારણ એ મળ્યું કે પોર્તુગીજ તથા મુસલમાનો વચ્ચે મ્હોટી લઢાઇ શરૂ થઇ

અને કોરલઈથી રેવદંડાના કોટપર મુસલમાનો સારી રીતે તોપોનો મારો કરી શકતા હતા. ઇ. સ. ૧૫૯૪ના સપ્ટેંબરની ૧ લી તારીખે પોર્તુગીજ સરદાર 'ઍક્વાંતિસે' ૧૫૦૦ પોર્તુગીજ તથા ૧૫૦૦ દેશીઓને લઇ કોરલઇપર ચઢાઇ લઇ ગયો, આ વખતે બેઉ પક્ષ વચ્ચે મોટી લઢાઇ થઇ. પોર્તુગીજ લોકોએ અહમદનગરના બાદશાહના સરદાર ફતેખાનને કેદ કરી કિલ્લો જીતી લીધો. આ મુસલમાન સરદારે મરતી વેળા ખ્રિસ્તી ધર્મની દિક્ષા લીધી. તે વખતે તેની બાયડી તથા બેટી પોર્તુગીજોને હાથે સપડાયાં હતા. બાયડીને તેનાં સગાંઓ પુશકળ દ્રવ્ય આપી છોડવી લઇ ગયા, પણ છોકરીએ ખ્રિસ્તી ધર્મ સ્વિકાર્યાથી તેણીને લિસબન મોકલી પરણાવી. અવેળા પોર્તુગીજો પાસે કિલ્લાના સર્વ ભાગના રક્ષણ માટે પુરતું લશકર નહિ હોવાથી તેઓએ ટેકડીના મથાળા પરનો ભાગ કાયમ રાખી બાકીનો સર્વ ભાગ તોડી પાડયો.

આ કિલ્લો ભાંજી નાખવા પેહેલાં ડોકુટોએ તેની મુલાકાત લઈ ઇ. સ. ૧૬૦૨ માં જે વર્ણન કર્યું છે, તે પરથી જણાયછે કે આ કિલ્લો દુનિયાં માહેલા જાણીતા કિલ્લાઓમાં પેહેલે નંબરે ગણાવ્યો છે, જમીન તરફની બાજુએ એક મોટી ખાઇ હોઇ તેપર ઉંચક મૂક કરી શકાય એવો લાકડાનો પૂલ બાંધેલો છે, તેને બે મોટા બુરજો હોઇ તેપર એક પિત્તળનો મોટો સિંહ બેસાડેલો છે, આ સિંહ ઉપર "મારી સાથે લઢયા વિના હું અંદર જવા દઇશ નહિ" એવો લેખ કોતરેલો છે. ટેકડીના મથાળા ઉપરનો કિલ્લો અતિશય મજબુત હોઈ તેના સર્વથી ઉંચા ભાગપર એક પિત્તળનો ગરૂડ પક્ષી બેસાડેલો છે, અને તેપર પણ એક લેખછે, વળી તે તરફ પુશકળ દારૂગોળો ભરેલો છે.'

'કિલ્લાના રક્ષણ અર્થે ૭૦ તોપો તથા ૮૦૦૦ સિપાહો છે. માત્ર મૂર લોકો કિલ્લાની બહાર રહેછે. કિલ્લાની પાસે બજારની જગા છે ત્યાં ૭૦૦૦ ની વસ્તી છે.'

ઉપલા બનાવ પછી આ કિલ્લો ફરીથી પોર્તુગીજોએ સમાર્યો હતો. ૧૭૨૮ માં એક ગ્રંથમાં આ કિલ્લાનું એવું વર્ણન કરેલું છે કે "તેની અંદર ૧૩૦ પોહરેગીરો છે."

હાલમાં કિલ્લાની લંબાઇ ૨,૮૨૮ ફીટ ને પોહળાઈ ૮૯ ફીટની છે. કિલ્લામાં દાખલ થવાનાં ૧૧ દરવાજા છે, તેમાંના ૪ બાહેર ને ૭ અંદર છે, પૂર્વ તરફની દેવાલ શિવાય બાકીનો ભાગ હાલમાં પણ કાયમ છે. કિલ્લાપર એકંદર ૭ બુરજો હોઇ તેને પોર્તુગીજોએ નીચલા સાધુના નામો આપ્યાં છે.—સેંટ થિઆગો, સેંટ ફ્રાન્સિસ્કોઝેવિયર, સેંટ પીટ્રો, સેંટ બર્નાર્શિયો, સેંટ ફિલિપ, આ પાંચ નામો વંચાય છે બાકીનાં ભૂસાઇ ગયાં છે.

આ કિલ્લો ૧૭૩૯ માં મરહાઓએ લીધા પછી ૧૮૧૮ વેર તેને તેઓએ જાળવી રાખ્યો હતો. તે વેળા તેઓએ પેલા ૭ બુરજોને નિચલા નામો આપ્યાં હતા.—પૂરસ્ત, ગણેશ, પશ્ચિમ, દેવી, ચોર, બુરજી, રામ, પાણ. તેમજ તેઓના અમલ દરમ્યાન કિલ્લાપર ગણપતિ, વેદીકા દેવી, વગેરેનાં ૨૯૪ દેવમંદીરો હતાં, પણ હાલ ત્યાં તેઓ કાયમ રહેલા નથી. કિલ્લા ઉપર થોડીક તોપો છે પણ તે તદન કિટાઇ ગઈ છે.

કોરસાયરા—(જુઓ કોર્ફ્યૂ.)

કોરસિકા—મેડીટરેનીયનનો આ ચોથો મોટો ટાપુ ૧૧૪ મૈલ લાંબો ને પર મૈલ પોહળો છે. તેનો સમુદ્ર કાંઠો ૩૦૦ મૈલનો છે. જુમલે ક્ષેત્રફળ ૩૩૭૮ ચોરસ મૈલ છે. લોક વસ્તી ૧,૮૭૨ માં ૨,૫૮,૫૦૭ ની ને ૧૮૫૧ માં ૨,૮૮,૫૯૬ ની હતી. આ ટાપુ લેગહૉર્નની દક્ષિણ પશ્ચિમે ૫૪ મૈલપર અને નિનોઆની દક્ષિણે ૯૮ મૈલપર છે. જોકે હાલના ભૂગોળ મુજબ એ ફ્રેન્ચ ટાપુ ગણાય છે તોય તવારીખ મુજબ તે

ઇટલીને લગતો હતો. મધ્ય ભાગ પાહાડી હોઇ તેમાં સેન્ટો પર્વત ૮૮૭૮ ફીટ, રૉટોન્ડો ૮૬૦૭ ફીટ અને પાગલીઓ ૮૨૮૩ ફીટ ઉંચો છે. પશ્ચિમ કિનારાપરના પર્વતો કિનારા ભણી છે પણ પૂર્વ તરફના સમુદ્ર વચ્ચે છે. અત્રેની જગા જોકે ફળદ્રુપ છે પણ ત્યાંની ઝેરી તાપની મોસમ વર્સાદમાં શરૂ થતી હોવાથી ત્યાં પાહાડી પ્રજા વસી શકે છે. રોમન રાજ્ય અમલ સમયે અત્રે મોટી વસ્તી હતી. કોરસિકામાં નૌકાગમન લાયકની એક પણ નદી નથી. કોર્સિકાની ભૂમિનો ૪૩ ટકા ભાગ ખેતીવાડીથી ભરપૂર છે. મુખ્ય કરી તેમાં ઘઉં, ઘાસ વગેરે પુશકળ પાકે છે. ½ ભાગ જંગલથી ભરપૂર છે. જંગલમાં તર્હેજાતી હિંસક પ્રાણીઓ વસે છે. ખનીજ પદાર્થોમાં ત્રાંબુ, શિસું, ચાંદી, લોહું, મેંગેનિજ, આરસપાહાણ, લીલા રંગના રત્નો, અલાબાસ્ટર વગેરે મળે છે. આ દેશમાંના ખનીજ ઝરા દુઃખદર્દો દૂર કરવાનો ગુણ ધરાવે છે. મુખ્ય ઉદ્યોગ માછીમાર તથા ભરવાડનો છે. વાઇન, ઈમારતી લાકડાં, ચારકોલ, ઑલિવ, તેલ, મેવો મુખ્ય વેપારની જણસો છે. ૧૮૮૮ માં અત્રે પેહેલી રેલ્વે લાઇન બાસ્ટીયાથી કૉર્ટીવેરની નખાઇ હતી. કોર્સિકામાં ઇટાલ્યન ભાષા બોલાય છે. આ ટાપુ ૧૭૬૮ થી ફ્રેન્ચ સત્તા તળે છે.

કોરસિરા—આ ટાપુ ઇ. સ. પૂર્વે ૭૦૦ માં કોરિન્થિઅનોએ વસાવ્યો હતો. હાલમાં તેને 'કોરફ' કહે છે. આ ટાપુ આગળ અતિ ધનવાન તથા બળવાન પ્રજા ધરાવનારો ગણાતો હતો. આથી ઈ. સ. પૂર્વે ૬૬૪ માં આ ટાપુ સાથે એક નાવિક યૂદ્ધ થયું તે દુનિયામાં પેહેલવેહલું દર્યાઇ યૂદ્ધ ગણાયું છે. તે પછી પણ અનેક વેળા લડાઇઓ થઇ હતી.

કોરાંટ—આ વન ઔષધિ ગોમાંતક પ્રાંતના કિનારાપર ઉગે છે. ડૉ૦ ડીમકના જણાવ્યા મુજબ એ કફ પાડવા માટે ઉપયોગી છે. પીળા કોરાંટનો રસ કડવો ને ખાટો હોયછે. હિંદુસ્થાનમાં બાળકોને એના પાંદડાનો રસ ખાંસી ઉપર મધ સાથે પાય છે.

કોરાંટ જાંબુડા—એના છોડ કોંકણ પ્રાંતમાં ઉગેછે, એના મૂળિયાં લંબોચા, વચમાં જાડાં હોઇ એઉ છેડા અણીયાલાં હોયછે અને તે પર કાળી છાલ હોયછે.

કોરાને શરીફ—મુસલમાનોનું પવિત્ર ધર્મ ગ્રંથનું નામ. આ ગ્રંથ મુસલમાનોનાં ધર્મ કાયદા જાણવાનું, અભ્યાસ કરવા ને અરબી ભાષાની પૂર્ણ માહિતી મેળવવાનો ગ્રંથ છે. એને અરેબીકમાં "કોરાનાન' કહેછે. કોરા= વાંચવું, શીખવું અથવા કહેવું ઉપરથી કોરાન નામ પડ્યું છે.

તમામ કોરાને શરીફની કેતાબ સફેદ રેસમી કપડામાં બાંધેલી, સુન્ના તથા હીરાથી મઢેલી રમજાન મહિનાની એક રાત્રે જીબ્રાઇલ (ગેબ્રિયલ) ફરેસ્તો હજરત મહમદની પાસે આવી આપી ગયો હતો, તે ઉપરથી આ કેતાબ અમર્ગ કેહવાયછે .ઇસલામીઓનાં જણાવવા મુજબ આ પુસ્તક ખુદાઇ મેજ ઉપર હતું. ખુદ ખુદાએ જીબ્રાઇલ ફરેસ્તાની મારફતે રમજાન માંસમાં નિચલા આકાશમાં મોકલી, જ્યાંથી તેણે કોરાનના નાહના નાહના ભાગો બનાવી મહમદને જૂદે જૂદે વખતે આપ્યા. તેમાંના કેટલાક ભાગ મક્કા તથા કેટલાક મદીના તરફ આવી સંભળાવી આપ્યાં હતા, એ મુજબ ૨૩ વર્ષ વેર થોડો થોડો ભાગ જીબ્રાઇલ ફરેસ્તો સંભળાવી બક્ષતો હતો, ને મહમદ મક્કાથી થોડે દૂર આવેલા "હારા" ના ગુફામાં જઇ તે સાંભળી આવી લોકોને વાએજ આકારે સંભળાવતો હતો.

કોરાને શરીફનાં લખાણો મહમદની વખતે વિખરાયલી હાલતમાં હોવાથી ખાલીફ અબુબક્કરે તેને હાલની ગોઠવણે ગોઠવ્યું હતું, પણ હીજરાના ૧૩ માં સનેમાં ખાલીફ ઓથમાને ઓમરની બેટી 'હફસાની' પાસથી અસલ નકલનો ઉતારો કરાવી કેટલીક ભૂલ

ભરી નકલોને રદ કરી બરી નકલોનો પ્રસાર સર્વત્ર કરાવ્યો હતો.

આ પવિત્ર ધર્મ ગ્રંથ ૧૧૪ મોટા નાહના ભાગોમાં વેંહેંચાયલું છે, કે જેને શુરા (સૂરે) કહેછે. આ શૂરા બોલ યાહુદીઓના 'તોરા' બોલને મળતો આવેછે. કોરાનમાં ૬૦૦૦ થી ૬૦૩૬ 'આયે' યાને શ્લોકો છે, તેમાં ૭૭૮૩૯ બોલો અને ૩૨૩૬૭૧ હરફો છે. કોરાનની મુખ્ય સાત પુરાણી નકલો જે છે તેમાં ૧લી–તથા ૨જી–મદીનામાં લખાઈ ત્યાંજ વપરામલી જણાયછે, ૩જી–મક્કામાં, ૪થી–કુફામાં, ૫ મી—બસોરામાં, ૬ ઠી સિરિયામાં અને ૭ મી—સાધારણ છે. એમાંની પેહેલીમાં ૬૦૦૦, બીજીમાં ૬૨૧૬, ૩જી માં ૬૨૧૯, ૪થીમાં ૬૨૩૬ ૫ મી માં ૬૬૧૬, ૬ઠી માં ૬૨૨૬ અને ૭મી માં ૬૨૨૫ શ્લોકો છે પણ તે સર્વેમાં ઉપર જણાવ્યા મુજબની સંખ્યા જોટલાંજ અક્ષરો છે.

ઉપર મુજબનાં પ્રકરણો, શ્લોકોનાં નાહના મોટા ભાગો શિવાય, કોરાનને ૬૦ એક સરખા ભાગોમાં વેંહેંચેલું છે. જેમને અનેક વચનમાં 'હાઝાબ' અને એક વચનમાં 'હીઝબ' કહે છે. આ દરેક ભાગનાં ચાર એક સરખા વિભાગ કરેલા છે. વળી કોરાનને ૩૦ ફસલોમાં વેંહેંચવામાં આવ્યું છે. જેમને બહુ વચનમાં 'હજઝા' ને એક વચનમાં 'જોઝ' કહે છે. જે દરેકનાં ૪ વિભાગો કરેલાં હોયછે, તે ફસલોને પાદશાહી ઘોરોની નજદીક બાંધેલી મસજીદોમાં કોરાન પઢનારાઓની સગવડને ખાતર બનાવવામાં આવેલી છે. જ્યાં આખી કોરાનને ૧ દિવસમાં વાંચી પુરી કરવા ખાતર ૩૦ વાંચનારાઓને રાખેલા હોયછે. કોરાનનાં સર્વે પ્રકરણોનાં મથાળાપર બિસમિલ્લા બોલ લખેલો છે, પણ ૯ માં પ્રકરણ ઉપર તે બોલ નથી.

આ પવિત્ર પુસ્તક તન બદન સાફ કીધા પછીજ પઢવાનું ફરમાન છે અને મુખ્ય કરી શુક્રવાર (જુમા), સોમ (પીર), અને ગુરૂવારે (જુમેરાતે) પઢવામાં મોટો સવાબ સમજવામાં આવેછે.

દુનિયામાં અતિ કિમતી કોરાન માત્ર ઇરાનના શાહના ખજાનામાં છે. આ પુસ્તકનું પુઠું ½ ઈંચ જાડા સુન્નાના પતરાનું બનાવેલું છે, અને તેની અંદર તેટલાજ જાડા રૂપાનું અસતર છે. તેની ઉપર અર્ધ ચંદ્રકાર આકાર કિમતી હિરા માણેકથી પાડેલો છે. આ કિમતી નંગોમાં ૧૦૯ હીરા, ૧૬૭ મોતી તથા ૧૨૨ માણેકો છે. હાલમાં તેની કિંમત ૩ ૩, ૭૫,૫૩૦ ની અંકાય છે.

૬૦ સ૦ ૧૯૦૩ નાં દિલ્લી દરબાર મોહોત્સવ પ્રસંગના પ્રદક્ષણમાં એક કોરાન મુરશીદાબાદથી મોકલવામાં આવ્યું હતું જે ૨૦૦ વર્ષનું જુનું હોઇ ઘણીજ દૂનરમંદિથી લખવામાં આવેલું હોવાથી તેની કિંમત ૩૦,૦૦૦ રૂપીયાની ઠેરવી હતી.

કોરારી—સિંધ તરફ થતા સાંપોમાં આ જાતના સાંપો સોહામણા હોઇ ૮ ફીટ લાંબા હોયછે. આ સાંપો ઘણુકરી ઘરમાં છાપરા તળે ભરાઇ બેસેછે અને જ્યાં ચળીઆનો માળો હોય ત્યાં અવશ્ય બેસેછે. એનો ડંખ લાગતાં તે જગા કાળી પડી મનુષ્ય પીળા બનેછે અને તેનું લોહી વહેવા માંડી બદનપર સોજો ચઢતાં તે મરણ પામેછે. સિંધમાં એના ઝેરના ઉતાર તરીકે તુરત કાપેલી મરઘી પેલા ડંખપર બાંધેછે અને દર્દીના જખમ ઉપર તાજા ચામડાને સીકડી બાંધેછે.

કોરિયા—બંગાલના દક્ષિણ પશ્ચિમ સરહદપરનું એક દેશી રાજ્ય. એનું ક્ષેત્રફળ '૨ ૨૨૫, મૈલ હોઇ હાલહવાલ હાલતમાં છે. વાર્ષિક ઉપજ માત્ર ૧૦૧૦૦ ની છે. બ્રિટીશ સરકારને ખંડણીના ૧૬૦૦ રૂપ્યા દેવા પડે છે. મુખ્ય પેદાશ લાખ અને રેસમની છે. લોક વસ્તી ૧૦૦,૦૦૦ ની ગણાયછે.

કોરિઆ—એશિઆ ખંડના પૂર્વ કિનારા ઉપરનું એક દ્વિપકલ્પ. એનું ક્ષેત્રફળ ૯૦,૦૦૦ ચોરસ મૈલ છે ને તેમાં ૮૦,૦૫,૦૦૦ થી ૧,૫૦,૦૦,૦૦૦ ની લોક વસ્તી છે. મુખ્ય રાજધાની શેહેર 'સેઉલ' છે તેમાં લોક વસ્તી ૨,૭૫,૦૦૦ ની છે.

આ દેશ જૂદા જૂદા ૮ 'ડો' એટલે પ્રાંતોમાં વેંહચાયલો છે. આ પ્રાંતોને નામ આપવાની રીત વિચિત્ર છે. દરેક પ્રાંતનાં બે મુખ્ય શેહેરના નામ સાથે મેળવી તેને નામ આપવામાં આવેછે. જેમકે કયેાંગ–આન પ્રાંતનું નામ તેનાં બે મુખ્ય શેહેરો કયેાંગ–યંગ અને આન–જુ ઉપરથી, છુંગ–છયેાંગ પ્રાંતનું નામ તેના બે શેહેરો છુંગ–જુ અને છયેાંગ–જુ ઉપરથી, અને ચેાલ–લા પ્રાંતનું નામ ચેાન–જુ અને ના–જુ ઉપરથી આપવામાં આવ્યું છે.

ઉત્તર કોરિયાનેા ભાગ પાહાડી છે અને દક્ષિણ ભાગમાં મેાટા પર્વતેા આવેલા છે. છેક ઉતરે 'પેક–ટો–સાન' નામે ઉંચેા પર્વત છે જેમાંથી 'અમનેાક' તથા 'તુમાન' નામે નદીઓ વહે છે. આ પર્વતેામાંથી પૂર્વ કોસ્ટા તરફ ઉત્તર દક્ષિણે બીજા કેટલાક પર્વતેા નિકળેલા છે. પર્વતેાની એ ગેાઠવણ દેશ ઉપર ઘણી અસર કરનારી થઇ પડેછે. પશ્ચિમ તરફનેા ભાગ સપાટ હેાવાથી ત્યાં સારી ખેતી થાયછે. દક્ષિણ તરફનેા કયેાંગસેંગ'નેા પ્રાંત અતિ ફળદ્રુપ છે. આ દેશમાં ખનિજ પદાર્થેાની મેાટી ખાણેા આવેલી છે પણ પશ્ચિમ તરફના સહાસિક વેપારીઓને તે ખાણેા ખેાદવાના હકકેા ત્યાંની સરકાર આપતી નથી. આ દેશમાં જુનથી સપટેંબર સુધી વર્સાદ પડે છે અને બાકીના મહીના આકાશ સ્વચ્છ રહે છે. શિયાળામાં પાયતખત શેહેર 'સેઉલ' માં સખત થંડી પડે છે. આ શેહેર નજદીકની 'હાન' નદી ૪૦૦ વાર પેાહળી છે તેમાં શિયાળાની મેાસમમાં બરફ બંધાતું હેાવાથી તે તરફ જાઝી જાવઆવ થઇ શકતી નથી. દેશમાં મુખ્ય પેદાશ ગહું સીંગ, ૬, સણ, બાજરી, જુવાર તથા તંબાકુની થાયછે.

કોરિયામાં કાગળ બનાવવાનેા ઉદ્યેાગ બેાહેાળેા ચાલે છે. તે કારખાનામાં કાગળનાં ફાનસેા, પંખા, છત્રી, બુટના તળીયાં, ટેાપી, દાણડી અને ડગલા વટીક કાગળનાં બનાવે છે. કેારિયન કાગળનેા મેાટેા ઉદ્યાવ ચીન અને જાપાનના બજારમાં થાયછે. ત્યાં આ કાગળેા મલબારી જાતની ઝાડીમાંથી બનાવવામાં આવેછે. આ ઝાડ કોરિઆના દરેક ભાગ ઉપરાંત મુખ્ય કરી દક્ષિણ ભણીના સરદ, ગરમ દેશેામાં ઝાઝાં ઉગે છે. કાગળ બનાવવા આ જાતના ઝાડની છાલ ઉપયેાગમાં લે છે. પ્રથમ છાલને પાણીમાં પકાવી તેમાં લાકડાની રાખ નાખી ઘટ માવેા બનાવેછે, બાદ લાકડાનાં છાલકાં વાસણેામાં ઝીણા બાંધુના ચક મુકી તે ઉપર જોરથી ચાલુ હાથે એક સરખી રીતે તે માવેા પાંથરે છે, તે પછી તેને લાકડાની ગરમ જમીન પર સુકવે છે અને પછી તેપર અસ્તરી ફેરવેછે.

'કોરિયાના ઇતિહાસ ઉપરથી માલમ પડેછે કે ઇ. સ. પૂર્વે ૧૨ મી સદીમાં કોરિયા વસ્તીવાલેા હતેા અને ત્યાં એજ સદીની આખેરીમાં સુધારાનાં પેહેલાં તત્વેા 'કી–ઝેની' નામે ચીનાએ દાખલ કર્યા હતા. એ સદીની આગમજ તથા પછીનાં વર્ષેામાં માનચુર્યાથી અવારનવાર લેાકેા આવી વસતા અને તેઓ પેાતાનેા છાપ કોરિયન પ્રજાપર એવેા બેસાડયેા કે જે હજી કાયમ છે. ત્યાંના લેાકેાનેા મેાટેા ભાગ તેમના ચેહેરાપરથી માનચુરિયન ઓલાદ દિસેછે, પણ બીજા કેટલાકેા તેમના દેખાવ ઉપરથી યાહુદી, જાપાનિસ અને કોકેશીયનેા ની ઓલાદના દિસેછે, વળી ઉપલા વર્ગનાં કેટલાક કોરિયનેાનાં ચેહેરા ઇંગ્રેજો જેવાં લાગેછે.'

'યુરપીયનેાને કોરિયા દેશની પેહેલી ખબર વલંદાઓથી મળી હતી. એ દેશના કોસ્ટા ઉપર તેમનું વાહાણ ઇ. સ. ૧૬૫૩ માં ભાગી ગયું હતું અને તે વખતે ત્યાં ઉતરવા બાદ તેમને 'વેટેરી' નામે તેમનેા વતની મળયેા હતેા. વેટેરીને ૨૫ વર્ષ આગમજનેા ત્યાં કેદ રાખવામાં આવ્યેા હતેા, અને ભાગેલા વાહાણના વલંદાઓને પણ ૧૪ વર્ષ સુધી ત્યાં બંદીવાન થઈ રહેવું પડયું હતું, પણ તેઓએ ૧૪ વર્ષ પછી યુક્તિથી

છુટકારેા મેળવી નહાશી જઈ જેપાનથી પેાતાને વતન જઇ ત્યાંની સર્વ બિના જાહેર કરી હતી.

૧૬ મી સદીની આખેરીમાં જેપાનીસેાએ કોરિયા ઉપર હૂમલેા કર્યેા તે વેળા જી, ડી, શસપીડે નામે ખ્રિસ્તી ધર્મ ગુરૂ ત્યાં ગયેા હતેા અને તેણે યાં ખ્રિસ્તી ધર્મ દાખલ કરવાની કેાશેસ કરી હતી.

સેાળમી સદીની આખેરીમાં ગએલા મિશનરીએ નહિ જેવી ફતેહ મેળવ્યા પછી મેાસ્યેા. મેાએટ નામે ફ્રેંચ ધર્મ ગુરૂએ ૧૮૩૫ માં ત્યાં પેાતાની ટેાળી સાથે જઈ ઠીક ફતેહ મેળવી હતી પણ ૧૮૬૧ માં ત્યાંની પ્રજા મિશનરીઓના ધર્મ વિરૂધ ભાષણથી ઉશકેરાઇ સર્વેને મારી નાખ્યા; તેમાંથી ૩ મિશનરીઓ બચી નહાશી ગયા હતા. તેઓએ આ ખબર પેાતાના દેશમાં આપતાં ફ્રેન્ચ સરકારે કોરિયાપર ચઢાઇ કરી તેમાં તેઓ ફાવ્યા નહેાતા.

તેજ સમયે અમેરિકન સરકારના એક લશકરી બારકસે કોરિયાનું એક બંદર વેપાર માટે ખુલ્લું મેળવાની તજવીજ કરી પણ અમેરિકનેા પેાતાના બારકસેા સાથે કયેાંગ યંગના બંદર તરફની નદીમાં બળી મુવા હતા, આથી ૧૮૭૧ માં યૂનાઇટેડસ્ટેટની સરકારે આસપાસથી મદદેા મેળવી કોરિયાના કેટલાક બંદરેા મેળવ્યા કે તેમની પાછળ યૂનાઇટેડસ્ટેટસ, જર્મની, ઇંગલંડ, ઇટલી અને રશિયાએ પણ કોરિયામાં વસતા પરદેશીઓના જાનમાલની સલામતી માટે તેમની પાસે જામીનગીરીનું લખત મેળવ્યું હતું.

અત્રેનેા રાજા વંશપરંપરાએ ગાદીનેા હક્ક ધરાવેછે, તેના લશકરમાં માત્ર ૭૦૦૦ સીપાહેા છે તેઓ રાજ્યધાનીમાં પેાલીસનું પણ કામ બજાવેછે. આગલા હિંદુસ્થાનની રૂઢી મુજબ ત્યાંના યેાદ્ધાઓ જગેજગ વસેછે અને યૂદ્ધ પ્રસંગે તેઓ પેાતાના રાજાને મદદ આપવા નિકળી પડેછે. પૂર્વજોની ભક્તિ એ ધર્મ તત્વ ચીનાઓ પ્રમાણેજ તેઓમાં મજબુતાઇથી પસરેલું છે, તેમનેા મુખ્ય ધર્મ બૌદ્ધનેા છે, પણ તેઓમાં ઘણા મંદીરેા મુખ્ય છે, કોરિયાએ ૧૭ મી સદીથી ચીનાઇ શેહેનશાહાતનું સ્વામિત્વ કબુલ્યું છે.

હાલનેા કોરિઆનેા રાજા 'લી—હ્યંગ' છે, તેનેા જન્મ ઇ. સ. ૧૮૫૨ માં ૨૫ મી જુલાઇ એ થયેા હતેા, ૧૮૯૬ માં ઉઠેલી લઢાઇ વેળા તેને જેપાનીસેાએ કેદ કર્યેા હતેા પણ સુલ્હે થતાં રાજ્ય ગાદીએ બેસાડયેા હતેા.

આ દેશમાં ઘેર સંસારી રીતભાતેા વિચિત્ર છે, બાળક ૮ વર્ષનું થાય ત્યાં સુધી તે સઘળા સાથે ભેળાઇ શકેછે પણ ૯ મું વર્ષ બેસતાં છેાકરીઓને સ્ત્રીઓને રહેવાના ખાનગી ભાગમાં જઇ ભરાઇ રહેવાની ફરજ પાડવામાં આવે છે, જ્યાં તે પરણે ત્યાં વેર પરદેહપેાશ રહેછે પણ પરણ્યા પછી તેને વધારે બંદબસ્ત પરદેનશીન હાલતમાં રહેવું પડેછે, ત્યાં તે પેાતાના ભરતાર શિવાય કદી કેાઇનું મુખ જોઇ શકતી નથી. ત્યાં સ્ત્રી મર્દો એકમેકને નહિ જોય એવેા કાયદેા હેાવાથી સ્ત્રીઓથી દિવસના બાહેર કદી પણ ફર હર કરી શકાતું નથી તેમ રાતના મર્દોને બાહેર ફરવા હરવાની બંદી હેાવાથી સ્ત્રીઓ છડે છેાક બાહેર નિકળી ફર હર કરી શકેછે, અને તે વેળા સ્ત્રીઓને મર્દોથી જરાએ હરકત થતી નથી. આગળ આ રેવાજ તેાડનારને બાંધીમારની શિક્ષા ફરમાવવામાં આવતી હતી.

કોરિયામાં છેાકરીઓને ૯ થી ૧૨ વર્ષ દરમ્યાન પરણાવે છે. છેાકરેા ૧૦ વર્ષનેા થયેા કે તેને કેાઈ પણ સ્ત્રીના ખાનગી ઓરડામાં જવાની બંદી થાયછે. છેાકરેા ૧૫ થી ૧૬ વર્ષની વયે પરણવા લાયક ગણાયછે અને તે વેળા તે પેાતા કરતાં વધારે ઉમરની સ્ત્રીને પણ પરણી શકે છે. લગ્ન ક્રિયા વર કન્યાના એઉ વેહવાઇઓજ કરે છે, ત્યાં સુધી વર વહૂ એકમેકને કદિ જોઇ શકતાં નથી. કોરિયામાં જો ૪ થી ૫ વર્ષનું બાળક કપડાં પેહેરી ફરતું જણાય તેા તેણે લગ્ન કરેલાં જાણવા ક્રમકે લગ્ન થયા પછી તેઓ અંગ ઢંકાય તેવાં કપડાં પેહેરે છે.

ત્યાંની પ્રજાની લગ્ન ક્રિયા તદ્દન સાદી છે. લગ્ન અવસરને છાજતાં કપડાં પેહેરવાને મદદ કરવા વર તથા કન્યા પોત પોતાના સહિ મિત્રોને બોલાવે છે. તે પછી વરરાજા સફેદ ટટુપર બેસી વહુના મંડપ પાસે જાયછે. ત્યાં વર પોતાની સાથે લાવેલા રાજહંસ પક્ષીને બાહેર છોડે છે, જેને કન્યા પોતાના આસ્તિનમાં ઢાંકી લે છે. કારણ કે કોરિયાના મુલકમાં રાજહંસ પક્ષીને વફાદારીની નિશાની ગણવામાં આવેછે. તે પછી વર વહૂ જમીન સુધી એક બીજાને બેત્રણ વેળા નમન કરે છે, કે લગ્ન ક્રિયા પુરી થએલી સમજવી.

કોરિયાના પાદશાહી કુટુંબમાં મરણ થતાં પ્રજાને ૩ વર્ષ સુધી શોક પાલવો પડે છે ને તેની નિશાનીમાં સફેદ ટોપી પેહેરવી પડે છે.

કોરીંથ—આ ગ્રીક પ્રજાનું પ્રાચીન શેહેર કોરીંથની સામુદ્રધુનિપર (૩૬ મૈલ પોહળી ને ૨૬૨ ફીટ ઉંચી) છે.આ શેહેર ૧,૮૮૬ ફીટ ઉચા પર્વતની ઉત્તર તળેટીમાં છે. એની સ્થાપનાં ઇ. સ. પૂર્વે ૧૩૫૦ માં થઇ હતી. કોરીંથમાં મધ્યકાળ દરમ્યાન વસ્તી ૩,૦૦,૦૦૦ ની હતી. ઇ. સ. પૂર્વે ૧૪૬ માં રોમનોએ તેને જીતી લીધું હતું ને તે પછી એક સદી રહી જુલીયસ સીઝરે બંધાવ્યું હતું. ૧૪૫૯ માં તૂર્કોએ જીતી લીધું હતું તે પછી ૧૮૨૨ માં તેમની પાસથી ગ્રીકોએ સ્વાધીનમાં લીધું અને ૧૮૫૮ વેર કોરીંથ સારી હાલતમાં રહ્યું હતું, પણ તેટલાં ધર્તિકંપથી તેનો નાશ થયો હતો. હાલમાં નવું કોરીંથ શેહેર ઉત્તર પૂર્વમાં બાંધેલું છે તેમાં ૩૦૦૦ ની લોક વસ્તી છે.

કોરે કાગળે મતૂ—એને ઇંગ્રેજીમાં 'કૉર્ટ બ્લૅન્શ' કહે છે. યાને કોરા કાગળની હેઠે પોતાની સહિ કરી આપી સામો ધણી તેની ઉપર ગમે તેવી શરતો લખે તેને કબુલ રાખનારૂં કાગળ. ૧૬૪૯ માં બીજા ચાર્લસે પોતાના પિતાને બચાવવા માટે 'કોરે કાગળે મતૂ' કરી મોકલ્યો ને કહેવાડયું હતું કે, "મારા પિતાજીનો પ્રાણ ઉગારવાનો બદલો મેળવવા પોતાની નજરમાં આવે તેમ તેમાં લખવું," પણ પાર્લામેંટે તેની દરકાર કરી નહોતી.

કોરેલાઇન—આ એક પ્રકારની ઝાડીનું નામ. આ ઝાડી બ્રિટીશ સમુદ્ર કાંઠાપરના ખડકોના ખાબોચ્યાંમાં પુશકળ ઉગે છે. આ છોડ બારે માસી હોયછે, પણ વસંત ઋતૂમાં તેનો રંગ ફિક્કો રાતો બને છે, પણ જ્યારે આ છોડ જુનો થાયછે ત્યારે તે સફેદાઈપર ચઢે છે.

કોલ—વાયવ્ય પ્રાંતમાં અલીગઢ જીલ્લાનું ગામ, આ દિલ્લીથી કાનપૂરના માર્ગમાં અલીગરની દક્ષિણે ૪ મૈલપર છે. આ ગામ ઇતિહાસ પ્રસિદ્ધ છે, ૧૧૯૩ માં કુતબુદ્દીને અત્રે જીત મેળવી ગામ તાબે કીધું હતું, હાલમાં જીલ્લાના લશકરી છાવણીનું એ મુખ્ય મથક છે, અને ત્યાં લશકરી છાવણી ઉપરાંત મોટું બજાર ભરાય છે, સમુદ્રની સપાટીથી ૭૩૪ ફીટ ઉંચેછે, લોક વસ્તી ૩૬૧૮૧ ની છે.

કોલક—આ નદી સૂરત જીલ્લામાં ૧૫ મૈલ વેર પારાડી તાલુકામાંથી પશ્ચિમે વહી 'પાર' ની દક્ષિણે ૫ મૈલપર સમુદ્રને મળેછે. આ નદી મુખ નજદીક જમણે કાંઠે સૂરત જીલ્લા ને ડાબે કાંઠે પોર્તુગીજોના દમણ પ્રગણાંથી જૂદો પાડેછે, પેહેલાં આ નદી ખડક ઉપરથી વહેતી જાયછે ને તેમાં મુખથી ૮ મૈલ વેર ભરતી આવેછે, એની ઉપરનો રેલવે પૂલ ૪૩૮ ફીટ પોહળો છે. તેમાં વાહણો આવ જાવ કરી શકેછે.

કોલ ચેસ્ટર—એસેકસની ઉત્તર પૂર્વનું આ એક પુરાતમ પરૂં કોલન નદીના જમણા કાંઠાપર લંડનની ઉત્તર પૂર્વે ૫૧ મૈલપર છે. અત્રે શેહેનશાહ 'કલ્યૂડીયસે' બ્રિટેનિયામાં પેહેલવેહેલું રોમન કોલોનિયા શેહેર સ્થાપ્યું હતું, અને તે આગલા શેહેરની હાલના કોલચેસ્ટમાં કેટલીક નિશાનો રહેલી છે. એની દેવાલ પ્રાચીન કારીગરીનો આબાદ નમુનો છે. અત્રે ખોદકામ કરતાં આગલા વખતના

સિક્કા, વાસણ તથા ઘણીક ઇમારતો જડી છે. અત્રેના કિલ્લામાં આગલા વખતની ચીજોનું ઉત્તમ સંગ્રહસ્થાન છે.

રાણી એનના સમયમાં સ્પેન સાથે લડાઇઓ થયાથી અત્રેનો વેપાર ભાગી પડયો છે, હાલમાં કોલચેસ્ટર લશકરનું મુખ્ય મથક છે, અત્રેથી પાર્લામેંટમાં ૧ પ્રતિનિધી મોકલવામાં આવે છે, ૧૮૫૧ માં વસ્તી ૧૯૪૪૩ ની ને ૧૮૬૧ ૩૪૫૫૯ ની હતી.

કોલ્ડ ક્રીમ—૧ રતલ બદામના તેલમાં ૪ ઔંસ સફેદ મીન પિગળાવી તે થંડો પડતો જાય ત્યારે તેમાં સ્વચ્છ ગુલાબ મેળવતા જવું અને જ્યાંવેર તે થંડુ પડે ત્યાં સુધી હલાવ્યા કરવું, નહિ તો તેલ તથા પાણી જૂદાં પડશે.

આ કોલ્ડક્રીમ થંડીથી ફાટી જતા હોઠ, હાથ અને મોહ ઉપર ચોપડીયાથી વધારે ફાયદો કરેછે, ઉપલી મેલવણીમાં ગુલાબને બદલે એલડર ફ્લાવર વૉટર મેળવ્યું હોય તો તેથી ચામડી સુંવાળી બનેછે, પણ એલડર ફ્લાવર વૉટર વાપરવામાં આવે ત્યારે બરગેમેન્ટને બદલે ગુલાબના અત્તરનાં ટીપાં નાખવાં જોઇએ.

આ સર્વ વસાણાંનો એક પૈંટ સ્વચ્છ અર્ક અથવા તેજાબમાં નાખીને મેળવવાં અને થોડા દિવસ વેર તેમજ રાખવાથી ઉત્તમ કોલન વૉટર બનેછે.

કોલંબસ—ઓહિઓના રાજ્યનું આ પાયતખત શેહેર સિયોટો નદી કાંઠે કલિન્હલેંડની દક્ષિણ પશ્ચિમમાં ૧૩૮ મૈલપર છે. અત્રેનો 'બ્રૉડ સ્ત્રીટ' આસ્રો ૧૨૦ ફીટ પોહળો હોઇ તેની વચમાં ઝાડોના મેહેરાબરોકો માર્ગ છે, હાઇસ્ત્રીટ નામે એક મોહોલો ૧૧૦ ફીટ પોહળો છે, કેપીટૉલ નામની ઇમારતનો ગુંબજ ૧૬૦ ફીટ ઉંચોછે ને તેનો ઘેરાવો ૧૯૨ ફીટનો છે, તે શિવાય સીટી હૉલ લાયબ્રેરી, ઇસ્પીતાલ, હાઇકોર્ટ, મુગાબ્રેહેરાની શાળા વગેરે ઇમારતો છે, અત્રે ઓહિયો રાજ્યની અને શેહેરની યૂનિવરસિટી છે. આ શેહેરમાં ૧૪ રેલ્વે લાઇનો ફરતી હોવાથી ત્યાં તરેહવાર વેપાર ઉદ્યોગ બોહોળો ચાલેછે. આ શેહેરની સ્થાપના ઇ. સ. ૧૮૧૨ માં થઇ હતી. ૧૮૭૦ માં લોક વસ્તી ૩૧૨૭૪ ની, ૧૮૮૦ માં ૫૧૬૪૭ ની ને ૧૮૯૦ માં ૮૮૧૫૦ ની હતી.

કોલંબસ—એજ નામના યૂનાઇટિડ સ્ટેટમાં ૨૦ ગામો છે. તેમાં મુખ્ય કોલંબસ મ્યૂસ-કોજીનું મુખ્ય શેહેર અટલાન્ટાની દક્ષિણ પશ્ચિમમાં ૧૦૦ મૈલપર છે, અત્રે કપાસનો મોટો વેપાર ચાલે છે. તેમજ ત્યાં ઉન, લોહું વગેરેના કારખાનાં છે. ૧૮૮૦ માં લોક વસ્તી ૧૦૧૨૩ ની ને ૧૮૯૦ માં ૧૭૩૦૩ ની હતી.

(૨) એ બાર્થોલોમિયાનું મુખ્ય શેહેર હોઇ 'ઇંડિયાના પોલીશ'ની દક્ષિણ પૂર્વે ૪૧ મૈલપર છે. લોક વસ્તી ૬૭૧૯ ની છે.

(૩) જેક્સનની ઉત્તર પૂર્વે ૧૫૦ મૈલપર 'લોંડસ' પ્રાંતનું મુખ્ય શેહેર છે. લોક વસ્તી ૪૫૯૯ ની છે.

(૪) કોલેરેડોનું આ ગામ આસ્ટીનની દક્ષિણે દક્ષિણ પૂર્વમાં ૯૫ મૈલપર છે. લોક વસ્તી ૨૫૦૦ ની છે.

કોલંબસ—ઇટલીના જીનોઆમાં આ અમેરિકાના શોધકનો જન્મ ઇ. સ. ૧૪૩૬ માં થયો હતો. એના માત પિતા ગરીબ સ્થિતિમાં હતા તોય તેઓએ કોલંબસને સારૂં શિક્ષણ આપ્યું હતું. તેણે પોતાનો વિદ્યા અભ્યાસ ત્યાંની પાઠશાળામાં કીધો ત્યારેજ તેની મુખ્ય વલણ ભૂગોળ શાસ્ત્ર તરફ વધારે ઢળેલી હતી. તે સદા ભૂગોળ શાસ્ત્રનાં ગ્રંથો વાંચી તે ઉપર વિચાર કરતો. વળી બચપણથી તેને નૌકાશાસ્ત્ર તરફ વલણ હોવાથી તે વિદ્યા સંપાદન કરવા થકી તેણે એક વહાણ ઉપર નોકરી મેળવી. તે વેળા તેણે પોતાનો અભ્યાસ વધારી શોધી કાઢયું કે યૂરપખંડના લોકોને માલમ નથી એવો દેશ એટલાંટિક માહાસાગરને બીજે છેડે હોવો જોઇએ, અને તે દિશાએ આવા દેશો મળશે નહિ, તોય તે દિશા તરફ જતાં આપણે હિંદુસ્થાનનો

માર્ગ શોધી કાઢશું. આ કલ્પનાં તેના મનમાં ઉઠતાં તેણે તે કામ થકી બીજા રાજાઓનો આશ્રય મેળવવા થકી યત્ન કર્યો. પ્રથમ તેણે પોર્તુગલના રાજા બીજા જૉન પાસે પોતાની અરજ ગુજારી પણ તે રાજાના તથા ત્યાંની પ્રજાના મનમાં એની કલ્પના નહિ ઉતરવાથી એને મદદ મળી નહિ. એ રીતે નિરાશ થતાં કોલંબસે સ્પેનમાં જઈ ત્યાંના રાજા ફરદિનાન્ડ અને ઇસાબેલા રાણીની પાસે અરજ કરી જ્યાં તેની અરજ ઉપર ધ્યાન આપવામાં આવ્યું, તે વખતે થએલા કરારમાં મુખ્ય કલમો એ હતી કે "આ સફરના કામમાં જે ખરચ થાય તેનો ૂ ભાગ કોલંબસે પોતાની ગાંઠથી આપવો, અને તેથી તેને જે લાભ થાય તેનો પણ તેણે ૮ મો હિસ્સો લેવો અને જે નવા દેશો શોધી કાઢવામાં આવે તેનું સ્વામિત્વ સ્પેનના રાજાની તરફ રાખી માત્ર ત્યાંનો રાજ્ય કારોબાર ચલાવવાનો અધિકાર કોલંબસને મલશે." ઉપલા કરાર થયા પછી કોલંબસ સફર કરવા નિકળ્યો, પેહેલાં તેની સાથે જવા માટે કોઇપણ ખલાસી કબુલ થયા નહિ, પણ છેલ્લે 'અલેન્ઝોફ્રિન્ઝાન' નામનો એક શ્રીમંત સાહાસિક પુરૂષ સાથે જવા તૈઆર થતાં બીજા અનેક ખલાસીઓ તેની સાથે તૈઆર થયા. તે ઇ. સ. ૧૪૯૨ ના સપતેંબર મહિનામાં ૩ વહાણો લઇ સફરે નિકલ્યો તે સિધો પશ્ચિમ ભણી વહાણો હંકારતો ગયો, એ મુજબ ઘણા દિવસો સફર કીધા છતાં જમીન નજરે નહિ પડવાથી ખલાસીઓ સ્વદેશ પાછા ફરવા આગ્રહ કરવા લાગા, અને કેટલાકોએ તો તેને સમુદ્રમાં નાખી દેવાનો વિચાર કીધો, છેલ્લે અકટોંબરની ૧૨ મી તારીખે સહવારમાં તેને એક નવું બેટ જણાયું, તેને તેણે સાનસાલ્વાદોર નામ આપ્યું, અને તે ઉપર સ્પેનના રાજાનો વાવટો દાટયો, તે પછી તેણે બીજે ટાપુ શોધી કાઢયો તેમાં એને ઘણું સુન્દું જડ્યું, અને તે પછી તેને બીજે ટાપુ શોધી કાઢવાની ઉમેદ આવી પણ તેના ખલાસીઓના આગ્રહથી સ્પેન તરફ પાછું ફરવું પડ્યું. તે પછી કોલંબસ ૧૪૯૩ ના માર્ચમાં સ્પેન ફર્યો, આ વેળા તેને રાજા તરફથી અસાધારણ માન મળ્યું. એ મુજબ કોલંબસે બીજી ત્રણ સફરો કીધી; ત્રીજી સફર દરમ્યાન તેણે અમેરિકા ખંડ શોધી કાઢયો, એ મુદત દરમ્યાન સ્પેનની દરબારમાં કોલંબસ વિરૂધ કેટલાક દરબારીઓ અદેખા થવાથી તેણે શોધેલાં મુલકોપર બીજાજ સરદારોને અમલ ચલાવવા મોકલવામાં આવ્યા, જેઓએ કોલંબસને અનેક રીતે છળી તેને કેદ કરી સ્પેન મોકલ્યો, આ અપમાન મહાન શોધકે સહનશિળતાથી ખમ્યું અને તેથી તે નિર્દોશ ઠરી છુટો થયો. આવા અપમાનથી ગમગીન બની ૧૫૦૬ માં વ્હેલાદોલિદમાં એનું મરણ નિપજ્યું.

કોલંબસે અમેરિકા ખંડ શોધી કાઢયો ખરો અને તે માટે 'કોલંબિયા' એ નામ આપવું યોગ્ય હતું તોય 'અમેરીકસ વ્હેલ્પુશિયસ' નામે એક નૌકાશાસ્ત્રીએ બે વર્ષ આગમજ ત્યાં જુદ પગ મેળેલો હોવાથી તે ખંડનું નામ અમેરિકા આપ્યું.

કોલંબિયા—દક્ષિણ અમેરિકામાં વાયવ્ય તરફનું સ્વતંત્ર રાજ્ય, એનો વિસ્તાર ૧૨,૭૩,૬૬૦ ચૌરસ મૈલ હોઇ લોક વસ્તી ૪૦,૦૦,૦૦૦ ની છે. પ્રજાનો મોટો ભાગ ઇંડીયનોનાં વંશજોનો છે. જંગલી ઇંડીયનો માત્ર પૂર્વ મેદાનમાં તથા ઉત્તર મેગડાલેનાના ભાગમાં અને ડેરીનના જીલ્લામાં વસેછે. ગોરા યૂરપ્યનોની વસ્તી કુલે વસ્તીનો પાંચમો ભાગ છે. ૧૮૫૨ થી અત્રે ગુલામી વેપાર સદનતર બંધ પડ્યો છે.

આ દેશની પશ્ચિમમાં ઉંચા પર્વતો હોઇ તેમની વચ્ચે કેટલાક મોટા સમ સ્થળો છે ને ત્યાંની આબો હવા થંડી પણ સુખાકારી ભરી છે. સમુદ્ર કાંઠા પાસેનો ઘણો ખરો ભાગ ગરમ અને રોગીષ્ટ છે. આ દેશની પાસે પીચિનચા અને કોટો પાકસીના જવાળામુખી આવેલા હોઇ તે જાણીતા છે. તેની પૂર્વ ભણી ઘાસ ચારાના મોટાં મેદાનો આ-

વેલાં છે. આ દેશમાં સોનું રૂપું, પલાટિનમ, ત્રાંબુ તથા હીરા માણેકની ખાણો છે. મુખ્ય ઉત્પત્તિ કાશી, ખાંડ, ચોકલેટ, તંબાકુ વગેરેની છે. કોલંબિયાના સપાટ મેદાનોમાં જંગલી ઘોડા તથા ઢોરો પુશકળ મળે છે. આ દેશ પ્રથમ સ્પેનની જુસરીમાંથી જૂદું પડી સ્વતંત્ર થયું હતું, તેમાં ન્યૂગ્રેનેડા, વેનઝવિલા અને ઇકવેડોર હતા, અને તેઓએ પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું હતું, પણ ૧૮૧૩માં તેઓ એક બીજાથી છુટા પડી તેમનાં ૩ સ્વતંત્ર રાજ્ય થયાં હતા.

કોલંબિયા—યૂનાઇટેડ સ્ટેટમાં એજ નામનાં ૩૦ ગામો છે. તેમાંના મુખ્ય નીચલા છે. (૧) દક્ષિણ કારોલિનાનું મુખ્ય શેહેર કોલંબિયા કોનેગ્રો નદી કાંઠે ચાર્લસટનની ઉત્તરે ઉત્તર પશ્ચિમમાં રેલ માર્ગે ૧૩૦ મૈલપર છે. અત્રે રાજ્યનું એક સુંદર ગ્રેનાઇટનું મકાન છે, તેમજ ૧૮૦૬ માં બાંધેલી દક્ષિણ કેરોલીનાની યૂનિવ્હરસિટી છે. ૧૮૮૦ માં લોક વસ્તી ૧૦૦૩૬ ની ને ૧૮૯૦ માં ૧૫૩૫૩ ની હતી.

(૨) પેનસિલવાનિયાનું આ એક પરૂં ફિલાડેલ્ફિયાની પશ્ચિમે ૮૦ મૈલપર છે; અત્રે લોઢાના, ફરનિચરના તથા મીલ વગેરેના કારખાનાં છે. લોક વસ્તી ૧૦૫૯૯ ની છે.

(૩) મરે કૌન્ટીનું મુખ્ય શેહેર નેશવેલીની દક્ષિણે દક્ષિણ પશ્ચિમમાં ૪૫ મૈલપર છે. અત્રે આટાની મીલો, ફરનીચર વગેરેના કારખાનાં છે. લોક વસ્તી ૫૩૭૦ ની છે.

કોલંબિયા—અમેરિકાની પશ્ચિમ ભણીની આ નદી બ્રિટીશ કોલંબિયામાંથી પશ્ચિમ તરફ ખડકવાલા પર્વતોમાંથી મૈટ બ્લાઉન અને હૂકર નજદીક વહેછે, એનો વક વલાણ વાલો પાટ દક્ષિણ પશ્ચિમમાં વાશિંગટનથી વધતો ઓરેગોનની ઉત્તર સરહદ પર ફરી વળેછે, અને પૅસિફીકમાં ૩૫ મૈલ લાંબી ને ૩ થી ૭ મૈલ પોહળી થઇ પડેછે, એની કુલે લંબાઇ ૧૪૦૦ મૈલ હોઇ તેના જળ મય ભાગનું ક્ષેત્રફળ ૨,૯૮,૦૦૦ ચૌરસ મૈલછે.

કોલંબિયા—આ બ્રિટીશ કોલંબિયા કેનેડાના રાજ્યનો એક પ્રાંત છે. એની દક્ષિણે યૂનાઇટેડ, પશ્ચિમે પેસીફીક ઓશન અને અલાસ્કાનો ભાગ તથા પૂર્વે ઍલબાર્ટા અને એથાબાસ્કાનો ભાગ છે, એનું ક્ષેત્રફળ ૩,૯૦,૩૪૪ ચૌરસ મૈલ છે, તેમાં વાનકયૂવરનો ટાપુ (૫૧૦૦ ચૌ. મૈલ) સમાયછે, ૧૮૫૮ વેર આ બ્રિટીશ કોલંબિયા હડસનબે કંપનિને તાબે હતો પણ સુબાની શોધ પછી તે દેશનો ભાગ ગણાવા લાગેા. વાનકયુવરનો ટાપુ ૧૮૬૬ માં જોડાઇ ગયો, આ દેશનો કુળદ્રુપ ભાગ ખુદરતિ મનોહરતા માટે પ્રસિદ્ધતા પામેલો છે, એમાં મૈાંટ બ્રાઉન ૧૬૦૦૦ ફીટ ને હૂકર ૧૫૭૦૦ ફીટ ઉંચો આવેલો છે, મુખ્ય નદી ફ્રેશન ૮૦૦ મૈલ લાંબી ને ૬૦૦ યાર્ડ પોહળી છે, ૧૮૮૧ માં અત્રેની લોક વસ્તી ૪૮૪૫૯ ની ને ૧૮૯૧ માં ૯૮૧૭૩ ની હતી; તેમાં ૨૩૨૫૭ ઇંડીયન્સો ને ૯૦૯૧ ચીના હતા. મુખ્ય શેહેરો વેનકયુવર ટાપુ અને વિકટોરિયા મુખ્ય શેહેરો છે, વિકટોરિયામાં ૧૬૮૪૧ ની વસ્તી છે.

આ દેશની કુલે ભૂમિ ૨૫૦૦૦૦૦૦ એકર હાલ ખેડાયલી છે, અત્રે ફળફળાદી ઝાઝી ઉત્પન્ન થતી નથી, મુખ્ય ઉપજ ખનીજ ખાણો, જંગલ અને માછલીની છે. ખનીજ પેદાશ સુન્દું, ચાંદી, કોલસો, લોહું, ત્રાંબુ, પારો, પલેટિનમ, ઝેન્ટીમની, બિસમિથ વગેરેની છે.

કોલંબો—આ સિલોનનું મુખ્ય રાજધાની શેહેર ટાપુના પશ્ચિમ ભાગ પર છે. ૧૮૭૫ થી એનું બારૂં વેપાર વેહેવારમાં પ્રસિદ્ધતા પામ્યું છે, અત્રે સરકારી ઑફીસ, તથા મુખ્ય બીશપ અને મિશનરી ખાતાનું મથક છે, ૧૫૧૭ માં અતરે પોર્ટુગીજોએ એક કિલ્લો બાંધી તેનું નામ કોલંબસના માનાર્થે આપવાથી શેહેરનું નામ પણ કોલંબો પડ્યું. પોર્ટુગીજોપર ડચોએ ફતહે મેળવ્યા પછી ૧૭૯૬ માં બ્રિટીશોએ તેમનીપર જય મેળવી પોતાને તાબે કર્યું. ત્યારથી તે

બ્રિટીશ સરકારને તાબે છે. ૧૮૭૧માં લોક વસ્તી ૧૦૦૨૩૮ ની ને ૧૮૯૧ માં ૧૨૬૯૨૬ ની હતી.

કૅલમ—ઔષધિમાં વપરાતી એક ચીજ. એ સ્વાદે કડવી હોયછે. બદહજમિયાત વગેરે બીજાં કારણોથી બચ્ચાંને પેટ આવતાં હોય તો આ પદાર્થને સૂંડ સાથે ઘશી પાવામાં આવેછે.

કૅલ્લમ કાલ—અથવા પરશૂરામ કાલ. એના વર્ષને કૅલ્લમ કાલ અથવા કૅલ્લમ આંકુ પણ કહે છે. કૅલ્લમ એટલે પશ્ચિમ તરફનું અને 'આંકુ' એટલે વર્ષ. આ સને મલબાર પ્રાંતમાં માંગલોરથી કન્યાકુમારી સુધી અને તિનીવેલ્લી જીલ્લામાં ચાલુ છે. એનું વર્ષ સૈાર છે. મલબારના ઉત્તર ભાગમાં કન્ની (કન્યા) માસથી અને દક્ષિણ ભાગમાં તિનિવેલ્લી પ્રાંતમાં 'ચિંગમ' (સિંહ) માસથી એનું વર્ષ શરૂ થાયછે.

મલબાર પ્રાંતમાં એનાં મહિનાનાં નામો મેષ, વૃષભ ઇત્યાદી રાશિઓના નામોનું અપભ્રંશ આપેલાં છે. ૧૦૦૦ વર્ષે એનું એક ચક્ર થાયછે, અને હાલનું ચક્ર ચોથું છે એમ જણાવવામાં આવે છે, પણ હાલમાં એના વર્ષની ગણનાં ૧૦૦૦ વર્ષથી વધુ છે. શક વર્ષ ૭૪૭ માં કૅલ્લમ વર્ષ પેહેલું હતું. એની પૂર્વે કૅલ્લમ કાલ હતો એમ જણાતું નથી. કૅલ્લમ કાલમાં ૭૪૬–૪૭ મેળવ્યાથી શક વર્ષ નિકળે છે અને ૮૨૪–૨૫ મેળવ્યાથી ઇસવી સન નિકળે છે. ઇ. સ. ૧૯૦૦ માં કૅલ્લમ સને ૧૦૭૮ મેા હતો.

કૅલ માછલી—આ માછલી કૉડને વર્ગની હોઇ તે ઉત્તર સમુદ્રમાં પુષ્કળ મળે છે. તેમજ ઉત્તર અમેરિકા ને બ્રિટીશ કિનારાપર પણ એ જણાય છે. સાધારણ રીતે આ માછલી ૨થી ૩ ફીટ લાંબી તેા કેટલીક તેથી પણ બહુ મેાટી મળે છે. ઉત્તર મહાસાગરમાં આ માછલી મેાટા જથ્થામાં મળતી હોવાથી ત્યાંના લોકો એનીપર નિર્વાહ કરે છે. એ ઉપરથી કાળા રંગની હોય છે.

કૅલરીજ સેમ્યૂલ ટેલર—જન્મ ઑટેરી સેંટમેરી ડેવ્હનશાયરમાં ૨૧ મી ઑક્ટોબર ૧૭૭૨ માં થયેા હતેા. એ પેાતાના ૧૦ ભાઇ બેહેનોમાં સહુથી નાહનેા હતેા. એના પિતાના મરણથી ૯ વર્ષની વયે એને 'ક્રાઇસ્ત ઑસ્પીટલ'માં ભણવા મેાકલવામાં આવ્યેા હતેા. આ નિશાળમાં એણે ૮ વર્ષ વિદ્યા અભ્યાસ કરી નિશાળમાં સર્વોપરી કહેવાયેા. એણે તે નિશાળના પુસ્તકાલય માહેલા વિદ્યાજ્ઞાન તથા કવિતા સંબંધી દરેક ગ્રંથેા વાંચી તેનેા મુખ્ય અભ્યાસ કર્યેા હતેા, વળી ત્યાં એણે ગ્રીકમાં આત્મ તત્વ વિદ્યા તથા લૅટીનમાં ઔષધ શાસ્ત્રનેા અભ્યાસ કર્યેા ને એક મિત્રની બેહેન સાથે પ્યારમાં પડયેા હતેા. નિશાળ છેાડવા આગમજ એક વેળા 'ન્યૂરિવ્હર' નામની નદીમાં કપડાં સાથે નાહવા ઉતરી તેજ બિનાં કપડાં પેહેરી અભ્યાસ કરવા બેસવાથી એને 'વાત રેાગી તાપ' લાગુ પડયેા હતેા. ૧૭૯૧ માં એણે જ્યૂધશ કૉલેજમાં અભ્યાસ કરી વર્ડસવર્થ પછી થેાડા માસ રહી બી૦ એ૦ ની 'ડીગ્રી' મેળવી યૂનિવ્હર સિટિ છેાડી, ૧૭૯૩ માં એણે ક્રાવનસ્કૉલરશિપ મેળવી હતી, પણ તે વેળા ગણિત શાસ્ત્રમાં કાચ્ચેા હેાવાથી એણે સાહિત્ય શાસ્ત્રપર ધ્યાન લગાડયું. કેાલરીજે ૧૭૯૪ માં કૉલેજ છેાડી લંડન જઇ 'લેંબ' ને મલ્યેા, પણ 'સૈાધિ' એને ક્રિસ્ટલ તેડી ગયેા, ત્યાં એ ૧૭૯૫ માં મીસ સારા ફ્રેકર સાથે પરણ્યેા. તે પછી એણે એક કવિતાનેા ગ્રંથ રચી પ્રગટ કર્યેા જેની બે આવૃતિઓ તુરતા તુરત કાઢવી પડી, તે પછી એણે તુરતજ Watch man નામનું અઠવાડીક ચેાપાન્યુ પ્રગટ કરવા માંડયું હતું, આ ચેાપાન્યું વધારા થકી એણે બરમિંગહેમ, મેનચેસ્ટર, શેફિલ્ડ વગેરેમાં મુસાફરી કરી ઘરાકેા વધાર્યા પણ ચેાપાન્યુ પ્રગટ કરનાર કંપની ભાગી પડતાં ૧૦ અંક નિકળી ચેાપાન્યું બંધ પડયું, તે પછી કેાલરીજે બ્રિસ્ટલની આસપાસ યૂનેટેરિયન ચેપલમાં વાયજો કરવા

માંડી, તેટલાં તેના મિત્રોએ મદદ કરી એને સ્ટોવે ખાતે એક બંગલેા ખરીદી આપીયાથી ત્યાં એ પેાતાની સ્ત્રી તથા બાળક સાથે જઇ રહ્યેા, ૧૭૯૭ માં એણે વર્ડસવર્થ તથા સૈાધિની સેાહબતમાં મેાસમ' પસાર કરી, કેાલરીજે સેામરસેટ ખાતે પેાતાના વિદ્વાન મિત્રેા સાથે અતિ આનંદમાં દિવસેા પસાર કર્યા હતા, કે જે એની તથા વર્ડસવર્થ અને સૈાધિની જીંદગીના સૈાથી ખુશ દિવસેા ગણાયા છે. નેધરસ્ટોવેમાં જ્યારે કેાલરીજ હતેા ત્યારે એણે ત્યાં મળતી તકે વાએન્જે કરવાપર લક્ષ આપ્યું હતું. તે વેળા એના એક વખાણનાર જૉશે વેડગઉડ નામના મિત્રે એની પર ૧૦૦ પૈાંડની ભેટ મેાકલી હતી પણ તેટલાં વેડગઉડના ભાઇ તરફથી કેાલરીજને એવી શરતે ૧૫૦ પૈાંડનું વર્ષાસન મળવાનેા કરાર થયેા કે એણે પેાતાની જીંદગી કવિતા તથા ફીલસુફીના ગ્રંથેા રચવાપર ગુજારવી. ૧૭૯૮ માં એ વર્ડસવર્થ સાથે જર્મની તરફ મુસાફરીએ ગયેા હતેા. ૧૮૦૦ થી કેાલરીજ 'લંડન ક્રૂગર' પત્રના લેખક તરીકે જગા પામ્યેા, કે જે કામ એણે ૧૮૧૪ વેર બજાવ્યું હતું. તે મુદત દરમ્યાન એણે મુસાફરીઓ કરી માલ્ટાની મુલાકાત લઇ ત્યાંની રૅાયલ ઇન્સ્ટીટ્યૂટમાં ભાષણેા આપ્યાં હતાં. એને ૪થા જ્યૉર્જ તરફથી ૧૦૦ પૈાંડનું વાર્ષિક પેનશન ચાલુ મળતું હતું પણ રાજાના મેાત બાદ તે બંધ થયું હતું. ૧૮૨૯ માં કેાલરીજે ફરી વર્ડસવર્થ સાથે મુસાફરી કરી હતી. મરણ ઇ. સ. ૧૮૩૪ માં ૨૩ મી જુલૈયે નિપજ્યું.

ઇંગ્રેજી સાહિત્યમાં કેાલરીજ કવિ, ટીકાકાર, તથા ફીલસુફ તરીકે એક ઝળકતા સેતારા જેવેા ગણાયેાછે. કેાલરીજમાં ખુદ્રતી લખાણ શક્તિ તથા કવિત્વબુદ્ધિ એવી તેા શ્રેષ્ટ હતી કે તે સાહિત્યના મુખ્ય સ્થંભ તરીકે ગણાયેા છે. જોકે ઇંગ્રેજી ભાષામાં કેાલરીજ કરતાં શ્રેષ્ટ કવિઓ થઇ ગયાછે પણ એના જેવેા કવિ, ટીકાકાર કેાઇ થયેા નથી.

કેાલરીજના જાણીતા ગ્રંથેામાં નીચલાં મુખ્ય છે, Poems (1796); Wallenstein (1800); The Friend (1809–10); Remorse (1813); Christabel, Kubla Khan, (1816); The Statesman's Manual (1816); Sibylline Leaves (1817); Biographia Literaria (1817); Aids to Reflection (1825) વગેરે.

કૅલરિજ હાર્ટલી—જાણીતા વિદ્વાન કેાલરીજનેા એ જ્યેષ્ટ પુત્ર, જન્મ ૧૯ મી સપ્ટેંબર ૧૭૯૬ માં કલિવલેંડના સેામરસેટ શાયરમાં થયેા હતેા. એણે કવિ તરીકે પેાતાના વખતમાં સારૂં નામ મેળવ્યું હતું. ૧૮૧૫ માં એ ઑકસફર્ડની માર્ટન કૉલેજનાં પેાસ્ટમાસ્તર તરીકે નેમાયેા હતેા, ૧૮૨૦ થી ૧૮૩૧ વેર એ બ્લેકઉડ મેગેઝાઇનમાં મુખ્ય લેખક હતેા. એનેા પિતા ૧૮૩૪ માં, માતા ૧૮૪૫ માં મરણ પામતાં એ સ્વતંત્ર રીતે પેાતાની જીંદગી ગુજારવા લાગેા હતેા, એણે જીંદગીનેા મુખ્ય ભાગ લેકકંટ્રી તરફ ભટકવામાં કાઢયેા હતેા, એનું મરણ ૧૮૪૯ માં નિપજ્યું હતું.

કાલરૂન—(જુઓ કાવેરી)

કાલવણ—મુંબઇ ઇલાકામાં ડાણુ જીલ્લાને તાબેનેા તાલુકેા; એની ઉત્તરે અહમદનગર જીલ્લા માહેલું નાશક અને પેંટ સંસ્થાન, પૂર્વે સૈાલ્લાદ્રી પર્વત, પશ્ચિમે માહિમ તથા સંજ્ણ, દક્ષિણે મુરબાડ અને ભિમડી તાલુકેા. એને તાબે ૬૮૯ ગામેા છે, તેમાં ૨૩ ઇનામદારીનાં છે, ૧૮૬૦ માં મેહેસુલ રૂ. ૧૨૭૩૫૬ ની ઉપજી હતી. શાહાપુર કાલવણ તાલુકાનું મુખ્ય ગામ છે, ત્યાં ગેાદાવરી વહેછે, તેને ગંગા ગણી માઘ માસમાં મેાટી જાત્રા ભરાય છે. કેાલવણ તાલુકામાં કસારા, થળઘાટ નામના રેલ્વે સ્ટેશનેા પાસે ખુગદાઓ છે. કેાલવણ દક્ષિણેાત્તર ૬૫ મૈલ લાંબું ને પૂર્વ પશ્ચિમ ૪૦ મૈલ પેાહળું છે.

કોલસો—કોલસાની બુદ્રતી બનાવટ, ઉત્પત્તિ, જાતો, રસાયનિક પૃથકરણ, તવારીખ ને દુનિયામાં વેપાર.

બનીજ કોલસો લાકડામાંથી ઉત્પન્ન થાયછે. એ વનસ્પતિ જન્ય છે એમ પ્રથમ દર્શને બરૂં મનાતું નથી. કારણ કે દેખાવમાં તે તેવો નથી પણ તે વનસ્પતિ જન્ય છે એ વાત હાલ સ્પષ્ટ રીતે પુરવાર થઇછે. તેનું પેહેલું પ્રમાણ એ છે કે બનીજ કોલસાનું પૃથઃકરણ કીધાથી તે માહેથી કાર્બન, ઑક્સિજન અને નાઇત્રોજન એ પદાર્થો નિકળેછે.

બનીજ કોલસામાં નીચલાં તત્વો હોયછેઃ—

તત્વ.	દર સેંકડે.
કારબન	૬૮ થી ૯૦
હાઇદ્રોજન	૩ થી ૫
નાઇત્રોજન	½ થી ૨
ઑક્સિજન	૮ થી ૨૨
ગંધક	½ થી ૨½
રાખ (સીલિકા આલ્યુમિના લોઢાનો ઑક્સાઇડ) ...	૧ થી ૨½

આ પદાર્થો વનસ્પતિ જન્ય અથવા પ્રાણી જન્ય પદાર્થમાં માત્ર સંયૂકત સ્થિતિમાં મળી આવેછે; તેથી બનીજ કોલસો વનસ્પતિ જન્ય અથવા પ્રાણી જન્ય હોવો જોઇએ. બીજા એક પ્રમાણ ઉપરથી આ કોલસો વનસ્પતિ જન્ય હશે એમ સ્પષ્ટ જણાયછે. તે પ્રમાણ એમ છે કે કોલસાની બાણોમાં ઠેક ઠેકાણે ઝાડનાં પાંદડાંની આકૃતિઓ ઉઠેલી દેખાયછે, તેજ મુજબ વાંસ તથા શરૂની આકૃતિઓ મળી આવેછે, અને કોઇ ઠેકાણે કોલસો થએલા ઝાડોનાં થડો મૂળીયાં સાથે મળી આવેછે, આ ઉપરથી બનીજ કોલસો વનસ્પતિ જન્ય હોવો જોઇએ.

ઉપલા દેખાવો ઉપરથી એવું અનુમાન કાઢી શકાયછે કે પ્રાચીન કાળમાં જંગલો બળી આ કોલસો ઉત્પન્ન થયો હતો. પણ આ એક બ્યાલી કલ્પના છે તેથી તે વજન પામતું નથી. કારણ કે લાકડાનાં કોલસામાં ઑક્સીજન તથા હાઇદ્રોજન એ જે પ્રમાણથી સંયૂકત થએલું હોયછે તે પ્રમાણે તે કોઇ જાતના બનીજ કોલસા તેમાં સંયૂકત થએલાં હોતાં નથી, તેથી પ્રાચીન કાળનાં જંગલો બળી તે બનીજ કોલસો થએલો નથી પણ તેનું જૂદી રીતે રૂપાંતર બની તેને બનીજ કોલસાનું રૂપ પ્રાપ્ત થએલું હોવું જોઇએ.

એકાદ લાકડું પાણીમાં પડી સડવા માંડેછે એટલે તેનો કેટલોક ભાગ વાયૂ રૂપ થઇ ઉડી જાયછે અને બાકીનો ભાગ મૃતિકામય બની મતોડી સાથે મળી જાયછે, આવી રીતે લાકડાનાં દ્રવ્યની તોરછોડ નહિ થવા દેતાં તેને હવાનો સ્પર્ષ થવા નહિ દીધો હોય, ને તેને બુદ દબાણ આપી ઉષ્ણુતા આપી હોય તો તે લાકડાનું રૂપાંતર થઇ તેને બનીજ કોલસાનું સ્વરૂપ પ્રાપ્ત થાયછે, એવું આ પ્રયોગ ઉપરથી સિદ્ધ થએલું છે, અને બનીજ કોલસો પૃથ્વીના પૃષ્ટ ભાગ નીચે આવીજ રીતે ઉત્પન્ન થાયછે, તેને એવું એક વિશેષ પ્રમાણ છે કે, લાકડું સડી જતું હોય ત્યારે તેમાંનાં કાર્બનથી તેનોજ ઑક્સિજન અને હાઇદ્રોજન વાયુ સંયુકત થઇ કાર્બોનિક ઍસિડ અને માર્શ ગ્યાસ એવા બે વાયુરૂપ પદાર્થ ઉત્પન્ન થાયછે, તે ઘણે ઠેકાણે કોલસાની બાણમાં સંકોચાયલાં મળેછે, તેમાંની માર્શ ગ્યાસનો કદી કદી ભડકો થઇ તેથી મોટી હાની થાયછે.

આ બનીજ કોલસો જે પ્રાચીન જંગલમાંથી પેદા થયોછે તે અરણ્યો અતિ વિશાળ હતાં, તેથી હાલમાં દર વર્ષે કરોડો ખાંડી કોલસો બાણમાંથી બોદી કાઢવામાં આવેછે, આ ઘણાં બરાં અરણ્યો જે કાળે પૃથ્વીનાં વાતાવરણમાં કાર્બોનિક ઍસિડ વાયુ ઘણો એબટો થએલો હતો તે કાળનાં હતા, તે વાયુ વનસ્પતિ વર્ગનું ભક્ષ હોવાથી તે વખતે પેલા અરણ્યોમાંના ઝાડપાન ઘણાં વધ્યા, અને તે તેમનો મોટો જમાવ થયો હતો. આ થર પૃથ્વીનાં અંતર ભાગમાં કાંઇ ધર્તીકંપ થઇ ગરક થયા અને તે પર પથ્થર

મતોડીનાં પડ ફરી વળ્યા પછી હજારો વર્ષ પુરાં થવાથી તેને મજબુતાઇ મળી કોલસો બન્યો.

કોલસાની જાતો અનેક છે, તેમાં પીટ, લિગ્નાઇટ, કેનલકોલ, આંથ્રે સાંઇટ અને પ્લંબેગો એ જાતો જાણીતી અને મહત્વની છે. એકાદ પાણીવાલી છાલકી જમીનમાં ઝાડો વધી તે કોહી ત્યાં કીચલ ઉત્પન્ન થઇ તેમાં વર્ષો વર્ષ ઉદભિજ દ્રવ્ય સીચાઇ તે સુકાતા જઇ દબાણથી એબટાં થાયછે તેને 'પીટ' કહેછે, તેનું થોડું રૂપાંતર થતાં 'લિગનાઇટ' બનેછે. આ બે જાતના કોલસા કાળા ભુરા રંગના હોયછે, 'કેનેલકોલ' કાળો હોઇ તેના પૃષ્ટ ભાગ ઉપર ચળક હોયછે, 'આંથ્રેસાંઇટ' કીટાયલા લોઢા જેવો દેખાયછે, અને તેનો પૃષ્ટ ભાગ કાંઇક કાચ જેવો ચળકે છે અને પ્લંબેગો' કાળા સાહી જેવો હોઇ તેના વતી કાગળ ઉપર લખાઇ શકાયછે. સૂબરપેનમાં પ્લંબેગોની સળીઓ મુકેલી હોયછે.

નીચલા કોઠામાં જૂદી જૂદી જાતના કોલસાનું પૃથુઃકરણ દર્શાવેલું છે

	કાર્બન.	હાઇદ્રોજન.	ઑક્સીજન.
લાકડામાં ... ... (બનીજ કોલસાની જાતો)	૫૧	૬	૪૯
પીટ	૬૦	૬	૩૪
લીગ્નાઇટ	૬૩	૫	૨૭
કેનેલકોલ	૮૪	૬	૮
આંથ્રે સાઇટ ...	૯૪	૨	૧
પ્લંબેગો	૧૦૦	૦	૦

ઉપલા કોષ્ટક ઉપરથી એવું જણાયછે કે, પીટ કરતાં લિગ્નાઇટમાં, લિગ્નાઇટ કરતાં કેનેલકોલમાં, કેનેલ કરતાં આંથ્રેસાઇટમાં અને આંથ્રેસાંઇટ કરતાં પ્લંબેગોમાં કાર્બનનું પ્રમાણ વધતું જઇ હાઇદ્રોજન તથા ઑક્સિજન. એનું પ્રમાણ ઓછું વધતું થતું ગયુંછે, અને દુન્યામાં લાકડામાંથી બનીજ કોલસો ઉત્પન્ન થવાનો ક્રમ પણ એજ છે. લાકડામાંથી પ્રથમ પીટ બનેછે, પીટથી લિગનાઇટ, લિગ્નાઇટથી કેનેલ અને કેનેલ કોલમાંથી આંથ્રેસાંઇટ થાયછે. ગ્રાફાઇટનીઉત્પન્ન થવાની રીત માત્ર જૂદી છે.

કઇ બાણમાં કઇ જાતનો કોલસો મળશે તે તે બાણના ઠેકાણે જે આગળ ભૂમિની અંદર ફેરફાર થયા હોય અથવા કોલસાના થરોના પ્રાચિનતત્વ ઉપર આધાર રાખેછે. કારણ વનસ્પતિ જન્મ પદાર્થના થર ઉપર બડકનો મોટો થર ફરી વળી તેમાં વાયુરૂપ પદાર્થ ઉત્પન્ન થએલો હોય છે. તે બાહેર નિકળી જવા, આવા ફેરફારને લીધે તે બડકોનાં થરોમાં ફાટો પડેલી હોયછે, અને એવા ધર્તિકંપ જ્યાં ઘણા થઇ કોલસાના ઉપલા બનીજ થરને મોટી ફાટો પડેલી હોય છે, ત્યાં તે કોલસા માહેલા વાયુ રૂપ પદાર્થ બાહેર નિકળી જઇ "આંથરે સાંઇટ, જેવા અતિ ઉત્તમ જાતનો કોલસો ઉત્પન્ન થાયછે. તેજ મુજબ બનીજ કોલસાનો થર જે ઘણો પ્રાચીન કાળનો હોવાને લીધે ભૂમિમાં એકદમ ઉંડાણમાં ઉતરી ગએલો હોયતો ભૂમિના પેટાની ઉષ્ણુતામાં ઉત્પન્ન થએલો વાયુ તેપર ઘણું દબાણ પડેલું હોવાથી અતિશય જોર પકડે છે, અને ઉપલા થરને ફાટો પડતી નથી તોય તે થરોના અતિ સૂક્ષમ છિદ્રમાંથી તે ઉપર ચઢી નિકળી જાય છે. એવા જે થરો ઘણા પ્રાચીન કાળના હોયછે તેનાં પાછળથી ઉત્પન્ન થએલા કોલસા કરતાં વધારે રૂપાંતર થએલું હોયછે, અને જે થરો તદન નવાં હોયછે તેને માત્ર 'પીટ' નું સ્વરૂપ મળેલું હોયછે. બનીજ કોલસામાંથી 'ગ્રાફાઇટ' પેદા થવા તે કોલસાના થરને જવાળામુખી પર્વતમાંથી લાવા નામનો રસ જે નિકળેછે તેવા રસનો તેને સ્પર્શ થવો જોઇએ. આ રસનો થર ચઢવાથી તે કોલસા માહેલા સર્વે વાયૂરૂપ પદાર્થો ઉડી જઇ તેનો રસ બનેછે અને તે રસ થંડો

થઇ ફરી સ્થિર બની તેનો ગ્રાફાઈટ બનેછે. ગ્રાફાઇટ કોલસો બળતો નથી તેથી 'મુસ' બનાવવામાં આવેછે.બનીજ કોલસાની જાતમાં બળતણ તરીકે ઉત્તમ જાત 'આંથ્રેસાંઇટ'-ની છે. આ જાતનો કોલસો જાપાનમાં મોટા જથ્થામાં મળેછે.

હિંદુસ્થાનમાં બનીજ કોલસાની જે ખાણો જડી છે તેમાંની અનેક ગંગા, ગોદાવરી નદીઓની વચમાંના પ્રદેશમાંછે. આ ખાણોમાં મુખ્ય કરી 'પીટ'ની જાત મળેછે. આસામ પ્રાંતમાં મળતો કોલસો માત્ર લિગ્નાઈટ જાતનો હોયછે, પણ તે પ્રાંત અતિશય પહાડી હોવાથી તેને ખોદી બાહેર કાઢવામાં મોટો ખર્ચ બેસેછે. વેલાતી કોલસો અને હિંદી કોલસામાં કેટલો અંતર છે તે નીચલા કોષ્ટક ઉપરથી જણાશે.

જુદા જુદા દેશનો કોલસો.	કાર્બન.	અસ્થાયી દ્રવ્ય.	રાખ.
વેલાતી કેનલ કોલસો	૮૦	૧૭	૩
,, લીગનાઇટ ,,	૬૬	૩૧	૩
,, પીટ ,,	૫૪	૩૬	૧૦
હિંદનો રાણીગંજનો ,,	૫૧	૩૩	૧૬
,, આસામનો ,,	૬૦	૩૬	૪

જે કોલસાની રાખ વધારે રહેછે તે હલકી જાતનો ગણાયછે. હિંદી કોલસાની રાખ વધારે પડેછે તોપણ તે ઘણો સસ્તો મળતો હોવાથી મુખ્ય કરી હિંદી કારખાનાવાલાઓ તેની મોટી ખરીદી કરેછે.

હિંદુસ્થાનના બનીજ કોલસાની ખાણોમાં જવાલાગ્રાહી વાયુ તદ્દન હોતો નથી, તેથી હિંદી કોલસાની ખાણોમાં કદી હોનારત બનતી નથી પણ વેલાતી ખાણોમાં આ જાતનો 'ડેમ્પફાયર' ઘણો હોયછે.

આ 'ફાયરડેમ્પ' બીજી સાધારણ હવા સાથે ભેળાઈ જેવો બત્તીના સમાગમમાં આવેછે કે મોટો ધડાકો ઉત્પન્ન કરેછે. ઇગલંડ દેશની કોલસાની ખાણોમાં આથી દર વર્ષે અકસ્માતો બનતા હતા.

પણ સર હંફ્રી દેવીડે હવામાં બત્તી સાથે કામ કરી શકાય એવી જાતનું ફાનસ બનાવવાની શોધ કરવાપર ધ્યાન રોકયું. તેણે એક વખતે ઉપલી હવાને સાધારણ હવા સાથે ભેળી લોઢાની એક નળી વાટે બળતું લાગુ કરીને સળગાવવાની કોશેસ કરી, પણ તે સલગી નહિ. વધારે તપાસ કરતાં જણાયું કે નળી લોઢાની હોવાથી બળતાની ગર્મી કેટલેક દરજ્જે ચુસી લેતી હતી, અને એ રીતે ઓછી ગરમી આપતું બળતું હવાને સલગાવાની શકિત ધરાવતું નહિ. તે ઉપરથી ચંચળ શોધકે લોઢાના તારની નળી બનાવી તેમાં ચેરાગ મુકીને તે ચેરાગને કોલસાની ખાણમાં વાપરવામાં આવે તો દીવાની ગર્મીથી લોઢાની જળી અંદરની બાજુએથી જેટલી ગરમ થાય તેટલી બાહેરની બાજુથી થતી નથી અને એ મુજબ બાહેરની બાજુ અતિશે ગરમ નહિ થવાથી ખાણમાંની હવાને પણ તે સલગાવી શકતી નથી. આ ઉપરથી તેણે એક પિત્તળનો સાધારણ દીવો બનાવ્યો અને તેની આસપાસ લોઢાની ઝીણી જળી વિંટાળી અને તે જળીના મથાલા ઉપર પણ તેવીજ જળી બાંધી લીધી હતી.

કેટલીકવાર ખાણમાંની સાધારણ હવા સાથે પ્રાયરદેંપ હવાનો મોટો જથ્થો મળી ગએલો હોયછે. તેવી હવામાં આ દીવો ઉતારતાં તે બુજાઇ જાયછે એટલે તેવે ઠેકાણે મનુષ્યો પણ જતાં અટકેછે. તે હવા મનુષ્યને ગુંગળાવી મારી નાખેછે.

બનીજ કોલસામાંથી ગ્યાસ (ધૂમાડો) કાઢી તેની બત્તી કરી શકાયેછે.બનીજ કોલસાને એક બંદ વાસણમાં નાખી આંચ આપવાથી તેમાંથી આ જાતની ગ્યાસ નિકળેછે. તે ધૂમાડાને થંડા પાણીમાંથી પસાર કરવાથી તેમાં ડામર, એમોનિયા વગેરે અશુદ્ધ પદાર્થ હોયછે તે પાણીમાં રહેછે. તેમાં ડામર આ

પદાર્થ અતિશય મહત્વનો છે. આ પદાર્થમાંથી અનેક પ્રકારનાં અત્યંત અમૂલ્ય તત્વો અર્વાચિન શાસ્ત્ર આધારે કાઢવામાં આવ્યાછે.

રસાયણ શાસ્ત્ર મુજબ કોલસો રંગે કાળો, આકૃતિ વગરનો અને નરમ ભાગી શકાય એવો હોયછે. તે કશાથી પિગળતો નથી, ગર્મી લગાડીયાથી તે તવાઇને તેનું પાણી બનતું નથી યાને વાયુરૂપ સ્થિતિ પકડતું નથી. કોલસામાંથી ગર્મીનો પ્રસાર સેહેલાઈથી થતો નથી. સાધારણ ઉષ્ણતાને તે કોઇ પણ તત્વ સાથે રસાયન પ્રિતી બતલાવતો નથી. પણ જો ગર્મીથી તપાવીને લાલચોળ કરતાં–કોલસો મુખ્ય કરી ઑકસિજન સાથ સંયોગ પામેછે. આ ગુણને લીધે કોલસાનો ઉપયોગ ધાતુઓના ઑકસાઇડમાંથી ઑકસિજન ચૂસી લઇને ધાતુઓ છુટી પાડવા માટે કરવામાં આવેછે. કોલસામાં ઉપયોગી ખૂબી એ છે કે તે પોતામાં કેટલીક હવા યા ગ્યાસ પોતાની મેળે ચૂસી લેછે. જો એક કાચની શીશીમાં ગ્યાસ ભરી તેમાં સુકી કોલસાની ભૂકી નાખી હલાવશું તો જરાક વારમાં એમોનિયા બધું ચૂસાઇ જશે અને તેનો વાસ રહેશે નહિ.'

'એક કયૂબીક ઈંચ લાકડી કોલસો ૯ હિસ્સા ઑકસિજન ગ્યાસને ચુસી લીયેછે, તેમજ એક કયૂબીક ઈંચ કોલસો ૧૦૦ કયૂબીક ઈંચ એમોનિયા ગ્યાસ અને ૫૦ કયૂબીક ઈંચ સલફયૂરેટેડ ગ્યાસ ચૂસી લીયેછે.

લાકડી કોલસો હલકો છે તેથી તે પાણીમાં તરી શકે છે, કારણ કે તેમાં બુચ જેવાં છિદ્રો હોય છે. આ છિદ્રોમાં ગંધાતી ગ્યાસો પેવશ થયા બાદ હવા મારેલી ઑકસિજનના બળે કરી તેઓનું પૃથકરણ થાયછે. જેમકે સલફયુરેટેડ હાઇદ્રોજન કોલસામાં ચુસાઇ ગયા બાદ તેમાં તેનાં તત્વો છુટાં પડી હાઇદ્રોજનનું પાણી બને છે, અને ગંધકની સલફયૂરિક ઍસિડ બને છે. કોલસાનાં એ ગુણને લીધે દુરગંધી દુર કરવા માટે એનો ઉપયોગ કરવામાં આવેછે.

ઉપર મુજબ લાકડી કોલસો ગ્યાસોનેજ માત્ર પોતામાં ચૂસે છે એમ નથી, કેટલાક ઘટ પ્રવાહી પદાર્થો પાણીમાં પિગળેલા હોયતો તેઓને પણ પોતામાં ચૂસીને લાકડી કોલસો છુટો પાડી આપે છે. પોર્ટવાઇન, પોરટર અથવા કોઇ રંગ જેવાકે લીટમસ તથા ગળીને ગાળી કાઢવા લાયક પદાર્થને લાકડી કોલસાનું પડ કાગળપર પાંથરીને તેમાંથી ગાળેછે એટલે તેનો રંગ ઉડી જાયછે; આ અસર હાડકાંનાં કોલસામાં ઘણી જણાયછે. હાડકાં, હાથીદાત તથા લોહી બાળીને મેળવેલા કોલસા (Animal Charcoal) નો ઉપયોગ તેના ઉપયોગી પણાને લીધે ખાંડ તથા સાકરના કારખાનામાં સીરાને ગાળીને સાફ કરવાપર બહુ થાયછે. દારૂ ગાળતી વખતે તેમાં ગંધાતા તેલને કોલસો શોસી લે છે, ચારકોલમાં ગંદી હવા સોસાયલી રહેતી હોવાથી તેને ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવેછે.

કોલસાની ખાણોમાં થર કોઈ વેળા પતળા તો કોઇ વેળા ૨૦૦ ફીટ જાડાં હોયછે. ચીન દેશમાં આવી એક ધાર ૭૦૦૦ ફીટ જાડી જણાઇ પણ ઇગલંડમાં આ થરની રાસ ૪૫ ફીટની આવેછે. હિંદુસ્થાનમાં ગોદાવરી અને વચમાંના મેદાનમાં કોલસાની મોટી મોટી ખાણો છે. એ કોલસો કેટલેક ઠેકાણે જમીનથી સેહેજ નીચે છે અને કેટલેક ઠેકાણે તો જમીનની સપાટીની પણ ઉપર દેખાય છે.

રાનીગંજ ખાતેની કોલસાની ખાણ જમીનની સપાટીથી ફકત ૩૦ ફીટ નીચે આવેલી છે અને તેનો વિસ્તાર અતિ મોટો છે. જબલપૂર તરફની કોલસાની ખાણો પણ સપાટીની નજદીક છે. જેપાન તથા ચીનની કોલસાની ખાણો હિંદુસ્થાનની માફક સપાટીની નજદીક નિકળતી હોવાથી કોલસો ખણી કાઢવાનો ખરચ ઘણો થોડો બેસે છે.

કોલસાની ઉત્પંતિ માટે દુનિયાના જૂદા જૂદા દેશોમાં ઇગલંડ દેશ વધારે નશીબવંત

છે. ઇ. સ. ૧૮૯૬માં પાર્લામેંટ સામે દુનિયામાં ઉત્પન્ન થતા કોલસાનો રિપોર્ટ રજુ કરવામાં આવ્યો હતો. તેમાં જણાવ્યા મુજબ 'યૂરપમાં ઈંગલંડને બાજુએ મેળતાં સર્વથી વધુ જથામાં કોલસો ઉત્પન કરનાર દેશ જર્મની છે, પણ ઈંગલંડ સાથે સરખાવતાં જર્મનીમાં ખોદી કાઢવામાં આવતો કોલસો અરધો અરધ કરતાં પણ ઓછો છે.

ખુદ ઈંગલંડમાંના જૂદા જૂદા દેશોમાં નીચે મુજબ કોલસો ખણી કાઢવામાં આવેછે.

	ટન.
ડર હૅમ	૨,૯૬,૬૪,૮૯૨
પૂર્વ લેંકેશાયર	૬,૦૦,૮૧,૨૫૭
પશ્ચિમ લેંકેશાયર... ...	૬,૧૦૯૫૧૧૪
પશ્ચિમ પૂર્વ રાઇડીંગશાયર	૨,૦૫,૭૬,૩૭૫
ઉત્તર પૂર્વ રાઇડીંગશાયર	૩,૫૮૫
ગર્મનશાયર...	૬,૮૯,૬૬,૩૧૦
દક્ષિણ સ્ટેફર્ડશાયર ...	૮૭,૮૪,૨૯૨
ઉત્તર ,, ...	૪૭,૪૪,૫૨૮
પૂર્વ સ્કૉટલંડ	૬,૫૮,૬૫,૩૭૨
પશ્ચિમ ,, ...	૬૫,૦૩,૭૩૨

ઉપલી ખાણોમાંથી ૬૦૦ વર્ષો સુધી લાગટ કોલસો ખણી કાઢી શકાશે એટલો તેમાં જથ્થો ભરેલો છે. એવું દર્શાવવામાં આવે છે.

ઇ. સ. ૧૮૯૫ માં ઇંગલંડમાં ૧૮,૯૬,૬૧,૦૦૦ ટન જેટલો અને જર્મનીમાં ૭,૯૧,૬૯,૦૦૦ ટન ખોદી કાઢવામાં આવ્યો હતો. જર્મનીથી ઉતરતી પદ્રિ ફ્રાન્સ તથા બેલજીયમની આવેછે, જેઓ દરેક ૨,૭૫,૮૩,૦૦૦ ટન કોલસો ખોદી કાઢે છે.

ખાણના મોઢા આગળ કોલસાની સરાસરી કિંમત ઈંગલંડમાં ૧૮૯૨ માં ૭ શિલીંગ ૩ા પેન્સ, ૧૮૯૩ માં ૬ શિલીંગ ૯ા પેન્સ, અને ૧૮૯૪ માં ૬ શિલીંગ ૮ પેન્સની હતી. જર્મનીમાં ૧૮૯૨ માં ૭ શિલીંગ ૪ા પેન્સ અને ૧૮૯૩ માં ૬ શિલીંગ ૯ પેન્સ અને ૧૮૯૪ માં ૬ શિલીંગ ૭ા પેન્સ હતી.

૧૮૯૫ માં ઈંગલંડમાં સરાસરી ભાવ ૬ શિલીંગ ૦ા પેન્સ અને જર્મનીમાં ૨ શિલીંગ ૯ાા પેન્સ હતો.

૧૮૯૭ માં ઈંગલંડમાં ભાવ ૪ શિલીંગ ૯ાા પેન્સ અને જર્મનીમાં ૫ શિલીંગ ૧ાા પેન્સનો હતો.

ફ્રાન્સમાં ૧૮૯૫ માં ૮ શિલીંગ ૧૦ પેન્સ ને બેલજીયમમાં ૭ શિલીંગ ૬ાા પેન્સનો હતો. અમેરીકાના યુનાઇટેટ સ્ટેટમાં ૧૮૮૩–૮૫ના વર્ષમાં દર વર્ષે સરાસરી ૧૦,૩૦,૦૦,૦૦૦ ટન જેટલો અને ૧૮૯૩–૯૫ માં દર વર્ષે સરાસરી ૧૮,૧૦,૦૦,૦૦૦ ટન જેટલો ખોદી કાઢવામાં આવ્યો હતો. ઉપલી મુદત દરમ્યાન કોલસો ઉત્પન્ન કરવાનો ખર્ચ ૬ શિલીંગ ૩ પેન્સ ઉપરથી ઘટીને ૫ શિલીંગનો થયો હતો.

આસ્ત્રેલિયામાં ન્યુસાઉથ વેલ્સમાં દર વર્ષે ૪૦,૦૦,૦૦૦ ટન, અમેરિકાના કેનેડામાં ૩૫,૦૦,૦૦૦ ટન અને બ્રિટીશ હિંદુસ્થાનમાં ૩૫,૩૮,૦૦૦ ટન જેટલો ખોદી કાઢવામાં આવ્યો હતો.

ન્યુઝીલેંડમાં કોલસો ઉત્પન્ન કરવાનો સરાસરી ખર્ચ દર ટને ૧૭ શિલીંગ, ન્યુસૈાથ વેલ્સમાં ૫ શિલીંગ ૧૦ પેન્સ, કેનેડામાં ૯ શિલીંગનો અને બ્રીટીશ હિંદુસ્થાનમાં ૪ શિલીંગ ૧ પેન્સનો બેસેછે.

નીચે દર્શાવેલા કોઠામાં ૧૩ વર્ષમાં જૂદા જૂદા દેશોએ નીચે મુજબ કોલસો ઉત્પન્ન કર્યો હતો. આ કોઠામાં હિંદુસ્થાનમાં ઉત્પન્ન થએલા કોલસાની ટીપ આપી નથી સબબ કે તેનું જુદું વર્ણન આગળ આપવામાં આવ્યું છે.

વર્ષ.	ઈંગલંડ.	જર્મની.	બેલજીયમ.	ફ્રાન્સ.	યૂનાઇટેડ સ્ટેટ.
,,	ટન.	ટન.	ટન.	ટન.	ટન.
૧૮૮૩	૧૬,૩૭,૩૭,૦૦૦	૫,૫૯,૪૩,૦૦૦	૧,૮૧,૭૮,૦૦૦	૨,૦૭,૫૯,૦૦૦	૧૦,૨૮,૬૮,૦૦૦
૧૮૮૪	૧૬,૦૭,૫૮,૦૦૦	૫,૭૨,૩૪,૦૦૦	૧,૮૦,૫૧,૦૦૦	૧,૯૫,૨૭,૦૦૦	૧૦,૬૯,૦૬,૦૦૦
૧૮૮૫	૧૫,૯૩,૫૧,૦૦૦	૫,૮૩,૨૦,૦૦૦	૧,૭૪,૩૮,૦૦૦	૧,૯૦,૬૯,૦૦૦	૯,૯૦,૬૯,૦૦૦
૧૮૮૬	૧૫,૭૫,૧૮,૦૦૦	૫,૮૦,૫૭,૦૦૦	૧,૭૨,૯૬,૦૦૦	૧,૯૪,૫૪,૦૦૦	૧૦,૦૬,૬૪,૦૦૦
૧૮૮૭	૧૬,૨૭,૨૦,૦૦૦	૬,૦૩,૩૪,૦૦૦	૧,૮૩,૭૯,૦૦૦	૨,૬૮,૧૦,૦૦૦	૧૧,૬૦,૫૦,૦૦૦
૧૮૮૮	૧૬,૯૯,૩૫,૦૦૦	૬,૫૨,૮૬,૦૦૦	૧,૯૨,૧૮,૦૦૦	૨,૨૧,૭૨,૦૦૦	૧૩,૨૭,૩૨,૦૦૦
૧૮૮૯	૧૭,૬૯,૧૭,૦૦૦	૬,૭૩,૪૨,૦૦૦	૧,૯૮,૭૦,૦૦૦	૨,૩૮,૫૨,૦૦૦	૧૨,૬૦,૯૮,૦૦૦
૧૮૯૦	૧૮,૧૬,૧૪,૦૦૦	૭,૦૨,૩૮,૦૦૦	૨,૦૩,૬૬,૦૦૦	૨,૫૫,૯૧,૦૦૦	૧૪,૦૮,૮૩,૦૦૦
૧૮૯૧	૧૮,૫૪,૭૯,૦૦૦	૭,૬૭,૧૬,૦૦૦	૨,૦૬,૭૬,૦૦૦	૨,૫૫,૦૨,૦૦૦	૧૫,૦૫,૦૬,૦૦૦
૧૮૯૨	૧૮,૧૭,૮૭,૦૦૦	૭,૧૩,૭૨,૦૦૦	૧,૯૫,૦૩,૦૦૦	૨,૫૬,૯૭,૦૦૦	૧૬,૦૧,૦૫,૦૦૦
૧૮૯૩	૧૬,૪૩,૨૭,૦૦૦	૭,૩૮,૫૨,૦૦૦	૧,૯૪,૧૦,૦૦૦	૨,૫૧,૭૩,૦૦૦	૧૬,૨૮,૦૫,૦૦૦
૧૮૯૪	૧૮,૮૨,૭૭,૦૦૦	૭,૬૭,૪૧,૦૦૦	૨,૦૫,૦૪,૦૦૦	૨,૬૯,૦૪,૦૦૦	૧૫,૨૪,૪૮,૦૦૦
૧૮૯૫	૧૮,૮૨,૭૭,૦૦૦	૭,૯૧,૬૯,૦૦૦	૨,૦૪,૦૮,૦૦૦	૨,૭૫,૮૩,૦૦૦	૧૭,૨૪,૨૬,૦૦૦

હિંદી કોલસાનો ઉદ્યોગ દીન પર દીન વધુ ખીલતો જાયછે. બંગાલમાં રાણી ગંજ ખાતે કોલસાની ખાણો છે એવી ખબર સને ૧૭૭૪ માં પડી હતી અને તે કાઢવાનું કામ ઇ. સ. ૧૭૭૭ માં શરૂ કરવામાં આવ્યું હતું. વેલાતી કોલસાના પ્રમાણમાં એક દ્વિતિઆંશથી બે તૃતિઆંશ કામ થાયછે. વેલાતી કોલસામાં ગુણ વધારેછે પણ તે મોંઘો મળે છે જ્યારે બંગાલ તથા બરમા દેશમાં કોલસો સસ્તો મળેછે. આ દેશમાં ખણી કાઢવામાં આવતા કોલસાનો અર્ધો અરધ ભાગ આગગાડીમાં ખપેછે. આ દેશનો કોલસો સીલોન, જાવા અને સ્ટ્રેટસ સેટલમેન્ટમાં જાયછે; મુંબઇ તથા મદ્રાસમાં કોલસાની ખાણો નથી, પણ પરદેશથી પુશકળ કોલસો આવેછે, જે હાલ કારખાનાં વધ્યા પછી અત્રેનોજ માલ ઝાઝો ખપેછે. ગંગા અને ગોદાવરી નદીના પ્રદેશ વચ્ચે એની મોટી ખાણો છે, ગોદાવરીની દક્ષિણે કોલસો નિકળતો નથી; ગંગાની ઉત્તરમાં પણ અતિ થોડાજ ભાગમાં એ મળેછે.

૧૮૭૮ માં હિંદમાં ૪૬ ખાણો ખોદવામાં આવી હતી, જેમાંની ૪૪ બંગાલમાં અને ૨ મધ્ય પ્રાંતોમાં હતી, આ વેળા ૯,૫૬૦૦૦ ટન કોલસો એખલા બંગાલે ખોદી કાઢયો હતો.

૧૮૯૦ માં હિંદમાં ૮૨ ખાણો ચાલુ હતી, જેમાંની ૭૩ બંગાલમાં, ૧ પંજાબમાં, ૨ મધ્ય પ્રાંતમાં, ૩ આસામમાં, ૧ મધ્ય હિંદુસ્થાનમાં, ૧ દખણ હિંદુસ્થાનમાં, ૧ બલુચિસ્તાનમાં હતી. આ સાલમાં ૨૧ લાખ ટન કોલસો ખણી કાઢવામાં આવ્યો તેમાંનો ૧૬૧ લાખ બંગાલી હતો.

ઇ. સ. ૧૮૯૧—૯૨ માં હિંદમાં બધી મળી ૮૭ ખાણો હતી, તેઓમાંની ૭૭ બંગાળમાં, ૧ મધ્ય પ્રાંતના વરોરામાં, ૨ મોઠ પાણી ગામમાં, ૧ સીંગારની નિજામના રાજ્યમાં, ૧ પંજાબમાં દંડોત ગામમાં, ૧ બલુચિસ્તાનના ખોસ્તમાં, ૩ આસામમાં અને ૧ રેવા સંસ્થાનના ઉમરિયામાં ચાલુ હતી.

૧૮૯૨ માં ૮૮ ખાણો ચાલુ હતી અને તેમાં કામે લાગેલા કામદારોની સંખ્યા ૩૮૬૪૫ ની હતી.

૧૮૯૩ માં ૯૬ ખાણો ચાલુ હતી જેમાં ૩૭૬૭૯ કામદારો કામે લાગા હતા.

૧૮૯૪ માં ૧૨૩ ખાણો ચાલુ હતી તેમાં ૪૩૧૯૬ કામદારો કામે લાગેલા હતાં.

૧૮૯૫ માં ૨૩૩ ખાણો ખોદવાનું કામ ચાલ્યું હતું, જેમાંની ૨૧૮ બંગાલમાં, ૧ મદ્રાસમાં, ૨ પંજાબમાં ૨ મધ્ય પ્રાંતમાં, ૫ આસામમાં, ૧ મધ્ય હિંદુસ્થાનમાં, ૧ નિજામના મુલકમાં ને ૨ બલુચિસ્તાનમાં હતી; તેમાં એજ વર્ષે ૫૭૩૦૧ કામદારો રોજીએ લાગાં હતાં.

ઈમ્પીરિયલ ઇન્સ્ટીટ્યુટના એક ડીરેક્ટર પ્રેફેસર ડબલ્યુ આર ડનસ્તને ઇ. સ. ૧૮૯૮ માં વેલ્સ અને હિંદી કોલસાની સરખામણીનો એક રિપોર્ટ ઘડી બાહેર પાડયો હતો, તે ઉપરથી જાહેર થએલું છે કે "બંગાલ અને આસામની ખાણોના પડની જાડાઇ સાધારણ રીતે ૫૦ થી ૮૦ ફીટ જેટલી છે જ્યારે કેટલાક પડોની જાડાઇ ૧૮૦ ફીટ જેટલી છે. ખાણોની વધુમાં વધુ ઉંડાઇ ૭૦૦ ફીટ જણાયલી છે. નિજામના રાજ્યમાં સિંગારેની કોલસાની ખાણો સાલેમ જીલ્લાની પડોસમાં આવેલી છે, ત્યાંના કોલસા સાથે કેટલીક ખાણોમાં રાખ અને કેટલીકમાં ગંધક વધતે કે ઓછે દરજજે ભેળાયલાં હોયછે, બંગાલનો ઘણો ખરો કોલસો ઉત્તમ જાતનો અને વરાળ માટેના કોલસા (સ્તીમ કોલ) ની જગા રાખે એવો ઉપયોગી છે, બંગાલ અને મધ્ય હિંદુસ્થાનના કોલસાના કેટલાક નમુના ઘણીજ ઉત્તમ જાતનાં અને ચઢતા વેલાતી કોલસાની બરાબર ગણાયછે."

હિંદમાં કોલસાની ખાણોમાં કામદાર તરીકે ૬૦,૦૦૦ માણસોની રોજી ચાલેછે, તેમાં ૩ જે ભાગ સ્ત્રીઓ અને બાળકોનો છે. બંગાલમાં સૌથી બે મોટી ખાણો છે, જેનો વહીવટ સરકાર ચલાવેછે. પંજાબમાં વરોરા, રેવા અને બલુચીસ્તાનમાંની ખાણો પણ સરકારી દેખરેખ તળે ચાલેછે, બાકીની ખાણો કંપનીઓના હાથમાં છે, આવી કુંપનીની ખાણો પાછળ ઇ. સ. ૧૮૯૭ માં **૧૦૩** લાખ રૂપ્યાની થાપણ રોકવામાં આવી હતી.

વર્ષ.	મદ્રાસ.	બંગાલ.	પંજાબ.	વાયવ્ય પ્રાંતો.	આસામ.	બરમા.	મધ્ય હિંદુસ્તાન.	નીઝામનો મુલક.	બલુચીસ્તાન.	એકંદર ટન.
૧૮૮૪	.....	૧૨૫૭૩૯૨	.....	૧૨૧૮૩૩	૧૬૪૯૩	.....	૨૧૦૦	.....	.....	૧૩૯૭૮૧૮
૧૮૮૫	.....	૧૧૨૩૭૦૦	.....	૧૧૯૧૧૬	૪૩૭૦૭	.....	૭૬૯૮	.....	.....	૧૨૯૪૨૨૧
૧૮૮૬	.....	૧૧૮૬૮૦૨	.....	૧૧૭૨૮૭	૭૦૮૫૯	.....	૧૩૫૩૯	.....	.....	૧૩૮૮૪૮૭
૧૮૮૭	.....	૧૩૧૯૦૬૦	૭૫૨૩	૧૨૮૯૨૧	૮૯૩૦૨	.....	૧૫૪૬૭	૩૨૫૯	૪૧૧	૧૫૬૪૦૬૩
૧૮૮૮	.....	૧૩૮૦૫૬૪	૧૧૨૪૯	૧૫૭૭૬૮	૧૦૧૫૨૮	.....	૪૧૫૮૦	૧૩૩૮૨	૨૮૦૨	૧૭૦૮૬૦૩
૧૮૮૯	.....	૧૫૪૧૩૫૬	૨૨૮૩૫	૧૪૪૪૬૫	૧૧૬૬૭૬	.....	૫૨૬૫૬	૫૬૬૪૬	૮૨૩૮	૧૬૪૬૧૭૨
૧૮૯૦	.....	૧૬૨૬૨૪૫	૪૦૬૭૭	૧૩૭૦૨૨	૧૪૫૭૦૮	.....	૭૭૮૪૨	૧૨૫૪૮૬	૧૫૫૪૧	૨૧૬૮૫૨૧
૧૮૯૧	૨૦	૧૭૪૭૧૨૨	૬૦૭૧૪	૧૪૧૭૩૬	૧૫૪૨૦૮	.....	૬૯૭૪૧	૧૪૪૬૬૮	૧૦૩૬૮	૨૩૨૮૫૭૭
૧૮૯૨	૬૧	૧૬૨૯૦૫૦	૬૬૩૫૨	૧૩૨૦૫૫	૧૬૪૦૫૦	૩૬૭૦	૮૮૬૨૩	૧૪૬૬૦૧	૧૩૨૮૪	૨૫૩૭૬૬૬
૧૮૯૩	૫૦૨	૧૬૦૨૮૬૬	૭૭૨૬૪	૧૩૫૧૧૮	૧૬૪૪૨૦	૯૯૩૮	૬૪૩૪૮	૧૫૭૪૨૧	૨૦૦૬૪	૨૫૬૨૦૦૧
૧૮૯૪	૧૩૩૭	૨૦૩૫૬૩૪	૬૬૪૬૭	૧૪૦૪૬૫	૧૬૬૪૪૮	૧૨૧૧૧	૧૩૨૮૩૭	૨૪૦૫૨૫	૨૧૪૬૮	૨૮૨૦૬૫૨
૧૮૯૫	૧૭૩૭	૩૫૫૦૦૬૬	૭૨૪૬૩	૧૨૨૭૭૬	૧૭૨૭૧૭	૧૭૨૮૬	૧૧૮૪૭૬	૨૬૨૬૧૫	૨૩૨૫૬	૪૩૭૧૭૩૪

ઈ. સ. ૧૮૮૩ થી ૧૮૯૨ વેર પરદેશથી હિંદુસ્થાનમાં જુદા જુદા ભાગોમાં છેલ્લા બાર વર્ષમાં અયાત કરવામાં આવેલા કોલસાની વિગત નીચે મુજબ છેઃ—

વર્ષ.	મુંબઇમાં.	સીંધમાં.	મદ્રાસમાં.	બરમામાં.	બંગાલમાં.	એકંદર ટન.
૧૮૮૩–૮૪	૪૬૧૭૭૬	૧૭૫૯૩	૨૮૨૬૪	૭૮૩૧૨	૬૨૫૩૪	૬૭૮૫૦૬
૧૮૮૪–૮૫	૫૦૪૮૭૫	૧૮૧૬૧	૨૮૮૨૬	૮૪૭૭૬	૬૨૫૩૬	૬૬૬૧૭૭
૧૮૮૫–૮૬	૫૨૮૪૬૬	૩૫૭૬૬	૩૪૬૬૨	૬૩૦૬૧	૬૭૦૪૭	૭૫૬૦૬૮
૧૮૮૬–૮૭	૫૨૧૪૫૫	૪૦૨૮૨	૩૮૨૩૨	૮૧૨૨૪	૪૬૬૨૩	૭૨૮૧૧૬
૧૮૮૭–૮૮	૫૮૨૩૫૮	૩૦૮૦૩	૨૮૨૦૪	૧૧૧૫૮૬	૪૬૨૦૬	૮૦૦૧૬૦
૧૮૮૮–૮૯	૬૩૮૧૫૬	૪૧૫૧૫	૩૫૮૭૪	૭૭૭૪૧	૧૭૧૭૬	૮૧૦૪૬૩
૧૮૮૯–૯૦	૪૩૦૨૦૦	૩૧૫૬૬	૪૧૬૬૨	૪૭૦૩૬	૨૧૨૬૭	૫૭૨૭૬૧
૧૮૯૦–૯૧	૬૨૮૬૭૮	૪૮૬૬૨	૪૬૩૬૨	૩૫૬૬૬	૭૫૭૧	૭૬૭૬૩૨
૧૮૯૧–૯૨	૫૬૧૬૫૧	૫૩૦૫૩	૪૧૫૨૮	૪૭૮૪૩	૨૦૧૨૦	૭૨૧૧૬૫
૧૮૯૨–૯૩	૪૬૮૬૫૨	૩૪૪૭૫	૬૩૬૨૬	૨૬૬૬૬	૧૦૭૨૭	૬૩૪૭૪૬
૧૮૯૩–૯૪	૪૨૩૦૬૪	૩૨૬૭૭	૬૩૨૦૬	૧૬૨૩૦	૫૭૬૬	૫૪૪૦૦૬
૧૮૬૪–૬૫	૬૪૭૬૧૭	૪૦૪૬૬	૭૬૩૭૮	૩૪૪૦૫	૬૫૪૪	૮૦૮૭૧૩

નીચે દર્શાવેલા વર્ષોમાં હિંદી કોલસાની નિકાશ પરદેશ ખાતે થઇ તેનો કોઠોઃ—

દેશો.	૧૮૬૦–૬૧	૬૧–૬૨	૬૨–૬૩	૬૩–૬૪	૬૪–૬૫	૬૫–૬૬	૬૬–૬૭	૬૭–૬૮
સીલોન	૧૫૧૫૭	૧૦૦૦	૧૩૩૭૬	૨૮૧૪૫	૪૭૬૨૦	૪૬૧૬૬	૬૩૬૩૫	૧૦૫૦૩૬
સ્ત્રેટસ	૫૮૬૬	૨૧૦૦	૩	૧૪૭૬૨	૫૨૨૭	૨૬૩૪૪	૧૪૫૩૨	૮૫૩૪૭
મોરિશીઅસ	૫૭૫	.....	૧૫૧૮	૩૬૩૩	.....	૪૭૬૦	૭૫૭	૭૩૧૭
પરદેશો	૪૭૦૨	૧૨૬૪	૭૨૦	૫૭૩૨	૪૬૮	૬૫૩	૨૦૭૬૫	૧૫૧૫૨
કુલે ટન.	૨૬૩૦૩	૪૩૬૪	૧૫૬૨૦	૫૨૩૦૨	૫૩૬૧૫	૮૦૬૨૩	૧૨૬૭૧૬	૨૧૨૮૫૫

ઇ. સ. ૧૮૬૦ થી ૬૪ વેરમાં પરદેશથી હિંદુસ્થાનમાં કેટલો કોલસો અયાત થયો હતો તેનો કોઠો.

દેશો.	૧૮૬૦ ટન	૧૮૬૧ ટન	૧૮૬૨ ટન	૧૮૬૩ ટન	૧૮૬૪ ટન
ઈંગ્લંડ ...	૭,૬૦,૩૦૬	૭,૧૬,૬૬૫	૬,૨૭,૦૩૨	૫,૩૧,૦૪૩	૭,૭૫,૦૧૭
બેલજ્યમ ...	.....	૭૬	૧૩૦	....	૨,૨૭૧
જર્મની ...	૮	૬૨૭	૩૦૦	૧૩૨	૨,૨૫૫
કેપ કોલોની ...	૬૦	૨૨૩	૧૮૦	૪૭	૨૪૫
ઈજીપ્ત ...	૧૫૧	૨૪૭	.....	૧૦	.....
દક્ષિણ અમેરિકા	૧૦	૪૦	૧,૦૮૭	૧૦૩	૧,૧૬૪
ઍડન ...	૧૭૬	૨૫૦	૧૪૩	૧૬૩	.....
સીલોન ...	૬૫૩	૪૮૩	૫૬	૩૬૬	૪,૪૨૪
જેપાન ...	૧૨,૦૧૪	૪,૭૨૦	૧,૬૦૦	૧૧,૩૩૧	૮,૫૩૧
ઓસ્ત્રીયા ...	૧૦,૦૧૭	૧૨,૫૮૫	૧૬,૬૪૨	૧૧,૧૫૫	૨૭,૭૬૭
બીજા દેશો ...	૧,૨૬૬	૭૪૫	૪૧૫	૮૬૭	૧,૬૧૦
જુમલે...	૭,૮૪,૬૬૪	૭,૩૬,૬૬૧	૬,૪૮,૧૮૫	૫,૫૫,૨૮૦	૮,૨૩,૩૧૪

ન્યૂકેસલમાં કોલસાની પેહેલી શોધ ઇ. સ. ૧૨૩૮માં થઈ હતી. કોલસો મુખ્ય કરી ૪ જાતના ઉદ્યોગ હુન્નરમાં ખપેછે ૧:—સ્ટીમ એંજીનરને માટે, ૨:—ગ્યાસ ઉત્પન્ન કરવા માટે, ૩:—ખાણો ખોદવા માટે, ૪:—ઘરગતુ બળતણ માટે.

આખી દુનિયામાં વરાળ એન્જીનનું બળ એક કરોડ ઘોડાનું ગણતાં બીજું બળતણો બાદ કરતાં માત્ર કોલસાનું બળતણ દર કલાકે દર ઘોડાના બળે ૪૦૪ રતલ જેટલો કોલસો ખપે તો દર કલાકે ૧૨,૦૦૦ ટન કોલસો બળેછે. ગ્યાસ ઉત્પન્ન કરવા માટે દર કલાકે ૧૦૦૦૦ ટન કોલસો બળેછે. ખાણોમાંથી ધાતુ કાઢવા માટે દર કલાકે ૯૦૦૦ ટન અને ફેક્ટરી તથા કારખાનામાં ૫૦૦૦ ટન બળેછે. બાકી ઘરગતુ વપરાસ માટે દર કલાકે ૫૫,૦૦૦ ટન બળેછે.

કોલસો ખોદી કાઢવાની રીત ભારે મહેનતની છે. ખાણમાં કોલસાનાં અનેક પડો હોયછે, આ પડોની વચમાં ચીકણી માટી તથા કેટલાંક રેતીનાં પડો મળી આવેછે. આ પડો જાડાઇમાં ઘણા નાહના હોયછે. કેટલાક પડો ૭ થી ૮ ફીટની જાડાઇનાં હોયછે. આ પથ્થરની નીચે ચુનાના પથ્થરનો થર હોયછે, અને તેનુંજ વેષ્ટન આખી ખાણમાં પથરાએલું હોયછે. કેટલીક ખાણોમાં ૩૬ થી ૩૮ સુધી કોલસાનાં થરો જોવામાં આવેછે. તેમાં પેહેલા પડની ઉંડાઇ જમીનની સપાટીથી ૧૫૦ થી તે ૮૦૦ ફીટ સુધીની હોયછે. તેમ છેકજ નીચેનાં પડની ઉંડાઇ જમીનની સપાટીથી ૨૦૦૦ ફીટ કરતાં પણ વધારે હોયછે.

'કોલસો જમીનના પૃષ્ટ ભાગથી ઘણા ઉંડાણમાં હોયછે. એટલા માટે ચોકસ ઠેકાણે કોલસો છે કે નહિ તે જાણવા માટે લોઢાનાં હથિઆર વડે જમીનમાં ઉભા કાણાં પાડેછે. આ રીતે કોલસા જડતા તેમાંના કોલસા બાહેર કાઢવા માટે ૧૦ થી ૧૫ ફીટ લંબાઇના વ્યાસનો એક ખાડો ખણી તેને ચણી લેછે કે ઉપરથી માટી માહે પડે નહિ. એને ઇંગ્રેજીમાં 'શાફ્ટ' કહેછે, એની ઉંડાઇ કોલસાનાં પડ ઉપર આધાર રાખેછે.'

આ ઉંડાઇ ૧૫૦ ફીટથી વધારે ને ૨૦૦૦ ફીટની અંદર હોયછે. આ ખાડો કોલસાનાં થર સુધી પોંહચે એટલે કોલસાનાં પડની ઉંડાઈ પ્રમાણે ઓછો અથવા વધારે ઉંચાઇનો અને ૧૨ થી ૧૪ ફીટ શુધી પોહળાઇનો એક બીજો ખાડો ખણેછે. તેમાંથી કોલસાને કાઢવાની શરૂઆત થાયછે. એજ મુજબ અનેક ખાડા ખણી માહે સંખ્યાબંધ ગલી કુંચીઓ બનાવી નાહના શેહેરની રચનાપર તે દિપી નિકળેછે. અંદરની 'ડેમ્પ એઅર'થી અકસમાત ન થાય તે માટે તે બાહેર નિકળી જાય સ્વચ્છ હવા માહે જાય તેવી યુકિત યોજેલી હોયછે. તે શિવાય ખાણમાં કોઇ વેળા ખોદતાં ખોદતાં એકાએક પાણીના પ્રુવારા પ્રુટી નિકળેછે. આ પાણી ઉપસી કાઢવા તથા અંદરના મજુરોને તુરત ઉપર ખેંચી લેવા માટે ખાણની ઉપર જબરા વરાળ યંત્રો રાખવામાં આવેછે.

કોલસો સારી જાતનો છે કે નહિ તેની પરિક્ષા કરવા પેહેલાં કોલસો બાળી તેની પાછળ જે રાખ પડી રહેછે તેને તોલી જોવાથી જણાય છે કે તેનું વજન થોડું છે, તો જાણવું કે કોલસો સારો છે.

એક જાતનાં લાલ તપકિર્યા રંગના કોલસામાંથી 'પારાફ્રેાન' તેલ કાઢવામાં આવેછે. આ તેલના દીવા બાળવામાં આવે છે, તેમજ પારાફ્રીન નામના ધન પદાર્થની મીણબત્તીઓ બનાવવામાં આવેછે.

કોલા—આ હિંસક પ્રાણી પૂર્વ આસ્ત્રેલીયામાં મળી આવેછે. આ પ્રાણીના ચાવવાના જડબાનાં દાંતા તિક્ષણ ને મોટાં હોયછે. તેના પંજામાં અંગુઠા જોડાયલા હોઇ નખરિયાંવાલાં ને મજબુત હોયછે. આ પ્રાણી ઘણું કરી ઝાડની ડાંખળીને બાઝી પડી તેપર સુઇ રહેછે. કોલાની પૂછડી મૂળથીજ કપાયલી હોયછે. એ દેખાવે રીંછના નાહના બચ્ચાંને મલતાં આવેછે.

કોલાનટ—આ ફળઝાડ ગમે તે દેશમાં ઉગી શકેછે. આ ફળ ખાધાથી મજા તંતૂને પૂષ્ટી મળેછે, એટલુંજ નહિ પણ રાત્રે ઉંઘ સારી આવેછે. છાકટપણાની અસરથી જે અનિયમિતપણુ આવેછે તથા મગજ ભારી થાયછે તે આ ફળ ખાધાથી દૂર થાયછે.

વળી આ ફળનો અર્ધો ભાગ ખાધાથી લાગટ ૨૪ કલાક વેર બીલકુલ ભુખ લાગતી નથી. એનાથી ગંદીલા મેલાં પાણીને સ્વચ્છ કરવાનો ગુણ સમાયલો છે તેથી બિગડેલા બીઅર દારૂને સ્વચ્છ કરવામાં એનો ઉપ્યોગ કરવામાં આવેછે.

કોલાનંદ—(જુઓ ગોપાદિત્ય.)

કોલાબા જીલ્લો—આ ટાપુવાલો કોંકણનો એક ભાગ મુંબઇ ઈલાકાને તાબે છે. આ ટાપુ અરબી સમુદ્રમાં અથવા ઉત્તર ઇંડીયન ઓશનમાં કોંકણની પશ્ચિમે ૬ મૈલપર અલીબાગ શેહેરની નજદીક છે.

આ જીલ્લાની ઉત્તરે તથા ઇશાન્યે થાણા જીલ્લો, પૂર્વ સહ્યાદ્રી પર્વત ને તેની નજીક પુના જીલ્લો, ભોરસંસ્થાન ને સતારા જીલ્લો, દક્ષિણે અને નૈઋત્યે રત્નાગીરી, પશ્ચિમે જંજીરા અથવા હબસાણનો મુલક, અને વાયવ્ય દિશાએ ૧૮ મૈલપર અરબી સમુદ્ર છે.

આ જીલ્લાની લંબાઇ ૭૦ મૈલ ને પોહોલાઇ પશ્ચિમે સુમારે ૧૫ થી ૩૦ મૈલની છે. એનું જુમલે ક્ષેત્રફળ ૩૮૫૨ ચોરસ મૈલ છે. ૧૮૭૨ માં લોક વસ્તી ૩,૫૦,૪૦૫ ની ને ૧૮૯૧ માં ૫,૯૪,૮૩૨ ની હતી. એની વાર્ષિક ઉપજ રૂ. ૧૨,૦૦,૦૦૦ ની છે.

જીલ્લાને તાબે અલીબાગ, પેણ, પનવેલ, કર્જત, રોહે, માણગાંવ, મહાડ એ ૭ તાલુકા છે. આ જીલ્લામાં એકંદર ૩૧ કિલ્લાઓની મોટી સંખ્યા આવેલી છે. તેમાં અલીબાગમાં ૫, પેણમાં ૩, પનવેલમાં ૭, કર્જતમાં ૪, રોહેમાં ૪, માણગામ તાલુકામાં ૩, ને માહાડ તાલુકામાં ૫ છે.

આ ટાપુ જોકે ઉજડ ખડકોપર આવેલો છે પણ યુરોપીયનો સાથના વેપાર વેહવાર અને લઢાઇઓને લીધે અતિ પ્રસિદ્ધતા પામ્યો છે. આ ટાપુપર ૧૬૬૨ માં કિલ્લે બંદી કરી મરાહા રાજ્યના સ્થાપક શિવાજીએ પોતાની સત્તાતળે આણ્યું હતું. પણ તે પછી 'આંગ્રેના' ખાનદાનને તાબે ગયું હતું. ૧૭૨૨ માં બ્રિટીશોના કાફલાએ જળમાર્ગે ત્રણ વાહાણો અને પોર્તુગીજોએ પગ રસ્તે હુમલો કીધો હતો પણ આ લઢાઇમાં પોર્તુગીજોની નબળાઇને લીધે ઇંગ્રેજો જીત્યા હતા. ઇ. સ. ૧૭૭૨ માં રાઘોજીને કોલાબા તાબે હોવાથી તેની ત્યાં રાજગાદી હતી. તે વેળા તેને તાબે તહેનાત ૪૮૨૨તો, બગીચા, હાથી, ઘોડા, ઉંટ અને અસંખ્ય દ્રવ્ય હતું.

પેશવાઈના અંત પછી ઇ. સ. ૧૮૨૨ માં રાઘોજી આંગ્રેએ બ્રિટીશ સરકારની સત્તા સ્વિકારી ખંડણી આપવા માંડી. રાઘોજી આંગ્રે ઇ. સ. ૧૮૩૮ માં મરણ પામીયા પછી થોડા માસમાં તેની વિધવાએ એક બેટાનો જન્મ આપ્યો હતો. આ બાળક રાજને ગાદીએ બેસાડયો પણ તે પોતાનાં બચપણમાં મરણ પામવાથી કોલાબા ખાલસા કરી બ્રિટીશ રાજ્યને જોડી નાખવામાં આવ્યો. આ રાજ્ય ખાલસા કીધા પછી આંગ્રે કુટુંબને બ્રિટીશ સરકારે પેનશન આપતું કર્યું હતું. ૧૮૪૪ માં પેનશન રકમ રૂ ૧,૨૭,૩૫૫ ની થઇ હતી.

કોલાબાનો કિલ્લો—(જુઓ જંજીરા)

કોલારા—(જુઓ કોલેરા.)

કોલાહપુર અથવા કોલ્હાપુર—આ દેશી રાજ્યની ઉત્તરે સતારા જીલ્લો, પુર્વે નર્મદા નદી, દક્ષિણે બેલગામ જીલ્લો અને પશ્ચિમે રત્નાગીરી જીલ્લો છે. આ રાજ્યનો વિસ્તાર ૨૮૧૬ ચોરસ મૈલ છે, અને તેમાં ૮૦૦૦૦૦ માણસોની વસ્તી છે. વાર્ષિક ઉપજ ૩૧,૨૫,૦૬૫ રૂપ્યાની છે.

કોલાહપુર દેશની ભૂમી પાહાડી હોઇ જંગલ ઝાડોથી છવાયલી છે, તેમાં મુખ્ય કૃષ્ણા

તથા વારણા નદીઓ વહેછે. દેશની ભૂમીમાં દરેક જાતનું ધાન્ય તથા શેરડી, તંબાકુ, કપાસ, કસુંબા વગેરેનો મોટો પાક થાયછે. તે શિવાય નારીએળના મોટાં વનો છે, તેનો વેપાર બોહોળો ચાલેછે. પ્રજાનો મોટો ભાગ મરેઠાનો હોવાથી તેમની ભાષા મરાઠી છે, ને ચોથા ભાગની ભાષા કાનડી છે. કોલાહપૂરમાં પનાલા, મલકાપૂર, આલતે, શીરોલ, બાવર્ડે, કાગલ, જુદરગઢ, ગઢઇંગલાજ, ઇંચલ કંરજ અને તારીંગળ એ મોટાં ગામો છે.

મુખ્ય રાજધાની શેહેર કોલાહપૂર છે, ને તેમાં મોટા કિલ્લા છે. શેહેરમાં માહારાજાના રેહવાનાં સુંદર ને ભવ્ય મેહેલો છે.

કોલાહપૂરના રાજાનો મૂળ પુરૂષ માહાન છત્રપતિ શિવાજી માહારાજ હતો. તેના પછી સંભાજી ગાદીએ બેઠો પણ તે વ્યસની નિવડયાથી ૧૬૯૪ માં ઔરંગજેબને હાથે કેદ પકડાઈ માર્યો ગયો. તેનો પુત્ર શિવાજી નામે હતો તેને મુગલ પાદશાહે પોતાની સંભાળમાં રાખી ઉધાર્યો હતો. એ દરમ્યાન મરાઠાઓએ શિવાજીના નાહના પુત્ર રાજારામને ૧૬૯૫ માં ગાદીએ બેસાડયો પણ તે માત્ર ત્રણ વર્ષ રાજ્ય કરી ઈ. સ. ૧૬૯૮ ના જુનમાં મરણ પામ્યો. તેની પાછળ તેની બે સ્ત્રી તારાબાઈ તથા રાજસબાઈથી અનુક્રમે ઉત્પન્ન થએલા શિવાજી અને સંભાજી નામે બે પુત્ર પોતાની પાછળ મુકી ગયો, તેમાંથી શિવાજી શાહુના રીજંટ તરીકે ગાદીએ આવ્યો, પણ તે ગાંડો હોવાથી તેની મા તારાબાઈએ તેને ઈ. સ. ૧૭૦૩ માં પદભ્રષ્ટ કરી પોતે રાજ્ય ચલાવવા લાગી. ઔરંગજેબના મોત બાદ અજમે ૧૭૦૭ માં શાહુ ઉર્ફ શિવાજીને બંદમૂકત કર્યો ને પોતાનો ગાદીપર હક્ક મેળવવા આવ્યો પણ તારાબાઇ તેના હક્કની સામે થઇ; પણ ૧૭૧૨માં બીજા શિવાજીનું મરણ નિપજવાથી અને તેના ઓરમાઈ પુત્ર સંભાજીના પક્ષમાં રાજ્ય મંડળ હોવાથી તેની પાસેથી સર્વ સત્તા લઇ લેવામાં આવી. તે સમયથી પોતાના મહાન વડીલની સત્તા અને રાજ્યના શાહુ તથા સંભાજી હરીફ દાવાદારો થયા.

આ કુળની બન્ને શાખાઓ વચ્ચેનો વિરોધ ઇ. સ. ૧૭૩૦ સુધી રહ્યો. એજ સાલમાં સંભાજીને તેના પિત્રાઇના મળતીઆએ કેદ કર્યો. તે પછી ઈ. સ. ૧૭૩૧ માં ગોઠવણ કરવામાં આવી કે સંભાજીને કોલાહપૂર ને તેની આસપાસનો મુલક રાજાના ખેતાબ સાથે આપવો ને બાકીનો દેશ શાહુના તાબામાં આપવો. તે મુજબ શિવાજીના પ્રપૌત્ર કોલાહપૂરનો પેહેલો રાજા થયો તે ઇ. સ. ૧૭૬૦ માં નિસંતાન મરણ પામવાથી તેની વિધવા રાણીએ શિવાજીના પ્રપિતામહ ભોંસજીના કુળની ખનવાતા નામે ૧૦ મી શાખામાંથી એક પુત્ર પસંદ કર્યો. તે બાળકનું નામ મહાન વડવાના યાદમાં શિવાજી રાખવામાં આવ્યું. તેના તરફથી તેની વિધવા માતા રાજ્ય ચલાવતી હતી. તેના અમલમાં ચાંચીયા લુટારાનો દોર વધવાથી આસપાસની પ્રજા ત્રાય ત્રાય પોકારવા લાગી, તેથી ઈંગ્રેજ સરકારે ૧૭૬૫ માં મલબારનાં કિલ્લાપર ચઢાઇ કરી તાબે કર્યો. સેવટે સલ્હા થઇ તેમાં કોલાહપૂરના રાજાને ૭૫૦૦૦૦ રૂપ્યા ઈંગ્રેજ સરકારને આપવા પડયા, અને તે શિવાય બીજા ઘણાક હક્કો ઈંગ્રેજોએ મેળવ્યા પણ ૧૭૭૨ માં રાણી મરણ પામી ત્યાં વેર રાજ્યમાં અંધેર ચાલુ હતો. તે પછી બાળરાજા ગાદીએ બેઠો એ ૧૮૧૨ માં મરણ પામ્યાથી તે દરમ્યાન એના રાજ્યમાં જગે જગ લુટફાટ ને લડાઇઓ ચાલુ હતી અને તેથી ઈંગ્રેજ સરકારે ઘણાક લાભો મેળવ્યા. તેના પછી તેનો વડો પુત્ર સંભાજી ઉર્ફ આબા સાહેબ ગાદીએ બેઠો. એ સમયે પેશ્વા સાથે ઈંગ્રેજોને લઢાઇ થઇ તે વેળા એણે ઈંગ્રેજોને મદદ કરવાથી ચિકોરી અને મિનાઉલીના પ્રગણાં મળ્યા. એણે મોહિતી કુટુંબના શહાજીભાઇ નામના પોતાના સરદારની જાગીર લઇ લીધી હતી, તેથી તે સરદારે કોલાહપૂર આવી ૧૮૨૧ માં રાજાને ગોળીથી મારી નાખ્યો.

"આબા સાહેબ પોતાની પાછળ એક બાળ કુંવર મુકી ગયો, તે પણ બીજે વર્ષે ગુજરી ગયો. ત્યારપછી શિવાજી બીજાના પુત્ર શાહાજી ઉર્ફ બાબા સાહેબને ગાદી મળી. તે રાજા અવીચારી પણ શૂરવીર હતો. એણે ૧૮૨૪ માં બ્રહ્મદેશ સાથ ઈંગ્રેજોની લઢાઇ ઉઠેલીનો અવસર પકડી ઈંગ્રેજોની સામો થયો પણ ૧૮૨૫ માં ઈંગ્રેજ ફોજે તેને તાબે કરી સંધી પત્ર કરી લઇ સલ્હે જાળવવાનું લખાવી લીધું, પણ થોડાજ સમયમાં ફરી તેણે લશકરમાં વધારો કરી જાહાગીરદારોનો હક્ક લુટવા માંડયાથી ઈંગ્રેજ ફોજે કોલાહપૂર ઉપર ચઢાઇ કરી, ૪૦૦ ઘોડેસ્વાર ને ૮૦૦ પાયદળ લશકર રાખવાનો કરાર કરાવી લીધો ને ૧,૪૭,૬૪૮ રૂપ્યા તુકસાની પેટે ભરી લીધા. તેમજ કેટલાક હક્ક છિનવી લઇ ત્યાં થાણું બેસાડયું, પણ પાછળથી સારી ચાલચલણ ચલાવવાથી થાણું કાઢી નાખ્યું. બાબા સાહેબ ૧૮૩૮ માં મરણ પામ્યાથી તેના બાળ કુંવર શિવાજીને રાજા ઠેરવ્યો. તે બાળક હોવાથી તેના તરફથી રાજ્ય ચલાવવા બાબા સાહેબની મા તથા બાળ રાજાની કાકી અને બીજા ચાર અમલદારોને નેમ્યા. પણ આ કાઉનસીલ મેમ્બરો સંપથી વર્તિ શકયા નહિ. તેઓમાં બાળરાજાની કાકી 'ઇરાબાઇ' ઘણી બાહોશ ને ભિન્નજી હતી તેણીએ યૂકિતથી રાજ્યની લગામ તેના હાથમાં રેહવા દીધી. પણ તે વેળા ભારે ગડબડ થવાથી ૧૮૨૭ માં ઈંગ્રેજ સરકારે સંધિપત્રથી મળેલા હક્કની રૂહે 'રિજન્સી'માંથી દૂર કરી દાજીકૃષ્ણ પંડિતને દિવાન તરીકે નેમ્યો પણ તેથી એદીલી ફેલાઇ. આથી ૧૮૪૪ માં એક મોટું બંડ ઉઠ્યું અને સાવંતવાડી તરફ ગડબડ ચાલી. આ ગડબડ દાબી દેવામાં આવી ને તે વખતથી બ્રિટીશ સરકારે રાજ્યનો જુમ્મો પોતાને હસ્તક લીધો. સરકારે ત્યાં મોટો સુધારો કરી કિલ્લાઓ તોડી નાખ્યા, પેઢી ઉતારા થાણું રાખવાનો જે રિવાજ હતો તે બંધ કર્યો અને લઢાયક લસ્કરને રજા આપી સ્થાનિક લસ્કર રાખ્યું. તે પછી ૧૮૬૨માં શીવાજીને રાજ્યભિષેક કીધો. એનું મરણ ૧૮૬૮ના આગસ્ટમાં નિપજ્યું. તે પછી આગમચથી નાગુજીરાવ પાટણકર નામે છોકરાને વારેસ નકી કર્યો હતો, તેને રાજારામને નામે ગાદીનશીન કીધો. એ મુસાફરી દરમ્યાન ૧૮૬૯માં કૂલેરેન્સમાં મરણ પામ્યો. તેનો દત્તક વારેસ શિવાજીને રાજ્યનો માલેક ઠેરવ્યો પણ તે બાળક હોવાથી તેના વતી પોલીટીકલ એજંટની દેખરેખ નીચે સર્વ કારોબાર ચાલ્યો પણ તે બાળ વયે તુરત મરણ પામવાથી શાહુ રાજાને ગાદીએ બેસાડયો.

કોલાહપૂર—આ શેહેરનાં 'કરવીર', 'કલ્હાર' યા કોલાહપૂર એવા જૂદા જૂદા નામો છે. આ શેહેર પ્રાચીન કાળથી જાણીતું છે.. 'કરવીર' નામ પડવાનું કારણ એ છે કે માહા પ્રલય સમયે શ્રીમહાલક્ષ્મિએ આ પ્રાંતને પોતાના હાથથી ઉંચે ઉંચકી ધરી રાખવાથી તેનું નામ કરવીર પડયું. તે પંછી કેટલેક કાળે કરવીર નામ વિસરાઇ, 'કોલા' નામના રાક્ષસનો શીરચ્છેદ શ્રીજોતીબાએ કરવીર પાસેના એક ટેકડીપર કીધો તે ઉપરથી કરવીરનું નામ 'કોલાહપૂર'મા બદલાઇ ગયું.

કરવીર તથા કોલાહપૂર શિવાય જે ત્રીજું નામ આ શેહેરનું છે તે 'કનેરી' શબ્દ 'કોલ્હ' અને સંસ્કૃત શબ્દ 'કોલ્હાર' ઉપરથી બનેલું છે. 'કોલિહૂ' અને 'કોલ્હાર' એ બેઉ શબ્દો 'કમલવાચક' હોઇ કોલાહપૂરમાંના ઘણાંક તલાવોમાં કમળપુલોની રેલછેલ દિસેછે તે ઉપરથી કોલાહપૂર (લોલિહૂ+કોલ્હાર) એ નામે જાણીતું થયું છે.

કોલાહપૂરમાં જોવાલાયક બે બાંધકામો છે. એક માહાલક્ષ્મીનું મંદીર અને બીજું રંકાલય તળાવ છે. દેવાલયનું બાંધકામ ઘણી ઉત્તમ હુન્નરમંદીનું છે. આ મંદીર તથા બીજા મંદીરો ગંડુરાદિત્ય નામના રાજાએ બંધાવ્યા હતા, એમ જૈન લોકોનું કહેવું છે.

પુનામાં પેશવાઇ મેહેલો બાંધવા માટે મતોડી, પથ્થર વગેરે પાર્વતીનાં ડુંગર પાસેથી ખણી લઇ જવાથી ત્યાં જેમ ૭ તલાવ બન્યા છે તે મુજબ મહાલક્ષ્મીનું મંદીર

બાંધવા પથરા લઇ જવાથી રંકાળેતું મોટું તલાવ બન્યું છે. આ રંકાળા તલાવનો ઘેરાવો ૩ મૈલ છે અને તે ૩૫ ફીટ ઉંડુ છે. તલાવના મધ્ય ભાગે રંક ભૈરવનું મંદીર છે અને તે ઉપરથી કદાચ તેનું નામ રંકાલય પડયું હોય એમ પણ જણાયછે. આ મંદીરનો સુનેરી કળસ પાણી સુકાતાં જણાયછે.

પ્રાચીન કાળમાં કોલાહપૂર એક મોટું શેહેર હતું, પણ ૮ મી સદીમાં ધર્તીકંપના મોટા આંચકાથી તેનો નાશ થયો હતો. તેમજ બ્રહ્મપુરી નામની ટેકડી નીચે ખોદકામ કરતાં હાલમાં પણ જુનાં ઘેરો મળી આવેછે, અને કેટલેક ઠેકાણે જૈન લોકોનાં પુજ્ય પત્રીના વાસણો મલેછે. અત્રેનું મહાલક્ષ્મીનું મંદીર સહુમાં ઉંચુ છે ત્યારે બીજાં દેવાલયો અર્ધા દટાયલાં છે, અને કેટલાક તો તદન ગરક ગયલાં જણાયછે.

કરવીરના પ્રાચીન લોકોએ એક મટોડીનો કોટ રક્ષણાર્થે બાંધ્યો હતો પણ તે પછી પટવર્ધન નામની એક ટોળી શેહેરને ઉપદ્રવ આપવા લાગ્યાથી કોલાહપૂરના લોકોએ તેને ઠેકાણે એક ૧ મૈલના ઘેરાવાનો પથ્થરનો કોટ બાંધ્યો હતો કે જેની દેવાલ ૩૦ ફીટ ઉંચી ને ૨૦ થી ૨૬ ફીટ જાડી હતી. આ કોટને ૪૫ બુરજો હતાં, અને તેની આસપાસ ઉંડી ચરો હતી, પણ તે હાલમાં પુરાઈ ગયા ઉપરાંત કોટ પણ પડી ગયો છે.

કોલીમાં—પેસીફિક મેકસિકનનું એક રાજ્ય. ક્ષેત્રફળ ૨૬૯૪ ચૌ૰ મૈલ છે. ૧૮૯૧ માં લોક વસ્તી ૭૨૫૯૧ ની હતી. એનું મુખ્ય શેહેર કોલીમાં સમુદ્ર સપાટીથી ૧૪૫૦ ફીટ ઉપર માન્ઝેનેલોના બંદરની પુર્વઉતર પૂર્વે ૪૦ મૈલ પર છે. તેમાં વસ્તી ૨૬૨૫૧ ની છે. શેહેરની ઉતર પૂર્વે સરહદ તરફ કોલીમા નામનો ૧૨,૭૫૦ ફીટ ઊંચો જવાળામુંખી પર્વત છે, જે ૧૮૬૯ માં મોટા ધડાકા સાથે ફાટવાથી મોટી ખરાબી ફેલાઈ હતી.

કોલુર—આ ગામ કૃષ્ણા નદીને કાંઠે હૈદ્રાબાદ નજદીક છે. અહીં આગલા વખતમાં એક હીરાની ખાણ મળી આવી હતી, જેમાંથી કોહિનૂર નામે જગપ્રસિદ્ધ હિરો જડ્યો હતો. આ ખાણની પેહેલાં શોધ એક ખેડુતે બાજરીની વાવણી કરતાં કરી હતી. તેને આ હિરો બાજરી વાવતાં જડ્યો હતો. તે ખેડુત આ હિરો લઇ હૈદ્રાબાદ ખાતેજઈ વેચવા ગયો ત્યાં તેના ખરીદદારે પેલા ખેડુતની પાછળ જાસૂસ મોકલી ખાણનીશોધ કરી હતી. આ ખાણ જણાતાં લોકોના ટોળે ટોળાં તે તરફ જઈ વસ્યા હતા અને એ રીતે ખાણ વાલો ભાગ થોડી મુદતમાં પચાસ હજાર માનસથી વસાયો હતો અને તેઓ સર્વે ખાણ ખોદવાનોજ ધંધો કરતા હતા. આ ખાણ તે વેળા ૧૫ ફીટ સુધી ઉંડી ખોદતાં તેમાંથી હીરા મળયા હતા પણ તે પછી વધુ ખોદતાં નહિ મળવાથી તેને પડતી નાખી હતી કે જ્યારથી તે આજ વેર તેવીજ હાલતમાં પડીછે.

કોલેર—હિંદુસ્થાનમાં આ સરોવર ચીલકાર નામના સરોવરની દક્ષિણે છે. કોલેર સરોવર ગોદાવરીના મુખો અને કૃષ્ણા નદીના મુખોની વચમાં મછલી પટણની વાયવ્યે 'વલૂર' શેહેરની પશ્ચિમે પાંચ મૈલ પર છે. આ બેઉ નદીમાં રેલ આવી પાણી ઉભાઈ બાહેર પડેછે તેનાથી આ સરોવરનો આકાર બનેછે. આ સરોવરનો આકાર બદામી છે. ગરમીની મોસમમાં એની લંબાઈ ૨૪ મૈલ ને પોહલાઈ ૧૨ મૈલની રહેછે, પણ વર્સાદમાં ૪૦થી૫૦ મૈલની લંબાઈ રહેછે. આ સરોવરમાં આવેલા અનેક ટાપુ વર્સાદની મોસમમાં પાણીમાં ડુબી જાયછે, પણ જ્યારે પાણી ઓસરી જાયછે ત્યારે ત્યાંના ખેડુતો તેની પર ચોખાની ખેતી કરેછે. જે ચોખા અતિ ઉત્તમ પ્રકારના હોયછે.

કોલેરા—'કોલેરાનો રોગ ઉડતો હોયછે. એનાથી ગમે તેવો મજબુત મનુષ્ય આજેજ થઇ જાયછે અને તેનું સર્વ શરીર બરફ જેવું થઇ પડી ચેહેરો તથા હાથ પગ જાંબુડા તથા કાળા થઇ જાયછે અને થોડા વખતમાં દર્દીને ઝાડા છુટતાં મરણ પામેછે.

આ રોગ હવામાં એક જાતનો ઝેરી જંતુ ફેલાવાથી ઉત્પન થાયછે. આ જંતુ એટલાતો સૂક્ષ્મ હોયછે કે એવાં ૧૨,૦૦૦ જંતુઓને એકેકની આગળ ગોઠવતાં તે એક ઈંચની લંબાઇવેર લંબાઈ શકેછે. આ રોગ ઘણું કરી હલકા ખોરાક ખાનાર, ગલીચ ગીચ્છ વસ્તીમાં રહેનાર અને ખુલ્લી હવામાં ફરવાની જેમને ટેવ નથી તેઓમાં જલ્દી પંથરાઇ જાયછે. કોલેરાનો હુમલો થતાં પ્રથમ દર્દીને બદહજમી જેવું પેટ આવી પછી જીવ બિગડી ઉલટી થઇ પતળાં પેટ આવવા માંડેછે. ઝાડાનો રંગ સફેદ હોયછે, ઉંઘ આવતી નથી, દર્દી બેચેન બનેછે, આંખમાં ઝાખા પડી ચેહેરો સોહરાઇ જાયછે, નાડી નાહની થઇ આંગળાને સ્પર્ષ કરતી નથી, તરસ લાગી અવાજ બેશી જાયછે અને આજારી સૂસ્ત થઇ હાંફવા માંડેછે, પણ આ દર્શાવેલી નિશાની સર્વ દર્દીપર એક સરખી થતી નથી. મજબુત બાંધાવાલા દર્દીને પતળા પેટ છુટયા શિવાય બીજી નિશાનીઓ જણાતી નથી, થોડા નબળા દર્દી ઉપર ઉપલી અસર તુરત થાયછે પણ સદાના નબળા શખસને તો થોડા ખતમાં બરફ જેવો ઠંડો થઈ તે મરણ લ સૂસ્ત, અવાજહિન ને નાકુવત બનેછે, આ દર્દીપર હુમલો થયા પછી તેનો છેડો જૂદી જૂદી રીતે આવેછે. આ દર્દ લાગુ પડતાં દર્દીને એકુ બે પેટ આયા ન આયા, યા આંકડા નહિ આયા છતાં આજારી આપોઆપ ઠંડો થઇ નાડી નબળી પડતાં ૩ કલાકમાં પ્રાણ મેળેછે, પણ જો ઉપર જણાવેલી મુખ્ય ત્રણ હાલતમાંથી એકુ હાલત સુધરી જતાં નાડી સુધરે તો પેટ બંધ થઇ દર્દીના ચેહેરાપર સારો ફેરફાર થઇ તે સુધરવા માંડેછે.

'કોલેરાના દર્દીને થતો જાહડો કાંઇ જેવો સફેદ હોવાથી તેની અસર તુરત પરખાઇ આવેછે. કોઇ વેળા જાહડો નિતરાં પાણી જેવો, કોઇ વેળા લાલ હોયછે, જેમ જાહડો આવે ને નાડ નબળી પડે તેમ દર્દીનો અંત આવતો સમજવો, પણ જાહડાનો રંગ ખિળાસ પકડી સુધરેતો દર્દી સુધરતો જાણવો, તેમજ કૉલેરાનો હુમલો થતાં ઉલટીનો રંગ પણ કાંઇ જેવો હોયછે. કોઇને ગચકરાં આવેછે, પણ તે સાથે નાડી ધીમી પડે તો જોખમ જાણવો. કોલેરાના હુમલા વેળા ઉપલા હુમલા પછી પેશાબ બંધ થાયછે પણ નાડીના ફેરફાર સાથે પેશાબ છુટેછે પણ જો ન છુટે તો દર્દીના અંગની ગર્મી સરખી નહિ રેહેતાં કોઇ સેહેજ થંડો તો કોઇ તદન બરફ જેવો થઇ જાયછે, કોઇનાં બદનમાંથી સેહેજ પરસેવો તો કોઇમાંથી પાણી પ્રમાણે પાણી ઝરેછે. આ વેળા વધારે અંગ થંડુ થાયતો દર્દીની હાલત સુધરવી મુશકેલ હોયછે, આ દર્દ થતાં સુધારો બગાડો નાડ ઉપરથી જણાયછે, કેટલીક વેળા સખત બેમારી ભોગવનારની નાડ બીલકુલ હાથને લાગતી નથી. જેમ નાડી નબળી તેમ હાલત ભયંકર બને છે. કોલેરાના દર્દના સખત હુમલા પછી આંકડ પણ સખત હુમલો કરે છે. શરૂઆતમાં ગોટલાં યા આંકરા હાથ પગમાં ભરાતા જઈ સર્વ શરીરને પકડે છે. છાતી ઉચકાઇ દમ જોરથી ચાલી હાંફો ચાલી ઉચકી થાય તો દર્દી સાજો નહિ થાય એમ જાણવું. આ નિશાની અતિ ભયંકર છે.

આ દર્દની નિશાની જણાતાં પ્રથમ પેટ આવતાં બંધ કરવાં પડે છે, તેમજ દર્દી આગળની જગા અતિ સ્વચ્છ રાખી આસપાસના માનસોની પુખ્ત સંભાળ લેવી ઘટે છે.

કોલોગન—આ શેહેર અને બંદર રાહિન નદીના ડાબા કાંઠાપર ચંદ્રાકાર આકૃતિએ બર્લીનની પશ્ચિમે દક્ષિણ પશ્ચિમમાં ૩૬૩ ને રોટરડેમની દક્ષિણ પૂર્વે ૧૭૫ મૈલપર છે. આગળ એ જર્મન શેહેનશાહતનું પાયતખત શેહેર હતું પણ હાલમાં તે રેહનિશ પ્રુશિયાનું મુખ્ય શેહેર છે. અત્રેની લોકવસ્તી ૧૮૭૧ માં ૧૨૬૨૩૩ ની. ૧૮૮૧ માં ૨૭૫૦૦૦ ની ને ૧૮૯૧ માં ૨,૮૧,૬૮૧ ની હતી.

'આ શેહેરને ૧૧ મૈલ ફરતો કોટ હોઈ જગેજગ બુરજોથી મજબુત બનાવેલું છે.

રોમન શેહેનશાહ 'ઍગ્રીપા'એ 'યુબે' નામની એક પ્રજાને પ્રાચીન કાળમાં આ જગાપર વસાવી હતી ત્યારે તેમની સાથે રોમના વૃદ્ધ સિપાહો પણ આવી વસ્યાથી એને Colonia Agrippina નામ મળ્યું, બીજા તવારીખ નવેશોના જણાવ્યા મુજબ જુલ્મી નિરો શેહેનશાહની મા ના નામ ઉપરથી તેના બાપ ક્લૉડિયસે આ શેહેરને ઉપલું નામ આપ્યું હતું, જે પાછળથી ટુંકમાં 'કોલોં' (Cologne) નામ બન્યું છે.

અત્રેની જાણીતી ઇમારતો તથા ખ્રિસ્તી દેવળો પ્રસિદ્ધ છે, તેમાં સેંટપિટરનું દેવળ ૪૯૬ ફીટ લાંબુ ને ૨૩૮ ફીટ પોહોળું છે, આ દેવળને ઇ. સ. ૧૨૪૮ માં બાંધવા શરૂઆત કરવામાં આવી હતી ત્યારથી તેમાં વધારો કરતાં છેક ૬૩૨ વર્ષની લાંબી મુદત બાદ તે ૧૮૮૦ માં સંપૂર્ણ બંધાઇ તૈઆર થયું હતું, તેની પાછલ કુલે ખર્ચ ૨૦,૦૦,૦૦૦ પૌંડનો થયો હતો, તેનો વચલો મિનારો ૩૫૦ ફીટ ઉંચો છે ત્યારે બીજો ૫૧૫ ફીટ ઉંચો છે, આ ગંજાવર દેવળમાં અનેક દેવળો સમાયલાં છે, તેમાં એક ૩ રાજાઓ અથવા મજુસોના મંદીર નામે (Three Kings or Magi Chapel) ઓળખાયછે, જ્યારે જ્યૂજસ ખ્રાઇસ્ત જનમવાનો હતો ત્યારે તેના આવવાની આગાહી કરવા તથા તેના નજુમ વેળા આકાશમાં દેખાયલા સેતારા પરથી કહેવા આ ૩ નજુમ જાણનાર મજુસ (ઇરાની ધર્મ ગુરૂઓ) આવ્યા હતા, આ ૩ મજુસોના નામ 'કેસ્પર, મેલ્ચ્યૉર અને બેલ્થાઝર હતા. આ મજુસો મરણ પામ્યાથી તેમને દાટવામાં આવ્યા પછી તેમની લાશને પાછી ખોદાવી હેલીના શેહેનશાહ બાનુએ કૉન્સટન્ટીનોપલ લઇ જઈ દટાવી હતી પણ ત્યાંથી પાછળથી મિલાનખાતે લાવી 'બાર બેરોસ્સા' નામે લઢવૈયાએ ૧૧૬૪ માં કોલોંના આર્ચબિશપ પાસે રજુ કરી તેમને આ જગ્યાએ સલામત આણી દાટયાં, આ દેવળમાં ૭ પર્વતો ઉપરથી શેહેતાને ફેંકેલા પથ્થરો પણ જળવી રાખેલાં છે, જે 'ટયુ-ફેલ્સટૈન'ને નામે ઓળખાયછે.

બીજી ઇમારતોમાં ટૌનહૉલ, જુના વખતની બાંધણીનું હોઇ જોવા જોગ છે. તેમજ અત્રેનું મ્યુઝીઅમ પણ જોવા જોગ છે. આ શેહેરમાં અનેક મઠો છે. તેમાં 'સેંટ અર્સુલાન' નું મઠ કરણા રસીક તવારીખ માટે જાણીતું છે.

કોલોઝયમ—રોમના પ્રાચીન ખંડીયરોમાંનું આ એક યાદગાર બાંધકામ ૪૦ સ૦ ૮૦ માં ટૈટસે યાહુદીઓ ઉપર ફતેહ મેલવ્યા પછી તેઓમાંના ૧૨૦૦૦ કેદીઓને કામે લગાડી બંધાવ્યું હતું. એને ખુલ્લું મેલવાની ક્રિયા દરમ્યાન ૫૦૦૦ પશુઓ અને ૧૦૦૦૦ માણુસો કતલ કરવામાં આવ્યા હતા. આ ઇમારત લંબગોળ હોઇ ઘેરાવામાં એક મૈલના બીજા ભાગ જેટલી છે. એની ઉંચાઇ ૧૫૬ ફીટ અને માહેલું ચોગાન ૨૭૯ ફીટ લાંબુ ને ૧૭૪ ફીટ પોહળું છે. એમાં અસલી રોમન ખેલાડીઓ જેઓ 'ગ્લેડિયેટર' નામે ઓળખાઇ ગયાછે તેઓ જંગલી હેવાનો સાથે આ અખાડામાં લઢાઇ કરતા અને દર્યાઈ લડત વેળા તેમાં પાણી ભરી વહાણો સાથની લડાઈ પણ કરતા. ચોગાનને તેઓ રંગ ભૂમિ યા મલ્લ ભૂમિ કહેતા, અને જે મોટી ગેલેરી બનાવેલી હતી તેને Cavœ કહેતા, આ 'ગેલેરી'માં શેહેનશાહ અને તેનું કુટુંબ બેસતું. સેનેટરો, લેસ્તાદેવીની પુજારણોની જે ગેલેરી બનાવેલી હતી તેને Podium કહેતા. આખા કોલોઝયમમાં ૮૭૦૦૦ તમાશગીરોને બેસવાની બેઠકો હતી, અને બીજા ૨૦,૦૦૦ તમાશગીરો ઉભા રહી તમાશો જોઇ શકતા, આ પ્રાચીન ઇમારતનો હાલ માત્ર ૩ જે ભાગ ગોથ અને રોમનોનાં લુટાણા પછી બચી રહયોછે.

કોલોરેડો—આ ઉત્તર અમેરીકાની પ્રસિધ્ધ નદી ગ્રાંડ અને ગ્રીન નદીને મળી કોલોરેડોના રાજ્યમાંથી વહેછે. આ નદી ગ્રાંડ અને ગ્રીન નદીને જોડાઇ દક્ષિણ પશ્ચિમમાં વહેતી યુથના દક્ષિણ ભાગમાં ને ગ્રેરીઝોનાની ઉત્તર નેવ્હેડા તથા કેલીફોર્નિયાથી જૂદી પડેછે,

એનો નીચલો પાટ મેકસિકનનાં રાજ્યમાં હોઇ ત્યાં એ ઉત્તર છેડાપર કેલીફોર્નિયાના અખાતમાં વહેછે. આ નદીનો ઉપસેલો પાણી-વાલો ભાગ ૨૪૦૦૦૦ ચૌરસ મૈલ છે. સંગમથી નદીની લંબાઇ ૯૦૦ મૈલની અને તે ૨૦૦૦ મૈલ વેર ફેલાયલીછે. આ નદી ૬૦૦ મૈલ નૌકાગમન લાયકનીછે.

કોલોરેડો—અમેરીકન યૂનાઇટેડ સ્ટેટનું એક રાજ્ય. એની ઉત્તરથી દક્ષિણમાં પર્વતોની હારો ફરી વળેછે. આ રાજ્યનું નામ એની પશ્ચિમનો ભાગ કોલોરેડો નદી રોકેછે તેપરથી પડયુંછે. ક્ષેત્રફળ ૧૦૩૬૪૫ ચૌરસ મૈલ છે. આ રાજ્યમાં ઉંચા પર્વતો લગભગ ૧૨૫ થી વધારે હોઇ તે ૧૩૦૦૦ ફીટ ઉંચા છે. તેમાં અલેંકા ૧૪૪૬૪ ફીટ ઉંચો છે. કોલોરેડોના દરેક ભાગોમાં ખેતીવાડીની જમીન ફળદ્રુપ ગણાય છે.

પિકસપિક તરફ પ્રથમ મુન્તું ઇ. સ. ૧૮૫૮ માં જડયા પછી અત્રે લોક વસ્તી વધવા માંડી, અને ૧૮૭૩ થી ચાંદીની ખાણો જડયાથી આ રાજ્ય પેહેલી પ્રતિનું ગણાયું. ત્યાં લોઢું, કોલસો, ત્રાંબુ, સીમેંટ, ફાયરક્લે, અને મેગેનિજની ખાણો છે. ફ્લોરેન્સ નજદીક ૧૩ ફેરોસીનના ઝરા છે, દેશનો ઉત્તર ભાગ સ્પેન સરકારની નામની તાબેદારીમાં છે. ૧૮૭૬ થી [illegible] યૂનાઇટેડ સ્ટેટ સાથે જોડાઇ ગયો હતો. મુખ્ય શેહર ડનવર પાયતખ્ત હોઇ તેમાં લોકવસ્તી ૧૦૬૭૧૩ની છે. રાજ્યની લોકવસ્તી ૧૮૬૦માં ૬૪૨૭૭ ની, ૧૮૭૦ માં ૩,૯૮૬૪૦ ની ને ૧૮૯૧ માં ૪,૧૨,૧૯૮ ની હતી.

કોલોસસ—આગળ રોહડસના ટાપુ માહેલા બંદરના મુખડાપર એક ગંજાવર પુતળું હતું, તેને કોલોસસ કહેતા. તેની ઉંચાઇ ૧૦૫ ફીટની હોઇ તેજ માંને શરીરનો આકાર પણ હતો. ઇ. સ. પૂર્વે ૩૦૦ પર ચારીસ નામે એક પુતળા કોતરનારે આ પુતળું બનાવવાનું શરૂ કર્યું અને તે ૧૨ વર્ષે બનાવી રહ્યો હતો, આ પુતળામાં નીચેથી ઉપર જવા માટે એક ગોળ દાદર હતો. ઇ. સ. પૂર્વે ૨૨૪ માં આ પુતળાનો થોડો ભાગ ધરતિકંપે ભાગી ગયા પછી તે ૯૦૦ વર્ષો વેર તેજ હાલતમાં રહ્યો. ઇ. સ. ૬૭૨ માં રોહડસનો ટાપુ તુર્ક લોકોને તાબે જતાં તે પુતળું એક યાહુદીને વેચ્યું, આ યાહુદીએ તેનું પિત્તળ કામ લઇ જવા માટે ૯૦૦ ઉંટો રોકયાં હતા.

કોવિઆ—આ વનસ્પતિનો વેલો સુંદર હોઇ તેનો વિસ્તાર ઘણો મોટો ફેલાયછે. તેનાં ફુલો જાંબુડા રંગના હોયછે. એના બિયાં ઘણા લગાડીયા પછી તેમાંનાં થોડાંજ ઉગેછે. બિયાં ચપટાં હોયછે. એનો વેલો વર્ષાયુના વર્ગમાંનો છે. એના બી જુનમાં વાવવામાં આવેછે.

કોવેન્ટ્રી—વારવિકશાયરની ઉત્તર બાજુનું એક મુખ્ય વેપારી શેહેર, બર્મિંગહેમની પૂર્વથી દક્ષિણ પૂર્વે ૧૮½ મૈલપર અને લંડનની ઉત્તર પશ્ચિમે ૯૪ મૈલપર છે. આ શેહેર ૧૫ મી અને ૧૬ મી સદીમાં જે સ્થિતિમાં હતું તે વખતના કેટલાક લાકડાનાં મકાનો હજી કાયમ છે. હાલની મોટી ઇમારતોમાં બજાર સમાજ, હમામખાન, જાહેર પુસ્તકાલય, હુન્નરશાલા, નિશાળો તથા ત્રાયસીકલ અને બાયસિકલનાં કારખાનાઓ છે. અત્રેથી પાર્લામેંટમાં એક સભાસદ મોકલવાનો હક્ક છે. મુખ્ય હુન્નર ઉદ્યોગ રીબન, ઘડીયાળ, બાયસિકલ, કપાસ તથા ઉનના કાપડનો ચાલે છે. ૧૮૪૧ માં લોકવસ્તી ૩૦૭૪૩ની ને ૧૮૯૧માં ૫૪૭૫૩ની હતી.

કોશાહનાગ—કાશમિરમાં આ પર્વત ઉપરનો સરોવર પુતીપનજલની ઉતર તરફ છે. એની દક્ષીણે પર્વતની હાર આવવાથી એની ખીણના પાણીને અટકાવ મળે છે. આ સરોવર ૩½ મૈલ લાંબો અને ૫૦૦ માહલ પહોળો છે. એની પાસે આવેલા પર્વત ઉપરનું બરફ પિગળી આ સરોવર બન્યું છે. જ્યારે એ ઉભાય છે ત્યારે તે પોતાની સાધારણ સ્થિતિ કરતાં ૪૦ ફીટ વધારે ઉપર ચઢે છે. એમાંથી 'વીશૂ' નામની નદી કે જે જેહેલમની એક શાખા

ગણાય છે તે વહે છે. આ નદીનો ચોકસ ભાગ વિષ્ણુને નામે જાણીતો છે. આ સરોવર સમુદ્રની સપાટીથી ૧૨૦૦૦ ફીટ ઉંચે છે. એને હીંદુઓ વિષ્ણુ નદી પણ કહે છે, અને તેથી એને કાંઠે જાત્રાળુઓના સંઘ આવે છે.

કોશિંબ—એના વૃક્ષો મોટાં મોટાં વધેછે. એની ઉત્પત્તી પહાડી પ્રદેશમાં મુખ્ય કરી કોકણમાં વિશેષ થાય છે. એનું લાકડું ચીકણું હોઇ તેનો ગાભો લાલ રંગનો હોય છે. એનાં બિયાંમાંથી તેલ કાઢી શકાય છે. આ તેલ બસ, વ્રણ અને કોડ ઉપર ચોપડવામાં આવેછે.

કોષ્ટ (જુઓ કઠ.)

કોષ્ટ કોલંજન—(જુઓ કુલીંજન.)

કોસ—આ તુર્ક ટાપુ આર્ચીપેલેગોમાં એશિઆ માઇનરના કિનારાથી દૂર છે. એ ૨૩ મૈલ લાંબો ને ૫ મૈલ પોહળો હોઇ તેનું કુલે ક્ષેત્રફળ ૧૧૦ ચૌરસ મૈલ છે, વસ્તી ૧૦૦૦૦ ની છે, મુખ્ય પ્રજા ગ્રીક વસેછે, આ ટાપુ અતિ ફળદ્રુપ હોઇ તેનો પહાડી ભાગ ખેતીવાડીથી ભરપૂર છે, મુખ્ય ઉપજ લીંબુ, ધાન્ય, વાઇન, રૂ અને રેસમની છે, અત્રે પેટોલિમ ફિલા ડેલ્ફીયસનાં લગ્ન થયાં હતા.

કોસ્ટરિકા—મધ્ય અમેરિકાની છેક દક્ષિણ તરફનો મુલક. આ દેશ અતિ પોહળો હોઇ તેની બેહુ તરફ સમુદ્ર ફરી વળેલો છે, એ નિકારાગુઆ અને કોલંબિયાની વચ્ચે છે. ક્ષેત્રફળ ૨૧૪૯૫ ચૌરસ મૈલ છે, ૧૮૯૨ માં કુલે વસ્તી ૨૬૨૭૦૦ ની હતી, ત્યાંની સફેદ વર્ણની પ્રજા સ્પેનિશ પ્રજાની વંશજ છે. કિનારા શિવાય કોસ્ટરિકાની ભૂમિ પહાડી હોઇ તેમાં અનેક જ્વાળામુખી પર્વતો છે, પર્વતો ૧૧૫૦૦ ફીટથી નીચા છે, આ દેશમાં સુન્દુ, ચાંદી અને બીજી બનીજ ધાતુ મળતી હોવાથી તે તવંગર ગણાય છે, અત્રે મુખ્ય ઉદ્યોગ ખેતીવાડીનો ચાલેછે, જમીનનો સેંકડે ૨૦ ટકા ભાગ ખેતીવાડીથી રોકાયલો છે, આ દેશના જંગલોમાં રંગવાના લાકડાનાં તથા ઇમારતી લાકડાનાં વૃક્ષો, સાકર, કેળાં, કોકો, સાર્સાપેરિલા વગેરેના વૃક્ષો ઝાઝાં છે, ૧૬૦ મૈલ રેલવે લાઇન તૈયાર થએલી છે, આ દેશ ૧૪૯૩ માં કોલંબસે શોધી કાઢયો, તેની ૪ થી સફરથી અત્રે વસ્તી થવા માંડી હતી, આ દેશ ઇતિહાસમાં ૧૫૦૨ થી જાણીતું થયું છે. એ ૧૮૨૧ માં સ્વતંત્ર થયું હતું.

કોસમ—(જુઓ કૌશાંબિ).

કોસ્યા પર્વત—સિલહટ અને આસામના પ્રદેશની વચમાંના પર્વતની હારનું નામ. એ ઉત્તર દક્ષિણ લંબાયલો છે. આ પર્વત ઉત્તર પૂર્વે સરહદપર બચાવ અર્થે રાખેલા લશકર માટેનું મુખ્ય મથક ગણાયછે. આ પર્વતવાલા પ્રદેશમાં બનીજ દ્રવ્ય પુશકળ મળેછે એમ લાંબા કાળથી મનાતું આવ્યું છે, પણ પ્રેક્ટિસર ઓલ્ડહેમે કરેલી શોધ પછી જણાયું છે કે લોઢું, કોલસો, પથ્થર જોઇએ તેવા મોટા જથ્થામાં મળી શકતાં નહિ હોવાથી તે ભાગ તદન નકામો જેવો છે. આ પાહાડી ભાગમાં રહેતા હિંદુઓ તદન જંગલી સ્થિતિમાં હોઈ તેઓ હિંદુ ધર્મ ચોકસ પાળતા નથી, તેમ શાસ્ત્રમાં મના કરેલું સર્વ ભક્ષ કરે છે. તેમના દેવમાં મૂર્ત જેવું કશું હોતું નથી પણ તેઓ માત્ર ખડકને ચોકસ આકાર આપી તેને ભજી ભોગ આપેછે.

કોસલ—પ્રાચીન કલિંગ દેશની રાજધાનીથી ૩૦૦-૩૧૭ મૈલપર આ દેશ હતો. અંતર તથા દિશા ઉપરથી તે ઠેકાણે વિદર્ભ એટલે વર્હાડ પ્રાંત આવેછે. તેમાંનું હાલનું નાગપુર શેહેરછે. આ પ્રાંતને ગોંદવણ પણ કહે છે. એજ પ્રદેશમાં આ 'કોસલ' દેશ હતો. હાલમાં આ પ્રાંતમાં મોટાં શેહેરો ચાંદા, નાગપુર, અમરાવતી અને એલીચપુર છે.

ચાંદા એ પાઇનગંગા અને વર્ધાના સંગમ પાસે છે. તેનો ઘેરાવો ૬ મૈલનો છે. એ રાજમહેંદ્રની વાયવ્ય દિશાએ ૨૯૦ મૈલપર છે, અને કૃષ્ણા નદીપરના ધરણી કોટાથી ૨૮૦ મૈલપર છે. આ ઉપરથી કોસલની રાજધાની અત્રેજ હશે.

નાગપુર શેહેરનો ઘેરાવો ૭ મૈલનો છે. પણ તે 'ચાંદા' ની ઉત્તરે ૮૫ મૈલપર છે. અમરાવતી પણ સુમારે તેટલાજ અંતરપર છે. એલીચપૂર તેની પણ ઉત્તરે ૩૦ મૈલપર છે.

કોસલ દેશનો ઘેરવો ૧૦૦૦ મૈલ જણાવવામાં આવે છે. એની ઉત્તરે ઉજ્જની, પશ્ચિમે મહારષ્ટ્ર, દક્ષિણે આંધ્ર અને કલિંગ તથા પૂર્વે ઓઢિઆ આ પ્રાંતો હતાં. એટલે કે, તાપતી ઉપરનું બરહાનપુર અને ગોદાવરી ઉપરનું નાંદોદથી છત્તિસગઢ વચમાંનું રતનગઢ અને મહા નદીના ઉગમ પાસેના નવગઢ સુધી આ દેશની હદ હશે એમ સર્વેનું કહેવું છે. આ પ્રદેશનો ઘેરાવો ૧૦૦૦ મૈલથી પણ વધારે છે.

'રામાયણ' માં દક્ષિણ તરફ જણાવેલી આ દેશની રાજધાની 'કુશાવતી' હતી. ત્યાંથી અયોધ્યામાં આવતાં માર્ગમાં વિંધ્યા પર્વત મળ્યાથી ઘણા દિવસ થોભવું પડ્યું એમ કાલિદાસે રઘુવંશમાં વર્ણન કરેલું છે.

કોસ્સૅક—આ પ્રજાની મૂળ ઉત્પત્તિ ચોકસ જણાઈ નથી પણ તેઓ ઘણું કરી તારતર અને રશિયન લોહિથી ઉતરેલા જણાય છે. ૧૦ મી સદીમાં આ કૉસ્સૅક પ્રજા પ્રથમ જાણમાં આવી હતી. તેમની રીતભાત જોકે રશિઅનોને મળતી છે પણ તેઓમાં પોલાંડ, સ્લેવોનિક પ્રજાનો અંશ ભેળાયલો આ પ્રજા તારતર તથા તુર્ક પ્રજા સામે વેરભાવ ધરાવતી હોવાથી રશિઆમાં ૧૫ મી સદીથી લશકરમાં તેમનો મુખ્ય ભાગ રોકવામાં આવે છે. પોલાંડનાં તથા મૉસ્કોવાના ઝારના લશકરમાં અને સરહદના બચાવના લશકરમાં રોકવામાં આવે છે. હાલમાં કૉસ્સૅક પ્રજા મુખ્ય કરી સાઇબિર્યા, સેન્ટ્રલ એશિઆ અને કોકેસસ તરફના લશકરમાં જોડાયલી છે. આ પ્રજાની વસ્તી અને નામથી જાણીતો ભાગ 'ડૉનકોસ્સેકનું ક્ષેત્રફળ ૬૧૮૮૬ ચૌરસ મૈલ હોઇ કોસ્સેક પ્રજાની વસ્તી ૧૪૫૦૦૦૦ છે, જેમાં ૨૦૦૦૦ કાલમક પ્રજા વસે છે. આ પ્રજા બીજી રશીઅન પ્રજા કરતાં વધુ સુધરેલી અને સ્વચ્છતામાં વધુ સુઘડ ગણાય છે.

કોહ—કયુમોન અને બીજનોરના બ્રિટીશ જીલ્લામાં આ નદી હિમાલય પર્વતની છેક દક્ષીણ હારમાં આવેલા સંગોરનાં કિલ્લા નજદીકથી ૬૪૦૦ ફીટ ઉંચાઇથી વહે છે. એ ૮૦ મૈલ વલાણ લઇ કયુમોનની દક્ષિણ પશ્ચિમમાં ૮૦ મૈલ પર હિંદુસ્થાનના મેદાનપરથી વહે છે. ત્યાં તે સમુદ્ર સપાટીથી ૧૩૪૨ ફીટ ઉંચી વહે છે. ત્યાંથી પ્રથમ દક્ષિણ ભણી વલાણ લઇ પછી તરત દક્ષિણ પૂર્વ ભણી ૫૦ મૈલ વહેતી રામગંગાના પશ્ચિમ સંગમપર મળે છે.

કોહત—પંજાબનું આ કિલ્લેબંદીવાલું શેહેર પેશાવરની દક્ષિણે ૩૭ મૈલ પર છે. અત્રે છાવણી કિલ્લો છે. તથા તેમાં તોપ તથા બંદુકો બનાવવામાં આવે છે. લોક વસ્તી ૨૭૦૦૩ ની છે, શેહેર વસ્તીવાલું હોઇ તેની જમીન ઘણી ફળદ્રુપ છે. શેહેર નજદીક ટીઓ નદી વહે છે. શેહેર આસપાસ મજબુત કોટ ચણી લીધેલો હોઈ ગામમાં મોહું બજાર અને ભવ્ય મસજીદો છે. કોહટની પૂર્વે થોડા મૈલપર શેખ નામના ગામમાં 'નખ તેલના' મોટા ઝરાઓ છે, અને ત્યાં ગંધકની ખાણો છે.

કોહલું—આ હિંસક પ્રાણી હિંદુસ્થાનના જંગલોમાં બધેબધ નજરે પડેછે. એ મોટા કુતરા જેટલું હોય છે. તેની ગરદન જાડી બાલથી ભરેલી હોયછે. એ જંગલી કુતરાને મળતું છે. રાતની વેળા તે શિકારની શોધમાં નિકળે છે. આ પ્રાણી તરફ જેપાનીસો ભક્તિભાવ ધરાવી તેને દેવતાઈ અવતાર માને છે. જ્યારે તેઓપર મુશકેલી યા આફત આવી પડેછે ત્યારે ચોખા તથા શીંગના દાણા એક ખુમચામાં મુકી પોતાની ખાસ પુંજા સારૂં પાળેલા કોહલાં આગળ તે મેળે છે. જો બીજે દીને તેમાંના થોડા દાણા ગુમ થયલા જોયછે તો તે સારા સગણ ગણે છે. જેપાનમાં પુંજા માટે સફેદ રંગના કોહલાં પસંદ કરેછે. આ જાતનાં કોહલાં કુરલનાં ટાપુમાં મળેછે. તેનું નાજુક ચામડું ૯૦૦ થી ૧૦૦૦ રૂપ્યે વેચાયછે.

'રોમન લોકોમાં દર એપ્રેલ માસની અધ-વચમાં 'સિરિસની જ્યાફત' નામનો મોટો મેલાવડો થાયછે તે વેળા તેઓ કોહલાંની પુંજ કરેછે, તેઓ પુંજને નામે વિચિત્ર રીતે કોહલાનાં જીગરની પુંજ એવી રીતે કરેછે કે પ્રથમ તેની પુછડીને બળતી મશાલો બાંધી તેમને ગોળ કુંડાળામાં દોડાવી તેવીજ હાલતમાં બળી મરવાની ફરજ પાડેછે.

કોહળું—આ ઉદભિજ પદાર્થના વેલા થાયછે. એની વાવણી હિંદના સર્વે પ્રદેશમાં થાયછે. મી૦ ફાનડોલ જણાવે છે કે જેપાન અને જવાના ટાપુ એની જન્મભૂમિ તરીકે જાણીતાંછે.

એનાં વેલા સારાં ખાતરવાલી જમીનમાં વાવવામાં આવેછે. કોહળાં ઉપર સફેદ રંગ-નો ચીકણો પદાર્થ ફરી વળેલો હોયછે. આ પદાર્થ જો સારી રીતે એકઠો કીધો હોયતો તેમાંથી મિનબત્તી બની શકે એમ મી૦ મલ્હારરાવ મુલે પોતાના ગ્રંથમાં જણાવે છે.

આ ઉદભિજ વર્ષમાં બે વેળા ઉગી શકે છે. જે કોહળું જેષ્ટ માસમાં રોપે છે તે ભાદ્રપદ તથા આશ્વિન મહિનામાં પાકી તૈ-યાર થાયછે. બીજું માઘ, પોષમા થાયછે, તે ફાગણ અને ચૈત્રમાં પાકી તૈયાર થાયછે, સારા વેલાપર ૪૦ થી ૫૦ કોહળાં આવેછે. સારી જમીનમાં થતું કોહળું વજનમાં બે મણ ઉતરે છે. એનો રંગ બાહેરથી પીળો અને માહેથી લાલ હોયછે. તેની અંદર ચપટાં બિયાં થાયછે. તેને તળીને અથવા છોલી ખાવામાં આવેછે. એનાં ફુલો પિળાં હોયછે તેને પણ ભાજી તરીકે ખાવામાં લેવાય છે. વેલાપર બે જાતનાં ફુલો આવેછે, તેમા એક નરજાતી અને બીજી નારી જાતી. નર જાતના ફુલોથી કાંઇ ફળ થતું નથી. આ ફુલો આવી એકબે દિવસમાં ખરી પડે છે. નારી જાતના ફુલોથી માત્ર ફળ થાયછે. પણ ફળ ઉત્પન્ન કરવા સારૂં સ્ત્રી તથા પુરૂષ જાતના બન્ને ફુલોની અગત્ય હોયછે. સુરત, દમણ અને ભરૂચમાં કોહળાંનો મોટો પાક થાયછે, અને તે મિઠાસમાં શ્રેષ્ટ ગણાય છે. કોહળું ૭ થી ૮ માસ વેર કોહયા વિના રહી શકેછે.

કોહીનૂર—આ જગપ્રસિદ્ધ હીરો હાલમાં ઇંગ્લંડના શાહાનશાહી તાજમાં જડેલોછે.

ઇરાનની તવારીખ મુજબ ઇ. સ. પૂર્વે ૩૦૦૦ માં પ્રસિદ્ધતા પામેલા તુરાની પાદશાહ અફ્રાશિઆબની તલવારમાં દરયાએનૂર યાને રોશનીનો સમુદ્ર તથા કોહીનૂર યાને રોશનીનો પોહાડ એવા બે હીરા હતા. જે પ્રથમ રૂસ્તમે જીતી લીધા હતા જે છેલ્લે તૈમુરને હાથ આવ્યા પછી મોગલોને હાથ ગયો હતો. (જુઓ દરયાએનૂર.) પણ હિંદુ તવારીખ મુજબ—આ હીરો ૪૦ સ૦ પૂર્વે ૩૧૦૦ ઉપર ગોદાવરીન દીને કાંઠેજડી આવ્યો હતો. માહ-ભારતમાં પ્રસિદ્ધતા પામેલા કુંતીના પુત્ર કર્ણ પાસે આ હીરો હતો એમ તવારીખ નવેશો જણાવે છે. અગીયારમી સદીમાં આ હીરો વિક્રમાદિત્યને પાસે પણ હતો અને જ્યાં એ હીરો રહ્યો તેના ધણીને કીર્તીની ઉંચે ટોંચે ચઢાવી પડતી સાથે એ ગુમ થતો આવ્યો છે.

એક બીજી તવારીખ મુજબ આ હીરો 'ગોલકોંડા' ની ખાણમાંથી હાથ લાગો હતો એમ જણાય છે, પણ ગોલકોંડામાં હીરાની કોઈ પણ ખાણ હસ્તિ ધરાવતી નથી એ વાત જાણીતી છે. આ હીરો જડવાની જગા કિષ્ણા નદીના કાંઠા ઉપર આવેલા કોલુર નામે ભાગમાં જણાવવામાં આવે છે અને તે આગલા ગોલકોંડાના દેશી રાજ્યના મધ્ય ભાગમાં હોવાથી તેને 'ગોલકોંડા' ને નામે ઓળખવાની ભુલ લાંબી મુદત સુધી થતી ગઇ હતી.

બીજી તવારીખ નવેશો મુજબ કોહીનૂરનો સત્તાદાર ઇતિહાસ બાબરના રાજ્ય અમલ પછીનો મળી આવે છે. કેમકે ૪૦ સ૦ ૧૫૨૬ માં જ્યારે બાબરે પઠાણ વંશનું નિકંદન કાઢી મોગલ રાજ્યની સ્થાપના કરી તે સમયે ગવાલિયરમાં વિક્રમાદિત્ય નામનો

બંડિયો રાજા રાજ્ય કરતો હતો. આ રાજા પાણીપતનાં રણસંગ્રામમાં પઠાણો તરફથી લઢતાં માર્યો ગયો હતો. તે પછી ૧૫૨૬ ની ૪ થી ને દિને યાને લઢાઈ પછી ૧૨ મે દીવસે બાબરે પોતાની નોંધ વહીમાં આ હીરા માટેની નોંધ પોતાને હાથે કરી, તે ઉપરથી એના વિશે સાચ્ચી ખબર મળેછે.

'વિક્રમાદિત્યનું કુટુંબ લઢાઈ સમયે આ-ગ્રામાં હતું તેટલાં હુમાયુનનું લશકર આગ્રામાં આવી પોંહચ્યું કે તે સર્વે કુટુંબિઓ નાહા-સ્યા લાગા પણ હુમાયુનના સિપાહોએ તેમને પકડી કેદ કર્યા, ત્યારે તેઓએ હુમાયુનને ઘણાક હિરાઓ નજર કર્યા. આ જવાહિરમાં સુલતાન અલાઉદીનને હાથ લાગેલો એક હીરો હતો તે એટલો તો કિંમતી હતો કે એક જાણીતા ઝવેરીએ તેની કિંમત આખી દુન્યાના રોજના ખર્ચના અડધા ભાગ જેટલી કરી હતી. તે વેળા આ હીરો તોલમાં ૮ મિસ્કલ યાને ૧૮૭ કેરેટ અથવા ૭૪૮ ગ્રેન હતો.'

'તે પછી આ હીરો દિલ્લીના રાજ્ય-કુટુંબમાં રહયો. પાછળથી ઔરંગજેબે પોતાના બાપને ગાદીએથી ઉઠાડી મેળી કેદ કર્યો અને પોતે રાજ્ય પચાવી બેઠો. એણે કેદમાં પોતાના બાપને પિવાને પાણી વગેરે આપવાનું બંધ કરી ઘાતકી રીતે મારી નાખ્યો હતો. એક વખતે શાહાજહાને તરસની વેદનામાં પોતાની પાસે જે સઘળું જવાહીર હતું તે ઔરંગજે-બના હાથમાં ન જાય માટે તેનો નાશ કરવાનો ઠેરાવ કર્યો, પણ તેની પ્રિય શાહજાદી જેહાના-રાએ તેના મરતાં સુધી પાસે રહી તેને નાશ કરતાં અટકાવ્યો. શાહાજહાન તે પછી મરી જતાં ઔરંગજેબ આગ્રે આવ્યો. ત્યારે જેહા-નારાએ બીજા જવાહેરો સાથે તેને આ કોહીનૂર પણ ભેટ કર્યો હતો એમ ધારવામાં આવેછે.'

કેટલાકોનું મત એવું છે કે શહાજહાને તે હીરો પોતાનાં સિહાસનમાં જડયો હતો. પણ જ્યારે નાદીરશાહ તે તખ્ત ઇરાન લઇ ગયો ત્યારે પોતાની સાથે તે લઇ ગયો હતો.

બીજી વાત એવી છે કે 'દિલ્લીપતિ મહમદ-શાહને હરાવ્યા પછી નાદીરશાહના લશકરે રાજ્યધાનીનો કબજો લઇ ત્યાં કેટલાક દિવસો સુધી ભારે કતલ ચલાવી રાજમેહેલ લુટયો અને તખ્ત પણ ઇરાન રવાના કર્યું; પણ હિરો જડયો નહિ. સેવટે તે હીરો મહમદ-શાહ પોતાની પાઘડીમાં રાખેછે એમ એક જનાની બાતું થી જાણતાં મિત્રાચારીનો ગાંઠ બાંધવા કપટથી મહમદશાહ સાથે પોતાની પાઘડીની અદલાબદલી કરી કોહિનૂર મેળવ્યો હતો.

નાદીરશાહના મોત પછીના રાજ્ય રંગ વેળા આ હીરો તેના પુત્ર શાહરૂખ પાસે રહી ગયો. આ વાત તેના દુશમનોને જણાતાં તેઓએ તેને રીબાવવા માંડયો ને સેવટે 'મશહેદ' માં જઈ રાખ્યો. આ મશહેદ ગામમાં ઇમામ રાઝાની દરગાહની જાત્રાને બહાને 'કાવિન'નો સરદાર 'આગા મહમદ' મોટું સૈન્ય લઇ આવ્યો અને પોતાની બાતેન મતલબ કોહિનૂર મેળવવાની હતી તે ત્યાં પ્રગટ કરી શાહરૂખને કેદ કર્યો. પ્રથમ શાહરૂખને રીબાવવા માંડયાથી તેણે થોડાંક હલકી જાતના હીરા આપ્યા પણ કોહિનૂર આપ્યો નહિ, ત્યારે આગા મહમદે અતિ ક્રૂર ઉપાય તરીકે શાહરૂખનું માથું મુડાવી તેની આસપાસ લાહીની પાળ બંધાવી અને તેમાં ઉકળતું તેલ રેડયું. આવી રીતે રીબા-વવાથી તેણે ઔરંગજેબ તરફથી મળેલું એક કિમતી માણેક આપ્યું પણ કોહિનૂર આપ્યું નહિ ત્યારે તે ક્રૂરે તેની આંખો ફોડી નાખી. આ વાત અફઘાનિસ્થાનના રાજ્ય-કર્તા મહમદશાહ દુરાનીને જણાવતાં તે શાહરૂખની મદદે આવ્યો, અને તેણે આગા મહમદને હરાવી શાહરૂખની મર્જી ને રાજી ખુશીથી કોહિનૂર હીરો મેળવ્યો.'

'અહમદશાહ મરણ પામતાં તૈમુરલંગને આ હીરો મલ્યો અને તે પછી ૧૭૯૩ માં તૈમુરના મોતથી શાહ ઝમાનને મલ્યો. શાહ ઝમાને તે પછી કંદહાર છોડી કાબુલને

રાજધાની બનાવ્યું. શાહ શુજા નામના તેના નાના ભાઇએ તેને તે પછી પદભ્રષ્ટ કરી તેની આંખો આ હીરા માટે ફોડી પણ તે તેને જડ્યો નહિ અને તે વેળા એવુંજ ધારવામાં આવતું હતું કે કોહિનૂરનો નાશ ઝમાનશાહે કરી નાખ્યો હશે. તેટલાં એક દિવસે શાહ ઝમાનને કેદ કરવામાં આવ્યો હતો તે બંદીખાનાના અમલદારના હાથને દિવાલની છોંયમાંથી બહાર નિકળી આવેલી ઝીણી અણીનો કટકો જણાયો તે ઉખેડી જોતાં તેમાં આ હીરો ચણી લીધેલો જડ્યો. તે શાહ શુજાને હાથ ન જાય તે માટે શાહ ઝમાને ત્યાં સંતાડ્યો હતો. શાહ શુજાનાં હાથમાં આવતાં તેણે તે પોતાના બદનપર સનગાર તરીકે શુભ પ્રસંગે વાપરવા માંડ્યો.

'શાહશુજાને પણ તેના ભાઇ શાહમહમદે ગાદીપરથી ઉઠાડી મેલ્યો અને આંધળો કર્યો. આ સમયે પંજાબમાં રણજીતસીંગની સત્તા ઘણી જામી હતી, ત્યાં શાહશુજા નહાશી ગયો અને એ રીતે ૧૮૧૮ માં રણજીતસીંગને હાથ આ હીરો આવ્યો. પણ તેનું શીખ રાજ્ય ૧૮૪૯ માં ઇંગ્રેજોને હાથ આવતાં આ હીરો મહારાણીના તાજમાં જડવા ઇંગ્લંડ મોકલવામાં આવ્યો હતો જે હાલમાં ત્યાંની મહારાણીના તાજમાં બીરાજેછે.

જ્યારે કોહિનૂર ઇંગલંડમાં લાવવામાં આવ્યો ત્યારે તેનું વજન ૧૮૬½ કેરેટ (૧ કેરેટ = ૪ ગ્રેન) હતું, આ મોટા હીરામાં તે વેળા કેટલાક નાહનાં ખાડા તથા ફાટો હતી તે બાબી દુર કરવા પ્રિન્સ કૉન્સર્ટે સર-ડેવિડ બ્રુસ્ટની સલ્હાથી એમ્સ્ટરડમના 'કોસ્ટર'ની કંપનીવાલાને તે કામ સોંપ્યું, તેણે ૮૦૦૦ રૂપ્યા તેમાં સુધારો કરવા માટેનું ઠામ લઇ તેને સુધાર્યો ત્યારે તેનું વજન ૮૦ કેરેટ ઘટી ગયું એટલે હાલમાં તેનું વજન ૧૦૬½ કેરેટ છે.

કોહિસ્તાન—આ નામ ઇરાન, અફઘાનિસ્તાન અને તુર્કસ્તાનનાં ચોકસ પર્વતોને આપેલું છે.

કોહોડ—જ્યારે ચામડીનો રંગ લેવાઇ જઇ કાળા સફેદ ચાહાં પડેછે ત્યારે તેને કોહોડ કહેછે. આ ચાહાં સેહેજ રતાસપર અને ગોલાબી તથા ભૂરા રંગના યા કાળા ચાહાં જેવાં હોયછે, પણ જ્યારે ચામડીનો રંગ તદન જતો રહેછે અને તે ફિક્કો મારેછે ત્યારે સફેદ ચાહાં પડેછે. એ સફેદ ચાહાં અથવા સફેદ કોહોડ બીજી જાત કરતાં વધારે જોવામાં આવેછે. એને સફેદ ચાહાંના કોહોડ તરીકે ઓળખેછે, જ્યારે તે સર્વ ચાહાં એકત્ર થાયછે ત્યારે સર્વ શરીર સફેદ ગુલાબી જેવું બની સઘળા બાલ ભુરા બનેછે. જો ચાહાં હોય તો તે નાહના મોટાં સર્વ શરીર ઉપર પસરેલાં હોયછે. કોહોડ ૧૮ જાતનો થાયછે, તેમાંના નીચલા જાતના કોહોડનું વર્ણન દેશી વૈદક ગ્રંથમાં મળે છે. 'કપાલીક' નામના કોહોડ થનારનાં સર્વે શરીર ઉપર ધોળા, કાળા તથા રાતા ચાહાં પડેછે. 'ઔંકુમર' કોહોડ તમામ શરીરપર ફુટી નિકળી તેમાં વ્રણ થાયછે, 'દદ્રુ' નામનો કોહોડ દરાજ આકારે થાયછે, 'મંડલ કોહોડ' થી તમામ શરીર દાદરનાં ચકામાં જેવા ચકામાંથી છવાઈ જાયછે, 'વિસર્પ કુષ્ટ' કોહોડમાં વિસર્પ રોગ પ્રમાણે એક જગેથી બીજે જગે ચાહાં પડેછે, 'હસ્તીબલ'માં ચામડી હાથીના ચામડા જેવી સખત બનેછે, 'કીણ' નો કોહોડ તમામ શરીરમાં રજકણ આકારે ફેલાયછે, 'ગોજીહ કોહોડ'થી શરીરની ચામડી હરણના જીભ જેવી ખરબચડી થાયછે, 'લોહિત મંડલ' કોહોડથી તમામ શરીરપર સફેદ ચાહાં પડી તેમાંથી રસી વહેછે, 'વૈપાદિક કોહોડ' વાયુ અથવા લોહિનાં વિકારથી થાયછે, એમાં મનુષ્યનાં પગના તળીયાં તથા હાથનું 'પૃષ્ટ ફાટી' તેમાં ચીરા પડેછે, 'ચર્મદલ' કોહોડ રાતાં ચાહાંવાલો હોઇ તેમાંથી દર્દીને વેદના થાયછે, 'વિસ્ફોટક કોહોડ' રાતા તથા કાળા અને પાતળી ચામડીપર ફોલ્લાનો થાયછે, 'બહુ વરણ' કોહોડમાં તમામ શરીર ઉપર ઝીણી ઝીણી ફુલ્લીઓ થાયછે, 'કણકુહ કોહોડ' કીડનાં જેવો થઇ તેમાંથી રસી વહેછે, 'ચિત્રચિર્મ કોહોડ'માં કાળી રસી ફુલ્લામાંથી ઝરેછે, 'સિધ્મા' કોહોડ લાલ, સફેદ સૂક્ષ્મ ચાહાંવાલો જુવાન મનુષ્યનેજ થાયછે.

કોહોડનું દર્દ ઘણું કરી બેહદ ગુણવાલાં પીણાં પિવાથી, અતિશય ખટાશ ખાવાથી, નહારૂં પાણી પિવાથી યા દિવસે ઉંઘ રાત્રે જાગરણ કરવાથી, પિત્ત ઉછળીને લોહીમાં મળેછે અને તે ચામડીમાં પસરી રોગ ઉત્પન્ન થાયછે, કોહોડ ઉડતો રોગ નથી. આ દર્દથી પણ દર્દી ઘણો બદરૂપ લાગેછે.

કોળ—'ઉંદરના વર્ગનું આ પ્રાણી ઉંદર કરતાં સેહેજ મોહટું હોઇ તેના શરીરપર બેથી ત્રણ ઇંચ લાંબા બાલ ખરબચડાં ઉગેલાં હોય છે. તેનાં કાન મધ્યમ કદનાં ગોળાકાર હોઇ પુછડી શરીરથી થોડી નાહની પણ ભિંગડા વાલી હોયછે, એના આગલા દાંત પાવડા જેવાં પોહળાં હોયછે.'

'હિંદુસ્થાનમાં આ પ્રાણીની મુખ્ય ચાર જાતમાંના એક જાતના કોળની પુછડી તેના શરીર અને માથાની કુલ લંબાઈના ⅖ થી ઓછી હોયછે, આ કોળ ૫ થી ૮ ઇંચ લાંબા અને તેમની પુછડી ૩ થી ૫ ઇંચ લાંબી હોયછે, એની બીજી જાતો આસામ, કાચાર, કાશમિર, સીલેાન, બ્રહ્મદેશ અને મરગ્વાઇ દ્વિપકલ્પમાં છે, વાયવ્ય પ્રાંત રજપુતાનાં, સિન્ધ અને પંજાબમાં આ જાતનાં કોળ વધારે હોયછે, અફઘાનિસ્તાન અને બલુચિસ્તાનમાં ચાર પાંચ હજાર ફુટ ઉંચા પહાડોપર પણ તે દિદામાં આવે છે.' 'બીજા ત્રણ જાતનાં કોળની પુછડી પેહેલી જાતનાં કોળની પુછડી કરતાં લાંબી હોયછે, એટલે કે તેનાં શરીરના ⅖ કરતાં વધારે છે, આ ત્રણ જાતો નાહના મોહટાં કદને લીધે ઓળખાયછે.

'ઉપર લખેલી ચાર જાતોમાંની બીજી જાતના કોળ કદમાં છેક નાહના અને તેમના પાછલા પગ સવા ઇંચ લાંબાં હોયછે, ત્રીજી જાત બીજીનાં કરતાં મોહટી ને તેના પાછલા પગ ૧½ ઇંચ લાંબા હોયછે, ચોથી જાત સૌથી મોહટી હોયછે, તેનાં પાછલા પગ ૨ થી ૨½ ઇંચ લાંબા હોયછે. ગુજરાતનાં સાધારણ કોળ ઉપલી ચારમાંની બીજી જાતના હોયછે. તેમના પગના ઉપલા ભાગપર બાલ હોયછે.

'એની માંદાને દર વેતે ૮ થી ૧૦ અને તેથી વધારે બચ્ચાં થાયછે. બચ્ચાં બહાર નિકળવા લાયક થતાં તેઓ પોતાનો ખોરાક પોતે શોધી લેછે. આ કોળ રંગે કાળા, ભુરા અને લાલ હોયછે. કોળનેજ મોટી મુછો હોયછે.'

'આ પ્રાણી દર ખોદી તેમાં વસેછે. આ દરમાં કોઇ વેળા બશેરથી પણ વધુ અનાજ ભરેલું હોયછે. તેમજ આ પ્રાણી ઘાસ દાણો પણ ખાયછે. ઓડ પ્રજા આ પ્રાણીને ખાવાને ઉપયોગમાં લેવા ઉપરાંત એના દર ખોદી તેમાંનુ અનાજ ખાઇ તેપર ગુજરાન ચલાવેછે. ચાહનાં ખેતરોમાં આ પ્રાણી ઘણી પીડા કરેછે. આ પ્રાણીને પજવતાં તે સામો હુમલો કરેછે. એ હિંગનું શોખીન હોયછે તેથી છટકામાં હિંગ મેળતાં તુરત સપડાઇ જાયછે.

કોલકંદ—એના કંદ કાંદાના જેવાં જંગલમાં પહાડી જગ્યાપર ઉગેછે. કોળકંદના પાંદડા ફુલાઇનાં જેવાં હોયછે. એ વન ઔષધિમાં ગણેલી ઉદ્ભિજ છે.

કોળસુંદ—એનાં ઝાડ હિંદમાં ઘણે ઠેકાણે ઉગેછે. તેમાં કોંકણનાં ખેતરોના કીનારે જગે જગ બેથી અઢી હાથ ઉંચા ઉગેલા જણાયછે. એના કુમળાં છોડની ભાજી થાયછે અને તે મુખ્ય કરી જેષ્ટ અષાઢ મહિનામાં ખાવા લાયકની હાલતમાં હોયછે.

કોળી—હિંદુસ્થાનમાં આ પ્રજા સઘળે સમુદ્ર કાંઠે વસનારી જણાયછી છે. 'કોળી' નામ 'કોળ' યાને 'હોડી ઉપરથી પડ્યું છે અને તેમનો ધંદો દર્યામાં સફર કરવી યા માછલાં મારી તેપર નિર્વાહ કરવાનો છે. તેઓ પોતાને યૂવનાશ્વનાં વંશથી ઉતરેલા જણાવેછે. કોળીઓ પ્રાચીશ કાળમાં સિંધુ નદીના મુખ

આગળ સમુદ્ર કાંઠાપર વસતા હતા. જ્યાંથી રફ્તે રફ્તે તેઓ ચોતરફ ફેલાઇ ગયા.

કૌચ—(જુઓ કવચ)

કૌચગ્રાસ—આફ્રિકાની સખત જમીનમાં એના છોડ ઉગેછે, એ ઘાસ લાંબુ વધતાં તેના છેડાપર ચમરી આવી તેમાંથી ધાન્ય ઉત્પન્ન થાયછે, એનો લોટ કરી તેની રોટલી બનાવવામાં આવેછે પણ તેમાં ચીકાસનો અંશ રહેતો નહિ હોવાથી એ પુષ્ટીકારક ધાન્યના વર્ગમાં ગણાતું નથી, આથી આ ધાન્ય આધાથી મનુષ્ય નભણું પડેછે.

કૌંચદ્વિપ—ભારત વર્ષમાં કૌંચદ્વિપ પ્રાચીન કાળમાં પ્રસિદ્ધ દેશ હતો તેનાં ૭ ભાગો ચોન્જેલાં છે, આમ, મધુરહ, મેઘ પૃષ્ટ, સુધામ, શ્રામિષ્ટ, લોહિતાર્ણ, વનસ્પતિ, તેમાંના સાત મુખ્ય પર્વતો—શુકલ, દર્ધમાન, ભોજન, ઉપબર્હિણ, નંદ, નંદન, સર્વતો ભદ્ર, તેમાંથી વહેતી સાત નદીઓ—અભયા, અમૃતૌઘા, આર્યકા, તિર્થેવતી, વૃત્તિ રૂપ વતી, પશ્ચિમ વતી, શુકલા.

કૌટ્રી—આફ્રિકામાં ખડકવાલા પ્રદેશમાં ખુદ ખડકો ઉપર આ ઝાડ ઉગેછે, લાંબેથી આ ઝાડ સુક્કા છોડ જેવું દિસેછે, પણ સહવારમાં તેના થડમાં કાપ મુકતાં તેમાંથી નિકળતો નિતળ દુધ જેવો પદાર્થ લાંના લોકો પીયેછે, આ રસને તુરત પીધાથી તે સફેદ પ્રવાહી રૂપે મળે છે, પણ વાસણમાં થોડો વખત મેળા રાખતાં તે બંધાઇ જઇ તેનો રંગ પિળાસપર ચઢેછે, અને ઉપર દુધની મલાહી જેવી છારી બંધાઈ આવેછે, આવી વેળા આ પ્રવાહીનો સ્વાદ સહવાર કરતાં ઉતરતો આવે છે. ખુદ્રતે તે તરફનાં લોકો માટે જાણે આ કુદરતી ગાય રૂપી વૃક્ષ તેમનાં નિર્વાહ માટે ઉત્પન્ન કરેલું જણાયછે, આ પીણું અતિ સ્વાદિષ્ટ હોઇ પૈષ્ટિક હોય છે.

કૌંડળ—એને સંસ્કૃતમાં ગવાક્ષી કહેછે, આ વનસ્પતિનાં ફળ માહેલું ગર ઔષધિ ઉપયોગમાં આવેછે, સુશ્રુત મુજબ આ વનસ્પતિ નેત્રને હિતકારક ને સઘળા તાપનો નાશ કરનાર છે' ચરક મુનિ મુજબ રક્ત શુદ્ધિદાયક આ વનસ્પતિ છે.

કૌંડિણ્યપુર—આ શેહેર કર્નાટકમાં કોંડવિડુને નામે જાણીતું છે. વિદર્ભ (વર્હાડ) દેશનું કુંડિનપુર નામે જે રાજધાની શેહેર છે તેથી આ શેહેર જુદું છે, આ શેહેરમાં ૧૫ માં સૈકામાં અન્નભટે ૧૨ વર્ષ સુધી ન્યાયશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો.

કૌપૂ—(જુઓ અફઘાનિસ્થાન) ૪સવી સનના આરંભ પેહેલાં અને તે પછી હિંદુસ્થાનમાં હિંદુ ધર્મ પુર તેજોમય પ્રકાશતો હતો, એવી વેળા સિંધુની બીજી તરફનું ઉત્તર હિંદુસ્થાન, પશ્ચિમે બામિયન અને કંદહાર અને દક્ષિણે બોલનઘાટ સુધી અફઘાનિસ્થાનનો ભાગ આવતો હતો. ૭ મી સદીમાં આ પ્રદેશનાં ૧૦ વિભાગ હતાં તેમાં કપિશા (કાબુલ) મુખ્ય હતું. તેને ખંડણી આપનારાં સંસ્થાનો–પશ્ચિમે કાબુલ અને ગજની, ઉત્તરે લંઘન અને જલાલાબાદ, પૂર્વે સ્વાત અને પેશાવર, ઇશાન્યે બોલર, અને દક્ષિણે બાનુ તથા આપોકિન એ હતાં. તે વેળા આ સઘળા પ્રદેશનું સાધારણ નામ કૌપૂ હતું.

કૌપૂ એ ઇ. સ. પૂર્વે બીજી સદીમાં પાર્થિયન, ઇંડિયન અને કિપિનનાં 'સૂ' અથવા 'સાસીયા' પ્રજાને તાબે હતું એમ જણાવવામાં આવે છે. આ વર્ણન મુજબ કહીએ તો નૈઋત્ય દિશાનો કંદહાર પ્રાંત પાર્થિનિયનો તરફ પેશાવર, બાનુ આ પ્રાંતો ઇંડિયનો તરફ અને વાયવ્યે લંઘન; જલાલાબાદ, કાબુલ અને ગીજની આ પ્રાંત 'સાસીસિથિયન' લોકોને તાબે હોવાં જોઇએ. કૌપૂ અને કાબુલ એના ઉચ્ચારમાં અને સ્થળમાં એક મળતાપણું છે; આથી તે એજ હશે એમ કેટલાકો સમજે છે. પરંતુ કાબુલની હદ પશ્ચિમ તરફ પાર્થિયામાં અને પૂર્વે હિંદુસ્થાનમાં હતી. એમ ધારીએ તો રાજ્યપ્રકરણી ફેરફારની નજરે જોતાં તેમ બની શકે એમ છે. સાતમી સદીમાં થઇ ગએલા હ્યુએન નામના ચીનાઇ ધર્મ ઉપદેશક મુસા-

ફરના જણાવ્યા મુજબ 'કૌપૂમાં હાલના તમામ અફઘાનિસ્થાનનો સમાવેશ થતો હતો.' 'યુચી' અથવા 'ટાચરી' એમની પાંચ કોમમાંની એકનું નામ કૌપૂ એમ હતું. તેઓ જે શેહેરમાં રેહેતા હતા તેને તેઓએ પોતાનું નામ ઇ. સ. પૂર્વે બીજી સદીમાં આપ્યું. આ ઉપરથી કૌપૂ અને કાબુલ એ એકજ હશે એમ શબ્દ ફેરફાર ઉપરથી સંભવે છે.

સિકંદરના તવારીખનવેશે કાબુલ નામ જણાવ્યું નથી. આ ઉપરથી ચીનાઇ મુસાફરની વાત ખરી મનાયછે. તે તવારીખનવેશે એનું રાજધાની આર્ટોસ્પાન લખેલું છે, કાબુલ એ નામ પેહેલાં ટોલેમીના ભૂગોલમાંથી જડે છે. કાબુલ અથવા આર્ટોસ્પાન એ પારોપામી સાડીનું રાજધાની એમ તે લખે છે. આ ઉપરથી એવું અનુમાન કાઢી શકાય છે કે આર્ટોસ્પાન એ આ દેશનું રાજધાની હતું. પછી ગ્રીક અમલમાં અલેકઝાન્દ્રીયા એ રાજધાની થયું પણ ફરી ઇંડોસિથિયન રાજ્ય વેળા આર્ટોસ્પાન એ પાયતખત થયું હતું; પણ ૭ મી સદી પેહેલાં પણ ફેરફાર થયો હતો એમ જણાય છે. તે વેળા કાપીસેનાની રાજધાની ઓપિઆના એ હતી.

કૌરવ—એઓ સોમવંશી ક્ષત્રિય હતા. આ વંશમાંના યયાતિ રાજાને પુરૂ અને યદુ એવા બે પુત્રો થયા. યદુ એ યાદવોનો મૂળ પુરૂષ હતો. યદુ કુળમાંનો છેલ્લો પુરૂષ વસુદેવ અને કૃષ્ણ એ હતા. પુરૂના વંશમાં, પંદરમો પુરૂષ દુષ્યંત રાજા થયો. તેના પુત્રનું નામ ભરત, ભરતથી નવમો 'કુરૂ' થયો. તેના પછી ચૌદમો શંતનું વિચિત્ર વીર્ય થયો. તે મરણ પામ્યાથી તેની વિધવા અંબિકાને તેના દેર વ્યાસથી પુત્ર પ્રાપ્તિ થઈ, આ પુત્રનું નામ ધૃતરાષ્ટ્ર. એ આંધળો હતો. એની સ્ત્રી ગાંધારી માહા સતી હોવાથી બીજા પુરૂષપર પોતાની નજર નહિ પડે તે માટે આંખે પાટા બાંધતી. તેને ઘેર એક સમે વ્યાસ મુની આવ્યા ત્યારે કુંતિએ જેવી દુર્વા-

સાની સેવા કરી તેવી તેની કરી. આથી વ્યાસે પ્રસન્ન થઇ વર માંગવા કહ્યું ત્યારે ગાંધારીએ ૧૦૦ પુત્ર માંગ્યા, તે પછી તેને ગર્ભ રહ્યો; તે બે વર્ષ વેર પેટમાં રહ્યો. તે સમયે કુંતિને ધર્મ નામે પુત્ર થવાથી ગાંધારીએ પોતાના પેટપર ક્રોધથી પથ્થર મારતા ગર્ભપાત થયો. તેવામાં ત્યાં વ્યાસ આવી ચઢતાં પેલા પડેલા ગર્ભપર પાણી છાંટી તેના અંગુઠા જેવડા થએલા ભાગને ઘીના ઘડામાં મેળ્યા. ૯ માસ પુરા થતાં એક પછી એક એમ ૧૦૦ પુત્ર તેમાંથી નિકળ્યા. છેલ્લે એક પુત્રી નિકળી તે દુશિલા નામે જાણીતી થઇ. પ્રથમ ઉત્પન્ન થએલો પુત્ર દુર્યોધન હતો. તેના પેદા થતાં ઘણા અપશકુનો થયાં ને તે મુજબ તેને આગળ વેઠવું હતું. બીજો પુત્ર દુષ્યાસન હતો. કૌરવના મામાનું નામ શકુની ને દુર્યોધનની સ્ત્રીનું નામ ભાનુમતિ હતું, ને મોટા દિકરાનું નામ લક્ષ્મણ હતું. કૌરવોએ સારી કેળવણી લીધેલી નહિ હોવાથી પાસે અપાર લશકર તથા સંપતિ છતાં પાંડવો જેવા શરવીર ભણેલા ભાઈઓને હાથે હાર પામ્યા હતા.

કૌશલ્યા–આ નદી કયૂમોનના ખિટીશ જીલ્લામાં વહે છે. એનો ઉગમ મધ્ય હિમાલય પર્વતમાં પીનનાથ પાસથી સમુદ્ર સપાટીથી ૭૧૧૧ ફીટ ઉપરથી થાયછે. આ નદીમાંથી જમણે તથા ડાબે કાંઠે સંખ્યાબંધ ફાંટા થઇ વહે છે. નદી દક્ષિણ તરફ ૩૫ મૈલ વહેતી વધે છે, એકંદર લંબાઇ ૧૪૦ અને ૧૫૦ મૈલ વહેતી રામગાંગાને પશ્ચિમ ભણી મળે છે.

કૌશલ્યા—ઇશાન્ય કોસલ દેશના ભાનુમાન રાજાની કન્યા ને દશરથની પેહેલી સ્ત્રી. એને પેટે શ્રી રામચંદ્રજીનો જન્મ થયો હતો. એનાં લગન રાવણની બીહીકથી વહાણમાં થવાનાં તેટલાં રાવણે ત્યાં આવી દશરથ સુદ્ધાં સર્વેને પાણીમાં દુબાડી દીધાં ને તે કૌશલ્યાને હરી ગયો. તે વેળા દશરથને હાથ એક પાટીયું જડતાં તે તેને આધારે તરતો ટાપુ પાસે જઈ લાગો ત્યાં વળી જે પેટીમાં કૌશલ્યાને

પુરી રાવણે મગરને દરિયામાં રાખવાને સોંપી હતી તે પેટી મગરે તેજ બેટ ઉપર મુકી હતી. નારદે આવી પેટી ઉઘાડી કૌશલ્યાને કાઢી તેના દશરથ સાથે લગ્ન કરી આપ્યાં, બન્નેને સઘળું સમજાવી તેજ પેટીમાં સાથે પુરી પોતે અંતરધાન થઇ ગયા. જ્યારે બ્રહ્માએ લંકામાં રાવણને કહ્યું કે તેમનાં લગ્ન થઇ ચુકાં છે ત્યારે રાવણે પેટી મંગાવી તે ઉઘાડી જોઇ ખાતરી કરી તેમને ક્રોધથી મારવા ગયો, ત્યારે બ્રહ્માએ કહ્યું કે "તેં મને પ્રથમ વચન આપ્યું છે કે 'તેઓ જો પરણ્યા હશે તો જે હું માંગીશ તે આપીશ એમ જે તેં વચન આપ્યું છે તે મુજબ હું આ પ્રસંગે એટલું માંગુંછું કે આ બેઉને મને આપવા." રાવણે વચન પાળ્યું હતું અને વર વહુને અયોધ્યા મોકલ્યા હતા.

કૌશાંબી—અલાહબાદથી ૩૦ મૈલપર ગંગા નદી કાંઠે કોસમ નામે હાલમાં ગામડું છે ત્યાંજ પ્રાચીનકાળમાં કૌશાંબી નગર હતું. તે પછી કૌશાંબી નામનું અપભ્રંશ થઇ હાલમાં કોસમ એ તેનું સંક્ષિપ્ત નામ રહ્યું છે.

કૌશાંબી નગરી પુરૂરવાના વંશમાંના ૧૦ માં પુરૂષ 'કુશુંબ' એણે સ્થાપી તેથી તેને કૌશાંબી એ નામ મળ્યું. તોપણ આ શેહેરની ખરી ચઢતી કળા 'ચન્દ' નામે જે રાજા યુધીષ્ઠિરથી આંઠમો પુરૂષ થયો તેના વખતથી શરૂ થઇ. રામાયણમાં આ જગાનું વર્ણન મળેછે. કૌશાંબીના ઉદયન રાજાની કથા અનેક ગ્રંથોમાં વર્ણેલી છે. કાલીદાસે મેઘ દુતમાં (શ્લોક ૩૧મો) એનું વર્ણન કરેલું છે. સોમદેવ કવિના બૃહતકથા ગ્રંથમાં પણ વર્ણન મળેછે. રત્નાવલી નાટકમાં કૌશાંબીના જગેજગ સ્થળ વર્ણન આપેલાં છે. આ રત્નાવલી હર્ષ દેવ રાજાએ રચી એ વાત સર્વ વિદ્વાનો જાણેછે પણ આ હર્ષ દેવ કયો હતો તે વિષે આજ સુધી મતભેદ ચાલતા આવ્યા છે. કોઈ આ હર્ષ દેવને કાશમિરનો રાજા જણાવે છે પણ તે કનોજનો રાજા હોય એમપણ એક કારણપરથી જણાય છે. કૌશાંબી અને કાન્ય કુબ્જ એ બેઉ રાજધાની શેહેરો હતાં અને તે તદન નજીક નજીક આવેલાં છે. તેમાંનો કનોજનો હર્ષ દેવ એ મુખ્ય અધિપતિ સાતમી સદીમાં હોઇ 'કાન્ય કુબ્જ દેશ'નો હર્ષ વર્ધન એવું વણુન હ્યુએન નામનો ચીનાઇ મુસાફર પોતાના ગ્રંથમાં કરેછે. તેથી રત્નાવલીનો કર્તા કૌશાંબી વિષે ચોકસ વર્ણન કરનાર આ પાસેના હર્ષ દેવ શિવાય સેંકડો માઇલપર વસતો કાશમિરનો હર્ષ દેવ હોય એમ માની શકાતું નથી. આજ સુધી કાશમિરના હર્ષ દેવને રત્નાવલીના કર્તા તરીકે જણાવવાનું કારણ એ છે કે, કૌશાંબિની આસપાસ હર્ષદેવ નામનો રાજા કોઇ હતો એમ કોઈને માલમ નહોતું પણ હાલમાં હ્યુએનના ગ્રંથઉપરથી જણાયું છે કે કૌશાંબીમાં હર્ષદેવ નામનો રાજા રાજ્ય કર્તા હતો, તેજ મુજબ રત્નાવલીનો કર્તા એ હર્ષ દેવજ હતો, એમ સ્પષ્ટ જણાઇ આવેછે. કૌશાંબીના ઉદયનની બૌધ્ધ લોકોમાં પ્રસિદ્ધતા છે. બૌદ્ધ લોકોના પાંચ વાર્ષિક સંભોમાંના બીજાના પેહેલાં 'યમ'એ વૈશાલીથી કૌશાંબીમાં નહાશી આવવાનું વર્ણન આપેછે. આ કૌશાંબીનું વર્ણન 'મહાવંશો' નામે ગ્રંથમાં છે. આ ગ્રંથ પાંચમી સદીમાં થયો હતો. લલીત વિસ્તાર ગ્રંથ ઇ. સ. પૂર્વે થયો હતો. તેમાં કૌશાંબીનો રાજા શતાનીક એનો પુત્ર ઉદયનવત્સ એ બૌદ્ધના જન્મને દિને જનમ્યો હતો. સીલોનમાંના ગ્રંથોમાં કૌશાંબી એ હિંદુસ્થાનની ૧૯ રાજધાનીઓમાંની એક છે એમ જણાવવમાં આવે છે. ઉદયન એ કૌશાંબીનો રાજા હતો એમ તિબેટમાંના ગ્રંથોમાં જણાવવામાં આવેછે. બુદ્ધે બુદ્ધત્વ સ્વિકાર્યા પછી ૬ ઠું અને ૯ મું વર્ષ અત્રે ગુજાર્યું હતું એમ પ્રસિદ્ધ છે. તેમજ ત્યાંના જુના રાજ્યમંદીરમાંનાં પથ્થરના દેવળમાં બુદ્ધની મુર્તિ રક્તચંદનનો બનાવેલી છે. આ મુર્તિ કૌશાંબીનાં ઉદયન રાજાએ બૌદ્ધની હૈયાતિમાં ઘડી હતી એમ અનેક ગ્રંથોમા વર્ણેલું છે, અને આજ મુર્તિ ૭ મી સદીમાં હ્યુએન નામના ચીનાઇ મુસાફરે જોઇ હતી એમ તે

પોતાના ચીનાઇ ગ્રંથમાં લખેછે. તેથી ૭ મી સદીમાં હ્યુએને જોએલી કૌશાંબી નગરી વિસમી સદીની કોસમ હોય એમ જણાય છે.

બીજી દલીલ એ છે કે હ્યુએને જોએલી અને હાલમાં કોસમમાં નજરે પડનારી રક્તચંદનની મુર્તિનો સ્થાપક ઉદયન રાજા તે કૌશાંબીનોજ હતો. તે વીષે કાલીદાસ મેઘદૂતમાં વર્ણન કરેછે. બૌદ્ધ ગ્રંથકારોએ 'મહાવંશો' અને 'લલીત વિસ્તાર'માં લખેલું છે. તેમજ તિબેટ તથા સીલોનનાં ગ્રંથકારોએ પોતાના ગ્રંથોમાં એજ રીતનું વર્ણન આપેલું છે. તે શિવાય ખુદ રત્નાવલી નાટકમાં કૌશાંબી નગરીને 'વત્સપતન' એવું નામ આપેલું છે. કૌશાંબી પતિ ઉદયનને 'વત્સરાજ' એમ અનેક ઠેકાણે જણાવેલો છે.

વૈદિક અને બૌદ્ધ આ બેઉ ધર્મમાં પ્રસિદ્ધતા પામેલી આ નગરીનો શોધ થોડાં વર્ષો થયો છે. કનિંગ હૅમ લખેછે કે "૧૮૬૧ માં મી૦ એલીએ મને કહ્યું કે અલાહાબાદની ઉપર ૩૦ મૈલ દૂર યમુનાને તીરે કોસમ નામે ગામડું છે તેજ કૌશાંબી હશે, તે પછી તરતજ વિદ્યાખાતાના બાબુ શિવપ્રસાદે મને જણાવ્યું કે કોસમ ગામને હજી ત્યાંના લોકો કૌશાંબી કહેછે. ત્યાં જૈન લોકોની સારી વસ્તી છે અને ૧૦૦ વર્ષ ઉપર એ એક મોટું શેહેર હતું. આ ઉપરથી મેં તે પોતે જોઇ ત્યાં તપાસ કરતાં તે ગામડું પ્રાચીન કૌશાંબી છે એમ મારી પૂર્ણ ખાતરી થઇ,"

પ્રયાગથી નૈઋત્ય દિશાએ હ્યુએન ગયો ત્યારે કે કૌશાંબીમાં પુગેા હતો. તે દિશા પણ મળતી આવેછે. કોસમ યમુના તીરે છે એમ જણાયલું છે. હ્યુએને પોતાની મુસાફરીના એ ગ્રંથોમાં પ્રયાગથી એનું અંતર ૫૦ અને ૫૦૦ લખેલું છે, અને તે પાછો ગયો ત્યારે પ્રયાગથી કૌશાંબી જતાં ૭ દિવસ લાગ્યા હતા, પણ કોસમતો પ્રયાગથી ૩૦ મૈલપર છે. પરંતુ હ્યુએનથસાંગ પાછો ફર્યો તે વેળા તે હર્ષવર્ધન રાજાની સ્વારી સાથે હતો. પ્રયાગથી સંકાસ્યા સુધી જવા ૩૭ દિવસ લાગેછે તેમાં કૌશાંબી સુધી ૭ ગણાયછે. પ્રયાગથી સંકાસ્યનું અંતર ફક્ત ૨૦૦ મૈલનું છે. ત્યારે કૌશાંબી સુધી ૩૭ મૈલ આવેછે, ત્યારે અંતર બરાબર મળેછે. ૫૦ અથવા ૫૦૦ એમાં ભૂલ થએલી હશે. તેને બદલે ૧૫૦ લેતાં પ્રમાણ મળેછે. કૌશાંબીનો ઘેરાવો હ્યુએન પાંચ મૈલનો જણાવેછે, તે કનિંગહામે કરેલી ગણત્રીને મળેછે. તેમજ ત્યાંના એક પથ્થરના થાંભલાપર અકબરના વખતનો એક લેખ હજી છે તેમાં સ્પષ્ટ રીતે તેને કૌશાંબી નગર જણાવેછે.

તેમજ આ કોસમ ગામ પાસે ખર નામના કિલ્લા ઉપર કૌશાંબીપૂરી એવો જુનો લેખ જડી આવ્યોછે. આ ઉપરથી પ્રાચીન કાળમાં કૌશાંબી નગરનો આ ખર કિલ્લો તેનો પ્રવેશ માર્ગ હોય એમ જણાયછે. ઉપલા લેખમાં સંવત ૧૦૯૨ (૪૦ સ૦ ૧૦૩૫) એવો લેખ છે.

કૌશાંબીના રાજ્યનો ઘેરાવો હ્યુએનથસાંગ ૧૦૦૦ મૈલ જણાવેછે પણ તેમાં ભૂલ જણાયછે. તેનો ઘેરાવો ૧૦૦ મૈલનો હશે. હાલ પડત શેહેરમાં પ્રાચીન શેહેરનો ભાગ જણાયછે, અને જગેજગ ઉંચ પ્રદેશ તથા મોટાડીના કિલ્લા નજરે પડેછે. તેના કોટની દેવાલની ઉંચાઇ સુમારે ૩૫ ફીટની છે, અને કિલ્લા આસપાસ પ્રાચીન કાળની ખાહીઓ તથા ખડકો પણ જણાય છે. હ્યુએન પોતાના ગ્રંથમાં વિશેષ જણાવેછે કે આ નગરીની નૈઋત્ય દિશા ઉપર બે સ્તૂપ અને દોઢ મૈલની લંબાઇ વાલો ગુફો હતો.

કૌશીકતરૂ—એને રાળના ઝાડની એક જાત તરીકે જણાવવામાં આવેછે. ત્યારે કેટલાકો એને ગુગળના ઝાડના વર્ગમાં ગણેછે. દક્ષિણ હિંદુસ્થાનમાં એનાં વૃક્ષમાંથી સફેદ ડામરની જાતનો લોબાન અને રાળ નિકળેછે, એ બાળીયાથી એમાંથી લોબાન જેવી સુગંધી નિકળે છે, એના ઝાડપર કાપા પાડતા તેમાંથી રસ વહે છે જેને હવા લાગતાં તે બંધાઈ

જાય છે. મલબાર પ્રાંતમાં એની મીણબત્તિઓ બનાવે છે. આ લોબાન આલકોહલમાં પિગળાવી શકાય છે. ત્યારે તેમાં કપૂર નાખવો પડે છે. એના આ બનતા રસને 'વારનિસ' કહે છે. પ્રસિધ્ધ વૈદ્યરાજ સારંગધર તથા ચક્રદત્ત કૌશીકતરૂના રસને ખાંસી, દમ, અજીરણ વગેરે રોગપર અતિ અકસીર ઔષધી જણાવે છે.

કૌશીકી—આ નદી નેપાળના પર્વતમાંથી વહેતી અગ્નિ દિશાથી દક્ષિણે વલાણ લઈ ભાગલપૂર પાસે ઉત્તર તરફથી ગંગાને મળે છે. એની લંબાઇ ૩૦૦ મૈલની છે. એને હિમાલયની ઉત્તર તરફથી વહેતી 'અરૂણા' નામની મોટી નદી આવી મળે છે.

કૌસડંદ—(જુઓ કમાસાવા).

કૌસ્તુભ—સમુદ્ર મથન કરતાં તેમાંથી મળી આવેલું એક માણેક.

ક્રતૂ—સ્વાયંભૂ મનવંતર માહેલા બ્રહ્મમાનસ પુત્રમાંનો એક. એ બ્રહ્માના કરમાંથી ઉત્તપન્ન થયો તેથી એનું નામ ક્રતૂ પડયું. 'એના કર્દમ પ્રજાપતિની ૯ કન્યા માહેલી એક ક્રિયા' સાથે લગ્ન થયાં ને વાલખિલ્ય નામે ૬૦ પુત્રો થયાં હતાં. સંપૂર્ણ બ્રહ્મપુત્ર માહાદેવના શાપથી મરણ પામ્યા પછી વૈવસ્ત ચાલુ મનવંતરની શરૂઆતમાં બ્રહ્માએ ફરી જીવતો કીધો તેમાં એનું નામ નથી.

(૨) વૈવસ્વત મનવંતરમાનો બ્રહ્મપુત્ર. એને સંતતી નહોતી. એ દર વર્ષે ચૌદ માસમાં આયુ નામે સૂર્ય સાથે હોયછે.

(૩) ૧૦ વિશ્વદેવતા માહેલો એક.

(૪) બાર ભાગદેવ માહેલો એક.

(૫) કોઇ એક અસુર.

(૬) કૃષ્ણને જાંબુવંતીથી થએલો એક પુત્ર.

ક્રાઇમિઆ—આ દક્ષિણ રશિયાનો દ્વિપકલ્પ કાળો સમુદ્ર અને એઝોવ સમુદ્રની વચ્ચે છે. આ દ્વિપકલ્પ રશિયન રાજયને પેરીકોમની સંયોગી ભૂમિથી જોડે છે. કે જે ૧૮½ લાંબુ ને ૫½ મૈલ પોહળું છે. આ ક્રાઇમિયાનો દ્વિપકલ્પ પૂર્વથી પશ્ચિમ ૨૦૦ મૈલ લાંબો અને ઉત્તર દક્ષિણ ૧૨૫ મૈલ પોહળો છે. એનો કિનારો ૬૨૫ મૈલ છે. ક્ષેત્રફળ ૧૦૦૦૦ ચોરસ મૈલ છે. એની ઉત્તર તરફ પ્યુટીડ્રીડ સમુદ્ર અને એઝોવ, પશ્ચિમે કાફાની મોટી ખાડી અને દક્ષિણ કાંઠા ખડકવાલા હોઈ બ્લેકલાવા તથા સેબાસ્તાપોલ એના મુખ્ય બંદરો છે. ત્યાં ૫૦ નાહાની નદીઓ અને વહેળીયાં તથા ૪૦૦ નિમકનાં સરોવર છે. આબો હવા, સુખાકારી ભરી પણ થંડીમાં સખત થંડી પડી પવન ફુંકે છે. તેવી વેળાએ બરફનાં સખત તુફાન પણ થાયછે. ભૂમિ સાધારણ હોઇ ઢોરો માટે મોટા જથ્થામાં ઘાસ ચારો ઉગે છે. ત્યાં તહેંવાર માર્બલના ખડક હોઈ એલમ, આશ, વગેરેના કિમતી વૃક્ષોના વનો છે.

ક્રાઇમિયાના દક્ષિણ ઢોલાપર આબો હવાનાં મુખ્ય મથકો હોઈ પાદશાહી હવા ખાવાનાં ત્યાં મહેલો છે. અત્રે ઉત્તમ જાતની વાઇન બને છે. આગળ ક્રાઇમિયા ધાન્યની ઉત્પત્તિ માટે પ્રસિદ્ધ દેશ હતો. અત્રે ઉત્તમ પ્રતિનો કોલસો જડે છે, અને ૧૮૮૮ માં એક મોટી ખાણની શરૂઆત કરવામાં આવી છે. લોક વસ્તી ૨૫૦૦૦૦ ની છે, તેમાં ૮૦૦૦૦ તૂર્ક, ૧,૩૦૦૦૦ રશિયન અને ૪૦૦૦૦ ગ્રીકો છે. તે શિવાય જ્યૂ, બલગેરીયન, જર્મન વગેરે પ્રજાની નાહની વસ્તી છે. મુખ્ય રાજધાની શેહેર 'સંફરપોલ' છે. ૧૮૫૪–૫૫ ની લઢાઇ વેળા ઇંગલીશ, સાર્ડીનીયન અને ફ્રેન્ચોએ મળી રશિયનોને અત્રે હરાવ્યા હતા, તે વેળા ૨૦૬૫૬ જીવની હાની થઇ હતી.

ક્રાઇસ્ટ—(જુઓ જ્યૂજસ ક્રાઇસ્ટ) ક્રાઇસ્ટ શબ્દમાં યુનાની ભાષા મુજબ અર્થ 'તેલ ચોપડી પવિત્ર કરેલો' એવો થાયછે. પ્રાચીન કાળમાં એવો ચાલ હતો કે કોઇને ધર્મ થા રાજય સંબંધી મોટો ઓહદો બખશતાં તેમને તેવા માનને લાયકના બનાવવા માટે તેલ ચોપડી પવિત્ર કરવામાં આવતા. આ રેવાજ યાહુદીઓના 'મેસઇઆ' ના શબ્દ તથા રેવાજને મળતોછે.

કાઉબેરી—પૃથ્વીના થોડા પ્રદેશમાં એના

છોડ ઉગેછે. મુખ્ય કરી ઇંગલંડ, સ્કોટલંડ, કેનેડા, અલાસ્કા અને સાઇબિરિયામાં એની મોટી ઝાડીઓ ફેલાયછે. એના ફળ કાળાં રંગના હોઇ તે ડાંખળીઓપર ઝુમખામાં લટકેલાં હોયછે. એના દરેક ફળમાં પાંચથી છ બિયાં હોઇ તેમાંથી ખટાસદાર રસ નિકળેછે. ઉત્તર તરફનાં પ્રદેશમાં આ ફળમાંથી કેરી દારૂ બનાવવામાં આવેછે. પોર્ટુગલમાં એના રસનો તાપપર ઉપયોગ કરવામાં આવેછે.

કાકાટોવાનો જ્વાલામુખી—સુમાત્રા અને જાવા ટાપુ દરમ્યાન નાહના નાહના ટાપુઓનો એક ઝુમખોછે. આ નાહના ટાપુના સંબંધમાં એક એવી જાણીતી બિના છે કે વર્ષમાંથી અનેક દિવસ તે બળીયા કરેછે.

આ ટાપુમાંના એક બેટપર કાકાટોઆ નામનો એક પ્રાચીન કાળથી જાણીતો જ્વાલામુખી પર્વત છે. તે સુમારે ૨૨૫ વર્ષ પેહેલાં ફાટયો હતો તે વેળા મોટી ખરાબી થઈ હતી. તે પછી ૧૮૮૦ ના વર્ષ સુધી આ જ્વાલામુખી તદન ચુપ પડી રહ્યો હતો. તે મુદત દરમ્યાન ફરી કાકાટોવાના ટાપુમાં મનુષ્યની વસ્તી થવા માંડી હતી. ૧૮૫૦ થી તેણે પોતાનું ભયંકર સ્વરૂપ બતાવવા માંડયું હતું. ૧૮૮૩ ના મે માસમાં તેણે ઉગ્ર રૂપ લીધું. તોય તે ફકત ૩ માસમાં મોટા ધડાકા કરી અસંખ્ય પ્રાણીનો નાશ કરશે એમ કોઇને સ્વપનો વટીક નહોતો. ઉલટું પાસેના ટાપુમાંના કેટલાક લોકો તો ભયંકર સ્વરૂપ નિહાળવા તે તરફ ગયા હતા. તેનું મોહું ઉપરથી ૧½ મૈલ ઘેરાવાવાલું હોઈ નીચે સાંકડું થતું જઈ તેના તળીયામાં ૪૫૦ ફીટ ઘેરાવાનો એક ગુફો હતો. એને કાકાટોવાનું વકાસેલું મોહડું કહેતા હતા. આ મોઢામાંથી મોટા ધડાકા સાથે વરાળના ઘોધ ઉપર ચઢતા હતા, અને તેમાંથી ભયંકર અવાજ નિકળતો હતો. તોય જુનની આખેરી વેર એજ સ્વરૂપમાં તે ટકી રહ્યો. વચ્ચે નાહના નાહના ધર્તિકંપનાં આંચકા લાગવા માંડયા તોય તેથી મોટો નાશ થયો નહિ, પણ જુનની આખેરીમાં કાકાટોવા પાસે નવો જ્વાલામુખી પર્વત ઉત્પન્ન થઈ તેના મુખમાંથી અગ્નિની જ્વાળા નીકળી પથ્થરનો રસ અને રાખ ઉડવા માંડી, અને જમીનના પેટમાં અવાજો સાથ ગગડાટ થવા લાગ્યા. આ રૂપ વધતું જઇ આગસ્ટ મહિનાની ૨૬, ૨૭ ને ૨૮ મી તારીખે યાને શની, રવી, ને સોમવારે તેણે ઉગ્ર રૂપ બતાવ્યું.

આ આફત શનીવારે વર્સી ત્યારે નિકળેલા પહાડના રસથી લોકો નહાસતાં તેમાંજ અટવાઈ મરણ પામ્યાં, અને ગામ જમીન સાથે મળી ગયું. તે પછી આદિતવારે બીજા ૧૫ જ્વાલામુખી ફાટયા અને ટાપુ ગર્ક થવાની અણી પર અવ્યો. મધરાતે 'કદંગ' નામે પર્વત ઉપર એક મોહું વાદળું ઘેરાઈ આવી રાત્રે બે વાગે આ ટાપુના પશ્ચિમ કિનારા તરફનો ૫૦ ચોરસ મૈલનો એક મ્હોટો પાટ જમીનમાં ગર્ક થયો. તેથી ત્યાં વસનારા ૧૫૦૦૦ લોકો પોતાના ઢોરઢાંખરાં સાથે માર્યા ગયા અને તેજ સુમારે 'કદંક' પર્વતની ૨૫ મૈલ લાંબી હાર જમીનમાં ગરક થઇ.

રવીવારે બપોરે ૧ વાગાથી દસ દસ મીનીટને આંતરે ધડાકાનાં અવાજો થતા. આ અવાજ જ્વાલામુખીથી ૯૨ મૈલપર જાવા બેટમાંના બતેવિયા શેહેરમાં રપષ્ટ સંભળાતા હતા. તેજ દિવસે બપોરે બે વાગે ઝરૂ આગબોટ ઉપરનાં લોકોએ વરાળ, રાખ ધુમાડાનો 'લોટ' જ્વાલામુખીમાંથી ઉપર જતાં જોયો. તે લોટની ઉચાઈ ગણી જોતાં ૧૭ મૈલની યાને હિમાલયની ટોંચ કરતાં ત્રણ ઘણી ઉચી અંકાઈ હતી. બીજી એક આગબોટ ૧૦ મૈલ અંતર ઉપર હતી. તેનીપર ગરમ પથ્થરાનો એક સરખો વર્સાદ વરસ્યો, અને તેની ઉપરના લોકોએ તેની ગર્મિ માપવા સમુદ્રમાં શીસાનો ગોળો નાખી જોયો તો તે તદન તપી ગયો હતો. આ ઉપરથી સમુદ્ર તળીયેની જમીન વટીક તપી ગયલી જણાઇ હતી. રવીવારની સાંજથી સોમવારની મધરાત સુધી ત્રણ ધડાકા ભયંકર થયા તેમાંનો

સોમવારે સવારે ૧૦ કલાકે થયેલો ધડાકો અતિ ભયંકર હતો. તે ધડાકાથી સમુદ્રમાં એક મોટો મોજો પેદા થયો અને તેથી એવી તો મોટી રેલ આવી કે આસપાસના બેટમાંનાં ૩૦૦ ગામડાં અને ૩૬૦૦૦ માણસો તેમાં ગર્ક થયાં. તે વેળા ટાપુનો ૨/૩ ભાગ ગર્ક થયો. તે આગમજ આ ટાપુ ૧૩ ચોરસ મૈલનો હતો.

એક ટેકાણે એક આગબોટ તોફાની લાટમાં સપડાવાથી તે ટાપુની વચ્ચોવચ્ચ જઇ લંગરાઇ ગઇ હતી. તે વેળા જ્વાલામુખીમાંથી એવો તો ધુમાડો નિકલ્યો કે સૂર્ય અસ્ત પામ્યા જેવો વખત થયો. સોમવારે સવારે ૧૧ વાગાથી ૩ વાગા સુધી બટેવિયામાં અંધકાર ફેલાયો હતો.

આ મુજબ ક્રાકાટોઆએ પોતાનું ભયંકર સ્વરૂપ બતાવી મોટી ખાનેખરાબી કરી. મંગલવારે બપોરે ૨॥ વાગે સમાધાન થયું. આ રીતે ક્રાકાટોઆએ સુમારે ૩૬ કલાકમાં જે ખરાબીઓ કરી તે અવર્ણનીય હતી. તેના પેટામાંથી જે પદાર્થ બાહેર પડયા તેનો એક ઢગ કીધો હોય તો તે એક ઘન મૈલ થાય એમ ગણત્રી થઇ છે.

રવીવારની સાંજાજથી સોમવારની મધરાત સુધીમાં જે ધડાકા થયા તે ૩૦૦૦ મૈલ ઉપર સંભળાયા હતા, સોમવારે સવારે ૧૦ કલાકે જે ભયંકર ધડાકો થયો તેથી હવાને આંચકો બેસવાથી તેમા જે એક મોજો ઉત્પન્ન થયો તેના મોજાનું પરિણામ ઇંગલાંડમાં ૭૦૦૦ મૈલ દૂરવેરના વાયુમાપક યંત્ર ઉપર દેખાયો, અને તેથી પાણીમાં જે મોટો મોજો ઉત્પન્ન થયો તેથી મુંબઇ તથા દક્ષિણ આફ્રિકામાં ઘણા વખત સુધી ભાર્તિ રહી હતી.

ક્રાકાટોવાથી ૧૭૦૦ મૈલપર દુર આવેલા આસ્ત્રલીઆના વિક્ટોરિયા પલેન્સોના મેદાનમાં પણ એના મોટા ધડાકા સંભળાયાથી ત્યાંના ભરવાડો ઘભરાટમાં પડયા હતા.

આ જ્વાળામુખીથી અને સમુદ્રના મોજાંઓથી સંડાની સામુદ્રધૂનિ બાહેલા કેટલાક નાહના મોટા ટાપુ ગર્ક થઇ ગયા હતા. 'એથ્વાર્ટ ધી વે' નામનો ટાપુ પાંચ ભાગમાં વેહેંચાઇ જઇ ક્રાકાટોવાનો ટાપુ ગુમ થઇ તેની જગાઉપર ૧૬ બીજા નાહાના ટાપુ ફુટી નિકલ્યા હતા; વળી જે ટાપુઓ ઉપલા કોપ આગમજ જવાના કિનારાથી વેગળા હતા તે આ પછી એ ટાપુ સાથે જોડાઇ ગયા હતા.

આ જ્વાલામુખીમાંથી જે ૧૭ મૈલ ઉંચે ધૂળનો ઢગ ચઢયો હતો તે બાહેથી રાખ તથા ધૂળ આકાશના સહુથી ઉંચા ભાગમાં અતિ ત્વરાથી પશ્ચિમ ભાગમાં વહેતી હવાના પ્રવાહમાં મળી તેણે પૃથ્વીની પ્રદક્ષિણા કરવા માંડી. પેહેલા જપાટામાં હિંદી મહાસાગર અને મધ્ય આફ્રિકામાં તે રાખ ત્રણ દિવસ પછી પસાર થઇ અને ૧૫ દિવસમાં સર્વ પૃથ્વીની પ્રદક્ષણા કરી આગળે સ્થળે આવી, બીજી પ્રદક્ષણા સુમારે ૧૫ દિવસમાં પુરી કરી હતી. યાને ધડાકા પછી સુમારે ૧ માસ સુધી સૂર્ય અને પૃથ્વી વચ્ચે ધૂળથી આકાશ લાલ અને સૂર્ય લીલો બન્યો હતો. તે પછી હળવે હળવે તે ધૂળ વિખરાઇ જઇ પૃથ્વીપર પડી હતી.

ક્રાતિનસ—આ અથેનિયન હાસ્યરસ નાટકો લખનાર તરીકે ગ્રીસમાં પેહેલો થઇ ગયેલો જણાય છે. એ ઇ. સ. પૂર્વે ૪૮૦થી ૪૦૬ દરમ્યાન થઇ ગયોછે. એ પેરિકલીસના સમયમાં હતો. એણે અતિકામાં હાસ્યરસ નાટકો રચી ભજવી બતાવ્યા હતા. પણ તેનો નાશ થયલો હોવાથી તે વિષે વિશેષ જણાયું નથી.

ક્રાંતિવૃત—જે ગોળાર્ધમાં સૂર્ય 'ભાસમાન' ગતિથી વર્ષમાં પ્રદક્ષણા કરેછે તેને ક્રાંતિવૃત કહેછે. એ વિષુવવૃત્તને ૨૩½ અંશનો ખુણો કરી બે બિંદુમાં છેદેછે. આ છેદ બિંદુને સંપાત કહેછે.

ક્રામિસ સિમોનિસ—આ નામની એક વિચિત્ર માછલીની જાત પેલેસ્તાઇનની ઉત્તરે તિબેર્યાનાં સરોવરમાં વસેછે, તેઓ આંખે અપંગ હોયછે. તેઓ બીજી માછલી કરતાં પોતાના બચ્ચાનાં રક્ષણ માટે વધારે કાળજી બતાવે છે. નર માછલી પોતાના મોહડામાં ઇંડા રાખી મેળેછે, જ્યાં તે ઇંડાનું સેવન થઇ તે મોઢામાંજ બચ્ચાં પેદા પડેછે, અને જ્યાં સુધી તેઓ પોતાની સંભાળ કરવા શક્તિવાન થાય ત્યાંવેર તેમને નર પોતાનાજ મોહમાં સંભાળથી ઉછેરેછે. વળી તેમને તે સહેલાઇથી ખાવાનું પણ પુરું પાડેછે. પણ પોતે ખોરાક ખાતી વેળા તેમાંના એકને પણ નહિ ગળી જવાય તેની ચોકસ કુદરતી ગોહવણીથી સંભાળ રાખી શકેછે.

ક્રિકેટ—ક્રિકેટની તવારીખ, સમજ અને રમતના કાયદા. ક્રિકેટની રમતની ઉત્પતિ બ્રિકોથી થયલી જણાવવામાં આવેછે. ઇંગ્રેજોના પૂર્વે સેક્સકોનોએ આ રમત રોમનો પાસેથી શીખી ઇ. સ. ૯૦૦ના સુમારે ઇંગલંડમાં દાખલ કરી. તે વેળાના સેક્સનો એક જાડા સોટા વડે દડાને ફટકાવી તેને ફેંકતા હતા. નાર્મનોએ ઇંગ્લંડ જીતવા પછી સેક્સનોની આ પ્રિય રમતની નકલ કરી હતી. 'એક્ષીતર'વાલા કવિ ચોસરે આ રમતનો ફટકોક હેવાલ ૧૮૮૦માં કવિતામાં લખ્યો હતો. તે ઉપરથી જણાયછે કે તે વેળાના ઇંગ્રેજો એ લાકડીઓ દાટી તેના મથાળે ત્રીજી લાકડી મેળતા અને એક રમનાર દડાને આ લાકડીપર ફેંકતો હતો અને બીજો રમનાર તે અટકાવવાની તજવીજ કરતો. દડો ફેંકવા તથા અટકાવવાની રમત દરજ્જાદાર લોકો રમતા પણ પેલી લાકડીની બીજે મેર દડો ચાલી જતાં અટકાવવાનું (વિકેટ કીપરનું) કામ નોકરોને સોંપવામાં આવતું. ૧૮૮૦માં તે વખતે આ રમત અતિ લોકપ્રિય હતી અને ત્યાં એ ૧૨ મી સદીની ઘણું અગાઉની રમાતી હતી એમ ૮ મી સદીમાં થઇ ગએલા એક ખ્રિસ્તી સાધુ યુરટેન્યસ કારટોન્યસના કેટલાક લખાણો ઉપરથી જણાય છે. તે લખે છે કે 'આ રમત ઉપર લોકો એટલા ફીદા હતા કે કારડીનલના દરજ્જાના મોટા ધર્મગુરૂઓ વટીક તે રમાતી 'મેચ' જોવાને જતા.'

ક્રિકેટ મેચો ઇંગ્લંડમાં લાંબા વખતથી રમાય છે. ઇ. સ. ૧૭૦૦ માં રમાયલી એવી મેચોનું વર્ણન તે વખતનાં પત્રો ઉપરથી મળે છે. એવી એક મેચ ૧૭૦૫ માં કેંટના ૧૧ ગ્રહસ્થો અને ચેધેમના તેટલાજ ગ્રહસ્થો સાથે રમાઈ હતી. આ રમતમાં હારજીતની સરત દરેક રમનાર દીઠ ૧૧ ગીનિ ઠેરવવામાં આવી હતી.

આગળ રમાતી ક્રિકેટમાં વપરાતા બેટનાં કદ નક્કિ કરેલા નહિ હતાં. તેની લંબાઇ રમનારના કદ મુજબની રહેતી અને પોહળાઈ '૨' થી ૮ ઇંચ વેરની રાખવામાં આવતી.

હાલમાં બેટ 'વિલોંગ વિલો' નામના ઝાડના લાકડાનું બનાવવામાં આવેછે. એનાં ઝાડ થોડાં ઉગતા હોવાથી બેટો ઘણાં મોંઘાં વેચાય છે. હાલમાં એ જાતનાં ઝાડ હિંદુસ્તાનના જંગલખાતાનાં અમલદારોએ પોતાની હદમાં ઉગાડવા માંડયાં છે.

આગળ જ્યારે ક્રિકેટ બચગીમાં હતી ત્યારે દડા (બૉલ) પથ્થરના વાપરતા હતા, પાછળથી તે ધાતુના બનાવવામાં આવ્યા હતા પણ તે પછી લાકડાનાં થવા બાદ ટકાઉ તથા ઝાઝા વાગે નહિ એવા બનાવવા થકી હાલમાં ચામડાનાં બનાવવામાં આવે છે.


આગલા વખતમાં સ્ટંપને ઠેકાણે ઝાડની ડાંખળી રોપતા હતા.

ક્રિકેટની રમત સર્વે રમતોમાં ઉમદા રમત છે. દુન્યાનાં દરેક ભાગમાં શું ગરીબ કે તવંગર આ ઉમદા રમતમાં ઉલટથી ભાગ લીયે છે. જમાનાઓ થયાં ઈંગલંડમાં આ રમતે પગપેસારો કરી ત્યાં ભારે ઉલટ સાથે રમાયછે, હિંદુસ્થાનમાં આ રમત પ્રથમ ઈંગ્રેજ સીપાહોએ દાખલ કરી અને હાલમાં આ રમત તમામ હિંદમાં રમાય છે. તેમાં પારસીઓએ આ રમત રમવામાં કુશળતા બતલાવી મોટી પ્રસિદ્ધતા મેળવી છે.

આ રમત દરમ્યાન ગંભીર પ્રકારનાં અકસમાતો થએલાં જણાયા નથી; જોકે

બૉલના મારથી કોઇવેળા ગંભીર ઇજા થવાના દાખલા બન્યા છે, તે છતાં એ રમત રમનારાઓની સંખ્યા તરફ જોતાં અકસમાત અથવા ઇજાનું પ્રમાણ ઘણું થોડું છે. આ રમતમાં અંગને જેટલી કસરત મળે છે તે ઘણી ઉત્તમ છે, પણ ડાબો હાથ તથા છાતીને જોઈએ તેવી કસરત મળતી નથી તેનું કારણ દેખાઈતું એ છે કે લગભગ સઘળું કામ જમણા હાથે થાયછે. એમ છતાં એ રમતમાં ચાલાકી, હાથ અને આંખની ઝડપ, ધીરજ તથા મક્કમપણું એટલી ચીજો અવશ્યની છે તેથી આ રમત સર્વોપરી ગણાય છે.

નકાશો ૧ લો—મેદાનની રચના, અંતર વગેરે દર્શાવવા માટે.



પેહેલા નકશાની સમજ

ક ખ, ગ ઘ, બ મ, ભ ૨,=રીટર્ન ક્રિઝ.

ખ ઘ, બ ભ,=બૉલીંગ ક્રીઝ; દરેક ૩½ કદમ (૬ ફીટ ૮ ઇંચ.)

છ ચ ઝ, પ ય ફ,=સ્ટંપ.

છ ચ, ચ ઝ, પ ય, ય ફ= બેલ; દરેક સુમારે ½ હાથ (૪ ઇંચ.)

ખ છ, ઝ ઘ, પ બ, ફ ભ=બે હાથ (દરેક)


છ ઝ, પ ફ=વિકેટ.

છ પ, ઝ ફ= } બાઉંડર (દરેક ૩૩ કદમ)
ચ ય; = }

ઠ ડ, ઢ ણ=પૉપીંગ ક્રીઝ.

છ જ, પ ત, ઝ ટ, ય ફ=(દરેક) ૪ ફીટ.

નકાશો ૨ જોઃ—



બીજા નકાશાની સમજ.

૦ ૧=વિકેટ કિપર. ૦૩, ૦૪ વગેરે ફીલ્ડસમૅન.

અં ૧, અં ૨=અંપાયર.

૦ ૨ બૉલર. બૅ ૧=બૅટસ મૅન. બૅ૨=બીજો બૅટસ મૅન.

રી. ટ=રીનર્ન ક્રીઝ.

પૉ. ઝ=પૉપીંગ ક્રીઝ.

૦=સ્ટંપ્સ.

મેદાનની રચના (નકાશા ૧લા પ્રમાણે)—

એક લાઇનમાં ત્રણ સ્ટંપ(છ,ચ,ઝ) દાટી તેની પર બેલ (આડી લાકડી) બેસાડવી. પછી તે સ્ટંપની લાઇનમાંજ આગળની બેઉ બાજુએ બબે હાથ બીજી લાઇન લંબાવવી. એટલે તે બૉલીંગ ક્રિઝ થશે. ખ, ઘ—આ બૉલીંગ 'ક્રીઝ'ની બેઉ બાજુએ સ્ટંપની પછવાડે અકેક લાઇન લાંબી દોરવી, ક, ખ, ગ, ઘ, આ 'રીટર્ન ક્રીઝ', 'બોલીંગ ક્રીઝથી સમાંતર અને તેનાથી ૪ ફીટ અંતરપર એક લાઇન દોરવી તે પૉપીંગ ક્રીઝ'. તેની લંબાઇ સુમારે બૉલીંગ ક્રીઝથી વધુ એટલે ૯ ફીટ ઉપર હોવી જોઇએ. એને 'પૉપીંગ ક્રીઝ' કહેછે. ભ, ફ, ટ, ડ, આ પ્રમાણે સામે બાજુના પહેલા કટેરા પાસેથી '૩૩' કદમ, બીજા ત્રણ સ્ટંપ ય, ફ, ય એ સમાંતર દાટવા, અને ઉપર કહ્યા પ્રમાણે આ બાજુ સાઇડ રીટર્ન ક્રીઝ, પૉપીંગ ક્રીઝ કાઢવી. એ શિવાય બાજુ ઉપર સ્ટંપ પાસેથી સામેના સ્ટંપ સુધી બે 'બાઉંડરી' કદી કદી લાગે છે. છ, પ, ઝ, ફ.

મેદાનમાં ફીલ્ડસમેનને ક્યાં ઉભા રાખવાં તે બીજા નકાશામાં બતલાવ્યું છે. એમાં બેટસમેન અને બોલરની રમત પ્રમાણે ઘડી ઘડી ફેરફાર કરવો પડેછે અને તેથી કોઇને લાંબી તો કોઇને પાસેની બાઉંડરી ઉપર ઉભાં રાખવા પડેછે.

ક્રિકેટની રમતનું સામાન્ય વર્ણન અને સમજ—(નકાશો જોઇને) રમનારી 'ટીમ'ના બે પક્ષ બની તેમાં પ્રથમ કયા પક્ષે 'સર્વિસ' આપવી અને કોણે લેવી અને 'અંપાયર' કોણ ? કયા પક્ષે પ્રથમ પ્રવેશ કરવો ? કયા શખસે પ્રથમ રમવા ઉભું રહેવું ? પછી કોણે ? વગેરે ગોઠવણ થયા પછી સર્વિસ આપનાર પક્ષ તરફનાં બે શખસ (જો એકવડી રમત હોય તો પેહેલોજ શખસ) હાથમાં બેટ લઇ સામ સામે 'વિકેટ' પાસે ઉભો રહેછે.

સર્વિસ આપનાર પક્ષ તરફથી દડો આયો એટલે તેને વિકેટને લાગવા નહિ દેતાં 'બેટ' અટકાવવું, અથવા બૅટે દડો પાછો વાળવો અને દડો 'વિકેટ'ને મારવા સારૂ ફરીથી આવે ત્યાં સુધી બને ત્યાં તુલીક એક વિકેટથી બીજી વિકેટ ને ત્યાંથી બીજી તરફ એમ દોડી જેટલા 'રન' થઈ શકે તેટલા કરી લેવાં, અને એજ મુખ્ય કરી બેટસમેનનું કામ છે.

બૅટસમૅન બૅટ લઈ વિકેટ પાસે ઉભો રહે એટલે 'સર્વિસ' આપનારની પક્ષના શખસો પોતાની 'ફીલ્ડ'પર જાયછે; યાને એક શખસ દડો આપવા સારૂ મુખ્ય બૅટસમૅન ના (પેહેલા બૅટસમૅનના) સામેની વિકેટ પાસે દડો લઈ ઉભો રહેછે, અને તેજ 'બૅટસમૅન' ના પાછળ બીજો એક શખસ ઉભો રહેછે. પેહેલા શખસનું એ કામ છે કે સામેની વિકેટ બૅટસમૅનના બૅટથી ચુકાવી દડો નાખવો, અને વિકેટ પાડવાનો યત્ન કરવો. 'બૅટસમૅને' ફટકો મારી બૉલ ઉડાડ્યા પછી તે દડો પોતાની જગા ઉપરથી ઝીલાતો હોય તો ઝીલવો, નહિતો બીજા શખસે તે દડો પોતા તરફ આવતો જોતાંજ અટકાવવો. દડો હાથમાં આવ્યા પછી બૅટસમૅન ફેરા (રન) કરતાં તે 'આઉટ ઑવ ગ્રાંઉંડ' હોય તે વખતે 'વિકેટ' પાડવાનો યત્ન કરવો. તેમ નહિ ફાવે તો પાછો સામી બાજુની વિકેટ પર બૉલ મારવો. આ પ્રમાણે 'ઓવર' થાય ત્યાં સુધી કરવું, 'ઓવર' થયા પછી સામેની 'વિકેટ' પાસેથી દડો લેવા માંડવો. આ મુજબ બે વખત વિકેટ બદલ્યાથી માત્ર આગલા રથળે તેને જવાની છુટ રેહતી નથી, બીજા શખસને તેમની જગે આવવું પડે છે.

"વિકેટ કીપર" નું કામ માત્ર એટલુંજ છે કે તેના પાસે દડો આવતાં તરત ઝીલવો, અથવા તેમ નહિ બને તો પોતે ઝડપથી દડો ઉંચકી લઇ, અથવા બીજાએ પોતા તરફ નાખેલો દડો ઉંચકી લઇ 'બૅત્સમૅન આઉટ

ઑવ ગ્રાઉંડ' હોય તે વખતે 'વિકેટ' પાડવી. તેમ પણ જો ન બન્યું તો પેહેલા શખસપર દડાને ફેંકવો.

બાકીનાં સઘલા શખસો મેદાનપર જૂદી જૂદી જગાએ અંતરપર ઉભા રહે છે. સર્વીસ આપ્યા પછી આપણી તરફ દડો આવ્યો. એટલે તેને ઝીલી લેવો, નહિ તો તેને ઉંચકી લઈ 'બૅટસમૅન આઉટ ઑવ ગ્રાઉંડ' હોય તો જે વિકેટ વિશેષ પડતી સવિત હોય તે બાજુ દડો નાખી વિકેટ પાડવાની કોશેસ કરવી. નહિ તો 'બૉલર' તરફ થા વિકેટ કીપર તરફ ફેંકવો, કે તે વિકેટ પાડી શકે, તેમ કરવાની જો તક નહિ મળે તો માત્ર ઘણી ઝડપથી બૉલરના હાથમાં દડો જાય તેમ કરવું ને તેજ બાજુપર ફેંકવાનો યત્ન કરવો.

ઉપર દર્શાવ્યા મુજબ દાવ શરૂ કરવાનું અમપાયરે કહ્યા પછી રમત શરૂ થાયેછે, અને બૉલર દડો આપવા માંડેછે. પછી દડો ઝીલ્યો અથવા વિકેટ પાડી અથવા બીજા કોઈપણ પ્રકારે કાયદા મુજબ 'બૅટસ મૅન' 'આઉટ ઑવ ગ્રાઉંડ' થતાં તેની જગાપર પક્ષનો બીજો શખસ આવે છે, તે 'આઉટ' થયો તો ત્રીજો, પછી ચોથો આ પ્રમાણે સઘલા શખસો પુરા થયા પછી તે પક્ષનો પ્રવેશ સમાપ્ત જાણવો. પછી બીજો પક્ષ સર્વીસ આપવા સારૂં પ્રવેશ કરે છે, યાને પ્રથમ બે જણા આવે છે, પછી તેમાંનો એક 'આઉટ' થતાં ત્રીજો, આ પ્રમાણે તેમની વારી ખલાસ થઇ તો, પાછો પેહેલો પક્ષ પ્રવેશ કરે છે. આ મુજબ બે પક્ષનાં પ્રવેશ થયા એટલે 'ગેમ' પુરો થાયછે. સેવટે દરેક પક્ષે કીધેલા 'રન'નો સરવાલો કરવામાં આવે છે, અને જેનો સરવાલો વધુ થાયછે તે 'ટીમ' જીતેલી ગણાય છે.

ક્રિકેટની રમતનાં કાયદા.

૧=દરેક ટીમ ૧૧ રમનારાઓની બનેલી હોવી જોઇએ. વધારે ઓછી સંખ્યા માટે ઠેરાવ કરવો જોઈએ. દરેક પક્ષને બે વખત દાવ લેવાની અથવા રમતમાં ભાગ લેવાનો હક્ક હોય છે, અને 'બાવનમાં' કાયદામાં જણાવ્યા પ્રમાણે વારીવારીએ એક પછી એક શખસે પ્રવેશ કરવો ઘટે છે. પ્રથમ પ્રવેશ કોણે કરવો એ મસલહત કરી ઠેરવવું.

૨=**રન** (ફેરા) ગણવા તે જેટલા ફેરા થાય તે મુજબ ગણવા. રન કયારે કયારે થાયછે અને કેટલાં થાયછે.—૧—બૅટનો ફટકો બૉલ (દડા)ને લાગતાં દડો પાછો કોઇએ ફેંકયો ન હોય ત્યાં સુધી એક વિકેટથી બીજી વિકેટ સુધી જેટલા રન થશે તેટલા પૉઈંટ (રન) મળશે. (૨–કાયદા ૧૫–૩૫–૪૦ પ્રમાણે શિક્ષા બદલ, અથવા ૪૩ માં કાયદા મુજબ હીસાબે આપવામાં આવ્યા હોય ત્યારે આ પ્રમાણે થએલી પૉઈંટ માડનારે બરાબર નોંધવી. જે પક્ષનાં નામે વધુ પૉઇંટ આવે છે તે જીતેલો ગણાય છે. કાયદા ૪૪ માહેલી રીત જો નહિ હોય તો કોઇ પણ રમત સંપૂરણ રમવા વિના નિરાશાથી છોડી દીધા શિવાય જીત્યા કહેવાય નહિ.)

૩=**અંપાયર** દરેક રમતની શરૂઆતમાં મેદાનના નાકે બે ઉભા રાખવા.

૪=**દડો**.—દડાનું વજન ૨½ તોલાથી ઓછું નહિ અને ૨¾ તોલાથી વધારે નહિ હોવું જોઇએ. તેનો ઘેરાવો ૯ ઇંચથી ઓછો અને ૯½ ઇંચથી વધુ નહિ હોવો જોઇએ. દરેક દાવના આરંભમાં કોઇપણ પક્ષે નવો દડો જોઇએ તો માગી લેવો.

૫=**વિકેટ** ૩૩ કદમ (૨૨ યાર્ડ) નાં અંતર ઉપર સમાંતર અને સામસામી એવી બે વીકેટો દાટવી જોઇએ. દરેક વીકેટની પોહળાઇ ૮ ઇંચ હોવી જોઇએ. તે ત્રણ ત્રણ સ્ટંપને એવી રીતે દાટવી કે તેના ગાળામાંથી દડો જઇ શકે નહિ. સ્ટંપ દાટયા પછી જમીન ઉપર વિકેટ ૨૭ ઇંચ ઉંચી દેખાવી જોઇએ, ચાર ચાર ઇંચની બે 'બેલ' (આડી લાકડી) ને ત્રણ સ્ટંપ ઉપર રાખવી. આ ત્રણ સ્ટંપ અને બે 'બેલ' મળી વિકેટ થાય છે. એ રમત પુરી થાય ત્યાંસુધી વિકેટની જગા બદલવી નહિ. પણ જો ત્યાંની જગા

રમવા લાયક રહી નહિ હોય તો બેઉ પક્ષના વિચારે જગા બદલવી.

૬=**બૅટ**. બૅટનો અતિ પોહોળો ભાગ ૪½ ઇંચથી વધુ પોહોળો હોવો નહિ જોઇએ, અને તેની લંબાઇ ૩૮ ઇંચથી વધુ હોવી નહિ જોઇએ.

૭=સ્ટંપની લાઇનમાં બેઉ બાજુ ત્રણ ત્રણ ફીટ લાંબી યાને એકંદર ૬ ફીટ ૮ ઇંચ લાંબી એવી 'બૉલીંગ ક્રીઝ' હોવી જોઇએ. અને એ લાઇનને દરેક નાકે લાંબી રેષામાં પાછલી બાજુ અકેક 'રીટર્ન' ક્રીઝ હોવી જોઇએ.

૮=પૉપીંગક્રીઝ, વિકેટથી સમાંતર અને ચાર ફીટ અંતરપર હોવી જોઇએ.

૯=નો બૉલ. દડો આપનારે 'બૉલ' ગબડાય તેમ આપવો જોઇએ, એકદમ ફેંકતાં અથવા દડો ઉડતો યા કુદતો જાય એમ ફેંકયો હોય તો અંપાયરે તરતજ નોબૉલ કહેવું જોઇએ.

૧૦=બૉલીંગ ક્રીઝના પાછલા ભાગમાં અને રીટર્નક્રીઝની અંદર પગ મુકી દડો ફેંકવો. નહિ તો અંપાયરે પ્રથમ મુજબ 'નો બૉલ' કહેવું.

૧૧=**વાઇડબૉલ.** દડો આપનારે દડો ઘણો ઉંચો અથવા વિકેટથી ઘણી વેગળાઇ ઉપર જાય એમ આપ્યો હોય તો અમ્પાયરે 'વાઇડ બૉલ' કેહવું.

૧૨=**ઓવર.** દરેક વિકેટ પાસથી ચાર વેળા બૉલ આપ્યો હોયતો એક ઓવર થાય છે. ઓવર થયા પછી સામેની વિકેટ પાસથી દડો આપવાનું શરૂ થાય છે. આ મુજબ વારાફરતી એક વિકેટ છોડી બીજી વિકેટ પાસથી દડો આપવાની શરૂઆત થાય છે. એવી રીતે ચાર વખત દડો આપ્યા પછી તે દડો પાછો દડો આપનારના હાથમાં, અથવા વિકેટ કીપરનાં હાથે આવ્યો એટલે અંપાયરે 'ઓવર' એમ કહેવું. નો બૉલ, વાઇડ બૉલ, ઓવરમાં ગણાતા નથી.

૧૩=એક દાવમાં વધુ વખત દડો આપનારે વિકેટ બદલવી નહિ; એજ પ્રમાણે બે 'ઓવર' એકે કરવી નહિ.

૧૪=દડો આપનાર તરફના બૅટસમૅનને કઇ બાજુએ ઉભું રહેવું?

દડો આપનાર વિકેટની જે બાજુ કહેશે તે બાજુ ત્યાંના બૅટસમૅને ઉભું રહેવું.

૧૫=**'નો બૉલ'** અને 'વાઇડ બોલ'ની નોંધ.—'નો બૉલ' આપ્યો અને તેને 'બૅટસમૅને' ફટકો માર્યો તો તે વખતે જેટલા ફેરા થશે તેટલી પોઈંટ વધશે. પણ ૨૫,૨૬,૨૭ અને ૩૦માં કાયદાનો ભંગ નહિ થયો હશે, અથવા 'બૅટસમન' જગા છોડી નહિ ગયો હોયે તો 'નો બૉલ'થી તેની વારી પુરી થશે નહિ. 'નો બૉલ'ને ફટકો નહિ મારતાં તેથી જે થએલા ફેરા 'નો બોલ'ના સદરમાં નોંધીયા જશે. પણ કાંઇજ 'રન' કીધાં નહિ હશે તો તેના કોઠામાં એકજ પૉઈંટ 'રન' દાખલ થઇ શકશે. વાઇડ બૉલથી જેટલા ફેરા કરતા આવડશે તેટલા સઘળા 'વાઇડ બૉલ'ના સદર હેઠળ દાખલ થશે. પણ 'રન' થયા નહિ હશે તો એકજ દાખલ થઇ શકશે.

૧૬=**'લેગ બૉલ,'** નો બૉલ, અથવા વાઇડ બોલ નહિ હોવા છતાં તે જો બૅટસમેનના બદનને લાગી નિકળી જાય તો તે વખતે થએલા ફેરા (રન) 'બાઇ' એમ અંપાયરે કહેવું, પણ હાથ શિવાય કરી બીજા કોઇ પણ ભાગને લાગે તો 'લેગ બાઇ' એમ કહેવું અને 'અનુક્રમે' 'બાઈ' અથવા 'લેગ બાઈ' ના કોઠા નીચે લખવું.

૧૭=**ટ્રાયલ બૉલ**—રમતની શરૂઆતમાં અને દરેક દાવના આરંભમાં દડો આપનાર પાસેના 'વિકેટ' ઉપરનો અંપાયર રમો એમ કહે કે તે વખતથી કોઇપણ દડો આપનારથી બેઉ વિકેટ વચ્ચેની જગાપર 'ટ્રાયલ બોલ' કરી શકાય નહિ, અને એક 'બેટસમૅન' આઉટ થયા પછી તેની જગાપર બીજો આવે ત્યાં સુધી કોઇએ પણ 'બેટ'નો ઉપયોગ કરવો નહિ.

૧૮=**'આઉટ ઑાવ ગ્રાઉંડ**—બૅટસમેનના હાથમાં ધરેલું બૅટ અથવા તેના શરીરનો કયો પણ ભાગ પૅાપીંગ ક્રીઝની અંદર નહિ હોય તો તે આઉટ ઑાવ ગ્રાઉંડ થયો એમ ગણાય.

૧૯=**વિકેટ ડાઉન**—'વિકેટ' પરની એક 'બેલ' નીકળી પડી હોય અથવા બેઉ પડી હોય અને સ્ટંપ પણ ઉખડી ગયું હશે તો 'વિકેટ ડાઉન' એમ કહેવું.

૨૦=નીચે દર્શાવેલી રીતે બેટસમેન આઉટ થાય છે.

(૧) 'સર્વિસ' આપ્યા વગર બરાબર 'વિકેટ' પાડી તો; પછી બેટને અથવા બૅટસમૅનના શરીરને લાગી તે દડો ગીયો હોય યા નહિ પણ હોય.

૨૧=**કૅાટ**—સામી પક્ષના 'ફીલ્ડસમને' દડો ઝીલી લેતાં આઉટ થાય છે. (બૉલને બદન સાથે દાબી લીધો હોય તોપણ હરકત નહિ.)

૨૨=બૅટ અથવા હાથને દડો વાગી ગયો, અને રમતો બેટસમૅન ઑાઉટ આવ ગ્રાઉંડ થયો હોય અને તેવામાં 'વિકેટ' ફાપરે દડો ફેંકી અથવા હાથમાં દડો હોવાથી 'વિકેટ' પાડવે આઉટ થાય છે.

૨૩=**લેગ બિફોર વિકેટ**—બેટસમને શરીરના કોઇ પણ ભાગથી દડો થોબાવિયો અને 'સર્વિસ' આપનાર પક્ષના અંપાયરના મતથી જો તે જઇને ચોકસ વિકેટ પાસથી ગબડતો જઇ 'વિકેટ'ને લાગે તો આઉટ થાય.

૨૪=**વિકેટ ડાઉન**—દડાને ફટકો મારતી વેળા બૅટસમેનના શરીરનો ભાગ અથવા બદનપરનું કપડું લાગવાથી વિકેટ પડી તો તે આઉટ' થયલો કહેવાય.

૨૫=**ઑબ્સ્ટ્રકટીંગ ધી ફીલ્ડ**—દડો ઝીલાય નહિ ત્યાં સુધી કોઇ પણ 'બૅટસમન' દોડવાની ધારણાથી ખસુસ હરકત કરે તો 'આઉટ' થાય.

૨૬=**હીટ ધી બૉલ ટવાઇસ**—દડાને એક વખત ફટકો માર્યો હોય અથવા શરીરને લાગી દડો થોબ્યો ને તેથી જાણીજોઇ જો ફટકો મારે તો આઉટ કહેવાય.

(૧) રન કરતાં અથવા દડો રમતો હોય ત્યારે કોઇ પણ વખતો વખત 'બૅટસમન' આઉટ ઑાવ ગ્રાઉંડ હોય તો તે દરમ્યાન સામી પક્ષના શખસને દડો લાગી પછી 'વિકેટ' ને લાગી 'વિકેટ' પડી તો, અથવા કોઇના હાથને દડો લાગી હાથમાં દડો હોવા છતાં તેણે વિકેટ પાડી તો આઉટ થાય.

૨૭=**હુંડલ ધી બૉલ**—સામા પક્ષે કહ્યા વણા રમતા દડાને બૅટસમને ઉચકી લીધો અથવા સ્પર્શ કીધો તો આઉટ થાય.

૨૮=સામી પક્ષના રમનારને ખોટી કરવે આઉટ થાય.

૨૯=સામી પક્ષના રમનારને જાણી જોઇ અટકાવવાથી.

૩૦=બેઉ બેટસમન 'રન' કરતા હોય અને સામી પક્ષવાલાઓએ 'વિકેટ' પાડવે કોણ આઉટ થાય?

(૧) 'બેટસમન'નો અનચીતો સમાગમ થયો તો જે બાજુ વિકેટ પડી હોય તે બાજુ જે 'બૅટસમન' જતો હોય તે 'આઉટ થએલો ગણાય, પણ અનચીતો મેલાપ થયો નહિ હોય તો જે બાજુ વિકેટ પડી હોય તે બાજુનો ત્યાંથી જતો હોય તે આઉટ થએલો કહેવાય.

૩૧='કૅાટ' થયા પછી અને વિકેટ ડાઉન થયા પછીનાં રન.

બૅટસમને દડાને ફટકો માર્યા બરાબર દડો ઝીલાઈ ગયો તો તે વખતે થએલા રન બિલકુલ ગણવામાં આવતાં નથી; પણ 'બૅટસમન' રન કરતો હોય ને 'વિકેટ' પડી તો જે ફેરાની વખતે 'વિકેટ' પડી તે ફેરા તેટલા ગણવામાં આવશે નહિ પણ બાકીનાં પાછલા તેટલા ગણી શકાય.

૩૨=કોઇપણ સબબે બૅટસમન આઉટ થવે **'રેડ બૉલ'** સમજવો.

૩૩=રમતો દડો મળે નહિ અથવા લાવી શકાય નહિ તો રમનારની સામી બાજુના

કોઇપણ શખસે કહેવું કે 'લેાસ્ટ બૉલ' અને 'રેડ બૉલ' આથી બૅટસમને ૬ ફેરા વધુ લેવા, પણ જો 'લૉસ્ટ બૉલ' કહેવા આગમજ ૬ ઉપર વધુ રન થયા હોય તો તે સઘળા ગણી શકાય.

૩૪=સર્વિસ આપનારે દડો આપ્યા પછી સેવટે દડો વિકેટકિપર અથવા દડો આપનારને હાથે પાછો આયો તો 'રેડ બૉલ' સમજવો, જો દડો આપનારો દડો ફેંકવાની તૈયારીમાં હોય પણ ફેંકવા પેહેલાં તે બાજુનો 'બૅટસમન આઉટ ઑાવ ગ્રાઉંડ' થયો તો સર્વીસ આપનાર પોતે પાસેની વિકેટ પાડી તેને 'આઉટ' કરી શકશે, પણ એવે વખતે 'સર્વીસ' આપનારે 'વિકેટ' તરફ દડો ફેંકયો હશે અને તેથી વિકેટ પડી નહિ હોય; તો તે વખતે જે 'રન' થશે તે 'રન' 'રેડ બૉલ'ના સદર નીચે દાખલ કરવામાં આવશે.

૩૫=બૅટસમન પોતાની 'વિકેટ' છોડી ગયો અને સામેનો જોડીયો તે 'વિકેટ' પાસે આવી લાગે તો સામી પક્ષની રજા વના તેનાથી પોતાની જગાએ આવી શકાતું નથી.

૩૬=બેમાર હોવાને લીધે અથવા કાંઇ ઇજા થવાને લીધે કોઇથી દોડવાનું કામ થતું ન હોય તો તે કામ કરવા સારૂ તેને બદલે બીજો કામ બજાવી શકે. બીજા કોઈ પણ કારણુથી બદલી લેવો સામી પક્ષની રજા વિના બની શકતું નથી.

૩૭=જે જે વખતે બદલી આપવું એમ ઠરશે તે તે વખતે ફલાનો 'બદલી' અને તેણે ફલાનું કામ બજાવવું એ સામી પક્ષના વિચારથી ઠરે છે.

૩૮=બદલી અથવા પોતે 'આઉટ ઑાવ ગ્રાઉંડ' હોય તે વખતે 'વિકેટ' પડી તો તે આઉટ થશે. દડો રમતો હોય તે વખતે 'બૅટસમેન' આઉટ ઑાવ ગ્રાઉંડ હોય તો જે 'વિકેટ' છોડી તે ગયો હોય તો વિકેટ પાડવાથી તે આઉટ થાય છે. પછી જોઇએ તો સામેનો બૅટસમન તે વિકેટ પાસે આવી પુગેલો હોય, અને ફટકો મારનાર અને દોડવા સારૂ રાખેલો તેનો બદલી એ બેઉ પણ સામેની 'વિકેટ' પાસે પોંહોચીયા હોય તોપણ તેમજ.

૩૯=બદલી કાયદો તોડવે બૅટસમન આઉટ થાય છે.

૪૦=દડો ઝીલનારે શરીરના કોઇ પણ ભાગે દડાને અટકાવવો.

૪૧="વિકેટ ફાપરે" વિકેટની પછવાડે રેહેવું, અને (કાયદા ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ માં લાગુ પડતા નહિ હોય તો) વિકેટની પાછળ દડો આવવા આગમજ વિકેટ પાડવા ખાતર દડો ઉચકી લીધો, અથવા ગડબડ કરી 'બૅતસમન' ને કંટાલો આપ્યો અથવા પોતાના શરીરનો કોઇ પણ ભાગ વિકેટ ઉપર અથવા 'વિકેટ' આગલ લાવે તો 'બેટસમન' આઉટ થશે નહિ.

૪૨=રમત બરાબરા નથી અથવા બરાબર છે.—જમીન, હવા, અથવા તડકાથી રમનારને હરકત થાય છે એ જોવું અથવા તે વિશે બંદોબસ્ત કરવો એનો અખત્યાર 'અંપાયરો'ને છે. સઘળી હરકતો કે કશાનો પણ નિવેડો 'અંપાયરે' કરવો. પણ જો તેઓમાં 'મતભેદ' પડે તો આગળનોજ કાયદો કાયમ રાખવો.

૪૩='કેપટને' બરાબર વિકેટ દાટવી. જરૂર પડવે સિમા ફેરવવી, તેને માટે યોગ્ય વિચાર કરવો, અને દરેક પક્ષનો અકેક પ્રવેશ થવે બાજુઓ બદલવી.

૪૪=દરેક નવા 'બેટસમન'ને તૈયાર થઇ આવવા એકથી બેાડી વધુ મિનીટનો વખત આપવો, અને દરેક દાવ પછી દસ મિનિટ આપવી. પછી અંપાયરે 'રમો' એમ કહ્યા છતાં જો કોઇ સામો પક્ષ રમવા આવે નહિ તો તે પક્ષ હાર્યો એમ સમજવું.

૪૫=સામા પક્ષે કહ્યા વના 'અંપાયરે' 'બૅટસમન' આઉટ થયો એમ કહેવું નહિ.

૪૬=કાયદા ૨૨–૨૪, ૨૭ અને ૪૧ એમાંની બાબતો વિશે તકરાર કે કોઇ વાંધો

હોય તો દડો ફેંકનાર તરફની 'વિકેટ' પાસેના 'અંપાયર'નું મત લેવું. બીજી બાબતોમાં પણ દડો આપનાર પાસેના અંપાયરનું મત વજનદાર ગણાવું જોઇએ; પણ જો અંપાયરથી વાંધાનો નિકાલ થતો નહિ હોય તો તેને બીજા અંપાયરનું મત લઈ નિવેડો લાવવો.

૪૭=દડો આપનાર તરફના અંપાયરને જો દડો આપનારે દડો બરાબર નહિ આપ્યો એમ જો દીસે તો તેને 'નોબૉલ' એમ જાણવું. અંપાયરે 'નોબૉલ' કહેવું તે દડો ફેંકયા બરાબર કહેવું જોઇએ. અને 'વાઇડ બૉલ' તે દડો મારનારની પાસે થઇ પછવાડે જાય ત્યારે બોલવું.

૪૮=કોઇ પણ 'બૅટસમેન' પુરો રન નહિ કરતાં પાછો ફરે તો તે ગણાય નહિ; અને અંપાયરે અરધો ફેરો (હાફ રન) એમ જાણવું.

૪૯='અંપાયરે' 'ઓવર' એમ બોલ્યા પછી 'ડેડ બૉલ' એમ બોલવું; પણ બેઉ 'બૅટસમન'માંથી એક કોઇ 'આઉટ' થયો કે શું એ વિશે અંપાયરે પોતાનું મત બોલાશક આપવું. રમત બંદ થયા પછી એ વિશેની તકરાર કરવી નહિ.

૫૦=અંપાયરે સરત રમવી નહિ.

૫૧=એક રમતમાં ફેરવેલો 'અંપાયર' બેઉ પક્ષની મરજી શિવાય બદલવો નહિ. પણ જો '૫૦'મો કાયદો તોડયો હોય તો કોઇ પણ પક્ષવાલાઓએ તેને કાઢી મેલવો.

૫૨=જે પક્ષ બીજી વખતે પ્રવેશ કરે છે તેના પૉઇંટ પેહેલાં કરતાં ઓછા હોય તો આગલો પ્રવેશ (યાને ત્રીજો) બીજા પક્ષવાળાએજ કરવો.

એક દિવસની રમત.

૧=બીજી વખતે પ્રવેશ કરનારી 'ટીમ'ના સામી પક્ષ કરતાં '૬૦' પૉઇંટ ઓછા થયા હોય તો, આગલો એટલે ત્રીજો પ્રવેશ પણ તેઓએજ કરવો.

૨=પાંચ વખત અથવા છ વખત દડો આપી 'ઓવર' થાય એમ જોઇએતો રમત શરૂ થાય તેની આગમજ ઠેરવવું.

૩=રમત પુરી થઇ નહિ હોય તો પેહેલા દાવપરથીજ રમતમાં જીત્યા કોણ તેનો વિચાર કરવો.

એકવડી રમત.

નીચે દર્શાવ્યા મુજબ વધુ ઓછા ફેરફાર કરી ઉપર દર્શાવેલા સઘળા કાયદા આવી રીતની રમતને પણ બંદબેસતા છે.

૧=આગળ પાંચમા કાયદામાં કહ્યા પ્રમાણે એક વિકેટ દાટી તેની સામે એક સ્ટમ્પ દાટવો. અંતર આગળ જણાવ્યા મુજબ '૩૩' કદમ. આ સ્ટમ્પની લાઇનમાં એક 'બોલીંગક્રીઝ' આગળ જણાવેલા ૭ મા કાયદા મુજબ દોરવી.

૨=દરેક પક્ષના પાંચથી ઓછા શખ્સ હોય તો 'લેગસ્ટંમ્પ'* અને 'હાફસ્ટમ્પ' પાસેથી 'બાઉંડરી' કાઢવી.

૩=દડો આપ્યા પછી 'બેટસમને 'બાઉંડરી'માં રહી 'બૅટ'થી પાછો વાળવો જોઇએ, ત્યાર પછી તે સામે (દોડતાં) જઇ સ્ટમ્પને અથવા 'બૉલીંગક્રીઝ'ને બૅટથી અથવા શરીરના કોઇ પણ ભાગે સ્પર્ષ કરવો. અથવા તેનેથી થોડે દૂર નિકળી જઇ વળી ત્યાં પાછું ફરી 'પૉપીંગક્રીઝ'ની અંદર આવવું, એટલે એક રન થયો. બાઉંડરીની અંદર રહી સાદી અથવા દબલ રમતમાંના (એકના) બે 'રન' થાય એટલે એકવડીમાંનો એક થાયછે.

૪=દડાને ફટકો મારતી વેળા 'બેટસમન' નો પગ પૉપીંગ ક્રીઝની પાછલી જગામાં હોવો જોઇએ. 'આઉટ ઑવ ગ્રાઉંડ' હોય તો તેના કરેલા 'રન' ફોકટ જાયછે.

* 'વિકેટ' ના ત્રણ સ્ટમ્પમાંની કે જ્યાં બેટસમન ઉભો રહે છે તે બાજુનો જે સ્ટમ્પ તેને 'લેગસ્ટમ્પ' કહે છે. અને બીજાને વચલો અને ત્રીજાને 'હાફસ્ટમ્પ' કહે છે.

૫=દરેક પક્ષમાં પાંચથી ઓછા શખ્સ હોયતો 'બાઇ' અને 'લેગ બાઇ' દડા ગણવામાં આવશે નહિ. તેમજ 'વિકેટ' પાછળ દડો ઝીલીયાથી અથવા 'સ્ટંપ' પાડવાથી 'બેટસમન' આઉટ થતો નથી.

૬=ફીલ્ડ (મેદાન) ઉપર ઝીલવા સારૂ ઉભા રહેલા રમનારાઓએ દડો પાછો એવી રીતે ફેંકવો કે સામો 'સ્ટંપ' અને વિકેટની વચ્ચેથી અથવા બાઉંડરીમાંથી જાય; એ પ્રમાણે દડો પાછો આવે ત્યાંસુધી 'બૅટસમને' રન કર્યા જવું.

૭=બેટસમનનો એક રન થયો હોય અને આગલ તરતજ બીજો કરવો હોય તો તેણે 'બૉલીંગક્રીઝ'ને સ્પર્ષ કરવો અને ઉપલા કાયદામાં કહ્યા પ્રમાણે દડો પાછો આવે તે પેહેલાં આપણી જગા તરફ આવવા સામેથી પાછુ ફરવું જોઇએ. પણ બૉલીંગક્રીઝ ને સ્પર્ષ કરી પાછું ફરવા આગમજ દડો બાઉંડરીમાંથી આવે તો બીજો રન ગણવામાં આવતો નથી.

૮='લૉસ્ટ બૉલ' ખાતર બેટસમને ત્રણ રન વધુ લેવા. આ પ્રમાણે મેદાનમાં ઝીલનારા રમનારાના શરીરના કોઇ પણ ભાગથી દડો થોબાવિયો હોય તોપણ 'બૅટસમન'ના ત્રણ પૉઇંટ વધે છે.

૯=દરેક પક્ષમાં ૪ થી વધુ રમનારા હોય તો 'બાઉંડરી'ની જરૂર નથી. અને 'બાઇ' (બાજુપરના) તથા બાઇલેગ વગેરે વાંકા નાખવે થએલા સઘળા રન ગણવાં.

રમનારાઓને સુચના.

(બૅટસમેનને.)

૧=બૅટ તીરકસ નહિ પકડતાં સીધો પકડવો; કારણ કે બૅટ' સીધો ઢળતો પકડવાથી તેની પોળાઇ સામી બાજુએ વધુ દેખાયછે, અને તેથી દડાના માર્ગમાં વધુ અટકાવ થાયછે. પણ તીરકસ પકડવાથી દડાનો માર્ગ અટકાવી શકાતો નથી.

૨=જમણો પગ 'પૉપીંગ ક્રીઝ'ની અંદર રાખી વિકેટની વચલી લાઇનમાં પાસે ઉભું રહેવું. આથી પગ પાસેથી જનારો દડો અટકાવી શકાય. દૂર ઉભું રહેવાથી કદાચ એવા દડા ગબડતા જઇ વિકેટ પાડે છે, અંપાયર હુશિયાર નહિ હોવે 'લેગબીફોર વિકેટ' કહી કદાચ આઉટ કરશે. પણ બરાબર રીતે જોતાં જે દડા સીધા નહિ આવતાં જરા વાંક લઇ આવેછે; તે પગથી અટકે તો કાંઇ 'લેગબીફોર વિકેટ' થતું નથી.

૩=સાધારણ રીતે જમણો પગ સ્થિર રાખવો અને ત્યાંથી એક ફીટ ઉપર ડાબો પગ રાખવો, અને બૅટ મારતી વેળા ડાબોજ પગ આગળ પાછળ જોઇએ તેમ ફેરવવો, અને જમણો પગ ઘણોખરો ખસાડવો નહિ.

૪=દડો આપનારો દડો કેમ આપે છે તે ધ્યાનમાં રાખવું. કારણ કે તે કેમ આપશે ને કેમ આવેછે તે ધ્યાનમાં રાખવાથી તે પ્રમાણે પોતાને હુશ્યાર રહેવું પડે છે.

૫=દડો ફલાનેજ ઠેકાણે આવશે ને ત્યાંથી 'બૅટ'થી મારીશું એવા ખ્યાલમાં રહેવું નહિ; પણ દડો કેમ આવેછે તેનાપર ધ્યાન આપવું; કેટલીક વખતે દડો વાંક લઇ આવે છે, એટલે આપણું ધારેલું ફેંકટ જાયછે.

૬=ફટકો સામોજ મારવો એમ કાંઇ ફરજ નથી પણ ઉલટો મારી દડો બાજુ તરફ હડસેલ્યાથી કાંઇ હરકત નથી. તોપણ બને ત્યાં સુધી સામોજ ફટકો મારવો વધુ બહેતર.

૭=દડાને ફટકો મારતી વેળા 'વિકેટ' પછવાડે ફરવું નહિ. કારણ આથી વિકેટને 'બૅટ' લાગી 'વિકેટ' પડવાનો સંભવ રહેછે.

દડો આપનાર (બૉલર)ને સુચના.

૧=પેહેલાં નીચે હાથે દડો આપવાની ચાલ હતી, તે રીત હવે નિકળી જઇ આડો લાંબો હાથ કરી ઉપરથી દડો આપવાની ચાલ પડી છે. રમનારે કોઇ પણ એક રીત એખત્યાર

કરવી અને એઉ હાથે દડો આપવાની ટેવ રાખવી.

૨=ઘણા દુરવેરથી દડો ફેંકવાની કોશેસ કરવી નહિ. પ્રથમ ૪૪ કદમથી યા ૩૬ કદમ ઉપરથી દડો આપવાની ટેવ પાડી હોય તો હરકત નહિ. આગળ જતાં ૪૪ કદમથી દડો સેહેજ ફેંકાઇ શકાશે.

૩=દડો આપતાં કેટલાક પગલાં પાછલ હટી 'રીટર્ન ક્રીઝ' સુધી દોડતાં આવવું પડેછે. પાછળ હટવાનો તેમ આગળ વધવાનો પણ ચોક્સ નિયમ રાખવો. દોડતી વખતે સીધું દોડવું. વાકાં તીકાં પગથી દોડવું નહિ.

૪=દડો ફક્તાનેજ ઠેકાણે જમીનને જઇ લાગશે એવી રીતનો માહવેરો રાખવો.

૫=સીધો દડો ફેંકતા આવડે એટલે વાંકી રીતે દોડતાં શીખવું.

૬=ઘણા હલકા હાથે દડો ફેંકવો નહિ. કારણ કે તેને જરા બેટનો સ્પર્ષ પુરતો થાયછે.

'ફીલ્ડસમેન'ને સુચના.

૧=ફીલ્ડસમેનનું કામ શિખ્યા વનાં આવડતું નથી. 'ફીલ્ડ' સંભાળની કાંઇ સેહેલ નથી. જે રમનારને સારી રીતે 'ફીલ્ડ' સંભાળતાં આવડે છે તેને જો 'બેટસમેન'નું કામ નહિ આવડે ને થોડું ઘણું જાણતો હોય તોપણ તે રમતની બાબતમાં વધુ અગત્યનો ગણાવો જોઇએ.

૨=ફીલ્ડમેનના ઉભા રહેવાની જગા સંબંધી વ્યવસ્થા 'બેટસમન'ની રમત ઉપર આધાર રાખે છે. એક રમનાર જો બેટસમેન હોય તે વખતે જે ફીલ્ડસમેનની જગા હોય તે બીજાના વખતમાં બદલવી પડે છે.

૩=દરેક ફીલ્ડસમેનનું ધ્યાન દડો કેમ આપવામાં આવેછે અને તેને 'બેટસમેન' કેમ પાછો વાળેછે તેપર હોવું જોઇએ.

૪='ફીલ્ડસમેને' દડો પાસે આવવાની વાટ થંડેપણે જોયા કરવી નહિ; પણ આગળ વધી તે દડાને પકડી પાડી ઠેકાણે પાડવો જોઇએ. ઝીલતાં જો નહિ આવડે તો હરકત નહિ, પણ દડો પકડી પાડવામાં વખત લગાડવો નહિ, અને દડો ઉચકાયાથી સામી લાઈનમાં વિકેટ કીપરના હાથમાં જાય એમ કરવું.

૫=જરૂર હોય તોજ 'બૉલર' તરફ ફેંકવો નહિતો વિકેટ કીપર તરફજ ફેંકવો.

૬=દરેક ફીલ્ડસમેનને દોડતાં અને દડો ચોકસ નાખતાં આવડવું જોઇએ. દડો બેઉ હાથે ઝીલવો, અને દડાની ઝડપ પ્રમાણે હાથ જરા પાછા હટાવવાં. એવી રીતે હાથને ઘણું વાગશે નહિ, અને હાથમાંથી છટકી જશે નહિ. એક હાથે પણ દડો રમવાની ટેવ પાડવી.

૭='વિકેટ કિપરે' વિકેટ પાછળ જમણો પગ આગળ, અને ડાબો પાછળ રાખી ઉભું રહેવું, અને તેનું દર વેળા દડા તરફ ચોકસ ધ્યાન રહેવું જોઇયે. જો દડો પાસેથી પસાર થતો હોય તો પકડવો, પણ ઘણે છેટેથી જતો હોય તો આપણી જગ્યા છોડવી નહિ એ સારૂં.

ક્રિલોફ આઇવાન એન્ડ્રી વિચ—આ પ્રસિદ્ધ રશિયન લેખકનો જન્મ ૧૪ મી ફેબ્રુવારી ૧૭૬૮માં મૉસ્કો ખાતે થયો હતો. એ જ્યારે ૧૪ વર્ષની વયે પુગો ત્યારે એનો પિતા મરણ પામ્યો. આથી એણે સેંટપિટર્સ બર્ગ ખાતે સરકારી ઑફીસમાં નોકરી મેળવી તેટલાં ૧૭૮૮માં માતાનાં મરણથી એણે તે નોકરી તજી નાટકો લખવાપર લક્ષ આપ્યું; તેમજ એક ચોપાન્યાં સાથે જોડાઇ તેમાં લખાણો કરવા માંડયા. તે પછી ૧૮૦૪ સુધી એણે પ્રિન્સ સરજીયસના ખાનગી સેક્રેટરી તરીકે કામ બજાવ્યું. ૧૮૦૫ માં મૉસ્કો ખાતે એણે પોતાની લખેલી વાર્તા કવિ ડેમિટ્રીફને બતાવવાથી તેણે તે મોસ્કો સ્પેકટેટરમાં દાખલ કરાવી. ૧૮૦૯માં એણે પોતાની ૨૧ વાર્તાઓનો એક સંગ્રહ છપાવ્યો, ને તે પછી ૧૮૧૧ માં બીજી એકવીસ વાર્તાનો ગ્રંથ પ્રગટ કર્યો. તે પછી ૧૮૧૧માં પાદશાહી પુસ્તકાલયમાં નોકરી મેળવી. એનું મરણ ૨૧ મી નવેંબર ૧૮૪૪ માં નિપજ્યું,

ક્રિલોફ પોતાના દેશમાં એક બાહોશ લેખક, આગેવાન પુરૂષ અને બીજાં સારા ગુણોથી અતી લોકપ્રિય થઈ પડેલો હોવાથી એના મરણથી પ્રજા ભારે શોક પામી હતી. આથી એની યાદગારીમાં મારફોના 'સમર ગાર્ડન' માં એક એનું કાંસાનું પુતળું પ્રજા ઉધરાણાથી ઉભું કરવામાં આવ્યું છે.

ક્રિશ્ચાનિયા—નાર્વેનું આ મુખ્ય શેહેર પુરાણા ઓસ્લો નામના ગામને ઠેકાણે ૪ થા ખ્રિસ્તને ૧૭ મી સદીમાં વસાવ્યું હતું. લોક વસ્તી પરાંઓ સાથે ૧,૪૮,૩૨૦ની છે.

અતરે લાકડાં, કાગળ, ખેાળ વગેરેના કારખાનાં છે, પણ પરદેશથી મોટા જથ્થામાં માલ આવેછે. અત્રેનાં રસ્તા લાંબા ને લગ ભગ ૪૦ ફીટ પોહળા હોઇ જગેજગ મોટા ચોકોથી શેહેર સુંદર બનાવ્યું છે. એક તેકડી ઉપર રાજ્ય મેહેલ હોઇ તેની પાસે કાર્લેન્જેહાનનું બાવલું છે. અત્રેની યૂનિવ્હરસિટીમાં ૧૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરેછે. તેના પુસ્તકખાનામાં ૨,૫૦,૦૦૦ છાપેલા ગ્રંથો ને ૧૦૦૦ હસ્તલેખોછે, અત્રેની પાર્લામેંટનું સ્ટોર્થિંગ ઇમારત અતિ મોટી છે.

ક્રિષ્ના—(જુવો કૃષ્ણા.)

ક્રિષ્નાગરી—મદ્રાસ ઇલાકા સેલમના જીલ્લામાં આ કિલ્લો અતિદારૂણ જગ્યામાં ભયંકર ખડક ઉપર ૭૦૦૦ફીટ ઉચાંઈ પરછે. આ કિલ્લામાંના ટાંકામાંથી સ્વચ્છ પાણી નિકળેછે. તેમજ ઉપર સ્વચ્છ ઝરો વહેછે. આ કિલ્લા નજદીક એક નાહનું ગામડું છે. સેલમની ઉત્તરે ૬૦ મૈલપર અને મદ્રાસની દક્ષીણ પશ્ચિમે ૧૫૦ મૈલપર છે.

ક્રીટ—મેડીટરેનિયનમાંનો આ તૂર્ક ટાપુ યૂરોપનાં છેક દક્ષિણ ભાગમાં ગણાય છે. ગ્રીસમાં આ ટાપુ કેપીમૅલીઆની દક્ષિણે ૬૦ મૈલપર છે અને એશિઆ માંઇનરમાં કેરોનાં ભૂશિરની દક્ષિણ પશ્ચિમે ૧૧૦ મૈલપર છે. રોહડસની દક્ષિણે દક્ષિણ પશ્ચિમમાં ૧૦૦ મૈલપર અને સાયપ્રસની પશ્ચિમે ૩૦૦ મૈલપર છે. એની લંબાઈ ૧૫૨ મૈલની છે ને પોહલાઇ ૩૦થી ૩૭ માઇલની છે. એનું જુમલે ક્ષેત્રફળ ૩૩૨૬ ચૌરસ મૈલ છે. અત્રેની આબો હવા સુખાકારી ભરી હોઇ વર્સાદ માત્ર ૨૭ ઇંચ પડે છે. ક્રીટનો મુખ્ય કરી પશ્ચિમ ભાગ પહાડી હોઇ ત્યાં સફેદ પર્વતો આવેલાં છે. મધ્યમાં એડા પર્વત ૮૦૫૫ ફીટ ઉંચો છે. આસપાસની ખીણો અતી ફળદ્રુપ છે. ઉત્તર તરફનો સમુદ્ર કાંઠો ઉંડો હોવાથી ત્યાં ઉત્તમ બંદરો આવેલા છે. તેમાં ઉત્તર તરફ સુડામે તથા દક્ષિણે રેઅરહેવનના સારાં બંદરો છે. અત્રે મુખ્ય પેદાશ ફળફળાદીની છે. નારંગી તથા લીંબુ મુખ્ય કરી વખણાય છે. વાઇન દારૂ પુશકળ બનેછે. જંગલ ઑલિવ્હ વૃક્ષથી છવાયલાં છે. મુખ્ય નિકાશ માલ ઑલિવ્હ તેલ, સાબુ, ઉન, પનીર, ઓકોર્ન, ફરૂટ વગેરેછે. ક્રિટના કિનારાપર સ્પંજ પુશકળ જડેછે. લોક વસ્તી ૨,૬૪,૨૬૨ ની છે. મુખ્ય પ્રજા ગ્રીકોની વંશજ છે અને ફુ ભાગ ખ્રિસ્તી ધર્મ પાલે છે. ક્રિટની પ્રજા બહાદુર, મજબુત બાંધાની અને સ્વતંત્રતા ઇચ્છનારી છે. ક્રિટનો ટાપુ ઓટોમન સરકારને તાબે છે. હોમર કવિના જણાવવા મુજબ આગળ ક્રિટમાં ૧૦૦ શેહેરો હતાં પણ હાલમાં માત્ર ૩ છે.

આ ટાપુ સાતમી સદીની આખેરીમાં મોહમેદન રાજયને તાબે હતો. આ વખતે ઇસલામી શેહેનશાહત બગદાદના આબ્બાસી ખલીફા તથા કોરદોવાના ઉમૈયા ખલીફા વચ્ચે વેંહચાઇ ગએલી હતી, જે બન્ને પક્ષો વચ્ચે સખત હરીફાઇ ચાલતી હતી.

સ્પેન જે વેળા આરબોને તાબે હતું તે વખતે આરબોનો એક કાફલો સિરિયા તથા ઇજીપ્તના કોસ્ટા ઉપર લુટ ચલાવવા માટે ઉપડયો હતો. પોતાની સફરમાં મનમાંગતી ફત્તેહે મેળવીને સ્પેન ભણી પાછાં ફરતાં વાહાણો માટે લાકડાં, પાણી વગેરે ભરી લેવા એક કાફલો ક્રિટમાં ઉતર્યો. કાફલાનો સરદાર ક્રિટનો ફળદ્રુપ ટાપુ જોઇ એટલો તો ખુશ થઇ ગયો કે આ ટાપુ જીતી લેવાને તેણે ઠરાવ કર્યો. આ ટાપુ જીતવો અથવા આખી

ફ્રેન્જે કપાઇ મરવું એવા ડેરાવથી તેણે પોતાના કાફલાના સર્વે વાહાણો બાળી નંખાવ્યાં અને ક્રિટના કિનારા ઉપર છાવણી નાખી. પછી સઘળે ચઢાઇ કરી આ ટાપુ જીતી લઇ જ્યાં પ્રથમ લંગર કર્યું હતું ત્યાં શેહેર વસાવી તેનું નામ કેનદિયા (ક્રિટ) પાડયું. ક્રિટ જીતનાર આરબો બે સદી સુધી આ ટાપુમાં બહુ પગભર થઈ રહ્યા હતા અને તમામ કોસ્ટા ઉપરના ખ્રિસ્તી મુલકો ઉપર અવારનવાર ચઢાઇઓ કરી ખ્રિસ્તીઓના સફરી વાહાણોને જબરો ત્રાસ આપ્યો હતો. તે પછી ઇસલામી દેશની પડતી થતાં ગ્રીક શેહેનશાહ નિસીફોરસે ક્રિટનો ટાપુ આરબો પાસથી જીતી લીધો અને ઇસ્લામીઓપર ભારે જુલમ વરસાવ્યો હતો.

'બાઇઝેનટાઇન' શેહેનશાહની પડતી વેળા આ ટાપુ વેનિશિયનોએ જીતી લીધો. ૫૦૦ વર્ષ સુધી ક્રિટનો ટાપુ વેનિશયનોનો એક આબાદ તથા ફળદ્રુપ મુલક તરીકે ગણાતો હતો. પણ ક્રિટની ગ્રીક પ્રજા અને તેમનાં વેનિશયન રાજ્યકર્તાઓ વચ્ચે સદા અનબનાવ ચાલ્યા કરતો હતો. તર્કીનાં સુલતાનો અતિ બળવાન થઈ પડયા તે વખતે તેઓએ ક્રિટપર નજર રાખી પણ બીજી જંજાલોમાં ગુંતાવાથી ક્રિટપર હુમલા કીધા નહિ.

સુલતાન ઇબરાહિમના વખતમાં તે સુલતાનના જનાનાની કેટલીક બાનુઓ મક્કે હજ્જ કરવા ગઇ હતી. આ બાનુઓ હજ્જ કરી પાછી ફરતી હતી તે વખતે માલટાના ખ્રિસ્તી રહેવાશીઓના કેટલાક વહાણોએ તેમને કેદ પકડી ક્રિટમાં આણી ગોલામડી તરીકે વેચી નાખી. આ બનાવની ખબર મળતાં તે વેનિશયનો ઉપર કોપ્યો, પણ વેનિશયનોએ માફી ચાહી ભેટ સોગાદો મોકલી તેનો કોપ શાંત કીધો. સુલતાને તે વખતે બહારથી મિત્રાચારીનું ડોલ ધાલી અંદરખાનેથી તેઓ ઉપર વેર લેવાનો નિશ્ચય કરી માલટાના ખ્રિસ્તીઓ સામે ચઢાઇ કરવાનો ડેડાવ કરી એક મોટો કાફલો તૈયાર કરાવ્યો અને પછી કાફલો અચણુચ ક્રિટપર ચઢિ ગયો. વેનીશયનો આ ઓચીંતા હુમલા સામે બીલકુલ તૈયાર નહિ હોવાથી કેનડીયા બંદર શિવાય આખો ટાપુ મુસલમાનોને સેહેલાઇથી મળી ગયો. આ વેળા વેનિશયનોએ કુન્હે વાપરી બીજે કેથે તુર્કો સાથે નહિ લઢતાં કેનડીયા બંદરમાં પોતાની સઘળી ફોજ ભેગી કરી બંદરનો મજબુતીથી બચાવ કર્યો. બાકીનાં ટાપુ મુસલમાનોના કબજામાં જવા છતાં તેઓ કેનડીઆ જીતી શક્યા નહિ. અને આ બંદર આગળ તેઓ અને વેનિશયનો વચ્ચે ૨૪ વર્ષો વેર લાગટ લઢાઇ ચાલી.

'વેનિશયનો દર્યાઇ બળમાં તૂર્કીઓ કરતાં ચઢીયાતા હોવાથી, તેઓએ ડારડેનલ્સના દરિયામાં પોતાનાં વાહાણો મોકલી તૂર્ક કાફલાના મોટા ભાગને ત્યાં ઘેરી રાખ્યો. આખો ક્રિટનો ટાપુ હાથ કીધા છતાં કેનડીયા નહિ જીતાવાથી ક્રિટ જીતનાર સરદાર યુસુફ પાશાને ઇનામને બદલે તેનું માથું કાપી નખાવ્યું. પણ તે પછી થોડાજ વખતમાં સુલતાનનું ખૂન થયું. તે પછી સુલતાન મહમદ ૪થો ગાદીએ બેઠો. દર્યા માર્ગે કેનડીયનો મજબુત બચાવ કરનારા બહાદુર વેનીશયનોને તેમના પોતાનાજ વતન તરફથી નહિ પણ યૂરપના ઘણા ભાગો તરફથી લઢવૈયાઓની મદદ મળી.

સુલતાન મહમદ ૪ થાનો વડો વજીર 'અહમદ ફ્રેજી કુપરીલી' અતિ બાહોશ માણસ હતો. તેણે પેહેલાં સારા કારોબારથી તુર્ક શેહેનશાહાતમાં આબાદી અને સમાધાની ફેલાવી કેનડિયા જીતવાનું કામ હાથ ધર્યું. વેનીશયનો દર્યા માર્ગે આવેલા હોવાથી તેમનું તે બળ તોડવા તેણે એક મોટો બળવાન તુર્ક કાફલો તૈયાર કરાવ્યો. આ કાફલાની મદદથી કેનડિયા ઉપર એક તરફથી દરિયા માર્ગે ઘેરો નાખ્યો. આ ઘેરો ૩ વર્ષ સુધી રહ્યો.'

'વેનીશયનો'નો સરદાર 'કેપટન મોરોસીનીખી' બહુ કુશળ અમલદાર હતો. તેણે અતિ બહાદુરીથી તૂર્કીઓને આ વખતે ઘણા હંફાવ્યા પણ અંતે વેનીશયનો થાકા અને

મોરોસીનિએ શરત કરી કે વેનિશયનોને વગર હરકતે સમુદ્ર માર્ગે પોતાને વતન ચાલી જવા દેવામાં આવશે તો તેઓ પોતાનું બંદર તૂર્કીઓને હવાલે કરશે, આ શર્ત સામી તરફથી સ્વિકારવામાં આવી, જેથી વેનિશયનો પોતાની માલમત્તા લઇ ચાલી ગયા અને તૂર્કીઓ આખા ક્રિટના માલેક થયા.'

'ફતેહમંદ લશ્કરીઓને ટાપુની જમીન જાગીર તરીકે મળી. ક્રિટના ઘણાક ગ્રીક વતનીઓ પોતાની માલ મીલકત બચાવવાને માટે વટલીને ઇસલામી થયા. તે પછી એક સદી સુધી ક્રિટપર તુર્કીઓએ સમાધાનીથી હાકમી ભોગવી, પણ ૧૮૨૧ માં મોરિયામાં બળવો ફાટી નિકળ્યો. તે વખતે તે ક્રિટમાં પણ ફેલાયો. તે વેળા ખ્રિસ્તીઓ તથા ગ્રીકો વચ્ચે મોટી મારામારી થઈ.'

'અંતે ઇબ્રાહિમપાશાએ આ બલવો સમાવી દીધો. તે પછી ૧૮૯૧ ના સુમારમાં ફરી બળવો ફાટયો ત્યારે એડમિરલ હોબાર્ટ પાશાએ તે શાંત કર્યો. તે પછી ગ્રીસની અરજ ઉપરથી યુરપનાં મોટા રાજ્યોએ વચ્ચે પડી ક્રિટને સ્વરાજ્યનો હક્ક અપાવ્યો અને ખ્રિસ્તી હાકમની સરદારી તળે આ નવો કારોબાર ચાલુ કીધો પણ બેઉ વિરોધી ધર્મ પક્ષ વચ્ચે કુસંપ ચાલુ રહેતાં ગ્રીકોનું ચલણ વધી ગયું અને તેઓએ ક્રિટને ગ્રીક સરકારને હસ્તકત કરવા માટે ૧૮૯૬ માં બળવો કર્યો. આ બળવામાં ગ્રીક સરકારે ભાગ લેતાં તૂર્કીઓએ તેને સજ્જડ હાર આપી પોતાનું વડપણ પુરવાર કર્યું હતું.

ક્રીસ્તોદાસપાલ રાયબહાદુર—આ વિદ્વાન પુરૂષનો જન્મ ઇ. સ. ૧૮૩૫ માં થયો હતો. એણે બચપણથી સારો વિદ્યાઅભ્યાસ સંપાદન કરવાથી ટુંક વયમાં ઇંગ્રેજી ભાષાનું અસાધારણ જ્ઞાન સંપાદન કર્યું. ૧૮૬૦ માં તેણે 'હિંદુપેટ્રીયટ' નામે વર્તમાન પત્ર પ્રગટ કરવા માંડયું. આ પત્રમાં આવતા લખાણોથી તે આગેવાનદેશી પત્ર તરીકે આખા હિંદમાં પ્રસિદ્ધતા પામ્યું. પોતાની ટુંક વયમાં બંગાલના લેફ્ટનન્ટ ગવરવરના કાયદા કૌનસીલમાં જગા મેળવ્યા પછી લૉર્ડ નૉર્થબ્રુકના સમયમાં ગવરનર જનરલની કૌનસીલના સભાસદનું પદ મેળવ્યું. તેમજ તે પછી રાયબહાદુર અને સી૦ આઇ૦ ઇ૦ ની પદ્વિ મેળવી. આ વિદ્વાન અને લોકરક્ષી પુરૂષનું મરણ ૪૯ મે વર્ષે ઇ૦ સ૦ ૧૮૮૪ માં નિપજ્યું હતું.

ક્રીનમ—આ ફુલઝાડની અનેક જાતો છે. એનીપર ઘણું કરી સફેદ ફુલો આવે છે. અને તે ઘણાં સુગંધીત હોય છે. એના વૃક્ષને ભિની જમીન જોઇએ. જે વેળા તેની પર ફુલોનો બહાર આવે છે ત્યારે તેની પર પાણી ઘણું સીંચવું પડે છે, નવાં ઝાડ જૂદી જૂદી ગાંઠો વાળીયાથી ઉગે છે અને વર્સાદમાં તેનીપર ફુલો આવે છે.

ક્રીપર—આ યૂરોપિયન ખ્રિસ્તનાં ઉત્તર હેમ્પશાયરનાં ભાગોમાં જણીતું પક્ષી છે, એ રંગે ચીક્ષા કાળાસપર હોઇ તેની પીઠપર પીળી છાંટ હોય છે પણ પેટ તરફનો ભાગ સુદ્ધ સફેદ પીછાંથી ઢંકાયલો રહે છે. એની ચાંચ લાંબી અણીદાર હોય છે. પુછડી લાંબી ને પીછાંથી ભરપુર અણીયાલી હોય છે. આ પક્ષી મૂળ, કંદ અને ફળપર નિર્વાહ કરેછે. આ પક્ષી પોતાનો માળો મુખ્ય કરી જુના ઝાડના પોખાળ ખાડામાં કરેછે.

ક્રીલ—મીલમાં તાણાના સાંચાને લગતો એક ભાગ. એ એક લાકડાંનુ ચોખ્ખટું હોય છે, જેને તાણાનાં સાંચાની પછવાડે મુકેલું હોય છે, કે જેની ઉપરના મોટા બિંબો મેળેલી હોય છે. આ ક્રીલની ઉપર ક્રીલપેઝ મેળેલી હોય છે, ને તે પર ગોઠવેલી બૉબિનો ફરેછે.

ક્રીષ્ણપૂર—આ સુંદર પાંદડાનું ઝાડ ૪ થી ૫ ફીટ ઉંચા વધે છે. એના પાંદડા વર્સાદમાં લીલા રંગના બને છે, પણ તે થંડીની ઋતુમાં એકદમ લાલ રંગના બને છે, ત્યારે તે ઝાડ ઘણાજ સુંદર દેખાય છે, તે સાધારણ જમીનમાં ઉગે છે. તેને પાંચ દિવસ આંતરે પાણી સીંચવું પડે છે. એનો રસ

ઉકાળીયાથી તેનો 'ગટાપર્ચા' જેવો પદાર્થ બને છે. નવાં ઝાડ કલમ કરેલી ડાંખળીથી ઉગાડી શકાય છે. એના બીજી જાતનાં પાંદડાનો થંડીમાં સફેદ રંગ થાય છે.

ક્રિશ્ચીયન હેનેકન—આ અસાધારણ મગજશક્તિ ધરાવનાર બાળકનો જન્મ જર્મનીમાં લુબેલ શેહેરમાં ૧૭૨૧ માં થયો હતો, એના વિશે જણાવવામાં આવેછે કે એ જન્મ્યા પછી થોડા કલાકમાં અછી રીતે બોલવા લાગેા હતેા, અને ૧૨ માસની ઉમરનેા થતાં તેણે અસાધારણ અભ્યાસ કરી સહુને અજાય કર્યા હતા. માતાએ તેનું ધાવનું છોડાવ્યા આગમજ તેને શીખવવા માટે એક શિક્ષક રાખવામાં આવ્યેા હતેા, ૧૨ માસની ઉમરનેા થતાં તે ખ્રિસ્તી ધર્મના જુના ગ્રંથમાંની કેટલીક વાતેા જાણતેા થયેા હતેા અને ૧૮ માસનેા થતાં તે તમામ અભ્યાસ કરી રહ્યેા હતેા. ૧૯ મે મહીને તે ખ્રિસ્તી ધર્મ ગ્રંથના નવા કરારની ઘણીક વાતેા શિખ્યેા હતેા. બે વર્ષની ઉમરનેા થતાં પ્રાચીનકાળની તવારીખ તથા જગત ભૂગેાળ શીખી રહ્યેા હતેા અને તે શિવાય લાટીન ભાષાનાં આઠ હજાર શબ્દેા તેમના અર્થ સાથે તેણે પાઠ કર્યાં હતાં, ૪ થે વર્ષે તેને ધર્મની તવારીખ શીખવવામાં આવી હતી જેથી તે એટલેા તેા પ્રસિદ્ધતામાં આવ્યેા કે તેના વિદ્યા અભ્યાસની પરીક્ષા લેવા માટે નામાંકિત ગ્રહસ્થેા દૂર દેશાવરેાથી મુસાફરી કરી તેને ઘરે જતા હતા.

૪ વર્ષની વયે તે ફ્રેન્ચ ભાષા બેાલી શકયેા પણ લખી શકયેા નહિ, તેથી તેને તે લખવા માટે એક મદદનિશ શિક્ષક રાખવેા પડયેા હતેા. તે ભૂગેાળ વિદ્યામાં ઘણેા કુશળ હતેા. તેની આવી અસાધારણ બુદ્ધિ બળે તેનું બેજું ઘણું તેજ થયું હતું પણ બદન તવાયલું હતું, તેથી તેની તબીયતપર માઠી અસર થઇ. એક સમયે તે માંદેા હતેા ત્યારે તેને ખ્યાલ આવ્યેા કે ડેનમાર્કના રાજા ૪થા ફ્રેડરીકને તેના પાયતખ્ત શેહેર કોપેનહેગનમાં જઇ મળી પેાતાને હાથે દોરેલાં રંગીન નકાશા તેને ભેટ આપવાથી તેની માંદગી દુર થશે. પેાતાને આ ખ્યાલ આવતાં પેાતાની મા સાથે તે પાયતખ્ત શેહેરમાં ગયેા. રાજાએ તેને બહુ માન આપી તેના વિદ્યા અભ્યાસની પરિક્ષા લઇ ઘણેા ખુશી થયેા અને તેને નવાજી તેહાલ કીધેા. તે પછી અમીર ઉમરાવેાના એક ખાસ મેલાવડા સનમુખ તેણે છટાદાર ભાષણ કર્યું હતું.'

ક્રીશ્ચીયન હેનેકન જોકે અસાધારણ બુદ્ધિ બળ ધરાવનાર હતેા ને તેથી તે ઘણા ડાહાપણભર્યા ભાષણેા કરતેા તેાય કેાઈ વેળા નાહના બચ્ચાં પ્રમાણે રમત રમવા મંડી જતેા ત્યારે તેને સાંભળનારાઓને ઘણી રમુજ મળતી. તેણે નાહની વયમાં અસાધારણ અભ્યાસના બોજાથી પેાતાની નબળી દેહનેા નાશ કર્યેા હતેા, અને તેથી તે માંદગી ભેાગવી ઇ. સ. ૧૭૨૫ માં ૨૭ મી જુને સાડાચાર વર્ષની વયે મરણ પામ્યેા હતેા.

ક્રિસ્ટી ડિપિઝાંન—આ કવિએણનેા જન્મ ૪૦ સ૦ ૧૩૬૧માં વેનીસમાં થયેા હતેા. એ જ્યારે પાંચ વર્ષની હતી ત્યારે તે પેાતાના પિતા સાથે પેરીસ જઇ રહી. એનેા પિતા પાંચમા ચાર્લસની દરબારમાં જોતીષી તરીકે હતેા. એણે ફ્રાંસની દરબારમાં સર્વ પ્રકારનેા વિદ્યા અભ્યાસ કર્યેા. ૧૫ મે વર્ષે એના લગ્ન થયાં તે પછી ચાર્લસ મરણ પામવાથી એનેા પિતા નીરાધાર થયેા પણ જલ્દી મરણ પામ્યેા. તે પછી થેાડા સમયમાં એનેા ભરતાર મરણ પામવાથી એ ૨૫ વર્ષની જુવાન વયે ત્રણ બાળકેા સાથે નીરાધાર થઇ પડી. પણ ક્રીસ્ટીએ લખાણેા કરી નિર્વાહ કરવાનેા નિશ્ચય કરવાથી પાંચ છ વર્ષની મુદત દરમ્યાન મેાટાં મેાટાં ૧૫ ગ્રંથેા રચી જાણીતી થઈ. એનું આવું અસાધારણ બુદ્ધિ બળ જોઈ ઇંગલંડના ૪ થા હેન્રિએ તેને પેાતાની દરબારમાં ખાસ જગા આપવાનું જણાવીયું પણ તે માગણી સ્વિકારિ નહિ. એજ મુજબ મિલાનના રાજાએ પણ તેણીને આશ્રય આપવા

જણાવ્યેા પણ તે ફ્રાન્સ છોડી કદી બાહેર ગઇ નહિ. ફ્રાન્સમાં ક્રિસ્ટીનને ૬ ઠા ચાર્લસે, બરગંડીના ડ્યૂકે તથા ગીએનના ડ્યૂકે ઉદાર આશ્રય આપ્યેા હતેા, આ વેળા ચારેા તરફ જે ખૂનામર્કી ચાલતી હતી તેવે પ્રસંગે એણીએ લેાકેાને ઘણા બેાધક ઉપદેશેા કર્યા હતા. એનું મરણ ૧૪૩૧માં નિપજ્યું.

ક્રીસસ—એ લીડિયાનેા પાચમેા ને છેલ્લેા પાદશાહ હતેા. એ ૪૦ સ૦ પૂર્વે ૫૫૭માં ગાદીનશીન થયેા. એને પેહેલાં દરેક કામમાં જય પ્રાપ્ત થયેા તેથી તે મેાટેા શ્રિમંત થયેા, એક દિવસે શ્રિમંતાઇ અને સત્તાના ગર્વથી અથેન્સના જાણીતા તત્વવેત્તા સેાલનને બેાલ્યેા 'જુઓ હું કેવેા ખરેા નશીબવંત છેઉ? ત્યારે સેાલન બેાલ્યેા મનુષ્ય મરતાં સુધી ભાગ્યવાન છે કે નહિ એવું કહી શકે નહિ". જ્યારે ઇરાની કયખશરૂ પાદશાહે એની સરહદ સુધી પેાતાની સત્તા લંબાવી ત્યારે જાગૃત થયેા અને લઢવા માટે તૈયાર થયેા. એની પાસે બેશુમાર દ્રવ્ય હતું અને તેની સંપતિ કુબેરના ભંડાર સાથે સરખાવવામાં આવતી. લઢાઇમાં જવા આગમજ એણે એપેાલેા દેવતાની પુજારણને લઢાઇના સેવટ વિષે પ્રશ્ન પુછ્યેા. પુજારણે સમાધીમાં બેસી જવાબ વાળ્યેા કે "ઇરાન સાથે લઢશે તેા એક મેાટા રાજ્યનેા નાશ થશે. ". જે નાશ પામનાર મેાટું રાજ્ય તે ઇરાનજ હશે એવું સમજી કયખશરૂની (સાયરસ) સામે થયેા. આ સ્વારીનું પરીણામ જાણવા જોગ નહિ આવવાથી ક્રીસસે ઇજીપ્તના રાજાની મદદ મેળવી પણ કયખશરૂએ યૂહ ચાતૂર્યથી થિંબ્રાની પાસેની લઢાઇમાં ક્રિસસને સખ્ત હાર આપી સાંર્ડીસ રાજ્યધાનીમાં નહસાડયેા; અને પછી તે શેહેર પણ કબજે કરી ક્રીસસને કેદ કરી ઇરાન લઇ ગયેા. જ્યારે એને સાયરસે બાળી નાખવાનેા હુકમ કર્યેા અને તેને એક થાંભલા સાથે બાંધી નીચેથી ચીત્તા સળગાવી ત્યારે ક્રીસસ મેાટે સાદે 'એ સેાલન! સેાલન! તાહરૂં કહેવું ખરૂં છે !" એમ બેાલ્યેા. સાયરસે તેનું કારણ પુછ્યું. ત્યારે તેણે મનુષ્ય સુખી કે નહિ તે સેાલન સાથના સંવાદની વાત કહી. આથી સાયરસે એની પર દયા આણી માનભરતથી પેાતાની દરબારમાં નજર કેદ રાખ્યેા હતેા.

ક્રીસેાકલેાર—આફ્રિકામાં રેતીમાં કેાતર કરી રહેનાર એક જાતનું પ્રાણી. આ પ્રાણીની અનેક જાતેા તે તરફ વસેછે, તેમાં એક જાતના ચળકતા બદામી રંગના બાલવાલા હેાયછે. એક બીજી જાત જાડા રૂવાટાંવાલું જાડી ચામડીનું ક્રીસેાકલેાર હેાય છે. તેમનાં નસકેારાં તારા જેવા આકારની ચામડીથી વિભાગેલાં હેાયછે. તેમના કાનનાં છિદ્રેા દેખાતાં નથી અને આંખેા ટુંકી હેાવાથી તે પાંચ ટુંકા આંગળા ધરાવેછે. બીજી એક જાતના ક્રીસેાકલેાર લાંબા મેાહડાના, પાછલ કાનવાલા ને આગલા નખવાલા પગને ૩ આંગળાં ને પાછલા ચપટા પગને પાંચ આંગળાં હેાયછે. આ પ્રાણીને પુછડી તેના કદ પ્રમાણે નાહની મેાટી હેાયછે પણ તે તેના શરીર કરતાં ટુંકી હેાયછે.

ક્રૂસેડ—ક્રાન્સ માહેલા અમિઆંગામનેા એક ખ્રિસ્તી જોગી જેરૂસલેમમાં પવિત્ર યાત્રા અર્થે ગયેા હતેા. તેજ સમયે પેલેસ્તાઇનમાંની ખ્રિસ્તી સભાનેા વડેા અધિકારી 'પેટ્રીઆર્ક સાયમન' પણ જેરૂસલેમમાં યાત્રા કરવા ગયેા. તેને ત્યાં 'સેાલજૂક' નામના તુર્ક લેાકેાએ ભારે અપમાન આપ્યું અને તેના માથાનાં બાલ ખેંચી કાઢયા. આ દેખાવ પીટરે પેાતાની નજરે જોઇ તે જ્યારે યુરપમાં આવ્યેા ત્યારે તેણે આ હકીકત બીજા એર્બન નામના પેાપને કહી. પેાપે તેને ક્રાન્સ, ઇટલી તરફ જઇ પવિત્ર ક્ષેત્ર માટે લઢવા લેાકેાને ઉશકેરવાની આજ્ઞા આપી. ૪૦ સ૦ ૧૦૯૫ માં પેાપે ક્રાન્સદેશમાં 'કલેમેાંન્ટ' શેહેરમાં એક ગંજાવર ધર્મ સભા ભરી અને સર્વ ધર્મયુક્ત ખ્રિસ્તીઓને તુર્કલેાકનાં હાથમાંથી પેાતાની પવિત્ર ભૂમિ છોડવી લેવાની ભલામણ કરી, આથી

લોકો એટલાતો ઉશ્કેરાઇ ગયા કે "આ ઇશ્વરની પ્રત્યક્ષ આજ્ઞા છે." એમ મોટેથી બુમો પાડી ઉઠયા, અને તુરતજ લાલ કપડાનો એક ક્રોસ સીવી લઇ પોતાના ખાંધ ઉપર મેલયો અને પોતે મરતાં સુધી ધર્મ યુદ્ધમાં ભાગ લેશે એમ જણાવ્યું.

તે પછી જે ધર્મ યુદ્ધો થયાં તેને ક્રૂસેડ એ નામ મલ્યું. પેહેલી લઢાઇ ૪૦ સ૦ ૧૦૯૬ માં થઇ તે વેળા લશકરનો વડો સેનાધિપતિ 'ગૉડફ્રેડી બુલિંઆ' હતો. આ સર્વ સૈન્ય કૉન્સટન્ટી નોપલમાંથી એશિઆ માઇનરમાં ગયું ત્યારે તે સૈન્યમાં ૩,૦૦,૦૦૦ લઢાયક સીપાઇઓ હતા. પણ એશિઆ માઇનરમાંથી સિરિયામાં જતાં તેમને ઘણા કષ્ટો વેઠવાં પડયા. તેમની 'સારાસીન' લોકો સાથે સદા લઢાઇઓ થતી હતી. તેમાં વળી બેમારીથી કેટલાકો હેરાન થયા. આથી જ્યારે આ લશકર જેરૂસલેમ જઇ પુગ્યું ત્યારે તેમાં સૈન્યનો $\frac{1}{10}$ ભાગ પણ રહ્યો ન હતો. તોય જ્યારે તેઓએ જેરૂસલેમનો કોટ જોયો કે અતી શૌર્યતાથી તે પર હલ્લો કીધો. તેમાં પ્રથમ 'ગૉડફ્રે ડી બુલિઆં'એ કોટપર ચઢી દરવાજો ઉઘાડયો. તે પછી તેઓએ સારાસન પ્રજાની મોટી કતલ કરી. સૈન્યના સઘળા સીપાહોએ ગૉડફ્રે ડી બુલિંઆને જેરૂસલેમના રાજાની પદ્વિ આપી તેની દ્વાહિ સર્વત્ર ફેરવી. પણ જે ઠેકાણે ઇશ્વરના પુત્રને કાંટાનું તાજ પેહેરાવી મારી નાખવામાં આવ્યો હતો તે જગામાં પોતે રત્ન જડીત તાજ કદી પેહેરશે નહિ એમ જણાવી ત્યાં રાજ્ય મુગટ નહિં પેહેરતાં "પવિત્ર કબરનો રક્ષક" એવી સંજ્ઞા ધારણ કરી તે શેહેર પોતાને તાબે કીધું. બીજે વર્ષે યાને ૧૧૦૦ માં ગૉડફ્રેડ મરણ પામતાં તેનો ભાઇ બૉલ્ડવિન રાજા થયો. આ મુજબ જેરૂસલેમ લીધા છતાં ત્યાં ખ્રિસ્તી અમલ સ્થાઈ રહ્યો નહિ. પણ શેહેર ઉપર સદા હુમલા થયાજ કરતા હતા તેથી તેના રક્ષણ અર્થે બીજી ૬ વેળા યૂરપથી ચઢાઇઓ મોકલવી પડી, પણ છેલ્લે જેરૂસલેમને સારાસીન પ્રજાએ જીતી લીધું. ઈ. સ. ૧૨૯૧ માં ખ્રિસ્તી પ્રજાએ એક 'એકર' નામે શેહેર જીતી લીધું તે પછી ખ્રિસ્તી પ્રજા તરફ એશિયામાંનું એક પણ શેહેર તાબામાં રહ્યું નહિ. ત્યારથી આ પવિત્ર શેહેર તૂર્ક સરકારનેજ તાબેછે.

આ પવિત્ર ક્ષેત્ર માટે એક સરખી ૨૦૦ વર્ષ સુધી લઢાઇઓ થઈ તેમાં ૬૦,૦૦,૦૦૦ યૂરોપ્યનો માર્યા ગયા હતા, આ ધર્મયૂદ્ધમાં ભાગ લઇ જેઓ પરાક્રમ બતલાવતા તેમને 'નાઇટહૂડ' નો માનવંત ખેતાબ બક્ષવામાં આવતો અને તેથી તે વેળા આ ખેતાબ ભારે માન પામ્યો હતો.

ક્રેકો—પોલાંડનું આ પુરાણું રાજધાની શેહેર વેસ્ચુલા અને રૂડેવા નદીના સંગમ ઉપર છે. ઇ૦ સ૦ ૭૦૦ માં પોલાંડના જુલ્મી હાકમોથી પ્રજા કંટાલી જવાથી ક્રેકસ નામે એક દયાળુ સરદારને રાજ્યનું વડપણ આપી તેના નામ ઉપરથી આ શેહેરનું નામ ક્રેકો રાખ્યું. આસ્ત્રીયનોને તાબે આ શેહેર ગયા પછી વેસ્તગેલીના પ્રાંતનું મુખ્ય શેહેર બન્યું હતું અને હાલમાં પણ એ આસ્ત્રીયન શેહેનશાહાતને તાબેનું એક શેહેર ગણાય છે.

આ શેહેર પાસે વેસ્ચુલા નદીને કાંઠે ક્રેકોનું કેસીમીર નામે એક પરું આવેલું છે. તેની નજદીકના ટેકરાપરના કિલ્લામાં આસ્ત્રીયન લશકર રહે છે ને વચમાં ખ્રિસ્તી દેવળ છે. આ દેવળ કેસીમીર નામે રાજાએ બંધાવ્યું હતું. અત્રેની પ્રજામાં મુખ્ય વસ્તી જ્યૂ લોકોની છે.

ક્રેંગાનોર—આ શેહેર મલબારમાં ક્રેંગાનોર અથવા અયાકોટા નદી પર કિલ્લા સાથે વસાયલું છે. આ ગામ પોર્તુગીજો પાસથી ડચોએ ઇ૦ સ૦ ૧૬૬૨ તથા ૧૬૬૩ માં સર કીધું હતું અને તેઓએજ અત્રેનો કિલ્લો બાંધ્યો હતો. ૧૭૮૯ માં આ કિલ્લો ડચોએ ત્રાવણકોરના રાજાને વેચ્યો, અને તેજ વર્ષમાં તે ટીપુસુલતાને પોતાને સ્વાધીન લીધો, પણ જ્યારે ત્રાવણકોર ઉપર

બ્રિટીશોએ ફત્તેહ મેળવી ત્યારે આ ગામ તેમને તાબે થયું. આ શેહેરમાં જ્યૂ લોકની ઠીક વસ્તી છે. જ્યારે યાહુદીઓ જેરૂસલેમ તજી પશ્ચિમ હિંદનાં કિનારા તરફ નહાશી આવ્યા ત્યારે તેઓએ પોતાનું પેહેલું મથક આ ગામમાં દુન્યાઇ ૪૨૫૦ ના વર્ષમાં કીધું હતું. કોચીનની ઉત્તરે ૧૯ અને કલકત્તાની દક્ષિણે ૭૫ મૈલપર છે. લોક વસ્તી ૧૦,૦૦૦ની છે.

ક્રેન—(જુઓ સારસ.)

ક્રેનબરી—આ ફળદાર છોડ મુખ્ય કરી યૂરપમાં જર્મની, બ્રિટન અને બીજા ભાગોમાં ભિનાસવાલી જગામાં ઉગાડવામાં આવેછે. એના પાંદડા નાહના ને અણીયાલાં હોયછે. એનાં ફળો મુખ્ય કરી ખટાસદાર ચીજો બનાવવાના મુખ્ય ઉપયોગમાં આવે છે. સાઠબિરિયામાં એનામાંથી દારૂ બનાવવામાં આવેછે. સેંટપીટર્સબર્ગમાં એનાં ફળનું સરબત બનાવી તે વેચાય છે. અમેરિકન ક્રેનબરીના યૂરપના છોડ કરતાં પાંદડાં, ફળ, ફુલ દરેક મોટાં હોયછે. અમેરિકા તથા રશિયાથી યૂરપમાં મોટા જથામાં ક્રેનબરી મોકલવામાં આવેછે. અમેરિકાના વેપારીઓ ક્રેનબરીને ઘણી સંભાળથી બગીચામાં રોપી તેને ઉત્તમ પ્રકારની બનાવવાની ભારે કાળજી લેતા હોવાથી તેનો ભાવ સારો ઉપજે છે.

ક્રૉઇડન—સરે પ્રગણાનું આ ગામ લંડન ખિજની દક્ષિણે ૧૦$\frac{1}{2}$ મૈલપર છે. ૧૭૫૦થી અત્રે કેનટરબરીના આર્ચબીશપનું મુખ્ય મથક છે. અત્રેનો એડીંગટન પાર્ક ૩$\frac{1}{2}$ ચૌ૦ મૈ૦ છે. અત્રે જાહેર ઇમારતો તથા મેહેલો સુંદર બાંધણીનાં બાંધેલાં છે. ૧૮૮૫થી પાર્લામેંટમાં અત્રે સભાસદ મોકલવાનો હક્ક મળેલો છે. ૧૮૫૧માં લોક વસ્તી ૧૦૨૬૦ની, ૧૮૬૧માં ૨૦૩૨૫ની, ૧૮૭૧માં ૫૫૬૫૨ની, ૧૮૮૧માં ૭૮૬૬૩ ની ને ૧૮૯૧ માં ૧,૦૨,૨૯૫ ની હતી.

ક્રોકે—આ રમતની શોધ વિશે ઇંગ્રેજો દાવો કરેછે અને વર્ષો થયાં તેઓમાં તે રમાતી આવીછે. આ રમતનો કેટલોક ભાગ ક્રિકેટ તથા લૉન બિલયર્ડને મળતો આવેછે. આ રમતથી ખુલ્લી હવામાં સારી કસરત મળ્યા ઉપરાંત બદનમાં ચપળતા આવેછે, તેમજ તેમાં થોડો શ્રમ હોવાથી સ્ત્રીઓ વટીક તે રમી શકેછે. આ રમતમાં નેમ ટાંકવો, બૉલ ની સિધી ને વાંકી ગતિ ગણવી, ચોકસ અંતર વેર બૉલને મોકલવા માટે તાંકીને મારવો વગેરે. સર્વ અંતર નજર અને અનુમાનથી કાઢવાની આ રમત વડે મનુષ્યમાં ચપળાઇ દાખલ થઇ શકે છે.

'આ રમત લીલોતરીવાલા ચોગાનમાં રમાય છે. તેનું મેદાન ૪૦ વાર લાંબુ, ૩૨ વાર પોહોળું હોવું જોઇએ અને દડો અતિ દૂર છટકી ન જાય તે થકી આસપાસ જાળીથી ઘેરી લેવામાં આવે છે. એમાં મુખ્ય સાધનો બૉલ, મેલેટ અને ખુંટી તથા કમાન ઠોકવાની એક નાહની મેલેડ એ આ ખેલનાં સાધનો છે.

આ રમત માટેના બનાવવામાં આવતા મેદાનની પોહોળાઇની બે બાજુએ યોજવામાં આવેછે. એક નીચલી યાને પાસેની, જ્યાંથી બૉલ લઇ જવાનો આરંભ કરવાનો અને જ્યાં બૉલ ક્રમથી પાછો આવે કે ખેલ પુરો થાયછે. તે ભાગ બીજી તે ઉપલી બાજુ જ્યાં બૉલ ક્રમથી આવ્યો કે ખેલ અર્ધો થયલો ગણાયછે. તે પછી મેદાનની નિચલી બાજુથી ઉપલી સુધી એવા બે લાંબા સરખા ભાગ કરનારી એક મધ્ય લીટી ધારી, તે રેષાપર નીચલી બાજુથી ૪ વાર છેટે અને ઉપલી સુધી એવા બે લાંબા સરખા ભાગ કરનારી એક મધ્ય લીટી ધારી, તે રેષાપર નીચલી બાજુથી ૪ વાર છેટે અને ઉપલી બાજુથી ૪ વાર છેટે એવી બે ખુંટી દાટવામાં આવે છે. જ્યાં પ્રથમ ખેલ શરૂ કરવો હોય ત્યાં રંગીન પટીઓ દુર દુર પાડી, પટી પર એક હાથ ઉંચી દાંડી ઠોકે છે. આ મુજબ ઠોકેલી બે ખુંટીઓ વચ્ચેનું અંતર ૩૨ વારને સુમારે હોય છે. નીચલી બાજુની ખુંટીને 'સ્ટાર્ટીંગ પેગ' કહે છે. અને સામેની ખુંટીને 'હર્નીંગ પેગ' કહે છે.

તે પછી મધ્ય રેષાની સમાંતર ડાબી ને જમણી તરફ ૮ વાર અંતર પર ધરી તેના ઉપર તથા મધ્ય રેષા ઉપર કમાન ઉભી કરવી પડે છે.

આ રમતમાં બે પક્ષ બની સરખી સંખ્યામાં રહી રમત શરૂ કરે છે. આ રમતમાં બબે મળી ૪ રમનારાં હોય તો ચારે બબે દડા લીયે છે ને આંઠ હોય તો દરેક એકેક દડો લે છે. એમાં દડા પારખવા જૂદા જૂદા રંગના હોય છે અને પછી તેવાજ રંગની એકેકી 'કલીપ' અને 'મેલેટ લઇ રમત શરૂ કરે છે.'

પ્રથમ પેહેલો રમનારો સ્ટાર્ટીંગ પેગથી બે ફીટ ઉપર એક દડો મેળે છે અને પછી તેને ફટકો મારી પેહેલી કમાનમાંથી દડો બાહેર પડે છે અને એ રીતે ક્રમે એક પછી એક કમાનમાંથી દડા ઉછાળવામાં આવે છે. પણ કોઇ પણ વેળાએ ફટકો માર્યા પછી જો દડો કમાનપર જતો નથી તો તે રમનારનો દાવ પુરો થયલો ગણાય છે; તેજ મુજબ પછી સામી પક્ષવાળા રમત શરૂ કરે છે, અને તેનાથી જેટલી કમાન ઉપરથી દડો લઇ જવાય તેટલી ઉપરથી લઇ જાય છે. પછી તેનો દાવ પુરો થતાં જેમાંથી દડો જવાનો અટકયો હોય તે પર પેહેલા દાવ ખોએલા રમનાર મુજબ ફલિપ મુકે છે. એ રીતે બેઉ પક્ષમાં હેરફેર સાથે રમત ચાલે છે. એમાં જે રમનારનો બૉલ અનુક્રમે કમાનપર થતો થતો સામેની 'હર્નીંગ પેગ'ને લાગી પાછો ફરીને અનુક્રમે કમાનપર થતો થતો પાછો આવે અને સ્ટાર્ટીંગ પેગને લાગેતો તે રમનારનો દાવ પુરો થએલો ગણાય છે. આ મુજબ ગમે તે ૧ પક્ષના સર્વ બિલ્લુના બૉલ આગળ વધી પેગ (પોસ્ટ)ને અડકે અને બીજા પક્ષવાલામાંથી કેટલાક દડા પાછળ રહે એટલે રમત પુરી થએલી ગણાય છે, અને તે પેહેલા પક્ષની જીત થએલી સમજવી.

આ રમત મન તથા તનને કસે છે અને તે ખાસ નિયમો ઉપર ગોઠવાયલી હોવાથી ઘણું કરી વાંચ્યા કરતાં રમવાથી જલ્દી શીખી શકાય છે.

ક્રોકો-રોગ—પશ્ચિમ આફ્રિકા તરફના દર્યા કાંઠાવાલા નદી, નાળા તથા તલાવોવાલા ભાગમાં આ ભયંકર રોગ કદી કદી દેખાવ દે છે. આ રોગ તે તરફના ચોકસ નદી નાળામાં અંગોળ કરતાં લાગુ પડે છે. પ્રથમ અંગોહા આકારનાં બદનપર ચાહાં પડી તે વધુ ફેલાતા જઇ પાક પર ચઢે છે, ને તેથી થોડા વખતમાં આખું શરીર ડાધીયલ બની જાય છે. કેટલીક વેળા તે આંખના પોપચાપર છાગરા ઉઠતાં આંખો બંધ થઇ રહે છે. આ દર્દ લાગુ પડતાં તુરત ઉપાય કીધા હોયતો ત્યાંની દેશી દવાથી તે દૂર થઇ શકે છે પણ ઝેરી અસર ચામડીમાં પેસતાં તે કદી સારૂં થતું નથી. આ રોગ ત્યાંના કાળી ચામડીવાલા હબશીઓ કરતાં ગોરી ચામડીવાલાને તુરત લાગુ પડે છે.

ક્રોટન્સ—આ અતિ સુંદર પાંદડાનું ઝાડ કુંડામાં ઉગાડવામાં આવે છે. પણ એનાં કહણ જાતનાં ઝાડ છાંયડાવાલી થંડી જગામાં ઉગે છે. એક ભાગ લાલ મતોડી, એક ભાગ ઘોડાનું ખાતર, એક ભાગ નળીયાનો ભુકો અને જુની ઇમારતનો ચુનો એ સઘળાં મિશ્ર કરી તેમાં આ ઝાડ વાવિયાથી તે ઘણા જોરથી ઉગી નિકળે છે. લાંબા પાંદડાનાં ઝાડ માટે થંડકવાલી જગા પસંદ કરવી પડે છે પણ નાહના પાંદડાનાં ઝાડ ખુલ્લી જગામાં ઉગી શકે છે. વર્સાદની મોસમમાં આ ઝાડ ઉપર એક જાતનાં કીડા ઉત્પન્ન થાયછે તેથી પાંદડાને કીડ લાગે છે. તે માટે એક ઔંસ સાબુને એક ગ્યાલન પાણીમાં મેળવી તેમાં એક ઔંસ કેરોસીન તેલનું મિશ્રણ કીડા થએલી જગાપર ચોપડવાથી કીડા મરે છે. ક્રોનટની ૨૫૦૦ થી ૩૦૦૦ જાતો જાણીતી છે.

ક્રોધ—બ્રહ્મ દેવના ભૃકુટીના મધ્યમાંથી થએલો પુત્ર. એણે એક વેળા જમદગ્નિના નિવેદ

માટે કાઢેલું અન્ન સર્પ રૂપે જઇ દુષિત કર્યું પણ ઋષિ કાંઇ બોલ્યા નહિ. પણ તે પછી એ નકુલ યોની પામ્યો હતો.

(૨) આંઠ ભૈરવમાંનો એક. (૩) કશ્યપ સ્ત્રી કાલાતીના ૪ પુત્રો માહેલો એક.

ક્રૉમવેલ આલિવર—(જુઓ આલીવીર ક્રૉમવેલ.)

ક્રોમિઅમ—આ ધાતુ સંયૂક્ત સ્થિતિમાં કેથે કેથે જડે છે. ક્રોમિઅમ નો સેસ્કિવ ઑકસાઇડ (ક્રોમિક ઑકસાઇડ) અને લોઢાનો ક્રોટો ઑકસાઇડ (ફેરસ ઑકસાઇડ) એ બેઉનો સંયોગી પદાર્થ ક્રોમ આયર્નસ્ટોન નામના ધાતુના પથરા જડે છે. એ ઘણું કરી સ્વિડન દેશમાં અને ઉત્તર અમેરિકા ખંડમાં જડે છે. કોઇ વેળા શીસા સાથે સંયુક્ત થયલી 'લેડ ક્રોમેટ' એ નામે આ ધાતુના પ્રથમ પથરા જડે છે. ઇ. સ. ૧૭૯૭ માં વ્હાકવેલિને આજ પથરામાંથી ક્રોમિઅમ ધાતુ પ્રથમ જૂદી કાઢી હતી. માણેક તથા પાનામાં પણ આ ધાતુ જડે છે. માણેકમાં જે લાલ રંગ હોય છે તે ક્રોમિક ઍસિડને લીધે હોય છે, અને પાનામાં લીલો રંગ હોય છે, તે તેમાંના ક્રોમિઅમના સેસક્વિ ઑકસાઇડને લીધે હોયછે.

બનાવટ અને ધર્મ—ક્રોમિઅમના ઑકસાઇડને જૂદી કરી તેમાં કોલસો મેળવવો અને તેમાં તેલ નાખી તેનો ગોળો કરવો. પછી તેને માહેથી કોલસા વડે લીપેલી મૂસમાં મુકી તે મુસનું મોહું બંધ કરી તેને બે કલાક વેર સખત ગર્મી આપવી, એટલે કાબરચિત્રા રંગની ક્રોમિઅમ ધાતુ બને છે. આ રીતે તૈયાર કરેલી ક્રોમિઅમ ધાતુ શૂદ્ધ હોઇ કાર્બોનથી સંયૂક્ત થએલી હોયછે, અને તેનો રસ એકદમ થતો નથી. આ સ્થિતિમાં તો તે કઠણ પથ્થર જેવો બની તેના વડે કાચ કાપી શકાયછે. તેપર જલ મિશ્ર હાઇડ્રોકલોરિક ઍસિડની અસર થઇ શકે છે અને ધીમા સલફ્યૂરિક ઍસિડની અસર પણ ધીરે ધીરે થાયછે. પણ તિક્ષ્ણ નાઇત્રીક ઍસિડની તેપર મુદ્દલ અસર થતી નથી. તેને પોટાસિઅમ ક્લોરેટ સાથે પિગળાવ્યાથી તેનો પોટાસિયમ ક્રોમેટ નામનો પદાર્થ બને છે.

ક્રોમિઅમ ધાતુનો ઉપ્યોગ કળાકૌશલ્યા અથવા વેહવારમાં થતો નથી પણ તેના સેસક્વિ ઑકસાઇડ અને ક્રોમેટનો ચીનાઈ વાસણપર નક્ષી કરવા તથા કપડાં ઉપર રંગ આપવામાં ઘણો થાયછે.

ક્રોસ—જીજસ ક્રાઇસ્તને ✝ આવી બનાવટના લાકડાના ક્રોસપર લટકાવી મારી નાખવામાં આવ્યો હતો. તેનેજ ઇંગ્રેજીમાં ક્રોસ, જર્મન ભાષામાં 'ક્રેઉઝ,' ડેનીશ ભાષામાં 'ક્રોડસ' અને ફોરસ, લૅટીન ભાષામાં 'ક્રુક્સ,' ફ્રેન્ચમાં ક્રોઇકસ અથવા ક્રોસીએર, વેલ્સ ભાષામાં ક્રોમ, આયરીષમાં 'રેગ' અથવા 'રીઆગ' કહે છે.

કહે છે કે જીજસને મારી નાખવા જે ક્રોસ બનાવવામાં આવ્યો હતો તે ચાર જૂદી જૂદી જાતનાં લાકડામાંથી બનાવવામાં આવ્યો હતો. કેટલાકો આ ક્રોસ તાડ, માડ યા ખજુરીનો એક ભાગ, બીજો ભાગ દેવદારનો, ત્રીજો ભાગ ઑલિવ્હનો ને ચોથો શરૂના ઝાડના લાકડાથી બનાવેલો જણાવે છે. તે ઉપરથી "લીંગના ફરસીઝ, પામા, સેદરસ, સુપ્રેસઉરી, ઓલીવા' એવી લીટીઓ લખાયલી છે. કેટલાકો ઉપલા મતથી જૂદા પડી ક્રોસને સનોબર અને બોકસના લાકડાનો બનાવેલો જણાવે છે.

આ ક્રોસપર પેગંબર જીજસને જે રીતે જડી લીધો હતો તે તેના બે હાથમાં બે ખીલા તથા બે પગોમાં બે ખીલા મારી જડયો હતો. પણ તેની પીઠ તથા ગરદનને ક્રોસ સાથે જડી લેવા લાકડા માહેથી ડોકેલા અણીઆલા ખીલા ઉપર ભાર ઝીલાયો હતો.

'પેગંબરો અને ક્રોમો' નામના ગ્રંથ મુજબ "રોમ તરફ કોલીસીઅમનાં પાયાના મેહેરાબના એક આરકામાં અને તેની બાહેરની બાજુની બીજી હારમાં એક ઇંતરડી આવેલી છે જેની ઉપર (ઇ. સ. ૧૮૪૪ માં)

પાડેલા એક ફરેસ્તાના આકારનાં ડાભા હાથ માં એક સંપૂર્ણ રીતે પાડેલો ક્રોસ જણાયો હતો, તેને લેટીન ઢબનાં ક્રોસતું નામ આપવામાં આવ્યું છે. તે ક્રોસનો આકાર T ના જેવો જણાયો છે. રોમન શેહેનશાહ ટૈટસ જેણે ઘણાક યાહુદી બંધવાઓને જેરૂસલેમ તરફથી રોમમાં કેદ કરી લાવ્યા હતા, તેમનેજ ઉપલું કોલીસિઅમ બાંધવા રોકયા હતા, જેમાંથી એક કારીગરે ઉપલો ક્રોસ ચિતાર્યો હતો. આ ઉપરથી જણાય છે કે જીજસને તે યાહુદીએ મારી નાંખતાં જોયો હોય યા તો તે જેરૂસલેમમાં તે વેળા હાજર હશે અને તેથી તેણે તે સાંભળેલી વાત ઉપરથી ક્રોસનો ચિતાર ઇટરડીપર પાડયો હશે.'

ઇ. સ. ૩૨૬ માં ખ્રિસ્તી ધર્મમાં દાખલ થએલા રોમન શેહેનશાહ કોન્સટનટાઇન ધી ગ્રેટના અમલમાં તેની માતા હેલીનાએ જીજસને જે ક્રોસપર મારી નાખ્યો હતો તે ક્રોસની શોધ કરવા જેરૂસલેમ તરફ હજજ કરી સ્વપનામાં મળેલી નિશાની ઉપરથી ખુદ અસલ ક્રોસ શોધી કાઢયો હતો, અને તે જગે એક જેરૂસલેમ નામનું દેવળ બંધાવ્યું હતું. આ ક્રોસનો મોટો ભાગ જેરૂસલેમમાંજ એક રૂપાની પેટીમાં રાખી થોડો ભાગ કોન્સટનટાઇન પર મોકલ્યો હતો. જેરૂસલેમમાં જે ક્રોસ રાખવામાં આવ્યો હતો તેના ઝીણા ઝીણા કટકાઓ કરી જાત્રાળુઓ પોતે પ્રસાદી તરીકે લઇ જતા જેથી તે ઘણો ખરો વેહરાઇ ગયો હતો.

ખ્રિસ્તી ધર્મજ્ઞાનીઓના જણાવ્યા મુજબ ઇ૦ સ૦ ૬૧૪ સુધી ઉપલો ક્રોસ જેરૂસલેમમાં હતો પણ એક વખતે ઇરાની શેહનશાહે જેરૂસલેમપર હલ્લો કરી તે ક્રોસ ઇરાન મોકલ્યો હતો. પણ ૧૪ વર્ષ પછી હિરાકલીસે ઇરાન સાથે સુલ્હે કરી ફરી તે ક્રોસ મેળવ્યો હતો, અને તેને ફરી 'માંટકાલવારી' ઉપર લઇ જઈ મેલ્યો હતો. ઇ૦ સ૦ ૬૩૬ માં આરબોએ ચઢાઇ કરી તેમા હીરાકલીસ ટેરમક મુકામે હાર ખાઇ આ ક્રોસને બચાવી કૉન્સટન્ટીનોપલમાં નહાશી જઇ ત્યાંના સેંટ સોફાયાના દેવળમાં તેને માન તથા ભપકાથી રાખ્યો હતો. આ દેવળમાં વર્ષમાં ત્રણ તેહેવાર પ્રસંગે ખુલ્લો બતાવવામાં આવતો હતો. ઇ૦ સ૦ ૧૦૭૦ ના સુમારમાં ૭ માં મીચલની સ્થાપનાની ગડબડની વેળા આ ક્રોસને ઝવેરથી જડેલા સુન્નાના એક કેસમાં 'એમાલ્ફી' નામે એક તવંગર ગ્રહસ્થે રાખી પાળથી તેને 'કાસીન ઉમ' તરફના સેંટ એન્ડીકટના દેવળમાં રાખ્યો. તે પછી આ ક્રોસ ફરીથી પેલેસ્તાઇ તરફ પાછો જણાયો, હતો. જે વેળા ધર્મ યૂદ્ધ પ્રસંગે ખ્રિસ્તીઓ તેને લશકરની હરોળમાં લઇ ચાલતા હતા. પણ સલાદીન સાથની લઢાઇમાં ક્રોસના બે કટકા થઇ ગયા જેમાંનો એક મુસલમાનોને હાથ જતાં તેઓએ તેનો નાશ કર્યો હતો પણ બીજો ભાગ ૧૩ મી સદીની શરૂઆતમાં કૂસેડની લઢાઇ વેળા હંગેરીના પાદશાહ તથા આસ્ટ્રીઆના ડયૂકની સાથે જણાયો હતો, અને તેજ વેળા કોન્સટન્ટીનોપાલના લાટીન પાદશાહોના હાથમાં તે ક્રોસ ગયો હતો. પણ ઇ. સ. ૧૨૩૮ માં શેહેનશાહ બીજા 'ઑાડવિને' આ ક્રોસ ફ્રાન્સમાં લઇ જઇને વેચ્યો હતો. જે તેણે પેરીસના સેંટ ચેપલમાં મેલ્યો કે જ્યાં તે ઇ. સ. ૧૫૭૫ માં ૨૦ મી મે વેર દેખાયો હતો. પણ એક દિવસે એકાએક ગુમ થઇ ગયો હતો. કેટલાકો આ ક્રોસ ચોરી જનાર તરીકે રાજા હેાન્રિને જણાવે છે કે જેણે તે ક્રોસ વેનિશયન લોકોને નાણાની મોટી રકમે વેચી નાખ્યો હતો. 'આથી ફ્રાન્સમાં મોટો બલબળાટ ઉહતાં બીજે વર્ષે ઇસ્તરનાં તેહેવાર ઉપર તેનાજ જેવો બનાવટી ક્રોસ અસલ જગાએ આણી મેલી લોકોને શાંત કર્યા હતા.

ક્રોસો જૂદી જૂદી જાત તથા નામનાં આવે છે. 'પ્રિચીંગ ક્રોસ' (વાએજ કરવાનો)

૮ ખુણાકાર સીડીવાલા બાંધકામપર હોય છે. માર્કેટ ક્રોસ = આગળ જાહેર જગામાં બાંધવામાં આવતા હતા. ઉવિપીંગ ક્રોસ = આગળ પ્રાયશ્ચિત અથવા તોજેશ કરવા જેની નજદીક જતા તે. યાદગારીનાં ક્રોસ જૂદે જૂદે વખતે યાદગારીમાં બાંધવામાં આવે છે.

ક્રોસહેદ—સ્તીમ એનજીનમાં વપરાતો એક કૃતિનો લોહડાનો કકડો. આ કકડાની વચ્ચે લોખંડની ખીલી રહે છે અને તે પાનની ઉપર પિસ્તન રોડ અને કનેકતીંગ રોડ બેઉ જોડેલાં હોયછે; તેને ક્રોસહેદ કહે છે.

ક્રોસેટાના ટાપુ—આ ટાપુ દક્ષિણ માહાસાગરમાં ૪૬ ડીગ્રી ઉપર છે, અને તે બ્રિટીશ સરકારને તાબે છે. આ પાંચ ટાપુઓનો એક મોટો સમુદાય હોઇ તેઓ એક બીજાથી ૩ મૈલને તફાવતે આવેલા છે. આ મોટા માહાસાગરમાં અવારનવાર તુફાનો થતાં હોવાથી કોઇક વાખાના માર્યા માનસો જો આ ટાપુ પર આવી પડે છે તો તે માર્ગે જતી ઘણી ખરી સ્તીમરો એને કિનારે જઇ ટુંક વખત જોસતેજે કરી આગળ વધેછે. આ ટાપુ તદન ઉજડ હોઇ ત્યાં મનુષ્યની વસ્તી નથી, તેથી ત્યાં માત્ર થોડો ખોરાક ભરી રાખવામાં આવેછે, કે કોઇ ડુબતો મુસાફર કિનારે આવી લાગે તો તેને તે ખોરાક કામ આવે.

ક્રૌંચદ્વિપ—પૃથ્વીના ૭ મહાદ્વિપ માહેલો પાંચમો દ્વિપ. હિંદુશાસ્ત્ર મુજબ ઘૃતોદાની એ પેલે પાર હોઇ એનો વિસ્તાર ૧૬,૦૦,૦૦૦ યોજન છે અને ક્ષીર સાગર એની આસપાસ ફરી વળેલો છે. ત્યાંનો રાજા પ્રિયવ્રત રાજર્ષિનો પુત્ર ઘૃતપૃષ્ઠ હોઇ તેમાં ક્રૌંચ નામે એક મોટો પર્વત હોવાથી એને ક્રૌંચ દ્વિપ કહે છે. તેમાં શૂકલ, વર્ધમાન, ભોજન, ઉપબર્હિણ, નંદ, નંદન અને સર્વતો ભદ્ર એવા ૭ પર્વતો છે. અને અભયા, અમૃતૌઘા, આર્યકા, તીર્થવતી, વૃત્તિરૂપવતી, પવિત્ર વતિ અને શુકલા એવી ૭ નદીઓ છે, ઘૃતરાષ્ટે આ દ્વિપનું વર્ષ સંજ્ઞક ૭ ભાગ કરી પોતાના ૭ પુત્રોને વેહેચી આપ્યા હતા.

ક્રૌંચારણ્ય—દંડકારણ્યની આગળ દક્ષિણે આવેલા વન વગેરે અરણ્યમાં રામ લક્ષ્મણ જતા તેમને અયોમુખી અને ક્રોધ નામે રાક્ષસો મલ્યા હતા, તેમના ક્રૌંચવટ એ પણ નામાંતર મળે છે.

ખ.

ખ—મૂળાક્ષરનો તેરમો અક્ષર અથવા બીજો વ્યંજન, (૨) આકાશ.

ખઈ—અથવા ક્ષયરોગ. આ એક માહા ખુરૂ જીવલેણ દરદ છે. એનો હુમલો હાંડીના દર્દથી, લોહીમાં બગાડો થવાથી, પારાની બનાવટની બેઅંદાજે ગોળી ખાધાથી, હદ બહારના કેફી વ્યસનના પિણાથી, કાચી ઉમરે હવસમાં જીંદગી ગુજારવાથી થાય છે યા માયબાપથી તેમનામાં ઉતરે છે. તે શિવાય બંધિઆર જગામાં રહેવાથી, બેઅંદાજે ખોરાક ખાવાથી, હદબહાર મેહેનત કરી શરીરને નબળું પાડવાથી અથવા રસ, લોહી, માંસ, ભેજું, અસ્થી, મજજા, વિર્ય સાથે ધાતુનો ક્ષય થવાથી ખઇનો હુમલો થાય છે. તેમજ વાયુ પિત્ત અને કફ એ ત્રણ ધાતુઓનાં ક્ષય થવાથી ૧૦ પ્રકારનાં ખઇ રોગ લાગુ પડે છે. તેમજ આ રોગ કેટલાકોને માયબાપ તરફથી વારસામાં મળે છે યા કોઇને પોતાના આગલા વડીલો તરફથી પણ મળે છે. આ સર્વ વારસામાં મેળવવાનો આધાર શરીરનાં બાંધા ઉપર છે.

ઘણાક દાખલાઓમાં તો રોગની શરૂઆત નજીવી પ્રકારની ખાંસીથી થાય છે. દર્દી રાત્રે ખાંસી યા સલેષ્મના ચિન્હો સાથે સુવે છે, પણ સહવારે તેની પેહેલી શરૂઆતનાં ચિન્હો જણાય છે. તે મુજબ સુવા જતી વેળા રાત્રે

જુજ ખાંસી થયા કરેછે. તે પછી ધીમે ધીમે સેહેજ મેહેનત કરતાં હાંફી જાય છે. તે એટલે સુધી કે પહાડ ચઢતાં જેટલી થાક નહિ ચઢે તેટલું સેહેજ ચાલતાં ચઢે છે. તે પછી વારંવાર જમી રેહેતાં ખાંસી થાયછે અને છાતી ઉપરથી બલગમ પડે છે. બાદ દર્દી ધીમે ધીમે અને દરરોજ જેનારાને નહિ જણાય એવી રીતે ગળાતો જાયછે, તે પછી તેના શરીરનું વજન ઘટવા માંડે છે, ને ખાંસી મજબુત થઇ પેટ આવે છે, તેમજ સ્વાસ લેવામાં મુશકેલી નડે છે. રફતે રફતે પેટ ભરી આવા પછી પણ ખાસી થાયછે, અને કેટલાક પ્રસંગે ઉલટી પણ થાયછે. આવી હાલતે પુગ્યા પછી આ દરદથી પીડાતો માણસ નાકઉમત બની જાય છે અને તેનું મૈાસ તવાતું જાયછે, શરીરનું વજન ઘટી જાય છે, પેટમાંના આંતરડાં ખાંસતા ઢીલા પડી જાય છે અને તેથી દમ લેવામાં મુશકેલી નડે છે. આ વેળા રોજીંદો તાવ લાગુ પડી તે તવાઇ મરણ પામે છે.

ફેફસાંને લગતાં ખઇનાં રોગના સંબંધમાં એમ જણાવવામાં આવે છે કે, આ રોગથી મરણ પામેલા માણસોનાં ફેફસાંની તપાસ કરતાં માલમ પડ્યું છે કે તેઓનાં ફેફસાં બધાં ખવાઇ ગયાં હતાં, પણ તેવાઓને ઠાંસો થયલો નહોતો. આવા બનાવ કવચિત બનેછે.

ખઇ શરીરનાં કયા ભાગમાં અને કેમ ઉત્પન્ન થાયછે તે જાણવું અગત્યનું છે. ડૉ૰ એક્રીમકતરે ૧૮૭૯ માં એવી શોધ કરી હતી કે મનુષ્યની છાતીમાં એક જાતનાં અતિ સૂક્ષમ રોપાનાં ઉગવાથી ખઈ થાય છે, અને તે માત્ર મનુષ્યના લોહીથીજ પોષણ મેળવી ઉધરે છે, અને તે જેમ જેમ મોટો થાયછે તેમ તે બધે લોહી ચુસતો જાય છે, જેથી મનુષ્યનો અંત જલ્દી આવે છે. આ રોપો પોતાની મોટામાં મોટી હાલતમાં પણ માઈક્રોસ્કોપ વિનાં દેખાતો નથી.

બીજા વૈદક જ્ઞાનનાં ગ્રંથો મુજબ " જ્યારે લોહીનાં અંદર એક જાતની ખરાબ રોગી વસ્તુ દાખલ થાયછે ત્યારે તે લોહીમાંથી જૂદી પડીને ફેફસાનાં હવાનાં ખાડાઓમાં પડે છે, જેથી ફેફસાંનો તેટલો ભાગ વાદળાં જેવો પોકળ રહેવાને બદલે બટ અને વગર હવાવાલો બને છે, અને તેમાં ધીમો વરમ ઉત્પન્ન થવાથી ખઇના પેહેલા દરજ્જાની નિશાની પેદા થાયછે. થોડી ઘણી મુદ્દત પછી ખઇની આ રોગી વસ્તુ નરમ બની તેની આસપાસની ફેફસાંની કોર પાકીને પરૂ બની તેના બળખા પડવા માંડે છે. એ રીતે રોગી વસ્તુ બહાર નિકળી ફેફસાના તેટલા ભાગમાં ખાડા પાડે છે. ખઇનો બલગમ પરૂ જેવો હોય છે, અને કોઇ વેળા ફેફસાનાં ખાડામાંનું જરા લોહી પણ પડેછે. કોઈ વેળા ફેફસાનો ભાગ ખવાઇને નાહની ધોરી નેસનું મોહ ખુલી જઇ લોહીનાં ગચકળાં છાતીમાંથી મોહ વાટે પડે છે. પણ શરૂઆતમાં ખઇની અસર જે ધીમે શરૂ થાયછે તેપરથી આ રોગ પરખાઇ શકાતો નથી. પ્રથમ સુકી ખાંસી થઈ પછી એત્રણ દિવસે બલગમ પડવા માંડે છે. પણ બલગમ શરૂઆતની ખાસીમાં ઘણો લાંબા વખતવેર પડતો નથી પણ સુકી ખાંસી થઇ છાતીની બેઉ બાજુએ પાંસળીના હાડકાં નીચે દુખારો થવા માંડેછે. નાડ સાંજની વેળા ઉતાવળે દોડે છે, થોડી મેહેનતે ઘણો દમ ચઢે છે. દર્દી લેવાતો જાય છે ત્યારેજ ખઇનો હુમલો સ્પષ્ટ જણાઇ આવે છે. કોઇ વેળા આ અવસ્તા પછી કારમજી ફીણદાર લોહી મોહ વાટે પડેછે, તેમજ ખાંસી સાથે પીળાં પરૂવાલાં બલખાં પડેછે, અને દર્દી લેવાતો જઇ ઝીણા તાપથી પીડાયછે.

આ રોગ ઘણું કરી ૨૦ થી ૩૦ વર્ષની વયમાં હુમલો કરેછે. સલાટ, ખાણ ખોદનાર, દરજી અને એવાજ આખો દહાડો બેસીને ધંધો કરનારાઓને તેમજ બારીક રજ દમમાં લેનારને તે વધારે લાગુ થાયછે. અસ્વચ્છ હવા, ચાલુ ખરાબ ખોરાક, ઓછી કસરત અને છકેલ જીંદગી એ સર્વે આ રોગને ઉશકેરનારા કારણો છે, આ રોગમાંથી દર સો માણસે ૨૦ માણસો જલ્દી મરણ પામતા જણાયલા છે.

ખઇ જે કુટુંબમાં હોય ત્યાં પ્રથમથી બચ્ચાં આ દર્દથી બંચી જાયછે. પણ બેદરકારી વાપડ્યાથી એ ઓધે ઉતર્યા વિના રહેતો નથી અને એક વેળા ખઇનો હુમલો થયા પછી તે દર્દ કદી સારૂં થતું નથી. જો માતાને ખઇ હોય તો તેણે બચ્ચાંને ધવાડવું નહિ પણ ધવાડનારી પાસે ધવડાવવું. બચ્ચાંને દર ઋતુ મુજબ તેનાં શરીરની સંભાળ લેતાં જઇ તેને ઠુકકાં પાણીએ હમેશ નહવાડવું તેમજ વધતી ઉમર સાથે પાચન થઇ શકતો પુષ્ટીકારક ખોરાક સાથે સાધારણ મેહેનત કરાવવી અને થાક ચઢે તેવું કોઈ પણ કામ કરાવવું નહિ, તેમજ મગજને કસવાની મેહેનતમાંથી પણ તેને દુર રાખવો, કેટલીક વેળા આ દર્દ ૨૦ વર્ષ વેર હુમલો કરતો નથી, પણ પૂર જુવાનીના સમયમાં એકાએક હુમલો કરેછે, આથી દર્દીને થંડી હવામાં નહિ રાખતાં જ્યાંની હવામાં જલ્દી ફેરફાર થતો ન હોય ત્યાં રાખવો, અને પુષ્ટીકારક છતાં જલ્દી જરે તેઓ દુધ, ઈંડા, માખણ, થોડું ગોસ્ત, ઘી વગેરેનો પચતો ખોરાક આપવો. શરૂઆતમાં દારૂ પીવા દેવો. નહિ પણ નબળાઇ વધે તો 'મિક્ષચર ઑવ બ્રાન્ડી વાઇન' પાવો. તેમજ તેવા દર્દીને બીલકુલ મેહેનત કરવા નહિ દેતાં આશાયસ લેવા દેવી. આ દર્દીથી પીડાતા ઘણીને દુધનો મુખ્ય ખોરાક આપવો અને ચર્બીવાલો ખોરાક પણ આપ્યાથી તેના ક્ષય થએલા ભાગને તે વધારે પુષ્ટી આપેછે, પણ નબળાઇ વેળા પુષ્ટીકારક ખોરાક જલ્દી જરપત થતો નથી તેથી તેવો ખોરાક આફકસરજ આપવો.

ખગોળ વિદ્યા—આ બ્રહ્માંડ માહેલા સકળ ગોળાની સ્થિતિ, ગતિ, તેના પરસપર સંબંધ, મૂળસ્થિતિ અને તેમની રચનાથી બનારાં કાર્યો જે નિયમોથી ચાલે છે તેને જોતિષ શાસ્ત્ર કહે છે. જોતિષ એટલે તેજ અને શાસ્ત્ર એટલે તે સંબંધી નિયમોનું જ્ઞાન. ચારો તરફ જમીન અને આકાશ અડકેછે એમ દેખાય છે. તેવે ઠેકાણે ઉભા રહી કાળી ધાર જેનો પરિધ છે એવા ગોળાના મધ્યભાગે ઉભા છિએ એમ દરેક જેનારને દિસે છે. આ કાળી કિનારીને ક્ષિતિજ કહે છે.

હિંદુઓએ જ્યોતિષ તેમજ ખગોળ વિદ્યાની શોધ ૪૦ સ૰ પેહેલાં ૩૦૦૦ વર્ષ પર કરી હતી. હિંદુસ્થાનથી આ સર્વ વિદ્યા કયાલડિયા, મિસર અને ગ્રીસ વગેરે દેશોમાં ફેલાઇ હતી. હિંદુઓનો પ્રાચીન ધર્મ સંબંધી ગ્રંથ ઋગવેદ છે. આ ઋગવેદમાં ખગોળ સંબંધી હકીકત મળે છે.

પૃથ્વી ફરે છે ને સૂર્ય સ્થિર છે એમ હજારો વર્ષ આગમજ હિંદુ તથા ધરાની જોતિષ શાસ્ત્રીઓ જાણતા હતા. આર્ય ભટ્ટ નામનો વિદ્વાન શાસ્ત્રી લખે છે કેઃ—

भूपंजरः स्थिरो भूरे वावृत्या वृत्य प्रति दैवल्किौ ॥
उदयास्त मयौ संपादवति नक्षत्र ग्रहानां ॥

"પૃથ્વી ફરીયાથીજ સ્થિર નક્ષત્ર મંડળ અને ગ્રહો ઉદય અસ્ત થાય છે." તેમજ દુર્બિનની મદદ વિના તે વેળા સૂર્યબિંબ (Solar spots) શોધી કાઢવામાં આવ્યા હતા. તેની સાબેતી 'માર્કંડેય પુરાણ'માંથી મળે છેઃ—

तेजसः शातनं चक्रे विश्वकर्म्मा शनै शनै ॥
तेना स्पिनस्यामिका जांता शाता नौचिर्षं स्तथा ॥

" વિશ્વકર્માએ સૂર્યનું થોડું તેજ કાપી લીધું. જે જે અંશ કાપ્યા તે અંશ કલંક થયો."

તેમજ વરાહ મિહિરના બૃહતસંહિતામાં સૂર્યબિંબ માટે સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે, એટલુંજ નહિ પણ ૧૮ મી સદીમાં હારસેએ સૂર્યબિંબ સાથે દુકાળનો જે સંબંધ બતાવ્યો હતો તેનું એ ગ્રંથમાં આબેહુબ વર્ણન છે.

" જે જે દેશમાં સૂર્યનું બિંબ જોવામાં આવે છે, તે તે દેશના રાજપર વિપત્તિ આવેલી સમજવી . . . . . મેઘમાંથી પુષ્કળ પાણી વરસ્તું નથી, સઘળી નદીઓ થોડી વેહે છે અને કોઇ જગાએજ પાક ઉત્પન્ન થાય છે."

પ્રાચીન કાળથી હિંદુસ્તાન, ચીન ખાલ્દીયન, ઇજીપ્ત, ઈરાન વગેરે દેશની પ્રજા આ વિદ્યા સંબંધી શોખ ધરાવતી હતી અને તેથી તેઓએ તે સંબંધી અનેક શોધો કરી છે.

બાબિલોનથી ખાલ્દિયન પ્રજાએ આ બાબતમાં અતિ અગત્યનો શ્રમ લીધેલો જણાયો છે. કેમકે ખાલ્દિયાનાં વિસ્તીર્ણ મેદાનો, તારાઓથી ઝળકતું સ્વચ્છ ખુલ્લું આકાશ અને ગરમ હવા આ સર્વ સાધનોને લીધે આ દેશ આ વિદ્યાની શોધ માટે અતિ અનુકૂળ હતો. ત્યાંના લોકો પણ વિશેષ ઢોર ચરાવનારા ભરવાડનો ધંધો કરતા હોવાથી તેઓ ઘણું કરી ખુલ્લા મેદાનોમાં પડી રહી રાત્રે દેખાતા તારાઓનું ચાલુ અવલોકન કરી તેથી થનાર ફેરફાર વિશે અનુભવથી અનુમાન કાઢી ઋતુનાં ફેરફારને તથા બીજા કુદરતી ફેરફારની સમજ મેળવતા અને તે મુજબ પોતાના રહેઠાણો બદલતા હતા. તે ઓએ જૂદા જૂદા તારાઓને આગળ જે નામો આપ્યાં હતા તે આજે પણ વપરાય છે. આ નામો તેઓએ પોતાની દંતકથામાંના પ્રિય પશુઓ ઉપરથી તેમની આકૃતિ મુજબ આપ્યાં હતાં.

દુર્બિનની શોધ થવાની લાંબો વખત આગમજ અસલના જમાનાનાં લોકોએ કરેલી શોધો પુરવાર કરી આપેછે કે, તેઓ બહુ તિક્ષણ નજરથી અને ખંતથી અવલોકન કરતા હતા. બુદ્ધનો ગ્રહ જોવામાં આવેછે તે લાંબો વખત સુધી મનુષ્યની નજર આગળથી છટકી ગયલો હોવો જોઈએ. દ્રષ્ટિ મર્યાદાના વાદળાંઓની અંદર તે હમેશાં ઢંકાઇ રહેતો હોવાથી તેમજ બહુ થોડોવાર તે દેખાતો હોવાથી, નવાં ગ્રહોની શોધમાં આકાશ નિહાળનારા પ્રાચીન કાળના ખગોળ વેત્તાઓને તેણે ઘણાં હંફાવ્યાં હતા. પણ એક વેળા તે ખુલ્લી આંખે દેખાઇ આવ્યા પછી તથા બીજા તારાઓથી તેને જૂદો જોઇને તેની બરોબરી ઓળખ કરવાને બની આવ્યું હોવું જોઇએ.

પ્રાચીન કાળના ખગોળવેત્તાઓ ઉંચ મિનારાઓ ઉપરથી ખુલ્લો આંખે ખગોળનું અવલોકન કરી તેની નોંધ લેતા હતા, સૂર્ય તથા ચંદ્ર ગ્રહણોની ઘણીક તવારીખરૂપી નોંધો આજે આપણે જોઈએ છિયે.

હમ્બોલ્ટ જણાવે છે કે "અતિ પ્રાચીન જમાનામાં ઇજીપશિયન લોકો બુદ્ધના ગ્રહની શોધમાં રોકાયલા હતા, અને પશ્ચિમ અરબસ્થાનના 'સિદાઇત' જાતનાં લોકો એજ ગ્રહ ઉપર બરાબર ધ્યાન આપતા. ટૉલમિએ ૧૪ વાર આ ગ્રહનું અવલોકન કર્યું હતું (તે ઇ. સ. પૂર્વે ૨૬૧ માં થઇ ગયો હતો.)

'નામીચા ખગોળવેત્તા કેપલરના ગુરૂ 'મેસટલીને' 'પલિયાદિસ' અથવા સાત તારા એ નામે ઓળખાતા તારાના ઝુમખા મધે ૧૪ તારા ખુલ્લી આંખે જોયા હતા. સાધારણ માણસોની આંખે માત્ર ૬ તારા જણાય છે; પણ આજે દુર્બિન વડે આપણે ત્યાં સંખ્યાબંધ તારા જોઈ શકાયે છિયે, તા૦ ૨૪ મી ડીસેંબર ૧૫૬૯ ને દિને યાને દુર્બિન શોધી કાઢવામાં આવી તેની ૩૦ વર્ષ આગમજ તેણે તે મધેના ૧૧ તારાની જગ્યા નક્કી કરી હતી અને હાલમાં દુર્બિનની મદદથી તેની નક્કી કરેલી જગ્યા તેને બરાબર મળતી આવે છે.*

પ્રાચીનકાળમાં રાશિઓના ચિન્હો તે વખતના લોકો ખેતીવાડીપર મવક્કલ થએલા સમજતા. તારાઓની જે સમુહની વચ્ચે સૂર્ય વસંત ઋતુમાં પસાર થતો હતો તે સમુહને મેશ (Ram) કહેતા. તેનું કારણ એમ હતું કે એ સમયે ઢોરોને ખેતરોમાં ચરવા મોકલવામાં આવતા હતા.

ગ્રિષ્મ ઋતુમાં સૂર્યનાં કિરણોની શકિત ને 'સિંહ' નુ ચિન્હ આપવામાં આવ્યું હતું, તેમજ રાત અને દિવસની લંબાઈ સરખાઈ તુલા (Balance) થી સમજવામાં આવતી હતી.

પાનખર ઋતુમાં ઝેરી હવા ફેલાતી હોવાથી તેની નીશાની વૃશ્ચિક (Scorpion) હતી, અને કુંભ (Jar) અને મીન (Fish) વર્ષાદ અને શિયાળાને સૂચવે છે.

* પાછા ઇ સ. ૧૮૭૬ ને દીને રાતે ખુલ્લા આકાશ મધે આ ઝુમખા મધેના ૧૪ તારા તેમની નક્કી કરેલી જગાએ ખુલ્લી આંખે દેખાયા હતા.

રાશિચક્ર.

સંસ્કૃત.	ઇંગ્રેજી.	લૅટીન.	તારાઓની-સંખ્યા	આકાર વર્ણન.
મેષ	રૅમ	ઑરિસ	૪૨	એ ત્રણ પગ પેટ તળે દાબી તેપર બેઠો છે. ચોથો પગ આગળ લંબાવ્યો છે. માથું વળાવી પાછળ જુવે છે.
વૃષભ	બુલ	ટૉરસ	૨૦૭	યયાતિ તારાનો પગ એની બાંધ પાસે છે. એનામાં મોટા મોટા તેજસ્વિ તારાઓ છે.
મિથુન	ટિવન્સ	જેમિનસ	૮૩	એના તારા ચોરસ હોઇ જોડાયલી આકૃતિમાં છે. એકના હાથમાં દંડ અને બીજાના હાથમાં બર્છી છે.
કર્ક	ક્રયાબ	કૅનસર	૮૫	એમાં થોડા તારાઓ છે. (જુઓ કર્ક)
સિંહ	લાયન	લિઓ	૯૩	એ મિથુન તરફ દોડતો જણાય છે. તેની વચમાં અનેક તેજસ્વિ તારાઓ ચોરસ આકારનાં છે.
કન્યા	વ્હરજીન	વ્હર્ગો	૧૧૭	એના ડાબા હાથમાં છાલની લુમ છે. અને તેના હાથપર ઉત્તમ પ્રકાશીત તારો છે.
તુલા	બ્યાલિન્સ	લિબ્રા	૬૬	એમાં જે થોડા તારા છે તેપરથી એની આકૃતિ સ્પષ્ટ જણાય છે.
વૃશ્ચિક	સ્કૉર્પિઅન	સ્કૉર્પિયો	૬૦	મોટા તરફ બે બાજુએ બે ચિપ્યા છે. નજર તુલા તરફ છે.
ધનુ	આર્ચર	સાજીટેજીઅસ	૬૪	એની આકૃતિ અરધી મનુષ્યની ને અરધી ઘોડાની છે. એના હાથમાં તીરકામઠાં છે. તેમાંથી તે તીર છોડવાની તૈઆરીમાં છે.
મકર	ગોટ	કયાપ્રિકૉર્નસ	૬૪	એની આકૃતિ અરધી પાછલીની અને અરધી બકરાની છે. માથું, આગલા પગ અને બાંધ એ બકરાના જેવા છે. શરીરનો પાછલો ભાગ અને પુછડી એ માછલીની છે.
કુંભ	વૉટરબેરર	એકવેરિઅસ	૧૧૭	એની આકૃતિ મનુષ્યની હોઇ માથાપર પાણીનું વાસણ છે.
મીન	ફીશ	પિસેસ	૧૧૬	એનામા બે માછલી હોઇ તે દોરીનાં બે છેડાપર બાંધેલી છે. અને દોરી માછલી આસપાસ વિટલાયલી છે.

"૪૦ સ૦ પૂર્વે ૫૪૫નાં સુમારમાં 'કેસીમાંડરે 'શંકુ' યંત્રની શોધ કરી અને તેણે રપાટો ખાતે એક યંત્ર ઉભું કર્યું હતું. ૪૦ સ૦ પૂર્વે ૫૬૯થી ૪૭૦ની વચ્ચે થઇ ગએલા 'પિથાગોરસે' પૃથ્વીની બે પ્રકારની ગતિ— એક તેની ધરી ઉપરની તથા બીજી સૂર્યની

આસપાસની—ને તેને લગતા ઇતિહાસમાં સારી શોધ કરી હતી. એક હજાર વર્ષ પછી કોપરનિકસના વખતમાં જેટલી શોધ થઇ હતી તેના જેવાજ વિચારો તેના હતા. અને તેનો મત આજવેર સત્ય મનાય છે.'

૪૦ સ૦ પૂર્વે બીજી સદીમાં થઇ ગએલા 'હિપાર્કસ' પણ પ્રસીદ્ધ ખગોળવેત્તા હતો. તેણે પણ અતિ અગત્યની શોધો કરી છે. સૂર્ય અને ચંદ્રની ગતિ વિષે તેણે સારો અભ્યાસ કર્યો હતો. તેણે ગ્રહનું ગણિત કર્યું હતું. તેણે આ ગ્રંથ ૪૦ સ૦ પૂર્વે ૧૨૮માં લખી તૈયાર કર્યો હતો. તેમાં ૧૦૨૮ તારાઓની ટીપ આપેલી હતી. આ તારાઓની ગતિ અને સ્થિતિમાં થતા ફેરફારોની તપાસ ભવિષ્યના ખગોળવેત્તાઓ કરી શકે તેવી ઢબથી એ 'લીસ્ટ' તૈઆર કર્યું હતું.

'જે વખતમાં યાંત્રીક સાધનો થોડાં અને અપૂર્ણ સ્થિતિમાં હતાં તેવે સમયે પ્રત્યેક તારાની સ્થિતિ તપાસવાનું કામ તેણે કરેલું, તે લાંબો વખત વેર ચાલુ હતું. આ કામમાં તેણે અતિ અગત્યની શોધ કરી હતી. ૨૦૦ વર્ષ પેહેલાં પ્રસિદ્ધ ખગોળવેત્તાઓએ નક્કી કરેલ 'કન્યા' 'સંક્રાંતિમાં' ના એક તારાની સ્થિતિ તપાસતાં તેને તેના બે અંશનો ફેર માલમ પડ્યો હતો. તેણે એજ રીતે બીજા તારાઓની પણ તપાસ કરી હતી, અને તેમાં પણ તેને એજ પ્રમાણે માલમ પડ્યું હતું. આ ઉપરથી સાબિત થયું હતું કે સઘળા તારાઓ આગળ ગતિ કરનારાં છે, અને જે બિંદુઓથી તેનું માપ લેવાય છે એ બિંદુ પાછળ જતું જાયછે. આ તપાસને અયન ચલન (of the Equinoxes) કહેછે. જેનું કારણ સરઆઇઝેક ન્યૂટને શોધી કાઢ્યું હતું. હિપાર્કસની બીજી શોધ એ હતી કે બનાવટી ગોળા ઉપર તારાઓની સ્થિતિ બતાવી હતી અને અક્ષાંસ તથા રેખાંશની લીટીવડે ભૂગોલ ઉપરની સ્થિતિઓ બતાવી હતી.

ટૉલેમી ખગોળ તથા ભૂગોળ અને ગણિત વિદ્યામાં પ્રવિણ હતો. એણે હિપાર્કસ અને બીજાઓએ કરેલી શોધોનાં સંભાળથી અવલોકનો કર્યા પછી સેવટે તેણે મતની સ્થાપના કરી. આ મતને 'ટૉલેમી મત' કહેછે,"

પ્રાચીન ખગોળ વિદ્યા સંબંધી યંત્ર એક અતિ સાદું અને સરખી સપાટીપર ગોઠવેલું અધોમુખ સ્થંભવાળું હતું. તે એવી રીતે ગોઠવેલું કે છાયાનું અવલોકન કરતાં સૂર્ય અને તેની ગમે તે સમયની ઉચાઇની દિશા માપી શકાય. વળી જે દિશામાં તે સ્થંભની છાયા ટુંકામાં ટુંકી પડતી હતી તે દિશા બતાવી ને આકાશની ઉત્તર અને દક્ષિણ દિશાઓ મુકરર કરવામાં પણ આવતી હતી. ઘણા લોકો તરફથી એમ માનવામાં આવેલું છે કે 'સૂત્રાકારા પથ્થરના જે સ્થંભો આગલી પ્રજા આ કામ માટે બાંધતી હતી તેઓ કેટલીકવાર દડાને અતિ ક્રમણ કરતા હતા. તે એવી રીતે કે છાયાની સ્થિતિ ઘણીજ સેહેલાઇથી માંપી શકાતી હતી. આમાંના કેટલાક સ્થંભો પાછળથી એજ કામ અર્થે રોમ લાવવામાં આવ્યા હતા."

હાલનાં સમયમાં અત્યંત અગત્યનું થઇ પડેલું, તેમજ જેણે જ્ઞાનમાં ઘણોજ અગત્યનો વધારો કરેલો છે એવી દુર્બિન પ્રાચીન કાળના લોકોના જાણમાં નહોતી, 'કાળમાપક યંત્ર' પણ હાલના ઘડીયાળ જેવું તેમની પાસે નહોતું. તેમ છતાં ચોકસ બનાવોનો બરાબર ખરો સમય શોધી શકતા હતા. કેટલીક જાતનાં છાયા અથવા શંકુ યંત્રો (Sun dials) વાપરવામાં આવતા હતા, અને તેઓ જોકે સૂર્યનો પ્રકાશ હોય તેવા સમયમાંજ ઉપયોગી થતા હતા, તોપણ સમય બરાબર આપતા હતા. વળી બીજા યંત્રો પણ વાપરતા હતા અને તેમાં મુખ્ય 'જળયંત્ર' (Clepsydra) હતું. તે યંત્રમાંથી પડતા જળના માપ ઉપરથી કલાક જાણી શકતા હતા. પાછળથી જળને સ્થળે રેતી વાપરવામાં આવતી હતી જેથી કલાકો માત્ર સમજ પડતા "(જુઓ ઘડીઆળ)"

" રોમન રાજ્યની પડતી પછી યુરપમાં

આ વિદ્યાની શોધ ઢીલી પડી ગઇ હતી અને અજ્ઞાન કાળમાં કશી નવી શોધ થઈ નહિ. પણ ૮ મી સદીમાં જ્યારે બગદાદ આરબોથી સુધર્યું ત્યારે ત્યાં ખગોળ વિદ્યાનો વધારો થયો. ૧૪૩૩ માં 'ઉલુઘબેગ' નામે ખગોળવેત્તાએ અવલોકન કરી ૧૦ થી ૮ તારાઓનું એક 'લીસ્ટ' તૈયાર કર્યું હતું, પણ ટૉલેમિના મતને આધારે તેનો મત હોવાથી તેમાં ભુલ રહી હતી, અને પૃથ્વી ફરતી નથી પણ સ્થિર છે એવો મત ૧૪૭૨ માં નિકોલસકોપર્નીકસ થયો ત્યાં સુધી ચાલ્યો હતો.

અજબ જેવું છે કે છેક ૧૫મી સદી સુધી પૃથ્વી સ્થિર છે એવો મત દુન્યામાં જડ ઘાલી પેઠો હતો પણ ૪૦ સ૦ પૂર્વે હજારો વર્ષોપર ઇરાની ઓલમાઓએ પૃથ્વી ગોળ હોઈ ફરતી છે એવું મત જાહેર કર્યું હતું. નવી શોધ મુજબ ૪૦૦૦ વર્ષો પર અશો જરથોસ્ત પેગંબરનો જમાનો હતો છે, અને આ ધર્મ સ્થાપકના મોત બાદ થોડા સમય પછી જરથોસ્તીઓનું વંદીદાદ નામનું એક ધર્મ પુસ્તક લખાયું હતું. તેમજ તે સમયે રચાયલી યશ્તો પણ બહુ પુરાણી ગણાય છે તેમાં મેહેર તથા અર્શીશવંગ યશ્તો તથા વંદીદાદમાં પૃથ્વી ગોળ અને ફરતી છે એવું વર્ણન આપેલું છે.

'વંદીદાદની પરગર્દ ૧૯ માંના ૪ થા ફકરામાં—" અધાઓ જેમો યત પથનયાઓ સ્કરેનયાઓ દુરએ—પારયાઓ " યાને આ જમીન જે પોહોળી ગોળ તથા દુર દરાજ છે.

મેહેરયશ્તનો કરદો ૨૪ મો, ફકરો ૯૫ માં—યો જેમ ક્રથાઓ અઇવીઆઇતી પસ્ચ હુ ક્રાશમો દાઇતીમ મરેજઇતી વરકન અંઘહાઓ જેમોયત પથનયાઓ સ્કરેનયાઓ–દુરએ–પારયાઓ વીસ્પેચ ઇમત આદી દાઇતી યત અન્તરે જમ અસ્મનેમચ. –યાને, જે મેહેર ઇજદ 'હોશન ગેહનો' વખત એસ્તાંજ જમીનની પોહોળાઈ ઉપર ફરી વળે છે તથા આ પોહોળી, ગોળ અને પાર વિનાની એવી જમીનના બે કિનારાઓની હદ બાંધે છે; અને પછી જમીન અને આસમાનની વચ્ચેની આ સઘળી પેદાએશોને જોયે છે."

*વળી પૃથ્વી ઇશ્વરે કેવી બનાવી તેનો ઇશારો વંદીદાદની પરગરદ ૨૨ મીના ૧ લા તથા ૮ મા તથા ૧૪ માં ફકરામાં નીચે મુજબ વર્ણન મળે છે. " હોરમજદે સૈાથી પવિત્ર જરથુસ્તને કહ્યું (કે) હું જે હોરમજદ તથા હું જે વસ્તુઓનો (અથવા નિયામતોનો) આપનાર (છું) (તેણે) આ ક્રુકામ યાને આ દુનીયા ને સોહામણી, રોશણીવાલી (તથા) ખુબસુરત (અથવા દેખામણી) પેદા કીધી." પછી પૃથ્વી જાણે બોલતી હોય તેમ આ ફકરો મળે છે: "ઉજ્યેની પારયેની" યાને 'હું આગળ ચાલીશ (તથા) હું પાર કરીશ. યાને હમેશ ને હમેશ સુધી ફર્યા કરીશ.

ઉપર મુજબ છેક પ્રાચીન જમાનામાં આ પૃથ્વી વિશે સારૂં જ્ઞાન ફેલાયલું પણ ઇરાની સાહિત્યના નાશથી તે વખતના સિદ્ધાંતો અને શોધો નાશ પામવાથી ઘણીહેલી ભુલો સદીઓ સુધી કાયમ રહી. "કોપરનિકસે આ ચાલતી આવેલી ભુલો દૂર કરી મોટો સુધારો કર્યો. તેણે અથાગ મેહેનત પછી 'આકાશના ગ્રહોની ગતિ' નામનો ગ્રંથ રચી પ્રગટ કર્યો હતો. એનો સિદ્ધાંત એ હતો કે સૂર્ય મધ્યમાં હોઇ તેની આસપાસ પૃથ્વી, ચંદ્ર વગેરે ગ્રહો ફરે છે! પૃથ્વીની તેની ધરી ઉપરથી દર રોજની ગતિ તથા, સૂર્ય આસપાસની વાર્ષિક ગતિ એમ બંને પ્રકારની ગતિઓ માનવામાં આવેલી હતી. ખરૂં જોતાં લાંબા કાળથી વિસરાઈ ગએલા પિથાગોરસના સિદ્ધાંતને તેણે પાછો સ્થાપ્યો હતો પણ તેને વધારે સેહેલી રીતથી અને વિચારથી બતાવવામાં આવ્યો હતો. તેણે ગ્રહોનો ક્રમ નિયમિત બતાવ્યો હતો, અને લાંબાકાળથી ચાલતા આવેલા ટૉલેમી

* મરહુમ શેઠ અરદેશર સોરાબજી દસ્તુર કામદીન કૃત પરચુટણ લખાણો પાનું ૪૦, ૪૩ મુ.

અને તેના શિષ્યોના ભૂલ ભરેલા સિદ્ધાંતોને દૂર કરી નાખ્યા હતા.''

ગ્રહોની ગતિ, કદ, અને દેખાવ વિષે કોપરનિકસનું સિદ્ધાંત સંપૂર્ણ નહોતું પણ તેનો જે પાયો એણે રચ્યો હતો તેને પાછળથી કેક કેપલર અને ગેલિલીયો જેવા વિદ્વાનોએ પુષ્ટી આપી વધાર્યો હતો, પણ વચમાં ૧૫૪૬ માં થએલા એક ડેનીશ 'ટાઈકોબ્રાહ' એ પણ પોતાની જીંદગી ખગોળ વિદ્યાની શોધ ખોળમાં ગુજારી હતી. એણે ૧૫૭૫ માં ડેનમાર્કના બીજા ફ્રેડરિકની મદદથી બાલ્ટીક સમુદ્રમાં વેધકશાળા બાંધી, તેનું નામ ''આકાશકોટ'' આપી ત્યાં પોતાનો અભ્યાસ મરણ કાળ સુધી ચલાવ્યો હતો, એણે માત્ર પોતાનો નવો સિદ્ધાંત ચાલુ કરી પૃથ્વીને મધ્યમાં મેળી હતી પણ કોપરનિકસ કરતાં એણે વધારે સારી બીજી શોધો કરી હતી, કે જે પૃથ્વી વિષેની ભુલ બિસાદ વિનાની ગણાય. તેના પછી તેનો શિષ્ય 'કેપલર' થયો, તેણે ગ્રહો સંબંધી નિયમ અતિ ચોકસાઇથી બાંધ્યા હતા. તેણે મંગળના ગ્રહ વિષે અવલોકન ચલાવવામાં તેની ગતિ અનુસાર સ્થળ ગણત્રી કરી શોધી કાઢયું, અને તેની સ્થિતિ જે માનેલી હતી તેમાં ને આ ગણિતથી શોધાયલી સ્થિતિમાં તફાવત આવ્યો હતો. એણે સૂર્ય આસપાસ ગ્રહોને ફરતા જણાવી સૂર્ય તેમના એક 'કેંદ્ર'માં રહેછે એમ જણાવ્યું છે.'

''૧૫૪૬ માં ગેલીલિયો થયો. તેણે દુર્બિન શોધી; એજ અરસામાં સર આઇઝેક ન્યુટન થયો, તેણે ખગોળ વિદ્યાને એક નુતન થયો, તેણે ખગોળ વિદ્યાને આજની ચઢતી હાલતે આણી, તે પછી ૧૬૭૫ માં ફ્લેસ્ટીડ, ૧૭૧૬ માં હૉલી, ૧૭૫૨ માં બ્રેડલી, ૧૭૪૧ માં સરવિલ્યમ હર્શલ, ૧૮૭૦ માં વૉશિંગટન વગેરે જાણીતા વિદ્વાન ખગોળવેત્તાઓ થઇ ગયા છે કે જેઓએ જમાને દર જમાને નવી નવી શોધો કરી વિશ્વનું અવલોકન સ્પષ્ટપણે પ્રજા સામે મેળવ્યું છે.

પરમેશ્વરની અપાર શક્તિથી જે માહા વિશાળ આકાશ નિર્માણ થયું છે તેની શોધ કાળા માથાનો માનવી પોતાની બુદ્ધિ બળે હજી પૂર્ણ પણે કરી શક્યો નથી. તે વીશાળ વિશ્વના સર્વ ભેદને પોંહચી વળવા તદન અશક્ત નિવડયો છે, કેમકે ખગોળની મોટાઇનો ખ્યાલ ચોકસ ગણત્રીથી કરતાં તે જોનારને હેરત કરેછે.

પૃથ્વીના સર્વેથી નજદીકના તારા તરફ માનવીને પુગવા માટે ૧૮,૦૦,૦૦,૦૦,૦૦૦ માઇલની મુસાફરી કરવી પડે અને જેટલી ગતિથી તોપનો એક ગોળો ઉડેછે, તે ગતિએ ચાલતાં એ મુસાફરી પુરી કરતાં ૫૦,૦૦,૦૦૦ વર્ષ લાગે.

ખુલ્લી આંખે ઉત્તર ગોલાર્ધમાં ૧૦૦૦ તારાઓ જોઇ શકાય છે પણ તેમના અને આપણા વચ્ચેનો અંતર ગણવો અશક્ય છે. આ ૧૦૦૦ તારા આસપાસ જૂદા જૂદા કદનાં બીજા ૫૦,૦૦૦ તારા ફરી વળેલાછે. છુટા છુટા ઉપરાંત તારાઓના સંખ્યા બંધ ઝુમખાઓ એકમેકની આસપાસ ફરેછે. આપણી ખુલ્લી નજરે જે આકાશ દેખાયછે તેની હદ બાહેર તે અતિ મોટાઇ ધરાવેછે.

આકાશ ગંગામાં ઘણું કરી ઓછામાં ઓછા ૨,૦૧,૫૬,૦૦૦ તારાઓ છે અને દરેક તારો એક સૂરજ જેવો હોવાથી તેની દરેકની આસપાસ ૫૦ ગ્રહો ફરેછે. આંકડાઓ ગણતાં આકાશગંગાના તારાઓનો કુલે આંકડો ૧,૦૦, ૦૫, ૫૫, ૦૦૦ ની સંખ્યાએ પુગેછે. તે છતાં એ તો માત્ર વિશ્વનો એક ભાગ છે. હાલમાં શોધી કાઢવામાં આવેલી નવી નવી દુર્બિનોથી જણાયું છે કે હજી બીજી આકાશ ગંગાઓ તેથી દુર છે. તે ઉપરાંત 'નેબ્યુલા' ને નામે ઓળખાતા ઝાંખા દેખાવના આકાશ ગંગા છે. તેમની સંખ્યા ૩૦૦૦ ની છે, તેઓ મધેના ૨૦૦૦ નેબ્યુલાને જો આકાશગંગાના કદનાં ગણીએ તો તેમાં સઘળાં મળીને ૪૦,૩૮,૨૦,૦૦,૦૦૦ સૂર્ય અથવા ૨૦,૧૯,૧૦,૦૦,૦૦,૦૦૦ તારા

તથા ગ્રહોછે. હવે જો એ તારા આપણી આંખ સામે એક મિનિટ દીઠ એકની ગણત્રી પ્રમાણે દેખાડવામાં આવે તો તે સઘળા જોવા માટે ૩૮,૪૦,૦૦૦ વર્ષો જોઇએ, તે છતાં નેબ્યુલા પણ જગતનો એક ભાગ છે, આ નેબ્યુલાની હદ વટાવી જતાં પણ બીજા તારા વિનાના નેબ્યુલા જણાયાછે તે કદમાં અતિ મોટાંમા મોટા છે કે જેમાં એક તો સૂર્ય કરતાં ૨૨,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ ઘણો મોટો છે, આ નેબ્યુલાનું નામ ઓરિયન છે.

આપણને સૂર્ય ક્ષિતિજ તળે જતાં આકાશના છત્રમાં અસંખ્ય તારા દેખાવા માંડેછે. પૃથ્વી આકાશથી તદન જૂદી છે, જોનારને તારાઓ સ્થિર છે એમ પ્રથમ દેખાયછે પણ બરાબર જોતાં તેમ તેઓ સ્થિર નથી, પણ તેમને બીજા ગ્રહો મુજબ ગતિ છે, તેઓ પૂર્વમાં ઉગી પશ્ચિમમાં આથમેછે, કેટલાક તારાઓ એવા છે કે તે ક્ષિતિજ સુધી કદી જતા નથી પણ તેઓ ધ્રુવની આસપાસ ફરેછે, આ ધ્રુવ આસપાસ સૂર્ય, ચંદ્ર અને તારા યાને સર્વ ખગોળ ૨૪ કલાકમાં પૂર્વથી પશ્ચિમ ભણી ફરી રહેછે.

પૃથ્વી ખગોળની તદન વચ્ચે છે. તેના જે તદન દક્ષિણોત્તર છેડા તેને ધ્રુવ કહેછે, કૃષ્ય ગોલાર્ધથી અદ્રષ્ય ગોલાને જુદો પડનારા જે ગોલાર્ધ તેને 'વાસ્તવાક્ષિતિજ' કહેછે. સ્વસ્તિક એટલે કૃષ્ય ગોલાર્ધનો જે અતિ ઉંચો બીંદુ તે આ સ્વસ્તિક ક્ષિતીજના દરેક બિંદુથી સુમારે ૯૦ અંશ ઉપર હોયછે. આ કૃષ્ય ગોલાર્ધના અંતમાં જે અધો બિંદુ તેને અધઃસ્વસ્તિક કહેછે. એ પણ ક્ષિતિજથી ૯૦ અંશ ઉપર છે. ૫૩½° ઉત્તર અક્ષાંસપર રેહનાર લોકોને ધ્રુવથી ૫૩½° ની અંદર જે તારાઓ છે તે સઘળા દેખાય છે.

સૂર્ય જેની વચમાં છે. એવો જે જગતનો ભાગ તેને સૂર્ય માળા કહેછે. આ માળામાં ગ્રહ, ઉપગ્રહ અને કાંઇ ધુમકેતૂઓ હોયછે. ગ્રહ પોતે પ્રકાશિત હોતાં નથી, તેઓ પણ પૃથ્વી પ્રમાણે પૂર્વથી પશ્ચિમ સૂર્યની પ્રદક્ષિણા કરેછે.

નીચલા કોઠા ઉપરથી ગ્રહોના અંતર, મહત્વ અને પ્રદક્ષિણા કાલ તથા ગતિ માલમ પડશે:—

નામો.	વ્યાસની લંબાઇ.	સૂર્યથી મધ્યમ પ્રમાણમાં અંતર માઇલ.	આંસપર ફરવાનો કાળ.	સૂર્ય આસપાસ વાર્ષીક પ્રદક્ષિણાનો વખત.	દર કલાક ગતિનો વેગ મધ્યમ પ્રમાણેથી માઇલ.
			દિ૦ ક૦ મિ૦ સે૦	દિ૦ ક૦ મિ૦ સે૦	
સૂર્ય	૮૮૨૦૦૦	.....	૨૫–૭—૪—૦	.....	.....
બુધ.	૨૯૫૦	૩૬૭૭૦૦૦૦	૨૫–૨૪—૫—૦	૮૭–૨૩–૧૫–૪૪	૧૧૦૭૨૫
શુક્ર.	૭૮૦૦	૬૮૭૧૦૦૦૦	૨૫–૨૩–૨૧–૨૧	૨૨૪–૧૮–૪૯–૯	૮૧૦૦૦
પૃથ્વી	૭૯૧૨	૯૫૦૦૦૦૦૦	૨૫–૨૩–૫૬—૪	૩૬૫—૬--૯–૧૦	૬૮૮૬૦
ચંદ્ર	૨૧૮૦	૯૫૦૦૦૦૦૦	૨૭–૭–૪૩—૦	૩૬૬—૬--૯–૧૦	.....
મંગળ	૪૧૦૦	૧૪૪૭૫૦૦૦	.....	૬૮૬–૨૩–૩૦–૪૦	૫૫૮૧૨
ફ્લોરા	.....	૨૦૬૧૭૦૦૦	.....	૧૧૯૩—૬–૪૪–૩૮	૪૬૪૩૪
મેલપોમની	.....	૨૧૮૦૮૦૦૦	.....	૧૨૭૦–૧૧–૫૭–૦	૪૫૪૭૪
વિકટોરીયા અથવા કલૈઓ	.....	૨૨૧૮૨૦૦૦	.....	૧૩૦૩ – ૬–૦૭–૧૨	૪૫૦૫૩
થિતીસ	.....	૨૨૨૬૧૦૦૦	...	૧૩૧૦—૨–૪૭–૨	૪૫૦૦૬
મસેલીયા	.....	૨૨૫૭૧૦૦૦	.....	૧૩૩૭–૧૪–૨૫–૨૬	૪૪૭૦૨
વેસ્તા	.....	૨૨૪૩૬૦૦૦	.....	૧૩૨૫–૧૬–૩–૨૧	૪૪૮૩૮

નામો.	વ્યાસની લંબાઇ.	સૂર્યથી મધ્યમ પ્રમાણમાં અંતર માઇલ.	આંસપર ફરવાનો કાળ.	સૂર્ય આસપાસ વાર્ષીક પ્રદક્ષિણાનો વખત.	દર કલાકે ગતિનો વેગ મધ્યમ પ્રમાણેથી માઇલ.
			દિ૦ ક૦ મિ૦ સે૦	દિ૦ ક૦ મિ૦ સે૦	
એરીસ	.....	૨૨૬૬૧૦૦૦૦	.....	૧૩૪૫-૧૪-૨૪-૦	૪૪૬૦૮
મીતિસ	.....	૨૨૬૭૬૦૦૦૦	.....	૧૩૪૬-૨૨-૩૩-૩૬	૪૪૫૮૯
હીબી	.....	૨૩૪૨૦૦૦૦	.....	૧૩૯૬-૧૫-૪૪-૨૭	૪૪૨૩૮
ફાર્યુના	.....	૨૩૨૩૭૦૦૦૦	.....	૧૩૯૭—૪-૩૬-૨૮	૪૪૦૪૮
પાર્થેનોપી	.....	૨૩૨૫૬૦૦૦૦	.....	૧૩૯૬—૧-૪૬-૩૩	૪૪૭૩૦
આસ્ત્રિયા	.....	૨૪૪૬૬૦૦૦૦	.....	૧૫૧૧—૮-૫૩-૨૧	૪૨૬૧૧૩
એરિની	.....	૨૪૫૨૮૦૦૦૦	.....	૧૫૧૫—૮-૫૭--૭	૪૨૮૮૭
ઇજીરિયા	.....	૨૪૫૩૪૦૦૦૦	.....	૧૫૧૫-૨૦-૨૪--૦	૪૨૮૬૪
લુતીશિઆ	.....	૨૪૭૪૬૦૦૦૦	.....	૧૫૩૫-૧૨--૦--૦	૪૨૮૮૨
યૂનેમિયા	.....	૨૫૧૮૪૦૦૦૦	.....	૧૫૭૬-૧૧-૪૬-૫૫	૪૨૩૧૧
જૂનો	.....	૨૫૩૫૭૦૦૦૦	.....	૧૫૯૨-૧૭-૩૬-૫૦	૪૨૧૬૭
સિરિસ	.....	૨૬૨૮૬૦૦૦૦	.....	૧૬૮૧—૨-૧૩-૫૫	૪૧૪૧૪
પ્સૈકે	.....	૨૭૮૬૩૦૦૦૦	.....	૧૮૩૪-૧૫-૪૭-૩૧	૪૦૨૨૫
જૂહસ્પતિ	૮૮૬૧૦	૪૬૪૨૭૦૦૦૦	૦—૬-૫૫-૨૬	૪૩૩૨—૧૪--૨--૬	૩૦૨૦૩
શનિ	૭૫૦૦૦	૯૦૬૧૬૦૦૦૦	૦—૧૦—૨૬—૧૭	૧૦૭૫૬—૫-૧૬-૩૦	૨૨૩૦૬
હર્શલ (યૂરેનસ)	૩૪૫૦૦	૧૮૨૨૩૩૦૦૦૦	૦—૬—૩૦—૦	૩૦૬૮૬-૧૬-૪૧-૩૧	૧૫૭૩૦
નેપત્યૂન	૩૭૫૦૦	૨૮૫૪૦૦૦૦૦૦	.....	૬૦૧૨૭—૦—૦—૦	૧૨૭૭૦
કાલ્યેોપી	.....	.....	.....	.....	.....
થેલિયા	.....	.....	.....	.....	.....
ફેાશિયા	.....	.....	.....	.....	.....

ખગોળ વેત્તાઓએ ૧૮ મુખ્ય ગ્રહો શોધી કાઢયાછે. તેમાં પૃથ્વીનો એક ઉપગ્રહ એટલે ચંદ્ર, બૃહસ્પતિનાં ૪, શનિના ૭, હર્શલનાં ૬ મળી ૧૮. ચંદ્ર શિવાય બીજા ઉપગ્રહોને દુર્બિન શિવાય જોવાઈ શકતાં નથી.

સૂર્ય ઉપરથી ગ્રહ તરફ જોતાં તે આપણને કક્ષામાં સૂર્ય આસપાસ સમાન ગતિથી પ્રદક્ષિણા કરતા જણાશે. પૃથ્વી એ સૂર્ય મંડળની વચમાં નહિ હોવાથી તે ઉપરથી ગ્રહોની ગતિ જૂદી જૂદી જણાયછે. ગ્રહ જેમ જેમ સૂર્ય નજદીક હોયછે તેમ તેની ગતિ ચપળ હોયછે. શુક્રનો ગ્રહ પૃથ્વીની ઘણી નજદીક કેહવાય. બુધ્ધ અને શુક્ર એ પોતે પ્રકાશતા નથી. તેમની કક્ષા પૃથ્વીની કક્ષા અને સૂર્ય એમની વચ્ચે છે. શુક્ર સૂર્યની પશ્ચિમે હોય છે ત્યારે તેનો ઉદય સૂર્ય પેહેલાં થાયછે; તેને આપણે 'બામદાદનો તારો' કહિએ છિયે. સૂર્ય શુક્રની પૂર્વે હોયછે એટલે સૂર્ય પછી અસ્ત પામે છે, તેને સાંજનો તારો કહેછે. મંગળ અગ્નિ જેવો લાલ જણાયછે કારણ કે તેની આસપાસનું વાતાવરણ અતિ ઘન રહેછે. આથી તેમાંથી સૂર્યનાં લાલા કિરણો દાખલ થાયછે. વેસ્તા' ફ્લેારા, જૂનો, સીરિસ' પાલાસ, વગેરે લઘુ ગ્રહો અથવા ગ્રહ કલ્પ છે. બૃહસ્પતિ સર્વ ગ્રહોમાં મ્હોટો છે.

(જૂઓ એ શિવાય જૂદા જૂદા વિષયોના નામ ત૦ ન૦.)

પૃથ્વીની છાયામાંથી ચંદ્ર જવા માંડેછે એટલે તેને ગ્રહણ કહેછે. બૃહસ્પતિ ઉપગ્રહ તેની છાયામાં જવા માંડેછે, એટલે તેમને પણ ગ્રહણો લાગેછે. આ ગ્રહણો ઘણું કરી ક્રમે થાયછે. તેમાંના બે ઉપગ્રહ એકદમ તેની ક્ષિતિજપર હોય છે, તેની નજદીક રહેલા ઉપગ્રહોની કળા ઘણી જલદી બદલાય છે. એટલે તે ૪૨ કલાકમાં બીજના ચંદ્રથી પુનેમના ચંદ્રમાં જેવડો થાયછે. આ વખતમાં એને અને ગુરૂને ગ્રહણો લાગેછે. પૃથ્વીની કક્ષાનો ૧૯૦૦૦૦૦૦૦ માઇલ વ્યાસ પસાર કરવા કિરણોને ૬૯ મિનિટનો વિલંબ લાગેછે. એટલે ખરૂં જોતાં સૂર્યનો પ્રકાશ પૃથ્વીપર આવતાં ૮ મિનિટ લાગે છે. આ ઉપરથી દર મિનિટે પ્રકાશની ગતિ ૧,૨૦,૦૦,૦૦૦ માઇલની છે. બૃહસ્પતિની પેલી મેર શનિ ગ્રહ છે. શનિને ૭ ઉપગ્રહો છે. સૂર્ય અથવા ચંદ્રના પ્રકાશનો છાયાથી લેાપ થતાં ગ્રહણ થાયછે. ચંદ્રને ગ્રહણ લાગતાં તેનો રંગ લાલાસપર હોયછે. પૃથ્વીની છાયા ચંદ્રપર અંશરૂપે પડતાં તેને ગ્રહણ કહે છે અને તે જો તેની છાયામાં સમાય છે ત્યારે તેને ખગ્રાસ કહે છે. સૂર્ય ગ્રહણ અમાસને દીને અને ચંદ્ર ગ્રહણ પુનેમને દીને થાયછે. (જુઓ ગ્રહણ.)

ખંજાંછંદ—આ છંદ પાંચ પાંચ માત્રાની ૬ યતિનો ને ૧૧ માત્રાની ૧ યતિ એટલે ૪૧ માત્રાનો બનેછે. એની અંતે રગણ આવેછે, ને બાકીની પેહેલી ૩૬ માત્રા લઘુ આવેછે.

(૨) આ બીજા ખંજાંછંદમાં ૨૯ લઘુ ને ૧ ગુરૂ આવેછે, ને બીજા ચરણમાં ૨૯ લઘુ ને ૨ ગુરૂ અને બેઉ ચરણમાં દર ૮ અક્ષરે યતિ આવેછે. દાખલા તરીકે

પ્રથમ દુરજન પ્રતિ નમન કરિ
પછિ સત પુરૂષ પ્રત નમન કરે પ્રિતે;
પ્રથમ ગુદ જળથી પવિતર કરિ
પછિ મુખ પવિતર કરવું ઈ અવળિ રીતે.

ક. હિરાચંદ.

ખંજરી—આ એક દેશી વાદ્ય છે. એની આસપાસ નાહની ઝાંઝો જડેલી હોવાથી એને ખંજરી કહેછે.

ખજૂર—ખજૂરીનાં ઝાડ 'પામ'ની જાતનાં હોય તે શિંદીના ઝાડ જેવાં ઉંચા હોયછે. ખજૂરનાં જૂદા જૂદા ઝાડપર રત્ની કેસર તથા પૂંકેસરના પુલો એક એકથી વેગળા ઝાડપર આવેછે ને તેના સંયોગથી ઝાડને ફળો આવેછે. ખજૂરીનાં ઝાડ હિંદમાં પુશકળ થાયછે પણ તેમાંથી ખજૂર જોઇએ તેવી ઉત્પન્ન થતી નથી. ઝાડપર ખજૂર જેવાં ફળો આવ્યા છતાં હવાના ગુણને લીધે અરબસ્તાન જેવાં ફળો થતાં નથી. હિંદુસ્તાનમાં એના ઝાડમાંથી તાડી, નીરો તથા દારૂ બનાવવા માટે ઉપયેાગ કરેછે. એના ઝાડ ૮ થી ૯ વર્ષનાં થતાં તેમાંથી દારૂ કાઢવામાં આવેછે. અરબસ્તાન, ઇરાન, આફ્રિકા તથા સુલેમાન પર્વત પર (સિંધ પ્રાંતની ઉત્તર દિશાએ) તથા પાલમિરા ને જેરીકા પ્રાંતમાં પુશકળ ઉગેછે. મીરપૂરનાં સુલતાને સક્કરમાં એના અસંખ્ય વૃક્ષો વાવ્યાંછે. અને ત્યાં એની મોટી ખેતી કરવામાં આવેછે, તેમાં ત્યાં એનીપર ઉત્તમ જાતનાં ફળો ઉગેછે. એનાં અધકચ્ચાં ફળો ઉતારી સુકવ્યાથી તેને ખારક કહેછે પણ જો તેને પાકવા દીધી હોય તો તેનો ખજૂર બનેછે.

ખજૂર પાચક તથા પૈાષ્ટીક છે. ખજૂરનાં બિયાંનું તેલ કાઢવામાં આવેછે ને તે બાળવા તથા ઔાષધિ ઉપયેાગમાં આવેછે. આરબો એના બિયાંનુ તેલ કાઢી તેના ખોળાને ઢોરોને ખાવા આપેછે. ખજુરના ઝાડના પાંદડાની સાવર્ણી તથા ચટાઇ બને છે, અને લાકડું ઘર બાંધવા તથા પુલ બનાવવાના કામમાં આવે છે. ખજૂરનો અરક અત્તેસાર બંધ કરવામાં તથા કફ વિકારમાં ઉપયેાગી છે. તાઢીયા તાવ ઉપર ખારેકના બિયાં અને અધેડાનાં મૂળ ઠંડા પાણીમાં ચંદન જેવું જાડું ઘશી, ખાવાના પાનને ૪ ગુંજ ભાર ચેાપડી તે પાનસેાપારી, લવંગ, એલચી, કાથા સાથે તૈયાર કરી તાવ આગમજ દર

ઘડીએ બગડાવ્યાથી તાવ દૂર થાય છે. રગતપિતના રોગપર ખજુર મધમાં ખાવા અપાય છે.

ખજુરીનાં ઝાડ સરદ જમીનમાં ઉત્તમ પ્રતિના ઉગે છે. નવાં ઝાડ બિયાંથી નિકળેછે, તેમજ તેની બાજુમાં જે ફણુગા ફુટે છે તે જૂદા કરી દાટવાથી પણ તે ઉગે છે, તેને ચાર પાંચ દિવસ આંતરે પાણી સીપવું પડે છે. બંગાલમાં ખજુરીના રસમાંથી ખાંડ તથા ગોળ બનાવવામાં આવે છે, ત્યાં એનો ગોળ માર્ગશિર્ષથી ફાલ્ગુન શુદ પૈાર્ણીમા સુધીમાં બનાવે છે, એટલી મુદતમાં એક સાધારણ ઝાડમાંથી ૨૪૦ બંગાલી શેર રસ નિકળે છે, અને. તેમાંથી ૨૪ શેર ગોળ બને છે. ૩૦ મણ ગોળમાંથી ૧૧ મણ સાકર બને છે.

ખજુરીના ઝાડની પૂંજ સીરિયા, સેમેાસ, એથન્સ, દોદોના, આરકેડયા, જર્મની, ડેસોસના ટાપુઓમાં આંગળ તેમ હાલમાં પણ થાય છે. તેઓની સમજ એવી છે કે 'લાટોના' દેવીનું તેમાં રહેઠાણ છે તેથી તેને તેઓ પુજ્ય ગણે છે. આ ઝાડમાંથી તેમને કદી રસ મળે છે ત્યારે તેઓ તેને ઇશ્વર પ્રસાદી સમજી એહેશત મલ્યા જેટલું તેમાં પુન્ય સમજે છે.

ખજુરી કાળી—આ વનઔાપધિ ઝાડ પશ્ચિમ સૈહ્યાદ્રી પર્વતપર મળે છે, માથેરાનના ડુંગરપર એના વૃક્ષ ૨૦૦૦ ફીટ પર મળે છે. સૈાંદાના ઘાટ પર એનાં વૃક્ષેા ૫૦ ફીટ ઉંચાં વધે છે. એનીપર જે પાંદડાં ફુટે છે તે એવડા યા ૪ વખત વિભાગેલાં, ૧ ફીટ લાંબા હોય છે. ફુલેા નાહનાં, સફેદ ને ઉગ્ર ગંધનાં હોય છે. ફળ પિળા રંગના હોઇ તેમાં એકજ ઠળિયેા હોય છે. માહેલું મગજ ચીકાસદાર હોઇ તે સ્વાદમાં કડવું હોય છે. કોકણમાં પેટ દુખવાપર એ ખવાડે છે. એક વખત અરધું ફળ ખાવાનું પ્રમાણ છે.

ખટમાંડુ—નેપાલનું આ જાણીતું શેહેર વિશ્નુમતી નદીનાં પૂર્વ કિનારાપર છે. એની લંબાઇ ૧ મૈલ અને પેાહળાઈ પા મૈલની છે. પશ્ચિમ તરફથી શેહેરમાં જવઆવ કરવા માટે બે પુલેા બાંધેલાં છે તેમાં એક ઉત્તર તરફનેા ને બીજો દક્ષિણ છેડાપરનેા છે. આ શેહેર ઘણું ખરૂં ચિત્ર વિચિત્ર દેખાવનું બનેલું છે; પણ શેહેરના રસ્તા સાંકડાં અને ઘણી ગલીચ સ્થિતિમાં હોય છે. શેહેરમાં મકાનેાની સંખ્યા ૫૦૦૦ ની હોઇ ૫૦૦૦૦ ની લેાકવસ્તી છે. ગોરખપૂરથી ઉત્તર પૂર્વે ૧૩૭ મૈલપર છે.

ખટવાંગ—એને ઇંગ્રેજી અથવા લૅટીનમાં "લૈકોપેાડિયમ' કહેછે, એ એક જાતની વનસ્પતિ છે કે જેનાં ફળમાંથી નિકળતી ભૂકી યૂરોપ્યન તબીબેા બચ્ચાના માથામાં પડતા ખોરાને અટકાવવા માટે ઉપયેાગમાં લેછે. એની ગોળીઓને દાબડીમાં છુટી છુટી મેળે છે. આ ગોળી રેચક અને વામક હોય છે.

ખટવાંગ—સૂર્યવંશી ઇક્ષ્વાકુકુલના વિશ્વસહ રાજાનેા પુત્ર, દ્રઢશર્મા રાજાનેા પૈાત્ર, અને ઐડવિડ અથવા ઐલવીલનેા પ્રપૈાત્ર. એનું બીજું નામ 'દિલીપ' હતું. એ યજ્ઞ કરવામાં પ્રસિદ્ધ થઇ ગયેા છે. એના યજ્ઞમાં વિશ્વાવસુપ્રભૂતી ૬૦૦૦૦ ગંધર્વો ગાયન ગાતા હતા, અને પશુ બાંધવા માટે સુન્નાના થાંભલાઓ રહેતા હતા.


એક વેળા દેવતાઓએ એની મદદ માંગી એને સ્વર્ગમાં લઇ ગયા. ત્યાં જઈ એણે મદદ કરી જેથી દેવતાઓને જય પ્રાપ્ત થયેા, તેથી તેઓએ પ્રસન્ન થઇ વર માંગવા કહ્યું. એણે તે પેહેલાં પેાતાનું આયુષ્ય કેટલું છે તે પુછ્યું ત્યારે તેઓએ ફક્ત મુદત દર્શાવ્યા ઉપરથી વર નહિ માંગતાં પેાતાની અયેાધ્યા રાજધાનીમાં આવી પેાતાના 'દીર્ઘબાહુ' નામે પાંટવી કુંવરને રાજ્યગાદી આપી પેાતે સ્વર્ગે ગયેા.

ખટશાસ્ત્ર—હિંદુઓમાં ૬ મેાહટાં શાસ્ત્ર કહેલાંછે તે. નર્મદેાશ મુજબ ૧ ગૈાત્તમ કૃત ન્યાય શાસ્ત્ર (એમાં કાર્યરૂપ જગત ઉપરથી તત્કારણ રૂપ જે ઇશ્વર તેનેા શેાધ છે.) ૨—કણાદકૃત

ન્યાય (એ પાંચમાં મહાભૂત—તત્વેા ઈત્યાદી એ કેવું અમરતું છે, પરમાણું વગર બીજું કાંઇ નથી—અતિસૂક્ષ્મ તેજ ઇશ્વર તેજ નિત્ય વ્યાપક છે.) ૩—જૈમિનીકૃત પૂર્વ મિમાંસ (એમાં વેદના આધારથી કર્મજ સત્યછે.) ૪—વેદવ્યાસ કૃત ઉત્તર મિમાંસ અથવા વેદાન્ત શાસ્ત્ર (એમાં એક બ્રહ્મ સત્ય છે ને જગત મિથ્યા છે) ૫—કપિલકૃત સાંખ્યા શાસ્ત્ર (અનેક તત્વેાની સંખ્યા કરીને તેઓ પ્રકૃતિ થકી ઉત્પન્ન થાય છે—તે તત્વેા તથા તે પ્રકૃતિ આત્મા થકી ભિન્ન છે, અને જેઓ આત્મા નિત્ય તેવીજ પ્રકૃતિ નિત્ય—સારાંશ પ્રકૃતિ પુરૂષ અનાદિ સિદ્ધ છે. જે વારથી તેની છાયા પ્રકૃતિ માટે એઓથી જગતનાં ઉત્પત્તિસ્થિતિલયાદિ થાય છે, માટે વળી ઈશ્વરની અવસ્યકતા શું કરવા ?) ૬-પંતજલીકૃત યાગ (એમાં સર્વ શક્તિમાન સર્વજ્ઞ જે ઇશ્વર તેની જોડે યેાગ એટલે એકપણું કરવું. ઉપાસનાં યેાગાદિક સાધને કરીને જીવનું એકપણું થવું એટલે જીવનેા શિવ થાય છે. એ મતમાં સાંખ્યનેા અનીશ્વરવાદ સિદ્ધ કર્યેા છે.


ખટાલી—(જુઓ-કરતાળ.)

ખંડ—જરથોસ્તીઓના ધર્મ ગ્રંથમાં પૃથ્વીને ૭ ખંડેામાં વેંહેચેલી જણાવી છે.



આરબ ગ્રંથકારેા એને 'હફ્ત એકલીમ, ફારસીમાં હફ્તકેશ્વર ને વેદમાં ૯ ખંડ જણાવેલા છે. જરથોસ્તીઓના પ્રાચીન ધર્મ ગ્રંથેામાં જળજળ ૭ કેશ્વરેા વિશે એસારા કરેલા છે. તેમાં વંદીદાદની ૧૯ મી પ્રગર્દમાં તેના ૭ નામેા દર્શાવ્યા છે. તેમજ આવાં, મેહેર, તીર, રામ વગેરે યષ્તોમાં તેના વિષે હકીકત જણાવી છે. ખુનદેહેશમાં પ્રથ્વીનેા અર્ધેા ભાગ પાણીથી ઢંકાયલેા જણાવે છે. પણ હાલની વિદ્યા મુજબ્ય તેથી વધારે ભાગમાં પાણી છે, યાને જમીનનું ક્ષેત્રફળ ૫૪૦૦૮૦૦૦ ચેા. મૈ. છે. તેમાં ૨૦૦૦,૦૦૦ ટાપુઓ સમાયલાં છે. અને પાણી ૧૫૦,૦૦૦,૦૦૦ ચેા. મૈ. ના વિસ્તાર પર ફરી વળેલું છે. હવે જે ભાગ પાણીથી વેંહેચાયલેા નથી તે ભાગ અવસ્તા મુજબ્ય ૭ ભાગેામાં વેંહચાયલેા છે.

હિંદુઓના 'શિવનીબંધ મૂળસ્થંભમાં' પૃથ્વીપર ૯ ખંડો જણાવેલાં છે. પૂર્વે ભારત ખંડ, અગ્નિએ વૃતખંડ, દક્ષિણે રમ્યખંડ, નૈઋત્યે દ્રવ્યમાલખંડ, પશ્ચિમે કેતૂમાલખંડ, વાયવ્યે હરિખંડ, ઉત્તર વીધીમાલ ખંડ, ઇશાન્યે હર્ણખંડ, અને મધ્યમાં સૂવર્ણખંડ.



હાલની શોધ મુજબ પૃથ્વીપર છ ખંડો શોધી કાઢવામાં આવ્યા છે. પૃથ્વીનાં ગોળાર્ધ-પર ૧ ભાગ સુકી જમીન તો '૨॥' ભાગ પાણી છે. તમામ પૃથ્વીનું ક્ષેત્રફળ ૧૯૬૦૦૦૦૦૦ ચોરસ મૈલ છે. પૃથ્વીનાં બે ગોલાર્ધ છે. એક ઉત્તર ને બીજો દક્ષિણ. આ બેમાંના પેહેલામાં જમીન ૩,૮૦,૦૦,૦૦૦ ચૌરસ મૈલ ને ૬,૦૫,૦૦.૦૦૦ ચૈરસ મૈલ પાણી છે. બીજા ગોલાર્ધમાં ૧,૩૫,૦૦,૦૦૦ ચૌરસ મૈલ જમીન અને ૮,૪૦,૦૦,૦૦૦ ચૌરસ મૈલ પાણી છે.

હાલમાં પૃથ્વી ઉપરનાં છ જાણીતા ખંડોને ભાગે નીચે મુજબ વિસ્તાર વેહેંચાયલો છે.

ચૌરસ મૈલ.

આફ્રિકા—૧,૧૦,૯૦,૦૦૦
એશીઆ—૧,૬૩,૭૦,૦૦૦
દક્ષિણ અમેરિકા—૬૮,૬૦,૦૦૦
ઉત્તર અમેરિકા—૭૬,૨૦,૦૦૦
યૂરપ—૩૬,૭૦,૦૦૦
આસ્ટ્રેલિઆ—૩૦,૧૦,૦૦૦

ખંડેરાવ ગાયકવાડ—મહારાજા—આ વડોદરાનાં માહારાજા ગણપતરાવ પછી ઇ. સ. ૧૮૫૬ માં ૧૯ મી ડીસેંબરે ગાદીનશીન થયા હતા. ૧૮૫૭ માં હિંદમાં મોટો બળવો થયો તેની અસરનો સેહેજ પવન ગુજરાતમાં પણ ફુંકયો હતો. તે સમયે ગાયકવાડના કટાયા બાપુસાહેબ અમદાવાદમાં કેદી હતા, તેમની શિખવણીથી અમદાવાદની ગ્રેનેડીઅર પલટનનાં કેટલાંક માણસોએ બળવો કરી શેહેર લુટવાની તૈયારીમાં હતા, તેમજ મહી નદીના કિનારાપરના કોળીઓ પણ તોફાન ઉહાવવાની તૈયારીમાં હતા. તેટલાં ખંડેરાવ માહારાજાએ ઇંગ્રેજોને મદદ આપી બંદોબસ્ત કર્યો. બાપૂસાહેબને અમદાવાદથી કાઢી સૂરત મોકલી દીધો. આ વખતથી ગાયકવાડ સરકારનો સંબંધ બંગાલ ઇલાકા સાથથી તુટી મુંબઇ ઇલાકા સાથે જોડાયો. આ મદદના બદલામાં ઇંગ્રેજ બહાદુરે માહારાજાને કે. સી. એસ. આઇનો એલકાબ તથા મોર્ચ્છલ બેટ કર્યો. અને ૧૯ તોપના માન

ઉપરથી ૨૧ તોપોનું માન આપવાનું ઠેરવી તથા ૧૮૪૧ થી 'શિકંદરી સ્વાર' ને નામે દર વર્ષે ત્રણ લાખ રૂપ્યા બ્રિટીશ સરકાર લેતા હતા તે છોડી મેળયા; તેમજ ગુજરાત તરફના ભિલ લોકોપાસે હથિયારો મુકાવી લેવામાં માહારાજે મોટી મદદ કરી હતી. રેલવે માટે અગાઉના વખતમાં માંગવામાં આવેલી જમીન આ માહારાજાએ કેટલીક શરતે આપી. ઇ૰ સ૰ ૧૮૬૦ થી મુંબઈથી અમદાવાદની રેલ્વે ચાલુ થઇ.

આ માહારાજા કુસ્તીના ઘણા શોખીન હોવાથી ઇનામો મેળવવા ગામેગામના મલ્લો એમની દરબારે જઇ હજારો રૂપ્યાનો સરપાવ મેલવતા હતા. એમને વડોદરા શેહેરનું હવા પાણી પસંદ નહિ પડવાથી ૩ મૈલ છેટેના મકરાપુરા નામે ગામમાં મેહેલ બંધાવી ત્યાં જઇ રહેતા. એમને મક્કે હજરત મહમદની ઘોર ઉપર એક બે કીમતી મોતીની માલા બનાવી મોકલવા હોકમ કીધો હતો કે જે લાખો રૂપ્યાને ખર્ચે બનાવવામાં આવી તેટલાં ૧૮૭૦ માં ૨૦ મી નવેંબરે મકરાપુરામાં તેમના મરણથી તે વિચાર માંડીવાલવામાં આવ્યો હતો,

ખડયોનાગ—હિંદુસ્થાનમાં થતી એક પ્રકારની વનસ્પતિ. એને સંસ્કૃતમાં, ઈંદ્રપુષ્પી કહેછે. એના મૂળીયાની ભૂકી ૬ ગુંજ ભાર (૧૨ ગ્રેન) આપવાથી તાપ નરમ પડેછે. આ વનસ્પતિની ૧૮૮૦ માં ડૉ૰ વાઇને પરિક્ષા કરી તેના ગુણ દોશ જાહેર કર્યા હતા.

ખડશિંગ—કોંકણમાં ઘાટની તળેટીમાં એનાં વૃક્ષો ઉગેછે. એની પર એકથી દોઢ ફીટ લાંબી શિંગો આવે છે. તેનો વાસ ઉગ્ર આવે છે. એના લાકડામાં પિળા રંગનો રાળ જેવો પદાર્થ હોયછે. તેને બાળીને તેમાંથી જે પાતળો પદાર્થ નિકળેછે તે કાળા રંગનો હોઈ તેને ખજ ઉપર ચોપડવામાં આવે છે.

ખંદહાર—(જુઓ કંદહાર)

ખદીજા—(અથવા ખતીજા.) જન્મ ઇ૰ સ૰ ૬૫૭ માં થયો હતો. એ હજરત મહમદ પેગંબરની પેહેલી બાનું હતી. એ વિધવા હાલતમાં હતી તે વેળા મહમદને પોતાના ઉંટોના વડા રખેવાળ તરીકે પોતાને ત્યાં નોકરીએ રાખ્યો હતો, પણ પાછળથી તેની ચંચળ બુદ્ધિ જોઈ પરણી હતી. મહમદથી ખદીજાને અનેક બચ્ચાં થયાં હતાં પણ તેઓ બાળવયમાંજ મરણ પામ્યા હતા, પણ ૩ બેટી હૈયાત હતી. તેમાં ફાતિમાનાં લગન અલી સાથે કરી આપ્યાં હતાં. હજરત મહમદ સાથે ખતીજાનાં લગન થયા પછી આ બાનુ ૨૨ વર્ષ વેર જીવી હતી અને હિજરાના ૩ વર્ષ આગમજ ઇ૰ સ૰ ૬૧૯ માં મક્કે મરણ પામી હતી. ખદીજાની કબરની મુલાકાતે હાજીઓ હજી જાય છે. આ કબર આસપાસ ચોરસ દેવાલ ચણી લીધેલી છે.

ખના—આ મહાન ગણિતવેત્તા સ્ત્રી ભરત ખંડમાં મુખ્ય કરી બંગાલમાં ભારે પ્રસીધ્ધતા પામી ગઇ છે. એનું જન્મવૃત્તાંત કાહાણી કિસ્સાથી ભરપુર છે. એ કયા કાળમાં થઇ ગઈ તે ચોકસ નથી તોય દંતકથા મુજબ વીક્રમાદીત્યના સમયમાં થઇ ગએલી જણાવવામાં આવે છે. એવી દંતકથા છે "કે તે કોઇ રાજાની કન્યા હતી. પણ કોઇ બળીયા રાજાએ તેના કુટુંબને હરાવી મારી નાખી 'ખના' ને સિંહલદ્વિપમાં લઇ ગયા અને ત્યાં પોતાની પુત્રી પેઠે પાળી. સિંહલદ્વિપના રાજ્યકર્તા જ્યોતિષ શાસ્ત્રમાં બાહોશ હતા તેથી ખનાએ તેનું જ્ઞાન સંપાદન કર્યું."

ખના જ્યારે સિંહલદ્વિપમાં રહેતી હતી ત્યારે કર્મ સંજોગે ત્યાં એક જુવાનિયો રહેતો હતો તેનું નામ 'મિહીર' હતું. આ 'મિહીર' વીક્રમાદિત્યની સભામાંના નવ રત્ન 'વરાહ'નો પુત્ર હતો. વરાહ જ્યોતિષ શાસ્ત્રમાં અતિ કુશળ હતો. તેને ત્યાં જ્યારે પુત્ર થયો ત્યારે તેની જન્મ કુંડળી બતાવી જોતાં તે ૧૦ વર્ષ જીવશે એવું જાણી તે બાળકને એક ત્રાંબાના વાસણમાં મેળી સમુદ્ર-

માં છોડી દીધો. આ વાંસણુમાંનું બાળક સિંહલદ્વિપને કાંઠે ખના જેને ત્યાં રહેતી હતી તેમને હાથ આવતાં તેઓએ મિહીરને બચાવી ઉધાર્યો. ત્યાં ખન્ના સાથે પ્રેમ બંધાતા બેઉના લગ્ન થયાં હતા.

ખના તથા મિહીરે લંકામાં રહી જ્યોતિષ તથા ગણિત શાસ્ત્રનો પૂર્ણપણે અભ્યાસ સંપાદન કરી પ્રસિદ્ધતા મેળવી પણ આ વરવહૂને લંકાપતિના રાક્ષસ જેવાં આચરણો નહિ ગમવાથી તેમની પાસેથી રજાલઈ પરદેશ જવા નિકળ્યા. મુસાફરી દરમ્યાન વિક્રમાદિત્ય સાથે એની ઓળખાન થઇ. રાજાએ મિહીરને જ્યોતિશ શાસ્ત્રી તથા ખનાને ગાણિતમાં નિપુણ જોઇ પોતાના રાજ્યમાં આણી રાખ્યા. ત્યાં વરાહ સાથે એમની મુલાકાત થઇ. વરાહ પેહેલાં એમને અદેખાઇથી જોવા લાગ્યો પણ જ્યારે મિહીરે વરાહને તેના કુટુંબની હકીકત પુછી ત્યારે વરાહે કહ્યું "મને માત્ર એક પુત્ર જનમ્યો હતો પણ દુંક જીંદગી જાણીને તેને પાણીમાં તરતો નાખી દીધો હતો." મિહીરે પુછ્યું કે કયા ચોઘડીયામાં પુત્ર જનમ્યો હતો ?" વરોહે તે કહ્યું એટલે મિહીરે કહ્યું કે તેનું આયુષ્ય ૧૦૦ વર્ષનું છે એમ કહી ગણત્રી કરવા કહી તો વરાહની ભૂલ જણાઇ આવી. એ ઉપરથી મિહીરે ચોકસ ગણત્રી કરી પોતાની જન્મ સ્થિતિ અને બનાવો વર્ણન કરી પિતા સાથે રહેવા લાગેા.

ખના પોતાના ઘેર સંસારી કામકાજ ઉપરાંત ગણિતશાસ્ત્ર સંબંધી પોતાની કુશળતા બતાવતી રહી મંડળોમાં પ્રસિદ્ધતા પામવા લાગી તેટલાં એક દીને વિક્રમાદિત્યે આકાશમાં કેટલા તારા છે તે જાણવા માંગતા તેની ગણત્રી કોઇથી આપી શકાઇ નહિ પણ ખનાએ કરી આપી. આથી વિક્રમાદિત્યે તેને પોતાના નવ રત્નોપર પ્રધાનપદ આપવાનું જાહેર કર્યું. આથી વરાહે પોતાનું માન ભંગ થતું જોઇ પોતાના પુત્ર મિહીરને કહ્યું કે "ખન્નાની જીભ કાપી આણ." આ બિના ખનાએ જાણી પોતાના પતિને જીભ કાપવા દઇ પ્રાણ મેળ્યો હતો. આવી રીતે એક વિદવાન ગણિત વેત્તા સ્ત્રીનો પ્રાણ અદેખા ભરતાર અને સસરાના લોભ થકી ફના થયો હતો.

ખનાન દેશ—એની ઉત્તરે 'લેબાનોન' પર્વતો, દક્ષિણે અરબસ્તાનના રેતીના રણો, પૂર્વે આરામ (સુર્યાદેશ) નો વેરાન પ્રદેશ અને પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર છે. પેહેલે આ દેશમાં ઘણું કરી 'હામા' ના પુત્ર 'ખનાન' એના વંશજો રેહેતા તેથી 'ખનાન દેશ' એ નામ પડ્યું. તે પછી એબ્રહામનાં પુત્રો ઇસ્રાએલ પ્રજા તેમાં રહેવા લાગી અને તે દેશ તેમને તાબે થતાં તેઓએ તે સર્વ વેંહેંચી લીધો. આ દેશની દક્ષિણ ઉત્તર લંબાઇ ૧૭૨ મૈલ અને પૂર્વ પશ્ચિમ પોહળાઇ ૭૧ મૈલની છે. ઉઝિહ તથા શાર્લમન રાજાઓના રાજ્ય અમલ વેળા ઇસરાએલ પ્રજાએ બીજા આસપાસના પ્રાંતો જીતી લઇ તે દેશની સીમા વધારી હતી. આ દેશમાં રેહેનારા આગલા ખનાની લોકો એવા તો જુલમી અને નાતરસ થયાં હતા કે ખુદાએ તે સર્વેનો નાશ કરી ત્યાં ઇસરાએલ પ્રજાનો વસવાટ કરાવ્યો, ત્યારે તેમની વસ્તી ૨૦,૦૦,૦૦,૦ ની હતી.

ઇસરાએલ પ્રજાએ આ દેશ લીધો તે આગમજ તેમાં કેટલાક સ્વતંત્ર નાહના મોટા રાજાઓ રાજ્ય કરતા હતા, તેમને સખત હાર આપી પ્રથમ 'યહોશવા'એ પોતાની સત્તા સ્થાપી રાજ્ય કર્યું. તે પછી ૩૨૦ વર્ષો સુધી અનેક ન્યાયાધિશોએ તેપર હકુમત ચલાવી, તે પછી 'શૌલ'થી શરૂઆત થતાં અનેક રાજાઓ થયા. તેઓએ લગભગ ૫૫૦ વર્ષે રાજ્ય ચલાવ્યું. તે પછી બાબિલોનિયા તથા એસિરીયાના રાજાને તાબે આ સર્વ દેશ ગયો હતો, ૪૦ સ૰ પૂર્વે ૬૫ માં એ દેશ રોમનોની સત્તામાં આવ્યો અને અર્વાચીન કાળમાં આ દેશ 'પેલેસ્તાઇન'ને નામે પ્રસિધ્ધતા પામ્યો હતો.

યાર્દેન નદી પેલેસ્તાઇન દેશના મધ્ય ભાગમાં થઇ દક્ષિણ ભણી વહેતી હોવાથી આ

દેશના પૂર્વ અને પશ્ચિમ એવા બે ભાગ થયા. યાર્દેન નદી 'લેબાન'ના પર્વતમાંથી નિકળી 'મેરોમ' સરોવરમાંથી જાય છે, અને પછી 'ગન્નેસારેપ' સરોવર જેને 'ગાલીલ સમુદ્ર' કહે છે તેમાંથી ૧૩૬ મૈલ લાંબે વધી છેલ્લે દક્ષિણે 'ડેડસી' ને મળે છે. ગાલીલનાં દર્યામાં અતિશય જળચર પ્રાણીઓ છે અને તેની આસપાસનો દેશ સુંદર અને ફળદ્રુપ છે. ત્યાંના લોકો જ્યાં સસ્તાઇ હોય તેને ગાલીના દર્યાની ઉપમાં આપે છે, અને આપ આપતાં 'ડેડસી'ની ઉપમાં આપે છે. કેમકે તેના ખારાં પાણી અથવા તેની આસપાસની જગામાં પ્રાણી જીવી શકતું નથી. તેની આસપાસ મોટાં ખડકો હોઇ વચમાં પાણી ઘેરાઇ રહેલું છે અને તેમાંની હવા ઉષ્ણ હોઇ જે પાણી યાર્દેન નદીમાંથી તેમાં જાય છે તેની વરાળ બને છે. પેલેસ્તાઇનના પૂર્વ ભાગમાં અનેક નાહની નદીઓ છે, તેમાંની 'વાર્મૂક' અને 'યાબ્બોક' એ યાર્દેન નદીને મળે છે, અને 'અર્નોન' તથા 'સારેચ' એ મૃતસમુદ્રને જઇ મળે છે. પશ્ચિમ ભણી ઘણું કરી નાળા તથા ઝરાઓ વહે છે. લેબાનોનથી એ પર્વતોની હાર નિકળી યાર્દેનની પશ્ચિમે એક તથા પૂર્વે બીજી એવી ઉત્તરથી દક્ષિણે હારો વચ્ચે છે. પશ્ચિમ ભાગમાં જે પાહાડી પ્રદેશ છે તેમાં તરેહ જાતની ભૂમિ છે. તે પ્રદેશમાં મોટા ગુફા, નાળા અને ઝરાઓ જ્યાં ત્યાં મળે છે. ભૂમધ્ય સમુદ્રના કિનારાથી આ દેશ ચઢતો ૩૦૦૦ ફીટ સુધી ઉંચો થતો ગયો છે. તે પછી આ પ્રદેશ યાર્દેન નદી ભણી એકદમ તુટતો જાય છે. સમુદ્રથી યાર્દેન સુધી એક 'ઇજ્રેલ' નામનું મોટું મેદાન છે તેના બેાગે પશ્ચિમ ભણીના પહાડી બે વિભાગ થએલા છે. ઉત્તરે જે પ્રાંત છે તે ગાલીલનો પાહાડી ભાગ છે, અને દક્ષિણ ભણીનો ઇફ્રાઇમ પર્વત (શોમરોન) અને યાહુદીનો પાહાડી પ્રદેશ છે. ઇજ્રેલના મેદાનમાંથી કિશોન નદી વહેછે અને તે 'કર્મેલ' પર્વતની તળેટીમાં પર્વતને મળે છે. કર્મેલની ઉત્તરે સમુદ્ર કાંઠે 'આકર' નામનું મેદાન છે અને તેની દક્ષિણે 'શારોન' અને 'સફેલ' નામના બીજા બે મેદાનો છે. પૂર્વ ભણીનો પહાડી પ્રદેશ બે 'યાર્મૂક યાબ્બોક' અને સારેદ આ નદીના ઉંડાં પાત્રમાંથી જૂદો પડે છે. ત્યાં મોટામાં મોટા ઘાસ ચારાના મેદાનો છે. પૂર્વ તરફના પાહાડી પ્રદેશની ઉત્તરે જે મેદાન છે તેને 'બાશાન' અને દક્ષિણ પ્રાંતને 'ગિલાદ' એમ કહેછે. આ પ્રાંતમાં 'મધ' એટલું તો ઉત્પન્ન થાયછે કે ત્યાંના ગરીબ લોકો તેનીપરજ નિર્વાહ કરે છે. ખ્રિસ્તીઓના ધર્મ પૂસ્તક બાઇબલમાં જણાવ્યા મુજબ ત્યાંની જમીન અતિ ફળદ્રુપ છે, પણ હાલમાં તુર્ક સત્તા સ્થાપન થયા પછીની જુલમી રાજ નિતીથી ત્યાની પ્રજાની હાલત ઘણી માઠી થતી જાય છે.

ખનાન પ્રજાનો ધર્મ—બાબિલોનિયન પ્રજાના ધર્મ મત કરતાં ઉત્તમ હતો. તેઓમાં ભૂત, પિશાચની પૂંજા જેવું નહોતું. તેઓમાં અનેક દેવતાઓની હસ્તી વિષેની કલ્પનાઓ હતી તોય તે દેવતાઓ એટલા તો ઓછા હતા કે તેઓનો ધર્મ એકેશ્વરી દેવતાઇ ધર્મ કહી શકાય. તેઓમાં મૂર્તિ પૂજા યા ગ્રહ દેવતા બીલકુલ નહોતા. તેમના દેશમાં આખો દિવસ તાપ અને રાત્રે થંડી પડતી હોવાથી એકની સામે બીજી શકિત કામ કરેછે એવું તેઓ ધારતા. તેઓ સૂર્યને દિવસનો સ્વામિ તથા ચંદ્રને રાત્રીનો સ્વામિ કહેતા. તેઓ સૂર્યને બાલ અથવા મોલાખ કહેતા (બાલ=પ્રભૂ. મોલાખ =રાજે.) તેમના દેવતાનું મંદીર અતિ રોનકદાર બનાવવામાં આવ્યું હતું. હિરાડોટસે 'તાયર'માં આસ મુસાફરી કરી તેમના એક મંદીરની ભેટ લીધી હતી અને તે કહી ગયો છે કે 'એક થાંભલો સુન્નાનો ને બીજો પાનાનો બનેલો હતો. રાત્રે રોશની જેવો પ્રકાશ પડતો હતો. ખનાની પ્રજામાં કવિ યા લેખક થઈ ગયા નથી, તેથી તેમની પાસે પૌરાણીક કથા યા ગ્રંથો નહોતાં; માત્ર ધર્મ

સંબંધી ક્રિયાનો એક ગ્રંથ હતો તેમાં પૂજનની વિધીઓ દર્શાવેલી હતી. ખનાનમાં દેવતાની પૂજા સ્ત્રીઓજ કરતી અને દેવળમાં પુજારણનું કામ પણ ઉંચ કુળની કુમારીકાઓ કરતી. તેઓમાં માત્ર મનુષ્ય બળી આપવાની એક ક્રૂર રસમ એટલા વેર ચાલુ હતી કે મોલાખ દેવતાને પોતાના નાદાન બચ્ચાં વટીક બળી આપતા અને તેવે સમયે દુઃખને બદલે હર્ષ પામતા. (જુઓ બે માશ=મોલાખ).

ખનિરથ—જરથોસ્તીઓની અવસ્તામાં જણાવેલા ૭ ખંડોમાં આ સર્વથી મોટો અને શ્રેષ્ટ ગણાયેાછે, તેમજ તેને ૬ કેશ્વરોની વચમાં મુકેલોછે. આ કેશ્વરને એશિઆ ખંડ સાથે સરખાવવામાં આવેછે, કેમકે આ કેશ્વરની પૃથ્વી ઉપર થતી જૂદા જૂદા કટીબંદની દરેક પેદાયશ ઉતપન્ન થાયછે. આ ખંડ લંબાઈમાં લગભગ ૭૨૦૦૦ મૈલ જણાવવામાં આવે છે.

જરથોસ્તી ધર્મ એતેકાદ મુજબ મનુષ્ય પોતાનાં મરણ ટાંકણે જો મનશની, ગવશની, કુનશનીથી છેલ્લી અશેમ વેાહુ ભણે તેા તેની કિંમત એવડી મોટી જાણાવેલીછે કે, જેટલી ઉપલા સઘળી ભલાઈ સાથ ખનિરથની હોય. યુનદેહેશ મુજબ દાદાર અહૂરમજદે માજદીયસ્ની દીન તાજી કરવા જરથોસ્તને એજ ખંડમાં મોકલ્યેા હતેા, અને સોશ્યોષ પણ એજ દેશમાં પેદા થશે.

અ૰ વિ૰ ના૰ હરહંગ મુજબ "એ બીજા કેશ્વરો વચમાં એવી રીતે આવેલેા છે કે જ્યારે સૂર્ય સવહિ, ફ્રદધફ્રશ, વિદધફ્રશ અને એનાં એક ફૂ ભાગ ઉપર પ્રકાશે છે ત્યારે અરેંજહિ, વેાઉરૂમરસ્ત, અને વેાઉરૂજરસ્ત અને એના બીજા અર્ધાભાગ ઉપર અંધારૂં રહે છે, અને ખનિરથ ઉષ્ણ કટીબંધને મળતેા આવે છે."

આ કેશ્વરમાં દુનિયા માંહેલા ૧૫ ટોળામાંના મુખ્ય ૬ ટોળાઓ ઉત્પન્ન થયા છે અને તેમાં ઇરાની, તુરાની, આરબ, આર્યન અને જરથોસ્તી એ મુજબ છે. ઝાદસ્પરમ મુજબ આ કેશ્વરમાંનો વેહેતી ૧૦ નદીઓ આ કેશ્વરમાં વહે છે. પારસનેા મુલક પણ એની મધ્યમાં છે. વળી આ ખનિરથ અને બીજા કેશ્વરેા ઉપર પ્રકાશને મેહેર ઇજદ હોશેદર પાસે સૂર્યને પેગામ મોકલાવે છે. દાદેસ્તાને દીની મુજબ ૭ ખંડોમાં રસ્તાખેજને વખતે ૭ જૂદા જૂદા ધણીઓ ઉપ્તન્ત થઈ તેઓ રસ્તાખેજમાં ભાગ લેશે. તેમાં ખનિરથમાં સોષ્યોષને ૫૦ વર્ષ વેર તે કામ પર ખંતથી મંડવું પડશે.

ખનીજ—(જુઓ ધાતુ તથા જૂદી જૂદી ધાતુનાં નામવાલા વિષયેા.)

ખપાટ—હિંદમાં એના વૃક્ષ અસાધારણ કદનાં ઉગે છે. એના પાંદડા કાતરાદાર હોય છે અને દરેક પાંદડાને બે ખાંચા હોય છે. એનીપર ઉગતા ગોળ ફળો નારંગીયા રંગના હોયછે તે ખાવાનાં ઉપયેાગમાં લેવાય છે. આ ફળો તુરાં મધુર, ધાતુ શુદ્ધિકારક અને મુખરોગનેા નાશ કરે છે. એનીપર સફેદ ફુલેા આવેછે અને તેના બિયાં ઔષધિ ઉપયેાગમાં ઘણા કામ આવેછે.

ખંભાવતિ—સંગીતશાસ્ત્ર મુજબ એ માલકોસ રાગની ભાર્યા. એનેા ગાવાનેા વખત રાત્રે ૧૨ થી ૩ વાગા વેરનેા. ગાવા માટે ઠેરવેલી ઋતુ સરદ. રૂપે સ્ત્રી જેવી, સ્વરૂપમાં મોહક મુખડાવાલી રંગીલી, કંચની અવતારની. તેનું રાત દિવસ કામ રંગરાગ અને નૃત્યનું છે. માહેલા ભાગના કપડાં ગુલે અનારી રંગના, શૃંગાર હિરાજડીત ઘરેણાથી કરેલેા છે. કપાળપર સિંધેા તિલક કરેલેા છે. એના પુત્રનું નામ 'નટ' છે.

ખંભાત—આ રાજ્ય ખેડા જીલ્લામાં છે ને ત્યાંનેા રાજ્યકર્તા નવાબ કહેવાય છે. ખંભાતની ઉત્તરે ખેડા જીલ્લેા, પૂર્વે બોરસદ ને પેટલાદ, દક્ષિણે મહિ નદી તથા ખંભાતનેા અખાત, પશ્ચિમે સાબરમતી નદી. એનું ક્ષેત્રફળ ૬૫૦ ચૌરસ મૈલ હોઈ ૧૮૮૧ માં તેમાં ૮૫ ગામેા ને ૮૬૦૦૦ ની લોક વસ્તી, તથા ૧૯૦૧ માં ૭૫૧૨૨ ની હતી. વાર્ષિક પેદાશ ૫૯૫૦૦૦ રૂપ્યાની થાયછે. આ રાજ્ય બ્રિટીશ સરકારને તાબે છે.

ખંભાત દેશની ભૂમિ સપાટ હોઈ ફળદ્રુપ છે. તેમાં ઘઉં, બાજરી, કપાસ તથા તમામ જાતનાં કઠોળ પાકેછે અને ત્યાં સુતરાઉ કાપડ તથા શેત્રંજીના મોટાં કારખાનાઓ છે. મુખ્ય લોક વસ્તી વાણીયા, બ્રાહ્મણ, કણબી, કોળી રજપૂત, ખારવા અને બસલામી તથા પારસી કોમનાછે.મુખ્ય ભાષા ગુજરાતી બોલાય છે. દેશમાંથી મહી અને સાબરમતી નદીઓ વહેછે. નવાબની સત્તા તળે ૨૫૦ સ્વાર, ૩૩૦ પ્યાદલ ને ૮ તોપ તથા ૩૫ ગોલંદાજો છે.

મુખ્ય રાજધાની શેહેર ખંભાત છે, તેની પાછળ કિલ્લેા હોઇ તેને ફતેપીઠ, માંડલા, ચાકા, કુરજ, મકાઇ અને ચાકામાલી એ નામના ૮ દરવાજા તથા બે બારીઓ છે. તેમાં ૨૫૦૦૦ હિંદુ, ૮૦૦૦ મુસલમાન, ૨૫૦૦ જૈન અને બીજી કોમેા મળી કુલે ૩૬૦૦૦ ની લોક વસ્તી છે, ખંભાત શેહેરના કોટનેા ૩ મૈલ જેટલેા ભાગ હાલમાં કાયમ છે. શેહેરમાંની ઘણીક ઇમારતેા જોવાજોગ છે, તેમાં જુમા મસજીદ ઇ૰ સ૰ ૧૩૨૫ માં મહમદશાહે બંધાવી હતી. તેમાં ગોઠવેલા સ્થંભેા જૈન મંદીરોમાથી ભાંજી આણી અત્રે ચણી લીધા છે. તે શિવાય નારંગસર અને પારસનાથની જગા પણ જોવાજોગ છે. નવાબનાં મેહેલેા ઉત્તમ બાંધણીનાં છે. ખંભાત એ બંદર શેહેર છે ત્યાં એક ધક્કો છે તે ધક્કા પાસે જકાત લેવાય છે. તેમાં ઈંગ્રેજ સરકારનેા ભાગ હોવાથી તે વસુલ કરવા માટે એક એજંટ રાખેલેા છે. અત્રે આગલી ઇસ્ટ ઈંડીયાની કોઠી હતી તે જગા શેઠ ખરશેદજી પેસ્તનજી મોદીએ ૩ ૪૦૦૦૦ માં વેચાતી લીધી છે. રેલ્વે માર્ગ ખંભાત જવા થકી આણંદના સ્ટેશનપરથી ઉતરી ૧૮ મૈલની મુસાફરી કરવી પડે છે.

ખંભાતનેા અખાત—અરબી સમુદ્રનેા એક નિકળેલેા એ ફાંટેા ગુજરાતના કાંઠાપર તાપી નદીના મુખથી તે મહિના મુખવેર ને કાઠિઆવાડના કિનારાપર ગોપનાથથી તે સાબરમતીના મુખવેર પસરેલેા છે. એનું નામ એને કાંઠે આવેલા ખંભાત શેહેર ઉપરથી પડયું છે. એની લંબાઇ ૮૧ મૈલ ને પોહલાઇ ૩૦ મૈલની છે, પણ વચમાં ૧૨ મૈલ પોહલેા છે. કાઠીઆવાડ તરફનેા કાંઠેા ઉત્તરે સાબરમતીથી તે દક્ષિણે ગોપનાથવેર ૭૦ મૈલ લાંબેા છે, ને તે તરફનેા કિનારેા નિચેા ને ઝાડીવાલેા છે. ખંભાતના અખાતમાં ભગવા, ટંકારીઆ, ખૂનબંદર, ઘોઘા, ભાવનગર, પીરમ, ગોપનાથ વગેરે ઠેકાણે દીવાદાંડીઓ છે. તેમાં ભગવાદાંડીનેા દીવેા ૧૦ મૈલ દુરથી દેખાય છે.

ઘોઘાની દીવાદાંડી ૨૫ ફીટ ઉંચી હોઇ તેની બત્તી પાંચ મૈલ વેર દેખાય છે. ભાવનગરની દીવાદાંડી ૪૮ ફીટ ઉંચી હોઇ તેનેા દીવેા ૧૦ મૈલ ઉપરથી દેખાય છે. પીરમની દીવાદાંડી ૧૦૦ ફીટ ઉંચી હોઇ તેનેા ૧૨ થી ૧૫ મૈલ છેટેથી દેખાય છે. આ દીવાદાંડીઓને બાંધવા લગભગ ૫૦ વર્ષેા થયાં છે. ખંભાતનેા અખાત વિસ્તારમાં નાહનેા છતાં તેમાં તાપી, કીમ, નર્મદા, ઢાઢર, મહી, સાબરમતી, સુખાભાદર, ઉતાવળી, કલુભર તે શેત્રુંજ વગેરે નદીએ આવી મળે છે. આ અખાતનેા વિસ્તાર ૨,૪૫૦ ચોરસ મૈલ હોઇ ઓટ વેળા તેની ઉંડાઇ ૨૦ થી ૨૧ વામ હોય છે, આ અખાતમાં પાણીના મોટા મોજા થતા હોવાથી તેમાં આસપાસનેા કચરેા એખટેા થઇ કેટલેક ઠેકાણે નાહના ટાપુઓ બન્યા છે. આ ઉપરથી એક ગણિત શાસ્ત્રીએ ગણત્રી કાઢી છે કે એક લાખ વર્ષ પછી આ અખાત નક્કર જમીનમાં બદલાઇ જશે. તેમજ આ અખાતના પાણીની છોળથી કાઠીયાવાડનેા કિનારેા જેમ ખોદાતેા જઈ પાણી વધે છે તેમ ગુજરાતનેા કાંઠેા વધારે વધતેા જઈ જમીન ખુલ્લી થતી જાયછે. ઈ. સ. ૧૮૬૬ ના જુનમાં એક એવેા બનાવ બન્યેા કે ઘોઘા આગળનેા થોડેાક કિનારેા દર્યામાં ધસડાઈ ગયેા ત્યારે ગુજરાત તરફનેા કેટલેાક કિનારેા ખુલ્લેા થઈ ગયેા હતેા.

ખયઐાન—આ બળવંત પ્રજા ઈરાની રાજ્ય અમલમાં પ્રસિદ્ધતા પામી ગઇ છે. તેમનું મુખ્ય રહેઠાણ કાસ્પિયન સમુદ્રની પશ્ચિમે હતું. તેઓએ અવાર નવાર સાસાનીયન અમલ વેળા બખેડા કર્યા હતા. પણ સાસાનીયાનની પડતી સાથે તેઓ આરબો સાથે મળી જઈ ઘણા ત્રાસદાયક થઈ પડયા હતા.

ખયરગર—આ ગામ ઔદ પ્રાંતમાં ઉત્તર પશ્ચિમ છેડાપર ખયમોન નજદીક ઘાઘરા નદીના ડાબા કાંઠાપર છે. લગભગ ૧૦૦ વર્ષ ઉપર એ કિલ્લેબંદીવાળું શેહેર હોઇ તેનો ઘેરાવો ચારથી પાંચ મૈલનો હતો. તેનો ઉપલો તથા નીચલો ભાગ નરદમ ઇટ વડે બાંધેલો હતો, કે જ્યાં હાલમાં જંગલી પ્રાણી શિવાય કશી વસ્તી નથી. આ કિલ્લેબંદી કયૂમોન અને નેપાળના તુફાની લોકોથી શેહેરનું રક્ષણ કરવા એક અફઘાન સરદારે કરાવી હતી. હાલમાં આ ગામ ઉત્તર પૂર્વે ૨ મૈલપર છે. એ લખનૌથી ઉત્તરે ૧૧૦ મૈલ ઉપર છે.

ખયરાબાદ—આ ગામ ઔદ પ્રાંતમાં સીતાપૂરથી શેકરોરાના માર્ગમાં, સીતાપૂરની દક્ષિણ પૂર્વે ૫ મૈલપર અને શીકરોરાની ઉત્તર પશ્ચિમે ૭૫ મૈલપર છે. ૧૨૦ વર્ષપર આ શેહેરની આસપાસનું મેદાન ફળફળાદી અને ખેતીવાડીના પાકથી ભરપૂર હતું અને વસ્તી મોટી હતી. તે વેળા એની વાર્ષિક ઉપજ રૂ ૧૨,૦૦,૦૦૦ની હતી. આઇનએ અકબરી મુજબ અકબરના અમલમાં એની વાર્ષિક ઉપજ રૂ ૧૦,૯૧,૧૦૯ ની હતી. મુખ્ય ઉદ્યોગ સૂતરાઉ કાપડનો છે. આ ગામ લખનૌની ઉત્તર પશ્ચિમે ૬૨ મૈલપર છે.

ખ્યોન—ઉત્તર ઇરાનમાં પ્રાચીનકાળમાં આ શેહેર છે. તે હેકાણે તુરાની પાદશાહ અરજનરપનું પાયતખ્ત શેહેર હતું. આ શેહેરના નામ ઉપરથી 'અરજનરપ' ખ્યોનનો 'અરેજત અસ્પ'ને નામે પ્રસિદ્ધતા પામ્યો હતો.

ખર—હિંદુ ધર્મ દંતકથા મુજબ વિશ્ર ઋષિને 'રાકા' નામે રાક્ષસ સ્ત્રીથી થએલો પુત્ર. એ રાવણનો સાવકો ભાઇ હતો. એ ધનુર્વિદ્યામાં ઘણો કુશળ હતો. રાવણે એને સુર્પનખાની મદદે જનસ્થાનમાં રહેવાની આજ્ઞા કરી હતી, તેથી તે ત્યાં ૧૪૦૦૦ રાક્ષસો સાથે રહી દંડકારણ્યમાં મુનિજનોને પિડા કરી ભક્ષ કરતો.

રામે જનસ્થાનની પંચવટીના મુકામ દરમ્યાન સુર્પનખાનું નાક કાપ્યું. આથી 'ખર' સાથે યૂદ્ધ થતાં એ પોતાના સૈન્ય સાથે માર્યો ગયો હતો. એના પૂત્રનું નામ મકરાક્ષ હતું.

ખરગંધ—એક જાતનું પ્રાણી, એ ગરદન આગલ ૧૨થી ૧૩ મૂઠ ઉંચા હોય છે; ચામડીનો રંગ ફીક્કો, કાબર ચીત્રો, છાતી અને પેટના ભાગમાં સફેદ રંગના હોય છે એનું મોહ સફેદ, પીઠપર એક તપકીર્યો રંગનો લીસોટો પણ હોય છે. જે થાપા આગળ અતિ પોહળો ને પુછડી આગળ પતળો હોય છે. ખભાપર એક લીસોટો હોય છે. મુખ્ય કરી કચ્છના રણમાં ખરગંધ વધારે મળે છે. એ જાડું ઘાસ ખાય છે.

ખરતાલ—અથવા ખરેતલાતા. આ અજબ જેવા પ્રાણી વિષે જરથોસ્તી દંત કથામાં ભેદ ભર્યું વર્ણન આપેલું છે. મિનોખેરદ મુજબ તે વેાઉરકશ દર્યાની વચોવચ છે અને તે દરેક જાતના ગદળો પાણીને સ્વચ્છ તથા પવિત્ર બનાવવાની શક્તિ ધરાવેછે. આ પ્રાણીને ૩ પગ, ૬ આંખ, ૯ મોઢાં, ૨ કાન અને એક શિંગડું છે. તેનું શરીર સફેદ હોઇ તે મિનોઇ ખોરાક ઉપર જીવેછે.

જામાસ્પી મુજબ તેને દાદાર અહુરમજદે એવે ઠેકાણે રાખેલો છે કે દર્યાનું પાણી દિવસમાં બે વાર રીમની ધોવા દેવોના ઉપયોગમાં જાયછે ત્યારે દર્યાનું પાણી ઓછું થઇ ઓટ થાયછે, તે વેળા પાણી દોજખની સર્વે નાપાકી ગંધકો, રીમની ધોઇને પાછું ફરેછે, એ રીતે દોજખ ધોવાઇ સાફ થવાથી દોજખી રવાનો આસુદાં થાયછે, અને જો એવી રીતે દોજખ નહિ ધોય તો નાપાકીથી સર્વ દોજખ પુરાઇ

જાય. જ્યારે પાણી દોજખ ધોઇને પાછું આવેછે ત્યારે તે પાણી સર્વ ખરાબી તથા નાપાકીથી ભરેલું હોવાથી તે જગોએ અહુરમજદે ખરને પેદા કીધો છે, તે પોતાના ૩ પગો જમીનપર મેળી ૬ આંખે જોયછે કે દર્યો છલાછલ ભરાઇ જાયછે. તે જો એક પગે ઉભો રહી બે આંખે જોયછે કે પાણી દોજખ ધોવા જાયછે.

ખરપસુ—ખાવા પીવાની બદપરહેજીથી થતું એક જાતનું દરદ. બદપરહેજીથી કોઠામાં બિગાડ થઇ લોહી બિગડેછે, અને પછી ચામડી ઉપર નાહની ફુલ્લી થઈ તેમાં ફોડ લાગી ફુલ્લીને જગે ભીંગડા બાઝેછે. આથી ચામડીમાં ચીરા પડી પાક પર ચઢી ચામડી સખત થાયછે. ખરપસું ઘણું કરીને હાથના પોંહચા, કોણી, પગની ઘુંટીના સાંધામાં, હાથની હથેળી, પગની પાટલી વગેરે અવયવો ઉપર ઉભરી નિકળેછે.

'ખરપસાંનો રોગ ઘણો જલ્દી ફેલાઈ જઇ શરીરના મોટા ભાગને બિગાડી મેલેછે અને કોઇ વેળા પોતાની મેળે મટી થંડીની મોસમમાં ફરી દેખાવ દેછે. આ દર્દ માંસ, માછલી, મસાલો, દારૂ અને બીજી ગરમ વસ્તુઓ વધારે જથ્થામાં ખાવાથી થાયછે. તે માટે હજમ થઇ શકે તેવો ખોરાક લેવો અને પેટ કબજ હોય તો જોલાબથી કોઠો સાફ રાખવો.

'ખરપસાં ઉપર ઇલાજ તરીકે લગાડવા સારૂ દવા "વૈદકજ્ઞાન" ગ્રંથમાં નીચે મુજબ ફરમાવેલી છેઃ—

'વ્હાઇટ પ્રોસિપીટેટ, આઇન્ટમેન્ટ અથવા કારબોનેટ ઑવ લેડ આઇન્ટમેન્ટ અથવા સિટરિન આઇન્ટમેન્ટમાંથી ગમે તે મલમ દરરોજ રાતનાં સુતી વેળા ચોપડી સહવારે ધોઇ નાખવો. પણ આથી જો ફાયદો નહિ થાય તો 'ટીંકચર ઑવ આયોડીન' પીછી વડે ચોપડવાથી આગ બળી ચોપડા નિકળી જઇ ચામડી આવે છે. દેશીઓ 'આમરાનું ઘી' યા કોકમનું તેલ ચોપડે છે તેથી ચામડી નહિ ફાટતાં અસપાસનું જોર નરમ પડે છે.

ખરબુજ—આ ફળ કલીંગડ જેવું હોય છે અને તેના વેલા ઉગે છે. ખરબુજ ગોળ હોઇ તેનો બહારથી રંગ રાતો હોય છે, તેમજ તેની છાલ ખરબચડી હોય છે. એની અંદરનો ગર ફીક્કો, લાલ અને નરમ હોયછે. સખત થંડી અથવા ધૂખરથી એનો પાક નાશ પામે છે. એના વેલાપર કલીંગડ પ્રમાણે સ્ત્રી પૂંકેસરનાં ફુલો જૂદાં હોય છે. ખરબૂચ વધારે ખાવાથી ગર્મીનો ઉપદ્રવ થાયછે. તાપથી લૂ લાગતાં ખરબૂચનાં બિયાં વાટી તે માથાપર ચોપડવાથી અથવા તેનો રસ શરીરે ચોપડવાથી દર્દ મટે છે.

ખરચત—(જુઓ ખોરેતી).

ખરચા—ઢોરોના પગની ખરીમાં જીવડા પડી એક જાતનું દર્દ થાયછે તેને ખરચા કહે છે. આ રોગના ઉપાય તરીકે ગરમ રેતીમાં પશુની ખરી દાટી તેમાં તેને ઉભો રાખવામાં આવે છે.

ખરશાંબળ—વસોદની ઋતુમાં બિયાંથી એના વેલા ઉગે છે અને પુરતું પાણી ચાલુ મળવાથી તે વર્ષથી બે વર્ષવેર ટકી રેહે છે. એનીપર આશ્વીન ને કાર્તક મહિનામાં શિંગો આવે છે, તે સુમારે એક ફીટ લાંબી, ચાર આંગળ પોહળા અને છેડાપર વાંકદાર હોય છે. આ શિંગ કુમળી હોય છે ત્યારે માત્ર તેનું શાક તથા અથાણું બનાવી શકાય છે. એનું શાક ઘણું ખાવાથી કેફ ચઢી દરદ થાયછે તે માટે એને બાફીને પછી રાંધવામાં આવે છે.

ખર શૃંગિકા—(જુઓ ખડશિંગ.)

ખરસેદજી કાવસજી બનાજી—જન્મ ઈ૰ સ૰ ૧૭૬૦ ના માર્ચ માસમાં મુંબઇ ખાતે થયો હતો. બાળવયમાં ઇંગ્રેજી, ગુજરાતી ભાષાની કેળવણી સંપાદન કરી પ્રથમ દુબાસના કામથી પોતાની કારકીર્દિ શરૂ કરી હતી. ઈ૰ સ૰ ૧૮૨૮ થી પોતાના વડા ભાઈ લીમજીભાઇનાં મરણથી મેશર્સ રીમીગ્ટનની કંપનીનું દલાલીનું કામ આરંભ્યું હતું.

તેમજ તે પછી 'મેશર્સ મેક વિકર બર્નની' કુંપનીનું દલાલીનું કામ પણ આરંભ્યું હતું. ૧૮૩૮ ની ૧ લી જાનેવારીથી ચીન તથા ઇંગલંડ સાથે વેપાર કરવાની પેઢી મંચેરજી ફરામજી કામાજી તથા ફરામજી પાટક સાથે સ્થાપન કરી હતી અને ૧૮૪૩ થી પોતાના સ્વતંત્ર હિસાબે પેઢી ચાલુ કરી હતી. એમની પેઢીનાં ૬ વહાણો અરદેશીર, ચારલ્સગ્રાંટ, કૅસ્ટલહંટલી, કંદહાર, હરબર્ટ, કૅપટન અને પર્લ એ નામના હતા. તેમાં કૅસ્ટલ હંટલી તુફાનમાં ડુબી ગયું હતું.

કોલાબા તરફની ઘણી ખરી જમીનો એમના વખતમાં પડત હોવાથી ખરશેદજીએ 'ગ્રાંટ બિલ્ડીંગ' નામની એક ગંજાવર ઈમારત બાંધી હતી. પોતે ચીન, ઇંગલાંડ સાથે વેપાર કર્યા ઉપરાંત ઈ૰ સ૰ ૧૮૩૦ માં ૨ જી અક્ટોબરે સરકાર તરફથી છામડી માહેલા માન્દસ, ગોરગામ, પાહડી, પોઈસર, મોધરા, વોશીરવા અને આનદોલી નામના ગામો ૨૭૦૮ રૂપ્યાને ઠોકે સરકારથી લઈ તે ગામોની જમીન પાછળ બે લાખ રૂપ્યા ખર્ચી ગામની જમીન સુધારી મીઠાનાં અગરો બંધાવ્યા હતા. આથી સરકારને મોટી મેહેસુલ મળવા લાગી તેથી ૧૮૪૩ માં ૨૩ મી સપટેંબરે લેણું માફ કરી ૩. ૩૦૦૦૦ માં તે ગામો ખરશેદજીને વેચાતાં આપ્યા. તે શિવાય ખરશેદજીએ કોલંબો તરફ કારીના ખેતરો ખરીદ કરી તે ઉદ્યોગમાં જીપલાવ્યું પણ તેમના મોતથી તે ખેતરો વેચવા પડયા હતા, એવણ મુંબઈની પાર્સી પંચાયતના એક અકાબર હતા. ૧૮૩૫માં ચોપાતી પાર્સીઓના દોખમાના કુંગર તળે એક મકાન બંધાવી આપી આંધળા લુલાને તેમાં રાખવાની સગવડ કરી આપી હતી. ૧૮૪૫ માં ૧૩ મી ડીસેંબરે પોતાના ભાવાને નામે પરદાયલા આતશબહેરામમાં એક લાખ રૂપ્યાનો પોતાનો હિસ્સો આપ્યો હતો. મરણ ૧૮૪૭માં ૪ થી ડીસેંબરે નીપજ્યું હતું.

ખરશેદજી જમશેદજી જીજીભાઈ–(જુઓ સર જમશેદજી બીજા.)

ખરશેદજી નશરવાનજી કામા—જન્મ ઇ. સ. ૧૮૧૭ ના જનેવારીમાં થયો હતો. આ વિદવાન ગ્રસ્થે બચપણમાં વિદ્યા અભ્યાસ સંપાદન કરી ઇ. સ. ૧૮૩૪ માં ડ્રિથ બમનજીની કુંના લીલાંઉખાનામાં નોકરીએ ટુંક મુદત વેર રહી પોતે બિલોર કામન વેપારમાં જીપલાવી હોરમસજી તથા નશરવાનજી કામાની કું. નામે વેપાર ચલાવવા માંડયો હતો. પણ પાછળથી ખરશેદજી કાવશજી બનાજીની ઑફીસમાં જગા મેળવી હતી. ઇ. સ. ૧૮૩૫ માં ચીન ખાતે નોકરીએ જઇ બે વર્ષ રહી પાછા ફર્યા હતા, અને તે પછી ૧૮૪૩ માં પોતાના ભાઇ તથા બીજા ભાગીઆઓ સાથે મળી પોતાને હિસાબે ચીન સાથે વેપાર શરૂ કર્યો હતો. તે પછી મનચેરજી હોરમસજી કામાની ઇંગલંડની પેહેડી સાથે સંબંધ જોડી તેમાં સારૂં દ્રવ્ય એખડું કર્યું હતું. ખરશેદજીએ પોતાની ટુંક પુંજી છતાં મુંબઇ તથા દેશાવરના દરેક ધર્મ ખાતાને બનતી મદદ આપી હતી. એવણે એક વાંદરાનું દવાખાનું ઉભું કરવામાં, રાસ્તગોફતાર પત્ર સ્થાપવામાં, તેમજ લાયબ્રેરીઓ અને મધરેસા ઉભી કરવામાં પોતાની જાતી મેહેનત અને પૈસાની સામટી મદદો કરી હતી.

તે શિવાય એવણે પોતાનું ધ્યાન પોતાના બોહળા વેપાર વણજ ઉપરાંત બીજી અનેક હુન્નર ઉદ્યોગની કંપનીમાં મદદ કરી હતી, તેમાં વૈગાસસ્લિપ કુંપની, ડ્રિઅર લૅંડ કુંપની, ઇતરડી બનાવવાનું કારખાનું, યૂનાઇટેડ વિકટોરિયા કુ૰, સેંટ્રલ બે ઑવ વેસ્ટર્ન બેંક, રૉયલસ્ પીનિંગ એન્ડ વિવીગ કુ૰, ઓરિઅંટલ સ્પિનિંગ એન્ડ વિ૰ કુ૰, ગ્રેટ ઈંડયન સ્પિનિંગ એન્ડ વિવીંગ કુ૰ વગેરે સાથે બોહો વધતો સંબંધ રાખ્યો હતો.

ખરશેદજી ફરામજી કાત્રક—આ નૌકાશાસ્ત્રીનો જન્મ ઇ. સ. ૧૮૦૩ માં થયો હતો. એમના સગા કેપટન કાવશજી શાપુરજીના હાથ તળે નૌકાશાસ્ત્રનો અભ્યાસ

કરવાનો આરંભ કરી ઇ. સ. ૧૮૨૪ માં સફર કરવાનું માથે લઇ કાવશજીની ભલામણથી 'રૉબર્ટ રપાન્કી' નામના વાહાણમાં માલમ તથા પાછળથી 'કેપટન'ની પદ્વિ મેળવી હતી. આ વાહાણ મારફતે લાગટ ઘણાં વર્ષોવેર અનેક સફરો કરી સારો અનુભવ મેળવ્યો હતો. ઇ. સ. ૧૮૪૩ માં ૨૫ મી સપટેંબરે આ વાહાણ પિનાંગથી પેદ્રોકોસ્ટા તથા રંગુન બાતે હંકારી ત્યાંથી અનચીતા કોસ્ટ નજદીકથી વધતાં મદુનાના ટાપુમાં સોપારી ખરીદવા ૬ દિવસવેર લંગર કર્યું. તે વેળા ત્યાંના 'બાવાશાબ' નામના એક વેપારી સાથે વાંધો પડતાં તેણે ત્યાંના રાજાની મદદ મેળવી ખરશેદજી તથા મેહેરવાનજી તે પેહેલા 'કેપટન કાવશજી'ના બેટાને મેજન કરી વાહાણ લુટયું હતું. આ બનાવ ૧૮૨૩ માં ૨૩ મી અક્ટોંબરે બન્યો હતો.

ખરશેદજી ફરદુનજી પારખ—આ જાણીતા સખાવતે બહાદુર નરનો જન્મ ઇ. સ. ૧૮૧૧ માં થયો હતો. ૧૮૩૩ માં એવણ સર જમશેદજીની પેહેડીમાં જોડાઇ ૧૮૩૫ માં ચીન સફર કરી હતી. ૧૮૫૭ વેર ખરશેદજી, સર જમશેદજી જીજીભાઇની પેઢીમાં ભાગ્યા તરીકે જોડાયા હતા, પણ તે પછી સર જમશેદજીએ વેપાર બંધ કીધાથી એવણે પોતાને નામે ચીન, કલકત્તા, મદરાસ, ઇંગલાંડ વગેરે દેશો સાથે બોહોળો વેપાર ચાલુ રાખ્યો હતો. ૧૮૪૫ માં એવણે ચોપાટી બાતે આંધળા પાંગળાઓ માટેની ધર્મશાળા ૩ ૧૩૦૦૦ ને ખર્ચે બંધાવી હતી, અને તેમાં ફરીથી તેટલાજ ઉમેરી તે મકાનને કુશાદે બનાવ્યું હતું. ૧૮૪૯ માં સર જમશેદજી જીજીભાઇ પારસી એનીવોલંટ ઈન્સ્ટીટયૂટ સ્થાપી પોતાના મરણવેર ૪૭ વર્ષ સુધી તેના એક અધિકારી હતા. ઇંગલંડ અને અમેરિકા વચ્ચે ચાલેલી લઢાઈ વેળા અમેરિકન કપાસની અછત થતાં લેંકેશાયરના મજુર વર્ગપર ભુખમરો પડવાથી તેઓને આશ્રો આપવા માટે ઉભા કરેલા ફંડમાં રૂપ્યા ૨૫ હજાર ભર્યા હતા. તેમજ મરહુમ પેહેલા સર જમશેદજીની યાદગારીના ફંડમાં ૩ ૨૫૦૦૦ ભર્યા હતા. ૧૮૬૩ માં બીજા ૩. ૩૦,૦૦૦ સ્કૉલરશીપ તથા સુન્નાના ચાંદના ઇનામ માટે આપ્યા હતા. જે પછી એ શાળા ફંડમાં ૩ ૫૫૦૦૦ ની રકમ બક્ષેસ કરી હતી.

૧૮૬૬ માં ગુજરાતમાં મુસાફરી કરી તે વેળા ગરીબ ગુરબાઓમાં ૩ ૭૫૦૦૦ વેહેચ્યા હતા. ૧૮૬૩ માં ૯ મી માર્ચે કોલાબાની ગ્રાંટ બિલ્ડીંગ ૩ ૧૨,૦૦,૦૦૦ માં ખરીદી હતી, પણ ૧૮૬૧ માં તે ૩ ૨,૫૦,૦૦૦માં વેચવી પડી હતી. ૧૮૬૩ થી ૧૮૬૭ સુધી કોટનું ધર્મનું દવાખાનું ૩ ૨૦,૦૦૦ ને ખર્ચે ચાલુ રાખ્યું હતું. ૧૮૬૩ના નવેંબરમાં ૩ ૫૦,૦૦૦ ની રકમ મુંબઇ સરકાર ઉપર મોકલી તેના વ્યાજમાંથી સૂરત મધે પોતાના પિતાના નામથી 'રૂકુલ ઑવ આર્ટ એંડ ઇંડસ્ત્રી' નામની હૂન્નર તથા ઉદ્યોગશાળા ચાલુ કરી હતી. જેનો વહિવટ ૧૮૭૭ થી સૂરતની મ્યૂનિસીપાલીટી ચલાવે છે.

૧૮૭૭ ના નવેંબરમાં આયર્લંડના દંડી શેહેરની ગોદીમાં પોતાના વેપારને માટે ૧૧૦૦ ટનની એક મોટી 'ફ્રીગેટ' નામીચા વાહાણ બાંધનાર મી૰ સ્ટીફનસની તકેદારી તળે બંધાવી તેનું નામ સર જમશેદજી રાખ્યું હતું. એજ વર્ષમાં મુંબઇની નેટીવ જનરલ લાયબ્રેરિમાં ખગોળ વિદ્યાને લગતાં ઓજારો ખરીદવા ૩ ૨૦૦૦ આપ્યા હતા. ૧૮૬૪માં સૂરત મધે ફેલાયલા કૉલેરાની મર્કીનો અટકાવ કરવા માટે એવણે પોતાને ખરચે એક તબીબ ફરતો રાખી, ગરીબોને દવાદારૂ મુફત પોંહચાડી હતી. આ કામ પાછળ ૬ માસમાં ૧૧૦૦૦ નો ખર્ચ થયો હતો. એજ વર્ષમાં તા૰ ૨૨ મી આગસ્ટે ઇંગલંડની ગ્રિનીચની ગોદીમાં ૯૦૦ ટનનું વહાણ પોતા માટે બંધાવ્યું હતું. એજ વર્ષમાં દેવીડસાસુન એસાયલમનાં ફંડમાં ૩૦૦૦ રૂપ્યા ભર્યા હતા. તેમજ એલફીન્સટન સરકલમાંની ૮ મોટી ઇમારતોમાં એક પોતે બંધાવી હતી કે જે ૧૮૬૬ માં ૩ ૧૮૦૦૦૦

માં વેચાઇ હતી. એજ વર્ષમાં સૂરતના ગરીબોને વેહેંચવા ૧૫૦૦૦ ચોખાની ગુણો કલકત્તેથી મંગાવી હતી પણ તે ગુણો ભરેલું વહાણ ડુબી જતાં એક લાખ રૂપ્યા બરબાદ થયા હતા. એજ વર્ષમાં કલકત્તા અને તેની આસપાસના ભાગોમાં ૫ મી અકટોબરે એક તુફાન થવાથી હજારો મકાનો તારાજ થવા સાથ સેંકડો વહાણો ડુબી ગયાં અને દરિયાનાં પાણી ૩૦ ફીટની ઉચાઇવેર ચઢી ગયા હતા. આ વેળાના દુઃખ નિવારણ ફંડમાં એવણે ૬૫૦૦ ભર્યા હતા. એજ સાલમાં સૂરતના રેલ્વે સ્ટેશન સામે રૂ ૨૫૦૦૦ને ખર્ચે, દઇસરના સ્ટેશન સામે રૂ ૧૨૦૦૦ને ખર્ચે, સાયનના સ્ટેશન સામે રૂ. ૧૨૦૦૦ને ખર્ચે મુસાફરખાનાં બંધાવ્યા હતા. એજ વર્ષમાં મુંબઇની "એગ્રીહારટીકલચરલ સોસાયટી ઑવ વેસ્ટર્ન ઇંડિયા"ને તે વેળાના ગવરનર સર બાર્ટલ ફ્રીયરની યાદગારીમાં એક મોટો પુવારો "ફ્રીયર ફાઉંટન"ને નામે વિક્ટોરિયા ગાર્ડનસમાં મુકાવવા રૂ ૨૦૫૦૦ ની રકમ આપી હતી, અને મજકુર સોસાયટીએ તે રકમ લંડનના પોતાના આડતિઆપર તે પુવારો બનાવવા મોકલી આપી હતી, પણ લંડનમાં જે કારીગરને તે કામ સોંપવામાં આવ્યું તેણે તે બરાબર નહિ બનાવવાથી તેને આપેલા ૬૮૦ પાઉંડ મધેથી ૧૬૨ પાઉંડ પાછા મળયા ને બાકીના ૪૮૮ પાઉંડ જતા રહ્યા. વળી એ પુવારો તયાર થતાં સોસાયટી પાસના રૂ ૨૦૫૦૦ ખરચાઇ જતાં બીજા ૯૦૬ પાઉંડનું કરજ થયું, જેથી એ પુવારો તે વેળાની 'એસપલેનેડ ફી ફંડ કમિટી'ને સ્વાધીન કરતાં તેણે હોર્નબીરોમાં પુવારો ઉભો કરાવ્યો.

૪૦ સ૰ ૧૮૬૮ માં મુંબઇ શેહેર શેરબજારથી જેમ નેહાલ થવા માંડયું તેમ ખરપોટા કુંપનીઓના ભાગવાથી પાયમાલ થયું તેમાં ખરશેદજી પણ પાયમાલ હતા. તે વરસમાં રૉયલ ૪સ્ટ ઇંડીયન મરીન ઇનસ્યુરન્સ કંપની, એપોલો પ્રેસ કું૰, ભરૂચ કોટન મીલ કું૰, કુરલા સ્પિનિંગ એન્ડ વિવીંગ કું૰, એલફીન્સટન લેંડ એંડ પ્રેસ કું૰, ક્રિયર પ્રેસ કું૰, યુનિયન શિપીંગ કું૰, પોર્ટ ટ્રસ્ટિંગ-લેંડ ઇનવેસ્ટમેંટ રેકલેમેશન એંડ ડૉક કું૰, યુનાઇટેડ વિકટોરિયા એંડ કોલાબા રેકલેમેશન એન્ડ પીયર કંપની, વગેરેના એવણ ડાયરેક્ટર હતા.

ઉપર કરેલી જાહેર તથા ખાનગી સખાવતોનો આંકડો અતિ મોટો થતો હોવાથી તે અત્રે વિસ્તારી જણાવવા કરતાં તેમની કુલે સખાવત ૧૦,૧૬,૮૭૫ ની નોંધાયલી છે. એવણ શેરસટાના તુફાનમાં સપડાઇ જવાથી એવણનું કરજ બે કરોડ ચાલીસ લાખનું થયું હતું અને અવેજ માત્ર ૧૭૦ લાખનો હતો. આ અંચિતી આફતથી ખરશેદજીની તંદરોસ્તીપર માઠી અસર થઇ હતી પણ તેવણે બનતાં સુધી પોતાના માંગનારાઓને સંતોષ આપી જાહેર જીંદગી તેમ વેપારમાંથી અલગા થઇ ગયા હતા. ૧૮૭૭ ના નવેંબર માસમાં મુંબઈની પાર્સી ચીફ મેત્રીમોનિયલ કોર્ટના ડેલીગેટ નેમાયા હતા. ૧૮૭૭ માં મુંબઇના શેરીફની માનવંત જગા મેળવી હતી. એ રીતે પોતાની પડતી પછી પણ એકુ બે પ્રસંગે જાહેરમાં માન મેળવ્યું હતું. તેમજ મુંબઇની પારસી પંચાતના એવણ મરણસુધી અકાબર હતા. મરણ ૧૮૯૭ માં ૭ મી આગસ્ટે નિપજ્યું હતું.

ખરશેદજી રૂસ્તમજી વાહાડિયા—આ હુન્નરમંદ ગ્રસ્થનો જન્મ ૪૦ સ૰ ૧૭૮૭ માં મુંબઇમાં થયો હતો. પોતાના વખતની રૂઢી મુજબ ટુંક ઈંગ્રેજી તથા ગુજરાતી ભાષાની કેળવણી લઈ ૧૮૦૦ માં ૧૭ વર્ષની નાહની વયે મુંબઇની ગોદીમાં પોતાના કાકા ફરામજી વાહાડિયાના ઉપરીપણા તળે નોકરી મેળવી ૧૮૨૧ માં 'બીજા માસ્ટર બિલ્ડર' નો ઓધો મેળવ્યો હતો. ખરશેદજીએ વહાણો બાંધવાની કુશળતાથી પોતાનું નામ એટલું તો જાણીતું કર્યું કે "આડમિરલ્ટીનાલાર્ડો, કોર્ટ ઑવ ડીરેક્ટર તરફથી એમને ખાસ સાબાશી પત્રો મલ્યા હતા. ઈ. સ. ૧૮૩૧માં ૨૮ મી ડીસેંબરે મુંબઇના વડા કૈાનસીલર ઑ. જૅાન રોમરે એક દરબાર એવણને તથા એમના વડા નવરોજજી વાહાડિયાજીને ઈંગલંડથી 'કોર્ટ ઑવ ડીરેક્ટર' તરફથી ઘટતા લેખ સાથે આવેલી અકેકી રૂપાની રૂલ તથા રૂ ૪૦૦ ની કિંમતની સ્યાલો ભેટ આપી હતી. ૧૮૪૪ માં વડા માસ્તર બિલ્ડર તરીકે નેમાયા હતા, અને એજ વર્ષમાં ઑ. જે. એમ કાર્ફર્ડે એમને એક રૂપાની હથોડી ભેટ આપી હતી. એવણે પોતાના ઉપરીપણા તળે ૧૦ મનવારો, ૩૭ નાહના મોહટાં વાહાણો બાંધ્યા હતા. ૧૮૫૬ માં ૮ મી જનેવારીએ કોર્ટ ઑવ ડીરેક્ટર તરફથી આવેલા રૂપાના ઓજારનો બાક્સ લૉર્ડ ફાકલંડે ભેટ આપ્યો હતો. ઇ. સ. ૧૮૫૭ માં આ ઓધો છોડી રૂ ૬૫૦ ના પેનશન ઉપર 'રીટાયર' થયા હતા. ઇ. સ. ૧૮૩૬ માં એમને લંડન રૉએલ એશિઆટીક સોસાયટી ઑવ ગ્રેટ-બ્રિટન એન્ડ આયરલંડના એક 'નૉન-રેસીડંટ મેમ્બર'નું માન આપવામાં આવ્યું હતું. મરણ ૧૮૬૩ માં ૨૯ મી એપ્રેલે મુંબઇમાં નિપજ્યું હતું.

ખરશેદજી રૂસ્તમજી ઇંજનેર—દેશી ઇજનેર તરીકે પેહેલ વેહેલા પ્રસિદ્ધતા પામેલા આ ગ્રહસ્થનો જન્મ ઇ. સ. ૧૮૦૨ માં થયો હતો. પ્રથમ જનરલ જનરવિસના હાથ હેઠળ તાલીમ લઇ સરવેઅરનું કામ શીખી ૧૮૪૦ માં કાબુલની લઢાઇમાં સંપર્સ અને માઇનર્સની ટુકડીમાં દેશી ઇજનેર તરીકે નોકરી મેળવી હતી. લઢાઇ પુરી થતાં નોકરી છોડી કેમેસરીયટના જાહેર બાંધકામના કંત્રાકટરનું કામ કરવા માંડયું હતું. બુશાયરની લઢાઇ વેળા ખરશેદજીએ સરકારને અગત્યની મદદો કરી હતી, તેમજ મુંબઇથી ખાપોલી સુધીની જી. આઇ. પી. રેલ્વેની પ્રથમ લાઇન નાખી હતી. કોલાબાની ખાડી પુરી તેની ઉપર ગ્રાંડબિલ્ડીંગ્સ અને ત્યાંના હાઇડ્રાલિક પ્રેસોનાં કંત્રાકટો એવણે લઇ બાંધ્યા હતા. તે શિવાય વિકટોરિયા, ફરામજી ઇન્સ્ટીટ્યુટ, બનાજીનું આતશ બહેરામ, એલફીસ્ટન સરકલ, એપોલો હાઉસ તથા મેસર્સ સાસુનવાલાઓની મુંબઇ પુના તરફની ૨૦,૦૦,૦૦૦ રૂપ્યાની ઇમારતો પોતાની દેખરેખ તળે બંધાવી હતી. ખરશેદજીએ મુંબઇની જાણીતી ઇમારતો પોતાની શિલ્પકળાથી નમુનેદાર બાંધી હતી, તે સર્વેની કિંમત એક કરોડ રૂપીયા ઉપર અંકાઇ હતી. મરણ ૪૦ સ૰ ૧૮૯૬ માં ૧લી સપટેંબરે મુંબઇમાં નીપજ્યું હતું.

ખરશેદજી માણેકજી શરાફ—આ સાહાશિક વેપારીનો જન્મ ૪૦ સ૰ ૧૭૬૩ માં થયો હતો. પોતાના સમય મુજબ ટુંક કેળવણી લઇ ૪૦ સ૰ ૧૭૮૫માં ઇસ્ટ ઇંડયા કુપનીના એક કામદાર મી૰ અલેકઝાંડર રામસના હાથ તળે શીખાઉ તરીકે નોકરી મેળવી અને ૧૭૮૭થી મુંબઇમાં પોતાને હિસાબે વેપાર શરૂ કર્યો, અને રફતે રફતે ઓહોળો વેપાર કરી 'રામ્સે' નામે ખાસ વહાણ પોતાના વેપાર માટે બંધાવ્યું. ૪૦ સ૰ ૧૭૯૨થી સરકારી કંત્રાકટો લેવામાં ફતેહ મેળવી અને ૧૮૦૦ થી મોટા કંત્રાકટો લાંબી મુદ્દતના મેળવવા માંડયા હતા. ૧૮૦૪ થી મુંબઇનાં દારૂ ગાળવાનું કંત્રાકટ મેળવી ૧૮૦૨થી મજગામની ગનપાઉડર ફેકટરીનું કંત્રાકટ મેળવ્યું હતું તેમજ ૧૮૦૩થી કેમેસરીયટ ખાતાનાં કંત્રાકટ મેળવી મોટી દોલત સંપાદન કરી હતી. પોતાની ચાલાકી અને સખી તબેહથી પાર્સી ટોલામાં માનીતા થતાં પાર્સી પંચાતના એક અકાબર થયા હતા. ૧૮૧૬માં ૨૯મી નવેંમ્બરે આતશ આદરાનનો એક કેળવેલો પોતાના ઘેર નજદીક પરથાવ્યો હતો. મરણ ૪૦ સ૰ ૧૮૪૫માં ૭ મી મેએ નિપજ્યું હતું. જયારે ખરશેદજીએ કેમેસરીયેટના કંત્રાકટ લેવાનાં શરૂ કર્યા ત્યારે એક વેળા ચોખાની ગુણોનું કંત્રાકટ મલ્યા છતાં ગેરીસન સ્ટોરકીપરે બીજા પાસેથી ચોખા લેવાથી તેમાં તેમને રૂ ૧૪૮૦૦૦ ની ખોટ ગઇ તેનો દાવો કરતાં તે માટે તેમને છેક ૪૦ સ૰ ૧૮૩૭ વેર ઇંગલંડની કોર્ટ સાથે લઢવું પડયું હતુ.

અને તે વેળા વ્યાજથી તે રકમ વધીને સવા પાંચ લાખની થઇ હતી પણ સરકારે તેટલું વ્યાજ નહિ અપાવતાં માત્ર ખોટ જેટલુંજ નાણું આપવાનો ચુકાદો આપ્યો હતો.

ખરશેદજી રૂસ્તમજી કામાજી—આ વિદ્વાન બાહોશ પુરૂશનો જન્મ ઇ.સ. ૧૮૩૧ માં ૧૧ મી નવેંમબરે થયો હતો. એમના પિતા ૨૯ વર્ષની અતિ જવાન વયે મરણ પામ્યા હતા. મી० ખરશેદજી પોતાના કાકા ડોસાભાઇ કામાની બેટી આવાંબાઈ જોડે ૮ વર્ષની નાહની વયે પરણ્યા હતા.

એવણે તે વેળાની રૂઢી મુજબની કેલવણી 'એલફીન્સટન ઇન્સ્ટીટયુશનમાં' સંપાદન કરી "વેસ્ટ સ્કોલરશિપ" મેળવી ૧૮ વર્ષની વયે ૧૮૪૦ માં કલકતે પોતાના કાકા પાસે વેપારનો અનુભવ મેળવવા અર્થે ગયા હતા. જ્યાંથી ચીન તરફ વેપાર અર્થે જઇ હોરમસજી મંનચેરજી કામાની પેઢીમાં ભાગ્યા તરીકે જોડાયા હતા. ૧૮૫૪ માં ચીનથી પાછા ફરયા પછી ૧૮૫૫ માં ફ્રિમેશન મંડળમાં દાખલ થઇ તેમાં આજ વેર ચાલુ ખંતથી કામ બજાવતા રહી ઉંચામાં ઉંચી પદ્વિએ પુગાછે. સ્કૉટીશ ગ્રાંડ લૉડજનાં તેવણ પેહેલાજ દેશી ડેપ્યુટી ગ્રાંડ મારતર ચુંટી કાઢવામાં આવ્યા હતા. તે પછી પ્રોફેસર દાદાભાઇ નવરોજી તથા મંચેરજી કામા સાથે વેપાર અરથે ઇંગલંડ ગયા હતા. જ્યાંથી ફ્રાન્સ, સ્વિટઝરલેંડ, જરમની તરફ મુસાફરી કરી ફ્રેન્ચ, જર્મન, અવસ્તા તથા બીજી ભાષાઓનું જ્ઞાન સંપાદન કરી પ્રોફેસરો સ્પીગલ, મોહલ, ઓપટ વગેરેનાં હાથતળે ભાષાઓ શીખી જ્ઞાનમાં વધારો કરી ૧૮૫૯ માં પેરીસથી ફરતા હીંદુસ્તાન તરફ પાછા આવ્યા હતા.

૧૮૬૧ થી તેવણે કોટમાં પોતાના મકાનમાં અર્યોરનાન પંથના જવાનોને અવસ્તા તથા પેહેલવી ભાશાઓ અને ફાઇલોલોજીની કેળવણી આપવાના વરગો ઉંધાડી, ગીરોથી સ્કોલરશીપો આપી શીખવતા હતા. એમની મદદથી ત્યાં કેળવણી લઇને એરવદોં તેહેમુરરૂપ દીનશાહ અંકલેસરીયા; કાવશજી, એ. કાંગા; શેહેરીઆરજી, ડી. ભરૂચા; કાવશજી કાંગા; મંચેરજી શા. વાછા; જમશેદજી, દા. નાદરશાહ; એદલજી, કે, આંટીઆ વગેરે દીપી નિકલ્યા હતા.

એવણ ૧૮૫૮ માં રાસ્ત गોફતાર પત્રના એક ભેગા માલેક થયા હતા જે માલેકી ૧૮૬૯ માં છોડી દીધી હતી. ૧૮૬૩ માં એમના મોહરદારનું અકાળ મરણ નિપજ્યું હતું.

૧૮૭૦ માં જ્ઞાન પ્રસારક મંડળી ફરી સજીવન કરવામાં આવી તેમાં એવણે ઉલટમંદ ભાગ લઇ ૧૮૭૪ થી તેના પ્રમૂખ તરીકે માન ભોગવતા આવ્યા છે, ૧૮૭૩ માં દાદીશેઠવાલા કદમી આતશ બેહેરામના એક ત્રસ્તી નેમાયા હતા. મુંબઇની એનથરોપોલોજીકલ સોસાયટીનાં ૧૮૮૯ થી તેવણ ઉપર પ્રમુખ છે, ૧૮૯૩ માં સીકંદ્રાબાદ તથા હૈદ્રાબાદમાં જઇ જરતોસ્તી ધર્મ વિશયોપર અનેક ભાષણો આપ્યાં હતાં. ૧૮૯૪ માં મુંબઇ યુનિવરસીટીએ પોતાની ચહડતી પરિક્ષાઓમાં અવસ્તા ભાષા દાખલ કરી તે દાખલ કરવાનું સર્વ માન મોટે હિસ્સે એમના ખંતીપણાનેજ ઘટેછે. ૧૮૯૪ માં એવણ એમ. એ. ની પરિક્ષાના અવસ્તા ભાષાનાં પરિક્ષક નેમાયા હતા.

૧૮૯૫ માં પારસી નવા વર્ષનો દિવસ મુકરર કરવાની મંડળી નેમાઇ તેના પ્રમુખ તરીકે નેમાઇ આગેવાની ભર્યો તે ચર્ચામાં ભાગ લીયેછે, ૧૮૯૮ થી એવણ સર જમશેદજી જીજીભાઇ પારસી એનીવેાલંટ ઇન્સ્ટીટયુશન બોર્ડના એક સભાસદ નેમાયા છે.

મી० ખરશેદજી કામાજીએ જુદી જુદી મંડળીઓ સાથે અર્ધી સદી થઇ પોતાનો સંબંધ ચાલુ રાખ્યો છે. ૧૮૫૪ માં એવણ ચીનથી પાછા આવ્યા પછી મુંબઇની મુલ્લાં ફીરોઝ મદરેસાના એક કારોબારી નેમાયા હતા, ૧૮૭૯ માં પ્રમૂખ તરીકે નેમાયા કે જે ઓધો હાલમાં પણ ભોગવતા રહી દર વર્ષે એ મદ્રેસાને ચાલુ મદદ આપતા આયા છે, ૧૮૫૯ થી મેદાનની કસરતશાળા ઉપર ધ્યાન આપી ૧૮૬૦ થી ઓનરરી સુપ્રીટેનડન્ટ નેમાયા હતા, અને ૧૮૮૫ થી તેના પ્રમુખનું માન ભોગવે છે, ૧૮૬૦ થી જરતોસ્તી છોકરીઓની શાળાના એક કારોબારી નેમાયા હતા ને ૧૮૯૫ થી તેના પ્રમુખ નેમાયા છે. નવસારી ખાતેની સર કાવશજી જહાંગીર મદ્રેસાના ૧૮૮૪ થી એવન પ્રમુખ તરીકે પદ ભોગવેછે.

૧૮૬૪ માં ૩૦ મી માર્ચે એમની આગેવાની તળે જરતોસ્તી ધર્મની ખોળ કરનારી મંડળી સ્થાપન થઇ હતી, જેમાં એવણે ૧૯૦૧ સુધીમાં ૧૮૬ બાબદો ચર્ચા માટે રજુ કરી હતી, એજ વર્ષમાં ડૉ० હૉંગ પાસે પવિત્ર ગાથા ઉપર ભાષણ અપાવ્યું જે વેળા ૧૬૦૦ ની આવક થઈ તે પ્રોફેસરે નહિ લેવાથી તેમાંથી 'પંદનામાં' તથા "દાદીસ્તાને દીની" એમ રૂ ૨૦૦ તથા રૂ ૯૦૦ ના બે રેસાલા મંગાવ્યા હતા; જે એરવદોં તેહેમુરરૂપ અંકલેસરીયા તથા શેહેરીઆરજી ભરૂચા જીતી ગયા હતા.

૧૮૬૫ માં માણેકજી શરાફનાં વડા બેટી બાઇ આઇમાયે સાથે બીજી વેળા પરણ્યા હતા, એજ વર્ષમાં નામદાર મુંબઈ સરકારે એમને યુનિવરસિટીના ફેલો તરીકે નેમ્યા હતા, ૧૮૬૭ થી પારસી મેત્રીમોનીયલ કોર્ટના ડેલીગેટ તરીકે નેમાયા હતા.

તે પછી જરથોસ્તનામુ પ્રગટ કરી જમશેદી નરોજ ઉપર અનેક ભાષણો આપી તે વિશે અનેક યાદગાર તકરારો કરી હતી. ૧૮૭૦ માં એવણે યજદેજર્દી તારીખ નામે પુસ્તક પ્રગટ કર્યું હતું. ૧૮૭૧ માં 'ગાથા ગહાંમબાર ફરોહરોના' વિશય ઉપર મુંબઇમાં જૂદે જૂદે ઠેકાણે ભાષણો આપ્યાં હતા. ૧૮૭૪ માં કદીમ ઇરાની શેહેનશાહાતનું નવું વર્ષ એવે નામનું એક ચોપાન્યું પ્રગટ કર્યું હતું. ૧૮૭૫ માં મુંબઇ મ્યૂનિસીપાલેટી

કારપોરેશનના એક સભાસદ તરીકે નેમાયા હતા. ૧૮૭૬ માં ફ્રિમેશન પંથ વિશે એક ચોપાન્યું પ્રગટ કર્યું હતું; તેમજ "કદીમ ઇરાન અને ધર્મ રેવાજો" એવાં પુસ્તકનાં તે પછી ૧૭ ભાગો પ્રગટ કર્યા હતા.

મી० ખરશેદજીને કદીમ ભાષાના શોખ ઉપરાંત વેપાર વણજમાં મોટો અનુભવ હોવાથી એવણે તે પોતાની વલાણ અચુક રીતે પ્રગટ કરી હતી. પ્રથમ એવણ ચીન ગયા ત્યારે મી० સોરાબજી બંગાલી મારફતે રૂ ૧૫૦ નું ઇનામ જાહેર કરી રેલ્વેના ફાયદા ઉપર એક રેસાલો માંગ્યો હતો. જે ઇનામ મી० કેખશરૂ આલપાઇવાલાએ જીતવું હતું. ૧૮૫૩ માં રૂ ૨૫૦ નું ઇનામ "મુંબઇ ઇલાકાના દેશીઓની કેલવણી, તેનું હાલનું તથા ભવિષનું પરીણામ" એવો રેસાલો માંગ્યો હતો.

૧૮૬૬ માં રૂ ૮૦૦ નું ઇનામ છપાવી વંદીદાદનો તર્જુમો માગ્યો હતો, જે એરવદ કાવસજી એ. કાંગાએ જીતવું હતું. ૧૮૬૬ના ફેબ્રુવારીથી જરતોસ્તી અભ્યાસ નામનું એક ચોપાન્યું એવણે પ્રગટ કર્યું હતું જેના ૧૮૬૯ વેર ૧૧ અંકો પ્રગટ થયાં હતાં.

ઈ. સ. ૧૮૭૧ માં એમને એક અસાધારણ માન મોટી હીલચાલથી આપવામાં આવ્યું હતું. તે એ કે એવણે પોતાની ૭૦ વર્ષની ઝુન્નેર્ગ વય સુધી ખંતીપણે કોમના ભલા માટે જે જે અસંખ્ય કામો ખંત અને જેહેમતથી બજાવ્યાં તેના યાદગારીમાં તેમના વિદ્વાન ચેલાઓ તથા મિત્રોએ એક 'મેમોરીયલ વૉલ્યુમ' લખાવી તે ગ્રંથ છપાવી એમને સર જમશેદજી જીજીભાઇ બારોનેટને હાથે ભેટ કર્યું હતું. કે જે ગ્રંથમાં અત્રેના જાણીતા પારસી વિદ્વાનો ઉપરાંત યૂરપના નામાંકિત પ્રોફેસરોએ લખેલા રેસાલાઓ પણ હતા. ૧૯૦૧ ના માર્ચમાં પ્રોફેસર જેકસન મુંબઇમાં આવ્યા ત્યારે તેમની પાસે ભાષણો અપાવી જરતોસ્તી આલમની લાગણી ધર્મ તરફ ઉશકેરી હતી.

ખરસન—અથવા ચૅરસન. 'ડિનપર નદીના મુખથી ૧૯ મૈલપર રશિઅન રાજ્યનું એક મુખ્ય શેહેર, ઓડીસાની ઉત્તર પૂર્વે ૮૧ મૈલ-પર છે. ૧૭૭૮ માં લઢાઈના બારકસો બાંધવામાં આવતા હતા. ખરસનમાં ઈમારતી લાકડાંનો મોટો વેપાર ચાલે છે. સાબુ, ચરબી, બીર અને તંબાકુના મોટા કારખાનાં છે. ૧૮૭૧ માં લોકની વસ્તી ૫૬૩૨૯ ની ને ૧૮૯૧ માં ૬૨,૨૪૪ ની હતી.

ખરસવાં—તલાવ કાંઠેના કીચલમાં થતી શેવાળોના એ મૂળીયાં છે. આ ઘાસ સુકાઇ રેહેતાં કાદવમાંથી ખરસવાંને ઉખેડી કાઢવામાં આવે છે. ખરસવાં સોપારી જેવડાં હોઇ કાળા રંગના હોય છે, ને તેની ઉપર બાલ જેવા તંતૂ રહે છે. ખરસવાંને બાફી, ભૂજી અથવા કાચાં પણ ખવાય છે.

ખરસાંડી—આ જંગલી ડાખળીદાર વૃક્ષ વાડ બનાવવાના ઉપયોગનું છે. એના દુધમાં એટલીતો ઉષ્ણુતા હોય છે કે તે ચામડીને લાગતાં ત્યાં ફોલ્લા થાયછે. ખરસાંડીના કોલસા કરી તેનો દારૂ બનાવવામાં આવે છે. આ છોડની યોજના ઔષધિમાં કરેલી છે.

ખરસાંડીયો-એના વિશાળ વૃક્ષોપર આંબલીના પાંદડા જેવાં પાંદડાં આવે છે, અને તે શિવાય લાંબી શિંગો આવે છે. તેમાં ચપટાં બિયાં હોય છે. એના ફુલો પિળા રંગનાં હોય છે. સર્પ દંશ ઉપર ખરસાંડિયાના વૃક્ષના ફુલોના રસમાં મરીયાને ૭ દિવસ બ્બલ કરી તે ચોપડે છે. તેમજ તેનું સેવન અને અંજન કરી ઉતારી શકાય છે.

ખલીલ સુલતાન—એને મિર્ઝા ખલીલ અને ખલીલ ઉલ્લાહને નામે પણ જણાવવામાં આવે છે. એ અમીર તૈમૂરનો પૌત્ર ને મીરાનશાહનો બેટો હતો, એણે અમીર તૈમુરના મરણ સમયે લશકર એકઠું કરી સમરકંદનું રાજ્યતખ્ત લીધું હતું. આ પાદશાહ ઉદાર વૃત્તિનો તથા ઈન્સાફી હતો, પણ એ એક રામજણી શાહાદઉલ મુલક સાથે બાનગી રીતે પરણ્યો હતો. એણે ૪ વર્ષ રાજ્ય ચલાવ્યું નહિ તેટલાં એના સરદારોએ એને પદભ્રષ્ટ કરી બાશગરના બંદીખાનામાં ઈ. સ. ૧૪૦૨ (હિ. સ. ૮૧૧) માં કેદ કીધો હતો. એણે તે પછી કેદખાનામાં પડી રહી માશુકની જુદાઈમાં કવિતા રચવામાં કાળ ગુજારવા માંડ્યો હતો. તેટલાં એના કાકાએ રાજ હાથ કરી એને બંદ મુક્ત કરી રેકુમ અને હમાદનની હાકમીપર નેમ્યો હતો, અને એની માશુકને કરી એને સ્વાધીન કરી હતી. એ ત્યાંની હાકમી અઢી વર્ષ ભોગવી ૧૪૧૧ માં ૬ ઠી નવેંબરે (ઈ.સ.૮૧૪) મરણ પામ્યો, ત્યારે એની વય માત્ર ૨૮ વર્ષની હતી. એના મરણુથી એની માશુક 'શાહદઉલમુલ્ક' એટલી તો શોક પામી કે તેણીએ બંજર વડે પોતાનો પ્રાણ કબજ કર્યો. આ બેઉ આશક માશુકના શબને 'રે' બાતે દફનાવવામાં આવ્યા હતા.

ખ્વાયજે ઈમાદ—(જુએ! ઈમાદફકીએહ)

ખ્વાજે ખીજર—મોહમેદનોના મત મુજબ એ એક પવિત્ર પેગંબર થઈ ગયોછે અને તે અમર છે. ભૂલેલા મનુષ્યને નેક રાહપર દોરવાની શકિત ધરાવેછે. દંતકથા મુજબ સેકંદર સાથે એની મુલાકાત થઈ હતી અને એની સાથે બાદશાહ ઝુલમાત (કોહેકાફ) ના રાજ્યમાં ગયો હતો જ્યાં તેણે આબે હયાતનો સમુદ્ર દીઠો હતો.

ખશ્રેમ્ચા—જરથોસ્તી ધર્મમાં ૨૧ નુસ્ક નામના ૨૧ ગ્રંથોમાંનો આ ૧૪ મો ગ્રંથ, એમાં ૫૪ પ્રકરણો સમાયલાં છે. તેમાં દ્રવ્યની સંભાળ, ઈશ્વરની સર્વ ઉત્પતિની નિર્દોશતા, પાપીનો છુટકો, ઈશ્વરભકિત કેમ કરવી એવા અનેક નિતી બોધક વિષયોનો એમાં સંગ્રહ છે.

ખષ્ટ—એને 'કડવું કવઠ' પણ કહે છે. એના વૃક્ષ દક્ષિણ કોંકણ, ત્રાવણકોર પ્રાંત અને સીલોનમાં મળે છે. એની ઉપરના ફળો બેલ-ફળ જેવડાં હોઇ તેની છાલનો રંગ પીળી મ-ટોડી જેવો હોયછે. ફળમાં ફણસનાં બિયાં જેવા નાહના ફળીયા હોયછે. આ ફળનાં ફળીયાને મલબારમાં ઉકળતા પાણીમાં નાખી તેનું તેલ

કાઢે છે. આ તેલ લીલા સફેદ રંગનું હોયછે. તેનું વિશિષ્ટ ગુરૂત્વ ·૯૪૮૨ છે. એનું રસા-યણ પૃથ:કરણ કરતાં તેમાંથી બોરો તિક્ષ્ણ અને બાટો અરક મલી આવ્યો હતો, અને તેનું નામ "ગૈનોકાર્ડીક ઍસિડ" આપવામાં આવ્યું છે.

કોંકણ પ્રાંતમાં એના તેલને ખરટોલ કહે છે, અને તે ત્યાં બાળવાના ઉપયોગમાં લેવાય છે. આ તેલમાં ઔષધિ ગુણ સારાં હોઇ તેનો ઉપયોગ ડૉકટર ભાઉદાજી તથા ડૉ૦ પાંડુરંગે અખતરા કરી કર્યો હતો. આ તેલ બાવામાં તથા બજ, બોરો વગેરે ઉપર ચોપડવાના ઉપયોગમાં લઈ શકાય છે. એને "લાઈમવાટર" માં મેળવ્યાથી તેનો મલમ બને છે.

ખસખસ—એના છોડ ૩ થી પાંચ ફીટ ઉંચા વધે છે. એનીપર લાલ રંગના ફુલો તથા દીંડવા આવેછે તેમાં ફુલો દેખાવમાં અતી સુંદર હોયછે. એના ઝાડ ઉગાડવા સપટેંબરથી નવેંબર સુધી-માં તેનાં બિયાં રોપવા પડેછે, એના દીંડવામાં જે બિયાં હોયછે તેને ખસખસ કહેછે, આ નરાણી વડે ચીરો પાડવાથી તેમાંથી અફીણ ઝરેછે. ખસખસના છોડમાંથી અફીણ નિકળેછે પણ; ખસખસને અંગે કેફી ગુણ હોતો નથી, ખસખસના ફળ ઉપરની છાલને પોસ કહેછે, આ પોસ સેક કરવાના કામમાં અતિ ઉપયોગી છે. ખસખસ પૌષ્ટીક હોવાથી તે ઉંચા પકવાનોમાં વપરાયછે, ખસખસ તથા તેના કુમળાં પાંદડાની ભાજી ઘણી સ્વાદિષ્ટ બનેછે.

ખસખસના છોડનો દરેક ભાગ ઔષધિ ઉપચારમાં ઉપયોગી છે. પુષ્ટીકારક દવા તરીકે ખસખસને મગજમાં ભેળી અપાયછે, અર્ધાંગવાયુ ઉપર ખસખસનું તેલ કોપરેલ તેલ સાથે શરીરને ચોળવામાં આવેછે.

ખસખસના બીજને દાબવાથી જે તેલ નિકળેછે તે ઘણું કિમતી હોયછે. તે ફીક્કા સુનેરી રંગનું હોયછે, તે સેહેલાઇથી સુકાઇ જાયછે, અને વગર વાસનું હોયછે; ખસખસનું તેલ કાઢી લીધા પછી રહેતો ખોળ ઢોરોને બાવા આપવામાં આવેછે.

ખસખસ અતિ પ્રાચીન કાળમાં પણ જાણીતી હતી, તે વિશે એવી શહાદત મળે છે કે લારીયમ બાતેની રૂમાની બાણે ઈ. સ. પૂર્વે ૧૧૦ માં બોલી થએલી જાણી પડતી મુકવામાં આવી હતી, અને તેમાં માત્ર ધાતુનો કચરો પડ્યો હતો પણ ઈ. સ. ૧૮૮૫ ના સુમારમાં એક સાહાસિક ઇંગ્રેજ હાલનાં ચઢતી કીસમનાં હથિયારો વડે તેમાં પડી રહેલો રૂપાનો જથ્થો કાઢી શકાય એમ જણાવી તે બાહેલો કચરો બણી કાઢી તેને ગાળી નખાવ્યો, પણ તે પછી બોદકામ કરતાં તે બાણુમાંથી થોડી બસ-ખસ મળી આવી, તે લગભગ બે હજાર વર્ષ ઉપરની પડી રહી હતી. જેવા તેનીપર સૂરજનાં કિરણો પડયાં કે તેમાંથી ઝાડ ઉગવા માંડયું. જણાવવામાં આવેછે કે બેહજાર વર્ષની વાત ઉપર એ જાતની બસખસ બીલકુલ નાબુદ થઈ હતી. આટલી લાંબી મુદત સુધી પાણીનાં એકપણ ટીપાં વિના તે બનામત રહી ને ફકત સૂરજના કિરણો પડતાંવાર તેમાં રોપા ફુટી નિકળયા એ ઘણું નવાઇ જેવું છે.

બાઇબર પર્વત—આ પર્વત પૂર્વ બફઘાનિ-સ્થાનમાં પેશાવરના પશ્ચિમ મેદાનમાંથી શરૂ થઇ હિંદુકુશની છેક દક્ષિણ બણીની નીચી હારને જોડાઈ સુફેદકોહ અને સાલ્ટની હારને સુલેમાન પર્વત સાથે જોડાય છે, નજર દોડાવતાં આ પર્વતના જથ્થા અચોકસ રીતે વધેલા જણાયછે પણ ચોકસ રીતે શોધ કરતાં જણાયું છે કે જલાલા બાદનાં મેદાન નજદીક પૂર્વે પેશાવરના મેદાન-થી તેઓ જૂદાં પડેછે. આ પર્વતનાં પડમાં સ્લેટનો પથ્થર હોઇ સુનખડીનું પેહેલું પડ છવાયલું છે ને તેનીપર રેતાળ પથ્થરનું પડ-છે. તાતારનો પર્વત જે આ પર્વત બાહેલો એક ગણાય છે તે પેશાવરનાં મેદાનથી ૩૫૦૦ ફીટ ઉંચો છે અને સમુદ્ર સપાટીથી ૪૮૦૦ ફીટ ઉંચો છે. બાઇબરના પર્વતની હારની પોહલાઈ લગભગ ૨૦ મૈલ અને લંબાઇ

G. 24747 LIBRARY MAHARAJA SAYAJIRAO UNIVERSITY BARODA

હિંદુકુશના પાસેના મેદાનથી તે સુરીદકોહ અને સાલ્ટ પર્વતવેર ૫૦ મૈલની છે. એની હારો આડકતરી રીતે વચમાંથી બે નેહેર-થી કપાયલી છે. ખાઇબર પાસ અને ઉત્તર ભાગ તથા કાબુલ નદી એ જૂદા ભાગ છે.

ખાઇબર પર્વતનું નામ ત્યાં વસ્તી ખાઇ-બર પ્રજા ઉપરથી પડયું છે. આ ખાઇબર ટોળામાં આફ્રિદી, શયનવારી અને ઓર્કઝાઇ સમાય છે. ખાઇબિરની હિંદુકુશ તરફની હાર તથા સુરીદ કોહ, સ્લેટ અને સુલેમાન તરફ-ની દક્ષિણે નીચે વધેછે. હિંદુસ્થાનથી ઉત્તર અફઘાનિસ્થાનનો માર્ગ આ પર્વતમાંથી છે. આ પર્વતમાં પૂર્વથી પશ્ચિમ ભણી ચાર પાહાડી માર્ગો છે. મુખ્ય ખાઇબર પાસનો માર્ગ તદન સપાટ હોવાથી તે માર્ગે તોપો વટીક લઇ જવાયછે, બીજો માર્ગ પાસેથી શરૂ થાયછે, અને ઉત્તર ભણી વલાણ લઇ સમાંતરમાં વધતો જલાલાબાદની બીણ પાસે ડક્કાને મળેછે. ત્રીજો અબખાના નામે ઓળ-ખાય છે જ્યાંથી અબખાનાનો માર્ગ શરૂ થાયછે. ચોથો 'કારપા'નો રસ્તો છે, જે માર્ગ દોબંદી પાસે કાબુલ નદી પસાર કરી પૂર્વથી પશ્ચિમે લુંદે પસાર કરી પછી પશ્ચિમે લાલા-પૂર વેર વલાણ લઇ કાબુલ નદી ઉપરથી પસાર થાયછે, અને પછી પશ્ચિમ ભણીના મોટા ઘોરી માર્ગ સાથે જોડાઇ જાયછે.

ખાઇબર પાસ—હિંદુસ્થાન અને અફઘાનિ-સ્થાનની વચમાં ઉત્તર ભણીની આ 'પાસને' અફઘાનિસ્થાનની કુંચી તરીકે જણાવવામાં આવેછે. આ 'પાસ'ની શરૂઆત પેશાવરની પશ્ચિમે આવેલા ગુફાઓ પાસે થઇ ૩૦ મૈલ વક્ર વલાણથી ઉત્તર પશ્ચિમમાં લંબાઇ જલાલાદના મેદાન નજદીક દક્કાવેર વધે છે. મી૰ હેવલેક આ 'પાસ'ની શરૂઆત 'હુઝારના' થી પશ્ચિમે ગણે છે, અને તેની લંબાઈ ૫૦ મૈલની જણાવે છે. એની આસપાસ પાહાડી કરાડા સ્લેટના હોઈ તેમાંથી વહેતા ઝરા ઘણા વેગવાલા હોય છે, પણ ઉન્હાળામાં તે ઝરાઓ તદન સુકાઈ જાય છે. તેમાં બે મુખ્ય અતિ બીકટ ભાગો આવેલા છે. તેમાં એક અલી મસજીદની નજદીકનો છે કે જ્યાંનો રસ્તો સાંકડો ને નાળાંવાલો છે.

એની સામ સામનો કરાડો ૬૦૦ થી ૭૦૦ ફીટનો તો કોઇ ઠેકાણે ૧૦૦૦ થી ૧૨૦૦ ફીટ ઉંચો ઢોળાવદાર છે, અને તેની ઉપર અલીમસજીદનો કિલ્લો છે. લાલબાગ નજદીક 'પાસ' નાહની બીણ બને છે અને તેની ઉત્તર ભણી મોટા પુસ્તાઓ બાંધેલા છે. લંદીખાન નજદીક એક મોટી ૧૨ ફીટ પોહળી 'ગેલેરી' રોકો માર્ગ હોઇ એક તરફ ઉંડા ખંદકો અને બીજી તરફ ઉચા ઢોળાવદાર પર્વતોની હાર લાગેલી છે. મુખ્ય કરી પાસ 'પૂર્વ' દરવાજાથી શરૂ થઈ પશ્ચિમે ઢોળાવ વધે છે. એ જલાલાબાદના મેદાન જેવો અતિ ઉંચો નથી. ખાઇબરપાસના એક શીખરની ઉંચાઇ સમુદ્ર સપાટીથી ૩૩૭૩ ફીટની અને પેશાવરના મેદાનથી ૨૧૦૦ ફીટની છે. આ પાસમાં વસનારા ખાઇબરી ટોળા લુટફાટ કરનાર અને હથિઆરબંદ સીપાહો ગણાય છે. આગલા દુરાની રાજ્યકર્તા આ પાસમાં વસતા ટોળાને દર વર્ષે ૧૩૦૦૦૦ રૂપ્યાનું સાળીઆણું આપતા હતા; પણ દોસ્ત મહમદ ખાનના નબળા અમલ વેળા ઉપલું સાળીયાનું માત્ર ૨૦,૦૦૦ રૂપ્યાનું કરી તે ૨૬૦૦૦ લઢવૈયા વચ્ચે વેંહેંચી આપવામાં આવ્યું હતું. નાદીરશાહે તેમને લગભગ ૧૦૦૦૦૦ રૂપ્યાની ગંજાવર રકમ આપી હતી.

ખાકાન—પ્રાચીન કાળમાં ચીન તરફના દેશનો એક જાણીતો સરદાર. એણે અફરાશિ-આબને લઢાઇ પ્રસંગે મદદ કરી હતી, અને લઢાઈ દરમ્યાન એણે રૂસ્તમની છાવણીપર હુમલો કરી ઇરાનીની કતલ ચલાવી પણ રૂસ્તમ પેહેલવાનની કુશળ કુન્હેબળથી તેને નમવું પડયું ત્યારે તેણે પસતાવો બતાવતાં પોતે તેમજ પોતાનો મિત્ર રાજા સંકલનો હાથ શિયાવક્ષના લોહીમાં બોળ્યો નહોતો એમ જણાવી છુટકારો માંગ્યો. પણ રૂસ્તમે છુટકારાને બદલે તેનો સર્વ સાજ, હાથી અને

બખતર માંગ્યું તે તેણે નહિ આપવાથી તેને રૂસ્તમે હાથીપરથી જમીનપર પટકી તૂસ પેહેલવાનને સોંપ્યો. તૂસે ખાકાનનો તે પછી પ્રાણ લીધો હતો.

ખાકાની—આ પ્રસિદ્ધ શાએર અફઝુલઉદ્દીન ઇબરાહિમ બીન અલ્લ શિરવાનીનું તખલ્લુસ. એ શિરવાનનો વતની હતો અને ફલકી શાએરનો ચેલો હતો. એ શિરવાનના રાજ્ય કર્તા ખાકાનના સમયમાં પ્રસિદ્ધતા પામ્યો અને એણે રાજ્યકર્તા તરફથી ખાકાનીનો એલકાબ મેળવ્યો હતો, તેજ નામે એ પ્રસિદ્ધતા પામ્યો છે. એણે તોફતઅલ ઈરાકીન નામે ગ્રંથમાં ઇરાક અજમી અને ઇરાક અરબનો એહવાલ મક્કે જતાં કરેલી મુસાફરી દરમ્યાન કવિતામાં રચ્યો હતો. એ ઇરાનમાં સુલતાન અસ શોઅરા તરીકે માન પામ્યો છે. એણે હફત અકલીમ નામનું એક દિવાન રચ્યું હતું, તેનું મરણ તાબ્રિજમાંતે ઈ. સ. ૧૧૮૬ (હિ. સ. ૫૮૨) માં નિપજ્યું હતું. એની કબર 'સૂરખ, માંતે જાહિરૂદ્દીન ફારિઆબી અને શાહ ગઝૂર નિશાપૂરીની કબરો નજદીક છે.

ખાંખણ—વરખડીનાં ફળમાંથી જે તેલ કાઢ-વામાં આવે છે તેને ખાંખણ કહેછે. એના દહિ માફક ખડબાં બંધાય છે; એનો દિવો સારો બળે છે, તેમજ તે વાયૂ ઉપર ચોપડાય છે.

ખાખમિશ—આ ગામ ચેકૃતીસ નદીના પૂર્વ કાંઠાપર જ્યાં 'ખબાર' નામે નદી છે તેને મળે ત્યાં વસાયલું હતું. તે પેહેલાં 'અસૂર' ના રાજા પાસથી મીસરના રાજા ફારોનિખોએ લીધું, અને ત્યાં બંદોબસ્ત માટે કેટલાક લોકને રાખ્યા હતા, પણ તે પછી નબૂખદનેઝરે જીતી ત્યાંની પ્રજાની મોટી કતલ કરી હતી.

ખાખરો—હિંદુસ્થાનમાં ખખરાનાં વૃક્ષ જંગ-જંગ સાધારણ કદનાં થાયછે. એના પાંદડાની પત્રાવળી બને છે, અને એના ફુલોનો રંગ રાતો હોય છે. એના ધોળા ફુલને પણ ખાખરો કહે છે. એના ફુલો રંગ બનાવવામાં ઉપયોગી છે. ખાખરાનાં ચપટા રાતા રંગના બિયાં આવે છે. રંગ ચોપડવા ખાખરાના લાકડાના કુચા બનાવવામાં આવેછે.

ખાખસ— (જુઓ ખસખસ).

ખાચરોડ—ગવાલીયરના દેશી રાજ્યમાં બૈતૂલથી નીમચના માર્ગમાં બૈતૂલની ઉત્તર પશ્ચિમે ૨૩૧ મૈલપર અને નીમચની દક્ષિણ પૂર્વે ૮૧ મૈલપર છે. સમુદ્રની સપાટીથી આ ગામ ૧૬૩૮ ફીટ ઉંચાઈપર છે.

ખાજકોલતી—આ ચોમાસામાં ઉગતા છોડના પાંદડાને અંગે ખજ ઉત્પન્ન કરવાનો ગુણ હોય છે. એના પાંદડા કાળા હોય છે, તે ચામ-ડીને લાગતાં વ્રણ થઈ આગ બળે છે, કોડીઆના વિષ ઉપર ખાજકોલતીનાં મૂળ પાણીમાં ઘસી પાવામાં આવે છે, દરાજ ઉપર એના મૂળને તૂળશીના રસમાં ઘસી ચોપડવાથી ખજ મટે છે.

ખાટખટુમડો—એક જાતનો વેલો. એના ફળ કાળાં ચણીયાં બોર જેવડાં હોય છે.

ખાંડ; તેની તવારીખ, બનાવટ, વેપાર ને ઉપયોગ:—

ખાંડ બનાવવાનો હુનર હિંદુસ્થાન તથા ચીનના લોકો પ્રાચીન કાળમાં જાણતા હોવાથી તેઓ પોતાના દેશમાં શેરડીની ખેતી કરતા. આ દેશમાં ઇસવી સન પૂર્વે સેંકડો વર્ષપર આ પદાર્થ બનાવવાનો હુનર જાણીતો હતો. પણ ઇજીપ્ત, ફિનિશિયા, જૂડિયાના પ્રાચીન ગ્રંથોમાં ખાંડ વિષે કેથે પણ એસારો કરેલો નથી.

ઈ. સ. પૂર્વે ૩ જી સદીમાં સેકંદરે એક મોટો કાફલો, એક એડમીરલની સરદારી તળે દુન્યા જોવા મોકલ્યો હતો. તેણે પોતાના પાદશાહને રિપોર્ટ કર્યો તેમાં ખાંડ વિશે એવું જણાવ્યું હતું કે "હિંદુસ્થાનમાં એક જાતના મધમાખ વગર મધ બંધાય છે. પલિની નામનો પુરાણો ગ્રંથકાર લખે છે કે "નેતર અને બાંબુના રસમાંથી મધ કાઢી તેની ખાંડ બનાવવામાં આવે છે. તેમજ તે રસના કોઇ વાર ગુંદર જેવા કટકા આવતા." સારેસન્સ

લોકોએ જ્યારે રેાહડસ તથા સાઇપ્રસ ફતેહ કર્યું ત્યારે તેઓએ ત્યાં શેરડી ઉગાડીને તેના રસમાંથી સાકર બનાવવા માંડી.

યૂરપમાં આગલા વખતની જંગલી પ્રજા ખાંડ કેમ બને છે તેથી બીનમાહિતગાર હતી અને ઈ. સ. ૩૨૦ આગમજ તેઓ એમ ધારતા હતા કે હિંદુસ્થાનમાં મોટા મધપુડાઓમાંથી આ ખાંડ બને છે. પ્રથમ ગ્રીક તપીઓનાં જોવામાં હિંદુસ્થાનની ખાંડ આવી ત્યારે તેઓ તેને હિંદુસ્થાનનું મીઠું કહેતા હતા. ૧૦ મી સદીમાં આરબોએ હાડકાનાં કોલસાથી ખાંડ સાફ કરવાની શોધ કરી. તેરમી સદીમાં હિંદનો વેપાર અરબસ્થાન વેર ફેલાયો ત્યારે ખાંડ તે દેશમાં દાખલ થઇ. તે વખતના સાકરના ચોસલા ગોળની લાદી જેવા બનતા હતા.

મોરેશિઅસ, ઓરમસ વગેરે ઠેકાણે પ્રથમ ખાંડ મોકલવામાં આવતી ત્યારે ત્યાં તેને એક અજાયબ પદાર્થ તરીકે ઓળખતા. ત્યાં તેઓ જણાવતા કે એ એક જાતનું મધ છે. કોઇ જણાવતું કે એ હિંદુસ્થાનમાં વરસતા કરાં છે, કોઇ તો ઝાડના પાંદડા ઉપર બંધાયલો ઓસ જણાવતા અને એજ રીતે તેની અજાયબ બનાવટ માટે જ્યાં ત્યાં તરહેવાર તર્કો ચલાવવામાં આવતી હતી. પેહેલાં તો પશ્ચિમ તરફની પ્રજાને ખાંડ કેમ ઉત્પન્ન થાય છે, યા કેમ બનાવવામાં આવે છે, તે વિશે કશુંજ માલમ નહોતું; પણ વેપારનાં વધારા સાથે ત્યાંથી આવેલા શીખાઉ વેપારીઓએ એ હુન્નર પોતાનાં દેશમાં દાખલ કીધો.

દુનિયાંમાં હાલ બે પ્રકારની ખાંડ બનાવવામાં આવે છે, તેમાં પેહેલા પ્રકારની શેરડીમાંથી ને બીજી 'બીટરૂટ' નામના મિઠા કંદનાં રસમાંથી બને છે. શેરડીની પેહેલી ખેતી ક્રાચીન–ચાયનાથી તે બંગાલના મુલક સુધી થતી હતી. ત્યાર પછી તે ખેતીનેા વિસ્તાર વધીને ધીમે ધીમે હિંદુસ્તાનથી તે આથમણના મુલક તરફ લંબાવા પામ્યેા હતેા. જાણીતા ગ્રીક ઇતિહાસ કર્તા 'સ્ત્રેબેા' ના ચોકસ લખાણ ઉપરથી જણાય છે કે ગ્રીકેા શેરડીને મધવાળું બરૂ કરી ઓળખતા હતા. ખ્રિસ્તીઓના પેગંબર કાઇસ્તના પેહેલા સનેના રૂમી અને યુનાની ગ્રંથકર્તાઓ શેરડીને 'ઇકશતાનના બરૂનેા મીઠેા રસ' કરી લખી ગયા છે. તે વેળા ખાંડનેા ઉપયેાગ પણ હસ્તીમાં આવેલેા હેાવેા જોઇયે, કારણકે શેરડીમાંથી બનાવવામાં આવતા મીઠાનાં ગાંગડાને તે ગ્રંથકર્તાઓએ 'શેાકરમ' (Saccharum)ને નામે લખી ગયાછે. આ શાકેરમ શબ્દ સંસ્કૃત 'શરકરા' યાને શાકર ઉપરથી નિકળેલેા માલમ પડેછે. અસલનાં વખતમાં ખાંડનેા ઉપયેાગ દવામાં મોટે ભાગે થતેા હતેા. સાકરને ઇંગ્રેજીમાં Suger કહેછે. તે શબ્દ અરબ લેાકેાએ સ્કૃત ઉપરથી લીધેલા શાકર શબ્દ ઉપરથી નિકળ્યેા છે. શેરડીનેા રસ ઉકાળી તેમાંથી ખાંડ બનાવવાનેા હુન્નર પેહેલાં હિંદુસ્થાનમાં ગંગા નદીના મુલકમાં શરૂ થયેા હતેા. પાછળથી સાતમી સદીની અધવચમાં તે હુન્નર ચીનમાં દાખલ કરવામાં આવ્યેા હતેા. તે પછી ઈરાનમાં ખુજીસ્તાન મુલકથી આથમણ તરફ લંબાયેા હતેા; કારણ કે તે વખતમાં તે દેશનાં લેાકેા શેરડીની મોટી ખેતી કરતા હતા. એ મુલકના 'ગંદીશાપુર' ગામેામાં આરબેાની જે વેળા ફત્તેહ થઇ હતી તે વખતમાં આરબેા હુન્નરથી સાકર બનાવવાનું જાણતા હતા. તેઓ શુરાતર, શશ, આશકાર, મેાકરામ વગેરે ગામેામાં વચલી સદીઓમાં મેાટા પાયા ઉપર કારખાનાં ચલાવતા હતા, એવી ઇતિહાસમાં નોંધ મલે છે. તેના સંબંધમાં અગીઆરમી સદીનેા એક લખનાર લખે છે કે "ઇરાક, જોરજન અને હિંદુસ્થાનમાં ખાંડની પેદાશ જો કે ઘણી હતી, તેાપણ આશકાર અને મેાકરામની ખાંડના જેવી તે શ્રેષ્ટ હતી નહિ." એ દેશ પેાતાના મુલક ના સુલતાનને વર્ષ દહાડે પચાસ હજાર રતલ ખાંડ ખંડણી દાખલ આપતેા હતેા. આરબેા

ની મારફતે શેરડીની ખેતી અને ખાંડ બનાવાનેા ઉદ્યેાગ દુનિયાંમાં ચેાતરફ ફેલાયેા હતેા. એટલે કે એ ઉદ્યેાગ હિંદુસ્થાનથી મેારક્કેાના 'શશ' ગામ સુધી વધીને ત્યાંથી 'સીસીલી' અને 'એન્ડેલુશિઆ' સુધી ફેલાયેા હતેા. તે પછી ઇસ્પહાની આરબેાએ શેરડીની ખેતીનેા ફેલાવેા મેાટેા કર્યેા હતેા. ઈ. સ. ૧૪૨૦ માં તેઓએ 'મદીરા' ગામમાં શેરડી રેાપી હતી. જ્યાંથી ૧૪૯૮ માં "સાન કુમાનગેા"ના ટાપુમાં તેની ખેતી કરવામાં આવી હતી. છેક ૧૬૦૦ ના વર્ષમાં ઇસ્ત ઈંડીઝનાં ટાપુઓમાં અને દક્ષિણ અમેરિકામાં શેરડીની ખેતી પંથરાઇ ગઇ હતી. એ સદીની શરૂઆતના વીસમાં વર્ષની અંદર "સાન દુમીનગેા"ના ટાપુમાં ખાંડ બનાવવાનેા ઉદ્યેાગ એટલેા તેા વધી ગયેા હતેા કે ત્યાંના સ્પેન દેશમાં આયાત થતા ખાંડ ઉપરની જકાતમાંથીજ ત્યાંના રાજા ચારલસ પાંચમાએ મેદ્રીડ અને તોલેદેા શેહેરમાં મેહેલેા બાંધ્યાં હતાં, વચલી સદીઓના વખતમાં યુરપમાં ખાંડના વેપારનું મથક વેનીસ શેહેર થયું હતું, એજ વર્ષના રહેવાશીએ પંદરમી સદીની આખેરીમાં "શુગર લેાફ (loaf—sugar) વાળી ખાંડ બનાવવાનેા હુન્નર શેાધી કાઢયેા હતેા, જે માટે ત્યાંના રાજાએ તેને એક લાખ ક્રાઉનનું ઇનામ આપ્યું હતું, એજ શેહેરના એક વેપારી નામે "તેામાશેા લેાસડાનેા" એ ઇ. સ. ૧૩૧૯ માં એક લાખ રતલ ખાંડ લંડન મેાકલી હતી અને તેને બદલે તેણે ત્યાંથી ઉન વેચાતું લીધું હતું. એજ વર્ષના સ્કેાટલંડ દેશના પાદશાહી મેહેલનાં કારભારીના ચેાપડામાંથી માલમ પડેછે કે તેને એક રતલ ખાંડની કિંમત એક શિલીંગ અને સાડાનવ પેન્સ આપી હતી. તે જમાનામાં ખાંડ એક મેાંઘી શેાખની જણસ ગણાતી હતી અને મેાજ શેાખ ઉપરાંત દવામાં વાપરવામાં આવતી હતી."

"જર્મનની રાજધાની બર્લીન ખાતેની 'એકેડમી ઑવ સાયન્સીસના કુદરતી વિદ્યા જ્ઞાનના ઉસ્તાદ હેર અન્ડરૂઝ સીગેસમંદ મુર ગેરફે ઈ. સ. ૧૭૪૭ ના વર્ષમાં ચોકસ અખતરાઓ કરી એવી શેાધ કરી હતી કે બીતરૂટ તેમજ તેના જેવા મૈાસના લેાચ્યા જેવા લાગતા કંદોમાં ખાંડનેા મેાટેા ભાગ સમાયલેા હેાયછે. તે પછી ૧૮૦૧ માં ક્રાન્ઝ કાર્ડ એકાર્ડ' નામના તેના એક ચેલાએ તે શેાધ ઉપર પેાતાનું ધ્યાન લગાડી કેટલાક શખસેાની મદદથી બીટરૂટમાંથી ખાંડ બનાવવા માટેનું પ્રથમ એક કારખાનું જર્મનીના કુનર ગામમાં કાઢયું પણ તે રૂદીથી કાઢેલી ખાંડ મેાંઘી પડતી હેાવાથી કામ બીકટ થઇ પડયું.

તે સમયે યૂરપમાં ખપતી ખાંડનેા મેાટેા ભાગ ઇંગ્રેજને હસ્તકના 'વેસ્ત ઈંડીઝ'ના ટાપુઓ ખાતેથી જતેા, જેથી નેપેાલ્યન બેાનાપાર્ટે ઇંગ્રેજી સંસ્થાનેાનેા તે મેાટેા ઉદ્યેાગ પાડી નાખવાની મતલબથી બીટરૂટમાંથી ખાંડ બનાવવાના કારખાનાઓને ઘણું ઉતેજન આપવા માંડયું, અને તેના પરિણામમાં જર્મની તથા ક્રાન્સમાં તેવા ઘણા કારખાના ઉભા થયા પણ બેાનાપાર્ટના અમલની આખેરી સાથે તેનેા અંત આવ્યેા, પણ જર્મની કરતાં ક્રાન્સનેા વેપાર ટકયેા તેનું મુખ્ય કારણ એ કે ફ્રેન્ચેાએ શેરડીમાંથી ખાંડ કાઢવાની શેાધ કરી, તે પછી ૧૮૩૦ માં કરેલી શેાધથી આ ખાંડ સસ્તી થઇ, કારણકે બીતરૂટમાંથી થેાડે ખર્ચે તે બનતી હતી, પણ ૧૮૪૦ પછી યૂરપમાં આ ઉદ્યેાગ બેહદ બીહ્યેા હતેા. પણ જર્મનીમાં તે પછી બીતરૂટની ખેતી એવા મેાટા પાયાપર શરૂ કરવામાં આવી કે ત્યાંના બેહુતેા તેપરજ પેાતાનું ગુજરાન કરે છે."

"બીતરૂટ કંદ ઘણી જાતનાં આવે છે, તેમાંનેા સફેદ છાલવાલેા કંદ ખાંડ બનાવવાના કામમાં આવે છે. કેમકે તેની ખાંડ શુદ્ધ સફેદ બને છે. બીતરૂટ કંદનેા પાક સલગમ અને તેના જેવા બીજા કંદ પ્રમાણે ૪ થી ૫ માસનેા હેાય છે, અને બીતરૂટના નવા કંદનમાંથી એક ભાર શાકર ઉપજતી હેાવાથી તે હિસાબે

તેની ઉપર જકાત લેવામાં આવે છે, પણ જ્યારે આ બીતરૂટમાંથી બનાવેલી ખાંડ પરદેશ મોકલવામાં આવે છે ત્યારે તે જકાત પાછી આપવામાં આવે છે, જેને "બાઉંટી" કહે છે. જર્મની અને ફ્રાન્સ વગેરે દેશની સરકાર "બાઉંટી" આપતી હોવાથી તે દેશથી હિંદુસ્થાન અને ચીનમાં પુશકળ ખાંડ આવે છે.

ખાંડ જૂદા જૂદા પ્રકારનાં પદાર્થોમાંથી બનાવી શકાય છે. શેરડીમાંથી બનતી ખાંડ ઉત્તમ પ્રતિની બને છે. શેરડી જાડી ને ઉંચી થતાં તેના કટકા કરી કોલસામાં નાખી તેનો રસ કાઢી તેને ઉકાળી તેનો મેલ દૂર કરી ગોળ બનાવે છે, પછી તેને ઉકાળી ઠારવાથી દાણા પડે છે, તે ખાંડ હોય છે. શેરડીનાં રસના સો ભાગમાંથી ૧૭ થી ૨૦ ભાગ ખાંડ મળે છે. શેરડીના રસની ખાંડમાં નીચલાં તત્વો હોય છે.

કાર્બોન...	...૪૪·૫૩
હાઇડ્રોજન	... ૬·૬૦
ઑકસિજન	...૪૮·૫૭
	૧૦૦·૦૦૦

ખજુરીના ઝાડ કે જે ઈસ્ત ઇંડિયામાં થાય છે તેના થડમાં કાણું પાડી તેમાંથી જે મીઠો રસ ઝરેછે તેને ઉકાળી તેને માટીના હાલ્લામાં ઠારવાથી તેની ખાંડ બને છે.

મેપલ નામના ઝાડ ઉત્તર અમેરિકાના યૂનાઇટેડ સ્ટેટસ અને કેનેડામાં થાય છે, તેના થડમાં બાકું પાડી નળી મેળી ત્યાંના લોકો પુશકળ સરબત જેવું પાણી મેળવી તેને ઉકાળી તેની ખાંડ બનાવે છે. પ્રથમ આ ઝાડના રસમાંથી ખાંડ બનાવનારાં કવેકર પંથના લોકો હતાં.

દ્રાક્ષ અને મધમાં મિઠાસ હોય છે, તે તેમાં રહેલી ખાંડને લીધે છે. આ ખાંડને દ્રાક્ષની ખાંડ (Grape Sugar) કહે છે. સીતાફળ, કેળાં, કેરી વગેરેમાં મિઠાસ છે તે દ્રાક્ષ ખાંડને લીધે છે. આ ખાંડમાં મીઠાસ સાધારણ ખાંડ કરતાં ૩ ઘણી ઓછી હોય છે. તેમજ તે સાધારણ ખાંડ કરતાં વધારે જથ્થામાં પાણીમાં ઓગળે છે. દોઢ પાશેર પાણીમાં પાશેર ખાંડ પિગળી શકે છે, તેમજ તે આલકોહલમાં ઓગળે છે. દ્રાક્ષની ખાંડને પાણીમાં ઓગાળી તેમાં તેજાબ નાખતાં સાધારણ ખાંડ પ્રમાણે કાળી પડતી નથી, તેમજ એને પાણીમાં નાખી પિગળાવ્યા બાદ કાસ્ટિક પોટાસનું તેમાં પાણી નાખવાથી તેનો રંગ પોર્ટવાઈન જેવો થાયછે; તે શિવાય જેહીમધ, તથા દુધમાંથી પણ ખાંડ બને છે.

કોલતારમાંથી–બનાવવામાં આવતી ખાંડ સાધારણ ખાંડ કરતાં ૩૦૦ ઘણી વધારે મીઠાસ ધરાવે છે. આ ખાંડ જર્મનીમાં મોટા જથ્થામાં બને છે, પણ તે તંદરોસ્તીપર માઠી અસર કરતી હોવાથી તેના અતિ મિઠાસ પણાં છતાં તે થોડી ખપે છે.

રસાયન શાસ્ત્રમાં અનેક જાતની ખાંડ (સાકર) જાણીતી છે, પણ તે સર્વમાં ૩ મુખ્ય છે, શેરડી, દુધની તથા દ્રાક્ષની. તેમાં મુખ્ય શેરડીની ગણાયછે. તેમા પાણીનાં કણ અનિયમિત રહે છે, જેથી દુધને મિઠાસ આવે છે તે બીજા વર્ગની છે, જે ખાંડ પ્રાણીના દુધ શિવાય બીજા પદાર્થમાં થોડી જડેછે તેને દુધખાંડ કહેછે. એમાં પાણીનો એકજ અણું રહેછે. સ્ટાર્ચ (સત્વ) અને મધ, દ્રાક્ષ, અંજીર, કેળાં, ખજુર વગેરે સૂકવેલાં ફળોમાં જે કણ, રસદાર અને મીઠો પદાર્થ રહેછે તેને દ્રાક્ષ ખાંડ કહેછે. એને ઇંગ્રેજીમાં 'સ્ટાર્ચ શુગર' કહેછે.

આ સર્વ જૂદી જૂદી ખાંડમાં મીઠાસ એક સાધારણ તત્વ રહે છે. દરેક જાતની ખાંડમાં મીઠાસ રહે છે, પણ જૂદી જૂદી જાતના મીઠાસમાં ઘણો ફરક હોયછે. દાખલા તરીકે શેરડીમાંથી બનાવેલી એક રતલ ખાંડ લીધી હોય તો તેનો મીઠાસ એક રતલ ફળની ખાંડ કરતાં દોઢો થશે. પણ શેરડીની એક

શેર ખાંડ જેવડો મિઠાસ લાવવા દ્રાક્ષ ખાંડ ૨½ રતલ લેવી પડે છે, અને આ દ્રાક્ષ શકરા કરતાં દુગ્ધ ખાંડમાં ઓછો મિઠાસ રહે છે. આ જૂદી જૂદી જાતની ખાંડ જોવામાં આતી ભિન્ન હોયછે. તેજ મુજબ તેમનાં રસાયનિક બંધ અને રસાયનિક બંટના પણ જૂદી જૂદી

શેરડીની ખાંડ=કા.	૧૨·	હૈ.	૨૨	આ	૧૧
ફળોની ખાંડ=કા.	૨·	હૈ.	૬	૧૨ આ	૬
દ્રાક્ષ યા સ્ટાર્ચ=કા.	૨·	હૈ.	૬·	હેરા ૧૨ +હૈ	૬આ.
દુધની =કા.	૧૨	હૈ.	૨૨·	આ ૧૧ +હૈ	૨આ.

કાર્બન—પાણી	
૧૪૪—૧૯૮	
૧૪૪—૨૧૬	
૧૪૪—૨૫૨	
૧૪૪—૨૧૬	

મુખ્ય ખાંડ શેરડીની બનેછે. શેરડીની ખેતી હિંદુસ્થાન, ચીન મોરિશીઅસ વગેરે દેશમાં થાયછે. આ દેશમાં શેરડીમાંથી ઘણી ખાંડ બનાવવામાં આવેછે. હિંદમાં શેરડી ૪ થી ૧૦ હાથ ઉંચી વધેછે. શેરડીપર 'કેસર' આવવા આગમચ શેરડી કાપી તેનાં કટકા કરેછે અને પછી ઘાણીમાં નાખી રસ કાઢેછે. રસ કાઢયા પછી તરતજ તેમાં રસના વજન પ્રમાણમાં $\frac{૧}{૨૦૦૦}$ થી $\frac{૧}{૨૦૦}$ વજનનો ચુનો મેળવી તેને છાલકી કઢાઇમાં ૧૪૦ ફેરનહીટે ગરમ કરેછે. આ રીતે ગરમ કરવાથી આલબ્યુમિનના ભાગનો થર મેલ રૂપે ઉપર તરી આવેછે અને ચુનાનું ઍસિડ ઉડી જાયછે. એ રીતે ચુનો નાખી ગરમ કરી મેલ કાઢીયા પછી તેને એક કલાકવેર થંડો થવા દેછે, અને પછી નિર્મળ રસ રેડી લઈ તેને ઘટ બનાવવા શેરડીના સુકા સાઠાના બળતણપર ધુંટેછે. આ બળતણની રાખ ખાતર તરીકે ઉપયોગમાં લેછે. રસ ઘટી ઘાડો થતાં છાલકી લાકડીની કડોકમાં નાખી તેને ખુબ ધુંટેછે. આ રીતે સુમારે ૨૪ કલાક રાખી પછી છિદ્રોવાલા બોહિઆમાં નાખી તેમાંથી ઝરકૃથી કાકવી નિતારી લેછે. આ રીતે સઘળી કાકવી નિતારી લઇ જે પાસાદાર ચળકતો પદાર્થ રહેછે તે ગોળ બજારમાં વેચાયછે. સાધારણ રસનો $\frac{૧}{૧૦}$ વજનનો ગોળ તૈઆર થાયછે, પણ ખાંડ રૂપી ભાગ જૂદો કાઢતાં તેનો મોટો ભાગ નાશ પામેછે. તેના છે. જૂદી જૂદી જાતની ખાંડમાં કાર્બોનનું પરિણામ સરખું રહે છે, તેની તુલનાં કરતાં પાણીનાં મૂળતત્વો જૂદે જૂદે પ્રમાણે હોયછે, જે ખાંડમાં કાર્બોન ૧૨।૧૨ પરમાણું હોયછે તેના પરિમાણુની તુલના કરી હોય તો નીચે દર્શાવ્યા મુજબ તેમાં પાણીની રજો હોયછે.

૧૦૦ ટકા શેરડીમાં ૯૦ ટકા રસ રહેછે, અને તેમાંથી ૧૮ ટકા શુદ્ધ ખાંડ બનેછે યાને ૧/૫ વજનની તેમાં ખાંડ હોયછે. આથી સુમારે અરધી ખાંડ નાશ પામેછે. તાજા રસમાં પાસાદાર ખાંડ હોતી નથી પણ તે કોહેલી શેરડીમાં માત્ર રહેછે. સારી શેરડીમાં પણ સ્વચ્છ પાસાદાર ખાંડનો થોડો અંશ રહેછે. હાલમાં મોરીશીઅસમાં જે યંત્ર વડે ખાંડ બનાવેછે તેમાં ઉપલી રીત મુજબ ખાંડનો મોટો ભાગ નાશ પામતો નથી.

અમેરિકામાં 'મેપલ' નામના ઝાડમાંથી ખાંડ અને ગોળ બનાવવામાં આવેછે. આ ઝાડનાં થડમાં ½ થી ¾ ઇંચનાં માત્ર બે છિદ્ર પાડેછે. આ કાણાં દક્ષિણભણી જમીનથી ૧૬ યા ૨૦ ઇંચ ઉપર પાડેછે. દરેક છિદ્રમાં નળો લગાડી તેમાંથી વેહેતો રસ પાસે મેળેલા વાસનોમાં ઝીલી લિયેછે. માર્ચ, એપ્રીલ અને મે મહિનામાં આવો રસ કાઢવો ફાયદાકારક ગણાયછે, પછી વર્સાદની મોસમમાં પણ રસ કાઢેછે પણ તેથી ઝાડને નુકસાન પોંહચેછે, અને તે ઝાડ ૪ થી ૫ દિવસ કરતાં વધારે દિવસ રસ આપતો નથી, પણ એવે સમયે રસ જાડો નિકળેછે. રસ સારી રીતે વેહેતો હોય તો દરરોજ દરેક છિદ્રમાંથી ૬ ગ્યાલન નિકળેછે. ઝાડ જુનું હોયછે તો ૬ ગ્યાલન રસમાંથી ૧ રતલ ખાંડ બનેછે, નવું અને કુમળું હોયછે તો ૧૨ ગ્યાલનમાંથી ૧ પૌંડ ખાંડ બનેછે. સરાસરી દરેક ઝાડમાંથી ૨૦

થી ૩૦ વરસવેર રસ નિકળેછે. ઝાડનાં થડથી જેમ જેમ ઉંચે છિદ્ર પાડવામાં આવેછે તેમ તેમ તેમાંથી નિકળતો રસ વધારે મિઠો નિકળેછે. આ તુરતના કાઢેલા રસનો પ્રથમ ગોળ બનાવેછે અને પછી ગોળમાંથી ખાંડ બનાવેછે.

આગળ અમેરિકાથી ખાંડનો મોટો જથ્થો ફ્રાન્સ જતો હતો, પણ નેપોલીઅન બોનાપાર્ટ-ની ગડબડ સમયે ફ્રાન્સમાં ખાંડ આવતી બંધ પડી તેથી ફ્રાન્સના ઉદ્યોગી શોધક કારખાનાવાલાઓએ 'બીતરૂટ'* નામના ઝાડના મૂળીયામાંથી ખાંડ બનાવવાની શોધ કરી. પ્રથમ સખત થએલા બીટના મૂળીયાં ખણી કાઢી તેને ઘાણીમાં પિળેછે. આ મૂળીયાં ઘણું કરી અકટોબરમાં ખણી કાઢેછે. એના રસમાં સેંકડે ૧૦ ભાગ શેરડીના જેવી ખાંડ હોયછે. તાજા રસમાં સર્વ ખાંડ સ્ફટિકભવન પામનારી હોયછે, પણ અરધા ભાગથી વધારે ખાંડ સ્ફટિકભવનથી જૂદી કાઢી શકાતી નથી. પેહેલે રસમાં થોડો ચુનો મેળવેછે આથી તેમાનાં આલબ્યૂમિન અને નાઇત્રોજનવાલા રહેલાં દ્રવ્ય એકઠાં થઈ મેલ રૂપે ઉપર તરી આવેછે, તેને સંભાળથી કાઢી નાખેછે. પછી તે રસ પ્રાણીજ કોલસાના થરમાંથી ગાળેછે, પછી તેને બીજી કઢાઇમાં નાખી ઘટ કરેછે, અને ફરી કોલસમાંથી ગાળેછે, વળી ફરી તેને ઘટ બનાવી ખાદી જેવા કપડાની કોથળીમાંથી ગાળેછે, આથી ઝીણી રજકણ રસમાં રહેલી હોય તે પણ નિકળી જાયછે. આ રસને તે પછી સ્ફટિકભવન રૂપ પ્રાપ્ત થાય ત્યાં વેર ઉકાળેછે. આ વખતે તેનું વિશીષ્ટગુરૂત્વ ૧·૩૯ રહેછે. બીટની ખાંડના સ્ફટીક શેરડીની ખાંડના સ્ફટીક કરતાં વધારે લંબોચાં અને ચપટાં હોયછે. આવી જાતની ખાંડ બનાવવાના કારખાનામાં કાકવી ઘણી ઓછી નિકળે છે. આ કાકવીની ત્યાં દારૂ બનાવે છે. કાકવીની વરાળ થઈ દારૂ બન્યા પછી જે થરો નીચે ઠરે છે તેને ગરમ કરી સૂકવી બાળે છે, આથી તેનો બાકી રહેલા શેશનું આલકેલી ખાર બને છે. આ ક્ષાર ઘણું કરી પોટાસિ-અમ અને સોડિઅમ એના કાર્બોનેટ હોયછે. બીટનાં મૂળીયામાં પિગળે નહિ એવા ક્ષાર રૂપે દ્રવ્ય હોયછે, તેને આ રીતે એકઠાં કરેછે તેથી તેઓ ફ્રેંકટમાં જતા નથી. મૂળીયાને ઘાણીમાં પિળી કાઢયા પછી રહેલો છુંછા ઢોરોને ખાવા અપાય છે તથા ખાતર તરીકે પણ વપરાય છે.

શેરડી તથા બીટની ખાંડને સ્વચ્છ સફેદ બનાવવાની રીત એકજ છે. બે અથવા ત્રણ ભાગ કાચીખાંડ અથવા ગોળ. ૧ ભાગ ચુનાનાં પાણીમાં પિગળાવી તેમાં સેંકડે ૩ થી ૪ ભાગ હાડકાંનો ભૂકો નાખવો, અને પછી આ સઘળું મિશ્રણ મ્હોટા હોજરોકા વાસણમાં નાખી તે હોજના તળીયા માહેલી નળી વાટે વરાળ છોડી આ રસને ગરમ કરે છે. આ હોજમાંથી તે રસ ગાળવાના યંત્ર છોડે છે. આ યંત્રનું તળીયું કપાસની જાડી દીવેટ જેવી નળીઓ બેસાડી બનાવેલું હોયછે અને તે નળીમાંથી રસ નીચે ઉતર્યો એટલે તેમાંનો સઘળો અશુદ્ધ પદાર્થ કપાસને ચોંટી લાલાસ રંગનો રસ નીચે પડે છે. પેહેલા ગોળના રસમાં ચુનો અને હાડકાનાં કોલસા સાથે ઈંડાની સફેદી અથવા બળદના લોહી-માંનું 'સીરમ' નામી ઉકાળે છે. આથી સીરમ માંહેલું આલબ્યુમિન ગરમીથી એકઠું થઇ તેની જાળી બની મેલ લેતું તે ઉપર તરી આવેછે, આ રીતે રસમાંનો સઘળો મેલ જાળીમાં ભેરવાઈ ઉપર તરી આવેછે, તેને કાઢી નાખે છે, તેમજ કોલસાથી તેનો લાલાસ રંગ નિકળી જઇ ફીકકો ગુલાબી રંગ પકડે છે. તે પછી ગાળતાં જે ગુલાબી શીરો નીચે પડે છે તેમાંનો રંગીત દ્રવ્ય કાઢી નાખી તેને સફેદ બનાવવાની બીજી ક્રિયા શરૂ થાયછે. તે થકી હાડકાના કોલસાના ભૂક્કામાંથી તેને ફરી ગાળવું પડેછે. બધું

*હિંદુ ભાષામાં એને 'પાલદ' કહેછે, આ કંદની ખેતી બંગાલ તથા ઉત્તર પ્રાંતમાં મોટા પાયાપર કરવામાં આવેછે,—શિલ્પકલા વિજ્ઞાન.

વાસણમાં હાડકાંને ગરમ કરી તેનો જે કોલસો બનેછે તેનો ભુકો કરી તેનો જાડો થરો પાંથરી તેમાંથી શીરાને ગાળે છે. આ ઓહિયાં ૧૨ થી ૧૪ ફીટ ઉંડા હોઇ તેની નીચે છિદ્રો હોયછે. આ છિદ્રો ઉપર એક જાળીદાર કપડું પાથરી તેની ઉપર ૧૨ ફીટ જાડાઇના પ્રાણીજ કોળસાની ભુકી પાંથરે છે.

આ થર ઉપર નીચે પ્રમાણેજ બીજું કપડું પાંથરેલું હોય છે, અને તેની પર ચાળણી જેવું પતરૂં પાંથરે છે, આ પતરાં ઉપર ચારો તરફથી શીરો છોડે છે. આ રસ કો-લસામાંથી ગળાઇ નીચે પડયા પછી તે રંગીન બની સ્વચ્છ બને છે.

ગાળેલો શીરો ચીકણો રહેતો હોવાથી તેને ખુલ્લી હવામાં ૨૩૦° ફેરનહીટથી ઉકાળવું પડે છે. પણ આ ઉષ્ણમાંનપર હવાના કાર્યથી તેમાંની ખાંડ સ્ફટીક ભવન નહિ પામનારી સ્થિતિમાં જાય છે. આ હરકત દુર કરવા થકી સાધારણ ઉકળવાના ઉષ્ણમાનથી વધારે ઓછાં ઉષ્ણમાનપર આ રસને ઉકાળવાની નવી શોધ કરવામાં આવી છે. અને હાલમાં સઘલે વાતશૂન્યતાવાલા વાસ-ણમાં શીરાને ઉકાળે છે. આ યંત્રેમાં વાસણ ઉપરના વાયુનો દાબ કાઢી લેવામાં આવે છે, અને એ રીતે વાસણમાંના દ્રવ્યના પૃષ્ટ ભાગ ઉપરનો ભાગ ખાલી રાખે છે. આ વાસણ બદામી આકારના હોઇ નીચેથી એવડું હોય છે, અને ઉપર ગુંબજ અથવા તંબુ આકારનું હોય છે અને બહારથી જે હવાનું દબાણ તેનીપર પડે છે તેથી દબાઇ ન જાય તેવા તેને બનાવવામાં આવે છે. નીચેના એવડા ખાલી ભાગમાં વરાળ છોડે-છે અને એક નળી કઢાઇની અંદર પણ જડેલી હોય છે; આથી બહાર તથા અંદરથી વરાળ ઘેરાતાં શીરો ગરમ થાય છે. શીરો જલ્દી ઉકળવા માડતાં વરાળની ગર્મી બંધ કરે છે ને તેથી શીરો બળતો નથી.

પૃષ્ટ ભાગ ઉપરથી હવાનું દબાણ કાઢી લેવાથી રસનું ઉષ્ણમાન ૧૫° અથવા ૧૫૮° ફેરન કરતાં વધારે વધારવું પડતું નથી. શીરાને ચમચીમાં લઈ જોતાં તેની તાર નિકળી તે ચંપાઇ તુટવા માંડે કે ઉકાળવાની ક્રિયા બંધ કરે છે. આવી સ્થિતિમાં શીરો આવતાં તેને બીજા વાસણમાં રેડી ૧૭° ફેરનહીટ ગરમી આપે છે. આ બીજા વાસણમાં ગરમ થતું હોય ત્યારે તેને લાકડાની ચમચથી એકસરખું ઘુંટવું પડે છે અને આ ક્રિયા શીરો જાડો અને કણદાર બને ત્યાંવેર ચાલુ રહે છે. આ ઘુંટવાની ક્રિયા ઉપર ખાંડની સફેદ અને કણની બારીકાંઇનો આધાર રહે છે. આ કઢાઇમાં આગળ ઉકાળેલો રસ ૨, ૩ વખત ફરી મેળવી તેને ગરમી આપે છે અને ઓછી કરે છે, તેમજ ઘુંટવાની ક્રિયા ચાલુ રાખે છે. પછી તેને પડારોકા તળીયામાં છિદ્રવાલા વાસણમાં રેડે છે. આ વાસણનું તળીયું એ વખતે બંધ રાખે છે. પછી તેને ઘુંટે છે તેથી તેમાં બાકી રહેલા હવાનાં પરપોટા હોય તે નિકળી જાય છે. આ પરપોટા જે રહી જાય છે તો તેને મધપુડા જેવા છિદ્રો પડેલા જણાય છે. પછી તળીયાનું ઝાંખણ કરી જે શીરાનું સ્ફટિકભવન થાય નહિ તેને બીજા વાસણમાં કાઢી નાખે છે, આટલી ક્રિયા થયા છતાં ખાંડ સફેદ થતી નથી, જોકે ખાંડના સ્ફટિક શુદ્ધ સાકરના હોય છે તો પણ ખાંડના રવામાં રંગીત શીરાનો કેટલોક અંશ રહે છે. એને કાઢી નાખવા માટે દરેક રજ ઉપર સ્વચ્છ અને રંગહીન શીરો રેડે છે. તે શીરો પોતાની સાથે અશુદ્ધ પદાર્થ એકઠા કરતો તળીયે બેસે છે, પણ તે સ્વચ્છ કરવાને ગરમીવાલા ઓરડામાં સુકવે છે અને ચકરપર પકડી સફાઈદાર અને ગોળ બનાવે છે, જ્યાં મોટા ગાંગડાની ગરજ નહિ હોય ત્યાં તેનાં કણ પાડી મોકલે છે.

ખાંડનો ઉપયોગ ખાવામાં થાયછે એ વાત જગ જાહેર છે, પણ અમથી ખાંડ જીંદગી ટકાવી શકતી નથી, બીજાં લાયક અન્ન સાથે ભેળવાથી તેના અંગે ચર્બિ ઉત્પન્ન કરવાની શક્તિ આવે છે, પણ તેટલાજ વજનના

'સટાર્ચ' કરતાં એના અંગે આ શક્તિ ઘણી હોતી નથી. કોહવાટ મટાડવા, શરબત અને બીજા પદાર્થને બગડવા નહિ દેવા થકી ખાંડનો ઘણો ઉપયોગ કરે છે, મુરબ્બા, પાકાં ફળ વગેરેમાં ખાંડના શીરાનો ઉપયોગ કરેછે. તેમજ માંસ, ફળ, પાક વગેરેને સાકરના સીરામાં રાખવાથી તે લાંબો વખત વેર કોહવા વિના ટકી રહે છે,

વેપાર—આગળ હિંદમાંથી પેહેલે શુદ્ધ કરેલી ખાંડ પરદેશ જતી તે બંગાલને માર્ગે જતી, કારણ કે મુંબઇ અને મદ્રાસથી મોકલવામાં ધ્રસ્ત ઈંડિયા કુંપનીએ હરકત કરી હતી, આ દેશમાંથી અને પશ્ચિમ ભણીના ટાપુમાંથી એ ખાંડ વેલાત જતી, તે વેળા હિંદુસ્થાનની ખાંડ ઉપર મોટી જકાત પડતી હોવાથી એ વેપારને ધોકો પોહોંચ્યો. એ જકાત નહિ હોત તો આ દેશની ખાંડનો વેપાર વધત. જકાતને લીધે ખાંડ મોધી મળવા માંડવાથી ઈંગલંડ તથા સ્કૉટલંડમાં ખાંડ શુદ્ધ કરવાના કારખાના થયા અને તેથી હિંદુસ્થાનથી ત્યાં ગોળ જવા માંડ્યો અને શુદ્ધ કરેલી ખાંડ ઓછે ભાવે જવા માંડી.

ઈંગલંડમાં વપરાતી ખાંડના જથ્થાનો પંચોતેર ટકા જેટલો ભાગ બીટરૂટમાંથી અને બાકીનો શેરડીમાંથી બનાવવામાં આવેછે.

જર્મની, ફ્રાન્સ, આસ્ત્રીયા, બેલજ્યમ અને હૉલંડમાંથી ઈંગલંડમાં દર વર્ષે દોઢ કરોડ પૌંડની કિમતની ખાંડ મોકલવામાં આવેછે.

જર્મનીમાં બીટરૂટમાંથી દર વર્ષે ૧૦૦૦૦૦૦ ટનથી પણ વધારે ખાંડ બનાવવામાં આવેછે અને તે મુખ્ય કરી ઈંગલંડ, સ્કૉટલંડ, આયરલંડ અને વેલ્સનાં બજારોમાં ખપે છે.

દુનિયામાં બીતરૂટ તથા શેરડીમાંથી નીચે મુજબ ખાંડ જૂદા જૂદા વર્ષોમાં બનાવવામાં આવી હતી.

	બીતરૂટમાંથી ટન.	શેરડીમાંથી ટન.
૧૮૯૨—૯૩	૩૪૪૨૧૯૮	૨૬૪૯૨૧૦
૧૮૯૩—૯૪	૩૮૮૯૫૩૫	૩૧૮૧૯૦૨
૧૮૯૪—૯૫	૪૭૯૨૫૩૦	૨૮૬૮૬૬૮
૧૮૯૫—૯૬	૪૨૮૫૪૨૯	૨૭૭૦૨૪૩
૧૮૯૬—૯૭	૪૯૪૬૦૦૦	૨૬૨૪૦૦૦

હિંદુસ્તાનમાં પરદેશથી ઇ. સ. ૧૯૦૦–૦૧ માં ૫,૬૫,૫૧,૧૬૩ રૂપ્યાની ને ૧૯૦૨ માં ૫,૮૫,૨૮,૬૫૦ રૂપ્યાની ખાંડ આવી હતી. જે જોતાં ૧૯,૭૬,૪૮૭ રૂપ્યાનો વધારો જણાયછે.

ગ્રેટ બ્રિટનમાં દર માણસ દીઠ ૮૦ રતલ, યુનાઇટેડ સ્ટેટમાં ૭૩, ફ્રાન્સમાં ૨૫, જર્મનીમાં ૧૮ આસ્ત્રીયા હંગેરીમાં ૧૫, સ્વિડનમાં ૨૦, નાર્વેમાં ૧૨, અને સ્પેનમાં ૭ રતલની માણસ દીઠ રાસ આવે છે.

એવી ગણત્રી કરવામાં આવી છે કે દુનિયાંમાં દર સાલ બનાવવામાં આવતી ખાંડને જો એક જગે એકઠી કરીને તેનો પડારોકો જો ઢગલો કરીએ તો તે ૧૮૦૦ ફીટ ઉંચો, અને તેની તળેટીનો ઘેરાવો ૬૬૦ ફીટનો બને.

ખાંડવ વન—અર્જુને આ વન અગ્નિને ભક્ષ કરવા આપ્યું હતું. આ વન બળતું હતું તે વેળા તેમાંથી તક્ષકનો પુત્ર અશ્વસેન અચાનક બચી ગયો. મયાસુર શરણે આવી ઉગર્યો અને 'શાર્ડ' નામના પક્ષીના ૪ બચ્ચાંઓને અગ્નિએ બચાવ્યાં.

ખાતર—જમીનમાં જે વનસ્પતિનું પોષણ કરનાર તત્વો ઓછાં હોય તેને બીજી રીતે પુરા પાડનારા પદાર્થ અથવા જે પદાર્થનું જમીન સાથે મિશ્રણ થયાથી તેમાં કાંઇ રસાયનક્રિયા ઉત્પન્ન થઇ તેનો પાક સુધારે છે અને તેની વધ માટે કારણ થઈ પડે છે તે પદાર્થ. અથવા જે પદાર્થ જમીનમાં નાખ્યાથી જમીનનાં ગુણ વધે છે અથવા તેમાં આગળ નહિ તે ઉત્પન્ન થાયછે, તે પદાર્થને ખાતર કહે છે.

ખાતરની મુખ્ય બે જાત છે. સાધારણ અને વિશેષ.

ગંધાતા ખાતર તરીકે મનુષ્યની વિષ્ટાને એક ખાડામાં નાખી તેનીપર મટોડી પાંથરે છે. આ રીતે એક ખાડામાં મટોડી તથા વિષ્ટાનાં અનેક થર કરી સૌથી ઉપર મટોડીનો જાડો થર પાંથરી ૮ માસ સુધી તેને તેમજ રહેવા દીધાથી તેની દુરગંધી નિકળી જાય છે. આ ખાતર ફુલ ઝાડ તથા કાલી ફ્લાવર, કોબી વગેરે શાકભાજી તેમજ ઘઉં શેરડી વગેરે અનાજને પણ અતિ ઉપયોગી હોય છે. કેટલાકો નર્કનું ખાતર બનાવતાં તેમાં રાખનો ભેળ કરે છે, તે ખાતર જલ્દી તૈયાર થાયછે, ને તેથી વનસ્પતિનો ઉધરભાવ ઘણો જલ્દી વધે છે. ઢોરોના છાણનું ખાતર ઉપલા નર્કના ખાતર કરતાં ઉતરતા પ્રકારનું હોય છે, પણ આ જંગલમાં જ્યાં ત્યાં મળતું હોવાથી તેનો વધારે ઉપયોગ કરવામાં આવેછે. આ જાતનું ખાતર બનાવવા એક મોટો ખાડો છાપરા તળે ખણી તેમાં છાણ મુતર વગેરે એકઠું કરી તેની ઉપર મટોડીનો થર પાંથરી તેને ૧૦ થી ૧૨ માસ વેર તેમજ રહેવા દેવું એટલે ઉત્તમ જાતનું ખાતર બને છે. તેવા એક ઢગલામાં ૧૫ રતલ નાઇત્રોજન, ૧૫ રતલ પોટાશ અને ૯ રતલ ફૉસફેરિક ઍસિડ હોય છે.

મૂતરનું ખાતર—બીટ, કોબી વગેરે શાકભાજીના ઝાડને અતિ પોશણકારક હોય છે. એનું ખાતર આપવા પછી ઝાડને ઉપરા ઉપરી પાણી પાવું પડે છે. મુતરનું ખાતર મટોડીની ભેળ કરી બનાવવામાં આવે છે. મટોડી ભેળવ્યાથી મુત્રની દુરગંધી નાશ પામે છે. ચીનમાં ખેતીવાડીના ઉપયોગમાં મુતરનું ખાતર વપરાય છે, તે માટે ત્યાં રસ્તે મનુષ્યોને મુતરવા થકી ટબો ગોઠવેલા હોય છે, જે ખેડુતો ઉપાડી જાય છે, જેથી સરકારને સારી ચેદાશ થાય છે. મનુષ્યના ૧ શેર મુતરનું ખાતર ઢોરોના ૬ શેર છાણના ખાતર બરાબર જોર ધરાવે છે.

ઘોડાની લીદનું ખાતર બનાવવા થકી

લીદમાહેલી ઉષ્ણતા મટાડવા માટે તેને કોહવાડવી પડે છે. બે વર્ષ સુધી કોહવાડેલું લીદનું ખાતર ક્રોટન્સ અને એવાં બીજા ઝાડોને આપ્યાથી તેના પાંદડાનો રંગ ઘણો ખીલી નિકળે છે.

બકરાની લીદનું ખાતર ફુલઝાડોને અતિ ઉપયોગી હોવાથી તેને પથ્થરની ખળમાં પાણી સાથે નાખી નરમ બનાવી ઉપયોગમાં લેવામાં આવે છે.

કબુતરની વિષ્ટાનું ખાતર દ્રાક્ષ, નારંગી અને બીજાં ફળફળાદી માટે અતિ ઉપયોગી ગણાય છે. ઇરાનમાં કબુતરની વિષ્ટાનું ખાતર ખેતરોમાં યા બાગમાં વાપરે છે.

મરઘાની વિષ્ટા પણ ખાતર તરીકે ઉપયોગી હોય છે; પણ તેમાં કબુતરની વિષ્ટા મેળવ્યાથી તે 'ગુઆનો' નામના ખાતર જેવું બને છે.

ગુઆનો (Guano) નામનું ખાતર સમુદ્ર કિનારા ઉપર માછલીઓ ખાઇ નિર્વાહ કરનાર પક્ષિનું હોય છે. પીરૂ તથા બોલિવ્હીયા તરફનાં તેકડાઓ અને કિનારા ઉપર એ મળી આવે છે. તેમજ ઇન્ડીઅન મહાસાગરમાં મુરિઆનાં બેટ આગળથી મળી આવ્યો છે. ડૉ૰ લીન્ડલે કહે છે કે "પાસિફીક મહાસાગરમાંના સુકા ટાપુમાં આ પક્ષીનું નરક સ્વભાવિક ખાતર કરતાં અતિ શકિતવાન હોય છે, બાગબાનો ગુઆનોનું ખાતર પાણીમાં ભેળી ઝાડને સીંચે છે. કુંડા માહેલા ઝાડ માટે ૧ રતલ ગુઆનોમાંથી ૨૦ ગ્યાલન પાણી મેળવ્યાથી ઉત્તમ પ્રવાહિ ખાતર બને છે. ગુઆનો ખાતર તરીકે કેટલો પુષ્ટીકારક છે તે માટે નીચે મુજબ જણાવવામાં આવે છે.

૩૩½ ટન ઢોરનું છાન ૧ ટન ગુઆનો બરાબર.
૨૧૯ ટન ઘોડાની લીદ ૧ ટન ગુઆનો બરાબર.
૩½ ટન ગાયનું છાણ ૧ ટન ગુઆનો બરાબર.

૧૪½ ટન નર્કનું ખાતર ૧ ટન ગુઆનો બરાબર.

માછલીનાં ખાતરમાં નાઇત્રોજન તથા ફાસફેટ વધારે હોયછે. સમુદ્ર કિનારા પરના દેશોમાં આ ખાતર મળેછે. માછલીનાં ખાતરથી નારીએળ, સોપારી તથા બગીચા માહેલા ઝાડોને ફાયદો થાયછે, ૧ ટન સુકી માછલીમાં ૩૬૦ રતલ ફાસફેારસ ઍસિડ, ૮૮ રતલ નૈત્રોજન અને ૬ રતલ પોટાશ હોયછે.

હાડકાનાં ખાતરમાં મુખ્ય કરી ફાસફેટ ઑાવ કયાલશિઅમ હોયછે, તેથી તે વનસ્પતિ પોષણ અર્થે ઉપયોગી હોયછે. આવી જાતનું ખાતર જૂદી જૂદી રીતે બનાવવામાં આવેછે, કોઇ હાડકાનો ભૂકો કરી તેને મટોડીમાં ભેળી વાપરેછે, ત્યારે કેટલાકો એક મોટી ખળમાં એક ઈંચ તાજા ચુનાનો થર પાંથરી તેની ઉપર બે ઈંચ જાડો હાડકાનો થર પાંથરેછે; એ મુજબ અનેક થરો ગોઠવી બે માસ પછી તેને ઉપયોગમાં લેવામાં આવેછે, યૂરપમાં હાડકાનાં ભુકાને સલફયુરિક ઍસિડમાં મેળવી સુપ, ફાસ્ફેટ ઑાવ લાઇમ નામનો પદાર્થ બનાવેછે, આ પદાર્થ પાણીમાં જલ્દી પિગળી જઇ ઝાડપાનને ઉત્તમ પુષ્ટી આપેછે.

કસાઇખાનામાં એકઠું થતું લોહીનું ખાતર બનાવવા માટે તેમાં મટોડી મેળવવી પડેછે. આ જાતનું ખાતર ઘણા ઉત્તમ પ્રકારનું હોયછે.

પાંદડાનું ખાતર બગીચા માહેલા નાજુક ઝાડપાન માટે અને બિયાં વાવવા માટે ઉપયોગી હોય છે, આ જાતનું ખાતર બનાવવા મોટા ખાડામાં પાંદડાં ભરી તેની ઉપર મટોડી પાંથરી એક વર્ષ વેર પાણી વડે તેને કોહવાડી ઉપયોગમાં લેવામાં આવેછે.

છાણ તથા લાકડાની રાખનું ખાતર પણ અતિ ઉપયોગી ગણાયછે, આવી જાતનું ખાતર કેરીનાં ઝાડને અતિ પોષણકારક હોયછે.

ખોળનો ભુકો ખાતર તરીકે અતિ પુષ્ટીકારક ગણાયછે, ગુલાબ તથા કોબીના ઝાડને માટે એ ઉત્તમ ખાતર ગણાયછે.

ગોળનું ખાતર ફળફળાદીના ઝાડ માટે શ્રેષ્ટ ગણાયછે.

સુરોખાર (નાઇટ્રેટ ઑાવ પોટેશ) ખાતર તરીકે અતિ ઉપયોગી ગણાયછે, એનું ખાતર જમીનમાં મિશ્ર નહિ કરતાં જમીન ઉપર પાથરવું પડેછે. એનાથી વનસ્પતિને નાઇત્રોજન તથા પોટાયાશ મળેછે. ઘઉં, તંબાકુ વગેરે જાતનાં પાકને આ ખાતર ફાયદાકારક હોયછે.

મીઠું જેને કયોરાઇડ ઑાવ સોડિઅમ કહેછે તેનું ખાતર કોબી બીટ વગેરેના ઝાડને ઉપયોગી હોયછે.

ચુનાનું ખાતર વનસ્પતિને ઘણું ફાયદાકારક હોયછે. સઘળા ઝાડમાં ચુનાનો અંશ હોયછે. કેટલાક ઝાડમાં થોડો તો કોઇમાં ઘણો અંશ રહેતો હોવાથી જેમાં ચુનાનો થોડો અંશ હોય તેને ચુનાનું ખાતર આપવું પડેછે.

વનસ્પતિ તથા ઝાડને સુક્કાં ખાતર કરતાં પ્રવાહી ખાતર ઘણો ફાયદો પોંહચાડે છે, કેમકે વનસ્પતિ પોતાનો ખોરાક પ્રવાહિરૂપે લે છે, તેથી સુકા ખાતરને ૨૦ થી ૩૦ ઘણા પાણીમાં મેળવી તે ઝાડને પાવું.

સાબુનું પાણી ખાતર તરીકે ઉપયોગી ગણાય છે. કોબી, કાલીફ્લાવર વગેરે શાક ભાજીના ઝાડને એનું પાણી ઘણું ઉપયોગી હોવા ઉપરાંત તેથી કીડ પણ થતી નથી.

કેાલસાનો ભૂકો એ ક્રેાટન્સ, કયાલેડિયમ્સ, કેાલિઅસ વગેરે પાંદડાનાં ખાતરમાં મિશ્ર કરી આપ્યાથી પાંદડાનો રંગ વધારે ખુલે છે.

લાકડાંનો વેહેર યા કોહેલાં લાકડાનો ભૂકો પણ ખાતર તરીકે ઉપયોગી હોયછે.

નીચે દર્શાવેલા મિશ્ર ખાતર જેને ઇંગ્રેજીમાં 'કંમ્પાસ્ટ' કહે છે તે વનસ્પતિને અતિ ઉપયોગી હોયછે.

એક ઉંચી જગાપરના મેદાનમાં ઝીણી મટોડીનો બે ઇંચ જાડો થર પાંથરી તેની પોહળાઈ ૫ ફીટની રાખવી અને લંબાઇ ગમે તેટલી રાખી તેનીપર ભઠ્ઠીના તાજા ચુનાનો ½ ઇંચ થર પાંથરી મીઠાનું પાણી

છાંટી તેનીપર ફરી મટોડીનો થર પાંથરવો અને ઉપર જણાવ્યા મુજબ થરો એકમેક ઉપર પાંથરતા જઇ ૮ થી ૧૦ દિવસવેર તે ઢગલો રહેવા દેવો, પછી તેને પટેટા, કોબી વગેરે માટેના ખાતર તરીકે ઉપયોગમાં લેવાયછે.

એક પીપમાં ૪ મણ બોળનો ભૂકો, ૧ મણ ચાળેલી રાખ, ½ મણ કળી ચુનો અને ૮ મણ ગાયનું છાણ, એકત્ર કરી તેને ૧½ માસ વેર ઢાંકી રાખી પછી ફળઝાડનાં મૂળને આપવું.

કેટલીક વેળા ખાતરમાં જીવજંતૂના ઈંડા રહી જવાથી તેવા જંતૂઓ ઉત્પન્ન થઇ ઝાડને નૂકસાન પોંહચાડે છે માટે આવા ખાતરોમાં ગરમ પાણી નાખવું કે જેથી તે જંતૂઓ મરી જાય.

ખાતુનખાનું—બોખારાના બંદુન પાદશાહની બાનું, ઇરાનના છેલ્લા પાદશાહ યજદેજર્દ શેહેરિઆરના મરણ બાદ બોખારામાં બંદુન પોતાનું રાજ્ય જાળવી શકયો હતો. બંદુન ઇ. સ. ૬૬૫ માં મરણ પામતાં તેનો બેટો તુગશાદે ગાદીનશીન થયો, પણ તે બાળક હોવાથી તેની વતી તેની માતા ખાતુનખાનુ રાજ્યવહિવટ ચલાવતી હતી. ખાતુન એક ચુસ્ત જરથોસ્તી બાનુ હતી, તે એટલાવેર કે જરથોસ્તી મજહબ ઉપર તે વેળા પડતી આફતોમાં બનતી મદદ કરી ઇરાનથી નહાશી આવતા ઇરાનીઓને પોતાને આશરે રાખતી અને જરથોસ્તીઓનો મજહબ આરબોનાં દોર વચ્ચે જાળવવાની દરેક સંભાળ લેતી. આ રાણી બામદાદમાં કિલ્લામાંથી નિકળતીવારે ઇરાનના ૫૦ નામીચા ખાનદાનના ૨૦૦ શાહજાદાઓ તેણીની ખીદમતમાં જે દરરોજ હાજર રહેતા તેમની સાથે દરબારમાં જઇ ઈનસાફ કરતી, આ વેળા (ઇ. સ. ૬૬૬) નાં આરબો મધ્ય એશિઆમાં દાખલ થઇ બોખારાની નજદીકનાં 'વએકત' શેહેરનો તેઓએ કબજો લીધો, પણ તે પછી ઇ. સ. ૬૭૫ માં અબદલ્લા બીન જીઆદે એક મોટા લશકર સાથે જીહુન નદી ઉપર 'વએકત'માંથી ૪૦૦૦ કેદીઓને પકડી બોખારા પર ચઢી આવ્યો. આ ખબર ખાતુનખાનુને પડતાં તે પુરતી તૈઆરી સાથે સામી થઇ અને આરબોને મોટી હાર સાથે પાછા વાળ્યા. પણ આ વેળા ખાતુને ડહાપણ વાપરી જરથોસ્તી મજહબની જાળવણી કરવા આરબોને ૮૧૬૭૫ રૂપ્યા (૧૦૦૦૦૦ દીરહમ) ની જજીયાવેરો આપવા કબુલ્યો, છતાં અબદલ્લાના ખુનનું વેર લેવા સૈઅદખીન ઉસમાન ઈ. સ. ૬૭૭ માં બોખારાપર ચઢાઇ લઇ આવ્યો, પણ ખાતુનના લશકરી બળ સામે નહિ ફાવી શકવાથી તેણે કેટલાક ઇરાની સરદારોને પોતાના પક્ષમાં લઇ બોખારા હાથ કીધું, પણ ફીતુરીઓને તેમની યોગ્ય સજા કરવા જતાં આ દગાખોરોએ પોતાની ભૂલ જોઇ. તેઓએ ઉસમાન પર એકાએક હુમલો કરી તેનો જાન લીધો. આથી આરબો ફરી નહાશી ગયા ને ખાતુનખાનુ સ્વતંત્ર બની. તે પછી ખાતુનખાનુએ પોતાના રાજ્યની સલામતી થકી, 'સમરકંદના' શાહાજાદા 'તારખાન' તથા તુરકીઓના ખાનની મદદ મેળવી આરબોને શિકસ્ત આપી; પણ ઇ. સ. ૬૮૦ માં કુતબબ બીન મુસ્લીમે ફરી ચઢાઇ કરી, તેમાં આ રાણી હાર પામી આરબોને હાથે કેદ થઇ. આ બાનુના શાહાજાદા તુગશાદે ઘભરાઇ ઈસલામી મજહબ કબુલ કરવાથી તેને ખાતુનનું તખ્ત સોંપવામાં આવ્યું પણ ખાતુને મજહબ નહિ તજવાથી તેણીને નજરકેદમાં રાખવામાં આવી કે, જ્યાં તેણી ઈ૰ સ૰ ૬૮૨ માં જરથોસ્તીબાનુ તરીકેજ મરણ પામી હતી.

ખાતુન તૂરખાન—તુર્ક બાનુઓને આગલા વખતમાં આ એલકાબ આપવામાં આવતો હતો. સુલતાન મલેકશાહ સલજુકીની બાનુને પણ એજ એલકાબ મળેલો હતો. એનો બેટો મહમદ ૪ વર્ષની વયે ૪૦ સ૰ ૧૦૯૨ માં ગાદીએ બેઠો, ત્યારે ખાતુન તૂરખાને સર્વ કારોબાર ઉપર દેખરેખ રાખી હતી, પણ તે બાળક રાજા જલ્દી મરણ પામતાં

એણીનો વડો ભાઇ બર્કયારક ગાદીએ બેઠો હતો.

(૨) બીજી એજ નામે પ્રસિદ્ધ થએલી બાનુ સુલતાન સનજરની બાનુ પણ જાણીતી થએલી છે. તેણીનું મરણ ૪૦ સ૰ ૧૧૫૬ માં નિપજ્યું હતું.

ખાદએન—સ્પેંતમાન જરથોસ્તના અનુયાયીઓમાંનો એક. એ જરથોસ્તના ચેલા ક્રશઓસ્તનો બેટો હતો.

ખાન—આ શબ્દ તુર્કસ્તાનમાં અપાતા એલકાબ "કાન"નો અપભ્રંશ છે, કે જેનો અર્થ "સમર્થ અમીર" થાય છે.

તુર્કસ્તાનના તારતરી પાદશાહ અને ખતીયાનના રાજ્ય કર્તા એજ એલકાબથી ઓળખાય છે. ચંગીજ કે જેણે મોટી શેહેનશાહત હાથ કરી હતી તે પણ ખાનના એલકાબથી ચંગીજ ખાન તરીકે પ્રસિદ્ધતા પામ્યો છે.

ખાનજમાન બહાદુર—એને પ્રથમ ખાનેજાદ ખાનનો એલકાબ મળેલો હતો. એ મોહબતખાનનો વડો બેટો હતો. જહાંગીરના સમયમાં એ એક દરબારી હતો અને ૧૬૨૫ માં બંગાલના હાકેમ તરીકે નેમાયો હતો. શાહજહાને એને ૫૦૦૦ સ્વારોની સરદારી આપી હતી, અને તે સાથે ખાનજમાન બહાદુરનો એલકાબ આપ્યો હતો. એ એક જાણીતો શાએર હોવાથી એણે દુનિયાનાં મોહમેદન રાજ્યકર્તાઓની તવારીખ 'મજમુએ' નામે લખી હતી. એનું મરણ દૌલતાબાદ ખાતે ૧૬૩૭ માં નિપજ્યું. એનું કવિતામાં તખલ્લુસ 'અમાની' આવે છે.

ખાનજહાન કોકલતાશ—એનું જન્મ નામ મીર મલેક હુસેન. એ આલમગીરનો દુધભાઈ હતો. ૧૬૭૦ માં એને દખણના ગવરનરની જગાપર નેમવામાં આવ્યો હતો, અને ૧૬૭૪ માં ૭૦૦૦ સ્વારોના સપેહસાલારની પદ્વિએ ચઢાવવામાં આવ્યો અને ખાનજહાન બાહાદુર કોકલતાશ જફરજંગનો એલકાબ પામ્યો હતો. એનો આગલો એલકાબ બહાદુરખાન હતો. એનું મરણ ૧૬૯૭ માં ૨૪ મી નવેંબરે નિપજ્યું. 'તારીખે આસામ' નામે એક ગ્રંથ એણે રચ્યો હતો.

ખાનદેશ—હિંદુસ્થાનના બોહોળા મુલકમાં નર્મદાની દક્ષિણ ભણીના જે ભાગને દક્ષિણ હિંદુસ્તાન કહે છે, તે માહેલા માહારાષ્ટ દેશની ઉત્તર ભણી અને સાતપુડા પર્વતની દક્ષિણે ખાનદેશ આવેલો છે.

'ખાન' એટલે મુસલમાનોનો દેશ, તેથી એને ખાનદેશ કહે છે. આગળ આ દેશ મુસલમાનોને તાબે હતો. આગળ દિલ્લીના પાદશાહ તરફથી એક ખાન અત્રે સુબા તરીકે હતો. ૧૬૭૦ થી શિવાજીએ અત્રેના સુબા પાસેથી ચોથાઈ ઉઘરાવવા માંડી હતી. દિલ્લીની પાદશાહી પછી ખાનદેશપર સિંધ્યા, હોલકર, વિચૂરકર વગેરેનાં સરદારો હાકેમી કરી ગયા હતા. આગળ ખાનદેશનું રાજધાની શેહેર બરહાનપૂર હતું.

એની ઉત્તરે સાતપુડા પર્વત, પૂર્વે વર્હાડ પ્રાંત, દક્ષિણે નાસક જીલ્લો, પશ્ચિમે ડાંગ ગામ, ઇશાન્યે સેંત્રલ પ્રોવ્હિન્સમાંનો નેમાડ જીલ્લો, અગ્નિએ નિજામના રાજ્યમાંનું ઔરંગાબાદ, નૈઋત્યે બાગલાણ તાલુકો, વાયવ્યે રાજપીપળા સંસ્થાન ને તાપી નદી છે.

એનું ક્ષેત્રફળ ૧૦૯૬૦ ચોરસ મૈલ હોઇ તેમાં લોક વસ્તી ૧૮૬૦માં ૯,૧૦,૦૮૯ ની હતી, ૧૮૭૨માં ૧૦,૨૮,૬૪૨ ની ને ૧૮૯૧ માં ૧૪,૬૦,૮૫૧ ની હતી. ખાનદેશ જીલ્લા ને તાબે ૩૪૪૫ ગામો છે. મુખ્ય તાલુકા ૧૬ છે.—ધુળીયા, અમળનેર, ચેરંડેલ, પાચોરા, ચાલીસગામ, પિંપળનેર, નંદુબાર, તળોદે, શહાદે, વિરદેલ, શિરપૂર, ચોપડા, સાવંદ, ભૂસાવલ, નશિરાબાદ અને જામનેર.

આ જીલ્લાની ઉત્તર તરફની સિમાપર સાતપુડા પર્વત, પૂર્વ પશ્ચિમે લંબાયલો છે. આજ પર્વત ઉપર અશિરગઢ નામે પાહાડી કિલ્લો છે અને આ જીલ્લાની ઇશાન્યે માયાજીની જાત્રા ૩ માસવેર ચાલુ ભરાય છે. પશ્ચિમ

ભણી પીંપળનેર તાલુકાની હદ ઉપર સૈહ્યાદ્રી પર્વતોનો, કેટલોક ભાગ છે.

આ જીલ્લામાં આવેલા પાહાડી કિલ્લામાં 'તણીંગનો, સોનગરીનો ને ભાગોરનો મુખ્ય છે. તેમજ પારોલા તથા થાળનેરમાં આવેલા બોંયકિલ્લા જાણીતા છે.

નદીઓમાં તાપી. એની ઉત્પતિ સેંત્રલ પ્રોવ્હિન્સમાંના મુલતાઇ જીલ્લામાંના તેજ નામના ગામની પાસેના સાતપુડાના પર્વતમાં બૈતુલની પશ્ચિમે વહે છે. ત્યાંથી તે પૂર્વે વરહાડ માહેલા એલીચપુર જીલ્લાની ઉત્તરે મેલઘાટ તાલુકામાંથી વહેતી આવી માડ જીલ્લામાં વહે છે, અને પછી નેપાડ જીલ્લામાંથી આ જીલ્લામાં દાખલ થઇ ભૂસાવલ, નશિરાબાદ, ચેરંડોલમાંથી વહેતી ગુજરાતમાં દાખલ થાય છે. પૂર્ણા નદીનો ઉગમ એલીચપૂર શેહેરની ઇશાન્યે સાતપુડા પર્વતમાંથી થાય છે. ત્રીજી ગીરણાનદી નાશક જીલ્લામાંથી વહેતી ખાનદેશમાં દાખલ થાય છે. પાર્વતી (પાંઝર) નદી પિંપળનેર તાલુકામાંથી વહે છે. તે શિવાય બોરી, વાઘુર વગેરે છે.

મુખ્ય ઉત્પતિ કપાસ, ધઉં, તળ, જવ વગેરેની થાય છે. ધુળિયાના ભાગમાં બાજરીનો મોટો પાક થાય છે. ચોખાનો પાક પીંપળનેરમાં વિશેષ થાય છે. ધઉં, જવ અને તળ પરદેશ મોકલવાનો બોહોલો વેપાર ચાલે છે. ડાંગ તથા સાતપુડા પર્વતમાં સીસમના વૃક્ષો પુશ્કળ ઉગે છે. તે શિવાય ડાંગમાં સાગના વૃક્ષો ઉગે છે તેનો રંગ કાલો હોય છે. તલોદે તરફ સફેદ સાગનાં જંગલો આવેલાં છે. તલોદે, તથા શહાદે તાલુકાના પાહાડી ભાગમાં ચારોળી ઉત્પન્ન થાય છે. ચોપડા તાલુકામાં અડાવદ ગામમાં ચુનો બને છે. ખાનદેશ દેશમાં મહુડાની મોટી પેદાશ થાય છે અને ત્યાં તેનો દારૂ ગળાય છે.

આ દેશમાં ફળફળાદીની જાણવાજોગ ઉત્પતિ થતિ નથી. ફલોમાં બોર, પેર, લીંબુ, કેળાં, સીતાફળ, દ્રાક્ષ વગેરે છે. ખનિજ પદાર્થ બિલકુલ નથી.

જીલ્લાની આબો હવા માફક રસનીછે, તોય દક્ષિણ તરફની જીલ્લાઓ કરતાં વધારે ઉષ્ણ હવા છે. પૂર્વ તથા ઉત્તર તરફના તાલુકામાં ભારે ગરમી પડે છે, પણ પશ્ચિમ ભણી સાધારણ પડે છે. તા૰ ૫ મી ફેબ્રુવારીથી ૫ મી જુન સુધી સખત તાપ પડે છે, પણ તે પછી ૫ મી ઓક્ટોબર સુધી વર્સાદ વર્સે છે. ૬ ઠી ફેબ્રુવારી વેર સખત થંડી પડે છે. આ તરફ વરસાદ ૧૬ થી ૧૮ ઇંચ પડે છે. થંડી વધારેમાં વધારે ૫૫ અંશ પડે છે પણ ગર્મી ૧૧૦ અંશ વેર પડે છે.

જીલ્લામાં વસ્તી પ્રજાનો મુખ્ય ભાગ હિંદુઓનો છે ને ભાષા મરાઠી બોલાય છે.

ખાનપૂર—(૧) સતારામાં સતારાની દક્ષિણ પૂર્વે ૫૭ મૈલ ઉપરનું ગામ.

(૨) કોલ્હાપૂરના દેશી રાજ્યમાં કોલ્હાપૂરની દક્ષિણે ૨૯ મૈલપર અને બેલગામની ઉત્તર પશ્ચિમથી ઉત્તરે ૪૦ મૈલપર છે.

(૩) બેલગામમાં બેલગામની દક્ષિણે ૧૫ મૈલ ઉપરનું ગામ.

(૪) ગાઝીપૂરમાં ગાઝીપૂરથી જોનપૂરના માર્ગમાં ગાઝીપૂરની પશ્ચિમે ૩૨ મૈલપર અને જોનપૂરની દક્ષિણ પૂર્વે ૨૮ મૈલપર છે.

(૫) ભાવલપૂરનું આ મોટું વેપારી શેહેર પંજાબની બહ્વિતઆરવાહ નેહેર ઉપર છે. અત્રે એક મટોડીના કિલ્લાનું ખંડિયર છે કે જે કિલ્લો ૨૦૦૦ યાર્ડ લાંબો ને ૧૨૦ યાર્ડ પોહળો છે. એની આસપાસનો ભાગ ફળદ્રુપ હોઇ તેમાં લોક વસ્તી ૧૦૦૦૯ ની છે.

(૬) આ કિલ્લો પંજાબમાં અટુકની પૂર્વે ૪૧ મૈલપર હિમાલય પર્વતની એક શાખાના ઢોળાવપર છે.

ખાફીખાન—મહમદ કાસીમ ખાફીખાનના એલકાબથી પ્રસિદ્ધતા પામ્યો છે. આ વિદ્વાન લેખકે (હિ. સ. ૯૨૫) બાબરના રાજ્યથી તે મહમદશાહ આલમગીર, બહાદુરશાહ, જહાંદરશાહ, ફરૂખશિઅર અને રફીઉદ્દીન

સુધીની તવારીખ રચી હતી. આ લેખક એક મોટા ખાનદાની હોઇ આલમગીરના રાજ્યમાં દિલ્લીખાતે હતો અને એણે ત્યાંજ હિંદના મોહમેદન રાજ્યની તવારીખ રચી હતી.

ખારતૂમ—આ પૂર્વ સુદાનનું અતિ જાણીતું અગત્યનું મથક બલુ અને સફેદ નદીના સંગમ ઉપર છે. સીકિમની દક્ષિણ પશ્ચિમે ૪૪૫ મૈલપર અને કેરોની દક્ષિણે ૧૬૨૫ મૈલપર છે. ખારતુમ મુખ્ય કરી મધ્ય સુદાન તરફ જતા વંજારાઓનું મથક ગણાય છે. આ ગામ ગુલામી વેપાર માટે પ્રસિદ્ધ છે. ૧૮૨૩ માં મહમદઅલીના રાજ્ય અમલ વેળા આ શેહેર સ્થાપન કરી ત્યાં વેપાર શરૂ થતાં ઈજીપશિઅન સુદાનનું મુખ્ય શેહેર બનાવ્યું હતું. મહાદીએ અત્રે જે વેળા બળવો ઉઠાવ્યો હતો ત્યારે ત્યાંની વસ્તી ૬૦૦૦ ની હતી. ૧૮૮૪-૮૫ માં અત્રે મોટી લઢાઇ થઇ હતી.

ખારકુફ—રશિયન રાજ્ય માહેલું આ એક મુખ્ય શેહેર તાગાનરોગની ઉત્તર પશ્ચિમે ૩૧૨ મૈલપર અને માસ્કોની દક્ષિણ પશ્ચિમે ૪૬૫ મૈલપર છે. આ શેહેરમાં ગ્રીક બીશપનું મુખ્ય મથક અને યુનિવરસિટી (૧૮૦૫ થી) છે, તેમાં ૯૦૦ વિદ્યાર્થિઓ લાભ લેછે, તેમજ એક બગોળ અઉલોકન શાળા, પુસ્તકાલય (૫૬૦૦૦ પુસ્તકોનું) અને બગીચો છે. મુખ્ય વેપાર સાકર, સાબુ, મીનબત્તી બરતુસ, ચાંડી, તંબાકુ અને લોદાનો ચાલેછે. ૧૮૭૩ માં લોક વસ્તી ૮૭૦૦૦ ની ને ૧૮૯૧ માં ૧૯૪૩૮૪ ની હતી.

ખારાસમ—(જુઓ ખીવા)

ખારી હવા—તંદરોસ્તી માટે ખારી હવા અતિશય ગુણકારી હોવાનું કારણ એ છે કે દર્યામાં 'ઓઝોન' નામની હવા જમીન કરતાં વધારે જથામાં મળી આવેછે. પ્રાણીમાત્રને ગુણકારી એવી 'ઑકસિજન' ને નામે ઓળખાતી હવાના જેવીજ તે છે, અને દરીયે કિનારેની તાજગી બક્ષનારી હવામાં તે મોટે ભાગે હોયછે. તે શિવાય ખારી હવામાં થોડાક ખારો ભેળાયલા હોયછે અને તે ખારો દરિયાના પાણીમાં ભેળાયલા હોવાથી તંદરોસ્તીની બાબતમાં તે વધારે ફાયદા કરેછે. ખારા પાણીથી નહાવાથી ચામડીને મજબુતી મળે છે અને શરીરમાં જૂદા જૂદા ભાગોમાં લોહી સારી રીતે ફરી હરી શકેછે.

ખાલદી ભાષા—યુફ્રેતીસ અને તાઇગ્રીસ નદીના દુઆબ વચ્ચેના પ્રાંતને ઘણા પ્રાચીન કાળે ખાલ્દીયા એ નામ હતું. ત્યાંનાં લોકો જ્યોતિષ વિદ્યામાં પૂર્વીણ જણાય છે.

ખાવંદશાહ-મીર—આ પ્રસિદ્ધ ઇરાની તવારીખનવેશ **'મીરખોન્દ'** ને નામે ભારે પ્રસિદ્ધતા પામ્યો છે. એનું આખું નામ મહમદ બીન ખાવંદશાહ ઇબ્ન મહમદ હતું. એ 'રોઝાતસ સફા'ના કર્તા તરીકે સુધરેલી દુનિયાંમાં જાણીતો થયો છે. એનો જન્મ ઇ. સ. ૧૪૩૪ હિ. સ. ૮૩૫ યા ૮૩૭ની શરૂઆતમાં થયો હતો. એનો પિતા સૈઅદ બુરહાનુદ્દીન ખાવંદશાહ 'મહાવરૂન નહર'નો વતની હતો. એ પ્રથમ હીરાતના સુલતાન હસન મિર્જાના વજીર અમીર અલશીર સાથે ઓળખ પડતાં તેનાં આશ્રયથી ઉપલો ગ્રંથ રચી તેનેજ અર્પણ કર્યો હતો. એનું મરણ બલખ ખાતે ઇ. સ. ૧૪૯૮ માં ૨૩ મી જુને (હિ. સ. ૯૦૩) ૬૬ વર્ષની વયે નિપજ્યું હતું. ઉપલો યાદગાર ગ્રંથ ખાવંદશાહે ૭ દફ્તરમાં રચ્યો છે પણ એ મરણ પામ્યો ત્યારે તે ગ્રંથ ૬ દફ્તરમાં લખાઇ તૈયાર થયો હતો. તેને એના બેટા ખોન્દમીરે ૧૫૨૩ માં લખી ૭ દફ્તરમાં પુરો કર્યો હતો.

ખાસગંજ—વાયવ્ય પ્રાંતમાં ફરૂકાબાદ જીલ્લા માં નાનામાઉ ઘાટથી લખનઉ ને ફત્તેહગરના માર્ગમાં છે. આ દેશનો સર્વ ભાગ ખેતીવાડીથી ભરપૂર છે.

(૨) વાયવ્ય પ્રાંતમાં માઇનપૂર જીલ્લાનું આ ગામ અલીગરથી બરેલીના માર્ગમાં અલઇગરની દક્ષિણ પૂર્વે ૩૮ મૈલપર છે. આ ગામ પૂર્વે કાલી નદીપર છે, અને આ નદીપર પાંચ આરકાનો એક મોટો પુલ છે, તેમજ આ નદીદ્વારે ગંગા તથા સમુદ્ર સાથે વેહ-

વાર રાખી શકાય છે. અત્રે આગળ લશકરી છાવણી હતી પણ ૧૮૦૪ માં હોલકરે દુઆબમાં કરેલી ચઢાઇ વેળા તેને બાળી નાખી હતી. હાલમાં આ ગામમાં ૧૦૭૫૨ ની લોક વસ્તી છે.

ખાસ્ત્ર—અવરતાઇ ભૂગોળમાં પ્રાચીન કાળમાં વખણાયલી આ નદી ઉપિધાઓ પર્વતમાંથી વહેછે; આ નદીનું હાલમાં નામ 'ખાશ' છે. 'ખાશ' નામનો એક કસબો એજ નામની નદી પર આવેલો છે, જેને યુનાની લખનારાઓ 'કોસાટા'ને નામે ઓળખાવી ગયા છે, એના અસલ નામનો અર્થ 'સારા સ્વાદવાળી' નદી એ થાયછે.

ખિરાં—એના વેલા થાયછે, તે મુખ્ય કરી ધાર પ્રાંતના ડુંગરી પ્રદેશમાં પાકેછે. એના વેલાપર ખિરાં આશ્વિન કાર્તિકમાં આવવા માંડેછે, અને તે ફળ એક ફીટ લાંબુ ને લાલ પીળું થાયછે.

ખિવા—એને ખ્વારીઝમ, ખેરાસમ અથવા ઉરખંજ (પ્રાચીન ખોરાસમિયા) કહેતા હતા, એનું ક્ષેત્રફળ ૨૫૦૦૦ ચૌરસ મૈલ હોઇ તેની ભુમિનો મુખ્ય ભાગ રેતાળ રણથી છવાયલો છે, છતાં કેટલાક અતિ ફળદ્રુપતાવાલા ભાગો પણ મોટા વિસ્તારમાં આવેલાછે. એની ઉત્તરે રશિયન સરહદ અને એરલ સમુદ્ર, પૂર્વે બોખારા, દક્ષિણે ઇરાન તથા કાસ્પિયન સમુદ્ર છે, મુખ્ય ખિવા રેતીના ઉજડ મેદાન વચ્ચે આવેલું છે. લોક વસ્તીવાલો ભાગ માત્ર ૫૦૦૦ ચોરસ મૈલનો હોઇ તેમાં ૨૦૦,૦૦૦ ની વસ્તી છે, તે શિવાય ભટકતા ભરવાડોની જૂદી વસ્તી છે.

ખિવાપર બાખત્રીયા, પાર્થિયા, ઇરાની અને ખલીફાઓની એક પછી એક સત્તા સ્થાપન થઇ હતી. ૧૦૬૨ માં આ ભાગપર સ્વતંત્ર રાજ્ય હતું પણ ઇ. સ. ૧૨૨૧ માં મોગલ વંશના જંગીજખાને એની ઉપર સત્તા સ્થાપી હતી અને ૧૩૭૦ માં તૈમુરલંગે જીતી લીધું હતું. તૈમુરના વંશજો પાસથી ઉઝબેગવાળાએ ૧૫૧૧ માં જીતી લીધું. ૧૭૧૭ માં પીટર ધી ગ્રેટ ખિવા જીતવાની કોશેસ કરી, પણ ૧૮૩૯ માં ઝાર નિકોલસે નવી ચઢાઇ કરી પણ ૧૮૭૩ વેર તેમની સત્તા સ્થાપન થઇ નહોતી; પણ ૧૦ મી જુને રશિયન લશકરે ખિવાનો કબજો લઇ ખાનને બોખારા તરફ નહાશી જવાની ફરજ પાડી. હાલમાં ખિવા પર ઝારના વડપણ તળે ખાનની સત્તા ચાલુ છે.

ખનાતીનું મુખ્ય ખિવા પેહેલવાનની નેહેર પર ઓકસસના પશ્ચિમ ભાગ પર ૨૦૦૦૦ ની વસ્તી વાલું આબાદ શેહેર છે.

ખિસકોલી—આ ઝાડપર ચઢનારૂં ચંચળ પ્રાણી શોભઇતા નરમ રૂવાટાવાલું હોયછે. તેના મોહમાં માત્ર દાઢના દાંતો હોયછે, તે પાંચ ઉપર ને પાંચ નીચે હોય છે, આગલા પાછલા પગને પાંચપાંચ આંગળાં હોયછે, આ પ્રાણી ઝાડના દરેક ભાગ પર સેહેલાઇથી દોડી શકેછે, એ અનેક રંગના હોઇ જૂદા જૂદા દેશમાં જૂદે જૂદે નામે ઓળખાયછે. મલબાર તરફની ખિસકોલીનો રંગ તપકિર્યો હોયછે અને કપાળ તથા નાકના વચલા ભાગ સુધી એક કાળો પટો લંબાયલો હોયછે, તેમજ તેના રૂવાંટા તપકિરિયા, કાલા ભૂરા ચિત્ર વિચિત્ર રંગના હોયછે, આ પ્રાણી ૩૩ ઈંચ લાંબુ હોયછે અને તે નારીયળીના ઝાડ પર વસી નારીયળીનું પાણી પી તેપર નિર્વાહ કરેછે.

સુમાત્રાની ખિસકોલી રાતા રંગની હોઇ તેના નિચલા ભાગો સુનેરી રંગના હોયછે, બોર્નિયોની ગુબ્બાવાલી ખસેરી ચળકતા કાળા તપકિર્યા રંગની હોયછે, તેની પુછડી ઝાડુના જેવી ફેલાયલી હોયછે, આ ખસેરી બે ફીટ લાંબી હોયછે.

જાવા, કોચીન ચાઇના, હિંદુસ્તાનમાં રંગ બદલનારી ખિસકોલી બેફીટ લાંબી હોયછે, સાધારણ રીતે તેનો પીઠનો રંગ તપકિરિયા ઘેરો કાળો હોયછે અને પીઠની બાજુ પીળી હોયછે

યૂરપના ઇશાન્ય કોણમાં બોયમાં કોતર

કરીને રહેનારી ખિસકોલીની એક જાત છે. આ પ્રાણી પાળી શકાતું નથી. તેનું શરીર રૂવાંથી ભરાયલું પતળું હોય છે.

'ઉત્તર અમેરિકામાં કાબરચિત્રા તપકિર્યા રંગવાલી ખલેરી હોય છે. આ પ્રાણી પોતાના રંગ માટે પ્રસિદ્ધ છે.

ખિસકોલી ઘટ આકારની અને કમાનદાર પીઠવાલી હોય છે. તેની હિલચાલ જોવાજોગ હોય છે. કેટલીક ખિસકોલીના મુખના ગાલમાં એક જાતની કોથળી હોય છે. કાબરચિત્રા પિળા અને ભુરા લીટા અને પટા હોવાથી તેનો દેખાવ જોવા ગમે છે. આ પ્રાણી અતિશય ચંચળ હોવાથી તેને ગોળીથી નેમ તાકી મારી શકાતું નથી. ખિસકોલીની માદા એકી વેળા ૩ થી ૪ બચ્ચાં જણે છે. તેનો ખોરાક જંગલી ફલો, ફળનાં ગોટલાં, ફુલની કળી અને કુમળી ડાંખળીઓની છાલ એ છે. ખિસકોલી પોતાનો ખોરાક પાનખર ઋતુમાં ભેગો કરી ઝાડના થડમાં યા ડાંખળીઓપર માળા બાંધી તેમાં સાંતી રાખે છે, અને શિયાળામાં તે માળામાં ભરાઇ રહે છે. કાળા કાબર ચિત્રા રંગની ખિસકોલી સુર્યોદય થતાં ખોરાક શોધવા મંડી જાય છે. આ જાતની ખિસકોલી થંડા મુલકોમાં વસે છે. અમેરિકામાં આ જાતનું પ્રાણી ટોળેટોળાં થઈ ફરે છે અને કોઇ વેળા ખેતરનાં પાકનો ધાણ કાઢે છે. આ જાતની ખીસકોલી બે ફીટ દસ ઇંચ લાંબી હોય છે તેમાં પુછડી ફકત ૧૩ ઇંચ લાંબી હોય છે.

ખિસકોલી ૭૩ વર્ષ જીવી શકે છે.

ખી—સરહિંદમાં સતલજ નદીના ડાબા કાંઠાથી ૭ મૈલપરનું આ ગામ ફીરોજપૂરથી મનદેતના માર્ગમાં છે. ફીરોજપુરની દક્ષિણ પશ્ચિમે ૫ મૈલ પર છે. આગળ આ શેહેર પંજાબના રાજાના રાજ્યને તાબે હતું પણ હાલમાં એ ફીરોજપૂરના બ્રિટીશ અધિકારીઓની સત્તા તળેછે. કલકત્તાની ઉત્તર પશ્ચિમે ૧૧૧૧ મૈલપર છે.

ખીજડી—એના વિશાળ વૃક્ષો હિંદમાં જગેજગ ઉગી નિકળે છે. આ ઝાડને પુરાણમાં પૂજ્ય માનેલું હોવાથી વિજયાદશમીને દિવસે તેની પુંજા કરવામાં આવે છે. એનીપર ઝીણા ફળો આવે છે.

ખીજરખાન—'ફેરિસ્તામાં' જણાવવામાં આવેછે કે 'તબકતે મહમદશાહી' તથા તવારીખે મુબારીક મુજબ એ પેગંબરના ખાનદાનથી ઉતરેલા સૈયદ ઘરાણાનો હતો. એનો પિતા મલેક સુલેમાન મુલતાનનો હાકેમ હતો અને એ તેજ જગાપર પાછળથી નેમાયેા હતો. એણે દૌલતખાન લોદીને હરાવી દિલ્લીની ગાદીપર ઇ. સ. ૧૪૧૪ માં ૪ થી જુને (હિ. સ. ૮૧૭ ૧૫મી રાબી) ગાદીનશીન થયેા. એનું મરણ ઇ. સ. ૧૪૨૧ માં ૪ થી જુને નિપજ્યું હતું. એના પછી એનો બેટો મુબારીકશાહ તખ્તે આવ્યેા. આ દિલ્લીપતિ પછી નીચલા રાજ્યકર્તા થઇ ગયા છે.

ખીજરખાન સૈયદ	શરૂઆત	ઇ. સ. ૧૪૧૪	હિ. સન ૮૧૭
મુબારીકશાહ ઉપલાનો પુત્ર	,,	,, ૧૪૨૧	,, ૮૨૪
મહમદશાહ (ખીજરનો પૌત્ર ને ફરીદશાહનો પુત્ર)	,,	,, ૧૪૩૪	,, ૮૩૭
અલાઉદ્દીન મહમદશાહનો બેટો અને સૈયદ ઘરાણાનો છેલ્લો પાદશાહ. એણે બહીલોલ લોદીને રાજ્ય ગાદી આપી પોતે હક્ક છોડયેા હતો...		... ૧૪૪૬	,, ૮૪૯

ખીરસરા—આ તાલુકો કાઠિઆવાડ ઝલાકાના હાલાર પ્રાંતમાં છે. તેના તાબામાં ૧૩ ચૌરસ મૈલ જમીન ને ૧૩ ગામો છે. લોક વસ્તી ૪૪૦૦ ની છે. વાર્ષિક ઉપજ ૩ ૧૯૦૦૦ ની છે, તેમાંથી ઇંગ્રેજ, તથા જુનાગઢ સરકારને ૨૭૧૬ દેવા પડે છે. ખીરસરામાં ૭૦૦ માણસોની વસ્તી છે. આ ગામ રાજકોટની નૈઋત્યે ૧૨ મૈલપર છે.

ખીલ—લોહીના જોશથી આ મરજ જુવાનીમાં ખીલી નિકળે છે. ઘણો મૈાસનો ખોરાક, અતિ થંડી ચીજ યા કુછંદીપણામાં રાત ગુજારવાથી ખીલ થઈ આવે છે. તેમજ હરસ, ખહી, દસતાન યા ધાતના રોગમાં પણ ખીલ થાય છે. ખીલ ઘણું કરી મોંહપર ફુટી નિકળે છે. ખીલના દાણા ઝીણા, લાલ, અણીદાર અને સખત હોય છે. તે ઘણું કરી પાકતા નથી પણ દાબવાથી તેમાંથી સખત પરૂનો ડીરો નિકળે છે. ખીલ ઘણા થવાથી ચેહેરો કદરૂપો બને છે માટે જેને ખીલ થાય તેણે હલકો ખોરાક લેવો ઘટે છે.

આ દર્દ ચેહેરા ઉપર થવાનું કારણ એ છે કે શરીર ઉપરની ચામડીનો જે ભાગ સૈાથી ઓછું કામ કરે છે તથા ચામડીની નીચે પંથરાયલી ઝીણી ઝીણી નળીઓ મારફતે આવતા ઝેરી પદાર્થો પરસેવા વગેરેના આકારમાં ચામડીના જે ભાગમાંથી બરાબર રીતે નિકળી જઇ શકતાં નથી તેજ તરફ ખીલ ફુટી નિકળે છે. ઝેરી પદાર્થ પરસેવાના રૂપમાં જ્યારે બાહેર પડતો નથી ત્યારે તે ચામડીની સપાટી હેઠળની નળીઓના મુખ આગળ એકઠો થાય છે. તે પછીનો ભાગ ઉપર જરા ખુજલી થઇ આવી તે ભાગ રતાસ પકડી ત્યાં ખીલ નિકળી આવે છે.

ખીલ ઉપર ખાવાનું નિમક લીંબુના રસમાં પિગળાવી સુતરાઉ કાપડથી ચોપડવાથી તેનું જોર નરમ પડે છે.

ખીલખિલા—એના વૃક્ષ હિંદના પહાડી પ્રદેશમાં પાંચથી છ ફીટ ઉંચા ઉગે છે. એના પાંદડાં લીલાં અને કડવાં લીંબડાના જેવાં હોય છે. એના ઝાડ કોંકણમાં ઝાઝાં ઉગે છે.

ખીલચીપૂર—આ દેશી રાજ્ય હિંદુસ્તાનમાં ભોપાલ એજન્સીમાં હોઇ તે સિંધ્યા સરકારનું ખંડીયું છે. એનું ક્ષેત્રફળ ૨૦૪ ચૌરસ મૈલ છે. તેની વાર્ષિક ઉપજ ૧,૭૫,૦૦૦ રૂપ્યાની છે. લોક વસ્તી ૩૬,૦૦૦ ની છે. અત્રેનો રાજ્ય કર્તા સિંધ્યા સરકારને ૧૩૧૬૦ ને કોટાના રાજાને ૧૦૫૦ રૂપ્યા ખંડણી આપે છે. રાજ્યમાં ૬૦ ઘોડેસ્વાર ને ૩૦૦ નું પાયદળ લશકર છે.

આ રાજ્યનો પ્રાચીન ઇતિહાસ ઝાઝો જણાયલો નથી. પણ એટલું જણાયલું છે કે "એ રાજ્યના રાજપતિના વડવા ચહુઆણ રજપુત કુટુંબના હતા. મૂળ પુરૂષ માણેકરાવ ને ૨૪ દિકરા હતા, તેનાથી ચોહાણના ૨૪ કુટુંબની ઉત્પતિ થઇ. એ માણેકરાવનો એક પુત્ર નામે અજેરાઓએ ખીલચીપૂર પાટણ વસાવ્યું, તે કારણથી એના વંશજો ખીચ રજપૂત તરીકે ગણાયા. તેના પછી ૩૧ વંશજોએ રાજ્ય કર્યું. તેમની કારકીર્દી વધારે જાણવાજોગ નીવડી નહિ. ૩૧ માં વંશજ ગેજીના પુત્ર વીરસિંહરા દિલ્લીના પૃથુરાજનો સામંત હતો, તેના પછી 'એલમંજુ' ગાદીનશીન થયેા. આ એલમંજુને દેવનસિંહ નામે પુત્ર અને મિસમાત ગંગાબાઇ અને મિસમાત જમનાબાઇ નામે પુત્રીઓ હતી. વડી ગંગા બાઇનું લગ્ન ધુલરગઢના રાજા બીજલદેવની સાથે થયાં હતા. આ સગાઈ છતાં રાજા દેવનસિંહ અને બીજદેવના કામદાર બડચુજ્જર વચ્ચે દુશમનાઇ ચાલતી તેથી જ્યારે પિતા પછી દેવનસિંહ તખ્તે આવ્યેા ત્યારે તેણે ધુલરગઢ ઉપર ચઢાઇ કરી. આ સાળા બનેવી વચ્ચેની લઢાઇ ઇ. સ. ૧૧૯૫ માં થઈ તેમાં બીજલદેવ તથા ગંગાદાસ માર્યા ગયાથી ગંગાબાઇ પોતાના ધણીના શબ સાથે બળીને સતી થઈ. તે પછી પૃથુરાજે દેવનસિંહને માળવા દેશના 'પર' પ્રગણાઓ બક્ષેસમાં આપ્યા. તે પછી જ્યારે દિલ્લીની ગાદીએ ગુલામવંશનો કુતબુદ્દીન બાદશાહ ૧૨૦૬ માં બેઠો ત્યારે દેવનસિંહે તેની તાબેદારી સ્વિકારી પોતાના રાજ્યમાં વધારો કીધો. એને ૧૨૧૦ માં પાદશાહી સનદ બક્ષેસમાં મળી હતી. દેવનસિંહ પછી ચોંડપાળ, સંઘપાળ, વજેપાળ, રત્નસિંહ અને મલસી એ મુજબ ક્રમે રાજાઓ થયા. રાજા મલસીને ત્રણ પુત્રો હતા, તે ત્રણેથી જૂદા જૂદા કુટુંબની ઉત્પતિ થઈ. વડો કુંવર જીતસિંહ

ગાગરૂન (ગુલરગઢનું બીજું નામ) તથા મઉનો રાજા થયો, એના તાબામાં ૯૦૦૦ ગામો હતાં. જીતસિંહ પછી સાડનજી અલાઉદ્દીન પાદશાહના વખતમાં રાજ્ય કરી ગયો, તે પછી સાર્વતસિંહ ને તે પછી કરોધજી રાજા થયા. કરોધજીને બે કુંવર હતા. તેમાં મોટાનું નામ બાપાજી ને નાહનાનું કલ્યાણદાસ. પાટવી કુંવર બાપાજી સોલંકી રાજાની દીકરી મીસમાત સીતાબાઇ સાથે પરણ્યો. એવી કથા છે કે પરણ્યા પછી તેનું મન ઇશ્વર ભક્તિ તરફ વળ્યું અને તેથી તે માથું મુંડાવી રામાનન્દનો ચેલો થયો. એને માટે એવી કાહાણી પ્રસિદ્ધ છે કે એ ૧૩૫૮ માં પોતાની સ્ત્રી સીતા સાથે દ્વારિકા કૃષ્ણના દર્શન માટે ગયો પણ બહુએ શોધ કરતાં કૃષ્ણની ભેટ થઈ નહિ; તેથી વરવહુ સમુદ્રમાં કુદી પડયા તેથી કૃષ્ણે તેમને ત્યાં દર્શન આપ્યાં. તે કહે છે કે પાણીમાં સુવર્ણનું બાંધેલું એક મંદીર છે તેમાં શ્રીકૃષ્ણ તથા ઋકમિણી વસે છે. બાપાજી ૮ દિવસ સુધી શ્રીકૃષ્ણ ભગવાનની સેવામાં રહ્યો ને વેદ તથા પ્રાર્થનાની વાતો શિખ્યો. તેમજ તેણે શંખ, ચક્ર, ગદા અને પદમ એ ચારે વસ્તુઓને ગરમ કરી પોતાના શરીર ઉપર છાપ પાડી. આ નિશાનો કૃષ્ણની યાદગારીમાં લાવ્યો હતો. રૂકમિણીએ સીતાને એક વીટી ભેટ આપી હતી તે પ્રસાદ લઇ તેઓ સમુદ્રની બહાર નિકળયા અને ઉપર જણાવેલી ચારે વસ્તુઓ દ્વારિકામાં લાવ્યા. તે પછી આ છાપને દ્વારિકામાં મુદ્રી હતી. ત્યારથી છાપ લેવાનો રિવાજ ત્યાં ચાલુ થયો છે.

બાપાજીએ રાજ્યપદ તજવાથી તેના ભાઇ કલ્યાણજી પછી ભોજદાસ, અચળદાસ અનુક્રમે રાજા થયા. અચળદાસ શુરવીર તરીકે પ્રસિદ્ધતા પામ્યો છે. એણે દુશ્મનો સાથે લાગટ ૧૨ દિવસ લઢાઇ કરી ૧૩ મે દિવસે એવી રીતે લઢયો કે તેનું માથું કપાઇ ભમરપોળના દરવાજાપર પડયું, ને ધડ 'સરવર' તળાવ ઉપર પડયું. આ બેઉ જગાપર હાલમાં પણ રાજાની પુજા થાય છે. આ પ્રસંગે નાહનો કુંવર માર્યો ગયો અને વડો ચાચકદેવ નહાશી ઉદય પુરના રાણાને આશ્રે ગયો તથા પ્રતાપસિંહ વચલો કુંવર હતો તે ગુજરાતમાં ભરાયો. ત્યાં જઈ તેણે પાવાગઢ વસાવ્યું. જ્યાં આજે પણ તેના વંશજો ખેતીવાડીનો ધંધો કરે છે. અચળ દેવનો ૪ થો દિકરો ગજસિંહ જે પૂર્વ ભણી નાહાશી ગયો તેણે ગાઝીપુર વસાવ્યું. આ ગજસિંહના વંશમાં ભગવાનસિંહ થયો હતો.

ચાચક દેવ ચિતોડના રાણાના આશ્રયમાં રહેવાથી તેને ગુજરાનનું સાધન મળ્યું. ચાચકદેવના પુત્ર ધીરદેવને ચીતોરના રાણાએ પોતાની શીકારસથી માંડવના પાદશાહ પાસથી માલિમતરાવળ નામે વાવટો આપી ગાગરૂન અને મઉની ગાદીપર બેસાડયો. ધીરજદેવ મરણ પામ્યા પછી હીરદેવનો પુત્ર વેણીદાસ ગાદીપતિ થયો. વેણીદાસ પછી જટામ રાજા થયો, તે પછી તેનો કુંવર 'રાયસળ' ગાદીપતિ થયો. અકબ્બર ના શાળા માનસિંહે ગાગરૂનપર ચઢાઇ કરી તેમાં રાયસળ હાર પામી નહાશી ગયો પણ પાછળથી અકબ્બરને શરણે ગયાથી મઉ મલ્યું. તેની પછી ગોપાળદાસ, ઇસરી સિંહ, માધુસિંહ, ઇંદ્રભાણ, રતનસિંહ, ધીરજસિંહ, જોરાવરસિંહ, ઉમેદસિંહ, ચતૂર સિંહ, ગોપાલસિંહ એ મુજબ અનુક્રમે રાજા થયા, ગોપાલસિંહ પોતાના પુત્ર ચેનસાથે સિહોરમાં માર્યો ગયો.

રાજા વેણી દાસનો બીજો પુત્ર દેવજી હતો, જેને ચાચણી પ્રગણું જાગીરમાં મલ્યું હતું, તે પછી માનસિંહ ગાદીએ બેઠો એને હુમાયુમે ભરતબે ચઢાવ્યો હતો, તે પછી તેના બે કુંવર માહેલો ચક્રસેન ગાદીએ બેઠો, એ વ્યાવરામાં 'ઉમટને હાથે માર્યા ગયા પછી તેનો નાહનો ભાઇ ઉગ્રસેન જે અકબ્બરના આશ્રયમાં હતો તેને બાદશાહે

ખીલચીપૂરા, બ્યાવરા, ચોચોરણી, બલનપુર, ડાંડીવાડા, અને ભીલપાડા એ ૬ પ્રગણા ઉગ્રસેનને સ્વાધિન કીધાં. તેના પછી વાગજી, કરણજી, વટીસિંહ, અનોપસિંહ, પ્રતાપસિંહ, અભેસિંહ, દિપસિંહ, દુરજનસાલ અનુક્રમે રાજા થયા, દુરજન સાલનાં વખતમાં મરેઠાઓનો અમલ પુર તેજોમય હતો, એ રાજા ૧૮૧૯ માં મરણ પામતાં તેની બા તથા સ્ત્રીએ બળવંતસિંહ નામે શખ્સને રાજ્યકારોબાર સોંપ્યો, પણ અમાનસિંહ નામે એક નજદીકનો ગાદી વારેસ બેશીએ પોતાનો હક્ક પુરવાર કરવાથી ઇંગ્રેજ સરકારે ઠેરવ્યું કે અમાનસિંહનો પુત્ર શેરસિંહ ગાદીએ બેસે, શેરસિંહના વખતમાં રૂ ૧૩૧૩૬ ચલણી સિક્કા સિક્યાને બંડણી તરીકેનાં આપવા પડતા, ૧૮૬૮ માં શેરસિંહ મરણ પામવાથી તેમના નજદીકના બેશી અમરસિંહને ગાદી મળી, આ રાજાને ૧૮૭૩ માં બ્રીટીશ તરફથી રાવબહાદુરનો ખેતાબ મલ્યો હતો.

ખીલા—આગલા વખતમાં લોહારો ખીલા હાથ વડે બનાવતા હતા, ૧૮ મી સદીમાં જે ખીલા બનાવવામાં આવતા તે કામપર ૨૦ વર્ષના છોકરાઓને બેસાડતા અને તેઓ એક દિવસમાં ૨૩૦૦ ખીલા બનાવી શકતા, પેહેલ વહેલું ખીલા બનાવવાનું કારખાનું બરમીંગહામમાં સ્થાપવામાં આવ્યું હતું.

ખીલા બનાવવા માટે લોખંડના પતરા ૬ ફીટ લાંબા ને બે ફીટ યા તેથી વધુ લઈ તે પતરાંને એક સંચાથી કાતરી તેની ચીપો બનાવી તેના બનાવેલા કટકાની પોહળાઇ, જેટલા ખીલા લાંબા જાડા જોઇએ તેના કરતાં જરા સરસ રાખેછે, કેમકે તેનું માથું બનાવતાં તે ટુંકુ થઇ જાયછે. એક ઈંચના ખીલા બનાવવા હોય તો તેની લંબાઇ ઈંચ અને ૮ મો ભાગ જેટલી રાખેછે, ખીલાના પ્રમાણનાં કટકા બનાવી તેને સાંચામાં નાખતા ત્યાં તે પતળા બનેછે, અને ત્યાંજ હથોડા વતી તેનું માથું બીજે હથોડો ટીપી બનાવેછે પછી તેને ગરમ ભઠીમાં તપાવી ઠંડા પાણીમાં બોળી કઠણ બનાવેછે.

ખીલાત—આ બલુચિસ્તાનનું મુખ્ય શેહેર સમુદ્રની સપાટીથી ૭૦૦૦ ફીટ ઉંચાઇ પર છે, ૧૮૩૯—૪૧ માં અત્રે ઈંગલીશોએ સત્તા સ્થાપી અને ૧૮૭૭ માં ખીલાતના ખાન સાથે કોલકરાર કર્યા હતા, તેથી ત્યાં બ્રિટીશ આડતિયાને પોતાનાં લશ્કર સાથે મથક નાખવાને હક્ક મલ્યો છે, લોક વસ્તી ૧૪૦૦૦ ની છે.

ખીલાત ધગીલઝાઈ એ અફઘાનિસ્તાનનો એક કિલ્લો છે કે જે કંદહારની ઉત્તર પૂર્વે ૭૫ મૈલ ઉપર છે.

ખીલાતે નાદરી—દુનિયામાનાં સહુથી મજબુત કિલ્લા માહેલો એક. એ ઇરાનમાં ખોરાસાનના પ્રાંતમાં ટ્રાંસ્કૅ કાસ્પિયન રશીયન સરહદ નજદીક આવેલો છે. આ કુદરતિ મજબુતાઇ પામેલો કિલ્લો નાદીરશાહે તુર્કોના માન ટોળાથી બચાવ માટે હિરાજ મસજીદના પર્વત ઉપર બંધાવ્યો હતો.

ખુઆબ— અથવા સ્વપનું, ઇ. સ. પૂર્વે ૨૫૦૦ ના સુમારમાં જમાસ્પ હકીમ નામે જે મહાન પંડિત કએગુશ્તાસ્પનાં અમલમાં થઇ ગયો હતો, તેણે ખુઆબની તાસીર વિશેનું લખાણ કર્યું હતું. તેમાં જરથોસ્તીઓનાં ૩૦ રોજમાં જે જે રાત્રે સ્વપનું આવે તે દિવસના નામ ઉપરથી તેનો ખુલાસો મળતો હતો.

ઇ. સ. પૂર્વે ૧૪૯૭ માં એમ્પીડોક્લીઓના નામના શખ્સે સ્વપનાની તાસીર જણાવવાની પેહેલી કોશેસ કરી હતી.

કયખશરૂ નામના કયાની પાદશાહને પણ પોતાના અંત વિશે ખુઆબમાંજ આગાહી થઇ હતી અને તેથી તેણે ગુપ્ત સ્થાનમાં વાસ કીધો હતો.

કેટલાક ગ્રંથકારો મુજબ ખાલદીયન લોકો પ્રાચીન કાળથી જ્યોતિષ શાસ્ત્ર તથા નજુમનો અભ્યાસ કરતા અને તેઓથીજ ખુઆબના ભેદનું જ્ઞાન ઇરાન તથા ગ્રીસમાં પંથરાયું હતું.

કેટલાક આગલા લોકો ખુઆબ જોવા માટે ખેશ કુટુંબીઓની કબર ઉપર જઇ સુતા હતા. એરીસટોટલ, પ્લેટો, સીસરો, ખુઆબની ઉત્પતિ વિશે તથા બાશિયત વિશે જૂદું જૂદું વર્ણન કરેછે, પલિની લખી ગયો છે કે "બાળકોને જન્મથીજ ખુઆબ થાયછે, અને એરીસટોટલ કેહ છે કે ચાર પાંચ વર્ષના થયા પછી તેમને ખુઆબ આવેછે.

આયુર્વેદ વૈદકીનો પ્રાચીન ગ્રંથ ગણાયછે અને તેનાથી પણ પ્રાચીન ગ્રંથ આત્રેય સંહિતાનો ગણાયછે, તેમાં ખુઆબની તાસીર અને સમજ આપેલી છે.

' વાયુના રોગથી, પિતના યોગથી, ભયથી, બળ ક્મી થઇ જવાથી અને પીશાબ ભરાઇ આવવાથી જે ખુઆબ આવે છે તેનું ફળ કશું આવતું નથી; પણ ઉપલી હાલતમાં મનુષ્ય ન હોય તો તેને આવતો ખુઆબ ખરો પડે છે. પણ તેના વખત મુકરર કરેલા છે.

"જેમકે સ્વપનું રાત્રે આવ્યું હોય તો તેનું ફળ બીજે દિવસે મળે છે. રાત્રે બીજા પોહરે ખુઆબ આવે તો તે બપોર વેરમાં ફળ આપે છે. ત્રીજા પોહોરનું ૯ વાગા વેરમાં ફળ આપે છે. બામદાદનું સ્વપનું ૧૦ દિવસમાં ફળ આપે છે. કેટલાકો આ એક દિવસને વર્ષ સાથે સરખાવે છે."

ખુજલી—આ એક ચામડીના દરદનું નામ છે. આ દરદ એક ટેકાણેથી બીજી જગાપર ફેલાઈ શકે છે. ખુજલી શરૂ થતાં ઝીણી ઝીણી ફોલ્લીઓ થઇ તેમાંથી રસી નિકળે છે. તે રસી સારી ચામડીપર લાગતાં તે દર્દ ત્યાં ફેલાવા માંડે છે. આ રસીમાં જે જંતુઓ હોય છે તેનું સુક્ષમદરશક યંત્રથી અવલોકન કરતાં જણાયું છે કે રસીમાં એક ઝીણો બાલથી ભરેલો જીવડો હોય છે તેને આંકપડો અને તે દરેકને છેડે તીણો કાંટો હોય છે, જેથી તે ચામડીમાં ચીરો પાડી તેમાં પોતાના ઈંડા મેળે છે. એને બે દાંતો હોય છે. અને જ્યાં જ્યાં તેના ઈંડા ફેલાય છે ત્યાં તુરત ખુજલીનું દરદ એકદમ ફેલાય છે. આ કીડા એકી વેલા ૧૬ ઈંડા મેળી શકે છે અને તે ૧૦ દિવસ સેવન કર્યા પછી તેમાંથી તેવાજ બીજા જીવડા ઉત્પન્ન થાય છે. કોઇ પણ જાતની ગંધકી અથવા મેલ એ ખુજલીના જંતુનો ખોરાક છે. માટે બદનને સદા સ્વચ્છ હાલતમાં રાખવું કે જેથી એનો હુમલો થાય નહિ.

ખુંટવાડા—ભાવનગરના રાજ્યને તાબેનું આ ગામ મહુની વાયવ્ય દિશાએ ૧૩ મૈલ ને કુંડલની અગ્નિય દિશાએ ૨૮ મૈલપર છે. મુખ્ય વસ્તી બ્રાહ્મણ, વાણીયા, ભરવાડ, કોળી, ધાંચી ને ખતરીની છે. લોકવસ્તી ૨૦૦૦ની છે. આ ગામની સ્થાપનાની એવી કથા છે કે જે સમયે ભાદ્રોદમાં ચાંપરાજવાળા રાજ્ય કરતો હતો તે વેળા આ પ્રદેશ ઉજડ હતો. ચાંપરાજને હેમગલ તથા ગંગાઈત એ નામે બે કુંવર હતા. બન્ને બાપ સાથે અનબનાવ કરી અત્રે આવી રહ્યા. એજ અરસામાં અમદાવાદના બાદશાહ મહમદશાહનો શાહજાદો ફતહેખાન, જે પ્રથમ માંગરોળનો ફોજદાર હતો તે પોતાના બાપ સાથે કજીયો કરી પાંચ બીબીઓ તથા ઘણા મોટા ખજાના સાથે અતરે આવી રહ્યો, ત્યાં પેલા કુંવરો સાથે દોસ્તી થઇ, પણ બેઉ ભાઇઓની દયાનત બગડી. તેઓએ ફતહેખાનને મારી નાખી લુટવાનો નિશ્ચય કર્યો પણ બેઉ વચ્ચે મતભેદ પડતાં હેમગલે વાત ફોડી નાખી. આ ઉપરથી તે ગામનું નામ ખુંટવાડા પડયું. ફતહેખાને ગંગાબાઇને મારી નાખી ત્યાં એક કિલ્લો બાંધ્યો, પણ તે વાત અહમદશાહને જણાતાં તેણે તેને હરાવી કેદ કર્યો. તે વેળા પાંચે બીબીઓએ કિલ્લામાંના કુવામાં પડી પ્રાણ આપ્યો, તેથી તે પાંચ બીબીઓનો કુવો કહેવાય છે. તેજ સમયે હેમગળને સ્વતંત્ર થવાનો લાગ મળ્યો, ને તેના વંશજોએ ત્યાં લાંબો વખત રાજ્ય કર્યું. પણ તેના છેલ્લા વંશજ ખેંગારજીએ જુલમ કરવાથી રાજ્ય ખોયું, ને મુસલમાનો ખુંટવાડાના

ધણી થયા. પણ મુગલ સત્તા પડી ભાગતાં કુંડળાના ખુમાણોએ ગામ લુટી ઇ. સ. ૧૭૮૬ માં ઉજડ કર્યું. પણ તે વખત પછી સિંગજીએ ફરી વસાવી આબાદ કર્યું.

ખુંટવાડાની દરબારી કચેરી રોનકદાર છે. ચિત્રાધાર એ નામે ઓળખાતી ડુંગરીમાં બૌદ્ધ ધર્માઓની ગુફા છે. તે હાલમાં અઘોરી બાવાની ગુફાને નામે જણીતી છે, તેમજ આગલા વખતના કિલ્લાના અત્રે ખંડીરો છે. વૈષ્ણવ, જૈન ને સ્વામિનારાયણના અત્રે જે મંદીરો બાંધેલાં છે તે ઉત્તમ કારીગરીના નમુના જેવા છે. ગામની પૂર્વે ½ મૈલપર 'માલનરોઝકા' ને 'લાલીઓ' એ ત્રણ નદીઓનો સંગમ થાયછે. તેને ત્રીવેણી સંગમ કેહે છે, જ્યાં ત્રિલેશ્વર મહાદેવનું મંદીર છે.

ખુતન—પૂર્વ તુર્કસ્તાનને લગતું આ ગામ કયૂનલ્યૂન પર્વતનાં ઉત્તર ઢોળાવપર છે. વસ્તી ૪૦૦૦૦ ની છે.

ખુદાગંજ—વાયવ્ય પ્રાંતમાં લેફ્ટેનન્ટ ગવરનરની સત્તા તળેના ફરૂખાબાદના જીલ્લાનું આ શેહેર કાનપૂરથી ફતહેગરના માર્ગમાં, ફતહેગરની દક્ષિણે ૧૩ મૈલપર છે. ને કાલી નદી (પૂર્વ)ના ઉત્તર કિનારાપર છે. આ નદી પર નવાબ હકીમ મેહેદીએ પોતાને ખર્ચે સાંકળ બાંધીને બનાવેલો પૂલ જોવાજોગ છે. આ શેહેરમાં મુસાફરો માટે એક સગવડભરી ધર્મશાળા બાંધવામાં આવી છે.

ખુદાબાદ—સિંધમાં આ પડતી હાલતમાં આવેલું શેહેર હૈદરાબાદની ઉત્તરે ૩૦ અને ઈડસની પૂર્વે ૧૦ મૈલપર છે. ૩૦ વર્ષપર આ શેહેર હૈદ્રાબાદની બરાબરીનું એક ગણાતું હતું, પણ હાલમાં ત્યાં એકપણ રહેવા લાયક મકાન નથી. આગળ એ સિંધના તાલપુરી સરદારોનું મુખ્ય મથક હતું. પણ હાલમાં તેમની મોટી કબરો માત્ર રહેલી છે.

ખુદાલુ—ઈંદોરના પહાડી રાજ્યમાં આ સરોવર સમુદ્ર સપાટીથી ૨૮૦૦ ફીટ ઉંચાઇપર છે. એ ૧½ મૈલ લાંબા ઉન્હાળા દરમ્યાન રહે છે પણ વર્સાદમાં તેથી મોટો હોય છે. એની ઉંડાઇ વિશે ત્યાંના દેશીઓ અતિ સહરાઘાત ભરી વાતો જણાવે છે કે તેનો છેડો નથી. તેની કેટલેક જગેની ઉંડાઇ માત્ર ૧૩૮ થી ૧૫૦ ફીટની છે. એની અંદર માછલીઓ તહેં જાતની મળે છે. આ સરોવરથી એક મૈલપર એજ નામનો સરોવર છે ને તેના પહાડી શિખરપર પોલીટીકલ એજંટનો બંગલો છે. આ બંગલામાંથી "મૅલાઉન" પર્વત ઉપરની ખુબતી મનોહરતાની અદભૂત રચના જોવાની તક મળે છે.

ખુંખારેડ—એક જાતનું પક્ષી. આ પક્ષી દરિયા કિનારે કાલુ વગેરે માછલીના કોટલામાં પોતાની તીણી ચામડીથી ખોરાક શોધતું ફરે છે. અને તે માહે રહેતા ઝીણા જંતુ ખાઇ તેપર નિર્વાહ કરે છે.

ખુમાનબાઈ—એ રાયગઢની પાસે ૮ મૈલપર ચાંદરણી નામના ગામના એક ભટ મેવાડા લાલજીની પુત્રી હતી. એને નાહાનપણમાં કોઇનો ઉપદેશ લાગ્યાથી એણે પરણવાની ના કહીને ભગવત ભક્તિ કરવા માંડી અને એજ શેહેરમાં એણે પ્રેમ ભક્તિનાં ઘણાં પદો રચ્યાં. તેમાંના કેટલાક હિંદુસ્તાનની અને બીજા ગુજરાતી છે. એની વાણી કોમળ અને રસિક છે. એણે પોતાના પદની છેવટે "કહતહે ખુમાનદાસ" એવું પોતાનું નામ કહેલું છે. એ ૧૬ વર્ષની થઇ ત્યારે એને પરણાવવાનો એના માતપિતાએ આગ્રહ કરવાથી એણે દેહ ત્યાગ કર્યો હતો. આ સાધવી લગભગ ૧૦૦ વર્ષપર થઇ ગઇ છે.

ખુરજા—બુલંદ શિહુરમાં એજ નામના પ્રગણાનું મુખ્ય શેહેર મુતરાથી મીરતના માર્ગમાં, મીરતની દક્ષિણે ૫૪ મૈલ પર છે, તેમાં ૨૬,૩૪૯ ની વસ્તી છે, ૧૮૦૩ માં અત્રે લશકરની છાવણી હતી. અત્રેનો કિલ્લો ધાનાની મોટી બખાર થઇ હાલમાં જણીતો છે. ગામ સમુદ્ર સપાટીથી ૭૭૦ ફીટ ઉપરછે. આ ગામ કલકત્તા તથા કાનપૂર સાથે કપાસનો બોહોળો વેપાર ચલાવેછે.

ખુરંમ—આ નદી સુકેદબોના પર્વતમાંથી

અફઘાનિસ્તાન તરફ પૂર્વમાં ૪૫ મૈલ વેહેતી પંજાબમાં સુલેમાન પર્વતની પહાડી નેળ વચ્ચે વહેતી દાખલ થાયછે, અને તે પછી દક્ષિણ પૂર્વ તરફ ૧૦૦ મૈલ વહેછે. આ નદી કાફર કોટના શેહેર નજદીક ઈંડિસને મળે છે.

ખુરમ મીર્ઝા—(જુઓ શાહાજહાન પાદશાહ).

ખુરરેહ અર્દેશીર—આ શેહેર બગદાદથી ૬૦ મૈલ ઉપર છે. ઇ. સ. પૂર્વે અલેક ઝાન્ડર ધી ગ્રેટે ઇરાન પર ચઢાઇ કરી સર્વત્ર પોતાની સત્તા સ્થાપન કરી ત્યારે આ જગા પર એક શેહેર બીણ વચ્ચે એવી તો ખુદ્રતી બાંધકામોથી બચાવ પામ્યું હતું કે, લશકરથી તે લેવું મુશકેલ જણાયું, તેથી સેકંદરે તેની પાસેની વેહેતી 'ખુનાઈ ફોગાન' નામની નદીને ખાસ નેહેર ખોદી આ શેહેર ભણી એવી તો કારસાજીથી વળાવી નાખી કે તે ગામની આસપાસ પાણી ફરી વળતાં તે સેહેજમાં તાબે થયું. તે પછી ત્યાં દીનપર દીન પાણી એકઠું થતાં તે એક મોટું સરોવર બન્યું અને જયારે ઇ૰ સ૰ ૨૨૬ માં અર્દેશર બાબેગાને ઇરાન જીતી લઈ જ્યારે તે પારસ તરફ જઇ નચીંત થયો ત્યારે તેણે ઉપલે ઠેકાણે એક શેહેર વસાવવાનો વિચાર કરી પાસેના પહાડને ખોદી તેની વચમાંથી નેહેરે બણી કાઢી નદીના પાણીને બહાર રસ્તો આપી બીજા ચાર નાહના નાળાં શેહેર તરફ વેહેતા રાખ્યા, અને ત્યાં ગામ વસાવી તેમાં આતશબહેરામની સ્થાપન કરી. આ શેહેર તે પછી ઘણી આબાદ સ્થિતિએ પુગું હતું અને જ્યારે ઇસલામીઓનું ઇરાનમાં રાજ્ય થયું ત્યારે ઇરાનના હાકેમ ત્યાં હવા ખાવા જતા હતા. તેમાં " આદેહલ અદકુસેહ " નામનો હકિમ જઈ રહ્યો હતો ત્યારે ત્યાંના લોકો તેના આગલા પ્રાચીન 'ગુર' નામ ઉપરથી પાદશાહ યા હાકેમ ધોરમાં ગયો એવા શબ્દ સુચક વાક્યથી બોલતા, તેથી તે હાકમે તેનું નામ 'ગદમન' યા 'ગુર' ઉપરથી ફીરોઝઆબાદ = ફીરોજાબાદ રાખ્યું. હાલમાં આ શેહેર ખુરરેહ અર્દેશીર તરીકે પણ ઓળખાયછે.

ખુલ્હિલા—વાયવ્ય પ્રાંતમાં હમીરપુરના બ્રિટીશ જીલ્લામાં આવેલું એક ગામ. લોક વસ્તી ૮૦૭૪ ની છે. હમીરપુરની દક્ષિણ પશ્ચિમે ૩૬ મૈલ પર છે.

ખુરશેદજી જમશેદજી દસ્તુર જમાસ્પ આસાના—આ વિદ્વાન દસ્તુર નવસારીવાલા દસ્તુર જમશેદજી જમાસ્પજી આસાનાનાં બીજા દીકરા અને મુંબઇની શેહેનશાહી અંજુમનના પેહેલા વડા દસ્તુર હતા. જન્મ નવસારીમાં ઇ. સ. ૧૭૪૭ માં થયો હતો. બાર વર્ષની વયે 'નાવર' થઇ પોતાના પિતાના શીક્ષણ હેઠળ જંદ, પેહેલવી, અને ફારસી ભાષાઓનો અભ્યાસ કર્યો હતો. પોતાની જીંદગીનો બે તૃતિઆંશ ભાગ નવસારીમાં ગુજારવા પછી ઇ. સ. ૧૮૦૧ માં મુંબઇ આવી વસ્યા હતા, અને મુંબઈમાં દસ્તુર તરીકે યોગ્ય માન મેળવ્યું હતું. મુંબઇમાં આવી વસ્યા તે વખતે અને તે અગાઉ જરથોસ્તીઓને ત્યાંની સરઅવસરની ક્રિયાઓનું ઉપરીપણું એમના ઠેરવેલા પંથકીઓ કરતા હતા, ઉઠમણામાં પતેત એઓજ માંડતા અને લગનના આશિરવાદ પણ તેઓજ સારતા. એ વખતે સરઅવસરની મિજલસમાં બેસવાનો રવૈયો એવો હતો કે પતેત માંડનાર યા આશિરવાદ સારનાર મુખ્ય પંથકી પેહેલા બેશે, ને તેની જમણી બાજુએ કદમી પંથના દસ્તુર મુલ્લાં ફીરોઝ કાઉશ અને ડાબા હાથ ઉપર પંચાતનાં જે પ્રમુખ હોય તે બેસે. મુંબઈ શેહેરમાં શેહેનશાહી પંથનો દસ્તુર નહિ હોવાથી તે વખતના પંથકીઓ દસ્તુરના જેવો માન મરતબો ભોગવતા હતા.

મુંબઇમાં શેહેનશાહી જરથોસ્તીઓની વસ્તી વધતી જતી હોવાથી, અને જાણીતા દસ્તુર ખાનદાનવાલાઓમાં દસ્તુર ખુરશેદજી પેહેલવેહેલા જઇ વસેલા હોવાથી તે વખતની પારસી પંચાયતના પ્રમુખ શેઠ જમશેદજી

બમનજી વહાડીયાજી તથા બીજા આગેવાનોએ ખુરશેદજીને વડા દસ્તુર તરીકે ૧૮૧૨ માં ૫ મી એપ્રેલે ઠેરવ્યા.

ઇ. સ. ૧૮૦૫ માં મુંબઇના ગવરનર મી૰ જોનાથન ડંકને ગઉશિતળા મુકવાનો ફરજીયાત ધારો પસાર કર્યો હતો, પણ સુરતના એક દસ્તુરે તેની વિરૂધ ફતવો આપવાથી, સુરતના પારસીઓ ગઉશિતળા મુકવાની સામે થયા હતા. આ ઉપરથી નામદાર ગવરનરે ખુરશેદજીનો લેખીત અભિપ્રાય માંગ્યો, જે એવણે બીજા દસ્તુરો સાથ એકમત થઇ એવો ફતવો લખી આપ્યો કે "ગઉશિતળા ચેપ અથવા રસીના શિતળા મેળવાથી દીન ધરમમાં કશું નુકસાન થતું નથી."

તા૰ ૪ થી માર્ચ ૧૮૧૮ ને દીને પારસી પંચાયત નવેસરથી સ્થાપવામાં આવી તેમાં ખુરશેદજી અકાબર ઠર્યા હતા. આ પંચાયતની રજાથી જે શખસ પોતાની જીવતી ઓરત ઉપર બીજી બાયડી કરે અને તે જો શેહેનશાહી હોય તો તેના આશિરવાદ દસ્તુર ખુરશેદજી પોતે અથવા તેવણના તાબા હેઠળના મોબેદોજ સારે અને મજકુર દસ્તુરની પરવાનગી વગર બીજા મોબેદ પાસે જે કોઇ ઉપલા આશિરવાદ સરાવશે તે પંચાયત કબુલ નહિ રાખશે એવો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો. તા૰ ૧૮ મી અકટોબર ૧૮૨૩ ને દિને એજ પંચાયતે બીજો એવો ઠેરાવ ઘડી કાઢ્યો હતો કે દરેક મિજલસમાં પેહેલા દસ્તુર ખુરશેદજી જમશેદજી, બીજા દસ્તુર મુલ્લાં ફીરોઝ, ત્રીજા દસ્તુર એદલજી દારાબજી સંજાણા, અને ચોથા મેહેરજીરાણાના કુટુંબના જે વડા હોય તે બેસે. દસ્તુર ખુરશેદજીએ ૧૮૧૩, ૧૮૨૨ અને ૧૮૨૯ માં ત્રણ દરમેહેરો પરથવાની ક્રિયાઓ કરી હતી. એવણને પારસીઓના વડા દસ્તુર તરીકે મુંબઇની સદર અદાલતમાંથી દર માસે રૂ ૩૦ ની 'મનસબ' મલતી હતી. એવણે મુનાજાત, ગજલો અને નવસારીની વડી દરમેહેર માટે લખેલી ફારસી તખતી ઉપરથી એવણની શાએરી શકિત જણાઇ આવેછે. મરણ ઇ. સ. ૧૮૨૯ માં ૨૪ મી મેએ નિપજ્યું હતું. (લા. એરવદ અરદેશર ખુરશેદજી).

ખુરશેદજી જમશેદજી દસ્તુર—ઉપલા દસ્તુરના આ નબીરાનો જન્મ ૨૬ મી નવેંબર ૧૮૩૧ ને દિને નવસારીમાં થયો હતો. બાર વર્ષની વયે નાવર થઇ, જંદ, પેહેલવી અને ફારસીનો અભ્યાસ કર્યો હતો, પેહેલાં ખુરશેદજી નવસારીમાં યોજદાથ્રગીરિનો ધંધો કરતા હતા, તે પછી ૧૮૫૭ માં પુને જઈ સોરાબજી પટેલની દરેમેહેરમાં વરસીઓ મરાતબ કરવાની અને નીરંગ દીનની ક્રિયા કરી હતી, અને લાંજ પોતાનો ધંધો ચાલુ કર્યો હતો. તા૰ ૪થી ૧૮૬૩ ને દીને મુંબઇની સર જમશેદજીની મદરેસામાં દાખલ થઇ જંદ અને પેહેલવીનો અભ્યાસ કર્યો હતો. તા૰ ૧૫ મી માર્ચ ૧૮૭૧ ને દિને 'ફેહરત' નામની ચોપડી લખી પ્રગટ કરી હતી. જેમાં નવસારીની વડી દરમેહેરમાં સંવત ૧૬૮૯ થી તે સંવંત ૧૭૭૦ સુધી નાવર થએલાઓના દહાડા વારની નોંધો આપેલી છે. ૧૮૭૫ માં નવસારીમાં ત્રીજી ખુરસીના દસ્તુર ઠર્યા હતા. ૧૮૭૯ માં એવણને મઉના દસ્તુરનો ઓધો આપવામાં આવ્યો હતો, જે હાલમાં પણ ભોગવેછે. ઇ. સ. ૧૮૮૪ માં રતલામના રાજા સર રણજીતસિંગને જરથોસ્તી ધર્મની ખુબી સમજાવવા માટે ત્યાંના દિવાન સરદાર ગોપાલ રાવ હરી દેશમુખના બોલાવવાથી એવણ રતલામ ગયા હતા. રાજાએ દીનને લગતી કેટલીક બાબતો જાણી એવણની કાબેલીયત માટે પોતાનો સારો વિચાર જાહેર કર્યો હતો, તેમજ ધારના રાજા સર આનંદરાવ પોવાર યોજદાથ્રગીરીનું ક્રિયાકામ જોવા માટે એવણની મુલાકાતે આવ્યા હતા, જે એવણે હિંદુ ધર્મની ક્રિયાઓના મુકાબલા સાથે કરીને કહી સમજાવી હતી, અને રાજાએ એવણને કિમતી પોશાક અને ભેટો આપી હતી. એવણે વંદીદાદનો ફારસી કવિતામાં

તર્જુમો કર્યો છે જે હજી છપાઇ બાહાર પડયો નથી. ઈ. સ. ૧૮૮૨ માં એવણે પોતાની બનાવેલી મોનાજાત, પોતાના બાવાના મરણની લખેલી વકાત અને નવસારીના તાનાના દુખમાની તખતી વગેરે છપાવી બહાર પાડી હતી. ખુરશેદજીએ સતારા, ઈંદોર, નીમચ અજમેર અબુ વગેરે ડેકાણાઓ ઉપર દરમેહેરો અને દુખમા પરથવાની ક્રિયાઓ કરી હતી.

(લા૦ એ૦ અરદેશર ખુરશેદજી.)

ખુશબોઇ—ખુશબોઇના પાંદડા સફેદ કાબર-ચીત્રા રંગના હોયછે, દેખાવમાં તે ઉનના જેવાં હોય છે. તે દેખાવમાં ખુશનુમા અને સ્વાદમાં કડવાં હોયછે, મુંબઇ ખુશબોઇના પાંદડા સીંગાપોરથી આવેછે. દેશીઓ તેનો તેરહેવાર રીતે ઉપયોગ કરેછે, ગુરાખુ બનાવવામાં પણ એ વપરાય છે. એને બીજા તેલીયા પદાર્થો સાથે મેળવી એનું સુંગધી તેલ બનાવવામાં આવેછે. એને 'લવંડરના' પાંદડા તરીકે પણ ઓળખવામાં આવેછે.

ખુશરો પરવિઝ–(પરવિઝ=વિજયી) સાસાની તબક્કાના ઇરાની પાદશાહોમાં આ પાદશાહ મહાનપદ પામી પૃથ્વી ઉપરના જાણીતા પાદશાહોમાંનો એક થઇ ગયોછે. એનું જન્મ ચરિત્ર કથા કહાણીને વિસરાવે તેવું છે. કેટલાક તવારીખ નવેશો ખુશરોને દોષ આપે છે, ત્યારે મોટો ભાગ તેને રાજ્યધૂરંધર લખી ગયા છે.

૪૦ સ૦ ૫૯૦ માં આ મહાન પાદશાહ ગાદીનશીન થયો. એ ખબર બેહેરામ ચોબીનને પડતાં તે સામો લઢવા આવ્યો. ખુશરોએ તેને ઘણી રીતે સમજાવી લઢાઇથી હાથ ઉઠાવવા જણાવ્યું, અને તેને બદલે બેહેરામને રાજ્યમાં ખાસ દરજ્જો આપવા કહ્યો પણ તેણે પાદશાહની માંગણી તુચ્છકારી લઢાઇમાં ઉતરવાની ઇચ્છા જણાવી. આથી "હાલવાન" મુકામે યુદ્ધ થયું. ૬ દિવસ યૂદ્ધ જેમ તેમ ચાલ્યું. સાતમાં દિવસની રાત્રે બેહેરામે છાવણીપર અચૂક હુમલો કરી ખુશરોને હાર આપી. આથી ખુશરો નાહાશી 'તેસિફૉનના' આશ્રયમાં ગયો, પણ ત્યાં આશા બર નહિ આવવાથી પોતાની રાણીઓ તથા બે મામા અને ૩૦ સ્વારો સાથે નહડો, ને યૂફ્રેતીસ નદી પાર કરી રોમનોના સર્કેસિયમ નામે કિલ્લામાં જઇ ભરાયો. ત્યાંથી કોન્સટન્ટી નોપલના પાદશાહ 'મૉરિસ'પર મદદ માટે પત્ર લખ્યો. મારિસે ખુશરોને આશ્રય આપવાનું જણાવી પોતાની પાસે જે ઇરાનીઓ કેદ હતા તેમને છુટા કરી 'નાર્સસ'સરદારને ૧૭૦૦૦ ની ફોજ આપી મદદે મોકલ્યો. આ મદદના બદલામાં મારિસે પાર્સામેનિયા અને મેસેપોટેમિયાનો કેટલોક ભાગ પોતાને મળે એવી શરત કરી.

બીજી તરફ બેહેરામ ચોબીને પોતે રાજ્ય પદ ધારણ કરી પાદશાહ તરીકેનો પોતાની આણ વર્તાવી. તેટલાં ખુશરો પરવિઝ રોમનોની મદદથી ચઢાઇ લઈ આવે છે એ વાત જાણતાં સામો થયો. બેઉ યુફ્રેતિસ નદી પાસે લઢયા તેમાં 'બાયઝેશિઅસ' બેહેરામનો મુખ્ય સરદાર હતો, તેનીપર અચુક હલ્લો કરી તેને કેદ કર્યો. તે રાતરે રોમન, ગ્રીક અને ઇરાનીઓ મેજબાનીએ બેઠા હતા તે વેળા 'બાયઝેશિઅસ'ને અતિ ક્રૂરતાથી મારી નખાવી સબળાઓએ આ નિર્દય મોજ મેળવી. આથી બેહેરામ તેસિફોન છોડી તુર્ક લોકના આશ્રયમાં જઇ ભરાયો; પણ ખુશરોએ પોતાના જાસુસો તેની પાછળ મોકલી તેનો પ્રાણ લેવડાવી ઇરાનીઓને તાબે કર્યા.

૪૦ સ૦ ૫૯૧ થી ખુશરોએ બીજી મરતબે રાજ્યપદ ધારણ કર્યું. તે પેહેલાં એણે એ કામ કર્યું કે પોતાપર ઉપકાર કરનાર પણ પોતાના બાપનો વધ કરનાર 'બંદુ અને ગુસ્તેહમ' નામે મામાઓપર વેર લીધું. બંદુ પાસે હોવાથી તેને મારી નખાવ્યો, પણ ગુસ્તેહમ ઉત્તર તરફનો ક્ષત્રપ હતો તેને પોતા પાસે તેડાવ્યો, પણ તે પાદશાહની મતલબ ચેતી જઇ બંડમાં શામીલ થયો ને મિડિયા પ્રાંતમાં સ્વતંત્ર રાજ્ય સ્થાપન કરી 'પ્હર્હાઆ'ને રાજ્યધાની શેહેર

બનાવ્યું. પણ ખુશરોએ 'ગુસ્તેહમ'ને સ્વતંત્ર થએલો જોઇ ગુપ્ત રીતે પોતાની મામીપર કહેવડાવ્યું કે "જો તું તારા ભરતારને મારી નાખશે તો તને રાણી બનાવીશ." આથી તે સ્ત્રીએ પોતાના વરને મારી નાખ્યો, ને ખુશરો પોતાની તેમમાં ફાવ્યો.

ખુશરો પરવિઝ ખ્રિસ્તી ધર્મ તરફ ઘણું માન ધરાવતો હતો, અને સર્જીયસ નામે એક ખ્રિસ્તી સંત કે, જે ધર્મ માટે મરણ પામ્યો હતો તેને એ ઘણું માન આપી તેનાથી પોતાને જય મળેલો માનતો. એની બાતુ શિરીન એક ખ્રિસ્તી હતી. તેનીપર ખુશરોની અત્યંત પ્રિતી હતી, તેથી તેના પુત્રને ગાદી આપવાનું નક્કી કર્યું હતું. એશિઆમાં ખુશરૂ શિરીનની કહાણી પ્રસિદ્ધ છે. તેનીપર ઘણા કાવ્યો રચાયલાં છે, અને ઇરાનના જાણીતા કવિઓએ તેનીપર પોતાની કલમો ચલાવેલી છે. તેણીની પ્રિતિમાં ખુશરોએ પોતાની રાજધાની આસપાસ ઘણાએક ખ્રિસ્તી મઠો અને દેવળો બાંધી આપ્યાં હતા.

મારિસ પાદશાહે ખુશરોને મદદ આપેલી હોવાથી તે હૈઆત હતો ત્યાં સુધી (૧૨ વર્ષ) રોમ સાથે લઢાઇ કરી નહિ, પણ ફૉકસે મારિસને પદભ્રષ્ટ કરી મારી નાખ્યા સુધી બેઉ વચ્ચે સુલ્હે જાળવી રાખી હતી. પણ તે પછી 'ફૉકસે' 'લીલીયસ' નામે એલચીને ખુશરોની દરબારે મોકલ્યો ત્યારે તે વેળા એલચીને કેદમાં પુરી કહેવાડીયું કે "જેનાથી મને આ સર્વ વૈભવ પ્રાપ્ત થયો તેનો વધ કરનારપર વેર લીધા વિના હું રહીશ નહિ." તે મુજબ એક મોટી ફોજ તૈઆર કરી તેની સરદારી પોતે લઇ રોમનોપર હલ્લો કરી 'જર્મોનસ' સરદારને હાર કરી 'અકોમસ' ઉપર બીજી ફતેહ મેળવી, રોમનોને તાબે કર્યા. પછી દરાયસનો કિલ્લો સર કરી ઈ. સ. ૬૦૯ માં 'સિરિયા' પ્રાંતમાં જઈ પુગો. ત્યાંથી લશકરની સરદારી પોતાના સરદાર શહરબઝને આપી. તેણે ૬૧૪ માં દમાસ્કસ અને જેરૂસલેમપર ૧૮ દિવસનો ઘેરો નાખી તાબે કર્યું, અને માંહે લુટ ચલાવી ૫૦૦૦૦ માનસોને કતલ કરી, દેવળોનો નાશ કર્યો, અને પછી તેમના વડા ધર્મગુરૂ 'ઝકારિયસ'ને કેદ કરી બીજા ૩૫૦૦૦ લોકોને કેદ કરી ગુલામ તરીકે ઇરાન મોકલ્યા. તે વેળા મળેલા એક ક્રૂસને તિસિફોનમાં મોકલી શીરીનને સ્વાધિન કીધો. પછી ૬૧૬ માં મીસરપર ચઢાઇ કરી અલેકઝાન્ડ્રીયા તાબે કીધું. પછી બીજી ફોજ એશિઆ માઇનર તરફ મોકલી કૉન્સતન્તીનોપલ તથા 'આલસિડૉન'ને ૬૧૭ માં તાબે કીધું.

આ સમયે ઇતિહાસમાં એક અજાયબ બનાવ નોંધી લેવા જોગ બન્યો. એશિઆમાં અને પૂર્વ આફ્રિકામાં સીઝર, પૉમ્પી, હ્યુકુલસ, એંતની, ઑરેલિઅન, ત્રોજન, બેલિસારિયસ અને બીજા મહાન યોદ્ધાઓએ રોમન લશકર લઇ જે વિશાળ પ્રદેશને સેંકડો વર્ષો સુધી કબજે રાખ્યો હતો, તેમાંનો આ ૧૫ વર્ષની લઢાઇ પછી એક ફીટ જગા પણ રોમનો પાસે રહી નહિ. ઇરાનના ઇતિહાસમાં આ કાળ ઇરાની લોકોને મગરૂરી લેવા જોગ બન્યો હતો.

ખુશરો પરવિઝ પોતાની 'તેસિફોન' ની દરબારમાં જ્યારે બીરાજતો તે વેળા તેની પાસે મિસર, અરબસ્થાન, બાબિલૉન, સિરિયા, એશિઆમાઇનર, મેસેપોટેમિયા, કારડાઇન, આર્મેનિયા, મિડિયા, પાર્થીયા, હિરકાનિયા, બાકત્રિયા, સોગદિયા, એરેઓસિયા, ગેદ્રોસિયા, કાર્મેનિયા અને પર્સિસ એટલા ઇલાકાના સુબાઓ તરફથી દરરોજ નામાઓ આવતા, અને તેમાંની બીના ખુશરોની પાસે વાંચવામાં આવતી. એવા મોટા ઓહોળા રાજ્યપર જેની સત્તા પસરેલી હતી તે પાદશાહ ઇતિહાસમાં ખરેખરો ભાગ્યવંત ગણાવો જોઇએ, અને તેવી બળવંત સત્તા અને બોહોળો મુલક ધરાવનાર ખુશરો પરવિઝ હતો.

ખુશરો પરવિઝે પોતાના અમલ દરમ્યાન કેતરકામ કરનાર હુનરમંદોને ગ્રીકથી તેડાવી તખતે ઓસ્તાનના કહેના મેહેરાબો

ઉપરના કોતરકામો તથા 'મછિત'ના મેહેલનું નક્ષીકામ કરાવ્યું હતું. એણે પોતાના અમલમાં દરેક કળા કૌશલ્યને ઉત્તેજન આપ્યું હતું. એણે જીતેલા અનેક શેહેરોમાંથી મળેલી લુટથી ખજાનો એવોતો છલાછળ કર્યો હતો કે દુનિયામાં એના જેટલી દોલત અને દોરદમામ કોઇ પણ પાદશાહ ભોગવવા પામ્યો નહિ હશે.

ખુશરોના ખાનગી મેહેલમાં ૧૦૦૦ હાથી, ૧૨૦૦૦ ઉંટો, ૫૦૦૦૦ ઘોડા તથા ખચ્ચરો રેહેતા. જે વેળા તેની સ્વારિ નિકળતી ત્યારે આટલા જનવરો સ્વારો સાથે રેહેતા હતા. અને જ્યારે પાદશાહ પોતાની રાણી સાથે શેકારગાહમાં જતો ત્યારે આ સર્વ જનવરો તેનો સરસામન લઈજવા માટે કામે લાગતા હતા. એના જનાનખાનામાં ૩૦૦૦ રાણીઓ હતી, અને તેમની ખીદમતમાં ૧૨૦૦૦ દાસીઓ હતી. શીરીનપર પાદશાહની અત્યંત પ્રિતિ હતી ને તે તેનેજ ચાહતો; પણ પોતાના દોરદમામ ખાતર તેણે બીજી હજારો સ્ત્રીઓને રાખી હતી.

આવી મોટી શાહાનશાહાત, આવો મોટો ખજાનો, આવો અજાયબ વૈભવ નાટકમાં બનતા વિચિત્ર બનાવો પ્રમાણે થોડા વખતમાં બદલાઇ જશે એમ કોઇ સ્વપને પણ ધારી શકે નહિ. પણ ખુશરો પરવિઝના બાબમાં કિસ્સા કહાણીને હટાવે એવા બનાવો બન્યા, ને તે બનાવો મનુષ્યને એક ઉત્તમ દ્રષ્ટાંત રૂપી શિખામણ પુરી પાડનાર છે.

ઇ. સ. ૬૧૭ માં રોમન રાજ્ય પાસે ઇરાની વિજયનો ઝુંડો ઉડવા માંડયો હતો અને હિરાક્લીસ પોતાના બાળ બચ્ચાં સાથે પરદેશ નહાશી જવાની તૈયારીમાં હતો, તેટલાં પ્રજાના આગ્રહથી એક વેળા નસીબ અજમાવાનું માથે લઈ પ્રથમ કૉન્સટન્ટીનોપલ જીતી ઇ૰ સ૰ ૬૨૨માં ઇસ્તરના સોમવારને દિવસે જળમાર્ગે 'ઇસસ' ના આખાતમાં વધ્યો, ત્યાં થએલી લઢાઈમાં ઇરાનીઓને પુરતી હાર મળી. પછી હિરાક્લીસે સક્રેશિયન તથા ખાઝર લોકોની મદદ મેળવી, તે વેળા ખુશરૂ ૪૦૦૦ ની ફોજ સાથે 'કાઝહકા (તખ્તે સુલેમાન) શેહેર તરફ લશકર સાથે જઈ પુગેા. હિરાક્લીસ ૧૮૦૦૦૦ ની ફોજ સાથે સામેા આવી ઇરાનીઓપર જય મેળવ્યેા, તેથી ખુશરોએ ફરી બીજે વર્ષે લઢાઇ માટે તૈયારી કરી. હિરાક્લીસ આ વેળા ઇરાનીઓ વચ્ચે ઘેરાઇ ગયેા પણ મોટા પરાક્રમથી છુટકેા મેળવી નહાઠેા, તે બીજી તરફ એશિયામાઇનરના મધ્ય ભાગે જય મેળવતેા ધસ્યેા. તેણે એ રીતે કોન્સતન્તીનોપલ પણ પાછું જીતી લીધું. પછી ૬૨૮માં હિરાક્લીસે દાસ્તાગર્દને તાબે કરી ખુશરો પરવીઝને નહાસાડ્યેા, ને ત્યાંનાં રાજ્ય મેહેલનેા નાશ કરી, ઇરાનીઓએ રોમનોનાં જે ૩૦૦૦ ઝુંડાઓ હાથ કર્યા હતા તે સર્વ પાછા મેળવ્યા. પછી તેણે તેસિફોન પર ચઢાઇ કરી પોતાને દેશ પાછેા ફર્યેા.

ખુશરોએ સ્વપરાક્રમે ૩૦ વર્ષમાં મેળવેલા એહોળા રાજ્યનેા મોટેા ભાગ ખોઇ પ્રજાનેા અકારેા થયેા. તેટલાં 'શહરબઝ' જેવા શૂરવીર સરદારને પોતાની હારથી શિક્ષા કરવાનેા બેત કર્યાથી તે એક નવેા દુશમન વધ્યેા. તેમજ ખુશરોનેા વડેા શાહાજાદેા શિરૂએહને ગાદી નહિ આપવાનેા વિચાર દર્શાવી શીરીનના બેટા મર્દાસસને તખ્ત આપવાનું ઠેરવ્યું. આથી ૨૨ ઉમરાવેા શિરૂએહને મળી ગયા, તેમાં બે તેા શહરબઝના બેટા હતા. તેઓએ પ્રપંચથી ખુશરોને કેદખાને નાખ્યેા અને તેની સામે શીરીનના પુત્રોને મારી નખાવ્યા. ખુશરોને હોરમજદે કેદખાનામાં ઇ૰ સ૰ ૬૨૮ના ૮ મી ફેબ્રુવારીએ મારી નાખ્યેા.

ખુશરો પરવિઝે ૩૭ વર્ષ રાજ્ય વૈભવ ભોગવ્યેા. તેમાં છેલ્લા ૧૨ વર્ષો દુઃખ અને સંકટમાં ગુજર્યા હતા. એના મોત વેળા શિરૂએહ પોતાની સાવકી મા શિરીનપર આશક થયેા હતેા. આથી તે સદ્ગુણી રાણીએ પોતાના પતિનું એક વેળા મુખ જોવાની

માંગણી કરી તેના શબ પાસે જઇ આધાપત કરી પોતાનેા પ્રાણ આપ્યેા હતેા.

ખુશરો—અશકાનીયન પાદશાહ ઇ.સ. ૧૦૮ માં પોતાના ભાઈ પેકોરસના મરણથી ગાદીનશીન થયેા. એના અમલ દરમ્યાન ઇ. સ. ૧૧૪ માં રોમના શેહેનશાહ ત્રેજને અશકાનિયાન મુલકપર ચઢાઇ કરવાની યોજના ઘડી, અને ખુશરૂ તરફથી આવેલા એલચી ખાતાને ગણ કાર્યું નહિ, તેમજ ખુશરૂનેા ભત્રીજો પાર્થામાસિરિસ રોમન પ્રપંચથી ત્રેજનના હાથમાં પોતાના તાજે તખત સાથે સપડાઈ માર્યા ગયા, છતાં ખુશરોએ ત્રેજન પર વેર નહિ લીધાથી એના ઘણાક ખંડીયા રાજા રોમનોને તાબે થયા. તેમાં અબ્ગારસ નામે એક ક્ષત્રપ રૂમી સત્તાને કબુલી અશકાની સત્તાને સામે થયેા. આથી ત્રેજને મેસોપોટેમિયા તથા આર્મેનિયા લુટીને પચાવ્યા. પણ ઇ.સ. ૧૧૫માં થએલા મેાટા ધરતીકંપથી ત્રેજનને પોતાના ઘણાક સરદારેા તથા સીપાહોને ખોવા પડયા. ઉપરાંત રોમના ઘણાખરા શહેરો જોખમાયાં હતાં; પણ ઇ. સ. ૧૧૬માં ત્રેજને ચઢાઇ શરૂ કરી મોટા દરિયાઇ કાફલા સાથે તાઇગ્રીસ નદી માર્ગે આડિયાબે, નિનિવેહ, આર્બેલા, ગોગેમાલા, અને ઓનેાસ પર્વતથી તાઇગ્રીસ વેરનેા સર્વ મુલક ત્રેજને હાથ કર્યેા, તેાય ખુશરૂએ કશી લઢાઇ કરવાની ઇચ્છા બતાવી નહિ અને પાછળી હટવા માડ્યું. ત્રેજને હાત્રા, એબ્રીલેાન સિલ્યુશા, અને મદાયન પાયતખત હાથ કીધું. આ વેળા તેને પાયતખત ખાતેથી ખુશરૂની એક બેટી તથા સુન્નાનું તાજ લુટમાં મળીયું. જેથી ત્રેજન વધારે પુલાઇ તાઇગ્રીસ નદીમાથી ઇરાનેા અખાતમાં ધુસ્યેા, કે તેજ વેળા આસપાસના સર કરેલા દેશમાં બળવા ઉઠયા અને જેથી ત્રેજનને ઘણી સંકડાસમાં આવવું પડયું. પણ તેણે ઘણાક શહેરોને તારાજ કરી શીક્ષા કરી પણ ખુશરૂના લશકરથી ઘેરાવા માંડતા નહાસવા લાગેા; પણ માર્ગમાં હાત્રા ખાતે સખત હાર ખાધી, તેટલાં મદાયન તરફથી ખુશરૂએ ચઢાઇ કરી ત્રેજને ઠેડવેલા 'પાર્થમાસ્તિસ' નામના પાદશાહને હાંકી મેળા સૂસિયાના અને દક્ષીણ મેસોપોટેમિયામાં પોતાની સતા સ્થાપી ત્રેજનને નહસાડયેા. ઇ.સ. ૧૧૭ માં ત્રેજન માર્ગમાં મરણ પામતાં તેની જગા પર 'હેદ્રયન' નામે શેહેનશાહ રોમન રાજ સભાએ નેમ્યેા. તેણે સર્વ રૂમી લશકરને ઘેરાઇ જઇ નામોશીમાં આવી મરતાં બચાવી લેવા રોમ તેડાવી લઇ ઇ. સ. ૧૨૨ માં હેદ્રીઅન શેહેનશાહે ખુદ ખુશરૂની મુલાકાત લઇ સુલેહ કરી, ને મલેલી લુટ પાછી સંપૂરદ કરીને દોસ્તીનેા ગાંઠ બાંધ્યેા.

એ પછી ખુશરૂએ ૮ વર્ષ વેર નચીંતાઇમાં રાજ્યવૈભવ ભોગવી ઇ. સ. ૧૩૦ મા મરણ પામ્યેા. ખુશરૂના મરણ પછી તેનેા શાહાજાદેા પાલાશ તખ્તનશીન થયેા હતેા.

ખુશરો—સાસાનિયન તબક્કાના સ્થાપક અરદેશર બાબેગાનનેા એક વંશજ. પેહેલા યજદેજર્દના મરણ વેળા તેનેા એક શાહાજાદેા શાહાપૂર રાજધાનીમાં હતેા પણ તે ગુપ્ત રીતે માર્યા જતાં તેની જગાપર ખુશરોને ઇ. સ. ૪૨૦ માં ગાદીનશીન કીધેા. આ ખબર બીજા શાહાજાદા 'બેહેરામગોર' ને યમનમાં મળતાં તે 'મંજર' ની કુમક સાથે ઇરાનપર ચઢી આવ્યેા, અને ઘણાક શેહેરો કબજ કર્યા. આથી ખુશરો મોટા લશકર સાથે બેહેરામગોરની સામે થયેા, પણ સેવટે એવેા ચુકાદેા કરવામાં આવ્યેા કે, લઢાઇથી હજારેા જનોની ખ્વારી નહિ કરતાં, સેા સેા હરીફેા વચ્ચે લઢાઇ કરી લઢાઇનેા અંજામ લાવવેા. પણ આથી કાંઇ વળીયું નહિ, ત્યારે એવું ઠેડવવામાં આવ્યું કે " પાદશાહી તખત પાસે બે વાઘો ને છુટા મેળવા અને તેમની વચમાંથી તખ્તપર જઇ બેસે તે પાદશાહી મેળવે. આ વેળા પેહેલી તક ખુશરોને આપવામાં આવી, પણ આ પાદશાહ વિકરાળ વાઘથી ડરી જઇ તખ્તનેા દાવેા તજી બેઠેા. આ ઉપરથી બેહેરામ ગોરે એક વાઘને બેજાન કરી તખ્તપર જઇ

એંડો. બેહેરામગોરે તે પછી ખુશરોને પોતાના સલ્હાકાર તરીકે પાસે રાખ્યો. આ બનાવ ઈ. સ. ૪૨૦ નાં નવેંબરમાં બન્યો હતો,

ખુશરો અમીર—(જુઓ અમીર ખુશરૂ.)

ખુશરો શાહ—બલેક ખુશરોને નામે પણ જાણીતો થયો છે. સુલતાન મુબારીકશાહ ખીલજીના વજીરનો એ માનીતો ગુલામ હતો. એણે દરજ્જે બદરજ્જે મોટી પધ્વિ મેળવી ઈ.સ. ૧૩૨૧ હિ. સ. ૭૨૧ માં પાદશાહનું ખૂન કરી 'નાસીરઉદ્દીન ખુશરોશાહ' ને નામે રાજ્ય ગાદીએ બેઠો. પણ તેજ વર્ષમાં ૨૬ મી આગસ્ટે ગાઝીબેગ તઘલખે એને કતલ કરી પોતે બીજેજ દિવસે ૧ લા ગયાસુદ્દીન તઘલને નામે ગાદીનશીન થયો.

ખુસ્રૂધકવાતન—રપીથવનની આક્રીન મુજબ એ આદેલ નોશેરવાનનું નામ છે. કોબાદ (કવાતન)ના બેટા નોશેરવાનનું જન્મ નામ ખુસ્રૂ હતું પણ તેના અદલ ઇન્સાફ અને ભલા ગુણોને લીધે તેને અનોશેરવાન એ નામ મળ્યું હતું. (જુઓ નોશેરવાન.)

ખુળખુળા—સણના ઝાડ જેવા ખુળખુળાંના ઝાડ થાય છે. એમાં નાહની અને મોટી એવી બે જાતો હોય છે, અને તે પાંચથી છ ફીટ ઉંચા વધે છે. એનીપર જે ફળો આવે છે તે સુકાયા પછી તેની અંદરના દળીયા છુટા પડે છે.

ખૂન—પ્રાચીન રોમમાં ખૂનના ગુન્હાની સજા કરવાને માટે ખાસ ધારો બાંધવામાં આવ્યો નહોતો. કેમકે તે લોકો સમજતા હતા કે કોઇ પણ પુરૂષ એવું કરપીણ કામ કદિ કરી શકે નહી. પણ ૯ માં પાદશાહના રાજ્ય અમલ પછી (૫૦૦ વર્ષ પછી) ઓસ્ટીઅસ નામના શખ્સે પોતાના બાપને મારી નાખ્યો. ત્યારે લોકોએ ગુન્હેગારને પ્રથમ ચાબુકના ફોરડા માર્યા, પછી હવા પેવશ થઇ શકે નહિ એવો ચામડાનો કોથળો બનાવીને તેમાં તેને તથા તેની સાથે એક જીવતો કુતરો, મરઘો, વીંછુ અને વાદરો મેળાને તે કોથળો સીવી લઇ દરિયામાં નાખ્યો હતો.

પુરાણા મીસરના લોકો પિતાનું ખૂન કરનાર ખુનીને તીણા હથીઆર ભોકી કાંટાના ઢગ પર નાખી બાળી નાખતા હતા.

ચીનમાં એવા ખુનીને રીબાવી રીબાવી મારી નાખતા. તેમાં કોઇને ઉંધાવા નહિ દેતાં છ થી સાત દિવસ જાગતો રાખી રીબાવી મારતા. પ્રથમ તો તેવા ધણીને પેહેલે દિવસે હાથ વડે મારી, બીજે દિને ચાબકા વડે મારી, ત્રીજે દિને સુઈઆ ભોકી ને ચોથે તથા પાંચમે દિને લાલચોળ કરેલી સીગના ડામ આપી જાગતો રાખી રીબાવી મારતા. બેટો જો માત પિતાનું ખૂન કરે તો ત્યાંના મોહલ્લેદાર, માંદરીન તથા શિક્ષકને પણ શિક્ષા કરવામાં આવતી.

ઇરાનમાં ખુનીને સખત સજા કરવામાં આવતી હતી. ઇ. સ. પૂર્વે ૩૩૦માં નીસસે પાદશાહ દારાનું ખુન કર્યું, આથી તેને રીબાવી મારી નાખવામાં આવ્યો હતો.

ઇંગલંડમાં આગળ ખુનીને ચોકસ દંડની શિક્ષા કરવામાં આવતી હતી. ૧૩૫૦માં ત્રીજા એડવર્ડના ધારા મુજબ ત્રણ કીસમના ખૂન મોટામાં મોટા ગણાતા હતા. ચાકર પોતાના શેઠનું ખુન કરે તે, બાઇડી પોતાના ભરતારનું ખૂન કરે તે, અને પાદરી પોતાના ઉપરીનું ખૂન કરે તે.

ઓગણીસમી સદીની શરૂઆતમાં ઈંગલાંડમાં એવો ધારો હતો કે જે શખસ ઉપર ખૂનનું તોહમત મુકવામાં આવે તેને ન્યાયની રીતે તપાસ કરવાને બદલે તોહમત મુકનાર શખસ સાથે કુસ્તી રમાડવી અને તે કુસ્તીમાં તે હારે યા જીતે તે ઉપરથી તેનો ગુન્હા કે બેગુન્હા સાબેત થતો હતો.

૧૮૧૭માં એબરાન્ચેર્નટન નામના શખસે 'મેરીએસફેર્ડ' નામની કુમારી સ્ત્રીનું ખૂન કર્યું. તે વખતે ખૂનીને સજા કરવાને માટે સ્ત્રીના ભાઇએ અરજ કરવાથી ખૂનીએ પોતાના હક મુજબ અરજ કરનાર સાથે કુસ્તી રમવા માંગી. આ અરજ સરકારે કબુલ કરી. પણ અરજદારે રમવાને ના પાડવાથી તે ખૂની

વગર શિક્ષાએ છુટી ગયો હતો. એ બેહુંદો કાયદો ૧૮૧૯ માં રદ કરવામાં આવ્યો હતો.

આગળ ફ્રાન્સમાં એવા ગુન્હેગારનો પ્રથમ હાથ કાપી પછી તેનું ડોકું ઉડાવી નાખતા હતા.

ખેંગાર—આ કચ્છનો મહારાજા હમીરનો, પુત્ર હતો. એનો જન્મ ઇ. સ. ૧૫૨૦ માં થયો હતો. એના પિતાને જામરાવળે મારી નાખવાથી ખેંગાર પોતાના બીજા ૩ ભાઇઓ સાથે નહાશી જઇ સ્વપરાક્રમે ૧૪ વર્ષની નાહની વયે મોરબીમાં ઠાણું કરી, અમદાવાદના રાજાની પ્રિતિ સંપાદન કરી. મોરબીના રાવના બેતાજ સાથે હરીફામ થયા પછી 'જામદાદાજી' ના ગામપર હુમલાઓ કરી હેરાન કરતો. એ મુજબ ૧૪ વર્ષો સુધી ઝગડા કરી, ૧૫૪૮માં પોતાના પિતાનો પ્રાણ લેનાર જામરાવળને કચ્છમાંથી હાંકી મેળી પોતે કચ્છમાં રાજા તરીકે રાજ્ય ૩૬ થયો. ખેંગારે ભૂજને પોતાનું રાજધાની શેહેર બનાવ્યું હતું. એનું મરણ ૧૫૮૫માં નિપજ્યું.

ખેડા—આ ગુજરાત પ્રાંતને લગતો જીલ્લો ઉત્તર અક્ષાંસ ૨૨° ૧૫' ને ૨૩° ૧૦'ને પૂર્વે રેખાંસ ૭૨° ૩૩' ને ૭૩° ૨૭' ની વચ્ચે છે. એની ઉત્તરે અમદાવાદ જીલ્લો, મહિકાંઠા ને વાડાસિનોર; પૂર્વે, અગ્નિકોણે અને દક્ષિણે મહિ નદી ને પંચમહાલ, ગાયકવાડી મુલક તથા ભરૂચ જીલ્લાથી જૂદો પડે છે. નૈઋત્ય કોંણમાં ખંભાતનું સંસ્થાન ને પશ્ચિમે સાબરમતી ને તેનો પેલીમેર અમદાવાદ જીલ્લો. એનું ક્ષેત્રફળ ૧૬૦૮ ચૌરસ મૈલછે. ૧૮૭૨માં લોકવસ્તી ૭,૮૨૭૩૩ની ૧૮૮૧માં ૮,૦૪,૮૦૦ ની અને ૧૮૯૧માં ૮,૧૧,૫૮૯ની હતી. તેમાં દર ચૌરસ મૈલે ૫૦૩ની વસ્તીની રાસ આવે છે. આ બેડા જીલ્લાનો કારોબાર ૭ તાલુકામાં વેંહેંચી નાખવામાં આવ્યો છે. કપડવંજ, ડાસરા, મહેમદાબાદ, નડીઆદ, માતર, આણંદ ને બોરસદ. તેમાં સર્વે મળી ૫૮૯ ગામો છે. જેમાં ૫૫૯ સરકારી ને ૩૦ ઇનામી છે. સરકારી ગામોમાં ૩૨ મોટા જમીનદારોના છે.

આ જીલ્લાની પૂર્વ પશ્ચિમ લંબાઇ ૭૦ ને ઉત્તર દક્ષિણ પોહોળાઇ ૨૫ થી ૪૦ મૈલની છે. આ મુલક મુખ્ય કરી સપાટ હોઇ ફળદ્રુપ છે. મુખ્ય નદીઓ પૂર્વમાં મહી ને પશ્ચિમ માં સાબરમતી, શેઢી, વાત્રક ને ખારી છે. મુખ્ય બેતી તૂવર, બાજરી, ચોખા, જુવાર, કોદરા ને ઘઉની થાય છે. કઠોળ, તલ ને કપાસનો પાક સાધારણ છે. તંબાકુની બેતી બે બેડા જીલ્લાની મુખ્ય ઉત્પતિ છે. ૧૮૮૪-૮૫ માં સર્વ મળી ૭૩૮૪૬૨ એકરની જમીનમાં ઉપલી ચીજોની બેતી કરવામાં આવી હતી. બેડા જીલ્લામાં ઘી બનાવવાનો ઉદ્યોગ એટલો તો મોટો ચાલે છે કે દર વર્ષે ૯ થી ૧૦ લાખ રૂપ્યાનું ઘી પરદેશ રવાના કરવામાં આવે છે. કપડવંજમાં કાચની બાંગડી ને સાબુનો ઉદ્યોગ ઠીક ચાલે છે. જીલ્લાની વાર્ષિક ઉપજ ૨ ૫૩,૫૦,૦૦૦ ને સુમારેની છે. બેડામાં મુખ્ય વસ્તી કડવા-કણબી, પાટીદાર, રજપૂત, કોળી, મુસલમાન અને વોહરાની છે, તેમાં રજપૂત હાકોરો બેતી પર નિર્વાહ કરે છે.

બેડા—ઉપલા જીલ્લાનું આ મુખ્ય ગામ અમદાવાદની દક્ષિણે ૨૦ મૈલપર વાત્રક તથા શેઢી બે નદીઓના સંગમ ઉપર ઇંટના કોટવાલુ છે. ઇ. સ. પૂર્વે ૧૪૦૦ માં 'ચકાવતિ' નગરીને નામે આ ગામ પ્રસિધ્ધ હતું, અને ત્યાંનો રાજા મોરધ્વજ પાંડવોની સામે લઢતાં હાર્યો હતો. કવિ નર્મદાશંકર મુજબ 'બેડા બે નામ સંસ્કૃત 'કૈતક' (કેવડો) ઉપરથી નિકળેલું છે. તામ્રલેખ ઉપરથી જણાયછે કે ઇ. સ. ની પાંચમી સદીમાં તે 'બોદ્રા' ને નામે ઓળખાતું હતું. પછી ૧૦૦ વર્ષ ઉપર તે મોટું નગર બન્યું. ત્યાં વલ્લભિપૂરનાં જીતનાર શિલાદિત્યનો જન્મ થયો હતો. ૧૮ મી સદીની શરૂઆતમાં તે મુસલમાન બાબીબાનને તાબે હતું, અને તેની પાસેથી દામાજી ગાયકવાડે ૧૭૫૩ માં જીતી લીધું હતું. તે પછી ૧૮૦૩ માં ૩ જી મેએ આણંદરાવ ગાયકવાડે બ્રિટીશોને આપ્યું. તે

વેળા ખેડાની આબોહવા ઉત્તમ હોવાથી ત્યાં બ્રિટીશ છાવણી હતી, પણ 'ડીસા' સરહદનું મુકામ થતાં અત્રેથી સર્વ લશકર પુને મોકલ્યું હતું. ૧૮૫૫ વેર છાવણીની જગ્યા ઉજડ હતી, પણ તે પછી ઇંગ્રેજ અમલદારોનાં તે તરફ મકાનો બંધાયાં છે. લોક વસતી ૧૨૮૦૦ ની છે. અત્રે વણતકામ, સૂતર કાપડ રંગવાનો સારો ધંધો ચાલે છે. શેહેરનાં બે ભાગ છે. એક કસબો ને બીજો પરાંનો ભાગ. દક્ષિણ તરફ ત્રણ, પશ્ચિમે અકેક અને પૂર્વ ભણી બે એમ સાત પરાંછે. દક્ષિણ તરફના ત્રણ પરાંનુ નામ ટીકાજી ગાયકવાડની બેહેન અમરાબાઇના નામ ઉપરથી 'અમકા પૂર' ને નામે ઓળખાય છે. બેડા પ્રાચીન કાળનું હોવા છતાં તેની જૂનિ નિશાનીઓ કશી જડતી નથી. વાત્રકના ભાઠામાં ને ઘરનાં પાયા ખોદતાં ૧૮ ઇંચ ચોરસ ને ૩ ઇંચિ જાડી એવી ઇંટો કોઇવાર મળી આવે છે.

જોવાજોગ જગામાં કોટ જે મહમદખાન બાબીએ ૧૭૩૦ માં બંધાવ્યો હતો તે છે. પણ આ કોટની દેવાલ ૧૮૩૭ માં ફરીથી ચણવામાં આવી હતી. શેહેરનાં મધ્ય ભાગે ગ્રીક બાંધણીનું અદાલત મકાન, જુની જેલ, જૈન દેહેરાં, ઘડિઆલનો મિનારો (૧૮૬૮ માં) વગેરે જોવાજોગ છે. દક્ષિણ પૂર્વ ભણી ૧½ મેલપર છાવણી છે.

ખેતીવાડી—"પ્રાચીન કાળથી મનુષ્ય પોતાના નિર્વાહ અર્થે ખેતી કરતો આવેલો હોવો જોઇએ; પણ કેટલાક દેશમાં પ્રાચીન કાળના લોકો શેકાર ઉપર નિર્વાહ કરતા જણાયલા છે. ત્યારે પ્રાચીન ઇરાની જમાનામાં નેહેરો ખોદી તેના પાણી વડે ઇરાનીઓ ખેતી કરતા હતા. ઘણું કરી તેઓ નદી કાંઠા ઉપર પોતાના ગામો વસાવતા અને જ્યાં વેર પાણી પોંહચી વળતું ત્યાં વેર તેઓ ખેતી લંબાવતા. 'ગાથાના' જમાનામાં ખેતી કેટલા વિસ્તારમાં હતી તે જણાંયું નથી; પણ તે પછીના વંદીદાદના જમાનામાં ખેતીનું કામ એટલું તો આગળ વધેલું હતું કે તેની સ્તુતિમાં જબજા લખા-ણો થએલાંછે. તે વેળા ઇરાનની સુકી અને પાહાડી જમીનને ફળદ્રુપ બનાવવાની કોશેસ જારી રહી હતી. પ્રાચીન એરિયનોમાં જે ૪ ટોળા હતા તેમાં ખેડુતોનો ટોળો શ્રેષ્ટ ગણા તો હતો, અને તેઓજ દેશની આબાદી વધારનારા હતા. તે વેળા ઇરાનમાં માત્ર ઘઉંની ખેતી કરતા હતા. તે શિવાય ત્યાં ફળફળાદી તો કુદરતી ઉગતી હતી. તેઓ 'હળ' જેવા યંત્ર વડે ખેતર ખેડતા હતા.

હજીપ્ત દેશમાં પેહેલવેહેલી ખેતી નાઇલ નદીના કિનારા ઉપર થઇ હોય એમ જણાય છે. આ દેશમાં આગળ અતિશય નેહેરો તથા નાળાં વેહેતા હતા, તે વડે ખેતીનું કામ સેહેલાઇથી ચાલી શકતું હતું. આ દેશમાં 'મિરિસ, બિહાર અને મિરિઓતિસ સરોવરો પાણીથી એટલા તો ભરપૂર રેહેતા હતા કે તે વડે જ્યાં ત્યાં ફળદ્રુપ ભૂમિ બની રહી હતી. તે જમાનામાં 'પિક' નામનું હથિઆર પોતાના વપરાસમાં તેઓ લેતા હતા અને તે હથિઆરમાં સુધારો કરી તેઓએ હળ બનાવી તે વડે ખેતર ખેડતા. આજે જે રીતે થોડા સુધરેલા દેશોમાં ખેતી કરી અનાજની કાપણી કર્યા બાદ તેના ઝાડને ખુંડીને અનાજ કાઢેછે, તેને મળતી જૂદી જૂદી રીતે તે વેળા અનાજની ખેતી કરવામાં આવતી. જૂદાના રાજા 'યુજીઆ' ને ખેતીવાડીનો ઘણો શોખ હતો' તેથી તેણે નીચ પ્રદેશમાં ખેતી માટે ખાસ ખેડુતો રોકયા હતા. તેમજ જેબ પાસે ૧૪,૦૦૦ મેંઢા, ૬૦૦૦ ઉંટ અને ૧૦૦૦ બેલની જોડ તથા તેટલીજ ગધેડીઓ હતી.

યુનાનીઓ ઇસવી સન પૂર્વે ૧૨ મી સદીમાં ખેતીનો ઉદ્યોગ જાણતા હતા. કેહેછે કે યુનાનીઓને 'સિકરોપસે' આ હુન્નર ઇજીપ્તથી શીખી આવી શીખવ્યો હતો. તેઓ વર્ષમાં ત્રણ વેળા જમીનમાં હળ ફેરવતા. પેહેલું પાનખર ઋતુમાં, બીજું વસંત ઋતુમાં અને ત્રીજું બિયાં વાવવા આગમજ. બિયાંને તેઓ હાથે વેરી 'રેક' નામના ઢાંતાવાલા હથિ-

આરથી ઢાંકી નાખતા હતા. ખેતીનાં હથિઆરો તરીકે તેઓ 'રેક' નામનું ઢાંતાવાલું હથિઆર, કોદાળું અને પરોણીના આકારનું 'ઓકસગોડ' નામનું હથઆર વાપરતા હતા.

રોમનો મીસર, ઇરાન, કાર્થેજ અને મેસેપોટેમિયાની લડાઇ પછી ખેતીવાડીના ઉદ્યોગમાં પડયા હતા. જેમ જેમ રોમનો બીજા દેશપર ફતેમંદ થતા જઇ પોતાની સત્તા સ્થાપતા ગયા, તેમ તેમ તે દેશ ખેતીવાડીના હુન્નરથી જાણીતો થતો ગયો હતો. આગલા રોમનો ખેડુત તરીકે માન મેળવવામાં મોટું નસીબ સમજતા અને એવા ઉદ્યોગી ખેડુતના વંશજ તરીકે પોતાનો વંશ તે નામે ચાલુ રાખતા, તેમજ જે જે ખેડુત જેવી જેવી વનસ્પતિ ઉગાડવામાં બાહોશ હોય તેમને તે વનસ્પતિના ઉત્પન્ન કર્તાને નામે પોતાની અટક જાહેર કરતો. તેઓ ખેતી માટે છાન વગેરેનું ખાતર ઉપયોગમાં લેતા હતા. બ્રિટન અને 'ગૉલ'ના સંસ્થાનોમાં ખાતર તરીકે ચીકણી માટોડી તથા ચુનો વાપરતા, તે વેળા ખેતીના હથિઆર તરીકે હળ, પાવડો, રેક, કોદાળી, દંતાલો એટલા વાપરતા હતા. રોમમાં જવ, ચણા, શિંગ, ઘઉં, અડદ, મસુર, તલ, સલગમ, દ્રાક્ષ, ઓલિવ્હ, તરબુચ, સણ વગેરે ચીજોની ખેતી કરતા હતા. તેઓ દાંતરડાં અથવા કોઇતાં વડે કાપણી કરતા પણ કોઇ વેળા દાતાવાળું હથિઆર, જેને 'બેતેલીયમ' કહેછે તે વાપરતા હતા. તેનો આકાર પૈડાંવાલા ગાડાંને મળતો હતો, અને આ બેતેલીયમ ઘોડા ધસડતા; તેમજ તે પછી છોડમાંથી અનાજ હાલની મળતી રીતેજ છુટું પાડતા.

રોમની પડતી પાંચમી સદીમાં શરૂ થતાં યૂરપમાં ખેતીવાડીનું કામ હાલહવાલ ચાલવા માંડયું હતું; પણ ઇટલી, ફ્રાન્સ, ઇંગલંડ વગેરે દેશોમાં તે પછી ખેતીની શરૂઆત ધીરે પણ મક્કમ પગલે થવા માંડી હતી.

ઇ. સ. પૂર્વે ૧૦૦ માં ઇંગલંડ ખાતે ખેતી કરતા અને તેઓ એક જાતની ચીકણી માટોડી ખાતર તરીકે વાપરતા હતા. તેમના દેશપર ડેનિશ, નૉર્મન, સેક્સન વગેરે પ્રજા ચઢાઇ કરતી હોવા છતાં ત્યાં ખેતીનું કામ ચાલુજ હતું. સોલમી સદીમાં ખેતીનો ધંધો નષ્ટકારક જણાવાથી તે બોહોળા પાયાપર ચાલ્યો હતો. તે પછી તસકની અને લૉમ્બર્ડીના રહેવાશીઓએ સુધારો કાઢો હતો. પણ ફ્રાન્સમાં પેહેલવેહેલું ખેતીવાડીને લગતું એક પુસ્તક 'લેસ મોએનસ ડીદિવિનરરીચી' નામે પ્રગટ થયું હતું. તેમજ જર્મનીમાં ૧૫૩૬ માં 'કોનરેડસિરીઝ એકોઅસ' નામે શખ્સે એવુંજ એક પુસ્તક રચ્યું હતું. એલજીયમ પ્રગણાનું ખેતીનું કામ સર્વત્ર શાંતતાને લીધે આબાદ હાલતમાં ચાલેછે, ફ્લાંડર્સતો તદન ખેતીવાડીના બગીચાના રૂપમાં ફેરવાઇ ગએલું મુખ્ય મથક બન્યું છે, ત્યાંના ખેડુતોએ ૧૭ મી સદીમાં ઇંગલંડના ખેડુતોને કેળવ્યા હતા. ૧૭૨૩ માં ઇંગલંડમાં પેહેલવેહેલી પાઠશાળા સ્થાપન થઇ હતી. ફ્લેમિશ ખેડુતો પોતાના કામમાં છેક આગલા વખતથી પૂર્વિણ ગણાયછે. તેઓ પ્રવાહિ ખાતરને ટાકીમાં ભરી મેળી તેનો ઉપયોગ કરતા, અને તેનું અનુકરણ 'નારવિચ' ખેડુતોએ કર્યું હતું, હોલંડ દેશમાં ખેડુતો ઢોરો માટેનું ઘાસ ઉગાડી જાણેછે, તેથી ત્યાં ગાયઢોર ઉભાઇ જઇ તેમના દુધમાંથી તર્હેવાર પદાર્થો બનાવી તેનો મોટો વેપાર ચલાવે છે.

જર્મનીના ખેડુતો સાધારણ પ્રતિનાં ગણાય છે, અને તેઓ દક્ષિણમાં બળદ અને ઉત્તરમાં ઘોડા વડે હળ ખેડે છે. ઇટલીમાં તો નેહેર અને નદીનાળાને પ્રતાપે ખેતીવાડીનું કામ અતિ આબાદ સ્થિતિએ પોંહોંચેલું છે. લાંમ્બર્ડિ અને તસકનિમાં જે રીતથી પાણી પુરૂં પાડવામાં આવેછે તે ઇટાલીયન ખેડુતોની કારીગરીનો અતિ ઉત્તમ નમુનો દર્શાવેછે. તે પ્રગણાઓની દોલત નેહેરો પાછલ ખર્ચાયછે. ત્યાંના દરેક ખેતરમાં પાણી પુરૂં પાડવાની પરનાળો બાંધેલી હોયછે, અને

દક્ષિણ ભાગ જે પાણીથી એનશિબ છે ત્યાં તો નેહેરોનાં પાણીથી જમીન ફળદ્રુપ બની રહીછે; ત્યાં કોઇ વેળા પેદાશ ત્રણ ઘણી નિવડ્યા ઉપરાંત, ઘાસ વર્ષમાં ત્રણથી પાંચ વેળા કાપવામાં આવેછે. ત્યાંના ખેડુતો એટલા તો ઉદ્યોગી છે કે તેમને એક ઝરો જડતાં તેને પરનાળમાંથી પોતાના ખેતરમાં ખેંચી જાયછે. આ પરનાળો આગલા જમાનાની બાંધેલીછે. અને હજી તેની ચાલુ મરામત કરવામાં આવેછે.

ફ્રાન્સની ભૂમિ રસાળ હોવા છતાં ત્યાંના ખેડુતોની આળસાઇને લીધે તેઓ ઈંગ્રેજ ખેડુતોથી ઉતરતા રહ્યા છે.

ચીનાઓ ખેતીનો ઉદ્યોગ ૪૦ સ૦ પૂર્વે ૨૦૦૦ વર્ષ ઉપર જાણુતા હતા. તેઓમાં ઉત્તમ ખેતી ગણાતી હોવાથી તેનો ધંધો ગરીબ, તવંગર સહુ કોઇ સરખી રીતે કરેછે. ત્યાં નવા વર્ષને દિને શેહેનશાહ પોતે પાદશાહી ખેતરમાં જાતે જઇ હળ ખેડી વાવણી કરેછે અને પછી અમીર ઉમરાઓ ખેડેછે. આ રસમ છેક પ્રાચીન જમાનાથી ત્યાં ચાલતી આવીછે.

ભરતખંડમા ખેતી-વાડીની વિદ્યા છેક પ્રાચીન જમાનાથી જાણીતી છે. તેમજ તે વખતે આ વિદ્યા કેટલી ખિલવવામાં આવી હતી, તે તે વખતના ગ્રંથો ઉપરથી ઘણીક નવી બિનાઓ સાથે જણાયછે. 'ચિન્તામણી' ગ્રંથમાં જણાવ્યા મુજબ ઉન્હાળામાં ઝાડને સાંજના નિયમથી બેવાર પાણી પાવું, શિયાળાંમાં એક દિવસ આંતરે પાણી નાખવું, વરસાદના દહાડામાં વરસાદ ન પડ્યો હોય અને જો જમીન સૂકી થવા આવી હોય ત્યારે સિપવું. વસન્ત અને ગ્રિષ્મ ઋતુમાં તો સહવારનાં અને સાંહાંજના પાણી નાખવું. ઝાડને પાએલું પાણી ઝાડે બરાબર ચુસી ન લીધું હોય તો તે ઝાડને અજીરણ થયું છે એવું સમજવું. એમ અજીરણ થએલા ઝાડના મૂળપર પાણી સીપવું નહિ, પણ તે ઠેકાણેની માટી ખણી તેમાં પાણી નામવું અને થોડું પાંદડાંપર સીપવું. દર વર્ષે તેને નવેજ ધડે પાણી સીપવું પણ જુનાથી નહિ.

વળી કેવા ઝાડને કેવું ખાતર પાયાથી તેપર કેવાં ફળો આવશે તે વિશેનું વર્ણન પણ મળેછે.

'મધૂર બેલ તથા કોટના ફળ લાવવા થકી તેના ઝાડને મધ, ઘી, ગોળ. દુધ ને કાકવી ખાતર તરીકે રોજ પાવું.

ખજુરી, નારીએળી, વાંસ અને કેળનાં ઝાડ સારાં ઉત્પન્ન કરવા માટે તેને માંસ પાણીમાં ઉકાળી તેનું પાણી સીપવાનું ફરમાવેલું છે. મહાલુંગ સ્વાદિષ્ટ ઉગાડવા માટે તેના મુળમાં શિયાળો આવતાં માંસના બોટાં ગોળમાં મેળવી ખાતર તરીકે નાખવા; મીઠી નારંગી લાવવા માટે કોઇપણ પશુનું માંસ, ગાયના દુધને ગોળમાં ભેળી પાણીમાં ઉકાળી ખાતર વાપરવું, મીઠાં દાડમ ઉગાડવા માટે મેંઢાના માંસને ગોળમાં મેળવી તેના બાલને બાળી તેનો ધુમાડો મુળીયાને આપવો.

વરાહમિહિર નામે વિદ્વાનના ગ્રંથ મુજબ આગલા વખતમાં આર્યને ખેતીવાડીનું પુષ્ક્ત જ્ઞાન ધરાવતા હતા. તેમાં જણાવવામાં આવે છે કે "જમીન નરમ હોવાથી ઝાડો સારી રીતે વધવા પામેછે, તે માટે જે જમીનમાં વાવવું હોય તેમાં પેહેલાં તલ વાવવા, તલને પુલ આવ્યા પછી તલનાં છોડને ત્યાં મસળી નાખવાં એટલે જમીન ઘણી નરમ થશે. એક ઝાડની પાસે ૨૦ હાથના અંતરે બીજું ઝાડ રોપવું ઘણું સારૂં છે, જગા થોડી હોય તો ૧૬ હાથનો અંતર રાખવો, પણ ઓછી જગા હોય તો ૧૨ હાથની અંદર બીજું ઝાડ રોપવું નહિ. ઘણાં ઝાડ પાસે રોપવાથી તેના મૂળીયાં એક બીજાને લાગેછે અને મૂળ એક બીજામાં ભેળાઇ નુકસાન કરેછે; તેથી એકમેકની ઉપર સારાં ફળો આવતાં નથી. થંડી પવન અને ગર્મીના વધવા ઘટવાથી ઝાડને રોગ લાગુ પડેછે, કેટલાક પાંદડા સફેદ નિસ્તેજ થાયછે, કેટલાકની શાખાઓ વધતી નથી, કેટલાક ઝાડની ડાંખલીઓ

સુકાઇ જાયછે, અને કેટલાક ઝાડનો રસ બાહેર નિકળી આવેછે; આ ઉપરથી આગલ આર્યનો ખેતીવાડી તથા બાગબાનીમાં બાહોશ હતા એ સેહેજમાં જણાયછે.

હિંદુસ્તાનનો આખો વિસ્તાર '૪૩૩૦ લાખ' એકરનો છે, તેમાં બેડાણ નહિ કરી શકાય એવી જમીન '૧૬૬૦ લાખ' એકરછે, જંગલની જગ્યા '૪૭૦ લાખ' એકર છે, નેહેરવડે પાણી નહિ પોંહચાડી શકાય એવી બેડવાલાયક જમીન '૭૦૦ લાખ એકર છે; નેહેર વતી પાણી નહિ આપી શકાય એવી હાલમાં બેડાતી જમીન '૯૫૦ લાખ એકર છે. નેહેરવડે વહાલમાં પાણી આપવામાં આવતી બેડાતી જમીન '૨૮૦ લાખ' એકર છે, નેહેર વડે પાણી આપી શકાય એવી હાલમાં ચાલુ રીતે બેડાતી જમીન '૪૩૭ લાખ' એકર છે. નેહેરવડે પાણી આપી શકાય એવી બેડવા લાયક જમીન '૩૩૦ લાખ' એકર છે

* "હિંદમાં ૧૮૯૧ ની વસ્તીની ગણત્રીમાં બેતી વડે ગુજરાન કરનાર લોકોની સંખ્યા ૧૭,૫૩,૦૦,૦૦૦ ની હતી. એ સિવાય વસ્તીની ગણત્રીમાં મજુરી કરનાર તરીકે જે લોકો દર્શાવ્યા છે તેઓ પણ ઘણાખરા બેતીનાજ મજુરો છે. તેમની સંખ્યા ૨,૧૪,૦૦,૦૦૦ ની હતી; તે ઉપલી સંખ્યામાં ઉમેરતાં એકંદર વસ્તીમાં બેતીવડે નિર્વાહ કરનાર લોકોની સંખ્યા, સેંકડે ૬૯·૬૨ આવે છે. ૪૦ સ૦ ૧૮૭૨ માં એ પ્રમાણે સેંકડે ૬૮·૫ અને સને ૧૮૮૧ માં સેંકડે ૭૨ હતું. ફેમીન કમિશનની ચોકાસીમાં આવું જણાયું હતું કે ગામડામાં રેહેનારા લોકોમાંના સેંકડે ૯૦ અર્થાંત એકંદર વસ્તી પૈકી સેંકડે ૮૦ માણસ પ્રત્યક્ષ અથવા પરોક્ષરીતે નિર્વાહ કરેછે. એ કારણથી લોકોની એવડી મોટી સંખ્યાના ગુજરાનનું સાધન બેતી છે.

બેતીવાડી સંબંધી હિંદની સરકાર ખાસ ખાતું ધરાવેછે. સને ૧૮૬૬ માં ઓરિસા પ્રાંતમાં દુકાળ પડ્યો. ત્યારથી સરકારનું તેનીપર લક્ષ દોડી તે માટે ચોકસ ખાતાંઓ સ્થાપવામાં આવ્યાંછે અને તેમજ બેતીવાડી સંબંધી માહીતી મેળવવા થકી ડૉકટર વૉટ પાસેથી એક મોટો કોશ સરકારે રચાવ્યોછે. તે પછી બેતીવાડી ખાતાની સ્થાપના લૉર્ડ મેયોના વખતથી થઇ હતી; તેણે બેતીના સુધારા સંબંધમાં જે અભિપ્રાય આપ્યોછે તે જાણવાજોગ છે.—

"આ દેશની સંપતિ અને સુધારણાની વૃદ્ધિનો આધાર બીજા પુશકળ જમાના લગી બેતીના સુધારાપર રહેશે, અને પરદેશો જોડે જે પદાર્થોનો વેપાર ચાલશે તેમાં બેતીની નિપજ મુખ્ય ભાગ લેશે. એ માટે વેપારની વૃદ્ધિ થવાને બેતીનો સુધારો કરી ઉપજ વધારવાની તજવીજ કરવી જોઇએ, અને તેનો ગુણ વધારવા માટે પણ પ્રયત્ન કરવો જોઇએ, તેમજ નવી જાતનાં ધાન્ય અને કળા કૌશલ્યા તથા કારખાનામાં કામ લાગે તેવા પદાર્થો ઉત્પન્ન કરવાનો ઉદ્યમ કરવો જોઇએ. એ રીતે બને એવું સરકારે કરવાની જરૂર છે, કારણકે આ દેશમાં સરકાર કેવળ રાજ્યવ્યવસ્તા કરનારીજ ન હોતાં જમીનની માલીક પણ છે."

"આ દેશમાં જૂદા જૂદા પ્રાંતોમાં જૂદી જૂદી જાતની જમીન છે. દક્ષિણ પ્રાંતોમાં કાળી, કર્નાટકમાં ટેકરીપરની કોરી જમીન, અને પંજાબ તથા સિંધ પ્રાંતમાં રેતાળ જમીન. એ સર્વે જૂદા જૂદા વર્ગનીછે, અને તેમાં પાક પણ જૂદી જૂદી રીતે કરવા પડેછે. એ જ્ઞાન બેડુતોએ અનુભવથી મેળવેલું છે, પણ તેમાં સુધારાની ઘણી જરૂરછે."

"ઘણીખરી બેડવા લાયક જમીનમાં વાવેતર થાયછે, તે પુરી થયા પછી જોઇએ તેટલી વધી શકશે નહિ, માત્ર વસ્તીની સંખ્યા વધતી જાયછે, તેથી તેના નિર્વાહને માટે હાલ જે જમીનમાં હાલ વાવેતર થાયછે તે જમીનમાં વધારે પાક થાય તેવી તજવીજ કરી વધારી શકાય. બેતીમાં કેવા પ્રકારની

* હિંદ રાજ્ય વ્યવસ્તા અને લોકસ્થિતિ આધારે.

સુધારણા કરવી તે વિષે ખેડુતો કેવળ અજ્ઞાન છે એમ નથી. કુવાનાં પાણીથી બાગાયત પેદાશ કરવાનું કામ જૂના વખતથીજ ચાલતું આવ્યું છે, પરંતુ સરકારે નેહેરોનું પાણી આણી આપતાંજ ખેડુતોએ તેનો ઉપયોગ તુરતજ કર્યો, તેનો વધારો જોઇએ તેવો થતો નથી, તેનું કારણ તેમની કંગાલ સ્થિતિ છે. પેહેલાં જે પાક થતા નહિ તે હવે આ દેશમાં પુશકળ થાયછે. એ બીના ખેડુતો સુધારો કરવા તૈયાર છે તેનો પુરાવો આપેછે. ”

ખાતરનાં ઉપયોગની તેમને ખબર છે અને ઉચી જાતના સારા પાકમાં તેઓ તેનો ઉપયોગ કરેછે. આજ લગી ખેતી સુધારવાનો પ્રયત્ન સરકાર તરફથી થયો, તે બધો એક દેશી એટલે પરદેશમાંની પાકની જાત અહીં આણી તથા પરદેશી ખેતીનાં ઓજારો દાખલ કરી કેવળ નક્કર વાનાં દવારે થયો. આ દેશની સ્થિતિનાં પ્રમાણમાં તે ક્રમમાં યોગ્ય ફેરફાર કરવામાં આવ્યો નહિ, તેથી એ પ્રયત્નથી જોઈએ તેવું પરિણામ થયું નહિ. તેના કરતાં આ દેશના પાકની જાતો સુધારવાનો પ્રયત્ન કર્યો હોત તો વધારે ફાયદો થાત”

“ હાલમાં ખેતીનું શાસ્ત્રીયજ્ઞાન ધરાવનાર વિદ્વાન માણુસોને ઈંગલંડથી હીંદમાં તેડી તેમની પાસેથી અહીંની ખેતીનીપદ્ધતિની તથા અત્રે કયા પ્રકારના સુધારા કરવા યોગ્ય છે તેની તપાસ કરવામાં આવે છે. સને ૧૮૮૯ માં ઈંગલંડની સરકારે દોકતર “વૉએલકર”ને આ દેશની ખેતીવાડી સંબંધી તપાસ કરવા મોકલતાં તેણે બધેબધ ફરી અનુભવ મેળવી જે રિપોર્ટ ધડયો હતો તેમાં ઘણીક જાણવાજોગ તેમજ શિખવાજોગ બીના દર્શાવી હતી. ખેડુત વર્ગોમાંના કેટલાક વર્ગના ખેડુતો કાળજી અને બળની બાબતમાં બીજાઓ કરતાં વધારે સારા છે, અને નવો સુધારો ગ્રહણ કરવાને વધારે શકિતમાન છે. તેથી એવા લોકોને શાસ્ત્રીય ખેતીવાડીનાં મૂળતત્વો શીખવવાથી ફાયદો થવાનો સંભવ છે, અને તેમને એ જ્ઞાન ન હોવાથી હાલમાં ખેતીમાં સુધારો કરવાની ઘણી અડચણ નડેછે. જમીનનું ફળદ્રુપપણું હમણાની પેઠે કાયમ રાખવાને શા ઉપાય કરવા જોઇએ તે વિષે તેનું મત એ હતું કે ‘જનાવરોનું મળ મૂત્ર જમીનમાં જવાથી તેને ફાયદો થાય એવા અને બળતણ ઓછું હોવાથી, ખાતરમાં કામ લાગે એવાં પુશકળ પદાર્થો નકામાં નાખી દેવામાં આવે છે, તે સઘળા પદાર્થો જમીનને મળે એવું થવું જોઇએ; આ દેશમાં વારાફરતી પાક કરવાની પદ્ધતિ ચાલેછે તે યોગ્ય મૂળતત્વોને અનુસરીનેજ છે, અને તેમાં કેવી રીતે સુધારો કરવો તે અનુભવે કરી તેને અનુસરીને ફેરવવું જોઇએ. સારાં બી મેળવી આપવાની બાબતમાં સરકારે તજવીજ કરવી અને સરકારી ખેતરોમાં સારાં બીનો ઉપયોગ કરી લેકોની ખાતરી કરી આપવી, તેમજ બાગાયત પાક કરવાનું કામ વધારે થવું જોઇએ એમ તે કહેછે. તેના જોવામાં આવ્યુંછે કે કૃત્રિમ નેહેરનાં પાણી કરતાં કુવાનું પાણી વધારે સારું છે એમ ખેડુતો માનેછે, અને સાધારણ સમજ એવી છે કે કુવાનું પાણી ગરમ અને નેહેરનું પાણી થંડુ છે. કુવાનાં પાણીથી ખેતી કરેછે ત્યારે બહુ સંભાળથી કરેછે પણ નેહેરનાં પાણીથી તેવી કાળજી રાખી કામ કરતા નથી. ”

“ હિંદની હજી ૭,૬૦,૦૦,૦૦૦ જમીનમાં બાગાયત પાક થઇ શકે એવી જમીન હજી બાકીછે. તેમાંની સુમારે ½ જમીનમાં કુવાનાં પાણીથી બાગાયત પાક થઇ શકે અને બાકીની જમીનને નેહેરનું પાણી આપવું જોઇએ. હિંદની પ્રજાનો મ્હોટો ભાગ ખેતી ઉપર નિર્વાહ કરેછે, તેથી વરસાદનું પ્રમાણ અનિશ્ચિત હોવાથી કૃત્રિત ઉપાયો વડે પાણી એકઠું કરવાની અથવા પાણીનો પ્રવાહ આણવાની રીત આગલા રાજાઓના વખતથી ચાલતી આવી છે. સિંધ પ્રાંતમાં પાણીનો ટોટો હોવા છતાં પૂર્વે પાણીનાં કૃત્રિમ પ્રવાહ વડે તે અતિ રસાળ થયો હતો, તેમજ કાવેરી નેહેર સેંકડો વર્ષોપર બાંધેલી હતી તેનેજ હમણા

સુધારી ઉપયોગમાં આણી છે. જમના નદીની પૂર્વ અને પશ્ચિમ બાજુની નેહેરો ફિરોજશાહ તઘલખ અને શહાજહાનના વખતમાં થઈ હતી. ઇંગ્રેજ સરકારે મોટી મોટી નેહેરો બાંધેલી છે. તેણે પેહેલવેહેલી મોટી નેહેર ગંગા નદીમાં બાંધી, એ કામ સને ૧૮૪૮ માં શરૂ કરી તેમાં લૉર્ડ ડૅલ હૌસીએ ૧૮૫૪ માં પાણી આણ્યું. એજ અરસામાં દક્ષિણુમાં પણ ગોદાવરી, કૃષ્ણા અને કાવેરી નદીઓની નેહેરો બંધાઇ. સરકારની કોશેસ પાર પડેલી જોઇ મદ્રાસ અને કલકત્તામાં બે ત્રણ કંપનિઓએ નેહેરો બાંધવા માંડી. પરંતુ તે કામ તેમનાથી પુરૂં થઇ શકયું નહિ, અને તે કામ સરકારને સોંપી દેવાની તેમને જરૂર પડી. વાયવ્ય પ્રાંતમાં મોટી નેહેર જમના અને ભાગીરથી નદીઓની છે. શરદ ઋતુમાં અને વસંત ઋતુમાં બરફ ઓગળી એ નદીઓમાં પૂર આવ્યા પેહેલાં ખેતીને પાણીની બહુ જરૂર હોયછે, એવી વેળાએ આ કૃત્રિમ નેહેરોનું પાણી બહુ કામ લાગેછે. પાણી આણવા મોટ હરિદ્વાર આગળ ગંગાના પુશકળ પ્રવાહ નેહેરોમાં મળ્યા અને તેમને આગળ લાવવા માટે અથાગ મેહેનત કરી પૈસા ખરચ્યા છે. એ મુજબ ઇંગ્રેજ સરકારે જ્યાં બન્યું ત્યાં ખેતી વાડીનાં વધારા માટે નેહેરોનું કામ વધારવા માંડયું છે. ”

“ ખેતીનાં અતિ ઉપયોગી જનવરોનાં સંબંધમાં હિંદુસ્થાનની સ્થિતિ લાંના ઓછા ઘાસચારા લીધે, જનવરોની દુર્બળતા લીધે સારી નથી. જોકે હિંદમાં જનવરોની સંખ્યા મોટી છે તોય તેમને પુરતો ઘાસચારો મળતો નહિ હોવાથી તેઓ દુર્બળ હોયછે. મુખ્ય કરી ઘણા ખરા ભાગોમાં બળદો વડે ખેતી કરવામાં આવેછે. મ્હેસૂર સંસ્થાન, મદ્રાસ ઇલાકાના કર્નૂલ અને નેલોર જીલ્લા, મધ્યપ્રાંતો, મુંબઇ ઇલાકાના ગુજરાત પ્રાંત અને પંજાબના હરિયાણા જીલ્લામાં બળદની જાત સરસ છે. ઘોડાના સંબંધમાં જોતાં લશકરમાં પેહેલાનો જેટલો ઘોડાનો ખપ નહિ હોવાથી બંગાલ અને મદ્રાસ ઇલાકામાંના ઘોડાની જૂની જાત લગભગ નાશ પામીછે. મુંબઇ ઇલાકામાં, દક્ષિણુમાં અને કાઠીઆવાડમાં ઘોડા સારા થાય છે અને એ પ્રાંતોમાં સરકારનાં પોતાનાં પણ ઘોડા છે. પંજાબ અને બલુચીસ્તાનમાં માત્ર ઉત્તમ ઘોડા થાયછે અને તેઓજ લશકરને માટે લેવામાં આવેછે. પણ બધે ખેતીવાડીનું કામ બળદ વડેજ કરવામાં આવેછે. ”

હિંદુસ્થાનનો વેપાર રોજગાર સંબંધી આબાદીનો આધાર તેની ખેતીવાડી ઉપર છે; અને દેશમાં સર્વથી મોટી અગત્ય ધરાવતો ઉદ્યોગ પણ એજ છે.

ચા, કાફી તથા બાંડના ખોરાકને લગતા પાકમાં ગણ્યે તો ૧૮૯૩-૯૪ નાં વર્ષનાં ખોરાકના પાક માટે એકંદર ૧૮,૫૫,૦૦,૦૦૦ એકરના વિસ્તારની જમીન રોકાયલી હતી.

૧૮૯૩-૯૪ માં ૨,૭૩,૮૨,૦૦૦ વિસ્તારપર ઘઉંની વાવણી કરવામાં આવી હતી. ૧૮૯૩-૯૪ માં તેલનાં બિયાંની નિકાસ ૧૨,૧૧,૦૦૦ ટનના વજનની અથવા ૧૬,૭૫,૪૦,૦૦૦ ની કિંમતની કરવામાં આવી હતી.

હિંદુસ્તાનની ઇંગ્રેજી હદમાં ચોખાનો વાવણીનો સરાસરી વિસ્તાર ૬,૬૦,૦૦,૦૦૦ એકરનો હતો, જેમાંનાં ૩,૭૦,૦૦,૦૦૦ એકર બંગાલમાં; ૬૪,૦૦,૦૦૦ એકર મધરાસમાં અને ૬૧,૦૦,૦૦૦ એકર બરમાનો છે. દર વર્ષે સાફ કરેલા ચોખાની ઉતર ૨,૬૪,૦૦,૦૦ ટનના વજનની થાયછે.

૧૮૯૩-૯૪માં ૧૨,૩૩,૦૦૦ ટનના વજનની ચોખા નિકાસ કરવામાં આવ્યા હતા. જે તેની આગમજના વર્ષ સાથે સરખાવતાં સેંકડે ‘૫૨’ ટકા અને તે આગમજના વર્ષ સાથે સરખાવતાં ૩૩ ટકા ‘જેટલાં ઓછા હતા. ચોખાના નિકાસ ઉપર લેવામાં આવતી મણ દીઠ ૩ આનાની જકાતથી ૧૮૯૩-૯૪માં ૬૨,૦૦,૦૦૦; ૧૮૯૨-૯૩ માં ૭૪,૧૦,૦૦૦ અને ૧૮૯૧-૯૨ માં ૯૦,૦૦,૦૦૦ સરકારને મેહેસુલ તરીકે ઉપજ્યા હતા.

કપાસના પાકની એકંદર ઉતર ૧૮૯૩–૯૪ માં ૧,૨૨,૧૯,૦૦૦ હંડરવેટની થઇ હતી.

હિંદી ચાહની એકંદર નિકાસ ૧૮૮૬–૮૭ માં ૭,૮૭,૦૦,૦૦૦ રતલની કરવામાં આવી હતી. ૧૮૯૩–૪ માં તેની નિકાસ ૧૨,૬૩,૫૦,૦૦૦ લાખ રતલની કરવામાં આવી હતી. ૧૮૯૩–૯૪ માં નિકાસ કરેલી ચાની કિંમત રૂ. ૬,૫૮,૬૦,૦૦૦ ની થઇ હતી.

ખેતોજી—આ શૂરવીર ઠાકોર લીમડીના રાજ્ય કર્તાના વડવા ખેતોજી દેખાવે ખુબસૂરત અને શૂરવીર હતો. ખેતોજીના સમયમાં સરધારમાં વાઘેલા રજપૂતોનું રાજ્ય હતું. ભડલીનાં સરવૈયા રાજની કુંવરી અતિ સુંદર હતી, તેનું સગપણ સરધારનાં વાઘેલા રાજા ગોધાજી સાથે થયું હતું, તેથી સરધારનાં રાજના માણસો સરવૈયણને લેવા ગયા, ને તે કુંવરીને સાથે લઇ આવતાં મુસાફરી દરમ્યાન માર્ગમાં કુંઢણી ગામના તલાવ પાસે ઉતારો કીધો. ત્યાં એકાએક ખેતોજી જઇ લાગતાં તેની ખુબસૂરતી જોઇ કુંવરી આશક પડી, પોતાને વરવા માટે કેહેણ મોકલ્યું. ખેતોજી આથી વિચારમાં પડ્યો, પણ કુંવરીએ નતો આત્મઘાત કરી તેનું પાપ ખેતોજીને ચોંટશે એમ કેહવરાવ્યું. આથી ખેતોજીએ મસલત કરી કુંવરી તથા તેના માણસોને પોતાને ત્યાં ઉતારો લેવા તેડી જનાનખાનામાં મોકલી. બીજે દિવસે આ વાત જાહેર થતાં સરધારનાં માણસો સાથે ઝપાઝપી થઈ; તેમાં સરધારીઓ થોડા હોવાથી માર્યા ગયા. આ ખબર ગોધાજીએ સાંભળતાં તેણે કુંઢણી ઉપર ચઢાઈ કરી. ખેતોજી તથા ગોધાજીના લશકર વચ્ચે મોટું યુદ્ધ થયું. તેમાં ૧૪૮૬ માં ખેતોજી માર્યો ગયો.

એપ્રી— (જુઓ કેપ્રી.)

એમાશ—આ દેવતા મવાળી લોકોનો હતો, અને એને બાઇબલમાં કામોશ કહેલો છે. આ દેવતાની ભક્તિ ' સાલોમન ' રાજાએ યરશલેમમાં ચાલુ કરી હતી, પણ તે યોશિયાએ બંધ કરાવી હતી. આ દેવતાની ભક્તિ સંબંધથી કેટલાંક ક્રૂર કર્મો થતાં હતાં. આ દેવતાને ' મેશા ' રાજાએ પોતાના પ્રિય પુત્રનું બળીદાન આપ્યું હતું. આ મૂર્તીનું મોહું વાછરડાને મળતું અને હાથ આગળ પસારેલા હતા. એને મનુષ્યનો ભોગ પ્રિય હોવાથી તે દેવતાના હાથ અગ્નિથી લાલચોળ કરી ભોગ આપવા માટે નક્કી કરેલું બાળક તે ઉન્હા હાથ પર નાખી તેને તરફડીયા મારી ત્યાંને ત્યાં મરવા દેતા. આ બળીદાન કેટલાક માત પિતા મોટા આનંદથી આપી આ દેખાવ પોતે જોતા. ' આમોની ' પ્રજાનો ' મોલાખ ' અને ' મવાબી ' લોકોનો ' કામોશ ' યા ખેમાશ એ એકજ દેવતા હતા,

ખેર—આ અતિ ઉપયોગી વૃક્ષ વિષે પ્રાચિન ધર્મ ગ્રંથ વેદમાં જગે જગ વર્ણન આપેલું છે. તેમાં તેની પુંજા કરવા વિશે ફરમાવેલું છે. આ વૃક્ષ કાર્તિકેય દેવતાને વ્હાલું છે એમ પુરાણમાં વર્ણેલું છે. ખેરનું ઝાડ એટલું તો ઉપયોગી છે કે તે જૂદા જૂદા ઉપયોગમાં આવેછે. આ ઝાડમાંથી ત્રણ પદાર્થ નિકળે છે. એ ત્રણે પદાર્થનાં રસાયનિક ધર્મ સરખાંજ છે.

રંગ વગેરે બનાવવાનો કાળો કાથો, પાનનાં બીડામાં ખાવામાં આવતો કાથો, ખેર, સાલ કે જે ઔષધી ઉપયોગમાં આવેછે તે, ખેરનો ગુંદર કે જે બીજા ગુંદરો પ્રમાણે ઉપયોગી અને સસ્તામાં મળે છે, તે ખેરમાંથી બનેછે.

આ ઉપયોગી વૃક્ષ હિંદુસ્તાન અને બ્રહ્મદેશના સઘળા ભાગમાં મળે છે. સમુદ્રની સપાટીથી ૫૦૦૦ ફીટ ઉંચાઇના પ્રદેશમાં આ ઝાડ ઉગે છે. ઉત્તર ' ઇરાવદી ' ના જંગલમાં ખેરનાં ઝાડ ૭૦ થી ૮૦ ફીટ ઉંચા વધે છે અને તેના થડનો ઘેરાવો ૯ થી ૧૦ ફીટનો હોય છે. પેગુ પ્રાંતના જંગલોમાં ખેરનાં વૃક્ષ આપો આપ ઉગી નિકળે છે, તેમજ ઇરાવતી નદીના ઉત્તર કાંઠાના પ્રદેશમાં પણ આ ઝાડ ઉગેછે. મધ્યપ્રાંતમાંના બિલાસપૂર, ચંદા અને રાયપૂરના જંગલો એના વૃક્ષથી ભરાયલાં છે.

રાયપૂરના લોકોને ખેરના ઝાડમાંથી કાથો બનાવવાની કૃતિ માલમ નહિ હોવાથી તેઓ તેને બાળવાના ઉપયોગમાં લે છે. અયોધ્યા પ્રાંતમાં એનાં વૃક્ષો સારાં વધે છે. મુંબઇ ઇલાકામાં અમદાવાદ, ભરૂચ, પંચમહાલ, સૂરત, વડોદરા, ધારવાડ વગેરે પ્રાંતોના જંગલોમાં ખેર ઉગે છે. મદ્રાસ તથા મ્હેસૂર પ્રાંતમાં એનાં ઝાડ ઉગે છે, પણ ત્યાંના લોકોને તેનો ઉપયોગ માલમ નહિ હોવાથી તેઓ પણ એને બળતણ તરીકેજ ઉપયોગમાં લેછે.

એનાં ઝાડ મધ્યમ ઉંચાઇએ વધે છે. એની છાલ ઉપરથી લોખાનના રંગની હોય છે, અને તેની ઉપર મોટી કરચળીઓ ઉઠેલી હોય છે. તેમજ હુકા તથા વાંકા એવડા કાંટા આખા ઝાડ પર હોય છે. પૂલો સફેદ અથવા ફિક્કા પિળા રંગનાં હોય છે. એની ઉપર આવતી શિંગો ચપટી ને લાંબી હોય છે. ખેરના એક ઘન ફીટ લાકડાનું વજન ૭૦ રતલનું હોય છે.

ખેરના ઝાડની છાલમાંથી તંતૂ નિકળી શકે છે, પણ તેનો હજી કેથે ઉપયોગ કરવામાં આવ્યો નથી. ખેરના બાહેરની બાજુનું લાકડું પીળું હોય છે, ગાભાનું લાકડું કાળું અથવા લાલ અને કઠણ હોય છે. જુનું લાકડું રંગ્યાથી તે સફાઇદાર બને છે.

ખેરના લાકડાનાં તીર, કામઠાં, મુસલ, તેલ તથા શેરડી પીલવાની ઘાણી, તરવારની મુઠો વગેરે ઉપયોગી ચીજો બનાવવામાં આવે છે. બરમામાં ઇમારતના જાડા થાંભલા ખેરના લાકડાંના વાપરે છે. ખેરના લાકડાનો કોલસો ઉત્તમ પ્રકારનો હોય છે.

મજબૂત ઇમારતના બાંધકામમાં કાથાનું પાણી કરી તે પાણી અથવા ખેરનું લીલું લાકડું છાલ સાથે ઝીણું કાપી તેને બાફી તેનો અરક કાઢી તે અરકને ચુનામાં નાખી તેવા ચુનાથી દેવાલ ચણીયાથી તોપના ગોળા સામે વધીક તે દેવાલ બંચાવ કરી શકેછે.

ભગંદર ઉપર ખેરની છાલ તથા ત્રિફળાનો કાવો બનાવી તેમાં ભેંસનું ઘી અને વાવડિંગનું ચૂર્ણ નાખી પાય છે. ઉધરસ ઉપર ખેરની અંતરછાલ ૪ ભાગ, બહેડાંદળ બે ભાગ અને લવંગ એક ભાગ કરી તેનું ચૂર્ણ કરી તે મધમાં પાવામાં આવે છે.

ખેરસાલ—ફિક્કા રંગના ખેરના લાકડામાં રહેતી નાહની સળી. આ ખેરસાલ કોઇ કોઇ વેળા લાકડું ફાટયાથી તે માહેથી મળી આવે છે. આ પદાર્થ ખાંસી, કફ, ઝાડો અને મોહના ચાંદા પર અકસીર છે. આ ખેરસાલ ઘણા નાહના જથ્થામાં મળતી હોવાથી ૧૫ થી ૨૦ રૂપ્યે શેર વેચાય છે. ગુજરાતમાં ખેરસાલ પુશકળ મળે છે. ઢાંસા ઉપર ખેરસાલને અજમાના પુલ સાથે ખાવાના પાનમાં મેળવી રાત્રે સુતી વખતે ખાધાથી ઢાંસો મટે છે.

ખૈરપૂર—સિંધનું દેશી રાજ્ય. એ સિંધ પ્રાંતમાં છે. એની ઉત્તરે સક્કર, પૂર્વે રજપુતાના એજન્સીને તાબેનું જેસલમીરનું રાજ્ય, દક્ષીણે ઉત્તરકોટ જીલ્લો ને પશ્ચિમે સિંધુ નદી છે. રાજ્યનું ક્ષેત્રફળ ૬૧૦૯ ચૌરસ મૈલ છે. તેમાં વસ્તી ૧,૩૧૯૩૭ ની છે. દર ચૌરસ મૈલ ૨૧·૬૦ ની રાસ આવે છે. વાર્ષિક ઉપજ ૬,૬૦૪૦૦ રૂપીયાની છે. દેશ ખુલ્લો, સપાટ હોઇ નદી નાળાંથી રસાળ છે; પણ ઇશાન્ય કોણ ભણીનો ભાગ ડુંગરાળ ને ખરબચડી છે. દેશમાં ઘઉ, બાજરી, જુવાર, રૂ, જવ વગેરેની મોટી પેદાશ થાય છે. ઉત્તર તરફનાં પાહાડમાંથી નદીઓ વેહેતી આરબી સમુદ્રમાં મળે છે. જંગલોમાં હિંદુસ્થાનમાંનાં દરેક હિંસક પ્રાણીઓ મળે છે. મુખ્ય ઉપયોગી જાનવર ગાય, ભેંસ, ઉંટ વગેરે છે.

ખૈરપૂર રાજ્યમાં મુખ્ય વસ્તી ઇસલામીઓના હોઇ તેમની મુખ્ય ભાષા સિંધી છે. રાજ્યધાનિ શેહેર કિલ્લેબંદીવાલું છે. ખૈરપૂરના અધિપતિ તાલપૂર જાતના ઇસલામીઓ છે.

ખૈરપૂર—ભાવલપૂરમાં આ શેહેર ઘાઘરા નદીને ડાબે કાંઠે ૧ મૈલપર છે, એની પૂર્વમા મ્હોટા રેતીના પર્વતો એટલા તો છે કે તે તરફના રેતીના તુફાનથી કેટલાક ગામ પાસેના ઘરો દટાઈ ગયાં છે. શેહેર નજદીક એક મોટોડી-

નો કિલ્લો છે. શેહેરમાં મોટું બજાર હોઇ ૪૦૦ દુકાનો છે. મુખ્ય વસ્તી ઇસલામીઓની છે. વસ્તી ૭૦૦૦ ની છે.

(૨) વાયવ્ય પ્રાંતમાં શહાજહાનપૂરના બ્રીટીશ જીલામાં બરેલીથી ફતહેગરના માર્ગમાં બરેલીની દક્ષિણ પૂર્વ ૩૦ મૈલપર છે.

ખૈરી—'કાથો' બનાવનારી પ્રજાને બંગાલમાં ખૈરી કહેછે; અને ઠાણા જીલ્લામાં 'કાતકરી' કહેછે. આ જાત પ્રથમ ઉત્તર તરફથી આવી સૂરત પ્રાંતામાં વસી હતી. લંકાના રાજા રાવણ સામે ફતહે મેળવનારા શ્રી રામના વાનર સૈન્યથી તેઓ ઉતપન્ન થયા હતા એમ તેઓ જણાવેછે. બીજી જંગલી જાતો કરતાં તેઓ વધારે કાળા અને પતળા હોયછે. આ કાતકરી લોકો અંગે પુષ્ટ અને દુઃખ સહન કરવાની ઘણી બળકટ શક્તિ ધરાવેછે. તેમના બે વર્ગ છે, એકનું નામ 'સોને' ને બીજીનું 'ઘોર' છે. સોને અને મરાઠા કાતકરીઓ ગોમાસ ખાતાં નથી, તેથી તેઓને હિંદુઓ અડકે છે. પણ 'ઘોર' કાતકરીને કોઇ અડકતું નથી. તેઓ પ્રાચીન કાળથી વંશપરંપરા એજ ધંધો કરતા આવ્યાછે, પણ જંગલ ખાતાની બંદીથી હાલ તેમનો ઉદ્યોગ પડી ભાગેાછે, તોપ દેશી રજવાડામાં તેઓ પોતાનો ધંધો ચલાવી શકેછે. કાથો જ્યાં બનાવેછે ત્યાં પારકા ઘણીને કદી અપવા દેતા નથી. કારણ કે તેથી જગા અપવિત્ર થાય એમ તેમની સમજ છે.

ખોગીર—પ્રાચીન ઇરાનમાં ઘોડે સ્વારીનો રેવાજ હતો અને તેથી તેઓ પોતાની બેઠક માટે ચામડાનાં ખોગીર બનાવતા હતા. પાદશાહો માટે ખાસ જવાહેરથી મઢેલા ખોગીરો બનાવવામાં આવતા. ચીનાઓ પણ પ્રાચીન કાળથી ચામડાનાં ખોગીર ઉપયોગમાં લેતા આવ્યાછે.

રોમનો ખોગીર તથા પાવડા આગળ જાણતા ન હોતા. ૩ જી સદીમાં તેઓએ ખોગીર ઉપયોગમાં લેવા માંડયું હતું.

ઇંગલંડમાં ૪૦ સૅ૦ ૬૦૦માં ખોગીર જાણીતા થયાં હતા. સ્ત્રીઓને માટે બેસવાનાં ખાસ ખોગીર (સાઇડ સેડલ) ઈ૦ સ૦ ૧૩૮૮ માં ઉપયોગમાં આણ્યાં હતા, પણ બીજા રીચર્ડની રાણીએ આ શોખ પેહેલવેહેલો સ્ત્રીઓમાં દાખલ કીધો હતો.

ખોજક—ખ્વાજા અમરાન પર્વતની હાર વચ્ચેની એક ખીણ. આ ખીણ 'પીશાહન'ની ખીણની ઉપર સમુદ્રની સપાટીથી ૬૪૦૦ ફીટ ઉંચાઇપર ૨½ મૈલ લાંબી છે. એજ માર્ગે ખંદહાર વેરની રેલ્વે વધે છે.

ખોજંદ—સરદિરાપર રશિઅન તુર્કસ્થાનને લગતું શેહેર ખોજંદની દક્ષિણથી પશ્ચિમે ૭૫ મૈલપર છે. અત્રે રેશમી કાપડનો બોહોળો વેપાર ચાલેછે. રશિઆએ આ શેહેર ૧૮૬૫માં જીતી લીધું હતું. લોક વસ્તી ૩૫૦૦૦ નીછે.

ખોજા—હિંદુસ્તાનમાં મુખ્ય કરી મુંબઈ, ગુજરાત, સિંધ વગેરે ભાગોમાં જાણીતી થએલી એક સાહાસિક કોમ. એઓનો ધર્મ મુસલમાની છે; પણ તેઓ હિંદમાંના વટલેલા હિંદુઓમાંથી એક જૂદીજ કોમ બનેલી છે. હજરત મહમદના મરણ પછી મહમદી ધર્મમાં બે મત સુન્ની ને શિયા એ પડયા. સુન્નીઓ ૪ ખલીફને માન્યા ને શિયાએ એકજ અલીને માન્યો. હજરત અલી ખલીફ થતાં બીબી આયસાં તરફથી બંડ ઉઠયું. તેની સમાધાની થતાં મવૈયા સામો થયો. તે પછી અલીના બેટા હુસેનને મવૈયાના પુત્ર યઝીદે મરાવી નાખતાં શિયા પંથવાલાઓ તેનો ગમ કરેછે. આ શિયામાંથી 'ઇસમાયલી' શાખા નિકળી. ઇસમાયલનાં વંશમાંથી મહમદ મેદી થયો. તેના વંશમાં મિસરના રાજ્યની સ્થાપના થઇ, જેઓએ પોણીત્રણસો વર્ષ રાજ્ય કર્યું. ઇસમાયલીઓએ શિયા ધર્મમાં સુફી મતનું મિશ્રણ કરી તે મદરેસામાં ભણાવ્યા હતા. આ ઇસમાયલીઓ વળી ઇમામ મુસતનસરના વખતમાં બે તડાં પડયાં તેમાં હસન સભાએ અલમુત ગઢમાં ગાદી સ્થાપી. પોણી બસો વર્ષ અમલ ભોગવ્યો. ઇમામ મુસતનસરના વડા બેટા નિઝારીનાં વંશનો છેલ્લો ખલીફ રુકનુદ્દીન ખુરશાનો અંત ચંગીસખાનના દોહિત્રા હલાકુએ આણ્યો. આ નિઝારી ખલિફાઓએ પોતાના અમલ દરમ્યાન ઇસમાયલી ધર્મનો ફેલાવો કરવા માંડયો હતો. તે પછી ૮૧૦ વર્ષ ઉપર તેમનાં ઉપદેશકો હિંદમાં દાખલ થયા. પ્રથમ તેઓએ કાશમિર, પંજાબ અને સિંધમાં ઉપદેશ કરવા માંડયો. તેઓએ પ્રથમ હિંદુઓને અનુકુળ આવે તેવો ઉપદેશ કરવા માંડયો.

નુરસતાગરના શિષ્યો ખોરાસાન અને ઇરાનમાં હતા અને તેમનાં શિષ્યોએ હિંદમાં ઉપદેશ કરી મોટા અવતારી તરીકે માન પામ્યા. પીરશમશે કાશમિર તથા પંજાબમાં બોધ કરી તેમને શુદ્ધ શિયા મતમાં આણ્યા, પણ પંજાબના વટલેલો સુન્ની મતમાં દાખલ થયા હતા. તે પછી પીર સદરૂદીને ખોજાઓને બોધ કરી સારા માર્ગ પર આણ્યા, તેના પુત્ર કબીરદીને આગળ સારો વધારો કર્યો. 'ખોજા વૃત્તાંત' મુંજબ એના ૧૮ દિકરા હતા. એણે પોતાના ભાઇ તાજદીનને વસુલાતી કાર ભારી અને દિકરા રહેમતુલ્લા શાહને પીર નેમ્યા હતા. સિંધના ખોજાઓએ તાજદીન ઉપર દાનનાં પૈસા ઉચાપત કરવાનો આરોપ મુકયો તેથી તેણે દુઃખી થઇ આપઘાત કર્યો હતો. તે પછી પીર કબીરદીનના બેટા ઇમામદીન સિંધમાં ગયા. પણ ત્યાં અપમાન થવાથી 'કેક' માં આગાખાન પાસે જઇ રહ્યા. ત્યાં પણ નાઉમેદ થવાથી ગુજરાત જઇ પોતાના આવગા શિષ્યો બનાવ્યા. તેની આમદાનીમાંથી તેની પીરાણાની દરગાહનું ખર્ચ અને તેના વંશજોનો નિર્વાહ થાયછે. આ પીરે પીર રહેમતુલ્લાશાહના વંશજને પોતાની કન્યા આપી, તેના દાનમાં શિષ્યો આપ્યા હતા, તેઓને તેણે આગાખાન તરફ વાળી દીધા. એના વંશજ મુશાકશાહની પીરતન તેના ભાઇ હસનપીરે આગાખાનને સમજાવી લીધા; પણ ચેલાઓની મોટી સંખ્યા મુશાકશાહ તરફ રહી. જે એખલા મુશાકશાહને માનનારા થયા તે અદ્યાપિ તેના રોઝા અને

વંશજને માને છે, તથા કારભાર કરેછે.

આગા અબ્દશલુમનાં વખતમાં સિંધી ખોજા 'દશાદ' ના ઝોળી 'કેક' લઇ ગયા. આગાખાને 'પંદીઆદ જવાંમર્દી' નામે ગ્રંથ લખ્યો, ને તેમાં લખેલી નશીયત મુજબ તે પર અમલ કરવા ફરમાવ્યું. આ ગ્રંથનું નામ પીરોની ટીપમાં દાખલ થઇ આગાખાનના કુટુંબીઓ પીર નેમાયા; જેથી હિંદુસ્તાન તરફનું બોચનું કામ કટકયું: શિષ્યો ઘટવા લાગ્યા કે પીર દાદુને બીલાત બક્ષવામાં આવી. આ પીરદાદુએ ઘણાક હિંદુઓને વટલાવી ખોજા બનાવ્યા.

જે હિંદુઓ ખોજા બની અધુરું જ્ઞાન પામ્યા તેમાંના કેટલાક ફરી હિંદુઓમાં મળી ગયા. તેમાં ઇમામદીનના શિષ્યોના આચાર વિચાર બીજાઓથી જૂદા પડયા, ને હાલ તેઓમાં સ્વામી નારાયણનો બોધ પસરો તેઓ સ્વામિનારાયણ પંથમાં મળી જવા લાગા છે. "પીરદાદુના વંશજોને ખોજાઓ 'બાવા' કહે છે. ને સિંધ તરફ તેમને 'બાબા કહેછે. તેઓ ખોજાની જમાતમાંથી મળતા દાનના પૈસા એકઠા કરી આગાખાનપર આગળ ઇરાન મોકલતા હતા, પણ હાલમાં આગાખાનનું 'દરખાનું' મુંબઇમાં છે ત્યાંજતે જમા કરાવે છે. સંવત ૧૯૦૦ માં આગાશા હા હસનઅલી તરફથી તેમનાં ભત્રીજા આગાબ્દુરખાન કચ્છ ભુજમાં આવ્યા તેથી કચ્છના બાવાની વકાલત બંધ પાડી અને સંવત ૧૯૦૬ માં હાલાર ગયા ત્યારે હાલારમાં વસનાર બાવાની વકાલતનો કબજો લીધો. તે પછી બાદરખાને કચ્છનાં કેરા ગામમાં જઇ ખોજાઓને સુધાર્યા હતા. આગા હસનશાહના પિતા બલીહશા ઇરાનના કેરમાન જીલ્લાના ગવરનર હતા, પણ શાહ હસનઅલ્લીએ એ જીલ્લો જીતી લેતાં શાહ સાથે અનબનાવ થતાં તેઓ હિંદ તરફ આવ્યા. તેટલાં કાબુલની લડાઇ દરમ્યાન બ્રેઝોને મદદ કરવાથી રૂ. ૩૦૦૦ નો દરમાયો સરકાર તરફથી મેળવ્યો. તે પછી આગા શાહહસનઅલી સિંધમાં આ-

વી રહેતાં ખોજા જ્ઞાતીઓએ તેમને ભેટો આપી કચ્છ તેડ્યા, જ્યાં દરબાર તરફથી સારૂં માન મેળવ્યું. પણ સંવંત ૧૯૦૪ માં મસકતના ખોજાઓના બે તડાં પડ્યાં; તેમાં એક તડાં વાલાઓ ઇસલામી ધર્મ પર ફીદા થયા. ત્યારે બીજા અર્ધ મૂર્તિપૂજકને વખાણવા લાગ્યા. એ કજ્યાનો અંત ૧૮૩૦ માં આગાશાહ હસનઅલીએ સુલ્હેથી આણ્યો.

હાલના ખોજાના મુખ્ય બે ભાગ છે. એક ઉત્તર તરફના, બીજા દક્ષિણના. ઉત્તરમાં કાશ-મિર, લાહોર, પંજાબ વગેરે દેશોના ખોજા જે જુના ખોજાઓ તરીકે જાણીતા છે તેઓ વસે છે. તેઓ શુદ્ધ શિયા મત પાળે છે. તે ઓમાં જે સુન્ની છે તેઓ સીપાહગીરીનો પેશો કરે છે અને તેમની સંખ્યા 'ખોજા વૃતાંત' મુજબ પોણા લાખની છે, તેઓ આ-ગા ખાનને પીર તરીકે માનતા નથી. તેમજ નવા ખોજાઓની સંખ્યા પણ તેટલીજ છે. મી૦ સચેદીન. કૃત ખોજા વૃતાંતમાં જણાવ્યા મુજબ એમની વસ્તી નીચે મુજબ છે.

૨૬૯૦૬	કાઠીઆવાડમાં.
૫૩૯૩	સિંધમાં.
૨૨૬૧	અમદાવાદ જીલ્લો.
૧૧૭૨	થાણા જીલ્લો.
૧૫૬	ખાનદેશ.
૧૩૦	કલકત્તા.
૭૨૫	મકરાણા
૭૫	એડન,મક્કા.
૭૨૫૩	કચ્છ.
૮૪૫૧	મુંબઇ.
૧૮૭૨	વડોદરા.
૩૩૯	સુરત.
૨૫૦૦	જંગબાર.
૨૫૦	દમણ, દીવ.
૧૧૦૦	મસકત, મારેત, બંદર અબ્બાસ, મીન, લંગા કસમ વગેરે.
૧૭૫	કરબલા, શાહનજફ, કજમીન.
જુમલે ૫૯૪૮૫.	

૨૮૦૦	મુમના ખેડવાયા.
૭૫૦	ગુજર. ગુપ્તિ
૧૫૦૦	મુલતાની.
૯૦૦૦	અતલાઇ, બોરાશાની.
૪૫૦	ભોયી–ભુમના
૧૫૦	લોહાર–સોની
૬૭૦૦	કાબુલી અકશાની
૨૧૩૫૦	

કુલે—૮૦૮૩૫.

ખોજા પંથની ભક્તિની જગ્યાને 'ખાનું' કહે છે. દરેક ખોજાની વસ્તીવાલા ગામમાં એકક ખાનું હોયછે. ખાનામાં કેટલાક ખોજા બંદગી કરવા જાયછે. ત્યાં ચારદિશા બેસેછે અને પીર દાદુની બનાવેલી દુવા સહવારમાં તથા સુવા પેહેલાં કરેછે. એક જમાતની મંડળી હોય તેમાં મુખી, એક કામડીઓ અને ગામ-ના પ્રમાણમાં બે અથવા વધારે અમલદારો હોયછે. એ અમલદાર પૈકી કેટલાકને આ-ગાખાન તરફથી 'વજીર'ના ખીતાબની ખિલાત મળેછે, તેને 'વારસ' કહેછે. આ મં-ડળી પોતાના અપસમાં થતા કજ્યા ચુકવેછે, તથા આગાખાનને હદીઓ મોકલવા સારૂં દાનના પૈસા વસુલ કરેછે, તેને માટે કેટલીક રીતો બાંધેલીછે. તેમાં કેટલીક નિયમિત અને કેટલીક અનિયમિત છે. કેટલાક ખોજા કમાઇમાંથી દસમો હિસ્સો આપેછે, કેટલાક પેદાશની રકમ વાર્ષિક આપેછે. સાદી ગમીનાં ખર્ચ ઉપર કેથે નવમો હિસ્સો તો કેથે ઉ-ધડ બાંધીલેછે. તે શિવાય દસ્તબોસી, ન-જરાણા વગેરે અનિયમિત ઉપજ ઘણી મોટી થાયછે. તમામ ખોજા કોમમાંથી વર્ષની ઉ-પજ રૂ ૫,૦૦,૦૦૦ ની થાયછે.

ખોજાઓ દરેક ઇદ, ચાંદરાત, ચૌદમીરાત અને શુક્રવારની રાતના ઘટસ્થાપના કરેછે. તેઓ પ્રથમ એક પાટ માંડેછે, તેનીઉપર ચીનીનો પ્યાલો મુકી તેમાં પાણી રેડેછે ને પછી કરબલાની ખાકની ગોળી પિગળાવી તે

ઉપર મંત્ર ભણી ક્રિયા કરનારની આજ્ઞા માંગી એકઠા થએલા કાંઈ પૈસા મેળી પીયે છે. ખોજાઓ જ્યારે તસબીહ ફેરવેછે ત્યારે 'શાહ-પીર' એ મંત્ર ભણેછે. શાહ એટલે અલ્લા ને પીર એટલે રસુલ એવી એ મંત્રની સમજ છે. એનો હેતુ કલમા જેવો છે. ખોજાઓ પોતાના શાહ તથા પીરની પેઢીઓ નોંધી રાખી બંદગીમાં તેમની પણ યાદ કરેછે.

ખોજા કોમ દેખાવળી, તેમાં સ્ત્રીઓ વિશેષ સોહામણી હોયછે. પુરૂષો ઘણા ખરા માથું ઓડાવે છે ને દાઢી રાખેછે. તેઓ કચ્છી કે અલાઈ બોલી બોલે છે ને કેટલેક દેકાણે ગુજરાતી. તેઓ ગુજરાતીમાંજ લખેછે. શેહેરી ખોજા ત્રણ ખુણાની કીરમીજીઆ અરધી રેશમી ને અરધી સુતરાઉ એવી પાઘડી, અંગરખો ને પોહોાલા લેંઘા પેહેરેછે. સુધરે-લાઓ નવી ફેશીનમાં પોતાનો વેશ બદલતા જાયછે. ગામડાનાં માથે ફાળીઆં બાંધે છે ને કુડતું પેહેરેછે. તેમના બૈરાં મુખ્ય રેસમી પોશાખ પેહેરેછે. મુખ્ય ઓઢણી, સદરીયો ને ઇજારછે. આ કોમ વેપાર વણજમાં ઘણી ખીલી નિકળે છે અને હિંદના દરેક ભાગમાં તેઓ વેપાર કરેછે.

ખોન્દ—કાશમિરમાં બારીચલ પર્વત અથવા પંજાબની ઉત્તર બાજુ આ મ્હોટી ઉંચા ખડકોવાલી ખીણ ૩ મૈલ લાંબી હોઇ તેમાં અનેક ગામડાં વસેલા છે. ત્યાંના લોકો ખેતીનો ધંધો કરેછે, અતરેની હવા સરદ ને ઠંડી છે, આ ખીણ સમુદ્રની સપાટીથી ૬૦૦૦ ફીટ ઉપર છે, એનું મુખ્ય મથક ખોન્દ છે.

ખોન્દે મીર—એ અમીર ખોન્દેશાહનો (મીર ખોન્દ) બેટો હતો, એનું આખું નામ ગયા-સુદ્દીન ખોન્દે મીર હતું, એ 'ખુલાસાત અલ અખબાર' નામની તવારીખનો કર્તા હતો, આ ગ્રંથ 'રોઝાત અસ સફા'નો સંક્ષેપ સાર તરીકે જણાવવામાં આવેછે, એણે 'ખુલા સાત અલ અખબાર ગ્રંથ ઈ. સ. ૧૪૯૮ હિ. સ. ૯૦૪ માં રચ્યો હતો; અને તે ગ્રંથ અમીર અલ શેરને અર્પણ કરી તેની મદદ મેળવી હતી.

ખોન્દે મીરના જન્મ સને વિશે સર એચ. એમ. એલીયટ જણાવે છે કે એ હિરાતમાં ઇ. સ. ૧૪૭૫ માં જન્મયો હતો.

એણે પોતાના ગ્રંથને પોતાના મુરબ્બી મદદગાર કરીમઉદ્દીન હબીબ ઉલ્લાના નામ ઉપરથી "હબીબ અસશેહર' નામ આપ્યુ હતું. ઉપલા ગ્રંથ શિવાય એણે મઝીર અલ મુલ્ક, અખબાર અલ અખબાર, દસ્તુર અલઉઝરા, મુકારીમ અલ અખલાક અને મુન્તખબ તારીખ વાસાફ નામે ગ્રંથો રચ્યાં છે. વળી જવાહેર અલ અખબાર નામે ગ્રંથ પણ રચેલો છે. ઇ. સ. ૧૫૨૭ માં દેશ માહે ઉઠેલા બખેડાથી એને હિરાતમાંજ રહેવું પડ્યું હતું, પણ બખેડો સમાતા હિંદુસ્થાન તરફ મુસાફરી કરી; તે વેળા-એની સાથે સમુજી "શલ્યતા મૌલાના સાહેબ-ઉદ્દીન અને વિદ્વાના લેખક મિર્ઝા ઇબ્રાહિમ ખાતુની" એઓ હતા. ૧૫૨૮ નાં ૧૯ મી સપ્ટેંબરે આગ્રા પાયતખ્તમાં આવ્યા અને શેહેનશાહ બાબરની મુલાકાત લીધી, શેહેન-શાહે એમને દૌલતથી નવાજી પોતાના આશ્રયમાં રાખવાની ખુશી બતલાવવાથી ખોન્દેમીર બંગાલની ચઢાઇ વેળા બાદશાહ સાથે હતો, તથા હુમાયુનના મંદવાડ ને બાબરના મરણ વેળા પણ ત્યાંજ હતો. તે વેળાના બનાવોપર એણે બયતો રચી તેને કાનુને હુમાયુની' નામ આપ્યું હતું, આ બયતો અબુલ ફજલે અકબર નામામાં ઉતારી લીધી છે. એ હુમાયુન સાથે ગુજરાત જતાં ખાનદેશથી મન્કુના માર્ગમાં ઇ. સ. ૧૫૩૫ હી૦ સ૦ ૯૪૨ માં મરણ પામ્યો. એની મરણના થોડા દિવસ આગમજ એનો મિત્ર મૌલાના શહાબઉદ્દીન ગુજર્યો હતો. એની ખાહેશ ઉપરથી એના શબને દિલ્લી મોકલી ત્યાં અમીર ખશરૂ તથા નિજામઉદ્દીન ઉલ્લાની કબર પાસે દફન કરવામાં આવ્યું હતું.

ખોનસાર—આ ઈરાની શેહર ઈસ્પહાનની

ઉત્તર પશ્ચિમે ૮૦ મૈલ પર છે. લોક વસ્તી ૧૨,૦૦૦ની છે.

ઓય—આજર બિજન માહેલો જીલ્લો. તાઇ-ઝિજની ઉત્તર પશ્ચિમે ૭૫ મૈલ પર છે. ૧ લા સલીમે આ શેહેર નજદીક ઈરાનીઓને ઇ. સ. ૧૫૧૪માં હરાવ્યા હતા. લોક વસ્તી ૨૫૦૦૦ની છે.

(૨) સરહિંદમાં હાન્સીથી લુધીઆનાનાં માર્ગમાંનું ગામ. લુધીઆનાની દક્ષિણે ૪૮ મૈલપર છે.

ઓરદાદસાલ—જરથોસ્તીઓના ૧ લા ફરવરદીન મહિનામાં ૬ ઠા ખોરદાદ રોજને દિને કરવામાં આવતા જશનનું નામ. આ દિવસ પુરાણા જમાનાથી તેની મોટાઇ માટે જણીતો છે અને એ દિવસ આગળ અતિ મ્હોટા બનાવો બનેલા નોંધાયા છે.

૧–એ દિવસે મષ્ય તથા મષ્યાન નામનું જોડું અહૂરમજદે દુનિયામાં પેહેલું ઉત્પન્ન કર્યું હતું ૨–ગયોમર્દ નામનો કદીમ ઈરાનનો પેહેલો પાદશાહ જન્મ પામ્યો હતો. ૩–પેશદાદ ખાનદાનનો હોશંગ પાદશાહ પેદા થયો હતો. ૪–તેહેમુરસ દેવબંદ પાદશાહે હારેમન તથા દેવોને એ દિવસે જેર કર્યા હતા. ૫–ફરેદુને પોતાની પાદશાહી પોતાના ત્રણ દિકરાને એ દિને વેંહેચી આપી હતી. ૬-સામ નરીમાંને એક જબરા દેવને માર્યો હતો. ૭–ક્રેખશરૂ પાદશાહે અફરાશિઆબને માર્યો. ૮–ક્રેખશરૂ પાદશાહ પોતાનું તખ્તો તાજ તજી ગેઝેનશીન થયો. ૯–અશો જરથોસ્તનો જન્મ થયો ૧૦–હજરત જરથોસ્તને દાદાર અહૂરમજદની તરફથી દીનની આગાહી થતાં પેગંબરી મળી. ૧૧–ગુશતારપ પાદશાહે જરથોસ્તી દીન કબુલ કીધી હતી.

ઓર્દેહુ—બંગાલમાં કટકના દક્ષિણ ભાગમાં અથવા પોરીના બ્રિટીશ જીલ્લાનું ગામ. કાલપિથી ઓરીસાના માર્ગમાં છે. હાલમાં તદન પડત હાલતમાં હોઈ પુરાણા વખતની દેવાલ અને ભાગોળો બાકી રહેલી છે, તોપણ હાલમાં ઓરીસામાં ખોર્દેના તબંગર જાગીરદારનું મુખ્ય મથક છે.

અત્રેનાં જગનનાથના દેહરાંપર જમીનદારની મુખ્ય સત્તા હોઇ ત્યાં આવતા જત્રાળુઓ પાસે કર ઉઘરાવી ત્યાં સર્વોપરી સત્તા ચલાવતા હતા, પણ પાછળથી બ્રિટીશ સરકારે કાયદાથી તે કર બંધ કીધો હતો. કટકની દક્ષિણ પશ્ચિમે ૨૫ અને કલકત્તાની દક્ષિણ પશ્ચિમે ૨૪૫ મૈલ પર છે.

ઓર્દેહુ અવસ્તા—જરથોસ્તીઓની રોજની ભણતરની નાહની ચોપડીનું નામ. તેમાં યષ્તો, ન્યાયશો, આફ્રિનગાન, ગેહે વગેરે સમાવવામાં આવેલી છે. સઘળી મળી યષ્તો ૨૨ છે—તેમાં મેહેર, બેહેરામ, હોમ, ફરવરદીન, સરોષ, આવાં, તીર, વગેરે મુખ્ય છે. આ યષ્તોમાંથી તવારીખ ઉપરાંત નીતિ બોધક સબકો મળેછે.

ન્યાયશો માત્ર પાંચ છે. ખોરશેદ, મેહેર, આવાં, માહાબોખ્તાર, અને આતશની તારીફમાં બનાવેલી છે. તેમાં ખોરશેદ, મેહેર, માહાબોખ્તાર, આવાંબંજદની ન્યાયશો તથા યસ્તો પણ સમાવેલી હોયછે.

ગેહો પાંચ આપેલી છે. ૨૪ કલાકને, પાંચ ભાગમાં વેહેંચી તે તે વખતની તેમાં સીફત ને આરાંધન છે. આ પાંચ ગેહો ઉપર જૂદા જૂદા અણુદીઠ સરદારો મવકલ કરેલાં છે.

ઓર્સાંબાદ—(જુઓ નિનિવેહ.)

ઓરાક—'દુનિયાની ઉત્પતિ પછી પેહેલાં મનુષ્ય ઝાડપાન, કંદ, ફળ ઉપર નિર્વાહ કરતો હતો, પણ જેમ જેમ તેમની વસ્તી વધતી ગઇ તેમ તેમ તેમનાં હાથમાં જે લાયક ચીજ આવતી ગઇ તે તેવો કાચી ખાવા લાગ્યા. કેટલીક વેળા તિક્ષણ ભુખને લીધે જનવરોનો ભક્ષ કરવા માંડયો અને હાલમાં આફ્રિકાના કેટલાક ભાગોમાં કાચું માંસ ખાનારા જણાય છે તેમ આસ્ત્રેલીયામાં પણ કિડા ખાનારા જંગલીઓ જણાય છે.'

ઇરાની ઇતિહાસ ઉપરથી જણાય છે કે પાદશાહ હોશંગનાં વખત સુધી મનુષ્ય કાચી

ચીજોજ ખાતા હતા, પણ પાદશાહે અચાનક આતશની શોધ કીધા પછી તેઓ ખોરાક પકાવી ખાવા લાગ્યા; તેમ તેમ મનુષ્યની હાલતમાં પણ સુધારો થતો ગયો. તેઓ માંસ, દુધ, ઇંડા મેળવવા થકી જનવરો પાળવા લાગા. અને તેઓને ખેતી ઉપર પણ નજર દોડાવી ધાન્ય ઉત્પન્ન કરી ખોરાક તરીકે પકાવી ખાવા લાગા. તે પછીજ કુંભારના હુન્નરની ખીલવણી થઇ, અને ખાણા વધારે સ્વાદિષ્ટ કરવા નીમક તથા મસાલાથી માંસ અને વનસ્પતિ પકાવી શકાય એવા એવા વાસણો બનાવવામાં આવ્યા.

કવિ હોમરના જમાનામાં મનુષ્યો પક્કા માંસહારી હતા. ઇસુખ્રીસ્ત આવવાનાં સુમારમાં તેઓમાં માછલી ખાવાનો શોખ વધ્યો હતો. તે શોખ એટલી હદ વેર વધ્યો હતો કે 'બપોરના ખાણા અને રાતના 'ખાણાને બદલે 'બપોરની માછલી ને રાતની માછલી બોલવાનો પ્રચાર પડયો. તેજ મુજબ યૂરપના લોકોનો મુખ્ય ખોરાક હાલમાં પપેટાનો છે પણ થોડી સદી આગમજ તેઓ ધાન્ય ખાનારા હતા. ખેતી કરનારી પ્રજાઓમાં વટીક માંસનો ખોરાક વનસ્પતીના ખોરાક કરતાં વધારે પસંદ કરવામાં આવે છે, જે ઉપરથી સ્પષ્ટ જણાય છે કે મનુષ્ય અસલ માંસ ખાનારા હતા. યૂરપની તેમજ એશિઆની પ્રાચીન પ્રજા પણ માંસહારી હતી.

એશિઆમાં પ્રાચીન ઇતિહાસ ધરાવનારા ચીનાઇ તેમજ આર્ય પ્રજા પણ માંસહારી હતી. હાલમાં ચીનાઇ પ્રજાનો માંસ તરફનો શોખ અને આર્ય પ્રજામાં હોમ યજ્ઞ કુંડની ક્રિયા વેળા આપવામાં આવતા બળીદાન અને બ્રાહ્મણોનું તે તરફ ધર્મ ફરજ રૂચી ઉપરથી જણાય છે કે આર્ય પ્રજા અસલ વારે માંસહારી હતી, પણ તેમનામાં મતભેદ પડતાં શ્રેષ્ટ જનતીએ માંસનો ત્યાગ કરી ક્ષત્રી તથા તેથી ઉતરતી જાતે તેનો અંગિકાર કર્યો. પણ બ્રાહ્મણો યજ્ઞ વેળા આપવામાં આવતા મેંઢાના બળીનો ભક્ષ કરવા ચુકતા નથી એ તેમની અસલ સ્થિતિ વિશે જણાય છે.

પરમેશ્વરે ખોરાકની વસ્તુઓ દેશ મુજબ સર્જીછે. ગરમ દેશોમાં તાડ, માડ, ખજુરી નારીયળી વગેરે ઉગેછે પણ થંડા દેશોમાં તે ઝાઝાં ઉગી શકતાં નથી; તેજ મુજબ બાજરી, જવ, રાઇ વગેરે ધાન્ય ઉત્તરમાંજ પાકેછે. ઘઉં અને ચોખા માત્ર વધારે ગરમ દેશમાં મોટેભાગે પાકેછે. અમેરિકાની અસલ બોયશિંગ અને મકાઈ ઉપર જણાવેલો સર્વે અનાજ તેના અસલ વનતથી દૂરના મુલકોમાં લઇ જવામાં આવ્યો છે, અને ઘણીવાર એવું બનયું છે કે, કોઇવાર પાક તેને અનુસરતાં થઈ પડે એવા દેશમાં દાખલ કર્યાથી તે દેશનાં લોકોની ખાવાપીવાની રીતમાં એકદમ મોટે ફેરફાર થાયછે.

'આપણા શરીરની હાજતો આપણા મોટા શિક્ષક છે, અને ઘણાખરા લોકો એ હાજતો પુરી પાડવા માટેજ પોતાનો ખોરાક હેરફેર રાખવાની જરૂર શિખ્યા છે.

મનુષ્ય યા પ્રાણીનાં દેહને ટેકાવવા ખોરાક એ અવસ્થની ચીજ છે. તેમાં મુગા પ્રાણી પોતાની સર્જત મુજબ મોહને રચતોજ ખોરાક ખાયછે, પણ મનુષ્ય બુદ્ધિવંત હોવાથી તે પોતાના ખોરાક માટે તહેવાર ચીજો બનાવી શકેછે, તેમજ તેને નિર્વાહ અર્થે મેહેનત કરવી પડેછે, અને તેથી તેના શરીરનાં ભાગો ઘસાયછે. તેમજ તે જ્યારે કામ કરતો નથી ત્યારે પણ તેના શરીરનો સાંચો ગતીમાં હોવાથી ઘસાય છે, તેથી તેના અવયવની ઝીણી કગરસો ઓછી થાયછે. તેને પુરવા માટે પૈષ્ટીક ખોરાકની અગતછે. સઘળા ખોરાકનું લોહી બને છે, અને તે શરીરનાં સર્વે ભાગમાં ફરી વળે છે અને તે લોહીમાંથી દરેક અવયવ પોતાને લાયકનો કુવતદાર ખોરાક પોતામાં ખેંચી લેછે.

મનુષ્યનાં ભેજાંને જોઇતી શક્તિ મલવા માટે એ ચીજની અગત્ય છે. ગુણ તથા જથ્થામાં સારો ખોરાક અને તે પચાવવાને સારી પાચન શક્તિ આપનારા અવયવોની

તંદરોસ્ત હાલત. ભેજાંને હોજરી સાથે ઘણો અતલગનો તાલુકો છે. ભેજાંના કામની થાક, ચાલુ અણગમા, ઉદાસી અને ચીંતાથી પાચન શકિત ઉપર માઠી અસર થાયછે, જે ચોકસ રસથી પાચન થાયછે, તે રસ આવી હાલતમાં દુર થાયછે.

બીજી રીતે જોતાં વધારે અથવા ઓછા જથ્થામાં લેવાયલા અથવા મુશકેલ એવો ખારાક ખાધાથી ભેજાંપર અસર થાયછે, તેથી કરીને વિચારો મંદ થઇ જાયછે, અને મગજ શકિત નબળી બને છે,

ખોરાક પાચન કરતી વેળા હોજરીને વધારે લોહી જોઇએ, અને તે વખતે તેને પોતા તરફ જોઇતો વધુ લોહીનો જથ્થો ભેજાં તરફથી ધસડવો પડેછે, હવે જો તે વેળા પાચન થવાનું કામ કરવામાં આવતું હોય તો હોજરી આગળ જોઇતા વધુ લોહીના જથ્થામાંનો કેટલોક ભાગ ભેજાં આગળ રહેછે, મગજનું કામ કરતી વેળા ભેજાં તરફ વધારે લોહીનો જથ્થો જોઇએ છે, હવે ભેજાંનું કામ કરવાનો આધાર માણસ જાતની મરજી ઉપર છે, પણ પાચનનું કામ કયારે કરવું તે કાંઇ તેના હાથમાં નહિ હોવાથી હોજરીને જોઇતું લોહી ઘણી વાર ભેજાં તરફ ખેંચી જવામાં આવેછે, પાચનનું કામ ચાલતું હોય તે વેળા જો ભેજાનું કામ કરવાનું વારંવાર થાય તો તેથી માણસની થોડા વખતમાં બદહજમી અને પાચન શકિત હેરાન થઇ પડે અને તેથી ગમે તેવા મજબુત મનશકિતવાલાની મનશકિત નબળી બનેછે. કામકાજવાલા માણસને ઘણી અગત્યની ચીજ તેનો બપોરનો ખોરાક છે. બપોરની વખતે જ્યારે મગજને પુશકળ કામકાજમાં રોકેલું હોય તે વખતે ખોરાકના સંબંધમાં કોઇપણ જાતની કસુર થતાં બદહજમી ઉત્પન્ન કરેછે અને મનુષ્ય હેરાન થાયછે, પણ રાત્રે મજબુત ખોરાક લીધાથી તે આસાનીથી પચાવી શકાય છે.

આલબ્યુમીન વાલી વસ્તુઓ શરીરનું પોષણ કરેછે, તે સર્વ પૌષ્ટીક ખોરાકમાં આવેછે, પણ જૂદી જૂદી ચીજમાં તે જૂદે જૂદે નામે હોયછે, જેમકે ઈંડાની સફેદીમાં આલબ્યુમીન, માંસમાં ફાઇબ્રિન, દુધમાં કેઝીન, ઘઉંમાં ગ્લુટન અને કઠોળમાં લેગ્યુમેન એ પૌષ્ટીક તત્વો હોયછે, આ સર્વ પદાર્થોમાં 'નાઈત્રોજન નામનો હવારૂપી તત્વ હોયછે. જે પદાર્થમાં આ તત્વો હોતાં નથી તે ખોરાક પુષ્ટીકારક હોતો નથી.

જેમ ચોકસ જાતનાં ખોરાક પૌષ્ટિક ગણાયછે, તેમ કેટલાક શરીરને ગર્મી આપવા માટે અગત્યનાં હોયછે. બાહેરની ગમે તેવી હવા છતાં શરીરમાં જે ગર્મી રહેછે તે એક સરખીજ હોયછે, મનુષ્યને શિયાળામાં સઘળા ખોરાક કરતાં સર્વથી પુષ્ટીકારક ખોરાક ચર્બી છે, શરીરને જોઇતા બળતણ તરીકે તે ઉત્તમ છે, અને તેમાંથી આપણા શરીરને જોઇતી ગર્મીનો જથ્થો સેહેલાઈથી મળી શકેછે.

એક મનુષ્યને આખા દિવસ કામ કરવા માટે તેના શરીરને મળવો જોઇતો ખોરાક બે પ્રકારે પુરો પાડી શકાયછે, પ્રથમ તેને 'હાર' યાને સ્ટાર્ચ આપવો કે જે ભાજીપાલામાંથી મળી શકેછે, આખા દિવસના કામ માટે ૯૦૦૦ ચોખાભાર 'હાર'ની જરૂર પડેછે પણ ચર્બી ૫૦૦૦ ચોખાભાર પુરતી થઇ પડેછે, એ ઉપરથી ચર્બી વધારે પુષ્ટીકારક જણાયછે, પણ સાધારણ રીતે ચર્બી તથા હાર ભેળીને ઉપયોગમાં લેવામાં આવેછે.

ઈંડાની સફેદી, દુધની મલાઇ તથા આટો વગેરે નાઇત્રોજનના તત્વો ધરાવનારી ચીજો ૧ ઔંસ વજનમાં લેવાથી એક માણસને ૧૭૩ ટનના વજનની ચીજ એક ફુટની ઉંચાઇએ ઉંચકવા જેટલું જોર મળે છે, તેટલાજ જથ્થામાં સ્ટાર્ચ લેવાથી ૧૩૮ અને ખાંડના ખોરાકથી ૧૩૧ ટન જેટલા વજનની જનસ એક ફુટની ઉંચાઇ એ લઇ જવા સરખું જોર મળે છે, પણ માંસ ચર્બીનો ખોરાક લેવાથી ૩૭૮ ટન જેટલા ભારે વજનની જનસ એક ફુટ ઉંચે લઇ જવા સરખું જોર મળે છે; પણ પાચનને લગતું તથા બીજું કામ ચાલતાં ખોરાકના રદ જતા ભાગને ધ્યાનમાં લઇએ તો ૧ ઔંસ ચર્બીનો માણુસના શરીરના એનજીનમાં ગયાથી ૨૦૨ ટન જેટલા વજનની જણસ એક ફુટ જેટલી ઉંચાઈએ ચઢાવવાનું જોર ઓછું મેળવે છે.

ચરબીનો ખોરાક શિયાળામાં વધારે પેશ પડતો થઇ પડે છે. ઉન્હાળામાં માંસ પેઠે ચરબી પણ અકારી લાગે છે. શિયાળામાં મનુષ્યની રૂચી માંસના ખોરાક તરફ વધારે ઢળે છે, ઉન્હાળામાં વનસ્પતિનો ખોરાક વધુ પ્રિય લાગે છે.

ચર્બી જોકે આટલી અગત્તની છે તો પણ જીંદગીના નિભાવ તથા સુખ માટે તેટલો ખોરાક પુરતો ગણાતો નથી. ઈંડાની સફેદી, મલાહી, અનાજના આટામાં આવતાં ચીકણા પદાર્થ વગેરે જણસો જેમાં નાઇત્રોજનના તત્વો સમાયલાં છે તે શરીર માટે અતિ અગત્યનાં છે, કારણ કે આપણા શરીરનો બાંધો મજબુત કરવા માટે મુખ્ય કરી તેઓ કામ લાગે છે.

તેથી ઉતરતો દરજ્જો ખાંડ તથા હાર ધરાવે છે. તેઓ બન્ને ચરબીના વર્ગની ચીજો છે અને હાર તથા ખાંડને ચર્બીનું રૂપ પણ આપી શકાય છે, જેથી આપણને ગરમી સાથે ચંચળાઇ મળે છે પણ ખુદ ચર્બીના ખોરાકથી મળતી હુશિઆરી સાથ સરખાવતાં તેમનાથી હારમાં ઓછા પ્રમાણમાં મળે છે.

મનુષ્યના શરીરનો કોઇ પણ ભાગ અથવા અવયવ ખાર વિનાનો નથી. ચુનાનો એક જાતનો ખાર (ફૉસફેટ ઑવ લાઇમ) શરીરની સર્વ બનાવટોમાં હોય છે. મૅગેનિશિયા પોટાશ અને સોડાખાર પણ અતિ જરૂરનાં હોય છે. તે થકી આપણે મીઠાને ઉપયોગમાં લઇએ છિયે. ખારથી સર્વે હાડકાં સખત અને જોરાવર બની ભેજાંને પોશન આપી ભેજાંનાં તંતૂઓને મજબુત કરે છે. મીઠામાં કલોરિન નામનો તત્વ છે, જે ખોરાક પાચન કરવાની શકિત ધરાવ્યા ઉપરાંત લોહી એકરસ કરે છે. જીંદગીને ચાલુ રાખવા માટે જરૂરનો ખોરાક લેવો જોઇએ તે નીચલા કોઠા ઉપરથી જણાશે.

તત્વો.	જીંદગીને ટકાવવા માટે, તોલા—	સાધારણ મેહેનત માટે, તોલા—	અતીશય મેહેનત માટે, તોલા—
આલબ્યુમિનવાલી ચીજો	૫	૧૦	૧૬।।
ચર્બિવાલી ચીજો	૧।	૩।।	૬।
આટાના સત્વવાલી	૩૦	૪૬।	૫૦
ખાર	૦	૨	૨।।

ખોરાકમાં રેહતા ગુણકારી તત્વપર મનુષ્યની જીંદગીનો આધાર રહેછે; પણ દરેક ખોરાકમાં પૌષ્ટીક તત્વ જૂદા જૂદા પ્રમાણમાં હોયછે. ઘણો પૌષ્ટીક ખોરાક લીધાથી તે પચીને શરીરને મળતાં લોહીમાં વધારો કરી તે કાળજાં, ભેજાં તથા બીજા અવયવોને વધારી મેળેછે, તેથી લોહીના વધવાને લીધે મનુષ્ય હેરાન થાયછે, પણ જો તે તેના પ્રમાણમાં મેહેનત કરેછે તો તેને પચાવી શકેછે. ચર્બીવાલો ખોરાક વધારે ખાધાથી પચતો નથી અને તેથી પિત્ત જેવા વિકારો ઉત્પન્ન થાયછે, તેમજ આલબ્યુમિનવાલો ઝાઝો ખોરાક વધુ લીધાથી ભયંકર દર્દોને માર્ગ આપેછે; માટે અતિ ઘણો ખોરાક અથવા વધુ પૌષ્ટીક ખોરાક દેહને માટે અવગુણકારક થઇ પડેછે, તે માટે ખોરાક રૂચીને અનુસરતો અને હલકો ખાવો જોઇ તે શરીરનું સારી રીતે પોશણ કરી શકેછે. હવે

ખાવાની મુખ્ય વસ્તુમાં મુખ્ય તત્વો આલબ્યુમિન, ચર્બી, સત્વ અને ખાર જે હોયછે તેનું પ્રમાણ નીચલા કોઠા ઉપરથી જણાશે.

૧૦૦ ભાગમાં.

પદાર્થ-નામ	પાણી	આલબ્યુમિન	ચર્બી	આટાનો સત્વ	ખાર
ઇંડા	૭૩॥	૧૩॥	૧૧॥	...	૧
અડદ	૧૨॥	૨૪॥॥	૧॥	૫૮॥	૩
આરારૂટ	૧૮	...	...	૮૨	૦॥
કુટલી	૧૨	૨૩।	૨॥	૫૯।	૩।
કોળીજ	૯૧	૦।	૦॥	૫॥	૦॥॥
ગાજર	૮૫	૦॥	૦।	૮॥	૦॥॥
ઘઉં	૧૪	૧૪॥	૧	૬૯	૧॥
ઘી	...	...	૧૦૦	...	...
ચણા	૧૧	૨૨	૩	૬૨	૨
ચોખા	૧૦	૫	૦॥॥	૮૩।	૦॥
જવ	૧૫	૧૩	૨	૬૮	૨
જુવાર	૧૨	૧૨॥	૪	૭૦	૧॥
ટાપીઓક	૧૮	...	...	૮૨	...
દુધ	૮૬॥॥	૪	૩॥॥	૫	૦॥
તુવર	૧૦	૨૨	૧	૬૨	૩
પપેટા	૭૪	૧॥	૧/૨૦	૨૩॥	૧
પનીર	૩૬॥॥	૩૩॥	૨૪	...	૫॥
બાજરી	૧૧॥॥	૧૦	૪॥	૭૧।	૨॥
બકરાનું માંસ	૭૧	૨૨	૮	...	૧॥
મકાઇ	૧૩॥	૧૦	૬॥॥	૬૪॥	૧॥
મસુર	૧૧॥॥	૨૫	૧।	૬૦	૨
મીઠો કંદ	૬૭॥	૧॥	૦॥	૧૮	૨॥
માખણ	૬	૦।	૯૧	...	૨॥॥
મરઘી	૭૩	૨૦	૭	...	...
માછલી	૭૯	૧૪	૭	...	...
વટાણા	૧૫	૨૨	૨	૫૩	૨
શલગમ	૯૦॥	૧	...	૪	૦॥
સાકર	૩	...	...	૯૬॥	૦॥
સાબુદાણા	૧૮	...	...	૮૨	...

ચોખામાં સત્વવાલું તત્વ વધારે હોવા છતાં પૌષ્ટીક તત્વ તરીકે આલબ્યુમિન ઓછું હોયછે, તેથી ભાત અમથું ખાવાથી તે પુષ્ટી આપતું નથી, તે માટે તેની સાથે દાળ, ઘી, તથા નિમકનો ભાગ ભેળ કરી પુષ્ટી આપવા લાયક બનાવી ખાવું પડેછે. ઘંઉમાં પૌષ્ટીક ભાગ ગર્મી આપનાર કરતાં ૬ ઘણો વધારેછે, તેથી તે ખોરાક તરીકે લેવો અવશ્યનો છે; પણ તેમાં ચર્બી તથા ખારવાલાં તત્વો ઓછા હોવાથી તે તેમાં નાખવામાં આવેછે. જુવાર તથા જવ ઘઉંને મળતા છતાં તે કેટલાકને સદતો નથી, તોય જવામાં 'ફાસફોરીક ઍસિડ' તથા લોહાનો ભાગ રહેતો હોવાથી, તે અરિથને કુવત તથા લોહીને થર બક્ષેછે પણ મરડા જેવા દર્દો પર ઘઉં તથા જવ અવગુણકારક છે.

કઠોળમાં—ચણા, વટેણા, સીંગ વગેરે પદાર્થ કુવત આપનારાં હોયછે, પણ તે જરવાં મુશકેલ પડેછે. તે માટે કઠોળને ઘીમી આંચે ઘણાં વખત સુધી પકાવી પોચા થયા પછીજ ખોરાક તરીકે લેવામાં આવેછે. પપેટાંમાં આટો તથા સત્વ અને ખારનો પુશકળ ભાગ હોવાથી તે ખાવામાં પુષ્ટીકારક છે. મૂળા સેહેજમાં કદી હજમ થતા નથી અને તેથી તે ભારી ખોરાકના વર્ગમાં ગણાય છે.

ફળફળાદીમાં દ્રાક્ષ, નારંગી અને ખાટાં લીંબુ એ સેહેજમાં હજમ થનારાં હોવાથી ખાવામાં સારાં છે. કાચી તથા ખાટી દ્રાક્ષ નુકસાનકારક હોયછે, અને તેને છાલ તથા ઠળીયા સાથ ખાધાથી તે વધુ નુકસાન કરેછે. ખાટા લીંબુમાં 'સાઈત્રીક ઍસિડ' નામનો અટાસનો તત્વ હોવાથી તે બગડેલા લોહીને સાફ કરવાની શકિત ધરાવે છે. જમરૂખ, સેબ, પેર, સફરચંદ ઠળીયા કાઢી તથા છોળી ખાધાથી તે ફાયદો કરેછે પણ કેરીમાં ખટાસ, સાકર તથા ગુંદરનો ભાગ હોવાથી તે જલ્દી હજમ થતી નથી.

ખોરાક સાથે ઉપયોગમાં લેવામાં આવતો મસાલો પણ વધારે અગત્ય ધરાવેછે. મસાલા, અથાણા તથા પનીર વગેરે પાચન ક્રિયા સાથે સંબંધ ધરાવી મુખ્ય મદદ કરવા માટે કરેછે, તેમજ ખોરાક પાચન કરનારા રસ તથા ભુકને તેઓ વધારે છે, વળી તેઓ મનુષ્યની સ્વાદેનિદ્રયને રૂચતા હોવાથી મનની ઉપર તે સારી અસર કરી ખોરાક હજમ કરવામાં મુખ્ય મદદ કરેછે.

દુધનો ખોરાક સહુથી પુષ્ટીકારક છે, અને તેને સાધારણ રીતે પચતાં બેથી સવાબે કલાક લાગેછે. તેમાં સમાયલા પદાર્થોમાં પનીરનો ભાગ હોયછે, તેમાં નાઇત્રોજન નામનો શરીરના ભાગને પોષણકારક હોયછે, તે શિવાય માખણ અને મલાહીવાલા ચર્બીદાર તત્વો તેમાં મુખ્ય હોવાથી તે બદનમાં ગર્મી જાળવવાનું કામ બજાવેછે, વળી દુધમાં રહેતો ખારનો પણ ભાગ હોયછે, દુધ હદ ઉપરાંત લીધાથી તે અવગુણ કરેછે, દુધમાંથી બનતા મલાહી, દહી વધારે ભારી હોયછે પણ માખણ પેશ પડતો ખોરાક ગણાયછે કેમકે તે જલ્દી જરપત થઇ શકેછે.

મનુષ્ય જેમ પોતાના ખોરાક તરીકે અન્ન ફળ શાકનો ઉપયોગ કરેછે તેમ તેમનો મોટો ભાગ માંસ ઉપર નિર્વાહ કરેછે, અને માંસમાં ઘણા પુષ્ટીકારક પદાર્થો હોવાથી તે વધારે અવશ્યનો ખોરાક છે, તેમજ તે ખોરાકની બનાવટ મનુષ્યના લોહીને મળતી હોવાથી તે ખોરાક જલ્દી હજમ થાયછે. માંસનો ખોરાક જેટલો લોહીને મળતો છે, તેટલો બીજો એકે નથી. માંસનો ખોરાક દેહના દરેક અવયવને ટેકવી રાખવાની મોટી શકિત ધરાવેછે, અને શરીરના દરેક ભાગને ચપળતા આપેછે. માંસનો ખોરાક પુષ્ટીકારક છતાં તે ભારી છે અને તે માટે તેને ભાજી તરકારી સાથે ખાવામાં લેવાય છે. પણ આ ખોરાક ખાધા પછી મેહેનત તથા કસરત કરવી અવશ્યની છે. પણ માંસનો ખોરાક ભેજા, કાળજાં, તાવ વગેરે દર્દના હુમલા વેળા લેવાઇ શકાતો નથી, તેમજ માંસનું સત્વ દર્દી મનુષ્યને ઘણી પુષ્ટી આપનાર છે. ચર્બીદાર માંસ વધારે ભારી રહેતું હોવાથી તે નબળા કાયનાતવાલા મનુષ્યને સેહેજમાં જરતું નથી.

માંસમાં મરઘીને ૩ કલાક, બકરાના ગોસને ૩, ગાયના ૪, ને ડુકરના ગોસને પાંચ કલાક જરવા માટે વખત લાગેછે. તેથી ઘણું કરી મનુષ્ય બકરા તથા મરઘાંના માંસનો ખોરાક બીજા માંસ કરતાં વધારે લેછે.

મનુષ્યે ખોરાક કેટલો, કેવો અને કઇ રીતે ખાવો તેનો આધાર તેને જે જાતનું કામ કરવાનું હોય તેપર છે. શરીરને કસરતની જરૂર છે, કેમકે તેથી તંદરોસ્તી જળવાય છે.

ખોરાક ખાવો, કસરત કરવી અને તંદરોસ્તી જાળવવી એ મનુષ્યની ફરજ છે, તોય ખોરાક કેમ પકાવવો ને ખાવો એ એક અગત્યનો હુન્નર છે. ગાય, બેંસ વગેરે પ્રાણી કુદરતી હાલતમાં મલતા ખોરાક ઉપર જીવી શકે છે અને આ કાચો ખોરાક તેમની પેહેલી હોજરીમાં જઇ કેટલાક ફેરફાર અને રૂપ સાથે બીજી અને ત્રીજી હોજરીમાં ગયા પછીજ તેમાંથી લોહી પેદા થઇ શકે છે. પણ મનુષ્યને એક હોજરી હોવાથી, જાનવરની અનેક હોજરીમાં જે ફેરફાર થાય છે તે મનુષ્યની હોજરીમાં થતો નથી, તે થકી પોતાનો ખોરાક પકાવી તે યોગ્ય પ્રમાણમાં, ખાધાથી તે હોજરીમાં જઇ ત્યાંના પાચનરસ જોડે મળતાં તેમની તેના પર અસર થતાં તે શરીરના લોહી જોડે મળી જઇ શકે છે. તે માટે ખોરાક સ્વાદિષ્ટ અને જલ્દી પચે તેવો રાંધવો. કોઇ માણસે કેવો ખોરાક ખાવો તેને સારૂં કાયદા બાંધેલા નથી પણ તે દરેકની પ્રકૃતિ અને કામકાજની મેહેનત ઉપર આધાર રાખેછે.

ગરમ ખોરાક ખાવો તંદરોસ્તીને અતિ ગુણકારી છે. થંડો ખોરાક વાપરવાની જરૂર પડે તો તે બહુજ ધીરજથી ખાવો જોઇએ. કારણકે ખોરાકની ગર્મી પેટની ગર્માની મદદથી ૯૯ ડીગ્રી સુધી ચઢેલી હોય નહિ ત્યાં સુધી તેને પાચન કરવાની ક્રિયા શરૂ થતી નથી. ખોરાકને તેટલા માટે ધીરથી ચાવીને જેટલી ગરમી અપાય તેટલી આપેલી સારી. ઉતાવળે ખોરાક ખાધાથી પેટમાં ગએલો ખોરાકનો મોટો જથ્થો અજીરણ કરી માણસને બેચેન બનાવે છે, અને પાચન શકિત ભગાડે છે. થંડા ખોરાક ઉપર ચાહ, કાફી, કોકો વગેરે ગરમ પીણું પીધાથી ફાયદો થાય છે.

પશુ પક્ષીઓના ખોરાક તેમની રેહેણી તથા દેશ ઉપર હોય છે, અને તેથી તેઓના

ખોરાક વિશે નક્કી જણાયલું નથી; પણ તેઓ ઘણે ભાગે કાચોજ ખોરાક ખાય છે એ ખરૂં. પણ ચોકસ જાતના ખોરાકથી પશૂ પક્ષીના રંગ અને માહેલા ભાગ પર કેવી અસર થાય છે એ જાણીતી બીના છે.

નારંગીયા રંગના કેનેરી પક્ષી વિશે કહે-છે કે મરીના જેવો તીખાસ ધરાવનારો ખોરાક સાધારણ રંગના કેનેરી પક્ષીને ખવાડયાથી તેમની ઓલાદ નારંગીયા રંગની બને છે.

દક્ષિણ અમેરિકાના ઇડીયનો લીલા રંગના પોપટનો રંગ પીળો તથા લીલો બનાવવા માટે 'શાડ' નામની માછલીની જાતની ચોકસ માછલીની ચર્બી તેમને ખવાડે છે.

ડૉ૰ મેરીયમ નામનો એક વિદ્વાન જણા-વેછે કે પક્ષીઓનો રંગ ખોરાકીથી ફેરવાઇ શકાય છે. રાતા જાંબુડા રંગની ફીન્ચ અને અનીનાસના રંગના 'ગ્રોસબીક' પક્ષીઓને પીંજરામાં કેદ કીધા પછી તેનો રંગ હંમેશાં બદલાઈ પીળો થાય છે. તેનું કારણ એછે જે તેમને અસલ રંગમાં ટકાવી રાખવાને જે ખોરાક આપવાની જરૂર છે તે વિશેના આપણા અજ્ઞાનપણાને લીધે તે તેને મળતો નથી, અને તેથી આ ફેરફાર થાયછે.

ડુકરને મજ્જ ખવડાવવાથી તેમનાં હાડકાં રાતાં બને છે, તેમજ કોઇપણ ઉધરતા પ્રાણીને મજ્જ ખવડાવવાથી તેનું હાડકું રાતું બને છે.

કાગડાને 'પોકબેરીઝ' નામનું ફળ ખવડાવવા-થી તેનું હાડકું જાંબુડા રંગનું બનેછે.

યુનાઇટેડ સ્ટેટના પશ્ચિમ તરફના રાજ્યોની ખીસકોલીનાં હાડકાં રાતા અને યૂરપ તરફની ખીસકોલીનાં ઉજળાં હોય છે.

એક મરઘીને ૪ મહિના મજ્જ ખવડાવવાથી તેના હાડકાં બેરંગી માલમ પડે છે. વળી તે જે ઈંડા મેળે છે તેનો રંગ પણ તહેંવાર પ્રકારનો બને છે.

પતંગ્યાનો રંગ જ્યારે તે કામળીયા હોય ત્યારે તે જેવો ખોરાક લેછે તેવા રંગના તે પતંગીયા બને છે.

ખોરાસાન—(ઇસ્તવર્દ) ઇરાનનો આ એક મોટો પ્રાંત, અફઘાનિસ્તાન ઉપર છે. એનું ક્ષેત્રફળ ૨૧,૦૦૦૦ ચૌરસ મૈલ છે. એનો થોડો ભાગ રેતાળ ને ફળદ્રુપ ભાગ ઉત્તર ભણીછે કે, જ્યાં અલબુર્ઝની હાર શરૂ થાયછે. એનું મુખ્ય રાજધાની શેહેર 'મશહેદ' છે. મુખ્ય શેહેરો નિશાપૂર, શાહારૂદ, આફ, કાન અને તિબસ છે.

ખોરાસાની—એ બંગાળ તથા દક્ષિણ હિંદમાં ઉગેછે. એનું તેલ ખાવાના ઉપયોગમાં વપરાય છે. આ ખોરાસાની મોટા જથ્થામાં હિંદથી ઇંગલંડ અને ફ્રાન્સ ખાતે મોકલ-વામાં આવેછે, જ્યાં તેનું તેલ કાઢી રોગન બનાવે છે.

ખોરેતી—હિંદમાં એના વૃક્ષ ઘણે ઠેકાણે થાયછે. એના પાંદડાપર કરવતના દાંતા જેવા દાંતા હોવાથી તેને 'ખરવત' વૃક્ષ પણ કહેછે. કોકણના સુતારો એના પાંદડા વડે લાકડાને પૉલીશ કરેછે.

ખોરો—બાલની જતન નહિ રાખવાથી યા ઘણો ગરમ ખોરાક ખાધાથી બાલમાં કીડ લાગી ચામડીપર નાહની ફોલ્લી થઇ ધવડતાં ઝીણો ભૂકો નિકળે છે તે. તે માટે ઇલાજ તરીકે—બાલ કાતરી નાખી માથાને ઘોઇ સ્વચ્છ કરી પા તોલો ટંકણખાર એક રતલ ગરમ પાણીમાં મેળવી તે વતી માથું ધોઈ નાખવું, યા તેનીપર દરરોજ સાલીડ તેલને ચોપ-ડવું. એવે વખતે કોઠો સાફ આવે તેમ કરવું.

બીજો ઇલાજ એ છે કે 'જુની પરટાર-સોપ' નામે સાબુવડે માથું ધોઇ તેનીપર નીચલી મેળવણી એક ચમચીભરી ચોપડવી. એક ઔંસ બદામનું તેલ, એક ઔંસ દરા-ખતું જલદ પાણી, ચાર ઔંસ રોઝ મેરી નામના પાંદડાનો અરક અને બે ઔંસ ફ-લોરિડા વૉટર. આ મેળવણી સહવારે તથા સાંહજે નરમ બ્રશવડે ચોપડવી.

(૨) વાયવ્ય પ્રાંતમાં જૂજ હુરમાં દુજાના જાગીરને લગતું ગામ. દારીથી રિવારીના માર્ગમાં દારીની દક્ષિણ પૂર્વે ૮ મૈલપર છે.

ખોલજોહાન જર્યાર્જ—આ મુસાફર તથા ગ્રંથકારનો જન્મ ૨૮ એપ્રેલ ૧૮૦૮ માં થયો હતો. એણે કેળવણી ગેટીગન–હીડલબર્ગ અને મ્યુનિચમાં લઇ ૧૮૩૮ માં હડસન ખાતે જઇ રહ્યો હતો. પછી એણે યૂરપમાં જૂદે જૂદે ઠેકાણે મુસાફરી કરી દર વેળા પોતાની મુસાફરીના ગ્રંથો રચી પ્રગટ કર્યા હતા. ૧૮૫૪ માં એ અમેરિકા જઇ ત્યાં ૪ વર્ષ વેર રહી નકાશા દોરનાર તરીકે સરકારી નોકરી મેળવી. એ ખિમનમાં ૧૮૭૮ વેર લાયબ્રેરિયન તરીકે હતો, જ્યાં તેજ વર્ષમાં ૧૮ મી અકટોંબરે મરણ પામ્યો. એણે ૧૮૪૨ થી ૫૧ વેર આસ્ટ્રેલિયા, બ્રિટન, રાહિન, આલ્પ-સ; રશિયા, ડેનમાર્ક, નેધરલૅંડ, ઇસટ્રિયા, ડાલ-ટિયા અને મોન્ટેગ્રોમાં કરેલી મુસાફરીનાં જૂદા જૂદા ગ્રંથો રચી પ્રગટ કર્યા હતા. ૧૮૫૬ માં એણે કેનેડા, ૧૮૫૭ માં ન્યૂયૉર્ક વગેરે તરફ મુસાફરી કરી તે વિશેનાં ગ્રંથો રચ્યાં હતાં.

ખોળ—હિંદુસ્થાનમાં મુખ્ય કરી તલ, કોપરૂં ને બોયશિંગની ખોળ ઢોરોને ખવડાવવામાં આવેછે. તળની ખોળ પુશકળ મળેછે, પણ તે મોંઘી વેચાય છે. આ ખોળથી પશુતા સર્વ ભાગને અતિશય પુષ્ટી મળે છે, તેથી રક્ત વૃદ્ધિ થઇ દુધ વધે છે. કોપરાની ખોળ ગાયને ખવડાવવાથી ગાય ઘણું દુધ આપેછે. ખસખસની ખોળ ઘણી પૌષ્ટીક ગણાય છે, પણ તેથી ઢોરો હેરાન થાય છે એવો વેહેમ હોવાથી તે કોઇ ઢોરોને ખવડાવતું નથી. શીરસની ખોળ સ્વાદે તીખી હોવાથી તેને ઢોરો ખાતાં નથી, પણ તેને ગોળ યા કઠોળનાં આટામાં પકાવી દાળ, ખવાડવાથી ઢોરો હોંસથી ખાયછે. અળશીની ખોળ બકરાં મેંઢાને ખવડાવવામાં આવેછે.

ખ્રઈસતર—(ખ્રઈશ–નુકસાન કરનાર) જર-થોસ્તીઓની ધર્મ ફીલસુફી ગ્રંથમાં અહે-રેમનની બુરી પેદાયશ તરીકે ખ્રઈસ્તરો જણાવેલા છે.

આ ખ્રઈસ્તરોથી અહુરમજદની પેદા-યશ નાખુશ થતી હોવાથી તેને મારનારને સવાબ મળતો દર્શાવ્યો છે. આ ખ્રઈસ્તરોને મારતી વેળા જરથોસ્તીઓને નીચલી નીરંગ ભણવાનું ફરમાન છે.—"શ્કનોમ, વાનોમ, નિજ્દર કુનોમ, કાલ્બુદે શુમા દેવાન, વદુજ-તવ ફર્યાન પ હોમ વ બરૅસમ વ દીને રાસ્ત વ દરૂસ્ત કે મન ચાશીદ" યાને 'હોમ તથા બરસમ તથા મને શિખાડેલી રાસ્ત દીનથી હું તમો દેવો તથા દેવીઓ અને જાદુગરો તથા ડાકણોનાં શરીર ભાંજું છું, તોડું છું તથા મરણ પામેલા કરૂં છું."

આ ખ્રઈસ્તરો તરીકે સાંપ, વિંચ્છુ, દેડકા, વરૂ, વગેરે હિંસક પ્રાણીને (તે વર્ગના) ગણેલાં છે.

ખ્રવિધ્રિ—જરથોસ્તી એત્તેકાદ મુજબ એ દુષ્ટ દેવતાનું નામ છે અને તે ગુસ્સા તથા આળસાઇના દેવોની સંફનો છે.

ખ્રનાથઇતિ—એક બુરી શક્તિ, આ પરીને કેરેશાસ્પ નામના પેહેલવાન ઉપર ગાલેબ થએલી દર્શાવી છે, અને જરથોસ્તને તેનો નાશ કરતો વર્ણેલો છે.

ખ્રાઇસ્તચર્ચ—હેમ્પશાયરનું આ મ્યુનિસીપલ શેહેર સૌથેમ્પટનની દક્ષિણ પશ્ચિમે ૨૪ મૈલ પર છે. અત્રે નૉર્મન કિલ્લાના ખંડીયરો તથા પુરાણા વખતનાં ખ્રિસ્તી દેવળોનો સમુદાય છે, એના બંદરમાં વાહાણો પુશકળ આવેછે. પાર્લામેંટમાં સભાસદ મોકલવાવાલો પરાંનો ભાગ ૨૨૩૫૦ એકર છે. અત્રેથી ૧ સભાસદ પાર્લામેંટમાં જાયછે, ૧૮૫૧ માં વસ્તી ૭૪૭૫ની, ૧૮૮૧ માં ૨૮૫૩૫ ની ૧૮૯૧ માં ૫૩૨૭૦ ની હતી.

ખ્રાઇસ્ત ચર્ચ—ન્યુઝિલેંડના કેન્ટરબરીનું આ મુખ્ય શેહેર એવૅન નદી ઉપરછે. અત્રે ટ્રેમ્વે, સરકારી મેહેલ, મ્યુઝીઅમ, ખ્રિસ્તી દેવળ અને હસ્પીતાલો છે. આ શેહેરમાં પાતાળ કુવા વડે પાણી પુરૂં પાડવામાં આવેછે. અત્રે બુટ બનાવવાનું એક મોટું કારખાનું છે, ૧૮૮૮માં થએલા ધર્તીકંપથી કેટલીક મોટી ઇમારતો ભાગી પડી હતી, ૧૮૯૧ માં વસ્તી ૧૬૨૨૩ ની હતી.

ખ્રિસ્ચીઅન ટેડ—આ સ્વિડીશ શેહેર બાલ-ટીકથી ૧૪ મૈલપર અને સ્ટોકહૉલ્મની દક્ષિણે દક્ષિણ પશ્ચિમમાં ૩૫૧ મેલપર છે. અત્રે દારૂખાનું, કારખાનું ખ્રિસ્તી દેવળ અને સેનેટ સભાનું મકાન મુખ્ય ઇમારતો છે. વસ્તી ૧૦૬૭૦ ની છે.

ખ્રિસ્ચીન સેન્ડ—નૉર્વેનું આ બંદર શેહેર ઓટેરા નદીની પાસે નાર્વેના દક્ષિણ રેતાળ છેડા પર છે. ૧૬૪૧ માં ૪થા ખ્રિસ્ચીઅને બંધાવ્યું હતું. અત્રે અનેક ગોદીઓ છે. તેનું બંદર સલામતી ભર્યું ગણાય છે, અત્રે ઇમારતી લાકડાં, કૉડ તથા સામન માછલી, ઘઉં વગેરેનો મુખ્ય વેપાર ચાલેછે. અત્રેનું વહાણ બાંધવાનું કારખાનું જાણીતું છે, ૧૮૯૨ નાં જુલાઇમાં આ શેહેરમાં મોટી આગ લાગવાથી ભારે નુકસાની થઇ હતી, વસ્તી ૧૨૮૧૩ ની છે.

ખ્રિસ્ચીઆના—નૉર્વેનું આ મુખ્ય નવું શેહેર ઉત્તર ખ્રિસ્ચીઆના પર છે, ૧૮૦૧ માં વસ્તી ૮૯૩૧ ની, ૧૮૫૫ માં ૩૯૯૫૮ ની ને ૧૮૯૧ માં ૧,૫૧,૨૩૯ ની હતી.

આ શેહેરનું નામ આગલા 'ઓસ્લો' શેહેરનો આગથી નાશ થતાં ૪થા ખ્રિસ્ચીઅને ૧૬૨૪ માં બાંધીયાથી પડયું છે. આ ગામમાં દેશની રાજ્ય સભાનું મુખ્ય મકાન છે, તેમજ હાઇ કોર્ટ, યૂનિવ્હરસિટી છે, કે જે પાઠશાળામાં ૧૫૦૦ વીદ્યાર્થિઓ ભણે છે, એની સાથે જોડેલી લાઇબ્રેરીમાં ૨૫૦૦૦૦ પુસ્તકોનો સંગ્રહ હોઇ તેમાં બાગબાની તથા પ્રાણી વીદ્યા સંબંધ મુખ્ય પુસ્તકો છે. તેમજ સંગ્રહસ્થાન, પ્રયોગશાળા, વેદ્યશાળાઓની જૂદી જૂદી ઇમારતો છે. નૉર્વે અને સ્વીડ-નના રાજાના રહેવાંના અત્રે બે મેહેલો છે. તેમાં એક યુનીવ્હરસિટી નજદીક અને બીજો શેહેરથી બે મૈલપર કુદરતી મનોહરતાવાલી જગા પર છે. અત્રે એક નેશનલ પીકચર ગેલેરી તથા પ્રાચીન વસ્તુઓનું સંગ્રહસ્થાન છે. અત્રેના જુના કિલ્લામાં લશકર રહે છે. બીજી જાહેર ઇમારતોમાં પાર્લામેંટનું મકાન, બે નાટકગૃહ, ફ્રીમેશન હૉલ વગેરે જોવાજોગ છે.

ખ્રિસ્તી ભોજન—પેગંબર જ્યુજસ ખ્રાઇસ્તે પોતાના મરણના આગલે દિવસે ગુરૂવારે રાત્રે પોતાના ૧૨ શિષ્યોને પોતાની પાસે તેડી કહ્યું "તમારામાંનો એક આસામી મારો વિશ્વાસઘાત કરશે, અને તેથી હું કાલે માર્યો જઇશ. તેથી આ રોટલી લેઓ. આ રોટલી મારૂં શરીર છે અને તે તમો મારી યાદ-ગારી માટે ખાવો." તે પછી દારૂનો પ્યાલો સામે ધરી બોલ્યો "આ દારૂ પીઓ આ મારૂં લોહી છે. અને કાલે મારૂં લોહી લોકોના પાપ નિવારણ અર્થે વેહેશે તે પીઓ." ત્યારથી ખ્રીસ્તીઓ રોટલી ખાવાનું, તથા દારૂ પીવાનો તેહેવાર 'ગુડ ફ્રાઇડે' ને આગલે દિવસે પાળે છે. એને 'લોર્ડસ સપર' કહે છે. કેથલિક માત્ર રોટલી લઇ જ્યૂજસનું શરીર અને લોહી છે એમ સમજી ખાવામાં લે છે, પણ 'હસાઇટ પ્રજા' રોટલી સાથે દારૂ પણ પીયેછે.

ખ્રૂ—એ અએષમ (ગુસ્સાનો દેવ) અને ખુસ્યાંન (આલસાઈનો દેવ) દેવોની સફનો હોઇ છળકપટ ઉપર મવકલ છે.

ખ્રૂઇન્નિ—અએષમ અને ખુસ્યાન દેવની સફનો હોઇ એનામાં ૭ ખુરી શક્તિઓ છે.

ગ—૧૪ મો મૂળાક્ષર. ત્રીજો વ્યંજન વર્ણ. ગાયનશાસ્ત્રમાં મૂળ જે છ સ્વર તેમાંનો ત્રીજો જે ' ગાન્ધાર ' તેને બદલે મુકાતો સંક્ષેપ શબ્દ.

ગઉસિતળા—(જુઓ સહિઅડ.)

ગએ—હાલમાં એ ઇસ્પહાનનો એક પડત ભાગ છે, અને તે ' જએ ' અથવા ' ગએ ' ને નામે ઓળખાય છે. તબરીના જણાવવા મુજબ આ ભાગ સીકંદરે વસાવ્યો હતો. કહેછે કે સીકંદરની આગમજ એ ઇસ્પહાનનો એક ભાગ ગણાતો હતો, અને લોહરાસ્પે જેરૂસલેમપર ચઢાઇ કરી પકડી આણેલા યાહુદીઓનું ગએમાં એક સંસ્થાન વસાવ્યું હતું, અને યજદેજર્દ પેહેલાની શીરીનદોખ્ત નામની યાહુદી રાણીએ ગએમાં વસતા યાહુ-દીઓને નવાં નવાં હક્કો અપાવી તેમની યોગ્યતા રાજ દરબારમાં વધારી હતી. તેથી આ ભાગને ' યાહુદીએ ' એ નામે ઓળ-ખવામાં આવતો હતો, એમ શમસુલ ઓલ-માં જીવનજી મોદી કૃત શત્રોઇહાએ અર્દ-રાન ઉપરથી માલમ પડેછે.

ગએોકેરન—સર્વ વનસ્પતીનું મૂળ. જરતોસ્તી એત્તેકાદ મુજબ આ ઝાડ હોમપાલાના ઝાડ-નું એક રૂપછે અને તે જરેવરકશ અથવા વઉરૂકશ દર્યામાં દાદાર અહુરમજદે ઉત્પન્ન કર્યું છે. આ ઝાડની પાસબાની કરવા માટે ૯૯૯૯૯ ફરોહરો તથા બીજી પાક શક્તિ-ઓ નેગેહબાની માટે રાખેલી છે. કેમકે અહ-રેમન આ ઝાડનો નાશ કરવા સદા તતપર રહેછે તેથી તેની આસપાસ અહરેમને ઝઆં-ગાર ખરકૂશતરો, દેડકા, કાચબા, સાંપ વગેરે અસાધારણ કદનાં ઉતપન્ન કર્યાંછે. તે માટે દાદાર અહૂરમજદે કરમાહી નામની ૧૦ મા-છલીઓને તેની આસપાસ ફરતી રાખી છે, કે જે પેલા ખરકૂશતરોને મારી નાખી ઝાડ-ની જાળવણી કરેછે, અને એ મુજબ રસ્તા-ખેંજવેર તે સંભાળ લેશે. અ. વિ. ના. ફરહંગ મુજબ ' થ્રીત ' નામના એક પ્રાચીન તખી-બને મનુષ્ય જાતની આરોગ્યતા માટે અહુર-મજદે જે સાધનો સોંપ્યા તેમાં 'ઓરવરો' પણ હતાં, અને તેમાં ગએોકેરન મુખ્ય છે, જેની આસપાસ હજારો અને લાખો બીજા ઉગેછે. એ ગએોકેરનને અમેરેદાદ અમશા-સ્પંદ સાથે તાલુકો છે; કારણ કે અમશાસ્પંદ ઝાડો સાથે સંબંધ રાખેછે. એની દવા દારૂ-ની સારી ખાશીઅત થકી તેને વારે ઘડીએ આરાધવામાં આવેછે; પેહેલવીમાં તેને 'ગોકઇ-દરખ્ત ' કહી તેને ' હરવિસ્પ ' તોખમી ઝાડ-ની પડોસમાં ઉગતું જણાવ્યું છે.

ગએોતેમ—(જુઓ ગૌત્તમ.)

ગએોપિવંધુ—બાદશાહ ગુશતાસ્પના જમા-નામાં એ એક મહાન ઋષિ થઇ ગયોછે, અને તેણે જરતોસ્તી ધર્મ ફેલાવામાં તન મનથી મદદ કરી હતી અને તેથી તેને અવસ્તામાં યાદ કર્યો છે.

ગએોમુન—(જુઓ મકાઉ.)

ગંગકવિ—આ જાણીતો કવિશ્વર અકબરના રાજ્ય અમલમાં પ્રસિધ્ધતા પામ્યો છે. એ એકનૌર જીલ્લાનાં ઇટવામાં રહેતો હતો. ઇ. સ. ૧૫૩૯ માં રાજકવિ તરીકે અકબર બાદશાહની દરબારમાં માન પામ્યો હતો. એ કવિ બાદશાહનો આશ્રીત હોવા છતાં ઘણો અપક્ષપાત બોલનાર હતો. એની બ-નાવેલી કવિતા હિંદુસ્તાનમાં જગેજગ પ્રસિધ્ધ છે.

ગંગપૂર—બંગાલમાં છોટાનાગપૂરને લગતું એક નાહનું દેશી રાજ્ય. એની ઉત્તરે લોહા-રડાગા જીલ્લો ને જશપૂરનું રાજ્ય, દક્ષિણે ઓનાયતું રાજ્ય, સંભલપૂર અને બામરા, સિંગભૂમ જીલ્લો ને પશ્ચિમે રાજગર છે. એનું

ક્ષેત્રફળ ૨૪૮૪ ચૌરસ મૈલ છે. તેમાં લોકવસ્તી ૧,૦૭,૯૬૫ ની છે. આ રાજ્યનો મુખ્ય ભાગ જંગલ અને પહાડથી ભરપૂર છે, માત્ર ધળ, સંખ અને દક્ષિણ કોલ નદીવાલો નીચપ્રદેશ ફલદ્રુપ છે. ધળ નદી તરફનાં પ્રદેશમાં હિરા તથા સુન્નું જડે છે. જંગલમાંથી ટાસાર, રેસમ, ગુંદર અને ખેરસાલ તથા કાથો મળેછે. જંગલમાં દરેક જાતનાં હિંસક પશુઓની વસ્તી છે.

ઈ. સ. ૧૮૦૩ માં આ પ્રદેશ ખ્રિટીશોને હાથ આવ્યો પણ ૧૮૦૬ નાં કોલકરાર મુજબ તે નાગપૂરનાં રાજાને તાબે આવ્યું હતું, પણ ૧૮૧૮ માં માધવજી ભોંસલા (અપા સાહેબ) પાસથી છીનવી લઇ ૧૮૨૩ માં ખ્રિટીશોને તાબે આવ્યું. આ રાજ્યની વાર્ષિક ઉપજ ૨૦૦૦ પૌંડની છે. તેમાંથી ૫૦ પૌંડ હિંદી સરકારને ખંડણીના રાજાને ભરવા પડેછે. રાજ્યમાં લોકવસ્તી ૧,૦૭,૯૬૫ ની છે. તેમાં ૫૬,૦૦૯ પુરૂષો ને ૫૧,૯૫૬ સ્ત્રીઓ હતી. તેમાં ૧,૦૫,૦૮૦ હિંદુ, ૨૬૭ મોહમેદન ને ૧૦૫ ખ્રિસ્તીઓ હતા. મુખ્ય પેદાશ ચોખા, શેરડી, તેલનાં બિયાં ને તંબાકુની છે.

ગંગા અથવા ભાગીર્થિ—હિંદુ ધર્મ કથા મુજબ "શિવ સતીને પરણાવતાં બ્રહ્મા જે ગોર તે વિવ્હળ થયા હતા, પણ પછી તેનું મન કોઈ દિવસ ફરીથી ન ચળે માટે દેવતાઓએ પોતાનાં તેજ વડે જળ ઉત્પન્ન કરી તે બ્રહ્માને પોતાની સાથે નિત્ય રાખવાને કમંડળમાં ભરી આપ્યું હતું. જ્યારે વિષ્ણુએ વામન અવતારમાં એક પગ સ્વર્ગને અરકાડયો હતો ત્યારે બ્રહ્માએ પોતાનાં કમંડળમાંના જળથી પગનો અંગુઠો ધોઇ પીધો હતો. એથી જે પ્રવાહ ચાલ્યો તે સ્વર્ગ ગંગા–વિષ્ણુ પદી એ નામે જણાયો. કોઇ કહેછે કે શિવે તાંડય નૃત્ય કર્યું હતું તેથી સર્વ દેવતાઓનાં તેજનો જળ પ્રવાહ ચાલ્યો હતો તે ગંગા છે. કોઇ જણાવેછે કે બળીરાજાએ જે પાણી વડે વામનનાં પગ ધોયાં ને જેનો પ્રવાહ ચાલ્યો તે ગંગા છે. સગર રાજાનાં એક વંશજ ભગીરથે પોતાનાં પૂર્વજોનો ઓધ્ધાર કરવા સારૂં તપશ્ચર્યા કરીને ગંગાને સ્વર્ગમાંથી નીચે પડતાં તેનો ધોધ કોઇથી ઝીલાય નહિ માટે શિવે તેને પોતાની જટામાં લઇ લીધાં. ત્યારે ગંગાએ શિવને જટામાં લઇ લીધાં. ત્યારે ગંગાએ શિવને વિનવ્યા ત્યારે તેણે એક લટ છોડી પ્રવાહ ચલાવ્યો. વળી માર્ગમાં જન્હુ ઋષિ જે તપ કરતા હતા તેની કેટલીક સામગ્રી પ્રવાહમાં ધસડાઇ ગઇ, તેથી ઋષિ ગંગાનું પાન કરી ગયા. જ્યારે ઋષિની ઘણી સ્તુતિ કરવામાં આવી ત્યારે ઋષિએ પોતાની જાંગ કાપી ગંગાને બાહેર કાઢી વ્હેતાં કીધાં, તે ઉપરથી ગંગા જાનવ્હી કહેવાય છે. તે પછી ગંગા મૃત્ય લોકમાંથી પાતાળમાં ગઇ. એ સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં છે માટે એને 'ત્રિપથગા' પણ કહેછે. એ દેવી રૂપે શિવની સ્ત્રી ને કાર્તિકેયની માતા છે. એક સમે બ્રહ્માને ત્યાં સભા મળી તેમાં મૂર્તિમંત ગંગાનું વસ્ત્ર પવનથી ઉંચું થયું. એ વેળા સઘળાંઓએ નીચું જોયું પણ માહાભિષ રાજાએ તેના સામું જોયું કે ગંગા હસી પડયાં. એ સમે બ્રહ્માએ શ્રાપ દીધો કે મૃત્યુ લોકમાં તમો પડી સ્ત્રી પુરૂષનો સંસાર માંડજો' તેથી એ મૃત્યુ લોકમાં ઉત્પન્ન થયાં ને શંતનુ રાજાની સ્ત્રી થયાં, તેથી એને પુત્રો થયાં, તેમાં ભિષ્મ છેલ્લો હોઇ મોટો પ્રતાપી અને ધર્મચારી થઇ ગયો છે. આ નદીનુ મૂળ નામ સ્વર્ધુનીપણ છે. એનુ ઉગમ સ્થાન ભાગીરથના સમયથી હિમાલય ઉપરથી જાણવું, કારણકે કુમારીથી એક હજાર યોજન ઉપર એનો ઉગમ જણાવ્યો છે.

ગંગા નદીનું બીજું નામ ભાગીર્થી છે. આ નદીના બે ઉગમ છે; એક ગંગા ને બીજી અલકનન્દા, તેમાનો પશ્ચિમ તરફનો પ્રવાહ ગંગા અને પૂર્વ તરફનો અલકનન્દાને નામે જાણીતા પ્રવાહ છે. ગંગાનો પ્રવાહ અલકનન્દા કરતાં ન્હાનો છે, પણ તેનુંજ માહાત્મ ઉગમથી સમુદ્ર સુધી એક સરખું અતિ મોટું ગણાય છે.

ગંગા નદીનો ઉગમ દિલ્લીથી ૨૦૦ મૈલની વેગળાઇ ઉપર વાયવ્ય દિશા તરફ હિમાલય પર્વતમાં ગંગોત્રીથી ૧૨ મૈલ ઉત્તરે ધનુષ્યકર ગોમૂખ નામના તીર્થ પાસેથી થાય છે. તે ઠેકાણે બરફ વર્સી વર્સીને તેનો એક મોટો પહાડ બનેલો છે. તેની તળેટીમાં ગોમૂખ નામનું તીર્થસ્થાનછે. તેની ઉંચાઇ સમુદ્ર સપાટીથી ૧૩૮૦૦ ફીટની છે. ઉગમ પાસેથી નદી વહેછે તે ઠેકાણે ગંગાના પાટની પોહોળાઇ સુમારે ૧૮ ફીટની છે અને ઉંડાઇ માત્ર ૧ ફીટની છે. શ્રી નગરથી નૈઋત્ય દિશાએ ૯ મૈલ ઉપર દેવ પ્રયાગ આવે છે. આ ઠેકાણે ભાગીરથી અને અલકનન્દાનો સંગમ થાય છે તેથી પોહોળાઇ ફકત ૧૮ ફીટની બની અત્રેથી તેને ગાંગા એ નામ પ્રાપ્ત થાય છે. ત્યાંથી તે હરદ્વારનાં ડુંગરોમાં વહેતી હિંદુસ્તાનનાં ઓહોળા મેદાનોમાં પોતાનો માર્ગ લે છે. હરદ્વાર પાસે તેની ઉંચાઇ સમુદ્ર સપાટીથી ૧૦૨૪ ફીટની છે. હરદ્વારથી સમુદ્ર સુધી ૧૬૫૦ મૈલ સુધી વહાણો ચાલી શકે એવો તેનો પ્રવાહ જણાયલો છે. ઉગમથી હરદ્વાર સુધી, તો કોઇ ઠેકાણે દક્ષિણ તરફ તો કેથે નૈઋત્ય તરફ તેનો પ્રવાહ પસર્યો છે. હરદ્વારથી આગળ યમુના નદીનો સંગમ થાય છે, ત્યાં સુધી તેનો પ્રવાહ અગ્નિ દિશા તરફ વહેછે. ત્યાંથી આગળ રાજમહાલ વેર વલાણ લેતી અને ફાંટાઓમાંથી તે સમુદ્રને જઇ મળેછે. ઉગમથી તેના મૂખ સુધીની લંબાઇ ૧૫૦૦ મૈલની છે.

સમુદ્રથી ૨૦૦ મૈલ ઉપર તેને ફાંટાઓ ફુટવા માંડે છે અને તેની વચમાંનો પ્રદેશ સાંકડો થતો જાયછે. આ ઠેકાણે અનેક ફાંટાઓ ફુટેલા છે, પણ તેમાં મુખ્ય બેજ ગણાય છે. તેમાંનો પૂર્વ તરફનો ફાંટો ઘણો મોટો છે, અને ગંગાના મૂળનો પ્રવાહ પણ તેમાંથીજ નિકળેલો છે, અને અહિંથીજ તે ફાટાને ગંગા નામથી ઓળખવામાં આવે છે. પશ્ચિમ તરફનો ફાંટો જે કાસીમ બજાર તરફ વહે છે તેને હિંદુઓ ભાગીર્થી કહે છે અને ખરૂં માહાત્મ તો એનુંજછે એમ કહે છે. આ ફાંટાને આગળ વધતાં હુગળી નામ મળે છે. આ બે ફાટાનોવચલો ૨૦૦ મૈલની પોહળાઇનો પ્રદેશ 'મલઇ'ને નામે જાણીતો છે, અહિંથી અનેક ફાંટાઓ એકમેકમાંથી પાછા એકઠાં થઇ સેવટે ૧૫ થી ૨૦ ફાંટામાં વેહેંચાઇ સમુદ્રમાં ખાલી થાયછે. આ 'મુખને' લાગતો પ્રાંત "સુંદર બન" ને નામે જાણીતો છે, અહિંની હવા ઘણી રોગીષ્ટ છે. ત્યાં જંગલી ફાડી ખાનારાં વનચર પ્રાણીઓની મોટી વસ્તી છે.

હરદ્વારથી પ્રયાગ સુધી ગંગાનો પ્રવાહ એક સરખો વધતો જાયછે, અને ત્યાં તેની પોહળાઇ ૧ થી ૧॥ મૈલની થાયછે. આગળ વધતાં પ્રવાહ અનેક વલાણ લઇ ઘોગરા, સોન અને ગંડકી આ ત્રણ નદી સાથે તેનો સંગમ થાયછે, અને અહિંથી તેની પોહળાઇ અર્ધા માઇલની હોયછે, યમુના નદીની સાથે ગંગાને આગલ વધતાં અનેક નદીઓ મળેછે, તેઓ તેની પોહળાઈમાં નહિ વધતાં ઉંડાઇમાં વધારો થતો જાયછે. સમુદ્રથી આણી તરફ ૫૦૦ મૈલ ઉપર તેની ઉંડાઇ ૩૦ ફીટની છે, આ પ્રવાહમાં રેતી વેહેતી હોવાથી ઘણી વેળા વહાણો તેમાં અટકી પડેછે. ગંગામાં સદા રેલ આવેછે, અને તે વરસાદની મોસમમાં ઘણો વરસાદ વરસ્યા પછી આવેછે, પણ ડુંગરોમાં વરસાદ વર્સાવાને લીધે તે એપ્રીલની આખેરીમાં વહેવા માંડેછે અને જુન માસમાં બંગાલમાં દાખલ થઇ વરસાદ વરસવાની આગમજ પાણી ૧૫ થી ૧૬ ફીટ વધી જાયછે. ત્યારબાદ વરસાદની મોસમમાં બ્રહ્મપુત્ર નદ અને ગંગા એને લગતો નીચલો પ્રાંત જે તદન સપાટ છે તે જળથી ભરપૂર થઈ જાયછે; અને અકટોંબરમાં ઓસરવા માંડેછે, ત્યારે ત્યાંનો આખો પ્રદેશ ભિનાસથી નરમ બનેછે.

ભાગીર્થીના મુખમાંથી જે સમુદ્રની ભરતીનું પાણી આવેછે તે કમે ચઢતું નથી, પણ સમુદ્રમાં ભરતી થવાના સુમારે ઘણો ખરો પુનેમ અને અમાસને દિવસે અતિ વેગથી

ધસી આવેછે; કોઇ વેળા આ વેગથી ધસી આવતું પાણી ૨૦૦ મૈલ સુધી વધી જાયછે. આ વેગની ઉંચાઇ મુખ પાસે ૬૨ ફીટની હોય છે, પાણીનો આ વધારો કલાક પછી ઘણા મોટા અવાજ સાથે ગમે તે બાજુથી પાછો ઓસરી જાયછે.

ગંગા નદીના પ્રતાપથી તેના કાંઠેના વેપારને મોટો લાભ થયોછે, ગંગા અને તેને મળનારી નદીઓમાં તેનાં હુંગરો સુધી ૬ માસ વેર વહાણોની આવજાવ ચાલુ રહેછે. આ નદીમાં વહાણો ફેરવી નિર્વાહ કરનાર લોકોની સંખ્યા ૧,૨૫,૦૦૦ થી વધારેની છે. આ નદીને પ્રતાપે તેનાં કાંઠા ઉપર ઘણાં શેહેરો વસેલાં છે અને તેની વસ્તી બીજાં શેહેરો કરતાં મોટી છે, તેમાં મુખ્ય શેહેર કાશી છે.

ભાગીરથી ઉપર પ્રયાગ નામનાં પાંચ સ્થાનકો પ્રસિદ્ધ છે. તેમાં મુખ્ય પ્રયાગ અલાહબાદ પાસે ગંગાયમુનાનો સંગમવાલો છે, બીજા ચાર પ્રયાગમાં રુદ્ર પ્રયાગ અને નંદ પ્રયાગ જાણીતાં છે. આ નંદ પ્રયાગ હિમાલય પર્વતની લગભગ શ્રીનગરનાં પ્રાંતમાં આવેલો છે; તે શિવાય બીજાં પ્રસિદ્ધ તિર્થો છે જેમાં–ગંગોત્રી, ગંગા, દ્વારકા, હરદ્વાર, ઉત્તર માનસ (મોંગીર પાસે), જનગિરિ, અને હુગળીના મુખ પાસે ગંગાસાગર નામના ટાપુ પ્રસિદ્ધતા પામ્યા છે.

બ્રહ્મપુત્ર નદના અગ્નિય તરફ અનેક ફાંટાઓ ફુટી ગંગાથી તેનો મેલાપ થયોછે. તે શિવાય ભાગીર્થીને અનેક નદીઓ મળેછે તેમાં મુખ્ય ઉત્તર તરફથી—યમુના, ગોમતી, ઘોઘરા, ગંડકી, કૌશિકી. ભોગવતી, રામગંગા, મહાનંદ વિગેરે છે. દક્ષિણ તરફથી તાનસી, સ્વર્ણ ભદ્ર અથવા શોણભદ્ર વિગેરે અનેક છે.

જ્યારે ગંગા નદીમાં રેલ આવેછે ત્યારે એના પાત્રમાંથી દર સેંકડે ૫,૦૦,૦૦૦ ઘનફીટ પાણી વહેછે અને જ્યારે રેલ આવતી નથી ત્યારે દર સેંકડે ૫૫,૦૦૦ ઘનફીટ પાણી વહેછે. પાણી સાથે કીચલ, પથ્થર, કચરો વગેરે પદાર્થો દર સેંકડે પાંચસો સીત્તેર ઘન ફીટ વહેછે, એવા પદાર્થો એક વર્ષનાં ૧૨૨ દિવસમાં ૬,૦૮,૨૦,૪૧,૬૦૦ ઘનફીટ વહેછે. લૉયલ નામે એક ગ્રંથકાર જણાવેછે કે ૧૪૦૦ ટન કીચલ ઉપાડી શકે એવા વહાણો તેમાંનું કીચલ કાઢવા રોકયા હોય તો લાગટ રાત દિવસ કામ કરતાં વર્ષા ઋતુમાં ગંગામાંથી જેટલો કાદવ તથા કચરો વહેછે તેને કાઢતાં ચાર માસ લાગે.

ગંગા નદીનું પાણી જૂદે જૂદે ઠેકાણે વધતામાં વધતું કેટલું ને સુકી મોસમમાં ઓછામાં ઓછું કેટલું રહેછે તેનો કોઠો નીચે મુજબ છે.

	વધતામાં વધતો વધારો.		ઓછામાં ઓછું સુકી મોસમમાં.
	ફીટ–ઇંચ		ફીટ–ઇંચ
અલાહબાદ પાસે...	૪૫–૬	...	૨૯–૦
બનારસ ,, ...	૪૫–૦	...	૩૪–૦
કોલગોંગ ,, ...	૨૯–૯	...	૨૮–૩
જલંગી ,, ૨૬ યા	૩૨–૦	...	૨૫–૬
કમરખલી ,, ...	૨૨–૬	...	૨૨–૦
આગ્રા દ્વિપ (નદીયા)	૨૩–૯	...	૨૩–૦
કલકત્તા પાસે ...	૭–૦	...	૬–૭
ડક્કા ,, ...	૧૪–૦	...	...–૦

ગંગાદ્વાર—મેરૂપર્વત ઉપરથી ગંગા વેહેતી ભારતવર્ષમાં પેહેલાંજ સ્થળે આવી તે સ્થળનું નામ. એ નામ નર્મદા અને ગોદાવરી એમના અર્ધા સ્થળને છે. હાણેશ્વરની પૂર્વે ઉત્તર અક્ષાંસ ઉપર ૩૦ પર ગંગાદ્વાર અથવા હરિદ્વાર નામે ભાગીરથીનું ઉત્પતિ સ્થાન છે. આ ગંગાદ્વારને કેટલાક લેખકો હરિદ્વાર અને હરદ્વાર તરીકે જણાવી ગયાછે. વૈષ્ણવ મત મુજબ આ સ્થળનું મૂળ નામ 'હરદ્વાર' નથી પણ હરિદ્વાર (હરિ=વિષ્ણુ) એ છે. શૈવમતવાલાઓના જણાવ્યા મુજબ ખરૂં નામ હરિદ્વાર નથી પણ હરદ્વાર છે, પણ શોધખોળ મુજબ હરદ્વાર અને હરિદ્વાર એ બેઉ નામો તદન હાલનાં પડેલા હોઇ માત્ર ગંગાદ્વાર એ પ્રાચીન નામ છે, કેમકે અબુરેહાન ગંગાદ્વાર નામ જણાવેછે, મેઘદુતમાં કાલિદાસે હરિદ્વાર નહિ લખતાં ગંગાદ્વાર પાસેના 'કનકલા'નું વર્ણન કરેલું છે. અમરકોશમાં 'વિષ્ણુપદી'ની સંજ્ઞાથી આજ સ્થળ બતાવેલું છે, તેથી ગંગાદ્વારને હાલના હરિદ્વાર, હરદ્વાર પડેલા નામો પ્રાચીન નહિ પણ પાદશાહ અકબરના અમલની થોડુંક આગમજ પડેલા જણાયછે, કારણકે અબુલફજલે હરિદ્વાર એ નામે ગંગાદ્વારનું વર્ણન આપેલું છે અને તેની આગમજ રચાયલા ગ્રંથમાં હરિદ્વાર નામ મળતું નથી.

ગંગાલ—કાશમિરમાંનો આ એક નાહનો સરોવર હરમુખ પર્વત ઉપર છે. એની પોહોળાઇ ૩૦૦ યાર્ડની છે. આ સરોવરનું હીંદુઓમાં ઘણું માહાત્મ હોવાથી તેઓ મરણ પામેલા બેશીઓનાં હાડકાને તેમાં લાવી નાખેછે. અત્રે શિવનું એક મોટું મંદીર છે, જેની દર વર્ષે જાત્રા ભરાય છે.

ગંગાવતી—હિંદુસ્તાનમાં મુખ્ય કરી કોકણ પ્રાંતની ભિની જમીનમાં ગંગાવતીનાં છોડ બે થી ત્રણ ફીટ ઉંચા વધે છે. એનાં પાંદડાં મોટાં હોઇ તેપર ઝીણા ગુચ્છા હોયછે, તેનીપર પીળા રંગના ફુલો આવેછે, એના પાંદડાંનો વાસ મનપસંદ આવેછે. ઔષધિ ઉપયોગમાં ગંગાવતીની યોજના કરેલી હોઇ તે ઘણાક દર્દોપર અકસીર હોયછે.

ગંગોકંદાપૂર—તામીલ ભાષામાં એને ગંગાકંદા–પુરમ કહે છે. મદ્રાસમાં ત્રીચનાપલ્લી જીલ્લાનું આ ગામ અને મંદીર, જમકોન્ડુ સોલાપુરમની પૂર્વે ૬ મૈલપર છે. આ ગામનો ૬૬ ટકા ભાગ ખેતીવાડીથી ભરપૂર હોઇ ત્યાંની મુખ્ય વસ્તી ખેડુતોની છે. આ ગામમાં પ્રાચીનકાળનું એક જાણીતું મંદીર છે, જે ૫૪૮ ફીટ લાંબુ ને ૩૭૨ ફીટ પોહળું છે. આગળ આ મંદીર કિલ્લેબંદીથી મજબૂત હાલતમાં હતું, પણ ૧૮૩૬ માં તે કિલ્લેબંદી ભાંજી નાખવામાં આવી હતી. આ મંદીર આગલા વખતમાં એક અજબ બાંધણીનું મજબૂતમાં મજબૂત મંદીર હતું, તે હાલમાં તેની બાકી રહેલી થોડીક નિશાની ઉપરથી જણાઇ આવેછે. દંતકથા મુજબ આ ગામમાં 'ઓલા' નામના રાજાનું મથક હતું અને હાલમાં પણ ઉત્તર તરફ ૧૬ મૈલ વેર કેટલાક પુરતાબંદીના ખંડીયરો નજરે પડે છે, જે ઉપરથી એની આગલી જાહોજલાલીનો સેહેજ ખ્યાલ આવેછે. આગલા વખતમાં આ ભાગમાં સરોવર હતો, અને તેમાં કોલેરૂન નદીનાં પાણી નેહેર વાટે વહેતાં હતા કે જેનો પાટ ૬૦ મૈલવેર લંબાયલો હતો. હાલમાં પણ તે આગલી નેહેરોની નિશાની જણાય છે. હાલમાં આ સરોવર પુરાઇ ગએલો હોવાથી તેમાં મોટું જંગલ બનેલું છે. આગલા વખતમાં આ સરોવરનાં પ્રતાપથી તેની આસપાસ મોટી વસ્તી હોઇ ત્યાં બોહોળો વેપાર ચાલતો હતો; પણ હાલમાં તે તદન પડત હાલતમાં છે.

ગંગોત્રી—ગરવાલના રાજ્યમાંનુ આ એક પહાડી મંદીર, ભાગીરથીના કાંઠાપર છે. આ પથ્થરથી બાંધેલું મંદીર ૨૦ ફીટ ઉચુ છે. તેમાં ગંગા, ભાગીરથી અને બીજા દેવતાઓની મૂર્તીઓ છે. આ મંદીર સમુદ્ર સપાટીથી ૧૦૩૧૯ ફીટ ઉપર છે. અત્રે હિંદુ જાત્રાલુઓ દર વર્ષે સંખ્યાબંધ ઉતરી પડેછે.

ગંગોહ—વાયવ્ય પ્રાંતમાં સરાનપૂર જીલ્લાનું એક ગામ. સરાનપૂરની દક્ષિણ પશ્ચિમે ૨૩ મૈલપર છે. ૧૮૮૧ માં લોકવસ્તી ૬૨,૦૮૯ ની હતી. તેમાં ૬,૭૩૫ હિંદુ ને ૫૩૫૪ મુસલમાનો હતા. ક્ષેત્રફળ ૯૯ એકર છે. રાજા ગંગના વખતનાં આ શેહેરમાં ખંડીયરો છે અને એજ રાજા ઉપરથી આ શેહેરનું નામ પડયું છે. આ ગામમાં શેખ અબદુલકાદર નામના મોટા ઔલીયાની દરગાહ છે. શેહેરમાં પોસ્ત ઓફીસ, પોલીસ ચોકી વગેરે છે. ૧૮૫૭ નાં બલવા સમયે રાજા કૃતનાની સરદારી તળે ગુજર્સ પ્રજાએ બંડ કર્યું હતું પણ જુનમાં લેફ્ટનન્ટ બોયસરગોનેને તેમને હરાવ્યા હતા.

ગજકર્ણી—એને સંસ્કૃતમાં નાગમલ્લી કહેછે. એ પશ્ચિમ તથા દક્ષિણ હિંદુસ્તાનમાં ઉગેછે. એનીપર અતિ નાહના પુલો આવે છે. એના પાંદડા તથા મૂળિયાંના છાલનો રસ દરાજ અથવા ખજ ઉપર અતિ અકસીર હોયછે. ડૉકટર રૉકસબર્ગે એના છોડને 'યૂથિક પર્ણી' નામ આપેલું છે. એના વૃક્ષ કોકણ પ્રાંત તથા ઘાટ તરફના દેશમાં પુશકળ ઉગે છે. એના મૂળમાંથી તેલ જેવો પદાર્થ નિકળે છે. તે ટાંકળાના પિળા રસ(Chrysophanic Acid) જેવો પદાર્થ હોયછે.

ગજગા—એજ નામનાં વૃક્ષના બીજ. જ્યારે સ્ત્રીને ગર્ભ રહેછે ત્યારે તેણીને ગર્ભપાત થાય નહિ તે માટે એની માળા લાલ રેશમમાં સીવી ગળામાં પેહેરાવે છે. આ ચાલ હિંદુસ્તાનની કેટલીક અર્ધ સેંધરેલી પ્રજામાં છે.

ગજનીવંશ—સામાનીવંશના પાદશાહ મનસૂરના અમલ દરમ્યાન બોખારાથી સબસ્તગીન નામે એક અમીર પાદશાહી પ્રતરાજી પામી ગજની જઇ રહ્યા અને ત્યાં પોતાનાં લશકરનો પડાવ કરી પોતાનું નાહનું પણ સ્વતંત્ર રાજ્ય સ્થાપી ઇ૰ સ૰ ૯૭૬માં મરણ પામ્યો. તે પછી તેનો બેટો ઈસ્કાહ ગાદીએ બેઠો, પણ સબગ્તગીન નામે એક ગુલામ પ્રબળ થતાં તે ગજનીનો ધણી થઇ બેઠો. તે પછી મહમુદશાહ ગજની ઇ૰ સ૰ ૯૯૭ માં ગાદીએ બેઠો. એણે હિંદુસ્તાનપર ૧૮ ચઢાઇઓ કરી મોટી ખરાબી કરી હતી. તેણે સોમનાથનું પવીત્ર મંદીર હાથ કરી તેમાંની મુર્તિ ભાંજી મોટું દ્રવ્ય મેળવ્યું હતું, તેમજ ૧૦૨૩માં ઇરાનમાં ઇરાકવેર ફત્હે મેળવી હતી. સુલતાન મહમુદના મરણ પછી જીહૂન નદીની દક્ષિણ ભણીનાં ફળદ્રુપ દેશ પર ઉત્તરથી તુરાની ટોળાએ ચઢાઇઓ કરી ત્રાસ વર્તાવ્યો હતો. તેમનો સરદાર તૂગ્રલબેગ નામે હતો. તેના ભાઇ દાઉદે પૂર્વ ને પશ્ચિમ ઇરાન જીતી દીલમી વંશને તારાજ કરી હિંદ તરફ વધતાં ઇ૰ સ૰ ૧૦૬૦ માં ગીજની વંશનો અંત આણ્યો.

ગંજમ—મદ્રાસ ઇલાકામાં ગંજમ જીલ્લાનું મુખ્ય શેહેર મદ્રાસની ઉત્તર પૂર્વે ૬૯૭ મૈલ પર અને કલકત્તાની દક્ષિણ પશ્ચિમે ૩૧૫ મૈલ પર છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૫૦૩૭ની હતી. તેમાં ૪૯૯ હિંદુ અને ૨૭ મોહમેદન. તથા ૧૪ ખ્રિસ્તીઓ હતા. આગળ આ ગામ વેપારનું મુખ્ય મથક હોઇ અત્રે ૧૭૬૨ માં કિલ્લો અને કારખાનું હતું, પણ ૧૮૧૫ માં બરહાનપૂરને મુખ્ય મથક બનાવવાથી અત્રેથી આ કારખાનું કાઢી નાખવામાં આવ્યું હતું. આ રીતે કારખાનું અથવા સરકારી મથક બદલવાનું કારણ અત્રેની ખરાબ હવાને લીધે હતું. ગંજમનો કિલ્લો કાશીકુલા નદીને કાંઠેછે. શેહેરમા મુખ્ય વેપાર ચોખાનો ચાલેછે.

ગંજમ—માયસોરના રાજ્યમાં શ્રીરંગાપટનને લગતું આ પરૂં કાવેરી નદીના પૂર્વ ભાગમાંછે. આ પરૂં ટીપુસુલતાને વસાવ્યું હતું, અને ત્યાં હજારો કુટુંબોને હદપાર કરી રાખ્યા હતા. હાલમાં આ ગામમાં વેપારીઓનું મુખ્ય મથક હોઇ ત્યાં કાપડ વણવાના કારખાનાઓ છે. અત્રે માર્ચ અથવા ફેબ્રુવારીમાં જત્રા ભરાય છે. તે વેળા ત્યાં ૨૦,૦૦૦ જત્રાળુઓનો જમાવ થાયછે.

ગજરખાન—રાવલપિંડી જીલ્લાનું આ દક્ષિણ પૂર્વનું તેહેસીલદારીનું ક્ષેત્રફળ ૬૬૪ ચૌરસ મૈલ છે. તેમાં લોક વસ્તી ૧,૩૩,૩૯૬ ની છે. તેમાં ૬૮,૧૬૩ પુરૂષો ને ૬૫૨૩૩ સ્ત્રીઓ છે.

ગજલછંદ—આ છંદ ૭ નેં ૭ માત્રાની ૨ યતિઓ, તેમાં અંતે ગુરૂ ને લઘુ આવે છે.

વખત કદી નહિ ખાંચે દોડ
સ્ત્રી કદી નહિ મુકશે ખોડ;
કવિ કદી નહિ મુકે બોલ
ત્રણે પટપટ કરતી બોડ.

ગજલછંદ—'પિંગળદર્શ' મુજબ "ગજલમાં ૪ પાદનું કૃત્ય પેહેલું સમઝવું, તે પાદ બે યતિનાં છે. તેમાં પેહેલી ને સાતમી યતિ ચૌદ માત્રાની આવે છે. ત્રીજી યતિ ૧૨ માત્રાની, બીજી, ચોથી ને આઠમી યતિ ૮ માત્રાની

હોય છે, અને પાંચમી યતિ ૧૧ માત્રાની ને ૬ઠી ૧૦ માત્રાની હોય છે. એ રીતે યવન કવિઓ કરે છે. તેમાં યતિયતિને અંતે પ્રાસ આવે તો ઘણું સારૂં, પણ પાંચમી ને ૬ઠી યતિને પ્રાસની સગાઈ છેજ નહિ. હવે ચાર પાદ ઉપર પણ ઘણાં પાદ થાયછે તેનાં ૩૫ ત્રીજાને ચોથા પાદ બરાબર અનુક્રમે લેવાં. પણ ઉપર જણાવ્યા ઉપરાંત ગજલમાં ઘણાક ભેદોછે, ને તેની જોડણી પણ જૂદી જૂદી રીતે કરી શકાય છે, આ ગજલો સર્વત્ર પ્રસિદ્ધ છે.

ગજાનન—(જુઓ ગણપતિ.)

ગંજીફા— (જુઓ કાર્ડ-રમવાનાં.)

ગંજે—શત્રોાઇહાએ અઝરાન મુજબ આ આજરબાઇજાન અને શિરવાનની વચ્ચે અરરના દેશને લગતું છે. આ શેહેરને અફ્રાશિઆબે સણગાર્યું હતું.

ગઝાલે મૈલાના—આ રાજકવિનો જન્મ ઇ. સ. ૧૫૨૪ હિ. સ. ૯૩૦ માં મશહેદમાં થયો હતો. એ મશહેદથી દખણમાં વસ્યો પણ ત્યાં કશું ઉત્તેજન નહિ મળવાથી નિશાપુર થઇ જોનપુર જઇ ત્યાંના સુબા ખાનજહાન અલીકુલીખાનને પાસે રહ્યો. ખાનજહાનના આશ્રયથી એણે 'નક્ષેબદીય' નામની કવિતાનો ગ્રંથ રચ્યો કે જે દરેક બયતો માટે એને સુન્ના મોહોરનું ઇનામ મળ્યું હતું. ઇ. સ. ૧૫૬૮, એટલે હિ. સ. ૯૭૫માં અકબર સાથે થએલી લડાઇમાં ખાનજહાન માર્યો જતાં એને અકબરે પોતાની દરબારમાં આણી મલેક અલશોઅરાનો બેતાબ આપીમાન મરતબાથી રાખ્યો હતો. હિંદુસ્તાનમાં રાજ કવિનો એલકાબ મેળવનાર એજ પેહેલો શાએર હતો. તેટલાં ૧૫૭૨ માં ૫ મી ડીસેંબરે એનું મરણ તેજ તરફ નિપજ્યું. એના શબને અમદાવાદના સરકીજમાં દાટયું છે. એણે એક મોટું દીવાન તથા ત્રણ મસનવીના ગ્રંથો કે જેમાં ચાલીસથી પચાસ હજાર બયતો હતી તે રચ્યાં હતા. તેનાં નામો—કીતાબ ઇસરાર, શીસાહત અલ હયાત અને મીરાત અલ કીનાઅત છે.

ગટાપરચા— 'શેપોટેશિ' નામના વૃક્ષમાથી આ પદાર્થની પેદાયશ થાય છે. એનાં ઝાડ સિંગાપૂર, મલાકા, બોરનિઓ અને ઘણું કરી આખા ઈંડીયન આર્ચીપેલેગોમાં ઉત્પન્ન થાયછે. એનાં વૃક્ષ ઘણાં વિશાળ હોય છે. તેનો સાધારણ ઘેરાવો ૯ થી ૧૨ અને ૧૮ ફીટનો હોય છે. એનું લાકડું કમજોર હોવાથી તે કશા ઉપયોગમાં આવતું નથી, પણ એના ઝાડ ઉપર જે ફળ ઉગેછે તેમાંથી એક પ્રકારનું તેલ નિકળે છે તેને ત્યાંના વતનીઓ ખાવાનાં ઉપયોગમાં લીયે છે. ગટાપરચા મેળવવા માટે ૫૦ થી ૧૦૦ વર્ષનાં ઝાડને કાપી તેની છાલ ઉખેડી નાખવામાં આવતાં તેની ખુલ્લી બાજુમાંથી જે દુધનાં રંગનો રસ નીકળે છે તેને એખટો કરી વાસણમાં ભરી રાખે છે. એને હવા લાગતાં આ રસ બંધાવા માંડે છે. એક ઝાડમાંથી ૨૦ થી ૩૦ રતલ રસ નિકળે છે. ગટાપરચાની પાતળી સળીઓ બનાવવામાં આવેછે. એ જ્યારે ચીપનાં આકારમાં હોયછે ત્યારે તેમાંથી પારદર્શક જણાય છે અને તે વેળા તેનો રંગ ઘેરો સફેદ યા જાંબુડો હોય છે. આ વસ્તુ જ્યારે અસ્વચ્છ હાલતમાં હોય છે ત્યારે તેને ગરમ પાણીમાં નાખી તેને સાફ કરેછે, ત્યારે તે નરમ બની ઘેરા લીલા રંગનો બનેછે. ગટાપરચાને પિગળાવી તેનાં વૉટર પ્રૂફ ડગલા બનાવવાના કામમાં વાપરવામાં આવેછે. તે શિવાય ફ્રેમ, લાકડીઓ, બારણાનાં કડાં, શેતરંજના મોહરા, તલવાર તથા છરીનાં હાથા, શીશી,બટનો, કાંસકી, વાંસળી અને બીજી તરેહવાર ચીજો એની બનાવવા પેહેલાં એને રબર તથા બીજા પદાર્થોની મેળવણીથી મજબૂત બનાવવામાં આવેછે.

ઇ. સ. ૧૮૪૨ માં ડૉ૦ મોન્તગામરી નામના સ્કૉચે સોસાઇટી ઑવ આર્ટસના વિદ્વાનો સનમુખ ગટાપર્ચા વિશેનું વિવેચન કર્યું હતું.

એ પદાર્થને મળતી એક 'બલાતા' નામે વસ્તુ 'બુલી' નામના ઝાડનાં રસમાંથી બને છે. 'બુલી'નાં ઝાડ દક્ષિણ અમેરિકામાં એમેઝોન નદીને કાંઠે ઉગે છે. પ્રથમ એના ઝાડમાં ચીરા પાડી તેમાંથી વહેતો રસ એકઠો કરવામાં આવેછે. આ વસ્તુ સ્વાદ વિનાની હોઇ તેને ગરમ કરવાથી તેમાંથી ઉત્તમ સુગંધ નિકળે છે, એ ચીવટ હોઈ લવચીક હોયછે, તેથી ગતાપર્ચા કરતાં વધારે સ્થિતિ સ્થાપક હોયછે. એને તરપીનતાઇનમાં મેલી ગરમ કરવાથી તે તુરત પિગળે છે. વિજળિક યંત્રમાં ગટાપર્ચાની આ વસ્તુ ગરજ સારે છે.

ગટુલાલજી ધનશ્યામજી પંડિત—આ જાણીતા વિદ્વાનનો જન્મ રજપુતાનામાં કોટા શહેરમાં ઇ. સ. ૧૮૪૪ માં થયો હતો. પંડીતજીનું જન્મ નામ ભાતુદય હતું અને રાશિ ઉપરથી નામ ગોવર્ધનશર્મા આવ્યું હતું, પણ તેમના માતાએ ગટુ-ગટુ નામ પાડયું જે નામે એ વિદ્વાન પ્રસિદ્ધતા પામ્યો છે. ૬ વર્ષની વયે કાવ્યશાસ્ત્રનો અભ્યાસ શરૂ કર્યો ને ૭ મે વર્ષે અમરકોશ ત્રણ વેળા મોઢે કીધો ને ૮ મે વર્ષે ત્રીકાળ સંધ્યા અને વેદનો અભ્યાસ કીધો. ૯ વર્ષની વયે આવતાં એઉ આંખો ખોવાથી ઘણું દુઃખ ભોગવ્યું પણ ૬ માસ પછી તેમના પિતાએ બીજા ગ્રંથો શિખવ્યાં હતા. આ રીતે બેઉ આંખો ખોતાં મગજ અતિ તેજ થવાથી ૯ વર્ષની ઉમરમાં સંસ્કૃત ભાષાનો પાકકો અભ્યાસ કર્યો. તે પછી અનેક ગ્રંથોનું અધ્યન કરી ૧૩ મે વર્ષે 'રૂકમણી અંક' નામે સંસ્કૃત ગ્રંથ લખી પ્રગટ કર્યો હતો. તે પછી વેદાંત ચિંત્તામણી, સત્તસિદ્ધાંત માર્તંડ અને ભારત શક્તિ ઇત્યાદી પુસ્તકો રચ્યાં હતા. ૧૮ વર્ષની વયે કાશી જઈ પોતાની અપંગ આંખો હોવા છતાં ત્યાં કવિતા શક્તિમાં એવી તો કુશળતા બતલાવી કે ત્યાં શિઘ્ર કવિનું પદ મેળવ્યું.

પંડિત ગટુલાલજીને ચારે વેદ, ન્યાય, મિમાંસ, તર્ક, સાંખ્ય, યોગ, વ્યાકરણ, સાહિત્ય અને જ્યોતિષ વગેરેનું પૂર્ણ જ્ઞાન હતું. અને તે શિવાય એ પંડિત પોતાની અદભૂત યાદદાસ્ત શક્તિ માટે "સતાવધાની" કહેવાતા હતા, સતાવધાન યાને ૧૦૦ વિષયોપર એકીવેળાએ લક્ષ આપવું. તે બી સંસ્કૃત, બ્રિજ, ગુજરાતી, મરાઠી ભાષા શિવાય તદન અજાણી પરદેશી ભાષામાં ફ્રેંચ, જર્મ, લાટીન ફારશી, જર્મન વગેરે ભાષાના વખત હોય તે પ્રમાણે ૧૦-૨૦ કે તેથી પણ વધારે શબ્દના તેટલા કે તેથી વધુ જૂદાં જૂદાં વાકયો પુછનારાઓ કાગલપર લખી રાખે અને પછી પોતાના વાકયોનો ગમે તે એક શબ્દ તેમને દરેક પુછનાર તરફથી કહેવામાં આવે, એમ જેટલા ગ્રસ્થોએ જેટલી ભાષાના વાકય ધાર્યા હોય તે તે ભાષાના વાકયના શબ્દોમાંથી અકેક શબ્દ, ગમે તેમ વારાફરતી કહેતાં, દરેક પુછનારે લીધેલા વાકયના સર્વ શબ્દો પુરા થાય કે તરતજ તે તે વાકય તથા જ્યારે સર્વ જણનાં સર્વ વાકયો પુરા થાય, ત્યારે તે સઘળા વાકયો સામટા બરાબર ગોઠવીને એ પંડીતજી બોલી શકતા હતા, આ યાદદાસ્ત શક્તિમાં બીજી એ અજાયબી હતી કે તે દરેક વાકયનો દરેક શબ્દ કયે વખતે અને કેવી રીતે ઉલટસૂલટ કહેવામાં આવેલો તે સુધાં તેઓ તુરત કહી આપતા કે જે પ્રશ્નકરનાર કદાચજ ધ્યાનમાં રાખી શકતો.

તેમની આ અદભૂત શક્તિનાં દાખલા ૧૮૮૨ થી ૧૮૮૪ વેરમાં કાઠીયાવાડના રાજાઓ તથા બીજાઓએ રાજકોટમાં અનેકવાર અજમાવી જોયાં હતાં. પોતે વિદ્યાર્થીઓને શિખવવા થકી વિદ્યા લક્ષ્મી સંસ્કૃત પાઠશાળા સ્થાપી મુફત ભણાવતા હતા. ગટુલાલજીને વિદવત્તાથી બંગાલ, કલકત્તા, અને દિલ્લીના વિદવાન વર્ગ તેમની અસાધારણ શક્તિપર પ્રસન્ન થઇ 'ભારત માર્તંડ' નો ખેતાબ આપ્યો હતો. તે આગમજ વલ્લભ સંપ્રદાયના નાથદ્વારવાળા ટિકાત મહારાજ શ્રી ગોરધનલાલે મોટી સભા સનમુખ તેમને 'વેદાંત ભટાચાર્ય' નો ખેતાબ બક્ષ્યો હતો.

વલ્લભ સંપ્રદાયના ગટુલાલજી મુખ્ય સ્થંભ હતા. કેમકે આ પંથના કેટલાક ગુરૂઓના દુરાચરણથી ધર્મનું ખરૂં સ્વરૂપ ઢંકાઈ જઇને સંપ્રદાય ઘણો વગોવાયો અને સુધારાવાળાઓનો ધર્મ ઉપરથી વિશ્વાસ ઉઠયો હતો. પણ આવી હાલતમાં દુખી જતા સંપ્રદાયને તેવણે તારવા માંડી વ્યાખ્યાનો આપી તેમની ધર્મ ઉપર શ્રધ્યા બેસાડી હતી, અને નામધારી ગુરૂઓનાં ખોટાં આચરણો જાહેર કીધાં હતા. મરણ આગમજ "મહા પરીશદ નામની ધર્મ સભા ઉભી કરી તેની શાખા જૂદે જૂદે ગામ સ્થાપી હતી.

મરણ ૧૮૯૭ માં ૨૭ મી ડીસેંબરે ભાવનગરમાં નિપજ્યું હતું.

ગટે—આ જર્મનીના પ્રસિદ્ધ કવિનો જન્મ ઇ. સ. ૧૭૪૯ માં થયો હતો. એણે જર્મની શિવાય રશિઆના એલેકઝાન્ડર અને ફ્રાન્સના નેપોલિયન બોનાપાર્ટ તરફથી પણ મોટું માન મેળવ્યું હતું. જર્મની દેશમાં ગટે એક બીજા શેક્સપીયર જેવું મોટું માન પામી ગયો છે. તેની બુદ્ધી અસાધારણ હતી અને તે મોટો શૌકી હતો. તેનો પિતા તવંગર હોવાથી તેને ઉત્તમ શિક્ષણ મલ્યું હતું. ૧૭૭૩ માં તેણે "ગાટ્ઝ વ્હાન બર્લીખિંજેન" નામનો નાટક પ્રસિધ્ધ કીધો હતો તેથી પ્રજા ઘણી અજાયબ થઇ હતી. ૧૭૭૪ માં 'વર્દરના દુઃખો" નામે બીજું પુસ્તક છપાવ્યું હતું. તેની અલંકારિક ભાષા અતી પ્રિય હોઇ તેના વિષય વિવેચને તે વખતનાં લોકોનાં મન ઉપર અતિ ઉંડો છાપ માર્યો હતો. ઇ. સ. ૧૭૭૫ માં ગ્રાંડ ડયુક ચાર્લસ આગસ્ટના આમંત્રણથી એ 'વીમર' ગામમાં જઇ રહ્યો. ત્યાં 'શિલર' નામે મહાન વિદવાન સાથે એની મિત્રાચારી બાઝી, તે વેળા 'ગટે' ના પગલાંથી વીમર ગામ હુ બીજું અથેન્સ બની ગયું, અને ત્યાં જૂદા જૂદા સંખ્યામંધ વિદવાનો તેની આસપાસ એખટા થતા હતા. એજ ગામમાં તેણે પુસ્તકો વાંચવામાં વર્ષો ગુજર્યાં. આથી તેને બીજા ગ્રંથો લખવા પાછળથી તેને ઘણી મદદ મળી. 'એગમૉંટ' નામનું કલ્પિત કાવ્ય, 'ઇફીજેનિઆવ્હાન ટારિસ' નામનો કરૂણારસીક નાટક, 'ટાકર્વેટસટાસો' એના દુઃખદાયક આત્મગત વિચારો અને હર્મન ડરોથિયા એ નામનું નાહનું કાવ્ય વગેરે નવાંજ ગ્રંથો રચી પ્રસિધ્ધ કર્યાં હતાં. જર્મનીમાં છાપા કળા દાખલ કરનાર 'ફ્રસ્ટ' નામે શ્રીમંત શખ્સનાં ચરિત્ર ઉપર તેણે એક અદભૂત કાવ્ય રચ્યું હતું. તેમાં અલંકારિક શબ્દો, હાસ્ય રસ, કરૂણા રસ, ગુઢ, પૂજ્ય બુધ્ધિ આદિ રસો એવી રીતે સમાવ્યાં છે કે તે હાલમાં પણ હોંસથી વંચાય છે. તે શિવાય એણે જે કાવ્યો રચ્યાં તેથી તેણે પોતાની બુધ્ધિનો વધારે પ્રકાશ નાખ્યો છે. એની છેલ્લી વરસગાંઠને દિવસે સ્કૉટ, સૌદે, કાર્લાઇલ અને પ્રૉફટર તથા બીજા ગ્રંથકારો તથા કવિ મળી ૧૫ વિદવાનોએ ગટેને માનપત્ર આપ્યું હતું. ગટેનાં પ્રતાપે જર્મનીમાં તે સમયે જે પરિણામ આવ્યું તેવું તે વખતમાં બીજા કોઇ પણ ગ્રંથકર્તાથી ફેરફાર થયો નહિ. આ ઉપરથી ગટે સર્વ યૂરપમાં પ્રસિધ્ધતા પામ્યો એ સેહેજમાં જણાય છે. એનું મરણ ઇ. સ. ૧૮૩૨ માં નિપજ્યું હતું.

ગઢ—આ તાલુકો રેવાકાંઠા એલાકાનાં સંખેડા મેવાસના છેક અગ્નિકોણનાં ભાગમાં ખાનદેશનાં સિમાડાને લગતો છોટાઉદેપૂરનાં રાજ્યથી દક્ષિણમાં છે. એના તાબામાં ૧૨૮ ચૌરસ મૈલ જમીન અને ૧૦૩ ગામડાં છે. વાર્ષીક ઉપજ રૂ. ૨૦,૦૦૦ થાયછે, તેમાંથી છોટાઉદેપૂરનાં રાજાને ખંડણી તરીકે ૩૪૭૫

આપવા પડેછે. દેશમાં ભીલ તથા રજપુતોની વસ્તી છે. મુખ્ય પેદાશ જુવાર, બાજરી, મકાઇ, કોદરા, ડાંગર, જંટી, કઠોળ તેમજ ઇમારતી અને બાળવાના લાકડાની ઉપજેછે.

ગંદકી—એનાં બીજાં નામો શાલિગ્રામી તથા નારાયણી છે. આ નદી તીબેટમાંથી વહેતી નેપાળ પ્રાંતમાંથી દક્ષિણે અગ્નિ દિશાએ વધી પાટણ પાસે ઉત્તર તરફથી ગંગાને મળેછે. એની એકંદર લંબાઇ ૪૫૧ મૈલની છે. આ નદીમાં હિંદુ લોકોમાં મનાતા પુજ્ય શાલિગ્રામ નામનાં પથ્થરો જડેછે, એને ત્રિશીલ ગંગા વગેરે નદીઓ મળે છે.

ગંડિકા છંદ—પેહેલો, ત્રીજો, ને પાંચમો રગણ, તથા બીજો, ચોથો ને છઠો જગણ; તથા ૧ ગુરૂ ને ૧ લઘુ હોય તો ગંડિકા છંદ થાય. તેમાં ૮ અને ૭ અક્ષરે વિસામો આવે છે.

ગઢકા—કાઠિયાવાડ ઇલાકાનાં હાલાર પ્રાંતનો એક તાલુકો. તેને તાબે ૧૦ ચોરસ મૈલ જમીન ૬ ગામો અને તેમાં ૨૩૦૦ માણસોની વસ્તી છે, વાર્ષિક ઉપજ રૂ ૧૦૦૦૦ ની છે. તેમાંથી ઈંગ્રેજ તેમજ જુનાગઢ સરકારને રૂ ૮૪૫ આપવા પડે છે. અહિંના હાકોર જાડેજા જાતનાં રજપુત રાજકોટના રાજા પેહેલા રણમલજીનાં વંશજ છે. મુખ્ય શેહેર ગઢકા રાજકોટની અગ્નિ દિશાએ ૧૦ મૈલ દુર છે, તેમાં ૧૦૦૦ માણસની વસ્તી છે.

ગઢડા—આ કસ્બો ગુજરાતમાં ભાવનગરના રાજ્યને તાબેછે. તે સ્વામિ નારાયણના ધર્મ મતિઓ માટે જાણીતું છે, તેમાં કુલે ૫૯૦૦ ની વસ્તી છે જેમાં ૪૨૦૦ હિંદુ, ૧૨૦૦ મુસલમાન અને ૫૦૦ જૈન ધર્મ પાળનારા વસે છે. ત્યાં સ્વામિનારાયણનું પ્રસિદ્ધ ધામ છે, તેથી યાત્રા માટે કાઠિઆવાડ ઇલાકાના ધર્મવાળાઓ આવે છે.

ગઢપડવો—કલ્પયુગ વર્ષ માસદિનની જે પ્રથમ દિવસથી ગણના ચાલી તે દિવસ. રામચંદ્રે રાવણને મારી એ દિવસે અયોધ્યામાં પ્રવેશ કર્યો હતો અને જયઓત્સવમાં નગરના લોકોએ પોતપોતાને આંગણે યશદ્વજ ઉભાર્યો હતા. શાલીવાહનનું નવું વર્ષ. એ દિવસે અશોકની કળી તથા લીમડો ખાવાનો ચાલ છે.

ગઢવાળ—અથવા 'તેહેરી'નું દેશી રાજ્ય. આ રાજ્ય બ્રિટીશ સરકારનાં રક્ષણમાં છે. એની ઉત્તરે હિમાલય તથા કાશમિર, પૂર્વે બદ્રીનાથ, દક્ષિણે હરીદ્વાર અને પશ્ચિમે સિમલા છે. ક્ષેત્રફળ ૪૧૮૯ ચૌરસ મૈલ હોઇ તેમાં ૨,૦૦,૦૦૦ ની લોકવસ્તી છે. આ દેશ હિમાલયનાં ઉંચ પ્રદેશમાં આવેલો હોવાથી જંગલ ઝાડીવાલું છે. સપાટ તથા ખીણવાલી જમીન રસાલ હોઇ તેમાં દરેક જાતનાં ધાન્ય તથા કપાસ, તંબાકુ, ગળી, દેવદાર, સાલવૃક્ષ, ઓકનાં ઝાડ વગેરે પુશકળ ઉગેછે. આ દેશમાંજ ગંગા તથા જમના નદીના મૂળ હોવાથી તે આ દેશમાંથી વહેતી દક્ષિણ ભણી વધેછે. દેશની લોકભાષા હિંદુસ્તાની છે. અને ભૂતિયા, રજપૂત, બ્રાહ્મણ, મુસલમાન તથા ડોંમની વસ્તી છે. મુખ્ય રાજધાની શેહેર 'તેહેરી' સહરાણપુરનાં રેલ્વે સ્ટેશનથી ઇશાન્યે ૬૦ મૈલપર છે.

આ રાજ્યનાં રાજ્યકર્તા જાતે ક્ષત્રી હોઇ રાજાનાં એલકાબથી ઓળખાય છે. અહિંના રાજાના વડવાઓના સગા અલંકદા નદીના પ્રદેશ ઉપર રાજ્ય સત્તા ચલાવતા હતા. તે સર્વેને ૪. સનની ચોથી સદીમાં ચાંદપુરના રાજા અજયપાળે તે સર્વને દાબી નાખી પોતાની સત્તા સ્થાપન કરી રાજ્યનો પાયો નાખ્યો. એ શાખાના જે રાજા થયા તે 'ચાંદ વંશી' કહેવાયા ને તેઓએ ૧૮૦૩ વેર રાજ્ય અમલ કીધો. આ વેળા પ્રદ્યુમાનશાહ રાજ્યપદ ભોગવતો હતો તેને ગુરખાઓએ લડીને નહસાડયો. તેનો પુત્ર સુંદરશાહ દેહેરે જઇ રહ્યો, પણ ૧૮૧૫ માં ગુરખાઓ સાથની બ્રિટીશોની લઢાઇ પુરી થતાં આ સુંદરશાહને ૧૮૨૦ના માર્ચમાં ફરી ગાદીએ બેસાડયો. આ રાજા ૧૮૫૮માં મરણ પામતાં વડા અનૌરસપુત્ર ભવાનીશાહ તખ્તનશીન થયો. તે ૧૮૭૧ માં મરણ પામતાં પ્રતાપસિંહ ગાદીનશીન થયો. એણે પોતાના દેશમાં કેળવણીનો પ્રસાર કરી મોટો સુધારો કીધો. તેના પછી કીર્તિસિંહ ગાદીએ બેઠો. એ હાલનો રાજા છે.

ગણ—પિંગળશાસ્ત્રમાં લઘુ ગુરૂનાં નિયમથી ત્રણ ત્રણ અક્ષરનું જે માપ તે. એવા ગણ આઠ છે. મ-ન-ભ-ય-જ-ર-સ અને ત. સર્વગુરૂ (ऽऽऽ) મગણ, સર્વ લઘુ (।।।) નગણ, પ્રથમ ગુરૂ (ऽ।।) ભગણ, પ્રથમ લઘુ (।ऽऽ) યગણ, વચમાં ગુરૂ (।ऽ।) જગણ, વચમાં લઘુ (ऽ।ऽ) રગણ, છેલ્લો ગુરૂ (।।ऽ) સગણ, છેલ્લો લઘુ (ऽऽ।) તગણ, એ રીતે ૮ ગણ છે.

આ ગણોને પિંગળશાસ્ત્રમાં શુભ અશુભ દર્શાવી તેમની પર મવક્ષલ દેવતા, તેના ફળ, મિત્ર વગેરે સ્પષ્ટ વર્ણવેલું છે, જેમકે:—

ગણ	ગણનાં નામ	રૂપ	દેવતા	ફલ	મિત્રાદી	ફલ
૧	મગણ	ऽऽऽ	મહી-(પૃથ્વી)	લક્ષ્મી	મિત્ર	શુભ
૨	નગણ	।।।	સ્વર્ગ	બુદ્ધિ	મિત્ર	શુભ
૩	ભગણ	ऽ।।	રાશિ (ચંદ્ર)	યશ	દાસ	શુભ
૪	યગણ	।ऽऽ	જળ	આયુ	દાસ	શુભ
૫	જગણ	।ऽ।	રવી	રૂજ	ઉદાસ	અશુભ
૬	રગણ	ऽ।ऽ	અગ્નિ	દાહ	શત્રુ	અશુભ
૭	સગણ	।।ऽ	વાયુ	વિદેશ	શત્રુ	અશુભ
૮	તગણ	ऽऽ।	નભ (આકાશ.	શૂન્ય	ઉદાસ	અશુભ

કવિ હિરાચંદના જણાવવા મુજબ કવિતામાં જો ગણ ગોઠવવાં તે વિચાર કરી સુભ હોય તેમનેજ મુકવાં. કેમકે મગણ અને નગણ એ બે મિત્ર હોવાથી સારાં છે ભગણ, મગણ એ દાસની જાતનાં છે. અને જગણ તથા તગણ એ બે ઉદાસીની જાતના છે. અને સગણ તથા રગણ એ શત્રુની જાતનાં છે. એ રીતે એનું સારાંશ એ છે, જે મગણ, નગણ ભગણ ને મગણ એ ચાર ગણ જો સાથે આવેતો, તેનું ફળ સારૂંજ છે, અને જગણ રગણ, સગણ ને તગણ એ ચાર ગણનું ફળ નઠારૂં છે, માટે એ ચાર ગણમાંથી બેગણ કવિતામાં પેહેલા કયાંય મુકવાંજ નહિ એવું પિંગળશાસ્ત્રીઓનું મત છે.

ગણત્રી ગ્રંથ—જુના કરારની શરૂઆતમાં મોઝીઝનાં જે ચાર પુસ્તકો છે, તેમાંનુ આ ચોથું. આ ગ્રંથને એવું નામ આપવાનું કારણ ઇસ્રાએલ લોકોની જે બે વખતે ગણત્રી થઇ તેનું તેમાં વર્ણનછે. આગ્રંથમાં લગભગ ૩૮ વર્ષનો ઇતિહાસ લખેલોછે.

ગણદેવી—ગુજરાતમાં વડોદરાના રાજ્યને તાબેનો એક તાલુકો તથા ગામ. ૧૮૮૧ માં લોક વસ્તી ૨૭,૭૬૨ ની હતી. દર ચૌરસ મૈલે ૬૧૭ માણસોની વસ્તી છે. એનું ક્ષેત્રફળ ૪૫ ચૌરસ મૈલ છે. એની ઉત્તર તથા પૂર્વે જલાલપુર તાલુકો ને સુરત જીલ્લો, પૂર્વ અને દક્ષિણે ચીખલી તથા બલસાર તાલુકો છે. ૧૮૭૯-૮૦ માં ગણદેવી તાલુકાની ઉપજ ૧૪૬૮૮ પૌંડની ઉપજી હતી. મુખ્ય વેપાર પારસીઓ તથા વાણીયાઓ કરે છે. મુખ્ય ઉદ્યોગ ધાન્ય, તલ, દીવેલ, ગોળ, ઘી વગેરેનો છે. મહાલની જમીન સપાટ અને ફળદ્રુપ છે. શેહેરમાં વહિવટદાર તથા ફોજદાર કચેરી છે.

ગણદેવી—એજ નામના તાલુકાનું મુખ્ય શેહેર, અમલસાર સ્ટેશનથી ત્રણ મૈલપર છે. સુરતની દક્ષિણ પૂર્વે ૨૮ મૈલપર છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૭૦૮૨ ની હતી. તેમાં ૪૮૪૪ હિંદુ, ૧૫૨૨ મુસલમાન, ૬૬૨ પારસી ને ૫૩ જૈનો હતા.

ગણપતિ—શિવપાર્વતીનો વડો પુત્ર. એ સંકટ વિઘનનો નાશ કરનાર છે, માટે સર્વ કામની આરંભે એની આરાધના થાયછે. સર્વ દેવતામાં તે પેહેલાં પુજાય છે. એ જ્ઞાનનો વર આપનાર છે. એ શિવનાં ગણમાં મુખ્ય છે માટે ગણપતિ નાયક—નામ કહેવાય છે.

એના વિશે એવી કથા છે કે શિવ તપશ્ચર્યાને જવા નિકળ્યા ત્યારે પાર્વતીએ કહ્યું કે મને એક પુત્ર આપીને જાઓ. શિવ કહે કે તમે શકિત છો માટે તમારી મેળેજ ઉત્પન્ન કરજો. પછી પાર્વતીએ પોતાના અંગનો મેલ કાઢી એક પુત્ર ગણપિત અને એક કન્યા ઉર્પા એમ બે ઉત્પન્ન કર્યા. નારદે શિવને જઈ કહ્યું કે મહારાજ તમો તો અહિં તપ કરોછો ને ઘેર બે બાળકો રમે છે. ભોળા શિવ નારદનાં કહેવાથી ઘેર આવ્યા ત્યારે બન્ને બાળકોએ તેમને અટકાવ્યા. શિવ તેમને મારવા ગયાથી ઉર્પા નહાશી ગઇ પણ ગણપતિ પકડાઇ ગયાથી શિવે તેનું ડોકું કાપી નાખ્યું જે ચંદ્રમંડળમાં જઇ પડયું. તે પછી શિવે પાર્વતીને બાળકો વિશે પુછ્યું ત્યારે એણે કહ્યું કે "તમે મને બાળકો ઉત્પન્ન કરવાની આજ્ઞા આપી હતી તે યાદ કરો." એ સાંભળી શિવે પશ્ચાતાપ કરી કહ્યું કે "તમારા એક પુત્રનેતો મેં મારી નાખ્યો છે." આથી પાર્વતીએ આક્રંધ કીધું કે "ગમે તેમ કરી મારા પુત્રને જીવતો કરી આપો." શિવે ડાકું શોધ્યું પણ તે જડયું નહિ, તેટલાં એક હાથી જડયો તેનું ડોકું કાપી ગણપતિના શરીર સાથે જોડયું ને તેને સજીવન કીધો. પુત્રને બેડોળ બનાવ્યો માટે હવે તેને કોઇ ચાહશે નહિ તેથી પાર્વતીએ શોક કર્યો ત્યારે શિવે કહ્યું કે "સર્વ દેવતામાં એ પેહેલો પુજાશે ને સર્વ શુભ કામમાં એની આરાધનાં કરવામાં આવશે."

ગણપતિની સ્ત્રીનાં નામ સિદ્ધી ને બુદ્ધિ. એ બન્ને વિશ્વરૂપની દીકરી. એનાં લગ્ન કરવાને માટે એવો ઠરાવ થયો હતો કે જે એક દિવસમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરી આવે તેઓને તે પરણે. ગણપતિએ વિચાર્યું કે મા છે તે પૃથ્વી રૂપ છે માટે એની પ્રદક્ષિણા કરવી. પછી એણે તે મુજબ કરી એઉ સ્ત્રીઓ સાથે પરણ્યો. કાર્તિકેય પૃથ્વી ફરીને મોડો આવ્યો માટે પાર્વતીએ તેને ન સ્વિકાર્યો. ગણપતિના એક પુત્રનું નામ લાભ ને બીજાનું લક્ષ છે. એનુ ઉંદરનું વાહન છે. એનું શરીર ગોરૂં ને મ્હોં તથા સુંઢ લાલછે. એનો એક દાંત બાહેર નિકળેલો છે. એના કાન લાંબા ને મોટાં છે. એને ચાર હાથ તેમાં એક હાથમાં કમંડળ, બીજામાં લાડુ, ત્રીજામાં ત્રીશુળ ને ચોથામાં જપમાળા છે. એ લીલું પિતાંબર પહેરે છે. એ ધણો ઝડપી લખનાર લહિયા તરીકે પ્રસિદ્ધ છે. વ્યાસ જે મોહથી બોલતા તે એ ઝડપથી લખતો. રાવણને ઘેર એ ગાય, બકરાં ને ઘેટાનું ઉપરીપણું કરતો હતો.

બીજી કથા મુજબ એની ઉત્પતિ વિશે એમ જણાવવામાં આવેછે કે એક વેળા પાર્વતીએ પોતાનાં બદનપર ચોપડેલા 'અંગરાજ' થી કાઢેલા મેળનું એક પુતળું બનાવ્યું અને તેના મોહપર ફુંક કરી ને તે પુતળાંને જળમાં નાખી "પુત્ર બહાર આવ" એમ કહેતાં તે મનુષ્ય રૂપ લઇ બહાર આવ્યો; ત્યારે પાર્વતીએ વિનાયક નામે ઋદ્રગણનું તેને રાજ્ય આપ્યું.

ગણપતિચોથ—હિંદુઓનો એક તેહેવાર. એક વેળા સર્વ દેવતા પ્રદોશ સમયે શિવના દર્શને ગયા. ભીડમાં ગણપતિ ઉંદરપરથી પડી ગયા જે જોઇ ચંદ્ર હસ્યો તેથી શ્રાપ દીધો. ચંદ્રે ક્ષમા માંગવાથી તે દિવસે ચંદ્રનું કોઈ મોહ ન જોય એ બાધ રાખી. કોઇ જણાવે છે કે પાર્વતી ગણપતિ દેવનું પાર્થિવ પૂજન કરતાં ને એ શુદ ૪ થે તે મૃન્મય ગણપતિ સચેતન થયા. એણે સિંધુ નામના દૈત્ય જે દેવતાને પિડા આપતો તેને મારી નાખ્યો, એ ઉપરથી આ ચતુર્થિનો મહિમા ચાલ્યોછે.

ગણેશ દૈવજ્ઞ—આ અતિ પ્રસિદ્ધ જ્યોતિષ થઇ ગયો છે. હાલમાં આખા ભરતખંડમાં એના ગ્રહ ગણિત ગ્રંથ જેટલા પ્રસિદ્ધ છે

તેટલા બીજા કોઇનાં નથી. એનો જન્મ શકે ૧૪૨૦ ના સુમારે થયો હતો. એના પિતાનું નામ કેશવશાસ્ત્રી, માતાનું લક્ષ્મી, ગોત્રકૌશિક અને જન્મ વતન પશ્ચિમ સમુદ્ર કાંઠે નાંદ ગામ હતું.

એના જન્મ માટે એવી કથા છે કે પિતા કેશવે એક ગ્રહણ થવા વિશેની ખબર આપી. પણ એણે જણાવેલા વખતે તે નહિ લાગવાથી તેના ગામના એક ઇસલામી સત્તાધિકારીએ તેની ઠેકડી કરી. આથી કેશવને અતિ માઠું લાગવાથી તે નંદીગ્રામમાંના એક ગણપતિનાં મંદીરમાં જઇ તપશ્ચર્યા કરવા બેઠો. આથી ગણપતિએ તેને સ્વપનામાં આવી ભવિશ કહ્યું કે તાહરે હાથે ગ્રહ શોધવાનું કામ થશે નહિ. પણ હું તારે ત્યાં મનુષ્ય અવતારે જન્મ લઇ તેનો નિર્ણય કરીશ. તે મુજબ તેને ત્યાં ૧૦ માસ પછી પુત્ર અવતર્યો તેનું નામ ગણેશ રાખ્યું.

એણે બચપણથી જ્યોતિષી અભ્યાસ પાછળ લક્ષ આપી સંખ્યાબંધ વિદ્વત્તાભર્યા ગ્રંથો રચ્યાં હતાં. તેમાં મુખ્ય ગ્રહલાઘવ, લઘુતિથી, ચિંતામણી, બૃહત્તિથિ ચિંતામણી, સિદ્ધાંત શિરોમણી ટીકા, લીલાવતી ટીકા, વિવાહવૃંદાવન ટીકા, મુહૂર્ત તત્વ ટીકા, આર્ય્ય નિર્ણય, છંદોર્ણવટીકા, તર્જની યંત્ર, કૃષ્ણાષ્ટમીનિર્ણય, હોલીકા નિર્ણય, લઘુ પાયપાડી વગેરે અનેક રચ્યાં છે.

ગણેશદૈવજ્ઞના બીજા ગ્રંથોમાં પંચાગ ઉપયોગી એવા બૃહચિંતામણી અને લઘુ ચિંતામણી એ ગ્રંથો મુખ્ય છે. તે ઉપરથી તિથિ નક્ષેત્ર યોગ ઘણું જલ્દી બતાવી શકાય છે. આ વિદ્વાને લાંબી જીંદગી ગુજારી હતી; પણ એનું મૃત્યુ ક્યારે નિપજ્યું તેની ચોકસ નોંધ નથી. એણે શકે ૧૫૦૦ માં વિવાહ વૃંદાવન નામની ટીકા લખી હતી. આથીએ ૮૦ વર્ષ કરતાં વધારે જીવેલો જણાયછે. એના પછી એના વંશજો પણ જ્યોતિષ શાસ્ત્રમાં પ્રસિદ્ધતા પામી ગયાછે.

ગંતૂર—મદ્રાસમાં કૃષ્ણા જીલ્લાનું આ તેહેસીલદારીનું ક્ષેત્રફળ ૫૦૦ ચોરસ મૈલછે. તેમાં એ શેહેરો ને ૧૧૨ ગામડાંછે, તથા ૨૨૮૫૩ ઘરોછે. ૧૯૮૩ માં લોક વસ્તી ૧,૩૬,૦૮૩ હતી, તેમાં ૬૮૪૭૬ પુરૂષો ને ૬૭૬૦૭ સ્ત્રીઓ હતી. તેમાં ૧,૨૩,૨૬૪ હિંદુઓ, ૧૦૭૦૪ મોહમેદન અને ૨૧૦૮ ખ્રીસ્તીઓ હતા. આ તાલુકામાં ૧ સાહુકારી ને ૪ ફોજદારી કચેરીઓ છે, વાર્ષિક જમીન મેહેસુલ ૪૧૦૪૩ પૌંડની ઉપજેછે.

ગંતૂર—ઉપલાનું શેહેર, મછલીપટણથી ૪૬ મૈલ ઉપરછે, તેમાં ૩૮૭૭ ઘરો હોઈ ૧૯૬૪૬ ની વસ્તી છે. વસ્તીમાં ૧૪,૭૦૬ હિંદુ ૪૬૧૮ મોહમેદન ને ૩૧૪ ખ્રિસ્તીઓ છે. અત્રેની મ્યુનિસીપાલીટીની વાર્ષિક આવક ૧૯૬૯ પૌંડની છે. આ ગામ નવા તથા જુના એવા બે ભાગમાં વેંહેચાયલું છે. અતરે ધાન્ય તથા કપાસનો બોહોળો વેપાર ચાલતો હોવાથી કપાસના ૪ પ્રેસો ચાલે છે. ૧૮૬૯ થી અત્રે મદ્રાસ બેંકની શાખા સ્થાપન કરવામાં આવીછે. મોહમેદન રાજ્ય અમલ વેલા ગંતૂર સરકારનું મુખ્ય શેહેર ગણાતું હતું. ૧૭૮૦ માં આ ગામ બ્રિટીશોને તાબે આવ્યું. તે આગમજ અતરે નિજામ તથા ફ્રેન્ચ સત્તા ચાલતી હતી.

ગદ્દમન હોમન્દ—આ પર્વત ખારઝમના મુલકમાં છે અને ત્યાં જમશેદે 'આદરફ્રોબા' નામના પવિત્ર આતશની સ્થાપના કરી હતી, પણ ગુશતાસ્પે પોતાના અમલ દરમ્યાન તેને કાબુલના રોશનપર્વત પર લઇજઈ પરથ્યો હતો.

ગદ્દર—મદ્રાસમાં નેલોર જીલ્લાનો તાલુકો. ક્ષેત્રફળ ૯૧૦ ચોરસ મૈલ છે. તેમાં ૧ શેહેર તથા ૧૬૩ ગામડાં છે. તેમાં ૨૪૨૩૯ ઘરો ને ૧૨૫૪૫૩ ની વસ્તીછે. પુરૂષ સંખ્યા ૬૩૭૮૯ ને સ્ત્રીએ ૬૧૬૬૪ છે; તેમાં હિંદુઓની સંખ્યા ૧,૧૯૮૫૮ ને મોહમેદન ૫૪૩૯ છે. વાર્ષીક ઉપજ ૩૧૪૫૮ પૌંડની છે.

ગદ્દર—મદ્રાસના કર્નૂલ જીલ્લામાંનું એક ગામ. કર્નૂલની ઉત્તર પશ્ચિમે ૧૯ મૈલ પરછે. એમાં ૮૨૨ ઘરો ને ૩૫૪૭ ની વસ્તી છે.

મુખ્ય ભાગ હિંદુઓનો છે. આ ગામ સૂતરાઉ તથા રેશમી કાપડના ઉદ્યોગને માટે જાણીતું છે.

ગંદરેઉ—જેહાં પેહેલવાન કેરસાસ્પે મારેલો એક રાક્ષસ. આ બુરા દેવે સંખ્યાબંધ ગામોના લોકોને ખાઇ જવા માંડ્યા હતા. આથી કેરસાસ્પે તેને મારવાનો નિશ્ચય કર્યાથી તે પાણીમાં ભરાઇ બેઠો. ત્યાંથી તેને ખેંચી કાઢી તેની સાથે ૯ દિવસ અને રાત વેર લડાઇ કરી તેના બદનપરની ખોળ ઉતારી મારી નાખ્યો હતો. આ દેવ કેરસાસ્પનાં ૧૫ ઘોડા ખાઇ ગયો હતો. તેમજ તેની બાયડી, પિતા, દાયા અને આપૂગ નામે મિત્રને ચોરી ગયો હતો, તેમને પણ છોડ્યા. અ. વિ. ના. ફરહંગ સુજબ "વેદમાં ગંધર્વ નામ આવે છે જે સોમપાલાનો રખેવાળ ગણાય છે તેને એક દેવતા તરીકે રજુ કર્યો છે. પ્રોફેસર દેાસન કહેછે કે "આથર્વવેદ પ્રમાણે એવા ૬૩૩ ગંધર્વ હતા- જેમ કેરસાસ્પે ગંધર્વને મારવા અર્દવિસૂરને અરજ કરી હતી તેમ, વિષ્ણુ પુરાણમાં 'નાગ' ટોળાના સરદારો જેઓનાં દેશોપર ગંધર્વોએ હુમલો કર્યો હતો તેઓએ નર્મદા નદીને વિષ્ણુ પાસે પોતાને માટે મદદ માગવા મોકલી, જે મદદ તેણીએ મેળવી હતી. કેરસાસ્પની કથા પ્રપાણે એ ગંદરવની બાબત અલંકારીક ભેદી છે.

ગંદલપટ—માયસોરનાં રાજ્યમાંના આ તાલુકાનું ક્ષેત્રફળ ૫૩૯ ચૌરસ મૈલ હોઇ તેમાં ૫૪૫૨૮ માણુસોની વસ્તી છે. તેમાં ૨૭૦૭૪ પુરૂષો ને ૨૭૪૫૪ સ્ત્રીઓ છે. હિંદુઓની મુખ્ય વસ્તી ૫૩૫૯૬ ની અને મોહમેદનોની ૮૮૦ ની છે. જમીનની મેહેસુલ ૬૭૬૮ પૌંડની ઉપજેછે.

ગંદલપટ—ઉપલા તાલુકાનું મુખ્ય શેહેર. માયસોરની દક્ષિણે ૩૬ મૈલ ઉપર છે. ૧૮૮૧ માં વસ્તી ૨૯૧૦ ની હતી. આગળ એનું નામ વિજયાપૂર હતું, પણ ૧૭૭૪ માં ચીકદેવ રાજાનાં સમયથી નામ બદલાયું છે. તેણે બંધાવેલું 'અગ્રહાર' હાલમાં ખંડીયર સ્થિતિમાં છે. ટીપુ સુલતાને આ શેહેરને નુકસાન પોંહચાડીયા પછી તે પડતી સ્થિતિમાં આવ્યું છે.

ગદવારા—નરસીંગપૂર જીલ્લાનું આ જાણીતું વેપારી શેહેર શાહાકાર નદી કાંઠે નરસીંગપૂરની પશ્ચિમે ૩૦ મૈલપર છે, શેહેરની દક્ષિણે બે મૈલપર જી. આઇ. પી. રેલ્વેનું સ્ટેશન છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૮૧૦૦ ની હતી, તેમાં ૬૫૫૩ હિંદુ, ૪૮ કબીર પંથી, ૧૦૧૨ મુસલમાન, ૬ ખ્રિસ્તી અને ૩૫૨ જૈન હતા, બાકી ૧૨૮ પરદેશીઓ હતા. શેહેરમાં કાપડ વણુવાનાં ઉપરાંત કાપડ રંગનારાઓની મોટી વસ્તી છે. ગદવારા મુખ્ય કરી પૂર્વ ભોપાલ, ભીલસા, સાગરનું વેપારી મથક છે. ૧૮૮૧ માં રેલ્વે મારફતે ૮,૧૨,૬૫૧ મણ માલ પરદેશ રવાના કરવામાં આવ્યો હતો, અને પરદેશથી ૧,૫૨,૫૮૬ મણ આવ્યો હતો. ૧૮૭૫ વેર સરકારી કચેરી એક નાહના કિલ્લાપર હતી, કે જે કિલ્લો ગોંદ રજપૂત રાજાએ બંધાવ્યો હતો. હાલમાં તે તદન ઉજડ સ્થિતિમાં છે.

ગદવારા—મધ્ય પ્રાંતના નરસીંગપૂર જીલ્લાનો એક તાલુકો, ૧૮૮૧ માં લોક વસ્તી ૧,૮૬,૮૩૭ ની હતી, તેમાં ૯૭,૨૬૨ પુરૂષો ને ૬૨,૫૪૫ સ્ત્રીઓ હતી. તાલુકાને તાબે ૪૪૮ ગામો હોઇ તેમાં ૩૭,૮૪૩ મકાનો હતાં. ક્ષેત્રફળ ૮૦૧ ચૌરસ મૈલ છે તેમાં ૪૬૬ ચૌરસ મૈલ જમીન ખેતીવાડીથી રોકાયલી છે, ૬૮ ચૌરસ મૈલ જમીન ખેતીવાડી લાયકની છે ને બાકીની નાપીક છે. ૧૮૮૧ માં આ તાલુકામાં ૬૭,૧૨૬ ખેડુતો હતા, અને તેથી દર ૬ માનસે એક એકર જમીન ખેડવામાં આવી હતી. વાર્ષિક ઉપજ ૩૭,૦૬૫ પૌંડની છે. ૧૮૮૩ માં આ તાલુકામાં ૩ દિવાની ને ૪ વસુલાતી ને ૧૧ ગુન્હાની છાંડણ કરનારી કચેરીઓ હતી.

ગંદીકોટ—કડાપાનો આ એક પહાડી કિલ્લો સમુદ્ર સપાટીથી ૧૬૭૦ ફીટ ઉપર છે. આ કિલ્લાપર પ્રાચીન વિજ્યાનગરના રાજાનો

બાંધેલો કિલ્લો હોઈ આગલા વખતથી તે મજબુતી માટે જાણીતો છે.

૧૫૮૯ માં ગોલકોંડાના રાજાએ જીતી લીધો હતો, અને તે પછી મીર જમાલે હસ્તગત કર્યો હતો. તે પછી કરનાટક, હૈદ્રાબાદ બાલઘાટનું મુખ્ય મથક થઈ પડ્યું હતું. હૈદરઅલીએ આ કિલ્લાને વધારે મજબુતાઇ આપી સુધાર્યો હતો; પણ ૧૭૯૧ની ટીપુસાથેની લડાઇમાં કેપ્ટન લીટલે જીતી લીધો હતો. પ્રાચીનકાળથી ગંદીકોટ કડાપા જીલ્લાનો એક મજબુતમાં મજબુત કિલ્લો ગણાતો હોઇ તે કિનારની બીણુની કુંચી ગણાયછે, ૧૮૮૧ માં એના પાસેના ગામની વસ્તી ૯૭૩ ની હતી.

ગદીઅન્દા—કોલાર જીલ્લામાંનો તાલુકો. ક્ષેત્રફળ ૨૨૦ ચૌરસ મૈલ છે, ૧૮૮૧ માં લોક વસ્તી ૩૨,૪૧૫ ની હતી; તેમાં ૧૬,૩૨૪ પુરૂષો ને ૧૬,૦૯૧ સ્ત્રીઓ હતી. તેમાં હિંદુ ૩૧,૪૮૪ ને મોહમેદનો ૯૨૮ હતા, જમીન મેહેસુલ ૬,૮૬૦ પૌંડની ઉપજે છે.

ગદીવારા—મદ્રાસમાં કિશનાનાં જીલ્લામાંનો તાલુકો, ક્ષેત્રફળ ૫૯૬ ચૌરસ મૈલ છે. તેમાં ૨૦૩ ગામડાં ને ૧૬,૪૮૮ ઘરો તથા ૯૯,૨૩૩ ની વસ્તી છે, તેમાં ૫૦,૩૪૬ પુરૂષો ને ૪૮,૮૮૭ સ્ત્રીઓ છે, હિંદુઓ ૯૪,૪૪૬ ને મુસલમાનો ૧૭૦૬ છે, આ તાલુકામાં બે ફોજદારી કોર્ટ છે. વાર્ષિક જમીનની મેહેસુલ ૪૨,૪૨૨ પૌંડની ઉપજે છે.

ગદીવારા—ઉપલા તાલુકાનું મુખ્ય ગામ. લોક વસ્તી ૪૦૪૧ ની છે, આ ગામમાં બુદ્ધનો એક 'સ્તૂપ' હોવાથી તે વખણાય છે. મછલી પટ્ટણથી ૨૦ મૈલપર છે.

ગંધક—આ પદાર્થ પ્રાચીનકાળથી મનુષ્યની જાણમાં આવેલો છે. ગંધક જવાલામુખી પર્વતની આસપાસ જડે છે. એ પદાર્થ ઘણો સખત, કકરો અને લીલાસપર આવતા પીળા રંગનો હોય છે. એ ગંધહિન અને સ્વાદે ફિક્કો હોય છે. બાળવા પછી તેનો ઘણો તિક્ષ્ણ વાસ નિકળે છે. એની ખાણો સિસિલીના ટાપુમાં, નેપલ્સ પ્રાંતમાં, આઇસલેંડના ટાપુમાં અને બીજા જવાલામુખી પ્રદેશમાં જડે છે. લોખંડ, તાંબુ, શીસું વગેરે ધાતુની સૃષ્ટીમાં જે અશુદ્ધ ધાતુ જડે છે તેમાં ગંધક હોય છે. સલફ્યુરિક ઍસિડ તૈયાર કરવામાં લોઢાના અશુદ્ધ ધાતૂના કડકાનો [જેને સુવર્ણ મુખી (આયર્ન પાયરાઇટ) કહેછે] ઉપયોગ કરવામાં આવેછે. કેટલીક મતોડીમાં પણ આ પદાર્થ સંયૂક્ત થએલો જડેછે. ધાતૂના ઑકસાઇડથી સંયૂક્ત થએલા એવી ધાતૂના સારરૂપે તે જડેછે. ઇંડા, રતાયૂ અને બીજા કેટલાક પ્રાણીજ તત્વમાં પણ તે હોય છે.

બજારમાં ગંધક બે જાતનો મળેછે. પીળો અને જાડો પાઉડર ગંધકના ફુલને નામે વેચાયછે. બીજી જાતને 'બલુ' ગંધક કહેછે. એ ઘન, અપારદર્શક, તુરત ફુટી જાય તેવો અને પીળાસપર હોય છે. ગંધક પાણીમાં પિગળતો નથી. એને હવામાં ગરમ કરતાં ૨૩૯° ફેરન ઉષ્ણુમાનપર પિગળે છે, અને ૪૪૫° પર સળગે છે. એની જોત 'બલુ' બળેછે, અને તેમાંથી નારંગીયા રંગની વરાળ નિકળે છે. કલોરિન ક્રોમિન અને આયોડિન સાથે ગંધક ઉષ્ણુતાથી સંયોગ પામેછે; તેમજ એ કેટલીક ધાતુથી સંયોગ પામી તે ધાતૂમાંથી સલફાઇડ ઉત્પન્ન થાયછે. ગંધક પાણીમાં પિગળતો નથી, પણ ટરપેનટાઇન તેલ અને કાર્બોન ડાયસલ્ફાઇડમાં પિગળે છે.

ગંધકની વરાળ બંદ અને થંડી જગામાં છોડવાથી તે વરાળ બંધાઇ જઇ તેનો સૂક્ષ્મ પાઉડર બનેછે; જેને ગંધકનું ફુલ કહેછે. ગંધકને પિગળાવી તેને લાકડાની નળીમાં નાખી બંધાવા દેતાં તેની સળીઓ બનેછે. ચુનાનાં પોટાશનાં પાણીમાં ગંધક નાખી ગરમ કરવાથી તે તેમાં પિગળી જાયછે; તેને ગંધકનું દુધ કહેછે. આ તત્વમાં જલમિશ્ર સલફ્યુરિક ઍસિડ નામી એનો ગંધકનો ભૂકો નીચે બેસેછે; જેને ધોઇ સુકવ્યાથી તે સફેદ બનેછે.

ગંધકનો ઉપયોગ કળાકૌશલ્યામાં ઘણો થાયછે. એ જલ્દી સળગેછે તેથી એની દીવાસળી બનાવવામાં આવેછે. બંદુકની દારૂમાં એ ઘણો નાખવામાં આવેછે. કેટલાક રોગ ઉપર પણ ગંધક કામમાં આવેછે, પણ હાલમાં એનો મુખ્ય ઉપયોગ સલફ્યુરિક ઍસિડ બનાવવામાં થાયછે.

આફ્રિકાની પૂર્વે એટલાંટીક મહાસાગરમાં સેંટ ટૉમસ નામે ટાપુની ૧૧૦ મૈલ અગ્નિખુણે 'સાબા' નામે જ્વાલામુખી ટાપુમાં એક મોટી ગંધકની ખાણછે. આ સાબાનો ટાપુ જમીનમાંની ગર્મિની જ્વાલિક અસરથી ઉગી નિકળેલો ધારવામાં આવેછે. તે ઘેરાવામાં ૧૧ મૈલ છે અને દર્યાની સપાટીથી ૨૮૦૦ ફીટ ઉચો છે. આ ટાપુ વલંદા સરકારને તાબે છે. સીસીલીનાં ખાણમાંથી સેંકડે ૩૦ ટકા ચોખ્ખી ગંધક નિકળે છે પણ 'સાબા'ની ખાણમાંથી ૫૬ ટકા નિકળે છે.

ગંધકનો તેજાબ—આ એક અતિ ખાટો, જ્વાલાગ્રાહી અને ઘન પદાર્થ હોઈ તેલ જેવો પતળો હોયછે. તેમાં પાણી રેડતાં તે એકદમ ગરમ થાયછે, એને આગળ હિરાકસીમાંથી ઉત્પન કરતા હતા પણ હાલમાં ૮ ભાગ ગંધક ને ૧ ભાગ સૂરોખાર એ ભેળીને ચોકસ રીતથી રસાયણીઓ બનાવે છે. સંગમરમરી પથ્થર, ફટકી, મોરચૂથૂ, હિરાકસી વગેરે પદાર્થમાં પણ તે મિશ્ર સ્થિતિમાં હોયછે. એને ઇંગ્રેજીમાં સલફ્યૂરિક ઍસિડ અથવા વિટ્રિઅલ ઑઇલ કહેછે. એક શેર ગંધકમાંથી સુમારે ત્રણ શેર તેલ નિકળે છે.

ગંધક નદી—એને નારાયણી અથવા શાલીગ્રામી પણ કહે છે. ગ્રીક ગ્રંથકારોએ તેને Kondochates કહી છે. આ નદી વાયવ્ય પ્રાંત અને બિહાર પ્રાંતમાં છે. એ નેપાળ તરફના હિમાલય પર્વતમાંથી વહે છે. પ્રથમ તે દક્ષિણ પશ્ચિમ ભણી વહેતી બ્રિટીશ સરહદપર થઈ ગોરખપૂર જીલ્લાની સરહદપરથી વાયવ્ય પ્રાંત અને બંગાલમાંથી ફરી વળે છે. પ્રથમ એ ૨૦ મૈલ વેર વહેતી બે પ્રાંતો વચ્ચેની સરહદ બાંધતી બંગાલમાં ૪૦ મૈલ વહેતી વાયવ્ય પ્રાંતમાંથી ૧૨ મૈલ વેગળી વહેતી બંગાલમાં દાખલ થઇ મુઝફરપૂરમાં થઇ ગંગાને પટના પાસે મળે છે. આ નદી દર સેકંડે વધતામાં વધતી ૨,૬૬,૦૦૦ કયૂબીક ફીટ પાણી ખાલી કરે છે, પણ ગંગામાં મળતાં માર્ચ માસમાં ઓછામાં ઓછું દર સેકંડે ૧૦,૩૯૧ કયૂબીકફીટ પાણી આપેછે. આ નદીમાંથી નાહાના વાહાણો દરેક ઋતુમાં સફર કરી શકે છે; પણ કેટલેક ઠેકાણે છાલકો હોવાથી સંભાળથી વહાણો હંકારવાં પડે છે. ટીરહૂટનાં લાલગંજ તરફ ૧૦૦૦ મણ વજનનાં વહાણો ફરી શકે છે.

ગંધક નદી—(નાહની) એ વાયવ્ય પ્રાંતમાં નેપાલની ટેકડીઓમાંથી વહેતી મોટી ગંધકની પશ્ચિમે ૮ મૈલપર ગોરખપૂર જીલ્લામાં દાખલ થાયછે. ત્યાંથી વેહતી તે સુનારીયા પાસે ગોગરામાં ખાલી થાયછે. આ નદી ફકત ૨૦ યાર્ડ પોહળાઇમાં હોવાથી છાલકી છે અને તેમાં વહાણો ફરી શકતાં નથી.

ગંધપત્રી—(જુઓ કીડા મારી.)

ગંધપ્રિયંગુ—એને ગહુલાધાસ, ગૌલ્ય અને ગોવિંદ ફળના છોડને ગંધપ્રિયંગુ કહેછે. એનું મુખ્ય નામ 'કાંગ' ધાન્ય છે, એનો બ્રહ્મ ગુજરાત, તથા દક્ષિણ હિંદુસ્તાનમાં યાને ગોમાંતકથી કર્નાટક સુધીના લોકોમાં થાયછે.

ગંધર્વસેન—દિવસે ગંધર્વ ને રાત્રે સુંદર પુરૂષ થતો એવો ઉજ્જયન નગરીનો રાજા, વિક્રમનો પિતા. ઇંદ્રના કહેવાથી એક અપસરા શિવને ત્યાં જતી હતી. માર્ગમાં ઇંદ્રનો પુત્ર મળ્યો, તેણે તેને સમજાવી પોતાની પાસે રાખી, એ વાત જાણી ઇંદ્રે શ્રાપ દીધો કે તું પૃથ્વી ઉપર ગંધર્વ થઇને પડીશ, પણ પછી શિવે શ્રાપને ઓછો કર્યો. એ પુત્ર અવંતિમાં ગંધર્વ અવતરીને એક કુંભારને ત્યાં રહ્યો હતો, એક દિવસે એણે રાત્રે પોતાના કુંભાર મિત્રને કહ્યું કે તારા રાજાને કહે કે મને તારી દિકરી સાથે પરણાવે, આ વાત રાજાને કાને જતાં ગંધર્વે ઘણા ચમત્કાર કરી બતલાવ્યા, તે ઉપરથી સુંદરસેન રાજાએ પોતાની પુત્રી સાથે તેનાં લગન કર્યા, એ દિવસે તબેલામાં રહેતો, ને રાત્રે પોતાનું ખોળીયું બદલી સુંદર પુરૂષ બની રાજપુત્રી પાસે જઇ રહેતો. એક દિવસે રાજાએ છુપાઇ રહી બોળીયું બાળી મુકયું. જેથી તેનો જમાઇ ગંધર્વરૂપથી છુટયો. ગંધર્વે જાણ્યું કે હવે ઇંદ્ર કોપશે તેથી તેણે તરત પોતાની સ્ત્રી જે ગર્ભવંતી હતી તેને બીજે દેશ મોકલી કે તે પછી મટોડીનો વર્સાદ વરસવાથી અવંતીનગરી દટાઇ ગઈ. આ કુંવરીને થએલો પુત્ર વિક્રમાજીત થયો.

ગંધરાજ—આ અતિ સુંદર ફુલઝાડ હિંદુસ્તાનમાંના ઘણાંક બગીચાઓને શોભાવે છે, પણ એનું ઉત્પતિ સ્થાન ચીન દેશ છે. એનાં ઝાડ ૬ થી ૭ ફીટ ઉંચા વધેછે. એના પાંદડાં ૧ થી ૬½ ઇંચ લાંબા હોઇ ચળકતા લીલા રંગના હોયછે. એની પર ઉન્હાળાની મોસમમાં સફેદ રંગના સુગંધી ફુલો આવે છે. એનાં ઝાડ ઉત્તમ જમીનમાં કલમ લગાડી ઉગાડી શકાય છે, અને તેની પર પુશકળ પાણી સીંચવું પડે છે. હિંદમાં એના ઝાડ મલબાર તથા કોંકણમાં ઉગે છે. ડૉકટર રોકસબર્ગે ચીનથી એનાં મૂળીયાં આણી પ્રથમ કલકત્તામાં રોપ્યા હતા. એનાં ફુલો નારંગીયા રંગના હોયછે. એની જાતનાં એક છોડનાં ફુલની ડાંખળીપર અથવા કુમળાં પાંદડાંના અંકુર ઉપર જે રસ બાઝે છે તે ડીકામાલીને નામે જાણીતો છે.

ગંધાબિરોજા—એને સંસ્કૃતમાં શ્રીવેષ્ટક કહેછે. સરલા દેવદારમાંથી જે રસ નિકળે છે તેને ગંધાબિરોજા કહેછે. એનાં ગુણો તર્પેનટાઇન તેલ જેવાં છે. તેમાંથી વરાળ યોગે એક ઝાંખા પિળા રંગનું તેલ નિકળે છે તેને દક્ષિણ પ્રાંતમાં નખતેલ કહેછે. ગંધાબિરોજા મેલા સફેદ રંગનો એક સુગંધી પદાર્થ છે તેનું તેલ કાઢયા પછી નીચે જે થરો રહેછે તેને બર્ગંડી પીચ અથવા તાર (Burgundy Pitch or Tar) કહેછે. ગંધાબિરોજા સુશ્રુત મુજબ કફનાશક, વર્ણ પ્રસાદક છે. આ રસ ઝાડની છાલમાં કાપ પાડી નિતારી લેવામાં આવે છે.

ગંધાર—ભરૂચ જીલ્લાના જંબુસરમાં ઢાઢર નદીને કાંઠેનું ગામ. ગુજરાત સર્વ સંગ્રહ મુજબ 'ખંભાતના અખાત ઉપર ખંધાર ઉપર મુસલમાનોએ હુમલો કર્યો હતો અને બુહનું દેહેરૂં ભાંજી ત્યાં મસજીદ બંધાવી હતી. તે ગંધારજ હશે. ૧૫૪૬ માં એ શેહેરપર ફરંગીઓએ હુમલો કરી કબજે કીધું ત્યારે ત્યાંના વતનીઓ જંબુસર જઇ વસ્યા. ૧૮ મી સદીની આખેરીમાં આ શેહેર ખંભાત તરફના ચાંચીયાઓએ લુટી બાળીયું હતું, ને ૧૭૯૦ માં મોટી ભરતી આવવાથી પાણી જ્યાં ત્યાં ફરી વળ્યું હતું, અને તે વર્ષે વર્સાદ નહિ પડવાથી ખારાસ જમીનમાં પેસી ગયો હતો, શેહેરમાં ૩ મૈલના પરિધ જેટલી જગામાં ઇંટ પથ્થરનાં મોટા ટેકરા અને ઘણા એક પાયાનાં ચણતર માલમ પડયાં, જેની આગલી આબાદી કેસવાન ગામના મોટા તલાવો ઉપરથી ને ચંચવાલમાં પથ્થરનો એક પુલ તથા ઉત્તમ કબરો ઉપરથી જણાઇ આવેછે. ગંધારમાં તથા તેની પડોસમાં જે મીઠાનું કારખાનું હતું તે ૧૮૬૮ માં બંધ કરવામાં આવ્યું છે. લોક વસ્તી ૮૫૦ ની છે.

ગંધીકાવળ—એક પ્રકારની વનસ્પતિ. એના પાંદડા ઔષધી ઉપયોગમાં યોજેલાં છે. ડૉ૦ પાંડુરંગ ગોપાળકૃત વનસ્પતી ગ્રંથમાં એની બે જાતો વર્ણવી છે. તેમાંની એકને ઘાટ ઉપર ગંધકાવળ (Ghmnema sylvestre) કહેછે અને બીજીને 'શામા અથવા કૃષ્ણસારવા,' અને અનંત મૂલીકા (Hemidismus Indica) કહેછે. એના વેલા થાયછે ને તેનાં મૂળીયાં ગર્ભશુદ્ધિપર તથા રક્તદોષ ઉપર યોજેલાં છે. સાર્સાપેરીલાનાં જેવા ગુણો આ બેઉ વેલાના મૂળીયામાં છે. શામા અથવા કૃષ્ણ સારિવા એ મલબાર પ્રાંત તથા ગોમાંતકમાં મળે છે. તેનાં મૂળીયાં સુગંધી હોયછે. એના મૂળીયામાંથી કુમારીન નામે સત્વ નિકળે છે.

ગધેડયું—આ જાતનું કાળું જીવડું સમુદ્ર કાંઠે મળે છે. તેને પાંચ ઇંદ્રીઓમાંની માત્ર કાયા, મોહ ને નાક એ ત્રણ હોય છે.

ગધેડો—આ પ્રાણીની શ્રેષ્ટ જાતી એશિયામાં ઉત્પન્ન થાયછે. તેઓ મૂરનાં પર્વતોમાં ઉન્હાળામાં ટોળેટોળાં થઇ ભટકે છે અને તે ઉપરાંત તારતરી, મેસેપોટેમિયા, ઈરાન, હિંદુસ્તાન વગેરે દેશોમાં પણ ટોળે ટોળાં ભટકે છે.

આ પશૂની ધીરજ અને સહનશક્તિને લીધે સર્વ પ્રજાઓએ તેને મુર્ખાઇનું માપ કરવાને માટે પસંદ કીધું છે, પણ તે છતાં તેના પોતાનામાં ઘણી ચેતન શક્તિ છે એવું સાબેત કીધું છે. જોખમ ભરેલી ટેકડીઓ ઉપર ચઢવા ઉતરવામાં તેણે માણસની સેવા બજાવીને તેની જીંદગી ઘણી વેળા બચાવી છે. ખુદ્રતી વિદ્યાનાં અભ્યાસીઓ ગધેડાનાં દિલગુર્દાનું મોટું કદ જોઇને અજાબ થયા છે, અને મોટું દિલ હિમ્મતની નિશાની ધારવામાં આવેછે. આ કારણને લીધે કેટલાક દેશમાં ગામડીયાઓ પોતાના બચ્ચાંઓનાં શરીર ઉપર ગધેડાનું ચામડું બાંધી રાખે છે. ગધેડાનું ચામડું લખવાની તખતીઓ અને પરબમો બનાવવાને માટે અતિ બેમુલ્ન ગણાય છે.

ઇરાનમાં પેદા થતા જંગલી ગધેડા અતિ ખુબસૂરત હોય છે. ઉત જેવા કાળા બાલવાલી દુકી યાળ ઉપરાંત તેની પીઠ ઉપર પુછડી સુધી લંબાતો કાળા ગુછડાવાલા બાલોનો એક પટો ફરી વળેલો હોય છે. આ જાતનાં ગધેડા ઘોડા પ્રમાણે ખબારે છે અને તુર્કી ચાલે દોડે છે. એના પગ લાંબા તથા પતળાં હોય છે. આગળ આ જાનવરનું માંસ ખાવામાં લેતા હતા. ઝેનોફોને આ જાનવરના કરેલા વર્ણુન માં એનું માંસ રાતા હરણનાં માંસ કરતાં વધારે સ્વાદિષ્ટ હોય છે એમ જણાવી ગયા છે. આ પ્રાણી જ્યારે જંગલમાં ટોળે ટોળાં થઇ ભટકેછે ત્યાર પોતાના એક મુખ્ય ગધેડા સરદારની રાહબરી તળે ફરે છે. આ ગધેડાં પાળી શકાતાં નથી.

અરબસ્તાનનાં ગધેડા પણ ખુબસૂરત હોય છે. તેમની ચામડી સુંવાળી અને સ્વચ્છ હોય છે. આ ગધેડાં ઉંચી ડોકે નાચતા ચાલે છે. આ જાનવરને ઇરાનમાં સ્વારી તરીકે ઉપયોગમાં લે છે, તેથી અરબસ્તાનથી ઇરાન તરફ મોટી સંખ્યામાં તેને મોકલવામાં આવે છે.

ઇંગલંડમાં પ્રાચીનકાળમાં ગધેડાં દાખલ થયા છે. ઇથલરેડનાં જમાનામાં પાંચથી ૬ રૂપ્યે ગધેડા વેચાતા હતા. તે પછી કેટલાક વખત સુધી તેમની વસ્તી ઓછી થઇ હતી; પણ ફરી રાણીમેરીના વખત દરમ્યાન સ્પેનમાંથી તેમને ફરીથી લાવવામાં આવ્યા હતા. સ્પાનિઅર્ડોએ ગધેડાને અમેરિકામાં દાખલ કીધાહતા અને હાલમાં તેમની બોહોળી સંખ્યા વસે છે.

ગધેડા ગરમ ઋતુવાલા મુલકમાં સારી રીતે ઉછેરી શકાય છે. યૂરપમાં સ્પાનિયર્ડો તેમની સારી જતન કરતા હોવાથી ત્યાં તેમની ઓલાદ દિનપ્રતિ દિન સારી પેદા થાય છે. ઈંગલંડમાં તેમની દરકાર કરવામાં આવતી નહિ હોવાથી દનપરદન તેમની પેદાશ ઘટતી જાય દુબળાં ગધેડા પેદા થાયછે. ગધેડા અતિશય જડકુ હોવાથી ઉતરાણો વચ્ચે તેઓ સહેલાઈથી ફરહર કરીશકે છે. જંગલી અવસ્તામાં તે બહુ તેજી અને ચાલાક હોય છે, તોપણ મનુષ્યનાં કાબુ હેઠળ મુકાયા પછી તાબેદાર ને મુઢ બનાવેછે. ગધેડાનો બાંધો તપાસતાં તે ઘોડા કરતાં વધારે મજબુત ને ખડતળ છે. તેનાં પગ વધારે ઠરેલ હોયછે અને ચાલવામાં તે ધીમો રહે છે પણ ઘોડા કરતાં વધારે દુઃખ ખમવાની શક્તિ ધરાવે છે. તે ૨૦ થી ૨૫ વર્ષ જીવેછે. ઘોડા કરતાં ઓછી ઉંઘ કાઢે છે.

ગધેડીનું દુધ બચ્ચાંને પાવું ઘણું ગુણકારી છે. તે હસ્તકૃત બનાવવા માટે ૧ શેર ગાયનાં સોજા દુધમાં બે ઔંસ ખાંડ, એક ઔંસ 'સીરપ ઑવ ટોલુ' તથા મરધીનાં ત્રણ ઈંડાની સફેદી ચમચા વડે ચઢાવેલી

તેમાં ઉમેરી બનાવી શકાયછે. આ મિશ્રણ ખહી તથા છાતીના દર્દપર અકસીર છે.

જેમ ગધેડો ભારબરદારી જાનવર તરીકે ઉપયોગી છે, તેથી ઉલટું આગલા વખતમાં તે કેટલીક પ્રજામાં માનથી પુજાતો હતો. 'અવતીસ' પ્રજા ગધેડાની પુજા અતિ ભક્તિભાવથી કરતી હતી. તેઓ પોતાનાં દેવતા 'નિબાસ' તથા 'તરતાકા' ને ગધેડાનો અવતાર યા પ્રતિનિધી ગણે છે, તેથી તેઓ સીલોનનાં ગધેડાંની પુજા ધામધુમથી કરે છે. જ્યારે જ્યુ લોકો ઇજીપ્ત તજી પરદેશ જતા હતા તેટલાં તેમને પાણીની તાણ પડતાં તરસથી તવળવા લાગા, એવામાં ગધેડાનું એક ટોળું સામેથી આવતું જણાયું તેની પાછળ જતાં તેમને પાણીનો એક ઝરો જડયો, ત્યારથી જ્યુ લોકો ગધેડાને બોદા સમજી પુંજવા લાગા હતા, અને તે ઉપરથી ગધેડાનો મોટો ઉપકાર વાળવા તેમની મૂર્તિઓ પવિત્ર જગા ઉપર ગોઠવે છે. આ વાતને પ્લુટાર્ક તથા 'તેશિઅસ જેવા વિદ્વાન લેખકો ટેકો આપે છે.

ગનાબેગમ—આ બાનુ પોતાની જાતી બુદ્ધિ અને અદ્ભૂત રસિક વિચારો તથા ઉત્તમ કવિતા વિષે પ્રસિદ્ધતા પામી ગઈ છે. તેણીએ રચેલી હિંદુસ્તાની ભાષાની રસીક બયતો હાલમાં પણ ઘણી વખણાય છે. આ બાનુએ જોડેલી 'ગજલો'માંની કેટલીક "એશિઆટીક રીસર્ચીસ્" ના૦ ૧ લા દફ્તરના ૫૫ માં પાનામાં જોવામાં આવેછે. એ બાનુનો પિતા નવાબ અલીકુલીખાન ૫૦૦૦ ઘોડેસ્વારોનો સરદાર હતો. ગનાબેગમના વેજવાળ નવાબ સફદરજંગના બેટા સુજાઉદ્દોલા સાથે થયા હતા, પણ પાછળથી લગન બમાદ ઉલમુલ્ક ગાઝીઉદ્દીન વજીર સાથે થયાં હતા. આથી સફદરજંગ અને વજીર વચ્ચે મોટું વેર પડયું હતું. નરબદાકાંઠેના ધોલપુર ગામમાં પોલાસરાઇથી બે માઈલપર ઇ. સ. ૧૬૮૮ હિ. સ. ૧૧૬૦ માં શેહેનશાહ આલમગીરે જે બગીચો બંધાવ્યો હતો તે એજ બાનુના સ્મર્ણાર્થે બાંધ્યો હતો. આ બાનુની રચેલી બયતો સોજ, સૌદા અને મિન્નત નામના શાએરે સુધારી હતી.

ગની—સિંધ હૈદ્રાબાદના આ તાલુકાનું ક્ષેત્રફળ ૯૮૯ ચૌરસ મૈલ છે. તેમાં ૧૨૭ ગામડાં છે. ૧૮૭૨ માં વસ્તી ૫૯,૯૭૧ ની ને ૧૮,૮૧ માં ૭૧૧૬૨ ની હતી. તેમાં ૬,૨૭૮ હિંદુ ને ૬૦,૫૦૧ મોહમેદન હતા, તથા ૧૧૭૫ શિખ હતા. વાર્ષિક મેહેસુલ ૯૪૪૪ પૌંડ ઉપજે છે.

ગનૂર—ઉત્તર પશ્ચિમ પ્રાંતના બુદાઉન જીલ્લાની આ તેહેસીલદારીનું ક્ષેત્રફળ ૩૧૦ ચૌરસમૈલ છે. તેમાં ૧૭૭ ચૌરસ મૈલ ખેતીવાડીથી ભરપૂર છે. ૧૮૩૨ માં લોક વસ્તી ૧,૨૮,૭૮૮ ની ને ૧૮૮૧ માં ૧,૧૭૫૩૫ની હતી, તેમાં ૬૩૬૬૫ પુરૂષો ને ૫૩૮૭૦ સ્ત્રીઓ હતી. તેમાં હિંદુ સંખ્યા ૧,૦૫,૧૫૦ અને મોહમેદન ૧૨૩૮૫ હતા. વાર્ષિક મેહેસુલ ૧૮૦૮૫ પૌંડની ઉપજે છે.

(૨) ઉપલા તેહેસીલદારીનું મુખ્ય ગામની વસ્તી ૪૯૨૦ ની હતી, જેમાં ૨૫૬૯ પુરૂષો ને ૨૩૫૧ સ્ત્રીઓ હતી. ગંગા નદીના ડાબા કાંઠાથી ૩ મૈલપર આ ગામ છે.

ગબરગઢ—અંબિકા દેવીની પશ્ચિમે બે મૈલને છેટે આ ડુંગર આવેલો છે. ત્યાં પ્રાચીન કાળમાં એક ગબરગઢ નામે કિલ્લો હતો. હાલમાં ત્યાં કેટલાક બરાબા છે તેથી દૂરથી જોનારને કમાનદાર મેહેરાબ જેવા દિસે છે.

દાંતાના રાણાના વડવા રાવળજી પરમાર પછી ૧૫ મો પુરૂષ જસરાજ થયો, તેણે ઇ. સનની અગીઆરમી સદીમાં નગરદેકેથી આરાસૂર આવી પોતાની રાજ્યગાદી ગબરગઢમાં સ્થાપી હતી. તે પછી રાણા જેતલજી એ સોલમી સદીમાં દાંતાને બાયતબત કીધું ત્યારથી દાંતામાં હજી તેમના વંશને રાજ્ય કરેછે.

ગમક—ગાયનશાસ્ત્ર મુજબ ગાયનમાં મુખ્ય ૭ ગમકો છે. તેનાં નામો સ્ફુરિત, કંપિત, લીન, સ્તિમિત, આંદોલિત, આહત અને ઉદાત્ત એ છે.

ગમકછંદ—પાંચ લઘુ માત્રાનો એ બને છે. દાખલા તરીકે "શ્રમ સફળ, વળી વિફળ, સુર અમૃત, અસુર મૃત."

ગમસાર—મદ્રાસના જંગમ જીલ્લાનો એક તાલુકો. એની ઉત્તરે દાસપાલા ને નયાગર, પૂર્વે અતાગાદાની જમીનદારી અને પશ્ચિમે પૂર્વ ઘાટ. ક્ષેત્રફળ ૨૯૧ ચૌરસ મૈલ હોઇ તેમાં ૧ શેહેર ને ૮૦૧ ગામડાં છે. ૧૮૭૧ માં વસ્તી ૧,૫૮,૦૭૧ ની હતી ને ૧૮૮૧ માં ૧,૮૧,૩૯૦ ની હતી. તેમાં ૮,૯૦,૪૦૭ પુરૂષો ને ૯૧,૯૮૩ સ્ત્રીઓ હતી, ૧૮૩૭ વેર ગમસાર દેશી રાજ્યને તાબે હતું, પણ બળવા સમયે બ્રિટીશ લશ્કરે રાજ્યપર ચઢાઇ કરી રાજ્ય તાબે કર્યું અને તે તરફ મનુષ્ય બળી આપવાનો જંગલી જાતોમાં જે ચાલ હતો તે બ્રિટીશોએ બંધ કરાવ્યો, આ તાલુકાનું જંગલ ઇમારતી લાકડાંથી ભરપૂર છે. તેનાં મધ્ય તથા દક્ષિણ ભાગમાં શેરડીની મોટી ખેતી કરવામાં આવે છે. એની વાર્ષિક જમીનની ઉપજ ૨૩,૮૪૬ પૌંડની ઉપજે છે.

ગણ—હિંદુઓના કથા ગ્રંથોમાં એ નામના જૂદા જૂદા પુરૂષો થઈ ગયા છે. (૧) ઉત્તાનપાદ વંશીય ઉલ્મુક રાજાના ૬ પુત્રો માહેલો એક. (૨) ઉત્તાનપાદ વંશીય હવિર્ધાન રાજાના ૬ પુત્રો માહેલો બીજો. (૩) પ્રિયવ્રત વંશના ઋષભદેવ કુલોત્પન્ન ધુષેણપુત્ર નક્ષત્રરાજા, તેને કૃતિ અથવા ઘૃતિ સ્ત્રીથી થએલો પુત્ર. આ ગયની સ્ત્રીનું નામ ચિત્રરથ અને પુત્રોનું સુગતિ અને અવરોધન નામ છે. (૪) ધ્રુવ અથવા સુધુમ્નરાજાના ત્રણ પુત્રોમાંનો વચલો. (૫) સોમવંશી વિજય કુલોત્પન્ન મૂર્તવૈ અથવા મૂર્તરનો પુત્ર. એણે વાનિરમાલીની નદી અને બ્રહ્મસર કિનારે અનેક યજ્ઞો કર્યા હતા, અને તેમાં તેણે બ્રાહ્મણોને દક્ષણા આપી નેહાલ કર્યા હતા. (૬) અમૃતરાજ રાજાનું નામાંતર.

ગય બંદાહા—બંગાલના રંગપૂર જીલ્લાનો પેટાભાગ. ક્ષેત્રફળ ૭૬૦ ચૌરસ મૈલ છે. તેમાં ૧૫૨૩ ગામો હોઇ ૭૯,૧૩૪ ઘરો છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૪,૫૦,૮૭૨ ની હતી, તેમાં ૨,૨૮,૭૨૭ પુરૂષોને ૨,૨૨,૧૩૫ સ્ત્રીઓ હતી. ૩,૧૪,૩૯૨ મુસલમાનો, ૧,૩૬,૩૬૯ હિંદુઓ, ૧ ખ્રિસ્તી ને ૫૨ જૈન હતા. ૧૮૮૩ માં ત્યાં ૧ ગુન્હાની છાંડણ કરનારી કોર્ટ ને ૨ દિવાની કોર્ટ હતી. તેમાં ૬૬ પોલીસ અમલદાર ને ૯૦૨ સિપાઇઓ હતા.

ગયા જીલ્લો—બંગાલમાં લેફ્ટેનન્ટ ગવરનરની સત્તા તળેનો એક જીલ્લો. એની ઉત્તરે પટના જીલ્લો, પૂર્વે મોંગીર, દક્ષિણે અને દક્ષિણ પૂર્વે લોહારદગા અને હજારી બાગ તથા પશ્ચિમે શાહાબાદ છે. ક્ષેત્રફળ ૪૭૧૨ ચૌરસ મૈલ છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૨૧,૨૪,૬૮૨ ની હતી. આ જીલ્લાનું મુખ્ય શેહેર ગયા છે પણ સરકારી કચેરીનું મુખ્ય મથક સોહબગંજમાં છે.

ગયા જીલ્લાનો દક્ષિણભાગ પહાડી હોઇ તે તરફ ગુંદરના ઝાડના જંગલો છે. ગંગા તરફનો ઉત્તરભાગ માત્ર સપાટ ને ફળદ્રુપ છે. પ્રદેશ જોકે સપાટ છે પણ જગે જગ નાહના ટેકડાઓ છે, છતાં દેશ ફળદ્રુપ હોઇ ધાન્ય તથા ઘાસ પુષ્કળ ઉગે છે; ઉંચામાં ઉંચો પર્વત ગયા શેહેરની દક્ષિણપૂર્વે ૧૨ મૈલપર મેહેર પર્વત ૧૬૨૦ ફીટ સમુદ્ર સપાટીથી ઉંચો છે.

ગયાનો પૂર્વ ભાગ ખેતીવાડીથી ભરપૂર છે, પણ ઉત્તર પશ્ચિમ ભાગ થોડો ફળદ્રુપ છે. જંગલમાં હિંસક પ્રાણીનાં મોટા જથ્થા વસેછે; તેમજ જંગલમાં 'ટાસર' નામનું રેસમ, મધમાખનું મીણ, ગુંદર, તથા ફળફળાદીની મોટી ઉત્પતિ થાયછે. આગળ આ ભાગમાં પ્રજની થોડી વસ્તી હતી પણ હાલમાં ત્યાંના જંગલો કાપી ખેતીવાડી લાયકનો ભાગ બનાવવાથી ત્યાં હાલમાં મોટી વસ્તી થવા માંડી છે. ઘણી ખરી નદીઓ દક્ષિણ પર્વતોમાંથી વહેતી દક્ષિણ ઉત્તર ભાગમાં ફરી વળે છે. તેમાં 'સોની' મુખ્ય છે અને તે ગયા તથા શાહાબાગ જીલ્લામાંથી

મધ્યપ્રાંતમાં વહેછે. આ નદીમાં વર્ષ દરમ્યાન સદા પાણી રહેછે, અને તેમાંથી નેહેરોમાં પચી મોસમમાં સરખું પાણી રહેછે. ભારે વરસાદમાં આ નદીઓમાંથી ૨૦ ટનનાં વાહાણે ફરહર કરી શકેછે અને ૧૦ ટનનાં દરેક મોસમમાં ફરહર કરી શકેછે. સોની નદીને નામ તેની રેતીના સુનેરી રંગ ઉપરથી પડેલુંછે. ગયાના ભાગમાં બે નેહેરોથી બધેબધ પાણી કરી વળેલું છે.

૪. સ. ૧૮૭૨ માં ગયા જીલ્લાની લોક વસ્તી ૧૯,૪૭૮૨૪ ની હતી, તેમાં ૬૫૩૦ ગામો અને ૩,૨૭,૮૪૫ ઘરો હતા, દર ચૌરસ મૈલે ૪૧૩ માણસોની રાસ આવતી હતી. ૧૮૮૧ની ગણત્રી મુજબ ૨૧,૨૪,૬૮૨ની વસ્તી હતી. આ ઉપરથી જણાયછે કે ૬ વર્ષમાં ૧,૭૬,૮૫૮ ની વસ્તી વધી હતી અથવા દર સેંકડે ૯૦૭ ની રાસ આવી હતી, તેમાં ૯૭૫૭ ગામો ને ૩,૭૨૭૪૮ ઘરો હતા. લોક વસ્તીમાં ૧૦,૪૩,૪૪૧ પુરૂષો ને ૧૦,૮૧,૨૪૨ સ્ત્રીઓ હતી. દર ચૌરસ મૈલે ૪૫૧ માણસોની રાસ આવતી હતી. તેમાં ૧૮,૯૧, ૪૮૨ હિંદુ, ૨,૧૩,૧૪૭ મોહમેદન ને ૧૦૦ ખ્રિસ્તીઓ હતા.


ગયા—પ્રાચીન કાળમાં આ શેહેરને બુદ્ધ ગયા કહેતા હતા, ફલ્ગુનને કાંઠે ઉત્તર અંક્ષાસ ૨૫, પૂર્વ રેખાંશ ૮૨ ના સુમારમાં ગયાનામે એક ઇતિહાસ પ્રસિદ્ધ શેહેર છે તેજ પ્રમાણે ફલ્ગુનને દક્ષિણ કાંઠેનું બૌદ્ધ ગયા નામે શેહેર જાણીતું છે. ફલ્ગુને બૌદ્ધનાં સમયમાં નિરંજન કહેતા હતા. શેહેરથી તૈઋત્યમાં "બ્રહ્મા-યોગી" નામે પર્વત હતો જ્યાં આગળ એક સ્તૂપ હતો. હાલમાં આ સ્તૂપને ઠેકાણે માત્ર એક નાહનું મંદીર રહેલું છે. આ મંદીર પાસે એક નાહનો પાહાડ છે તેને "મોર પર્વત" કહેછે, જ્યાં બૌદ્ધ એકાંતમાં બેસતો હતો. આજ પર્વત ઉપરથી બૌદ્ધ ઉતરીને પ્રથમ ગયામાં દાખલ થયો હતો અને જતી વેળા માર્ગમાં મળેલી એક ગુફામાં ધ્યાનસ્થ થઈ બેઠો હતો, કે જે ગુફા હાલમાં પવિત્ર ગણાય છે.

આ બૌદ્ધ ગયામાં એક પીપળનું વૃક્ષ છે. આ વૃક્ષ નીચે બૌદ્ધ બેસતો તેથી તેનુ નામ બુધ્ધોદ્રુમ એ પડ્યું. આ બુધ્ધોદ્રુમ પાસે એક ચતુષ્ટ કોણ મંદીર છે, તેને ચૂએને 'વિહાર' એ નામ આપી તેનું વર્ણન પોતાના ગ્રંથમાં કર્યું છે.

ગયા જીલ્લાનું મુખ્ય શેહેર ગયા છે. આ ગામ બે શેહેરમાં વેહેંચાયલું છે. તેમાં એક પુરાણું ગયા કે જેમાં બ્રાહ્મણોની વસ્તી છે, અને સાહિબગંજ વેપારનું મુખ્ય મથક હોઇ ગયાનો મુખ્ય ભાગ છે. ત્યાં યૂરોપિયનની વસ્તી હોઈ સરકારી વગેરે કચેરી પણ તેજ ભાગમાં છે. રસ્તા પોહળા છે પણ દેશી લત્તાનાં સાંકડા ને ઘરો બેઠાં છે. શેહેર સાહિબગંજમાં જેલ, પોલીસ, બરાખ, ઇસ્પીતાલ, દેવળ, જાહેર લાયબ્રેરી, કબરસ્તાન, સ્વિમિંગ બાથ, શરતનું મેદાન વગેરે જોવા જોગ છે. ૧૮૭૧ માં આ બેઉ જોડ શેહેરોની લોક વસ્તી ૬૬૮૪૩ ની હતી. જેમાં ૩૮,૪૬૩ પુરૂષ ને ૩૭,૬૬૨ સ્ત્રીઓ હતી. તેમાં હિંદુ ૬૦૧૮૧ ને મોહમેદન ૧૬૧૬૧, તથા ખ્રિસ્તી ૭૫ હતા. ૧૮૬૧ માં વસ્તી ૮૦૩૮૩ ની હતી. મ્યુનિસીપલ વાર્ષિક ઉપજ ૭,૨૫૩ પૌંડની હતી. શેહેરની પોલીસમાં ૭૮ અમલદારો ને ૧૩૮ સીપાઇઓ છે.

ગયા ધાસ્ત—*એ એક ભલો પુરૂષ હતો જે પઉરધાસ્તિનો છોકરો થાય અને અશવઝદ જેને ખનીરથમાં સોળ્યોશનાં મદદગારોમાંનો એક ગણ્યો છે તેનો ભાઇ થાય. એ અને એની ઘણીઆણી ક્રેનો બન્ને માટી બઈએર ભલાં નામાંકિત હતા, કારણ એની ઘણીઆનીને પણ ભલી સ્ત્રીઓમાં યાદ કરી છે. અવરતા પ્રમાણે નીચલો કોઠો એની વંશાવળી દેખાડે છે. જે સઘળાંઓને ભલાં અને નામાંકિત પુરૂષો તરીકે યાદ કર્યા છે.

* શમશુલઓલમાં જીવનજી મોદી કૃત અ૰ વિ૰ ના૰ ફરહંગ



ગ્યારિબલ્દી—આ દેશભક્ત પુરૂષનો જન્મ ઇ. સ. ૧૮૦૭ માં ૨૨ જુલૈએ ઇટલીના નાઇસ ગામમાં થયો હતો. એના માતપિતા ગરીબ સ્થિતિમાં હોવાથી એને વધારે નહિ ભણાવતાં નાહની ઉમરે સાર્ડિનિયાના કાફલામાં નોકરીએ લગાડયો. તે વેળા ઇટલીમાં આસ્ટ્રેલિયાની વિરૂધ પક્ષમાં એક ટોળું થયું હતું, અને તે ટોળાએ જીનોવામાં 'યંગ્ય વિક્રો'નું જે બંડ કીધું તેમાં ગ્યારિબાલ્દીએ ભાગ લેવાથી એને દેશનિકાલની સજા થઇ પણ તે ફ્રાન્સ નાહડો. સેવટે એણે માર્સેલિસમાં ગુપ્ત વેશે આશ્રય લઇ ત્યાં મ્યાટ સિનની સાથે દોસ્તી કરી, અને ત્યાં ગણિત વિદ્યાનો અભ્યાસ કર્યો. બે વર્ષ પછી કામદારના વેશમાં માર્સેલ્સથી ટિઉનિસ ગયો પણ ત્યાં કશું નહિ વળવાથી તે અમેરિકાના 'રૉઇ' અને 'જેનિરોમાં' જઇ રહ્યો. રૉઇ અને જેનિરો, ડેલસલ આ વેળા હીક પગભર થયું હતું. ત્યાં તેણે સરકારી નોકરી મેળવી અને 'બુયેનસ એરીસ' નામના ટોળા સાથે ઉઠેલી લઢાઇમાં એણે કાફલાના સરદારની પદ્રિ મોટા શરાતનથી મેળવી. આ તેના જયના સમાચારથી ઇટલીના દેશીઓ તેનીપર ફીદા થયા. ફ્લોરેન્સ તેને તલવાર ભેટ આપવા તત્પર થયું. ૧૮૪૮ માં એણે પોતાનાં દેશમાં પગ મેલી દક્ષિણ ટાઇરલની તરફ આષ્ટ્રીયન સેનાની વિરૂધ લઢાઇ ઉઠાવી જર મેળવ્યું. ગયારિબાલ્દીએ પિડમન્ટના રાજા ચાર્લ્સ આલબર્ટ આગળ કામ કરવા ઇચ્છયું. પણ રાજાએ તે કબુલ નહિ કીધું. રાજાએ એને વૉલંટીયર ફ્રોજ એખટી કરવાની સંમતિ આપી હતી. એણે સૈન્ય એખહું કરી કેટલીક લઢાઇમાં જય મેળવ્યો, પણ છેલ્લી લઢાઇમાં હાર પામ્યો, અને તેથી નિરાશ થઇ અમેરિકા જઇ વસ્યો. તે વેળા પેરૂ તરફ લઢાઇ જાગી અને તેમાં એણે સરદારી મેળવી નામના મેળવી, અને જય પામી પીરૂ દેશની લઢાઇ પુરી થતાં તે સ્વદેશ ગયો અને કયાન્પેરા દ્વિપમાં પોતના કુટુંબ સાથે પાંચ વર્ષ સુધી છુપો રહ્યો. ત્યાં તેણે ખેતરો ખેડવા માંડી મોટી જમીન પર ખેતી કરવાનો ધંધો કર્યો. આ વેળા ફરી ઇટલી પર આફત આવી. તે વેળા જાહેર થઇ ઇટલીના લશકરની ફરી સરદારી લઇ તેણે વિકટર ઇમાન્યૂએલને ફરી ઇટલીનું રાજ્ય જય સાથે આપ્યું. તેની આ સેવાથી ઇમાન્યૂલે તેને જાગીરો તથા ઇનામો આપવા ચાહ્યું, તે લીધાં નહિ, પણ દેશની સેવામાં તત્પર રહેવા તૈયાર રહ્યો. ને ફરી પોતાની બ્રેહુતી જીંદગી સંપાદન કરી હતી. મરણ ઇ. સ. ૧૮૮૨ માં ૩ જી જુને નિપજ્યું હતું. એ એક કુશળ લઢવૈયા તરીકે ગઇ સદીમાં મોટી નામના પામી ગયો છે.

ગ્યાલિલી—એ ભૂમધ્ય સમુદ્રની પૂર્વ તરફનું જાણીતું બેટ. પ્રાચીન ગ્રીક પ્રજાનો ઓલિમ્પસ પર્વત આજ ટાપુમાં છે. આ ટાપુ રોમનોએ આરબો પાસેથી ટેમ્પલર નામના નાઇટોને ૧૧૯૧ માં બક્ષીસ કીધું. ત્યારથી તે ઇ. સ. ૧૫૭૧ સુધી તેમનીજ સત્તા તળે રહ્યું હતું, તે પછી તે તૂર્ક લોકોને હાથ ગયું, અને છેલ્લે ૧૮૭૮ માં બ્રિટીશોને તાબે ગયું; જે હાલમાં તેમની સત્તા તળેછે.

ગ્યાલીઅમ—ફ્રાન્સ દેશમાં લેકાકડિ બાઇસ બાડ્રને ઇ. સ. ૧૮૭૬ માં ઝિંકબ્લેંડ નામના ગ્યાલિયા પ્રાંત માહેલા જસતના પથ્થરમાંથી આ ધાતુ શોધી કાઢી. તે પછી અનેક ઠેકાણે આ ધાતુ પથ્થરમાંથી મળવા લાગી. પણ એ સઘળામાં ઘણી ઓછી નિકળેછે. જે પથ્થરમાં તે વધારે મળેછે તેમાં તેના વજનના સાઠ હજારમે હિસ્સે તે મળેછે, કાસ્ટિક પોટાશના રસમાં એનો 'ઑકસાઇડ' પિગળાવી તેમાંથી વિદ્યુત પ્રવાહથી આ ધાતુને જૂદી પાડી શકાયછે.

આ ધાતુમાં ચળક હોઇ તે ચાંદી જેવી સફેદ હોયછે. આ રંગ એના રસને પણ હોયછે, પણ તેના સ્ફટીક થતાં એ ઝાંખો બલુ રંગ પકડેછે, અને ચળકેછે. ૮૫°.૧ ફેરન ઉષ્ણમાન ઉપર પિગળેછે, તેથી માત્ર હાથની ગર્માથી પણ પિગળાવી શકાયછે. એને છરી વડે કાપી શકાયછે અને તે જેમ વાળીયે તેમ વળી શકનાર પણ બટ હોયછે.

આજ વર્ગમાંની બાકી રહેલી પાંચ ધાતુની શોધ જૂદે જૂદે પ્રસંગે થઇછે. ઇ. સ. ૧૭૯૪ માં ફ્રિનલેંડ દેશમાં પ્રોફેસર ગ્યાડોલિને એક ખનીજ પદાર્થમાં એક જાતની નવી જાતની મટોડી શોધી કાઢી. આ ખનીજ પદાર્થને તે ઉપરથી ગ્યાડોલિનાઇટ એમ નામ રાખ્યું, અને એ શરૂઆતમાં ૧૭૭૮ માં 'યિટરથી' ખાતે જડી હતી. પછી ૧૭૯૭ માં ગ્યાડોલિને જૂદી કરેલી મટોડીમાંથી ગ્લુસિનમ શિવાય બીજી એક નવી મટોડી છે એમ 'એકેબર્ગે' શોધ કરી, અને તે મટોડીને તેણે યિટ્રીયા એ નામ આપ્યું. પછી ૧૮૦૩ માં સ્વિડન દેશમાં બીજા એક ખનીજ પદાર્થમાં 'કલાપ્રાથે' બીજી નવી મટોડી શોધી કાઢી. પછી બેઝેલિઅસ અને હિસિંજરે આ મટોડીની પરિક્ષા કરી આ મટોડી એક નવીજ ધાતુનો ઑકસાઇડ છે એમ ઠેરવ્યું, અને તે વખતે નવો શોધી કાઢેલો ગ્રહ સીરીજના નામ ઉપરથી મટોડીને 'સીરિયા' અને તેમાંની ધાતુને 'સીરિયમ' નામ આપ્યું.

ઇ૰ સ૰ ૧૮૧૯માં 'બઝેલિઅસે' શોધ કરી કે 'યિટ્રીયા' મટોડીમાં સીરિયા મટોડી મિશ્ર થએલી મળેછે. પછી ૧૮૩૯માં મોસાંડરે અતિ ઓકસાઈથી અનેક પ્રયોગ કરી સિદ્ધ કર્યું કે સિરિયા મટોડીમાં બીજી એક ધાતુનો ઑકસાઇડ છે અને આ ધાતુને તેણે 'લ્યાંથેનમ' એ નામ આપ્યું. ઇ. સ. ૧૮૪૧ માં તેણેજ બીજો એક પદાર્થ શોધી કાઢયો, અને તેમાંની ધાતુને 'ડીડિનિઅમ' એ નામ આપ્યું. તેણે ૧૮૪૩ માં અનેક પ્રયોગ કરી ઠેરવ્યું કે 'યિટ્રિયા' મટોડીમાં બીજી એ ધાતુ મિશ્ર રહેછે અને તેને તેણે 'ટર્બીઅમ' અને 'અબ્રિઅમ' એ નામો આપ્યાં. જો ઉપર 'બનસેને' પ્રયોગ કરી તેમાં એક નવી ધાતુ છે એમ અનુમાન કાઢી તેને 'અબ્રીઅમ' એ નામ આપ્યું પણ હાલની શોધો ઉપરથી જણાય છે કે અબ્રીઅમ એ એક સ્વતંત્ર ધાતુ છે, એને હજી મૂળતત્વમાં ગણતા નથી.

સ્કયાંડિનેવિયા, સાઇબિરિયા, ગ્રીનલેંડ આ દેશમાં સ્વચ્છ એવા ખનિજ પદાર્થમાંથી આ ધાતુ જડેછે. પણ આ ધાતુને એકમેકથી જૂદી પાડવી અને તેના શુદ્ધ સંયુક્ત પદાર્થ તૈયાર કરવા અતિ કઠણ હોય છે. એના માત્ર ઑકસાઇડ અને ક્લોરાઇડ એ માત્ર સયૂંક્ત પદાર્થ જાણીતાં છે. એમનો ધર્મ હજી બરાબર જણાયો નથી, અને એમનો સંયોજક પ્રમાણ વિષે સુદ્ધાં બરાબર જણાયું નથી. માત્ર હાલમાં છપાયલા ત્રણ ગ્રંથોમાં ત્રણ પ્રકારની સંખ્યા આપેલીછે એથી વધારે એના વિશે વર્ણન જડતું નથી.

	'રાસ્કો'	'ટાયડી'	'મિલર'
યિટ્રિઅમ	૯૨°૫	૬૧°૭	૫૯°૭
એબ્રિઅમ	૧૬૯	૧૧૨°૬	૧૧૩°૭
સેરિઅમ	૧૪૧°૨	°૯૨	૧૪૧°૩
લ્યાંથેનમ	૧૩૯	૯૦°૨	૧૪૦°૪
ડિડિનીઅમ	૧૪૭	૯૬	૧૪૨°૫

ગ્યાલીલિયો—આ મહાન વિદ્વાનનો જન્મ ઇ૰ સ૰ ૧૫૬૪માં ઇટલીમાંના 'પિસા' શેહેરમાં થયો હતો. એનો પિતા મોટા ખાનદાનથી ઉતરેલો હતો. ગ્યલીલિયોને વૈદક શાસ્ત્ર શિખવવા માંડયા છતાં તેની વલણ તે તરફ નહિ જોઇ તેને ગણિતશાસ્ત્ર શિખવા તરફ ઉલટ કરતો જોઇ તે શાસ્ત્ર શિખ્યું. ૨૪ વર્ષની વયે તેણે ગણિતશાસ્ત્રી તરીકેના શિક્ષકની જગા મેળવી. તેને પોતાનાં અભ્યાસ દરમ્યાન જણાઇ આવ્યું કે

'પદાર્થવિજ્ઞાન શાસ્ત્ર' ના વિચાર સંબંધી ઍરિસ્ટોટલે જે વિચાર લોકોમાં પ્રસિદ્ધ કર્યા છે, તે લોકોની સમજમાં બરાબર ઉતરેલાં નહિ હોવાથી લોકોના મગજમાં સત્યજ્ઞાન ઉતારવાનો નિશ્ચય કર્યો. આથી તે 'પેદુઆ' શેહેરમાં ગયો ને ત્યાં તે વિષયો ઉપર ભાષણો કીધાં, અને તે પછી તે વિચાર આખા યૂરપમાં ફેલાયો.

તે પછી ગ્યાલીલિયોએ પોતાને માટે એક નાહની દુર્બિન બનાવી, અને તેની મદદથી તેણે સિદ્ધ કર્યું કે સૂર્ય પૃથ્વી આસપાસ ફરતો નથી પણ પૃથ્વી સૂર્ય આસપાસ ફરે છે. આજ મુજબ 'કોપરનિકસે' જાહેર કર્યું હતું, તેને ગ્યાલીલિયોએ પુષ્ટી આપી; પણ પ્રાચિન કાળથી પૃથ્વી આસપાસ સૂર્ય ફરે છે એવું જે મત વિદ્વાનો તથા આમ પ્રજાનાં મગજમાં ભરાયલું હોવાથી ગ્યાલીલિયોને પાખંડી અને નાસ્તીક ગણી છળવા લાગ્યા; તેમાં ધર્મ ઝનુની લોકો તો તેના વેરી બન્યા. તેઓએ એનીપર નાસ્તીકપણાનો આરોપ મુકી કેદ કીધો, અને સભા સનમુખ ઉભો રાખી જુલમથી તેની પાસે એવું લખાવી લીધું કે સૂર્ય ફરે છે અને પૃથ્વી સ્થીર છે એ ખરૂં. પણ તેજ વેળા તેણે સભા સનમુખ પગ અફાળી અંતઃકરણની શુદ્ધ લાગણીથી ચોકાર મારી બોલ્યો "હું જે થી કાંઇ બોલ્યો તોય આ પૃથ્વી સૂર્ય આસપાસ ફરેછે અને તે કર્યાજ કરશે." આથી ગ્યાલીલિયોને ફ્લોરેન્સ શેહેર પાસે નજર કેદ રાખ્યો. જ્યાં તેણે દુર્બીનમાં જાણવાજોગ ફેરફાર કર્યા પણ તે વખતે એક આંખ અપંગ થવા ઉપરાંત બીજી દુઃખવા માંડી અને કેટલાક દિવસ તેને એહેરાપણાનું દર્દ લાગુ પડયું. ઇ. સ. ૧૬૩૮ થી તેને એચેનીનું દર્દ લાગુ પડયું. અને તેથી તે વિચારોમાં ને વિચારમાં ૧૬૪૨ માં મરણ પામ્યો.

ગયાસ લાઈટ—આ રોશની પ્રથમ શોધી કાઢવાનું માન વિલ્યમ મરડોક* નામના વિદ્વાનને ઘટે છે. પણ તે આગમજ ઇ. સ. ૧૬૫૯ માં 'થૉમસ શર્લીએ, 'વાઇગન' ખાતે એનીપર ઘણા અખતરા કર્યા હતા. ઇ. સ. ૧૭૩૩ માં સર જે. લૉથરે ગ્યાસપર ફરી અનેક અખતરા કર્યા હતા. ૧૭૮૮ માં ડીલરી નામે જર્મને લંડનમાં ગ્યાસની રોશનીની આતશબાજી કરી બતાવી હતી.

ફ્રાન્સ મધે પ્રસિદ્ધતા પામેલો રસાયણી અને ઇજનેર મો૰ લીબિપ લેબોને પણ ગ્યાસની શોધ કરી હતી. આ વિદ્વાનનો જન્મ ૧૭૬૮ માં ૨૯ મી મે એ થયો હતો. તેણે રોશની કરવાની ગ્યાસ લાકડામાંથી ઉત્પન્ન કરી હતી. પોતાની શોધ સંપૂર્ણ કરવા માટે ભારે રંજ ખેંચી ૧૭૯૯ માં તે જાહેર કરી તેજ વર્ષની ૨૧ મી સપટેંબરે તેણે તે શોધ માટેનું પેટંટ મેળવ્યું. સને ૧૮૦૦ માં એની સર્વ બિના જાહેરમાં મેળી. તેણે ચર્બીવાલા પદાર્થમાંથી પણ ગ્યાસ ઉત્પન્ન કરવાની કોશેસ કરી હતી. ૧૮૦૨ સુધી ચાલુ અખતરા કર્યા કીધા. તેણે બનાવેલી ગ્યાસમાં કારબોનિક ઍસિડ ગ્યાસ તથા કારબુરેટેડ હાઇડ્રોજન ભેળેલો હોવાથી રોશની ઘણી ઝાંખી બળતી હતી, અને તેમાંથી ન ખમાય તેવી વાસ નિકળતી હતી, આથી તે ગ્યાસ લોકોને પસંદ નહિ પડવાથી તે પાયમાલ થઇ ૧૮૦૪ નાં ડીસેંબરમાં મરણ પામ્યો.

તે આગમજ ઈંગ્લાંડમાં વિલ્યમ મારડોકે એનો ચાલુ વેહવારમાં ઉપયોગ કરવા થકી અખતરા કરી ૧૮૦૨ માં પોતાના શેઠના કારખાનામાં તેની રોશની દાખલ કરી અને ૧૮૦૫ થી પ્રજાને વગર પેટંટે તેનો લાભ આપવા માંડી દુનિયામાં ગ્યાસ બનાવવાની શોધ આશકારા કરી.

તેજ સમે 'આલબર્ટ ઓફ વિનસર' નામે

* જન્મ ઈ. સ. ૧૭૫૪ નાં આગસ્ટ માસમાં ૨૫ મી તારીખે સ્કૉટલાંડના 'આકીનલેક' ગામમાં થયો હતો. મરણ ૧૮૩૯ માં નિપજ્યું હતું.

જર્મન શોધકે ૧૮૦૩માં ગ્યાસથી દીવા કરવાની શોધ કરી તે જાહેરમાં મેળી. પેહેલવેહેલી રોશની લાઇસ્યમ થિએટરમાં કરી બતાવી. વિનસર અને મરડાકની રીત મુજબ મેળવવામાં આવેલી ગ્યાસના દીવા ૧૮૦૫ માં બરમીંગહામમાં જાહેરમાં બાળવામાં આવ્યા હતા. લંડનમાં રસ્તા ઉપર પેહેલવેહેલી ગ્યાસની રોશની ૧૮૨૦ માં સળગાવવામાં આવી હતી.

હાલમાં આ જનતની રોશની માટે ખનીજ કોલસાનો મોટો ઉપયોગ કરવામાં આવેછે. એક મોટું બંધ હોય એવી જળીમાં ખનીજ કોલસાના ઝીણા કટકા નાખી તેને જો આંચ આપવામાં આવે તો નળીના ખુલ્લા મોઢામાંથી ગ્યાસ નિકળવા માંડે છે, અને તેની પાસે જો બત્તી ધરી હોય તો તે સળગે છે, અને પાણીમાં ચુનો મેળવી તે પાણીમાંથી જો તે ધુમાડાને જવા દઇ સલગાવ્યો હોય તો તે પછી સળગે છે, અને તેની રોશની પેહેલાં કરતાં તેજસ્વી હોય છે.

મુંબઇમાં ચીચપોગલી ખાતે એવું એક મોટું કારખાનું છે. કે જે તમામ મુંબઈ શેહેરને રોશની પુરી પાડે છે. ત્યાં મોટા મોટા વાસણમાં કોલસા નાખી તેને તપાવે છે અને તેમાંથી જે ધુમાડો નિકળે છે તે ચુનો અથવા બીજા કોઇ પદાર્થમાંથી જવા દઇ સ્વચ્છ કરે છે અને પછી પાણીથી ભરેલા મોટા હોજમાં એક મોટું વાસણ ઉંધું નાખેલું હોય છે તે વાસણમાં પેલી ગ્યાસ છોડે છે. તે વાસણમાં જેમ જેમ ગ્યાસ ભરાય તેમ તેમ તે વાસણ ઉપર ચઢે છે, અને તે વાસનના વજનથી ગ્યાસ ઉપર દબાણ રહેછે. આ વાસણને મોટા મોટા નળો જોડી તે વાટે શેહેરમાં ગ્યાસ પુરી પાડવામાં આવે છે.

ગ્યાસની રોશની ખનીજ કોલસામાંથીજ બનાવી શકાય એમ નથી પણ લાકડાં, તેલ, ઘાસ વગેરે પદાર્થોમાંથી પણ તે ઉત્પન્ન કરી શકાય છે.

ઉપર જણાવેલો ખનીજ કોલસો વાસણમાં નાખી આંચ આપી તેની ગ્યાસ નિકળી ગયા પછી બાકી રહેલા કોલસાને 'કોક' કહેછે. તે કોકને બાળયા છતાં ખનીજ કોલસા પ્રમાણે તેમાંથી ધૂમાડો નિકળતો નથી. ઘણું કરી ગ્યાસ ઉપર જણાવેલીજ રીતે બનાવવી પડેછે પણ અમેરિકા તથા રશિયામાં પૃથ્વીનાં પેટામાં આવી ગ્યાસ આયતી ભરેલી હોય છે. તેવા દેશમાં જમીનમાં થોડું ંક ખોદતાં તેમાંથી ગ્યાસ નિકળી તે સલગવા માંડે છે. અમેરિકામાં પીટર્સબર્ગ શેહેર પાસે આવી ગ્યાસના અનેક કુવા જડયા છે. ત્યાં પેલા કુવાઓમાં નળો નાખી શેહેરમાં રોશની તથા ચુહલા માટે તેજ ગ્યાસ વાપરે છે.

ગ્યાસુદ્દીન ખીલજી—આ સુલતાન ગુજરાતની ગાદીપર મહમદ ખીલજીના મોતબાદ ઇ. સ. ૧૪૬૯ નાં મે માસમાં ગાદીનશીન થયો. જ્યારે એણે ૩૩ વર્ષ પોતાનાં અમલના પુરા કર્યા તે વેળા એનાં બે શાહાજાદા ગયાસુદ્દીનના મોહોતની વાર જોતા હતા તેમજ કોણ તખતનો ધણી થશે તે માટે પ્રપંચ રચતા હતા. તેમાં વડા શાહાજાદા નાસરૂદ્દીને પોતાના નાહના ભાઇ સુજાઅતખાનને ઇ. સ. ૧૫૦૦ ની ૨૨ મી અકતોબરે મારી નખાવ્યો અને થોડા દિવસ બાદ ગયાસુદ્દીન પણ જનાનખાનામાં એકાએક મરણ પામેલો મળી આવ્યો. આ અચાનક મોહોત વડા બેટાએ આપેલા ઝેરથી નિપજ્યું હતું.

ગયાસુદ્દીન મહમદ—એનો કાકો શાહાબુદ્દીન મરણ પામતાં એ ઘોર અને ગીજનીના પાદશાહ તરીકે ઇ. સ. ૧૨૦૫ હિ. સ. ૬૦૨ માં ગાદીનશીન થયો, પણ ૪ વર્ષ રાજ્યપદ ભોગવ્યું નહિ તેટલાં મહમદ અલીશાહના માણસોએ ઇ. સ. ૧૨૧૦ ની ૩૧ મી જુલૈની રાત્રે મારી નખાવ્યો હતો. એના શબને પ્રથમ ફીરોઝખોમાં દાટવામાં આવ્યું પણ પાછળથી હિરાત રવાના કરી ત્યાં દાટવામાં આવ્યું હતું. તે પછી એનો બેટો અલાઉદ્દીન સામ ગાદીએ બેઠો. પણ

અલાઉદ્દીન અતસીઝે તેને પદભ્રષ્ટ કરી ઘોર અને ગીજનીમાં ૪ વર્ષ રાજ્ય કર્યું. પણ ઇ. સ. ૧૨૧૪, હિ. સ. ૬૧૧માં મલેક નાસરૂદ્દીન હુસેન અમીર શીખારની સાથે લઢતાં માર્યો ગયેા અને તેથી ઘોર તથા ગીજનીની ગાદી પર ગયાસુદ્દીનનેા ભાણેજ બેઠેા હતેા.

ગયાસુદ્દીન મહમદ ઘોરી—ઘોર અને ગીજનીનેા આ પાદશાહ બહાઉદ્દીન સામનેા બેટેા અને અલાઉદ્દીન હસનનેા નાહનેા ભાઇ હતેા. એ પેાતાનાં પિતરાઇ મલેક સયફ-ઉદ્દીનના મેાતથી ઇ. સ. ૧૧૫૭માં ગાદીએ બેઠેા. એણે પેાતાનાં ભાઇ શહાબુદ્દીન ઉર્ફે મેા-ઝઉદ્દીન મહમદને ગીજનીનું રાજ્યભેટ આપ્યું. આ કિર્તિવાન સરદારે ખુરાસાન તથા હિંદુસ્તાનનેા મેાટેા ભાગ જીતી લઈ ભાઈના રાજ્ય સાથે જોડી નાખ્યેા હતેા. ગયાસુદ્દીનનું મરણ ૧૨૦૩ માં ૧૨ મી માર્ચે નિપજ્યું હતું. એના પછી ગાદીએ શાહાબુદ્દીન બેઠેા હતેા.

ગ્યાસુદ્દીન મહમદ ઘોરી—ગયાસુદ્દીન મહ-મદ ઘોરીનેા બેટેા અને શાહાબુદ્દીનનેા ભત્રજો. ઇ. સ. ૧૮૦૬ માં ગીજની અને ઘોરની ગાદીએ બેઠેા. આ પાદશાહ ઐઆશી હેાવાથી ઘોરનીજ ગાદી ઉપર સંતેાષ પામ્યેા, તેથી તાજુદ્દીન અલદેાજે પેાતાને ગીજનીના પાદશાહ તરીકે જાહેર કીધેા. ગયાસુદ્દીનનું મરણ ઇ૦ સ૦ ૧૨૧૦ માં નિપજ્યું.

ગયાસુદ્દીન તઘલક શાહ ૧લેા—દિલ્લીનેા પાદશાહ. એનેા પિતા તઘલક સુલતાન ગ્યાસુદ્દીન બલખનનેા ગુલામ હતેા. એ ઇ૦ સ૦ ૧૩૨૧માં ૨૬મી આગસ્ટે ખુશરૂનું ખૂન થતાં ગાદીએ બેઠેા. એણે ૩ વર્ષ રાજ્ય ભેાગવી એ લખનૈાતાં પેાતાના બેટાની મુલા-કાતે ગયેા ત્યારે એના માનમાં ઉભા કરેલા લાકડાના માંડવાના પડવાથી ઇ૦ સ૦ ૧૩૨૫ નાં ફેબ્રુવારી હિ૦ સ૦ ૭૨૫ રાબી ૧લી એ મરણ નિપજ્યું. તે પછી એનેા બેટેા તઘલક ગાદીએ આવ્યેા. એના રાજ્ય અમલમાં પ્રસિદ્ધ શાએર અમીર ખશરૂ થઇ ગયેા. તેણે માસીક ૧૦૦૦ મેાહેાર મેળવી 'તઘલક નામા' નામનેા ગ્રંથ રચ્યેા હતેા. ગયાસુદ્દીન અફઘાન ઘરાણાનેા ૩જી શાખાનેા ૧ લેા પાદશાહ હતેા.

ગયૂએકમ ગુંદર—એ જેમેકા, આફ્રિકા અને અમેરિકાના ગરમ દેશેા તરફના એક ઝાડનેા રસ છે. એ ઝાડ ઉંચાઇમાં ૪૦ થી ૫૦ ફીટ સુધી વધે છે. તેનું લાકડું ઘણુંજ કકડું હેાયછે અને તેમાં ગુંદરનેા રસ હેાવાથી પાણી અથવા તેલ તેમાં પેસ થતું નથી. દુનિયા-માં સર્વે લાકડામાં તે ઘણુંજ ભારી લાકડું છે.

ગયેામર્દ—અથવા ગેલશાહ. એ ઇરાનીઓ-નેા મૂળ પુરૂષ કહેવાય છે. એણે પેહેલાં પેાતાની રાજધાની બલખમાં સ્થાપી હતી. ગયેામર્દની સત્તા એટલી તેા જમી હતી કે જંગલમાંના હિંસક પ્રાણીઓ વટીક તેના સિંહાસન પાસે જઇ નમન કરતા હતા. એશિઆ માહે વસ્તી જૂદી જૂદી જંગલી પ્રજાને સુધારવાનું ગયેામર્દના મનમાં હેાવાથી તેણે દેવેા સાથે લઢાઇઓ કરી, પણ એક વેળા સિયામક નામે પુત્ર સાથે લઢવા જતાં પર્વત વચ્ચે ઘેરાઈ જવાથી તેમાં સિયામકનું મરણ નિપજ્યું હતું. સિયામકને હુશંગ નામે પુત્ર હતેા તેને ગયેામર્દે મેાટી ફેાજ આપી પિતાનું વેર લેવા મેાકલ્યેા. જેણે દેવ દરજ્જાને હરાવ્યા હતા. ગયેામર્દે ૩૦ વર્ષ રાજ્ય અમલ ભેાગવ્યેા હતેા. ઇરાનની તવારીખ ગયેામર્દથી શરૂ થાય છે, અને દુન્યાની પેદાયશ પછી પેહેલેા પેદા થએલેા પુરૂષ ગયેામર્દ હતેા. એના મેાત પછી એનું ખૂન જે સૂર્ય-ની રેજલથી સ્વચ્છતા પામી ત્રણ ભાગમાં વેંહેંચાઇ એ ભાગ નર્ષેાસંગ તથા એક ભાગ સપંદારમદે જાળવી રાખ્યા હતા. તેમાં-થી ૪૦ વર્ષની મુદત પછી મશી અને મશિ-આનું જોડું પેદા થયું હતું. તેઓથી મનુષ્ય જાતની ૨૫ જાતેા ઉત્પન્ન થઇ હતી. રસ્તાખેજ સમયે મનુષ્ય માત્રના હાડકામાંથી ફરી માણુસેા ઉત્પન્ન થશે તે વેળા સૈાથી પેહેલાં ગયેામર્દ ઉભેા થશે. એના જમાનામાં કપડાં વણવાનેા હુન્નર અજાણેા હતેા અને

તે પેાતે ચામડાનાં કપડાં પેહેરતેા હતેા. ખુનદેહેશ અને વર્જમકર્દ દીન મુજબ ગયેા-મર્દનેા પુત્ર મસ્ય ને મસ્યનેા પુત્ર સ્યામક હતેા. પણ દસાતીર તથા શાહાનામામાં એના પુત્ર તરીકે સ્યામકને જણાવ્યેા છે. અ. વિ. ના. ફરહંગ મુજબ દુનિયાની પેદાયશ ઉપર અહ-રેમને પેાતાની અસર ચલાવી ખુરાઇ દાખલ કીધી તેની ૩૦૦૦ વર્ષ આગમજ ગયેામર્દ (આદમજાતની) હસ્તી જણાવે છે અને તેની પછી ૩૦ વર્ષ ગયેામર્દે જીંદગી ગુજારી હતી.

ગર્ગ—(૧) બૈાદ્ધ ધર્મિ રાજા. (૨) એક જ્યેાતિષ બ્રાહ્મણ. એ ૨૫૧૦ વર્ષપર થઈ ગયેા. પશ્ચિમ તરફનાં લેાકેા એને કૃષ્ણનેા કુલેાપાધ્યાય જણાવે છે, પણ તે વાત શકભરી જણાવવામાં આવે છે.

ગર્ગ—ધારવાર જીલ્લાનેા એક તાલુકેા. એનું ક્ષેત્રફળ ૬૯૯ ચૈારસ મૈલ છે, તેમાં ૩ શેહેરેા ને ૯૭ ગામડાંઓ છે. ૧૮૮૧ માં લેાક વસ્તી ૧૦૦,૩૩૩ની હતી. તેમાં ૪૯,૫૦૬ પુરૂષેા ને ૫૦૮૨૭ સ્ત્રીઓ હતી. ૮૮,૮૫૩ હીંદુ અને ૧૦૩૧૪ મેાહમેદનેા તથા ૧૧૬૬ પરકેામની વસ્તી છે.

(૨) એજ નામના તાલુકાનું મુખ્ય શેહેર. ૧૮૮૧ માં લેાક વસ્તી ૧૭૦૦૧ ની હતી, તેમાં ૧૩૪૬૦ હીંદુ ને ૩૧૭૬ મેાહમેદનેા હતા. અત્રેની મ્યૂનિસીપાલીટીની વાર્ષિક ઉપજ ૧૫૪૮ પૈાંડની છે. આ શેહર વેપારનું મુખ્ય મથક હેાઇ ત્યાં કપાસ અને રેસમનેા વેપાર ચાલે છે. દર વર્ષે અત્રે કપાસનું વેચાણ ૫૦,૦૦૦ પૈાંડનું થાય છે. શેહરમાં વડા જડ-જની કેાર્ટ, ટેલીગ્રાફ તથા પેાસ્ત ઑફીસ છે. ધારવારથી આગળ ૪૩ મૈલ પૂર્વે છે.

ગરગેાન—પંજાબના લેફ્ટનન્ટ ગવરનરની સત્તા તળેનેા જીલ્લેા, પશ્ચિમે અને દક્ષિણ પશ્ચિમે અલવાર, જયપૂર, નાભાહ અને દુજનાનાનું રાજ્ય; દક્ષિણે ભરતપુરનું રાજ્ય અને મૂતરા જીલ્લેા; પૂર્વે જમના નદી. ક્ષેત્રફળ ૧૯૩૮ ચૈારસ મૈલ છે. ૧૮૮૧માં લેાક વસ્તી ૬,૪૧,૮૪૮ની હતી.એનું મુખ્ય શેહર ગરગેાન છે., પણ વેપારેનુ મધ્યસ્થાન 'રાવરી' છે.

આ જીલ્લામાં ૧૧૬૦ શેહેરેા તથા ગા-મડાં છે. તેમાં ૯૪,૮૪૫ ઘરેા છે. વસ્તીમાં ૩,૩૮,૯૧૭ પુરૂષેા ને ૩,૦૨,૯૩૧ સ્ત્રીઓ છે, વસ્તીમાં મુખ્ય પ્રજા હિંદુની વસ્તી ૪,૩૯,૨૦૪ ની ને મેાહમેદનેાની ૧,૯૮,૬૧૦ ની તથા શીખ પ્રજાની ૩૭૭૭ ની છે. આ જીલ્લાનાં મુખ્ય ૮ શેહેરેામાં નીચે મુજબ વસ્તી છેઃ—

રાવરીમાં ૨૩૯૭૨, પાલવાલમાં ૧૦૬૩૫, ફરૂખ નગરમાં ૮૩૭૮, શેાનામાં ૭૩૭૪, ફીરેાજપુર ઝીરકામાં ૬૮૭૮, હેાદાલમાં ૬૪૫૩, નેાહમાં ૪૨૧૯ અને ગરગેાનમાં ૩૯૯૦ની છે.

આ જીલ્લાનું ક્ષેત્રફળ ૧૨,૪૦,૩૬૬ એકર હેાઇ તેમાં ૯૯૩૫૧૨ એકર ખેતીવાડીથી ભરપૂર છે. તેમાં જૂદી જૂદી પેદાશ માટે નીચે મુજબ જમીન રેાકેલી છે. ઘઉં ૬૦૪૪૬ એકરમાં, બાજરી ૧,૪૧૮૩૯ એકરમાં, જુ-વાર, ૧,૧૦૮૨૨ એકરમાં, ધાન્ય ૭૫૪૮૫ એકરમાં, કઠેાળ ૧,૫૦૧૦૯ એકરમાં, તેલ-નાં બિયાં ૭૮૮૨ એકરમાં, કપાસ ૬૭૩૯૯ એકરમાં અને તંબાકુ ૧૩૬૩ એકરમાં.

વસંત તથા થંડીની ઋતુમાં અત્રેની આેા હવા અતિ તંદરેાસ્ત ગણાય છે, વાર્ષિક વર્સાદની સરાસરી ૨૭" ૬૯ ઇંચ પડે છે.

ગરગેાન—જીલ્લાનું આ તેહેસીલદારીનું ક્ષેત્ર-ફળ ૪૦૭ ચૈારસ મૈલ છે. ૧૮૮૧ માં વસ્તી ૧,૨૨,૩૭૧ ની હતી, તેમાં ૬૫૩૮૨ પુર-ષેા ને ૫૬,૮૯૯ સ્ત્રીઓ હતી. તેમાં ૯૯૨૧૭ હિંદુ તથા ૨૧૬૬૧ મેાહમેદનેા વસે છે. તેહેસીલદારીની વાર્ષિક ઉપજ ૨૦,૪૧૨ પૈાંડ-ની હતી.

ગરગેાન—એજ નામના જીલ્લાનું મુખ્ય શેહેર, દિલ્લીની દક્ષિણે ૨૧ મૈલ પર છે. અત્રે ૧૮૭૨ માં વસ્તી ૩૫૩૯ ની ને ૧૮૮૧માં ૩૯૯૦ ની હતી. તેમાં ૨૩૮૩ હિંદુ ને

૧૪૪૯ મોહમેદનો હતા, ૧૮૮૧ થી આ ગામ જીલ્લાનું મુખ્ય મથક બન્યું છે. ૧૮૮૬ વેર આ ગામ અત્રેના સરદારની એગમ 'સમરૂ' ને હસ્તગત હતું પણ તે પછી તે બ્રિટીશ રાજ્ય સાથે જોડાઇ ગયું હતું. ગામમાં સરકારી કચેરીની ઇમારતો છે.

ગર્જન—આ વનસ્પતિ વિશે મી૦ રૉકસબર્ગનાં જણાવ્યા મુજબ સીલહટમાં એની ૧૭ જાત ઉગે છે. એનાં મોટાં વિશાળ વૃક્ષો બંગાલ પ્રાંતમાં સીલહટ, ચિતાગોંગ અને દક્ષિણ પ્રાંતના કાનડા પ્રાંતમાં ઉગે છે.

એના કેટલાક વૃક્ષો ૨૦૦ ફીટ ઉંચા વધે છે. બરમામાં સિંગાપૂર, કોચીનચાયનામાં પણ તે ઉત્પન્ન થાયછે. એના વૃક્ષમાં ગરમીની મોસમ પુરી થતાં એક ખાડો પાડી તેમાં અગ્નિ મુકે છે, કે આસપાસનું લાકડું બળી તેમાંથી તેલ ઝરવા માંડે છે. આ તેલ કોઇ વેળા એટલું તો નિકળે છે કે એક ઝાડમાંથી ૪૦ ગ્યાલન ભરાય છે. ઉગતા ઝાડને કાપી તેના કટકા કર્યા હોય તો તેમાંથી સુગંધી કપૂર જેવું દ્રવ્ય નિકળે છે. આ ગર્જન તેલને કોપેબા તેલ જેવો વાસ આવેછે, ને તે રંગમાં કડવું હોયછે. આ તેલ બેનઝોલ તથા કલેરફાનમાં પિગળે છે. તેમાંથી ગમિથી ઉડનારૂં તેલ નિકળી જઇ વાસણના તળીયામાં કાળો ચિકણો રાળ જેવો પદાર્થ બાકી રહેછે. તેનો જે ચીકણો પદાર્થ બનેછે તેને મોલમીનમાં હોડીના તળીયા રંગવાના કામમાં વાપરવામાં આવેછે. હિંદુસ્તાનનાં દવાખાનામાં પરમા તથા જુની ખાંસીપર એનો ઉપયોગ કરવામાં આવેછે.

ગરજીભ—આ ઉદભિજ પદાર્થ પહાડી ખડકોથી ભરપૂર એવી જગ્યામાં ઉગેછે. એ કુમળી હોય ત્યારે તેને મૂળ સુદ્ધાં ઉપાડી લેછે, અને તે જમીનની સાથેજ અડેલી હોયછે. એનો છોડ જુનો થતાં તેનીપર વેંહેંતભર ઉંચાઇનો તોરો આવેછે. એના બિયાંને હિંદુસ્તાનમાં 'ગોજબાન' કહેછે. ગરીબ લોકો એનુ શાક કરી ખાયછે, તે શાક પથ્યકર હોયછે. ભેંસને ખવાડવાથી તે વધારે દુધ આપેછે. આંખમાંથી ગર્મી કાઢવા માટે ગરજીભનો રસ પાવામાં આવેછે. ગરજીભને ઔષધિ ઉપયોગમાં યોજેલી છે. તેથી તેના મૂળીયાં, ફૂલ, બિયાં વગેરે અતિ ઉપયોગી હોયછે.

ગરણી—એના વેલા પ્રસિદ્ધછે. એની સફેદ અને કાળી એવી બે જાતોછે. ગરણીનાં વેલા પર લાંબી શિંગો આવેછે, તેમજ તેપર આવતા ફુલો ગરણી જેવાં હોયછે. આ ફુલો પુજા કરવા માટે હિંદુઓ ઉપયોગમાં લેયછે. ગરણીનો વેલો ઔષધિ ઉપચારમાં યોજેલોછે, વાળા ઉપર સફેદ ગરણીના મૂળીયાં વાટી લેપ કરવાથી તે બેસી જાયછે. કફ ઉપર સફેદ ગરણીના મૂળનો રસ શક્તિ પ્રમાણે બે તોલા સુધી ગાયના દુધમાં પાવાથી કફ મટેછે.

ગરબાદાન—આ શેહેર હમાદાનની પડોસમાં છે. પ્રાચીન કાળમાં તેને 'ચેહેર આબ્દ' કહેતા હતા. (ક્ષત્રેાર્ઇહાએ અબરાનમાં જણાવ્યા મુજબ) "મીરખોન્દ પ્રમાણે 'જરબાદાન' શેહેરને હોમાએ સ્થાપન કર્યું હતું, અને તે આગમજ હોમાએ પોતાની બેટી 'સમરેહ' ના નામ ઉપરથી 'સમરહ' નામ આપ્યું. પાછળથી તેની ખુબસૂરતીને લીધે તેને ગુલાબાદકાન યાને ગુલાબથી આબાદ થએલું શેહેર એ નામ આપ્યું. જે નામને પાછળથી આરબોએ 'જરબાદકાન' એ નામ આપ્યું પણ ઇરાનીઓ તેને ગરબાદાનને નામે ઓળખાવી ગયા છે.

ગર્ભવેષ્ટન—(જુઓ 'ઓર')

ગર્ભસ્થાન—વૈદક જ્ઞાન શાસ્ત્ર મુજબ "આ અવયવ સ્ત્રી જાતમાંજ હોય છે. અને તે સફરા તથા પુક્કાની વચ્ચે પીડુના ખાડામાં મુકાયલું હોય છે. તેનો આકાર ઉપરથી પેર જેવો પોહલો ને નીચેથી સાંકડો હોય છે. તે ૩ ઇંચ લાંબુ, ૨ ઇંચ પોહળું અને ઉપલા ભાગ ઉપરથી ૧ ઇંચ જાડું હોય છે. કુમારી સ્ત્રીમાં તેનું વજન ૨ થી ૪ તોલાનું અને બચ્ચાંવાળી સ્ત્રીમાં ૩॥ થી ૫ તોલાનું હોય છે. ગર્ભસ્થાન જાડા મૈાસના લોચાનાં

સાકાનું બનેલું હોઇ તે માહેથી પોકળ હોય છે. તેનો ખાડો △ ત્રીકોણાકારનો હોય છે. તેના નીચેના સંકોચાયલા ભાગને ગર્ભસ્થાનની 'ડોક' કહેછે, જેના માહેલો ખાડો ગોળ હોય છે, અને તેને છેડે એક આડી ફાટ અથવા ચીરો હોય છે, તેને કમળનું મોહ કહે છે, અને જેથી ગર્ભસ્થાનના સંયોગી માર્ગનો સંબંધ થાયછે."

ગર્ભ રહ્યા પછી ગર્ભસ્થાન મોટું થવા માંડે છે અને તેનું વજન ૧ થી ૩ રતલનું થાય છે. સાધારણ હાલતમાં પીડુના ખાડાથી ઉપર આવતું નથી, પણ ગર્ભ રહ્યા પછી કુંટીવાળા ભાગ સુધી ધીમે ધીમે ચઢે છે. ગર્ભસ્તાનને ઉપલે ખુણે અકેક પાતળી ૩ થી ૪ ઇંચ લાંબી નળી વળગેલી હોય છે જેનું એક મોહ ગર્ભસ્થાનના ખાડામાં ઉઘડે છે અને બીજા મોહનો છેડો છુટો રહેછે. ગર્ભસ્થાનની બહારની બે બાજુ સાથે પોહળા બંધાણથી વળગેલી બે નાહની ઇંડાના આકારની ગાંઠો હોયછે તેને ઇંગ્રેજીમાં 'ઓવરી' કહેછે. દરએક ૧½ ઇંચ લાંબી, ¾ ઇંચ પોહળી અને જાડાઇમાં ½ ઇંચથી ઓછી હોયછે. તેનું વજન ½ થી ¾ તોલાનું હોયછે. આ ગાંઠમાં ટાંચણીની અણીથી વટાણાં જેટલા કદના ૧૦ થી ૫૦ દાણા હોય છે જેને 'ઇંડાનો પોપચો કહેછે,' અને તેમાં ઇંડાની સફેદીને મળતો પ્રવાહિ હોય છે. તે દાણામાંનો એક મોટો થાયછે અને તે પછી પુખ્ત થઈ ગાંઠ ઉપર ઉપસી નિકળે છે તથા તેની ઉપર ગર્ભસ્થાનની બાજુની નળીનો છેડો વળગી જાયછે અને તેમાં તે ફુટીને પ્રવાહી રેડે છે જેમાંથી તે ગર્ભસ્થાનમાં જાય છે.

ગરમાળો—હિંદુસ્થાન, સીલોન, મીસર અને જમેકામાં એના વૃક્ષો ઉગેછે. એ વૃક્ષનાં પાંદડા રતાંદળીના પાંદડા જેવાં નાહના હોય છે. એનીપર પીળા ફુલો આવે છે, તેમજ એક ફીટ લાંબી શિંગો આવેછે. તેની અંદરનું મગજ કાળું અને ચિકાશદાર હોયછે, આ શિંગમાંથી મગજ કાઢતાં તેને ગરમ કરવી પડેછે. ગરમાળાનાં ફુલનું શાક બનેછે. આ ગર ખાધાથી જોલાબ આવેછે.

ગરમુખતેશ્વર—ઉત્તર પશ્ચિમ પ્રાંતના મિરત જીલ્લાનું પુરાણુ ગામ; મીરતની દક્ષિણ પૂર્વે ૨૬ મૈલપર ગંગાનદીથી ૪ મૈલ નીચે એક ઉંચા ભાગ ઉપર છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૭૩૦૫ ની હતી, જેમાં ૪૯૩૪ હિંદુ, અને ૨૩૭૧ મોહમેદન છે. શેહેરનું ક્ષેત્રફળ ૧૦૯ એકર છે. આ શેહેર મહાભારતના યુદ્ધ સમયે પ્રસિદ્ધતા પામ્યું હતું. અત્રે મુખતેશ્વર મહાદેવનુ મંદીર છે, દર કાર્તક માસની પુનમે જ્યારે અત્રે મોટી જાતરા ભરાય છે ત્યારે ૨,૦૦,૦૦૦ જાત્રાલુઓ એકત્ર થાય છે. મુખ્ય વસ્તી બ્રાહ્મણોની છે. મુખ્ય વેપાર ઇમારતી લાકડું અને બાંધુનો ચાલેછે.

ગરવાલ—ઉત્તર પશ્ચિમ પ્રાંતના લેફ્ટનન્ટ ગવરનરને તાબેનો પ્રાંત. એની ઉત્તરે ચીનાઇ ટીબેટ, પૂર્વે કયૂમોન જીલ્લો, દક્ષિણે બીજનાપૂર, અને પશ્ચિમે સ્વતંત્ર ગરવાલ અથવા તેહેરી અને દેહરાદુન જીલ્લો. એનું ક્ષેત્રફળ ૫૫૦૦ ચૌરસ મૈલ છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૩,૪૫,૬૨૯ ની હતી. મુખ્ય અધિકારી શેહેર પારી છે પણ રાજધાની શેહેર શ્રીનગર છે.

ગરવાલના જીલ્લામાં જ્યાં ત્યાં ઉંચા પર્વતોના શિખરો ફરી વળેલા છે, તેમાં ઉંચામાં ઉંચા નીચલા પર્વતો છે—

નન્દાદેવ ૨૫૬૬૬૧ ફીટ, દુનાગીરી ૨૩૧૮૧ ફીટ, કામત ૨૫૪૧૩ ફીટ, બદ્રીનાથ ૨૨૯૦૧ ફીટ અને કેદારનાથ ૨૨૮૫૩ ફીટ.

નાયર નદીની દક્ષિણ તરફનો ભાગ ૭૫૦૦ ફીટ ઉંચો છે, છતાં તે ફળદ્રુપ છે. આ જીલ્લામાં અલકનન્દા નદી મુખ્ય છે અને તેને હિંદુઓ પવિત્ર ગણે છે. જીલ્લાનો દક્ષિણ ભાગ જંગલથી ભરપૂર હોઇ તેમાં હિંસક પશુઓની મોટી વસ્તી છે. આ જીલ્લામાં ઉપર જણાવ્યા મુજબ ૩,૪૫,૬૨૯ ની લોક વસ્તીમાં ૧,૭૦,૬૭૫ પુરૂષો અને

૧,૭૪,૮૭૪ સ્ત્રીઓ હતી. તેમાં ૩,૪૩,૧૮૬ હિંદુ અને ૨૦૭૭ મોહમેદનોની વસ્તી હતી.

ગરવાલ—પોલીટિકલ ખાતાની સત્તા તળેનું ઉત્તર પશ્ચિમમાંનું દેશી રાજ્ય. આ રાજ્ય દક્ષિણ પશ્ચિમ હિમાલયના પ્રદેશમાં છે. એનું મુખ્ય શેહેર તેહેરી છે. ગરવાલનો રાજ્યકર્તા પ્રતાપશાહ ક્ષત્રી છે. અત્રેનાં રાજ્યકર્તાનાં વડવાઓ જમાનાં થયાં ગરવાલ ઉપર હકુમત ભોગવતા આવ્યા છે, આગળ તેઓ દિલ્લીના પાદશાહને ખંડણી ભરતા હતા, પણ ૧૮૧૫ ની નેપાલની લઢાઇ પછી આ પ્રદેશ બ્રિટીશ સત્તા તળે મેળાયો હતો. ૧૮૫૭ નાં બળવા સમયે અત્રેનાં રાજા સુંદર શાહાનશાહે બ્રિટીશ સરકારને કિંમતી મદદ કરી હતી, અને ૧૮૫૯ માં તેનો પુત્ર મરણ પામ્યા છતાં તેનું રાજ્ય ખાલસા નહિ કરતાં તેના એક ખેશી ભવાનસીંગને ગાદીએ બેસાડયો હતો. તેના પછી તેનો વડો પુત્ર પ્રતાપશાહ ૧૮૭૧ માં ગાદીનશીન થયો હતો (જન્મ ૧૮૫૦ માં) હાલમાં આ રાજ્ય ખંડણી ભરતું નથી.

ગરવાલનું ક્ષેત્રફળ ૪૧૮૦ ચૌરસ મૈલ છે. ૧૮૮૧ માં વસ્તી ૧,૯૯૮૩૬ ની હતી. તેમાં ૧,૯૮,૭૩૮ હિંદુ ને ૧૦૮૯ મોહમેદનો વસતા હતા. રાજ્યની વાર્ષિક ઉપજ ૮૦૦૦ પૌંડની છે. આ રાજ્યની ભૂમિનો મુખ્ય ભાગ જંગલથી ભરપૂર છે, તેમાં દેવદારનાં ગંજાવર વૃક્ષો ઉગે છે.

ગરવેલ—ડમરાના ઝાડને મળતું એનું ઝાડ બેથી ત્રણ ફીટ ઉંચુ વધેછે. કોંકણ પ્રાંતમાં ગરવેલનાં ઝાડ પુશ્કળ થાયછે.

ગરશંકર—પંજાબમાં હુશિઆરપુર જીલ્લાનું દક્ષિણ તેહેસીલદારી ગામ. ક્ષેત્રફળ ૪૫૧ ચૌરસ મૈલ છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૨,૩૫,૧૬૫ ની હતી. તેમાં ૧,૨૭,૨૭૫ પુરૂષો ને ૧,૦૭,૮૯૦ સ્ત્રીઓ હતી. તેહેસીલદારીમાં એક મુખ્ય અમલદાર, ૧ મુનસફ ને ૧ ઑ૦ મેજીસ્ત્રેત તથા બે ગુન્હાની ત્રણ લેણદેણની કચેરીઓ છે.

ગરશંકર—એજ નામના તેહેસીલદારીનું મુખ્ય ગામ, રૂપારથી હુશિઆરપૂર માર્ગમાં છે. ૧૮૮૧ માં લોકવસ્તી ૫૨૭૫ ની, તેમાં ૨૦૩૨ હિંદુ, ૩૧૫૭ મોહમેદન અને ૮૬ શીખો હતા. મુખ્ય વેપાર ખાંડ અને તંબાકુનો ચાલે છે. શેહેરમાં પોલીસ કચેરી, પોસ્ત ઓફીસ વગેરે છે.

ગરશાસ્પ—(જુઓ કેરસાસ્પ.)

ગર્સિવજ—એ અફરાશિઆબનો એક ભાઇ હતો. એને ખુનદેહેશમાં કર્સેવજને નામે ઓળખાવવામાં આવ્યો છે. તેમાં વળી એને કદાન અથવા કીતાન તરીકે પણ જણાવ્યો છે. એણે અફરાશિઆબને શિયાવક્ષ સામે ઉશકેરી તેનું ખૂન કરાવ્યું હતું, તેમજ બેજનને કેદ કરાવ્યો હતો. એને કયખશરૂએ પકડી અફરાશિઆબની નજર સામે રીબાવી માર્યો હતો.

ગરૂડ—કશ્યપ ઋષિથી વિનતાને થએલા બે પુત્રો માહેલો એક, અરૂણનો નાહનો ભાઇ. એ વિષ્ણુનું વાહાન છે. એ અડધો મનુષ્ય ને અડધો પક્ષી છે, એને લીલી પાંખો છે ને તેની ઉડવાની ગતિ ભારે છે. એની બેહેન સુમતી સાગર રાજાની સ્ત્રી હતી. એક સમયે દ્વારિકામાં એ કૃષ્ણના બાગની રખેવાળી કરતો હતો તેટલાં હનુમાને આવી ઝાડ ઉપરથી ફળો ખાવા માંડયા; આથી બન્ને વચ્ચે લઢાઇ ચાલી, તેમાં એક બીજાને મેણા મારતાં એક રામની ને બીજો કૃષ્ણની એમ નિંદા કરવા લાગ્યા. અંતે ગરૂડે એ વાત કૃષ્ણને કહેતાં કૃષ્ણે કહ્યું કે હનુમાનને રામની આણદેા એટલે તે તુરત નમશે, ગરૂડે તે મુજબ કર્યું એટલે હનુમાન કેહવા લાગ્યા કે "રામ કયાં છે, મને દર્શન કરાવ." પછી ગરૂડ તેને કૃષ્ણ પાસે તેડી ગયો ત્યાં કૃષ્ણ ઋકમણીને હનુમાને રામ સીતારૂપ દીઠાં ને પછી કૃષ્ણે બન્નેનું સમાધાન કીધું. ગરૂડે પોતાની માને કદુના દાસત્વમાંથી છોડાવી હતી. જ્યારે ગરૂડે અમૃતને માટે દેવતાઓ સાથે યૂદ્ધ કર્યું ત્યારે વિષ્ણુએ ચક્ર માર્યું તે ગરૂડ ગળી ગયો. આથી વિષ્ણુએ પ્રસન્ન

થઇ વર માંગવા કહ્યું ત્યારે ગરૂડે વાહન થવાનું માંગ્યું હતું. એણે શ્રુતશ્રી, શ્રૂતસેન, વિવસ્તાન, રોચનામુખ, પ્રસ્રુત અને કાલકાસ એવા રાક્ષસોને માર્યા હતા. એના પુત્રનું નામ સુમુખ હતું. એનું બીજું નામ તાર્ક્ષ્ય છે. ગરૂડ સર્પનો મોટો દુશમન હોવાથી સાંપનું ઝેર ઉતારવા માટે ગરૂડ મંત્ર ભણવામાં આવે છે.

ગરૂડ—આ રાક્ષસી પક્ષીની મુખ્ય ત્રણ જાતો છે. સુનેરી ગરૂડ, શ્વેત ગરૂડ ને સમુદ્ર ગરૂડ. આ પક્ષીની ચાંચ ટુંકી પણ અતિ મજબુત હોયછે. તે જડમાં જાડી ને વાંકદાર હોયછે. એનું ગળું તથા માથું પિછાંથી ઢંકાયલું રહેછે. એના પગના પંજાના તળીયા ભૈાસથી ગંઠાઈ ગએલાં હોયછે. એના પરો અતિશય પોહલાં ને લાંબા હોયછે. આ પક્ષિ ઉત્તર ધ્રુવ અને આસ્ટ્રેલિયા શિવાય દુન્યાંનાં દરેક ભાગમાં મળે છે. આ પક્ષી મુખ્ય કરી કાળા રંગના હોય છે પણ તેના ટાળકાપરના પિછાં સુનેરી રંગના ઝાંખદાર દેખાય છે. એની માદા લંબાઇમાં ૩ ફીટ હોય છે. આ પક્ષી ઘણું કરી ખડકોમાં ભરાઇ બેસે છે. એ એકી વેળા બે ઈંડા મેળે છે. આ પક્ષી અવાજ તીણો ને મોટો કાઢી શકેછે. આ પક્ષીની જૂદી જૂદી જાતો એશિયા, યૂરપ અને અમેરિકામાં ભટકે છે. પાદશાહી ગરૂડ દક્ષિણ પૂર્વ યૂરપમાં તથા પશ્ચિમ યૂરપ અને ઉત્તર આફ્રિકામાં જડેછે. આ પક્ષી ૧૦ થી ૧૫ હજાર ફીટની ઉંચાઇ સુધી ઉડી શકેછે.

ગ્રીક તથા રોમન પ્રજા ગરૂડને 'જોવ' દેવતાનું વાહન ગણેછે. જ્યૂપિટરની આગળ આ પક્ષી હમેશાં પગનીચે પડેલું હોયછે. રોમનોમાં લઢાઇ કરવી કે નહિ તે ગરૂડના ડોકું હીલવવા ઉપર આધાર રાખતું, અને સર્વથી શ્રેષ્ટ દેવતા તરીકે તેને માનવામાં આવેછે. ગ્રીક અને રોમનોમાં જ્યૂપિટર ઉપર, સેબિનસ લોકોમાં સેન્કસ દેવતા ઉપર, સૈમરી લોકોમાં ઘુ દેવતા ઉપર, સ્કેન્ડીનેવ્યન લોકોમાં ઓડીન દેવતા ઉપર એને મવકકલ થએલો માનવામાં આવ્યો છે. આગલા રોમન લોકો ગરૂડ ચિન્હને પોતાના લશકરને મોખરેની ધજાપર બેસાડી તેની પાછળ કુચ કરતા હતા.

ગરૂડ પક્ષી શ્રેષ્ટાઇમાં સર્વોપરી ગણાવા ઉપરાંત તે જૂદા જૂદા રાજ્યચિન્હ તરીકે પણ ઓળખવામાં આવેછે. જર્મનીના રાજચિન્હપર આ પક્ષીનું એક ડોકું પાડેલું હોઇ તેના માંથાપર તાજ મેળેલું છે. આ ચિન્હ બીજા ઓટોના સમયમાં ધજાપર જડી લેવામાં આવ્યું હતું. ૧૩૨૫ માં બવેરિયામાં બે માથાવાલા ગરૂડ ચિન્હનાં નાણાં છપાવવામાં આવ્યાં હતા. આસ્ટેલીયન રાજચિન્હવાલું ગરૂડ બે માથાનું હોઇ એક હાથમાં તલવાર અને બીજામાં પૃથ્વીનો ગોળો પકડેલો છે. રશિયન ચિન્હ આસ્ટેલીયાને મળતું છે. યૂનાઇટેડ સ્ટેટની સીલ ઉપર એક મોહડાનું પાંખવાલું ગરૂડ પાડેલું છે. તેના એક હાથમાં ઝાડની ડાંખલી ને બીજા હાથમાં તીરો આપેલા છે. ફ્રાન્સની સરકારના સ્વતંત્રતાનું ચિન્હ એજ પક્ષીના આકારપરથી પાડેલું છે. તેમાં ૧૮૭૦ માં પાડેલું ચિન્હ આબાદ ગરૂડનો સર્વ આકારનો છે.

ગરૂડપુરાણ—એમાં ગરૂડ કલ્પમાંની કથા હોઇ તે વિષ્ણુએ કહેલીછે. તેમાં તાંત્રીક કર્મો, જ્યોતિષ, સામુદ્રીક, રત્નપરિક્ષા, આયુર્વેદ, પ્રેતકલ્પ, વગેરે કથાઓ છે. આ પુરાણની સંખ્યા ૭૦૦૦ની હોઇ બ્રહ્મદેવે કહેલાછે.

ગરોથ—ઝાંસીના જીલ્લામાંનુ આ ઉત્તર પૂર્વ તેહેસીલદારી. એનું ક્ષેત્રફળ ૫૦૧ ચૌરસ મૈલ છે. તેમાંનેા ૨૩૨ ચૌરસ મૈલ ભાગ ખેતીવાડીથી ખેડાયલોછે. લોક વસ્તી ૧૮૮૧ માં ૮૭,૮૯૭ ની હતી. તેમાં ૪૫,૫૬૧ પુરૂષો ને ૪૨,૩૦૬ સ્ત્રીઓ હતી, તેહેસીલદારીને તાબે ૧૭૬ ગામડાં છે. જમીનની વાર્ષિક મેહેસુલ ૧૩,૯૬૫ પૌંડની ઉપજેછે. સરકારની જુમલે વાર્ષિક મેહેસુલ ૧૫,૩૪૦ પૌંડની છે.

ગરોથમાન—જરથોસ્તી ધર્મ ફીલસુફી પ્રમાણે સર્વથી ચઢતા દરજ્જાનું બેહેસ્ત. આ બેહેસ્ત નજદીક દાદાર અહૂરમજદનું તખ્ત છે.

આ બેહેસ્તમાં અતિ પુણ્યવંતા જીવડાનાંજ આત્માને આરામ મળી શકેછે.

ગરોલા—મધ્ય પ્રાંતમાં સાગરના જીલ્લાનો એક સ્વતંત્ર ભાગ. એમાં એક ગામ છે. ક્ષેત્રફળ ૫૪૭૯ એકર છે ને વાર્ષિક ઉપજ ૧૬૪ પૌંડની છે. ૧૮૮૧માં લોક વસ્તી ૧૦૧૭ ની હતી. તેમાં ઘર સંખ્યા ૨૩૫ની. ગરોલામાં એક નાહનો કિલ્લો છે. પૂર્વ તરફ ૭૦ એકરના ઘેરાવાવાલું એક સરોવર છે અને તેથી આ ભાગ અતિ ફળદ્રુપછે.

ગલકાં—આ વનસ્પતિનો વેલો તુરિયાનાં વેલા જેવો હોઈ તે વર્સાદની મોસમમાં ઉગેછે. એના વેલાને પુષ્કળ પાણી સીપવું પડેછે, અને તે જો નિયમીત મળે તો તે એક વર્ષ વેર ટકી શકેછે. એનું ફળ તુરીયાંને મળતુંછે, અને એના ફૂલો પણ તુરીયાનાં જેવાંજ હોયછે. એના પુલ બે ત્રણ દિવસ સુધી વેલા પર રહેછે. એ ફળ એકથી દોઢ ફીટ લાંબા હોયછે.

ગલતુરો—એના નાહના ઝાડ જંગલી આવળના પાના જેવા હોય છે. એની પર પુલો આવેછે. એનું લાકડું ટકાઉ અને મજતબૂ હોવાથી તે ઘણા ઉપયોગમાં લેવાય છે. ગલતુરાની બે જાતો છે. એક પીળા પુલવાલી અને બીજી રાતા પુલવાલી. એની ડાંખલી ભાંજી નાખ્યા પછી તેનાં બીજા ફણગા ફુટે છે. એની ડાંખળીઓનો વિસ્તાર ઘણો બોહોળો પસરે છે. એની પર આવતી શિંગો ચાર પાંચ આંગળ લાંબી હોઇ ચપટી હોય છે. આ શિંગમાંથી નિકળતા દાણા ખાઈ શકાય છે. આ શિંગમાં ૬ થી ૮ દાણા નિકળે છે. ગલતુરાના ઝાડ પર તીણા કાંટા હોયછે. એનું ઝાડ બીજ રોપ્યાથી અથવા કલમથી ઉગી શકે છે. એના ઝાડપર જે પુલો આવે છે તે સુંદર હોઈ બારે માસ આવતા હોવાથી તેને બગીચામાં રોપે છે. એના પુલને શંકરના પુલ પણ કહેછે. તે ઉપરથી એના ઝાડને કેટલાકો શંકાસુરી, શંકેશ્વર વગેરે નામે ઓળખે છે.

ગલ્યૂટેન—પક્ષીઓ પકડવા માટે બનાવવામાં આવતો એક ચીકણો પદાર્થ. આ પદાર્થ બનાવવા માટે એક ગલાસ ઉપર કપડું બાંધી તેની પર ઘઉંનો મેદો પાથરી તેને ચોળી ચોળીને ધોઈ નાખવો એટલે કપડાં ઉપર એક ચીકણો પદાર્થ બંધાય છે. તેને ગલ્યૂટેન કહેછે, અને પાણી સાથે ધોવાઈ પડેલા પદાર્થને સ્ટાર્ચ અથવા કાંજીનો આટો કહેછે. ફાટેલા પથ્થર સાંધવા માટે એવી જાતનો એક પદાર્થ બનાવવામાં આવે છે તેને મરાઠીમાં चिक्कोटी કહે છે.

ગલ્ફસ્ટ્રીમ—આ ઝરો અમેરિકાથી નિકળી અટલાંટિક મહાસાગર ઓળંગીને યૂરપ તરફ વધે છે. તે સાધારણ રીતે કલાકનાં ૩ મૈલની ઝડપે વહે છે. કોઈ કોઇ ઠેકાણે અને મુખ્ય કરી 'બેમિનની' સામુદ્રધુનિમાં એની ઝડપ વધીને કલાકનાં ૫૪ મૈલ જેટલી થાય છે. જે ઠેકાણે આ ઝરાની ઝડપ એકદમ વધે છે, ત્યાં તેનીપર સૂરજનાં કિર્ણો પડતાં તેનો દેખાવ બળતાં જેવો દેખાય છે.

ગલાડિઓલસ—આ પુલઝાડ યૂરપમાં અસંખ્ય જાતના ઉગે છે. એનાં મૂળિયાં મે મહિનામાં પુટયા પછી જમીન યા કુંડામાં ખાતર અને નળીયાંનો ભૂકો નાખી રોપવાં અને તેનીપર બે દિવસ આંતરે પાણી સીપવું. એને છાંયડાવાળી જગ્યામાં લગાડવાં પડે છે. પુલોનો હિંગામ ખતમ થતાં પાણી પાવાનું કામ બંધ કરવું પડે છે અને તેની ગાંઠ બીજા મે માસ સુધી ઝાડ સુકાયા પછી કાળી રેતીમાં પુરી છાયાને જગે રાખવું પડે છે. એના પાંદડા લાંબી તરવારરોકાં હોયછે. એના પુલો રંગબેરંગી હોય છે.

ગલીચા—અથવા ગાલીચો. "ગલીચા બનાવવાનો હુન્નર પ્રાચીન કાળથી દુન્યામાં જાણીતો છે. પ્રથમ ગલીચો બનાવવાનો વિચાર મનુષ્યને ખુદ્રતની ખુશનુમા રંગબેરંગી પુલોવાલી લીલા ઉપરથી ઉપજ્યો હોય એવું અનુમાન કરવામાં આવ્યું છે. કારણ કે પ્રાચીન કાળમાં થઇ ગએલા કવિઓ પોતાના કાવ્યમાં ખુદ્રતિ

બલિહારીની સ્તૂતિ કરતાં ખુદરતનાં બિછાવેલા ગાલીચાની તારીફ કરી ગયા છે. પ્રાચીન કાળનાં ઇરાનીઓએ આ ઉદ્યોગ પ્રથમ શોધી કાઢ્યો હતો અને તેમના દિવાનખાનાનો મુખ્ય સણગાર પણ ગાલીચોજ કહેવાતો હતો. તેની સાબેતી તે આગલા જમાનામાં રહી ગએલા પાદશાહ પેહેલવાનોનાં વૃત્તાંતો અને રાહરીતી ઉપરથી જણાય છે. તેઓ સુવા બેસવા તથા દીવાનખાનાની દેવાલના સણગાર માટે પણ ગલીચાજ વાપરતા હતા. પસાગર્દ ખાતેની શાહા સાયરસની કબરને ગલીચાની તરહાંદાર કર્શથી સણગારવામાં આવેલું જણાવ્યું છે. તેમજ પ્રાચીન કાળમાં મશહૂર થએલા હુન્નરમંદ ઇજીપ્તના થીબ્સમાંથી એક ગલીચો મળી આવ્યો હતો. તે ઈંગલંડના મ્યૂઝિયમમાં જાલવી રાખેલો છે. તેપર એક છોકરો અને હંસનું ચિત્ર છે, પણ ડૉ૰ બર્ચનાં મત મુજબ તે ગલીચો ગ્રીક અથવા રોમન કારીગરનાં હાથનો જણાયછે. યૂરપમાં પ્રથમ ગ્રીક અને ઇટાલ્યન પ્રજા ગલીચા વાપરતી હતી. કવિ હોમરની જગ પ્રસિદ્ધ 'ઇલીયડ'માં 'ફ્રિન્યન' લોકોના સુંદર ગલીચાનું અલંકારિક વર્ણન પરથી તે જમાનામાં ગલીચા ગ્રીસમાં બનતા હોય એમ જણાય છે. બાબીલોન પણ સુંદર બનાવટના અને દિલપઝીર રંગના ગલીચાઓ તથા 'ટેપેસ્ટ્રીની' બનાવટ માટે જાણીતું થઇ ગયું છે.

મુખ્ય કરી ગલીચા બનાવવાનો હુન્નર પ્રાચીન કાળથી એશિઆ ખંડ માહેલા ઇરાન, હિંદુસ્તાન તથા બાકુ નજદીક તુર્કોમાન તથા દાગેસ્તાન, બોરાસાન, ઇસ્પહાન વગેરે જાણીતા શેહેરો જણાયલાં છે; પણ તેમનાથી શિખેલા બીજા દેશો જેમ કે—કાશમિર, પંજાબ, સિંધ, મલબાર, રેવાકાંઠાના દેશો, આગરા, ભિર્જાપુર, જબલપૂર, હૈદ્રાબાદ, મચ્છલીપટણ વગેરે શેહેરો ચાલુ જમાનામાં પણ જાણીતા છે. પણ સર્વેમાં આજે ઇરાન માહેલા ગામો બોરાસાન, ઇરાકઅજમી, મશેદ, બીરજદ, યજદ, તર્સીઝ, કેરમાનશાહ, કર્ડાગ, કુર્દીસ્તાન, લુરીસ્તાન વગેરે પ્રાંતો અને શેહેરોની વસ્તીનો મોટો ભાગ એજ ઉદ્યોગપર નિર્વાહ કરે છે.

મુંબઇ ઇલાકાનાં ખુદ મુંબઇ તથા કરાંચી, અમદાવાદ વગેરે ગામોમાં ગલીચા વણવામાં આવેછે. તોય ગલીચા બનાવવાનો મુખ્ય ઉદ્યોગ હિંદુસ્તાનની તુરંગોમા ચાલે છે. પુના, ઠાના, કરાંચી, અમદાવાદ, ભાવલપુર, બનારસ, અલાહબાદ, આગરા, કૃત્હેગઢ, દિલ્લી, લાહોર, મુલતાન, રાવળપીંડી વગેરે શેહેરોની તુરંગોમાં ઉત્તમ પ્રતિના ગલીચા બનેછે. વાયવ્ય પ્રાંતમાં મિરઝાપુર, બરેયલી, મુરાદાબાદ, બુલંદશીહુર, બારબંકી, અને કાશી ગામમાં ગલીચા વણનાર વણકરો વસે છે. તેમજ પંજાબમાં મુલતાન, અમરિતસર અને નિજામશાહિમાં વારંગુળ, હમામકુંડા તથા મદ્રાસમાં અડોણી, વડવેદી, ગામોમા એનાં વણવાનાં કારખાનાં ચાલેછે.

ભેરા તથા દેરાગાઝીખાનમાં બલુચી લોકોની સ્ત્રીઓ વણે છે. ઉનના બરતુસ બનાવી તેની પર રંગનું ઉન ચોંટાડી ગલીચા પ્રમણે નકસી કાઢવાનો હુન્નર પંજાબ પ્રાતમાં તથા જયપુર સંસ્થાન અને કાશમિરમાં ચાલુ છે. હાલમા કાશમીરના કારીગરો ગાલીચા વણવા લાગા છે. તેમજ મંચરાસ ઇલાકામાં મછલી પટણ, મલબાર, કોકોનાડા, આ ગામમા ગલીચા બનાવતા હતા; પણ તે ઇરાની કરતાં તદનજ જુદા પ્રકારના બનતા હતા.

હાલમાં મદ્રાસ ઇલાકામાં કૃષ્ણ, વૃડચેલમ, અડોની, વડવેદી, કરનૂળ, ભાખી, લાન્ઝ, એલો રાજમહેંદ્રી અને અયપઠે ગામમાં ગલીચાનો ઉદ્યોગ ચાલુ છે. માયસોર માહેલા માંગલોરમાં આગળ આ ઉદ્યોગ ચાલુ હતો પણ હાલમાં તે પડતી દશામાં છે. ત્યાં ગલીચાને બેઉ તરફથી એક સરખા વણવામાં આવે છે.

ઈરાનમાં ગાલીચા ઘેરનાં મુખ્ય સણગાર ગણાય છે. ત્યાં સુવા બેસવા તેમજ બાણની મેજ તરીકે પણ તેનોજ ઉપયોગ કરે છે.

સર મરડોચ સ્મિથના જણાવ્યા મુજબ "શાહ આબાસ ઈરાનની ગાદીપર ૧૫૮૫થી ૧૬૨૮ વેર હકુમત કરી ગયો. તેણે ગલીચાના 'ડીઝાઇન'માં સુધારો કરવા થકી કેટલાક ઉદ્યોગી કારીગરોને ઇટલી મોકલી 'રફાએલ' ની સ્કુલના ચેલાઓનાં હાથ તળે રંગીન ચિતાર પાડવાનો હુન્નર શિખવા મોકલ્યા અને તે વખતથી ઇરાનના ગલીચા ઉપરનાં ચિતારો સર્વ દેશના લોકોને પસંદ પડતા બનવા માંડયા હતા.

આ અબાસશાહના ઇરફહાન ખાતેનાં 'ચેહેલસ્તાન'ના ડેરાના દીવાનખાનામાં અતિ ઉમદા કારીગરીના ગલીચા બિછાવવામાં આવતા હતા. આ ગલીચાના ઉપસેલા ટાંકાદાર રૂવાં એક ઇંચ જેવડાં જાડાં હોય છે. એવી ઉત્તમ કારીગરીના બે ગલીચા ઇ. સ. ૧૮૮૮ માં ઇરાનમાં વેચવામાં આવ્યા હતા. આ ગલીચા ૭ ફીટ લાંબા ને ૬ ફીટ પોહળા હતા, જે દરેકની કિંમત ૧૨,૦૦૦ રૂપ્યાથી ૧૯,૫૦૦ ની ઉપજી હતી. અને બીજા ચાર જે ઉપલાથી નાહના હતા તેમની કિંમત રૂ. ૨૨,૫૦૦ ની ઉપજી હતી. અબાસશાહનાં વખતે એક રેસમી ગલીચો તેની બેટીએ પોતાની જીંદગીનો મોટો ભાગ રોકી પોતાને હાથે બનાવ્યો હતો. કે જે ગાલીચો અઢારમી સદીની સેવટમાં એકાએક ગુમ થયા પછી છેક ઓગણીસમી સદીની આખેરીમાં કોન્સ-ટન્ટીનોપલમાંથી જડયો હતો. આ ગાલીચો કદમાં ૬૫×૮૦ ફીટ છે. તેની સપાટી રેશમી મખમલ જેવી છે. તેમાં દર ચોરસ ઇંચે ૫૨૦ ગાંઠો હાથે વાળેલાં હોઈ તેવા ગાંઠોની જુમલે સંખ્યા ૬૦,૦૦,૦૦૦ સાઠ લાખની આંકાઇ છે. પાછળથી આ ગલીચા ચિકાગોના જગદર્શન વેળા પ્રજાને નવાઇ તરીકે બતાવવામાં આવ્યો હતો.

દુનિયાંમાં સર્વથી મોટો ગલીચો વિંડસર કેસ્ટલના મેહેલમાં છે. તે ૪૦ ફીટ પોહળો અને તેમાં ૮૮,૪૦,૦૦૦ તાંકાઓ છે. તે વણવા થકી બે વર્ષ ને સાડા ચાર મહિના લાગા હતા.

ઇરાની ગલીચા પ્રામાણેજ દુનિયાંમાં તુર્કસ્તાનના બનતા ગલીચા પણ વખણાયા છે. તે તરફના બાકુના ત્રાન્સકાસ્પીયનના પ્રદેશમાં તે બનાવવામાં આવે છે. તે તરફ ગલીચા વણવાનું કામ સ્ત્રીઓ કરે છે. ગલીચાપર દોરવાના ડિઝાઇન કામદારોની સામે રેતીપર પાડી તે મુજબ તેઓ રંગદાર ઉન લઇ ગાંઠ મારે છે. તે તરફ ઉનના અને ઉત્તમ ગુલાબી મખમલી સપાટીના તથા બીજા ઉંટના રૂઆના ગલીચા બને છે. ઉંટના બાલ નરમ ને સુવાળાં હોવાથી તે તરફ ઉંટોને પાળી તેમનાં પેટ તરફના બાલને ઘણી સંભાળ તળે વધારી તેને કાતરી ઉપયોગમાં લે છે. તેઓ ગલીચાની ભોંય માટે ઘણુંખરૂં હમેશાં ખુલ્લો ઘેરો ગુલાબી રંગ લે છે અને ઉપરની સપાટીપરની તર્હો માટે સફેદ ભુરો તથા લીલો રંગ વાપરે છે.

એશિઆ માઇનરમાં સ્મિર્ના નજદીક અસહકમાં ઉત્તમ પ્રકારના ગલીચા બને છે. તેમજ ડરબન્ત, શુંશા, ડાગેસ્તાન તરફના ગલીચાપર બનાવનારનું નામ તારીખ વગેરેનાં લેખો પણ વણવામાં આવે છે. ખીવા તથા હિરાતના ગલીચા આગળ વખણાતા હતા. હાલમાં ત્યાંનો ઉદ્યોગ પડી ભાગો છે. મોરક્કોના મૂર લોકો પણ આ હુન્નરમંદ ઉદ્યોગમાં જાણીતા છે, તે તેમનો આ ઉદ્યોગ મુખ્ય કરી હુઆલા પ્રાંતમાં તથા ડર–એલ બેડા અને રોબાતનાં જીલ્લાઓમાં ચાલે છે. કાશગર અને યારકંદના ગલીચા તુર્કસ્તાનમાં જાણીતા છે.

હિંદુસ્તાનમાં ઉન અને સૂતરની વણુતથી ગલીચા બનાવવામાં આવે છે. આ ઉન સૂતરની ભેળવાલા ગલીચા બંગાલ, ઉતર હિંદુસ્તાન તરફજ બને છે. તે તરફ મુખ્ય રંગો ઘેરા, ભુરા યા ક્રિમ (ભાવા) રંગની ભોંયના અને નાની લાલ યા બલુ તર્હોના હોય છે. સર જર્યાજ બરડઉના જણાવવા મુજબ હિંદમાં ગલીચા બનાવવાનો ઉદ્યોગ ઇરાનીઓ તરફથી દાખલ થએલો હોવાથી

તેઓની બનાવવાની રીત પણ તેમને મળતીજ છે.

જયપૂરના મહારાજાની દરબારમાં મહારાજાના પૂર્વજોએ ૧૬૦ વર્ષ ઉપર અફઘાનિસ્તાન ઉપર ચઢાઇ કરી ત્યાંથી એક ગલીચો આણ્યો હતો, તે હાલમાં પણ ટકી રહેલો છે. તેની ઉપરનું કામ અતિ તારીફ લાયક છે. હાલમાં જોકે તે ગલીચો ફાટી ગયાથી તેને સીવી લઇ સંભાળી રાખવામાં આવ્યો છે તોય તેની કીંમત હુન્નરમંદ નજરને છક કરે છે.

૧૭મી સદીમાં હૈદ્રાબાદના રાજ્યકર્તા માટે વારંગુળમાં એક ગલીચો બનાવવામાં આવ્યો હતો. જેની આખી સપાટી ઉપર હાથ વડે વાલેલા ગાંઠો ૩૫,૦૦,૦૦૦ હતા. આ ગલીચા ઉપરની બારીક તર્હાં એટલી તો બારીક ને ગુચવણુ ભરીલી છે કે તે દરેક ગાંઠ દીઠ અકેકી નવી સોય બદલવી પડી હતી. હૈદ્રાબાદ શિવાય આગળ જણાવેલા હિંદના મુખ્ય શેહેરોમાં એનો ઉદ્યોગ ઠીક ચાલે છે. પંજાબમાં તો મખમલના જેવી ઉંડી સપાટીના ઉનના ગલીચા ખાનગી આસામીઓ ઘરમાં બનાવી તે પર નિર્વાહ કરે છે. જોધપોરના રાજા પાસે ૧૭૫ વર્ષનો જુનો એક ગાલીચો છે કે જેનું અનુકરણ આગરા ખાતેની તુરંગમાં કેદી કારીગરો પાસથી કરાવવામાં આવે છે. એંગલોરના ગલીચા તેમની ઉત્તમ બનાવટ ને ઉમદા 'ડીઝાઇન' માટે તથા રંગ-થકી જાણીતાં છે.

ઇંગલંડના ઑક્ષમિન્સટર ખાતે ગાલીચા બનાવવાનો ઉદ્યોગ ઇ.સ. ૧૭૫૫થી ૧૮૩૫ વેર મોટા પાયા પર ચાલુ હતો. અને હાલમાં વાલટન, વુલસ્ટર, વિલટન, રોશડેલ, ડ્યૂસબરી, ડરહેમ, રીડરમિન્સટર, વગેરે શહેરોમાં પણ ચાલુ છે. યૂરપમાં ગલીચા બનાવવાનો પેહેલો ઉદ્યોગ ફ્રેન્ચેડની લઢાઇ વેળા લીવેંટમાંથી 'ફ્રલન્ડર્સ ખાતે દાખલ થવા પામ્યો હતો, અને તેઓએ આ ઉદ્યોગને એટલી હદ વેર ખિલવી જગતમાં મશહુર કર્યો હતો કે તેમની બનાવટ, ચિતાર અને રંગ જોઇ પરદેશીઓ અજબ થતા હતા. તે પછી આ ઉદ્યોગ ધીરે ધીરે એન્ટવર્પ, બ્રસલ્સ, આઉડીનાર્ડ, લીલી, ટુર્ને, વગેરે શેહેરોમાં દાખલ થયો હતો.

હાથ વડે ગલીચા વણનારનાં ઓજારો સાધારણ હોય છે. તેઓ જમીનમાં બે ખુંટા દાટી જેટલા પોહળા ગલીચા વણવાં હોય તેટલા અંતરપર બે આડી લાકડીઓ બાંધી કારીગરો પોતાના કામ માટેની સાલ બનાવે છે. ઉપરની આડી લાકડીઓમાંની ઉપલી ઉપરથી વણકરો સૂતરનાં તારનો આંટો લઇ તેને નીચે લાવે છે, અને નીચલી લાકડી સાથે તેને ગાંઠ મારી બાંધે છે. ગલીચો જેટલો પોહળો બનાવવો હોય તે મુજબ ફરી ફરીને એવા આંટા લેવામાં આવેછે અને એ રીતે એક ગલીચાની ભોંય બને છે, જે ઉપર તે પછી નરમ સપાટી બનાવવાંનું કામ શરૂ થાયછે. એ કામ માટે બકરા, મેંઢા અથવા ઉંટના ઉનની નાહની નાહની દરિઓ પેલા સૂતરના તારની ઉપર તથા હેઠેથી બબેવાર પસાર કરીને તેમની સપાટી બનાવવામાં આવેછે.

ગલીચાનું ઉન ઇરાનમાં ઇરાની વનસ્પતીમાંથીજ બનાવેલા રંગથી રંગેલું હોયછે અને જેવી રીતના ડીઝાઇનમાં રંગ પુરવાં હોય તે રંગના ઉનની એક સરખી હાર બનાવી તેની ઉપરના દોરાને કાપી કાઢવામાં આવેછે. અને જેમ જેમ હાર બનતી જાય છે કે ખાસ બનાવેલી કાંસકી વડે તેને ચોક આપી ટાકા પાસે જોડાઇ રહે તેમ કરવામાં આવેછે. આ ઇરાની ગલીચા બનાવવામાં મુખ્ય કરી બલુચી, કેરમાની, ખોરાસાની અથવા કુર્દીસ્તાની મેંઢાઓનું ઉન વપરાય છે. તેમાં બલુચી મેંઢાનું ઉન શ્રેષ્ટ ગણાય છે. પણ કેરમાની, ખોરાસાની તથા કુર્દીસ્તાની મેંઢાનું ઉન નરમ ઝલેહદાર અને તર્હેવાર રંગબેરંગી હોવાથી તેને રંગ્યા વિના ગલીચાના ડિઝાઇનમાં વાપરી શકાય છે.

બીજા દેશોએ જ્યારે ગલીચા વણવાનો

હુન્નર હાથ વડેજ ચાલુ રાખ્યો છે ત્યારે યૂરપનાં શોધક બુદ્ધિવાલા કારીગરોએ તેને યંત્ર વડે બનાવવામાં પ્રહે મેળવી છે. સાંચા કામથી ચલાવી શકાય એવી લુમ મી૦ બીજલો નામે કારીગરે પ્રથમ બનાવી તે લુમ તથા તેનો હક્ક ઈંગલંડની એક જાણીતી કંપનીને ૧૦૦૦૦ પૌંડે વેચ્યો હતો, આ લુમ ઉપરથી ૪૫ વારના ત્રણ ગલીચા એક અઠવાડિયા દરમ્યાન ઉતારી શકાય છે. 'હિંદી સોદાગરમાં' જણાવ્યા મુજબ એવા એક લુમની સરાસરી કિંમત ૧૦૦ પૌંડ બેસે છે, જ્યારે ૫૦ લુમ અને શરૂઆતનું સાંચા કામ અને જોઇતો અસબાબ ૨૦,૦૦૦ પૌંડની થાપણમાં ખરીદી શકાય છે. આવા યંત્રથી બનતા ગાલીચાને યંત્રવડેજ રંગવાની પણ શોધ થવાથી આવા પ્રકારનાં ગલીચા સસ્તી કિંમતે મળે છે.

આગલ યૂરપનાં લોકો ગલીચાનો મુખ્ય ઉપયોગ બારીના પર્દા, તેબલ કલોથ, કોચના ઢાંકણ વગેરે બનાવવામાં કરતા હતા, પણ ઈરાનીઓની રીતભાત ઉપરથી પાછળથી જમીન તથા દાદર ઉપર પાથરવા શિખ્યા હતા.

એડીનબર્ગ પાસે ધરકને કાંઠે અસલી નમુનાપરથી ગલીચા બનાવવાના કારખાના ચાલુ છે. અતિ બારીક હુન્નરમંદીના અને શ્રેષ્ટ ડિઝાઇનના ગલીચા ગલાસગો તથા ઈંગલંડમાં બનેછે. યૂનાઇટેડ સ્ટેટમાં મુખ્ય કરી ફીલાડેલ્ફીયા, લૉવેલ અને બીજા શેહેરોમાં જર્મની દેશ પણ આ ઉદ્યોગમાં દીનપર દીન શ્રેષ્ટાઈ મેળવવા લાગું છે. ફકત ગ્રેટબ્રિટનથી દર વર્ષે પરદેશ ખાતે ૧૨,૫૦,૦૦૦ પૌંડના ગલીચા રવાના કરવામાં આવેછે.

ગલીસરાઇન—આ તેલ મિણબત્તીના કારખાનામાં બનેછે. આગળ મિનબત્તીના કારખાનામાં બનતું ગલીસરાઇન નકામું ગણી ફેંકી દેતા હતા પણ જ્યારથી 'શિલ' નામે એક પ્રસિદ્ધ જર્મન રસાયન શાસ્ત્રીએ તેનો ઉપયોગ તેને પ્રથમ રસાયન કૃતિથી સાફકરી ઉપયોગમાં લેવાની ઈ. સ. ૧૭૭૯ માં શોધ કરી ત્યારથી તે જાણીતું થયું છે.

ગલીસરાઇન કુદરતી હાલતમાં મળી આવતું નથી પણ રસાયન શાસ્ત્રની મદદ વડે તેલ તથા ચર્બીમાં તેના એક તત્વ તરીકે તે ભેળેલો મલમ પડેછે. મિનબત્તી બનાવતી વેળા તે મોટા જથ્થામાં મળેછે.

પ્રથમ આ તેલને દવા તરીકે ઉપયોગમાં લેવામાં આવ્યું હતું. ત્યારે રૂશિઆના તે વેળાના શેહેનશાહે નાહની નાહની શિશિઓમાં તેને ભરી કૉકેસસ પર્વતોમાં રહેતા ગરીબ લોકો જેઓ થંડીની મોસમમાં હાથની ચામડી ઉપર પડતી ફાટ અને ચીરોથી ઘણા હેરાન થતા હતા તેઓમાં વેહેંચી આપી હતી. ચામડીને લગતા દરેક દર્દો ઉપર તેનો બોહોળો ઉપયોગ કરવામાં આવેછે. તેમજ મલમો તથા સાબુ બનાવવામાં પણ તે ઘણું વપરાય છે.

ગલીસરાઇનમાં બિનાસને ચુસી લેવાનો ગુણ છે, તેમજ તેને હવામાં મેળતાં તે ઉડી જતું નથી. તે અતિ સખત થંડી શિવાય કદી બંધાતું નથી આથી ગ્યાસનાં મિટરોમાં તે પુરવામાં આવેછે. કુંભારો પણ તેનો ઉપયોગ કરેછે. બાવાના તંબાકુમાં મિઠાસ લાવવા માટે ગલીસરાઇનનો ઉપયોગ કરવામાં આવેછે. ગંધકના તેજાબ તથા નાઇત્રિક ઍસિડની મેળવણીથી નાઇટ્રોગલીસરીન નામનો ઉડતો પદાર્થ બનાવવામાં આવેછે, અને તેમાં ગલીસરાઈનનો મોટો ભાગ બપેછે.

છાતીના દર્દથી હેરાન થતો માણસ જો નબાઇ જતો હોય ને તેને ભુખ લાગતી ન હોય અને અતિશય પરસેવો છુટતો હોય તો તેને ગલીસરાઇન સાથની નીચલી મેલવણી ફાયદો કરે છે:—એ ડ્રામ નાઇત્રિક ઍસિડ, એ ઔંસ ગલીસરાઇન, ૧૬ ઔંસ કવાસિયાનો કાહવો, એ ત્રણેની મેળવણી દિવસમાં ત્રણ વેળા એક ચમચી જેટલો લેવો.

ગ્લુસિનમ—આ ધાતુની શોધ વ્હાકવેલિઅન નામે એક જર્મન રસાયણશાસ્ત્રીએ ઈ. સ.

૧૭૯૮ માં 'બેરિલ' નામના બનીજ પદાર્થમાંથી કરી કાઢી હતી, અને તે ઉપરથી જર્મનીમાં તેને બેરિલિયમ પણ કહે છે. ઍલ્યુમિનીયમ અને સિલિકાથી સંયુકત થએલી એવી આ ધાતુ લીલમમાંથી પણ જડેછે અને એ બેઉમાંથી કાઢી શકાય છે.

આ ધાતુ સફેદ અને નક્કર હોય છે. રૂપા કરતાં ઓછી ગર્મીથી એ પિગળવા માંડે છે. એ હવામાં, ઑકસીજનમાં અથવા ગંધકમાં બળતો નથી અને તેમનાથી સંયોગ પણ પામતો નથી; પણ ક્લોરિન, આયોડીન અને સિલિકાનથી તુરત સંયોગ પામે છે. એ પાણીની વરાળનું પૃથક્કરણ કરી શકતું નથી. જળમિશ્રીત સલ્ફ્યુરિક ઍસિડમાં અને હૈદ્રોક્લોરિક ઍસિડમાં એ વિદ્રાવ્ય છે; પણ નાઇત્રિક ઍસિડમાં તદન પિગળતો નથી. કારટીક પોટાશનાં રસમાં એ પિગળે છે અને હૈદ્રોજન જૂદો પડે છે. એનો એકજ ઑકસાઇડ બને છે. એના ખાર રંગહીન હોઇ તે રૂચીમાં મીઠાસદાર છે. લીટમસ ઉપર ઍસિડ પ્રમાણેજ એનું કાર્ય ધડે છે.

ગલોલ—આગળ લઢાઇ દરમ્યાન ગલોલ યંત્ર વાપરવામાં આવતું હતું. ગલોલ યંત્ર કામદા આકારનું હોઇ તેની વચમાં એક લાંબો દાંડો જોડેલો હોઇ તેની કમાન લાકડાની, સ્ટિલ યા લોઢાની બનાવવામાં આવતી અને તેની દોરીને એક ચાંપદાર હાથા વતી ખેંચી ચાંપ છોડતાંજ દોરી ઢીલી થઇ પથરા યા તીર વરસાવતી. આ યંત્રમાં વપરાતો તીર ૧૮ ઇંચિ લાંબો રહેતો. આ ગલોલમાં કેટલીક વેળા ચુનખડી, પથ્થરા, સુરંગના ગોળા વગેરે ભરીને એવા જોરથી છોડવામાં આવતા કે તેથી તે દુશમનોપર જોરથી અથડી અગન્યાસ્ત્ર કરતાં વધારે નાશકારક કામ બજાવતું.

લઢાઇ પ્રસંગે એવા ગલોલ યંત્ર ચલાવવા સંખ્યાબંધ સીપાહોને કામે લગાડવામાં આવતા. આવી જાતનાં ગલોલ ૧૩ મી સદીમાં ઇંગલંડમાં વપરાતા હતા. ૧૨ મી સદી પછી ગલોલ યંત્ર યૂરપના જૂદા જૂદા ભાગોમાં સાધારણ હથિઆર થઇ પડયું હતું. આ નાશકારક હથીઆરથી ભારે ખરાબી થતી હોવાથી ૧૧૩૯માં ખાસ કાયદો બંધારી એનો ઉપયોગ જાતભાઇઓ પર કરતાં અટકાવવામાં આવ્યો હતો.

ગલોસોગ્રાફ—સામા માણસનું ભાષણ યંત્ર વડે ટુંકાક્ષરી લિપિમાં ઉતારી લેનાર યંત્ર. વિએનામાં હેર એ. જેન્ટીલી નામે શખ્સે આ યંત્રની શોધ ૧૮૮૨ માં કરી હતી. આ યંત્ર વડે ટુંકાક્ષરી નિશાની કરતાં પાંચ ઘણી ઝડપે રિપોર્ટ લેવાયછે. આ યંત્ર વડે સામુ ભાષણ ઉતારી લેવા થકી તેને મોંહમાં પકડી સામા ધણીના બોલો તેમાં બોલવા પડેછે અને તે વડે યંત્ર સાથે જોડેલા કાગળ ઉપર પેન્સીલ વડે નિશાની પડેછે; તે ટુંકાક્ષરી લિપિ મુજબ ઉકેળી શકાયછે.

ગવ—અવસ્તા જમાનામાં આ એક પ્રસિદ્ધ પ્રાંત હતો; એનું મુખ્ય રાજધાની શેહેર સુગ્ધ હતું. આ ગવ પ્રાંતનું રાજધાની શેહેર ઇતિહાસમાં સોગદીયાન તરીકે જાણીતું થએલું છે; અને હાલના ભૂગોળ મુજબ તે 'સમરકંદ' હોવું જોઇએ. આગલા વખતમાં આ દેશની ઉત્તમ આબોહવાથી તે નિરોગી ગણાતું હતું.

ગવય—ખગોળ શાસ્ત્ર મુજબ આ તારાઓ ઉત્તર ગોલાર્ધમાં છે. તેમની પૂર્વ પશ્ચિમ લંબાઇ ૫૦ અંશ છે અને દક્ષિણોત્તર લંબાઇ ૨૫ અંશ છે; એમાં સાધારણ પ્રતિના તારાઓ છે. તેમાં ચોથી પ્રતિના ત્રણ તારા હોઇ બાકીનાં તદન ઝીણા તારાઓ છે. આ તારાઓ છુટા છવાયા પસરેલા છતાં લોકડીના આકારમાં ફરી વળેલાછે.

ગવયાન—અવસ્તાઇ જમાનામાં પોતાની પવિત્રાઇ અને જરતોસ્ત પેગંબરના એક ચેલા તરીકે પ્રસિદ્ધતા પામેલો પુરૂષ. એના ફરોહરને ફરવરદીન યષ્તમાં આરાધવામાં આવ્યોછે.

ગવરીબાઇ— આ ભક્ત તથા કવિ તરીકે પ્રસિદ્ધતા પામેલી બાનુનો જન્મ રજપુતાનાના હુંગરપુરમાં સંવત ૧૮૧૫માં થયો હતો. સંવત ૧૮૨૦માં તેના લગન કરવામાં આવ્યા

પણ એક અઠવાડયામાં તેનો ભરતાર કાંઇક રોગથી મરણ પામ્યો. આથી તે દીવસથી ગવરીબાઇએ ધર્મજ્ઞાનપર લક્ષ લગાડી હરી ભકતોની સંગતમાં ફરી કથાઓ ભણતી. આ રીતે તે કવિતા બનાવવા શીખી અને ભકતો પાસથી શીખેલા પદો ગાઇ ઇશ્વર પ્રાર્થનામાં કાળ ગાળવા લાગી. ૧૩ વર્ષની વયથી એકાંતવાસમાં રહેવા માંડી. આ બાઈની સુકીર્તિની વાત હુંગરપૂરના રાજા શિવસિંહને જણાતાં તે રાજા તેની મુલાકાતે ગયો અને તેની વિદ્વતાથી પ્રસન્ન થઇ સંવત ૧૮૩૮માં આ બાઇને માટે એક સુંદર મંદીર બંધાવી આપી તેમાં ગવરીબાઇએ ઠાકોરજીની સ્થાપના કરી હતી. આ બાઇની વિદ્વત્તા અને ધર્મજ્ઞાનીપણુ જાણી દેશેદેશથી આવતા તેમાં એક માહાત્મા સાધુએ આવી ગવરીબાઇને બ્રહ્મજ્ઞાન તથા આત્મા જ્ઞાનનો ઉપદેશ કરી અદૃષ થયા, ત્યારથી આ મીરાંબાઇની અવતારી સ્ત્રીએ દિવસો સુધી સમાધીમાં બેસવાની શકતી મેળવી હતી.

સંવત ૧૮૬૦માં આ બાઇની ગોકુળ વૃંદાવન જવાની મર્જી થવાથી હુંગરપૂર છોડયું; માર્ગમાં જયપુરના માહારાજાએ તેને આદરસત્કારથી નવાજી અને જે દાનમાં મોહોરો મળી તે બ્રાહ્મણોને સુખાવત કરી હતી. ગવરીબાઇ કાશીએ ગયાં ત્યાં સુંદરસિંહ નામે રાજાએ તેને મોટાં માનથી રાખી ૫૦,૦૦૦ રૂપ્યાની ભેટ આપી. તેમાંથી ૨૦ હજાર રૂપ્યા ખર્ચીને ગયાશ્રાદ્ધ કર્યું; અને બાકીના રૂપ્યા જગનનાથ વગેરેની જાત્રા કરવામાં તથા ધર્મજ્ઞાનમાં ખરચ્યા. કાશીમાં સેવટે ૭ દિવસ સમાધીમાં રહી પોતાની એક મેહેનપણી 'ચતુરબાઇ' નામે સાધ્વીને પોતાની શકતી સોંપી યમુનાના ઘાટપર જઇ ત્યાં સમાધી ચઢાવી બેઠા. આ સમાધીમાં ગવરીબાઇએ સંવત ૧૮૬૫ના ચૈત્ર શુદ્ધ ૯ ને દિવસે દેહ છોડયો હતો. આ સાધવી સ્ત્રીની શકિતની કથા કહાણીઓ ઘણી પ્રસીદ્ધ છે. તેમજ તેના રચેલા પદોમાં બ્રહ્મજ્ઞાન, વૈરાગ્ય રસ આદીથી ભરપુર છે.

ગવરીશંકર ઉદયશંકર—આ રાજદુઆરી કુશળ પુરૂષનો જન્મ ઇ૰ સ૰ ૧૮૦૫માં ભાવનગર માહેલા 'ગોધા' માં થયો હતો. એ જાતે નાગર બ્રાહ્મણ હતા. તે વખતની પહલી મુજબ ગુજરાતી ભાષાનો ટુંક વિધા અભ્યાસ કરી ૧૭ વર્ષની વયે અમદાવાદના પોલીટિકલ એજંટ તરફ ભાવનગર સંસ્થાનનો વકીલ સેવકરામ દેશાઇ હતા તેને ત્યાં નોકરી મેળવી. ઇ૰ સ૰ ૧૮૨૨માં 'કંડાલા' પ્રગણાનાં નાયબ સુબાની જગા મેળવી. ત્યાં ૧૮૨૬ વેર કામ બજાવ્યું. તેજ વર્ષમાં તે પ્રગણા માહેલા 'ખુમાન ખથિસ' લોકોએ બંડ કીધું જેથી આસપાસના ગામો ઉજજડ બન્યા પણ ગવરીશંકરે મોટા ચાતુર્યથી પોતાના તાબા માહેલા પ્રાંતનું રક્ષણ કરી એવો તો ઉત્તમ બંદોબસ્ત કીધો કે તેના યોગે થોડી મુદતમાં બંડ મટી ગયું. આ તેમનું ચાતુર્ય તે વખતના ભાવનગરના ઠાકોર વજેસિંગે ધ્યાનમાં લઇ પોતાની દરબારમાં સલ્લાકાર તરીકેની જગા આપી.

ઇ૰ સ૰ ૧૮૧૬માં એક નવો કાયદો ઇંગ્રેજ સરકારે કાઢયો હતો. તે ઉપરથી વસાઇના કોલકરારની ભાંજગડ આધારે એમ ઠર્યું હતું કે ભાવનગરના ઠાકોર ઉપર બીજા સાધારણ લોકો પ્રમાણે ફર્યાદી કરી શકાય, આ ઉપરથી પરભૂદાસ મથુરાદાસ સાહુકારે ઠાકોર ઉપર સાડાઅગીયાર લાખ રૂપ્યાની ફરયાદી અમદાવાદના જડજની કોર્ટમાં માંડી. તે કાયદો થવા આગમજની લેણદેણનો હતો. આ મુદ્દો જડજે રદ કીધો, તેથી સાહુકારે સૂરતની અદાલતમાં દાદ મેળવી ઠાકોરપર દાવો નક્કી કરાવી લીધો. આથી ઠાકોરે મુંબઇ સરકારને અપીલ કીધી. અને તેની ખટપટમાં ગવરીશંકરને વકીલ તરીકે મોકલ્યા. ગવરીશંકરે પુરાણા કાગળપત્રો કાઢી મોટી ચતુરાઇથી ઉપલી અદાલતે કીધેલું હોકમનામું રદ કરાવ્યું; આથી ઠાકોરે ગવરીશંકરને ૧૮૪૭માં પોતાના ખાસ દીવાનની જગ્યા આપી.

મંત્રિપદ પામતાં ગવરીશંકરને મોટા

મહત્વનાં કામો કરવાં પડયા હતા. તેમાં સંસ્થાન ઉપર બીજા સંસ્થાનોએ લેણા કાઢયા તેનો નિકાલ કરવા ગવરીશંકરને ઘણી મેહનતો પડી હતી.

પેહેલા સંસ્થાનોમાં આરબ લોકોનું થાણું હતું તેઓએ ઠાકોર ઉપર ૭૨,૦૦,૦૦૦ રૂપ્યા કાઢયા, આથી ગવરીશંકરે કાઠીઆવાડના પોલીટીકલ એજંટ કર્નલ લ્યાંગ પાસે સર્વ બીના દર્શાવી તેમનો દાવો ખોટો કરી આપ્યો; પણ આથી આરબોએ એસીસ્ટંટ પોલીટિકલ એજંટ કોસને તેઓ સાથે લઢાઇ કરવાની ચેતવણી આપી, ત્યારે ગવરીશંકરે આરબોના મુખીઓમાં કુન્હે બળથી સમજુતી કરી લઢાઇ અટકાવી હતી. ઠાકોર વજેસિંહ ૧૮૫૨ માં ૭૨ વર્ષની વયે મરણ પામવાથી તેમના પૌત્ર દાજીરાજ ગાદીનશીન થયા, પણ તે ઠાકોર નિપુત્ર થઇ જલ્દી મરણ પામતા તેના ભાઇ 'જસવંતસિંહજી' ઠાકોર થયા. આવેલા રાજ્ય ખાલસા કરવાનું ઇંગ્રેજ સરકારે વિચાર કરવાથી ગૌરીશંકરે તેમનો વિચાર ફેરવવાની તેમને ફરજ પાડી. તોય રાજ્યનો દીવાની તેમજ ફોજદારી અધિકાર ઇંગ્રેજ સરકારને હાથ હતો તે મેળવવા થકી ગવરીશંકરે અત્યંત મેહેનત કરી તેમાં યશ મેળવ્યો. જે અધિકાર ૫૦ વર્ષ ઉપર હાથથી ગયો હતો તે ગવરીશંકરના ઉદ્યોગથી પ્રાપ્ત થયો હતો, આથી ગવરીશંકરને ઠાકોરે કેટલાક ગામો વંશપરંપરાએ ઇનામમાં આપ્યા.

ઉપર મુજબ અનેક સંકટોથી ભાવનગરને મુકત કરી તેણે લોક શિક્ષણ માટે નિશાળો સ્થાપી, ને રાજકુમાર કૉલેજના કામમાં આગેવાની ભર્યો ભાગ લીધો.

ઠાકોર જસવંતસિંહ ૧૮૭૦ માં મરણ પામતાં કુમાર તખ્તસિંહને ગાદી મળી. પણ તખ્તસિંહની વય ૧૩ વર્ષની હોવાથી ઉમરમાં આવે ત્યાં વેર ગવરીશંકર તથા મી૰ પરસિવ્હલને હાથ રાજકારોબાર હતો. ૧૮૭૦માં ગવરીશંકર ઠાકોર તખ્તસિંહ સાથે દિલ્લીની દરબારમાં ગયા ત્યાં રી. એસ. આઈ. નો ખેતાબ મલ્યો હતો. દિલ્લીમાં માહારાજા તુકોજીરાવ હોલકરે ગવરીશંકરની ખાસ મુલાકાત લઇ તેમની વિદ્વત્તાની તારીફ કરી હતી. ભાવનગર ગોંડલ રેલ્વેમાં પણ ગવરીશંકરનો મુખ્ય હાથ હતો. ૧૮૭૬માં પોતાની દિવાનગીરીનું રાજીનામું આપી ઇશ્વર ભજનમાં જીંદગી ગુજારી.

ગવરીશંકરે "સ્વરૂપાનુસંધા" નામે ગ્રંથ રચ્યો હતો, જેની પ્રસંશા પ્રોફેસર મેક્ષમુલરે ઘણી કરી હતી. ઇ. સ. ૧૮૮૬માં સન્યાંસ અવસ્તા ધારણ કરી ઇશ્વર ભજનમાં જીંદગી ગુજારી હતી. મરણ ઇ. સ. ૧૮૯૧માં ડીસેંબરે નિપજ્યું હતું.

ગવાટેમાલા—આ દેશ ઉત્તર અમેરિકા ખંડના દક્ષિણ તરફના છેડા ઉપરછે. એનો વિસ્તાર ૧,૬૮,૦૦૦ ચૌરસ મૈલ છે. લોક વસ્તી ૨૫,૦૦,૦૦૦ની છે. આગળ ત્યાં પાંચ સંસ્થાનનું પ્રજાસત્તાક રાજ્ય હતું પણ તેઓ હાલમાં એક બીજાથી સ્વતંત્ર છે. ગવાટેમાલા એજ દેશનું મુખ્ય શેહેર છે તેમાં ૭૫,૦૦૦ ની લોક વસ્તી છે. આ દેશ અમેરિકાના ઉત્તર દક્ષિણ વિભાગોની વચ્ચેની સાંકડી જમીનનો પ્રદેશછે. ત્યાં જવાલામુખી પર્વતો પુશકળ છે, અને તેથી તે તરફના ભાગને ઘણી વેળા નૂકસાન થાયછે. મુખ્ય પેદાશ રૂયું, મકાઇ, કપાસ, ખાંડ, કોકો, કીરમજ અને ઇમારતી લાકડાની છે. ગવાટેમાલામાં લીઓન, કાર્તાગો, ત્રૂહીલ્યો અને સાનસાલ્વાડોર મુખ્ય ગામો છે. નિકારાગુઆ નામનો એ દેશમાં મોટો સરોવર છે તેમાંથી સાનજુઆન નદી વહેતી કારિબ્બીઅન સમુદ્રને મળેછે.

ગવાલેર—(વધુ માટે જુઓ સિંધ્યા સરકાર.) મધ્ય હિંદુસ્તાનનું આ દેશી રાજ્ય મરાઠા સિંધ્યા સરકાર ને તાબે છે. એની ઉત્તર પૂર્વે અને ઉત્તર પશ્ચિમે ચીનાબ નદી, પૂર્વે જાલના, ઝાંસી, લાટપુર અને સાગરના બ્રિટીશ જીલ્લા, દક્ષિણે ભોપાલ, ટોંક, બીલચીપુર અને રાજગરનાં રાજ્યો, અને પશ્ચિમે ઝાલાવાર, ટોંક તથા રજપુતાના છે. એનું ક્ષેત્રફળ

૨૯૦૪૬ ચૌરસ મૈલ હોઈ તેમાં વસ્તી ૩૧,૧૫૮૫ની છે, રાજ્યમાં ગામ તથા શેહેરો ૧૦૩૪૬ છે, અને તેમાં ૫,૨૯૬૫૦ ઘરો છે. દર ચૌરસ મૈલે લોક વસ્તીનું પ્રમાણ ૧૦૭°૩, દર ગામ તથા શેહેરમાં વસ્તીનું પ્રમાણ ૦°૩૫ છે અને ઘરો દર ચૌરસ મૈલે ૧૮°૨૩ તથા દર ઘેરદીઠ માનસોની રહેવાની રાસ ૫°૮૮ ની આવે છે.

ગવાલીયરનો છેક ઉત્તર પૂર્વ તરફનો ભાગ કે જેમાં આગ્રા સમાય છે તે ભાગ સપાટ હોઈ ફળદ્રુપ છે. તેમજ ઉપલા ભાગમાં ટેકડીઓ ફરી વળેલી હોવા છતાં નદી તળાવવાલો ભાગ ફળદ્રુપ છે. તેના જંગલમાં આમલી, બાબુલ વગેરેના ઘણા વૃક્ષો ઉગે છે, આ દેશના દક્ષિણ તરફના ઢોળાવપર માલવાના ભાગ તરફની ભૂમિ ૧૫૦૦ ફીટ ઉંચી છે, તેમજ ત્યાં શાહાજીગર નામે પર્વત ૨૬૨૮ ફીટ ઉંચો છે.

આ રાજ્યમાં મુખ્ય વેપાર ઉન, કપાસ, રેસમ, કાશામરીશાલ, ધરાની અખાતનાં મોતી, સિલોનના હીરા, તેમજ સુન્નુ, ચાંદી, પારો, ત્રાંબુ, સીસું, જસત્ત વગેરેનો. મુખ્ય અફીણ અત્રેથી મુંબઇ રવાના કરવામાં આવે છે. બીજું લોહું કામ અને તંબાકુનો પણ વેપાર ઠીક ચાલે છે. ગવાલીયરના રાજ્યમાંથી રજપૂતાના માળવા રેલ્વે પસાર થાયછે. અત્રેની આબો હવા માફકસરની છે પણ વર્સાદમાં સરદ હવાથી બુરો તાપનો રોગ થોડો ફેલાય છે. ગર્મીમાં ૧૦૦ ડીગ્રીવેર પારો ચઢે છે. થંડી નવેંબરથી ફેબ્રુવારી વેર પડે છે. વર્સાદ ૩૦ ઇંચ પડે છે તે પણ ૧૮૭૫ માં ૧૯.૬ ઇંચ અને ૧૮૮૧ માં ૩૩ ઇંચ પડયો હતો.

આ દેશના જંગલોમાં વાઘ, ચિત્તા, રીછ, કોલ્હાં, શિયાળ, એડગર, ઓટર, વાંદરા વગેરે તહેંવાર હિંસક પ્રાણીઓ મળે છે. પક્ષીઓમાં ગીધ, ઘુવડ, ગરૂડ તહેંવાર બાજ, પોપટ, બતક, નીલકંઠ, કોયલ હંસણી. માહિગીર, સારસ, જળકુકડી, ક્રૌંચ, સ્નિપ વગેરે અનેક જાતના પક્ષી મળે છે.

આ રાજ્યમાં વસ્તી પ્રજામાં મુખ્ય વસ્તી હિંદુઓની ૨૭,૬૮, ૩૮૫ ની અને મોહમેદનો ની ૧,૬૮૩૨૦ ની છે. તે શિવાય ૧૨૨૩૦ જૈન. ૨૦૮ ખ્રિસ્તી, ૧૯૮ શીખ અને ૧,૬૭ ૫૧૬ પરદેશીઓની વસ્તી છે. રાજ્યની વાર્ષિક ઉપજ ૬૨,૦૦,૦૦૦ પૌંડની ઉપજે છે. તેમાં જમીનની મેહેસૂલ ૭,૮૩ ૮૯૦ પૌંડ ને કસ્ટમની ૧,૪૭,૦૨૦ પૌંડ, બાકીની ઉપજ જહાગીરદારો પાસથી તથા કરથી ઉપજે છે.

કેળવણી ખાતાની આ રાજ્યમાં ૯૨ નિશાળો છે, જેમાં ૨૭૮૦ વિદ્યાર્થીઓ ભણે છે. તેમજ ત્યાં ૧૬ ધનસાંરી કચેરી અને ૭૪૨૨ ફોજદારી કચેરીઓ છે. રાજ્યના લશકરમાં ૬૦૦૦ ઘોડે સ્વાર ૫૦૦૦ સીપાહો હોઇ ૪૮ તોપો છે.

ગવાલેર—મહારાજા સિંધ્યાનું મુખ્ય પાય તખત શેહેર આગ્રાની દક્ષિણે ૬૩ મૈલપર ને અલાહબાદની ઉત્તર પશ્ચિમે ૨૭૭ મૈલપર છે.

આગળ એ જૈનપંથીઓનું પુરાણું શેહેર હતું. અત્રેના પુરાણા બાંધકામોમાં (૧૪૮૬ —૧૫૧૬) ગવાલેરનો કિલ્લો એક ઉત્તમ બાંધકામનો નમુનો છે. ઉત્તર તરફના કિલ્લાની નીચેનો ભાગ ૩૪૩ ફીટ છે, આ કિલ્લો ઉત્તર પૂર્વથી દક્ષિણ પશ્ચિમ સુધી ૧½ લાંબો ને પોહળાઇમાં ૩૦૦ યાર્ડ છે.

જુના ગવાલેરને નામે ગણાતો શેહેરનો પુરાણો ભાગ હાલ હવાલ સ્થિતિમાં હોઈ ઘણી ગલીચ હાલતમાં છે. આ શેહેરમાં (૧૪૧૬–૧૫૧૬ માં માનસીંગે બાંધેલી ઇમારત જોવાજોગ છે. આ ઇમારત ૩૦૦ ફીટ લાંબી ને ૧૫૦ ફીટ પોહળી છે, અને તેના મિનારા ૧૦૦ ફીટ ઊંચા છે. આ ઇમારતમાં શહાજહાન તથા જહાંગીરે વધારો કર્યો હતો, અને તેથી તેની જૂદી જૂદી હુનરમંદી દીપેછે.

ગવાલેરનો કિલ્લો ઈ. સ. ૭૭૩ માં બાંધ્યો હતો. ૧૦૨૩ માં મહમદ ગજનીએ જીતી લીધો હતો. ૧૧૯૬ માં મહમદ ઘોરીએ જીતી લીધો હતો, પણ તે પછી મુસલમાનોના હાથમાંથી ફરી એક વખતે જાય

પાછો ૧૨૩૧ માં દિલ્લી પતિ સમશુદીન અલ્તમસને હાથ ગયો હતો. ૧૩૯૮ માં નરશીંગરાએ તૈમુરલંગની ચઢાઇનો લાભ લઈ કિલ્લો તાબે કીધો; પણ ૧૫૧૯ માં ઇબરાહિમ લોદીએ ફરી મેળવ્યો. ૧૫૨૬ માં બાબરે કિલ્લો જીત્યો પણ શિરશાહે હુમાયુનને નહસાડયાથી ૧૫૪૩ માં તેને હાથ ગયો. હુમાયુને ફરી રાજ્ય સ્થાપન કર્યા બાદ અકબરે ૧૫૫૬ માં આ કિલ્લો જીતી લીધો અને તેમાં રાજદુઆરી બંધવા રાખવાનું મથક. કીધું જ્યારે દિલ્લીના રાજ્યમાં અંધાદુંધી ચાલી તે સમયે ગોહદના રાજાએ જીતી લીધું પણ તેની પાસથી સિંધ્યાએ લીધા પછી ૧૭૮૪ માં ઇસ્તઇંડીયા કંપનીએ જીતી લીધું પણ ફરી માહાદજી સિંધાને આપવામાં આવ્યું. ૧૭૯૪ થી તે સિંધા સરકારને તાબે હતો પણ ૧૮૦૩ માં દૌલતરાવ સિંધ્યા પાસથી બ્રિટીશોએ ફરી જીતી લઇ ૧૮૦૫ માં તેમને સ્વાધિન કીધો.

ગવાલીયર શેહેરની ૧૮૮૧ માં લોકવસ્તી ૮૮,૦૬૬ ની હતી. તેમાં હિંદુઓ ૭૦૭૪૨ ને મોહમેદનો ૧૭૧૩૫ હતા. ૧૮૯૧ માં વસ્તી ૬,૦૪,૦૮૩ ની હતી. છાવણીવાલા ભાગમાં દવાખાનું, જેલ પોસ્ત આફીસ તથા કાગળ બનાવવાનું કારખાનું છે.

ગ્વેલ્ફના વંશજ—આ રાજઘરાણું ઘણું પુરાણું હોઇ તે બવ્હેરિઆના કાઉંટ વેલ્ફથી શરૂ થયું હતું, આ ઘરાણાના મહારાણી વિકટોરિયા તથા બ્રન્સવિકનો ડયુક એ હતાં. આગળ બવ્હેરિયાના ડયુકને તેમના એક પૂર્વજના નામ ઉપરથી વેલ્ફ એ નામ મલ્યું. આ કુટુંબ અતી લઢાયક હોવાથી આગળ તેમની તરફ બવ્હેરિયા અને સેકસની એમ બે પ્રાંતોનું અધિપતિ પણ હતું. તેવેળા બાદશાહોને નબળા કરવા પોપ યત્ન કરતો તેથી તેવેળા તેણે વેલ્ફ કુટુંબપર વેર લીધું. લાંબર્ડીના લોકોએ તેનો પક્ષ પકડયો. ઇટાલ્યન લોકોને W અક્ષરનો ઉચ્ચાર સરખો કરતો આવડતો ન હોવાથી વેલ્ફનો ઉચ્ચાર ગ્વેલ્ફ કરવા લાગા, ત્યારે પોપ પક્ષમાં જેઓ થયા તેમને ગ્વેલ્ફ અને પાદશાહી પક્ષને ધિબેલાઇન (વેબલિંજેન) એ નામે ઓળખવામાં આવ્યા.

ગહુલા—એક જાતની સ્વાસિક વનસ્પતિ; ઉત્તર હિંદુસ્તાનમાં એના નાહના વૃક્ષો ઉગેછે. એના બિયાં ઔષધિ ઉપયોગમાં અકસીર હોયછે. એના મૂળીયાં સુગંધી હોઈ તે 'અંગરાજ' જેવા મસાલામાં મિશ્ર કરવામાં આવેછે. સુશ્રૂત મુજબ ગહુલાને મૂત્રદોષ વગેરે દર્દ ઉપર ઉપયોગી જણાવેલોછે.

ગળવંત ગઢ—પાટણની વાયવ્ય દિશાએ આ કિલ્લો અતી ઉંચા પર્વત ઉપર બાંધવામાં આવ્યો છે. જમીનથી એની ઉંચાઇ ૧૦૦૦ ફીટની છે. કિલ્લાનો કોટ પડી ગયો છે, તેમજ દરવાજા પણ ખંડિયર સ્થિતીમાં પડેલા છે. આ કિલ્લો સહ્યાદ્રી પર્વતના એક શિખર પર બાંધેલો છે. કિલ્લાની ધશાએ એક અતિ ઉંડો ભાગી પડેલો શિખર છે, તેમજ વાયવ્ય દિશાએ કેટલાક ઉંચા તેમ અતી ઉંડા ચઢ ઉતરાણવાલા ભાગો છે. કિલ્લાના નૈરૂત્ય દિશાએ તલેટીમાં મોરગીધ નામે ગામડું છે, આ કિલ્લો કોણે બંધાવ્યો તે જણાયું નથી. આ કિલ્લો પુનાના પેશવાને તાબે હતો. પણ ૧૮૧૮માં ધંગ્રેજોએ જીતી લીધો હતો.

ગળસુનાનુ દરદ—ગરદનની બેઉ બાજુએ અને કાનની પાસે નાહના તથા કઠણ ગાંઠ થાય છે; તેને ગળસુનાનો રોગ કહે છે. આ ગાંઠ એક યા તેથી વધુ થઇ બદામ યા લીંબુ જેવડી મોટી થાય છે. પ્રથમ એનુ જોર વધી તે કોઇ વેળા ૭ દિવસમાં નરમ પડે છે. એ કોઇ વેળા ગરદનની બેઉ બાજુએ તો કોઇ વેળા એક બાજુએ થઇ સારી થતાં બીજી તરફ જાયછે. આ દર્દનો હુંમલો બગડેલા લોહિયાર માનસપર જલ્દી થાય છે. અને ઘણું કરી નબળા દર્દીપર તુરત હુંમલો કરે છે. કોઇ વેળા કાનની આસપાસ કોહવાટ થવાથી ગળસુનો થઇ આવે છે.

આ દર્દ યૂરપમાં ઘણુ જીવલેણ ગણાય છે. તે તરફ તેની પ્રથમ શરૂઆત થતી જણાતી નથી. માત્ર દર્દ લાગુ પડવા આગમજ હમેશાં સેહેજ તાવ આવે છે, બેચેની લાગે છે, સુસ્તી પેદા થાય છે, ખાવાની રૂચી નાશ પામે છે, પેટ આવી ખાંસી થાયછે, ચેહરો ફીક્કો પડી જાયછે અને અવાજ ભારી થઇ જાયછે. તેનું કારણ ગળામાં ઝીણી જેવી પતલી ચામડી આવી જાયછે તેથી એકાએક દર્દીનો ધાંટો ભારે અને ખોખરો થઇ જાયછે. ઘણી વેળા દર્દીનો દમ રૂંધાઇને તે ગુંગળાઈ જાયછે.

જ્યારથી વૈદ્યને લગતી વિદ્યાનો અભ્યાસ કૉલેજોમાં શરૂ થયો ત્યારથી આ રોગ વિશે વિશેષ માહિતી મળીછે. પણ ૧૮૨૬ના વર્ષ સુધી તે વિશેનો અભ્યાસ કરવામાં આવ્યો નહોતો. ૧૮૨૫માં એક જાણીતા વિદ્વાને ગળસુનાના દર્દ માટે ખાસ અભ્યાસ કરી એક ચોપાન્યું પ્રગટ કર્યું હતું કે "એથી દસ વર્ષની ઉમરના બાળકોને એ દર્દ ઘણું જલ્દી લાગુ પડે છે. કમ શક્તિવાલાપર વિશેષ કરીને જલ્દી હુમલો કરી જડ ઘાલે છે, પણ શક્તિવાનથી તે જલ્દી હટેછે. કેટલીક વેળા આ દર્દના પેહેલા હુમલાથીજ દર્દી મરણ પામેછે. જેમ બચ્ચું નાહનું હોય તેમ તેમાંથી બચવાની આશા ઓછી રહેછે. આ દર્દ ઠંડી અને ભિનાસવાળી જગામાં રેહનારતે વધારે હેરાન કરેછે, માટે આવા દર્દીને સુકકી ગરમ હવાવાલી જગ્યામાં રાખવો જોઇએ.

યૂરપમાં ગળસુનાનો રોગ ત્યાંની સરદ રૂતુને લીધે વધારે જોશમાં ફેલાયછે, પેરીસમાં ૧૮૮૪ના વર્ષમાં જૂદી જૂદી ઑસ્પીટલોમાં એ રોગથી ૧૪૦૦, ૧૮૮૭થી ૧૮૯૧ વેર ૯૦૦થી ૯૭૦, ૧૮૯૨થી ૯૪ સુધી ૭૩૩ અને ૧૮૯૫માં ૨૩૯ મરણો નિપજ્યાં હતાં.

આ દર્દપર લીંબુના રસમાં પાણી ભેળી નરમ પ્રકારનો રસ દર્દીને અવારનવાર પીવા આપ્યાથી ઘણો ફાયદો થાયછે. પણ આ દરદ સુધારવા માંડતા ચીરખાવા આપ્યાથી વધારે ફાયદો થાયછે પણ ચીરનો છુંદો ગળવાથી પરહેજ રહેવું કેમકે તેથી ઉલટો ગેરફાયદો થાયછે.

ઝેરી ગળસુનાના દરદથી પિડાતા દર્દીના તે શરીરના ભાગ ઉપર દસ ટકા આલકોહલીક સોલ્યુશન ઍાવ મેથૈલ દિવસમાં ત્રણ વેલા ૩ વડે ચોપાડવાથી દર્દ સારૂ થાયછે.

ગાલ્લો—અથવા ગુરવેલ યા ગરોળના વેલા હિંદુસ્તાનના ઘણાંક ભાગોમાં ઉગેછે. એ ઝાડને આસરે ઉગે છે અને જે ખડકને આસરે ઉગેછે તેને ખડકી ગળો કહેછે. ગળોની માહેલી છાલ લીલા રંગની હોયછે. એનીપર ઝીણા ફોળાના ગુચ્છા આવેછે. ગળો રોગનાશક હોવાથી ઔષધિ ઉપયોગમાં તેની અસંખ્ય રીતે યોજના કરેલી છે. એનો અરક અતી ઉપયોગી ગણાય છે.

ગાગરા—પંજાબના મૉન્ટગોમરી જીલ્લાનું તેહેસીલદારી. એનું ક્ષેત્રફળ ૧૪૯૮ ચોરસ મૈલ છે. લોક વસ્તી ૯૯,૨૦૦ ની છે તેમાં ૫૩૮૬૩ પુરૂષો ને ૪૫૩૩૭ સ્ત્રીઓ હતી. તેમાં મોહમેદન વસ્તી ૮૧,૬૦૯ ને હિંદુઓની ૧૪૫૨૭ ની છે, તે શિવાય શિખ પ્રજાની ૩૦૬૪ ની છે. આ તેહેસીલદારીનું મુખ્ય ગામ મૉન્ટ ગોમરીની ઉત્તર પૂર્વ ૩૦ મૈલ પરછે.

ગાજ—ઘણું હલકું અને ઝીણા કુમાસનું કપડું. આ કપડું મોટે ભાગે રેશમી બનેછે. ફ્રેન્ચ રેશમી ગાજ અતી શ્રેષ્ટ ગણાયછે. સૂતરાઉ ગાજના સદરીયા બનાવી પેહેરવામાં આવેછે. તેમાં પારસી બાનુઓ એનાજ સદરા પેહેરેછે તથા રેશમી ગાજની સાડીઓ પણ પહેરેછે.

ગાજર—આ કંદ જાતનું ફળછે પણ તે તદન કંદમાં ગણાતું નથી. કેમકે ગાજરને ફુલો આવી તેમાં બિયાં થાયછે. ગાજરની ત્રણ જાતોછે, એક જાતનાં ગાજર લાલ યા નારંગીયા રંગનાં થાયછે. બીજી જાતનાં પિળા ને ત્રીજી જાત જાંબુડા રંગની થાયછે. ત્રીજી જાતનાં ગાજર ઉત્તર હિંદુસ્તાનમાં પાકા

જાંબુડા રંગના થાયછે; એનો પાક મુખ્ય કરી ગુજરાત, દખણ, ઉત્તર હિંદુસ્તાનમાં થાયછે. દક્ષિણ કોંકણ યા કર્નાટકમાં તે પાકતા નથી. એ કાળી જમીનમાં ઉત્તમ જાતિનાં ઉગેછે. દિલ્લી તરફ થતા ગાજર ઉંચી જાતનાં થાયછે. દુકાળ સમયે ગરીબો ગાજર ઉપર નિર્વાહ કરેછે. ગાય બૅંશ વગેરે ઢોરોને ગાજર ખવડાવવાથી તે પુષ્ટ બનેછે અને ઘણું દુધ આપેછે. દિલ્લી તરફનું અકેક ગાજર બે રતલનું હોઇ તે જાંબુડા રંગનું હોયછે.

ગાજરની ખેતી માટે સાધારણ જમીન ચાલે છે. સપ્ટેંબર માસની આખેરીમાં એના માટે તૈઆર કરેલી જમીનમાં વાવવાં પડેછે, અને આઠ દિવસ આંતરે પાણી સીંચવું પડે છે. બિયાં વાવિયા પછી દીસેંબરમાં ગાજર વાવવા માંડે છે; ગાજરનું ઝાડ હાથ સવા હાથ ઉંચું વધે છે અને તેને વરિયાળી જેવાં બિયાં આવે છે. બીજા મૂળ કરતાં ગાજરમાં મિઠાસ વધારે હોવાથી કેટલાક વર્ષ ઉપર ઈંગલંડમાં ગાજરથી ખાંડ બનાવવાનો પ્રયત્ન ચાલુ કીધો હતો, પણ તે સિદ્ધ નહિ થવાથી તેની દારૂ બનાવવા માંડી હતી. ગાજરનાં બી ગર્ભપાત કારક છે, ઋતુ પ્રાપ્તિ માટે દેશી વૈદ્યો ગાજરના બિયાં પાણીમાં વાટી પાંચ દિવસવેર પાય છે.

ગાજરગોટો—એક જાતની વનસ્પતિ. જેમાંથી ઘણીએક જાતના અચાર બને છે. કેટલીક જાતમાંથી 'કેટસપ' નામના સાસ બનાવવામાં આવે છે અને કેટલીક તાજી ખવાય છે. ઘણીએક જાત ઝેહેરી આવે છે અને ઝેરી તથા ખાવા લાયક ગાજરગોટા ફકત અનુભવથી ઓળખી શકાય છે.

ગાજાપતિનગર—મદ્રાસ ઇલાકામાં વિજગા પટ્ટણનો એક તાલુકો. ક્ષેત્રફળ ૩૪૮ ચોરસ મૈલ છે. તેમાં ૨૪૪૩૭૧ ઘરો ને ૨૨૮ ગામડાં છે. ૧૮૮૧ માં વસ્તી ૧,૧૬,૭૭૧ની હતી. તેમાં ૫૮૭૨૭ પુરૂષો, ૫૮૦૪૪ સ્ત્રીઓ હતી. જૂદા જૂદા ધર્મવાલાઓની વસ્તીમાં ૧,૧૬૨૦૯ હિંદુ, ૫૫૬ મોહમેદન અને ૬ ખ્રિસ્તીઓ હતાં.

ગાજાપતિનગર—ઉપલા તાલુકાનું મુખ્ય શેહેર. લોક વસ્તી ૨૧૩૦ની છે, તેમાં ઘરો ૪૭૧ છે. એ તાલુકાનું મુખ્ય ગામ હોવાથી તેમાં મેજીસ્ટ્રેટ, મુનસફ વગેરેની કોર્ટો છે.

ગાંજો — જૂદી જૂદી ભાષામાં ગાંજાના નામો.

સંસ્કૃત – મરાઠી – હિંદી – બંગાલી – તામિલ – ફારસી – ઇંગ્રેજી – ગ્રીક – લેટીન

" " " " " " " " "

ગંજા–જયા, ભંગા, ભોગ સિદ્ધી ભંગિવિલાઇ. હશિશ Cannabis ઉદીફરનસ Cannabis Sativa Lin.

ભભંગા-તુલાની, સબઝી

માદિની-વિજ્યા.

ગાંજો—હિંદુસ્તાનની સઘળી ભાષામાં ગાંજાને ગાંજો કહે છે. જે હવામાં સણ પાકે છે તેજ હવામાં ગાંજો પણ ઉતપન્ન થઇ શકે છે. કાસ્પિયન સમુદ્ર, સાઈબિરિઆ અને કીરકીજનાં જંગલમાં ગાંજાના છોડ આપોઆપ ઉગે છે. તેમજ મધ્ય અને દક્ષિણ રશિઆમાં, કોકેસસ પર્વતના દક્ષિણ ભાગમાં તે આપોઆપ ઉગે છે. ચીનમાં ઇ.સ. પૂર્વે ૬ઠ્ઠી સદીમાં એનું ઝાંડ પેહલવેહલું પ્રસીદ્ધ તામાં આવ્યું. ચીનનો નીચ પ્રદેશ એનું જન્મસ્થાન હોય એવી અટકળ છે. ઇરાન, હિમાલયનો પશ્ચિમ ભાગ તથા કાશમિર આ ઠેકાણે એનાં ઝાડ જંગલી સ્થિતિમાં ઉગે છે.

ગાંજાનું 'ભાંગ' એ બીજું નામ છે. સંસ્કૃતમાં વિજયા, વજ્રમુખી' ચપલા, અરબીમાં, હશીસ, તામીલમાં ચેરૂગજવ ને સિરીયનમાં 'કાનબીર' કહે છે. આ વનસ્પતીના ગુણદોષ ૧૦૦૦ વર્ષ ઉપર રાજ નિઘંટ જેવા પુરાણા ગ્રંથમા લખેલા મળે છે.

विजया वीरपत्र च गंजाई चपला जया ॥
आनंदा च जया चैव हर्षिण वसूनामका ॥
जया कंटुकषायष्ण तिक्ता वातक फापहा ॥
संग्राहिवाक्प्रदा बम्या मेघा कहीपनीपरा ॥
राज निघंट.

અથવર્ણવેદમાં ગાંજાને ભાંગ કહેલ છે. આ નામ 'ભંગ' તોડવું, ભાંજવું આ ધાતુ ઉપરથી નીકળેલું છે. ત્યારે ગાંજામાં સમાયલું કેફી તત્વ જાણવા આગમજ એના તંતુમાંથી વસ્ત્રો બનાવવામાં આવતા હતા. તેમજ પ્રાચીન જમાનામાં જ્યારે વેદ લખાયો તે આગમજ એના તંતુમાંથી વસ્ત્રો બનાવવાની શોધ થએલી જણાય છે. તેમજ વેદમાં સોમરસ સાથે ભાંગની ગણના કરી છે. યાને 'પાપનીવારક' જે પાંચ વનસ્પતિ વેદમાં દર્શાવી છે તે પાંચમાં ભાંગની ગણના કરેલી છે. ઋગવેદમાં ગાંજાનું વર્ણન આપેલુ છે. તેમાં ભાંગ અને ગાંગસન એમ બે નામ જણાવેલાં છે. મનુનાં ગ્રંથમાં આ જાતના નારી જાતી ઝાડનું જે વર્ણન કરેલું છે તેમાં આ ઝાડની છાલના તંતુમાથી વસ્ત્રો બનાવવામાં આવે છે એમ જણાવવામાં આવ્યું છે, હાલના ગ્રંથમાં 'નારી ઝાડનું' વર્ણન આપેલું છે. તેમાં નર ઝાડમાંથી કેફી વસ્તુ નિકળે છે અને નારી ઝાડમાંથી કેફી વસ્તુ નિકળતી નથી એમ જણાવેલું છે. પણ ખરૂં જોતાં નર ઝાડમાંથી કદી ગાંજો નીકળતો નથી પણ જે નારી જાતના ખેતરમાં એક નર ઝાડ રહી ગયું તો તેથી તમામ ખેતીનો સઘળો નાશ થાય છે. સ્ત્રી જાતના ફુલમાં નરનું પૂંકેસર પડે નહિ તે માટે ખેડુતો અનુભવને આધારે પાક આગમજ નર ઝાડનો એકે એક છોડ ઉખેડી કાઢે છે. ઈ૦ સ૦ પૂર્વ ૫૦૦ માં ચીનાઓ સ્ત્રી અને પુરૂષ જાતનાં ઝાડ ઓળખવાનું જ્ઞાન ધરાવતા હતા.

મધ્ય અને દક્ષિણ રશિઆમાં આ ઝાડ જંગલી સ્થિતિમાં ઉગી શકતું નથી પણ તેને ખાસ ભાવજતથી ઉગાડવું પડે છે, તેથી તે તેનું જન્મ સ્થાન નથી એ સ્પષ્ટ જણાય છે.

હિંદમાંના બંગાલમાં અને બીજા સપાટ પ્રદેશમાં એનાં ઝાડ વર્સાદ ઋતૂમાં ઉકરડા ઉપર આપોઆપ ઉગે છે. સુવર્ણરેખા નદીને કાંઠે મીદનાપૂરની સરહદ ઉપરના મોહુરભંગ સંસ્થાનમાં અને સિંગહમ પ્રાંતમાં એના ઝાડ આપોઆપ ઉગે છે. એના ઝાડમાંથી રાળ જેવો પદાર્થ, ગાંજા નામે કેફી પદાર્થ, તંતૂમાંથી વસ્ત્રો બને છે. તેથી તેની ખેતી આખા હિંદમાં કરવામાં આવે છે.

એનાં પાકાં બિયામાંથી તેલ કાઢવામાં આવે છે અને તેથી બંગાલનો પૂર્વ ભાગ મધ્યપ્રાંત અને મુંબઈ ઈલાકામાં એની ખેતી કરવામાં આવેછે. નેપાલ, કાશમિર, લધાકા અને અફઘાનિસ્તાન પ્રાંતમાં ગાંજાના ઝાડમાંથી 'ચરસ' નામની રાળ કાઢવામાં આવે છે.

વાયવ્ય પ્રાંતમાં મદ્રાસ, અને પંજાબમાં જંગલી ગાંજાના ઝાડમાંથી ગાંજો બને છે.

યૂરપમાં મધ્ય અને દક્ષિણ પ્રાંતમાં ગાંજાની ખેતી કરવામાં આવે છે; પણ ત્યાં તેમાંથી કેફી પદાર્થ બનાવવામાં આવતો નથી. ત્યાં માત્ર તેના તંતૂમાંથી સૂતર કાઢે છે તેમજ બિયાંનુ તેલ કાઢે છે.

આ બેઉ દેશમાં એશિઆ અને યૂરપના ગાંજાના ઝાડ જૂદી જૂદી જાતનાં છે એમ આગળ સમજ હતી, પણ હાલ ખાતરી ભરેલી રીતે જાહેર થએલું છે કે બેઉ દેશનાં ઝાડ ખાશીઅત અને ગુણમાં તદ્દન મળતા છે.

માત્ર હવામાનથી વનસ્પતિના ગુણ, ધર્મમાં ફેરફાર થાય છે, તે નીચલી વિગત ઉપરથી જણાશે. ઉત્તર હિંદના પહાડી પ્રદેશમાં જે ગાંજાના ઝાડ ઉગે છે તેમાંથી લાંબા તંતૂ નિકળે છે, તેથી ત્યાંના લોકો તેનાં દોરડાં તેમજ કપડાં વણે છે. કાશમિર તથા લધાકા પ્રાંતનાં ઝાડપર ફુલો આવી તે પાકપર ચઢવાના સુમારમાં તેની છાલ પર ચીરા પાડી તેમાંથી રસ બહાર પડે છે તેને 'ચરસ રાળ' કહે છે. આ રસ કુમળા ફુલપાન વટીક ઉપર એકઠો થાય છે; અને તેને ઘણો ઘસ-

વાથી તેમાંથી કેફ ઉત્પન્ન થાય છે. આજ ઝાડ જો સપાટ પ્રદેશમાં ઉત્પન્ન થાયછે ત્યારે તેમાંથી ઉપર જણાવેલો રસ નિકળતો નથી, પણ સ્ત્રી ફુલ તથા ડાંખળીઓમાંથી કેફી પદાર્થ નિકળેછે અને તેનેજ ગાંજો કહેછે.

ગાંજાનાં ઝાડમાં નર અને માદા એવી બે જાતો છે. સ્ત્રી જાતના ઝાડમાંથી ગાંજો નિકળે છે તેથી ખેડુતો ખેતરમાંના નર ઝાડ ઉખેડી કાઢે છે. હિંદના કેટલાક ગાંજાના ઝાડપર ફુલો આવી ફળો આવી તે પાકાં થાય ત્યાંવેર તેમાં કેફી તત્વ આવતું નથી પણ ફળ પાકાં થવાની સ્થિતિમાં હોય ત્યારે પાંદડા યા ફળમાંથી ભાંગ મળેછે.

ગાંજાના ઝાડની ખેતી આખા ઈરાનમાં કરવામાં આવેછે, તેમજ સમુદ્ર સપાટીથી તે હિંદના દસ હજાર ફીટ ઉંચા પ્રદેશની જમીનમાં, ચીન તથા અર્બસ્તાન વગેરે દેશમાં તે અતિ જોરથી ઉગેછે. અમેરિકાના ઈશાન્ય તરફના પ્રદેશમાં તથા બ્રાઝિલ દેશના સપાટ મેદાનમાં પણ તે ઉગે છે. ઉત્તર ભણી રશિઆમાં, એટલે આર્ચિંગાલ સુધી એનાં ઝાડ જણાયલાંછે. પ્રાચીન સિથિઅન લોકોને આ વનસ્પતિનો કેફી ગુણ જાણીતો હતો, તેમજ તેઓ તેના તંતૂમાંથી વસ્ત્રો બનાવવાનું જાણતા હતા. હિરાડોટસના જણાવ્યા મુજબ સિથિયનો ગાંજાની ચીલમ પીતા હતા.

મહાન કવિ હોમરે પોતાના કાવ્યમાં જણાવ્યા મુજબ ઈજીપશિઅન થિબસની એક સ્ત્રીએ 'નેપીનેથસ' નામે એક વનસ્પતિ આપી હતી; આ વનસ્પતિને હાલ ઈંગ્રેજીમાં 'પીચર ફ્લયાંટ' કહેછે, તે વડે તેણીએ ટેલીમેકસ'ને તેનો રસ પાઇ તેનું દુઃખ વિસરાવ્યું હતું. તેમજ થિબસના આ વનસ્પતિનાં કેફી ગુણ જાણીતા હોવાથી ઉદાસી દુર કરવા ત્યાંના લોકો તે વાપરતા હતા. આગલા ઇસલામી વિદ્વાનો વટીક એના ગુણથી જાણીતા હોવાથી તે પોતાનાં ઉપયોગમાં લેતા હતા. શેખ-જાફર શિરાજી નામનો 'હૈદરીપંથ'નો એક અવલીયા હતો તેણે પોતાના ઉસ્તાદ પાસેથી એની સમજ મેલવી હતી. એમ હસન નામના વિદ્વાનના એક ગ્રંથમાં (હિ. સ. ૬૫૮) લખેલુંછે.

હિંદુસ્તાનનાં લોકો ભાંગ પીયેછે એમ ઇ. સ. ૧૫૬૩ માં 'ગારસિયા ડીઆર્ટ' જોઇ લખાણ કર્યુંછે. મલબાર કિનારા ઉપરના લોકો ભાંગ પીયેછે, એમ મી૦ હિંડે જોઇ તે વનસ્પતિકોશમાં તેનો ગુણ, ધર્મ વર્ણેલાંછે. નેપોલ્યને મિસરપર ચઢાઈ કરી ત્યારથી યૂરપીયનોને ગાંજાના ગુણ વિશે વધારે સમજ મળી એમ ઇ. સ. ૧૮૦૯—૧૮૧૦ માં વિદ્વાન ડિલાક તથા રોજર પોતાનાં ગ્રંથમાં લખેછે. ૧૮૩૮—૩૯માં 'ઓશાગણેશી' નામે વિદ્વાને કલકત્તામાં ગાંજાનો ઔષધિક્રિયામાં ગુણ કેટલો છે તેનો શોધ કરી તેનાં ગુણ યૂરપમાં જણીતા કીધાં, ત્યારથી તે ઇંગ્રેજી દવાઓમાં પણ વપરાયછે.

હિરાડોટસ(ઇ.સ. પૂર્વે ૪૮૪)ના જણાવવા મુજબ સિથિયન પ્રજા ગાંજાનો ઉપયોગ જાણતી હતી. ગાલ દેશના રાજા 'હેરો'એ ગાંજાના ઝાડના તંતુના દોરડાં પોતાના વાહાણનાં ઉપયોગ માટે ખરીદ કીધાં હતાં. લુસિલીયન નામે એક રોમન ગ્રંથકાર ઇ. સ. પુર્વે૧૦૦માં થઇ ગયો તેણે ગાંજા વિષે પોતાના ગ્રંથમાં વર્ણન કરેલું છે. ઇજીપ્તમાં ૧૮મી સદીવેર ગાંજાની ખેતી કેફી પીણા માટે કરવામાં આવતી હતી. સિથિયન પ્રજા રશિઆ તથા મધ્ય એશિઆ તરફથી ઇ.સ. પુર્વે પશ્ચિમ ભણી ગઇ તે વેળા તેઓએ આ વનસ્પતિ પોતાની સાથે લીધી હશે એમ મી૦ મલ્હારાવ મૂળે જણાવે છે. વળી એજ લેખક મુજબ "આર્ય પ્રજાનો એક ટોળો થ્રેસ તથા પશ્ચિમ યૂરપ ભણી ગયો તે વેળા તેઓ ગાંજો પોતાની સાથે લઇ ગયા હતા."

મી૦ મુળેના જણાવ્યા મુજબ "આરબી તથા ફારસી ભાષામાં ગાંજાને અનુક્રમે 'ભેંજ અને ભેંગ' નામ આપેલું છે. આ નામ સંસ્કૃત 'ભંગા' નામનું અપભ્રંશ છે, એ ખુલ્લું છે. આરબી ભાષામાં ગાંજાનું વેહવારિક

નામ કિનાભ યાને કેનાબ એ છે. આ નામ ગ્રીક અને લૅટીન શબ્દ ઉપરથી નિકળેલો છે. ગ્રીક તથા લૅટીન ભાષામાં ગાંજાને 'કયા નિબસ' નામ છે, અને આ નામ ઉપરથી 'કયાનબ્હસ' એ આ કાપડનું નામ છે. આ મુજબ હશિસ એ નામ એક લીલા રંગની જલદદારનું અરબીક ભાષામાં નામ છે, અને એનેજ મળતું હિબ્રૂ ભાષામાં 'શેશ' એ નામ છે. આ નામ (શેશ) જવ ઉપરથી પડેલું હોય એમ કેટલાકો માને છે, પણ શેશનો અર્થ આનંદ પમાડવો એવો થાયછે. આનન્દ પમાડવા જેવો ગુણ જવમાં નથી, પણ આ ગુણ ગાંજાને અગે છે. ત્યારે શેશ આ નામ ગાંજાનું હોય એમ જણાય છે. આ 'હશીસ' પીનારાને 'હશાશીબ' કહે છે યાને ભંગ ગુટનાર. ઈંગ્રેજી શબ્દ Assassin આ શબ્દની ઉત્પતિ 'હશાશીન' આ અરબીક શબ્દ ઉપરથી થઈ છે. કોઇપણ ... કામ કરતી વેળા ખુનીઓ 'હશીશ' પીતા હતા, તે ઉપરથી હશાશિબ અને—Assassin એનો સંબંધ છે એમ મી० સિલવ્હેંસ્ટ ડિસાસી' નામે ભાષાશાસ્ત્રી જણાવે છે. પેહેલે આ શબ્દ સિરિયામાં વપરાતો હતો અને આ શબ્દ ક્રુઝેડના યૂદ્ધ પ્રસંગ ઉપર જાણીતો થયો એમ કેટલાક તવારીખ નવેશો જણાવે છે. સારાસીન લોકોના લશકરે 'હશીશ' પી ખ્રસ્તીઓપર તુટી પડી તેમનો પરાજય કીધો હતો એમ ઇતિહાસમાં વર્ણન મળે છે.

ગાંજાની ખેતી બે પ્રકારે થાય છે. એટલે એક કેફી પદાર્થ થકી અને બીજું સુતર કાઢવા માટે. હિંદના સપાટ મેદાનમાં થનાર ગાંજામાંથી કેફી વસ્તૂ વધારે નિકળે છે, પણ તેમાંથી ઉત્તમ પ્રકારનાં તંતૂ નિકળતા નથી. ઉષ્ણ હવામાં સુતર સારૂં કાઢવા માટે ઉત્તમ પ્રકારની જમીન પસંદ કરી તેની ઉત્તમ પ્રકારે માવજત કરવી પડે છે. એનાં ઝાડ હિંદમાં ગમે ત્યાં ઉગી શકી તેમાંથી સુતર નિકળે છે એમ લોકોને સાધારણ સમજ છે. પણ ખરૂં જોતાં સિંધમાં ગાંજો સારો પાકે છે. અને જો સુતર કાંઢવું હોય તો તેજ પ્રદેશમાં થતાં ઝાડમાંથી કાઢી શકાશે. સપાટ મેદાનમાં વાવેલા ઝાડમાંથી કેફી પદાર્થ વિશેષ મળે છે પણ સુતર તેમ ઓછું મળે છે. હિમાલયની આસપાસ અને કાશમિરમાં ગાંજાના ઝાડ ૧૦ થી ૧૨ ફીટ ઉંચા વધે છે, અને સમુદ્રની સપાટીથી ૬૦૦૦ થી ૧૦૦૦૦ ફીટ સુધીના પ્રદેશમાં એના ઝાડ અતી જોર સાથે વધી શકે છે.

ગાંજાના છોડપર લીલા રંગના ફુલના તૂરા આવે છે ને તેનાં ફૂલો અતિ સૂક્ષમ હોઈ તે નાહનાં બિયાં જેવાં દેખાયછે, અને તેની-પર પુષ્પ કલીકાનું બહારનું પડ ચોંટેલું હોય છે, એની ઘણું કરી બે જાતી છે, એક પર પુરૂષ ને બીજા પર સ્ત્રી જાતીનાં ફુલો આવે છે. એનાં પાંદડા પહાડી લોકો સુકવી તેને તંબાકુ સાથે ભેળી ચીલમ પિયેછે, એ અતિ કેફી વસ્તુ છે અને તેથી મનુષ્ય ભાન ભુલો બનેછે, એનાં સાધારણ ગુણ આનંદ વૃતિ, હાસ્ય, મનની ચંચળાઇ વધવી એ છે. એશિઆ ખંડમાં એના ફુલમાંથી નિકળતો સત્વ (Resin) જો ખાવામાં આવે તો હાથ પગ જેવી સ્થિતિમાં હોય તેમજ રહી જાયછે, આ સ્થિતિને ઈંગ્રેજીમાં Catalepsy કહેછે. ગાંજો વધારે પીધાથી કદી મરણ નિપજેલું જણાયું નથી.

ગાંજાના બિયાંનું તેલ ફીકું રંગીન હોય છે, આ બિયાંમાં તેલનું સેંકડે પ્રમાણ ૨૫ થી ૩૪ ટકા હોયછે. આ તેલ પેહેલાં લીલા રંગનું અથવા લાલપિળા રંગનું હોયછે પણ તેને હવા લાગતાં તેનો મેલો રંગ બનેછે. યૂરપના પૂર્વ અને ઉત્તર ભાગમાં એનું વારનિશ બનાવવામાં આવેછે. રશિઆમાં આ તેલ બાળવાના ઉપયોગમાં લેછે, તેમજ ત્યાં નરમ પ્રકારનો સાબુ એનાજ તેલમાંથી બનાવેછે, ઔષધી ઉપયોગમાં ગાંજાની ગણના થઇ છે, મુળવ્યાધી ઉપર ભાંગ અને ઢોરના શિંગડાની ધુણિ આપેછે, અત્તેસાર ઉપર ગાંજાનું ચુર્ણ ગોળમાં અથવા

સાકરમાં ખવાડવામાં આવેછે, શ્વાસ ઉપર ગાંજાની રાખ મધમાં આપે છે, તેમજ ચોથીયા તાપ ઉપર ગોળમાં ભાંગ મેળવી બોર જેવી ગોળીઓ બનાવી તે તાપ આવવા આગમજ આપ્યાથી તાપ આવતો નથી.

ગાઝા—આ નામનું એક શેહેર ફેલીસ્તા પ્રન્તનું પ્રાચીન કાળમાં ભૂમધ્ય સમુદ્રને કાંઠે જેરૂસલેમની નૈઋત્ય દિશાએ ૫૦ મૈલપર હતું. દુનિયાં માંહેલા સઘળાં શેહેરોમાં આ શેહેર ઘણું પ્રાચીનત્વ ધરાવેછે. અત્રે 'હામા' ની સંતતી અને 'આનાકી' પ્રજા વસેછે. ઈસ્રાએલોનો ન્યાયાધિશ 'શમશોં'એ આ શેહેરમાં મોટી કીર્તિ મેળવી હતી. આ શમશોન મોટો મલ્લ હોઇ તેણે પેલીસ્ત પ્રજાને પોતાના બળથી તાબે કીધી હતી. હાલમાં પણ આ ગાઝા શેહેરમાં શમશોનની દંતકથા ચાલુ છે, ખ્રિસ્તી મુસાફરોને હાલમાં બતાવવામાં આવતા થાંભલા તથા દરવાજા શમશોને પોતાની અતિ શક્તિ બળે ઉંચકી આણેલા હતા. હાલમાં આ શેહેર પડતી હાલતમાં છે. ત્યાં માત્ર ૧૮૦૦ની લોક વસ્તી છે. આ શેહેરમાં ડેગન દેવતાનું (ડેગન શબ્દ ડેગ આ સેમેટિક શબ્દ ઉપરથી બન્યોછે. ડેગ એટલે માછલી) દેવાલય હતું. આ દેવતા હિંદુઓના મત્સ્ય અવતાર સ્વરૂપ દેવતા જેવો છે. આ ડેગનું દેવાલય શમશોને પોતાના બળથી તોડી પાડ્યું હતું. જેના ખંડીયર હાલમાં પણ મુસાફરોને નજરે પડેછે.

ગાઝીઉદ્દીન હૈદર—નવાબ સાદત્તઅલીખાનના ૧૦ બેટાઓમાંનો વડો. શાહાબ્દો. પિતાના મરણ પછી ઇ. સ. ૧૮૧૪ માં ૧૧ જુલૈએ નવાબ વજીર તરીકે રાજ્યમાં જાહેર થયો અને બ્રિટીશ સરકારની સંમતિથી લખનૌ ખાતે રાજ્ય સનપર ઇ. સ. ૧૮૧૯ માં ૯ મી અકટોબરે બેઠો. તે વેળા એણે "અબુલ મુઝફ્ફર મયઝઉદ્દીન શાહ ઝમાનખાન ગાઝીઉદ્દીન હૈદર પાદશાહ "નો ઐલકાબ ધારણ કીધો. જ્યારે તખ્તની પેહેલી પગથી-ચર એણે પગ મેલ્યો ત્યારે વજીરે એક ઉત્તમ ભાષણ કરી અમુલ્ય હીરાજડીત તાજ પાદશાહને માથે મેલ્યું અને પછી રેસીડંટે મુબારકબાદી આપી, ઔદના પાદશાહ તરીકે જાહેર કીધો. આ વેળા ૩૦,૦૦૦ રૂપ્યાની કિંમતનાં હીરા માણેક તથા મુનું જોનારાઓનાં માથાપરથી વેર્યા હતા કે, જેમાંના કેટલાક કિમતી નંગો ત્યાં હાજર રહેલા યૂરપીયન બાનુઓએ ચુંટી લીધાં હતા. એ ૧૩ વર્ષ રાજ્ય અમલ ભોગવી ઇ. સ. ૧૮૨૭ માં ૧૯ મી અકટોંબરે મરણ પામ્યો મરણ સમયે એની વય ૫૮ વર્ષની હતી. એના પછી એનો બેટો સુલેમાનજાહ નાસરૂદ્દીન હયદર ગાદીનશીન થયો.

ગાઝીઆબાદ—મીરત જીલ્લાનું આ તેહેસીલ દારી જમના નદીને કાંઠે છે. ક્ષેત્રફળ ૪૯૪ ચૌ. મૈલછે. તેમાંનો ૩૫૩ ચૌ. મૈ. ખેતીવાડીથી રોકાયલો છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૨,૨૪-૮૧૫ ની હતી, તેમાં ૧,૩૧,૪૦૦ પુરૂષો ને ૧,૧૩,૪૧૫ સ્ત્રીઓ હતી. તેમાં ૧,૯૦૬૭૦ હિંદુ ને ૫૩૬૨૮ મોહમેદનો, ૨૫૬ જૈન તથા ૨૬૧ પરકોમના હતા. વાર્ષિક જમીનમેહેસુલ ૩૯૫૩૨પૌંડની ઉપજે છે. સરકારી કુલે મેહેસુલ ૪૩,૦૮૯ પૌંડનું ઉપજે છે.

ગાઝીઆબાદ—ઉપલાનું મુખ્ય શેહેર મીરતની દક્ષિણ પશ્ચિમે ૨૮ મૈલ ઉપર છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૧૨,૦૫૯ ની હતી, તેમાં ૮,૨૯૩ હિંદુ, ૩૫૯૨ મુસલમાન, ૩૭ જૈન અને ૧૩૦ ખ્રિસ્તીઓ હતા. શેહેરનું ક્ષેત્રફળ ૧૦૨ એકર છે. હાલમાં આ ગામ દિલ્લી, સિંધ અને પંજાબ રેલ્વેનું જંકશન હોવાથી ઘણું સુધરી ગયું છે, આ ગામ દખણના રાજ્ય કર્તા સલાબતજંગના ભાઇ વજીર ગાઝીઉદ્દીને ઇ. સ. ૧૭૪૦ માં સ્થાપ્યું હતું, તે વેળા આ શેહેરનું નામ ગાઝીઉદ્દીન નગર હતું પણ તેનું સંક્ષેપ ગાઝીઆબાદ ચાલુ પ્રચારમાં છે, ૧૮૫૭ માં દિલ્લી તરફ જતા બળવાખોરોને અત્રેની એક નાહની તુકડીએ હરાવ્યા હતા. અત્રે એક ચામડાનું કારખાનું છે.

ગાઝીપુર—વાયવ્ય પ્રાંતને લગતો આ એક જીલ્લો બનારસના ભાગમાં સમાય છે. એની ઉત્તરે અઝમગર, પશ્ચિમે બનારસ ને જોન પુર, દક્ષિણે શાહાબાદ અને પૂર્વે બાલિયા, ક્ષેત્રફળ ૧૪૭૩ ચૌરસ મૈલ છે, ૧૮૮૧ મુજબ લોક વસ્તી ૧૦,૧૪૦૬૯ ની હતી, ૧૮૫૩ માં લોક વસ્તી ૧૫,૬૬૩૨૪ ની, ૧૮૬૫ માં ૧૩,૪૨૪૫૫ ની, ૧૮૭૨ માં ફરી વધીને ૧૩,૪૫,૫૭૦ ની હતી, ૧૮૫૩ ની ગણત્રી મુજબ દર ચૌરસ મૈલે ૭૩૨ માનસો, ૧૮૬૫ માં દર ચૌરસ મૈલે ૬૦૪ માનસોની, ૧૮૭૨ માં ૬૨૧ ને ૧૮૮૧ માં ૬૮૮ માનસોની રાસ આવી હતી, ૧૮૮૧ માં ગાઝીપુરને તાબે ૨૬૦૬ ગામો હતાં, તેમાં ૧,૬૬,૭૮૯ ઘરો હતો, એકંદર લોક વસ્તી ૫,૦૭,૧૧૭ પુરૂષો, ૫,૦૬,૯૮૨ સ્ત્રીઓ હતી, તેમાં ૯,૧૩૭૬૪ હિંદુ ને ૯૯૬૭૮ મોહમેદનો હતા.

આ જીલ્લામાં ગોમતી, ગંગા, સરયુ અને મંગી નદીઓ વહેછે, પેહેલી ત્રણ બારેમાસ પાણી પુરૂં પાડેછે, જીલ્લાનું મુખ્ય ગાઝીપુર શેહેર ઈ. સ. પૂર્વે ૫૫૦ માં શાક્યા મૂનિના વખતનું હસ્તી ધરાવેછે અને તેથી આ ભુમિપર અસંખ્ય ફેરફારો થએલાં છે, બુદ્ધના સમયમાં થઇ ગએલા અશોકે અત્રે 'સ્તુપ' ઉભો કીધો હતો, ઇસવી સનની ચોથી સદીથી ૭ મી સદીવેર ગુપ્ત વંશના મગધ રાજાઓની અત્રે સત્તા હતી. ઇ. સ. ૬૩૦ માં ચીનાઇ મુસાફર હ્યુએનથસાંગ અત્રે આવ્યો હતો ત્યારે તેણે બુદ્ધિષ્ટો સાથે બીજી પ્રજાને પણ વસતાં દીઠી હતી, અને તે વખતે એનું નામ 'ગાધીપુર' હતું પણ ૧૪ મી સદીમાં મુસલમાન સત્તા સ્થાપન થતાં એનું 'ગાધીપુરનું' ગાઝીપુર બન્યું. ઇ. સ. ૧૧૯૩ માં કુતબુદીને જયચંદ રાથોર તથા પૃથુરાજને હરાવી તમામ હિંદુસ્તાનપર સત્તા સ્થાપવાનો પાયો નાખ્યો હતો, ત્યારે તેને તાબે બંગાલ પણ આવ્યું હતું, પણ ઈ. સ. ૧૩૩૦ પછી ગાઝીપુરને હાલના સ્વરૂપમાં લાવનાર મસુદી નામના સૈયદ સરદારોને માન ઘટેછે, આ સૈયદને સુલતાનમહમદ તઘલખે ગાઝીનો ખેતાબ એનાયત કર્યો હતો, અને તેથી તેણે આ શેહેરને સુધારી ગાઝીપૂર નામ આપ્યું. ૧૩૯૪ થી ૧૪૭૬ વેર જોનપુરના 'સરકીવંશ' ની સત્તા તળે હતું. તે પછી લોદી ઘરાણાએ એક સદીવેર એનીપર સત્તા ભોગવી. તે પછી ૧૫૨૬ માં બાબરની ચઢતી થતાં મોગલોને તાબે આવ્યું; પણ તે પછી હુમાયુનને શીરશાહે ૮રાન નહસાડયા પછી ગાઝીપૂરમાં શીરશાહે ૨૦ વર્ષ સુધી ગાદી ભોગવી હતી, ૧૫૬૬ પછી મોગલ રાજ્યને તાબે આવ્યું, અને તે પછી ઔદના નવાબની ચડતીમાં અઢારમી સદીની શરૂઆત વેર હતું. તે પછી થોડાક ફેરફારો પછી ઇ. સ. ૧૭૮૧ થી તે બ્રિટિશોને તાબે આવ્યું. ૧૮૦૫ માં અત્રે લોર્ડ કૉર્નવાલ મરણ પામ્યો તેની કબર બાંધેલી છે.

ગાઝીપૂર—એજ જીલ્લાનું તેહેસીલદારી. ગંગા નદીના ઉત્તર કિનારાપર છે. ક્ષેત્રફળ ૪૪૦ ચૌરસ મૈલ છે. તેમાં ૨૬૪ ચૌરસ મૈલ ખેતીવાડીથી ભરપૂર છે, ૭૩ ચૌરસ મૈલ ખેડી શકાય તેવો ભાગ છે અને ૧૦૩ ચૌ. મૈલ તદન નાપીક જમીનનો ભાગ છે. ૧૮૮૧ માં લોકવસ્તી ૩,૩૨,૪૦૮ ની હતી, તેમાં ૧,૬૪,૭૫૧ પુરૂષો ને ૧,૬૩,૬૫૭ સ્ત્રીઓ હતી. તેમાં ૨,૬૯, ૭૭૦ હિંદુ ને ૩૨,૨૪૪ મોહમેદનો. જમીનનુ મેહેસુલ દર વર્ષે ૩૨૧૧૮ પૌંડનું ઉપજે છે, સરકારી કુલે ઉપજ ૩૫૬૦૪ પૌંડની છે.

ગાઝીપૂર—એજ જીલ્લાનું મુખ્ય શેહેર બનારસની ઉત્તર પૂર્વે ૪૪ મૈલપર ગંગા નદીને કાંઠે છે; પ્રાચીન કાળમાં એને 'ગર્જપપુર' કહેતા હતા. હ્યુએનથસાંગ' નામના ચીનાઇ મુસાફર મુજબ તેણે કાશી (વારાણાશી) છોડયા પછી તે પૂર્વ ભણી જતો હતો ત્યારે તેને ૫૦ મૈલપર આ નગર મલ્યું હતું. તેણે આ શેહેરને 'ચેંચ્યૂ' (Chenchu) એમ નામ આપ્યું. ચીનાઇ ભાષામાં 'ચેંચ્યૂ' નો અર્થ

યૂદ્ધ પતિ, યૂધ્ધ શ્રેષ્ઠ, યૂદ્ધ નાયક એવો થતો હોવાથી 'ગર્જપપૂર આ શબ્દનો અર્થ શૂરાતમ દર્શક હોય એમ હ્યુએનને જણાયાથી તેણે ચેંચ્યૂ' નામ પોતાની ભાષામાં આપ્યું હતું. આ શેહેરનું હાલનું નામ પ્રાચીન નામનું અપભ્રંશ હોય એમ જણાય છે. ગર્જપુર=ગજપુર=ગજપુર અથવા ગાઝીપૂર આ ગાઝીપુર નામ ઉપર જણાવ્યું તેમ મુસલમાની પડયું હતું.

આ શેહેરમાં લોક વસ્તી ૩૨૮૮૫ ની છે તેમાં ૧૫,૯૬૧ પુરૂષો, ૧૬૯૨૪ સ્ત્રીઓ છે. હિંદુકોમની વસ્તી ૨૧૮૨૪ ને મુસલમાનો, ૧૧૦૪૭ ની છે. શેહેરથી બે મૈલ ઉપર ગંગા નદી વહે છે અને તે કેકાણે તેની ઉત્તર દક્ષિણ પોહળાઇ ⅔ મૈલ ની છે.

અત્રે ઔદના હાકેમ શાહ અબદુલ્લાએ ૪૦ થાંબલાનો (ચેહેલ મિનાર) એક મેહેલ બાંધ્યો હતો, જેનું હાલમાં ખંડીયર નજરે પડેછે. અત્રે મસુદી, અબદુલ્લા અને ફઝલઅલીની દરગાહોછે. મુખ્ય વેપાર ખાંડ, તંબાકુ, બનાવટી કપડું અને ગુલાબના અત્તરનાં કારખાનાં છે. અત્રે સરકારી અફીણખાતાનું મુખ્ય મથક છે, અને ત્યાંના કારખાનામાં ઉત્તર પશ્ચિમ પ્રાંતમાંનું સર્વે અફીણ એકઠું કરી તેમાં ભેળ કરી તે વેચવા લાયક બનાવવામાં આવેછે. શેહેરમાં બે દેશી અડવાડીક વર્તમાન પત્રો પ્રગટ થાયછે.

ગાઝીપૂર—ફતેહપૂર જીલ્લાનું મધ્ય દક્ષિણ તરફનું તેહેસીલદારી. આ તેહેસીલદારી જમનાના ઉત્તર ભાગમાં છે, અને તેમાં અયાશાહ, ગાઝીપૂર અને ભિરત પ્રગણાઓ સમાય છે. ક્ષેત્રફળ ૨૮૨ ચૌરસ મૈલ છે. તેમાં ૧૫૮ એકર જમીન ખેતીવાડીથી રોકાયલી છે, ને ૬૧ એકર ખેડવા લાયકની છે. વાર્ષિક જમીનનું મેહેસુલ ૧૯૬૨૩ પૌંડનું ઉપજેછે, સરકારી કુલે મેહેસુલ ૨૩૦૬૯ પૌંડનું ઉપજે છે.

ગાડર—એક જાતનાં વનસ્પતિ તથા તેના બી, એનો છોડ તુળશીનાં છોડ જેવો અને બી ગોખરૂ જેવાં ને લાંબા થાયછે. એના બિયાંને વેહેમી લોકો મંત્રીને આધાશિશ મટાડવા 'કાનની કડી'માં નાખેછે.

ગાડલી—આકાશમાં જે ૬ તારાનો ઝુમકો ગાડીના આકારે હોયછે તેને ગાડલી કહે છે. એના માટે જણાવવામાં આવેછે કે રોહિણી નક્ષત્ર, તે ચૈત્ર શુદ પાંચમીની રાત્રીએ પશ્ચિમ ભણી મોહ કરીને જુવે તો તેની હકીકત નીચે મુજબ દર્શાવી છે.

'ચંદ્રમાં રોહિણીની વાંસે હોય તો સુકાળ, રૂ સસ્તો થાય. ચંદ્રમાં આગળ હોય તો અનાજ મોધું થાય, ચંદ્રમાં ડાબી તરફ હોય તો દુકાળ પડે, ચંદ્રમાં જમણી તરફ હોય તો સુકાળ થાય. વળી ઝુમખો (સપ્ત ઋષિ) ગાડલીની વાંસે હોય તો અનાજ મોધું ને જમણી તરફ હેઠળ હોય તો અનાજ સસ્તું થાય.

ગાડી—ગાડી બનાવવાની શોધ થવા આગમજ ઘોડેસ્વારીનો ચાલ દુન્યામાં ચાલુ હતો. હિંદુઓના પ્રાચીન ગ્રંથ ઋગવેદ મુજબ પ્રાચીન આર્ય જમાનામાં ઘોડા જોડેલા રથો (ગાડી) વપરાતા હતા. ૪ ઘોડાનો રથ (ગાડી) સર્વોપરી ગણાતો હતો. તે વેળાની ગાડીમાં સારથી (કોચમૅન)ને બેસવાની ખાસ જગ્યા રાખતા હતા. તે વેળા [1*] બે ઘોડા જોડેલા રથ, ત્રણ ઘોડા જોડેલા રથ, એવા અને ત્રીકોણાકાર રથ પણ વપરાતા હતા, [2*] તેમજ ત્રણ જણાઓની જગાવાલા, ત્રણ પૈડાં અને ત્રણ ધાતુવાલા રથ વપરાતા હતા. [3*] વળી સુન્નાથી મઢેલા યૂદ્ધ રથની બનાવટ વિષેનું વર્ણન પણ એજ પ્રાચીન ગ્રંથમાંથી મળે છે.

ઈ. સ. પૂર્વે ૧૪૮૬ માં અથેન્સના પાદશાહ ઝેરકટોરીઅસે પેહેલી ગાડી બનાવી હતી એવી નોંધ મળે છે. રોમના ગરક ગએલા શેહેર

૧* ઋગવેદનું ૧ મંડળ, ૪ સુક્ત ને ૨ મંત્ર મુજબ.

૨* ઋગવેદનું ૧ લું મંડળ, ૧૮૨ સુક્ત અને ૧ મંત્ર.

૩* ઋગવેદ, ૫ મંડળ, ૬૩ સુક્ત ને ૫ મું મંત્ર.

'હરકુલેનીઅમનું' બોદકામ કરતાં તેમાંથી ગાડીઓ મળી હતી તેથી ૧૯૦૦ વર્ષ ઉપર રોમમાં ગાડીઓ ફરતી હતી એમ જણાય છે.

ગ્રીક પ્રજામાં આગળ 'ઓલંપિક' ખેળ ત્રણ વર્ષ આંતરે થતો હતો તે વેળા ગાડીઓની ખાસ સરતો રમાતી હતી. રોમનો ૧ થી ત્રણ યા ચાર ઘોડાની ગાડીઓમાં આગળ બેસતા હતા. હિરાડોટસ મુજબ સિથિયન પ્રજામાં એક ગાડી એવી બનાવટની બનાવવામાં આવતી હતી કે તેનું છાપરું ઘણી વેળા તંબુની ગરજ સારી શકતું અને તે ગમે ત્યારે ઉચકમુક થઇ શકે તેવી રીતે ગાડી-પર જડી લેતા.

ઇ. સ. ૧૨૮૦ માં ચાર્લસ ઓવ એન્જુ જ્યારે નેપલ્સમાં દાખલ થયો ત્યારે એક "ડૉકકાર્ડમાં" પોતાની રાણી સાથે બેશી ફર્યો હતો એવી નોંધ મળેછે. હાલના ઢબની ગાડી પ્રથમ જર્મનીનાં હંગેરીમાં બનાવવામાં આવી હતી. આ ગાડી પ્રથમ 'મેથાએસ સર્વિનસ' નામના પાદશાહ માટે બનાવવામાં આવી હતી.

ઇ. સ. ૧૨૯૪ નાં સાલમાં ફ્રાન્સના પાદશાહે એવું હોકમનામું બહાર પાડયું હતું કે શેહેરના રહેવાશીઓની સ્ત્રીઓએ ગાડીમાં બેસવું નહિ; તે ઉપરથી જણાયછે કે ફ્રાન્સમાં તેની ઘણું આગમનથી ગાડી ચાલુ વેહેવારમાં હતી પણ સ્ત્રીઓને બેસવાની મનાઇ ૧૨૯૪ માં કરવામાં આવી હતી.

ફ્રાન્સમાં આગળ ગાડીમાં બેશી ફરવું ઘણું શરમભરેલું ગણાતું હતું, પણ જ્યારે કોઇ બેમાર થએલો અમીર ઉમરાવ એવી ગાડીમાં બેસવા ઇચ્છતો ત્યારે તેને રાજની પરવાનગી લેવી પડતી હતી. તે પછી ૧૫ મી સદીમાં અમીર ઉમરાવો છુટથી બેશી ફરવા લાગ્યા હતા. ૧૪૩૩માં ફ્રાન્સનો એક એલચી મોટા દમામ સાથે એક દબ-દબા ભરી ગાડીમાં બેશી માન્ચૂઆમાં ગયો હતો. ૧૪૭૫માં ફ્રાન્સનો પાદશાહ ત્રીજો ફ્રેડરીક ફ્રાંકફોર્ટ શેહેરમાં આવીજ ગાડીમાં બેશી ગયો હતો.

ઇંગલંડમાં ઇ. સ. ૬૭૫માં ગાડી ફરતી નોંધાયલી છે. તે પછી ત્યાં ગાડીઓનો દિન પર દિન વધુ ફેલાવો થતો ગયો. તે વેળા સ્ત્રીઓ ઉંઘાડી ગાડીઓમાં બેશી ફરવા નિકળતી હતી; બીજો રીચર્ડ મળવા સમયે (ઇ. સ. ૧૩૯૫) નાહટો ત્યારે તેની માય ગાડીમાં બેશી નહાટી હતી. ૬ થા હેન્રિની રાણી ટિંબકસબરીની લઢાઇ પછી એક 'ચાર્ટ'માં બેશી જતી હતી. ૭ માં હેન્રિની રાણી પોતાની માતા સાથે બીજી ૧૫ થી ૧૬ બાનુંઓ સાથે ફરતી હતી. આ તેમની ગાડીને ૬ ઘોડા જોડવામાં આવતા હતા. ઇલીઝાબેથની ગાડી ઉતમ કારીગરીનો નમુનો હતો; અને આજ સમયથી ગાડીઓનો શોખ અમીર ઉમરાવોમાં હદબાહાર ફેલાવા લાગો હતો.

ગાડીને કાચના ફાલકાં ઇ. સ. ૧૬૩૧માં જડવામા આવ્યા હતા. તે વર્ષમાં બે માણુસ બેસે એટલી નાહની કાચના ફાલકાવાલી ગાડીમાં સ્પેનના ત્રીજા ફરનાન્ડ પાદશાહની રાણી બેશી ફરતી હતી.

કમાનની ગાડીની શોધ કયારે થઇ તે ચોકસ નથી. પણ ૧૬૪૩ માં ૧૪ મો લુઇસ પેરીસમાં દાખલ થયો ત્યારે તેની ગાડીને કમાન જડેલી જણાઇ હતી. ગાડીમાં ૬ ઘોડા જોડવાની ૧લા ડયુક ઑવ બકીંગાંહમે ૧૬૧૯ માં પેહેલ કાઢી. તેની અદેખાઈ કરી નૉર્થમ્બર લેંડના અર્લે પોતાની ગાડીને ૮ ઘોડા જોડવા માંડયા હતા. ઇંગલંડના ૧લા ચાર્લસ રાજા માટે પ્રથમ પાદશાહી ગાડી બનાવવમા આવતી. ભાડુતી ગાડીઓ ઇંગલંડમા પ્રથમ ૧૬૭૨માં ફરતી થઇ હતી.

ગાથા—કવિતારૂપી પેગંબર જરથોસ્તનાં કલામો. એ ગાથા પાંચ છે અને તે વિશે સરોશ યઅસ્તના ૩ જા કર્દામાં નીચે મુજબ ભણવામાં આવેછે:—

સ્રાઓષેમ અષીમ હુરઓધેમ વેરેથ્રાજનેમ્ કદાત-ગએથેમ અષવનેમ અપહે રતૂમ યજમઇદે. યેા પઓઇરયેા ગાથાઓ ફ્રસ્રા-વયત યાઓ પન્ચ રિપતામહે અષઓનેા

જરથુસ્ત્રહે, અફ્રરમનિયાંન, વચસ્તશતિવ મત—આજઇન્તીશ મતપઇતિ—ફ્રસાઓ, અમેષનામ, સ્પેન્તનાંમ યસ્નાઇંચ વહ્માઇંચ ક્રતઓશ્રાઇંચ ફ્રસસ્તયએચ.

અર્થ—ખુબસૂરત ફત્તેહમંદ દુનિયાની વૃદ્ધિ કરનાર તથા પવિત્ર અશો સરોશ (ઇજદ) (જે) અશોઇનો સરદાર (તેને), હમો આરાધીએ છિયે. જેણે અમશાસ્પંદોની આ-રાધનાને માટે તથા (તેઓની) ખુબીઓ ગાવાને માટે, તથા (તેઓને) ખુશતુદ કરવાને માટે, તથા (તેઓની) વખાણ કરવાને માટે, પેહેલવેહેલ્લાં અશો સ્પેન્તમાન જરથોસ્ત (સાહેબ) ના જે **પાંચ ગાથા** (તેઓને) એત ફકરાઓ તથા (તેઓની) શરેહ સુદ્ધાં તથા પુરસેશ પાસુખ સુધાં ગાયા (અથવા) ગાઇને ભણ્યા).

"દોકતર હાઉગ મુજબ "પુરાતમ વેદમાં જે બાંધણીથી શ્લોક રચના કરેલી છે તેજ બિજનથી શ્લોકને અર્થે એ ગાથાવાણી પણ પેગંબર જરથોસ્તની કલમથી રચાયલી છે; અને તેમાં જરથોસ્તી લોકોનાં ધર્મનાં સઘળા મૂળતત્વો આવી ચુકેલાં છે. યજશની, વંદી-દાદ, નિઆયશ, યસ્ત વગેરે બીજા પાછલા જમાનાનાં દસ્તુરોને હાથથી લખાયલા પુસ્તકોમાં એ ગાથાવાણીને બહુજ વખાણેલાં છે. આ ગાથામાં નીતિ સંબંધી મૂળતત્વો એવી તો ઉંચી મગજ શકિતથી સમાવ્યાં છે કે જે મૂળતત્વોને આધારે બીજા પેગંબ-રોએ પોતાનું નીતિશાસ્ત્ર રચવામાં સવળતા મેળવી છે.

એરવદ કાવશજી કાંગાકૃત ખોદે અવાસ્તામાં વર્ણવ્યું છે કે "ગાથાને માટે તથા અહુનવરને માટે કેથેબી " ભણવા " કરીને ક્રિયાપદ આવતો નથી પણ સ્રવય (સંસ્કૃત શ્રાવય) યાને 'ગાવા', ગાવાની રીતે 'ભણવા,' એ પ્રમાણે આવેછે. એ ઉપરથી બોલ્લી રીતે જણાયછે કે જેમ હાલમાં જરતોસ્તીઓ બીજી અવસ્તા ભણી જાયછે તેમ ગાથા તથા અહુનવરો ભણવા નહિ પણ ગાયતની રીતે ગાવા જોઇએ. 'ગાથા' બોલનો અર્થ સંસ્કૃત ગાથા ને મળતો 'પવિત્ર ગાયન' એવો થાયછે."

"ગાથાની જોડણી શ્લોકને મળતી અને તે ગાઇને શ્લોક પધ્ધતિએ ભણાઇ શકાય છે. પેગંબર સાહેબ જરતોસ્ત ઉપરાંત હોમના પણ ગાથા હતા, એમ હાવનીમના હા ઉપરથી જણાયછે. ૧ લા ગાથા અહુનવઇતીમાં હાઃ ૨૮ થી ૩૪ આવે છે. બીજા ગાથા ઉસ્ત વઇતિમાં હાઃ ૪૩થી ૪૬ આવેછે. ત્રીજા ગાથા સ્પેંતામઇન્યુંમાં ૪૭ થી ૫૦ આવેછે. ૪ થા ગાથા વોહુક્ષથ્રમાં ૫૧ મો હાઃ આવેછે. પાચમાં ગાથા વહિસ્તોઇસ્તમાં ૫૩ મો હાઃ આવે છે. આ ગાથાના લખાણોમાં મિનોઇ દુન્યાને લગતી બાબતો આવીછે. ગાથાનાં લખાણને દીનકર્દમાં અહુરમજદ તરફથી ચહડતે દરજજેની ગવાહી ગણી છે. ત્યાં કહે છે કે "ગાથા જોકે જરતોસ્ત, અમેશાસ્પંદો, ગોશોરૂન અને બીજા યજદો-નાં શબ્દોમાં છે તોપણ તે સઘળા અહુર-મજદના જરતોસ્તને કહેલા સખુનો છે."

તેમજ આ પાંચ ગાથાને જરતોસ્તી વર્ષની આખેરીનાં પાંચ દિવસ ગણત્રીમાં લઇ વર્ષ પુરૂં કરે છે. યાને જરતોસ્તીઓમાં ૩૦ દિવસનો મહિનો ને ૧૨ માસનું વર્ષ સાધા-રણ રીતે પ્રચારમાં છે, પણ તેમ ગણતાં વર્ષની આખેરીમાં ૩૬૦ દિવસ થતાં ૫ દિવસની ખુટ પડે છે તે ખુટ પુરી નાખવા છેલ્લો 'અસફનદારમદ' મહિનો પુરો થતાં બીજા ઉપલગ પાંચ દિવસ ગણત્રીમાં લે છે, તેને ગાથા ગાહમબારનાં દિવસો કહે છે. આ વધારાના દિવસોના નામો સર્વથી શ્રેષ્ટ નામ-વાલા કોઇક યાદગાર ચીજ યા બનાવના આપવાની યોજના ઘડી ગાથા કે જે સ્પેન્ત-માન જરતોસ્તના જોડેલા ગણાય છે. તેનાં પાંચે નામો આપ્યાછે. એરવદ કાવશજી કાંગા મુજબ "એ પાંચ ગાથા ગાહમબારને એકથી વધારે નામે ઓલખેલા છેઃ—પંજે અંદર ગાહાન વચમાંના પાંચ દહાડા, યાને એક વર્ષનાં છેલ્લા મહિના અને તેની પછીના

વર્ષનાં પેહેલ્લા મહિનાની વચ્ચેના પાંચ દહાડાના પાંચ 'પંજે મેહ' અટલે મોટા પાંચ દહાડા. જાણવું જે ફરવરદેગાનના ૧૦ દહાડામાંથી છેલ્લા પાંચ દહાડાને પંજે કહે છે અને બીજા પાંચ દાહાડાના કરતાં બીજા પાંચ દિવસને વધારે શ્રેષ્ટ ગણેલાં છે. પંજે અશોઆન યાને અશો લોકોનાં ફરોહરાના આએ દુનિયામાં આવવાનાં છેલ્લા પાંચ દહાડા.

ગાથાની નકલ ધરાનીઓ ઉપરથી બીજા દેશોના લોકોએ પણ કરેલી તવાખમાં નોંધયલી છે.* ધરાનીઓના પડોશી તરીકે **કેપેડાશિઅન'** પ્રજા હક્ક ધરાવે છે. તેઓ પણ જરતોસ્તીઓના દિવસ માહ મુજબ ગણત્રી ગણી વર્ષ પુરૂં થતાં પાંચ દિવસ વધારતા હતા. **ઈરાનમાં હાલ** જોકે મોહમેદન ધર્મ મુજબ મુસલમીન વર્ષ માહ વાપરે છે તોય ત્યાં રાજ્યકારો ઉપલીજ ગણત્રી મુજબ ચલાવી છેલ્લે પાંચ દિવસ વધારેનાં ગણે છે. **ઈજીપશિયન,** દાઇઓકલીશીઅન, નબુનાસર અને બીજાઓની તવારીખમાં પણ એજ મુજબની ગણત્રી કરવામાં આવી છે.

ગાથા—પેલીસ્ત પ્રજના પાંચ રાજકીય શેહેરોમાંનો એક. 'ગલ્યાથ' જે પેલીસ્ત લોકોના મોટા વીરપૂરૂશનું જન્મ સ્થાન, તેના નામ ઉપરથી આ શેહેરનું 'ગાથા' નામ પડ્યું. આ શેહેર 'અશદોદ'ની પૂર્વે સુમારે ૧૦ મૈલ અને એરૂશલેમની નૈઋત્ય દિશાએ ૨૩ મૈલપર હતું. ડેવ્હીડના રાજ્ય અમલમાં આ શેહેર પૂર્ણ કળાએ આવ્યું હતું અને તે પેલિષ્ટોને તાબે હતું ત્યારે ત્યાં 'લાખિશ' નામે રાજા રાજ્યગાદીપર હતો. હાલમાં આ શેહેરની હસ્તી જણાતી નથી; પણ રોમન રાજ્યના અંતવેર તે કાયમ હતું. જોકે હાલ જમીન બરાબર થઈ ગયું છે તોય તેની લંબાઈ ગણવા દાટેલા માઈલનાં પથ્થરો હજી કાયમ રહેલાં છે.

*જરતોસ્તી અભિયાસ દફ્તર ૧ લું.

ગાંધર્વ વિવાહ—વર અને કન્યા પરસ્પરની પ્રીતિથી એકત્ર થઇ પોતાની પૂર પસંદગીથી જે ગુપ્ત લગ્ન કરે તે.

ગાંધર્વ વેદ—શામવેદના ઉપવેદ અને તેની દેવતા. એ સામવેદ મુજબ બ્રહ્મદેવના પશ્ચિમ તરફના મુખમાંથી નિકળ્યો.

ગાંધાર—આ રાગણી સંગીત શાસ્ત્રનાં નિયમ મુજબ, ગમે ત્યારે ગાઇ શકાય છે અને તે કરૂણારસમાં ગવાય છે. કારણ કે તેનો રંગ શોકાતૂર હોય છે.

ગાંધાર—ભારત વર્ષિય ભરત ખંડમાંનો દેશ. એ સિન્ધૂ નદી કાંઠે ત્યાંના રાજા શૈલશ ગંધર્વના આગળ એની રાજધાની તક્ષશિલા નગરી હતી. એ શિવાય બીજી એક નગરી હતી, તેનું નામ પુષ્કરાવતી હતું. અત્રે પાંડવના સમયમાં શકુની ગાંધારીનો પિતા 'સૂબલ' રાજા હતો.

ગાંધારી—ગાંધાર દેશના સૈબળા રાજાની કન્યા, એનાં લગ્ન ધૃતરાષ્ટ્ર સાથે થયાં હતા. એ મોટી પતિવ્રતા હતી. તે એવી કે પતિ શિવાય બીજા કોઈનું મુખ વટીક જોતી નહી, અને તેથી તે પોતાની આંખે પાટા બાંધતી. એણે બાળપણામાં ચંદ્રની આરાધના કર્યાથી એને ૧૦૦ પુત્રો થશે એવો 'વર' મળ્યો હતો. તે મુજબ એને ૧૦૦ પુત્રોનો એકી વેળા ગર્ભ રહ્યો હતો. તેટલાં કુન્તિને ધર્મ પુત્ર થવાની વાત સાંભળી એણીએ પોતાનાંજ પેટ ઉપર પથ્થર મારી ગર્ભ પાત કર્યો અને પછી રડવા લાગી, તેટલાં વ્યાસે આવી બહાર નીકળેલા ગર્ભ ઉપર પાણી મંત્રીને છાંટયું એટલે તેના અંગુઠા જેવડા ૧૦૧ વિભાગ થયા, અને પછી તે અકકેકા વિભાગને અકકેકા ઘીથી ભરેલા ઘડામાં મુકયા ને તેના ઉપર અકકેકો દીવો મુકયો. નવ માસ થયા એટલે એક પછી એક એમ ૧૦૦ ઘડાઓમાંથી તેટલા છોકરા નિકળ્યા. ને ૧૦૧ માં ઘડામાંથી પુત્રી નિકળી તે દુશિલા કેહવાઇ. જ્યારે પેહેલવહેલો દુર્યોધન નિકળ્યો ત્યારે ઘણાં દુષ્ચિન્હો થયાં હતાં.

દુર્યોધન મોટો થતાં પાંડવોનો તે દ્વેશ કરવા લાગ્યો. ત્યારે ગાંધારીએ તેને ઘણો સમજાવ્યો. ગાંધારીએ ઉપદેશ કર્યા છતાં દુર્યોધને એનું નહિ સાંભળવાથી યૂદ્ધ કર્યું તેમાં એનાં ૧૦૦ પુત્રો મરણ પામ્યા. ત્યારે ગાંધારીએ કૃષ્ણને તેડી તેને શ્રાપ દીધો કે તેં પાંડવોને મદદ કરી મારા પુત્રોનો ઘાત કરાવ્યો તેથી આજથી ૩૬ મે વર્ષે તારૂં પણ મરણ એજ રીતે નિપજશે. આ સાંભળી કૃષ્ણે ખુશી થઈ તેને નમન કર્યું.

પોતાના ૧૦૦ પુત્રો મુવા પછી એ પાંડવો તથા પતિ સાથે રહી હતી; કારણ કે યુધિષ્ટીરનો સ્વભાવ ઘણો મલતાવડો હતો. પણ ભિમસેનની ચાલથી ધૃતરાષ્ટને વૈરાગ્યની ઇચ્છા થઈ પણ પોતે અંધ હોવાથી નિરૂપાય હતો. તેટલાં વિદુરે આવી તેમને વનમાં જવાનો બોધ કર્યો. ધૃતરાષ્ટ્ર સાથે કુન્તી અને ગાંધારી પણ નિકળી પડયા ને તેના દેહપાત સાથે એણે પણ દેહત્યાગ કર્યો.

ગાફર પર્વત—ફ્રાન્સમાં ગાર્ડ પ્રગણામાંનો ગાર્ડ નદીના ડાબા કાંઠા ઉપર આ વિચિત્ર પર્વત ૬૫૦ ફીટ ઉંચો છે. ઓગણીસમી સદીમાં એ બેથી ત્રણ વેળા પોતાની જગ્યાપરથી ખસ્યો હતો. આથી તેની પાસે એક પુસ્તો બાંધી લેવામાં આયો હતો છતાં તે પુસ્તો ધસી પડયો હતો.

એનો મોટો ખડક ૧૫૦૦૦૦૦૦ કયૂબિક મીટર જેટલો હોવાથી તેને કોઇ રીતે અટકાવી શકવા ઇજનેરી કળા કારગત લાગી નથી. કારણ કે આ પર્વત કાંકરી અને અડદિયા પથ્થરના પડનો બનેલો છે અને દરેક પડની વચમાં માટોડીનો છે. ખડકની ફાટમાંથી વર્સાદનું પાણી પચી પચીને માટી પોચી થાયછે અને તેથી ઉપરનાં પથ્થરના પડ સરતા જાયછે. આ પર્વત ઇ. સ. ૧૮૯૬ ૧૫ મી ફેબ્રુવારીએ હીલચાલ કરવા લાગેા અને ૨૩ મી ફેબ્રુવારી સુધીમાં તે એટલેા આગળ વધ્યેા હતેા કે નદીમાં આવેલી ગ્રાંડ કેામ્બેનાં નામે ઓળખાતી કેાલસાની ખાણનું સાંચાકામ તથા આઇલ રેલ્વેની લગ ભગ એક માઇલ જેટલી લાંબી સડક નાશ પામી હતી. નદીના વેહવાના મારગે ૬૬ ફીટ જેટલેા વાંક લીધેા હતેા. આથી ગ્રાંટ કેામ્બેના ૬૦૦ વતનીઓને નહાશી જવું પડયું હતું. તે પછી ૨૯ મી ફ્રેબ્રુવારીએ આ પર્વત સ્થિર થયેા હતેા તે આજ વેર છે.

ગાય—અવસ્તાઇ જમાનામાં વપરાતું એક જાતનું માપ. પેહેલવી પાજંદ ફરહંગ મુજબ પાગ (પગ) નું એક 'ગાય' થાયછે. યાને ઇંગ્રેજી બે ફીટ સાડા સાત ઇંચનું માપ જેટલું.

ગાય—'પલ્હવ' પ્રજા પણ ગાયની તરફ પૂજ્ય બુદ્ધિ ધરાવતી હતી. પૃથુએ ગોરૂપ ધારણ કરી નાહસભાગમાં પડેલી પૃથ્વીનું રક્ષણ કર્યું અને દુધ કાઢયું. એમ પુરાણ પ્રસિદ્ધ કથા છે.

રાજારામ ભગવાનના જણાવ્યા મુજબ 'પલ્હવ' યાને પાર્થિયન (પારસી) લોકો ગાયને પ્રાચીન કાળથી પૂજ્ય માનતા આવ્યા છે.

યૂરપની ઉત્તરે ગૉથ નામની પ્રજા રહે છે. ગૉથ એ ગોધન શબ્દનું સંક્ષેપ રૂપ છે. ગૉથ લોકો ગાયને પૂજ્ય માનતા હતા.

હિંદુ ધર્મ ગ્રંથોમાં ગાયને પૃથ્વીની ઉપમાં આપવામાં આવી છે. તે વિશે બ્રહ્માની પુત્રી અહલ્યાના સ્વયંવર વેળા બનેલા બનાવો તથા (ગણપતિની કથા મુજબ.) બીજા એક સ્વયંવરમાં પૃથ્વીની પ્રદક્ષિણા કરવા માટે કેરેલી શરતમાં દેવતાઓમાંના દેવતાઓએ ગાયની પ્રદક્ષિણા કરી પૃથ્વીની પ્રદક્ષિણા કરેલી જણાવી બનાવ જીતી ગાયલા માહાભારત, રામાયણ આદિ હિંદુ પૌરાણિક કથામાં જાજા આપણને એસારા મળે છે.

ગાય વિશે પૌરાણિક એવી કથા છે કે સુનાદેવી નામની એક રાજકુંવરી નિત્ય ગાયની પુંજા કરતી, તે મુજબ એક દિવસે પુજામાં ચુંતાયલી હતી તેટલાં યમરાજાએ તેણીના ગળામાં અંતનો ફાંસો નાખી તેણીને ખેંચવા માંડી. આ ઉપરથી જગતઆદિ માતાએ યમને કહ્યું કે "આ કુવરી ગાયદ્વારા

એ મારૂં પુંજન કરતી હતી માટે તેનીપર તારો કશો હક્ક નથી. કારણ એણીને માટે સ્વર્ગ સુખ મેં નિર્માણ કરેલું છે તેમજ ગોસેવા કરનારને હું સ્વર્ગનું સુખ આપું છું.

ગાયની ખુંદ ઉપર બ્રહ્મા, ગરદન ઉપર વિષ્ણુ, કપાળપર રૂદ્ર યા શિવ અને બાકીનાં અવયવો ઉપર જૂદા જૂદા દેવતા રક્ષણકર્તા છે, તેણીની પુછડી શેષ નાગ છે, અને તેણીના ચામડીનાં છિદ્રો ઋષિ મુનીઓ તથા સાધુઓ છે, દેવતાઓનું સ્થાન કૈલાસ તેણીનાં પગો છે, મનુષ્ય સુખનાં રક્ષણ કર્તા તેણીની ખરી છે અને તેણીનાં આંચળ સર્વ નદીઓના મુળ છે.

આ પ્રાણી ઘણું ગરીબ હોઇ હિંદુ પ્રજામાં પવિત્ર ગણાય છે, એ ૨૦ વર્ષની જીંદગી ભોગવી શકે છે, ગાયને શિંગ દાણાનો ખોરાક આપ્યો હોય તો તેના દુધમાં ૩૫ ટકા જેટલો ચીકાસ વધેછે.—રૂનાં બિયાંના ખોળથી ૪૫ ટકા જેટલો ચીકાશ વધેછે. જવનાં ખોરાકથી ૪ ટકા અને અળશિનાં બિયાંના ખોળથી ૪૫ ટકા વધે છે. જવ તથા રૂના બિયાંનો ખોળ ખાવા આપ્યાથી જે દુધ નિકળે છે તેનું માખણ ચઢતી કીસમનું અને લાંબો વખત જળવાઇ રહેછે, પણ શિંગદાણા અને અળશીનાં બિયાંના ખોળનો ખોરાક ખવાડી મેળવેલા દુધનું માખણ હલકા પ્રકારનું બને છે, રૂનાં બિયાંના ખોળને લીધે દુધમાંની ચરબી શિવાય બીજાં સંગીન પદાર્થો ઘણા મોટા જથ્થામાં મળે છે; પણ જવનાં ખોરાકથી બનતા દુધમાં સંગીન પદાર્થોનો થોડો જથ્થો મળે છે. શિંગદાણા અને રૂનાં બિયાંનો ખોળ ખાતી ગાયો માત્ર વધારે દુધ આપેછે.

ચોકસ જાતનાં ખોરાકથી દુધ ઉપર પણ કેટલીક અસર થાયછે, પણ આ અસર દુધ વલોવતી વેળા જણાયછે, કેમકે વલોવતી વખતે આ કિસમનું દુધ સાધારણ દુધ કરતાં જલ્દી ચીકાસ પકડેછે.

જૂદી જૂદી જાતનાં ખોરાકની અસર માખણના વાસ અને તાવવા માટે જોઇતી ગર્મિથી મળી આવેછે.

અળશીનું ખોળ ખાનાર ગાયનાં દુધનું માખણ ત્રણથી ચાર દિવસમાં બગડેછે, ત્યારે રૂનાં બિયાંનું ખોળ ખાનારના દુધનું માખણ ૧૦ થી ૧૫ દિવસ પછીજ વાસ મારેછે.

હિંદુસ્તાનમાંની ગાયો બાંધામાં નબળી રહેતી હોવાથી યૂરપની ગંજાવર કદની ગાયો સામે તે નાતવાન જેવી દિસે છે, અને હિંદની ગાયોનું દુધ બશેરથી ૬ શેર દિવસમાં કાઢી શકાય છે, ત્યારે યૂરપની ગાયો ૧૫ થી ૧૯ શેર રોજીંદુ દુધ પુરૂં પાડી શકેછે.

નારફોકમાં રહેનાર મી૦ ગેરેટ ટેલરે પોતાના ગાય ઢોરોના લખેલા હેવાલ ઉપરથી જણાય છે કે ૧૮૯૪ માં હેન્ડસમ બેલ નામની એક ગાયે એક વર્ષમાં ' ૧૨૦૬ ' ગ્યાલન અથવા પાંચ ટનથી વધુ દુધ આપ્યું હતું. ડેવ્હનશાયરમાં ડેક્ષટર જાતની ગાયે ૧૦,૨૬૨ રતલ દુધ એક વર્ષમાં આપેલું નોંધાયલું છે.

ઇંગલંડ અને સ્કૉટલંડમાં ૧૮૯૧ની ગણત્રી મુજબ ૩૭૦૦૦૦૦ દુધાળી ગાયો નોંધાઇ હતી. તેઓમાંની એક અબજ બાસઠ કરોડ ઉંસી લાખ શેર દુધ આપે છે. જેમાંના ૯૦ કરોડ દુધમાંથી માખણ અને પનીર બનાવવામાં આવ્યું હતું. તેમાંથી જો માખણ ને પનીર બનાવ્યું હોય તો સવાલાખ ટન પનીર ને નેવ્યાસી હજાર ટન માખણ બની શકે; અને તેની કિંમત દરવર્ષે ચાર કરોડ ત્રીસલાખ પૌંડ ગણવામાં આવે છે. ઇંગલંડ અને સ્કૉટલંડમાં દર સાઠ માણસે ૧ ગાય, ફ્રાન્સમાં દરરા માણસે એક ગાય, યનાઇટેડ સ્ટેટમાં ૧૫૫ માણસે એક ગાયની રાસ આવે છે.

ગાયકવાડનું રાજ્ય તથા વંશ.—આ રાજ્ય વડોદરાના રાજ્ય તરીકે પણ જાણીતું છે. એના રાજ્યકર્તા મરેઠા જાતના હોઇ તે મહારાજા કહેવાયછે. આ રાજ્યનો વિસ્તાર ૮૬૦૦ ચૌરસ મૈલ હોઇ તેમાં ૧૯,૫૦,૯૨૭ ની લોકવસ્તી છે.

આ રાજ્યનો મૂલક એકત્ર નથી તેથી રાજ્ય કારોબારને માટે તેના ચાર પ્રાંત કરેલા છે. પૂર્વ પ્રાંત એટલે વડોદરા પ્રાંત, ખેડા, ભરૂચ અને પંચમહાલ એ જીલ્લા તથા રેવાકાંઠા એજન્સી વચ્ચે છે; બીજો ભાગ નવસારી અથવા દક્ષિણ પ્રાંત એ સૂરત જીલ્લાનાં બ્રિટીશ પ્રગણા સાથે મિશ્ર છે. ત્રીજો ભાગ ઉત્તર પ્રાંત એ કડી પ્રાંતને નામે ઓળખાય છે. ચોથો ભાગ અમરેલી અથવા પશ્ચિમ પ્રાંત એ કાઠીયાવાડ એજન્સીમાં આવેલો છે. આ રાજ્યની વાર્ષિક ઉપજ રૂ. ૧,૫૦,૦૦,૦૦૦ ના સુમારેની ઉપજે છે.

ગાયકવાડી રાજ્યની ભૂમિમાં ઘઉં, બાજરી, જુવાર, શેરડી, કોદરા, મકાઇ, તંબાકુ, કપાસ, નાગલી, કેળાં, જ્વાર અને તમામ જાતનાં કઠોળ પાકે છે. જંગલમાં સીસમ, સાગ, ટીંબરવો, વાંસ, સાદડ વગેરે તહેંવાર જાતના વૃક્ષો ઉગે છે. જંગલમાં દરેક જાતનાં હિંસક પ્રાણીઓ વસે છે. પ્રજાનો મુખ્ય ભાગ બ્રાહ્મણ, રજપૂત વાણીયા, કણબી, મુસલમાન પારસી, ભીલ, પાટીદાર, નાયકડા, કુંભરા, કાઠી, રબારિ વગેરેનો છે. મુખ્ય ભાષા ગુજરાતી બોલાય છે.

રાજ્યનું મુખ્ય રાજધાની શેહેર વડોદરા છે. જેમાં એક કિલ્લો છે. શેહેરમાં શ્રીમંત મહારાજાના મેહેલો અતિ સુંદર બાંધણીનાં બાંધેલા છે. તે શિવાય સરકારી હાઇસ્કુલ, કૉલેજ, જમનાબાઇ હૉસ્પીટલ, ચીમનાબાઇ ટાવર, નજરબાગ, મોતીબાગ, પબ્લિકપાર્ક, રાજ મેહેલ વગેરે જાણીતી ઇમારતો છે. શેહેર પાસે બ્રિટિશ કેમ્પ છે, તેમાં રેસિડંન્ટ અને ઍસિસ્ટંટ રેસિડન્ટનાં બંગલાઓ છે. વડોદરાના રાજ્યમાં મુખ્ય શેહેરો નવસારી, કડી, પાટણ, સિદ્ધપુર, અમરેલી, પેટલાદ અને દ્વારીકા એ છે. આ રાજ્યમાં કેળવણીનો મોટો પ્રસાર કરવામાં આવ્યો છે. તેમાં સ્ત્રી કેળવણીના બાબમાં દેશી રાજ્યોમાં આ રાજ્ય પેહેલી પંક્તિમાં મુકી શકાય. ઇ. સ. ૧૮૭૫માં આ રાજ્યમાં માત્ર ૩ કન્યાશાળાઓ હતી, તેમાં માત્ર ૨૨ છોકરીઓ ભણતી હતી.૫ હાલમાં એ રાજ્યમાં ૧૦૮ કન્યાશાળાઓ હોઇ તેમાં ૯૧૫૧ છોકરીઓ શિક્ષણ લીયે છે. ૧૮૭૫ માં જે કન્યાશાળા હતી તેમાંની બે તો ફક્ત વડોદરામાં હતી.

નિશાળનાં પ્રકાર.	૧૮૯૯ માં નિશાળો		ભણનાર છોકરીઓની સંખ્યા.
સ્ત્રી શિક્ષણ પદ્ધતિ પાઠશાળા.	૧	...	૩૦
કરાની કન્યાશાળા	૬	...	૭૦૧
ગુજરાતી કન્યાશાળા	૮૦	...	૭૦૩૫
ઉર્દુ કન્યાશાળા	૫	...	૪૮૪
અતર્યજ કન્યાશાળા	૧	...	૩૯
ખાસ જનાના વર્ગ કન્યાશાળા.	૮	...	૩૬૮
ગાયન કલાસ.	૩	...	૧૫૪
દરામ કન્યાશાળા	૩	...	૧૩૭
ખાનગી કન્યાશાળા	૧	...	૨૦૩

ઉપર દર્શાવેલી છોકરીઓની નિશાળો શિવાય બીજી '૫૮૮૦' છોકરીઓ તો છોકરાઓની નિશાળમાં સાથે બેશી કેળવણી લીયે છે. તેમની સાથે એકંદર છોકરીઓની સંખ્યા ૧૫૦૩૧ જેટલી થાયછે.

આ રાજ્યમાંથી મુંબઇ, વડોદરા અને મધ્ય હિંદુસ્તાન રેલ્વેઓ પસાર થાયછે. તે શિવાય રજપુતાના અને માલવા રેલ્વે લાઇનો આ રાજ્યના ભાગોમાંથી પસાર થાયછે.

દેશમાંથી નર્મદા, મહી, સાબરમતી, તાપી, બનાસ, ઢાઢર, વિશ્વામિત્રી, જંબુવા, રંગવા, ઓર, વસંકડ, ચળચુપા, ગોમા, કરડ, ઉંચ, હેરણ, સરસ્વતી, રૂપેણ, મેશ્વો, ખારી, લુણી, વાત્રક, મીઢોળા, પૂર્ણા, કીમ, ઐગણી, અંબિકા, શેત્રુંજી, ટેંબી, વડી, કાલુંભાર, ઘાતરવડી, સોમ, શીંગવડી, રૂપેણ અને કેરી એ નદીઓ વહેતી હોવાથી દેશ ફળદ્રુપ છે.

આ રાજ્યની લશકરી પદ્ધતિ ઇંગલંડમાં જૂના વખતમાં ચાલતા ફ્યુડલ ધારાને મળતી છે. રાજ્યના લશકરમાં ૫૧૬ સ્વાર, ૩૦૭૮ પ્યાદળ, ૪૪ તોપ ને ૧૬૭ ગોલંદાજો છે.

ગાયકવાડનું રાજ્ય સ્થાપનાર મૂળ પુરૂષ દામાજી નામનો હતો. આ મૂળ પુરૂષ પુના પાસેના દાવડી નામના ગામનો રહીશ હતો. જ્યારે ખંડેરાવ દાભાડેએ ઈ. સ. ૧૭૦૭ માં ગુજરાત પર ચઢાઇ કરી તે વેળા દામાજીરાવ પોતાની પાગા સાથે તળેગામ પાસે તેમને આવી મલ્યો. દામાજીરાવે માર્ગમાં પીંપળનેર, સોનગઢ, નવાપુરા તથા નવસારીમાં થાણા બેસાડ્યા. તેમાં નવાપુરા મુકામે હાર ખાધી છતાં બહાદુરીથી આગળ વધી સરદારી મેળવી. તે પછી દામાજીએ પોતાનો મુકામ એક ડુંગર ઉપર પસંદ કરી ત્યાં કિલ્લો તથા કોટ બાંધી તેને સોનગઢનું નામ આપી પોતાના કુટુંબસહ વસવાટ કીધો હતો. ઇ. સ. ૧૭૨૦ માં સેનાધિપતિ ખંડેરાવ દાભાડે બાલાપુરની લઢાઇ જીતી સતારે ગયા; ત્યાં દામાજીરાવની શિફારસ થવાથી તેમને 'શમશેર બહાદુર' નો ખેતાબ અને પદ્વિ મળી. એજ વર્ષમાં દામાજીનું મરણ નિપજ્યું.

તેમનો અધિકાર ભત્રીજા પીલાજીરાવ કે જે જનકોજીરાવનો પુત્ર હતો તેને મલ્યો. તે ગુજરાતમાં પોતાના સૈન્ય સાથે ફરતો હતો ત્યારે રૂસ્તમઅલીખાને સુરત શેહેર નજદીક તેને હાર આપી. પણ તે પછી તુરતજ રૂસ્તમખાને પોતાના વેરી હામિદખાનનો નાશ કરવા પીલાજીરાવની મદદ મેળવી અને હામિદખાનને નહસાડ્યો, અને જ્યારે રૂસ્તમખાન હમિદખાનની પાછળ પડ્યો હતો તે વેળા પોતાનાં સૈન્યને તેની પાછળ રાખી તેઓ પર હલ્લો કરી રૂસ્તમખાનના લશકરનો નાશ કીધો. તેમાં રૂસ્તમખાન ધબરાટમાં પડી પોતે ખંજર વડે આપઘાત કરી મુવો.

આવા કપટથી પીલાજીએ એક દુશ્મનને દુર કીધાથી મરાઠાઓ ઘણા ખુશી થયા અને તેઓએ એવું ઠેરવ્યું કે ચોથાઇનો હિસ્સો કંઠાજી કદમના હિસ્સા જેવડો લેવો. તે મુજબ આ બેઉ સરદારો પોતાનો હક મેળવવા સાથે નિકળ્યા. પૈસાનાં હિસ્સા કરતી વેળા બેઉ સરદારો વચ્ચે તકરારો થતી હતી, તેટલાં તેઓ ખંભાતમાં આવી ચઢ્યા. ત્યાં તેઓએ લોકોને ભય પમાડવા થકી તેમની માલ મિલકત બાળવા માંડી. આથી ત્યાંના રહીશોએ એક શખ્સને પીલાજી તરફ મોકલી કહેવાડ્યું કે "અમો તમારી ખંડણી આપવા કબુલ છિયે પણ અમારી માલ મીલકતનો નાશ નહિ કરતાં તે સંભાળો. આ વિશેની અરજ તમારા વડા અધિકારી કંઠાજીને કહી અમો પર કૃપા કરો." પોતે કંઠાજીની સરોબરીયે હોવા છતાં રૈયતે આવી અપમાન ભરેલી અરજ કાં કરી એમ મનમાં આણી સુલ્હે કરવા આવનાર માનસને કેદ કીધો. કંઠાજીએ તે માણસને છોડી મેળવા પીલાજીપર હોકમ મોકલ્યો પણ આથી બેઉ વચ્ચે તકરાર થતાં લઢાઇ થઇ તેમાં કંઠાજીએ જીત મેળવી. શેહેર પર ખંડણી બેસાડી અને ખંડણી વસુલ કીધી.

મરાઠાઓ ગુજરાતપર સ્વારી કરી ઘણો ત્રાસ આપતા હતા, તેનો બંદોબસ્ત કરવા મોગલોના સુબેદાર શેરબુલંદખાને દિલ્લી સરકારને અનેક વેળા જણાવી મદદ માગી પણ તેઓએ કદી મદદ નહિ આપવાથી શેરબુલંદે પીલાજી તથા કંઠાજીને ચોથાઈ આપવાની કબુલાત કરી, અને કોલકરાર કરવા માંગ્યા. પણ તેની શરતો મરાઠા સરદારોએ નહિ કબુલવાથી તે નિરૂપાય થઇ બેઠો. તેટલાં પેશવાના ભાઇ ચીમણાજી અપ્પા સાહેબ મોટા સૈન્ય સાથે ગુજરાતપર ચઢાઇ લઇ આવ્યો, અને તેણે 'ઘોલકા' શેહેર લુટ્યું. તેની સાથે શેરબુલંદખાને કોલકરાર કીધાં તેમાં એવું ઠર્યું કે મોગલ મુલકનો મોટો ભાગ પેશવાને મળે અને તેના બદલામાં પેશવા સરકાર મોગલ રાજ્યમાં બંદોબસ્ત જાળવી ચોર લુટારૂઓનો દોર તોડે. આ બનાવ ઇ. સ. ૧૭૨૯માં બન્યો.

આ કોલકરાર પેશવાએ મરાઠા સરદારોની સમંતિ વિના પોતાના લાભાર્થે કર્યાથી તેઓ નારાજ થયા. ત્રિંબકરાવ દાભાડેએ ઝડપથી પચીસ હજારનું સૈન્ય લઇ દક્ષિણ ઉપર સ્વારી કરી તેમાં તેને નીજામઉલમુલ્કે મદદ કરી હતી. તે શિવાય તેને પીલાજી ગાયકવાડ, કંઠાજી કદમ, રાઘોજી કદમ, ઉદાજી પવાર, આનંદરાવપંવાર વગેરે સરદારો મળી ગયા અને એવી વાત ફેલાવી કે પેશવાએ બળજબરીથી શાહૂરાજાનું રાજ્ય પચાવી પાડ્યું છે તે તેનું પાછું આપવું. તેઓએ આ વેળા ૩૫,૦૦૦ નું સૈન્ય લઇ દક્ષિણ ઉપર ચઢાઇ કરી. આથી બાજીરાવે મોટું લશકર લઇ નર્મદા નદી ઉતરી સામો થયો. ત્યાં પીલાજીરાવ ગાયકવાડનો પુત્ર દામાજીએ પેશવાને સખત હાર આપી, તોય બાજીરાવ નહિ ડરતાં આગળ વધ્યો. છેલ્લે ઇ. સ. ૧૭૩૧ ના એપ્રેલ મહીનામાં ડભોઇ અને વડોદરાની વચ્ચે લઢાઇ થઈ તેમાં બાજીરાવ પોતે સૈન્ય વચ્ચે રહી લઢતો હતો. તેટલાં ત્રીંબકરાવ દાભાડે પોતે હાથી પર બેશી બાણ છોડતો હતો, તેટલાં એક બંદુકની ગોળી વાગવાથી તે મરણ પામ્યો કે લશકર નહાસભાગમાં પડ્યું અને બાજીરાવની સંપૂર્ણ જીત થઇ.

ઉપલી રીતે સેનાપતિ દાભાડયાને બાજીરાવે માર્યો તોય તે સરદારની કદરસનાશી કરી તેના અજ્ઞાન યશવંતરાવને સેનાપતિનાં વસ્ત્ર આપી તેનો કારોબાર તપાસવા પિલાજીરાવ ગાયકવાડને નેમ્યો, તેજ સમયે પિલાજીને સેનાખાસખેલની પદ્વિ આપી અને ગુજરાતમાંનો કેટલોક ભાગ તેને બખસ્યો.

દિલ્લી સરકારને શેરબુલંદ ખાનનો કારોબાર પસંદ નહિ પડવાથી તેને દિલ્લી તેડી લઇ તેને ઘણું અપમાન આપ્યું. એને મારવાડના રાજા અભયસિંગ રાઠોડને ગુજરાતનો સુબો બનાવ્યો. અભયસિંગનો અમલ થતાં વડોદરા શેહેર ઇ. સ. ૧૭૩૧ સુધી પીલાજીને તાબે હતું તે તેઓએ જીતી લીધું. તે છતાં પિલાજીની મદદમાં મોટું લશકર હોવાથી અનેક લઢાઇઓ પછી તેણે જય મેળવ્યો. છેલ્લે તહ કરવાની ધારણાથી અભયસિંગે કેટલાક લોકોને ગાયકવાડ પાસે ડાકોર મુકામે મોકલ્યા. જેઓ થોડા દિવસો સુધી ગાયકવાડ સાથે એવી નમનતાઇથી વરત્યા કે કોઇને શક રહ્યો નહિ. એક દિવસે તેઓ સર્વે ગાયકવાડ પિલાજી પાસે છેક સાંહાંજ વેર તંબુમાં જઇ બેઠા. છેલ્લે બત્તી થતાં તંબુ બહાર નિકળ્યા પણ તેઓમાંનો એક શખ્સ કાંઇ વાત યાદ આવેલી સરકારને કહેવી છે એમ જણાવી પાછો ગયો અને પિલાજીની પાસે અરજ કરવાની લઢને વધી ખંજર વડે તેનો પ્રાણ લીધો. આ બનાવ ઇ. સ. ૧૭૩૧ માં બન્યો.

પીલાજીના મરણથી અભયસિંગનો વિચાર પાર પડ્યો પણ તેથી કશો ફાયદો થયો નહિ. આ મરણના સમાચાર ફેલાતાં આસેપાસેના ભિલ્લ, કોલી લુટેરાઓએ બખેડા જગાડ્યા અને પિલાજીના ભાઇ મહાદજીએ જંબુશેહેરથી આવી વડોદરાપર ચઢાઇ કરી શેહેર જીતી લીધું અને તે દિવસથી આજવેર આ સુંદર શેહેર ગાયકવાડને તાબે રહ્યું છે.

પીલાજીરાવને ૮ પુત્ર હતા, દામાજીરાવ, ખંડેરાવ, પ્રતાપરાવ, આનંદરાવ, સયાજીરાવ, કેસોજીરાવ, અને જયસિંહરાવ. તેમાંથી દામાજીરાવે પોતાના પિતાનું વેર વાળવા સોનગઢથી લશકર લઇ ગુજરાતના પૂર્વ ભાગમાં કેટલાંક પ્રગણા જીતી લઇ જોધપૂર ઉપર ચઢાઇ કરી. આથી અભયસિંગે પોતાનું બાપીકું રાજ્ય સંભાળવા માટે અમદાવાદ પોતાના મુતાલિકને સોંપી જોધપુર ગયો. દામાજીરાવે પ્રથમ ગુજરાતના પૂર્વ ભાગમાં પોતાની સ્થાપના કર્યા પછી પાળ્જીથી મુગલો કનેથી સઘળું તાબે કરી લીધું. આ વખતે જસવંતરાવ દાભાડે લાયક ઉમરનો થયા છતાં પોતાના કામને તદન નાલાયક માલમ પડવાથી તેને પડતો મુકી દામાજીરાવ ગાયકવાડ માલિક થઈ પડ્યા; અને ઇ. સ. ૧૭૪૩ સુધી મરેહાની સર્વ સ્વદેશમુખી અને કાઠીઆવાડની તમામ ખંડણી ઉઘરાવી લીધી.

અત્યાર સુધી ગુજરાતનો નામનો સુબો મોમીનખાન સત્તાવાન હતો તે મરણ પામ્યો, અને તેની જગ્યાપર અબદુલઅઝીજખાનની નેમણુક થઇ. પણ તેને તેના અધિકાર ઉપર આવતાં રસ્તામાંજ દામાજીરાવે હરાવી છુંદી નાખ્યો. વળી ઇ. સ. ૧૭૪૦ માં દિલ્લીથી ફક્રીરઉદ્દઉલાને અમદાવાદનો કબ્જો લેવા મોકલ્યો. તે અમદાવાદ આવ્યો તે વેળા દામાજી ગાયકવાડ સતારે હતા, પણ તેના તાબાની રંગોજીના હાથ નીચેની એક ટુકડીએ તેને અમદાવાદમાં પેસતાં અટકાવ્યો. પછી દામાજીરાવે સતારેથી આવી ફક્રીર ઉદ્દવલ્લાને ન માનતાં પોતાના જૂના મળતીઆ મોમીનખાનના ભાઇ તથા બેટાને આશ્રય આપ્યો. વળી તેણે ખંડેરાવને બોરસદનો કિલ્લો અને નડીઆદ પ્રગણું આપી વડોદરામાં પોતાના મુતાલિક નેમી આવી અનેક યુક્તિથી દામાજીરાવે રાજ્યનો વિસ્તાર વધાર્યો.

દામાજીના ભાઇ ખંડેરાવે ફક્રીર ઉદ્દઉલા સાથે ઘણી મિત્રાચારી રાખવાથી દામાજીએ તેમની મિત્રાચારી તોડી નાખી ખંડેરાવને નડીયાદ પ્રગણું જાગીર તરીકે આપી ભડોચના નાયબ સુબેદારનું કામ સોંપ્યું. દામાજીએ પેશવા સાથે જે કરાર કર્યા હતા તે અમલમાં મેલવા માટે પેશવાનો નાહનો ભાઇ ચઢાઇ કરવા નિકળ્યો. તેટલાં દામાજી છુટકારો મેળવી તેને જઇ મળ્યો અને તેઓ બે જણા સાથે મળી ખંડણી વસુલ કરતા વધ્યા. તેટલાં અમદાવાદમાં આવતાં ત્યાં જવાંમર્દખાનનો અમલ બેઠેલો જોઈ ઇ. સ. ૧૭૫૫માં શેહેર તાબે કરી તેની ઉપજ ગાયકવાડ તથા પેશવાએ સરખે હીસ્સે વેંહેંચી લીધી.

ઇ. સ. ૧૭૬૧ માં પાણીપતની લઢાઇ થઇ, ત્યારે દામાજી ગાયકવાડ પણ તેમાં એક સરદાર હતો. આ લઢાઇમાં મરાઠાઓ હાર પામતાં દામાજી બીજા સરદારો સાથે દક્ષિણમાં ગયો. દામાજી ઇ. સ. ૧૭૬૮ માં મરણ પામ્યો તે વેળા તેના ચાર પુત્રો સયાજી, ગોવિંદરાવ, માણકોજી અને ફતેહેસિંગ હૈયાત હતા.

દામાજીરાવ મરણ પામતા તેની ગાદી પર બેસવા માટે ભાઇ ભાઇઓમાં વેર વધ્યું. સયાજીરાવ સર્વેમાં વડો હતો પણ તે બીજી બાયડીને પેટનો હતો, અને ગોવિંદરાવ એ ઉમરે નાહનો છતાં પેહેલી સ્ત્રીને પેટનો હતો. ગોવિંદરાવને ગાદી આપવી એમ માધવરાવના મનમાં હતું પણ તે કૃત્ય ન્યાયશાસ્ત્ર વિરૂધ હોવા છતાં સયાજીરાવને ગાદી સોંપી તેના રાજ્યનો સર્વ કારોબાર ફતેહેસિંગે જોવો એમ કર્યું. તે પછી માધવરાવ મરણ પામતાં નારાયણરાવ પેશવા થઇ માર્યો ગયો અને આથી પેશવાઇ રાઘોબા દાદાને હાથ આવી, તે વેળા રાઘોબાએ ગોવિંદરાવને ગાયકવાડની સત્તા સોંપી. તે મુજબ ફતેહેસિંગથી લઢી પોતાને હક્ક મેળવવા તે ગુજરાતમાં ગયો પણ તેટલાં રાઘોબા દાદાને પદભ્રષ્ટ થવું પડયું. તોય ગોવિંદરાવને તેનો આશ્રય હતો, પણ ફતેહેસિંગે ઇંગલીશ તથા નવા પેશવા સરકારની મદદ મેળવી અને લઢાઇઓ કરી. તેમાં છેલ્લે ફતેહેસિંગની ફતેહ થઇ. ૧૮ વર્ષ વેર મુલકનો કારોબાર ચલાવી ઇ. સ. ૧૭૮૯ માં ૩૧ ડીસેંબરે ફતેહેસિંગ હવેલીના માળની સીડીએથી ઉતરતાં પડી મરણ પામ્યો. આથી ગાયકવાડની રાજ્ય ગાદી ગોવિંદરાવને મળી. પણ તેનો ભાઇ માણકોજીરાવ તેની સામો થયો. તેણે પેશવાને ૩૩,૧૩,૦૦૧ રૂપ્યાનો નજરાણો આપી, ફતેહેસિંગ ઉપર આગલા ચઢેલા ૩૬,૦૦,૦૦૦ રૂપ્યા આપવાનું કબુલ્યું. તો પણ બેઉ ભાઇઓ વચ્ચે ૪ વર્ષ વેર કજ્યો ચાલ્યો. તેટલાં ઇ. સ. ૧૭૭૩ માં માણકોજી મરણ પામતાં ગોવિંદરાવ રાજ્ય પદ પામી ઇ. ૧૮૦૦ માં મરણ પામ્યો. તેને ત્યાં આનંદરાવ, ફતેહેસિંગ અને સયાજી એ પરણેતરનાં ને કાન્હોજી વગેરે ૮ દાસી પુત્રો હતા.

ગોવિંદરાવ પછી આનંદરાવ ગાદી નશીન થયો. પણ તે ભોળા સ્વભાવનો હોવાથી તેના

રાજ્યનો કારોબાર ફતેહેસિંગ જોતો હતો તેનો અને કાન્હોજીનો ઝગડો લાગો ત્યારે ફતેહેસિંગે ઇંગલીશોની મદદ માગી, તે તેમને મળીઆથી તેના રાજ્યમાં મહલારાવ નામે એક સંબંધીએ બંડ ઉઠાવ્યું હતું તે દાબી દઇ, આરબોનો દંગો દાબી દઈ કાન્હોજીને કેદ કરી કિલ્લામાં પુર્યો. તે વખતના ખર્ચ માટે ગાયકવાડ સરકારને રૂ ૪૧,૩૮,૭૩૨ કર્જ કાઢવા પડયા હતા. તેમાંની અર્ધી રકમ ઇંગલીશ સરકારે આપી અને બાકીની અર્ધી સાહુકારોએ આપી. આ રકમ વ્યાજે કઢાવી હતી. તે માટે એવો કરાર હતો કે પાંચ વર્ષમાં હપ્તે હપ્તે રકમ ચુકવવી, પણ જો નહિ ફેડી શકાય તો તેને બદલે કેટલાક પ્રાંત ઇંગ્રેજોને આપવા. છેલ્લે ૧૮૦૫ વેર ઇંગ્રેજોને લેણા પેટે કશું નહિ મલવાથી ગાયકવાડ સરકારે ૧૨,૯૫,૦૦૦ રૂપ્યાની ઉપજવાલો પ્રદેશ સોંપી ચોરીયાશી, ચિખલી અને બેડા પ્રગણાં બક્ષેસ કીધા; તે શિવાય ફોજના ચઢેલા પગારની બાકી આપવા ધોલકા, વિજાપુર, નડીયાદ, મુંદ્રા અને મહતર વગેરે પ્રગણા ઇંગ્રેજોને સોંપ્યા; જેનું ઉત્પન્ન ૧૧,૭૦,૦૦૦નું હતું. આ રીતે ઇંગ્રેજોને ગાયકવાડ તરફથી ઘણો મુલક મલ્યો. તે પછી ૧૮૧૨માં ગાયકવાડી રાજ્યમાં મોટો દુકાળ પડયો, આથી બજનો બાલી થઇ કર્જ વધ્યું. ઇ. સ. ૧૮૧૮ માં ફતેહેસિંગ મરણ પામ્યા અને તે પછી તરતજ આનંદરાવ પણ મરણ પામ્યા આથી તેમનો નાહનો ભાઇ સયાજીરાવ ગાદીએ બેઠા.

ઇ. સ. ૧૮૨૦ માં મુંબઇના ગવરનર મૌંત સ્તુઅર્ત એલ્ફીન્સટન વડોદરે ગાયકવાડ સરકારની મુલાકાતે ગયા. ત્યાં ઇંગ્રેજ સરકારે પોતાના લેણાનો નિકાલ કરી લીધો. સયાજીરાવે ગવરનરને એવું જણાવ્યું કે રેસીદંતને હાથ રાજકારોબાર હોવાથી અમોને અડચણ પડેછે, આથી સયાજીને તેમનો સર્વ કારોબાર સોંપ્યો. પણ તેમને ચેતવણી આપી કે તેમનીપર ચઢેલા અર્ધા કર્જ માટે ઇંગ્રેજ સરકાર જામીનદારછે, તેથી તે દેણાનો નિકાલ ૭ વર્ષમાં કરી નાખવો. પણ ૧૮૨૮ વેર તેનો નિકાલ નહિ થવાથી ઇંગ્રેજ સરકારે પેટલાદ, કડી, બ્યારા, ડભોઇ, સંખેડા, બાધરપુર, સીનોર, અમરેલી, દામનગર, શિઆનગર એ પ્રગણા અને કાઠિઆવાડ, મહીકાંઠા, રાજપીપળા, છોટાઉદેપુર, અને સંખેડા મેવાસનાં સંસ્થાનો ઉપરની બંડણીપર જપ્તિ બેસાડી અને આખેર ૧૮૩૨ માં સાહુકારો તથા ગાયકવાડ સરકારને અંદર અંદર સમજાવી પોતાની જામીનગીરી કાઢી નખાવી જપ્તી ઉઠાવી લીધી. સયાજીરાવ ૧૮૪૭ માં મરણ પામ્યા આથી તેમનો વડો કુંવર ગણપતરાવ ગાદીનશીન થયા. એમણે માત્ર ૭ વર્ષ રાજ્ય કર્યું. એમના અમલ દરમ્યાન ૧૮૪૯ માં છોકરાં વેચવાની બંદી થઇ, અને ૧૮૫૬ માં ગુલામો વેચવાની તેમજ ખરીદવાની મનાઇ થઇ. એજ વર્ષમાં મુંબઇ, વડોદરા અને મધ્ય હિંદુસ્તાન વચ્ચેની રેલ્વે સડક બંધાઈ. તેને માટે ગાયકવાડ સરકારે પોતાની રાહદારી જકાતમાં નુકસાન નહિ થાય એવી શરતે જમીન કુંપનીને આપી. ૧૯ મી નવેંબર ૧૮૫૬ માં ગણપતરાવ મરણ પામતાં ખંડેરાવ ગાદીનશીન થયા. આ મહારાજા ૬૬ મનના. શરીરે બળવંત, અને શેકારના શોખીન હતા. આ મહારાજાના અમલમાં ૧૮૫૭ નો બળવો થયો તે પ્રસંગે બ્રિટીશોને મદદ કરી પોતાને પેશ પડતાં લાભો મેળવ્યા. એવણ ૧૮૭૦ માં ૨૦ મી નવેંબરે મકરપુરના મેહેલમાં મરણ પામ્યા. આ વેળા મહારાજા ખંડેરાવનાં રાણી જમનાબાઇને ઓધાન હોવાથી મલ્હારાવને રિજન્ટ તરીકે નેમ્યા. રાણીએ રેસિડન્ટના બંદોબસ્ત બંગલામાં એક પુત્રીનો જન્મ આપવાથી મલ્હારાવ ગાદીવારેસ ઠર્યા.

મલ્હારાવની સત્તા સ્થાપન થતાં તેમણે પોતાના પક્ષના કેદ પડેલાઓને છોડવી ખંડેરાવ મહારાજના પક્ષના અધિકારીઓને દૂર કીધા. મલ્હારાવ ઉપર રેસિદંત કર્નલહેર

એમને વિષ આપવાનો સંશય જતાં તેમજ રાજ્યમાં ગેરબંદોબસ્ત ચાલતાં તેમની તપાસ કરી ૧૮૭૫ માં તેમને પદભ્રષ્ટ કરી મદ્રાસ મોકલ્યા, જ્યાં ૧૮૮૨ માં ૨૬ મી જુલાઇએ તેમનું મરણ નિપજ્યું.

મલ્હારાવને પદભ્રષ્ટ કર્યા પછી રાણી જમનાબાઇને ઇંગ્રેજ સરકારે દત્તક લેવાનો અધિકાર આપ્યો. દત્તક પુત્રની ખોળ કરતાં ગાયકવાડ સરકારના મૂળ પુરૂષ પીલાજીરાવના ત્રીજા પુત્ર પ્રતાપરાવના વંશના કાશિરાવ ગાયકવાડના ત્રણ પુત્રો ખાનદેશમાંથી મળી આવ્યા. તેમનાં નામ આનંદરાવ, ગોપાળરાવ, અને સંપતરાવ હતાં. એ ત્રણમાંથી વચલા કુંવર ગોપાળરાવ કે જેમનું વય તે વેળા ૧૨ વર્ષનું હતું તેમને ઇંગ્રેજ સરકાર તરફથી એજંટ સાહેબે તા૦ ૨૭ મી મે ૧૮૭૫ માં દત્તક કર્યા, અને તેમનું નામ બદલી સયાજીરાવ પાડયું. તેઓ લાયક ઉમરના થતાં સુધી દિવાનરાજા-સર. ટી. માધવરાવ મારફતે રાજ્ય ચલાવવાનો બંદોબસ્ત કર્યો. પછી સયાજીરાવને રાજ્યના માલેક ઠેરવી ૬ વર્ષ સુધી સઘળી જાતની કેળવણી આપી પ્રવિણ બનાવી ૧૮૮૧ માં ૨૮ મી ડીસેંબરે મુંબઇના ગવરનર સર જેમ્સ ફરગ્યુસને તેમને સઘળો અધિકાર સોંપ્યો. મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડને પોતાના વડીલોથી ચાલતા આવેલા "શ્રીમંત સરકાર સેના ખાસખેલ શમશેર બહાદુર"ના ખિતાબમાં તા૦ ૧ લી જાનેવારી ૧૮૭૭ ને રોજે દિલ્હીદરબારમાં એમને "કૈસર-એ હિંદ દૌલતે ઇંગ્લિશિઆ"નો માનવંત ખેતાબ બખસ્યો હતો. વળી એજ પ્રસંગે સર ટી૦ માધવરાવ દીવાન બહાદુરને "રાજા"નો નાયબદિવાન વિનાયકરાવ જનાર્દનને રાવબહાદુરનો, મીર કમાલુદીન હુસેનખાનને, સરસૂબા હાજી શહાબુદ્દીનને, સેટલમેંટ ઓફીસર પેરતનજી જહાંગીરજીને, અને વડા ન્યાયાધીશ ખરશેદજી રૂસ્તમજીને "ખાનબહાદુર"ના ઇલકાબ તથા ચાંદ ભેટ મળ્યા હતા.

ઇ૦ સ૦ ૧૮૮૦ ના સાલમાં શ્રીમંત મહારાજા સાહેબનાં લગ્ન તંજાવરનાં રાજકુંવરી ચીમનાબાઈ સાથે મોટી ધામધુમથી થયાં હતા. ૧૮૮૩ માં ચીમનાબાઇએ એક પુત્ર પ્રસવ્યો તેનું નામ ફતેહસિંહરાવ પાડવામાં આવ્યું હતું. પણ ૧૮૮૫ માં આ મહારાણી શ્રી ચીમનાબાઇ મરણ પામ્યા હતા. તે પછી મહારાજા એજ સાલમાં બીજીવાર દેવાસના રાજાની કુંવરી સાથે પરણ્યા હતા, અને આ રાણી સાહેબનું નામ પણ ચીમનાબાઇજ રાખવામાં આવ્યું હતું.

શ્રીમંત મહારાજા વિદ્વાન, ચંચળ અને ઉદાર વૃતિનાં છે. તેઓ હિંદુસ્તાન ઉપરાંત યૂરપમાં અનેકવાર પ્રવાસ કરી પોતાના દેશને આબાદ કરવાના અનેક કામો આરંભી પાર પાડયાં છે. તેઓએ પોતાના રાજ્યમાં અનેક પાઠશાળાઓ સ્થાપી મોટા વિદ્વાનોને ખાસ આશ્રય આપી રાખ્યાછે. વડોદરામાં "કળાભવન" નામે મોટી હુન્નરશાળા સ્થાપી છે. ઢેડાના છોકરાઓને ભણાવવા માટે જૂદી અંત્યજ શાળાઓ સ્થાપી છે. નાહના નાહના ગામોમાં પણ "ગ્રામ્યશાળા"ઓ સ્થાપી છે. તે શિવાય ખેતીવાડીની વિદ્યા શિખવવા માટેની પણ શાળા સ્થાપી છે. (જુઓ સયાજી રાવ). આ શ્રીમંત મહારાજાને બ્રિટીશ સરકાર તરફથી છાવણીમાં ૨૧ તોપોનું માન મળેછે.

ગાયન શાસ્ત્ર—તેની ઉત્પંતિ, શોધ, અને પ્રાચીન તવારીખ. તેના સાજ વાજંત્રની તવારીખ, બનાવટ અને સમજ; તથા ગાયન શાસ્ત્રની સમજણ.

હિંદુસ્તાનનું ગાયન શાસ્ત્ર એક સંપૂર્ણ ખેડાયલું શાસ્ત્ર છે. આ શાસ્ત્ર પોતાની ઉત્પતિ માટે પ્રાચીન આર્યનોના દેવતાઓને આભારી છે. ઇશ્વરે નિર્માણ કરેલાં જે સ્વરો તેની સંયુક્ત રચનાએ કરી કર્ણેંદ્રિય (કાન)થી અંતઃકરણને પ્રિય લાગે એવી કરેલી યોજના તે ગાયન અને તે સંબંધી જે શાસ્ત્ર તેને ગાયન (સંગીત) શાસ્ત્ર કહે છે.

મનુષ્યમાત્રનો સ્વભાવજ એવો છે કે તેને સારાં સ્વરો પ્રિય લાગેછે. જેમ નરમ પદાર્થ, નરમ વસ્ત્રો, સુંદર રચના, કુદરતી હરિયાળી, રંગબેરંગી ચીજો વિગેરે આંખને પ્રિય લાગે છે. તેમજ કાનને સ્વરો પણ પ્રિય લાગેછે. કેટલાક મનુષ્યોનાં કાન ઘણાં તિક્ષણ હોઇ તેમની બુદ્ધિ અતિ તિવ્ર હોય છે, તો કેટલાકમાં તે ગુણ હોતો નથી. આખી જગત સ્વરોથી ભરપૂર છે, અને મનુષ્યનાં કંઠમાં સ્વર ઉત્પન્ન કરવાની શકિત પરમેશ્વરે આપી છે, પણ જે પુરૂષો એ વિદ્યામાં વિદ્વાન હતા તેઓએ સ્વરોને સંપૂરણ પ્રિતીમય કરવા માટે ચોકસ ધોરણોથી તેનાં નિયમો સ્થાપન કરી તેનું બંધારણ કર્યું અને તે પ્રમાણે સ્વરો કાઢવાથી તે વધુ ખેચાણકારક થઇ પડે છે. પક્ષીઓમાં પણ કેટલીક જાતો સ્વાભાવિક મધુર સ્વર કાઢવાને માટે જાણીતી છે, અને કેટલાક પક્ષી કઠોર સ્વરનાં પણ હોય છે, મનુષ્યમાં સ્ત્રીનો સ્વર સૌથી શ્રેષ્ટ મધુરતાવાલો ગણાય છે, અને તે બુઢાપા વેર ટકી શકે છે પણ પુરૂષનાં સ્વરમાં હેરફેર થતો જઇ તે ઘાડો થાયછે.

દુનિયાંની ઉત્પંતિ સાથે રાગની પણ ઉત્પંતિ થઇ હોય એ નજરે દેખાતા દેખાવો ઉપરથી કહી શકાયછે. જેમકે સમુદ્રનાં મોજાંનો અવાજ, તુફાની પવનમાંથી ઉત્પન્ન થતો અવાજ, વાદળાનાં ગગડાટનો અવાજ, બુલબુલ પક્ષીનાં કંઠમાંથી નિકળતો અવાજ, રેંટના ફરવાથી નિકાળતો ધીમો અવાજ વગેરે કુદરતે ઉત્પન્ન કરેલી દરેક પેદાયશમાં શરૂઆતથી ગાયણની નવાજેશ કરેલી જણાયછે. પક્ષીમાં જેમ કુદરતી બક્ષેસ છે તેમ નિર્જીવ ચીજમાં પણ ચોકસ સંબંધથી રાગ ઉત્પન્ન કરવાની શકિત છે. કેટલાકો જણાવે છે કે પોકળ બરૂમાં પવન ભરાયાથી તેમાંથી નિકળતા અવાજ ઉપરથી ગાયનની શોધ થઈ હતી, ત્યારે કેટલાકો પક્ષીના સરોદ ઉપરથી એની ઉત્પતિ થએલી માને છે.

ગાયન ગાવાનો હુન્નર મનુષ્યની છાતી તથા ફેફસાને ખીલવે છે. એ હુન્નર ફેફસાનાં દર્દોના હુમલા સાથે મનુષ્યને રક્ષણ આપે છે. ગવૈયાઓનાં ફેફસાં ઘણાં ખીલેલાં હોય છે અને તેથી તેઓ ફેફસાંને લગતાં દર્દોથી નિરાળા હોય છે. જેની છાતીની ખીલવણી ખામીભરેલી હોયછે, તેમજ જે મનુષ્ય રૂહધ્યનાં દરદથી પિડાય છે તેને માટે આ હુન્નર એક દવા તરીકે ગણાયછે.

ગાયન વિદ્યા પુરાતમ જમાનામાં કેવી હાલતમાં અને કેવા પ્રકારમાં પસરેલી હતી તે ચોકસ નોંધોથી આજે કહી શકાતું નથી, તોપણ એટલું તો ચોકસપણે જણાયલું છે કે પ્રાચીન કાળમાં ગાયન શાસ્ત્રનાં કાયદા યા તેને સણગારવાનાં વાજંત્રો નહિ હશે. પણ હિંદુ ધર્મશાસ્ત્રમાં નારદમુનીને આ વિદ્યા તથા વાજંત્ર કળામાં પૂર્વિણ તરીકે વર્ણેલો છે. પણ એટલું તો ચોકસ જણાય છે કે ગાયનની લખાવટ કરવાની શોધ તેમજ હાલમાં યૂરપમાં રાગના અવાજ લખવાનો હુન્નર યાને અવાજ વિદ્યાનાં મૂળાક્ષરો તે જમાનામાં નહિ હતા, પણ તે હાલનાં જમાનાની શોધનું પરિણામ છે, તે ઉપરથી પુરાતમ જમાનાની રાગ વિદ્યા વિષે થોડુંજ જણાયલું છે;

"હિંદુ સંગીતશાસ્ત્ર મુજબ વેદક જમાનામાં ૩,૩૬,૦૦,૦૦૦ રાગો હતાં. જેમાંના સૂર તથા તાલનાં બંધનથી બાંધી લીધેલા પ્રસિદ્ધ રાગ, અવાજ વિદ્યાનો હુન્નર તેઓમાં અધુરો હોવાથી આજે તે હિંદમાંથી ગુમ થઇ ગયોછે, અને પ્રાચીન બંધનનાં ૪૦૦૦ રાગો મળવાં પણ મુશકેલ થઇ પડયાછે. સા રે ગ મ પ ધ નિ એ હિંદી રાગની અવાજ વિદ્યા ગણાય છે.

ગાયનની શોધ ચોકસ ધણીએ કરી હતી એમ કહેવાય નહિ. પણ હિંદુ શાસ્ત્રમાં ભારતઋષિ, શિવ, નારદ એમને જણાવેલા છે અને સ્ત્રીઓમાં પાર્વતી, સરસ્વતી, જાંબુવંતી એમને ગાયણ વિદ્યાના ઉસ્તાદ વર્ણેલાં છે. હિંદુઓના પુરાણમાં ગાયનના મહત્વ વિશે એક એવો સ્લોક આપેલો છે કે:—

યથા નયંતિ રાગાસ્તે
નરં ગાયન કોવિદ ॥
તથા નયંતિ કૈલાસ
ન ગંગા ન સરસ્વતી. ॥ ૧ ॥

અર્થ—ગાયન જાણનાર પુરૂષને રાગ જેમ ઉત્તમ લોક પ્રત્યે લઇ જાયછે તેમ કૈલાસ, ગંગા કે સરસ્વતી લઇ જઇ શકતી નથી.

પણ તવારીખ રૂપી શહાદતની ગેરહાજરીમાં જણાય છે કે જેમ જૂદી જૂદી ભાષામાં ને દેશોમાં ગાયનની જૂદી જૂદી પદ્ધિતિ ચાલે છે ને અભ્યાસ વધારવામાં આવે છે તે ધોરણે તેની મૂળ ઉત્પતિને કોઈ પણ જણાવી શકતું નથી, તોપણ એ વાત ચોકસજ છે કે ગાયન દુનિયાની ઉત્પતિ સાથે પેદા થઇ જૂદે જૂદે વખતે સુધરતી અને ચઢતિ હાલત ઉપર આવતો ગએલો છે. જેમ કે હાલમાં એશિઆ, યૂરપ અને અમેરિકામાં રાગ વિદ્યા ત્યાંની સુધરેલી પ્રજાની હાલત પ્રમાણે સંપૂરણ ચઢતી હાલતમાં છે અને આફ્રિકાના અર્ધ જંગલી દેશમાં ત્યાંની જંગલી હાલતને અનૂસરતાંજ અધુરાં વાજીંત્રો ને રાગો હસ્તી ધરાવે છે. એ ઉપરથી એમ સિદ્ધ નથી થતું કે ફલાણાજ શખસે તેની પ્રથમ શોધ કરી; કારણ ગાયનની શોધ કુદરતીછે ને તે કુદરતેજ ઉત્પન્ન કરેલી એક વિદ્યા છે. કેમકે જૂદા જૂદા દેશની પ્રજાઓના ગાયન જૂદી જૂદી ઢબનાં હોય છે પણ તે ઉત્પન્ન કરવાની રૂઢી તો એકમેકને મળતીજ દિસે છે.

હિંદુ ધર્મ શાસ્ત્રમાં ગાયન વિદ્યાને આકાશમાં ઉત્પન્ન થએલી વિદ્યા જણાવેલી છે. હિંદુઓના 'સામવેદ' ઉપરથી જણાય છે કે બ્રહ્મા અને તેનું બળ સરસ્વતિ તથા નારદ એમનાથી સંગીત શાસ્ત્રની ઉત્પતિ થઇ. 'ગીતા'માં જણાવ્યા મુજબ "ગાયનની ઈશ્વરી વિદ્યા ગાનારાઓમાં ગાંધર્વો યાને ઈંદ્રના ગવૈયાઓ હતા, જેઓમાં પેહેલો ગાયનકાર ભરતઋષિ હતો, તેણે ગાઇ નાચી તથા નાટકો કરી બતલાવ્યાં હતા અને ગાયનનાં કાયદા બનાવ્યા હતા.

ગાયન શાસ્ત્ર ઉપર હિંદુસ્તાનમાં જુદા જુદા સંખ્યાબંધ ગ્રંથો જુદી જુદી ભાષામાં પ્રગટ થએલાં છે, તેમાં જુદા જુદા વિષયો જુદી જુદી રીતે અહીં તહીં આપેલા જણાય છે. પ્રસિદ્ધ ભાષા શાસ્ત્રી સર વિલીયમ જોન્સે ઈ૰ સ૰ ૧૭૯૯ માં હિંદુસ્તાની રાગ સંબંધી વર્ણન કરતાં તે સંબંધી લખાયલા જુદા જુદા ગ્રંથોની એક ટીપ આપેછે તેમાં નીચલાં ગ્રંથો મુખ્ય છેઃ—

શોન ગીતા.	રાગ દર્પણ.
રાગ વિબોધ.	હારતોલતાજ.
દામોદરા.	સભા વિનોદ.
રત્નાકાર.	શમ્સઉલઅોસ્તવાર.

નારાએણ ગ્રંથ. રાગ રનાવા. આમીન.

ઉપલા જુનાં ગ્રંથો ઉપરથી જણાય છે કે આ વિદ્યા હિંદુઓમાં ઘણા પ્રાચીન કાળથી જાણીતી હતી. તેઓમાં રાગવિદ્યાનાં ગ્રંથો સંસ્કૃત ભાષામાં રચાયલાં હતા અને તે ઘણાં રસીક હતાં. હિંદુ ધર્મમાં ખુદ તેમનો ઉપયોગ કરેલો છે. તેઓનાં મંદીરોમાં કિર્તન તથા ભક્તિ ગાયનમાં કરવામાં આવે છે, જે માટે 'ભાગવત' જાણીતો ધર્મ ગ્રંથ છે; તેમજ પ્રાચીન કાળમાં હિંદુઓનાં દેવતાઓ ઋષિઓ તથા વિદ્વાનો આ વિદ્યામાં તથા વાજીંત્ર કળામાં પૂરવિણ થઇ ગએલા જણાવવામાં આવેછે. તેઓમાં—

શોમેશ્વર.	શેશ.	તુંબર.	રાવણ.
પાર્વતી.	વાઇ.	ભરત.	નારદ.
કસપ.	દીશા.	સરસ્વતી.	જાંબુવંતી.
હનૂમાન.	કાલીનાથ.	કોહોજ	અર્જુન.

દુરગા. વગેરે—

તેમાં કેટલાક રાગ તો તે બનાવનારના નામ ઉપરથી ઓળખાયછે અને તે તે ગાનારા તેજ મતના ઓળખાયછે; તેમાં ભરતમત, હનુમત અને નારદમત પ્રસિદ્ધછે.

હિંદુઓની આ દેવતાઇ વિદ્યા મનુષ્યોને મળ્યા પછી તેઓએ લાંબા કાળવેર તેને જાળવી રાખી પોતામાં ફેલાવી હતી, પણ સેકંદર પછીની હિંદુસ્તાનપર પરદેશી રાજ્યોના હુમલા પછીના ગડબડના સમયમાં આ વિદ્યાપર કોઇ ઝાઝું લક્ષ આપી શક્યું નહિ. તેમાં મુસલમાનોની હિંદપર ચઢાઇ થયા પછી તો એ વિદ્યાનાં ગ્રંથો રફતે રફતે નાશ પામતા ચાલ્યા, તેમાં મોગલાઇમાં તેમાં ઇરાની રાગોનું મિશ્રણ થયું અને ઇસલામી રાગો ગુમ થતા ગયા. માત્ર મહાન અકબરનાં જમાનામાં તાનસેન, બેજુબાવરા અને ગોપાલ નાયેક આ વિદ્યાને ચઢતી કળાએ આણવાનો યત્ન કરી તેમાં ઘણે ભાગે પાર પડયા; પણ તે પછીના ઇસલામી પાદશાહોનો ઇરાની રાગોપર વધુ શોખ વધતાં અને મરાહાના વિગ્રહ તેમજ યૂરોપીયન પરદેશીઓની ઉથલપાથલના ગડબડીયા હિંગામને લીધે આ વિદ્યા પર ઝાઝું લક્ષ આપવાની રાજા, પાદશાહોએ દરકાર કરી નહિ અને તેથી દીનપરદીન પ્રાચીન રાગો ગુમ થતા ગયા. તેમાં દીપક રાગ તો છેક અકબરના વખતમાંજ તાનસેનને લીધે ગુમ થયો હતો.

જેમ ભરતખંડને રાગ વિદ્યાનું પેહેલું મથક જણાવવામાં આવ્યુંછે તેમ બીજા દેશો પણ તેની ઉત્પતિ માટે પોતાનો દાવો રજુ કરી શકેછે.

ચીનાઈ પ્રજા રાગ વિદ્યા પોતાના દેશમાં ઘણાજ પુરાતન કાળમાં ઉત્પન્ન થએલી જણાવે છે અને તેઓ 'ગાયનદેવી'ની આજ વેર પુજા કરેછે. આ 'ગાયનદેવી' ઘણી ખુબસૂરત, બળવંત અને ચંચળ હતી તેથી આ વિદ્યા એવી ઐંચાણકારક બનીછે એમ તેઓ કહેછે.

ઈજીપ્ત દેશ પોતાના પ્રાચીનત્વ માટે જગ જાહેર છે, તેમ તે દેશ ગાયન વિદ્યાની ઉત્પતિ માટે પણ દાવો કરેછે. 'ડીઓડોરસ સાઇકયૂલિસ' નામનો એક પુરાણો ઈટાલ્યન વિદ્વાન જેણે ઇ. સ. પૂર્વે ૫૦ માં દુનિયાની સાધારણ તવારીખ નામનો ગ્રંથ ૩૦ વર્ષની અથાગ મહેનત પછી ૪૦ દફતરોમાં રચ્યો હતો, તે શહાદતોથી ખુલ્લી રીતે જણાવેછે કે "મીસર દેશની આગમજ બીજા કોઇ

પણ દેશમાં ગાયન વિદ્યા જાણીતી થઇ નહોતી. જ્યારે તમામ દુનિયાના બીજા ભાગો જંગલી સ્થિતિમાં હતા ત્યારે મીસર દેશમાં આ વિદ્યા સંપૂર્ણ રીતે ખેડાયલી અને તેને સણગારનાર વાજીંત્રો બનાવવાનો હુન્નર સંપૂર્ણ કળાએ પોંહચ્યો હતો. તે વેળા ગાયન અને વાજીંત્ર કળા તેમના ધર્મ ગુરૂઓના હાથમાં હતી અને તેઓજ માત્ર તેનો ઉપયોગ ધર્મ ક્રિયામાં કરતા હતા. તે વખતનાં રાગો મીસર ઉપરની અનેક ચઢાઇઓને દુનિયાનાં ફેરફારો સાથે તેમાં ફેરફાર થતો જઈ તેની હાલની હાલત પર આવી અટકયો છે.

હિબ્રૂ (યાહુદી) પ્રજાના પ્રાચીન કરારનામામાં ગાયન વિદ્યાનું વર્ણન મળે છે. તેઓના પેગંબર મુસાને પાદશાહ 'ફેરો'ની બેટીએ બધી જાતનાં વિદ્યા હુન્નરો સાથે રાગ વિદ્યા પણ શિખવી હતી. પેલેસ્તાઇનમાં પુરાણા હિબ્રૂ લોકો ગાયન વિદ્યાનો ઉપયોગ ધર્મ ક્રિયામાં પણ કરતા હતા અને તેઓમાં ઘણાખરા રાગ જાણનારાઓનેજ ધર્મગુરૂની પદ્વિ આપવામાં આવતી હતી, તેમજ તેઓ વાજીંત્ર સારી રીતે વગાડી ગાઈ જાણતા હતા. તેઓને વંશપરંપરા ધર્મગુરૂની જગા મળ્યા કરતી. તેઓની મરણ ક્રિયાવેળા ગાયન અને વાજીંત્ર સાથે ઉપયોગમાં લેતા; પણ તેમની આ ગાયન વિદ્યા વગર કાયદા અને બંધનની હોવાથી તે જેવી જોઈએ તેવી બીલી શકી નથી.

ગ્રીક (યુનાની) પ્રજામાં ગાયન વિદ્યા ઘણી ચઢતી કળાએ પોંહચેલી જણાઇ છે. મીસર દેશ ગ્રીક પ્રજાએ તાબે કર્યા આગમજ તેઓમાં આ વિદ્યા પ્રસાર પામેલી હતી. કેમ કે 'કાડમસ' નામના સરદારે 'થીબ્સ' નામનું શેહેર વસાવ્યું હતું. તે શેહેરમાંથી સુન્દા ત્રાંબાની ધાતુ લોઢામાં મેળવીને યૂનાની લોકો તેના હથિયારો બનાવતા હતા અને તે હથિયારો તેઓ નાચતી વેળા તથા પોતાના દેવતાઓને ભોગ આપતી વેળા એક બીજા સાથે અથડાવતા હતા, જેમાંથી નિકળતા અવાજ ઉપરથી તેઓમાં રાગવિદ્યાનો પેહેલો વિચાર

ઉત્પન્ન થયેા હતેા, એ શિવાય યુનાની લેાકેામાં ગાયનવિદ્યા અને તેને લગતાં વાજીંત્રેા ઉત્પન્ન કરવાનું માન તેઓ પેાતાના દેવતાઓને આપે છે; તેમાં તેઓએ સુધારેા કર્યો હતેા એવું સિધ્ધ થએલું છે; પણ તેઓમાં રાગ વિદ્યાનાં મૂળાક્ષરેા નહિ હેાવાથી તે પુરાતમ ગાયનવિદ્યા સંપૂર્ણ રીતે જળવાઇ રહી નથી.

રેામન પ્રજામાં ગાયનવિદ્યા ગ્રીક લેાકેાથી દાખલ થએલી જણાયછે પણ તેમાં રેામનેાએ અતિ મેાટેા વધારેા કરી યૂરપમાં ઘણી ચઢતી હાલતમાં આ વિદ્યાનેા પ્રસાર કર્યો હતેા. આ દેશમાં ઇ. સનની ૧૦ મી સદી પછી રાગવિદ્યા શ્રેષ્ટાઇ પામી હતી. સેંટ સીસિલિ નામની એક રેામન બાનુનું ગાયન એટલું વખણાયું હતું કે તેનાં મધુર સરેાદથી આકાશનેા એક ફરસ્તેા તેનીપર મેાહીત પડયેા હતેા. દસમી અગીઆરમી સદીની વચ્ચે ફ્રાઇડેા નામના એક જર્મન રહેવાશીએ રેામ શેહેરમાં ૨૦ વર્ષ રહીને ગાયન વિદ્યાના કાયદાકાનુંનેા તથા તાલ શેાધી કાઢયાં હતા.

એક નેાંધ મુજબ 'જુબલ' નામના શખસે ગાયન સંબંધી કાયદા ઇ. સ. પૂર્વે ૧૮૦૦ માં શેાધી કાઢી તેના નીયમેા બાંધ્યા હતા. મેાહડેનાં ગાયનનેા પેહેલેા ઇસારેા ઇ. સ. પૂર્વે ૫૫૬માં કરેલેા મળે છે.

પુરાતમ ઇરાની પ્રજામાં ગાયન વિદ્યા સારી રીતે ખેડાયલી હતી, તેમજ તેમની હકુમત તળે એક જમાનામાં રેામન અને યૂનાની રાજ્યેા તાબે થએલાં હેાવાથી તેઓ તરફથી રાગ વિદ્યા તેઓમાં દાખલ થએલી હેાવી જોઇએ. સ્પેન્તમાન જરતેાસ્તનાં વખતમાં ગાયન વિષેનેા ખ્યાલ તે વખતના લેાકેાને હેાવેા જોઇએ; એવું ઘણીક શહાદતેા ઉપરથી જણાયછે. કેમકે જરતેાસ્તે રચેલા 'ગાથા' કવિતારૂપે રચાયલાછે, અને તે રાગથી ભણાઇ શકાય છે, કે જેમાં ગાયનની ચેાકસ ખુબીઓ સીલસીલાબંધ આવેછે, (જુઓ ગાથા.)

ખુશરૂ પરવેજના સમયમાં (છઠ્ઠી સદીમાં) આ વિદ્યા ઘણી ચડતી કળાએ પેાંહચી હતી. તેમજ તેની દરબારમાં સારા સારા ગવૈયાઓ તથા રામશગરેા આશ્રય પામેલા હતા તેમાં 'બરબુદ' નામનેા કુશળ ગવૈયેા ઘણી પ્રસિદ્ધતા પામ્યેાછે. તેણે પાદશાહ સારૂં એક દુવાનું પુસ્તક રચ્યું હતું. આ દુવાઓ 'ખેાશરવાની' નામના નવાજ રાગમાં જોડેલી હતી. ફીરદેાશીનાં શાહાનામામાં પુરાતમ જમાનામાં જાબજા રામશગરેાથી દરબાર ગાજતી જણાવીછે. પણ તે વખતનાં ગાયનેા ચેાકસ કાયદા વિનાના હેાવા ઉપરાંત તેનાં કેાઇ મૂળાક્ષર નેમેલાં નહિ હેાવાથી તે રાગેા મરણ પામ્યા છે.

ઇગલંડમાં ઇ. સ. ૧૪૫૦થી ગાયણ વિદ્યાની શરૂઆત થઈ હતી. ફ્રાન્સમાં ઇ. સ. ૧૭૦૦ સુધી આ વિદ્યા ઘણી હાલહવાલ હાલતમાં હતી. ઇ. સ. ૧૭૦૦ માં રાગ જોડનાર દાખલ ડૉકતર નૅથાનિઅલ જાઇલ્સ થેામસ ટેામકીનસન અને તેનેા પુત્ર હતેા. તે શિવાય 'ચેારલાંડ, ગીબન્સ, પેલહામ, હંકી અને હેન્રિ પરસેલ' પેહેલે દરજ્જેનાં ગણાયલા છે. પેહેલા જેમ્સનાં વખતમાં રાગ વિદ્યા એક ખાસ વિદ્યા દાખલ ઑકસફર્ડ યૂનિવ્હરસિટીમાં દાખલ કરવામાં આવી હતી. પેહેલા ચાર્લસના વખતમાં વેસ્ટમિન્સટરના રાગ જાણનારાઓને એક હક્ક બક્ષેલેા હતેા. જેઓ એ હક્ક ભેાગવતા તેઓ 'પેાએટ લૉરિયત (રાજકવિ) દાખલ ગણાતા અને તેઓજ રાગ ગાઈ બજાવી કમાણી કરી શકતા હતા. તેઓ શિવાય બીજો કેાઈ ગવૈયાનેા ધંધેા કરતેા તેને દંડ કરવામાં આવતેા હતેા. હાલમાં ઇંગલંડ, ઇટલી, જર્મની અને અમેરિકામાં 'સંગીત નાટકેા' ઘણીજ ચઢતી કળાથી ભજવી બતાવવામાં આવેછે. પેહેલેા સંગીત નાટક ઇ. સ. ૧૬૮૦ માં ઇટલીમાં આવેલા 'પેડુઆ' શેહેરમાં ભજવી બતાવવામાં આવ્યેા હતેા, જેમાં ૧૦૦કુમારીકાઓએ, ૧૦૦સીપાઇઓએ, ૧૦૦ ઘેાડેસ્વારેાએ, ૪૦ ધુંધરી વજાડનારાઓએ, ૬ સરનાઇ વજાડનારાઓએ, ૬ ચડધમ વજાડનારાઓએ, ૬ વાંસળી વજાડનારા ઓએ, બે હાથી સ્વારેાએ, બે સિંહ સ્વારેાએ અને તેઓ સાથે ૧૦૦ ઘેાડા અને ૩૦૦ માણસેા શામેલ થયા હતા. ઇ. સ. ૧૭૩૮ માં જૈફ અને નાતવાન ગાયણકારેા માટે ઈંગલંડ ખાતે એક ફંડ ઉભું કરવામાં આવ્યું હતું.

ગાયન મનુષ્ય ઉપર એટલે વેર સારી અસર કરી શકેછે કે તેની અસરથી કેટલાક દર્દો દૂર થઇ શકેછે. આગલા જમાનાઓથી ગાયન દવા તરીકે પણ પ્રસિદ્ધતા પામ્યું છે. 'પિથાગેારસ' જણાવે છે કે "મારા વખતમાં ઘણાખરા દર્દો ગાયનની એજમતી અસરથી સારાં કરવામાં આવતા હતા." હેામર, પ્લુતાર્ક, વગેરે યુનાની ગ્રંથકારેાનાં લખાણેા ઉપરથી માલમ પડેછે કે તેમના વખતમાં મર્કી, સંધીવા ને સાંપના દંખને ગાયનની અસરથી દૂર કરવામાં આવતું હતું. સેાલમી સદીમાં ઇટલીમાં એક ભયંકર મર્કી ફેલાઇ તે સમયે હજારેા ગવૈઆઓને મર્કી દૂર કરવા માટે કામે લગાડવામાં આવ્યા હતા, ફ્રાન્સમાં દેવાનશાળામાં ગાયન અને નાચ હમેશાં ચાલુ રાખવામાં આવેછે.

ડૉકટર બરટન ગાયનના એજમતી એલાજ ઉપર લખતાં કહેછે કે "નાઉમેદીને અને ગમને દુર કરવાને ગાયન જેવું અકસીર છે તેવી બીજી કેાઇપણ ચીજ નથી." સ્પેનનેા રાજા ફીલીપ ઉદાસ અને ગમગીન બની ગયેા હતેા, તે એટલાં વેર કે તે પેાતે બહાર નહિ નિકળતેા હતેા, તેમ દહાડી પણ બેાડાવવાને હજામને પણ પાસે આવવા દેતેા નહિ. સેવટે તેનું આ દર્દ "આગમકારનેલી" નામે ગવૈઆએ મધૂર ગાયનથી દૂર કર્યું હતું 'પાર્તા' નામનેા એક વિદ્વાન ગાયનનેા એલાજ એટલેા અકસીર જણાવેછે કે જે પણ ઝાડ દવાનાં કામમાં વપરાતાં હેાય તે ઝાડના લાકડાના વાજીંત્રેા બનાવી તે વાજીંત્રેામાંથી નિકળતા ગાયનને જૂદા જૂદા દર્દોપર અજમાવવાને ભલામણ કરેછે. તાપના દર્દોમાં અને મુખ્ય કરી ભેજની તાપમાં ગાયન ઘણી સરસ અસર કરેછે. વિદ્વાન 'દેાદાર્ત' એક ગવૈયાનેા દાખલેા આપેછે કે, તાપથી તદ્દન બેશુદ્ધ હાલતમાં પડેલેા હેાવા છતાં ગાયનનાં અવાજથી સાજો થયેા હતેા.

ગાયનની જનવરેાપર અસર.

સાધારણ રીતે એવું માનવામાં આવેછે કે જંગલી જનવરેા ગાયનની અસરથી તાબેદાર બનેછે, પણ એ ખ્યાલ સદાબરેા ખરેા નથી. ગાયનની અસર ઉંદર ઉપર સારી થાયછે પણ હરણ અને મેાર ઉપર તેની ભારે અસર થાયછે. ગાય, ગધેડેા કે બળદ ગાયન તરફ કશી ઇચ્છા બતાવતા નથી પણ હાથી તથા ઘેાડા ગાયન તરફ એટલેા તેા ચાહ બતલાવે છે કે તેઓ તેના તાલ પર પગ ઉંચકી ચાલે છે.

કુતરેા કદાચજ ગાયનનનાં સરેાદ તરફ ખેંચાય છે. બીલાડી ગાયનના વાજીંત્ર તરફ જરાએ ભાવ બતાવતી નથી.

પક્ષીઓ કે જેઓ કાંઇ સરેાદ કાઢી શકેછે તેઓપર ગાયનની મજબુત અસર થાયછે ને તેઓ પ્રતિ ઉત્તરમાં પેાતાનેા તીણેા સરેાદ કાઢી પસંદગી વટીક બતલાવે છે.

તરસ, ગેંડેા, દર્યાઇ ઘેાડેા, ડુક્કર, શાહમુર્ગ, દક્ષિણ અમેરિકાનું ઉંટ, વાઘ, સિંહ અને એવાજ બીજા હિંસક પ્રાણીઓપર ગાયનની કશી અસર થતી નથી પણ કેાઇ કદાચજ તેની તરફ માન બતલાવે છે.

ગાયન સાથેનેા વાજીંત્રનેા સંબંધ.

વાજંત્ર શાસ્ત્ર.

ગાયન કળાને ખીલવવાનું અને તેને ઝલેહ આપવાનું સઘળું માન વાજીંત્ર વિદ્યાને છે. જે દેશમાં વાજીંત્રેા સંપૂર્ણ સ્થિતિએ પેાહચ્યા નથી ત્યાંની ગાયન વિદ્યા જરાએ ખેડાયલી નથી. વાજીંત્રેાની શેાધ પછીજ ગાયનની શ્રેષ્ટાઇ દીપીછે. દરેક પ્રજાનાં જુદા જુદા વાજીંત્રેા છે અને તેઓએ તે જૂદે જૂદે વખતે શેાધી કાઢેલાં જણાય છે.

વાજંત્ર કળા એ ગાયન વિદ્યાનું જીવન છે. તે વના ગમે તેવા રાગ કાનને મધુર યા તેના ખરા આકારમાં અસર કરતો નથી. ગાયનની ખરી અસર વાજંત્ર ઉપજાવી શકેછે. વાજંત્ર એ ગાયનકળાને સાચવનાર કાયદો છે અને તે વિના રાગ કદીપણ બંધનમાં રહી શકતો નથી.

પ્રાચીન કાળની આર્ય પ્રજાએ વાજંત્ર કળાને પૂર્ણ દશાએ આણી હતી, એવું ઘણાઓનું મત છે. સરસ્વતી, નારદ અને કિન્નર વગેરે પૌરાણીક સ્ત્રી પુરૂષોની કુશળતા પ્રસિદ્ધ છે. આ વેદીક જમાના પછી વખત પ્રમાણે વાદ્યકળા પણ લય પામવા લાગી. તે પછી મુસલમાન લોકોએ હિંદુસ્તાનપર પ્રથમ સ્વારીઓ કરી ત્યારે આ કળા તદનજ નાશ પામી. કારણ કે તેમના ધર્મ ફરમાનમાં આ વિદ્યાની મનાઇ છે. ફકત તેમનાં વાદ્યોમાં ઢોલ અને તાસા જાણીતા હતા. પણ તેમને વાજંત્ર વગાડવાની મનાઇ છતાં હિંદના મધુર વાજંત્રોની તેમનીપર સંપૂર્ણ અસર થઇ, અને તેથી ઇ. સ. ૧૨૮૫ માં કેકોબાદ પાદશાહના રાજ્યમાં 'અમીર ખશરૂ' નામના એક સરદારે હિંદુ લોકોની વાજંત્રકળા અરબી વાદ્યકળા કરતાં અસાધારણ પંક્તિની જોઈ તેની મોટાઇ જાહેર કરી અને આ કળા શિખવાની મનાઈ છતાં તેણે આ કળા હિંદુઓ પાસે શીખી તેમાં અસાધારણ કુશળતા મેળવી અને તે દિવસથી હિંદુ વાજંત્ર કળાપર હિંદુઓ કરતાં મુસલમાનોની ઝાઝી પ્રિતી બેઠી. અકબર પાદશાહે પોતાની દરબારમાં હિંદુસ્તાનમાંનાં ઉત્તમ ઉત્તમ ગવૈઆઓને લાવી રાખ્યા હતા.

આ વાજંત્ર વિદ્યાના સૂર સંબંધમાં કેટલાકોનું કહેવું એવું છે કે દેશી સૂર અને વેલાતી સૂરમાં ઝાઝો ફરક નથી. હિંદુસ્તાનમાં વાજંત્રો તૈયાર કરવાના કામમાં ઘણી કળા કૌશલ્યાનો ઉપયોગ કરવો પડેછે તેથી, અને ગઇ અનેક સદીમાં તેના આકાર તથા બંધનમાં કાંઈ પણ ફરક પડયો નથી તે તરફ જોતાં તેમાંથી ઘણું જાણવાનું મળેછે. કેવળ જંગલી લોક વાપરેછે તે વાજંત્રો અને સુધરેલા ઉંચ વર્ણના લોકો વાપરેછે તે વાજંત્રો એ બેઉની તુલના કરી જોતાં આપણને તેમની શોધ અને ઉંચી શક્તિ વિશે ઘણું જાણવાનું મળેછે.

હિંદુઓના ગાયન અને વાદ્યકળાના સંબંધમાં વિચાર કરતાં એવું જણાયછે કે તેમનાં પ્રાચીન સૂરો ઘણાં મધુર હતા. હિંદના કારીગર લોકો વાજંત્ર તૈયાર કરવાનાં કામમાં અને તેને સણગાર આપવાની હુન્નરમંદીમાં ઘણા કુશળ જણાયલા છે. તેઓ વાજંત્ર બનાવવામાં મુખ્ય ચીજો બાંબુ, દેવનળ, લાકડું, કોહળું, લોખંડ, પીતળ, શીપ, સાબરશિંગ, હસ્તીદંત, ચામડું, આતરડાં વગેરે વાપરેછે.

હિંદી વાજંત્ર બનાવનારા ગામો.

મદ્રાસ ઇલાકામાં તાંજોર, મલબાર અને નીલગીરિમાં ઉત્તમ વાજંત્રો તૈયાર થાયછે. બંગાલ ઇલાકામાં કલકત્તા, ડાક્કા, મૂર્શિદાબાદ, વિષ્ણુપુર, વાયવ્યપ્રાંતમાં લખનૌ, બનારસ, અને રામપુર, પંજાબમાં દિલ્લી, લાહોર, મુંબઈ ઇલાકામાં મુંબઇ, અને પુનામાં તે બનાવવામાં આવેછે.

વાજંત્રો તહેવાર જાતનાં બનેછે. લાકડાનાં, ધાતુનાં, પોકળ ચીજોમાં પવન ભરવાનાં તથા તાર યા તાંતણાંનાં જૂદા જૂદા આકારનાં બનેછે. દરેક વાજંત્ર રાગને સૂરમાં રાખી તાલ અને સૂર પેદા કરાવનાર કાયદારૂપી હથિઆર છે. તેમાં સંપૂર્ણ ને અપૂર્ણ એવા વાજંત્રો પણ હોયછે. જે વાજંત્ર તેના બાંધેલા ઠાઠમાં બધી જાતનાં રાગ ત્રણ સપ્તક વેર નીચા ઉંચા અવાજોમાં પેદા કરી શકેછે તે સંપૂરણ, ને કેટલાક વાજંત્રો ચોકસ રાગ પોતાના અસલ ઠાઠમાં પેદા કરી શકેછે તે અપૂર્ણ. વાજંત્રમાંથી નીકળતો રાગ ઘણો અસરકારક હોય છે. તે સારી યા માઠી જુસ્સાની યા દિલગીરીની, ગુસ્સાની યા રંજની ચાહે તેવી અસર કરી શકે છે.

વાજંત્રની અસર.

ડૉકતર રીચર્ડમીડ જ્યૉર્જનો તબીબ રાગની સારી માઠી અસર સંબંધી પોતાનાં એક વૈદક ગ્રંથમાં લખેછે કે તેની પીછાનના એક ઉસ્તાદ સારંગી વધાડનારાએ, એક દિવસે એક સરોદ વજાડયો. એઅવાજથી તેનો કુતરો ઘણોજ દુઃખી થયો, ત્યારે તેણે તેજ સરોદ વધારે વખત વજાડતાં તે કુતરો ઘણો બીમાર થઇ થોડા વખતમાં તાનતોડ કરી મરણ પામ્યો. મી૦ ડી. એન. પટેલ પોતાના જ્ઞાન પ્રસારક મંડળીમાં આપેલા એક ભાષણમાં જણાવેલા દાખલા મુજબ "કોહ્યુકડેલ ખાતે પેહેલ વેહેલો લોખંડનો ગંજાવર પુલ મોટા ઈજનેરોની દેખરેખ હેઠળ બંધાઇ તૈયાર થઇ રહ્યો. ત્યારે ત્યાં એક 'વાયોલિન' વજાડનાર ઉસ્તાદનું આવવું થયું. તે ઉસ્તાદ આ પુલની રચના જોઇ, પોતાની 'વાયોલિન' થી તેને ધુજાવવા તૈયાર થયો. આથી ઈજનેરોએ તેને હસી કાઢયો. પણ પેલા ઉસ્તાદે પુલપર ઉભો રહી એવી તો સીફતથી વાયોલિનમાંથી સૂરો કાઢવા માંડયા કે તે પુલ ધુજવા લાગો. એ કાંઇ નહિ પણ પેલા પુલમાંથી નિકળેલો "Sympathetic respond" હતો, જે વાયોલિનમાંથી નિકળેલા સુર સાથ મળી જવાથી તે પુલ ધુજ્યો હતો."

સર વિલ્યમ જોન્સ પોતાનાં 'એશિઆટીક રીસરચીસ'ના કલકત્તા ખાતે ૧૮૦૪ માં પ્રગટ કરેલા ત્રીજા ગ્રંથમાં રાગ વિદ્યાપર લખતા એક દાખલો આપ્યો છે કે 'મીરજાંમોહમદ' (તખલ્લુસ 'બુલબુલ') નામનો એક શિરાજમાં બીન વજાડનાર રહેતો હતો. તે જ્યારે ઝાડોની ઘટા તળે બેશી બીન વજાડતો ત્યારે આસપાસના ઝાડ ઉપર બુલબુલ પક્ષીઓ આવી એકઠાં બેસતા અને પેલા વાજંત્રના અસરકારક અવાજથી કુદી ગુલબાન કરતા તો કદી જમીનપર પડી બલેટયાં મારતા. બેજુબેગબાવરો નામનો તાનસેનનો જમાઇ વાજંત્ર કળામાં એટલોતો કુશળ હતો કે તે જ્યારે વાજંત્ર વજાડતો ત્યારે વનના જનવરો તેમાં મુખ્ય હરણો તેની આસપાસ એકઠા થતા. શ્રી કૃષ્ણ જ્યારે નાહનો હતો ત્યારે ગોપીઓને ઠગવા જગેજગ વાંસળી વજાડવા ઝાડમાં ભરાઇ બેસતો અને તેના સરોદથી તેઓ તે તરફ બેંચાઈ જઈ તેની પર મોહિત થતી. કૃષ્ણને 'કહાન' પણ કહેછે અને તેણે વાંસળી વડે જૂદા જૂદા બાર રાગો ઉત્પન્ન કર્યાથી આજે પણ કાહાનડા ૧૨ પ્રકારનાં ગવાય છે.

સંગીત શાસ્ત્રીઓએ ગાયન માટે કહેલું છે કે તે મનુષ્યના તમામ સ્વભાવિક જુસ્સાના અવાજોની નકલ છે. પ્લેટોના જણાવવા મુજબ "લઢાઇના સૂરનો એક રાગ વગાડવાથી લઢવૈઆમાં સૂર છુટે છે, તેનું કારણ એ છે કે મરદાનગી ભરેલા અને શરવીરનાં અવાજ જેવા કઠણ વીરલાસૂર તથા અલાપ અને તાન તે રાગમાં સમાવવામાં આવેછે. અસલી ગ્રીક પ્રજા વાજંત્રના સૂરથી તથા ગાયનથી બીકટમાં બીકટ દર્દો પણ સારાં કરવાની કળા જાણતી હતી.

દેશી વાજંત્રોની શોધ ને બનાવટ.

આર્ય પ્રજાએ પોતાનું સંગીતશાસ્ત્ર પુરતું સુધાર્યું હતું એ જાણીતી બીના છે. તેઓના એક ધર્મ પુસ્તકમાં 'બીન' વાજંત્ર માટે એક શ્લોક લખ્યો છે તેનો અર્થ એવો થાયછે કે:—"સાત તારના વિણામાં જે ૭ સૂરનું પાકું બંધન હોયછે તેનું માત્ર દર્શન કરે તો બ્રહ્મ હત્યાં જેટલું પાપ કપાય." એટલું પુન્ય દર્શાવ્યું છે.

પેહેલી વાજંત્રની શોધ ખુદ બ્રહ્માએ કરી હતી, એવું હિંદુશાસ્ત્રમાં લખેલુંછે, 'બીન' નામનું વાજંત્ર સર્વથી શ્રેષ્ટ પણ શિખવામાં ઘણું કઠણ છે, તેની શોધ માહદેવે કરી હતી એમ જણાવવામાં આવેછે, તે વિશે એવી કથા છે કે એક સમે 'મહાદેવ બહારથી ઘરે આવ્યા ત્યારે પાર્વતીને બે હાથ જોડી ચત્તાં સુતેલાં દીઠા, આ આકાર જોઇ મહાદેવે તેમના શરીરના આકાર પ્રમાણે બે બાજુ તુમડાં કીધાં, બે હાથને ટેકાણે દાંડી

બનાવી, અને બાંગડીને ઠેકાણે સાલ બનાવી બીન વાજીંત્ર બનાવ્યું.

સીતારને 'શાહ નિજામુદ્દીન ઔલીયાએ બીન ઉપરથી નકલ કરી શોધી કાઢયું. તેણે, પ્રથમ સીતાર ઉપર ફકત પેહેલો લોખંડનો તાર (બાજતાર) બે આડી પછી બે ખરજનાં તાર પિત્તળના તારો મળી ફકત ત્રણ તારથી આ વાજીંત્ર બનાવ્યું, અને તેને 'સેતાર'નું નામ આપ્યું. 'સે' એટલે ત્રણ ને 'તાર' મળી સેતાર થયું, અને તે પછી તેને સુધારતાં જઈ સાત તારનું બનાવી માહે 'તરબ' નાં સૂરોથી સણગારવામાં આવ્યું.

આજની સુધારામાં આગળ વધેલી પ્રજા વાજીંત્રની શોધનું માન મીસરને આપે છે, મીસરમાં જેમ પેહેલો રાગ ઉત્પન્ન થયો તેમ ત્યાંજ પ્રથમ વાજીંત્રની શોધ થઇ હતી. મીસરમાં પેહેલું વાજીંત્ર તંબુરા જેવું **'લાઇઅર'** હતું જે તેઓના હરમીશ અન્નવા 'ત્રીશમિજીસ્ત' નામના જાણીતા રાજકારભારીએ અજાયબ રીતે શોધી કાઢયું હતું, લાઇઅર અથવા તંબુરાની શોધ માટે 'એપોલો ડોરશ' નામનો પ્રસિદ્ધ ગ્રીક વિદ્વાન કહેછે કે "નાઇલ નદીની રેલ આવી ગયા પછી મીસર દેશનાં લોકોનો 'હરમીસ' નદી કાંઠે ફરતો હતો જે વેળા કેટલાક મુવેલાં ઢોરો પાણીથી તણાઇ તથા સુરજનાં તાપથી સૂકાઇને હાડકાનાં પાંજરા બની પડેલા હતા, તેની સાથેએક કાચબાનું કોટલું તેનું માંસ ધોવાઇ ગયાથી થોડીક સખત રગો સાથે સુકાઇને ત્યાં પડયું હતું, જે તેના પગને અથડવાથી એવો અવાજ નિકળયો કે તેથી તે ખુશી થયો, આથી તેણે આંગળાંઓ વડે તે તારોપર ઝનકારો કરી તેમાંથી ઘણો મધુર અવાજ નિકળવા માંડતા તેણે તેપર અખતરા કર્યા. તેણે બીજા એક કાચબાના કોટલાપર ત્રણ તારો બાંધી 'લાઇઅર' નામનું પેહેલવેહેલું વાજીંત્ર બનાવ્યું હતું, તેમજ ઇ. સ. પૂર્વે ૪૦૦ વર્ષ આગમજ ઇજીપ્તમાં એક સ્થંભ ઉભો કરવામાં આવ્યો હતો તેની પર એક લેખ હતો જેમાં લખેલું હતું કે "વાજીંત્રની પ્રથમ શોધ મીસરમાં થઇ છે."

મીસરમાં આગળ ભૂમિતી અને ગણિત શાસ્ત્ર પૂર્ણ પણે ખેડાયલું હતું; આથી તેઓએ પોતાની બુદ્ધિ બળે એક એવું વાજીંત્ર બનાવ્યું હતું કેતે વાજીંત્ર હિંદી સાર મંડળને મળતું હાર્પ નામે જાણીતું છે અને આ વાજીંત્ર ધાતુના તારનું બનાવવામાં આવ્યું હતું."

"જેમ તારનું વાજીંત્ર મીસરમાં અજાયબ રીતે શોધી કાઢવામાં આવ્યું હતું, તેમ પવન ભરીને અવાજ કાઢવાનાં વાજીંત્ર વિશે એવું કેહવાય છે કે, **વાંસળીની** શોધ પણ તેવાજ અજાયબ સંજોગ ઉપરથી થઇ હતી. નાઇલ નદીને કાંઠે પોકળ બરૂના ઝાડી ઉપરથી પવન ફુંકતો હતો ત્યારે તેમાંથી જે તીણો અવાજ નિકળતો હતો તે ઉપરથી વાંસળી બનાવવાનું સુહુજ પડયું હતું."

વાજીંત્ર ઉપર જડવામાં આવતી ધાતુની તારની શોધ પણ તેવીજ અજાયબ રીતે થએલી છે. ઇ. સ. પૂર્વે ૫૫૦માં પિથાગોરસ નામનો ફીલસુફ ગ્રીકમાં હતો, તેણે લુહારની હરણી અને હથોડીના ઘોકાથી ઉત્પન્ન થતા અવાજો ઉપરથી રાગ વિદ્યામાં સુધારો કર્યો હતો, તથા તેણેજ ધાતુનો તાર શોધી કાઢયા હતા. મીસરીઓના 'લાઇઅરના ત્રણ તારોમા ગ્રીકોએ વધારો કરી તેને ૭ તારનું બનાવ્યું હતું. તેમાં આ ફીલસુફે એક આંઠમો તાર ઉમેરી ઘણો સુધારો કર્યો હતો.

"વાજીંત્ર ગાયન વિદ્યામા સરોદ્ર કાઢવાનું હથિઆર ગણાયું છે. તેમાં સૂર ઉત્પન્ન કરનાર તાંતણાના તાર અથવા ધાતુના તાર શોધી કાઢવામાં આવ્યા છે; અને પવન ભરીને વજાડવાના વાજીંત્રો પુરાતન જમાનાથી શોધી કાઢવામાં આવ્યા છે. તેની સાથે તાલ આપવાના તબલા, ઢોલક અથવા ડફ ખંજેરી પણ પુરાતમ જમાનામાં હતાં એમ યાહુદી લોકોના મુસા પેગમ્બરની બેહેન

'મરીયમ' પોતાના હાથમાં સદા એક ડફ અથવા ખંજેરી જેવી ઢોલકી રાખતી હતી તે ઉપરથી સાબેત થાય છે.

રાગશીક્ષક" મુજબ જરથોસ્તીઓના પુરાતન જમાનામાં વાજીંત્રો મોજુદ હતાં એ તવારીખ ઉપરથી જામજા મળી આવે છે. ચંગ, મોર્ચંગ, ઝાંઝ વગેરે પુરાતમ વાંજીંત્રો આગળ ઇરાનમાં જાણીતાં હતાં તેઓમાં લઢાઇની વખતે કર્નાઇ, સર્નાઇ, વગેરે વાપરતા હતા. એ તેમના પુરાતમ તવારીખ ઉપરથી મળી આવે છે. તેમજ તાલ અને સુરનો સામટો અવાજ આપનાર જરથોસ્તીઓની ઇજશનેની ક્રિયામાં વપરાતા લાલાની શાહદત પુરાણા જમાનાની નાહની જેવી નથી. જરથોસ્તીઓએ 'ગાથા' ને કવિતાના ધોરણપર રચાયલું ઘણું આગમજનું કબુલ રાખ્યું છે, તેની સાથે 'લાલા એ તાલ' અને અને સુર ભેગાં પેદા કરનાર વાજીંત્ર ગણવાનો કશો શક પડતો નથી. હાલના ધર્મગુરૂઓ તાલસુરથી અજાણ્યા હોય તોય તેઓ 'લાલા' વજાડી અસલથી ચાલતા આવેલા અવાજની નકલ કરી ભણતર ભણે છે અને તે જોકે આગલી રસમની એક બગાડેલી દેખાદેખીનું પરીણામ છતાં હાલમાં પણ તે 'લાલા'નો તાલ કાનને મધૂરતા બક્ષે છે."

યૂરપના કારીગરોએ હાલમાં વાજીંત્રોમાં મોટો સુધારો કરી તેને ઘણું ખીલવ્યું છે. યૂરપમાં પ્રસિદ્ધતા પામેલું **'હાર્પ'** હિંદી 'સારમંડળને' તદન મળતું છે. હિંદી સારમંડળ ધાતૂના તારથી સણગારવામાં આવેછે ત્યારે યૂરપનું હાર્પ તાંતણાનું બનેલું હોયછે. આ વાજીંત્ર બ્રિટીશ, નૉર્મન, સેકસન અને ડેનીશ વંશના રાજાઓમાં મોટાઇભરેલું વાજીંત્ર ગણાયું હતું, અને તેમાં મોટો સુધારો હાલના જમાનામાં થયો છે. આ સુધારા ઉપરથી 'પ્યાનોફોર્ટ' નું વાજીંત્ર બનેલું જણાયછે. પ્યાનામાં હિંદી સારમંડળની પેઠે તમામ ધાતુનાં તાર વપરાય છે. સારમંડળને આંગળાંથી વજાડવામાં આવેછે, ત્યારે પ્યાનાની ઉત્તમ ગોઠવણને લીધે તેમાં ગોઠવેલી લાકડાના હથોડી સાથે તાલુકો રાખનાર પરદા ઉપર આંગળી પડતાં તે અવાજ ઉત્પન્ન કરેછે.

'વાયોલિન' નામનું યૂરપનું વાજીંત્ર તાંતના તારનું એક સંપૂર્ણ વાજીંત્ર છે. તે અગિઆરમી સદી વેર અપૂર્ણ હાલતમાં હતું. પણ ઇ. સ. ૧૨૦૦ માં તેને ચાર તારનું બનાવી સંપૂર્ણ હાલતમાં આણ્યું હતું. આ વાજીંત્ર પર ઇંગ્રેજી તથા દેશી ગાયનો ઉત્તમ રીતે વજાડી શકાય છે. છતાં તેમાં દરેક હિંદી-સૂરનું પાકું બંધન નહિ રહેતું હોવાથી તેમાં એક તારનો વધારો કરી વજાડવાનાં પાંચ તાર અને બારીક તારો યાને તડફાના ૧૪ તારો બનાવી મી૦ સોરાબજી રૂસ્તમજી માજુ નામના વાજીંત્ર શિક્ષકે ઇ. સ. ૧૮૯૧ માં દેશી ગાયનને બરનું આ વાજીંત્ર સંપૂર્ણ હાલતનું બનાવ્યું હતું, કે જે વાયોલિનથી ચહડ ઉતર ખરજ યા ટીપના સૂર ગમેતેમ વજાડી શકાતા હતા; પણ તે પછી ઇ. સ. ૧૯૦૦ માં ઉપલા ૧૪ તડફામાં બીજા ૨૦ તડફાનો વધારો કરી ૩૪ તડફાનું સંપૂર્ણ વાયોલીન બનાવ્યું છે.*

હિંદુસ્તાનમાં સંગીત શાસ્ત્ર સંપૂર્ણ રીતે ખેડાયલું હોવાથી અહીં ઘણી જાતનાં વાજીંત્રો જાહેર છે, પણ આ દેશ અતિ મોટી વસ્તી વાલો અને બોહોળો હોવાથી તેના જુદા જુદા ભાગો જુદા જુદા વાજીંત્રો માટે જાણીતાં છે. સારંગી મધ્ય હિંદુસ્તાન,

* આ નવી સુધારેલી વાયોલીનમાં જે ૩૪ તડફા નાખ્યા છે, તેની મુળ મતલબ એ છે કે જેમ સારંગી અને ફીલરૂબામાંથી જેવો મધુર અવાજ નીકળેછે તેવો મધુર અવાજ સાધારણ રીડલમાંથી નિકળતો નહિ હોવાથી મી૦ સોરાબજી રૂ. માજુએ આ નવો સુધારો કરી રીડલને સંપુર્ણ હાલતમાં આણી છે. વળી સાધારણ રીડલમાં ૪ તાર હોવાથી તેમાંથી ખરજના સુર નીકળતા નહોતાં, પણ ઉપલી વાયોલીનમાં પાંચમો ખરજનો તાર ઉમેરીયાથી ચહ ઉતર સુરમાં આ વાયોલીન વજાડી શકાયછે.

પંજાબ અને બંગાલ પ્રાંતમાં ઘણું જાણીતું તથા માનીતું છે. તે ઉપરથી તેને કરકાબાદી, ઉજ્જની, ગુજરાતી નામે ઓળખેછે, અને તેની બનાવટમાં પણ સેહેજ ફેરફાર હોયછે.

'બીન' વાજંત્ર મારવાડ, કર્નાટક અને મલબાર કોસ્ટા તરફ વખણાય છે. તંબુરો તથા પખવાજ દખણ તથા કોંકણ હિંદુસ્તાનમાં શોખનું વાજંત્ર ગણાયછે. સીતાર, ઢોલક, બંગાલ તથા લખનૌમાં વખણાયછે. જલ તરંગ કે જે ધાતુના અથવા ચીનાઇ માટીના પ્યાલાં જેમાં પાણી વજનસર ભરી સુર બાંધી વજાડવામાં આવે છે, તે શોખને માટે કોઇજ વજાડી શકેછે. અને આ વાજંત્ર સારંગીના વર્ગનું સંપૂર્ણ સૂરવાલું ગણાય છે.

જેમ હિંદુસ્તાનનાં જૂદા જૂદા ભાગોમાં જૂદા જૂદા વાજંત્રો માનીતા છે તેમ બીજા દેશોમાં પણ છે. રપાનિયર્ડોનું માનીતું વાજંત્ર **ગીતાર** (સીતારને મળતું), સ્કાચોનું **'બેગપાઇપ'** અતિશય મધુર અવાજ ધરાવે છે. **અમેરિકન** ખેડુતોનું માનીતું એનજો (રવાબને મલતું) તથા સ્વિટઝરલેંડનું **હરડીગર્ડી** છે. હિબ્રુઓને **હાર્પ** ઘણું વ્હાલું છે, ત્યારે જર્મનો **ફ્લુટ** (વાંસળી) ઉપર ઘણા ફીદા હોય છે.

હિંદની જેવી સંપૂર્ણ રાગવિદ્યા ગણાય છે તેવાં તેનાં વાજંત્રો પણ સંપૂર્ણ છે. તેમજ સંગીતમાં બે પ્રકાર છે વાંધથી અને વદનથી. મોઢેનું મુશકેલ છે. તાલ સૂર અલાપો વગેરેની બન્ને એક સરખી ગરજ પડે છે તેથી વદનથી ગાનારને વાજંત્ર મોટો સણગાર આપે છે.

હિંદું ધર્મ શાસ્ત્રમાં પરમેશ્વરની યોગ્યતા પ્રગટ કરાવનાર સાધન અને બોધવચનો અને નીતિ સંબંધી જ્ઞાન આપનારાં વાકયોને મનપર ઠસાવવા તથા વારંવાર વગર કંટાળવે તેનો ઉચ્ચાર કરી શકાય તે **થકી** ગાયન એ મોટું સાધન ગણેલું છે, અને તેને સણગાર આપનાર વાજંત્રો યોજલાં છે.

દેશી ગાયનનાં ત્રણ ભેદ.
॥
ધર્મ સંબંધી.
॥
સભા સંબંધી.
અને
॥
યુદ્ધ સંબંધી.

દેશી વાજત્રાનાં ચાર વર્ગ.
તંતૂ વાદ્યો (તપવાદ્ય)
॥
ચર્મ વાદ્યો (આનક વાદ્ય)
॥
કંઠ વાદ્યો (સુર્શિ વાદ્ય)
॥
હસ્ત વાદ્યો (ઘન વાદ્ય)

તંતુ વાદ્યો.

૧=વીણા.	૧૨=રખબ (રવાબ)
૨=બીન.	૧૩=તંબૂર–ચોતાર.
૩=ઋદ્રવિણા.	૧૪=મદમંડળ.
૪=સારંગી.	૧૫=તુંતૂણો.
૫=તાઉસબીન.	૧૬=કીનરી.
૬=સાર મંડળ.	૧૭=ચીકા.
૭=સીતાર.	૧૮=જંતર.
૮=એક તારી વિણા (તંબુરો=એકતારો.)	૧૯=મલ્લગો.
	૨૦=સરોદો.
૯=તાઉસ.	૨૧=સુંદરી.
૧૦=રાવણા હથો.	૨૨=શીકાર.
૧૧=સરાદ (સરવત)	૨૩=રવાજ.

ચર્મ વાદ્યો.

૧=મૃદંગ.	૯=મર્દો (નાહનો ડંકો)
૨=ડંકો.	૧૦=ચોઘડો.
૩=તબલો.	૧૧=અંબ.
૪=ઢોલકી.	૧૨=પખવાજ.
૫=ડફ.	૧૩=ડાક.
૬=ખંજેરી.	૧૪=ડંકો (ઘોડાપરનો)
૭=નોબત.	૧૫=ઢોલકી.
૮=તાસા.	

કંઠ વાદ્યો.

૧=વાંસળી.	૮=ચંગ.
૨=શિંગ.	૯=પીપુડી.
૩=શંખ.	૧૦=પીપી.
૪=અલગુંજ.	૧૧=પાવો.
૫=કર્ણા.	૧૨=ભુંગલ.
૬=મર્ણાઇ.	૧૩=મોરચંગ.
૭=શીલ.	૧૪=મોરલી.

હસ્ત વાદ્યો.

૧=ઝાંઝ.	૮=ચંટો.
૨=ટાલ.	૯=તાસો.
૩=જલતરંગ.	૧૦=ડાબલા.
૪=પીપીયો.	૧૧=કાંસીયા.
૫=કરતાળ.	૧૨=ચકરડી.
૬=ઘુઘરા.	૧૩=ઘુઘરા.
૭=ચાબરી.	૧૪=પાટીયાં.

હિંદના જૂદી જૂદી જાતનાં વાદ્યો અને તેનું વર્ણન.

તંતૂ વાદ્યો

અલાબુ સારંગી—આ વાજંત્ર અતિ પ્રાચીન કાળમાં શોધી કાઢવામાં આવ્યું હતું એને યૂરપમાં 'ઇંડિયન વાયોલિન' કહેછે, અને મુસલમાન લોકો તેને 'કમરચ્યા' કહેછે.

આનંદ લેહેરી—એને મરાઠાઓ તુણ તુણો કહેછે. આ વાદ્ય મોટે ભાગે ભિખારીઓ ઉપયોગમાં લેછે.

એકતારો—બંગાલના વૈષ્ણુવો ભિક્ષા માંગતી વેળા એનો ઉપયોગ કરેછે. એ મરાઠાઓની કીનરીને મળતું વાદ્યછે.

કમાણચી—આ એક કાશમિરમાં વપરાતું વાદ્ય છે.

કાનુન—આ વાદ્યને ૨૩ તારો હોયછે.

કીનરીવિણો—એનો તુંબો શાહમુર્ગના ઇંડાનો અથવા સુન્ના રૂપાનો બનાવવામાં આવેછે. યૂરપનાં જ્યૂ લોકોનું 'કિનોર' વાદ્ય આ વાજંત્ર ઉપરથી બનાવવામાં આવ્યુંછે. મદ્રાસ બલાકામાં કીનરી વાદ્યનાં છેડા ઉપર રાક્ષસની આકૃતિઓ કાઢેલી હોયછે, અને તેના દરેક છેડાપર બે કોણાના તુંબડાં ચોંટાડેલાં હોયછે અને તેપર બે તાર હોયછે.

ગોપીયંત્ર—એ પણ કીનરીનીજ જાતનું વાજંત્ર છે.

ચારતારા—આ વાદ્યમાંની ત્રણ તારો પિત્તળની અને એક તાર પોલાદની હોયછે.

ચીકારા—એ પંજાબી વાજંત્ર છે. એને ઘોડાના બાલની તારો જોડેલી હોયછે.

તંબુરી—એબિસિનીયા અને ઇજીપ્તમાં પ્રાચીન કાળથી આ વાજંત્ર જાણીતું છે એમ ડૉ૦ બીડ કહેછે.

તાઉસ—અથવા મયુર. આ વાદ્યને સંસ્કૃતમાં મયૂર, ફારસીમાં તાઉસ અને મરાઠીમાં મોર એ નામો આપેલાં છે.

તીડ અથવા તાડ—આ પંજાબી વાદ્ય દેવદારના લાકડામાંથી બનાવવામાં આવેછે.

તુંબર અથવા તુંબરવિણો.—આકાશનાં તંબુર નામના દેવતાના નામ ઉપરથી આ વાદ્યની ઉત્પત્તિ થઇ છે. કોઇ આ વાદ્યની શોધ કોઇ 'તંબુરે' કરી હતી એમ જણાયછે.

ત્રીથંબ—એ કચ્છી વિણાનું અનુકરણ કરી બનાવેલું વાદ્ય છે. એનો તુંબો ચપટો ને તે લાકડાનો બનાવવામાં આવેછે.

દોતાર—એ ચાર તારા જેવું વાજંત્ર છે, પણ તેનો દાંડો ચાર તારનાં દાંડા કરતાં વધારે જાડો હોયછે.

નાદ તરંગ—આ વાદ્ય ઇસરાર અથવા તૌસ એ વાજંત્ર જેવું પણ સેહેજ મોહટું હોયછે.

નાદેશ્વરી વિણો—આ અર્વાચીન વાજંત્ર છે. આપણા દેશનો કચ્છપિવિણો અને વેલાતી વાયોલિન મળી તે ઉપરથી એને ઉપજાવી કાઢયો છે.

પ્રસરણી વિણા—આ વિણા કચ્છપીવિણા ઉપરાંત અર્વાચીન કાળમાં બનાવવામાં આવ્યો છે. એમાં બાજુની તારો હોતી નથી અને તેમાં એક ખુંટી વધુ હોયછે.

મયુર—(જુઓ તાઉસ.)

મહત વિણા અથવા બીન—આ વાજંત્ર નારદ મુનીએ શોધી કાઢયું હતું. એમાં બે બાજુએ બે તાર અને વચમાં મુખ્ય પાંચ તારો હોયછે. આ વિણા 'નખી' થી વગાડી શકાય છે.

મહા તંબુરો—એ તંબુરાનોજ પ્રકાર છે પણ એ તેથી મોહટો હોયછે.

મીન સારંગી—આ વાદ્ય તાઉસ જેવું હોઇ તેની ટોચપર માછલીની આકૃતિ પાડેલી હોયછે.

મોરચંગ—આ વાદ્ય ઘણું પ્રાચીન કાળનું છે. એનો આકાર ત્રીશૂળ જેવો હોયછે. એ યૂરપ ખંડમાં વપરાતા જ્યૂ લોકોના 'હાર્પ' નામના વાદ્ય જેવું હોયછે. ફ્રેન્ચ લોકોનો 'ટ્રંપ,' સ્કોટીશ ટ્રમ્પ. ઇંગ્લીશ જૅયટ્રમ્પ (જ્યુ ટ્રમ્પ) એવાં નામો આ એકજ વાદ્ય માટે જણીતાં છે. આ વાદ્ય બચ્ચાંના રમવાના રમકડા જેવું હોયછે, છતાં તેપર તેહેવાર સૂર કાઢી શકાય છે.

રૂદ્ર વિણા—એને ઇરાની તથા અફઘાનિસ્તાનમાં 'રબાબ' કહેછે, અને અરબસ્તાનમાં 'રેબેબ' નાં નામે ઓળખે છે. સ્પેનના 'માંડોલિન' વાજંત્રને એ મોટે ભાગે મળતું વાજંત્ર છે.

વિણા કચ્છપી—કચ્છ યાને કાચબો તેની પીઠ જેવા આકારની એની તુમડી હોયછે. ડો૦ થીડી જણાવેછે કે, યૂરપમાં 'ગીટાર' જે જણીતું વાજંત્ર છે તે આ કચ્છપીવિણા ઉપરથી તૈયાર કરવામાં આવ્યું છે."

તેને ઇટાલ્યન ભાષામાં 'ચિત્તર' કહે છે. સ્પેનમાં 'ગીટાર, ફ્રાન્સમાં 'ગેટેર' આ સઘળાં નામો એકજ શબ્દમાંથી ઉતપન્ન થયા હશે એમાં કાંઇ શક નથી. તેઓનું આ વાજંત્ર ૭ તારનું બને છે. તેમાંના ૬ તાર એક ખુંટી ઉપરથી લઇ તે જૂદી જૂદી ખુટીઓને લપેટેલી હોયછે પણ સાતમી તાર નીચલી ખુંટીપાસેથી થોડા અંતરપર એક ધાતૂની ખુંટીને લપેટેલી હોય છે.

સીતાર યા સતાર—આ વાજંત્ર પંજાબમાં તહેવાર બને છે. તેનીપર હસ્તીદંત અથવા સુન્નાના વરખનું નકશીકામ કાઢવામાં આવે છે. મધ્યમ સીતાર, ચર્ગા સીતાર, તરફદાર સીતાર, એ ત્રણે જાતો વિશેષ જણીતી છે. સીતારનાં પાક્કા તાર દિલ્લી તથા બરેલીમાં બને છે.

સરવથ—એ મદ્રાસ ઇલાકામાંનું જણીતું વાદ્ય. તેનો દેખાવ પક્ષી જેવો હોય છે. એને ૬ ખુંટીઓ હોય છે અને તેની ઉત્પતિ પણ તાઉસ પ્રમાણે થઇ હશે.

સરોદ—એની બાજુએ ૭ થી ૧૧ તારો હોયછે.

સારંગી—એનો અવાજ જનાની અવાજને મળતો છે, અને તેનો ઉપયોગ નાચ વેળાના ગાયણમાંજ થાય છે, આ વાદ્ય લંકાના રાજા રાવણે શોધી કાઢયું હતું.

સારિંદી—એ ઉત્તર હિંદુસ્તાનમાં વપરાતી હલકી તહોની એક સારંગીનું નામ.

સૂર બહાર—એ કચ્છપીવિણાનોજ એક પ્રકાર છે. ઇ૰ સ૰ ૧૮૨૮ ના સુમારમાં ગુલામ મહમદખાન નામના એક ગવૈયાએ આ વાજંત્ર શોધી કાઢયું હતું. એમાં અલાપ ઘણી અછી રીતે પ્રગટ થઇ શકે છે.

સૂરબીન—એને સ્વરવિણા પણ કહે છે. આ વાજંત્ર પ્રાચીન કાળનું છે. તે રૂદ્રવિણાને મળતો છે.

સૂર શૃંગાર—આ વાજંત્ર મહતિ, કચ્છપી અને રૂદ્રવિણા એ ત્રણે ઉપરથી પ્યારખાન નામના ઉસ્તાદે બનાવ્યું હતું.

સૂરસંગ—બંગાલ પ્રાંતમાંના વાનકુરા જીલ્લામાં વિષ્ણુપુર ગામમાં પ્રગટ થએલા રામદાસ નામના શખસે આ વાજંત્ર પ્રથમ બનાવ્યું હતું.

સનઇની જાતનાં વાજંત્રો.

અલકુજ—એ અલગુંજ જેવુંજ વાજંત્ર છે; પણ એ મુખ્યકરી દક્ષિણ હિંદુસ્તાનમાં વપરાય છે.

અલગુંજ—એને પંજાબમાં અલગુજસ ને મારાઠાઓ અલગોજ કહે છે.

ઉત્થ—એ 'પંચમ ઉત્યું' નામના વાજંત્ર કરતાં સેહેજ નાહનું હોય છે.

કર્ણા—આ વાજંત્રના મોહપર પાંદડાની યા હાથીદાંતની પીપોરી બેસાડેલી હોય છે. અની હેઠળ પિતનો નળો હોય છે.

કલમ—આ વાજંત્ર કલમ જેવું હોય છે તેથી તેને કમલ નામ મલ્યું છે.

કોંબુ—આ S ને આકારનું વાજંત્ર કર્ણાને મળતું હોય છે.

ગોમુખ—આ વાદ્ય ગાયના મુખ જેવા શંખનું બને છે.

તુંબડી—આ વાજંત્ર મદારીઓનું છે. એને 'નાગસૂર' પણ કહે છે. એના સરોદથી સાંપ મોહી પડી મદારીના હાથમાં સપડાય છે.

તુરી—ચોઘડામાં નગારા સાથે વગાડવામાં આવતા એક પ્રકારનાં કર્ણાનું નામ છે.

થુત્થી—એ પણ ઉપલાજ વાદ્ય જેવું વાજંત્ર છે. આ જાતનાં ચામડીની કોથળીનાં વાદ્ય હિબ્રુ, ગ્રીક, રોમન, આરબ, ઇરાની અને હિંદુસ્તાનની પ્રજામાં પ્રાચીનકાળથી જણીતાં છે. હાલમાં ઇટલી, ફ્રાન્સ, જર્મની, રશિઆ, પોલાંડમાં આ જાતનાં વાદ્યો ઘણા જણીતાં છે. સ્કૉટલંડમાં આ વાદ્ય ઘેરેઘેર જણીતું છે. આ વાજંત્રમાં અતિશય મધુર સરોદ કાઢવાની શકિત હોય છે.

નાગ સરમ—એ નારીયળીના પોંખનું વાજંત્ર બનેલું હોય છે.

નાયરીં—એ લાકડાનું એક વાજંત્ર છે. એમાં સૂર ભરાય છે.

પંચમ ઉત્થૂ—લાકડાની નળીપર ચામડું વલગાવી અને પિત્તળની કડી લગાડી તૈયાર કરેલું મદ્રાસી વાજંત્ર એને એકજ છિદ્ર પાડેલું હોય છે. જાણીતા 'સૂર' નામના વાજંત્ર જેવોજ એનો ઉપયોગ કરવામાં આવે છે.

બન્સી—ઉત્તર હિંદુસ્તાનમાં આ વાદ્યને બન્સી કહેછે. મદ્રાસી લોકો એને 'પુલંગોલલ, કહે છે. આ વાજંત્રની બનાવટ કૃષ્ણે શોધી કાઢી ગોપીઓને તે વગાડી મોહીત કરી હતી.

બરકત—એ કોડીનાં જાતનો શંખ છે.

મગવિણા—નારીયળના કોટલાનું બનાવવામાં આવતું સનાઇને મળતું વાજંત્ર.

રણશૃંગ—એ લઢાઇ પ્રસંગે વગાડવામાં આવતું વાજંત્ર છે.

લયબન્સી—આ વાજંત્ર મોહડાની એકજ બાજુથી ફુંકા વગાડવામાં આવે છે.

વેણુ—ઔઢીયા પ્રાંતમાં એને વેણુ કહેછે. આ વાજંત્ર ૪ થી ૬ ઇંચ લાંબુ હોય છે.

શંખ—હિંદુ ધર્મ કથા મુજબ શંકરનાં પાંચ જન્ય અને વિષ્ણુનાં દેવદત્ત એમનાં એ નાહનાં ભાઇઓ છે. બૌદ્ધ ધર્મનાં લોકો શંખ વગાડે છે. જંગમો તો એ શંખ વગાડી ભિક્ષા માંગતા ફરે છે. એ સમુદ્રમાંથી મળે છે. નદી અથવા સમુદ્રમાં ઉત્પન્ન થતા ક્ષીણા શંખને શુદ્ર શંખ અથવા શંખલા કહે છે. શંખ દક્ષિણાવર્ત અને વામાવર્ત ભેદ વડે બે પ્રકારના છે. દક્ષિણ વર્ત શંખ પુન્ય પ્રતાપે મળે છે, અને તે જેના ઘેરમાં હોય ત્યાં લક્ષ્મી આવેછે.

શૃંગ—એ શંકર સામે વગાડવાનું એક વાજંત્રછે.

સનઇ—ચોઘડા સાથે વગાડવાનું એક વાજંત્ર.

સરલબન્સ—આ વાજંત્ર અલગુંજ જેવું છે.

સરણૈ—બકરાના ચામડાની કોથળીમાં પવન ભરી વજાડવાનું 'રકેટીશબેગ પાઇપ'ને મળતું વાંધ, આ વાંધ પંજાબી લોકોમાં ઘણું પ્રિય છે. એનો અવાજ અત્યંત મધુર હોયછે.

સૂરણૈ—આ વાજંત્રપર આગળ ૭ ને પાછળ ૧ છિદ્ર હોયછે. એની પીપેાડી તાડનાં પાંદડાની બનાવવામાં આવેછે.

હસ્ત વાજંત્રેા.

કરતાલ—એને ઉત્તર હિંદુસ્તાનમાં 'ચિના' અથવા 'ઝાજી' કહેછે. બંગાલમાં એને ખટાલી કહેછે.

ખંજેરી—આ વાજંત્રને લાકડાની ગોળ પટી ઉપર જડેલા ચામડાથી બનાવી તે પટી-પર ઝીણી ઝાંઝેા ગુંથી લેવામાં આવેછે.

ખેાળ—એ મદ્રાસી જાણીતું વાજંત્ર છે. આ વાજંત્રનેા ઉપયેાગ હમેશાં કિર્તન કરતી વેળા કરવામાં આવેછે.

ગીડીકટ્ટી—આ વાજંત્ર ગેાંધાલમને મળ-તુંજ છે.

ગેાંધાલમ—એ ઝાડના કુંડાના બે ભાગ એક ઠેકાણે બાંધેલા હેાય તેવા પ્રકારનું બનેછે.

ઘંટેા—આ વાધ હિંદુઓનાં દેવમંદીરમાં, જરથેાસ્તીઓના આતશ બેહરામમાં તથા ખ્રિસ્તીઓનાં દેવળમાં જૂદા જૂદા ઉપયેાગમાં લેછે.

ઘુગુર—એને બંગાલમાં તાલી કહેછે.

ચિપળયેા—ભજન કરનાર સાધુઓ એનેા ઉપયેાગ કરેછે. એ બે નાહની ચીપેાનું બનેછે.

જલતરંગ—કાચનાં નાહનાં મેાહટાં પ્યાલાં-ઓને પાણીથી ભરી તેનાં કાંઠાપર લાકડી ફેરવી તેમાંથી સપ્ત સૂર કાઢી શકાયછે. આ વાજંત્ર વજાડવું ઘણું બિકટ છે. કાચનાં પ્યાલાં શિવાય જૂદી જૂદી ધાતુના ચહડ ઉતર વાટકીઓ બનાવી તેથી પણ વજાડી શકાયછે.

ઝાંઝ—આ જાણીતું વાજંત્ર દેશી તેમ યૂરપ્યન વાજંત્ર સાજમાં મુખ્ય હેાયછે. એ પીત્તળનું બનાવવામાં આવેછે.

ડફ— આ વાધ તમાશગીરેા વાપરેછે. કલગી, તૂરાવાલાઓ પેાતાના ગાયનેા એ વડે વજાડી ગાયછે. એ લાકડાની ગેાળ પટીપર પતળા ચામડાને જડી બનાવવામાં આવેછે

ડમરૂ—એને મદ્રાસમાં ઉડુ પણ કહેછે.

ડીમડીમી—આ ખંજેરીથી નાહનું વાધ છે, ને તે ભજન કરતી વેળા વપરાય છે.

ડેરા—આ વાધ મદ્રાસી છે ને તે 'તાસા' ને મળતું છે. ગુજરાતમાં 'મટોડીના માટલાં-ના મેાહડાં ઉપર એક ચામડું બાંધી જે વાજંત્ર બનાવે છે તેને 'ડેરા' કહે છે. મુંબઇની આસપાસના કણબીઓ એનેજ મળતું વાજંત્ર ફાગણ મહિનામાં બનાવી તે વજાડી ભિક્ષા મેળવે છે.

ઢોલ—એ સાધારણ ઢોલક જેવું વાધ છે.

ઢોલક—મૃદંગ અને પખવાજનેા આ જંગલી ભાઇબંધ. મુસલમાનેાને પ્રિય છે.

તાસા—એ અસૂરી વાધ છે. બ્રહ્મ દેશમાં એવુંજ એક વાધ મલે છે, તે દેખાવમાં મેાટી કઢેાક જેવું હેાઈ તેના મધ્ય ભાગે ઝાંઝનાં ગેાળી માફક એક મેાટેા દડેા હેાય છે. તે ગેાળાપર લાકડાંનેા અથવા લાકડાનાં છેડા ઉપર ઘાસ વિટાળી તેપર ચામડું લગાડી તેથી વજાડે છે. આ તાસાનેા અવાજ ઘણેા કઠેાર નિકળે છે. બીજું એજ નામનું વાધ મુસલમાન લેાકેાનું 'રણવાધ' છે.

તુંકનારી—કાશમિરી વાધ. દેશી દાબ-ડાના આકારનું વાધ. આ વાધને ડાબી બગલમાં પકડી જમણા હાથ વડે વજાડવા-માં આવે છે.

ધાક— એ અતિ મેાટું ઢોલક જેવું હેાય છે. એને જમણી બાજુથી વજાડી શકાય છે, અને ડાબી ગમથી વજાડવામાં આવતું નથી.

ધૈાંસ—એ નૈાબતને મળતું વાધ છે.

નગારેા—આ રણવાધ ચામડાને ધાતુના કઢેાકપર જડી લઇ બનાવવામાં આવે છે.

ન્યસ્તરંગ— આ એક કર્ણાને મળતું વાધ છે. એને સંસ્કૃતમાં પઉપાગ' કહે છે. આ વાધ મથુરા અને વૃંદાવન ગામમાં જા-ણીતું છે. એ ઘણા પ્રાચીન કાળનું વાધ હેાઇ હિંદુસ્તાન શિવાય બીજે કેયે જણાતું નથી.

નૈાબત—એને દુંદુંભિ' પણ કહે છે. એ પ્રાચીન કાળનું રણવાધ છે.

પખવાજ—એ મૃદંગ કરતાં ઘણું ના-હનું હેાય છે, તેથી તેના છેડા નાહના રહેછે.

પેાંબઈ—એ સંબળ વાજંત્ર જેવું મદ્રા-સમાં જાણીતું છે. તેની જમણી તરફનેા ભાગ 'મૃદંગ'પ્રમાણે જમણેજ હાથે વગાડી શકાય છે અને બીજો ભાગ લાકડીને છેડે દેારી બાંધી તે વડે વજાડી શકાય છે.

બેાબું ને તબલેા— એ મૃદંગ મુજબ એ બાંજુના અવાજ બે જૂદા જૂદા અવાજે કાઢવાનું વાધ છે. તબલાને કેટલાકેા 'દહિના' કહે છે. બેાબું એટલે દાનેા ને દહિના એટલે જમણેા હાથ; આ ઉપરથી એ નામ પડયું છે.

મંદીરા—એ ટાળનું બીજું નામ. એને ઉત્તર હિંદુસ્તાનમાં 'ઝોરા' અને કૈતે કહેછે.

મૃદંગ—આ વાધ બ્રહ્મદેવતાએ શેાધી કાઢયું હતું.

સંતૂર—આ વાધ પેાલાદનું ત્રીકેાણા-કારનું બનાવેલું હેાય છે. યૂરપીયન વાજંત્ર બાળાબાના એવાજ વાધને એ મળતું છે.

સંબળ— એ ગેાંધળી ગ્રન્થનું એક વાધ છે.

દેશી ગાયનન શાસ્ત્રની સમજ.

હિંદની ગાયન વિદ્યા પેાતાની સંપૂર્ણતા માટે વખણાયછે. કારણ કે એના મુખ્ય રાગેા ૬ ઠેરવેલા છે અને તે રાગની પાંચ પાંચ રાગણી મળી ૩૦ રાગણીઓ બનેલી છે; તથા એકેક રાગના આંઠ આંઠ પુત્ર અને તે પુત્રેાની આંઠ આંઠ 'ભારજા' ઠેરવેલી છે, તે ઉપરથી જણાય છે કે ગાયનશાસ્ત્રમાં અસલ ૧૩૨ રાગેા નક્કી કરી મેળેલાં છે. એ અસલ્ગ ગેાઠવણનાં રાગને તેઓ "માર્ગ" કહે છે, અને તેના હિસાબ ઉપરથી બનેલા નવા રા-ગેાને 'દેશી' કહે છે.હિંદની ગાયનકળા એટલી સંપૂર્ણ છે કે રાગ જાણનાર ગમે તેવા રાગેા યૂરપનાં Music Composer, પેઠે નવાં રાગેા બનાવી શકે છે, અને તેના નામેા તેના બાંધેલાજ કાયદામાંથી ગમે તેવા બંધબેસતા આપી શકે છે.

પુરાણા આર્ય જમાનામાં ૩૬,૦૦,૦૦૦ રાગેા હૈયાત હતા, તથા શ્રી કૃષ્ણના સમયમાં ૧,૬૦૦ રાગેા કાયમ હતા, જેને ગેાપીઓ અછી રીતે ઈન્સાફ આપતી હતી.

સંગીત શાસ્ત્ર મુજબ મુખ્ય રાગેા ૬ છે— ભૈરવ—હિંડેાલ—મેઘ—માલકેાસ—દીપક—શ્રીરાગ. પ્રથમ પાંચ રાગેા મહાદેવનાં મુખમાંથી ઉત્પન્ન થએલા કહેવાય છે. ત્યારે છઠેા શ્રી રાગ પારવતીએ ઉત્પન્ન કર્યો હતેા. દરેક રાગની પાંચ સ્ત્રીઓ (રાગણી) અને આંઠ પુત્ર તથા આંઠ છોકઓની સ્ત્રીઓ છે. એક રાગનું સઘળું કુટુંબ ૨૨ ની સંખ્યાનું કહેવાય છે, જેથી ૬ રાગનું પરીવાર ૧૩૨નું હેાયછે

વળી દેશી સંગીત શાસ્ત્રના કાયદા મુજબ જૂદા જૂદ રાગેા મુકરર કરેલા વખતેજ ગાવાનું ફરમાવ્યું છે અને તે રાગેા તેના વખતે ગાવાથી તેની ખરી મિઠાસ અને મેાજીલરી જળવાય છે.

વખત	મુદ્દત	રાગ સંખ્યા.
સહવારનો ૧લો પોહોર	૫ થી ૯	ભેરવ, ખટ, રામકળી, ગુણકળી, ગુજરી, ગંધારી, દેવગીરિ, બેલાર' ભેરવી, મધમાધ.
દિવસનો ૨જો પોહોર	૯ થી ૧૨	સરપરદા, કેદારો, તોડી, પટમંજરી, દેશાખ, અસાવરી.
દિવસનો ૩જો પોહોર	૧૨ થી ૩	સારંગ, નટ, પુરબી.
દિવસનો ૪થો પોહોર	૩ થી ૬	શ્રી રાગ, મારવી, ગૌરી, રામકલ્યાણ.
રાત્રીનો ૧લો પોહોર	૬ થી ૯	બીરારી, હમીરકલ્યાણ, યમનકલ્યાણ, ભુપાલ.
રાત્રીનો ૨જો પોહોર	૯ થી ૧૨	કાનરા. વાધેશ્રીકાનરા, અડાનો, ખમાચ, કેદારો, જેજેવંતી,
રાત્રીનો ૩જો પોહોર	૧૨ થી ૩	બેહાગ, સોહેની, સોરઠ, હિંડોળ,
રાત્રીનો ૪થો પોહોર	૩ થી ૬	પરજ, કાલંગરો, લલત, માલકોશ, વિભાસ.

ઉપલી રાગણીઓ શિવાય કારી રાગણી ગમે ત્યારે ગવાઇ શકાય. બસંત, વસંત ઋતૂમાં; હોરી, ફાગણમાં; મેઘ, મલાર વર્સાદ ઋતુમાં અને ગજલ ગમે ત્યારે ગવાઇ શકાય.

ઉપર જણાવેલી રાગણી ગાવાનાં કાયદા જે દેશી સંગીત શાસ્ત્રમાં દાખલ કરવામાં આવ્યાછે, તે તેમનાં પુરાતમ રેવાજને અનુસરીને બાંધવામાં આવ્યા હતા. ઉપર દર્શાવ્યા મુજબ, તેઓ ઋતુ અને દિવસના પોહોરો સાચવતા હતા. તેનું કારણ એજ દેખાયછે કે, જેવી જેવી ઋતુમાં કુદરતની પેદાયશોમાં ફેરફાર થતો—જેમ કે ફુલોનું ખીલવું, અનાજનું પાકવું, ખેડવું, વર્સાદનું વરસવું એવી જૂદી જૂદી ઋતુનાં પ્રસંગે ઈશ્વરની યાદમાં તેઓ ભક્તિ કરતા, જેથી ઋતુ અને વખત સાચવવાની મતલબ તેઓનાં ગાયન કરેછે; પણ હાલ તેમ તેઓ સાચવી શકતા નથી.

આર્ય સંગીત શાસ્ત્રીઓ પોતાના વખતમ ગાયનનો ઉપયોગ ઘણોખરો ભક્તિમાં કરતા હોવાથી તેઓ પોતાના તેહેવારનાં હિંગામ ઉપર રાત અને દિવસ જૂદે જૂદે વખતે ગાયનોમાં ભક્તિ કરતા હતા, અને તે વખતને અનૂસરી જૂદા જૂદા રાગો ગોઠવી ભાર્જ્ય પુત્રો એકજ દિવસનાં આંઠે પોહોરમાં જૂદે જૂદે વખતે ગાતા હતા. હાલમાં ગવૈઆઓ તે ધોરણ ધ્યાને લીધે જાળવી શકતા નથી. તેમજ નાટકોમાં રાગણીનો વખત જાળવવાની કેટલાકો કોશેસ કરેછે તે નહિ જેવી છે, કેમ કે કેટલીક વેળા રંગભૂમી ઉપર સહવારનો દેખાવ રજુ થાયછે ત્યારે સમયે જો રાતનો કાયદો પકડી તેમ વરતે તો સહવારના દેખાવની કરવી જોઇતી અસર ગુમ થાયછે.

જૂદી જૂદી રાગણી તેની મુકરર કરેલી ઋતુમાં ગાવાથી તે વિશેસ આનંદ પમાડેછે, તેથી નીચલો કોઠો ઋતુ, રાગ અને રાગણીની પાંચે સ્ત્રીઓનો આપ્યોછે.

ઋતુ	રાગ	રાગણી
વસંત (ચઈત્ર વૈશાખ)	હિંડોળ	રામકળી, દેશાખ, લલત, બિલાવલ, પટમંજરી.
ગ્રિષ્મ (જેઠ અખાડ)	ભૈરવ	ભૈરવ, મધુમાધ, સિંધવી, બંગાલી, બેરારી.
વર્ષા (શ્રાવણ ભાદરવા)	મેઘ	તંકા, મલ્હાર, ગુજરી, ભોપાલી, દેશાકરી.
શરદ (આસો કાર્તિક)	માલકોસ	તોડી, ગુણકળી, કેદારો, ખંબાતી. ગોડી.
હેમંત (માર્ગશીર પોશ)	દીપક	કામોદ, દેશ, નટ, કેદાર, કાનરા.
શિશી (માહા ફાગણ)	શ્રી રાગ	માલશ્રી, મારવી, ધનાશ્રી, બસંત, અસાવરી.

જેમ સંગીત શાસ્ત્રમાં રાગ રાગણીઓને બાંધેલા વખત અને ઋતુમાં ગાવાનું ઠેરવ્યુંછે, તેમ તેનાં સ્વરૂપ પણ વર્ણવાંછે. જેમાં કેટલાક રાગ રાગણીઓ તેના સરોદ પ્રમાણે સ્વરૂપવાનં યા વિકાળ વર્ણવીછે. ઘણાખરા રાગોની સ્ત્રીઓ સ્વરૂપે સુંદર અને મનમોહન વર્ણી છે. તે જો કે અલંકારીક રૂપનું વર્ણન છે તોય તેનો સરોદ તેજ પ્રમાણે મનુષ્યપર અસર કરનાર અકસીર હોય છે. (જૂઓ દરેક રાગણીનું તે તે નામ હેઠળ વર્ણન.)

સ્વર

સંગીત શાસ્ત્રીઓએ સ્વરોના ૭ ભેદ રચ્યાંછે. એટલે કોઇપણ સ્વર હોય તોપણ તે ૭ સ્વરના વર્ગમાંજ લાવી શકાય છે. વ્યાકરણ રચનારે શબ્દની જેમ પાંચ જાતો કલ્પેલીછે, યાને કોઇપણ શબ્દ હોય તોપણ તે પાંચમાંના એકમાંનોજ ગણાયછે; તેમજ ૭ સ્વરોમાંના કોઇપણ એકમાં હરએક સ્વરનો સમાવેશ થાય છે, આ સાત સૂરનાં નામો ધનુષ્ય અથવા વર્ષાદની કમાનનાં ૭ રંગો ઉપરથી હિંદુ લોકોએ આપેલાં છે, અને જેમ જૂદા જૂદા ૭ રંગો નજરને ખુશકારક લાગે છે તેમ આ ૭ સ્વરો કાનને મધુર અને આનંદમય લાગે છે. આ સાતે સ્વરને રાગ જાણનારાઓએ તેમના ૧ લા એક અક્ષરથી 'સ્વર ગરામ' ને નામે ઓળખાવ્યાં છે, તેમજ તે સાતે જૂદા જૂદા સૂરોને જીવતા પશૂ પક્ષીઓનાં સૂર સાથે સરખાવ્યાંછે. તેમજ એ સાત સૂરોને આકાશનાં ૭ ગુણો (કામ, ક્રોધ, શોખ, મોહ, ભય, અજ્ઞાન, શૂન્યત્વ) સાથે જોઠવેલાંછે. અથવા સ્પષ્ટ રીતે કહીએ તો સ્વરથી ઉચ્ચારેલાં ગાયન મનુષ્યના મનમાં ખુશાલી દિલગીરી કે બીજો ભાવ ઉત્પન્ન કરેછે. આ ગાયનની જાતી શક્તિ તેનાં સૂરમાં રહેલી, અને તેથી કીયા સૂરમાંથી કયો ભાવ ઉત્પન્ન કરેછે અને તે શું શક્તિ ધરાવે છે તે દેશી સંગીત શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. જેમકે

સા—આ સ્વર ઉત્તેજક ને ખુલંદ છે.

રે—આ સ્વર મનોવેધક અને લાગણી ઉત્પન્ન કરનાર છે.

ગ—આ સ્વર દિલગિરી ઉત્પન્ન કરનાર તથા રડવાનો છે.

મ—આ સ્વર ઉહત અને ઉલ્લાસ ઉત્પન્ન કરે છે.

પ—આ સ્વર ભય ઉત્પન્ન કરે છે.

ધ—આ સ્વર સ્થિર અને શાંતછે.

નિ—આ સ્વર જાગૃત કરનારો તથા આશા ભરેલોછે.

આ ૭ સૂરનાં નામો તથા તેના પર ભવકલ દેવતા, તથા જાતી અને ઉચ્ચાર સ્થાનની સમજ નીચે મુજબછે.


મૂળાક્ષર	= અપભ્રંશ	= સંક્ષેપ	= (ઇંગ્રેજી = ઇટાલ્યન)	= સ્થાન	= પ્રાણી	જાતી	= દેવતા—
ષડજ	... ખરજ	... સા	... (એ) ... (ડો)	... નાભિસ્થાન	... મોર	=પક્ષી	...અગ્નિ
ઋષભ	... રેખભ	... રે	... (બી) ... (રે)	.... નાસિકસ્થાન	... પપૈયો	=પક્ષી	...બ્રહ્મા
ગાંધાર	... ગાંધાર	... ગ	... (સી) ... (મી)	... ગાલસ્થાન	... મેંઢો	=પશુ	...સરસ્વતિ
મધ્યમ	... મધ્યમ	... મ	... (ડી) ... (ફા)	... હૃદયસ્થાન	... કોકિલ ંગ	=પક્ષી	...મહાદેવ
પંચમ	... પંચમ	... પ	... (ઈ) ... (સો)	... કંઠસ્થાન	... કોયલ	=પક્ષી	...લક્ષ્મી
ધૈવત	... ધૈવત	... ધ	... (એફ) ... (લા)	... લલાટસ્થાન	... ઘોડો	=પશુ	...ગણપતિ
નિષાધ	... નિખાધ	... નિ	... (જી) ... (સી)	... તાલુસ્થાન	... હાથી	=પશુ	...ઇંદ્ર

આ વર્ગ મુકરર કર્યાથી સ્વરોની યોજનાં કરવાનું સેહેલ થઇ પડેછે. આ વર્ગમાળાને ગ્રામ કહેછે. એના પેટામાં મૂર્છના અને શ્રૂતિ યાને તાનછે. અને તિવ્ર તથા કોમળ એ ભેદછે તેથી કરી ત્રણ ગ્રામ બનેછે. આ સર્વે યોજનાનું નામ રાગછે. આ સ્વર સમુદ્ર મોટોછે તેમાં તેની અનેક યોજના કરી શકાય છે. આ શાસ્ત્રનાં જે નિયમોછે તેને સાંભળીને ગાનાર કેમ ગાયછે તેની સમજ ધરાવનારજ તેમાં ઘણી મોજ મેળવી શકેછે. ગાયન સમજનારને તાનની પણ સમજ હોવી જોઇએ. તેનું અવસાનકાળ અને મધ્યાન જણ્યા છતાં તેની વચમાં તે જે તાન લઇ પાછો મધ્યાનમાં આવી મળેછે એ મોટી સીફતનું કામછે. ગ્રામ—

સા રી ગ મ ધ ધ ની ૧૫ ૧૬ ૧૭ ૧૮ ૧૯ ૨૦ ૨૧	૧ ગ્રામ
સા રી ગ મ પ ધ ની	૨ ગ્રામ
સા રી ગ મ પ ધ ની	૩ ગ્રામ

ગ્રામ ત્રણ ગણાય. પેહેલાને 'ખરજ અથવા, મંદર; બીજાને 'પંચમ' અને ત્રીજા'-ને 'ટીપ' અથવા 'તારક' ગ્રામ કહેછે. તેમજ તેમને ખરજ, મધ્યમ અને ગાંધાર ગ્રામ પણ કહેછે. ત્રણ ગ્રામ ને ત્રણ સપત-કતે એકજ છે, અથવા તે સાત સાત સૂરનું એકહું ઘર કહેવાય છે. પ્રથમ સપ્તકનાં સૂરો પેહેલા માળને પોતાનું ઘર તરીકે ગણે છે. તેજ પ્રમાણે બીજું ને ત્રીજું અનુકમે એક પછી એક એમ ત્રણ સપ્તકો એક બીજાથી ઉપરના માળપર પોતાનું ઘર કરી રહેછે તેને ત્રણ ગ્રામ કહેછે. આ ત્રણ ગ્રામમાં જુમ-લે ૨૧ સૂરોનો સમાવેશ થયલો હોયછે.

આરોહિ અને અવરોહિ—એ સ્વરોમાં મુ-ખ્ય છે. આરોહિ યાને સ્વરમાં ચહડતા જવું અને અવરોહિ યાને સ્વરમાં ઉતરતા જવું; જેમકે ખરજથી ચહડતા સૂર તરફ યાને રિષભ, ગંધાર, મધ્યમ, પંચમ, ધૈવત, એવા સ્વરે ચઢતા જવું તેને આરોહિ કહેછે અને એજ રીતે નિષાદ, ધૈવત, પંચમ, ગાંધાર, રેખભ, ખરજ એવા સૂરથી ઉતરતા જવું તેને અવરોહિ કહે છે.



શ્રૂતિ—હિંદી સંગીત શાસ્ત્રમાં આસાત સૂરોમાંથી કેટલાએકના બે ભાગ કરેલા છે અને તે ભાગને શ્રૂતિ કહે છે. શ્રૂત્તિ વિશે એક સંસ્કૃત સંગીત ગ્રંથમાં શ્લોક આપેલો છે કે "ચાર ચાર 'શબ્દજ' મધ્યમ અને પંચમ, બબે નિખાદ; તથા ગાંધાર, તથા ત્રણ ત્રણ રીપભ અને ધૈતવના ભાગો નકી ઠરાવેલા હોય છે."

શ્રૂતિ એ ઉપર જણાવેલા સુરોનાં ચોથે હિસ્સેના, ત્રીજે હિસ્સેના અને બીજે હિસ્સે-નાં અવાજો છે. જેમકે વાજંત્રમાં સા અથવા ષડજનું સુર વજાડવું હોય તો પેહેલા તેનો 'પા' પછી 'અર્ધો' અને પછી 'પોણો' અવાજ વાગી શકે, તથા તે પછી પડજ વાગી શકે, અને એ ચારમાંથી ગમે તે ભાગ રાગમાં અથવા અવાજમાં કામ આવે તેમ વજાડી શકાયછે. પણ ગાંધારનું સુર અર્ધું અથવા આખુંજ વજાડી શકાયછે. કારણકે તેની બેજ શ્રૂતિ યાને બેજ ભાગ નક્કિ કરેલાછે. એજ પ્રમાણે એક સપતકના સાતે સુરોની શ્રૂતિ નક્કિ કરેલીછે, તે પ્રમાણે જુદા જુદા ।૦ ।।૦ ।।।૦ અવાજો ઉત્પન્ન-કરી શકાયછે. એ મુજબ શ્રૂતિ ૨૨ ઠેરવેલીછે.

૨૨ શ્રૂતિનું માપ.

૪	૩	૨	૪	૪	૩	૨
સા ।	રી	ગ ।	મ ।	પ ।	ધ	ની

બીન વાજંત્રમાં પા અને પોણો સુર, સંભળાતો નથી, જેથી તેના અર્ધા અને આખા સૂરો વાપરવામાં આવે છે. તેમને કોમળ અને ત્તિવ્ર કહે છે.

કોમળ અને **તિવ્ર** સપ્ત સૂરોમાના સા અને પ કુદરતી છે, બાકીના પાંચના બે ભાગ થએલા છે, તેમાં એક અર્ધું ને બીજા આખા. આ અર્ધા તથા આખા સૂરો બીન, સીતાર યા સુંદરી જેવા વાજંત્રોના પરદાઓમાં પુરેપુરા ઉપજવી શકાય છે. અસલ સાત સૂરોમાં પાંચ સૂરોનાં અર્ધા ભાગ પાડવાથી, એટલે પાંચ કોમળ સ્વરો દાખલ કિધાથી સઘળાં મળી ૧૨ સુરો બને છે.

કોમળ		કોમળ		કોમળ			કોમળ		કોમળ
	રી		ગ		મ			ધ	ની
સા	। રી	।	ગ	।	મ	પ		ધ	ની
કુદરતી	તિવ્ર		તિવ્ર		તિવ્ર	કુદરતી		તિવ્ર	તિવ્ર

બીન નામના વાજંત્રમાં કોમળ અને તિવ્રના સૂરો સારી રીતે ઉપજવી શકાય છે. તેમજ ઉસ્તાદીથી તારોને ઝનકારો આપ્યાથી તેનું ૩૫ ફેરવી પણ શકાય છે, જેથી કોઇ વેળા ।૦ અને ।।૦ સૂરો તથા એકના દખલ સુર પણ પ્રગટ થાય છે.

મોરછન.—સાત સૂરની એક સપ્તકમાં ૨૨ શ્રૂતિનું એક બંધન હોય છે, તેમજ કોમળ અને તિવ્ર સાથનું બંધન છે તેવું એક સપ્તકમાં બીજું એક બંધન હોય છે તેને મોરછન કહે છે. મોરછન યાને બે સૂરોની વચમાં આવતી ઝમક. તે પોહળાઇ ભરેલી અવાજની લેહેરનાં મુકામના બે સૂ-રોની વચ્ચેનાં મુકામપર રહે છે, અને તેઓ એક એક સૂરની ચાલમાં ત્રણ ત્રણ હોય છે. જેથી એક સપતકમાં તેની ગણુત્રી ૨૧ ની કરેલી છે, અને મોરછનો ૨૧ છે. ત્રણ ત્રણ ગ્રામની ૬૩ મોરછનો કે જેને ગાયનશાસ્ત્રીઓ જુદે જુદે નામે જાહેર કરેલી છે.

	૧	૨	૩
૨૧ મોરછનો—સા—	આ	આ	આ
	૪	૫	૬
રી—	ઈ	ઇ	ઈ
	૭	૮	૯
ગ—	અ	અ	અ
	૧૦	૧૧	૧૨
મ—	અ	અ	અ
	૧૩	૧૪	૧૫
પ—	અ	અ	અ
	૧૬	૧૭	૧૮
ધ—	અ	અ	અ
	૧૯	૨૦	૨૧
ની—	ઈ	ઈ	ઈ

ત્રણ ગ્રામની મોરછનના કોઠા.

૧ લો ગ્રામ—	૧ લી. ૩ અમરમતા	૨ જી ૩ રંજની	૩ જી ૩ અમરબતા	૪ થી ૩ ગરજ્ઞા	૫ મી ૩ મતરકના	૬ ઠી ૩ અસૂકરના	૭ મી ૩ અરોકના	૧ ગ્રામની ૨૧ મોરછન
૨ જો ગ્રામ—	૮ મી ૩ સુખરી	૯ મી ૩ બરનાસ	૧૦ મી ૩ સુંદમદુથા	૧૧ મી ૩ નારલું	૧૨ મી ૩ સુરદ	૧૩ મી ૩ તરનાલુ	૧૪ મી ૩ હરઘરાક	૨ ગ્રામની ૪૨ મોરછન.
૩ જો ગ્રામ—	૧૫ મી ૩ બરતામ	૧૬ મી ૩ શાત	૧૭ મી૩ શોખી	૧૮ મી ૩ બચજ્ઞે	૧૯ મી ૩ રોશની	૨૦ મી ૩ મરકીઆ	૨૧ મી ૩ અલાપના	૩ ગ્રામની ૬૩ મોરછન.

ઉપર જે મોરછનો દર્શાવી તે શ્રુતિ ને પેઠે સૂરોના મુકામની વચ્ચે આવેછે. પણ શ્રુતિ તે સૂરોના જુદા જુદા નક્કી કરેલા ભાગો છે, અને મોરછનો એક સૂરથી બીજા સૂર ઉપર દોડતી વખતે વચમાં અવાજની ચઢતી યા ઉતરતી લહેર છે.

મીંડ, કુમક અને અલંકાર—સાત સૂરોનાં સપતકમાં તિવ્ર તથા મોરછનોનું બંધન ઉપર દર્શાવ્યું તેમ, એક બીજા પણ બંધનો આવે છે તેને મીંડ—કુમક અને અલંકાર કહે છે.

"મીંડ અને કુમક" એ સૂરને ઝમકાવવાથી, થથરાવવાથી ઉપજે છે. ૭ સૂરોમાંથી દરેક સૂરને તેનાં અસલ મુકામ ઉપર રાખીને તથા અસલ રૂપમાં મીન્નત આપી યા મીંડ લગાડી એમ કહે છે.

"અલંકાર એ સૂરનો સંનગાર ભરેલો અવાજ છે. બે અથવા ત્રણ સૂર એક એક સૂરને મળી જઈને જે સનગાર આપે છે તેને અલંકાર કહે છે. અલંકારનો અર્થ એ છે કે સપતકનું કોઇ પણ સૂર બે વખત અવાજ કાઢે અથવા એક સપતકનું સૂર બીજા સપતક સાથ અવાજ કરે, અથવા એક સપતકના ત્રણ અથવા પાંચ સૂરો ભેગા અવાજ કરે, અથવા એક અને બીજા સપતકના સૂરો ત્રણ અથવા પાંચ એકઠાં થઇને અવાજ કાઢે તે અલંકાર છે. અલંકારો ૬૩ છે જેના નમુના નીચે મુજબનાં છે.

૧ લો—સાસા રીરી ગગ મમ પપ ધધ નીની.

૨ જો—સારીગ રીગમ ગમપ મપધ પધની ધનીસા.

૩ જો—સારીસારીગ, રીગરીગમ, ગમગમપ, મપમપધ, પધપધની, ધનીધનીસા, નીસાનીસાસા.

૪ થો—સાસારીગગ, રીરીગમમ, ગગમપપ, મમપધધ, પપધનીની.

૫ મો—સારીગમપ, રીગમપધ ગમપધની મપધનીસા.

તેમજ ચોકસ રાગ રાગણીનાં અલંકારો ચોકસ સૂરો સાથે અવાજ કરેછે.

અલાપ એટલે રાગને સૂરોની મારફતે પ્રગટ કરનારો અવાજ. અલાપ એ તાનનું મંડાણછે કે જે રાગ શરૂ કરતી વેળા સૂરોની મારફતે ગળામાંથી કાઢવો પડેછે. અલાપ સાત તર્હેનાંછે અને તેનાં ચાર સ્થાન યાને મુકામછે. એટલે રાગને ઉપાડવાના ચાર સ્થાનકો છે તેના જૂદા જૂદા નામો છે. ૧ લું

'સ્થાન' એટલે સૂરથી રાગ અને જાત બ્બર પડે તે. ૨ જું—'રૂપ' એટલે રાગને બીલ-ચે તે. ૩ જું—'ચીક' યાને બીજા અલાપોને મદદ કરે તે. ૪ થું અંશરામક યાને રાગને ઝમક આપે તે.

તાન યાને હરએક રાગનાં અવાજને તેના પોતાનાજ રૂપમાં લાંબો, પોહોળો તથા ફેલાયલો એક બે યા ત્રણ ગ્રામ સુધી ઉંચે લઇ જવાની રીત.

ઓનચાસ્ટા કોટતાન તથા મુલકરંમ—એમાં સપતકનાં દરેક સૂરની રોહી અને આરોહી સાત સાતવાર વગર અચકવે ગાઈ જવાયછે. પેહેલાં ષડજનાં સૂરથી માંડી બીજા સપતકનાં રીખભ સુધી જઇ નીચે ઉતરતાં પેહેલા સપતકનાં, રીખભ અને ષડજ બનાવી એક એક સૂર અલગ અલગ લઇ રોહી આરોહી ગાયા જવું, તે પછી ફરી ગાંધાર સુધી ચઢીને આરોહી ગાઈ ગાંધારને ષડજ બનાવી દેવો. એ રીતે સાત સૂરને ત્રણ સતકનાં સૂરો સાથે મેળવી રોહી ગાવું, અને ત્યાર બાદ પાછાં આરોહીથી ઉલટા શરૂ કરી રોહીપર આવી છોડવું. દરેક પલટો સૂર ગાવામાં દરેકવાર પેહેલાથી એવડા સૂર વધતા જાયછે, અને તેમાં ત્રણ ગ્રામનાં સૂર સુધી ચઢઉતર કરવી પડેછે. રોહીનાં ૭ સૂરો ગાતાં ૪૯ પલટા અને તેટલાજ બીજા આરોહીના ૪૯' ૯૮ ઉલટા પલટાનાં ૬૨૬ સૂરો ગાવાં પડેછે. એક સુરનાં ૭ પલટાને કોટ કહેછે, જેથી આરોહી અને રોહી મળી ૪૯ કોટ થાયછે. તે નીચે મુજબ.

આ પેહેલા ગ્રામનાં સુર થયાં—	૧ સા	૨ રી	૩ ગ	૪ મ	૫ પ	૬ ધ	૭ ની
આ બીજો ગ્રામ અહીંથી શરૂ થયો—	૮ રી	૯ ગ	૧૦ મ	૧૧ પ	૧૨ ધ	૧૩ ની	૧૪ સા
	૧૫ ગ	૧૬ મ	૧૭ પ	૧૮ ધ	૧૯ ની	૨૦ સા	૨૧ રી
	૨૨ મ	૨૩ પ	૨૪ ધ	૨૫ ની	૨૬ સા	૨૭ રી	૨૮ ગ
	૨૯ પ	૩૦ ધ	૩૧ ની	૩૨ સા	૩૩ રી	૩૪ ગ	૩૫ મ
	૩૬ ધ	૩૭ ની	૩૮ સા	૩૯ રી	૪૦ ગ	૪૧ મ	૪૨ પ
આ ત્રીજો ગ્રામ અત્રેથી શરૂ ગયો—	૪૩ ની	૪૪ સા	૪૫ રી	૪૬ ગ	૪૭ મ	૪૮ પ	૪૯ ધ

હિંદી સંગીત શાસ્ત્રમાં આ ભાગ સહુથી બીકટછે. કેમકે તે તાનના આસરાથી અકેક રાગ તેનાં અસલ રૂપમાં રાખા આંઠ આંઠ દિવસ સુધી ગવાયછે.

આ દેશી ગાયનનાં સૂરોને ગણિત શાસ્ત્રનાં આધારે રચેલું હોવાથી તેનાં જેટલી સંપૂર્ણતા કોઇ પણ દેશનુ સંગીત શાસ્ત્ર ધરાવતું નથી એ વાત પ્રસિદ્ધ થઇ ચુકીછે. તાન વિષે લખતાં સર વિલીયમ જોન્સ પોતાનાં 'એશિઆટિક રીસરચીસ' નામનાં ગ્રંથમાં લખેછે કે "હિંદી રાગની રીતીમાં અલાપદારીનો અને તાનનો અખતરો એક મોટી નવાઇની ચીજ છે, જે હિંદુઓની પોતાની હોવાથી મારા વિચાર પ્રમાણે તે હિંદી સંગીત શાસ્ત્રની એક સહુથી મોટી મોટાઈ છે.

આડવ, ખાડવ અને સંપુરણ—એ રાગની ત્રણ જાતી છે. તેમાં આડવ અને ખાડવ રાગ અધુરા હોવાથી તે બેઉને 'સંકારણ' અથવા અપૂર્ણનું નામ આપેલું છે. જે ઉપર રાગ શાસ્ત્રીઓએ રાગની બે જાતી ગણેલીછે. એક સંપૂરણ ને બીજો સંકારણ.

આડવ રાગ એટલે અપૂર્ણ. એ પાંચ સૂરોનો બનેલો છે. જેમાંથી નિકળી ગએલાં બે સુરો 'બ્યાધી' યાને શત્રૂ સમજવાં. એટલે

એ બે સુરો એ પાંચ સુરોથી બનેલાં રાગમાં હોયતો તેની સુરત ફરી જાયછે, તેથી તેને શત્રૂ ગણેલાંછે.

ખાડવ રાગ ૬ સુરોથી બનેલા રાગને કહેછે. જેમાંથી એક સુરનિકળી જાયછે તે વ્યાધી ગણાયછે.

સંપુર્ણ રાગ એટલે જેમાં સાતે સૂરોનો પૂરે પૂરો જમાવ થાય તેને કેહેછે. એ સાતે સુરો જેથી સંપૂરણ રાગ પ્રગટ થાય છે તેમાં ચાર સુરોનાં નામ જુદા જુદા રાખવામાં આવ્યાછે. જેમને બાદી સંબાદી, અંબાદી, બેબાદી કહેછે. સંપૂરણ રાગમાં એ ચારેના-નામનાં સુરો પ્રગટ રહેછે, કેમકે સાત સુરમાંથી તેમનું નામ આપેલું છે. એ ચાર સુરોને રાગની દોડાદોડનાં મેદાનમાં રાજા, પ્રધાન, સીપાહી અને શત્રૂ ગણવામાં આવ્યાછે.

બાદી, સંબાદી, અંબાદી, બેબાદી—એટલે દરેક સંપૂરણ રાગ અથવા રાગણી પ્રગટ થતી વખતે હારબંધ, એક પછી એક સરખી રીતે આવતાં ચાર સુર અથવા અવાજ.

માત્રા એટલે એક પળ, બે પળ અથવા ત્રણ પળનો એક ટોકો. જે માત્રાનો રાગ ગોઠવનાર યા જોડનાર પોતાની ગમે તેવી વળને ગોઠવવા માંગે તેમ ગોઠવી શકેછે.

તાલ એ અવાજને અખત્યારમાં રાખનાર રાગછે. જે વખતનાં માપથી અવાજ મપાયછે તેજ અવાજ રાગ કહેવાયછે. તાલો ૩૦૦ થી ૩૫૦ જાતનીછે; પણ તે બધી ચાલુ વ્યવા-હારમાં નથી. તો પણ હાલનાં વખતમાં સંસ્કૃત ગ્રંથોના આધારે સાત તાલ મુખ્ય ગણાયછે. જે પાંચ પાંચ જાતની વેહેંચાઈ ગએલીછે.

સાતે તાલનાં નામો—ધ્રૂતાલ, મઠતાલ, રૂપકતાલ, જંપતાળ, ત્રીપટતાલ, અડતાલ, એકતાલ.

ગાયનુ ઝાડ—દક્ષિણ અમેરિકાનાં બિયાબાન અને સુકી જમીનમાં આ 'ગાયનાં' જથા-બંધ વૃક્ષો ઉગેછે. એના થડનો ઘેરાવો ૧૮ થી ૨૧ ફીટનો હોય છે. અને તે ૧૦૦ ફીટથી વધારે ઉંચા વધે છે. '૫૦ થી ૬૦ ફીટ સુધી આ વૃક્ષ વધે છે ત્યાંવેર તેપર ડાંખળીઓ આવતી નથી. આ વૃક્ષનાં પાંદડાં ૩ થી ૪ ઈંચ પોહળા અને ૧ ફીટ લાંબાં હોય છે. આ પાંદડા ચાંમડા જેવાં ચીવટ હોવાથી તે ઘણા ઉપયોગી થઈ પડે છે. એ રંગે લીલાં હોય છે. ગાયનાં ઝાડ-માંથી દુધ જેવો રસ નિકળે છે, તે દુધ જેવું સ્વાદદાર હોઇ તેમાં સેંકડે ૩૬ ભાગ ખાંડનો ભાગ હોય છે. આ રસ ડાંખળી જખમ કરવાથી ઝરકેછે આથી એને ત્યાંના લોકો માટલીમાં એખઠું કરી તે વડે રોટલી ખાય છે.

ગારગોન—આસામના સમસાગર જીલ્લા-માંનો આ એક ખંડિયર કીલ્લો, તથા ગામ. કિલ્લો સમસાગર શેહેરની દક્ષિણ પૂર્વે છે.

ગારગોન પાસેનો કિલ્લો હાલમાં તદન ખંડીયર સ્થિતિમાં છે અને તેની પાસે મેહેલોનાં ખંડીયરો છે, તેમજ બે મૈલ ઘેરાવાવાલી દેવાલ પડત હાલતમાં છે. આ દેવાલનો પડી ભાગેલો મોટો દરવાજો આગલા મિશનરીઓએ બંધાવ્યો હતો. આ ગામ ૫૦ વર્ષ ઉપર ખરીદવામાં આવ્યું હતું અને ત્યાંના ખંડીયરની ઈંટરડીઓ ખણી કાઢી તે ચાહનાં બગીચાઓમાંના મકાનો બાંધવામાં વાપરી હતી.

ગારટરનોચાંદ—આ અસાધારણ માન ધરાવનાર ખેતાબની સ્થાપના ૩ જા એડવર્ડે ૧૩૪૪ માં ૧૮ મી જનેવારીએ કર્યો હતો અને તે પછી આ ચાંદ કોઈ કદાચ અસાધા-રણ માન પામેલા રાજવંશી યા ઉંચા ખાનદાનીને એનાયત કરવામાં આવતો હતો. ૧૮૩૧ થી આ ખેતાબને વધારે દબદબા ભર્યો બનાવી તે રાજા યા રાણી પોતે, પાટવી કુંવર તથા પેહેલા જ્યોર્જનાં વંશજોને તથા નાઇટોમાંથી ચુંટી કાઢેલા ૨૬ નાઇટોનેજ ખેતાબ મળી શકે; જ્યારે પરદેશી રાજાઓ તથા પેહેલી પંકતીનાજ ઉધોગી મહાન નરનેજ આપવાનું ઠેરવ્યું હતું

આ સુન્નાનાં ચાંદને એક બલુ ફીતથી ડાબાપગનાં ઘુટણીની નીચે પેહેરવામાં આવે છે. જે ઉપર બ્રિટીશ અદાલતના આસનની ઉપર લટકાવવામાં આવતા દબદબાભર્યા લેખ કોતરેલા હોય છે. honi+soit+gui+mal+y+pense યાને જે બુરા ખ્યાલો કરે તેનુંજ બુરૂં થાઓ.

આ ચાંદ સાથે કાળી મખમલની તથા ઝળ-કતા મોતીનાં સાથની એક ટોપી પણ આપવામાં આવે છે. ૩૦ ઔંસ સુન્નાના વજનનો એક ગળપટો તેપર સેંટ જ્યોર્જના ક્રોસના તારા સાથનો તારો તેને તળે ઘોડેસ્વાર થએલો જ્યોર્જ અજદાહને મારતો ચિતારેલો હોય છે. ગારટનો ચાંદ ધરાવનાર નાઈટ પોતાના નામની સેવટમાં એવો ખેતાબ લખી શકેછે.

ગારાહુ કોટ—મધ્ય પ્રાંતમાં સાગર દુઆબના એક ભાગપરનું મુખ્યગામ. સાગરની પૂર્વે ૨૭ મૈલપરછે. ગામ સમુદ્ર સપાટીથી ૧૪૩૫ ફીટ ઉપરછે. ૧૮૮૧ માં લોકવસ્તી ૧૧૪૧૪ની હતી તેમાં ૭૭૭૧ હિંદુ ને ૧૨૯૩ કબીરપંથી, મોહમેદનો ૧૮૯૭; ૪૭૪ જૈનો ને પાંચ ખ્રિસ્ત હતા. ગામમાં ૩૪૭૩ મકાનો છે. આ શેહેર ગોંડના રાજ્યકર્તાઓએ સ્થાપન કર્યું હતું, પણ ૧૨૨૯ માં બુંદેલખંડના રજપૂત સર-દાર ચંદ્રશાહે તેમનાં પાસથી જીતીલઇ એક કિલ્લો બાંધ્યો હતો. ૧૭૦૩ માં પન્નાના બુંદેલા રાજા છત્રસાલનાં પુત્ર હૃદયશાહે આ કિલ્લો જીતી લઇ ત્યાંના અધિપતિને તેના બદલામાં બીજું ગામ આપ્યું હતું. હૃદય-શાહે તેપછી કિલ્લાની પૂર્વે એક શેહેર બાંધી તેને 'હિરદેનગર' નામ આપ્યું હતું. ૧૮૨૦ માં નાગપૂરનાં રાજાએ કિલ્લાપર ચઢાઇ કરી. તે વેળાની લડાઇમાં મર્દાનશીંગ લડતાં માર્યો ગયો કે તેનો પુત્ર અરજુનસીંગ ગા-દીનશીન થયો. તેની સાથે સંધી કરવામાં આવી પણ ૧૮૬૧ થી આ કિલ્લો તથા શેહેર ઇંગ્રેજ સરકારને તાબેનો ભાગ ગણા-યછે. આ ગામમા એક પ્રકારનું સ્ત્રીઓને પેહેરવા માટેનું કાપડ બનાવવામાં આવેછે. તેમજ ચોખા તથા ઘઉંનો મોટો પાક થાયછે. આ ગામની પૂર્વમાં આવેલો કિલ્લો સોનાર ને ગાંધારી નદીની વચમાં ૧૧ એકરની જગા રોકેછે. તેમાં મુખ્યકરી ઈમારતો ઘણીછે. ૧૮૫૮ માં આ કિલ્લો સરહુજ રોઝે સરકારી પડત હાલતમાં નાખ્યો છે.

ગારોનો જીલ્લો—ગારોનાં પહાડી પ્રદેશ માહેલો જીલ્લો. એ આસામનાં દક્ષિણ પ-શ્ચિમ ખુણામાં છે. એની ઉત્તરે ગોલપારા જીલ્લો, જયંતીની ટેકડી ઓ; દક્ષિણે તથા પશ્ચિમે બંગાલનો રંગપૂર જીલ્લો. એનું ક્ષેત્રફળ ૩૧૪૯ ચોરસ મૈલછે ને તેમાં ૧૮૮૧ માં લોક વસ્તી ૧,૦૯,૫૪૮ ની હતી. એ મુખ્ય સરકારી મથક ટયૂરા નામના ગામમાં છે

એનો મધ્ય પ્રદેશ એજ નામે જાણીતો છે. પશ્ચિમ તરફનાં પરવતની હાર બ્રહ્મ પુત્ર અને સુરમાંની ખાણુમાંથી વધેછે. ઉત્તર તરફ બ્રહ્મ પુત્ર નદપાસે એનાં પર્વતો નીચાં થતા જાયછે. આ પર્વતોમાં સૈાથી ઉંચા ટયુરા અને અરખીલ નામના પર્વતની બે હાર પૂર્વ અને પશ્ચિમે વધેછે. તેની ઉંચાઇ ૪૬૫૦ ફીટનીછે. આ પ્રદેશમાંના પર્વતોમાં અનેક નદીનાળાંઓ વહે છે. તેમાં મુખ્ય બ્રહ્મ પુત્ર, કાલ, ભોગાલ, નેટીઅ અને સો-ક્ષવારી છે. એનાં જંગલોમાં કિમતી 'સાલ' નાં વૃક્ષો ઉગેછે. આગળ ત્યાંના જમીનદારો જંગલો જે ઉપયોગમાં લેતા તે જંગલો હાલમાં બ્રિટીશ સરકાર પોતાને હસ્તગત લઇ તેનો કારોબાર પોતે ચાલવે છે.

ગાલગોંગ—જવાતરફ સંડાની સામુદ્રધુનિની પૂર્વે એ એક જવાળા મુખી પર્વત છે. ૧૮૨૨ માં ૨૨ મી અકટોંબરે આ પર્વત ફાટો હતો. મધ્ય બપોરે આ પર્વત ફાટવાથી મધરાત કરતાં પણ ભયંકર દેખાવ થઇ, રાખનાં ગોટેગોટા ઉડવાથી તથા બળતો લાવા ધોધમાર વેહેવા માંડવાથી આ પર્વત આસ-પાસનાં ૨૦ મૈલના વિસ્તારનો મુલક નાશ પામ્યો હતો. તે પછી તેજવર્ષમાં ૨૬ મી

તારીખે ફરી ફાટવાથી મોટી ખરાબી કરી હતી. આ વેળા થએલા ધર્તીકંપે પર્વતની અર્ધાટિંચ જમીનમાં ગર્ક ગઇ હતી અને દર્યામાં નવા ટાપુ ઉત્પન્ન થઇ નદીઓનાં માર્ગ તદન બદલાઇ ગયા હતા. આ જ્વાળા મુખીનાં ફાટવાથી ૧૧૪ ગામડાંનો નાશ થઇ તેમાંના ૪૦૦૦ થી વધારે માનસો બળી મુવા હતા.

ગાલચા—આ મોહમેદન પ્રજા આસપાસનાં પર્વતો તથા જર્ફશાન નદીનાં મૂળ તરફ તથા જીહુન નદીનાં છેક પામિરનાં મૂળવાલા પર્વતોમાં, સીરિકુલનાં પ્રદેશમાં, હિંદુકુશનાં દક્ષિણ ઢોળાપર તથા ચિત્રાળ અને કાફ્રિસ્તાનનાં પ્રદેશમાં વસે છે. એવો અસલી ઇરાનીઓ હતા પણ ઇસલામી ફત્હે પછી તેઓએ મહમદી ધર્મ એખત્યાર કર્યો હતો. તેમની ભાષા અસલી અવસ્તાને મળતીછે તોય હાલમાં તેમાં હિંદી ભાષાની ભેળ તથી જણછે. તેઓ પોતાનો નિર્વાહ ખેતીવાડી ઉપર કરેછે, અને જંગલી ગધેડાને કામમાં લેછે. તેઓ દેખાવે ખુબસુરત, બદામી અથવા લાલ રંગના અથવા ચળકતા સુન્નેરી બાલવાલા હોયછે.

ગાલ્ફેનમ—આ નામ કેટલીક જાતનાં ગુંદરોને આપવામાં આવ્યાંછે. એ ઘણુંકરી આફ્રિકાના કેસ્ટા ઉપર, સીરિયા અને ઇરાનમાં મળેછે. અને એ વર્ગનાં ગુંદરોને આરબો "બારઝડ કહેછે. એ વર્ગમાં રૂમી મસકતી, હીરાબોલ, ઇસસ તથા ગુગળ આવેછે.

ગાલીપર્વત—મદ્રાસ ઇલાકામાં વિજગાપટણના જીલ્લા માહેલા પર્વતની એક હાર. આ પર્વત સમુદ્ર સપાટીથી ૨૮૦૦ થી ૫૦૦૦ ફીટ ઉપરછે. ને તે સમુદ્રથી ૪૫ મૈલના છેટાપર છે. એની બે ઉંચી ટેકડીઓ ૫૩૪૫ ને ૫૨૮૭ ફીટ ઉંચીછે. ૧૮૬૦ માં મદ્રાસની સરકારે આ ટેકડીમાં સેનેટરિયમ સ્થાપી ત્યાંની આબો હવાની તપાસ કરાવી પણ તે તંદરોસ્તીને નુકસાનકારક જણાતાં તે કામ માંડી વાળયું હતું. આ પર્વતની સર્વ જમીન વિજયાનગરના રાજાને તાબે હોઇ તેના ત્યાં કાફીનાં મોટા બેતરો છે.

ગાલીલ—આ સમુદ્ર પેલેસ્તાઇનમાં આવેલો જણાવવામાં આવેછે. આ કાંઇ સમુદ્ર નથી પણ એક સરોવર છે. એને જુના કરારમાં "કિન્નેરથ કરેછે. કારણકે કિન્નેરથગામ એજ ઠેકાણે હતું. આગળ આ સરોવરને કાંઠે ૯ ગામો ઇંડારોકા હોઇ તેની લંબાઈ ૧૩ મૈલ ને પોહળાઇ ૬ થી ૬ મૈલની છે. યાર્દન નદી આ સરોવરને ઉત્તર છેડાથી મળી દક્ષિણથી બહાર પડેછે. આ સરોવરનું પાણી મીઠું હોવાથી તેની આસપાસનો ભાગ ફળદ્રપછે. અત્રે દ્રક્ષનો મોટો પાક થાય છે.

ગાવલગઢ—બિરારમાં એલીચપૂરનાં જીલ્લામાં ગાવલગઢ પર્વતની હાર ઉપરનો પહાડી કિલ્લો, મલ્લઘાટની ઉપરછે. આ કિલ્લો પુરનાં અને તાપી નદીના પાટ વચ્ચેનાં ખડક ઉપરછે. સમુદ્ર સપાટીથી ૩૫૯૫ ફીટ ઉપર આ કિલ્લોછે. આ કિલ્લો ત્યાં વસતી ગાલીવ પ્રજાએ બાંધેલો હોવાથી તે ગાવલગઢને નામે પ્રસિદ્ધ છે. આ કિલ્લો ઇ. સ. ૧૪૨૦ નાં સુમારમાં બાંધેલો હોય એમ દિસેછે, અને તે બ્રાહ્મણી વંશના અહમદશાહના સમયમાં બાંધવામાં આવેલો હોય એમ જણાયછે. આ કિલ્લો તે પછી નિજામ અને મરાહાઓના હાથમાં આવ્યો હતો. તેમાં મરાહાઓ પાસથી ૧૮૦૩ માં બ્રિટીશોએ સરકરી લીધો હતો. આ કિલ્લાઅંદરનો ભાગ ખુદ પર્વતમાંથી કોરી કાઢેલો હોઇ બહારનો કિલ્લો ઉત્તમ અને પશ્ચિમ બાંધકામથી મજબુત બનાવેલો છે. કિલ્લાની દેવાલ મજબુત હોઇ તેને મિનારાઓથી મજબુતાઇ આપેલીછે. કિલ્લામાં જવાનાં ત્રણ દરવાજા છે. એક દક્ષિણ તરફનો અંદરનાં કિલ્લામાં જવાનો, બીજો ઉત્તર પશ્ચિમ ભણીનો બહારનાં કિલ્લાપર જવાનો અને બીજો ઉત્તરે છે, કે જ્યાં પાકી બાંધણીનો રસ્તો છે. આ કિલ્લામાંના વચલા શિખર ઉપર એક સુંદર

મસજીદ છે, તેમજ ત્યાં ૮ તલાવો છે. તેમાં ઉન્હાળામાં પણ પાણી રહેછે. ૧૮૫૩ માં આ કિલ્લો ભાગી પડયો હતો. તેમાં માત્ર ઇમારતો, મસજીદો અને દારૂખાનું કાયમછે.

ગાવલગર—બિરારમાં સાતપુડા પર્વતની આ એક હારનુંનામ. એ ગાવલી પ્રજાનાં દેશમાં હોવાથી તેનું નામ ગાવલ ગર પડયું છે. આ પર્વત 'બીથુલ' જીલ્લાનાં પૂર્વમાં હોઇ બે ભાગમાં વેહેંચાયલો છે. તેમાંનો એક ભાગ પશ્ચિમ કિનારાપર નરબદા અને તાપતીની વચમાં વધેછે, અને બીજો ભાગ દક્ષિણ પશ્ચિમમાં ને નિમારનાં દક્ષિણ કિનારાપર વધેછે. સમુદ્ર સપાટીથી આ પર્વતની ઉંચાઇ ૩૪૦૦ ફીટની છે. તેમાં 'બયરાત' નું શિખર ૩૯૮૭ ફીટ ઉંચુંછે.

ગાહમબ્બારો—અવસ્તાઇ જમાનામાં ખેડુતો પોતાની ખેતીનો ધંધો ઋતુનાં ચોકસ ફેરફારો સાથે જૂદા જૂદા અનાજ માટે કરતા હતા. અને તે જૂદા જૂદા વખતને વર્ષનાં ચોકસ ૬ ભાગમાં વેહેંચી નાખી તે ૬ ભાગને ૬ ગાહમબ્બરોને નામે ઓળખતા હતા. આ છ ગાહમબ્બારો નીચલે વખતે આવતા હતા.

મેધોજરેમ—પુર ખુદ્રતી લીલોત્રીનો સમય, પક્કી વસંત. વર્ષના ૪૫ મે દિવસે અર્દીએ હસ્ત મહિનો ને ખોરશેદ રોજથી શરૂ થાયછે અને દેપમેહેર રોજે ખતમ થાયછે. આ ગાહમબ્બારની આફ્રીન મુજબ એ ગાહમબ્બારના અવસરે ખુદાએ આકાશ પેદા કર્યું હતું. આ ગાહમબ્બારના સમયમાં ઝાડપાનોમાં રસકસ વધારે હોયછે.

૨ મેદ્યોષેમ—પક્કી હામીન. ૧ લા ગાહમબ્બારથી ૬૦ મે યાને વર્ષના પેહેલા દિવસથી ૧૦૫ દિવસે આવેછે. આ ગાહમબ્બાર તીર મહિનો ને ખોરશેદ રોજથી શરૂ થઈ દેપમેહેર રોજે પુરો થાયછે. ગાહમબ્બારની આફ્રીન મુજબ અહુરમજદે આ હિંગામ ઉપર પાણી પેદા કર્યું હતું; અને તેથી આ હિંગામ ઉપર ખેતીવાડી પુરબહારમાં આવેછે.

૩ પચ્ચેતેશહેમ—મેવાની મોસમ. આ ગાહમબ્બાર વર્ષનાં પેહેલા દિવસથી ૧૦૮ મે યાને બીજા હંગામ બારથી ૭૫ મે દિવસે આવેછે. આ હિંગામ શેહેરેવર મહિનો ને આસ્તાદ રોજથી શરૂ થઇ અનેરાન રોજે ખતમ થાયછે. એના ધાતુ મુજબ એનો અર્થ મેવાનો વખત થાયછે. આ હિંગામ ઉપર અહુરમજદે જમીન પેદાકરી હતી. એરવદ કાંગાએ એનો વખત "ઉતરતી ગરમીમાં જ્યારે અનાજ તથા ફળ પાકયાં હોય અને તે ઉતારવાનો હિંગામ પોંહોંચ્યો હોય તે વખતને જણાવે છે.

૪ અયાથ્રેમ—હામીનની આખેરી. વર્ષની શરૂ આતથી ૨૧૦ મે દિવસે. યાને ત્રીજા ગાહમબ્બારથી ૩૦ મે દિવસે મેહેર મહિનો ને આસ્તાદ રોજથી રામ રોજવેર હોય છે. આ હિંગામ ઉપર ખુદાએ ઝાડપાન ઉત્પન્ન કર્યા હતા. એરવદ કાવશજી કાંગાકૃત ખોર્દે-અવસ્તા મુજબ "શેઠ ખરશેદજી કામાજીએ "(ગરમીનો) છેડો લાવનાર તથા ગોશન છોડનાર" એ પ્રમાણે અર્થ કીધોછે, યાને એ ગાહમબ્બારનાં હિંગામ ઉપર ગર્મીનું આખેર થવું તથા કેટલાંએક ચોપગાં જનવરોમાં રોહેવતનું ઉત્પન્ન થવું થાયછે.

૫ મઇધ્યારેમ—પક્કી સર્દી. વર્ષનાં પેહેલા દિવસથી તે ૨૮૦ મે દિવસ વેર યાને ૪ થા ગાહમબ્બારથી ૮૦ મે દિવસે. આ ગાહમબ્બાર દે મહિનામાં મેહેર રોજથી શરૂ થઇ એહેરામરોજે ખતમ થાયછે. એ બોલનો અર્થ "પુર સર્દી તથા વર્સાદને લીધે ધંધો રોજગાર કમ ચાલ્યાથી માણસને આસાયશ મળવાનો વખત થાયછે." આ હિંગામ ઉપર દાદારઅહુરમજદે ઢોરોને ઉત્પન્ન કર્યા હતા. આ વેળા વર્સાદની ઋતુ આવેછે.

૬ હસરપથમએદએમ—મોતેદલ ગર્મી સર્દી. વર્ષનાં પેહેલા દિવસથી ૩૬૫ માં દિવસને અંતે યાને પાચમાં ગાહમબ્બારથી ૭૫ મે દિવસે. આ ગાહમબ્બાર અહુનવદ ગાથાથી શરૂ થઈ વહિસ્ત ઇસ્ત ગાથા સાથે

ખતમ થાયછે. આ હિંગામ ઉપર ખુદાતાલાએ મનુષ્ય જાતને ઉત્પન્ન કર્યા. આ હિંગામ ઉપર રાત દિવસ સરખાં વેહેંચાઈ જઇ થંડી ગર્મી સમઘાત રહેછે.

ઉપલા ગાહમખારો એક પછી એક જે દિવસ આંતરે પડેછે તેમનો સરવાલો ૩૬૫ ની સંખ્યાનો આવેછે, અને તે ઉપરથી સ્પષ્ટ જણાયછે કે આગલા ઈરાનીઓનું વર્ષ ૩૬૫ દહાડાનું હતું.

ગિઝની—અફઘાનિસ્તાનનું આ જાણીતું શેહેર તથા કિલ્લો એજ નામની નદીને ડાબે કાંઠે કાબુલની દક્ષીણ પૂર્વે ૮૬ મૈલપર અને અંદહારની ઉત્તર પૂર્વે ૨૩૩ મૈલપર, ખિલાત-ઇ-ગીલઝાઇની ઉત્તમ પૂર્વે ૧૪૫ મૈલપર, કોહેસ્તાનની પશ્ચિમે ૨૬૪ મૈલપર, દેરાઇસમાઇલ ખાનની ઉત્તર પશ્ચિમ ૨૮૩ મૈલપર અને કવેટાની ઉત્તર પૂર્વે ૨૯૫ મૈલ ઉપરછે.

આ શેહેર વાંકાતીકા આકારનું હોઇ તેની દરેકબાજુ ૫૦૦ યાર્ડ લાંબી છે. એનો ઘેરાવો ૧૮૮૦ ની ગણત્રી મુજબ ૨૧૭૫ યાર્ડ જેટલો છે. શેહેરની આસપાસ કોટ છે; પણ તે હાલ ખંડીયર સ્થિતિમાં હોઇ તેમાંની આગલા વખતની ઈમારતો જમાનાનાં ગુજરવાથી પડતી હાલતમાં આવી પડીછે. ગામમાં શેહેર સુધરાઇ ખાતાંજેવું કશું નથી. ગામમાં મટોડીની બાંધણીનાં ઘરો ૯૦૦ થી ૩૫૦૦ છે. તેમાં ૨૦૦૦ કુટુંબોની વસ્તી છે, જેમાં ૧૫૦ હિંદુ દુકાનદારો, શરાફો અને બીજા વેપારી ઓની છે. અત્રે બકરાના ચામડાનાં પોશાખો બનાવવાનું કારખાનું છે. અત્રે જર્દાળુ તથા ખરબુચની મોટી ઉત્પતિ થતી હોવાથી તે કાબુલ તરફ મોટા જથ્થામાં રવાના કરવામાં આવેછે.

ગીજનીમાં સખત થંડી પડતી હોવાથી ત્યાં વર્ષનો મુખ્યભાગ સરદ રહેછે, અને નવેંબરથી માર્ચ સુધી ત્યાં બરફ વર્સે છે, શેહેરની ઉત્તરે ૩ મૈલપર પુરાણુ ગિજની શેહેરનું ખંડીયર છે. આ પુરાણુ ગિજનીને ૧૨ મી સદિમાં ઘોરીવંશના રાજ્યકર્તાએ તોડી પાડયું હતું. ૧૮૩૯ માં ૨૩ મી જુલૈએ સરજૉન કેને ગિજની ઉપર ચઢાઇ કરી જીત મેળવી હતી, પણ ૧૮૪૧ નાં મામલાવેળા ૨૭ મું બંગાલ પાયદળ લશકર અત્રે મથક કરી રહ્યું હતું. તે વેળા આ લશકર ઘેરાઇ જતાં અફઘાનોએ તેમને કિલ્લામાં જઇ રહેવાની ફરજ પાડી. ત્યાં આ નાહની તુકડી ૧૮૪૧ નાં માર્ચથી ૧૮૪૨ ની ૬ ઠી માર્ચેવેર વિપતિઓ વચ્ચે રહી, અને તે પછી તેમને કિલ્લો છોડી જવા સરદારોએ જણાવતાં તેઓએ વિશ્વાસ રાખતાં તેઓ દુશમનોના દગાતી કતલ થયા હતા. તેમાંના કેટલાકો ગુલામ તરીકે વેચાયા ને કેટલાકનો બીલકુલ પત્તો મલ્યો નહિ. આથી ૧૮૪૨ નાં સપટેંબરમાં જનરલ નૉટે લઢાઇ કરી ગિઝની તાબે કર્યું. ૧૮૭૯-૮૦ નાં અફઘાની મામલા સમયે બ્રિટીશ લશકરે ગિઝનીની બે વેળા મુલાકાત લીધી હતી. તેમાં ૧૮૮૦ ના એપ્રેલમાં સર ડોનલ્ડ સ્ટુઅર્ટ કંદહારથી કાબુલ જતાં અત્રે મથક કરી પડયો હતો અને એજ વર્ષનાં આગસ્ટમાં લૉર્ડ રૉબર્ટ (અર્લ રૉબર્ટ ઑવ પ્રિટોર્યા) કાબુલથી પાછો ફરતાં મથક કરી પડયો હતો.

ગિંધાન—(જુઓ કીડામારી.)

ગિબ્બોલાઇન—આ પંથવલાઓને હાલમાં ગ્રીકચર્ચ પથી કહેવામાં આવેછે.

ગિરનાર—આ પર્વત જુનાગઢની પાસે કાઠીઆવાડ ઇલાકામાં સર્વોપરી ગણાય છે. આ પર્વત જૈન વગેરે હિંદુઓનું તિર્થસ્થાન તરીકે જાણીતુંછે. આખા સૌરાષ્ટમાં જે પાંચ રત્નો દર્શાવેલાંછે તેમાંનુ એ એકછે.

સૌરાષ્ટ્રે પંચ રત્નાનિ નદીનારી turંગમાં :
ચતુર્થ સોમનાથશ્ચ પંચમ હરિદર્શનમ.

ગિરનાર શબ્દ ગિરિ યાને પર્વત ઉપરથી નિકળેલો છે. હિંદુઓ તેને હિમાલયનો પુત્ર ગણી શિવરૂપે માને છે. ગિરનાર આસપાસની ઝાડી "ગિરિજંગલને નામે ઓળખાય છે.

આ પર્વતની તળેના ગામ પાસે ૪૦ સ૦ પૂર્વે ૨૫૦ નો અશોક રાજાના વખતનો એક શિલાલેખ છે, અને બીજો લેખ ૪૦ સ૦ ૧૦૫ નો છે કે જે લેખ ઋડદ્રદામાનો છે કે, જેણે દખણનાં રાજાને હરાવ્યો હતો.

*આ પર્વત ઉપર પાંચ શિખરો મુખ્ય છે. અંબામાતાનાં શિખરપર અંબામાતાનું દેહેરું છે. ગોરખનાથ નામનું ૩૬૬૬ ફીટ ઉચું શિખર સર્વોપરી છે. ઓઘડ શિખર તેથી ઉતરતો છે. ગુરૂદત્તાત્રય અને પાંચમું કાળકા નામે શિખર છે. જ્યાં ચૂડાસમાઓનો કિલ્લો તથા તેમના મેહેલનાં ખંડીયરો હજી છે. ગિરનાર ૨૨ માં જૈન તિર્થંકરનું પવિત્રસ્થાન હોવાથી ત્યાં અનેક જૈન દેહેરાં છે. ગૌમુખી, હનુમાનધારા ને કમન્ડલ નામે ત્રણ જાણીતાં કુંડો છે. આગળ ત્યાંના ભૈરવ જપના અતિ સુંદર અને રમણીય ખડકો ઉપરથી યતિઓ તથ જાત્રાળુઓ બીજે સારે જન્મે અવતરવાની આશાથી પોતાને ખાઇમાં નખાવી દઇ મરણ પામતા હતા. પર્વતની તળેટી આગળ થોડે દૂર પ્રાચીનકાળની રાજધાની વામનસ્થળી તથા તળેટીમાં બિલખા (પુરાણું બલિસ્થાન) આવેલું છે."

"પ્રાચીનકાળમાં ગિરનારનું નામ ઉજ્જયની અથવા ગિરીપર હતું. આ પર્વતની તળેટીમાં અશોક, રૂદ્રદામ તથા સ્કન્ધ ગુપ્તનાં લેખોછે. કેટલાકો એનું પ્રાચીન નામ 'રેવતાચલ' જણાવે છે, પણ કવિનર્મદા શંકર તેને ભુલભર્યું જણાવી એ નામનો પર્વત રેવતી કુંડ પાસે છે તેજ રેવતા ચળછે એમ જણાવે છે. ગિરનારપર વાઘેશ્વરીને નામે ઓળખાતા દરવાજામાં થઈને જવાય છે. દરવાજા નજદીક રામઝરૂખા કહેવાતો યાત્રાળુ માટે ઉતારો ને તેની સામે સલાટ વાવછે. વાઘેશ્વરી દરવાજાની બહાર પણ તેની પડોસમાં વાઘેશ્વરી તલાવ છે. તેની વચમાં એક કુવોછે જેનું પાણી તલાવ સુકાતાં વપરાસમાં લેવાય છે.

"વાઘેશ્વરી કુંડમાં વાઘેશ્વરી માતાનું દેહેરું દામોદર કુંડ જવાના માર્ગની જમણી બાજુ ઉપરછે. ત્યાંથી રસ્તો પલાશની પુલ ઉપર થઇને દામોદર કુંડ સુધી જાય છે. એ કુંડનું પાણી અતિ પવિત્ર લેખાય છે, તેમાં હાડકાં ગાળી નાખવાનો ગુણ હોવાથી તેમાં હિંદુઓ પોતાનાં મૈયત વ્હાલાંઓનાં હાડકાં નાખે છે. આ કુંડની નજદીક રેવતી કુંડ છે. એ કુંડ બળરામની સ્ત્રી રાજા રેવતની પુત્રી રેવતીના સ્મર્ણાર્થે છે. રાજા રેવત દ્વારકાનો રાજા હતો, પણ કૃષ્ણ તથા બળરામ ત્યાં આવ્યા ત્યારે પોતાનું રાજ તાજ તેમને સોંપી અહીં આવી રહ્યો હતો. તેના નામથી દામોદર કુંડના પાસેનો ડુંગર રેવતાચળ કહેવાય છે. દામોદર કુંડની પાસે હિંદુઓનું સ્મશાન છે. આ કુંડ ૧૭૫ ફીટ લાંબો ને ૫૦ ફીટ પોહળો છે. વાઘેશ્વરી દરવાજે મુક્યા પછી પણ વાઘેશ્વરી દેવીને દેહેરે પોંહચ્યા પેહેલાં એક મોટો ગોળાકાર પત્થર આવેછે તેમાં અશોક, ઋડદ્રદામ તથા સ્કન્ધ ગુપ્તનાં લેખો છે."

"ત્યાંથી ગિરનારની તળેટી તરફ આગળ ચાલતાં સુદર્શન નામના પ્રસિધ્ધ તળાવની જગા આવે છે. આ તળાવ કોણે બંધાવ્યો તે ચોકસ જણાયું નથી, પણ તેને અશોક, ઋડદ્રદામ તથા સ્કન્ધ ગુપ્તે સમરાવ્યો હતો. ત્યાં આગળ વધતાં સઘળા ડુંગરો ગોળાકાર બનીગયા છે. દામોદર કુંડથી દોઢ મૈલપર ભાગનાથ મહાદેવનું મંદીર છે, ને ત્યાંથી પર્વતનો ઢોળાવ શરૂ થાયછે. ભાવનાથનું મંદીર સુવર્ણરેખાના તટ ઉપર આવી રહ્યું છે. ત્યાં મહા વદ બારસ, તેરસ ને ચૌદસ ને દહાડે જાત્રા ભરાય છે. તેની પાસે મૃગીકુંડ છે, ને જ્યાંથી ચઢાવ શરૂ થાય છે, ત્યાં ચઢાણી વાવછે. તેજ જગા ઉપર મુંબઇના જાણીતા શાહા સદાણીયા પ્રેમચંદ રાયચંદે એક મોટી ધર્મશાળા બંધાવી છે."

*કવિ નર્મદા કૃત કાઠીઆવાડ સર્વ સંગ્રહ આધારે:—

"નેમનાથ મંદીરના ભોંયરામાં પાર્શ્વનાથની મૂર્તિ છે. કહેછે કે આ મૂર્તિની દાઢી માંથી પાણી ટપકે છે, તેથી તે મૂર્તિ અમીઝર પાર્શ્વનાથને નામે ઓળખાય છે. પર્વતના ચઢાવ ઉપર છેડુ પરબ, ચોર પરબ ઘોબી પરબ કાલી પરબ, માળી પરબ અને સુવાવડી પરબ એવી ૬ પરબ (ઉતારા) છે. જે ડુંગર ઉપર ૨૨ માં તિર્થંકર નેમનાથનાં મંદીરો છે તે ઉપર જૈન લોકોનાં બીજાં પણ મંદીરો છે. અમ્બા માતાને મંદીરે બ્રાહ્મણોનાં નવાં પરણેલા જોડા દર્શને જાય છે ત્યારે શ્રીફળ વગેરે ભેટો મુકે છે.

"દાતાર ૨૭૭૫ ફીટ ઉંચો છે. તે સુંદરતામાં ગિરનારથી ઉતરતો પણ બીજા પર્વતોથી શ્રેષ્ટ છે. આ ડુંગરના શિખર પાસે જમીઅલશાહની દરગાહ છે, તેને મુસલમાનો ઘણી પવિત્ર ગણેછે. રજપૂતો તથા બીજા નીચ વર્ણના હિંદુઓ પણ તેને માનતા કરેછે. દાતારનું મંદીર તળેટીમાં છે. ત્યાં રગતપિત્યા જવાથી તેમનો રોગ મટેછે એની કહેણી છે. જુનાગઢ નજદીક બુદ્ધ ધર્મિઓની અનેક સુંદર ગુફાઓ છે. બાબા પિંઆરાના મઢમાંથી એક ક્ષત્રપ વંશનો લેખ મળી આવ્યો હતો, તે ઉપર જુનાગઢનું નામ 'ગિરિનગર' જણાવેલું છે.

"જુનાગઢ તથા તેની આસપાસના પ્રદેશમાં બૌધ્ધોની ગુફા છે. ૧–બાબારા બાંડીઆ. ૨–ઉપર કોટ. ૩–બાબા પિંઆરાહનો મઠ. ૪–અશોકટાંક. ૫–શાકરીઆ ટીબ્બો. ૬–પંચેશ્વર. ૭–માતરી અને પાદરીઆની પાસે હોથચ્ચ પધ્ધિની છે.

ગિરનારનાં ડુંગરાઓમાંથી નિકળતી નદીઓ—"સુવર્ણરેખા, ગુડાજલી, અને કાલવો. આગળ આ જગા ઉપર સિંહો ઘણા વસતા હતા, પણ હાલમાં જણાતાં નથી. દીપડો, ભુંડ, ને સાંભર પુશકળ છે. ત્યાંના ઇમારતી લાકડાનાં જંગલની સંભાળ જુનાગઢની સરકાર લેછે."

"માધવગડેચી" આગળ જુની ગુફાઓનાં ખંડિયેરો છે, તથા એક હિંદુ મંદિર છે; પણ હાલમાં તે મસજીદ તરીકે વપરાય છે. આ મસજીદનાં દરવાજા ઉપર અરબી ભાષામાં સન્ સન ૬૫૮ (ઇ. સ. ૧૨૮૪) નો લેખ છે. તે ઉપરથી જણાયછે કે જુનાગઢની દરબારમાં મક્કે તથા મદીને હજ્જ કરવા જતા મુસલમાનોનો અત્રે એજંટ રહેતો હતો. જૈન લોકોનાં જણાવ્યા મુજબ એ અસલમાં જે દેહેરૂં હતું તેને અશોકનાં પૌત્ર સમ્પ્રતિરાજે બંધાવ્યું હતું. શેહેરની બહાર દોઢ મૈલ પર પરિતલાવ નામે તળાવ છે, ત્યાં આગળ પરીઓ નાહવા આવતી હતી એવી દંતકથા છે. આ તળાવ ૨૫૮ ફીટ લાંબો ને ૨૫૦ ફીટ પોહળો છે. તળાવની પાછળથી તે છેક પગથીયાવેર પગથીયાં છે તથા ત્યાં ઢોરોને પાણી પીવા માટે જૂદી જગ્યા છે.

"વંથળી પાસે જુનાગઢના રાજા ખેંગાર બીજાએ જે વાવ બંધાવી હતી તે હાલમાં કાયમ છે; જોકે તેની દેવાલ ભાગી ગઇ છે તોય આગલા વખતનું નક્ષીકામ જેવું ને તેવું નજરે પડે છે, આ વાવમાં પાણીનો અપુર ભંડાર હોવાથી દુકાળ સમયે પણ તે ભરપુર રહે છે.

ગિરવાન—બંદા જીલ્લાનું આ એક દક્ષિણ પશ્ચિમ તરફનું તેહેસીલદારીવાલો ભાગ પહાડોથી ભરપુર છે, ક્ષેત્રફળ ૩૩૧ ચૌરસ મૈલ છે, તેમાં ૧૮૩ ચૌરસ મૈલ ખેતીવાડી થી ભરપુર છે, ૧૮૮૧ માં લોક વસ્તી ૮૮૬૫૧ ની હતી. તેમાં ૪૪૫૫૮ મરદો ૪૪૦૯૭ સ્ત્રીઓ હતી, તેમાં ૮૨૧૮૯ હિંદુ તથા ૬૫૧૭ મોહમેદનો છે. તેહેસીલદારીને તાબે ૧૭૬ ગામો છે. વાર્ષિક જમીન મેહેસુલ ૧૪૮૦૨ પૌંડની ઉપજે છે.

ગિરધરલાલ—આ નાગર બ્રાહ્મણ મ્હોટો વિષ્ણુ ભકત હતો, એ શકે ૧૭૦૦ ના સુમારે હતો. એ રાધાકૃષ્ણનો વેષ ધારણ કરીને પ્રેમ રસથી કિર્તન કરતો. એકવાર એ વિષ્ણુના મંદીરમાં ગયો તે વખતે કિર્તન સાં-

ભળવા ઘણાં લોકો એખઠા થયા પણ વેષ લેવાનાં વસ્ત્ર એની પાસે નહતાં તેથી તે ઘણો ચિંતાતૂર થયો. તેણે આથી શ્રી કૃષ્ણની મૂર્તિનું ધ્યાન કર્યું ત્યારે ભરજરીના ઉત્તમ વસ્ત્રો લોકનાં દેખતાં એની આગળ આવી પડ્યાં, તે પેહેરીને એણે કિર્તન કર્યું. એણે રાધાકૃષ્ણના વર્ણનપર કવિતા, કુંડળીયા વગેરે ઘણી કવિતાઓ રચી છે.

ગિરીધિ—બંગાલમાં છોટા નાગપૂરને તાબે હજારાબાગ જીલ્લાનો મુખ્ય ભાગ. અત્રે ઈસ્ટ-ઈંડ્યા રેલ્વેની લાઇન ફરી વળેલી છે. એનું ક્ષેત્રફળ ૨૪૪૬ ચૌરસ મૈલ ને તેમાં ૩૫૫૩ ગામો ને ૭૦૬૩૧ મકાનો છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૪,૩૨,૫૦૪ ની હતી, જેમાં ૨,૧૮,૦૨૮ પુરૂષો, ૨,૧૮૪૭૭ સ્ત્રીઓ હતી. તેમાં ૩,૫૮,૨૩૦ હીંદુ ને ૪૫૩૨૧ મોહમેદનો, ૧૭૨ ખ્રિસ્તીઓ, ૨૮૦૪૩ સંતાલો અને ૨૭૦૦ કોલ્સ ને બીજી પ્રજાની વસ્તી હતી, દર ચોરસ મૈલે ૧૭૭ માનસોની રાસ આવેછે.

ગિરીરાજ—આ એક તાડના વર્ગનું અતિ સુંદર ઝાડ છે. એના પાંદડાની સેરો પાંચથી ૬ ફીટ લાંબી હોઇ તે એક ઈંચ પોહળી હોય છે. આ પાંદડા ચળકતા લીલા રંગના હોય છે. આ ઝાડ ૨૫ થી ૩૦ ફીટ ઉંચા વધે છે. ગિરિરાજનાં વૃક્ષો મુંબઇમાં મેહેમ તથા વાંદરા તરફ ઘણાં ઉગે છે. એનાં ઝાડ બિયામાંથી ઉત્પન્ન થાય છે, એના માટે લાલ મટોડીની ફળદ્રુપ જમીન જોઈએ, તેનાં નાહનાં ઝાડ કુંડામાં ઘણી શોભા આપે છે. તેથી તે શ્રીમંતો પોતાના મેહેલોમાંના કુંડામાં રોપે છે.

ગીતકા—છંદ શાસ્ત્ર મુજબ ૧ સગણ, ૧ ભગણ, ૧ રગણ, ૧ સગણ, ૧ લઘુ ને ૧ ગુરૂનો ગીતકા અથવા મૂનિશેખર છંદ બને છે, તેમાં ૧૦ અક્ષરે વિસામો આવે છે.

ગીતા—ગીતા ચૌદ જાણીતી છે, ગણેશ ગીતા, શિવ ગીતા, રામ ગીતા, અવધુત ગીતા, ભગવત ગીતા, પાંડવગીતા, ગુરૂ ગીતા, ગર્ભ ગીતા, ઉત્તર ગીતા, બ્રહ્મ ગીતા, હંસ ગીતા, યમ ગીતા, નિરંજન ગીતા, કપિલ ગીતા.

ગીતાર—આ એક પ્રકારનું તંતૂ વાદ્ય યૂરપમાં પ્રસીદ્ધ છે. હિંદુસ્તાનમાં તેને 'કચ્છપિવિણા' કહે છે. કચ્છ યાને કાચબો ને તેની પીઠ જેવો તેની તુમડીનો આકાર હોય છે. ડૉ૦ ખીડી જણાવે છે કે 'યૂરપખંડનું 'ગિતાર નામનું વાદ્ય આ કચ્છપી વિણા ઉપરથી બનાવવામાં આવ્યું છે. તેનું ઇટાલીક નામ 'ચિત્તર' છે, સ્પેનિશ નામ 'ગિટાર ને ફ્રેન્ચ 'ગેટેર' છે. આ સઘળાં નામો એક શબ્દથી ઉત્પન્ન થએલાં છે. તેની ઉપર ૭ તારો હોય છે, તેમાંની ૬ એક ખુંટીપર લપેટી તેમને જૂદી જૂદી ખુંટી ઉપર લંબાવી લપેટવામાં આવે છે, પણ ૭ મી નિચલી ખુંટીથી થોડા અંતરપર એક ધાતુની ખુંટીને લપેટેલી હોય છે.

ગીબન એડવર્ડ—(જુઓ એડવર્ડ ગીબન.)

ગીબન્સ ઓરલેંડો—આ જાણીતા ઈંગ્રેજ ગાયનકારનો જન્મ ઈ. સ. ૧૫૮૩ માં કેમ્બ્રિજ ખાતે થયો હતો, અને ત્યાંથી એ કૉલેજનાં એક દેવળમાં કિર્તન કરનાર મંડળીમાં જોડાયો. એના વડા ભાઇ એડવર્ડ અને એલીસ તે વખતના ગાયન જોડનારા તરીકે જાણીતા હતા, ૧૬૦૪ માં ૨૪ મી માર્ચે એને લંડનના પાદશાહી ચેપલમાં ગાયનકાર તરીકે નેમવામાં આવ્યો હતો, ૧૬૦૬ માં એણે કેમ્બ્રિજ ખાતે 'બેચલર ઑવ મ્યુઝીકની' ડીગ્રી મેળવી હતી. તે પછી ૧૬૨૨ માં ઑકસફર્ડમાં "ડૉકટર ઓફ મ્યુઝીક" તરીકે નેમાયો હતો. ૧૬૨૫ માં રાજાની દરબારમાં જઈ કેનટરબરી તરફ રાજા સાથે હેનિરીએટા મેરીયાને લેવા ગયો હતો, જ્યાં પાંચમી જુને મરણ પામ્યો હતો, તે પછી એનું એક પુતળું કેનટરબરી ખાતે અને મોટી તસવીર ઑકસફર્ડ ખાતે ઉઘાડી મેલ્યાં હતા. એની સ્ત્રી ઇલિઝાબેથને ૭ ફરજંદો થયાં હતાં. તેમાં બે ખ્રિસ્તોફર અને ઓરલેંડો ગાયણકાર નિવડ્યા હતા.

ઈંગલંડમાં ગીબ્બન ગાયનકાર તથા વાજંત્ર શીક્ષક તરીકે મોટી નામના પામ્યો હતો.

ગીરેહબ્બાન—સુદરેહ કે જે વસ્ત્ર જરતોસ્તીઓ ધર્મની એક પવિત્ર ઐધાની તરીકે પોતાના બદન ઉપર પેહેરે છે; તેના ગળા ઉપર છાતી તરફના ભાગપર એક કોથળી રોકો કટકો જડેલો હોય છે, તેને તેઓ ગીરેહબ્બાન યાને 'સવાબની કોથળી' (ક્રીસેએ કેરફે) કહે છે. મલમલ, ગાજ અથવા નેટનો સુદરેહ શિવાય છતાં જયાંવેર તેની ઉપર ગીરેહબ્બાન મુકવામાં આવતું નથી ત્યાંવેર તે જરતોસ્તીઓને પેહેરવા લાયકનું પવિત્ર વસ્ત્ર ગણાતું નથી. સુદરેહ ૯ કટકાનો બનેછે અને તેમાં ગીરેહબ્બાનવાલો કટકો સહુથી ઉંચે યાને છાતી ઉપર હોય છે.

ગીલધીત—પંજાબમાં કાશમિરનાં રાજ્યમાંનો એક જીલ્લો, તથા ખીણ, હિંદુકુશ પર્વતના દક્ષિણ ઢોળાવપર છે. એજ નામની નદી આ જીલ્લાની મધ્ય ખીણમાંથી વહેતી ૬ મૈલ ઉત્તરે ઇંડસને મળે છે. આ જીલ્લામાં ભિમજી નામનું એક ગામ આગળ ૮ કિલ્લાઓથી મજબુતાઇ પામેલું હતું પણ ચિત્રાલ તથા યાસીન વચ્ચેની લડાઇથી પડતી હાલતે પુગુંછે. ગીલધીતનો નીચ પ્રદેશ ૪૦ મૈલ લાંબો છે, ઇંડસથી ૨૪ મૈલપર ગીલધીત શેહેર છે, અને તે સમુદ્ર સપાટીથી ૪૮૫૦ ફીટ ઉપર છે. મધ્ય ભાગની આબો હવા તંદરોસ્ત અને ભૂમિ અતિશય ફળદ્રુપ છે.

ગીલધીતનું પ્રાચીન નામ 'સજન' હતું પણ હાલનું નામ શિખરાજ્યકર્તાઓએ આપ્યું છે. જીલ્લામાં લોકવસ્તી ૪૫૦૦ ની છે. આગળ અત્રેની પ્રજા હિંદુ હતી પણ પાંચ સદી ઉપર તેઓ વટલી મોહમેદન થયાછે. અત્રેના રાજાને 'રા' ના ખેતાબથી ઓળખવામાં આવે છે. હાલમાં અત્રેનો રાજ્ય કર્તા અલીદાદખાન છે અને તે આગલા નાગર વંશનો છે, પણ તે પોતાને તારખાનનો વંશજ જણાવે છે, કે જે વંશની એની માતા હતી. ગીલધીતમાં ઉંચા પર્વતો ફરી વળેલા હોઇ તેમાંનાં ૧૧ પર્વત ૧૮ થી ૨૦ હજાર ફીટનાં અને ૭ પર્વત ૨૦ થી ૨૨ હજાર ફીટ ઉંચા ને ૬ પર્વત ૨૨ થી ૨૪ હજાર ફીટ ઉંચા, અને ૮ પર્વત ૨૪ થી ૨૬ હજાર ફીટ ઉંચા છે.

ગિલાનશાહ—(જુઓ કાબુલ.)

ગીલોંડા—એના વેલાને બારેમાસ પાણી મળતાં તે જીવી શકેછે. એનીપર આવતા ફળો એથી અઢી આંગળ લાંબા ને દોઢ આંગળ પોહળાં હોય છે. ગીલોંડાનાં બે પ્રકાર છે, એક કડવાં ને બીજે મિઠાં ગીલોંડાંનું શાક કરવામાં આવે છે. ગીલોંડામા ઝીણાં બિયાં હોયછે તેથી તેનો વેલો ઉત્પન્ન થઇ શકતો નથી. પણ વેલાનો કટકો રોપ્યાથી તે ઉગેછે. ગીલોંડાના વેલાપર સ્ત્રીજાતી ફુલો આવતા હોવાથી જેટલાં ફુલો આવે તેટલાં તેપર ફળો આવવા માંડતા તે ચાલુ જથ્થાબંધ ફળો આપેછે.

ગીવ—એ કાવે આહંગાર ના બેટા કેશવાદ ને તેના બેટા ગુદર્જનો બેટો હતો. એના લગન જલની બેટી સાથે થયાં હતાં. એણે કાઉસ પાદશાહના હુકમથી માજનદરાન ઉપર ૨૦૦૦ ચુનન્દા સીપાહો સાથે ચઢાઇ કરી હતી. આ માજનદરાનનો મુલક પહાડો કે જે સદા બર્ફથી છવાયલાં હોય છે તેની વચ્ચે નદીનાળાં અને લીલોત્રીથી ભરપૂર વન વચ્ચે હતું. ગીવ માજનદરાનીઓ સાથની લઢાઇમાં પાદશાહ કયકાઉસ સાથે કેદ પકડાયો હતો, પણ ફરતમે આવી તેમનો છુટકો કર્યો હતો, એણેજ કયખશરૂ તથા ફરંગીજની શોધ કરી તેમને ઇરાનમાં આણ્યા હતા, અને અફરાશિઆબ સાથની લઢાઇમાં જય મેળવ્યો હતો.

ગુઍનો—(જુઓ ખાતર) એને પીરૂવિયન ભાષામાં 'હુએનો' કહે છે અને તેનો અર્થ 'પક્ષીઓનું નર્ક' થાય છે. આ ગુઍનો ખાતર તરીકે અતિશય ઉપયોગી હોવાથી પીરૂ, બોલિવિયા અને આફ્રિકાના કેટલાક ભાગોમાં

તેનો વેપાર ચાલે છે. પિરૂના સમુદ્ર કાંહાની આગલી ઉજડ જગા આ પક્ષીના ખાતરથી ફળદ્રુપ બનેલી હોવાથી ત્યાંના આગલા 'ઇનકાઝ' રાજ્યકર્તા પાદશાહે આ પક્ષીનો તે તરફ શેકાર કરવાની સખત મનાઇ કરી હતી, અને તેમનાં ઇંડા સેવન કરવાની મોસમપર તે તરફ મનુષ્ય જાતને ફટકવા વટીશ દેતા નહોતા; આથી પિરૂ કિનારાથી છેક દક્ષિણ સમુદ્ર માહેલા ટાપુઓમાં ગુઍનોના ખાતરના અતિ જાડા પડો મળી આવ્યા છે. માત્ર ૩૦૦ વર્ષમાં એક ઇંચ સપાટીનું પડ બંધાઇ શકાય છે ત્યારે ત્યાં થએલા મોટા મોટા દળદાર પડો કાંઇક હજારો વર્ષનાં અસંખ્ય પ્રાણીઓનાં છેરથી બનેલાં હોય એ બેશક છે.

પિરૂવિયન ગુઍનોની મુખ્ય ૩ જાતો સફેદ, ભૂરી અને રાતી છે. તેમાં રાતું પડ પ્રાચીન ને સફેદ હાલનું ગણાય છે, આ ગુઍનોનો મુખ્ય ભાગ 'ચીનચા' ટાપુથી આવે છે. આ ટાપુ તરફ મટોડી વિનાના ગુઍનોનાં થરો ૨૦૦ ફીટ ઉંચાઇ જેવડા જડી આવેલાં છે; ત્યાંથી ત્રણથી ચાર લાખ ટન પરદેશ દર વર્ષે રવાના થાય છે અને તેના કામપર ચીનાઓ મંડેલા રહે છે.

યૂરપમાં આ ખાતર પેહેલવેહલું ઇ. સ. ૧૮૦૪ માં રસાયન શાસ્ત્રી બેરન હંબોલ્ત આણી જાહેર કાધું. ગુઍનોના રસાયનિક પૃથકરણ ઉપરથી જણાયું છે કે તેમાં 'એમોનિયા'નો મોટો ભાગ હોય છે, તેમજ પોટાસ અને ફલોરાઇડ ઑવ સોડીઅમનો પણ ભાગ માલમ પડયો છે. કેટલીક જાતનાં ગુઍનોમાં ફોસફેટ ઑવ લાઇમ ૧૭ થી ૫૦ ટકા હોય છે, ઉત્તમ પ્રકારના ગુઍનોમાં ૫૦ ભાગ ખનીજનો અને ૫૦ ભાગ કોહેલા જનવરોનો હોય છે.

ગુગળ—એનાં ઝાડ મારવાડ, સિંધ, સિંગાપૂરના ટાપુ વગેરે ઠેકાણે થાયછે. ગ્રીષ્મઋતુમાં તડકાથી એના ઝાડો ઝરેછે ત્યારે તેમાંથી જે રસ નિકળેછે તેને ગુગળ કહેછે. એની ધૂંધથી હવા શુદ્ધ થાયછે. ગુગળ પાંચ પ્રકારનો જણાવવામાં આવેછે. મહિષાક્ષ, મહાનીલ, કુમુદ, પદમ, હિરણ્ય. તેમા મહિષાક્ષ અને મહાનીલ એ બે હાથીનાં ઉપયોગમાં આવેછે અને કુમુદ તથા પદમ એ બે ઘોડાનાં ઉપયોગમાં આવેછે. માત્ર હિરણ્ય એ મનુષ્યનાં ઉપયોગમાં લેવાયછે. માથાનાં દુખારા ઉપર ગુગળને પાણીમાં ઘશી તેનો લેપ કરેછે. દુખતી દાઢ ઉપર ગુગળ અને રાતો બોળ ઘશી ચોપડવાથી દર્દ નરમ પડેછે. તે શિવાય સુશ્રૂત મુની પ્રમાણે વાત, કફનાશક છે. ફતબોળને ઠેકાણે ગુગળ ખાંસી દમ વગેરે ઉપર અપાયછે.

ગુગળી—આ પ્રજા દ્વારકા તથા તે ટાપુના મંદીરના પુજારી અને તિર્થગોર કહેવાય છે. આ ગુગળીયા બ્રાહ્મણોની રાહબરી તળે ત્યાં જતા જાત્રાળુઓને રહેવું પડેછે. તેઓ પોતાની ઉત્પતિ માટે એવી કથા જણાવેછે કે જ્યારે તેમને દ્વારકામાં મોકલ્યા ત્યારે કુશ નામે રાક્ષસ તેમની સામે થયો પણ પછી 'શમી' તથા 'ગુગળ'નો ધૂપ કરી તેમનો તેમણે નાશ કર્યો તેથી ગુગળી એ નામ પડયું. આ બ્રાહ્મણો વૈષ્ણવ માર્ગી છે.

ગુંજ—એના વેલા હિંદુસ્તાનના અરણ્યોમાં ઉગેછે, અને હિમાલયના ૩૦૦૦ ફીટની ઉંચાઇવાલા પ્રદેશમાં પણ આ વનસ્પતિ ઉગેછે. મી૦ રૉકસબર્ગ એની ૩ જાતો જણાવેછે.

૧લી—ગુલાબી રંગના ફુલો અને બિયાં લાલ હોઇ એક બાજુએ કાળી ટીપકી વાલી.

૨જી—કાળા રંગના ફુલો અને બિજ કાળાં હોઇ ઉપર સફેદ છાંટવાલી.

૩જી—સફેદ ફુલ અને સફેદ બીજવાલી.

મી૦ ઍન્સલી અને ઓશાગનેસી જણાવેછે કે આ ગુંજના મૂળીયાં જેડીમધને ઠેકાણે ઉપયોગમાં લેવામાં હરકત નથી. પણ મી૦ એમ. આર. મૂજેના જણાવવા મુજબ હાલના ગ્રંથકારોનું મત જૂદું છે. ડૉ૦ બ્રીડિ જણાવેછે કે ગુંજના મૂળીયાંમાં મીઠાસ ઘણો

ઓછો હોયછે. (તદન નહિ જેવો). જેઠીમધનાં મૂળીયાં આપણા દેશમાં પુશકળ આવેછે અને દેશી વૈદકશાસ્ત્રમાં તેનો જાજમા ઉપયોગ જણાવેલો છે. એનાં મૂળીયાં જેઠીમધના મૂળીયાને નામે પણ કેટલાકો વેચતા હોય એ સંભવિત છે.

આ વિષય ઉપર લખતાં ડૉ૦ ડીમક જણાવેછે કે "દેખાવમાં અને ગુણમાં જેઠીમધનાં મૂળીયા ને એનાં મૂળીયાં ઘણીક રીતે મળતાં છે." ડૉ૦ મુદીન શેરીફના જણાવવા મુજબ "એના વેલાના સર્વ ભાગમાં સ્વાદદાર માત્ર પાંદડાં છે, અને આ પાંદડાનો અર્ક ઘણો ઉત્તમ નિકળે છે."

મી૦ રૉકસબર્ગ જણાવે છે, કે "ઉપર વર્ણેલી ત્રણ જાતોમાંની ત્રીજી જાતનાં વેલાનાં મૂળાયાં પરમા ઉપર આપવામાં આવે છે. સુમારે ચાર આની ભાર વજનનું મૂળીયું લઈ તેને કુટી તેનો રસ કાઢી તેમાં ચીનાઇ સાકર નાખી તે પીવું.

સફેદ ગુંજ ઘણી ઉત્તમ જાતની હોય છે. અને તેથી જેઠીમધના મૂળાયાં બદલે એજ વેલાનું મૂળીયું વેચાઇ શકાય છે.

સફેત ગુંજના મૂળયાં મધુર હોઇ તેને તબીબો કફ ઉપર આપે છે. મૂળીયાં કરતાં તેનાં પાંદડા વધારે મિઠાં હોય છે. એતું પૃથુઃકરણ મી૦ ફ્લુકગિરે કરી તેનાં પાંદડા તથા મૂળીયામાંથી ખાંડ, આસ્પ્યુમન અને મીઠું તત્વ જૂદું કાઢી જોયું હતું.

પંજાબ પ્રાંતમાં હોશિયારપૂર જીલ્લામાં ગુંજના મૂળીયાનો કાવો ગર્ભપાત કરવા માટે આપેછે એમ 'હિસાર' ના કમીશનર જણાવે છે.

શરીરનાં કોઇ ભાગપર સોજો ચઢી ત્યાં દુઃખ થતું હોય તો પ્રથમ તે ઉપર થોડું એડીયું ચોપડી તેનીપર ગુંજના પાંદડા ગરમ કરી બાંધીયાથી ફોડ ઓછી થાયછે. બદન દુઃખતું હોય તો ગુંજના તાજાં પાંદડાનો રસ કોઇ પણ મીઠા તેલમાં મેળવી તે તેલ તે ભાગ ઉપર ચોપડવો.

જુલાબ આપવા માટે કેટલાકો ગુંજ ખાવા આપેછે, પણ તે વધારે ખાધાથી કોલારા જેવી અસર થઈ મનુષ્ય પિડાય છે.

ભેજું અશકત થયું હોય તેને શકિત આપવા માટે ગુંજનું ચુરણ દુધમાં પકાવી પિવા આપવામાં આવે છે. આ ચૂરણ નહિ પકાવતાં તેવુંજ આપીયાથી જુલાબ અને ઉલટી થાયછે. બીજાં અનેક પદાર્થથી સફેદ ગુંજને મિશ્રકરી એક બલવર્ધક દવા બનાવવામાં આવે છે.

'રંગ ઉપરથી ગુંજના જૂદા જૂદા વર્ગ કરીએ તો ૧૦ થી વધારે વર્ગ થશે. કેટલીક ગુંજ તદન સફેદ, કાળી, પિળી, અથવા ગુલાબી રંગની હોય છે. સ્ત્રીઓના બાવામાં જો ગુંજ આવે તો તેમની 'જનેન ઇંદ્રીની' અંતર રચના બગડી તેને કદી ગર્ભ ધારણ થતો નથી. મી૦ મૂલેના જણાવવા મુજબ 'ગર્ભ રહે નહિ એવીજે સ્ત્રીઓની મર્જી હોય છે તે સ્ત્રીઓ ઋતુસ્રાવ થયા પછી કેટલાક દિવસો સુધી લાગટ ૪ થી ૬ બે વખત મળી ગુંજો ગળી જાય છે. બીજા કોઇપણ રંગ કરતાં સ્ત્રીઓ લાલ અને સફેત રંગની ગુંજ ઉપયોગમાં લેછે. ગુંજને પાણીમાં ઘસી સોજા ઉપર ચોપડવાથી સોજો ઉતરે છે. કેટલાકો જાનવરો મારવા માટે ગુંજનો ઉપયોગ કરે છે.

ગુંજનું મૂળીયું છાલવાલું હોયછે. તેની ઉપર ઘણીક ડાંખળી ફુટેલી હોઇ તે ફૂંઇંચ જાડી હોયછે. એની છાલ પાતળી ને લાલ રંગની, લાકડું પીળું ને સફેદ હોયછે. આ લાકડી તોડતાં તેમાંથી વિચિત્ર વાસ આવેછે. રૂચીમાં એ કડવી હોયછે.

મજીપ્ત દેશનાં લોકો ગુંજને પકાવી બાવાના ઉપયોગમાં લેછે. પણ એ બાધાથી માથું ઘણું દુઃખેછે. બદનમાં જો ગુંજના રસની પીચકારી મારી હોય તો વિષ પ્રયોગની અસર થાયછે. ૧૦૦ સેંટીગ્રેટ અંશની ઉષ્ણુતા ગુંજમાંનું વિષારીપણું નાબુદ કરેછે.

ડૉ૦ વાઇને ગુંજમાંના વિષ ઉપર અખતરા કરી જોઇ જણાવેછે કે "થોડા પાણીમાં અર્ધા ગુંજ ઉકાળી તેના પાણીની પીચકારી બિલાડીની જાંગમાં મારતાં તે ૨૪ કલાકમાં મરણ પામી હતી. ગુંજમાંથી બનાવેલું 'અબ્રિક' ઍસિડમાં ઝેર રહેતું નથી. મહાર અને ચમાર લોકો ઢોરોને ગુંજ બવાડી મારી નાખેછે.

ગુંજ વજન તરીકે વપરાય છે. એક ગુંજ સુમારે ૧.૭૫ ગ્રેન વજનની હોયછે. પંજાબમાં એક ગુંજ 'બન્સમતિ' ચોખાના ૮ દાણા બરાબર વજનમાં હોય તો તે ગુંજ તોલમાં બરી તરીકે મનાય છે.

કહેછે કે જગ પ્રસિદ્ધ 'કોહિનૂર' હીરો ગુંજ વડે પેહેલે તોલવામાં આવ્યો હતો.

ગુંજને 'રતી' પણ કહેછે અને આ શબ્દ ઉપરથી 'અરથી' ભાષામાં 'કિરાત' શબ્દ બન્યો, તે ઉપરથી ઇંગ્રેજીમાં 'કયારૅટ' શબ્દ બન્યો એમ કેટલાક ગ્રંથકારો જણાવે છે. એક કયારેટ ૩½ ગ્રેન વજનમાં હોય છે, યાને એ રતીની બરાબર આવે છે.

ગુંજની માળા કેટલાક લોકો પેહેરે છે. કાળી છાંટવાલી ગુંજોના ઘરેણાં હિંદના પહાડી લોકો પેહેરે છે અને ટોપી, ટોપલી વગેરેને સણગારવાનાં ઉપ્યોગમાં પણ લેવામાં આવે છે.

ગુજરાત—પંજાબના લેફ્ટનન્ટ ગવરનરની સત્તા તળેનો જીલ્લો. એની ઉત્તર પૂર્વે કાશમિર, ઉત્તર પશ્ચિમે જેહલમ નદી, પશ્ચિમે શાહપુર જીલ્લો અને દક્ષિણ પૂર્વે ટાપી નદી. એનું ક્ષેત્રફળ ૧૯૭૩ ચૌરસ મૈલ છે. ૧૮૮૧ માં લોકવસ્તી ૬,૮૫,૧૧૫ ની હતી. આ દેશ હિમાલય પર્વતની તુટક હારોથી ભરપૂર હોઇ તેમાં અનેક ઘાટો છે. ૧૮૬૫ માં આ જીલ્લામાં માત્ર ૬,૧૬,૫૦૯ ની વસ્તી હતી, ને ૧૮૮૧ ની ગણુત્રી કરતાં તેમાંથી ૧,૮૮,૬૪૮ ની વસ્તી ઘટી હતી. આ જીલ્લામાં ૧૩૩૪ ગામડાં હોઇ તેમાં ૮૩૧૬૩ ઘરો છે. આ વસ્તીમાં ૩,૬૨,૧૬૨ પુરૂષો ને ૩,૨૬૯૫૨ સ્ત્રીઓ હતી. તેમાં ૬,૦૭,૫૨૫ મોહમેદન, ૭૨૪૫૦ હિંદુ અને ૮૮૮૫ શિખ પ્રજા હતી.

આ જીલ્લાની જમીનનો મોટો ભાગ ફળદ્રુપ છે. તેમાં ૩,૨૮૪૮૯ એકરમાં ઘઉં, ૭,૪૯૨ એકરમાં ચોખા, ૭૨,૩૫૨ એકરમાં જુવાર, ૧૩૭૨૮૪ એકરમાં જવ, ૫૪૯૨૨ એકરમાં બાજરી, ૧૬૭૮૯ એકરમાં કઠોળ, ૪૭૮૭૫ એકરમાં દ્વિદળ ધાન્ય, ૩૫૮૦૮ એકરમાં તેલમાં બિયાં, ૧૬૨૩૭ એકરમાં કપાસ, ૬૬૧૨ માં ભાજી તરકારી ને ૬૩૪૯ એકરમાં શેરડીની ખેતી કરવામાં આવે છે.

ગુજરાત તેહેસીલ—પંજાબ જીલ્લાનું તેહેસીલદારીનું ક્ષેત્રફળ ૫૫૪ ચૌરસ મૈલ છે. ૧૮૬૮ માં વસ્તી ૨,૭૨,૦૫૫ ની ને ૧૮૮૧ ૨,૯૭,૦૪૦ ની હતી; તેમાં ૧,૫૬૩૩૯ પુરૂષો ને ૧,૪૦૭૦૧ સ્ત્રીઓ હતી. તેમાં ૨,૫૬,૯૩૬ મોહમેદનો ને ૩૫૦૯૮ હિંદુ તથા ૪૮૧૮ શિખ ધર્મવાલા વસે છે. ૧૮૮૦ ની ગણુત્રી મુજબ આ તેહેસીલદારીને તાબેની ૩,૫૭૯૩૬ એકર ભૂમિના ભાગમાંથી ૨૮૪૨૨૧ એકર ભાગ ખેતીવાડીથી રોકાયલો છે, ૨૧,૦૮૬ એકર ખેડવા લાયકનો છે ને ૫૨૬૨૯ નાપીક જમીનનો છે. વાર્ષિક સરકારી મેહેસુલ ૨૭૧૨૬ પૌંડની ઉપજે છે.

ગુજરાત શેહેર—ઉપલા જીલ્લાનું મુખ્ય શેહેર ચીનાબના મૂળની ઉત્તરે ૫ મૈલ ઉપર છે. તેમાં ૧૮૬૮ માં વસ્તી ૧૪૯૦૫ ની ને ૧૮૮૧ માં ૧૮૭૪૩ ની હતી. તેમાં ૧૩૬૩૭ મોહમેદન, ૪૭૬૨ હિંદુ ને ૩૧૭ શિખો છે.

આ શેહેર પ્રાચીનકાળનાં બે શેહેરો ઉપર વસાયલું છે કે, જે આગલા શેહેરોને ઇ. સ. ૧૩૦૩ માં મોગલ સરદારોએ તોડી પાડયાં હતા. અત્રેના કિલ્લામાં આગળ 'ગુજર' લશકર રહેતું હોવાથી એનું નામ ગુજરાત પડયું તે ચાલુ પ્રચારમાં ગુજરાત અકબરાબાદ બોલાયું. શહાજહાનનાં અમલ દરમ્યાન આ શેહેરમાં 'પીર શાહદુલ્લા'નું મથક હોવા-

થી તેણે અત્રે તર્હેવાર બુલંદ ઇમારતો બાંધી એને સણગાર્યું હતું. છેલ્લી શિખ લઢાઇ વેળા આ શેહેરનો મોટો ભાગ નાશ પામ્યો હતો. અકબરનો કિલ્લો જે મધ્યમાં છે તેને ગુજ્જરસિંગે સમાર્યો હતો. દેશી વસાહતવાલા ભાગની ઉત્તરે લશકરી મથક, કચેરી, જેલ, દવાખાનું, પોસ્ટ ઓફીસ વગેરે છે. મુખ્ય ઇમારતોમાં પીરશાહુલ્લાની દરગાહ-વાલું હમામખાનું ને તલાવ જોવા જોગછે. આ ગામમાં ૬૯ મસજીદો, ૫૨ મંદીરો અને ૧૧ શિખ ધર્મશાળાઓછે. આ ગામ જીલ્લામાં ધાન્યનું મુખ્ય મથક ગણાયછે. તેમજ કાશમિરની ફળફળાદી આજ ગામથી પરદેશ રવાનાં થાયછે. મુખ્ય ઉદ્યોગ હુન્નર કપાસ, શાલુ, રેશમી કાપડ વગેરેનો ચાલેછે. વળી અત્રે ત્રાંબુ, સોનું, લોહું વગેરે ધાતુ-માંથી તર્હેવાર ચીજો બનાવવામાં આવેછે.

ગુજરાત દેશ૰—આ પ્રાંત પશ્ચિમ હિંદુસ્તાન-ના કિનારાની વાયવ્ય કોણમાં આવેલો છે. તેની ઉત્તરે કચ્છનો આખાત, મેવાડ, સિરોહી મારવાડ અને તેની પેલી મેર કચ્છ પ્રાંત ને રણ છે; પશ્ચિમે આરબી સમુદ્ર પોતાનાં ફાંટા ખંભાત તથા કચ્છનાં અખાત સાથે જોડેછે. દક્ષિણે પેંઠ તથા થાણા જીલ્લો ને નાશક જીલ્લાનો થોડો મુલક. પૂર્વે નાશીક, ખાન-દેશ, મેવાડ, માળવા, નિમાડ અને વાગડ દેશો છે.

આ પ્રાંતમાં ૫૬,૪૮૯ ચોરસ મૈલ જમીન છે, તેમાં ૧૦૩૯૬ ઇંગ્રેજ સરકારને હસ્તક છે તેમાં ૩૦૬૮૧૬૭ ની વસ્તી છે. ૧૮૭૨ માં એજ ભાગમાં ૨૮૧૦૫૨૨ ની વસ્તી હતી. દેશી રાજ્યોનો વિસ્તાર ૫૦૫૧૫ ચૌરસ મૈલ જમીન ને તેમાં ૫૫૪૨૩૪૯ માણુસોની વસ્તી છે. બ્રિટીશ જીલ્લામાં દર ચૌરસ મૈલે ૩૦૦)૬૧ માનસોની ને દેશી રાજ્યમાં દર ચૌરસ મૈલે ૧૦૬)૭૨ ની લોક વસ્તીની રાસ આવેછે. ૧૮૬૧ માં બ્રિટીશ જીલ્લામાં ઉપર જણાવ્યા મુજબ લોક વસ્તી હતી, તેમાં ૪૪૪૮૭૪૧ એકર જમીનમાં ખેતી કરવામાં આવી હતી, ને ૪૩૬૩૨ એકર જમીન પડત રહી હતી.

"ગુજરાતની સીમા કાળે કાળે બદલાતી ગઇ તે ઇ. સ. ૧૨૬૭ માં મુંબઇ તથા ઉત્તર કોંકણ અન્હિલવાડનાં તાબામાં હતી. ૧૫ માં સૈકામાં છેલ્લા તથા ૧૬ માં સૈકાનાં પેહેલા ભાગમાં અમદાવાદનાં બાદશાહોએ ખાનદેશ તથા માળવાનો કેટલોક ભાગ ગુજ-રાત સાથે જોડયો હતો. ઇ. સ. ૧૫૩૦ પછી ખાનદેશનો ભાગ ને ઉત્તર કોંકણ એ ગુજરાતથી જૂદા પડયા ને ૧૫૮૩ માં અક-બરે વ્યવસ્થા કરતાં ખાનદેશ તથા માળવાનો વધારે ભાગ ગુજરાતમાંથી કાઢયો હતો; પણ ઝાલોર તથા સિંહોર ગુજરાતમાં રાખ્યા હતા. તે વેળા જે સિમાં ગુજરાતની હતી તે હમણા પણ છે. ઇસલામી રાજ્ય વેળા દ્વિપકલ્પ તે કાઠિયાવાડ નહોતો પણ તે ગુજરાતનો એક ભાગ કહેવાતો. ઇસલામી હાકમી પેહેલાં દ્વિપકલ્પ તથા તેને લગતો ગુજરાતનો ભાગ તે સોરઠ કહેવાતો. ૧૬ માં સૈકાનાં અંતમાં સરકારે દ્વિપકલ્પ મોટા ભાગને સોરઠ ગણ્યો ને તે પછી આખો દ્વિપકલ્પ તે સોરઠ કહેવાયો.

ગુજરાતનાં ૩ ભાગ બનેલાં છે. તળ ગુજરાત તેને લગતો દ્વિપકલ્પ અને રણની ભુમીથી જોડાયલો કચ્છ પ્રાંત. વળી રાજ્ય વ્યવસ્થા એ બે મોટા ભાગછે. એક બ્રિટીશ સત્તા તળે ને બીજો દેશી રાજ્ય સત્તા તળે. એ સર્વ ત્રણ ભાગો ૧૩ ભાગમાં વેંહેંચા-યલા છે. તેમાંના અમદાવાદ, ખેડા, ભરૂચ, સૂરત અને પંચમહાલ એ જીલ્લા ઇંગ્રેજ સરકારનાં ખાલસા છે. તે શિવાય, વડોદરાનું રાજ્ય, પાલનપુર ઇલાકો, મહિકાંઠા ઇલાકો, રેવાકાંઠા ઇલાકો, સૂરત ઇલાકો, ખંભાતનું રાજ્ય, નાશ્કેાટ અને કાઠીઆવાડ ઇલાકો એ દેશી રાજ્ય પ્રકરણી ભાગો છે, જેની અંદર દેશી રાજા, નવાબ અને ઠાકોરનાં સંસ્થાન અને તાલુકા છે. ઉત્તર ભાગમાં પાલનપુર અને મહીકાંઠાં, પશ્ચિમમાં કાઠીઆવાડ, દક્ષિ-

ણમાં સૂરત ઇલાકો અને પૂર્વમાં રેવાકાંઠાં તથા નાશ્કેાટ છે. વડોદરાનાં રાજ્યના મુલક ચૈકીનો વડોદરા તથા પૂર્વ પ્રાંત, એ ભાગ ખેડા, ભરૂચ, અને પંચમાહાલ એ જીલ્લા રેવાકાંઠા ઇલાકાની વચ્ચે છે. બીજો ભાગ-દક્ષિણ પ્રાંત, તે નવસારી, સૂરત જીલ્લાનાં બ્રિટીશ રાજ્યનાં પ્રગણાં સાથે મિશ્ર છે. ત્રીજો ભાગ-કડી અથવા ઉત્તર પ્રાંત તે પાલનપુર મહિકાંઠા એ ઇલાકા અને અમ-દાવાદ તથા ખેડા એ જીલ્લાઓની વચ્ચે છે. તેમજ ચોથો ભાગ-અમરેલી અથવા પશ્ચિમ પ્રાંત તે કાઠીઆવાડ ઇલાકાનાં છે. ખંભાતનું રાજ્ય એ ખેડા જીલ્લાનાં માતર, બોરસદ તથા ગાયકવાડ સરકારનાં તાબાના પેટલાદ અને અમદાવાદ જીલ્લાના ધોળકા તથા ધં-ધુકા પ્રગણાની વચ્ચે ખંભાતના આખાતને મહી નદી મળે છે તેની પાસે છે.

ઉપલા ૮ ભાગને એજન્સી, ઇલાકા કે પ્રાંત કહે છે. અને તે સર્વ દેશો ઇંગ્રેજ અધિકારીઓની દેખરેખ તળે છે.

"વડોદરાનાં એજંટ ટુ ધી ગવરનરલ જ-નરલ એ હિંદુસ્તાનના ગવરનર જનરલના તાબામાં છે; પાલનપુરના પોલીટિકલ સુપ્રિ-નટેનડન્ટ, મહિકાંઠા, ખેડા, નાશ્કેાટ અને કાઠીઆવાડનાં પોલીટિકલ એજંટો અને સુ-રતના એજંટ ટુ ધી ગવરનરનાં તાબામાં છે. રાજા રજવાડાઓમાં તકરાર પડે તેના ફેસ-લા કરવાનું તથા તેમને એક બીજા સાથે લઢતાં તથા એક બીજાનાં મુલક લુટતાં અ-ટકાવવાનું કામ ઉપલા અધિકારીઓને સોં-પ્યું છે, કેટલીક એજન્સીઓમાં એ અમ-લદારો અને દરબારો તથા દેશી પ્રસ્થોનું પંચ ઠરાવવામાં આવે છે કે ખૂન, ચોરી, બાળ-હત્યા વગેરે ઇન્સાફ એ પંચ કરે છે. આ અધિ-કારીયો સંસ્થાનીકો અને તાલુકદારો પાસેથી ઠરાવેલી ખંડણી વસુલ કરી ગયકવાડ સર-કાર કે બીજા કોઇ રાજાઓને, જેની હોય તેમને પોંહચાડે છે. કોઇ રાજા, નવાબ કે ઠાકોર, બાળકુંવર મરણ પામે કે તેના સં-

સ્થાનનો હવાલો ઉપલા સરકાર તરફનાં અ-ધિકારી પોતાનાં હાથમાં લે છે અને તેનું કામ ચલાવી તેનું રાજ્ય સુધારી બાળરાજા લાયક ઉમરનો થાય ત્યારે તેને પાછું સોંપે છે.

ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ ઝાઝો જણાવ્યો નથી. 'વડનગર'ની આસપાસનો પ્રદેશ જેને પેહેલાં "આનર્ત" દેશ કહેતા તે અને તેની ઉત્તર તરફનાં મારવાડ માહેલો થોડો પ્રદેશ, મહિકાંઠા અને બાકી આસપાસનો પ્રાંત એ સઘળાંને "સૌરાષ્ટ્ર દેશ" કહેતા. ઇસ્વી સનની ૭ મી સદીમાં ચીનાઇ મુસાફર હ્યુએનથસાંગ આ દેશમાં મુસાફરી કરી ગયો હતો. તેણે પોતાના ગ્રંથમાં સૌરાષ્ટ્રની સિમાં મહિ નદી સુધીની લખી છે. ઇસ્વી સ-નની આંઠમી સદીમાં ગુજરાતની રાજધાની પંચાસરનો નાશ થઇ ત્યાંના રાજવંશે અ-ણહિલવાડને પોતાનું પાયતખત શેહેર બના-વ્યું, અને ત્યારથી ત્યાંના રાજાઓએ જે દેશ તાબે કર્યો તે સર્વ ગુજરાતનાજ તાબેના ગણાયા. (જુઓ બલભદ્ર)

ગુજરાત એ નામ મૂળ સંસ્કૃત "ગુર્જરત્ર" આ શબ્દ ઉપરથી અપભ્રંશ રૂપે થએલો છે. ગુર્જરત્રનો અર્થ ગુર્જર લોકોએ રક્ષણ કરેલો દેશ." આ ઉપરથી એમ અનુમાન કાઢી શકાય છે કે તે વેળા આ દેશમાં ચાવડા કુળનાં રાજા રાજ્ય કર્તા હતા ને તેમને ગુર્જર એ 'સંજ્ઞા' હતી, તેમજ રત્નમાલા મુજબ જયશેખર ચાવડાએ પોતાને ગુરજર રાજા કહેવાડેલો માલમ પડે છે.

ડુંગરો ગુજરાતમાં આબુ અને વિંધ્યાદ્રિ-આ પર્વતોની હાર પૂર્વ તરફ હોઈ તે ચાં-પાનેર આગળ કોઇપણ પર્વત નથી. કાઠી આવાડમાં નાહના ડુંગરો તથા ટેકડીઓ અસંખ્ય છે, તેમાં ગીરનાર, શત્રુંજય, તા-રિંગા, બરડા, ઉષ્મ ગોપ, અંબાજી અને ચોટીલા એ મુખ્ય છે.

જમીન સપાટ અને રસાળ છે પણ કા-ઠીઆવાડ, મહિકાંઠાં અને પાલનપૂર ઇલાકા-નો કેટલોક ભાગ ઉજડ છે. ગુજરાતની પૂર્વ

ભણીના પ્રાંતોમાં અને કાઠિઆવાડના ગિરનાર તથા બરડાનાં આસપાસનું જંગલ અતી ગિચ્છછે, કેટલીક જમીન લાલ, કાળી વગેરે રંગની હોઇ કેટલીક તદન રેતાળ છે. **નદી**ઓમાં મુખ્ય નર્મદા, તાપી, મહી, સાબરમતી, બનાસ, વાંત્રક અને સરસ્વતિ છે. કાઠીઆવાડમાં ભદર, શેત્રુજી, મચ્છુ વગેરે મોટી નાહાની છે.

ગુજરાતનાં મુખ્ય શેહેરો, અમદાવાદ, વડોદરા, સૂરત એ અતી મોટાં છે. ખેડા, પાટણ, વડનગર, રાધનપૂર, પાલનપૂર ધંધર ધોળકા, જુનાગઢ, નવાનગર, જામનગર, લીમડી, વઢવાણ, ધરમપુર, લુનાવાડા, વગેરે બીજા વર્ગનાં છે. બીજાં શેહેરો ભરૂચ, ખંભાત, ધોલેરા, ગોધ્રા, ભાવનગર, મવા, દિવ, જાફરાબાદ, વેરાવળ, માંગરોળ, પોરબંદર, દ્વારકા, ધોધા, જોડિયા વગેરે ત્રીજી પદ્રિનાં શેહેરો કોઇ તે સમુદ્ર કાંઠે છે.

રાજકોટ, શદરા અને ડિસા એ સ્થળો પોલીટિકલ એજંટના રહેવાનાં મથકો હોઈ ત્યાં ઈંગ્રેજ સરકારની છાવણી છે. વડોદરા એ ગાયકવાડ સરકારનું રાજધાની શેહેર હોઈ ત્યાં ઈંગ્રેજ સરકારની છાવણી તથા ગાયકવાડના રેસીડંટ અને રેવાંકાંઠાના પોલીટિકલ એજંટનાં મથકોછે. પંચમહાલનુ. ધોધ્રા મુખ્ય મથક છે.

વેપાર હુન્નર માટે ગુજરાત દેશ પ્રાચીનકાળથી પ્રસિદ્ધતા પામેલો છે. અતિ પ્રાચીનકાળમાં જ્યારે ગ્રીક, રોમન, ઇજીપશીયન, ધરાની, આરબસ્થાનીઓ આ દેશમાં વેપાર માટે આવતા ત્યારે કાઠીઆવાડનાં બંદર તરફથી વાણીઆઓ પૂર્વ ભણી જવાનાં ટાપુ સુધી ને પશ્ચિમે મક્કા, મોઝંબિક, ઝંજીબાર વગેરે દુર દેશોમાં વેપાર અર્થે જતા હતા, અને હાલમાં તો આ દેશ દુન્યાનાં સર્વ દેશો સાથે બોહોળો વેપાર વેહેવાર રાખેછે. ગુજરાતથી કપાસ, કરીયાણું, ઉન યૂરપ તરફ જાયછે અને તે મુજબ ભરૂચ, ધોલેરા, ભાવનગર અને વેરાવળનો કપાસ તથા ઉન બધે જાણીતો છે.

કળાકૌશલ્યા તથા હુન્નરમાં હિંદમાં ગુજરાતની જોડીનો એકે પ્રાંત નથી. અમદાવાદનાં રેશમી, સૂતરાઉ અને કીનખાબ વગેરે ઉંચી જાતનાં કાપડ ધરાન, અરબસ્તાન, મારવાડ વગેરે દેશમાં પુશકળ મોકલવામાં આવેછે. તેજ મુજબ મશ્રૂ, ગજની, ધોતિયાં, દુપટ્ટા, ભરતકામ, ટીલી કસબ વગેરે બારીક હુન્નરમંદી પ્રસિદ્ધ છે. ખંભાતનાં પથ્થરકામ, પાટણનાં રેશમી વસ્ત્રો, જામનગરની સુગંધી ચીજો અને સિહોરના જૂદી જૂદી જાતનાં વાસણો, હિંદમાં જાણીતા છે. કપડવંજમાં કાચ તથા સાબુ બનાવવાનાં કારખાનાં છે. શિલ્પ કામમાં આ દેશ જમાનાઓ થયાં જાણીતો છે. તેની ઉત્તમ હુન્નરમંદીનાં નમુના આબુ, તારિંગા, ચંદ્રાવતી, ગિરનાર અને અમદાવાદના મંદીરો તથા મુસલમાનોની મસજીદો જોવાથી નજર છક્ક કરેછે.

ગુજરાતમાં ધર્મ અને **ધર્મમતો** અનેક છે. તોય તેમાં ઉંચ વર્ણમાં જૈન, શૈવ અને વૈષ્ણવ એ ત્રણ મતે ચાલનારા લોકોછે. તેમાં વાણીયાઓ જૈન પંથના છે. બ્રાહ્મણોમાં શૈવ અને કેટલાક શક્તિમાર્ગી છે, અને બાકીનાં વૈષ્ણવોછે. આ પ્રાંતમા વૈષ્ણવોની બે શાખાછે. એક સ્વામિનારાયણ પંથના અને બીજા વલ્લભી સંપ્રદાયના. આ દેશમાં કાઠી, કોળી વગેરે જંગલી લોકોમાં આગળ કોઇ ધર્મ પળાતો નહોતો પણ હાલમાં સ્વામિનારાયણનો પંથ દિન પર દિન વધારે ફેલાતો જાયછે. કુંભાર, મજુર વગેરે હલકી વર્ણનાં લોકોમાં શાક્ત (માતા) ના ધર્મનો વિશેષ ફેલાવો થએલો છે.

તિર્થ તથા પવિત્ર સ્થળો ગુજરાતમાં જૈન, બ્રાહ્મણોનાં અનેક છે. તેમાં ગિરનાર, શેત્રૂંજ, ચાળુ, ઋષભદેવ, સામળાજી, કેશરિયા અને તારિંગા એ જૈન લોકોનાં મુખ્ય સ્થળો હોઇ દ્વારકા, ડાકોર, પ્રભાસપાટણ, સિદ્ધપૂર, સોમનાથ, શકલતિર્થ વગેરે બ્રાહ્મણોનાં ક્ષેત્રોછે.

એજ મુજબ શૈવ અને વલ્લભી સંપ્રદાયકોનાં દેવાલયો દરેક શેહેરમાં છે. વડતાળ, અમદાવાદ, ગઢડા, મૂળી, જુનાગઢ, વગેરે ઠેકાણે સ્વામિનારાયણના ગાંજવર દેવાલયો છે. તેમજ જુનાગઢ, તલાજા વગેરે ઠેકાણે બૌદ્ધ ધર્મના વખતની ગુફા, શિલા લેખો વગેરે પ્રાચીનકાળની નિશાનીઓ હોવાથી શોધક મુસાફરોનું લક્ષ ગુજરાત ઉપર વધારે ખેંચાયલું રહેછે.

લોક સ્વભાવ ને રીતભાત ઉપરથીગુજરાતને હિંદુસ્તાનની ગાય કહેવામાં આવેછે. તે જેમ સ્વભાવે ગરીબ તેમ ફળદ્રુપ હોવાથી દુધાળીપણછે. લોકોનો સ્વભાવ ઉદ્યોગી, ભોળો ને દયાળુ છે. ગુજરાતી લોકો જેવા શાંત અને નમ્ર કોઇપણ દેશનાં લોકો નથી. આ દેશમાં માત્ર કાઠી પ્રજા લઢાયક ને શૂરવીર છે; બાકી બધા લોકો ઉદ્યોગી અને વેપારી હોવાથી તેઓ લુટફાટ યા તુફાન કશું કરતાં નથી.

બીજા પ્રાંતો કરતાં ગુજરાત પ્રાંત આબાદ અને સુખી છે. તેનું કારણ ત્યાંના લોકોનાં ઉદ્યોગીપણાનું મુખ્યછે. તેમજ ત્યાંના જૂદા જૂદા રાજાઓના રાજ્ય અમલથી દેશની દોલત દેશમાંજ ઘણી રીતે જળવાયલી છે. ત્યાંના દેશીરાજાઓ તરફથી ત્યાંના હુન્નરમંદોને સારૂં ઉત્તેજન મળેછે.

કહેતીછે કે "ગુજરાત ત્રણ તાર ઉપર ટકેલુ છે." એક સૂતરની તાર બીજી રેશમની ને ત્રીજી જરીની. આ ત્રણ તારના ઉદ્યોગપર તમામ દેશનું જીવનછે. આગળ સૂરતમાં ભરતકામનો હુન્નર મ્હોટો હતો. પણ સૂરતમાં છેલ્લી લાગેલી મોટી આગ પછી કારીગરોનો મુખ્ય ભાગ મુંબઇ, પોરબંદર અને કચ્છ તરફ વિખેરાઈ ગયો. અને ત્યાંના ભાટીયા, લુઆણા, ખોજા, મેમણ વગેરે વેપારીઓએ મુંબઇમાં આવી મથક કરી વેપાર શરૂ કર્યો.

ગુજરાતનાં લોકો વેપાર વેહેવારમાં તથા હિસાબમાં ઘણા કુશળ ગણાયછે; તેમજ તેઓમાં સચોટી હોવાથી તેઓ જલ્દી આગળ વધી શકેછે. આ દેશ સમુદ્ર કાંઠે હોવાથી બંદર દ્વારે ત્યાંનો વેપાર પરદેશો સાથે વગર અગવડે ચાલેછે. તેઓ યૂરપના હુન્નરકળાની નકલ કરવામાં પણ પાછળ પડયા નથી. જેવો હાથના વણવાનો કાપડનો ઉદ્યોગ પડી ભાગો કે તુરત યંત્રવડે કાપડ બનાવવાની મીલો પોતાની મોટી થાપણોથી ઉભી કરી, તેમાં જશ મેળવ્યો છે. આગળ ગુજરાતમાં વિદ્યાજ્ઞાન બચગીમાં હતું પણ ઈંગ્રેજી રાજ્ય અમલમાં તેણે અસાધારણ ઉછાળો માર્યોછે. તેમજ આખા પ્રાંતમાં રેલ્વે, તાર, નિશાળ, છાપાખાના, ગ્રંથવૃદ્ધિ, રસ્તા, પૂલ વગેરે વિદ્યાહુન્નરનાં સાધનો વધવા માંડયાથી ગુજરાત આબાદાનીમાં મહાલેછે.

ગુજરાતમાં સ્વામિનારાયણનો પંથ, વલ્લભી સંપ્રદાય અને જૈન ધર્મ એ જે ચાલુ છે તેની હકીકત પણ જાણવા જોગ છે. સ્વામિનારાયણને તેના શિષ્યો વિષ્ણુ અવતાર માને છે, અને તેની મૂર્તિ કરી તેને દેવળમાં સ્થાપન કરે છે. તેની સાથે સ્વામિ નારાયણના માતાપિતાની પણ મૂર્તિ સ્થાપન કરી તેમનું પૂંજન કરે છે. સ્વામિનારાયણના સેવક વર્ગને 'સતસંગી' કહે છે. વલ્લભી સંપ્રદાયનું મુખ્ય તત્વ અર્પણ વિધિ છે, આ સંપ્રદાયમાં એક ચાલ એવી છે કે પોતાની પરણેતરને પ્રથમ અર્પણ કરી પછી તેને આચાર્યની પ્રસાદી ગણિ ગ્રહણ કરવામાં આવે છે, ત્રીજો ધર્મ જૈન યાને અહિંસા યાને દયા ધર્મનો પંથ છે, આ ધર્મમાં પ્રાણી માત્રનું રક્ષણ કરવાનું મુખ્ય ફરમાન છે. ગુજરાતમાં જૈન ધર્મિઓને શ્રાવક કહે છે. આ સર્વ ધર્મમાં હિંસા કરવાની સખ્ત મનાઈ હોવાથી ગુજરાત દેશ દયાધર્મનો દેશ કહેવાય છે, ગુજરાતમાં ગામેગામ પશુઓનાં રક્ષણ થકી પાંજરાપોળ બાંધેલાં હોઇ તેની વ્યવસ્થા ઘણી સારી રીતે કરવામાં આવે છે.

ગુજરાતીઓનાં લગ્ન ખર્ચ અને જ્ઞાતિ ભોજનનાં ઉડાઉ ખર્ચો દેશને મોટો ધોકો પોંહચાડનારા રેવાજો છે, ગુજરાતમાં વહુને વર તરફથી ધનની રીત કરવી પડે છે અને તે

ધન છોકરીના પિતાનું થાય છે. નાગર બ્રાહ્મણોને એકથી વધુ સ્ત્રી કરવાની સખ્ત મનાઇ છે. બાકી નાગર એકછુટી પડેલી નાગરની જ્ઞાતિ છે પણ તેઓ પોતાના જ્ઞાતના ધારા સ્વતંત્ર પાળે છે. કડવા કણબી-ની જ્ઞાંતી ગુજરાતમાં શ્રીમંત જમીનદાર ગણાય છે. આ જાતમાં ૧૨ વર્ષે આવતા સિંગસ્તમાંજ લગ્ન કરવાનો રેવાજ છે. (જુઓ કડવો)

ગુજરાતમાં વિદ્યાજ્ઞાનનો સારો ફેલાવો થતો જાય છે. તેમાં સ્ત્રી કેળવણી પણ દિનપર દિન વધતી જાય છે. કેટલાક ગામોમાં ઈંગ્રેજી મોટી નિશાળો હોઈ સૂરત, અમદાવાદ, રાજકોટ વડોદરા વગેરે ઠેકાણે મોટી પાઠશાળાઓ છે. તેમજ તે શેહેરોમાં કન્યાશાળાઓ પણ છે. અમદાવાદ તથા રાજકોટમાં બીજી શાળાઓથી વેગળી ગરાશિઆ સ્કુલ યા રાજકુમાર કૉલેજ છે કે જ્યાં શ્રીમંત જમીનદારો તથા રાજવંશીનાંજ ફરજંદો ભણે છે.

ગુજરાતપર રાજ્ય અમલ ભોગવી ગએલા રાજાઓ.

રજપૂત રાજા

૧—ચાવડા વંશ.

જય શેખર (યશોરાજ)
વનરાજ
યોગરાજ
ક્ષેમરાજ
ભૂવડ (પૃથુ)
વિજયસિંહ
રત્નાદિત્ય (રાવતસિંગ)
સામતસિંગ

(૨)

ચાલુકય અથવા સોલંકી

મૂળરાજ
ચામુડ
વલ્લભસેન
દુર્લભસેન
ભિમદેવ
કર્ણરાજ
સિદ્ધરાજ જયસિંગ
કુમારપાલ.
અજયપાલ
બાલ મૂળરાજ
ભોલો ભિમદેવ

(૩)

વાઘેલો વંશ

વીરધવળ
વીસલદેવ
અર્જુનદેવ
લવણુરાજ
સારંગદેવ
રાજકર્ણ

મુસલમાની રાજ્ય અમલ.

(૧) ખીલજીવંશ (દિલ્લીપતિ)

અલાઉદ્દીન
મુબારક

(૨)

તઘલખ વંશ

ગિયાસુદ્દીન
મહમદ
ફિરોજશાહ
ગિયાસુદ્દીન
અબૂબક્કર
નાસરૂદ્દીન
મહમદ (૨)

(૩)

સ્વતંત્ર મુસલમાન પાદશાહ

મુઝફરશાહ
અહમદશાહ
મહમદશાહ
કુતુબશાહ
દાઉદખાન
મહમદ બેગડો
મુઝફરશાહ (૨)
સિકંદરશાહ
બહાદુરશાહ
મહમુદ લતીફખાન
અહમદશાહ (૨)
મુઝફરશાહ (૩)

(૪)

મોગલવંશ (દિલ્લીપતિ)

અકબર
જહાંગીર
શહાજહાન
ઔરંગજેબ
મહમદઅજમ
જહાનદારશાહ
ફરૂખશીઅર
રફીઉદ્દીન
શાહાજમાનસાની
મહમદશાહ
અહમદશાહ
આલમગીર

મરાઠાનું રાજ્ય.

(ગાયકવાડનું)

પિલાજી
દામાજી
ફતેહસિંગ
માનાજી
ગોવિંદરાવ
આનન્દરાવ
સયાજીરાવ
ગણપતરાવ
ખંડેરાવ
મલ્હારાવ
સયાજીરાવ (૨)

ગુજરાતી ભાષા—ગુજરાત દેશમાં ઉત્પન્ન થએલી ગુજરાતનાં લોકોની બોલાતી ભાષા. આજે આ ભાષા આખા મુંબઈ ઇલાકામાં એક સરખી રીતે જાણીતી છે, પણ તેનું મૂળ વતન ગુજરાત ગણાયછે. તોય તે મુંબઇ ઇલાકા શિવાય હિંદના દૂર દેશાવરોમાં પણ ઘણે યા મોટે ભાગે પસરેલી છે; પણ આ ભાષા મૂળ ભાષા સંસ્કૃત માંથી ઉત્પન્ન થએલી ગણાય છે. ગુજરાતી ભાષા હાલમાં ૬૦,૦૦,૦૦૦ લોકો વાંચી તથા બોલી જાણે છે.

સસ્કૃત ભાષા પ્રાચીન ઋગવેદી માંથી નિકળેલી છે.—


ઋગવેદી.	સંસ્કૃત.	પાલી.	મરાઠી.	ગુજરાતી.
ભોતી	= ભવતિ	= ભોતી (હોતી)	= હોય (આહે)	= હોય (છે.)

ગુજરાતી ભાષાનો પ્રાચીન અર્વાચીન મરાઠી ભાષા સાથે પણ નિકટ સંબંધ છે. અને તેથી એને મહારાષ્ટ્રીની બેહેન કહીએ તો ચાલે:—

પ્રાચીન મરાઠી.	ચાલુ મરાઠી.	ગુજરાતી.
બોલ્લ =	બોલણે =	બોલવું.
સંઘ =	સાંગણે =	કહેવું.
ચુક્ક =	ચુકણે =	ચુકવું.
ભુલ્લ =	ભુલણે =	ભુલવું.
ઘોટ્ટ =	ઘોંટ =	ઘોટ.
ચડ =	ચઢણે =	ચઢવું.
ડર =	ડરણે =	ડરવું.

અતિ પ્રાચીન મહારાષ્ટ્રી અથવા મરાઠીની પ્રકૃતિ એ છે. એક પ્રકૃતિ સંસ્કૃતની પૂર્વ રૂપ, જેને ઉત્તરાર્ધમાં "માનવી રૂપ" કહેલું છે. હત્યો, કણો વગેરે અતિ પ્રાચીન મરાઠી શબ્દ ઉપરથી હાલની મરાઠી—ગુજરાતીમાં હાત, કાન વગેરે શબ્દો થયાછે, તે આ સંસ્કૃતનાં માનવી રૂપમાંના છે. પોટ, ચુક્ક, ભુલ્લ વગેરે અતિ પ્રાચીન મરાઠી શબ્દ જે પ્રકૃતિમાંથી નિકળ્યા તે પ્રકૃતિ 'દાનવી' અથવા "દ્રવિડ" છે, અને તે અતિ પ્રાચીન મરાઠી હાલની મરાઠીની માતા ગણીએ તો હાલની મરાઠી તથા ગુજરાતીની સંસ્કૃત ભાષા દાદી ગણાય. હાલની ગુજરાતી (તથા મરાઠીમાં) માં જે સંસ્કૃત શબ્દો દાખલ થએલાં છે તે બ્રાહ્મણી ધર્મના પ્રસારને લીધે થએલા છે; અને ફારસીનો જે ભેળ થયોછે તે આંહમી સદીમાં ઇરાનથી નહાટેલા પારસીઓએ આવી ગુજરાતમાં વાસ કીધો અને ત્યાંની આ ભાષા સ્વિકાર્યા પછી ગુજરાતમાં મોગલ પાદશાહત સ્થાપન થતા તેમના સંબંધથી ફારસી શબ્દો તેમાં દાખલ થતા ગયા ને તે હાલની ઘડી સુધી દાખલ થતા આવ્યા છે.

સંસ્કૃત ભાષા ઇસવી સનની શરૂ આતમાં બોલાતી ભાષા હતી. કાળે કરી સંસ્કૃતનો અપભ્રંશ થતાં તેમાંથી પ્રાકૃત ભાષા પ્રચારમાં આવી, અને એજ પ્રાકૃતમાંથી પ્રાચીન મરાઠી, ગુજરાતી ભાષા નિળી છે. આગળ સંસ્કૃતનાં ભારોભાર ભેળવાળી ભાષા તે પ્રાકૃત હતી અને ભાગધ, દિલ્લી, આગ્રા, પંજાબ, બંગાલ, સિંધ મહારાષ્ટ્રમાં જે પ્રાકૃત બોલાતી તેને "શૌર સેનીની પુત્રી" કહેતા, એ રીતે સંસ્કૃત એ હિંદની ભાષાનું મૂળ હતું અને તેથી તે સર્વે ભાષાની જન્મમાતા કહેવાઈ છે.



ગુજરાતી ભાષા ઘણા પ્રાચીનકાળની ઉત્પન્ન થએલી ભાષા નથી પણ તે સંસ્કૃતમાંથી અભ્રંશ થતી મધ્ય સ્થિમાં જે વેળા આવી તે કાળને લગભગ અગિઆરસેં વર્ષ થયાં છે. ઇ. સ. ૮૦૨ માં પાટણના વનરાજ ચાવડાનો એક લેખ મળ્યો તે ઉપરથી પ્રાચીન ગુજરાતી ભાષાનું થોડુંક સ્વરૂપ જડ્યું છે, પણ તેજ કાળે ઇરાનથી નહાશી આવેલા 'પારસીઓ, તેઓ સાથે ભેળાતાં તેમની 'ફારસી' ભાષાના થોડાક શબ્દો સંસ્કૃત માહેથી ઉત્પન્ન થએલી પ્રાકૃતની અપભ્રંશમાં ભેળાતાં તે "ગુજરાતી રૂપ" લેતી ચાલી.

બારમી સદીમાં ગુજરાતી ભાષા અપભ્રંષ ભાષા તરીકે જાણીતી હતી, અને તે વેળા હેમચંદ્રે પણ તેને અપભ્રંષના નામે ઓળખાવી છે; તેમજ હેમચંદ્રની આગમજ ૧૦ મી સદીમાં ભીમદેવ વગેરે રાજાઓના સમય માં પણ એજ અપભ્રંષ ભાષા હતી. હેમચંદ્રે જોકે એને 'અપભ્રંષ' નું નામ આપ્યું છે તોય તે કહે છે કે "સંસ્કૃતના અતિ ભ્રષ્ટ રૂપાન્તર થઇ જે ભાષા બોલાય છે તે અપભ્રંષ ભાષા; અને તે બે પ્રકારની છે. એકનો સંબંધ વિશેષ પ્રાકૃત સાથે ને બીજી નો 'શૌરસેની' સાથે છે." તે વેળા આ ગુજરાતી પ્રાકૃતની એક છાયા રૂપી પ્રગટ થતી ભાષા હતી અને તે છેક ૧૬ મી સદીવેર અપભ્રંષ ભાષા તરીકે જાણીતી હતી.

ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથીજ ઉત્પન્ન થએલી ગણાય છે અને તેમાં કેટલાક શબ્દો મૂળ સંસ્કૃત રૂપમાં તો મ્હોટે ભાગે તેનું રૂપાંતર બનીને વપરાય છે. જેમ કે :—

સંસ્કૃત		ગુજરાતિ		મરાઠી.
અક્ષિ	=	આંખ	=	ડોળે.
પાદા	=	પગ	=	પાય.
હસ્તા	=	હાથ	=	હાથ.
અંગુલિ	=	આંગળી	=	અંગુલિ.
મુખ	=	મોહડું	=	મુખ.
મનુષ્યા	=	માણસ	=	મનુષ્ય.
શ્વશુર	=	સસરો	=	સાસરા.
ભ્રાતૃ	=	ભાઇ	=	ભાઉ.
જામાતૃ	=	જમાઇ	=	જાંવાઈ.
કુમારી	=	કુંવારી	=	કુમારી.

વિક્રમ સંવત ૧૫૦૦ માં નરસિંહ મેહેતા નામે ગુર્જર કવિ થઇ ગયો તેણે કવિ 'સુરતં-સંગ્રામ નામનું પોતાનું કાવ્ય "અપભ્રષ્ટગિરા" નામે લખ્યું હતું. વળી તે પછી તુરતજ થએલો 'કાન્હડ દેવ પ્રબંધ' નામના કાવ્યવાળો "પદ્મનાભિ કવિએ, પોતાની ભાષાને પ્રાકૃત કેહલી છે પણ ગુજરાતી ખરૂં નામ "ગુર્જર ગીરા" મહાન ગુર્જર કવિ પ્રેમાનંદે આપ્યું. આ કવિ સંવત ૧૭૦૦ થી ૧૭૬૯ દરમ્યાન થઇ ગયો. આ કવિએ એવી બાધા લીધી હતી કે જ્યાંસુધી ગુજરાતી ભાષા સંસ્કૃત જેવી મહત્વની ભાષાની બરાબરી કરશે નહિ ત્યાં સુધી તેણે પોતે પાઘડી પેહેરવી નહિ. આ બાધા પાળવા માટે પ્રેમાનંદે પોતાના પુત્ર વલ્લભ અને સુંદર રત્નેશ્વર વિગેરેની એક મંડળી જમાવી તેમની સાથે મળી ભાષાનો વધારો કરવામાં શુભ પ્રયત્નકરી ગુજરાતીને આજની ખરી ચઢતી કળાએ આણી હતી. આ રીતે ગુજરાતી ભાષા પણ હિંદમાં પ્રસાર પામેલી કોઇપણ ભાષા કરતાં ઉતરતી નથી. કેમકે તેમાં કાળે કરી સંસ્કૃત, હિંદી, ઉર્દુ, ફારસી ઇંગ્રેજી વગેરે ભાષાનો ભેળ થતો જવાથી તે વધારે રસીલી અને અલંકારિક બનતી જાયછે.

દરેક ભાષા બોલનાર પોતે જે જાત અને વર્ગમાં ઉછર્યો હોય તેતે તરફના બોલોનો ભંડાર તેમાં દાખલ થયો. તેમાં હિંદુઓમાં સંસ્કૃત અને પારસી ઓમાં ફારસી બોલો દાખલ થયા; તેજ મુજબ જૈન ધર્મનાં લેખકો માગધી ભાષા જાણનાર હોવાથી તેમાં તે ભાષાનાં બોલો સેહેજમાં દાખલ થયા. તેમાં હિંદુઓની સંસ્કૃતની ભેળવાલી, તેથી તેમાં જોડાઅક્ષરો ઝાઝાં હોય છે, તેમા જૈનોમાં પ્રાકૃત માગધી અને પારસી ઓમાં

ફારસી કે બીજામાં બીજા શબ્દો આવે એ બનવા જોગછે.

એજ રીતે જોતાં જ્યારથી ગુજરાતી ભાષા પારસી ઓનાં સંબંધમાં તેમની જન્મ ભાષા રૂપે ભેળાવા લાગીછે, ત્યારથી આ ભાષા પોતાની મધુરતા અને સાહિત્યસંગ્રહમાં મોટો વધારો કરી મેલ્યોછે. ગુજરાતી ભાષાનો પેહેલ્લો કોશ સંસંત ૧૯૦૨ માં નવરોજી ફરદુનજીએ મિર્ઝા મહમદ કાજીમની સાહ્યતાથી રચ્યો હતો. તેમજ તે પછી પણ એવા અનેક કોશ પારસીઓની સાહ્યતાથી ગુજરાતીઓએ પ્રગટ કર્યા તેમાં 'નર્મ કોશ' સર્વોપરી ગણાયો હતો. ગુજરાતી ભાષાએ મુખ્ય પ્રવેશ મુંબઈમાં કરી ત્યાં પારસીઓએ આ ભાષાને જૂદે જૂદે રૂપે મોટી પ્રસિદ્ધતામાં આણી રોજીંદા, અઠવાડિક, માસીક પત્રો ગ્રંથો અને ચોપાન્યા પ્રગટ કરવા માંડી ગુજરાતી ભાષાને ઝમકદાર બનાવવાની કોશેસ કરેછે. ત્યારે ગુજરાતનાં ગુજરાતીઓ તેની અસલીયાત જાળવતા જાયછે. પણ ગુજરાતી ભાષાને ૨૦ મી સદીની આખેરીમાં કવિ નર્મદાશંકર લાલશંકરે ઘણી ઝમકદાર બનાવવાની કોશેસ કરી હતી. તોય ગુજરાતીમાં ફારસી વગેરે ભાષાનો ભેળ થયા વિના રહ્યો નથી. કવિ નર્મદાશંકરે પોતાના કોશમાં જણાવેલી ગણત્રી મુજબ, ગુજરાતી ૨૫,૮૦૦ શબ્દોમાં સંસ્કૃત સ્વલ્પ રૂપાન્તરવાળા માત્ર ૫,૮૩૧ શબ્દોછે, ત્યારે અપભ્રંશ તથા બીજા ૩૬ શબ્દો ૧૭૭૬૬ છે, અને પરભાષાનાં ૨૬૫૮ શબ્દો છે. દર ૧૦૦ ગુજરાતી શબ્દે ૨૩ સંસ્કૃત, ૬૬ અપભ્રંશ અને ૧૧ પરભાષાનાં શબ્દોનું પ્રમાણ આવેછે.

આ પરભાષાનાં શબ્દોનો મોટો ભાગ ફારસીનો ભેળાયલો હોય છે અને તેમ હોવાથી કેટલાકો શુધ્ધ લખવાની પેરવી કર્યા છતાં તેમાં ફારસી શબ્દો સાધારણ રીતે ઘુસી જાયછે. કેટલાકો શુદ્ધ લખવાની નેમ રાખે છે છતાં તેમનાથી ભુલથીક હો અથવા ફારસી શબ્દો જે ટુંકા બની ગુજરાતીમાં ઘુસી ગયા છે તેઓ સેહેજ નજરથી ઓળખાઈ આવતા નથી અને તેવા શબ્દો શુદ્ધ ગુજરાતી શબ્દો તરીકે ઓળખાતા હોવાથી લખાય છે.

ગુજરાનવાલા—પંજાબનો એક જીલ્લો. એ લાહોરની ઉત્તર પશ્ચિમ તરફનો જીલ્લો ગણાય છે. એની ઉત્તર પશ્ચિમે ચીનાબ, દક્ષિણે તથા દક્ષિણ પૂર્વે ઝંગ, માઉન્ટગોમેરી. એને લાહોર તથા પૂર્વે શિયાલકોટનો જીલ્લો છે. ક્ષેત્રફળ ૨૫૮૭ ચો. મૈલ છે. ૧૮૮૧ માં વસ્તી ૬,૧૬,૧૯૨ ની હતી. આ જીલ્લામાં ૧૦ શેહેરો ૧,૧૮૬ ગામડાં છે. તેમાં ૧,૧૮,૧૫૮ ઘરો છે. તેમાં ૩,૩૩,૭૦૫ પુરૂષો ને ૨,૮૩,૨૮૭ સ્ત્રીઓ વસે છે. વસ્તીમાં ૪,૫૨૬૪૦ મોહમેદન, ૧,૨૭૩૨૨ હિંદુ ને ૩૬૨૦૦ શિખ તથા જૈનો વસેછે.

આ જીલ્લામાંના મુખ્ય શેહેરોની વસ્તી નીચે મુજબ છે.

આ જીલ્લાની ખેતીવાડીથી ભરપૂર જમીન ૬,૧૧,૮૧૨ એકર છે. આ જીલ્લામાં જનેવારીમાં ગર્મી ૫૩ ડીગ્રી ને જુનમાં ૯૫ ડીગ્રી રહેછે. થડીમાં ૨૦ ડીગ્રીવેર તહાડ પડેછે. વર્સાદમાં સરાસરી ૨૫,૬૮ ઇંચ વર્સાદ પડેછે.

ગુજરાનવાલા—આ તહેસીલદારીનું ક્ષેત્રફળ ૭૭૦ ચો૦ મૈ૦ છે. તેમાં વસ્તી ૧૮૬૫ માં ૨,૨૨, ૫૪૯ ની ને ૧૮૮૧ માં ૨,૫૦૭૨૦ ની હતી. તેમાં ૧,૩૫,૨૫૮ પુરૂષો ને ૧,૧૫૪૬૨ સ્ત્રીઓ હતી. તેમાં મુખ્ય મુસલમાનો ની વસ્તી ૧,૬૩૦૬૧ ની, હિંદુની ૬૬૩૪૩ ની ને શિખ પ્રજાની ૨૦૬૪૪ ની હતી.

ગુજરાનવાલા—એજ નામના જીલ્લાનું મુખ્ય શેહેર લાહોરની ઉત્તરે ૪૦ મૈલ ઉપર છે. ૧૮૬૮ માં વસ્તી ૧૯૩૮૧ ની અને ૧૮૮૧ માં ૨૨૮૮૪ ની હતી. તેમાં ૧૨૩૪૫ પુરૂષો ને ૧૦૫૩૯ સ્ત્રીઓ હતી. તેમાં ૧૧૮૨ મોહમેદનો, ૯૧૧૪ હિંદુ ને ૧૩૯૬

શિખ પ્રજાની વસ્તી છે. આ ગામ મહારાજા રણજીતસિંગના બપાવાનાં સમયમાં રાજધાની શેહેર હોઇ, ત્યારથી તે પ્રસિદ્ધતામાં આવી સુધર્યું હતું. રણજીતસિંગ પણ એજ શેહેરમાં જન્મી જ્યાંવેર લાહોર પાયતખત શેહેર બન્યું નહિ ત્યાં સુધી તે અત્રેજ રહેતો હતો. આ ગામની દક્ષિણ પૂર્વે લશકરી મથક છે. ત્યાં કચેરીની ઇમારત, જેલ, દવાખાનું, પોસ્ત ઑફીસ તથા દેવળો જોવાજોગ છે. શેહેરમાં સૂતરાઉ કાપડ, ત્રાંબાનાં વાસણ, કિમતી પથ્થરા, માલ વગેરેનો વેપાર ઉદ્યોગ સારો ચાલે છે.

ગુજરી—સંગીત શાસ્ત્ર મુજબ મેઘ રાગની એક 'ભાર્યા'-રાગણી. રિ, ગ, મ, પ, ધ, નિ સા, રિ. એનો ગાવાનો વખત સહવારે ૫ થી ૯ વાગાવેર, ને ઋતૂ વર્ષા. એનું અલંકારીક સ્વરૂપ—અતિ સકોમળ નારી, મધુર વાણીવાલી, ગાયન વિદ્યામાં પ્રવિણ આતશી અને નારંગીયા રંગના કપડાંમાં સજેલી, અલંકારોથી શુશોભિતી. એનો પુત્ર 'સખાભરણ' કહેવાય છે.

ગુજરી—પદ

ઠાડે શ્યામ જમના તીરે-ટેક.

ધન્ય કુલીન પવિત્ર પાવન જ્યાં ગીરિધર ધીર—૧
યુવતી બની બની ભઇ ઠાડી ઔર પહિરે ચીર—૨
લાલ ચોલી લીલ ડાંડીઆ સંગ યુવતીન ભીર—૩

ગુટી—મદ્રાસમાં આનન્તપૂર જીલ્લાનો તાલુકો. ક્ષેત્રફળ ૧૦૧૦ ચૌ૦ મૈ૦ હોઇ તેમાં ૩ શેહેરો અને ૧૫૦ ગામડાં છે. ૧૮૮૧ માં વસ્તી ૧,૧૦૫૯૭ ની હતી. તેમાં ૫૬૪૦૦ પુરૂષો ને ૫૪૧૯૭ સ્ત્રીઓ હતી. તેમાં ૧૦૦,૧૬૦ હિંદુ ને ૯૯૯૫ મુસલમાનો વસતા હતા. તાલુકામાં એક સાહુકારી ને ૩ ફોજદારી કોર્ટો છે. વાર્ષિક મેહેસુલ ૧૮૩૨૨ પૌંડની ઉપજે છે.

ગુટી—એજ નામના જીલ્લાનું મુખ્ય કિલ્લેબંદી વાલું શેહેર, ૧૮૮૧ માં અત્રે ૧૩૭૩ ઘરો ને ૫૩૭૩ ની લોકવસ્તી હતી. તેમાં ૩૭૪૯ હિંદુ ને ૧૫૮૭ મોહમેદનો હતા. અત્રે ડેપ્યુટી કલેક્ટર અને મેજીસ્ટ્રેટની કોર્ટ છે. અત્રેનો કિલ્લો ૧૬ મી સદીમાં બાંધવામાં આવ્યો હતો. અત્રેનો સરદાર મોરારજી રાવે ૧૭૫૧ માં લૉર્ડ ક્લાઇવ્હને આર્કાટની ચઢાઇ સમયે મદદ આપી હતી, આગળ એ વિજીયાનગરના રાજ્યકર્તાને તાબે હતું; પણ પછી ગોવળકોંડાના વજીર મીરજમાલે અત્રે રાજ્યગાદી સ્થાપી હતી. ૧૭૭૬ માં હૈદરઅલીએ શેહેરને ઘેરો નાખી તાબે કર્યું હતુ. ૧૭૯૯ માં માયસોરની લઢાઇવેળા ગુટી બ્રિટીશોએ જીત લીધું હતું.

ગુંટી—ઝાડની ડાંખળી કાપ્યા વિના તેને ઝાડ ઉપરજ મૂળીયાં આવે એમ કરવાને ગુંટી કહેછે. ગુંટી બાંધવા માટે જુના મજબુત લાકડાની ડાંખલી લઇ જ્યાં મૂળીયાં ઉગાડવા હોય તે જગા આસપાસ આંખ પાસેની છાલ અર્ધી ઇંચ કાઢવી. પછી તેનીપર ચીકણી મટોડીને મસળી લોચા જેવી કરી તેની છાલ કાઢેલી જગા આસપાસ બાંધવી, અને કેળના ઝાડની છાલ તેની ઉપર લપેટીલેવી કે ગુંટી બાંધેલી ગણાય. આ ગુટી સદા ભિની રાખવી જોઇએ, તે માટે ગુંટી બાંધેલી ડાંખળી ઉપર બીજી મજબુત ડાંખળી હોય, તેને અથવા તેની પાસે એક થાંભલો દાટી તેની ઉપર એક પાણીનું માટલું બાંધવું, અને તેનાં તળીયામાં છિદ્ર પાડી તેમાં એક દોરીનો કટકો પોઇ તેને ડાંખળી સાથે જોડવો, કે તેમાંથી ટપકતાં પાણી વડે ગુંટી ભિનાયલી રહેશે. આ રીતે દર રોજ પાણી ભરી સિપ્યાથી મૂળીયાં ફુટે છે. તે જ્યારે મટોડીની બાહેર દેખાય છે, ત્યારે તે કલમ તૈઆર થએલી સમજવી, પછી ગમે ત્યારે તે ડાંખલી મૂળીયા સાથે ખેંચી કાઢી જમીનમાં રોપવી કે તેથી ઝાડ ઉગી શકે છે.

ગુડી પડવો—આ તેહેવાર પ્રાચીન કાળમાં જણીતો હતો, પણ મોહમેદનોની ચઢાઇઓ દરમ્યાન તે ઝાઝો જણીતો નહોતો. તે પછી મરાઠાઓના અમલમાં ફરી તેને ચાલુ પા-

ળવામાં આવ્યો હતો. ચોમાસું સંપતાં જેમ લઢાઇપર જવાનો તેહેવારવાલો દિવસ 'દસેરા' ગણાય છે તેમ ચૈત્ર શુદ્ધ પડવાનો દિવસ લઢાઇમાં જય મેળવી પોતાનાં રાજ્યમાં ઉન્હાળાની અધવચ અને વર્સાદની આગમજ આવી ઠર પડવાનો દિવસ ગણાતો હતો. એજ દિવસે શ્રી રામચંદ્રજી લંકાના દુષ્ટ રાજા રાવણને જીતી પોતાની રાજ્યધાનીમાં દાખલ થયા હતા.

આ તેહેવાર ઉપર સહવારથી જયધ્વજનું ચિન્હ બતાવવા માટે એક લાકડીપર રેસમી યા સૂતરાવુ રૂમાલ બાંધી તેપર પિત્તળ, ચાંદી યા સુવાનો કળશિયો બાંધી લઇ તેને કળશનું રૂપ આપેછે, ત્યારે કપડું ધ્વજ તરીકે જણાય છે.

'વૈષ્ણવો મંદીરમાં ચૈત્ર શુદ્ધ પડવાનો ઓચ્છવ કરે છે અને તેને તેઓ લીંબ ઓચ્છવ તરીકે ઓળખે છે. તેનું કારણ એ છે કે એ દિવસે હિંદુઓ લિંબડાનાં ઝાડનાં પાંદડા વાટી તેમાં સાકર ભેળી પિયે છે.

દક્ષણી હિંદુઓ ચૈત્ર શુદ્ધ પડવાથી નવું વર્ષ ગણેછે અને તે શક પંચાંગ, જ્યોતિષ તથા જન્મપત્રીકા બનાવવામાં શાલિવહાન શક તરીકે* ગણત્રીમાં લેવાય છે. તે ચૈત્ર શુદ્ધ પડવાથીજ શરૂ થાયછે. આ શકની શરૂઆત માટે શાલિવહાન શકનું દક્ષિણમાં કાયમ રહેવાની એક કથા સાથે સંબંધ છે. (જુઓ શાલિવાહાન). આ વર્ષ શરૂ થવા આગમજનાં ૯ દિવસો નવરાત્રીના ગણાય છે અને તે દરમ્યાન સરસ્વતીનું પુંજન કરી ચૈત્ર માસમાં ઓખાહરણની કથા સંભળાવવામાં આવેછે.

ગુણકલી—સંગીતશાસ્ત્ર મુજબ માલકોસ રાગની ભાર્યા. આ રાગણી ગાવાનો વખત સહવારના પોહોરમાં પેહેલા પોહરે ૫ થી ૯ વાગા વેરનો છે. એની મુકરર કરેલી ઋતુ સરદ યાને આસો તથા કાર્તકછે. એની જાતી સ્ત્રી છે. રૂપમાં ઉદાસી, મોહન વિના શોક કરતી, બાલ વિખરાયલા, પોતાની હાલતપર રડતી બેઠેલી. એ શરદના ઝાડને અઢેલી બેસી અફસોસ કરતી પણ જણાયછે. એણીનો પુત્ર 'પરબલ' અને 'ચંદ્રક' છે. એના આવડસૂર રિધ વિનાની આરંભાદિ ત્રિ, કેટલાકોનાં મત મુજબ સ. એ ભૈરવીની આશ્રીત છે. ઉદાહરણ— નિસગમપનિ, માનાન્તરે— સગમપનિસ:

ગુણ કલી—ખ્યાલ.

ખેલી લે રંગ છેલા શામ હોતી હે-ટેક.
તારા તું મત જા સમુદ્રમે, ના બરસી હે માનકદારી પુનમ
શિતળ આસ બીન મન સમુદ્ર ધીકતી હે અગ્નિ સમ
અગ્નિ સાગર "રૂસ્તમ" જાન મોતી હે.-ખેલી લે રંગ છેલા.

ગુણાઢય કવિ—બૃહત્કથા નામે પ્રસિદ્ધ ગ્રંથકાર ગુણાઢય કવિ પૈઠણ નગરના શાલિવાહાન રાજાનો મુખ્ય પ્રધાન હતો. કોઇ રાજકિય કારણને લીધે ગુણાઢય કવિની ઉપર રાજાની ખતરાજી થઇ, તેથી તેણે પ્રધાનપદનું રાજીનામું આપીને તપોવનમાં જઇ રહેવાનો વિચાર કરી વિંધ્યાદ્રિ પર્વત ઉપર તપ કરવા ગયો, તેણે જ્યારે પ્રધાનપદનું રાજીનામું આપ્યું ત્યારે તેને સંસ્કૃત, પ્રાકૃત અને દેશી એમ ત્રણ ભાષા-ઓ આવડતી હતી, આ ત્રણે ભાષનો કોઇ પણ શબ્દોનો ઉચ્ચાર કરવો નહિ, એવી પ્રતિજ્ઞા કરી તેણે મૌન ધારણ કર્યું. તે મુજબ કેટલોક કાળ જતાં તેને પિશાચ લોકોની સંગતથી તે ભાષાનું જ્ઞાન થયું. ત્યાં તેને 'કાણભૂતિયક્ષ' નામે એક પિશાચ મદદગાર મલ્યો અને તેની મદદથી ૭ વર્ષ દરમ્યાન ગુણાઢયે સાત લાખ શ્લોકના પુરનો "બૃહત્કથા" નામે ગંજાવર પુસ્તક રચ્યું. કહે છે કે આ ગ્રંથ લખવાને શાહી, કાગળ ન મળ-

* મહાજન મંડળ પૃષ્ઠ ૩૭૫ થી.

વાથી લોહી વડે તાડપત્રપર પિશાચી ભાષામાં લખ્યો હતો. એ ગ્રંથ ઘણો ઉત્તમ હોવાથી તેનો પ્રબ્ધમાં ફેલાવો કરવા સારૂ ગુણાઢયે પોતાના શિષ્ય ગુણદેવ અને નંદીદેવની' સાથે શાલિહવાન રાજા પાસે મોકલ્યો, રાજાએ આ ગ્રંથ પિશાચી ભાષામાં લોહીથી લખેલો જોઇને તિરસ્કાર કરી બન્ને શિષ્યોને પુસ્તક સહિત પાછા કાઢયા. આવા વિદ્વાન રાજાએ ગુણાઢયના ગ્રંથનું આ મુજબ અપમાન કર્યું તેથી તેને ઘણું માઠું લાગ્યું. આથી તેણે એક વનની ટેકડીપર બેશીને ત્યાં અગ્નિકુંડ સળગાવી પોતાના ગ્રંથનું અષ્ટેકું પાનું વનપક્ષીઓને તથા શિષ્યોને સંભળાવી એક પછી એક, એમ તે કુંડમો હોમવા માંડયું, એ પ્રમાણે ૬ લાખ શ્લોકના પુરનો ગ્રંથ હોમાઇ ગયો, અને માત્ર 'નરવાહનદત્ત' ની એક કથા બાકી રહી. ત્યારે તેનો નાશ નહિ કરવાને શિષ્યોએ ઘણા કાલાવાલા કર્યા, તેટલાં ગ્રંથ બાળી નાખવામાં આવે છે એ વાતની શાલિવાહાન રાજાને ખબર થતાં તે પણ ત્યાં આવી પોંહચ્યો, અને બાકી રહેલા ભાગ પોતે લઇ ગયો. એ ગ્રંથ બૃહતકથાને નામે જાણીતો છે. આ ગ્રંથની મોટાઇ એટલી બધી છે કે સસ્કૃતનાં કેટલાક પ્રસિદ્ધ ગ્રંથો, જે વાકે કાદંબરી, મુદ્રારાક્ષસ, રત્નાવળી વગેરે ગ્રંથો બૃહત્કથામાંથી બાબત લઈ રચવામાં આવ્યા છે. વળી આ ગ્રંથ ઉપરથી ક્ષેમેંદ્ર કવિએ 'બૃહત્કથા મંજરી' નામે ગ્રંથ રચ્યો હતો. પણ તેની રચના ઘણી ટુંકી હોવાથી તે લોકપ્રિય થઇ પડયો નહિ. તે પછી સંવંત બારમાં સૈકામાં કાશમિરના મહારાજાની 'સૂર્યવતી' જે ઘણી વિદુશી હતી, તેની આજ્ઞા ઉપરથી તેના વિનોદને અર્થે ત્યાંના સોમદેવ ભટ્ટ નામના કવિએ બૃહત્કથા ઉપરથી કથા સરીત્સાગર નામનો ગ્રંથ રચ્યો છે. તેમાં જેના ઉપરથી પંચ તંત્ર રચાયું તે વાર્તા બોધે છે. બૃહત્કથાનાં ૧૮ ભાગો છે. આ વિદ્વાન કવિ શાલીવાહન રાજાના સમયમાં થઇ ગયો હતો."

ગુત્રાં—એક જાતનાં નાહનાં હરણ. એની બે જાતો છે. એક ૪ શિંગડાંવાલી ને બીજી બે શિંગડાવાલી. એનું મુખ્ય સ્થાન ગિરનાર પર્વતની ગિરિ છે.

ગુંદર—ચોકસ જાતનાં ઝાડોમાંથી પોતાની મેળે નિકળતો એક પ્રકારનો ચીકણો રસ. તે જેવી હાલતમાં નિકળે છે તેવોજ કામમાં આવેછે. તે પાણીમાં પિગળેછે અને જલ્દી વળગી જાયછે.

રસાયન શાસ્ત્રમાં ગુંદર આ શબ્દના અર્થને વ્યવાહરિક અર્થ કરતાં વિશેષ વ્યાપ્તિક ગણ્યો છે. એ પારદર્શક પદાર્થ છે; તેને પાણીમાં નાખતાં તે ચીકણો બની તેનો ગુંદર બને છે. એ સર્વ પ્રકારનાં વૃક્ષોમાં ઘણો હોય છે. રસાયનશાસ્ત્રીઓએ બાવળનો ગુંદર શુદ્ધ માની બીજા ગુંદરોની પરિક્ષા કરવા તેને પરિમાણમાં ગણેલોછે. બાવળનાં ગુંદરમાં નીચે મુજબ પદાર્થો હોય છેઃ—

કાર્બોન ...	...	...	૪૫.૧૦
હાઇડ્રોજન	...	...	૬.૧૦
ઑકસિજન	...	...	૪૮.૮૦
			૧૦૦—૦

ગુંદર કપડાં છાપવાનાં કામમાં આવેછે જેથી રંગ વળગી રહી તે પસરતો નથી. ઘણું કરી બાવળ, બોરડી, પીપળ, બેર, બેબરો વગેરે ઝાડમાંથી ગુંદર નિકળે છે. આવા ગુંદરનો રંગ કેટલીકવેળા સફેદ તથા પિળો હોય છે. ગુંદરથી બેક રસ થએલું પાણી જાડું થવા છતાં તે પારદર્શક હોય છે. તેમાં આલકોહલ નાખવાથી સફેદ ગુંદર છુટો પડેછે. તેનેજ ખરો ગુંદર કહી શકાય. બાવળ અને બાવળની જાતનાં ઝાડમાંથી મળતો ગુંદર ઉત્તમ હોય છે.

સંસ્કૃત ગ્રંથોમાં બાવળનાં ગુંદરને જાદું નામ આપ્યું નથી, પણ સામાન્ય રીતે ગુંદરને નિર્યાસ અને બાવળને બબ્બૂલ નામ આપેલું છે તે ઉપરથી બાવળનાં ગુંદરને બબ્બૂલ નિર્યાસ એ નામ આપેલું જણાય છે.

આ પદાર્થને અંગે ચીકાસ હોવાથી ઔષધિ ઉપચારમાં ઉપયોગી હોય છે. બિસ્મીથ, દસ્તા ક્ષાર અને બીજા પિગળનારાં ઔષધો ગુંદરના પાણીમાં પાયછે. સુવાવડી સ્ત્રીને શકિત થકી ગુંદર તળીને બવાડવામાં આવે છે. કેટલાક હકીમો મૂત્ર રોગ, અતિસાર, વગેરે દર્દો ઉપર એ વાપરેછે. પરમાનાં દર્દમાં ગુંદરના પાણીની પીચકારી ઉપયોગી થઈ પડે છે.

બાવળનાં ઝાડમાંથી માર્ચથી એપ્રેલવેર ગુંદર નિકળે છે, અને તે દરેક ઝાડમાંથી ૩ રતલ નિકળે છે. આ ગુંદર પાણીમાં પિગળે છે પણ આલકોહલમાં પિગળતો નથી. રસાયન પ્રયોગથી એના ગુંદરનું પૃથુઃકરણ કરતાં તેમાં ચુનો, પોટાશ અને મેંગેનિસ્યા મળેછે. એની સાથે પાણી મેળવી તેનીપર સલફ્યૂરિક ઍસિડ નામતાં રસાયન ક્રિયા ચાલુ રાખ્યાથી 'અરેબીન' એ તેનું રૂપાંતર થાય છે. તેનીપર નાઇત્રીક ઍસિડ નામતાં મ્યૂરિક ઍસિડ અને સ્યાકરિક ઍસિડ ઉત્પન્ન થાય છે.

ઉત્તમ ગુંદર અરેબિયા, આફ્રિકા અને હિંદુસ્તાનમાં ઉગતા ઝાડમાંથી પોતાની મેળે થડ યા ડાંખળી ઉપરથી ફુટી નિકળે છે. જેમ ઝાડ દર્દી હોય યા ગર્મી વધારે પડે તેમ ગુંદર વધારે ઝરેછે. સોજ્જો ગુંદર કાચ જેવો સ્વચ્છ રંગહિન અથવા પિળો હોય છે. હિંદમાં બાવળનાં ઝાડ નાહનાં થતા હોવાથી તેમાંથી સારો ગુંદર નિકળતો નથી, પણ અરબસ્તાનના ઝાડો મોટા થતા હોવાથી ત્યાં ઉત્તમ પ્રકારનો ગુંદર નિકળે છે. અરબસ્તાનનો ગુંદર અલેકઝાન્ડ્રીયા, સ્મિર્ના, તરીવડેલી, મોગાડોર વગેરે તરફ ઉત્તમ પ્રકારનો થાય છે.

આફ્રિકાનાં કોસ્ટા ઉપર 'વૉરેક અને નિબ્બુલ' નાં ઝાડમાંથી જે ગુંદર નિકળે છે. તેને 'ગમસિનીગાલ' કહેછે. એમાં પેહેલા ઝાડનો ગુંદર સફેદ ને બીજાનો લાલ રંગનો થાયછે. એ સેનિગાલથી મોકલવામાં આવેછે. આ ગુંદરનું નામ તે ગામ ઉપરથી પડ્યું છે. આ ગુંદર રંગદાર કપડાં છાપવાનાં ઉપયોગમાં આવેછે.

ઉપલાથી ઉતરતી પંકિતના ગુંદરને 'ગમ-રેઝીન્સ' કરેછે. એ ગુંદર તથા ટર્પેનટાઇનના મિશ્રણથી બને છે. તેમાંથી તેલ જૂદું પાડી શકાય છે. રેઝીન ગુંદર પોતાની મેળે ઝાડમાંથી નિકળતો નથી પણ તે ઝાડને ઘસવાથી અથવા ડાખળીઓને વાળવાથી નિકળે છે. એ રાજમ પ્રમાણે સળગી ઉઠતો નથી તેમજ ગુંદર માફક પાણીમાં પિગળતો નથી, પણ આલકોહોલમાં પિગળે છે.

બેરનાં ઝાડમાંથી ફિક્કા, પિળા રંગનો ગુંદર બને છે. આ ગુંદરના કટકા બેક ઇંચથી અર્ધા ઇંચના હોયછે. એ રૂચિમાં મીઠા લાગે છે. એનો ગુંદર પાણીમાં જલ્દી પિગળે છે. બાવળનાં ગુંદર કરતાં એના અંગે ચિકાસ વધારે હોય છે માટે બાવળનાં ગુંદરની સાથે એના ગુંદરને ભેળી વેચવામાં આવે છે. મી० મલ્હારાય મૂળેના જણાવવા મુજબ ઇ. સ. ૧૮૭૩ માં મધ્યપ્રાંતના કમિશનરે બેરનો શુદ્ધ ગુંદર લંડન મોકલ્યો હતો. આ ગુંદર બાવળના ગુંદર જેવોજ ત્યાં ઠરવાથી તેના દર હંડરવેટે ૩ ૧૦ થી ૩ ૧૩ નો ભાવ ઉપજ્યો હતો. મુંબઇમાં આ ગુંદર સવા પાંચ રૂપ્યે હંડરવેટે વેચાય છે. સૂરતી બેક મણ ગુંદર એકઠો કરવા ૩ ૨૫ નો ખરચ બેસે છે. અને તેટલો માલ મુંબઈ મોકલતાં ૩ ૧૫ નો ખર્ચ બેસે છે. પણ હજી બેરના ગુંદરનો કોઇ જૂદો વેપાર કરતું નથી.

યૂરોપ તરફ હિંદુસ્તાનથી જતા ગુંદરમાં ઘણી જાતની ભેળ હોય છે. ઇંગલંડમાં ઘણું કરી ઇજીપ્તથી ગુંદર જાય છે. અને ફ્રાન્સમાં સેનીગાલથી જાય છે. "ઇસ્ટ ઇંડિયા ગુંદર" મુંબઇથી ઇંગલંડ, યૂરપ અને અમેરિકામાં જાય છે. તે લાલ સમુદ્રનાં બંદરોથી મુંબઇ આવેલો હોય છે.

ગુંદર કયાલીકો, છીંટ વગેરે રંગવાનાં

ક્રમમાં ઘણો વપરાય છે. તેમજ રંગેલા સૂતરને ચળક આપવા એનો મોટો ઉપયોગ કરવામાં આવે છે. ગુલીનો રંગ બનાવતાં ગુંદરનો ઉપયોગ કરવામાં આવે છે. તેમજ ઔષધિ ઉપચારમાં પણ એ ઉપયોગી છે. જ્યારે હિંદમાં દુકાળ પડેછે ત્યારે ગરીબ લોકો જંગલી ગુંદરપર નિર્વાહ કરે છે.

ગુદર્જ—બીજા અર્દવાનનો એ શાહાજાદો ઇ. સ. ૪૨ માં ગાદી નશીન થયો. એ સ્વભાવે જુલ્મી હોવાથી તખ્ત નશીન થતાં પોતાનાં એક દાવાદાર ભાઇને તેની બાઇડી છોકરાં સાથે કતલ કરાવી તેમનાં મદદગારોનાં પણ તેજ હાલ કીધા, આથી રાજસભાએ ખાનગી મસલહતથી ગુદર્જનાં નાહના ભાઇ 'વારદાનિસ' કે જે રાજધાનીથી ઘણે દુર વસતો હતો તેને છુપાછુપ લશકર સાથે ગુદર્જ ઉપર હુમલો કરવા સુચવી ગુદર્જને નભરવસ રાખ્યો. ગુદર્જનાં નભરવશપણાથી વારદાનિસ પોતાની નેમમાં ફાવ્યો અને ગુદર્જ નહાશીને કાસ્પિયન અને આર્લ સમુદ્રથી મધ્યાંતરમાં વસતા 'દહિ' પ્રજાના મુલકમાં જઇ ભરાયો. પણ એ વેળા રાજ્યસભાએ ગુદર્જ તથા વારદાનિસનું સામટું કાટલું કાઢવાનો પ્રપંચ રચતાં તેની ગુદર્જને જાણ થઇ. ગુદર્જ વાર્દાનીસને સર્વ હકીકત જણાવી દોસ્તી કરી અને તખ્ત ઉપરનો પોતાનો દાવો છોડી દીધો. તેથી વાર્દાનીસે ગુદર્જને હિર્કેન્યાનાં મુલકની હાકમી આપી. પણ તે પછી પગભર થતાં ગુદર્જ જાહેર રીતે તખ્ત મેળવવાની પેરવી કરતાં બેઉ ભાઇઓ વચ્ચે હિર્કેન્યા તરફ લઢાઇઓ થઇ તેમાં ગુદર્જ હાર્યો. આથી ગુદર્જે પાદશાહની વિરૂધ પક્ષવાલા ઇરાનીઓને હાથમાં લઇ વારદાનિસને ઇ. સ. ૪૬ માં ગુપ્ત રીતે શેકારગાહમાં મારી નખાવ્યો. ભાઇના મોતથી ગુદર્જ ફરી ઇરાનનો પાદશાહ થયો પણ તેના ઘાતકી સ્વભાવથી રૈઅત તથા દરબારીઓ નારાજ થયા હતા. ગુદર્જ પોતાનાં બેશીઓને જેમ બને તેમ મારી નખાવી તખ્તનો કોઇ દાવાદાર જીવતો રહે તે જોવા ઇચ્છતો નહિ, આથી દરબારીઓએ ફરી પ્રપંચ રચી રોમના પાદશાહ ૪ થા ફરહાદનાં મેહેરદાદ નામના એક નબીરાને ગુદર્જનું તખ્ત લેવાં આમંત્રણ કીધું; પણ ગુદર્જને એ સર્વ વાતની આગમજથી જાણ થતાં ઇ. સ. ૫૦ માં મેહેરદાદને હરાવી કેદ કરી આંધળો કર્યો. એણે પોતાની ફરહેઓનાં ચિતારો બાગીસ્તાનનાં પર્વત ઉપર કોતરાવ્યાં હતા. મરણ ઇ. સ. ૫૧ માં નિપજ્યું.

ગુંદા—એનાં વૃક્ષો મોટાં વધેછે, એની અનેક જાતો છે તેમાં ઝાડીવાળી જાત ઉપર થતાં ફળ રૂચીકારક હોયછે. આ ગુંદા સોપારી જેવડા હોઇ કાચાં હોય છે, ત્યારે તે લીલા ને પાકતાં પિળાં બને છે, એમાં ગુંદર જેવો ચીકણો પદાર્થ હોય છે, જેથી મોહ બગડે છે, એનાં કાચાં ફળોનું શાક ઉત્તમ બને છે.

ગુર્થ—રંધા નામની નદીની એક શાખા, આ શાખાપર જ્યારે કેરસાસ્પ આવી પોંહચ્યો ત્યારે તેને પોતાના ભાઇ ઉર્વાક્ષના અંતની યાદ થતાં તેનું ખૂન કરનાર હિતાસ્પને મારવાની શક્તિ મેળવવા તેણે આ નદીને કાંઠે બંદગી કરી હતી.

ગુપ્તકાળ—આ કાલ હાલમાં વેહવારમાં નથી. ગુપ્ત વર્ષ થકી ૧૬૩ થી ૩૨૬ આ સને માહેલા તામ્રપટો ઉપરથી લેખો ઉકલાવી એવું અનુમાન કાઢવામાં આવેલું છે કે, એનું વર્ષ વર્તમાન છે. તે ચૈત્રાદિ છે અને મૈસ પૈર્ણિમામાં છે, શક વર્ષ ૨૪૨ ચૈત્ર શુકલ પ્રતિપદાથી ગુપ્તકાલની શરૂઆત થઇ. ગુપ્ત વર્ષમાં ૨૪૧ મેળવ્યાથી શક વર્ષ નિળે છે, ૩૧૯-૨૦ મેળવ્યાથી ઇસવી સન નિકલે છે. મધ્યહિંસ્તાન તથા નેપાળમાં આ કાલ વેહેવારમાં છે. ગુપ્ત નામના રાજાઓ એનો ઉપયોગ કરતા હતા.

ગુપ્તવંશ—ગુજરાતમાં ક્ષત્રપ રાજાઓ પછી ગુપ્તવંશના રાજાઓએ પોતાની સત્તા સ્થાપન કરી હતી. ગુજરાતના પ્રાચીન ઇતિહાસ મુજબ 'પુરાણ આધારે ગુપ્ત રાજાઓનો મૂળ

પ્રદેશ ગંગા અને જમનાની વચ્ચેનો હતો, તેમની રાજ્યધાની કઇ હશે તે નક્કી થયું નથી. ઇંગ્રજ લેખકો તેમને કનોજના ગુપ્ત રાજાઓ લખેછે, ગુપ્ત રાજાઓનાં શિક્ષા પ્રથમ કનોજમાંથી મળી આવ્યા હશે તે ઉપરથી આ મુજબ અનુમાન કરવામાં આવ્યું હશે એમ લાગેછે. ગુપ્ત રાજાઓ વિષેની માહિતીનાં જે સાધન પાછળથી મળી આવ્યાં છે તે પણ ઘણે ભાગે કનોજની પૂર્વ અને નૈઋત્ય તરફના પ્રદેશમાંથી મળી આવ્યાં છે. ગુપ્ત કુળની ઉત્પતિ વિષે ચોકસ માહિતી મળતી નથી. સ્મૃતિ પ્રમાણે માત્ર વૈસ્ય લોકોનાં નામને છેડે 'ગુપ્ત' લખાયછે, અને વૈસ્યમાં ભરવાડ, ખેડુત, અને વેપારી વર્ગનો સમાસ થાયછે.

ગુપ્તવંશ સ્થાપન કરનારનું નામ ગુપ્ત (ઇ. સ. ૩૧૩—૩૩૨ માં) છે, લેખોમાં ગુપ્ત પેહેલાં શ્રી લખેલું જણાયછે, જો શ્રી એ ગુપ્ત નામનો ભાગ હોત તો જેમ ચંદ્ર ગુપ્ત, સમુદ્ર ગુપ્ત વગેરે બીજા રાજાઓને શ્રી ચંદ્રગુપ્ત, શ્રી સમુદ્ર ગુપ્ત એમ લખેલું છે તેમ ગુપ્તને શ્રી શ્રીગુપ્ત એમ લખ્યું હોત, વળી એનો વંશ પણ ગુપ્ત વંશ નહિ પણ શ્રી ગુપ્ત વંશ કહેવાયલો હોત.

ગુપ્તવંશ સ્થાપન કરનારા ગુપ્ત, વાયવ્ય પ્રાંતમાં કોઈ નાહનો રાજા હશે, તેના પૌત્ર ચંદ્ર ગુપ્ત પછીના બધા ગુપ્ત રાજા, મહારાજાધિરાજ લખાયા છે. તે પ્રમાણે ગુપ્તના માટે લખેલું જોવામાં આવતું નથી, તેમ તેના નામના શિક્ષા પણ પાડેલા જણાતાં નથી. ગુપ્ત રાજાઓના પેહેલ વેહેલ્લા શિક્ષા ૩૭૦ થી સમુદ્ર ગુપ્તનાં વખતમાં પાડવામાં આવ્યા હતા, ગુપ્ત વંશના પેહેલા રાજા શ્રી ગુપ્તે 'ગુપ્ત સંવંત' થી ૧૨ (ઇ. સ. ૩૧૯ થી ૩૩૨) સુધી રાજ્ય કર્યું. તેના પુત્ર ઘટોત્કચે ઇ. સ. ૩૩૨ થી ૩૪૯ વેર, તેના પુત્ર ચંદ્ર ગુપ્તે ૩૪૯ થી ૩૬૯, તેના પુત્ર સમુદ્ર ગુપ્તે ૩૭૦ થી ૩૯૫ સુધી ને તેનો પુત્ર ચંદ્ર ૩૯૬ થી ૪૧૫, કુમાર ગુપ્ત ૪૧૬ થી ૪૫૬ ને સ્કંધ ગુપ્ત ૪૫૪ થી ૪૭૦ ને તેનો સગો બુદ્ધ ગુપ્ત ૪૭૧ થી ૪૮૨ વેર રાજ્ય અમલ ભોગવી ગયલા જણાયછે. એ ઉપરાંત ગુપ્ત વંશ વિષે ઝાઝી હકીકત જડતી નથી તોય તેઓએ ગુજરાત અને બીજા દેશોપર મોટી પાદશાહી કરી ગયલા જણાયછે, આ રાજાઓ પોતાનાં વખતમાં ગુપ્ત સને ચલાવતા હતા અને તે સને તેમનાં રાજ્યના અંત સાથે વિસરાઇ ગયો હતો.

ગુપ્ત છંદ—૧૪ ને ૧૦ માત્રાની બે યતિઓ તેમાં આદિને અંતે નગણ આવેથી ગુપ્ત છંદ બનેછે.

ગુમતી—એ ઈંડીયન આઇલંડમાં એક જાતનાં નાળીઅરી જેવાં ઝાડમાંથી ઘોડાના બાલના જેવાં લાંબા સાકા, સાદરીની માફક ખુદરતી વણેલા નીકળે છે. એ ઝાડનાં થડ અને તેની છાલની વચ્ચે હોયછે. એનાં દોરડાં અને દોરીઓ તથા સાદરી બનાવવામાં આવેછે. એ ઘણું કરીને જાવા તરફથી આવેછે અને આસપાસનાં મુલકોમાં કાથાની માફક ખપે છે.

ગુમા—(જુઓ કુમા.)

ગુરજર—સાતમી સદીમાં ભરતખંડમાં હ્યુએન થસાંગ નામનો ચીનાઇ મુસાફર મુસાફરી કરતો આવ્યો હતો, તેણે પોતાનાં ગ્રંથમાં લખેલું છે કે ઉજ્જનીથી ૪૬૦ મૈલપર 'ગુર્જર દેશ' આવેલો છે પણ ખરૂં જોતાં ઉજ્જનીથી ૩૫૦ મૈલ ઉપર ગુર્જર દેશ છે; પણ હ્યુએનને એમ લખવાનું કારણ એ મલ્યું કે તેને અરાવલી ડુંગરપરથી ગુર્જર દેશમાં ઉતરવું પડ્યાથી તેણે ૪૬૦ મૈલનું અંતર જણાવ્યું છે, એમ મી૰ કનિંગહેમનો અભિપ્રાય છે.

ગુર્જર અને ગુજરાત એ એકજ દેશ છે એવી જે કેટલાકોની સમજ છે તે ભૂલ ભરેલી છે. કેમકે રજપુતાનાનાં દક્ષિણ ભાગને ગુર્જર દેશ એ નામ હતું. ગુર્જર અને ગુજરાત આ નામ સરખાં દેખાતાં હોવાથી ગુજરાત તેજ ગુર્જર દેશ એવી ઘણાકોની

અટકળ છે. હાલનો ગુજરાત પ્રાંત તે આગળનો સૌરાષ્ટ્ર દેશ છે.

આ દેશને ગુર્જર નામ પડવાનું એ કારણ મળ્યું કે ત્યાં પ્રાચીન કાળમાં 'હુજર' નામના રાજા રાજ્ય કરતા હતા; તેથી તે પ્રાંતને પણ 'હુજર' એ નામ પડયું અને તેનુંજ તે પછી જુજર અને ગુજર એવાં રૂપ થયાં. આ ઉપર જણાવેલું કારણ તેને લાગુ પડે છે. કેમકે હજીવેર આ પ્રાંતમાંજ 'હુજર' જાતનાં સંસ્થાનો કેથે કેથે રહેલા છે. તેજ પ્રમાણે આરબોએ રચેલા ભૂગોળમાં ગુર્જર દેશને 'જુરઝ અથવા 'જુઝર' અથવા 'હજર' એવાં નામો આપ્યાં છે.

ઉપર જણાવેલા કારણ શિવાય રજપુતાનાનાં દક્ષિણ ભાગને ગુર્જર કહેતા એ સિદ્ધ કરવા એક ત્રીજો દાખલો મળેછે, તે એકે સુલેમાન નામના વેપારીએ " હજર પ્રાંતમાં રૂપાની અનેક ખાણો છે," એવું એક ગ્રંથમાં લખ્યું છે, અને હાલમાં રજપુતાના દેશ 'રૂપા' માટે પ્રસિદ્ધ છે; તેથી સુલેમાને લખેલો 'હુજર' પ્રાંત તેજ ગુજર અથવા ગુર્જર હોય એ સ્પષ્ટ જણાયછે. રજપુતાનાં અને ગુર્જર આ ઠેકાણે કંદહાર (ગાંધાર) માં પાડેલાં નાણાં મળી આવેછે, તેમાં અને કાબુલમાં ' ખાલ ' રાજાની અને કેટલાક 'સૅસેનિયન ' તથા ઈંદોસૅસેનિયન' પ્રજાનાં નાણાં મળેછે. આ નાણા ગુર્જર પ્રાંતમાં ઈ. સ. ૯૦૦ સુધી ચાલુ વેહવારમાં હતાં એમ સુલેમાનનું કહેવું છે, સાતમી સદી વચ્ચે ગુર્જરમાં એક ક્ષત્રી રાજા હતો અને તેના પેહેલાં પાચમી સદીમાં હુજર (ગુર્જર) નામે રાજા રાજ્ય કર્તો હતો એમ 'વરાહમિહિર, આર્ય ભટ એમનાં ગ્રંથો ઉપરથી તથા ચાલુકયરાજા, પુલકેશી અને બીજા કેટલાક ગુર્જર રાજાનાં શિલાલેખો ઉપરથી જણાઇ આવેછે.

ગુર્જર—ગુર્જર રાજાઓનો રાજ્યઅમલ ભરૂચ, મહી અને તાપીનદી વચ્ચેનો પ્રદેશ તથા ઓડા સુધી ચાલતો હતો, આ વંશના રાજાઓએ ઈ. સ. ૫૮૦ થી ૭૩૫ વેર રાજ્ય અમલ ભોગવેલો જણાયછે, તેમનું રાજધાની શેહેર નાંદીપુર હતું. આ નાંદીપુર હાલનું નાંદોદ છે એમ કેટલાક વિદ્વાનો જણાવેછે, પણ ડૉ૦ બ્યુલરના, મત મુજબ ભરૂચના પૂર્વ દરવાજાથી બે મૈલપરના કિલ્લા પાસે નાંદીપુર ગામ વસાયલું હશે. ગુર્જર રાજા તરીકે દદ ૧ લો ઇ. સ. ૫૮૦, જયભટ ૧ લો ઇ. સ. ૬૦૫, દદ ૨ જો ઇ. સ. ૬૩૩, જયભટ ૨ જો ઈ. સ. ૬૫૫, દદ ૩ જો ઇ. સ. ૬૮૦ અને જયભટ ૩ જો ઇ. સ. ૭૦૬ થી ૭૩૪ સુધી, તે પછી આ વંશનો રાજ્ય અમલ શિ રીતે લય પામ્યો તે વિશે કેથે કશું વર્ણન જડતું નથી.

ગુરદો—એને મુત્રપીંડ પણ કહેછે. 'ગુરદા પેટનાં બેઉ તરફના કમરવાળા ભાગની છેક પાછળથી મુકાયલા હોયછે. દરએક ગુર્દો ૪ ઈંચ લાંબો, ૨ ઈંચ પોહળો ને ૧ ઈંચ જાડો હોયછે, અને તે ૧૦ થી ૧૨ તોલા વજનમાં હોયછે, બહારથી તે સુંવાળો હોઇ તેનો આકાર અડદનાં દાના જેવો હોયછે, જમણો ગુરદો કાળજા સાથે લાગેલો હોઈ ઢાલાનો ઉપલો ભાગ તલ્લીથી ઢંકાયલો હોયછે, આ અવયવ બારીક ઝીણી નળીથી બનેલો હોઇ આ નળીઓની આસપાસ લોહીની નસોની જાળ બંધાયછે, અને તેમાંથી કચરો જુદો પડેછે. યાને મુત્ર પેદા થઈ બહાર પડે છે. આખા દિવસમાં ૨ થી ૩ રતલ મુત્ર બન્ને ગુર્દામાં બને છે. આ મૂત્રમાં યુરીઆ, યુરીક ઍસિડ, ચીકાસદાર પદાર્થ, નીમક, ફાસફોરિક ઍસિડ, ગંધકનો તેજાબ, ચુનો મેંગેનિશિઆ, પોટાશ, અને સોડા એ તત્વો રહેછે. આ દરેક ગુર્દાની માહે એક નાહનો ખાડો રહેછે, અને તેમાંથી એક પતળી નળી શરૂ થાય છે જે 'પીળુ વાળો ભાગ' વટાવી પેસાબના પુક્કામાં જાય છે, તેને મૂત્ર નળી કહે છે. આ દરેક નળીની લંબાઇ ૧૬ થી ૧૮ ઈંચની હોય છે,

અને તેજ નળી વાટે પેસાબ પુક્કામાં એકઠી થાય છે.

ગુરમૂળા—એના વેલા દોઢસોથી બસો ફીટ લાંબા વધે છે, અને મુખ્ય કરી દક્ષિણ કોંકણના જંગલો તથા માલવણ, સુંદરવાડી, વગેરે દેશમાં એના વેલાનું થડ એકથી બે ફીટ જાડું હોય છે. આ વેલો ૨૫ થી ૩૦ વર્ષ જીવે છે. એની પર શ્રાવણ મહિનામાં ફળો આવવા માંડે છે, અને તે ફળો ઝુમખામાં થાય છે. એની ઉપર કવચ જેવી બારીક રૂંવાટી હોય છે. આ ફળ પાક પર ચઢતાં તેની છાલ મીઠી બને છે. એના ફળને શેકી, અથવા બાફી ખવાય છે. એ સ્વાદે કંણસની ગોટલી જેવાં હોઇ વધારે બાધાથી ઉપદ્રવ થાય છે.

ગુરૂ—એક ગ્રહ સૂર્યમાળામાંના સર્વ ગ્રહોમાં ગુરૂનો ગ્રહ સર્વોપરી છે. ગુરૂ આપણી પૃથ્વી કરતાં ૧૨૮૦ ઘણો મોટો હોઇ તેનું વજન પૃથ્વી કરતાં ૩૦૯ ઘણું વધારે છે. ખુલ્લી આંખે ગુરૂનો તારો આપણા ચંદ્રમાં કરતાં ઘણો નાહનો જણાય છે. પણ મોટી દુર્બિનમાંથી તેનો આકાર ચંદ્રમાં જેવડો જણાય છે; અને તેની આસપાસ પાંચ ઉપગ્રહો અથવા ચંદ્રમાં ફરતા પણ જણાય છે. ગુરૂ પ્રકાશનાં બાબમાં શુક્ર કરતાં ઉતરતો છે તોય અંધારી રાત્રે ગુરૂનું કોઇ વેળા ચાંદરણું વટીક પડે છે.

ગુરૂ ગ્રહ બીજા ગ્રહો પ્રમાણે સૂર્ય આસપાસ દિર્ઘવર્તૂળ ફરે છે. સૂર્યથી એનું મધ્ય અંતર ૪૮,૨૦,૦૦,૦૦૦ મૈલ છે. જે વખતે આ ગ્રહ સૂર્યની ઘણી વેગળાઇ ઉપર હોય છે ત્યારે તેનું અન્તર સૂર્યથી ૫૦ કરોડ ૬૦ લાખ મૈલ હોય છે. અને જ્યારે તે તદન સૂર્યની નજદીક હોય છે ત્યારે તે ૪૫,૯૦,૦૦,૦૦૦ મૈલનું અંતર ધરાવે છે; અને આપણી પૃથ્વીથી ગુરૂ ૪૦,૦૦,૦૦,૦૦૦ મૈલ દુર છે. સૂર્ય આસપાસ ગુરૂને ફરતાં આપણાં ૧૨ વર્ષ લાગે છે. ગુરૂનો વ્યાસ પૂર્વ પશ્ચિમ ૮૬,૦૦૦ મૈલ અને દક્ષિણ ઉત્તર ૮૩૦૦૦ મૈલ છે. આ ઉપરથી ગુરૂ ગ્રહ તદન ગોળ નહિ પણ ધ્રૂવ તરફ પૃથ્વી જેમ નારંગી જેવી ચપટી રહે છે તેવો છે.

ગુરૂને પોતાની કક્ષામાં ફરતાં ૯ કલાક ૫૫½ મિનિટનો વખત લાગે છે. એટલે સુમારે પાંચ કલાક દિવસ અને પાંચ કલાક રાત આ મુજબ ગુરૂ ઉપર દિવસ રાત્રનું માન હોવું જોઇએ.

પૃથ્વી ઉપર દિવસ રાત મળી ૨૪ કલાકનો એક દિવસ ગણાય છે ત્યારે ગુરૂ ઉપર દિવસ રાત મળી ૧૦ કલાકનો દિવસ ગણાય છે. પણ ગુરૂનું એક વર્ષ આપણા ૧૨ વર્ષ જેવડું હોવાથી આપણે જે રીતે ૩૬૫ દિવસનું એક વર્ષ ગણીએ છિયે તે પ્રમાણે ગુરૂ ઉપરનાં લોકો ૧૦૪૫૫ દિવસનું એક વર્ષ ગણુતા હોવા જોઈએ. ગુરૂ પોતાની કક્ષા ઉપર એટલો જલ્દી ફરેછે કે તેની ગતિની ઝડપ પૃથ્વીની ગતિ કરતાં ૨૭ ઘણી વધારે છે. ગુરૂ અતિઘણી ઝડપથી ફરતો હોવાથી ધ્રૂવ તરફ તે ચપટો હોઇ મધ્ય ભાગે તે ફુલી ગએલો જણાય છે.

ગુરૂનો ગ્રહ શુક્ર કરતાં ઓછો તેજસ્વિ દેખાય છે તેનું કારણ એ છે કે શુક્ર જ્યારે પૃથ્વીથી માત્ર ૩,૦૦,૦૦,૦૦૦ મૈલ દૂર છે ત્યારે ગુરૂ ૪૦ કરોડ મૈલ દૂર હોવાથી તેનો પ્રકાશ ઓછો જણાય છે.

દુર્બિનમાંથી જોતાં ગુરૂનાં કિરણો ઉપર આડી લીટીઓ જણાયછે. આ લીટીઓનો રંગ કાળો દેખાય છે પણ સૂર્યનાં પ્રકાશથી તે પ્રકાશે છે. ગુરૂનાં બિંબ ઉપર કોઇ કોઇ વેળા ડાઘા જણાય છે. આ ડાઘા લીટી પ્રમાણે ઉપરા સાપરી બદલાઇ ભૂસાતાં નથી. ઇ. સ. ૧૮૭૮ માં તેની ઉપર એક લાલ ડાઘો જણાયો છે અને તે વિશે હજીવેર ચોકસ ખુલાસો કોઇ કરી શકયું નથી. આ ડાઘો ૧૮૭૮ આગમજ બીલકુલ હતો નહિ પણ તે પછી એકાએક પેહેલ્લો જણાયો છે.

ગુરૂ જ્યારે પૃથ્વી કરતાં ૧૨૮૦ ઘણો મોટો છે; ત્યારે ગુરૂ ઉપરનાં પદાર્થ જો

પૃથ્વી ઉપરના પદાર્થ પ્રમાણે હશે તો ગુરૂનું વજન પણ પૃથ્વીનાં વજન કરતાં ૧૨૮૦ ઘણું વધારે હોવું જોઇએ. પણ ચોકસ ગણત્રીથી જણાયું છે કે વજનમાં ગુરૂ પૃથ્વી કરતાં માત્ર ૩૦૯ ઘણો વધારે છે. તેનું કારણ એ છે કે ગુરૂ ઉપરનાં પદાર્થો પૃથ્વી કરતાં ¼ જેવડાં હલકા છે. વાદળાં જો કે આકારે મોટાં હોવા છતાં જેમ હવામાં તે સ્થિર રહી શકે છે તે રીતે ગુરૂનાં પદાર્થનું તોલ સમજવું. એ ઉપરથી જણાયછે કે ગુરૂનો જે મોટો આકાર જણાય છે તે તેની આસપાસ વાદળાંનો જાડો થર એકઠો થવાથી બનેલો છે. પણ આ વાદળાં ગુરૂની ગર્મીના જાતી વરાળમાંથી બનેલાં છે, કારણ કે જેટલે અંશે સૂર્યથી પૃથ્વીને ગર્મી મળી તેના સમુદ્રની વરાળ થઇ વાદળાં બને છે તેમ ગુરૂ ઘણો દૂર હોવાથી તેને પૃથ્વી જેટલી ઉષ્ણુતા મળતી નથી પણ તેની અંગત ઉષ્ણુતાથી આ ઢગો બનેલા છે. આ અંગની ઉષ્ણુતાને લીધે ગુરૂનાં પૃષ્ટ ભાગ ઉપર પાણી રહેતું નથી અને તેથી ત્યાં મોટાં મોટાં જાડા ઢગો જણાય છે. આ ગુરૂ હવે પછી થંડો પડશે ત્યારે પૃથ્વી પ્રમાણે ત્યાં વસ્તી થશે. જેમ ઉપલો ખ્યાલ આપણને આવ્યો તેમ ત્યાં કદાચ વસ્તી પણ હોય, કારણ કે કુદરતને નિર્માણ કરનાર ઇશ્વરે ઉષ્ણુતા સહન કરી શકનાર 'એવી પ્રાણી કોટી' કાં નહિ ત્યાં સર્જી હોય ?

ઇ. સ. ૧૬૧૦ માં દુર્બિન બન્યા પછી ગ્યાલિલિયોએ તેમાંથી ગુરૂને જોયો, ત્યારે તેની આસપાસ ફરનારા ૪ ઉપગ્રહોને પણ દીઠા. સૂર્ય આસપાસ ફરનાર બુદ્ધ, શુક્ર, પૃથ્વી અને મંગળ આ ૪ ગ્રહોના અંતરમાં જે પરસ્પર પ્રમાણ છે તેજ પ્રમાણ ગુરૂની આસપાસના ૪ ઉપગ્રહોનાં અંતરમાં હોવાથી ગુરૂ અને તેના ઉપગ્રહ એને નાનું સૂર્યમંડળ કહે છે. તેમાંનાં બે ઉપગ્રહો આપણી પૃથ્વી ના ચંદ્ર તરફ છે, અને બે તેનાથી મોટા છે. તેનાં નામો "એઅો, યૂરપ, ગ્યાનિમીડ અને કયાલિસ્ટો છે, એ આગળ શોધી કાઢવામાં આવ્યા હતા. એની પ્રદક્ષિણા ગુરૂ આસપાસ જૂદે જૂદે વખતે પુરી થતી હોવાથી ગુરૂની પ્રજાને એક ચંદ્ર પુનેમનો, બીજો અષ્ટમીનો, ત્રીજો દશમીનો અનો ચોથો દ્વાદશિનો એવા ચાર ચંદ્રો એક તિથિએ દેખાઇ મોટી મોજ મળવાનો સંભવ છે, પણ ગુરૂપર મનુષ્યની વસ્તી છે કે નહિ તે ચોકસ કહેવાતું નથી.


ગુરૂનાં ૪ ચંદ્રો સાધારણ દુર્બિનથી જણાયછે પણ તેનો પાંચમો ચંદ્રમાં મોટી દુર્બિન વિના દેખાતો નથી, કારણ આ ચંદ્ર સઘળા ચંદ્રમાં કરતાં ગુરૂની ઘણી પાસેછે અને તેનો આકાર ઘણો નાહનો છે. આ નાહના ચંદ્રમાંનો શોધ છેક ૧૮૯૨ માં થયો. ગુરૂનાં બીજા ચાર ચંદ્રો દુર્બિનની શોધ થયા પછી તરતજ શોધી કાઢવામાં આવ્યા હતા; પણ ૧૮૯૨ સુધી ગુરૂને હજી બીજો ચંદ્ર છે એમ કોઇને ખબર નહોતી, ઇ. સ. ૧૮૯૨ નાં સપટેંબર માસમાં 'પ્રોફેસર બર્નર્ડ, લીક શેહેરની દુર્બિનથી શોધી કાઢયું, આ નવો જણાયલો ચંદ્ર બીજા ચંદ્રો કરતાં અતિ નાહનો છે, તેનો વ્યાસ ૧૦૦ મૈલ અને ગુરૂથી તેનું અંતર ૧૧૨૫૦૦ મૈલનું છે, ગુરૂનાં પાંચ ચંદ્ર માહેલો ૪ થો ચંદ્ર ઘણો મોટો છે, આ ૪ થા ચંદ્રમાનો વ્યાસ ૩૫૯૬ મૈલનો છે, ગુરૂનો સર્વથી નાહનો ચંદ્ર ગુરૂથી ૧૧,૮૯,૦૦૦ મૈલ દૂર છે, ગુરૂ આસપાસ એક ફેરો કરવા પેહેલા ચંદ્રને સુમારે ૧૨ કલાક, બીજાને ૧ દિવસ ૧૮ કલાક, ત્રીજાને ૩ દિવસ ૧૩ કલાક, ૪ થાને ૭ દિવસ ૩ કલાક અને પાંચમાંને ૧૬ દિવસ ૧૫ કલાકની મુદત લાગેછે.

આપણને પૃથ્વી ઉપરથી આપણો ચંદ્ર જેવડો દેખાય છે તેના કરતાં ૧૦૦૦ ઘણો મોટો આકાર ગુરૂનાં ચંદ્રમાં ઉપરનો ગુરૂનો દેખાતો હોવો જોઇએ. તેમજ જો ગુરૂના ચંદ્રમાં ઉપર લોક વસ્તી હશે તો તેમને ગુરૂનો ભવ્ય આકાર, તહેવાર રંગનાં ઢગો વગેરે નિહાળવાની

અતી મોજ પડતી હશે. જેમ આપણને સૂર્ય અને ચંદ્ર ગ્રહણો જણાય છે તેવાજ ગ્રહણો ગુરૂ ઉપર પણ થાયછે. ગુરૂનાં પાંચ ચંદ્રમાં અને તેમની અતિ ચંચળ ગતિને લીધે ત્યાં એક પછી એક સંખ્યાબંધ ગ્રહણો થતાં હોવા જોઇએ.

ગુરૂના ચંદ્રમાંને લીધે થનારા ગ્રહણો ઉપરથી એક શાસ્ત્ર સુચક બીનાની શોધ થઇ છે. ગુરૂના ચંદ્રમાંનો ગમન માર્ગ અને તેની ગતિ એ એટલી તો સૂક્ષમ રીતે સમજ પડેલી છે કે તેનાં ગ્રહણનો વખત દિવસો આગજથી વર્તિ શકાય છે. સુમારે ૨૦૦ વર્ષ પેહેલાં જ્યારે જોષિઓ ગણિત કરી આ ગુરૂનાં ચંદ્રમાના ગ્રહણનો વખત પેહેલે વર્તવા લાગા, ત્યારે તેઓને એવું જણાયું કે ગ્રહણની પેહેલે વર્તેયો વખત અને ખરેખર ગ્રહણ નજરે પડવાનો વખત એ બે બરાબર મળતા આવતા નથી. કોઇ વેળા ગ્રહણો સુમારે ૧૫ થી ૧૬ મિનિટ પેહેલાં લાગે છે. આ ફરક કાં પડે છે તે વિશે શોધ કરતાં ૧૭ મી સદીમાં રોમર નામના એક જોતિષે વિચાર દોડાવ્યો છે પ્રકાશને કાંઇક ગતી હોવી જોઇએ તેથી ફરક આ પડે છે. તે પછી આ ઉપર વધારે વિચાર ચલાવી ગણિત શાસ્ત્રની મદદથી એવું સિદ્ધ કીધું કે પ્રકાશ એક સેકંદમાં ૧ લાખ ૮૬ હજાર મૈલ દોડે છે. આ વેગ એટલો તો મ્હોટો છે કે પ્રકાશની પ્રદક્ષિણા એક સેકંદમાં પૃથ્વી આસપાસ ૭ થી ૮ થઇ શકે. આપણો ચંદ્ર ફકત બે લાખ ચાલીસ હજાર મૈલ દૂર હોવાને લીધે તેના પ્રકાશને પૃથ્વીપર પોંહચતાં બે સેકંદનો વખત લાગે છે. સૂર્યનો પ્રકાશ પૃથ્વીપર પોંહચતાં ૮ મિનિટ લાગે છે. આ રીતે પ્રકાશને ગતિ છે અને તે ગતિ એક સેકંદમાં ૧,૮૬,૦૦,૦૦૦ મૈલ દોડે છે. એની પેહેલી શોધ ગુરૂનાં ચંદ્ર ગ્રહણ ઉપરથી થઇ હતી, તે માટે આપણે ગુરૂના ઘણા આભારી છિયે.

મનુષ્યનો જન્મ થાય છે તે વખતે પૂર્વ ક્ષિતિજમાં જે રાશિ દેખાતી હોય તેનું જન્મ લગ્ન જાણવું.



ઉપલી કુંડળીમાં જન્મ લગ્ન મકર અને મકર આ રાશિ ૧૦ મી, તેથી ૧૦ નો આંકડો માંડી તે બતાવેલું છે, તેના પછી જમણી તરફથી ડાભીગમ ક્રમે ખાણા ગણતાં જઇએ તો ૧૨ મે ઘેરે ગુરૂ આવે છે. એમ હોય એટલે મનુષ્યનાં ગ્રહ ખરાબ કહેવાય છે. આવી સમજને લીધે બે શખ્સો વચ્ચે દુશમની હોય તો તે બેઉનો ૧૨ મો બૃહસ્પતિ છે એમ કહેવાય છે, ગુરૂ જે વર્ષે સિંહ રાશિમાં હોય તે વર્ષ ગંગા નદી ગોદાવરીમાં આવે છે એવી હિંદુ દેશીઓની સમજ છે. આથી તે સિંહસ્તના વર્ષમાં ગોદાવરી કાંઠે નાશક ક્ષેત્રમાં પુશકળ જાત્રાળુઓ એખટા થાય છે, આ વર્ષમાં લગ્નો બીલકુલ થતાં નથી. બીજે વર્ષે કન્યારાશિમાં ગુરૂ દાખલ થતાં તે વર્ષ છોકરીનાં લગ્ન કરવાં પુન્યભર્યા છે એમ માનવામાં આવે છે. ગુરૂને બૃહસ્પતી, દેવગુરૂ, ગીષ્પતિ, ગીષ્પણ જીવ, આંગિરસ, વાચસ્પતી, ચિત્રશિખંડીજ અને ઇજ્ય એવાં નામો છે. તે શિવાય ગુરૂને ફલ્ગુનભૂ અને રેવતીભૂ પણ કહે છે.

ગુરૂ ગોવિંદસિંહ—શિખ ટોળાના પેહેલા ગુરૂ નાનકની ગાદીનો ૮ મો વારસ. એ તેઘબહાદુર નામના શિખ સરદારનો એક બેટો હતો. એનો જન્મ પટણા ખાતે ઇ. સ. ૧૬૬૧ માં થયો હતો. આ શરવિર પુરૂષ મોટો બુદ્ધીમાન હતો. એણે હિંદુઓ સાથે મિત્રાચારીનો મજબુત ગાંઠ મારી મુ-

સલમાનો સામે મોટી યૂદ્ધ તૈઆરીઓ કરી હતી, અને ઔરંગજેબના બેટા શાહાઆલમ (બહાદુરશાહે) એને સૈન્યના વડા સેનાધિપતિની પદ્વિ આપી એના શરાતનની કદર બુજી હતી. એક વેળા કોઇ પઠાણ પાસેથી ઘોડો વેચાતો લીધો તેમાં તે પઠાણ સાથે વાંધો પડતાં તેણે ગુરૂગોવિંદને કઠોર શબ્દ કહ્યાથી તેને મારી નાખવામાં આવ્યો હતો. તે વેરના બદલામાં તે પઠાણના પુત્રે ગુરૂગોવિંદની છાવણીમાં પ્રવેશ કરી આ વીરપુરૂષનું ખુન કર્યું હતું. મરણ ૧૭૦૮ માં ગોદાવરી કાંઠે નાદર નામની જગ્યામાં નીપજ્યું હતું.

ગુરૂત્વાકર્ષણ—ગુરૂત્વ યાને મોટું પણ, અને આકર્ષણ યાને ખેંચવું. મળી ગુરૂત્વાકર્ષણ આ શબ્દ બન્યો છે. આ ગુરૂત્વાકર્ષણ દરેક પદાર્થમાં સદોદિત કાયમ રહે છે. પદાર્થમાંના દરેક પરમાણુ, પછી તે નાહનો હોય યા મ્હોટો હોય પોતાના સમર્થ મુજબ, પોતાની આસપાસના સર્વ નાહના મોટાં પરમાણુને પોતા તરફ ખેંચે છે. આજ સર્વ નાહના મોટા પદાર્થને લાગુ પડે છે.

આ સિદ્ધાંતની સાધારણ કલ્પના પ્રાચીન ઇરાનીઓના પૂર્વજોને હતી તે તેમના પુરાતમ અવસ્તાઈ ગ્રંથોમાંથી જાણજા મળી આવે છે. જરતોસ્તી ધર્મગ્રંથોમાં જે યષ્ટો આપી છે તે મહાન ગુશતાસ્પના વખત પછી તુરતનાજ જમાનામાં લખાયલી છે અને ગુરૂત્વાકર્ષણનો કાયદો તે વેળા જાણીતો હતો એ ફરવરદીન યષ્ટ માહેલા નીચલા ફકરાઓ ઉપરથી જણાઇ આવે છે.

૨ ફકરો—ઓ સ્થિતમાન જરતુસ્ત ? તેઓના (પવિત્રોની ક્રવશીઓના) ચળકાટ અને નૂરથી મેં આ આસમાન જે ચળકતો, સુંદર અને આ જમીનની આસપાસ ફરી વળેલો છે તેને ટેકાવી રાખ્યો છે.

ફકરો ૪ થો—ઓ જરતુસ્ત ? આ ક્રવશીઓના ચળકાટ અને નૂરથી હું ખાલેસ અર્દવીશરને નિભાવી રાખું છું.

ફકરો ૯ મો—ઓ જરતુસ્ત ? આ ક્રવશીઓનાં ચળકાટ અને નૂરથી હું મોટી રસ્તાવાળી અહૂરમજદની પેદા કીધેલી અને વિશાળ પૃથ્વીને નિભાઉંછું.

ફકરો ૨૨ મો—જેઓ આસમાનને 'આકર્ષણ'માં રાખે છે, જેઓ પાણીને આકર્ષણમાં રાખે છે, જેઓ જમીનને આકર્ષણમાં રાખે છે.

ફકરો ૫૭ મો—જેઓએ સેતારા, મહાતાબ, આફતાબ અને અત્યંત રોશનીઓને ખરા માર્ગો બતલાવ્યાં છે.

આ ઉપલા દાખલાઓ ઉપરથી જણાય છે કે ગુરૂત્વ આકર્ષણના કાયદા વિશે પ્રાચિન ઇરાનીઓ જાણીતા હતા, ત્યારે યૂરપના લોકો ઇ. સ. ૧૬૬૦ ના આગમજ તદન અંજાણ હતા.

આઇઝેકન્યૂટન નામે વિદ્વાને ૧૬૬૬ નાં સુમારમાં આ સિદ્ધાંત શોધી કાઢી સુધરેલી પ્રજાને જણીતી કીધી. તે ૨૪ વર્ષનો હતો તે વખતે એક દિવસે પોતાની વાડીમાં એખલો બેઠો હતો, તે વેળા એક સેબફળ ઝાડ ઉપરથી જમીનપર પડતાં તેણે જોયું. તે પોતાનાં મનમાં વિચાર કરવા લાગ્યો કે એ સેબફળ જમીનપર પડ્યું અને આકાશ તરફ નહિ ગયું તેનું કારણ શું ? શું સેબફળમાં નીચે પડવાની શક્તિ છે, કે પૃથ્વીમાં તેને નીચે પાડવાની શક્તિ છે કે જેથી તે નીચે પડ્યું ? એનાજ વિચારમાં તેણે ૧૭ વર્ષો ગુમાવી અનેક તર્હેનાં પ્રયોગ કરી આકાશ માહેલા ગ્રહોની ગતી તરફ લક્ષ રાખી એક સિદ્ધાંત બેસાડ્યું. તે આ મુજબ—સૃષ્ટિ માહેલા દરેક પદાર્થનું આકર્ષણ બીજા દરેક પદાર્થ ઉપર હમેશ ચાલુ છે, અને તેનું બળ તે પદાર્થ માહેલાં પરમાણુ મુજબ ઓછો વધતો હોય છે. અને તે પેલા પદાર્થ માહેલા અંતરના વર્ગ મુજબ ઓછો વધતો થાય છે. અત્રે પરમાણુ એટલે પદાર્થ માહેલી એવી રજ કે જેનો ભાગ થાય નહિ; તેનાં કટકા કરી શકાય નહિ અને તેનામાં બીજી રજનો સમાવેશ થાય

નહિ. આ પરમાણું દરેક પ્રકારનાં પદાર્થમાં જૂદી જૂદી રીતે હોય છે. એક ઘન ઇંચ રબરનાં કટકા માહેલો પરમાણું, એક ઘન ઇંચ લોહાનાં કટકા માહેલા પરમાણું કરતાં ઘણું ઓછું હોય છે; એ તેમનાં વજન ઉપરથી જણાય છે, પરમાણુની રજો એક એકથી દૂર હોઇ દરેકથી છુટી હોય છે. સીસમનાં લાકડામાં પાસે પાસે હોય છે પણ સુત્રામાં એકદમ પાસે હોય છે.

હવે પરમાણુંનું આકર્ષણ કેમ થાય છે તે કેટલીક બાબતોમાં સ્પષ્ટ જણાઇ આવે છે. એક નાહનાં ખોચીયામાં લાકડાની સળી નાખવી કે તે તુરત પોતાનાં કિનારા ઉપર આવી પોંહચે છે. અથવા તે નાખતાં જે પરપોટા પેદા થાય છે તે પણ તેનાં કાંઠા પર ધશી આવે છે, એનું કારણ એ છે કે તે સળી માહેલા અને તે પરપોટામાંના પરમાણું કરતાં કાંઠેની મટોડીનાં પરમાણું વધારે હોય છે, અને સળી તથા પરપોટા એ પાણીપર તરતાં રહી તેને ધર્ષણનો પ્રતિબંધ જરાએ નહિ હોવાથી તે બેઉ પદાર્થ ગુરૂત્વાઅકર્ષણના નિયમ પ્રમાણે કાંઠાના પરમાણું તરફ ખેંચાઇ જાય છે.

પૃથ્વી માહેલી સર્વે રજની આકર્ષણ શક્તિ એક બની તેનું સર્વ ખેંચાણ પૃથ્વીનાં મધ્ય બીંદુ તરફ વળેલો છે, તેથી પૃથ્વી ઉપરનો નિરાધાર પદાર્થ તે તરફ જવાનો પ્રયત્ન કરે છે, અને તેથી પદાર્થ પૃથ્વીમાં મધ્યબિંદુની જેટલો પાસે પાસે વધે છે તેમ તેમ તેનું વજન વધે છે, અને તેથી તેનાથી જે માનથી દૂર દૂર વધે છે તે માન પ્રમાણે તે ઓછો થાયછે.

પૃથ્વીનો ઘેરાવો ૮૦૦૦ મૈલનો છે એટલે તેના મધ્યબિંદુથી પૃષ્ટ ભાગ સુધી અંતર ૪૦૦૦ મૈલનું છે. હવે પૃથ્વીનાં પૃષ્ટ ભાગ ઉપર એક પદાર્થનું વજન ૧૦૦ શેર તોલાયું હોય, તે પદાર્થ જો મધ્ય બિંદુ પાસેથી બમણા અંતરપર એટલે પૃથ્વીના પૃષ્ટ ભાગથી ૪૦૦૦ મૈલપર અથવા મધ્ય બિંદુથી ૮૦૦૦ મૈલ ઉપર લઈ જઇ વજન કરી જોતાં તે સોનો ચતૂર્થાંશ યાને ૨૫ શેર થશે. તેજ જો ચંદ્રમાંના અંતર જેવડો યાને પૃથ્વીથી ૨૪૦૦૦૦ મૈલ ઉપર લઇ જવામાં આવે તો ત્યાં મધ્યબિંદુથી પૃષ્ટ ભાગ સુધી જે અંતર છે તેના ૬૦ પટ જે દૂર લઈ જવામાં આવે તો તેનું વજન $\frac{૧}{૩૬૦૦}$ શેર થશે. એટલે એક તોલા કરતાં પણ ઓછું.

એકાદ ઉંચ મુકામ ઉપરથી કાંઇ પદાર્થ છુટી પૃથ્વીપર પડવા માંડે છે એટલે તેની ઉપર પૃથ્વીના ગુરૂત્વાકર્ષણનો અધિકાર વધુ વધુ બેસતો જઇ પેહેલી સેકંડમાં જેટલો ચાલે છે, તેનાથી ત્રમણો બીજી સેકંદમાં ચાલે છે. ત્રીજી સેકંદમાં પેહેલાંથી પાંચ ઘણું, ચોથી સેકંદમાં પેહેલાથી ૭ ઘણી ગતિથી પડે છે. આ ઉપરથી ધ્યાનમાં લાવવું ઘટેછે કે પદાર્થ નીચે કેટલા વખતમાં પડે છે તે વખતનાં કોઇ સરખા ભાગ કરવા, પછી પળો કરવી અને એમ સમજવું કે જે પદાર્થ પેહેલા ભાગમાં જેટલે અંતરે ચાલ્યું તેનો ત્રણ ઘણો અંતર ત્રીજા ભાગમાં કાપ્યો વગેરે ગણવાં, એટલે કેટલી પળ થઇ તે જોઇ તેની અનુક્રમ સંખ્યાને ક્રમે કરી એક, ત્રણ, પાંચ, સાત, નવ વગેરેમાની સંખ્યા બેસસે તેને પેહેલી પળ યા સેકંદની ગતિને ગણવું એટલે તે ભાગમાં તે કેટલો નીચે ઉતર્યો એ જણાશે. આ મુજબ પેહેલી સેકંદમાં તે પદાર્થ સ્થૂલમાને ૧૬$\frac{૧}{૨}$ ફીટ પડે છે, બીજી સેકંદમાં તેનાથી ત્રણ ઘણો એટલે ૪૮$\frac{૧}{૨}$ ફીટ પડે છે, અને ત્રીજા ભાગનાં પાંચ ઘણી ગતિએ એટલે ૮૦$\frac{૧}{૨}$ ફીટ પડે છે. કોઇ પણ ભારી પદાર્થ ચોકસ વખતમાં કેટલો નીચે પડશે એ શોધી કાઢવા તે વખતમાંની સેકંદના વર્ગને ૧૬$\frac{૧}{૨}$ થી ગુણવાં.

૧ સેકંદમાં— ૧ × ૧૬$\frac{૧}{૨}$ = ૧૬$\frac{૧}{૨}$ ફીટ.
૨ ,, — ૪ × ૧૬$\frac{૧}{૨}$ = ૬૪$\frac{૧}{૨}$,,
૩ ,, — ૯ × ૧૬$\frac{૧}{૨}$ = ૧૪૪$\frac{૧}{૨}$,,
૪ ,, —૧૬ × ૧૬$\frac{૧}{૨}$ = ૨૫૬$\frac{૧}{૨}$,,
૫ ,, —૨૫ × ૧૬$\frac{૧}{૨}$ = ૪૦૨$\frac{૧}{૨}$,,
૬ ,, —૩૬ × ૧૬$\frac{૧}{૨}$ = ૫૭૯ ,,

આ ઉપરથી તુરતજ જણાશે કે એખાદ દડો ૫૭૯ ફીટ ઉંચા મિનારા ઉપરથી નીચે નાખ્યો હોય તો તેને જમીનપર પડવા માટે ૬ સેકંદનો વખત લાગશે. ઉપર ફેંકવામાં આવતા પદાર્થનું તેથી ઉલટું બને છે. એટલે ફેંકતી વખતે જે ગતિ આપણે આપીએ તે ઉપર આપેલા પ્રમાણેજ ઓછો થતો જઈ છેલ્લે ગતિહીન બની નીચે આવી પુગે છે. ત્યારે આપણે ઉપર ઉછાળતાં જે ગતિ આપી હોય તેટલીજ ઝડપ તેનામાં આવેલી હોયછે.

કોઇને શંકા આવે કે એખાદ કાગળનો કટકો અને એક શિસાનો કટકો એ બેઉને જો સાથે છોડયા હોય તો શિસાનો કટકો નીચે પેહેલાં પડશે ત્યાં ઉપર કહેલો નિયમ બાજુ કેમ રહે છે? તેનું કારણ એ છે કે કાગળનો પૃષ્ટ ભાગ ઘણો મોટો હોવાથી તેને નીચે પડતાં હવાનો અટકાવ થાય છે, જેથી તેને વખત લાગે છે.

પૃથ્વીનાં ગુરૂત્વ આકર્ષણનું જોર તેનાં પૃષ્ટ ભાગ ઉપરના સર્વ ઠેકાણાપર સરખો નથી. તેનું કારણ પૃથ્વીની આકૃતિ અને તેનાં આંસ ઉપરની તેની ગતિ એ છે. પથ્વી પોતાના ધ્રૂવની બાજુપર ચપટી હોવાથી તેના ધ્રૂવ તરફની જગ્યા, મધ્યરેષાની જગા કરતાં મધ્યબિંદુનીઘણી નજદીક છે. આથી ધ્રૂવ પાસેની ગુરૂત્વાકર્ષણ શક્તિ, મધ્યરેષા ઉપરના ગુરૂત્વાકર્ષણ કરતાં ૧/૨૯૩ જેટલી વગારે છે, એમ અખતરા ઉપરથી જણાયલું છે. કોઈ પદાર્થ ધ્રૂવ તરફના પ્રદેશમાં મધ્યરેષા તરફના પ્રદેશ કરતાં વધારે ભારી થાયછે.

ગુરૂદત્ત—(જુઓ ઉત્પલાક્ષ)

ગુરૂદાસપૂર—પંજાબનો એક જીલ્લો. એની ઉત્તર પૂર્વે અમરીતસર જીલ્લો, ઉત્તરે કાશમિર ને ચીનાબ. પૂર્વે કાંગરા જીલ્લો અને બિયા નદી, દક્ષિણ પશ્ચિમે અમરિતસર જીલ્લો અને પશ્ચિમે શિયાલકોટ. ક્ષેત્રફળ ૧૮૨૨ ચોરસ મૈલ છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૮,૨૩,૬૯૫ ની હતી. એનું મુખ્ય શેહેર ગુરદાસપુર છે, અને વેપારનું મુખ્ય શેહેર 'બતાલા' છે. આ જીલ્લામાં ૨૨૭૨ ગામડાં છે. તેમાં ૩,૫૯,૩૨૯ હિંદુ, ૩,૬૧,૪૦૦ મોહમેદન, ૭૨,૩૯૫ શિખ, ૧૦૮ જૈન, ૪૬૩ ખ્રિસ્તીઓની વસ્તી છે. ૧૮૮૧ માં આ જીલ્લામાં ૧૬ મ્યુનિસીપલ ગામો હોઈ ૪ શેહેરો મુખ્ય વેપારી મથક ગણાતા હતા. તેમાં 'બતાલા'માં ૨૪૨૮ ની વસ્તી, રાજનપૂરમાં ૭૦૩૯ ની, દેરાનાનકમાં ૫૯૫૬ ની ને દીનાનગરમાં ૫૫૮૯ ની હતી.

આ જીલ્લામાં થંડીની મોસમમાં હવા તંદરોસ્ત રહે છે, ગર્મીમાં ભારે તાપ પડે છે, વર્સાદમાં ૩૧ ઇંચ વર્સાદ પડે છે.

ગુરૂદાસપૂર—ઉપલા જીલ્લાની તેહેસીલદારીનું ક્ષેત્રફળ ૪૮૪ ચોરસ મૈલ હોઇ તેમાં ૧૮૮૧ મુજબ લોક વસ્તી ૨,૦૮૨૨૮ ની છે. તેમાં ૧,૧૪૨૮૫ પુરૂષો અને ૯૩૯૪૩ સ્ત્રીઓ છે. મુખ્ય વસ્તી મોહમેદનોની ૧,૦૬,૮૩૬ ની ને હિંદુઓની ૮૬૩૨૫ ની તથા શિખ પ્રજની ૧૪૮૮૭ ની છે. તેહેસીલદારીની વાર્ષિક ઉપજ ૨૦૪૧૨ પૌંડની છે.

ગુરૂદાસપૂર—ઉપલા જીલ્લાનું આ મુખ્ય શેહેર અમરીતસરની ઉત્તર પૂર્વે પથનકોટના માર્ગમાં ૪૪ મૈલ પર છે. ૧૮૭૨ માં વસ્તી ૪૧૩૭ ની ને ૧૮૮૧ માં ૪૭૦૬ ની હતી. તેમા ૨૫૧૮ હિંદુ, ૧૯૮૯ મોહમેદન તથા ૧૬૮ શિખ હતા. ૧૮૫૬ ના વર્ષથી જીલ્લાનું આ ગામ મુખ્ય મથક ગણાય છે. અત્રેની આબો હવા તમામ જીલ્લામાં ઉત્તમ ગણાય છે અને અત્રેથી નિકાશ વેપાર અમરીતસર સાથે સાકર તથા ધાન્યનો ચાલે છે.

આ ગામ તવારીખમાં એટલા માટે પ્રસિદ્ધ હતા પામ્યું છે કે ઈ. સ. ૧૭૧૨માં બહાદુરશાહ પાદશાહના મોત બાદ અત્રેના 'બન્દા, સરદારની રાહબરી તળે શિખ લશકરે મોગલો સામે લઢાઈ ઉઠાવી. તેમાં પ્રથમ શિખ લશકર જીત મેળવી શકયું પણ મોગલ સૈન્યને કુમક મળતાં બન્દા લશકર સહિત નહાશી ગુરદાસપૂરના કિલ્લામાં ભરાયો, તે વેળાના ઘેરા દરમ્યાન શિખોએ ઘોડા, ગધેડા

અને છેલ્લે પવિત્ર બળદોને વટીક કાપી ખાઇ પોતાનો નિર્વાહ ચલાવી બહાદુરીથી બચાવ કર્યો પણ છેલ્લે ભૂખમરાને લીધે સરણે જતાં જીત પર ચઢેલા મોગલોએ તેમની કતલ કરી બન્દાને પીંજરામાં પુરી દિલ્લી મોકલી મારી નાખ્યો હતો. બચેલા શિખો જંગલોમાં નહાશી જઇ જીવતા રહ્યા ને બાકીના માર્યા ગયા.

ગુર મુળી—એના અતિ ઉંચા વેલા સેંકડો ફીટ ઉંચા ૧ થી બે ફીટ જાડા વધે છે. મુખ્ય કરી દક્ષિણ કોકણ પ્રાંતમાં એના વેલાથી જંગલો ભરપૂર હોય છે, એના વેલા ૨૫ થી ૩૦ વર્ષવેર જીવે છે, અને તેપર જાંબુ જેવાં ફળો આવે છે. આ ફળો ગરીબ લોકો ખાવાના ઉપયોગમાં લે છે.

ગુલકેશ—એના છોડ મુખ્ય કરી ગરમ દેશમાં અને દક્ષિણ બ્રિડનના કિનારાપર ઉગે છે, એનીપર ફુલોનો એવોતો બહાર આવેછે કે લાંબેથી ગલીચા પાંથરેલા હોય તેવો જંગલનો દેખાવ દેખાય છે. એના ફુલો તહેવાર રંગના ચળકાટદાર હોય છે. આગળ એના સુનેરી ફુલોની ખાસ ખેતી કરવામાં આવતી હતી.

ગુલ ઘંટીકા—(જુવો ઘોટી.)

ગુલંચ—(જુવો ગળો.)

ગુલછબ્બુ—આ નાહનો પુષ્પ છોડ કંદમાંથી ઉત્પન્ન થાય છે. આ ઝાડપર કાંદા જેવા પાંદડાં આવે છે, તેમાંથી એક દાંડો બેથી અઢી હાથ લાંબાય છે તેને તોરા આવે છે, આ તોરાપર ફુલો ઉગે છે, આ ફુલો જાડા, કળીદાર અને લાંબા હોય છે, આ ગુલછબ્બુ પુષ્પનો સુગંધ અતિ પ્રિય હોય છે.

એક રશિયન વિદ્વાન જણાવે છે કે એના ફુલથી જીવને ખુશ કરનારી ખુશબો વચ્ચે એક જાતનું નાશકારક ઝેર છુપાયલું છે. ફુલમાં અને તેના છોડવાના દાંડામાં પ્રુશિક ઍસિડ હોય છે એમ તે વિદ્વાને શોધ કરી છે. તે ફુલ અથવા તેની દાંડીને ચેડાં કાઢતાં મોહમાં મેળે અને હોઠમાં જરા સરખો ચીરો પડેલો હોયતો તરતજ તે જખમપર ચચડાટ લાગવા માંડશે અને ઘણીકવાર હોઠ થોડે વારે સુજી જશે. પક્ષિઓ એ ફુલ પોતાની ચાંચે સુંઘતાં યા ચુથતાં થોડેવારે મરણ પામે છે.

ગુલદાવરી—આ પુષ્પઝાડ ફીટ બે ફીટ ઉંચા વધે છે. તેનીપર આવતા ફુલો રાખના રંગના હોયછે. એની બે જાતો છે. પીળી અને સફેદ. જંગલી જાતનાં ફુલો નાહનાં હોયછે. ગુલદાવરીનાં પાંદડા નકશીદાર અને શોભાયમાન હોયછે, અને તેનો વાસ ઘણો આવેછે. બાગમાં એના ઝાડ વાવવામાં આવેછે, અને તેનાં પાંદડાં જંગલી ઝાડ કરતાં વિશેષ મોટાં હોયછે.

ગુલનાર—આ દાઢમના જાતનું દબલ ફુલનું ઝાડ સાધારણ જમીનમાં ઉગી શકેછે. નવાં ઝાડ બાંધેલી કલમ યા બિમાંથી ઉગાડી શકાય છે. એને પાંચ દિવસ આંતરે પાણી સીપવું પડે છે. ગુલનારની એક નાહની જાત છે, એ જાતનાં ઝાડ એકથી બે ફીટ વેર ઉંચા વધે છે, તેનીપર દબલ ફુલો આવેછે. તેની બીજી એક જાત છે જેનીપર સફેદ રંગના દબલ ફુલો આવેછે. આ ઝાડ તથા તેના પાંદડાં દાડમના ઝાડ જેવાંજ હોયછે, અને તે ઘણું શોભાયમાન હોયછે. એનીપર ફુલો નવી ડાંખળીપર આવતાં તેને છાંટી નાખવા પડે છે.

ગુલબાશી—આ પુષ્પઝાડની અનેક જાતો છે; તેમાં સફેદ, ગુલાબી, પીળી, રાતી વગેરે જાતો મુખ્ય છે. એના ઝાડ ઠીંગણા હોયછે અને પાંદડા લાંબા ને નાજુક હોયછે. સફેદ ગુલબાશી ઔષધિ ઉપયોગમાં જાણીતું છે. ધાતુના અટકાવ માટે સફેદ ગુલબાશીના કાંદા ગાયના દુધમાં ધશી ૭ દિવસ પાવાથી ધાત પડતી બંધ થાય છે.

ગુલમોહોર—આ સુંદર વૃક્ષનું ઉત્પતિ સ્થાન મેદાગાસ્કરનો મુલક કહેવાય છે, પણ હાલમાં હિંદુસ્તાનમાં એના પુશકળ છોડ ઉગે છે. એના વૃક્ષપર ગર્મિની મોસમમાં જ્યારે લાલ

પીળાં ફુલો આવે છે ત્યારે તેની શોભા અવર્ણિય બને છે. ગુલમોહોર કાળી જમીનમાં અતિ ઝડપથી ઉગી નિકળે છે. નવા ઝાડ બિયામાંથી વર્સાદમાં તેની ડાંખળી દાટીયાથી ઉગે છે.

ગુલર—એક જાતનું જંગલી ઝાડ. જેનીપર અંજીર જેવાં ફળો આવે છે.

ગુલશેહેર—અફરાશિઆબ પાદશાહના પીરાન વજીરની એ બેટી. એની સાથે શાહાન્દા શિઆવક્ષનાં લગન થયાં હતાં પણ અફરાશિઆબની શિઆવક્ષપર મેહેરબાની થવાથી ગુલશેહેરે પાદશાહની મર્જીને આધિન થવા જણાવી અફરાશિઆબની બેટી ફરંગીજ સાથે પણ પોતાના બાવંદને પરણવા દીધો હતો. શિઆવક્ષનું ખૂન કરસીવર્જના કાવતરાંથી થયું હતું. એનો બેટો 'ફરૂદ' ઈરાનીઓ સાથની લઢાઈમાં માર્યો ગયો હતો. અને ગુલશેહેર પોતાના બાવંદના જબુન ખૂનની ખબર સાંભળતાં બેહોશ થઇ મરણ પામી હતી.

ગુલાબ—" સર્વ ફુલોમાં ગુલાબનું ફુલ શ્રેષ્ટ ગણાયલું છે. પ્રાચીનકાળમાં ગુલાબનાં ફુલને ફકત ગુલાબી રંગની પાંચ નાજુક પાંદડીઓ રહેતી. પણ પુષ્પશાસ્ત્રીઓનાં ઉદ્યોગ તથા કળાથી ગુલાબમાં હાલ જેટલો સુધારો થઇ તેની જૂદી જૂદી જેટલી જાતો બની છે તેટલી બીજા કોઇ પણ ફુલ ઝાડમાં ફેરફાર થયો નથી.

હિંદુસ્તાન અને ઇરાન એ ગુલાબનું ઉત્પતિ સ્થાન છે. પણ આપણા દેશમાં ૫૦ વર્ષ પેહેલાં ફકત બે થી ત્રણ જાતનાં ગુલાબો હતા, અને તેવા ફુલો હલકી જાતનાં હોઇ ઉપર જણાવ્યા મુજબ તેને પાંચ પાંદડીઓજ રહેતી, અને તેના ઝાડ ઉપર ફુલોનો બહાર એકજ ઋતુમાં આવતો હતો. પણ હાલમાં હિંદુસ્તાનમાં સેંકડો જાતનાં ગુલાબો જોવામાં આવેછે." રાવ બહાદુર ગણેશ ગોખલેના જણાવ્યા મુજબ "ગોંડલના બગીચામાં ૧૩૬ જાતનાં ગુલાબોના ફુલ ઝાડ છે અને તે યૂરપીયન દેશોની પધ્ધતિપર ઉગાડવામાં આવેલા છે.

હિંદુસ્તાનમાં જેટલી જાતો છે તેના કરતાં યૂરપમાં એની એક હજાર જાત છે. અને ત્યાંના બાગબાનો દર વર્ષે તદ્દે જાતનાં ગુલાબો ઉગાડે છે. તેમાં ૧૮૬૪ માં એક રશિયન બાગબાને કાળા રંગના ગુલાબના ફુલોવાલું ઝાડ નવી કૃતિથી ઉગાડવાની શોધ કરી હતી.

નવી જાતનાં ગુલાબ કરવાની રીત એ છે કે, એક જાતનાં ગુલાબના ફુલોનું પૂંકેસર લઇ તે બીજી જાતના ફુલોના સ્ત્રી કેસરને લગાડે છે. આવા સંયોગથી જે બી ઉત્પન થતા ઝાડનું ફુલ તદન જૂદીજ જાતનાં ફુલવાલું બને છે. આ મુજબ ક્રિયાથી નવાં ઝાડ બનાવવાને ઈંગ્રેજીમાં "હૈબ્રિડાઇઝીંગ" કહે છે. ઉપર જણાવ્યા પ્રમાણે એક ફુલના પૂંકેસરના બીજા ફુલના સ્ત્રીકેસરથી સંયોગ કર્યા પછી આ રીતે 'હૈબ્રિડાઇઝ' કરેલા ફુલને પક્ષિઓથી ઉપદ્રવ ન થાય તે માટે તેની ઉપર ઢીલી મલમલની કોથલીઓ પેહેરાવી બાંધે છે. આ મુજબ સંયોગ કરેલા ફુલનાં ફળો ઝાડ ઉપર તદન પાકવાં દેવા. તેનો રંગ બહારથી કાળો બનવા લાગે એટલે બી પાકેલું સમજવું. પછી તે ફળ ઝાડ ઉપરથી ઉતારવાં અને તેનાં બી તડકામાં સુકવી તેમાંના ૧૦ બિયાં અકેક કુંડામાં રોપવાં અને તે માહેલી મટોડી સદા ભિની રાખવી એટલે ૧૨ માસમાં કેટલાંક બિયાં ઉગી નીકળશે. બી વાવવા આગમજ તેને ૩ થી ૪ કલાક ગરમ પાણીમાં ભિજવી રાખવાં એટલે તે જલ્દી ઉગે છે. નાજુક જાતનાં બિયાં કુંડામાં લગાડી તેનીપર કાચની હાંડીઓ બાંધી રાખી કુંડા માહેલી મટોડી ભિની રહે તેટલું પાણી પાવું. આ રોપા ઉગ્યા પછી તે મોટાં થાય ત્યાંવેર તેને સખત તાપ લાગવા દેવો નહિ. જે ગુલાબનાં ઝાડ ઉપર 'હૈબ્રિડાઇઝીંગ'ની ક્રિયા કરવી હોય તેને બાતરવાલી યા ઉત્તમ પ્રતિ

ની જમીનપર રોપવાં નહિ, કારણ એવી જમીનમાં ઝાડ ઘણા જોરથી વધે છે તેથી તેનીપર ફૂલો આવતાં નથી, હલકી જાતની જમીનમાં રોપવાથી ગુલાબનાં ઝાડપર જલ્દી ફૂલો આવે છે.

ગુલાબ રોપવા માટે નરમ પણ ઉત્તમ ફળદ્રુપ અને ઉંડુ બાતર નાખેલી જમીન સારી. ચીકણી જમીનમાં એનાં ઝાડ સારાં ઉગતાં નથી. આવી ચીકણી જમીનમાં ગુલાબ રોપવા આગમજ તે જમીનને ભૂંજી તેનો ચીકાસ કાઢી નાખવો પડે છે. જે જમીનમાં એના ઝાડ લગાડવાં હોય ત્યાં બિનાસ સારો જોઇએ, તેમજ ત્યાં બપોરનું સખત તડકું પડવું નહિ જોઇએ, તે શિવાય ત્યાંની જમીનમાં જુના પથ્થર કચરો નહિ જોઇએ. તેના માટે ખુલ્લી જગા રાખવી. જ્યારે ગુલાબ જોશથી વધવા માંડે છે ત્યારે તેને પુશકળ પાણી પાવું, જમીનમાં રોપેલા ગુલાબના ઝાડને ૬ થી ૭ દિવસ આંતરે અને કુંડા માહેલાને ૨ થી ૩ દિવસ આંતરે પાણી પાવું. પણ જ્યારે તેની પર ફુલો આવતાં નથી ત્યારે તેને જીવતા રાખવા જેટલું પાણી પાવું. ગુલાબનાં ઝાડ ઘણું કરી એપ્રેલ માસની ૧૫ મી તારીખથી મે માસની ૧૫ મી વેર યા મેની આખેરી વેર આવી સ્થિતિમાં હોય છે. માટે તેટલો વખત થોડું પાણી પાવું. જૂન મહિનાની શરૂઆતથી ગુલાબનાં ઝાડનાં મૂળીયાં છુટાં કરી રોગી અને અશકતને કાપી કાઢવાં, અને તેને બકરીની લીંડનું બાતર આપવું, તથા તેની ડાંખળીઓ છાટી નાખવી. બાતર નાખ્યા પછી તેને એક દિવસ આંતરે ભરપૂર પાણી સીપવું. જુનમાં બાતર આપ્યા પછી તેની શાખાઓ છાંટયાથી તે જોરમાં ઉગે છે, માટે તેના નિયમ મુજબ દરેક ઝાડ છાંટી નાખવું. કેટલાક ઝાડને છાંટવાથી નુકસાન પુગે છે ત્યારે કેટલાકને ફાયદો પોંહચે છે; માટે તેવા ઝાડને અનુભવથી છાંટવા. લીલો ગુલાબ યાને જેને લીલા રંગના ફુલો આવે છે તેના ઝાડને બીલકુલ છાટવું નહિ, કેમકે તેથી તે મરી જાય છે. પણ 'એડવર્ડ' જાતનાં ગુલાબનાં ઝાડનાં જમીનથી એક ફીટ ઉંચા દાંડા રહેવા દઇ સઘળી ડાંખળી છાંટી નાખવી પડે છે ત્યારેજ તે જોરથી ઉગેછે.

ઈવે પ્રથમ ઈડનના બાગમાંથી એક ગુલાબનું ઝાડ પોતાની સાથે આણ્યું હતું. આ ફુલ યાહુદીઓનું માનીતું છે. પ્રાચીન ઇરાનીઓ ગુલાબના ફુલને સર્વોપરી ફુલ ગણી તેને બણતર ક્રિયામાં મુખ્ય ગણુતા હતા. રોમનો ગુલાબનાં ફુલને પોતાની ઢાલ ઉપર ખોસતા. ગ્રીક, રોમન અને ચીનાઇ ઘરો ઉપર હમેશાં ગુલાબનાં ફુલો મેળવામાં આવે છે. અને તુર્કીઓ લાલ ગુલાબ નાખી દેવામાં પાપ સમજે છે. મધ્ય તથા દક્ષિણ યૂરપમાં ગુલાબનું ફુલ પ્યારની નિશાની ગણવામાં આવે છે.

યૂનાઇટેડ સ્ટેટના બાલ્ટીમોરમાં તથા સ્કોટલંડમાં **લીલા રંગના** ગુલાબ ઉગે છે. ૧૮૫૨ માં બાલ્ટીમોરમાં એવા ગુલાબો ત્યાંના બગીચામાં ઉગાડવામાં આવ્યા હતા.

હોનોલુલુમાં આવેલા 'હિલડેશીમ' નામના કસબામાં ત્યાંના દેવળના ચોકમાં એક ગોલાબનું ઝાડ છે જે ૧૦૦૦ વર્ષનું છે. એમ જણાવવામાં આવે છે. આ ઝાડ વિશે એવી કથા ચાલે છે કે માહાન શાલેમનનો બેટો શેહેનશાહ 'લેડવિક ધી પાયસ' હોનોલુલુનાં જંગલમાં શેકાર કરતો, હાલમાં જ્યાં હિલ ડેશીપનું ગામ વસેલું છે ત્યાં જઇ પોંહચ્યો અને ત્યાં તંબુ ઠોકી આરામ કીધો. ત્યાં તેણે પોતાના પાદરી પાસે 'માસ'ની ક્રિયા કરાવી પણ પાદરીએ જે વાસણમાં પવિત્ર વસ્તુઓ મેળિ હતી તે લેતાં વિસરી ગયો. બીજે દિવસે તેજ જગાએ આવી પુગતાં તે લોકોને જણાયું કે પેલી પવિત્ર વસ્તુઓ સાથનું વાસણ ત્યાં જેમનું તેમ પડેલું હતું, અને તેનીપર એક નાહનો ગુલાબનો છોડ પોતાની કોમળ ડાંખળીનો છાયો નાખતો હતો. આ ચમતકાર જોઇ

શેહેનશાહ એટલોતો ખુશ થઇ ગયો કે તે જગાએ તેણે એક દેવળ બાંધવાનો હોકમ કીધો. જે પ્રમાણે ૮૧૪ ના વર્ષમાં ત્યાં બાંધવામાં આવ્યું. ૧૦૬૧ માં આ દેવળનો આગથી નાશ થતાં તે ફરી બાંધવામાં આવ્યું. તે વખતે થઇ ગએલો એક ધર્મગુરૂ પોતાના ગ્રંથમાં આ ઝાડ વિશે લખી ગયો છે કે, જે તરફ તે ઝાડ હતું તે તરફના દેવળનો ભાગ બળીઆ વિના રહી ગયો હતો. હાલમાં આ ઝાડ ૨૪ ફીટ જગારોકે છે અને તેની કેટલીક ડાંખળીઓ વેલા રૂપે ચઢેલી છે.

ગુલામગીરી—આગળ કેટલાક દેશોમાં મનુષ્યો પાસથી તદન ઢોરો પ્રમાણે કામ લેવાનો ચાલ હતો, તે ધંધાને ગુલામગીરીનો ધંધો કહેતા. પેહેલાં ગુલામગીરીનો વેપાર તુર્કસ્તાન, ગ્રીસ વગેરે દેશોમાં મોટા પાયાપર ચાલતો હતો, હિંદુસ્તાનમાં મુસલમાનોએ ચઢાઇઓ કર્યા પછી આ ધંધો શરૂ થયો હતો, આગળ વિજયી મુસલમાન પાદશાહો અને તેમના અમલદારો તેમની સ્વારીમાં હિંદુઓને પકડી તેમને અને તેમના બાયડી છોકરાંઓ તથા આશ્રીતોને ગુલામ કરી નજરમાં આવે તેમ તેમને વેચતા હતા અને પોતાના ઘર ખેતર વગેરેનાં કામને માટે ખપ હોય તેઓને 'ગ્લોંડા' બનાવી રાખતા હતા, આ ચાલ મહાન અકબર પાદશાહે ઇ. સ. ૧૫૬૩ માં એકદમ બંધ કરાવ્યો.

આગલા ઇંગ્રેજ રાજ્યો જ્યારે લઢતા તેમાં હારેલા શત્રુના માણસોને પોતાની ગુલામગીરીમાં વેચાતા લઇ રાખતા, આ ગુલામો પાસેથી તેઓ ખેતીનું કામ કરાવતા અને તેમની સાથે એવી તો ક્રૂર વર્તણુંક ચલાવતા કે ઘણી વેળા તેઓ માર ખાઇ મરણ પામતાં, તેનો કોઇ ઇન્સાફ કરી શકતું નહિ, કેટલીક વેળા એકાદ ગોલામડી નાહશી જાય તો તેને જીવતી બાળી નાખવાને તેનો ધણી ચુકતો નહિ, અને તેને કાયદો કાંઇ પણ કરી શકતો નહિ. આવી રીતનાં બનાવો ઇ. સ. ૫૦૦–૬૦૦ માં ઘણા બનવા લાગા હતા.

ઇંગલંડ અને અમેરિકન લોકો મોટાં વહાણો લઇ આફ્રિકાનાં કિનારા પર જઇ ત્યાંના સીદીઓને પશુ પ્રમાણે પકડી લાવી પોતાના દેશના બન્દરમાં જનવર પ્રમાણે વેચી નાખતા. એનો મુખ્ય વેપાર 'ઇંડીઝ'ના ટાપુમાં મોટા પાયા પર ચાલતો.

ઇ. સ. ૧૭૮૫ વેર આ નીચ ધંધાની બંદી વિશેનો કાયદો બાંધવામાં આવ્યો નહોતો. પણ આ ધંધો બંધ પાડવા માટેના કાયદાની કલમ ૧૭૮૭ માં પાર્લામેંટમાં રજુ કરવામાં આવી હતી. તે રહી રહી ઘણીક તકરારો પછી ૧૮૦૭, ૧૦ ફેબ્રુવારીએ ગુલામી ધંધો બંધ કરવાનો ઠેરાવ થયો, ને માર્ચ માસમાં આ ખરડો આમની સભામાં પસાર થયો હતો.

ઇંગલંડમાં કેંમ્બ્રિજની વિશ્વ વિદ્યાલયમાંની એક પરિક્ષામાં જૂદા જૂદા વિષયો પર નિબંધો લખવા કહ્યા' તેમાં એક વિષય એવો હતો કે "માનસની નામર્જી છતાં તેને ગુલામ કરવો એ યોગ્ય છે કે અયોગ્ય?" આ વિષય ઉપર અનેક વિદ્યાર્થીઓએ નિબંધો લખ્યા. તેમાં થૉમસ ક્લૉર્કસને એવો તો ઉત્તમ નિબંધ શહાદતો ટાંકી લખ્યો હતો કે ગુલામો રાખવાં એ મોટું પાપ છે એમ તેણે સ્પષ્ટ દ્રષ્ટાંતોથી જણાવ્યું. આ નિબંધ તેના શિક્ષકોને પસંદ પડતાં તેને ઇનામ આપ્યું. બીજે દિવસે થૉમસ ક્લાર્કસન ઘોડેસ્વાર થઇ લંડન જતો હતો તેટલાં તેણે નક્કી વિચાર કીધો કે "મારા દેશના લોકો જે આ અઘોર પાપ કરે છે તેવા પાપી અંધ મનુષ્યોની આંખ ખોલવાનો અને ગુલામોને ઇન્સાફ અપાવવાનો મારો ધર્મ છે અને તે ધર્મ હું બજાવીશ." પછી લંડન પુગ્યા બાદ પોતાનો નિબંધ છપાવી પ્રગટ કીધો આથી તેનું નામ પ્રસિદ્ધતા પામ્યું. તે પછી થૉમસે આ વિશય ઉપર અનેક ગ્રંથો લખી જૂદી જૂદી સભાઓ ભરી તે

પર વાદવિવાદ ચલાવવા માંડ્યો. આથી તેના ઘણા દુશ્મનો થયા, પણ થોમસે પોતાના પક્ષમાં કેટલાક ઉમરાવોને લઇ ઉશકેરાયલા લોકોની જરાએ પરવાહ કરી નહિ. તે પછી આ બાબતનો સવાલ પાર્લામેંટમાં ચર્ચાયો ને કાયદો બાંધવામાં આવ્યો. તેનો દાખલો પકડી બીજા દેશોએ પણ તેવાજ કાયદા બાંધ્યા અને ઇંગલંડના ઇતિહાસમાં સુન્નેરી અક્ષરે લખી રાખવા લાયક જે અત્યંત સ્તુતિપાત્ર એવો ઇંગલીશ રાજ્યમાંથી ગુલામીનો સમુળો નાશ કરવાનો કાયદો ઇ. સ. ૧૮૩૧ માં થ્યો; અને તે મુજબ ઇંગલીશ રાજ્યમાંના સર્વ ગુલામોને સ્વતંત્રતા બક્ષવા માટે તેમના ધણીઓને એકંદર ૨૦ કરોડ રૂપ્યા આપવા પડ્યા હતા. તેમાં એખલા ઇંગ્રેજ સરકારને હસ્તકનાં સંસ્થાનોમાંથી ૭૮૦૬૯૩ ગુલામોને છોડવવા પાછળ ત્રણ કરોડ રૂપ્યાનો ખરચ થયો હતો.

આ ગુલામગીરીનો ધંધો અમેરિકા માહેલા કેટલાક સ્વતંત્ર સંસ્થાનોમાં ૧૮૬૦ વેર ચાલુ હતો, પણ એબ્રહામ લીંકને ૧૮૬૩ માં ૧ લી જાનેવારીએ તેનો સમુળો નાશ કીધો હતો, આ ધંધાની બંધી કરતાં દક્ષિણ અને ઉત્તર અમેરિકા વચ્ચે જે લઢાઇ થઇ તેમાં ૬ લાખ માણસો મરણ પામ્યા હતા અને તે લઢાઇ પાછળ ૨૦ અબજ રૂપ્યાનો ગંજાવર ખરચ બેઠો હતો.

ગ્રીસમાં આ વેપાર ઇ. સ. પૂર્વે ૮૮૦ આગમજ ચાલતો હતો; ત્યાં ગુલામો ખેતીનો ધંધો કરતા હતા, તેમજ તે વેળા દેણદારોને કેટલીક વેળા ગુલામ તરીકે લેણદારને ત્યાં વેચાવું પડતું હતું, પણ સોલનના કાયદાથી દેણદારને ગુલામ નહિ કરવા તથા તેમનાં છોકરાંને નહિ વેચવા એમ ઠર્યું, પણ ઇ. સ. પૂર્વે ૫૦૮ માં 'ક્લિસ્થીનેસે' ગુલામોને સ્વતંત્રતા બક્ષી હતી.

ગુલી—એને સંસ્કૃતમાં કાલકેશી, કાલી, કલીતકા, ગ્રામીણા, તુત્યા, તુલી, રંજની, નીલપુષ્પા, નીલીની, નીલી, નાલિકા, દોલા, મધુપર્ણિકા, શ્રીફલી વિગેરે નામે ઓળખવામાં આવે છે. તે શિવાય હિંદીમાં નામો નીલ, તામીલમાં નીલમ, કર્નાટકમાં હિરીયનીલી, તેલુંગુમાં નીલીચેટુ' કહે છે.

એને ઇંગ્રેજીમાં 'ઇંડીગો બલુ' કહે છે. જે વનસ્પતિમાંથી આ રંગીન દ્રવ્ય નિકળે છે તે સઘળા એક વર્ગનાં નથી. તેમાં અતિ અગત્યની વનસ્પતિ ઇંડીગોફેરા (Indigofera) એ વર્ગમાં હોઇ તે અતિ ઉપયોગી છે. એનાં વનસ્પતિ શાસ્ત્રમાં લૅટીન નામો—'ઇંડીગોફેરા ટિંકટોરિઆ, ઇંડિગોફેરા ડિસ્પરમા, ઇંડિગોફેરા અનિલ અને ઇંડિગોફેરા આર્જેંટા એવાં છે.

પ્રાચિનત્વ

હિંદુસ્તાન તથા ઇજીપ્ત દેશમાં ગુલીનાં રંગ વિશેની સમજ પ્રાચીન કાળથી હોઇ તેઓ તેનો ઉપયોગ લાંબા વખતનો કરતા આવ્યા છે. ૩૬૧૨ વર્ષ પેહેલાં મીસરમાં ગુળીથી કપડાં રંગવામાં આવતા હતા, તે વિશે વિલકીનસન 'એનસંટ ઇજીપશિયનના ૩ જા દફ્તરમાં (પાને ૧૨૩ થી ૧૨૫ માં) વર્ણન આપતાં લખે છે કે, "મીસરના વેપારી હિંદુસ્તાનથી ગુલી મંગાવતા હતા."

ઇતિહાસ

કેપ ઑવ ગુડહોપ ઉપરથી હિંદુસ્તાન આવવાનો માર્ગ શોધી કાઢ્યા પછી ગુલી વિશેની સમજ યૂરપમાં પસરી હતી. સત્તરમી સદીની શરૂઆતમાં ડચ લોકો હિંદુસ્તાની ગુલી ત્યાં જથ્થામાં યૂરપ તરફ મોકલવા લાગા. માટે તેનો ઉપયોગ રંગના કામમાં એટલો તો થવા લાગો કે, ગુલીનો રંગ આપવા જે 'વેડ' (Isatis Tinctoria) નામના વનસ્પતિનો ત્યાંના કારીગરો ઉપયોગ કરતા હતા; તે ઉદ્યોગ બંધ પડવા માંડ્યો. કારણ કે 'વેડ'ના રંગ કરતાં આ ગુલી સસ્તી તથા વધારે ચળકતો રંગ આપી શકતી હતી. ઇંગલંડ, ફ્રાન્સ અને જર્મની દેશોએ એ 'વેડ' ના ઝાડની ખેતી પાછળ લાખો રૂપ્યા

રોકયા હતા, અને તેથી તેપર સેંકડો મજુરોનો નિર્વાહ ચાલતો હતો. તેઓએ પેહેલાં તો વાતો ચલાવી કે હિંદી ગુલીના રંગથી કપડું થોડા વખતમાં ફીકકું મારેછે, અને તેમાં જે ઍસિડનો અંશ છે તેથી કપડાં કોહી જાયછે. આ તેમના કૃતવા ઝાઝો વાર ટકયા નહિ; પણ હજારો રૂપ્યાની ગુલી રફતે રફતે યૂરપમાં વેચાવા લાગી. આથી 'વોડ'નાં ઝાડની ખેતી ઓછી થવા માંડતા હજારો લોકો ભૂખે મરવા લાગા, તેઓએ સરકારને જણાવ્યું કે આ કપડાં કોહવાડનાર રંગ આપણા દેશમાં દાખલ થઇ લાખોની દોલત હિંદુસ્તાન ઘસડી જઇ આપણા દેશને પાએમાલ કરશે. આથી જર્મન સરકારે ગુલીની બંદી માટે ખાસ એવો કાયદો બાંધ્યો કે "કોઇએ પણ ગુલીનાં રંગના કપડાં પેહેરવાં નહિ. તેમજ 'વોડ' શિવાય બીજા કોઇ રંગનાં કપડાં પેહેરે તેને શિક્ષા કેવી; તથા રંગારી જો ગુલીનો રંગ વાપરતાં પકડાઇ જતો તો તેની સઘળી માલ મીલકત જપત કરવામાં આવતી. તે પછી ફ્રાન્સ અને ઇંગલંડે પણ કાયદા બાંધ્યા. આ હાલત લાગટ ૧૦૦ વર્ષ વેર ચાલુ રહ્યા પછી, ઇ. સ. ૧૭૩૭ માં આ રંગની મનાઇ કરવાના કાયદા રદ કરી છુટથી વેપાર ચલાવવાને છુટ મુકી. તે પછી યૂરપમાંથી 'વોડ'નાં ઝાડ દિનપર દિન નામુદ થતાં ગયા.

જે ઝાડમાંથી ગુલી કાઢેછે તેની ખેતી હિંદમાં મોટા પાયાપર થાયછે. મુખ્ય કરી હુગલી, ગંગા નદીનો પ્રદેશ, બર્દવાન, કાશી અને બંગાલમાં એની ખેતી કરવામાં આવેછે. તેમજ કારોમંડળ, મધરાસ, મનીલા, મોરીસ, જાવા, જંજીરા, અમેરિકાનું કારાકુશ, બ્રાઝીલ, ગયાટીલા, ગવાટીમાલા, તથા સેન્ટ ડુમીંગોનાં પ્રાંતોમાં પણ એની ખેતી કરવામાં આવેછે. હિંદુસ્તાનમાં ઇંડિગોફેરા ટિંગટોરિયાનાં ઝાડ-નીજ ખેતી કરવામાં આવેછે. બંગાલ ઇલાકો અને અયોધ્યા વગેરે વાયવ્ય પ્રાંતના પ્રદેશોમાં અને મદ્રાસ ઇલાકામાં એની ખેતી થાયછે. પણ તે સર્વેમાં બંગાલી ગુલી શ્રેષ્ટ ગણાયછે.

ગુલીનું ઝાડ નાહનું હોઇ તેનીપર પાંદડાની ડાંખળીઓ પુશકળ ફુટેછે. ઝાડનો

ગુલી બનાવવા- એકજ ખુંટો આંગળી જેવડો
ની રીત. જાડો સીધો ને સીધો ૪ ફીટ વધે છે, અને તેની સઘળી તરફ ડાંખળીઓ ફુટે છે; અને આ તેના પાંદડામાંથી ગુલીનો રંગ નિકળે છે. નદી કાંઠેના રેલથી કચરો એખટો થએલી સરફ જમીન એની ખેતી માટે વધારે ઉપયોગી ગણાય છે. તેથી હુલીગ અને ગંગા નદીના વચમાંના પ્રદેશમાં ગુલીનો મોટો પાક થાયછે. કાર્તક માસમાં જમીન ખેડી ગુલીના બિયાં વાવેછે અને કેટલેક ઠેકાણે ફાલગુન મહિનામાં વાવેછે. પણ વાયવ્ય પ્રાંતમાં આષાઢ માસમાં વાવેછે. એક એકર જમીનમાં ૧૨થી ૧૫ શેર બિયાંનો ખપ થાયછે. કાર્તિકમાં વાવેલાં બિયાં ઉગી આષાઢ શ્રાવણ માસમાં ઝાડ બની તેપર ફુલો આવવા માંડેછે, અને ત્યારે તેનાં ઝાડ મૂળીયાની ઉપર ૬ થી ૭ ઇંચ કાપી તેની જુડીઓ બાંધી ગુલી કાઢવા કારખાનામાં મોકલે છે. ફરી તે ઝાડ વધતાં તેને બે વેળા કાપવામાં આવેછે. સર્વ રંગીન દ્રવ્ય આ પાંદડામાં હોય છે. આથી જે ઝાડો ઉપર વધારે પાંદડાં તે ખેતરમાં પાક કેવો થશે તેનું અનુમાન કાઢી શકાય છે.

યૂરપમાં થતા થોડા વનસ્તિમાં ગુલીના પાંદડાના બીજા રંગ જેવો રંગ હોય છે. આ વનસ્પતિનું શાસ્ત્રમાં નામ 'ઇસેટીસ-ટિંકટોરીયા છે. એ શિવાય બીજા પણ કેટલાક વનસ્તિમાં એનો રંગ રહે છે. મનુષ્યના મૂત્રમાં અને ગાયના દુધમાં એ રંગ હોય છે એની ચોકસ શોધ છે.

ગુલીના પાંદડામાં રંગીન દ્રવ્ય તૈયાર હોતું નથી. ગુલીનાં પાંદડાનો રંગ પિળા રંગનો હોયછે. એનો રસ હવામાં ખુલ્લો રાખ્યો હોય તો તે ગુલીનો રંગ પકડતો નથી, પણ ગુલીનાં પાંદડામાંથી કાઢેલા દ્રવ્યનો રસ જો ખુલ્લો મેલ્યો હોય તો તે બલુ રંગ પકડેછે. ગુલીનાં પાદડામાં 'ઇંડિકન' નામનું

મુખ્ય વિર્ય હોઇ (Active principle) તેમાંથી 'ઇંડીગો' મળે છે. એ વિર્ય પાણીમાં પિગળે નહિ તેવો છે. એને સલફ્યૂરિક અથવા હાઇડ્રોકલોરિક ઍસિડ સાથે ગરમી આપતાં તેનું પૃથગ્ભવન બની ગુલીનો બલુ રંગ, ગુલીમાંનો લાલ અને સ્ફટીકભવન પામનારી એવી સાકર એવા ત્રણ પદાર્થો ઉત્પન્ન થાયછે.

ગુલીનાં પાંદડામાંથી રંગ બનાવવાની બે રીતો છે. પેહેલી રીતમાં તાજાં પાંદડાં, ને બીજી રીતમાં સુકાં પાંદડામાંથી ગુલી બનાવવામાં આવેછે. ૧=એક ઉપર એક એવી રીતે બાંધેલી ટાંકી યા હોજની હાર હોયછે. ઉપલી ટાંકીનું તળીયું નીચલી ટાંકીની બરાબર ઉપર હોયછે. દરેક હારમાં ૧૫ થી ૨૦ હોજ હોઇ ઉપલો હોજ ૨૦ ચોરસ ફીટ હોઇ ૩ ફીટ ઉંડો હોયછે, અને નીચલો હોજ ઉપલા જેટલો પોહળો અને ઉંડો હોયછે, પણ લંબાઇમાં ઉપલાથી ½ ભાગ વધારે હોયછે. આ હોજ ઇટરડીનો બાંધી તેને માહેથી પથ્થરની લાદીઓ બેસાડેલી હોયછે. અથવા તો સીમેંટથી સફાઇદાર બનાવેલું હોયછે. ઉપલા હોજમાં કોહવાનો અથવા વિપાક ક્રિયા થાયછે, અને નીચલા હોજમાં રસ ઘુંટવાની ક્રિયા થાયછે. દરેક હોજમાં ગુલીનાં ઝાડનાં તોડી આણેલા પાંદડાની જુડીઓ હારબંધ ગોઠવેછે; પણ ઉપર ૬ ઇંચ જગા ખાલી રહેવા દેછે. કોહવાટ ક્રિયા ચાલતી હોય ત્યારે પાંદડા પુલી હોજ બાહેર ઉપસી પડે નહિ તેથી તેનીપર ભારે વજનો મેલે છે, પછી તેમાં બંબાવડે પાણી લે છે. તે પાણી પાંદડામાં દાખલ થઇ તેનીપર ૨ થી ૩ ઇંચ ઉપર રહે ત્યાં વેર લે છે. તે પછી વિપાક ક્રિયા શરૂ થઇ તે ૧૪થી ૧૫ કલાકમાં પુરી થાયછે. એથી વધારે યા ઓછો વખત લાગવો એ હવાની ગર્મી અને તે વખતના આભો હવા ઉપર અને ઝાડનાં કુમળાં અથવા જુનાટપણા ઉપર આધાર રાખે છે. ૯ અથવા ૧૦ કલાક વિપાક ક્રિયા ચાલુ રહ્યા પછી હોજમાંના દ્રવ્યની સ્થિતિ કેમ છે તે જોવી પડે છે. કારણ આ વખતે મોટા પરપોટા જણાવા માંડે છે, તેનો પેહેલાં રંગ સફેદ હોય છે, પણ પછી તરતજ ઝાંખો, બલુ અને સેવટે ગદળા જાંબુડા લાલ રંગના આવે છે. આ વખતે વિપાક ક્રિયા અતિ ઝડપથી ચાલે છે, અને ઉપર ત્રાંબાનાં રંગનો મેલ એકઠો થાય છે. જ્યાંવેર રસમાં ચંચળતા હોય છે ત્યાંવેર કોહવાટ ક્રિયા ચાલવા દેછે; પણ જ્યારે તે નરમ પડેછે કે તરત તેને નીચલા હોજમાં નાખેછે. વિપાક ક્રિયા હદ ઉપરાંત નહિ ચાલે તેની અતિ સંભાળ રાખવી પડે છે, કારણ તેના લીધે ગુલીની ભટ્ટી બિગડેછે. વિપાક ક્રિયા થોડી ઓછી થનેછે પણ તે કદી બગડતી નથી, પણ વધારે સારી થાયછે. વિપાક ક્રિયા ચાલતી હોય ત્યારે રસમાંથી ઓકસિજન નૈત્રોજન અને કાર્બોનિક ઍસિડ નિકળેછે; કોઇ વેળા એમોનિયા પણ નિકળેછે, અને રસનું ઉષ્ણમાન ૧૦૦ થી ૧૧૦ વેર ચઢેછે, પણ સરાસરી ૮૫૦ ફેરનહીટ જેટલું હોયછે. અવાર નવાર હોજના તળીયામાંથી રસ લઇ તેની પરીક્ષા કરેછે, તેનો રંગ ફિક્કો યા પિળો હોય તો તેમાંથી સારી પણ થોડી ગુલી નિકળેછે, અને જો તેનો રંગ સુન્નેરી પિળો હોય તો તેમાં ઘણી સારી ગુલી છે એમ સમજેછે, તળીયાનાં રસનું વિશિષ્ટ ગુરૂત્વ ૧,૦૦૩ હોય અને ઉપલા ભાગનાં રસનું ૧.૦૦૧૫ હોય તો પછી વિપાક ક્રિયા બરાબર થએલી જાણવી.

નીચલા હોજમાં રસ લીધા પછી સુમારે ૧૦ માણસો વલ્હાં જેવા ૪ ફીટ લાંબા પાવડા વડે રસને ડોહવેછે, બીજા બે માણસો ઉપલા હોજમાંથી કોહેલા પાંદડા તથા જુડીઓ કાઢી તેને સુકવવા નાખેછે, જે બાળવાનાં ઉપયોગમાં આવી શકેછે, બીજાઓ ફરી ઉપલાજ હોજમાં પાંદડા ભરેછે, કોહેલાં પાંદડાં લીલાં હોયછે પણ દબાણથી તે પોણે હિસ્સે સંકોચાઇ ગયલાં હોયછે અને તેમાંનું ઘણું પાણી તથા દ્રવ્ય નીકળી જવાથી તેનું વજન સેંકડે ૧૨ થી ૧૪ ટકા ઓછું થાયછે.

નીચલા હોજમાં પાણી ડોહવાની ક્રિયા લગભગ ૧૫ કલાકવેર ચાલેછે કે તેના ઝીણા કણ પડી તેની ગોળીઓ નીચે ઠરી જાયછે. તે વખતે જો વિપાક ક્રિયામાં કાંઇ ભુલ થઇ હોય તો તે તુરત સુધારવી પડેછે, પણ જો ભુલ થાયછે તો તે ઉપર ફીન ચઢેછે, એટલે તેમાં થોડું તેલ નામી ફીણ આવતું અટકાવેછે, આથી રસ જરાક લાલ રંગપર ચઢી બગડેછે, જો મોટી ગોળ ગોળીઓ બનતી હોય તો ડોહવવાની ક્રિયા તેવીજ ચાલુ રાખી તે ગોળીઓને ઝીણી કરેછે, રેતી જેવી ઝીણી રજો નીચેબેશી જઇ ઉપર સ્વચ્છ પાણી રહેવા માંડયુ કે ક્રિયા બંધ પાડેછે, વિપાક ક્રિયા બરાબર થઇ હોય યાને ગુલીની રજો દેખાવા માંડયા પછી જો ઘણું ફીન આવે તો તે પોતાની મેળે બેસી જાયછે અને પછી સર્વ ગુલી નીચે બેશી ઉપર સ્વચ્છ પાણી રહેછે. ઉપલા હોજમાંથી જ્યારે કોહેલો રસ છોડવામાં આવેછે ત્યારે તેનો રંગ લીલો કંજર હોયછે પણ તેમાંથી ગુલીનાં કણ જૂદા પડી જતાં તેનો રંગ લાલાસપર આવેછે, અને જલ્દી ડોહવાથી કણ ગોળાકર પકડી નીચે બેસેછે, અને તે પછી સ્વચ્છ પાણી ઉપર રહેછે.

ડોહવાની ક્રિયામાં મુખ્ય ત્રણ હેતુ છે. કોહેલા રસમાં જે કાર્બોનિક ઍસિડ વાયુ હોયછે તે આથી જૂદો પડેછે. ડોહવાથી ગુલીમાંથી બનેલા કણને હવા માંહેલું ઑકસિજન જેમ તેટલું મળે છે. જે કણ જૂદા પડે છે તેના ડોહવાથી ગોળી બનેછે. ગુલીની રજ તળીએ બેસાડવાથકી ડોહવાની ક્રિયા ચાલતી હોય ત્યારે કોઇ તેમાં 'લાઇમવૉટર' અથવા ચુનો નાખેછે પણ આથી ગુલી બગડીને તે લાલાસ રંગ પકડી કણ બને છે.

આ છેલ્લા હોજને ઉપરથી નીચેવેર બે થી ત્રણ ઇંચ ઘેરાવાનાં બાકાં પાડેલા હોયછે અને ડોહવાની ક્રિયા વેળા તે બંધ રાખેલાં હોયછે. પણ ક્રિયા બંધ થતાં ૩ થી ૪ કલાક પછી પેહેલું બાકું ખુલ્લું કરી સ્વચ્છ પાણી કાઢે છે; અને પછી અનુક્રમે થોડે થોડે વખતે પાણી ફરવા દઇ સેવટવેર બધાં બાકાં ખુલ્લાં કરે છે. પછી છેલ્લે એક માણસ અંદર ઉતરી પાવડા વડે અંદરની ગુલી એકઠી કરે છે. આ બધા જાડા રસને એક વાસણમાં એકઠો કરી તેને ઉકાળે છે, આથી જૂદી પડેલી રજકણોપર ફરી વિપાક ક્રિયા શરૂ થાયછે, અને તેનાંથી સર્વ પીળું દ્રવ્ય નીકળી જઇ તેનો મેલો ગુલીનો રંગ બની વજનમાં વધેછે. એ મુજબ ઉકાળીયાથી તેને કેટલાક કલાક વેર તેમજ રાખી એક હોજ માહેલી બીજી ટેબલપર કપડું પાથરેલું હોયછે તેપર રેડી તેનું પાણી નીતરવા દેછે. આ ટેબલ 'ડેકસ' રોકી પણ મોટી હોયછે, તેથી પાણી તદન નીતરી જાયછે, પછી તેનીપર સ્વચ્છ સૂતરાઉજ કાપડ ઢાંકે છે. મધ્ય બપોર હોય તો આ ક્રિયા કરતી વેળા તેપર સૂરજની રોશની પડવા દેવામાં આવતી નથી. પછી તેને ગુણમાં ભરી દબાવી તેનું પાણી કાઢેછે. પછી તેનાં ચોરસ કડકા કરેછે. તે કટકાને છાયાવાલા ઓરડામાં મુકી સુકવે છે. આ ઘેરમાં એમોનિયાનો તિક્ષણ ગંધ આવેછે. તે વખતે તેપર પુગ ચઢે છે તે બ્રશ વડે સાફ કરી નંબરવાર પેટીમાં માલનાં પ્રમાણુમાં ભરે છે.

ઉપર જણાવેલા આકારનાં દરેક હોજમાં ૫૪ થી ૭૫ રતલ ગુલી તૈયાર થાયછે. હાલમાં બંગાલ તરફ યૂરપીયનો સુધરેલી ક્રિયાથી વધારે સ્વચ્છ ગુલી બનાવી યૂરપ મોકલાવે છે.

સુકા પાંદડામાંથી બનાવવામાં આવતી ગુલી માટે જુના થએલા છોડ કાપી તેને બે દિવસવેર ૪ પ્રહર સુકવેછે, પછી તેને ઝુંડી તેના પાંદડા જૂદા કાઢે છે. તાજાં સુકવેલાં પાંદડાપર છાંટ હોય નહિ અને હાથમાં પકડતાં ચૂરો થઇજાય તેની સંભાળ રાખવી પડેછે. આ સુકવેલા પાંદડાનો ઢગલો ૧ માસવેર કરી રાખીયાથી તેમાં મોટો ફેરફાર થાયછે. તેનો લીલો રંગ ઉડીજઇ ફીકકો

ગુલીનો રંગ પકડેછે. આ ફેરફાર જો થવા નહિ દેવામાં આવેતો પછી તેની ગુલી બની શકતી નથી. આવું રૂપ લીધાપછી તેને પાણીમાં ભીજવ્યાથી તેમાંથી ઘણી ગુલી નીકળેછે. હોજમાં સુકાયલા પાંદડા નાખી તેપર તેથી ૬ ઘણું પાણી નાખી તેને બે કલાક વેર ભિનાવા દેછે, પછી પાંદડા ઉપરના ઉપર ડોહવી પાંદડાનું તણુંબું ઉપર તરવા દેતા નથી, આથી દ્રવ લીલો કંજર બનેછે. તે લીલો રસ પછી તરત ડોહવવાનાં હોજમાં રેડેછે. કારણ પાંદડા સાથે આ રસને ઘણોવાર રહેવા દીધો હોયતો કેટલીક ગુલી પાંદડાપર ચોંટી નાશ પામેછે. કેટલાક કારખાનામાં ગરમ પાણીમાં પાંદડાં ભીંજવેછે; પણ તેની વિશેશ જરૂરીયાત હોતી નથી. ડોહવવાનાં હોજમાં ડોહવવાની ક્રિયા ઉપર પ્રમાણેજ કરી ગુલી બનાવેછે, આ કૃતિમાં એ ફાયદો છે કે હવા પાણીની દરકાર નહિ કરતાં ગમે ત્યારે ઝાડો કાપી પાંદડાં ઝુંડી સુકવી રાખે છે. કારણ વિપાક ક્રિયા હવા, ગર્મી, વગેરે ઉપર આધાર રાખેછે, અને તે એક સરખી ચલાવવામાં આપણા હાથમાં હોતું નથી. તેમ તે ક્રિયાને ઘણો વખત લાગે છે. પણ આ સુકાં પાંદડાની ગુલી થોડા વખતમાં બનાવી શકાય છે.

આદ્રિકામાં હિંદી ગુલી કરતાં વધારે સારી ગુલી બનાવવામાં આવેછે.તેમાં 'ઇંડી ફણીન' નામે પદાર્થ હોયછે, અને આ પદાર્થ રંગ માટે અતિ ઉપયોગી છે. ચીનમાં ગુલી બનાવવાનો ઉદ્યોગ સારો ચાલેછે પણ ત્યાં એક વેહેમ એ ચાલેછે કે ગુલીનો રસ ડોહવાની ક્રિયા ચાલતી હોય ત્યારે તેપર જે સ્ત્રીઓને કામે લગાડવામાં આવેછે, તેમનાં માથાનાં બાલમાં જો ફુલો હોય તો તેને ત્યાં ઉભી રહેવા દેતા નથી, કેમકે ફુલનાં વાસથી ગુલીની ભટ્ટી બિગડવાનો તેઓમાં મજબુત વેહેમ છે.

ગુલી ઔષધિમાં ગુલીનો છોડ વન ઔષધિમાં ગણેલો છે, તાવ ઉપર ગુલીનાં ઝાડનાં મુળ અને હળદરનું સેવન કરવાથી તાવ દૂર થાયછે. મુળ ઝેર ઉપર ગુલી, સીંધવ, મધ અને ઘી એકત્ર કરી પાયછે.

ગુલીનો રંગ બે પ્રકારે આપગુલીનો રંગ વામાં આવે છે અને તે ખારાઆપવાની કૃતિ. પીપ ને મીઠા પીપને નામે

ગુલીનો રંગ ઓળખાયછે, તેમાં ખારા પીપ સુતરાઉ કાપડ અને મિઠા પીપમાં રેસમી કપડું રંગવામાં આવેછે.

ખારા પીપનો રંગ આપવા ૫૦ હાંડા પાણી, ૪ શેર સાજીખાર, અને બે શેર ચુનો નાખેછે. તે બેઉ પદાર્થ હલાવી હલાવી એકરસ કરેછે, કે પછી કેટલાક કલાક પછી ૨½ શેર ગુલી પાણીમાં ભીજવવા મુકેછે. બીજે દિવસે સહવારે આ ભીનવેલી ગુલી લઇ ૪ ફીટ ચોરસ અને ૪ ઇંચ ઉંડી એક પથ્થરની ખળમાં નાખી હાથ વતી મસળેછે, પછી તે ગુલીને ઉપલા પીપમાં રેડી ખુબ હલાવવામાં આવેછે, આ મુજબ પેલા પીપમાંના પણીને દિવસમાં બે ત્રણ વેળા હલાવેછે, બીજે દિવસે સાંહજે પાણીમાં ભીનવી નરમ કરેલી ૨½ શેર ગુલી ફરી તેમાં ભેળે છે, અને પીપમાંનું પાણી વળી ડોહવવા માંડેછે, પછી ત્રીજે દિવસે તે પીપમાં જુના પીપ માહેલો થરો રેડવા માંડેછે. આ થરાને 'ભત્તા' કહેછે. પણ જો 'ભત્તા' તૈયાર નહિ હોય તો નીચે મુજબ મિશ્રણ કરવું પડેછે.

એક શેર ચુનો, એક શેર ખજુર, પાંચ શેર પાણી, એકત્ર કરી પાણીનો રંગ પીળો થાય ત્યાં સુધી તેને ઉકાળવો પડેછે, અને પીપમાં ભરેલા પાણીને મજબુત ડોહવી તેમાં ખજુરનું ઉકળતું પાણી રેડી પીપને ઢાંકી દેવું ને સહવારવેર તેને તેજ સ્થિતિમાં રાખ્યાથી તે પીળા રંગનું પાણી બનેછે, આવી રીતે પીપમાંનું અમીરપર ચઢેલું પાણી ડોહવીયાથી તેની ઉપર ફીન આવેછે. નવું પીપ બનાવવું હોય તો આવો રંગ બનાવવા માટે ૪ દિવસ લાગેછે. પેલા પીપ પર આવેલા ફીનની ગોળીઓ બનાવી તે સુકવી તેને જૂદા ઉપયોગમાં લેછે. કોઇ

વેળા કાપડ રંગતા તે ઉપર કોઇ ઠેકાણે જો રંગ નહિ ઉઘ્યો હોય તો તે જગે પેલા ટીણુની ગોળી ચોળવાથી તે રંગ પકડેછે.

ગુલીના રંગની ભટી બરાબર ઉતરીછે કે નહિ તે પીપ ઉપર આવતા ટીણ ઉપરથી જણાયછે, ટીનનો રંગ રતાસપર હોય તો તે ભઠ્ઠિની નિશાની, પણ જો સફેદ ટીન દેખાય તો તેમાં ૧૬ શેર સાજીખાર ભેળવો પડેછે, રંગ હાથવતી દોહવતા જો તે હાથને ચચરે, યા લોહિ પ્રમાણે ટપકે અથવા તેલ પ્રમાણે ચીકણો લાગે તો તેમાં બશેર ખજુર નાખવી પડેછે, એ મુજબ પાંચમે દિવસે ગુલીનો રંગ બની રહેછે, પીપ માહેલો રંગ પુરો થવા આવે તો તેમાં ફરી ચુનો, સાજીખાર, અને ગુલી ચોકસ પ્રમાણે નાખવી પડેછે. આસમાની રંગ બનાવવા માટે સુતરાઉ કાપડને એકરાત વેર પાણીમાં ભીજવી બીજે દિવસે પાણીમાં બોળી ૬ કલાક બળમાં મેળવી નીચવીને સુકવવું ને એ રીત મુજબ ત્રણ દિવસવેર ફરી ફરી કર્યાથી પાકો રંગ બેસેછે. રંગ ફીક્કો રાખવો હોય તો તેને એકજ વેળા ભીજવી સુકવવો

ગુલીમાં રંગેલાં કપડાં ઘણું કરી મુસલમાન લોકો વાપરેછે, તેમાં ઇરાન, અરબસ્તાન આફ્રિકા એ ત્રણ દેશમાં તેનો મોટો ઉહાવ થાયછે.

હિંદી ગુલીનો ૧૯૦૦–૦૧માં નિકાશ વેપાર " ૨,૧૩,૫૯,૮૦૮ રૂપ્યાનો ને ૧૯૦૨ માં ૧,૮૫,૨૨૫૫૪ રૂપ્યાનો થયો હતો, જે રીતે જોતાં રૂ ૨૮૩૭૨૫૪ નો ઘટાડો થયો હતો.

ગુલેઅરમાની—જમીન ઉપરથી મળતી મટોડી જેવો પદાર્થ, એ ઔષધિ ઉપચારમાં ઘણો કામ આવેછે. તે આરમેનિયા, ઇટલી, ફ્રાન્સ તથા સાઇબિરિયાનાં મુલકમાંથી મળેછે. એ અતિ સુવાળી હોયછે. એ ઇરાની આખાતને રસ્તે હિંદુસ્તાનમાં આવેછે.

ગુવાર—એના નાહના છોડ થાયછે અને તે ત્રણથી ચાર ફીટ ઉચા વધે છે. આ ઝાડ કાળી જમીનમાં જોરમાં ઉગી તે પાંચથી છ મહિનાવેર જીવેછે. એની શિંગ બે અઢી ઇંચ લાંબી હોઇ તેનાં ઝુમખા થાયછે. એનો મુખ્ય પાક સુરતમાં થાયછે. જ્યારે ગુવાર કુમળી હોયછે ત્યારે તેનું શાક બનાવવામાં આવેછે, પણ ઘરડી થાયછે ત્યારે તેના બિયાં કાઢી લઇ તેની છાલ ઢોરોને ખવાડમાં આવેછે.

ગુવાવા—એક જાતની ઔષધિ વનસ્પતિ. આ વનસ્પતિ એશિઆ ખંડના અગ્નિ કોણમાં જાવાના ટાપુમાં તથા ઉત્તર અમેરિકામાં ફ્લોરીડાનાં દ્વિપકલ્પની દક્ષિણ બાજુએ આવેલા વેસ્તઈંડીજના ટાપુઓમાં ઉગેછે. એના પાંદડા અત્તિસારનાં રોગ ઉપર અકસીર હોયછે.

ડૉ૦ ક્રૂજ જણાવે છે કે જાવાના પ્રાચીન વતનીઓ ખાતરી પૂર્વક જણાવે છે કે એશિઆમાં વારંવાર ફાટી નિકળતા કૉલેરાના રોગ ઉપર ગુવાવા કિમતી દવા ગણવામાં આવેછે. સખત અથવા નરમ પ્રકારના કૉલેરાનાં રોગ ઉપર ગુવાવાનો કાવો ઘણો ઉપયોગીછે. તે કાવો નીચે મુજબ બનાવવામાં આવેછે. ૭૫ ઘઉંના દાણાભાર ગુવાવાના પાંદડા, બે આંઉસ જેટલા ઉકળતા પાણીમાં નાખી તેનો કાવો બનાવવો અને તે ઉકાળો ત્યાર પછી દર્દીની ઉમરના પ્રમાણમાં ચાહ પીવાની એક નાહની ચમચીથી તે મધ્યમ ચમચા જેટલા માપમાં દર કલાકે અથવા એક કલાકને આંતરે બીમારને પાવો. તેમજ ટાઇફાઇડ નામના ઝેરી તાપ તથા ખઇને લીધે થએલા અત્તિસારનાં રોગ ઉપર પણ એ કાવો અકસીર છે.

ગુશતાસ્પ—આ પાદશાહને અવસ્તામાં કવિ વિશતાસ્પ તરીકે જણાવ્યો છે. એ પાદશાહ લોહરાસ્પની બીજી રાણીને પેટે થએલો સર્વથી નાહનો બેટો હતો. એને તખ્ત મળવાની આશા નહિ હોવાથી તે પિતા સાથે ગોસ્સે થઇ હિંદુસ્તાન તરફ ગયો, પણ લોહરાસ્પે ઇરાનનું રાજ્ય આપવાની કબુલાતથી તેને પાછો રાજ્યમાં જરીર મારફતે તેડાવ્યો. પણ રાજ્યમાં આવતાં પાદશાહ કબુલાત પાળે એમ નહિ જણાવાથી તે ચુપચુપ રૂમ

તરફ ચાલી ગયો. ત્યાંના રાજાની બેટી કૈતાયુન તે વેળા લાયક ઉમરની થવાથી તેનો સ્વયંવર થવાનો હતો. આ સ્વયંવરમાં ગુશતાસ્પે ભાગ લઇ કયતાયુન તરફથી વરમાળ મેહેરી. પણ તે વેળા ગુશતાસ્પ ગરીબ મુસાફરના વેશમાં હોવાથી તેણે પોતાની ઓળખ જાહેર કર્યા છતાં પાદશાહે તેને પોતાના જમાઇ લાયક નહિ ડેઠવી, પોતાની બેટી તેની સાથે પરણે તો તેમને હાંકી મેલવાની ધમકી આપી.

કયતાયુન ગુશતાસ્પના રૂપ ગુણ ઉપર ફીદા હોવાથી તેની સાથે શાદી કરી ગરીબાઇમાં રહેવા લાગી. તે દરમ્યાન એક વરૂ તથા અજદાહાને મારવાનું પરાક્રમ ગુશતાસ્પે બજાવીયાથી તેને રૂમના પાદશાહે મોટો મરતબો બક્ષી પોતાની દરબારમાં મોટી પદ્વિ આપી હતી. તે પછી ગુશતાસ્પે જગેજગ ચઢાઇઓ કરી મોટી ફતેહો મેળવી રૂમની પાદશાહીમાં વધારો કીધો, ને તે પછી પોતાના પિતા લોહરાસ્પનાં રાજ્યપર ચઢાઇ કરવાનો નિશ્ચય કરી "કયૂસ" નામના, એલચીને પેગામ લઇ મોકલ્યો. એલચી મારફતે પોતાના બેટાની કારકીર્દિ સાંભળી પોતાનું રાજ્ય હૈયાતીમાં તેને બક્ષવાની કબુલાત આપવા જરીરને સામો મોકલી ગુશતાસ્પને ઇરાનમાં તેડાવી રાજ્ય બખસ્યું.

કય ગુશતાસ્પ ઇ. સ. પૂર્વે ૨૬૮૮ ના સુમારે તખ્ત નશીન થતાં પોતાના અદલ ઇન્સાફીપણાથી પ્રજામાં માનીતો થયો. એના અમલના ૧૨ મે વર્ષે સ્પેન્તમાન જરતોસ્તે જરતોસ્તી દીન ફેલાવી હતી. જરતોસ્તી દીન ગુશતાસ્પે કબુલ કરવા આગમજ જરતોસ્તને બીજા ઓલમાઓ સાથે તકરારમાં ઉતરવું પડ્યું હતું, તેમાં છેલ્લે એક માસ સુધી પાદશાહી દરબારનાં નામીચા વિદ્વાનો સાથે જરતોસ્તે તકરાર ચલાવી પોતાના દીનની શ્રેષ્ટાઇ સ્થાપી હતી. તેમાં હિંદુસ્તાનનો જાણીતો ચંધરેવાસ નામના એલચીએ તથા નામીચા યુનાની ફીલસુફ યુતિઆનૂસે જરતોસ્તી ધર્મ એખત્યાર કીધો હતો. તેમજ 'વ્યાસ' નામના એક હિંદુ પંડીતે પણ તકરારમાં હારી જરતોસ્તી દીન કબુલી હતી. તે પછી ગુશતાસ્પ, તેની રાણી કયતાયુન અને અસપંદીયારે પણ એ દીન સ્વીકારી તેનો તમામ રાજ્યમાં ફેલાવો કર્યો હતો, આથી તુરાની પાદશાહ અરજાસ્પે ઇરાનીઓ ઉપર ગુસ્સે થઇ લઢાઇ કરી, તે લઢાઇમાં પાદશાહના ફરજંદો અરદેશર, હોરમજદ, શીદસ્પ, નિવઝર અને અસપંદીયારે લશકરની સરદારી લીધી હતી, તેમાં પાદશાહનો ભાઇ ઝરીર અને તેનો બેટો નસ્તુર તથા જમાસ્પ વજીરનો બેટો ગેરામી ઇરાનીઓના સપેહસાલારો હતા, તેઓમાંથી નસ્તુર અને અસપંદિયાર શિવાય સર્વે માર્યા ગયા હતા. (જુઓ અસપંદીયાર ૩૪નતન) આ લઢાઇમાં ઇરાનના નામીચા સરદારો માર્યા ગયા છતાં અરજાસ્પ હારખાઇ નાહાટો હતો. તેથી ગુશતાસ્પે નસ્તુરને વધુ લશકર આપી તુરાન તરફ કીનો લેવા મોકલ્યો અને અસપંદિયારને દીન ફેલાવા મોકલ્યો હતો. અસપંદીયારે હિંદ અને રોમમાં જરતોસ્તી દીન ફેલાવી હતી, અને ફરશીદવર્દને ખોરાસાનનો હાકેમ કર્યો હતો.

એક વેળા જ્યારે પાદશાહ ગુશતાસ્પ જલેજરની મહેમાનદારી ચાખવા સિસ્તાનમાં મોજમઝામાં પડયો હતો ત્યારે ગુરઝમે પાદશાહને ભમાવી તેના શરવીર બેટા અસપંદીયારને ફરેબથી કેદમાં નખાવ્યો. આ તકનો લાભ લઇ અરજાસ્પે ત્રીજી વેળા બલખ ઉપર ચઢાઇ કરી, તે વેળા થએલી લઢાઇમાં લોહરાસ્પ તથા સ્પેંતમાન જરતોસ્ત માર્યા ગયા હતા, અને પાદશાની બે બેટીઓ હોમાય તથા વેહેઆફ્રીદને અરજાસ્પે કેદ પકડી પોતાને દેશ લઇ ગયો, માત્ર કયતાયુન દુશમનના હાથથી છટકી આ ખબર આપવા સીસ્તાન જઇ પુગી, આથી ગુશતાસ્પે અસપંદીયારને બંદ મુકત કરવા બલખ તરફ ગયો, તે વેળા તેની સાથે નસ્તુર અને ફરશીદવર્દ સરદારો હતા.

તુરાનીઓમાં અરજાસ્પ, તેના બેટા કહેર અને કેન્દર હતા, તે વેળા થએલી લઢાઇમાં ગુશતાસ્પ હાર પામીયેા ને તેમાં તેના ૩૮ શાહજાદાઓ માર્યા ગયા અને પેાતે પહાડમાં ભરાઈ બેઠેા.

પણ તેટલાં જમાસ્પ વજીરે અસપંદીયારને બંદ મુકત કરવાથી તે શુરવીર શાહાજાદાએ તુરાનીઓને છેક નહસાડીમેળી તેમના પાય તખત પર ચઢાઈ કરી અરજાસ્પને મારી નાખી પેાતાની બેઉ બેહેનેાનેા છુટકેા કરયેા હતેા, અને તે પછી પિતા પાસે પાદશાહી તાજની માંગણી કરી. ગુશતાસ્પ રાજ્ય લેાભી હેાવાથી પેાતાના શુરવીર બેટાને તખત આપતાં આપતાં જુદી જુદી ખટપટેામાં રેાકી રાખવા માંડયેા, છેલ્લે રૂસ્તમ પેહેલવાન સાથે છેડતી કરવા મેાકલતાં અસપંદીયાર માર્યેા ગયેા; ત્યારે પાદશાહ અતિશય પસતાવા લાગેા. તેણે તે પછી અસપંદીયારના બેટા બેહમનને પેાતાનું તાજે તખ્ત સેાંપી પેાતે એકાંતવાસમાં જઇ રહ્યેા. ગુશતાસ્પે ઇ. સ. પૂર્વે ૨૬૩૮ વેર રાજ્ય અમલ ભેાગવેલેા તવારીખમાં જણાવવામાં આવેછે.

ગુહસેન—ગુજરાતના પરાક્રમી રાજ્યકર્તા વલ્લભિ વંશમાં ધરપટ્ટનેા ગુહસેન મહા પ્રતાપી રાજા થઇ ગયેાછે. કાઠીઆવાડ અને રાજપૂતાના ગેાહિલ અને ગેલેાટ રજપુતેા, જેઓ વલ્લભિ કુળના ગણાય છે તેમનું નામ ગુહસેનના નામ ઉપરથી પડયું હતું. ગુહસેન એ સંસ્કૃત શબ્દ છે અને તેનેા અર્થ "જેનું લશકર કાર્તિક સ્વામિના લશકર જેવું છે તે" એ મુજબ થાયછે. પાછલા વખતનાં વલ્લભિ વંશના તામ્રપટેામાં રાજાઓની વંશાવળી આજ મૂળ પુરૂષથી શરૂ થાયછે, અને એ મૂળ પુરૂષ ઉપરથી ગેાહેલા વગેરે રજપૂત શાખાઓનાં નામેા પડયાં છે. એ પેાતાનાં પૂર્વજને જેવેાજ શૈવ હતેા પણ એણે બૌદ્ધ ધર્મને મેાટી બક્ષેસેા કરી હતી. એની પુત્રની દીકરી 'દુડાએ' બંધાવેલા બૌદ્ધ મઠને એણે નાણાની મદદ કરી હતી. એનેા રાજ્ય અમલ ઇ. સ. ૫૩૯ થી ૫૬૯ વેર મળે છે. એનેા રાજ્ય અમલ કયાં કયાં હતેા તે દર્શાવનારા તામ્રપટેા પણ મળે છે. ભાવનગરમાંથી મળેલા તામ્રપટ ઉપરથી ૫૬૭ નું સાલ મળે છે. વળાથી મળેલા એક માટીના વાસણ ઉપરથી તથા બે મળેલા તામ્રપટેા ઉપરથી ઇ. સ. ૫૬૬ ને ૫૫૯ તથા ૫૬૫ ના સાલ મળે છે. આથી જણાય છે કે ૫૬૬ વેરતેા એનેા ગુજરાતમાં નક્કી અમલ હતેા.

ગુળવેલ—આ વનસ્પતિ હિંદુસ્તાનમાં ઉગે છે. એના વેલાનાં દીંડવા તથા મૂળીયાં ઔષધિમાં યેાજેલાં છે. તેનેા મુખ્ય ઉપયેાગ તાપ ઉપર કરવામાં આવે છે. એના દીંડવામાંથી કસ કાઢવામાં આવે છે. આંતર્યેા તાવ ઉતર્યા પછી જે નબળાઇ આવે છે તે દુર કરવા અતિ અકસીર ઉપાય ગણાય છે.

ગૃધ્રકૂટ—આ પર્વતનું શીખર પ્રાચીન ગીરિવ્રજને ઇશાન્યે ૨૫ માઇલઉપર હતું એમ હ્યૂએન મુસાફર તેમજ 'ફૂહિઆન જણાવે છે. આ ગૃહકૂટ પર્વત ઉપર એક ગુફા હતેા કે જેમાં 'અહર્ત' ધ્યાનસ્ત બેસતેા હતેા, એમ પણ 'ફૂહિઆન' લખે છે. આ પ્રાચીન ગુફાની શેાધમાં કનીંગહેમે ઘણેા વખત ગુમાવ્યેા હતેા; છતાં તેનેા પત્તેા મળયેા નહેાતેા. તે ઉપરથી જણાય છે કે જમાનાના ફેરફાર સાથે નાશ થએલેા હશે, તેથી તે જડયું નહિ. આ ગૃધ્રકૂળને હાલમાં " શૈલગીરિ' ને નામે ઓળખવામાં આવે છે.

ગેઉશ ઉવર્ન—એ દ્રવારૂપ ઉજદનેા હમકાર ફરેસ્તેા છે. એનેા અર્થ પશુઓનું જીવતર, મૂળ, જગતનું અમુલ્ય નંગ એવેા થાયછે. (જુઓ ગેાશ ઉજદ)

ગેટા—આ દક્ષિણ ઈટલીનું ઉત્તમ કિલ્લેબંદી વાલું શેહેર નેપલ્સની ઉત્તર પશ્ચિમે ૫૦ માઇલપર 'કેસરટા' ના પ્રાંતમાં છે. ગેટાના ઉપસાગરની મનેાહરતાનું વર્ણન કવિએ કર્યું છે. રેામન શેહેનશાહાતનાં કટકા ખુકલા થતાં ગેટા વેપારવણજમાં વધી શેહેનશાહાતમાં સુધારાનું મુખ્ય ધામ થઈ પડયું હતું.

આ શેહેર અનેક વેળા અજીંક દુશમનેાને તાબે થયું હતું, ૧૪૩૫ માં આરગેાનના પાયમાં આલફેાન્ઝોએ જીતી લીધું હતું. ૧૭૦૭ માં આસ્ટ્રેલીયનેાએ હાથ કર્યું હતું, ૧૭૩૪ માં નેપલ્સના ચાર્લસે હાથ કર્યું હતું, ફ્રેન્ચેાએ ૧૮૦૬ માં હાથ કર્યું હતું, ૧૮૧૫ માં ફરી આસ્ટ્રેલીયનેાએ જીતી લીધું હતું, અને ૧૮૬૧ માં ઇટલીના રાજકીય ટેાળીએ હાથ કર્યું હતું. ૧૮૪૮-૪૯ માં આ શેહેર નવમાં પેાપ પાયસનું આશ્રય સ્થાન હતું, અને ૧૮૬૧ માં નેપલ્સનાં બીજા ફ્રાન્સીસનું આશ્રયસ્થાન હતું. ૧૮૮૧ માં વસ્તી ૧૬૮૪૮ ની હતી, લાંના રહેવાશીનેા મુખ્ય વેપાર ઉદ્યેાગ માછલી, લેાઢું, તેલ, વાઇન અને ફળફળાદીનેા છે.

ગેડી—આ કચ્છનું પ્રાચીન ગામ પુરાતન કાળમાં વિરાટ નગરીને નામે પ્રસિદ્ધ હતું, અને પાંડવેા અત્રે ગુપ્ત રહ્યા હતા. આ ગામમાં ગેાપાળદેવ નામના કેાઇ બ્રાહ્મણે ૩૦૦ વર્ષ ઉપર બંધાવેલું સફેદ ચુના પથ્થરનું અચલેશ્વર મહાદેવનું મંદીર ઉત્તમ બાંધણીનું છે. આ દેહેરાની માહેલી મૂર્તિ ચતુર્મુખી છે, તે વિરાટની કુંવરી ઉત્તરાએ ઉત્તરેશ્વર મહાદેવનું દેહેરૂં બંધાવ્યું તેમાંની કહેવાય છે. મંદીર નજદીકનેા કુવેા ૧૪૭૬ માં બાંધવામાં આવ્યેા, જેનું પાણી ઔષધિમાં વપરાય છે. આ ગામમાં દેવમૂર્તિઓ ઘણી છે. માત્ર આશાભા પીરનેા એક રેાજે બંડિયર સ્થિતિમાં છે. લેાક વસ્તી ૨૮૦૦ ની છે.

ગેડીસ—આ શેહેર સ્પેનના કિનારાપર ૬ થી ૭ માઇલ ઘેરાવામાં છે. એના કેાટને પાંચ દરવાજાઓ છે. એ ફીનીશિયન લેાકેાનું પ્રાચીન કાળનું બંદર શેહેર હતું. ઇ. સ. પૂર્વે ૪૯ માં જુલીયસસીઝરે આ બંદર રેામન રાજ્ય સાથે જોડી નાખ્યું. ઇ. સ. ૧૮૬૧ માં અત્રેની લેાક વસ્તી ૭૨૫૨૬ ની હતી, હાલમાં આ શેહેર વેપારનું મુખ્ય મથક ગણાતું હેાવાથી તેમાં ઍન્ડી, પારેા, તેલ, આટેા, ઉન વગેરેનેા મેાટેા વેપાર ચાલે છે.

ગેડેમસ—આફ્રિકાનું આ રણ વચ્ચેનું ફળદ્રુપ શેહેર સાહારાનાં ઉત્તર કિનારા પરછે. એની આસપાસ દેવાલ હેાવાથી સાહારાના રણના વંટેાળીયાથી તેનેા બચાવ થાયછે. રસ્તા સાંકડા અને અંધારા છે. મુખ્ય કરી ગેડસમાં ખજૂર, જરદાલુ, વગેરે ઉત્પન્ન થાયછે. વસંતમાં ૮૯ ડીગ્રી પારેા રહેછે. મુખ્ય વેપાર મીણ, હાથીદાંત, ઘેાડા, શાહામૃગનાં પીછાં એનેા મુખ્ય છે. હાલમાં ત્યાંનેા ગુલામી વેપાર તદ્દન બંધ કરવામાં આવ્યેા છે. લેાક વસ્તી ૭૦૦૦ થી ૧૦૦૦૦ ની છે. મુખ્ય લેાક વસ્તી બરબરેાની છે. જેમનેા ધર્મ મહમદી છે.

ગેંડા—આ વિચિત્ર પ્રાણી હિંદુસ્તાન તથા આફ્રિકાનાં જંગલેામાં મળી આવેછે, આફ્રિકામાં એની જુદી જુદી ૪ જાતેા છે, તેમાંની બે જાત કાળા અને ધેાળા રંગની છે. એમની જીંદગી ૨૦ વર્ષની ગણાયછે, કાળી જાતનાં ગેંડા ઋતુની હેાયછે, તેઓ એક જાતનેા કાંટાદાર પાલેા ખાયછે, અને તેના નાક ઉપરનું શિંગડું બીજા ગેંડા જેવડું લાંબું હેાતું નથી.

ગેંડાના નસ્કેારાપરનાં બેાસનાં લેાચામાં જે શિંગડું હેાયછે તે અતિ તિખું ને લાંબું હેાયછે, ને તે સફાઇદાર હેાઇ ચળકેછે. ગેંડાની આંખ ચળકતી અને ઝીણી હેાયછે, પણ તેથી તેની નજર શક્તિ ઘણી ટુંકી રહેછે. આ પ્રાણીનું ચામડું એવડું તેા સખત હેાયછે કે તેમાં એકાએક ગેાળી દાખલ થઇ શકતી નથી. પણ તેની બેાચી ઉપરનેા ભાગ જે નરમ હેાયછે, તે પર ગેાળી લાગતાં તે નાએલાજ બનેછે, આ પ્રાણી દિવસનાં સુઇ રહી રાત્રે ૯ વાગા પછી ખેારાકની શેાધમાં નીકળેછે; તેજ વેળા શેકારીઓ તેનેા શેકાર કરેછે.

કાળા ગેંડા ઋતુનમાં આવતાં શિંગડા વડે જમીન તેમજ ઝાડને ખણી કાઢેછે, તેમજ તેઓ કેાઇ પણ પ્રાણી સાથે ભેળાતા નથી, સફેદ ગેંડાનું માંસ આફ્રિકન લેાકેા સ્વાદથી ખાયછે.

ગેંડાના બદન ઉપર જુ જેવા ઝીણુ જીવડા રહેછે તેનો ભક્ષ એક જાતનાં પક્ષીઓ કરેછે, આ પક્ષીઓ એટલા તો નિમક હલાલ હોયછે કે પોતાને ખોરાક પુરો પાડનાર આ ગેંડાની શોધમાં કોઇ શેકારી પાસે આવતાં તે તેને જગાડેછે, ગેંડો ઉંઘતા હોય ત્યારે તે પોતાનાં કાનો હલાવ્યા કરેછે, તેવી વેળાએ, તેમજ જ્યારે તે ઝનુનમાં ચઢી દોડતો હોય યા શેકારીને હાથે એજાન થતો હોય ત્યારે પણ તે પક્ષીઓ તેની સાથેજ પુર જોશથી ઉડયા કરેછે, આ પ્રાણી ઘોડા કરતાં પણ અતિ ઝડપથી દોડી શકેછે.

ગેતીખરીદ—યાને "જગતને ખરીદ કરવી" એવો અર્થ થાયછે, તેના અર્થ મુજબ દુન્યામાં નેકીના કામો કરવાં કે જેથી મીનોધમાં હમેશગીનું સુખ મળે. પણ જરતોસ્તીઓનાં એત્તેકાદ મુજબ ગુજરેલાંની નૈયતે ૯ દિવસવેર ઇજશને કરાવવાની ક્રિયા મુવેલાં તેમજ જીવતાંને માટે કરી શકાયછે.

ગેતુલીયા—આ આફ્રિકાનું પ્રાચીન શેહેર નુમિદાની દક્ષિણે અને શાહારાના રણની પશ્ચિમે છે. અત્રે આફ્રિકાની ઉત્તર તથા ઉત્તર પશ્ચિમ ભણીના ટોળાની વસ્તી છે. તેઓ રંગે તદન કાળા નથી, તોય તેઓ સિદ્ધીઓના જેવા હોય છે. તેઓ લડાયક છે, પણ રીતભાત જંગલી છે.

ગેબોન—આ ફ્રેન્ચ થાણું આફ્રિકાનાં પશ્ચિમ કિનારાપર એટલાંટિક અને મધ્ય કાંગોની વચ્ચે છે. એની ઉત્તર સિમા જર્મનપ્રાંત કેમરોન્સને વળગેલી છે. દક્ષિણ છેડો પોર્ટુગીજ કેબીન્દા અને કાંગોના રાજ્યને મળેછે, એની પૂર્વે મોબાનગી છે. ક્ષેત્રફળ ૩૦૦૦૦૦ ચૌરસ મૈલ છે. ગેબોનનો પોહળો ભાગ ૧૦ મૈલ ને ભૂમધ્ય ભાગની લંબાઈ ૪૦ મૈલ હોઇ તે ૬ થી ૧૨ માઇલ પોહળો થતો વધે છે. ઉત્તર તરફનો ભાગ પાહાડી ને ઉંચોછે અને દક્ષિણુભાગ નીચો ને સરદ છે. કીનારા તરફની આબો હવા તંદરોસ્તીને નૂકસાનકારક છે. સરાસરી પારો ૮૩ ડીગ્રી રહેછે. ટાપુ તરફનો ૨૬૦૦ ફીટ ઉપરનાં ભાગની આબો હવા તંદરોસ્ત છે. અત્રેથી ઈમારતી લાકડું, ગુંદર, હાતીદાંત, ગટાપરચા, નારીયળીનું તેલ, મગજ, સીસમ, પારો, શેરડી અને કેળા એ માલ મોકલવામાં આવેછે, ને પરદેશથી મીઠું, દારૂ, દારૂગોળો, બંદુક, તંબાકુ, કાપડ, લોહું, પીત્તળનાં તાર વગેરે આવે છે. આ દેશમાં ખેતીવાડીનું સર્વે કામ સ્ત્રીઓ કરે છે. અત્રેની પ્રજા 'બંટુ'ને નામે ઓળખાય છે. આ દેશમાં બકરાની મોટી પેદાશ થાય છે, છતાં તેના ઉનનો વેપાર તેઓ કરતા નથી. આ આફ્રિકન દેશ ૧૫ મી સદીમાં એક સ્પેનિયર્ડે શોધી કાઢયો હતો. ૧૮૪૨ માં ગાબોનની નદી પાસે ફ્રેન્ચોએ પેહેલું થાણું કર્યું હતું.

ગેબોન—ઇસ્ટ ઇંડીયામાં વસતા આ પુછડી વગરનાં વાંદરા ચીંપાન્ઝી અને ઓરાંગ ઉટાંગને મળતો આવેછે, પણ તેના હાથકદનાં પ્રમાણમાં અતિશય લાંબા હોયછે, આ પ્રાણી જંગલોમાં વસેછે. એના લાંબા હાથને લીધે તે એકથી બીજા ઝાડપર ઝાઝા દોડી શકતા નથી, તેમજ જમીનપર ચપળાઇથી દોડી શકતા નથી. એના પગનાં તળીયાનાં નખ આંગળાં હેઠળ વળેલાં હોય છે. એના જાતી વર્ગ ૮ છે. 'લારગેબોન'ની જાત હિંદુસ્તાનના પુર્વ ભાગમાં મળેછે. ચંચલ ગેબોન સુમાત્રામાં મળેછે. સુમાત્રાનાં ગેબોન એટલા તો ચપળ હોયછે કે તેઓ અતિ લાંબા છેટાપર આવેલા ઝાડપર કુદતા ફરે છે. 'વાઉવાઉ' ગેબોન મલાક્કામાં તથા સેન્ડાના ટાપુમાં મળે છે. 'હુલક' જાતના ગેરોની ટેકડીઓમાં મળે છે. 'સીયામીંગ ગેબોન સુમાત્રામાં મળે છે, પણ તેમનાં હાથે આંગળાં જોડાયલાં હોઈ તેઓ સુમાત્રાની જાતથી વેગળા હોય છે. હાલમાં આ પ્રાણીનો મુખ્ય જથ્થો દક્ષિણ પૂર્વ એશિઆમાં મળે છે. એઓ કદે માણસ જેટલા હોય છે.

ગેબ્રિઅલ—અથવા ગબ્રાયલનો અર્થ "પેહેલો નર" એમ થાય છે. યાહુદી તથા ખ્રિસ્તી વગેરે ધર્મ મત મુજબ ગેબ્રિઅલ ખુદાનો પેગામ લઇ જનાર ફરેસ્તો છે. મોહમેદનો એને 'જીબરાઈલ' ફરેસ્તા તરીકે ઓળખે છે અને તે ખુદાના તખત પાસે રહેછે એમ જણાવે છે. એ સત્યતાપર મવક્કલ છે. એણેજ મહમદ પેગંબરને કોરાન ભેટ કર્યું હતું.

ખ્રિસ્તી ધર્મ પુસ્તક બાઇબલનો એક ભાગ 'સેન્ટ લ્યૂક' લખ્યોછે. તેમાં જણાવવામાં આવેછે કે "ગબ્રાયલ ફરેસ્તાએ આવીને પેગંબર જ્યૂજસની માતાને ખુદા તરફથી સંદેશો પોંહચાડીયો કે "પવિત્ર આત્મા" ની મારફતે તેણી ગર્ભવંતી થશે ને એશુનો જન્મ આપશે. વળી ગબ્રાયલે તેણીને બીજી ખબર આપી હતી કે તેણીની પવિત્ર બેહેન ઇલીઝાબેથના ભરતારની અરજ જે કે અત્યાર સુધી તેણી વાંઝણી હતી અને તેણી ઘરડી થઇ છે તોપણ ખુદાએ મેહેરની રાહે સાંભળી છે, અને તેણીને ૬ ઠો મહિનો છે. ગબ્રાયલે એજ પ્રકારની ખબર ઇલીઝાબેથના ભરતારને પણ આપેલી જણાવવામાં આવેછે. અને તેણે તે ખબર આપી ત્યાંસુધી ઇલીઝાબેથ ગર્ભવંતી હોવાની વાત કોઇને ખબર નહોતી. તે શિવાય ગેબ્રિયલની વાતો જગેજગ ખ્રિસ્તી ધર્મ પુસ્તકોમાંથી મળેછે.

ગેરામ—એ જબારૂપ વજરનો બેટો હતો. એણે અરબારૂપ સાથની લડાઇમાં ભાગ લીધો હતો પણ પેહેલીજ લડાઇમાં માર્યો ગયો હતો.

ગેરૂ—આ જાતની મોટાડી તલેવાર આવે છે. એની રજ્જે અતિ સૂક્ષમ હોઇ તે પાણીમાં તરત પિગળે છે, અને સ્પર્શ કરવાથી હાથને રંગે છે. એ ૩ પ્રકારનાં હોય છે. લાલ રંગનો ગેરૂ ભારી અને તેનો સેહેજમાં ભુકો થઇ શકેછે. તે જીભને લગાડતાં ચોંટી જાય છે અને હાથને નરમ લાગેછે. બીજા બે પ્રકારનાં લાલ રંગના હોયછે. રાતા ગેરૂનાં બે પ્રકાર હોઇ તેને 'લાલકાવ' અને 'સામકાવ' એ નામો છે.

ગેલવેનાઈઝિડ આયર્ન—આ બનાવટી લોહાનાં પત્રાં બનાવવા, પ્રથમ લોહાનાં પતરાંને અતિ સફાઇદાર બનાવી તેને જસતનાં ઉકળતા રસમાં બોળી કાઢી તેને જસતનું ચળકતું પડ આપી સફાઇદાર નવીજ ધાતુના પતરાનું રૂપ આપવામાં આવે છે, તેને ગેલવેનાઈઝડ આયર્ન કહેછે. આ પતરાનાં છાપરાં, કુંડા, હાંડા વગેરે અનેક જાતનાં ઘરગતુ તથા કારખાનાને ઉપયોગી ચીજો બનાવી શકાયછે.

ગેલેટિયા—પ્રાચીન ભૂગોળ મુજબ આ એશિઆ માઇનિર માહેલો એક દેશ બિથાનીઆ અને પાફ્લગોનિયાની ઉત્તરે ઓલીમ્પસ પર્વતને લીધે જૂદો પડેછે. એની ઉત્તર દક્ષિણે કેપેડોશિઆ ને લાઇસેનિયા, પશ્ચિમે ફ્રેરેગુઆ છે. આ દેશ સમુંદ્ર સપાટીથી ૨૦૦૦ થી ૩૦૦૦ ફીટની ઉંચાઇ ઉપરછે. આ દેશમાં મુખ્ય ઘાસ ચારો ઝાઝો થતો હોવાથી બકરાંઓ ઉછેરવાનો મુખ્ય ઉધોયોગ ચાલે છે. ગેલેટિયાનો પશ્ચિમ ભાગ સેંગેરિયસ નદીના પ્રવાહથી ફળદ્રુપ બનેલો છે. આ દેશમાં ગર્મિ ને થંડી એવી બે મુખ્ય ઋતુઓ છે. આ દેશની મર્યાદા જૂદી જૂદી વેળાના ફેરફારોથી ઉલટાઈ ગયેલી છે. પ્રાચીન કાળમાં એ ફ્રિજીયાનો એક ભાગ ગણાતો હતો.

ગેલેરીયસ—અથવા ગેલેરીયસ, વેલેરીયસ, મેકસિમીનિયસ. આ રોમન શેહનશાહ એક ગરીબ માય બાપને પેટે "સારડીકા" ખાતે જનમ્યો હતો, શેહેનશાહી લશકરમાં નોકરી મેળવી પોતાની જાતી ચંચળાઇથી મોટે દરજ્જે પુગ્યો હતો. ઇ. સ. ૨૯૨ માં ડાઇકલેશને એને સીઝરનો ખેતાબ બક્ષી પોતાની બેટી સાથે પરણાવ્યો હતો. ઈ. સ. ૨૯૬-૭ માં એણે ઈરાનીઓ સાથે લડાઇ ઉઠાવી તેમાં પ્રથમ એણે જીત મેળવી હતી. સેવટે ઈરાની પાદશાહ "નારસી"નાં સૈન્યને હરાવ્યું હતું. ઇ. સ. ૩૦૫ માં ડાઈકલેશને રાજીનામું આપ્યા પછી ગેલેરીયસ અને કોંન્સટન્ટિમસ ક્લોરીયસ એ બે જણ રોમન શેહેનશાહતપર સાથે રાજ્ય કરવા લાગ્યા; તેમાં ગેલેરીયસ પૂર્વ ભાગ ઉપર ધ્યાન આપતો હતો.

કૉન્સટન્ટીમસ ઇ. સ. ૩૦૬ માં યૉર્કમાં મરણ પામ્યો. તેના લશ્કરે બ્રિટન અને ગૉલમાં કૉન્સટટિમસના પુત્રીની આણ ફેરવી તેથી પૂર્વ તરફજ ગેલેરીયસ પોતાની સત્તા ઇ. સ. ૩૧૧ વેર ચલાવી મરણ પામ્યો.

ગેલેસિયા—આગળ સ્વતંત્ર રાજ્ય તરીકે અને પાછળથી પ્રાંત તરીકે એ સ્પેનનની ઉત્તર પશ્ચિમમાં આવેલેા દેશ છે. એની ઉત્તરે અને પશ્ચિમે એટલાંટિક, દક્ષિણે પોર્ટુગલ અને પૂર્વે લીઓન ને આસ્ટ્રીયા છે. એનું ક્ષેત્રફળ ૬૧, ૩૪૦ ચૌરસ મૈલ છે.

ગેવ (જુઓ ગીવ.)

ગેસલાઇટ—(જુઓ ગયાસલાઇટ)

ગેહુ—ગેહ પાંચ છે—હાવન ગેહ, રપિથ્વનગેહ, ઉજ્જરનગેહ, અધવિ શરૂથેમગેહ, ઉશહેનગેહ.

પેહેલવીમાં ગેહને 'ગાસ, અને ફારસીમાં ગાહ બેાલ છે. પુરાતન ઇરાનીઓએ ૨૪ કલાકનાં ઠેરવેલા વખતને ગેહને નામે ઓળખતા હતા.

ઉશહેનગેહનો વખત મધરાતથી બામદાદ સુધીનો યાને રાતે બારથી સહવારે ૬ વાગા સુધી. હાવનગેહનો વખત સૂર્યના ઉગવા પછી માથા પર આવે ત્યાં સુધી. રપીથવન ગેહનો વખત સૂર્ય માથે આવ્યા પછીથી તે નમતેા થવા વેરનેા. ઉજ્જરન ગેહનો વખત સૂર્ય નમતેા થવા પછી સાંજે તારા જણાય ત્યાંવેરનેા; અધવિશરૂથેમ ગેહનેા વખત સાંહજે તારા દેખાવા માંડે ત્યારથી તે મધરાત વેરનેા.

ગેળ—એક જાતની વનસ્પતિ. આ વનસ્પતિના ગુણ વિશે સુશ્રુત મુનીએ વર્ણુન કરેલું છે, ડૉ૦ મેાહિદ્દીન શરીફે એના અનેક પ્રયેાગ કરી તેનાં ફળની છાલ કાઢી નાખી માહેલા ગરની ભુકી ૧ થી ૨ માસા પાણીમાં પાવાથી 'વામીટ' થતી જણાવી હતી.

ગેાકર—આ અતિ સુંદર પુલઝાડ બિયાંથી ઉત્તમ પ્રતિની જમીનમાં ઉગી શકેછે. એનીપર ચાર દિવસ આંતરે પાણી સીપવું પડે છે, એના પાંદડાં કાળા લીલા રંગનાં હેાયછે, થંડીની રૂતુમાં એની ઉપર આસમાની રંગનાં સુંદર પુલેા આવેછે.

ગેાકર્ણ—હિમાલય પર્વત ઉપરનું તિર્થ, (૨) નિષાધ પર્વત. (૫) દંડકારણ્યમાંનુ ક્ષેત્ર, અત્રેજ કુંભ કર્ણે તપશ્ચર્યા કરી હતી.

ગેાકર્ણી—(જુઓ ગરણી)

ગેાકલાદીજ—(જુઓ કુકલાદીજ.)

ગેાકળ ગાય—આ પ્રાણીના અંગ ઉપર શંખ હેાયછે અને તેજ તેનું મકાન ગણાયછે. એને ૪ શિંગડાં હેાયછે તેમાંના બે શિંગડાના છેડા ઉપર આંખેા હેાયછે, આ પ્રાણીની આવરદા વિશે ચેાકસ જણાયું નથી, પણ તે લાંબા કાળ સુધી ગમેતેવી બીકટ સ્થિતિમાં પણ જીવી શકે છે એમ તેની અજબ જીવન શક્તિ ઉપરથી ધારી શકાયછે, પથ્થર, લાકડું, રેતી વગેરેમાં પુરી નાખવા છતાં તે પાંચથી ૬ વર્ષે પાછી જીવતી નિકળેલી જણાઇ છે, લંડનમાં કેટલીક ગેાકળગાયેાને બંધીયાર પેટીમાં બેથી અઢી વર્ષ વેર રાખી જોવામાં આવી હતી, પણ પાણીમાં નાખતાં તે ફરી જીવતી થઇ હતી. આ પ્રાણી કેયે પણ પુરાઇ જતાં ઉંઘવા માંડેછે અને જ્યારે તેને થંડી વસ્તુનેા સ્પર્શ થાયછે ત્યારે ફરી જાગ્રત થાયછે. ઇજીપ્તથી પેરીસમાં ખાવાના ખેારાક થકી ગેાકળગાયેા વેહેરમાં પેક કરી મેાકલવામાં આવેછે, છતાં મહિનાઓ પછી પણ તેઓ જીવતી માલમ પડી છે.

વનસ્પતિનાં બિયાં પ્રમાણે આ પ્રાણીના ઈંડા પવનમાં ઉડી એક ગામથી બીજે ગામ જઇ ચેામેર ફેલાય છે, અને એવા ઉડતા ઈંડાની મદદથી તેમની વસ્તી દુનિયામાં ચેાતરફ ફેલાય છે. એક ગેાકળગાયનું જોડું સાધારણ રીતે ૩૦૦ બચ્ચાં એક વર્ષમાં ઉત્પન્ન કરી શકે છે. કેટલીક ફળદ્રુપ જોડીઓ વર્ષમાં ૭૫૦ બચ્ચાં વધારી શકે છે.

કેટલાક દેશેામાં ગેાકળગાય ઝાડ ઉપર વસે છે; જેઓ કદમાં અતિ મેાટી હેાઇ તે પેાતાના કેાટલાં સુદ્ધાં એક રતલ વજનમાં

હેાયછે. આ ગેાકળગાયનાં ઈંડા કદે તથા દેખાવે લગભગ કબુતરનાં ઇંડા જેવડાં હેાયછે. કેાહેલી વનસ્પતિમાં તેઓ ઇંડા મેલી, તેનાં કેાહવાટની ગર્મીથી તેનું સેવન થવા દેછે, અને પછી તેમાંથી આપેાઆપ ઇંડા નિકળે છે. કેટલાક થંડા દેશેાની ગેાકળગાયેા થંડીની ઋતુમાં ખાડા ખણી તેમાં પેાતાનાં કેાટલામાં બરાબ જઇ તેના દ્વાર બંધ કરી મેાસમ પુરી કરેછે.

આ પ્રાણીને કેાઇપણ જાતનેા ભાજીપાલેા ખેારાક તરીકે ખવાડી શકાય છે. જે ઝાડનાં પાંદડાં એ ખાય છે તે ઝાડનેા સ્વાદ અને વાસ તેના માંસમાંથી જણાઇ આવે છે, અને તેથી તેને ખાનારા માનસેા કેાઇપણ ઝેરી વસ્તુનેા તેમાંથી વાસ આવતાં તેઓ તેવી ગેાકળગાય ખાતા નથી. આ એક ખાનારને અગત્યની ચેતવણી છે. પણ આવડી મેાટી સાહુચેતી રાખ્યા છતાં કેટલાકેા ગેાકળગાય ખાધા પછી મરણ પામેલા નેાંધાયા છે. આ પ્રાણીને ખાવા માટે ઘઉં, રાઇ વગેરે પદાર્થ ખવડાવી પુષ્ટ બનાવી શકાય છે. હાલના જમાનામાં તે તમામ યૂરપમાં ખવાય છે.

પ્રાચીન જમાનાથી આ પ્રાણી ખાવાની એક વાણી તરીકે જાણીતું છે. એટલુંજ નહિ, પણ રેામન લેાકમાં ગરીબ તેમજ તવંગરની ખાણાની ટેબલ ઉપર બીજી વાણીઓ સાથે ગેાકળગાય જોવામાં આવતી હતી.

આરેાગ્યતા રક્ષણ શાસ્ત્રનાં કુશળ વિદ્વાનેા જણાવે છે કે "ગેાકળગાયમાં પુષ્ટીકારક ખેારાકનાં તત્વેા ૧૭ ટકા જેટલાં છે અને તેનેા ખેારાક ખાધાથી કાલુ માછલી ખાધા જેટલેા તકરેા મળે છે."

ફ્રાન્સમાં આ પ્રાણી એક સ્વાદિષ્ટ ખાણા તરીકે જાણીતું હેાવાથી તે ત્યાંનાં બજારેામાં રેાજ ૧,૦૦,૦૦૦ રતલ વેચાય છે. ગેાકળગાયનેા આવેા મેાટેા રેાજીંદેા ખપ હેાવાથી ફ્રાન્સનાં જૂદાં જૂદાં ઇલાકાનાં ખાસ બાગેામાં તેને મેાટા પાયાપર ઉછેરવામાં આવે છે. આવી રીતે ઉછેરવામાં આવતી ગેાકળગાયેાને સુગંધીત ભાજીપાલેા ખાવા આપવામાં આવેછે કે જેથી તેમનાં માંસમાં પણ ખુશબેાદાર સેાહરમ આવે છે.

સ્વિસ લેાકેાથી વસાયલાં ઘણાક સંસ્થાનેામાં ગેાકળગાયેા ઉછેરવાના મેાટા બાગેાછે, અને ત્યાં પણ તેનેા બેાહેાળેા વેપાર ચાલે છે. આસ્ત્રીયા, સ્પેન, ઇટલી, ઇજીપ્ત અને ભૂમધ્ય સમુદ્રના આફ્રિકા ખંડની બાજુના વસતા લેાકેા પણ એનું માંસ ખાય છે.

ફ્રાન્સનાં કેટલાક તબીબેા છાતીનાં દર્દો નજલેા અને ગેાળાના સેાજાને લગતાં દર્દો, માટે ગેાકળગાયની બનાવવામાં આવતી ચેાકસ દવાઓ ફરમાવે છે અને તે દવા દર્દોપર અકસીર પુરવાર થએલી છે.

ગેાકળદાસ તેજપાલ—આ પ્રસિદ્ધ પરેાપકારી પુરૂષનેા જન્મ ઇ. સ. ૧૮૨૨ માં થયેા હતેા. પેાતાના કાકા નાનજીખટાઉ ૧૮૩૮ માં મરણ પામતાં તેમની છ થી સાત લાખની દેાલત અને વેપાર પેાતાને મળતાં વેપાર ઉદ્યેાગમાં સ્વતંત્રાથી વર્તી કુનેહથી વેપારમાં ફાવી મેાટી દેાલત મેળવ્યા ઉપરાંત ૧૮૬૦ થી ૬૪ સુધીના અમેરિકન લઢાઇ પ્રસંગે ૂનાં વેપારમાં મેાટી દેાલત મેળવી હતી.

ચૈસાના વધારા સાથે ઉદાર વૃત્તિથી સખાવતેા કરવા માંડયાંથી ગેાકળદાસ તેજપાલનું નામ મુંબઇ નગરીમાં મશહુર થયું હતું.

ગેાકળદાસ તેજપાલે ઇ. સ. ૧૮૫૨ માં પેાતાના દેશ 'કાઠાર' તરફ મુસાફરી કરી એક લાખની સખાવત કરી હતી. ૧૮૫૩ માં જાત્રા કરી ત્યારે બે લાખ રૂપ્યાની સખાવત કરી હતી. તે પછી ૧૮૫૪ માં ૨૦ હજારને ખર્ચે બાહારકેાટ માંડવી લત્તા ઉપર એક ગુજરાતી ઇંગ્રેજી શાળા પેાતાને ખર્ચે ચાલુ કરી હતી. તે પછી ૧૮૫૯ માં બીજી સરકારી નિશાળ પણ પેાતાનેજ ખર્ચે પેાતાના નામ સાથે જોડી નાખી હતી. ૧૮૬૬ માં કરાફર્ડ માર્કીટ સામેનાં મેદાનમાં એક હસ્પીતાલ બાંધવા રૂ. ૧,૫૦,૦૦૦ સરકારને આપ્યા હતા, જે મકાન ૧૮૭૨ માં ખુલ્લું

મેળાયું હતું. એમનું મરણ ઈ. સ. ૧૮૬૭ માં નીપજ્યું હતું તે વેળા કરેલા વશીઅતમાં પોતાનાં નાણાંનો નીચે મુજબ ઉપયોગ કરવા ત્રસ્ટીઓ નેમી તેનો કારોબાર ચલાવવા નીચે મુજબ ખાતાંઓ સ્થાપી ગયા હતા.

૨૦૦૦૦). મુંબઇમાં હિંદુ છોકરાંઓને માટે એક બોર્ડીંગ સ્કુલની ઈમારત બાંધવા માટે રૂ ૪૦,૦૦૦ તથા તેનો જથુક ખર્ચ નિભાવવા માટે અનામત રૂ ૧,૬૦,૦૦૦ મળી બે લાખ રૂપ્યા.

૧,૨૦,૦૦૦) મુંબઇનાં હિંદુઓને સંસ્કૃત શિખાડનારી પાઠશાળા માટે એક મકાન બાંધવાને રૂ ૪૦,૦૦૦ તથા તેનો ખર્ચ પુરો પાડવાને રૂ ૮૦,૦૦૦.

૫૨,૦૦૦) મુંબઇમાં હિંદુછોકરાંઓની નિશાળ કાઢવા માટે રૂ ૪૦,૦૦૦ તથા તે મધે અને આગળની બીજી બે મળીને ૩ સ્કુલો મધે હુસ્યાર નિવડેલી છોકરીઓને ઇનામો વેંહેંચી આપવા માટે, દરેક નિશાળ ખાતે રૂ ૪૦૦૦ લેખે.

૫૦૦૦૦) મુંબઇમાં વકીલનાં ધંધાનું કામ શીખનાર ભાટીઆ તથા બીજા હિંદુ વિદ્યાર્થીઓને મદદ આપવા માટેનાં ૪ ડંડાં.

૫૦,૦૦૦) મુંબઈની નિરાશ્રીત ભાટીયણ વિધવાઓને મદદ માટે.

૩૫,૦૦૦) મુંબઇમાં લક્ષ્મી નારાયણનું દેહેરું બાંધવા તથા તેના જથુક ખરચનાં

૨૫,૦૦૦) મુંબઈના ભાટીયાઓની છોકરીઓને પરણાવી આપવા માટે.

૨૫,૦૦૦) મુંબઇમાં ભાટીઆઓનાં નિરાશ્રીત છોકરાઓને મદદ આપવા માટે.

૨૦,૦૦૦) મુંબઇમાં માંડવી આગળની નિશાળને ફંડમાં પોતાની હૈયાતીમાં આપેલા.

૨૦,૦૦૦) મુંબઇમાં મુંબાદેવીની પાસે સ્થાપેલી નિશાળ ફંડમાં. (હાલ રામ વાડીમાં).

૧૧,૦૦૦) મુંબઇની ઉદ્યોગશાળા, બોર્ડીંગ સ્કુલ તથા બીજી નિશાળો માટેના ફંડને.

૫૦૦૦) મુંબઇના નિરાધાર ભાટીઓની ક્રિયા ફંડમાં, મળી રૂ ૬,૬૩૦૦૦ આપવા ફરમાવ્યા ઉપરાંત નીચલી રકમો બીજી આપી હતી.

૫૦૦૦૦) કચ્છ માંડવી તરફ ઇંગ્રેજી સ્કુલ સ્થાપવા માટે.

૪૫૦૦૦) કચ્છ માંડવી તરફ સંસ્કૃત સ્કુલ સ્થાપવા માટે.

૩૦,૦૦૦) કચ્છના કોઠારા ગામમાં ધર્મશાળા, અને તેને લગતું મંદીર બાંધવા, તથા તે મંદીરમાં લક્ષ્મી નારાયણની મૂર્તિ સ્થાપવા માટેના ફંડમાં.

૧૦,૦૦૦) કોઠારા ગામમાં એક તલાવ બાંધવા માટે.

૧૦,૦૦૦) કચ્છના જખવમાં ગુજરાતી શાળા સ્થાપવા માટે.

૧૦,૦૦૦) કચ્છનાં 'નલીઆ' ગામમાં ગુજરાતી સ્કુલ સ્થાપવા માટે.

૧૦૦૦૦) કચ્છનાં વિજાંણુ ગામમાં ગુજરાતી શાળા સ્થાપવા માટે અને તે ઉપરાંત પોતાના કુટુંબીઓને ૧,૯૦૦૦૦ની બક્ષીસ કરી, એકંદર સખાવત ૧૦,૨૮,૦૦૦ ની કરી હતી.

ગોકાક—એજ નામના પ્રગણાનું મુખ્ય શેહેર બેલગામની ઉત્તર પૂર્વે ૪૨ મૈલ ઉપર છે. ૧૮૭૨ માં લોક વસ્તી ૧૨૬૧૨ ની ને ૧૮૮૧ માં ૧૦૩૦૭ ની હતી. આગળ આ ગામમાં રંગવા તથા વણવાનો હુન્નર મોટા પાયાપર ચાલતો હતો પણ હાલમાં તે વેપાર પડી ભાગ્યો છે. અત્રે જાડા કાગળો બનાવવાનાં અનેક કારખાનાઓ છે.

ગોકુળ—મથુરા જીલ્લામાંનું એક ગામ. જમના નદીના પૂર્વ કિનારાપર મથુરાની દક્ષિણ પૂર્વે ૬ મૈલ ઉપર છે. અત્રે શ્રી વિષ્ણુએ કૃષ્ણ અવતાર માટે જન્મ લીધો હતો. ૧૬ મી સદીમાં થઇ ગએલા વલ્લભસ્વામીએ પ્રથમ અત્રે પોતાનો ધર્મ જાહેર કર્યો હતો.

ગોકુળજી ઝાલા રાવ બહાદુર—આ વિદ્વાન નરની અસલ અટક 'કચ્ચોલા' હતી, પણ ઝાલાવાડના રાજ્યમાં તેમના વડવા રહેવે તે

બદલાઇ હતી. એમના મૂળ વડીલ મોરારજી ઝાલા જુનાગઢમાં વસ્યા હતા, તેમના બે પુત્રો માહેલા નાહના રૂદરજી ઝાલા જુનાગઢના નવાબ બહાદુરખાનજીના કુટુંબના મુખ્ય કારભારી થયા પછી ૧૭૭૧ માં મરણ પામ્યા હતા. તેમના પુત્ર અમરજી ઝાલાએ રાજ્યમાં ઉપયોગી કામો કરી અનેક જહાગીરો મેળવી ૧૮૨૧ માં મરણ પામ્યા હતા. તેમના પુત્ર ઇંદ્રજી દીવાન પદ પામ્યા પણ ૩ વર્ષ બાદ દીવાનપદ બેાર મરણ પામતાં એમનું કુટુંબ ગરીબ અવસ્તામાં પડ્યું હતું. તેમના પુત્ર સંપતરાવને ત્યાં ગોકુળજીનો જન્મ ૧૮૨૪ માં ૧૩ મી જુલાઇએ થયો હતો. ગોકુળજી ફારસી, ગુજરાતી તથા સંસ્કૃત ભાષા જાણતા હતા. ૧૮૪૮ માં એવન નવાબ આહમદખાનજીને સમયે નાયબ દફતરી તરીકે જગા મેળવી ૧૮૫૧ માં નવાબ સર મોહમતખાનજીને સમયે વડા દફતરી થયા હતા. ૧૮૬૦ માં પોતાની ચાલાકીથી રૂ ૪૨૫૦ ના વર્ષાસને મુખ્ય દીવાનપદ પામ્યા ને ૩ વર્ષ પછી "બક્ષુસીય દસ્તઘા" નો બેતાબ પામ્યા હતા. તે સમયે વાઘેર પ્રજાએ તુફાનો કરવા માંડયાં હતાં. તે તુફાનો ૧૮૬૮ માં એવણે દાબી દીધાં હતાં. તે વેળા મનજી નામના એક જાણીતા ગ્રહસ્થપર વેર લેવા માટે ખટપટીયા શખસોએ તેનીપર વાઘેરાઓને મદદ કરવાનું તોહમત મેલી તેને કોર્ટમાં ઘસડયો હતો, તે વેળા તેના ઇન્સાફમાં નેમાયલા અસેસરોમાં ગોકુળજી એક આગેવાન હતા. અને તેમાં તે ઘણી આબરૂ સાથે છુટી ગયો હતો. ૧૮૭૦ માં કાઠીયાવાડનાં દેશી રાજા અને ગરાશીઆઓ વચ્ચે તકરાર ઉઠવે ત્યાંના પોલિટીકલ એજંટે ગેરકાયદે ગરાશિઆ અને ભાયાતો તરફથી વચ્ચે આવવે, પેહેલ્લા વર્ગના રાજ્યના કારભારીઓએ તે વિશે મુંબઇની સર સેમોરરીટઝરલ્હની સરકારને ફરીયાદ કીધી. તેમના આગેવાન ગોકુળજી હતા અને તેમાં તેઓ ફતહે પામવે ગોકુળજીને ઘણું ખમવું પડ્યું અને તેથી દુર અંદેશી પોંહચાડી પોતાનાં રાજ્યને અલવત્ર આવે તેથી રાજીનામું આપ્યું પણ નવાબે એમને એમનો ચાલુ પગાર ખાનગી રીતે આપતો કર્યો હતો. ટુંક વખત પછી મી૦ પીલ નામનો બીજો પોલીટિકલ એજંટ તેમાતાં ગોકુળજી ફરીથી દીવાન પદ પામ્યા.

દીવાન પદપર ફરી તેમાતાં ગોકુળજીએ જુનાગઢ રાજ્યની કિમતી સેવા બજાવી તેને લગતા દાવા તથા હકકો સામેતપણે નક્કી કોધા અને રાજ્યની સત્તામાં મકકમ વધારો કર્યો તથા ગરાશીઆઓએ દબાવેલાં ગામો પાંછાં મેળવ્યાં અને નવાબ બહાદુર ખાનજીને તખ્તે આવવાના હકકોનું નક્કી કરીઆથી નવાબે ગુડાલા ગામ વંશ પરંપરાએ બક્ષેસ કર્યું. ૧૮૭૭ માં એમને લૉર્ડ લીટને રાવ બહાદુરનો ખેતાબ એનાયત કર્યો હતો. એઓ 'ધ્રસ્ટ ઈડીયા એસોસીએશનના લાઇફ મેમ્બર તેમજ રૉયલ એશીઆટિક સોસાયટી તથા બુદ્ધિવર્ધક ને જ્ઞાનપ્રસારક મંડળીના સભાસદ હતા. ગુદાલા તથા ગાગેચા ગામ ઉપર એમનું કુટુંબ સુખત્યારી ભોગવે છે. એમનું મરણ ૧૮૭૮ માં ૨૮ મી નવેંબરે નિપજ્યું હતું.

ગોખરૂ—આ ગોખરૂ વેલાપર ઉગે છે. એના પાંદડાં તલનાં પાંદડાં જેવાં ઝીણાં હોય છે. તેનું શાક બને છે. કાંટાદાર ગોખરૂ ઘણુકરી ચીકાસદાર જમીનમાં જોરથી ઉગેછે. એના વેલા ચોમાસામાં પુશકળ થાય છે. એનીપર વર્ષમાં એકજ વેળા ફળો આવે છે. આ ગોખરૂપર ઝીણાં કાંટા થતાં હોવાથી તેની વાડમાં કોઇથી પ્રવેશ કરી શકતો નથી. એ ઔષધિ ઉપયોગમાં વપરાય છે.

મોટાં ગોખરૂની જાત મહેસુર પ્રાંતમાં તથા ઘાટપર અને ત્રાવણકોરમાં ઉગે છે. તેમજ કારોમાંડલના કોસ્ટાપર પણ તે ઉગે છે. એની બે જાતો હોયછે તે મુખ્ય કરી ગુજરાત, કાઠીઆવાડ તરફ ઉગે છે. એના ફળપર

કાંટો હોઇ તે તેલીયા હોય છે. લૂ લાગી હોય તો ગોખરૂની ભૂકી સાકરમાં છુંદી ખાવા આપવામાં આવે છે. દેશી હકીમો પરમા ઉપર એનો બોહોળો ઉપયોગ કરેછે.

ગોખરૂબોડા—એ ગોખરૂનાં નાહના ઝાડ વર્સાદમાં ઉગે છે. એનીપર નાહના બોર જેવડાં ફળો આવેછે, તે ઉપર ૪ કાંટા રહે છે. નાહનાં કાંટાવાલા ગોખરૂબોડા ગોખરૂથી ભિન્ન છે. ગોખરૂ પૌષ્ટીક અને ગુણકારી હોવાથી તે ઔષધિ ઉપયોગમાં યોજેલું છે.

ડૉ૰ ગોટલીબ વિલ્યમ લીટનલ—આ પૂર્વ દેશના ભાષાના વિદ્વાનનો જન્મ ઇ૰ સ૰ ૧૮૪૦ માં ૪ થી અકટોંબરે હંગેરીના રાજ્યધાની શેહેર "પેસ્થ"માં થયો હતો. બચપણમાં ઇસ્તમબોલ, ઘુસા, માલ્ટા અને લંડનની કિંગસ કૉલેજમાં કેળવણી લઇ ઇ૰ સ૰ ૧૮૫૫ માં રશિઅન લઢાઇ દરમ્યાન બ્રિટીશ કેમેસરિયટ ખાતામાં દુભાશિયાની નોકરી મેળવી હતી. ૧૮૫૯ માં લંડનની કીંગસ કૉલેજમાં અરેબીક, તર્કીશ તથા ગ્રીક ભાષાના ભાષણકર્તા તરીકેની નોકરી મેળવી હતી.

૧૮૬૧ માં ઐજ કૉલેજમાં અરબી અને ઇસલામી કાયદાના પ્રોફેસરની પદ્વિ મેળવી, ૧૮૬૨ માં ફ્રેઇબર્ગની યૂનિવરસિટીએ માસ્તર આવ આર્ટસ અને ડૉકતર ઓવ ફીલોસોફીની માનવંત ડીગ્રીઓ આપી હતી.

ડૉ૰ ગોટલીબ લાહોર ખાતેની કોલેજનાં પ્રીન્સીપાલ તરીકે હીંદમાં આવ્યા પછી પંજાબના યૂનીવરસીટીના રેજીસ્ત્રારનું પણ કામ બજાવ્યું હતું, હીંદ અને બીજા દેશોમાં ડા૰ લીટનરે ૭૦ ખાતાઓ સ્થાપન કર્યા હતા, તે શિવાય અરેબીક અને ઇંગ્રેજી ભાષામાં ૬ ચોપાનયાં પ્રગટ કર્યા હતા.

૧૮૬૬ માં દારદીસતાનની ભાષાઓ અને ત્યાં વસતી જાતોને લગતી શોધ કરી હતી. કાશ્મુલ, કાશ્મિર અને બદખશાન વચ્ચેની બીજી ભાષાઓ વિષે પણ શોધખોળ કરી યૂરપના ભાષાશાસ્ત્રીઓનું તેપર લક્ષ ખેંચ્યું હતું. ૧૮૭૩ માં વિએના શેહેરમાં ભરાયલા પ્રદક્ષણુમાં કેલવણીનો ફેલાવો કરવા થકી ગ્રાંડ ઇપલોમાં મેળવ્યો હતો.

યારકંદી કાશ્મીર તથા શિયાપોશી કાશ્મીરનેજ યૂરોપમાં આ વિદ્વાન પોતાની સાથે લઇ ગયો હતો. ૧૮૭૦ માં ગ્રીક બુદ્ધિસ્ત કોતર કામના જમીનમાં દટાયલા લેખો શોધી કાઢી તેની મદદથી સેકંદરના ગ્રીક અને બુદ્ધીસ્ત ધર્મ પાળનારાઓનાં ધર્મ તથા હુન્નર ઉદ્યોગ વચ્ચેનો સંબંધ દરશાવ્યો હતો. નામદાર માહારાણી માટે ખેતાબની શોધ એજ વિદ્વાને કરી "કયસરે હિંદનો ખેતાબ નક્કી કરાવ્યો હતો.

આ વિદ્વાનશાસ્ત્રી ૨૫ ભાષાઓ સારૂ બોલી, વાંચી, જાણતો હતો. અને પોતાના જ્ઞાનની ખીલવણી થકી પૂર્વ તરફના દેશોમાં અનેક મુસાફરી કરી સાહિત્યનાં ગ્રંથોમાં મોટો વધારો કર્યો હતો. મરણ ૧૮૯૯ ના માર્ચમાં નિપજ્યું હતું.

ગોદુ—આ દ્વિદળ ધાન્ય હિમાલયના પ્રદેશમાં પ્રસિદ્ધ છે, એનાં છોડ ૩ થી ૪ ફીટ ઉંચા વધેછે કે પછી તેનાં વેલા જેવા ફાંટા ફુટેછે, એના છોડપર ગુવારના જેવી શીંગ આવેછે અને તેમાંનુ બી તે કરતાં નાહનું હોયછે, એના ઉપરનુ છોકું કાઢતાં માહેલો મગજ પિળા રંગનો નિકળેછે. એના બિયાંને સુકવી તેનો લોટ બનાવી ગરીબો પોતાનાં ઉપયોગમાં લે છે.

ગોડફ્રે—આ શુરવીર યોદ્ધાએ પવિત્ર ભુમિ જેરૂસલેમને સર કરી પ્રસિદ્ધતા મેળવી હતી. એણે ધર્મ યુદ્ધ કરવા જતી વેળા પોતાનું સંસ્થાન ગીરો રાખી પૈસા કઢાવ્યા હતા, એણે મોટા પરાક્રમથી જેરૂસલેમ સર લીધું; ત્યારે સર્વ સેનાએ એને પોતાના રાજા તરીકે તાજ પેહેરવા વિનંતિ કરી ત્યારે એ બોલ્યો કે 'જે ભુમિમાં પ્રભુ જ્યુજસના માથા પર કાંટાનું તાજ દુશમનોએ પેહેરાવ્યું હતું તે ભુમિપર હું મારા માથા પર કદિપણ સુવર્ણ તાજ ધારણ કરીશ નહિ, પણ લશકરના

આગ્રાહથી પવિત્ર ભુમિનો રક્ષક અને પ્રતિપાલકની પદ્વિ માત્ર તેણે ધારણ કરી હતી.

ગોઠમડી—હિંદુસ્તાનમાં જગેજગ એના વેલા પાંચથી ૬ ફીટ જમીનપર પસરેલા જણાય છે. એની પર ભાદ્રપદ માસમાં ફળો આવે છે, આ ફળોપર લીલાપિળાં પટા હોયછે. ઉત્તમ જમીન ઉપર એના ફળો નાળીયર જેવડાં થાયછે, આ ફળો કુમળાં હોયછે, ત્યારે કડવાં હોયછે, જુના થતાં ખાટાં બનેછે, એનું શાક તથા અથાણું ઘણું સ્વાદિષ્ટ બનેછે.

ગોંડળ—આ જાડેજા રજપૂતનું દેશી રાજ્ય કાઠીઆવાડ દ્વીકાકામાં છે, આ રાજ્ય હાલાર પ્રાંતમાં હોઇ તેની ઉત્તરે નવાનગર તથા રાજકોટ સંસ્થાન, અને કોટણા સાંગાણી તાલુકો, પૂર્વે કાઠીઓના નાના તાલુકા, પશ્ચિમે નવાનગરનું રાજ્ય ને દક્ષિણે જેતપુર તથા બીજા નાહના તાલુકા છે. એના તાબામાં ૬૮૯ ચૌરસ મૈલ જમીન, ૧૭૯ ગામો ને ૧૮૮૧ માં લોક વસ્તી ૧,૩૫,૬૦૪ ની હતી, તેમાં ૧૦૫૩૨૯ હિંદુ, ૨૪૬૫૨ મોહમેદન અને ૫૬૨૩ પરજાતની વસ્તી હતી, રાજ્યની વાર્ષિક ઉપજ ૧,૨૫,૮૧૫ પૌંડની છે, તેમાંથી ગાયકવાડ, જુનાગઢ તથા બ્રિટીશ સરકારને જમાબંદી તથા જેરતલબીનાં ૧૧,૦૭૨ પૌંડ ભરવા પડેછે.

આ મુલકનો દક્ષિણ ભાગ ગીરનારના પર્વતોથી ખરબચડો બનેલો છે ને બાકીનો ભાગ સપાટ હોઇ ફળદ્રુપ છે, ગોંડળમાં ગોંડવી નામે નદી વહેછે. જંગલમાં હિંદુસ્તાનના જંગલોમાં વસતા હિંસક પ્રાણીઓ મળી આવેછે, દેશમાં મુખ્ય લોકવસ્તી રજપૂત, આહીર, ચારણ, કોળી, બ્રાહ્મણ, વાણીયા અને મુસલમાનોની હોઇ તેમની મુખ્ય ભાષા ગુજરાતી છે, ભાવનગર ગોંડળ રેલ્વેના ધોળા જંકશન નામે રેલ્વે સ્ટેશનથી લાડી, ચીતળ, જેતપુર અને જેતલસર ઉપર થઇ ધોરાજી સુધી એક રેલ્વે લાઇન જાયછે, તે લાઈનનો મોટો ભાગ આ દેશમાંથી પસાર થાયછે. દેશમાં દરેક જાતનું ધાન્ય, કપાસ, અને શેરડીની મોટી ખેતી થાયછે. રાજ્યને તાબે ૧૯૮ સ્વાર, ૬૫૯ પ્યાદલ, ૧૬ તોપો છે. દેશમાં ૩૮ નિશાળો હોઇ તેમાં ૨૫૫૬ વિદ્યાર્થીઓ ભણેછે.

મુખ્ય રાજ્યધાની શેહેર ગોંડળ છે, તે ગોંડળી નદીને કાંઠે આવેલું હોવાથી તેનું નામ ગોંડળ પડ્યું હતું, આ શેહેર પેહેલા કુંભોજીએ સ્થાપન કર્યું હતું, શેહેર ભવ્ય કિલ્લાથી ઘેરાયલું છે, શેહેરમાં માહારાજાનાં મેહેલો તથા સરકારી ખાતાંઓ સુંદર બાંધણીનાં બાંધેલાં છે, રેલ્વે માર્ગે ગોંડળ જવા જેતપૂરનાં રેલ્વે સ્ટેશનથી ઉતરી જવાય છે, ગોંડળથી જેતપુર ૨૦ મૈલ દુરછે, રાજકોટથી દક્ષિણમાં જેતપુરમાં જવાનો મોટો રસ્તો જે આવ્યો છે ત્યાં ગોંડળ વસાયલું છે. શેહેરમાં વસ્તી ૧૩૫૦૦ ની છે તેમાં ૮૦૦૦ હિંદુ, ૩૫૦૦ મુસલમાનો ને ૨૦૦ જૈન પંથીઓ વસેછે.

ગોંડળના રાજ્ય કર્તા સદીઓ થયાં રાજ્ય પદ ભોગવેછે, તેઓ જાતે જાડેજા રજપુત હોઇ રાજકોટના ભાયાત છે, ઇ. સ. ૧૩૫૦ માં મહમદ તઘલખ ગોંડળમાં બેમારીને સબબે આવી રહ્યો ને પછી સારો થતાં કચ્છ માર્ગે સિંધ ગયા પછી આ શેહેર ઉજડ થયું હતું પણ ૧૫૮૪ માં જુનાગઢમાં ઘોરી વંશનો અમલ ચાલુ હતો ત્યારે હમીરખાન ઘોરીએ નેમેલા અમલદારે આ ભાગ વસાવી આબાદ કર્યો, તે પછી ગોંડળના હાલના રાજાના મૂળ પુરૂષ કુંભોજીએ આવી શેહેર વસાવ્યું ને પોતાની ગાદી સ્થાપી.

કુંભોજી પછી સંગરામજી નામે વડા કુંવરને રાજ્ય મળ્યું, ને તેણે પ્રથમ આ રાજ્યધાની શેહેર બનાવ્યું. સંગરામજી પછી હાલોજી ગાદીએ આવ્યા, તેવણે સ્વપરાક્રમે ભાયાવદર પ્રગણાનો ભાગ મેળવ્યો. તે પછી કુંભોજી પરાક્રમીને બુદ્ધિશાળી હોવાથી તેણે સરધાર કે જે પોતાના કુટુંબની પાટવી શાખા હતી તેમના પાસેના ૭૦૦ ગામોમાંથી ઘણાક ગામો સર કર્યાં ને પોતાનું નાનું

રાજ્ય બનાવ્યું, તેમજ કુંભાજીએ ૧૭૨૭ ના સુમારમાં શેર જમાનખાન અને દિલાવરખાન પાસેથી ચરખડી, ત્રાકુડા ને દાઇઆ ગામો વેચાતા લીધાં હતા, તેમજ જુનાગઢના નવાબ મોહબતખાનજીએ ગાદીએ બેસાડવામાં મદદ કરી લગભગ પાંત્રીસ હજાર જામશાહી કોરી ધીરી, તેના બદલામાં ઉપલેટા પ્રગણું મેળવ્યું કે જેની દરવર્ષે પેદાશ ૫૦૦૦ કોરીની હતી, પણ ગામોનો પુરતી રીતે ઉપભોગ કરવા થકી જુનાગઢનાં દીવાન અમરજી નામનો મહા પરાક્રમી હતો તેનો ઘાટ ઘડયો ને નવાબને વશ કરી અમરજીને ઇ. સ. ૧૭૮૪ માં ૬ ઠી માર્ચે મારી નખાવ્યો (જુઓ અમરજી) પછી ૧૭૮૮ માં પોરબંદરના રાણાએ વેરાવળ બંદર સર કર્યાથી જુનાગઢના નવાબે કુંભાજીની મદદથી પાછું મેળવ્યું ને તે મદદના બદલામાં ગોંડળ, જેતલસર, મળી, મજેઠી, લાઠ અને ભીમોરા મેળવ્યા. ૧૭૭૪ માં કુંભોજીએ નવાબને ધીરેલા નાણાં પાછા નહિ મળવાથી સરસાઇ ને ચાચરગ પ્રગણા મેળવ્યા. કુંભાજીના મરણ પછી તેના પૌત્ર હાલોજી ગાદીનશીન થયો, દાજીભાઈ ૧૮૦૦ માં નીપુત્ર મરણ પામ્યાથી તેના કાકા દેવોજી તખતના ધણી થયા, દેવોજીના અમલ દરમ્યાન ધણાક ઉજડ ગામોને આબાદ કરવામાં આવ્યા હતા, દેવોજી ૧૮૧૨ માં મરણ પામ્યા પછી વડો કુંવર નાથોજી ગાદીનશીન થયા, પણ નાથોજી માત્ર બે વર્ષ રાજ્ય પદ ભોગવી મરણ પામતા, તેના ભાઇ કાનોજી ગાદી પામ્યા પણ તે પણ ૧૮૨૧ માં નીસંતાન મરણ પામતાં ચંદ્રસીંહ ૨૦ વર્ષ રાજ્ય પદ ભોગવી ૧૮૪૧ માં મરણ પામ્યા, તેના ભાઇ ભાણોજી ગાદીનશીન થયા, જેવણ ૧૮૫૧ માં મરણ પામ્યા. તે પછી તેના કુંવર સંગરામજી ગાદીએ બેઠા, ને ૧૮૭૦ માં સ્વર્ગવાસ પામ્યા પછી તેના કુંવર ભગવાનસીંહજી ગાદીએ બેઠા જે હાલમાં ગોંડળના માહારાજા છે.

ગોંડાળ—જળમય જગામાં ખાસ કરી પાણી સ્વચ્છ રાખવા માટે એ ઉગાડવામાં આવેછે, આ વનસ્પતી એટલી તો જલ્દી વૃદ્ધી પામનારી છે કે એખાદ તલાવ યા નદીમાં એખાદ બે ગોંડાળ નાખતા થોડી મુદ્દતમાં આખો તલાવ યા નદી તેથી ભરાઇ જઇ ઉલટી હરકત કરેછે માટે એને ઘડી ઘડી કાપી નાખવા પડેછે. એની બે જાતોછે નાની અને મોટી ગોંડાળ પર ૪ થી પાંચ પાંખણીઓ હોયછે, આ વનસ્પતી ઔષધી વિદ્યામાં જાણીતી છે.

ગોડી—માલકોશ રાગની એ ભારિયા. એમાં વીર અને શૃંગાર રસ હોયછે. ગોડી અનેક છે. કર્નાટક ગોડ અને માલવ ગોડ, તેમાં માલવ ગોડ વીર રસમાં ગવાયછે. એનો ગાવાનો વખત પાછલા પોહોરનો છે, એનું સ્વરૂપ તેજસ્વી જવાન છોકરી જેવું, રંગે સાંવળી, મધુર વાણીવાલી, સફેદ પોશાખમાં સજેલી, કાનમાં કરણ ફુલનો ને આંબાના મોર જેવા ઝુમખાના અલંકારવાલી. તેણીનો અવાજ દ્રાક્ષરસ ટપકવા જેવો છે, ગાવાની અદા મધુર અને મધુપાન જેવી, એવી થાકીને લોથ થઇ ગએલી કે તદન દેખાવમાં અશકત પણ સુંદર મુખડાવાલી. એના પુત્રનું નામ બરહંશ છે.

ગોદાવરી—આ નદીને દક્ષિણ હિંદુસ્તાનમાં ગંગાને નામે પણ ઓળખવામાં આવેછે, તે શિવાય એના નામો ગોદા, ગંગા ગોદા, ગૌતમી, વૃદ્ધ ગંગા વગેરે છે.

એનો ઉગમ પશ્ચિમ તરફના સૈહ્યાદ્રિ નામે પર્વતની એક હારમાંના ત્રંબક નામનાં પર્વતમાંથી થાયછે. ખરૂં જોતાં એના અનેક ઉગમો છે; પણ દક્ષિણ પ્રાંતમાં ત્રંબકના શેહેર પાસે ઉ૦ અ૦ ૨૦—૧ અને પૂર્વે રે૦ ૭૨–૪૨ આવેછે, ત્યાં પર્વતનાં શિખર ઉપરથી પાણી ટીપા રૂપે ટપકેછે અને ત્યાંજ એક નાહનું મંદીર બાંધેલું છે તેને ગંગાદ્વાર કહેછે. આ પાણી ત્યાં એકઠું થઇ નીચે ત્રંબકનામે ગામમાંના કુશાવર્ત નામના

સરોવરમાં પડેછે, આ સરોવરમાંથી પણ તે પાણી ખુલ્લી રીતે વહેતું નથી, પણ ત્રંબકની પૂર્વે સુમારે ૩ મૈલપરના વેરાનમાં ચક્ર તિર્થ નામે ખડક ઉપરનાં ડોહમાંથી આ નદીનો ખરો પ્રવાહ વહેછે.

ચક્ર તીર્થથી આ નદી પૂર્વ ભણી નાશીક ઉપરથી ઔરંગાબાદ, વરાડ અને ગોંડવન ગામમાંથી વહેછે, આ નદી સુમારે પૂ૦ રે૦ ૮૦ સુધી પૂર્વે ભણી વહેછે, તે પછી અગ્નિ દિશા તરફ વળી હૈદ્રાબાદ પ્રાંતની સિમા ઉપર વહેછે, પછી સમુદ્રથી ૫૦ મૈલપર રાજમંદીર શેહેર પાસે એને બે ફાંટા ફુટેછે, પછી તે બે ફાંટાને બીજા ફાંટા ફુટે છે, એવા અનેક ફાંટા ફુટી ઉ૦ અ૦ ૧૬-૨૦ અને ૧૬–૪૦ ની વચમાંથી પૂ૦ રે૦ ૮૨ ના સુમારમાં અનેક મુખે કરી બંગાલના આખાતમાં સમુદ્રને મળેછે, એના ફાંટાથી જે પ્રદેશ ઘેરાયલો છે તેનું ક્ષેત્રફળ ૫૦૦ ચોરસ મૈલ છે, તે પ્રદેશને સપ્તગોદાવરી પ્રાંતને નામે ઓળખવામાં આવેછે, કારણકે ગોદાવરીનાં ૭ ફાંટા તે પ્રાંતોમાંથી વહેછે, આ પ્રાંતની ભુમિ નદીના પ્રવાહના પ્રતાપથી અતિ રસાળ બનેલી છે.

રાજમંદીર પ્રાંતની સિમાપર 'પાપકુંડ' નામે પર્વત છે, જેની વચમાંથી આ નદી વહેછે, ત્યારે એની પોહળાઈ ૧½ મૈલથી ૨ મૈલની રહેછે, તે તરફ બેઉ બાજુ ૨૦૦૦ ફીટ ઉચાઇના ખડકોની વચમાંથી મોટા ખલભલાટ સાથે નદીનો પ્રવાહ માર્ગ લે છે, આ નદીના બેઉ કાંઠાપર મોટા મોટાં વનો છે અને ત્યાં ઇમારતી લાકડાની મોટી ઉત્પતિ થાયછે, ગોદાવરીની જુમલે લંબાઇ ૮૦૦ મૈલની છે, વર્ષાદમાં જ્યાં ત્યાં એના પાટની પોહળાઇ ૧½ મૈલ જેવડી રહેછે.

ગોદાવરીને બીજી અનેક નદીઓ આવી મળેછે, તેમાં મુખ્ય વાઇનગંગા પૂર્ણા અને માંજરા છે, ગોદાવરીના કિનારાપર ત્રંબક, નાશિક, ટોંક, ડોયરગામ, પૈઠણ, રાક્ષસ ભુવન, ગંગા, બેડ વગેરે યાત્રા સ્થાનો છે.

ગોદી—દર્યાઇ બારકસોને બાંધવા, મરામત કરવા યા તેમાં માલ ભરવા માટે છેક કિનારાપાસે ઉંચા ધક્કા બાંધી, તેની આસપાસ ઘેરી લીધેલી જગામાં પાણી ભરપુર રહે એવી ગોઠવણ કરેલી હોઇ તેમાં વહાણો આવજા કરી શકે તેને ગોદી કહેછે, એને ઇંગ્રેજીમાં Dock (દૉક) શબ્દ છે અને તે Dekken (દેક્કન) યાને ઘેરી લેઉ ઉપરથી નીકળેલો છે, એટલે વાહાણોને ઘેરી લેઉ. પણ ગોદી શબ્દ ઉર્દુ 'ગોદ' યાને 'ખોળા' ઉપરથી બન્યોછે, જે મુજબ ખોળામાં બાળક સમાવી શકાયછે તે રીતે દર્દાઇ બારકસોને સમાવી શકનાર જગાને ગોદી કહેછે. મુખ્ય કરી ગોદી બે પ્રકારની બાંધવામાં આવેછે, એક સુકી ને બીજી તરતી, સુકી ગોદી વાહાણો બાંધવા તથા તેની મરામત માટે અતિ .ઉપયોગની હોયછે, આવી ગોદીમાં ભરતીવેળા માહે પાણી ખેંચી તે સાથે બહારના વાહાણોને માહે લેવામાં આવેછે, અને ઓટ વેળા પાણી નિકળી જતાં તે વહાણોની મરામત કરી શકાયછે.

તરતી ગોદીઓ સ્ટીમરો માહેલો માલ સેહેલાઇથી ઉતારવા થકી બાંધવામાં આવેછે. આવી ગોદીમાં ભરતી વેળા પાણી લઇ વહાણોને માહે લેવામાં આવેછે અને પછી દરવાજા બંધ કરતાં પાણી અંદરજ ભરાયલું રહેછે.

હિંદુસ્તાનમાં મુંબઇની ગોદીઓ સર્વોપરી ગણાતી દુનિયાંની બીજી ગોદીઓની બરાબરી કરી શકવાને સામર્થવાન છે. મુંબઇમાં પેહેલ વેહેલી ગોદી બાંધવાનું કામ જેરહ્ડ ઍંજીઅરની કારકીર્દિમાં શરૂ થયું, હાલમાં એપોલોબંદર તથા ફરટમ હૌસ વચ્ચે જુમલે પાંચ ગોદીઓ છે, તેમાં બે મોટી જે પાસે પાસે હોઇ તેની બાજુમાં 'સ્ટીમ ફેકટરી'ઓ છે. સ્ટીમફેકટરી પાસે જે ત્રણ ગોદીઓ છે તે ઘણી જુની છે તેને ઓલ્ડ ઓમ્બેદોક (મુંબઇની જુની ગોદી), મીડલ ઓલ્ડ ઓમ્બેદોક (વચલી જુની મુંબઇની

ગોદી) અને લોઅર ઓલ્ડ બોમ્બેડોક (નિચેની જુની મુંબઈની ગોદી) કહેછે. આ ગોદીઓ ઇ. સ. ૧૭૩૭ માં બાંધવામાં આવી હતી. અપર ડોક એ ૨૦૯ ફીટ લાંબી અને ૪૭ ફીટ ૭ ઈંચ પહોળી છે, મીડલડોક ૧૮૩ ફીટ લાંબી અને ૫૧ ફીટ ૧૦ ઇંચ પોહળી છે.

તે ઉપરાંત બીજી બે ગોદીઓ છે, તેને ડંકન ગોદી કહે છે. આ ગોદી ઇ. સ. ૧૮૧૦ માં બાંધવામાં આવી હતી, અપર ડંકન ડોક ૨૨૬ ફીટ લાંબી અને ૬૩ ફીટ ૧૦ ઇંચ પોહળી છે. પહેલાં એની લંબાઇ ૨૧૬ ફીટ હતી પણ ૧૮૪૫ માં ૩૦ ફીટ અને ૪૦ ફીટ વધારી હતી. લોઅર ડંકન ડોક ૨૪૬ ફીટ લાંબી અને ૬૩ ફીટ ૧૦ ઇંચ પોહળી છે. ત્યાં ૧૭ ફીટ ઉંડુ પાણી રહે છે. ગોદીના મુખ પાસે એખટો થતો કાચલ ફરતી રાખેલી ઓટો ખેંચી કાઢે છે.

હાલમાં જ્યાં 'અપર ઓલ્ડ ડોક છે, ત્યાં ૧૭૩૬ આગમજ મટોડીનાં ખાડાઓ હતા, પણ તેમાં ભરતીની વખતે મોજાએ કરી પાણી ભરાતું હતું. ચાંચીયા લોકોના જુલમ ને લીધે ઇસ્ટઇંડીયા કુંપનીએ ૧૬૭૩માં લઢાયક વહાણો બાંધ્યા. ઇ. સ. ૧૭૩૫ આગમજ કુંપનીનું મુખ્ય મથક સૂરતમાં હોવાથી ત્યાં તેમની કોઠીઓ હતી. પણ મુંબઇના બંદરમાં બેહદ પાણી જણાવાથી તેઓએ મુંબઇને પસંદ કીધું. હાલમાં જ્યાં ગોદીઓ છે એ જગા ૧૭૨૫ માં કંપની સરકારે પસંદ કીધી. ઇ.સ. ૧૭૬૭ માં આ ગોદી વધારી પણ ૧૮૦૫માં તેને ઘણા મોટા પાયા પર બાંધી હતી. આ ડૉકયાર્ડ શરૂ થયા પછી ત્યાં મોટા મોટા લઢાયક વહાણો બાંધવામાં આવ્યાં હતા. તેમાં આજ વેર 'નેવિહ' માટે ૧૯ લઢાયક વહાણો બાંધવામાં આવ્યાં હતાં, તે શિવાય ૨૯ ઇસ્ટ ઇંડીઆ કુંપની માટે, ૧૭ કેડીઅન નેવિહ માટે ૬૬ વેપારીઓ માટે બાંધવામાં આવ્યા હતા. ઇ.સ. ૧૮૪૦થી સ્ટીમરો, પાયલેટ બોટસ વગેરે ઘણાં વહાણો બાંધવામાં આવ્યાં છે. ૧૮૫૪ માં 'આઇસ' અને પંજાબ નામની બે મોટી સ્ટીમરો બાંધવા માંડીયાથી હાલ ત્યાં માત્ર નાહના વહાણો યા બોટો બાંધવામાં આવે છે.

ઈ. સ. ૧૭૩૬ માં જ્યારે પ્રથમ ઇસ્ટ ઇંડીયા કંપનીએ પેહેલી ગોદી બાંધવાની શરૂઆત કરી, ત્યારે મુંબઈમાં વહાણ બાંધનાર કારીગર નહિ મળવાથી લવજી નશરવાનજી વહાડીયા કે જે ઘણી સુરતમાં કંપની સરકારના વાહાણો બાંધવાપર મુખી હતા તેમને મુંબઈમાં બોલાવી કામ સોંપ્યું. લવજીએ મારતર બિલ્ડરનું કામ ૩૮ વર્ષ વેર ચલાવ્યું, ને તે પછી તેમના વંશજોએ પણ તે કામમાં કુશળતા બતલાવી નામના સાથે દ્રવ્ય મેળવ્યું હતું.

ડૉકયાર્ડ અથવા મરીન યાર્ડ આ ગોદી હાલ જ્યાંછે ત્યાંજ તે આગલની કાયમ છે, આગળ તેની આસપાસ બીલકુલ વસ્તી નહોતી પણ હાલમાં ત્યાં ગંજાવર ઇમારતોથી તે દીપી રહ્યું છે.

કલકત્તાની કિડરપોર ડોકયાર્ડ કરતાં મુંબઇની ડોકયાર્ડ ૬ ઘણી મોટી છે, આ ડોકયાર્ડ માટે આગળ ૬,૦૦,૦૦૦ ચોરસ યાર્ડ જમીન વ્યાપી હતી પણ સેલર્સ હોમ બાંધતી વેળા તેમાંથી ૧૫૦૦૦૦ ચોરસ યાર્ડ જમીન ઓછી થઈ હતી.

પ્રીન્સીસ ડૉક નો પાયો તા૦ ૧૧ મી નવેંબર ૧૮૭૫ ને દિને પ્રિન્સ ઑવ વેલ્સે (હાલના શેહેનશાહ ૭ માં એડવર્ડ) નાખ્યો હતો. ઇ. સ. ૧૮૭૯ માં તે બંધાઇ તૈયાર થઇ અને તેજ વર્ષમાં ૧૦ મી એપ્રેલે સર રીચર્ડ ટેંપલે આ ગોદી ઉઘાડી મોટા સમારંભથી માહે પાણી દાખલ કર્યું હતું. આખા એશિઆ ખંડમાં એ સર્વોપરી મોટી ગોદી કહેવાયછે, તેની લંબાઇ ૧૪૬૦ ફીટ હોઇ પોહળાઇ ૧૦૦૦ ફીટની છે, તેમાં પાણી સમાવવા માટેની જગ્યા ૩૦ એકર હોઇ ત્યાં મોટા મોટા ધક્કા બાંધેલા છે, આ

ગોદીમાં ૩૦ મોટા વહાણો આવી શકેછે, આ ગોદી બાંધવા પાછળ જુમલે ખર્ચ રૂ ૬૭,૪૩,૩૪૭ નો થયો હતો. આ ગોદીનાં બે દરવાજા ૬૦ ફીટની પોહળાઇનાં છે.

વીકટોરીયા ડૉક—આ ગોદી પ્રિન્સીસ ડૉકની પાસેજ બાંધેલી છે, એની રચના પ્રિન્સીસ ડૉક જેવી છે. આ ગોદી બાંધી પાણી દાખલ કરવાનું વાસમુહુર્ત લેડી રે એ ઇ. સ. ૧૮૮૮ માં ૨૨ મી ફેબ્રુવારીએ કીધું હતું, તે પછી એપ્રેલ માસમાં માહે વાહાણો દાખલ કરવામાં આવ્યા હતા, આ ગોદીમાં ૧૬ થી ૨૦ મનવારો રહેવા જેટલી જગા છે. ગોદી માટે ૨૫ એકર જમીનમાં મટોડીની પૂર્ણી કરવી પડી હતી. આ ગોદી બાંધવા પાછળ ૩૦,૦૦,૦૦૦ નો ખર્ચ બેઠો હતો.

સાસુનડૉક. વચલે કોલાબે આ ગોદી અસલની બાંધેલી છે. તેનો સમુદ્ર કિનારો ખડકોથી ભરપૂર હોવાથી વહાણો તથા સ્ટીમરો અંદર દાખલ થવા ઘણી પંચાતી પડવા માંડયાથી દેવિડ સાસુન કુંપનીએ બેકબે કંપની પાસથી તે જગા પોતે ખરીદી લીધી અને ત્યાં ધક્કા તથા ગોદી બાંધી આ ગોદી તે પછી પોર્ટ ટ્રસ્ટ માટે સરકારે વેચાતી લીધી હતી. આ બંદરની જગ્યા સમુદ્રમાંથી લીધેલી છે અને ખડકો બાંધી ગોદો બાંધી છે. ત્યાં ૧૮ ફીટ ઉંડુ પાણી છે. **સુકી ગોદી** તરીકે હાલ મુંબઇમાં જુની હાઇ કોર્ટની સામે એક ગોદી છે, અને બીજી મજગામ તરફ પી. ઓ. કંપનીની તથા નિકલ કંપનીની ગોદીઓ આવેલી છે.

ગાંધણી—હિંદુસ્તાનમાં મુખ્ય કરી કોકણ પ્રાંતમાં એના ઉંચા વૃક્ષો ઉગે છે. એનીપરનાં લાલ ફળો સ્વાદે મીઠાં હોય છે. આ ફળો માહેથી નીકળતો રસ ગુંદર જેવો ચીકણો હોય છે. અને ફળો ખાવામાં ઘણા પૌષ્ટીક રહે છે. એનું લાકડું ચીવટ હોવાથી સુથાર લોકો તેનો બહોળો ઉપયોગ કરે છે.

ગોધરા—મુંબઇ ઇલાકામાં પંચમહાલ જીલ્લાનું એક પ્રગણું. ક્ષેત્રફળ ૫૯૨ ચોરસ મૈલ છે તેમાં ૧ શેહેર અને ૨૩૨ ઘરો છે. ૧૮૮૧માં લોક વસ્તી ૭૮૩૧૮ ની હતી. તેમાં ૪૦૮૯૫ પૂરષો ને સ્ત્રીઓ હતી. મુખ્ય વસ્તી હિંદુઓની છે, પશ્ચિમ ભાગ ઘણુંપ હોઇ જંગલથી ભરપૂર છે, આબો હવાની બાબતમાં આ પ્રગણું ઉતરતું ગણાય છે. દર વર્ષે ઋતુમાં સરાસરી ૪૫.૭ ઈંચ વર્ષાદ પડેછે. મહી અને પાનામ નદીઓ પ્રગણામાંથી વહે છે. એની જમીનની વાર્ષિક મેહેસુલ ૫૯૦૩ પૌંડની છે.

ગોધરા—પ્રગણાનું મુખ્ય શેહેર. વડોદરાની ઉત્તર પૂર્વે ૫૨ મૈલ પર છે, ને પાલી રેલવે સ્ટેસનથી ૧૭ મૈલ ઉપર પૂર્વે છે. ગોધરા અથવા ગોદ્ર હક (ગાયનું તલાવ) એ જુનું શેહેર છે. પણ ચાંપાનેરની કીર્તિથી તે ઘણું પ્રસિધ્ધતામાં આવ્યું નહોતું. ૧૨૨૫ ના સુમારમાં તે ચોળકાના રાજાને તાબે હતું. આગળ અમદાવાદના બાદશાહો તથા ગુજરાતના રાજ્ય કાજનું એ મુખ્ય મથક ગણાતું હતું, ૧૪૮૦ માં મહમદ બેગડાએ પાંચ પ્રાંત માહેલા એકનું મુખ્ય શેહેર ગોધરા ગણ્યું હતું, જ્યારે અકબરે ગોધરા તાબે કીધું ત્યારે તેની સત્તા તળે '૫૦૧' ગામો હતાં, ને તેની રૂ ૩૫૦૦૦૦ ની મેહેસુલ ઉપજતી હતી, ૧૭૨૪ માં દાંતાજી કદમ બાંડે એ ગોધરા છતી લઇ ૧૭૬૦ સુધી પોતની સત્તા તળે જાળવ્યું હતું. પણ તે પછી સિંધ્યાનું બળ વધતાં તેઓ તેના ધણી થયા અને ૧૮૩૫ થી ઇંગ્રેજ સરકારને તાબે છે. ગોધરામાં ૧૮૭૨ માં વસ્તી ૧૦૬૩૫ ની હતી. ૧૮૮૧ માં લોક વસ્તી ૧૩૩૪૨ ની હતી- તેમાં ૫૯૨૭ હિંદુ, ૭૩૩૯ મોહમેદન, ૭૬૨૩ જૈન, ૪૧ ખ્રિસ્તી ને ૧૨ પાર્સીઓ હતા. શેહેર આસપાસ મોટું જંગલ છે. અહમદાબાદ ના મુસલમાન બાદશાહોનાં સમયમાં આ ગામ મુખ્ય રાજધાની ગણાતું હતું. આ ગામમાં માટી તથા ધાતુનાં વાસણ લાકડાનાં ચૂડા ઉભ પ્રતિનાં બનાવવામાં આવે છે. ગોધરા સમુદ્ર સપાટીથી ૯૦૦

ફીટ ઉંચે હોવાથી તથા ત્યાં જંગલ ભરપૂર હોવાથી ચોમાસામાં અત્રેની હવા રોગીષ્ટ બને છે. ગોધરાનો કિલ્લો નહાનો ને નબળો છે, હાલમાં તેમાં સરકારી ખાતાં છે. તેમાં મામલતદારની કચેરી, પોસ્ટ ઑફીસ વગેરે ખાતાં મુખ્ય છે. રેવાકાંઠા પોલીટીકલ એજંન્સીનું ગોધરા મુખ્ય મથક ગણાય છે. શેહેર પાસે એક ૭૦ એકર જગા ઉપર સરોવર છે.

ગોંધાલમ આ વાજીંત્ર હાથે વજાડવાનાં વાંધનાં વર્ગનું છે. એ ઝાડના કુંડાના આકારે બે ભાગ એક જગે જોડી બનાવેલુ વાજીંત્ર છે, અને તેનીપર તારો જડેલાં હોય છે.

ગોધા—ઉત્તર અંક્ષાસ ૨૧°૩૯ ને પૂર્વ રેખાંશ ૭૨.૧૫ કાઠીઆવાડનાં અગ્નિ કોણુમાં ખંભાતના આખાતના માથાથી ૪૦ મૈલ ઉપર છે. ઇ. સ. ૪૮૦ થી ૭૨૦ વેર આ ગામ વલ્લભી રાજ્યને તાબે હતું, અને તેનું ગુંદીગઢ નામે બંદર હતું; અણહિલવાડના રાજાઓની ચઢતી સમયે એ બંદર કાંઠેનું શેહેર હોવાથી ત્યાં ખારવાઓની વસ્તી હતી, ૧૩૨૧ માં ઉમરાળાનો ગોહેલ રજપુત મોખરાજીએ પીરમ ટાપુ તથા આ ગામ જીતી લઇ ત્યાં પોતાનું મથક કર્યું હતું, પણ ૧૩૪૭ માં મહમદ તઘલકે એ ગામ જીતી લીધું; અને મોખરાજીને મારી નાખી પીરમનો કિલ્લો જમીન દોસ્ત કીધો, પણ મોખરાજીનો પુત્ર હુંગરજી શરણે જતાં તેને શેહેર સોંપ્યું. તે પછી ૫૦ વર્ષ વેર ગોધા ગોહેલને તાબે હતું. ૧૬ મી સદીમાં આ ગામ ઇસમાલીઓને તાબે હતું. ૧૫૧૩ માં તે મોટું શેહેર તથા સારું બંદર હોઈ મલબાર તથા એડન સાથે વેપાર ચલાવતું. ૧૫૦૭–૩૮ માં ગુજરાતના બાદશાહને ફીરંગીઓ વચ્ચેના કાફલા સાથે લડાઈ થઇ ત્યારે ગોધા ગામ જોખમાયું હતું. ૧૫૧૩માં ફીરંગીઓએ તેને બાળી નાખ્યું હતું. ૧૫૪૬ માં ફરી બાળી નાખ્યું હતું. ૧૫૯૨ માં અકબરના ૭ માં નાયબ કોકલતાશે લીધું ત્યારે તે ઠીક વસાયલું હતું, ૧૬૧૨ માં સૂરતના નવાબ ખોજા નાસરની ભલામણથી ઇંગ્રેજોએ ત્યાં કોઠી બાંધી વેપાર ચલાવ્યો, પણ ૧૬૧૪ માં ફીરંગીઓએ ત્રીજીવાર શેહેરમાં ખરાબી કરી. તે પછી તે ૧૭૦૩ થી ૫૧ વેર મુસલમાન અમીરોને તાબે હતું. ૧૭૫૧ થી ૫૫ વેર પેશવાને તાબે, ૧૭૫૫ માં ખંભાતના તાબે, ૧૫૮૪ માં પેશવાને તાબે હતું. ૧૮૦૩ માં તે બ્રિટિશોને તાબે આવ્યું ત્યારે એ તદન પડતી દશાએ પોંહચ્યું હતું.

આ ગામ અમદાવાદ જીલ્લાનું બંદર શેહેર છે. એનો પ્રદેશ નીચો છે, શેહેર ૨ મૈલ લાંબુ ને તેટલુંજ પોહળું છે, તે દરીઆ કીનારેથી જોતાં રળીયામણું દેખાય છે. પશ્ચિમ દરવાજાથી ભાવનગર તથા અમદાવાદ જવાય છે, ને દક્ષિણેથી કાંઠાના ગામોમાં જવાય છે. ૧૮૧૯ વેર અત્રે સમુદ્ર માર્ગે સારો વેપાર ચાલતો હતો, તથા ત્યાં ૫૦ થી ૩૫૦ ટનનાં વહાણો બાંધવામાં આવતા હતા. ૧૮૬૦–૬૪ માં આ શેહેર ચઢતી કળાએ પુગું હતું; અને તે કાઠીઆવાડનાં બંદરોમાં મુખ્ય ગણાતું હતું; પણ રેલ્વે બંધાતા ખંભાતના આખાતનો વેપાર ભાગી પડયો ને અત્રેના વેપારની સ્થિતિ પણ તેવીજ થઇ. મુખ્ય લોક વસ્તી કોળી, બ્રાહ્મણ, રજપુત ને મુસલમાનોની છે. શેહેરમાં મામલતદારની કચેરી તથા સબાર્ડીનેટ જજજની કચેરી તથા કસ્ટમ હાઉસ છે. ૧૮૫૫ થી મ્યુનિસીપાલીટી સ્થાપી હતી. લોકવસ્તી ૯૬૦૦ ની છે.

ગોધો—આ અતિ ઉપયોગી પ્રાણી ભારબરદારી તથા ખેતી વાડીમાં ઘણો ઉપયોગી છે. ખેતી વાડીના કામમાં ગોધાને લગાડતાં તે બળદો કરતાં વિશેષ ઝડપથી કામ કરે છે. પણ તેને ભારબરદારી યા બીજા કામો લાયકનો બનાવવા બચપણમાં નબળો બનાવી

બળદના વર્ગમાં લઇલીએ છે, અને તેથી ગોધાઓ ઝાઝા જણાતા નથી.

આગલી પ્રાચીન પ્રજાઓમાં ગોધો એક પવીત્ર પ્રાણી તરીકે મનાતો હતો. ગાય જેમ આર્ય પ્રજામાં ઘણી પુંજાઇ અને માતા તરીકે મનાઈ છે, તેમ ગોધા જૂદી જૂદી પ્રજામાં પણ માન પામી હાલમાં પણ પવિત્ર ગણાય છે. ઝેનોફનના જણાવ્યા મુજબ ઇરાનીઓ ગોધાને ઘણા માનથી રાખતા હતા. ઇરાનીઓના જ્યુપિટર યાને હોરમજદ ઉપર ગોધો મવક્કલ છે, અને તેને ઇશ્વરની ઉત્તપન્ન કરવાની શક્તિની નિશાન ગણેલો છે. ગોધા સંબંધી જરતોસ્તીઓમાં થતી ક્રિયા વરશિઆ નામે ઓળખાય છે. જે ગોધો તદન સુદ્ધ સફેદ બાલનો હોય છે તેનેજ 'વરશિયા' તરીકે ગણે છે, અને તે ગોધો નિરંગેદીન બનાવવાની ક્રિયા વેળાજ ઉપયોગમાં આવે છે, અને જે ગામમાં એક વરશિઓ હોય ને ત્યાં તે જો મરણ પામે તો ત્યાંનાં સર્વ ક્રિયા કામો બીજો વરશિઓ મળે ત્યાં વેર બંધ પાડવામાં આવે છે. ઇજીપ્તમાં પણ જરતોસ્તીઓ પ્રમાણે વરશિઓ કરવાનો આગળ ચાલ હતો (જુઓ એપીસ.)

હિંદુઓમાં બ્રહ્મદેવતા તરીકે ગોધાના આકારની પુંજા થાય છે અને તેને તેઓ નંદી કહે છે. આ નંદી દેવતાઓનું વાહન ગણાય છે. જગન્નાથનાં એક દેવળમાં રાક્ષસી કદનાં ગોધા (નંન્દી) નું પુતળું છે, જેની પુંજા કરવામાં આવે છે, અને તે શિવનું વાહન ગણાય છે. કેટલાક ખ્રિસ્ચીઅનો ગોધાને સૂર્ય અને ચંદ્રની ઉપમાં આપીને પુંજે છે. જાપાનમાં ગોધાની પુંજા કરવામાં આવે છે, અને તે માટે એક ગંજાવર દેહેરું બાંધવામાં આવ્યું છે. ફ્રેન્ચો ગોધાને પણ પુજ્ય માને છે.

સ્પેનમાં જૂદા જૂદા ગામોમાં દર વર્ષે ગોધાઓ સાથે મનુષ્યો લઢાઇ લઢેછે અને તેમાં તે પ્રાણીને હથીઆર વડે એજન કરે છે. તેમાં 'બારસીલોનાં' શેહેરમાં તો ગોધાઓ સાથે ત્યાંની બહાદુર ઓરતો લઢે છે. ત્યાં આ રમાતી રમતમાં ભીલમાં કામ કરતી મજુર વર્ગની બાનુઓ ભાગ લીએ છે, અને તેમને તમાશગીરાતરફથી ભારે ઉત્તેજન મળે છે. જે ગોધાની લઢાઇમાં સારૂં નામ કાઢેછે તેને પ્રજા તરફથી માનપાન અને ધનથી નવાજવામાં આવેછે. તેઓ પોતાની નિર્દોશ ખુબસુરતી અને બહાદુરીથી ઘણું ખેંચાણ કરેછે. તેમની રમત જોવામાં પુરૂષોને ભાગ લેવા દેવામાં આવતો નથી, પણ ત્યાં સ્ત્રી તમાશગીરો ભેગી મળે છે. માત્ર ગોધા ઉશકેરનારા મર્દોને અગલા જમાનાનાં નાઇટનાં છુપા લેબાસમાં ચોગાનમાં મુરદાલ ઘોડેસ્વાર બનાવી લઢનારી સ્ત્રીઓ દમામમાંજ ઘોડા ઉપર બેસેછે. પેલા ગોધા ઉશકેરનારા 'પીકેડોરો' વિચીત્ર લેબાશમાં સ્ત્રીઓ પાછળજ ફરે છે. તે વેળા 'મટાડોર, યાને લઢનારી સ્ત્રીઓ આવી ગોધાને ઉશકેરી લઢે છે.

ગોનંદ—કાશમિરનો આ પેહેલો રાજા ઇ. સ. પૂર્વે ૨૫૨૬ ના સુમારમાં રાજ્ય કરી ગયો એમ રાજ તરંગિણી નામના ગ્રંથમાં જણાવવામાં આવેછે. પણ બ્રિન્સના વિચાર મુજબ એ ઇ. સ. પૂર્વે ૧૦૪૫ માં, ને વિલ્સન મુજબ ઇ. સ. પૂર્વે ૧૪૦૦ માં થઇ ગયો. એ ગત કળિના ૬૮૮ માં વર્ષમાં હૈયાત હતો. એ રાજાના વખતમાં કૃષ્ણ મથુરાપુરીમાં રાજ્ય કરતો હતો, તેનીપર કંસે નાખેલા ઘેરામાં એ સામેલ થયો હતો, પણ પાછળથી બળદેવનાં લશકરથી એ હાર પામી રણક્ષેત્રમાં મરણ પામ્યો હતો. એણે ૩૫ વર્ષ ૬ માસ રાજ્ય ભોગવ્યું હતું. કાર્સી લેખકો મુજબ એણે ૧૭ વર્ષ રાજ્ય કર્યું હતું. આ રાજા જૂદે જૂદે નામે જાણીતો છે.–આદી ગોનર્દ, અંગદ, આદિ ગંદ વગેરે.

ગોનંદ ૩ જો—રાજતરંગિણી પ્રમાણે આ કાશમિરનો રાજા ઇ. સ. પૂર્વે ૧૧૨૮ માં ગાદીએ હતો. એના ગાદીએ આવતાં જુનો

વંશ લય પામી નવો વંશ સ્થાપન થયો હતો. રોમેશચંદ્રદત્ત એનો કાળ ૬ ઠી સદીમાં દર્શાવેછે. એણે ૩૫ વર્ષ રાજ્યપદ ભોગવ્યું હતું.

ગોનસી—એક જાતની વનસ્પતિ, એના વેલાની જાડાઇ પગના અંગુઠા જેવડી હોઈ ઘોંસણ આકારે સર્પ જેવી હોયછે, એનોરંગ લીલો હોયછે, એના પાંદડા પીપળાના પાંદડા જેવાં પણ મોટાં હોયછે, આ પાંદડામાં એક આંગળ પોહળાઇના ખાંચા હોયછે.

ગોનસ પત્ર—સુશ્રૂત મુની આ વનસ્પતિ વિષ નાશક છે એમ પોતાના ઉત્તરતંત્રના હિમાચલસ્થ વનસ્પતિમાં લખેછે, ડૉ૰ ડીમક એને ઘાણોસપત્ર તરીકે જણાવેછે.

ગોપતશા—મીનોખેરદ મુજબ એ 'ખનીરથ બાબી'નાં મુલકમાં વસેછે, તે પગથી કમરવેર બળદના આકારનો અને માથાં સુધીમનુષ્યના આકારનો છે, તેને હમેશાં પવિત્ર આત્માની આરાધના કરતો દર્શાવ્યોછે, એજ દર્યામાં પવિત્ર પાણી રેડેછે, કે જેથી દર્યામાંના નાશકારક અસંખ્ય પ્રાણીનો નાશ થાયછે, ગોપતશાહને અગ્રેરસના પુત્ર તરીકે પણ જણાવવામાં આવેછે, એના આકારના આગલા વખતની ઈમારતોના દર્શનમાં મોટા સ્થંભો બનાવવામાં આવતા હતા અને હાલમાં પણ પાર્સી પોલીસની બાંધણીને મળતી ઇમારતોના બાહારના સ્થંભો એજ પ્રાણીના બદનપર ગોઠવેલા જણાયછે.

ગોપનાથ—"આ મંદીર રાજપીપળાના ગોહિલ રાજા ગોપસિંગજી જે ૬૬ મી સદીની શરૂઆતમાં નાંદોદમાં રાજ્ય કરતો હતો તેણે બંધાવ્યું હતું, એ સૌરાષ્ટમાં સોમનાથની જાત્રાએ જતો હતો ત્યારે તેણે આ મંદીરમાં શિવની સ્થાપના કરી, પેરીપ્લસ નામના ગ્રીક ગ્રંથમાં ગોપનાથનું 'પપિકે' એવું નામ આપ્યું છે, આ ગોપનાથનું મંદીર બંધાયા અગાઉ અત્રે ગીચ જંગલ હતું, અને આખો પ્રદેશ વાજા રજપુતોના તાબામાં હતો, ભાવનગરના ઠાકોર જસવંત સિંગજીએ ગોપનાથમાં સુંદર બંગલો બંધાવ્યો હતો, સર્વે ગોહિલોનું મુંડન ગોપનાથ બ્રહ્મકુંડ પાસે થાયછે. ગોપનાથમાં કાળી તથા સફેદ રેતી પુશ્કળ મળેછે અને ત્યાંજ દીવા દાંડી પણ છે.

ગોપાદિત્ય—કાશમિરની રાજ્યગાદીએ આ રાજા ઇ. સ. પૂર્વે ૪૦૦, વિલ્સન મુજબ ઇ. સ. પૂર્વે ૩૭૦, ને કનિંગહામ મુજબ ૨૩૮ માં બેઠો હતો. એણે ૬૦ વર્ષ રાજ્ય અમલ ભોગવ્યો હતો. આ રાજાએ ખોલ, બાગી, આડેગ્રામ, સુધપુર અને શમાજાસના અગ્રહારો બ્રાહ્મણોને આપ્યાં હતાં. વળી એણે ગોપાદ્રી (ગોપડાર) ઉપર જ્યેષ્ટેશ્વરનું દેવાલય બંધાવ્યું હતું. એના સમયમાં વૈદિક ધર્મ જાગૃત થયો હતો. બૌદ્ધ જાતીના ગ્રંથમાં એને બૌદ્ધ ધર્મી જણાવ્યો છે. એણે કાશમિરમાં મોટો સુધારો કરી મલીન જાતનાં બ્રાહ્મણો તથા બીજી પ્રજાને હદ પાર કરી સઘળે શાંતતા પાંથરી હતી.

ગોપાલ અથવા **નાયક ગોપાલ**—આ હિંદમાં પ્રસિદ્ધતા પામેલો ગવૈયો દક્ષિણનો વતની હતો અને સુલતાન અલાઉદ્દીન સીકંદરસાનીના રાજ્ય અમલમાં પ્રસિદ્ધતા પામી ગયો હતો. અમીર ખશરૂ કે જે ૧૩૨૫ માં મરણ પામ્યો તેજ સમયે ગોપાલગોવિંદ હૈઆત હતો. એણે જ્યારે દિલ્લીની દરબારે જઇ ત્યાં નવી રાગણીમાં એવી તો 'ગતો' ગાઇ સંભળાવી કે જેની બરાબરી કોઇ કરી શકે નહિ, એમ તે જણાવતો હતો. આથી પાદશાહે અમીર ખશરૂને પોતાનાં તખ્ત તળે છુપાવી ગોપાલ નાયકે ગાએલી રાગણી ધ્યાનમાં રાખવા ફરમાવ્યું અને બીજી વેળા જ્યારે ગોપાલ નાયકે બીજી ગતો ગાઇ બતલાવી ત્યારે તેના ઉત્તરમાં અમીર ખશરૂએ આગમજથી તૈયાર કરી આણેલી તેને મળતા તિલાનામાં ગાયનો ગાઇ બતલાવ્યાં હતા, પણ પાદશાહે ગોપાલની ગાયન કળામાં આવી બાહોશી જોઇ ઘણો નવાજ્યો હતો.

ગોપાલરાવ હરિ દેશમુખ સરદાર રાવ બહાદુર—આ પ્રસિદ્ધ પુરૂષનો જન્મ ૧૮૨૩ નાં ફેબ્રુવારી મહિનાની ૧૮ મી તારીખે થયો હતો. ૧૮૪૧ માં ઇંગ્રેજી શાળામાં દાખલ થઇ ત્રણ વર્ષ લગી અભ્યાસ કરી ૧૮૪૪ માં દક્ષિણ સરદારના એજંટની ઑફીસમાં નોકરી મેળવી અને ત્યાં બુદ્ધિ બળે વધી ૧૮૫૨માં સિરેસ્તદારની પદ્વિ મેળવી. ૧૮૬૨ માં 'ઇનામ કમીશનમાં સરકાર તરફથી ઉત્તમ શેવા બજાવવાથી પુના તથા દક્ષિણ ભાગની પ્રજામાં અકારા થઇ પડયા હતા. ગોપાલરાવે ૧૮૪૬મા મુન સફની પરીક્ષા પસાર કરેલી હોવાથી ૧૮૬૩માં, અહમદનગરની સ્મોલકૉઝ કોર્ટના જડજની જગાપર નેમણુંક થઇ હતી. તે પછી ૧૮૬૬થી અહમદનગરની સ્મૉલકૉઝ કોર્ટના જડજની જગાપર નેમાઇ ૧૨ વર્ષ વેર આ ઓધો ભોગવ્યો હતો. ૧૮૭૮માં લૉર્ડ લીટનના સ્ટેચ્યુટરી સીવિલ સર્વિસના નિયમ પ્રમાણે પ્રથમ થાણા અને પછી નાશીકના જૉઇન્ટ સેશન જડજના મોટા ઓધાપર નેમાઇ ૩ વર્ષ વેર તે અધિકાર ભોગવી ૧૮૮૦ માં ૫૦૦૦ના વાર્ષિક પેનશનપર રાજીનામું આપ્યું હતું. તે પછી મુંબઇની લેજીસલેટિવ કૌન્સિલના ઑનરેબલ મેમ્બરનું પદ મેળવ્યું હતું. આ ઓધો બે વર્ષ ભોગવ્યો હતો. ૧૮૮૪માં રતલામનાં રાજાનું પ્રધાનપદ મેળવ્યું હતું. ૧૮૭૭માં રાવ બહાદુરનો ને ૧૮૮૧માં સરદારનો ખેતાબ બક્ષવામાં આવ્યો હતો,

ગોપલરાવે એક ન્યાયશાસ્ત્રી તેમજ વિદ્વાન લેખક તરીકે પ્રસિદ્ધતા મેળવી હતી. ઇન્દુપ્રકાશ તથા જ્ઞાનપ્રકાશ નામે જાણીતા વર્તમાન પત્રોમાં ગોપાલરાવે મુખ્ય ભાગ લીધો હતો. તે સિવાય પોતાના લખાણોના સંગ્રહનો એક ગ્રંથ છપાવી પ્રગટ કર્યો હતો. ગોપાલરાવ 'લોકહિતવાદી' ના તખલ્લુસ તળે લખાણો કરતા હતા. એમનાં રચેલા ઇતિહાસીક વિષયોનાં બે ગ્રંથો, ગુજરાતનો ઇતિહાસ વગેરે સંખ્યા બંધ ગ્રંથો જાણીતાં છે. ગોપાલરાવનું મરણ ઇ૰ સ૰ ૧૮૯૨માં ૯મી ઑકટોબરે નિપજ્યું હતું.

ગોપાલવર્મા—આ કાશમિરના રાજાનો જન્મ શંકરવર્માની રાણી સુગન્યાને પેટે ઇ૰ સ૰ ૮૮૨માં થયો હતો. એ ઇ૰ સ૰ ૯૦૨માં ગાદીએ આવ્યો, પણ તે વેળા રાણી સુગન્ધા પ્રભાકર મંત્રિ સાથે પ્યારમાં પડવાથી રાજ્યમાં ગોપાલવર્માનું ચલણ નામનું હતું પણ પ્રભાકરને હાથ સર્વ સત્તા હતી. પ્રભાકરે નવું લશકર જમાવી શાહી (ખીતાબ) રાજ્યમાં ભાણુપુર નામે નગર વસાવ્યું તથા શાહી રાજાને તાબે કરી પોતાની ચઢતીથી મસ્ત બની રાજ્ય દરબારમાં પણ ઉધ્ધતાઇથી વર્તવા માંડતા ગોપાલદિત્યને તે વાતની જાણ થઈ. ગોપાલવર્માએ પ્રભાકર મંત્રિપર રાજ્ય ખજાનો લુટવાનો આરોપ મેલવાથી તેણે પોતાના સગા રામદેવ પાસે અભિચાર મંત્ર પ્રયોગથી ઇ૰ સ૰ ૯૦૪માં ગોપાલ રાજાનો પ્રાણ લીધો. તે પછી થોડાજ સમય માં પ્રભાદિત્ય આપઘાત કરી મુવો અને રાણી કેદી હાલતમાં બુધ્ધના વિહારમાં મરણ પામી.

ગોપીચંદ્ર રાજા—એ ગૌડ બંગાલના કાંચનપુરનો રાજા હતો. એના પિતાનું નામ ત્રૈલોક્યચંદ્ર હતું ને માતા મૈનાવતી વિક્રમાદિત્યની નાહની બેહેન હતી. એ પોતાના પિતા પછી ગાદીએ બેઠો તે વેળા એની પટરાણી 'ઔમા' નામે હતી, તે શિવાય એની ૧૨૦૦ પરણેલી અને ૧૬૦૦ ઉપસ્ત્રીઓ હતી. ગોપીચંદ્ર સ્વરૂપે અતિ સુંદર અને શરીરે ઘણોજ નાજુક હતો. જ્યારે એ અમલ ચલાવતો હતો તે દરમ્યાન જાલંધરનાથ નામનો જ્ઞાની મહાપુરૂષ તે રાજ્યમાં આવી ચઢયો. મહારાણી મૈનાવતીએ પોતાના વિધવા અવસ્તામાં ઇશ્વર ધ્યાનપર મન લગાડી જાલંધરનાથના ઉપદેશથી તેની સેવામાં રહી. આવી મહાન બાનુને સાધુની સેવામાં જોઇ ગોપીચંદની પટરાણી 'ઔમાસે'

ગોપીચંદને તેની માતા મૈનાવતી માટે કાન ભંભેરીયા, આથી રાજાએ શંકાશીલ થઇ જલંધરનાથને એક છાણના ખાડામાં જીવતો ને જીવતો પુરી નાખી જમીન સરખી કરી નાખી. પણ જ્યારે મૈનાવતી જલંધરનાથના દર્શને ગઇ ત્યારે સાધુને નહિ જોઇ તેના દર્શન વિનાં અન્ન જળ ત્યાગ કરી માત્ર દુધ ઉપર જીવન રક્ષા કરવા માંડી. આ વેળા જલંધરનો શિષ્ય કાનીફ જત્રાએ ગએલો હતો.

એક સમયે મૈનાવતી માળ ઉપર બેશી શેહેરચર્ચા પર વિચાર કરતી હતી તેટલાં બારી તળે ગોપીચદ જે સ્નાન કરવા બેઠો હતો તેની અતિ સુંદર કાંતિ જોઇ પોતાનો સુંદર પતિ પણ એક દિવસે મૃત્યુને વશ થઇ તેની સુંદર કાયા નાશ પામી હતી તેની યાદ કરી રડવા લાગી. આ રાણીના આંસુના ટીપાં ગોપીચંદના બદન પર પડતાં તેણે ઉપર જોઇ માતાને તેનું કારણ પુછ્યું. મૈનાવતીએ પોતાનો ખ્યાલ જણાવતાં ગોપીચંદે કહ્યું કે દેહ અમર કરવા કોઇ સાધન છે કે નહિ? તેણીએ ઉત્તર આપ્યો કે જો અત્રે જલંધરનાથ હૈઆત હતે તો તે આ વાતનો ભેદ કહી શકતે. પણ આથી ગોપીચંદ પોતાથી થએલા અપરાધને લીધે મહા દુઃખ પામી ચુપ રહ્યો.

બીજી તરફ કાનીફને જ્યારે પોતાના ગુરૂની અવદશા થયાની વાત જણાઇ ત્યારે તે શેહેરમાં આવ્યો, ત્યારે મૈનાવતી તેના દર્શને જઇ જલંધરનાથ કયાં છે તે પુછ્યું. કાનીફે તેના બેટાની નાલાયક ચાલની વાત જણાવતાં તેણી મહા દુઃખી થઇ તેની પાસે માફી માંગી ને પોતાના પુત્રને પણ ક્ષમા અપાવવા કહ્યું.

ગોપીચંદે કાનીફ પાસે ચરણે પડી માફી માંગી પોતાનું રક્ષણ માંગ્યું. આથી કાનીફે તેને પોતાના જેવાજ ચાર ધાતુનાં પુતળાં બનાવી લાવવા કહી જે ખાડામાં જલંધરનાથને દાટયો હતો તે ખાડો ખોદાવી સાફ કર્યો, ને પછી કાનીફે પોતાના ગુરૂને હાંક મારી ત્યારે તેણે જવાબ આપી પુછ્યું. "તારી સાથે કોણ છે?" કાનીફે ગોપીચંદનું નામ જણાવતાં ગુરૂએ શ્રાપ આપ્યો કે "તે દુષ્ટ બળી ભસમ થાવો" કે તુરત કાનીફે ધાતુનું પુતળું ખાડામાં નાખ્યું કે જે બળી ભસમ થયું. એ મુજબ ચારે પુતળાં ભસમ થતાં ગુરૂએ તેને અમરગી બક્ષી માફી આપી ને પોતે અતિ તેજસ્વી હાલતમાં ખાડા બહાર આવ્યો. તે પછી ગોપીચંદે રાજ્ય વૈભવ તજી કફની પેહેરી પોતાની સ્ત્રીઓના ઘરે ઘર જઇ ભિક્ષા માંગી ૧૨ વર્ષ વૈરાગ્ય અવસ્તામાં ગુજારી ગુરૂની આજ્ઞાથી રાજ્ય વૈભવ પામ્યો હતો.

ગોફ—આ રમત પ્રથમ જર્મનીમાં શોધી કાઢવામાં આવી હતી. ત્યાંથી તે સ્કૉટલંડમાં દાખલ થઇ, અને ૧૭ મી સદીમાં તો ત્યાં આ રમત દેશમાં ઘણી લોક પ્રિય થઇ પડી હતી. તે પછી ઇંગલાંડમાં આ રમત દાખલ થઇ હતી. આ રમત માટે કુશાદે મેદાન અથવા મોટું ખાડા ખબોચીઆ વાળું જંગલ હોય તે પણ ચાલે છે. આ મેદાનમાં ૪ થી ૬ ઇંચ વ્યાસની ગોળ બદીઓ ખોદવામાં આવે છે, અને તેની વચ્ચે અંતર જગાની પ્રમાણમાં રખાય છે, મેદાન હોય ત્યારે તેમાં આ બદીઓ વાંકા તીકા માર્ગમાં ખોદવામાં આવે છે. આ રમત બેથી ચાર જણા વચ્ચે રમાય છે. ચાર જણ હોય ત્યારે એક તરફ બે બિલ્લુ રહે છે. આ રમનારાઓ પોતાની સાથે અનેક 'ગેડી, તથા દડાઓ રાખે છે. ગેડીની લંબાઇ ચોકસ હોતી નથી, સાદી ગેડી ૩½ ફીટ પણ પુટર ૩૮ ઇંચ હોય છે. આ ગેડીનો દડો 'હિકરી' નામના વૃક્ષના લાકડાનો બનાવી તેના છેડાને ચામડાથી મઢીલીધેલો હોય છે. આ દડામાં 'એપલ' અથવા 'બીચ' ઝાડના લાકડાનું ફળ ગોઠવેલું હોય છે; અને તેનું નીચલું તળીયું હોઇ દડાને સ્પર્શ થતી

બીજી બાજુ છોલેલી હોય છે. આ ફળાની પાછલી બાજુએ સીસું ભરી તે ભારી બનાવેલી હોય છે; કેમકે તેથી દડો લાંબે વેર ફેંકી શકાય છે. તથા આગલી નિચાણ બાજુપર સીંગડાની ચીપ જડેલી હોય છે. ઓગણીસમી સદીની અધવચ વેર આ રમતનાં વપરાતો દડો ચામડાનો બનાવી તેમાં પિછાં ભરી સીવી લેવામાં આવતો હતો. પણ તે પછી ગટાપર્ચાના દડા બનાવવા માંડયાથી હાલ આ રમતમાં ગટાપર્ચાનાંજ દડા વપરાય છે. આ દડા ૨૭-૨૭½ અને ૨૮ ડ્રામના વજનનાં બને છે. ગોફની રમતમાં વપરાતી ગેડી ૮ થી વધારે પ્રકારની હોય છે; અને તે દરેકનાં નામો જૂદાં જૂદાં હોય છે. તેમજ તે ગેડીઓ જૂદે જૂદે વખતેજ વાપરવી પડેછે. આ રમત હિંદુસ્તાનના દેશીઓમાં હજી વેર જરાએ જાણીતી થઈ નથી, તોય યૂરપીયનો આ રમતમાં કૂશળતા બતાવે છે. ઘણું કરી ગર ગામડે રહેતા યૂરપીયનો તેમજ પારશીઓ આ રમત રમે છે અને તેમને આ રમત લાયકની તેવા ગામોમાં જગા પણ મળે છે.

સાધારણ રીતે વપરાતી ગેડીઓ અતિ અગત્યની ગણાયછે, તેમનાં નામો નીચે મુજબ સાદી ગેડી, ક્લબ-પ્લેકલબ, સ્પુન, લાંબો સ્પૂન, ટુંકોસ્પૂન, બ્રાસી (પિત્તના ચીપવાળી) પટર (ટકાવતી ગેડી) કલીક (સાદી તથા લાંબી) નિબ્લીક વગેરે. પેહેલા બાણેલા બાડાસામે ગોઠવેલા ધૂળના ઢગલા ઉપર મુકેલો દડો પ્રથમ બદી તરફ ગબડાવવામાં આવેછે, આ દડો બનતાં સુધી થોડા ફટકામાં બદીમાં જઇ પડે તેમ કરેછે, પણ સરખે સરખા રમનારા થોડા ફટકામાં બદીમાં દડો ગબડાવી મેળેછે. આમ થવાથી બદી વેંહેચી લીધેલી ગણાયછે, પણ હુસ્યાર રમનાર થોડા ફટકામાં પેહેલી બદીમાં દડો લાવી મેળતાં તેણે એક બદી જીતેલી ગણાયછે; અને પેહેલો દડો ફરી ગબડાવવાનો હક્ક પણ તેનેજ મળેછે, આ રીતે એક પછી એક બદી સર કરતાં આખા મેદાનમાંની જે વધારે બદી સર કરેછે તે જીતેલો ગણાયછે.

આ રમતમાં કેટલીક વેળા સરખા રમનારા ઉપરાસાપરી એક પછી એક વધારે બદી સરકરી ઘણુકરી સરખા ઉતરે છે, ત્યારે બેઉ જોડીયા ગણાયછે, કોઇ પેહેલે વધારે બદી જીતી લે તે જીતેલો ગણાય એમ શરત કરી તે મુજબ વરતવામાં આવેછે. કેટલીક વેળા થોડા ફટકા મારી વધારે બદી સર કરવાની શરત કરવામાં આવેછે, ત્યારે રમનારાઓની બદી તેમજ ફટકા ગણવા પડેછે.

આ ગૉફની રમત માટે ક્રિકેટની રમત પ્રમાણેજ ચોકસ કાયદા કાનુનો ઠેડવેલાં હોય છે, અને તેજ રીતે આ રમત રમાયછે; તેમજ આ રમતમાં રમનાર તેમજ તેના નોકર ગેડી વગેરે પકડનાર ઉપર મુખ્ય આધાર હોયછે, માટે આ રમત રમનાર અથવા ઉત્તમ નેત્રધર યાને ગેડી ઝીલનાર માણસની સાહ્યતાથી શીખવાથી તેમજ માહવેરાથી જલ્દી શીખી શકાયછે.

ગોપીયંત્ર—એક પ્રકારનું દેશી વાધ, એ કીનરી જેવું હોય છે. (જુઓ કીનરી)

ગોફણ—ગોફણનો ઉપયોગ પ્રાચીન કાળથી લડાઇ વખતે કરવામાં આવતો હતો. ફીનિશીયન લોકોએ ૪૦ સ૦ પૂર્વ ૨૦૦૦ વર્ષ ઉપર એનો ઉપયોગ પ્રથમ કર્યો હતો. અલેકઝાન્ડરથી ગ્રેટ લડાઇ પ્રસંગે ગોફણ વડે લશ્કરને લડાવતો હતો એવી નોંધ મળે છે.

ગોમતી—ઔદના ઉત્તર પશ્ચિમ પ્રાંતમાંની આ નદી પિલિભિટ જીલ્લાનાં ઉત્તર પશ્ચિમ ભાગમાંથી વેહતી પિલિભિટી ગામમાંથી ૧૯ મૈલ દૂર સમુદ્ર સપાટીથી ૬૦૫ ફીટ ઉપર વહે છે. તે પછી એ દક્ષિણ પૂર્વ વધતી ઔદ અને કીરી જીલ્લામાં દાખલ થઇ, દક્ષિણ પૂર્વ સુધી ૯૪ મૈલ વહેતી દક્ષિણ પૂર્વથી ૮૦ મૈલ વક વલાણ લીયે છે. લખનો પાસે આ નદી ઉપર પાંચ પુલો બાંધેલા છે, અને તે તરફ ૩૦થી ૭૦ ફીટ પાણી રહેતું હોવાથી વહાણો બારે માસ ફરે છે.

લખનૌની હેઠે ગોમતી વધતાં તે સાંકડી બનતી જાયછે પણ તે તરફ તેનાં પ્રવાહથી ઉત્પન્ન થતી કુદ્રતિ લીલાની મનોહરતા અતિ સુંદર જણાય છે. ઔદની દક્ષિણ પૂર્વે સુલતાનપુર પાસે સુકી મોસમમાં આ નદી ૧૦૦ યાર્ડ પોહળી ને ૪ ફીટ ઉંડી વહે છે, કે જ્યાં એનો પ્રવાહ કલાકનાં બે મૈલની ઝડપથી દોડે છે. સુલતાનપૂરની દક્ષિણ પૂર્વે ૫૨ મૈલ પર આ નદી ઉત્તર પશ્ચિમમાં જોનપૂર જીલ્લામાં દાખલ થાયછે. જોનપૂર પાસે આ નદી ઉપર ૧૬ મેહેરાબવાલો પુલ છે. આ નદીને જોનપુરથી ૧૮ મૈલ ઉપર 'રાય નદી' મળે છે, અને બનારસ જીલ્લામાં ૩૩ મૈલપર નન્દ નદી જમણી તરફથી મળે છે, અને પછી પાંચ મૈલ વહી ગંગામાં પડે છે. એ મુજબ આ નદી ૫૦૦ મૈલ વહેતી ગંગાને મળે છે. આ નદીમાં ૫૦૦ પાકા મણ અથવા ૬૭ ટનનાં વહાણો ફરી શકે છે.

ગોમુખ—એક પ્રકારનું શંખ વાદ્ય. એ શંખમાંથી બનેછે અને તેનો આકાર ગોમુખ જેવો હોવાથી તેને ધર્મવાદ્ય તરીકે હિંદુઓ ગણે છે.

ગોમેઝ—આ શબ્દ પહેલવી ભાષાનો છે. અને આપણે ગૌમુત કહીએ છિયે. એને અવસ્તામાં 'ગએોમ એઝ' કહે છે. તેમજ તે નીરંગને નામે પણ ઓળખાય છે. જરતોસ્તીઓ વરસિઆ નામના ચોધાનું ગોમેઝ ક્રિયાએ કરી ઉપયોગમાં લીયે છે. આ વરસિયો શુધ્ધ સફેદ રંગનો હોય છે, અને તેના શરીર ઉપરનો એક પણ બાલ બીજા રંગનો હોતો નથી અને જો બીજા રંગનો એકુ બાલ જણાય તો તેને રદ કરવો પડેછે. પવિત્ર ક્રિયા કરી બનાવવામાં આવતું ગોમેઝ પિવામાં વપરાય છે; ત્યારે કોઇ ચીજને ગોમેઝ વતી પવિત્ર કરવી હોય તો તેને પ્રથમ સાધારણ ગોમુતથી ધોઇ પછી પાણી વડે ધોઇ સ્વચ્છ કરવામાં આવે છે.

વંદીદાદમાં જણાવ્યા મુજબ મરણપામેલાના કપડાં' દસ્તાનવાલી ઓરતનાં કપડાં વગેરે દાટતી વેળા તેને ફાડી તેનીપર ગોમેઝ છાંટી તેને દાટવું. પણ જે તેવાં કપડાં ઉપયોગમાં લેવાં હોય તો તેને છ વખત ગોમેઝમાં ધોઇ તેટલીજ વખત મટોડી, પાણીથી ધોઇ ૬ માસ વેર તેને વખાતા નાખી પછી તેને માત્ર દસ્તાન વાલી ઓરત યા તદ્દન નાચાર ઘણીજ વાપરી શકે. પણ અથોરનાન, પેહેલવાન, યા ખેડુત વર્ગ તે વાપરી શકે નહિ. જેમ કપડાંને વંદીદાદમાં ગોમેઝ પવિત્ર કરવાનું જણાવ્યું છે તેમ વાસણોને પણ ગોમેઝથી ધોઇ સ્વચ્છ કરવાનું ૭ મી ફરગર્દમાં જણાવ્યું છે.

રિમન નહવાડવાની ક્રિયામાં પણ ગોમેઝનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ ગોમેઝથી અપવિત્ર ચીજો પવિત્ર કરી શકાય છે તેમ તનની નાપાકી દૂર કરવા બામદાદમાં ગોમેઝ લેવાનો જરતોસ્તીઓમાં ચાલુ રેવાજ છે. આ રેવાજ ધર્મ રહે જરતોસ્તીઓમાં જે જડ ઘાલી બેઠો છે, તેની બાતેનમાં ઉંડી ફીલસુફી સમાયલી છે, અને તેમાં જે છુપાં ગુણો છે તે આજના સુધરેલા જમાનાથી અંજાણ રહ્યાં નથી. દેખયતી નજરે ગોમેઝ નાપસંદ લાગે છે, પણ તેમાં સમાયલાં ગુણો તરફ જોતાં પ્રાચીન આર્યન, ઇરાની, ઇજીપશિયન, રોમન, તથા બીજા ગ્રીક અને ફ્રેન્ચ પ્રજામાં ગોમેઝ માટે જે ઉંડી ફીલસુફી જાણીતી છે, તે તરફ જોતાં જરતોસ્તીઓમાં જમાનાં થયાં આ રેવાજ જે ચાલતો આવ્યોછે તે પોતાના ઉત્તમ છુપા ગુણને લીધે હજી વેર ટકી રહ્યો છે.

હિંદુ ધર્મ શાસ્ત્રમાં ગૌમુત અપવિત્રાઇ દુર કરવાનો અકસીર ગુણ ધરાવતું જણાવેલું છે. મનુસ્મૃતિમાં એક શ્લોકમાં જણાવ્યા મુજબ સણનાં કપડાં પ્રમાણે શિંગડાં હાડકાં, હાથી દાંત વગેરે ચીજોને ગૌમુત તથા પાણીથી સાફ કરવાં. તેમજ જમીન

કેવી રીતે સાફ થઇ શકે તે વિશે એજ ગ્રંથમાં પાંચ રીતો દર્શાવી છે કે, " ગાયના છાણ વડે લીપવાથી, ગૌમુત્ર તથા ગાયના દુધવડે પોપડા ઉખેડી કાઢી અને ગાયને તે ઉપર રાત દિવસ રાખ્યાથી ભૂમી પવિત્ર કરી શકાય છે." તેમજ પ્રાયશ્ચીત આપતી વેળા ગૌમૂત્ર તથા છાણની બનાવેલી ગોળીઓ પ્રથમ ખવડાવવામાં આવેછે.

જેમ ગોમેઝથી અપવિત્ર ચીજોને પવિત્ર કરી શકાયછે તેમ, નાપાકી તોડવા માટે પણ તેનો ઉપયોગ અસલી જમાનાથી થતો આવ્યો છે. આ એલાજ જેમ જરથોસ્તી તથા હિંદુઓમાં પ્રસિધ્ધ છે, તેમ યૂરપના કેટલા ભાગોમાં પણ જાણીતો છે* ફ્રાન્સ તરફના કેટલાક ભાગમાં 'ગોવાઓ' કે જેઓ નાપાકી વિષે વેહેમ ધરાવે છે તેઓ બામદાદમાં ગોમુત્ર લઇને તે વડે હાથ મોહ ધોઇ પછી પાણી વડે તન પવિત્ર કરે છે, અને માને છે કે તેમનીપર શેહેતાન હુમલો કરી શકશે નહિ.

ઉત્તર માહાસાગર તરફના ગ્રીન લેંડમાં સુવાવડી સ્ત્રીના માથા નજદીક ત્રણ દિવસવેર ગોમેઝનું ભરેલું વાસણ મુકી રાખવામાં આવે છે, જેથી તેનીપર બુરી શકિત ગાલેબ થતી નથી. ડૉ૦ યૂજેન વિલહેમ કૃત ગઉ મુતના ઉપયોગ વિશેના ચોપાન્યામાં જણાવે છે કે ૪૦ સ૦ ૧૨૩૦ અને ૧૨૯૨ વચ્ચે ગએલા 'જીઓના' આર્ચબિશપ જેકોબ્સઆવોરાંજીનેએ પ્રગટ કરેલી પવિત્ર લોકોની વાર્તાઓ એ નામના ગ્રંથમાં દરેક પ્રકારના જાદુને હટાવવાનાં અસરકાર ઇલાજ તરીકે માનવામાં આવતું જોવામાં આવે છે. તેજ ગ્રંથના ૪થા પ્રકરણમાં પવિત્ર કુમારિકા લુશીઆ વિષે જણાવ્યું છે કે મુતરથી જાદુનો નાશ થાય છે, એવો વિચાર 'પશાશિઅશ' ધરાવતો હોવાથી પવિત્ર 'લુશિઆનાં' તમામ શરિર ઉપર મુતર છાંટવાને તેણે હોકમ આપ્યો હતો. રોમન લોકો પણ જાદુ મંત્રમાં ગોમેઝ અકસીર એલાજ ગણી તેનો ઉપયોગ કરતા હતા.

" પ્રાચીન ઇજીપ્તમાં તો દરેક જનવર તથા મનુષ્યના મૂતર વિષેનાં ગ્રુચકાનો ગ્રંથ પ્રસિધ્ધ થએલો હતો. તેમજ પ્રાચીન કાળમાં દુન્યામાં સુધારાની ટોચે પુગેલી પ્રજામાં ગોમેઝનો ઉપયોગ તેની ખુબીઓ સાથે પ્રસિધ્ધ હતો. ગોમેઝ જેમ નાપાકી, શેહતાની, જાદુ વગેરે ટાળવામાં અકસીર છે તેમ તે ખજ, મકી માર ખાધાથી થએલી ઇજા વગેરે દૂર કરવાનો અકસીર ગુણ ધરાવે છે. (જુવો પેશાબ–મુતર)

વનસ્પતિઓ ઉપર પોષણ કરનાર પશૂનાં મુતરમાંથી મળતાં તત્વ વિશે પ્રોફેસ હાઇડીએ પોતાની ખાતરવાલી ચોપડીમાં દર્શાવ્યા મુજબ નીચલાં તત્વો હોય છે.

૧— યુરીયા, જેમાં વોહલર અને વાન લીબીગના જણાવ્યા મુજબ જૂદાં જૂદાં તત્વો સેંકડે નીચે જણાવેલા પ્રમાણમાં મળે છે.

કારબૉન—	૨૦·૦૨
હાઇડ્રોજન—	૬·૭૬
ઑકસિજન—	૨૬·૫૪
નાઇત્રોજન—	૪૬·૭૩
	૧૦૦

૨—હિપ્પુરિક ઍસિદ જેમાં જૂદાં જૂદાં તત્વો સેંકડે નીચલા પ્રમાણમાં મલેછે એમ ' વાનલીબીગ ' જણાવે છે.

કારબૉન—	૬૦·૭૪૨
હાઇડ્રોજન—	૪·૯૫૯
ઑકસિજન—	૨૬·૪૮૩
નાઇત્રોજન—	૭·૮૧૬
	૧૦૦

* Such means as cow-dung, and cow-urine, are applied also on the continent of Europe by peasant physicians, up to our time."
(Martin Haugh. Dr. Phil. Vide his Parsee Religion. P. 242)

૩--યૂરિક પિગમેંત જેમાં જૂદાં જૂદાં તત્વો સેંકડે નીચલા પ્રમાણમાં મલતા 'રકેરર' જણાવે છે.

કારબૉન—૫૮·૪૩
હાઇદ્રોજન-- ૫·૧૬
ઑકસિજન–૨૭·૫૮
નાઇત્રોજન– ૮·૮૩

૧૦૦

આ યૂરિક પિગમેંતના તત્વોને સહેલાઇથી છુટા પાડી શકાય છે. જે બિનાં સ્થિર પડેલા મુતરના ઉતાવળે બદલાતા રંગ ઉપરથી દેખાઇ આવે છે, અને તેઓ મુતરમાંના બીજા તત્વોને પણ છુટા કરે છે.

જનવરોમાં જેમ ફેર હોયછે તેમ તેમના ખોરાક લેવામાં પણ ફરક હોય છે. વનસ્પતિ આહારી અને માંસ આહારી પશુનાં મૂતરમાં જૂજ ફરક હોયછે અને તેમ તેમાં ગુણો સમાયલાં હોય છે. અત્રે ગૌના ગોમેઝ વિષે વિવેચન કરેલું હોવાથી ચૂકું ઘાંસ તથા પપેટાનો ખોરાક હમેશાં લેનારી ગાયનું મુતર તપાસી જોતાં તેમાં નીચલા તત્વો દર હજારે જણાયલાં દર્શાવ્યા છે.

યુરિયા...	...૧૮·૫
હેપ્પુરિક ઍસિડ આલકેલીન...	...૧૬·૫
લેકિતક ઍસિદ આલકેલીન ...	...૧૭·૨
કારબૉનિક ઍસિદ આલકેલીન...	...૧૬·૧
કારબૉનિક ઍસિદ લાઇમ ...	... ૦·૬
,, ,, મેગનિશ્યા ...	... ૪·૭
સલફ્યુરીક ઍસિદ આલકેલીન	... ૩·૬
ક્લોર નાઇત્રીમ	નહિં જેવું
પાણી	૯૨૧·૩

૧૦૦૦

હિંદુઓ ગાયને પવિત્ર માનીને તેને પુંજે છે ને તેને ગોમાતા સમજેછે તેમજ તેનું મૂત્ર અને છાણ પવિત્ર માની તે વડે ઘરને લિપે છે; ગાયનું દૂધ, દહી, ઘી, મૂત્ર અને છાણ એ પાંચ પદાર્થ એકત્ર કરી તેનું તેઓ પંચગવ્ય કરી બદનની અંતર ને બાહેર શુદ્ધીને માટે ઉપયોગમાં લીયે છે.

વૈદ્યક કલ્પતરૂમાં જણાવેછે કે "મુંબઇના પ્રસિદ્ધ એકટીરીયોલૅજીસ્ટ પીચફેર્ડ અને રો" એ ગોમૂત્રનું પૃથકકરણ કરી સિદ્ધ કરેલુંછે કે ગોમૂત્ર મરકીનાં વખતમાં એક દુર્ગંધ નાશક તથા રોગોત્પાદક જંતુ નાશક પ્રવાહી તરીકે બહુ અકસીર છે. એનાથી રોગ જંતુઓ વધતા નથી, મરતા નથી, ફેલાતા નથી, પણ શક્તિ હીન થાયછે; એટલે રોગ ઉત્પન્ન કરી શકતાં નથી. આથી એ બીજા "ડિસઇન્ફેકટંટસ" (ગંદકી નાશક) કરતાં વિશેષ લાભકારી છે. હાલમાં વપરાતાં Phlugh આદિ ડિસઇન્ફેકટંટસથી જંતુઓ મરી જાયછે તે ટૉગ્ઝાઇન (Toxine) નામનો બીજો પ્રાણઘાતક પદાર્થ પાછળ મેલી જાયછે પણ તે તેના જેવો વિશેષ જીવલેન નીવડે છે. ત્યારે ગોમેઝથી જંતુ મરતાં નથી, પણ શક્તિહીન થાયછે. આ ઉપરથી સિદ્ધ થાયછે, કે ગોમૂત્ર પણ એક અકસીર ઇલાજ છે. ગોમૂત્ર છાંટવાની આજ્ઞા શાસ્ત્રો બહુ વિધે કરે છે. શબ પડયું હોય ત્યાં ગોમૂત્ર છાંટવાથી તે જગ્યા પવિત્ર ગણાયછે ત્યારે તત્વ શોધતાં એમ નથી લાગતું કે શબનાં રોગનાં શેષ રહેલા જંતુઓથી નુકસાન ન થાય માટે ગોમૂત્રનો ઉપયોગ ગુણકારી છે?

ગોમેટાં—હિંદમાં મુખ્ય કરી કોંકણ પ્રાંતમાં ગોમેટાના વેલા ચોમાસામાં ઘણા લાંબા વધે છે. એના પાંદડા આમલીના પાંદડા જેવાં હોય છે. એની પર એક આંગળ લાંબુ સુનેરી કેળાં જેવું ફળ આવેછે, અને તેનો છેડો બારીક હોયછે. એનાં ફળ ગળચરાં હોવાથી તેનો ઉપયોગ કોંકણના ખેડુતો શાક ભાજીમાં કરેછે.

ગોર—બંગાલના મલદાહ જીલ્લાનું આ પુરાણું ખંડીયર શેહેર ગંગા નદીના નેહેરવાલા ભાગ ઉપર છે. પ્રાચીનકાળમાં એનું નામ લક્ષ્મનવતી હતું કે જેનું હાલ લખનોતી નામ પ્રચારમાં છે. ઇ. સ. ૧૨૦૪ માં

તે વખતે બાંધવામાં આવેલી અનેક મસજીદો-ના ખંડીયરો આજે પણ નજરે પડેછે. જ્યારે બંગાલના અફઘાન રાજ્યકર્તાએ પોતાનું પાયતખત 'મન્વા'માં લઇ ગયા ત્યારે ગોરમાંથી લઇ જવાઇ શકાય તેવી તેવી ઇમારતોમાંથી પથ્થર કામ તેમજ બીજા બાંધકામો ભાંજી તે નવા શેહેરને સણગારવા માટે લઇ જવામાં આવ્યાં હતાં. પણ ફરીથી એક વેળા ગોરને રાજધાની તરીકે મુકરર કરવામાં આવ્યું હતું, અને ત્યારે એનું નામ 'જનાતાબાદ' રાખ્યું હતું, અને આ પાયતખત છેલ્લા અફઘાન રાજ્યકર્તાના અમલ સુધી કાયમ હતું. પણ તે પછી ગોરની દક્ષિણ પશ્ચિમે થોડા મૈલ પરના 'ટાંગરા' ને પાયતખત બનાવવામાં આવ્યું હતું. ઇ. સ. ૧૫૩૭ માં શીરશાહની ચઢાઇથી ગોર ફરી નૂકસાન પામ્યું હતું અને ૧૫૭૫ થી તેના વિશે તવારીખમાં ઝાઝું જણાયું નથી. તે પછી ગોર ત્યાંનાજ રાજ્યકર્તાઓના દોરથી લુટાયું હતું. દાઉદખાન અફઘાન વંશનો છેલ્લો પુરૂષ હતો, તેણે દિલ્લીપતીનું સ્વામિત્વ તુચ્છકારવાથી બાદશાહે મનીયમખાનની સરદારી તળે મોટું લશકર આપી દાઉદખાન સાથે લઢી તેને હરાવ્યો હતો. આ લઢાઇ વર્સાદની મુરી મોસમમાં થઇ હતી. તે વેળા શેહેરમાં મરકી ફાટી નિકળવાથી હજારો લઢવૈયા તથા શેહેરીઓ રોજનાં મરણ પામવા લાગ્યા અને તેથી લોકો મૂર્દાને દાટવા યા બાળવા વગીક અશક્ત થઇ પડયા. આથી ઘણાકો મુર્દાને તલાવ તથા ભાગીરથીમાં ફેંકી દેવા લાગા ને એ રીતે ગોર તદન ઉજડ બન્યું.

બીજા તવારીખ નવેશોના જણાવવા મુજબ બંગાલનો વડો હાકમ ગોરના કિલ્લાને રેહેઠાણ તરીકે અવાર નવાર વાપરતો હતો. છેલે ઔરંગજેબના ભાઇ શૂજાએ તેને સુધાર્યું હતું પણ તે પછી તેણે રાજ મહેલને બંગાલનું રાજધાની બનાવ્યું ત્યારથી ગોર વેરાન હાલતમાં આવી પડયું હતું. એ રીતે મરકી યા બીજા આમો હવાથી નહિ પણ સરકારી થાણું બીજે ઠેકાણે લઈ જવાથી ગોરની પડતી હાલત આવી હતી. તે પછી ગોરમાંની મસજીદો, ઈમારતો વગેરેનું પથ્થરકામ ભાંજી મુરશીદાબાદ મોકલી ત્યાંની ઈમારતો બાંધવામાં આવી હતી. તેમાં મુરશીદાબાદનું ઇંગલીશ બઝાર ગોરના ખંડીયરોના પથ્થરકામથી બાંધવામાં આવ્યું છે. હાલમાં ગોરનો કિલ્લો કોટ અને ઇમારતો તદન ભાગીતુંડી હાલ તમાંછે. પહેલાં ગોર શેહેર ૨૦ થી ૩૦ ચોરસ મૈલ જગા રોકતું હતું, અને તેમાં આવેલા ખંડીયરોના જાણવા જોગ હેવાલો જે જે ઇંગ્રેજ મુસાફરોએ તેની મુલાકાત લીધી છે તેઓએ ઘણી રસીલી રીતે વર્ણન કર્યું છે.

ગોરખ આંબલી—ડૉકતર ડીમક જણાવે છે કે "પ્રસિદ્ધ સાધુ ગોરક્ષનાથ પોતાના ચેલાઓને આ ઝાડ હેઠળ બેસી પોતાના પંથનો ઉપદેશ કરતો હતો. જે ઉપરથી એ ઝાડનું નામ ગોરખ આંબલી પડયું હશે-" દુનીયામાં તેના જેવડું મોટું અને જુનું ઝાડ કોઇજ હશે, તેનું થડ જાડું અને ઠુંઠું છે."

એના ઝાડ ૭૦થી ૮૦ ફીટ વધે છે અને તે ઘણા લાંબા વર્ષો સુધી જીવી શકે છે. એના થડનો ઘેરાવો તળેટીમાં ૪૦ ફીટ થી પણ વધારે હોય છે, એટલે તેના મોટા ઝાડના થડનો ઘેરાવો ૧૨૦ ફીટ હોય છે. તેની ડાંખળીનાં છેડા નીચે ઝુલીયા કરે છે, અને તેપર એટલાતો પાંદડાં હોય છે કે તેથી તે તદન ઢંકાઇ જાય છે. એના ઝાડને ચોક જાતનું દર્દ લાગુ પડતાં તે મરણ પામે છે.

ગોરખ આંબલીપર જુન માસમાં ફુલો આવે છે, તે રંગે સફેદ અને મોટાં હોય છે. આ ઝાડપર વેંતભર લંબાઇના દુધીનાં આકારે ફળો આવે છે. આ ફળોનાં બહારની છાલ કઠણ હોય છે. એનો ગર ભોટ

જેવો હોઇ તે ખાટો હોય છે. તેને આંબલીને બદલે પણ ઉપયોગમાં લેવામાં આવે છે. તે પિત્ત શામક, રૂચીકર હોય છે. તેનો રસ કાઢી તેમાં ખાંડ નાખી તેનું શરબત બને છે. તાપ ઉપર તે અતિ અકસીર ગણાય છે.

એના વૃક્ષ બિયાંથી ઉગી શકે છે અને તે કાળી જમીનમાં જલ્દી ઉત્પન્ન થાય છે. એના બિજ રોપ્યા પછી તેનીપર ૮ દિવસ આંતરે પાણી સીંચવું પડે છે.

હિંદુસ્તાનમાં આ વૃક્ષની ઝાડી ઉત્પન્ન કરવાની કોઇ કોશીસ કરતું નથી. આરબ વેપારીઓએ પેહેલ વેહેલું આ ઝાડ હિંદુસ્તાનમાં આણ્યું હતું. એને આરબો "હાબાબ્" કહેછે. મુંબઇની આસપાસ સમૂદ્ર કાંઠે એના વૃક્ષો જણાય છે.

કૃષ્ણપૂરમાં પ્રાચીનકાળથી હસ્તી ધરાવતા એવા ૪ વૃક્ષો છે. ૪ દોર શેહેર નજદીક 'મંદૂ' નામની ઉજડ જગ્યામાં એના પુશકળ વૃક્ષો ઉગેછે, તેમજ મદ્રાસમાં પણ ઘણાં જણાય છે. લખનૌ તથા પ્રયાગમાં તથા દક્ષિણ મહારાષ્ટમાં કોલ્હાપુર તરફ પણ એના ઘણા વૃક્ષો જણાય છે.

આફ્રિકામાં સેનિગાલથી એબિસિનિયા સુધીના ભાગમાં એના ઘણા વૃક્ષો ઉગે છે, વિદ્વાન હંબોલ્ટે એને હજારો વર્ષ જીવનારૂં વૃક્ષ એવું નામ આપેલું છે. જે ઝાડના થડનો ઘેરાવો ૩૦ ફીટ હોય તે ૫૦૦૦ વર્ષ નું જુનું હોવું જોઇએ. એમ મી૦ અંડરસન કહે છે. પાંચથી છ ફીટ વ્યાસના થડ ઉપર કેટલાક યૂરપીયનોએ ઇ. સ. ની ૧૪ તથા ૧૫ મી સદીમાં કોતરેલાં નામો તેના જોવામાં આવ્યા હતા.

ગોરખ આંબલીના ઝાડની છાલ ઉપર કાપ પાડવામાં આવે તો તેમાંથી સફેદ રંગનો ચીકણો પદાર્થ ઝરેછે. આ ચુંદરને સ્વાદ યા વાસ હોતો નથી, પણ તેના અંગે 'ક્ષાર' ના ગુણ હોય છે. આ ચુંદર પાણીમાં પિગળતો નથી. આ ઝાડની રાખમાં ચુનો ઘણો હોય છે.

આ વૃક્ષનું લાકડું ઘણું નરમ હોવાથી તેના મોટા થડને કોતરી મનુષ્યો પોતાના ઘર તરીકે વાપરી શકે છે. આફ્રિકામાં પોતાના મોત પછી પોતાને જમીનમાં નહિ દટાવાની જેની ખાહેશ હોયછે તેનું પ્રેત આ ઝાડના થડને કોતરી તેમાં મેળે છે. આથી ત્યાં તે શબ મસાલાથી જલવાઇ રહે તેમ સલામત રહે છે, ત્યાંના લોકો આ ઝાડની છાલ અને ફળોને બાળી તેની રાખ બનાવી તેને તેલમાં મેળવી સાબુ તરીકે વાપરે છે. સૂકાયલા ફળોને નારીયળી પ્રમાણે તરવાનાં ઉપયોગમાં લેછે; તેમજ તેના સુકાયલા ફળોને ડાબડી તરીકે ઉપયોગમાં લીયેછે.

આ ઝાડની છાલમાંથી ઉત્તમ તંતૂ નીકળે છે; તેનું કાપડ, દોરડાં વગેરે ચીજો બનાવી શકાય છે. સેનિગાલ પ્રાંતમાં એના તંતૂના દોરડાં તેમજ કાપડ બનાવવાનો હુન્નર ચાલે છે. બહારની કઠણ છાલ કાઢીનાખી તેની અંદર છાલના પાટીયો છોલી કાઢે છે' પછી તેને લાકડીથી કુટીને તેની છાલ જૂદી કરી સુકવી તેના ભારા બાંધે છે મોટા ઝાડ કરતાં નાહાના ઝાડની છાલ પાતળી તથા નરમ હોય છે.

આ ક્રિયામાં એની છાલમાંથી દોરડાં જળાં' ગુણપાટ, કાપડ વગેરે બનાવવામાં આવે છે. હિંદુસ્તાનમાં હાથીની ઝુલ એનાજ તંતૂઓમાંથી બનાવવામાં આવેછે એનાતંતૂ દર મણે રૂ. ૪ થી ૫ ને ભાવે વેચાય છે. વળી એની છાલમાંથી ઉત્તમ પ્રતિનો કાગળ પણ બનાવવામાં આવે છે અને તે બેંકનોટ નામના કાગળને નામે ઓળખાય છે.

એની છાલમાંથી કાઢવામાં આવેલા રસમાં નાઇત્રોજન હોતું નથી પણ તેમાંજ સૂક્ષમ રજકણ સોયના આકારની હોય છે તેને "એડયાનસોનિયા" કહે છે અને આ ઝાડના મૂળીયાનો લાલ રંગ અતિ ઉત્તમ પ્રકારનો બને છે.

આ વૃક્ષપર આવતા ફળો કોહળાં જેવડાં પણ એક ફીટ મોટાં હોય છે અને નાહના

હોય છે ત્યારે તે લીંબુ જેવડાં દિસે છે. તેમ તપકિર્યા રંગના બિયાં હોય છે, અને ફળ માહેલો ગર ખાટો હોય છે. તેથી તે અમથો ખાતાં દાંત કળે છે. એના કાચાં ફળો ઘણુ લોકો ખાય છે. 'મંગોપાર્ક'ના શોધ માટે જ્યારે 'મેજર પેડલી' ગયો ત્યારે તેને એક પ્રસંગે લાગટ ૧૨ દિવસ વેર એના ફળો ઉપરજ નિર્વાહ કરવો પડયો હતો.

ગુજરાતના માછી લોકો રોટલી સાથે આ ઝાડના પાંદડા પેટમાં થંડક આપવા થકી ખાય છે. સેનિગાલ પ્રાંતમાં સીદ્દીલોકો એની છાલને મસાલા તરીકે પણ ઉપયોગમાં લીયેછે.

આ વૃક્ષ જેમ મનુષ્યોને પેહેરવા વાપરવાની ચીજો પુરી પાડે છે, તેમ તે ઔષધિ ઉપચારમાં પણ અતિ ઉપયોગી જણાયલું છે. તાપ ઉપર એના ફળનું મગજ ખાવા આપવામાં આવે છે. ઘણો પસીનો છુટેછે ત્યારે આફ્રીકામાં એના સૂકાયલા પાંદડાનો ભૂકો બદન ઉપર મસળે છે. તેમજ હલકા તાપ ઉપર કવિનાઇન પ્રમાણે એના ઝાડના છાલની ભૂકી પાવામાં આવે છે. અત્તેસારના વિકારમાં મુંબઇના તબીબો એના ફળના મગજને દહિમાં પલાળી પાય છે. એની છાલ બાધાથી ભૂખ વધી પસીનો છુટે છે. તાપ ઉપર રૂ૰ તોલો છાલ પોણોશેર પાણીમાં પકાવી તેનો ૬ સેર કાવો કરી આખા દિવસમાં તેટલો પાવાથી દર્દ દફે થાય છે. ડૉ. જે પારકરના જણાવ્યા મુજબ ત્વચા રોગ ઉપર એના ફળના મગજને લેપ તરીકે ઉપયોગમાં લેતાં ઘણાં દર્દો દફે થયાં હતાં.

ગોરખપૂર—વાયવ્ય પ્રાંતમાંનો એક જીલ્લો. એની ઉત્તરે નેપાળ, પૂર્વે ચામપારાન અને સારાન, દક્ષિણે ગોગરા નદી અને પશ્ચિમે બારટી તથા ફૈજાબાદ છે. કુલે ક્ષેત્રફળ ૪૫૯૮ ચૌ. મૈલ છે. ૧૮૫૩ માં લોક વસ્તી ૧૮,૧૬,૩૬૦ની, ૧૮૬૫ માં ૨૦,૨૪,૧૫૦ની, ૧૮૭૨ માં ૨૦,૧૬,૩૬૦ ની ને ૧૮૮૧ માં ૨૬,૧૭,૧૨૦ની હતી. જીલ્લામાં ૭૨૩૮ ગામો ને તેમાં ૪,૪૮૬૨૫ મકાનો છે. હિંદુ વસ્તી ૧૩,૧૦,૬૬૭ ની ને મુસલમાનોની ૨,૬૧,૧૬૬ ની છે.

આ જીલ્લામાં વર્સાદ ઋતુમાં મેલેરીયા તાપનો રોગ ફાટી નિકળે છે. વાર્ષિક વર્સાદ સરાસરી ૩૦ ઇંચ પડે છે. ૧૮૬૧ માં વધુમાં વધુ ૬૦ ઇંચ પડયો હતો, અને ૧૮૬૮ માં ઓછામાં ઓછો ૨૫ ઇંચ પડયો હતો. ગર્ભીમાં ૭૦ અંશ ગર્મી રહે છે તેમાં જનેવારીમાં ૬૦ ડીગ્રીવેર પડે છે.

ગોરખપૂર—એજ નામના જીલ્લાનું મુખ્ય શેહેર. 'સરયૂ' નદીને મળનારી 'રાપ્તિ' નદીને કાંઠે ગોરખપુર આગળ ગોરક્ષપુરને નામે જાણીતું હતું. આ શેહેર મંછેદ્રનાથ નામના મહાત્માથી ઉત્પન્ન થએલા ગોરક્ષનાથે વસાવ્યું હતું. આ શેહેરમાં ગોરક્ષનાથનું એક ભવ્ય મંદીર હતું પણ અલાઉદીને તે મંદીર ભાંજી તેને જગે એક મસજીદ બાંધી હતી; પણ થોડા કાળ પછી નાથ સંપ્રદાયના ચેલાઓએ તે મસજીદનો નાશ કરી તેની જગે ફરી મંદીર બાંધ્યું હતું. પણ ઔરંગજેબે તે મંદીરને ભાંજી ત્યાં મસજીદ બાંધી હતી, તેથી નાથ સંપ્રદાય વાલાઓએ તે જગાપર ફરી મંદીર બાંધવાનો વિચાર મુકી દઇ બીજે ઠેકાણે ગોરક્ષનાથની ગાદી સ્થાપન કરી. હાલમાં ફરી બાંધેલું મંદીર ગોરખપુરની પશ્ચિમમાં છે. આ દેવળની દક્ષિણમા મહાદેવનું મંદીર છે.

ગોરખપુરમાં ૧૮૭૧માં લોક વસ્તી ૫૧,૧૧૭ ની, ૧૮૮૧માં ૫૭૬૨૨ની ને ૧૮૯૧માં ૬૩૬૨૦ ની હતી. શેહેર ૭૪૬ એકર જમીન પર વસાયલું છે. આ શેહેરની સ્થાપના ઈ૰ સ૰ ૧૪૦૦માં થએલી જણાય છે. અત્રે સાહુકારી તથા સેસન જડજની કોર્ટ, જીલ્લાની તુરંગ અને વડી અદાલત છે. ૧૮૮૧માં મ્યુનિસીપલ ઉપજ ૪૬૦૫ પૌંડની ઉપજી હતી.

ગોરખમઢી—આ ગામનું નામ ગોરક્ષનાથ સાધુ ઉપરથી પડયું છે. ગોરખમઢી સર-

સ્વતિ નદીને કાંઠે, પાટણની પૂર્વે ૯ મૈલ ને પ્રાચીન કુંડની પશ્ચિમે . ૬ મૈલપર છે. મઢીમાં ગોરખનાથ તથા મછેન્દ્રનાથની મૂર્તી છે. અત્રેના સાધુ કાનફટા ગણાય છે, ને તેઓ ગોરખનાથનો પંથ પાળે છે. કાનફટાઓનાં કાનની વચ્ચોવચ્ચે એક ઈંચ જેવડો ચીરો હોય છે; આ ચીરો તેઓ બેઉ તરફ થી ચાકુવડે પાડે છે. ચેલો થતાં તેના કાનમાં આ ચીરો પાડે છે અને પછી તેમાં શકિત મુજબ મુદ્રા પેહેરે છે. કાનફટાઓ પરણી શકતા નથી.

ગોરખમુડી—એના છોડ બેથી ત્રણ હાથ લાંબા વધે છે, અને તેના લંબોચા પાંદડાની આસપાસ કરવતી જેવાં દાતા હોય છે. ફુલો નાહના અને આસમાની રંગના હોય છે. એનીપર નાહની સોપારી જેવડાં અક્રીણનાં દીંડવા જેવા ગુલાબી દીંડવા આવે છે. મુખ્ય કરી એનાં છોડ સિંધ પ્રાંતમાં બિનાસવાળી જગ્યાપર ઉગે છે. એનાં મૂળીયાં કડવા અને રેચક છે. ગંડમાળ તથા કમળી ઉપર ગોરખમૂંડીનો રસ કાઢી તે પાય છે, પણ ગડમાળ ઉપર ગોરખમૂડીના મૂળ તેનાજ રસ માં ઘશી ચોપડે છે. એનો રસ દરેક પવન ઉપર ચોપડવાથી તે નરમ પડે છે.

ગોર્દાફરીદ—આ શાહજાદી ગુસ્તેહમની બેટી હતી. જ્યારે સોહરાબે એણીનો રહેવાનો કિલ્લો હાથ કીધો ત્યારે આ બાનું મર્દનો વેશ પહેરી સોહરાબ સાથે લઢવા નિકળી, પણ લઢાઇમાં સોહરાબના બેહદ બળ પાસે આજેજ થઈ સ્ત્રી તરીકે ખુલ્લી પડી હતી. એનીપર સોહરાબ રીઝા થવાથી ગોર્દાફરીદ રાતો રાત તુરાનીઓને ભૂલથાપ આપી કિલ્લામાંનો ખજાનો આપવાની લાલચ આપી કિલ્લામાં દાખલ થઈ બીજે માર્ગે નહાશી ગઇ હતી.

ગોરક્ષકલ્પ— આ ગ્રંથ સંસ્કૃત ભાષામાં ગોરક્ષનાથે રચ્યો હતો. એમાં જે ઔષધિ કલ્પ પ્રકરણ છે તેમાં લખેલી રીત મુજબ દવા અજમાવવાથી નાહનાં બાલ કદી સફેદ થતાં નથી, દાંત કદી પડતાં નથી, તેમજ કદી બેમારી લાગુ પડતી નથી, અને મનુષ્ય અમર્ગી પામે છે, એમાં વનઔષધિનો સંગ્રહ છે.

ગોરક્ષ દુગ્ધ—એને ઇંગ્રેજીમાં ટ્રાકસેકમ (Taraxacum) કહે છે. આ વનસ્પતિ હિમાલયનાં પ્રદેશમાં ઉગે છે. યૂરપમાં એની બેતી દક્ષિણ ઈટાલીમાં કરવામાં આવે છે. એ ફુલો આવવા પેહેલાં તેના મૂળીયાં કાઢી લીયે છે. એના મૂળીયામાંનો રસ ઉપયોગી હોય છે.

ગોરક્ષનાથ—અયોધ્યા પાસેના જયશ્રી ગામમાં વિજયરાજ રાજાના રાજ્ય અમલ સમયે સદબોધ નામે બ્રાહ્મણ સહત્તી નામે સ્ત્રી સાથે રહેતો હતો. આ સ્ત્રી પુરૂષને ત્યાં સંતતી નહિ હોવાથી તેઓ દુખી હતા. એક સમે મછેન્દ્રનાથ સાધુ આ ગામમાં ભિક્ષા માંગવા ફરતો હતો તેટલામાં આ સહત્તી સાથે ઓળખાણ પડી. આ સ્ત્રીએ પોતાને સંતતી થાય એવા આશિરવાદ માંગતાં મછેન્દ્રનાથે થોડી રખીયા મંત્ર ભણી તેને ખાવા આપી, પોતે ચાલી ગયો. આ ભસ્મની ખબર તેની બીજી કોઈ બ્હેનપણીને પડતાં તેણીએ વેહેમ આપ્યો કે, આ જોગી કાનફટા બાબડીઓને ભસ્મ ખવાડી કુતરી બનાવી પોતાની સાથે લઇ જાય છે અને રાત પડતાં તેને સ્ત્રી હાલતમાં લાવી તેની સાથે વખત ગુજારે છે. આથી સહત્તીએ તે ભસ્મ ઉકરડાપર નાખી દીધું. આ બનાવને ૧૨ વર્ષ થયા પછી મછેન્દ્રનાથ ફરી તેજ શેહેરમાં આવી ચઢયો ને ભિક્ષા માંગવા ફરતાં સદબોધને ઘરે આવી ચઢયો. ત્યાં તેણે પોતાના ભસ્મ પ્રતાપે કેવો પુત્ર થએલો છે તે જોવા માંગ્યો, પણ સહત્તીએ ભસ્મ ઉકરડાપર નાખી દીધેલું જણાવવાથી મચ્છેન્દ્રનાથે તે તરફ જઇ "આલક્ષ" એવો ધ્વની કાઢયો કે તુરત "આદેશ" એવો અવાજ કરતો ૧૨ વર્ષનો એક સુંદર પુરૂષ જમીનમાંથી બહાર નિકળ્યો.

આ બાળક તે પછી ગુરૂ સાથે રહેવા લાગ્યો. અને સદબોધ બ્રાહ્મણ તથા તેની સ્ત્રી ઘણાં બશેમાન થયા. પણ ગોરક્ષનાથની વિનવણીથી મછેન્દ્રનાથે તેમને ફરી ભસ્મ આપ્યું તે યોગે તેમને ત્યાં બાળક આવ્યો તેનું નામ તેઓએ "નાથવરદ" પાડયું.

એણેજ મછેન્દ્રનાથને સિંહલદ્વિપમાં જઇ ત્યાંની ત્રીયારાજની રાણી મહિલાના પ્રેમપાસમાંથી ગુરૂને મુક્ત કરી પાછો લાવ્યો હતો. એણે ગોરક્ષકલ્પ, ગોરક્ષસતક, ગોરક્ષ સહસ્ર નામ અને ગોરક્ષગીતા વગેરે ગ્રંથો સંસકૃત ભાષામાં લખ્યાં હતા; તે શિવાય ત્રણ હજાર શ્લોકનો વિવેક માર્તંડ નામે ગ્રંથ રચ્યો હતો. ચર્પટીનાથ વગેરે એના ઘણા શિષ્યો હતા. એણે ગોરક્ષપુર નામે શેહેર વસાવી ત્યાંની ગાદીપર પોતાના ભાઈ નાથવરદને બેસાડયો હતો. ગોરક્ષનાથે પોતાના ગુરૂ મછેન્દ્રનાથ સાથે ઉતરાવસ્થામાં કાઠીઆવાડ એજન્સીમાં આવેલા સોરઠ પ્રાંતમાં 'પ્રભાસપાટણથી' ૨ મૈલપર એક અરણ્યમાં આશ્રમ કર્યો હતો જ્યાં ગોરક્ષનાથે ગોરખમઢી નામે ગામ વસાવ્યું. સોરઠના રાજાએ તેની મોટાઇ જોઇ ૧૨ ગામો ભેટ આપ્યાં હતા. ગોરખમઢીની ગાદી ઉપર હજી નાથ સંપ્રદાય વાળા મહંત છે. તેઓ ગોરખમઢી શિવાય બીજાં ગામોની પણ ઉપજ મેલવે છે. ગોરક્ષનાથની અલૌકીક શક્તિની અનેક વાતો પ્રસિધ્ધ છે.

ગોરાડીકંદ—આ સાધારણ કંદ હિંદુસ્તાન યુરપ અમેરિકા ખંડમાં પણ ઉત્પન્ન થાય છે, અને એનો ત્યાં બહોળો વેપાર ચાલે છે. આફ્રિકાખંડમાં એનો સારો પાક થાય છે. સીલોનમાં એ જ્યાં ત્યાં ઉગેછે. મલબારમાં એનો મોટો પાક થાય છે.

ગોરાડીકંદની ૩થી ૪ જાતો છે; નાગરી, ચીરકા, ગોરકંદા ને ચીના. નાગરયો કંદ દોઢફીટ લાંબો ને અર્ધોફીટ પોહોળો થાય છે જેની છાલ જાડી હોય છે. એ પણ બે જાતનો થાય છે, તેમા એક લાલ છાલનો અને બીજો કાળી છાલનો. પણ તેઓ માહેથી સફેદ હોય છે. ચીરકા જરા લાંબો છતાં તેને ૩થી ૪ વાંકા શિંગડાં જેવાં ફાટા હોય છે, અને વચમાં ગાંઠ હોય છે. તેનીપર સર્વે ઠેકાણે ઝીણાં મૂળીયાં હોય છે.

અપવાસ વેળા હિંદુઓ એને બાફીને ખાય છે. ગોરાડીકંદ રોપવાની કૃતિ ઘણુકરીને સૂરણના જેવી છે, પણ એનો વેલો ૫૦ થી ૬૦ હાથ ઉંચો વધે છે. ગોરાડીના વેલાના પાંદડા સાધારણ હોય છે. આ કંદ રોપવાનો હિંગામ ચૈત્ર આખર તથા વૈશાખ ની શરૂઆતમાં છે ને બોદી કાઢવાનો વખત 'માઘ' મહીનામાં છે. ગોરાડી પાકી તૈયારી થતાં ૧૦થી ૧૧ માસ લાગે છે, સારી જમીન હોયતો વેલાથી મણ દોઢ મણ ગોરાડી ઉત્પન્ન થાય છે. એના કંદની કાતરી સુકવી તેનો આટો પણ બનાવી શકાય છે.

ગોરાર—આ જાતનાં સર્પો સિંધમાં ઘણા મળી આવે છે. તે ૧૧ થી ૧૨ ફીટ લાંબા હોઈ ઝેરી હોય છે. એના ઝેરપર જેલાળ યા 'વામીટ' કરવાનું ઔષધ આપ્યાથી તે ઝેર ઉતરે છે.

ગોરીફળ—એનાં ઝાડ માઇસોરમાં ઉગે છે. તે કહેણુ જાતનું કાંટાદાર ઝાડ હોઈ તેપર ફળો આવે છે, ત્યારે માત્ર મહિનામાં એકથી બે વખત પાણી સીંચવું પડે છે. તેનીપર ઉન્હાળા દરમ્યાન ફળો આવે છે, અને તે રાસબેરી જેવાં હોય છે પણ તેને રાસબેરી જેવી ફ્રુટી હોતી નથી. એનાં બિયાં ઝીણા હોવાથી તેને કાગળપર સુકવી વરસાદમાં વાવવાં પડે છે. એના રોપા આઠ નવ ઇંચ વધતાં તેને પાંચ ફીટ આંતરે કિત્તામાં રોપે છે. એ ઝાડ લાલ જમીનમાં ઉગે છે. તેનો બહાર ખીલતાં છાટી નાખતાં ફરી તે જોરમાં ઉગી નિકળે છે.

ગોરૂચંદન—ગાયના મૂતરમાંથી બનાવેલો અથવા ગાયનાં ઓકયાથી બહાર નિકળેલો ચળકતા પીળા રંગનો એક સુગંધી પદાર્થ. એ ચંદન ટીલો કરવાના, રંગવાના અને ઔષધિ ઉપચારમાં વપરાય છે. દેશીઓ કહેછે કે એ ગાયના મસ્તકમાંથી નીકળે છે.

ગોરો કુંભાર—એનો જન્મ સાવંતવાડીમાં થયો હતો. નામદેવના વખતમાં વિઠ્ઠલ નાથની ભક્ત મંડળીમાં ઘણું માન હતું. એ રાત દિવસ વીઠોબાનું ભજન કરતો. એના વિશે એક એવી કથા પ્રસિદ્ધ છે કે એક વેળા એ મોટોડી પગ વડે કુંદતો હતો અને વિઠોબાનું ભજન કર્યા કરતો. ભજનમાં ચિત્ત અતીશય ગુદ લાગવાથી એનું બાળક એના પગ તળે છુંદાઇ ગયું તેનું પણ તેને ભાન રહ્યું નહિ. આ દેખાવ જોઈ તેની સ્ત્રીએ ભારે રૂધન કરી એને ગાળો દેવા માંડી પણ એણે વિઠોબાની આરાધના કરી પેલા મુવેલા બાળકને જેવોને તેવો રમતો પાછો કીધો. તે વખતે એણે ગાએલા અભંગો આજે પણ સંત લોકો ગાય છે. એનું મરણ ૫૦ વર્ષની વયે પંઢરપુરમાં નીપજ્યું હતું.

ગોરોનું વ્રત—"આષાઢ શુદ ૧૧ થી આષાઢ શુદ પુનેમ સુધીનાં દિવસો હિંદુ કોમની કુમારી છોકરીઓને અત્યંત આનન્દકારક છે. કારણ કે તે મુદતમાં તેમનાં ગોરોના વ્રતનો આરંભ થઈને તે વિસર્જન થાયછે. ગુજરાત નાં ઘણાખરા ભાગોમાં તે પર્વ આષાઢ શુદ ૧૩ થી, તો બીજી જગાએ તે દેવપોઢી એકાદશીથીજ એસતું ગણાય છે. ખાસ કરી એ પર્વ કુંવારી છોકરીઓનું હોવાથી છ સાત વરસની વયે હિંદુ બાળાઓ પાસે તેઓનાં માબાપો કે વડીલો ઘણા આનંદથી તે ધારણ કરાવે છે. વ્રત આદરનારી બાળાઓની ઉમર લગન વગેરે બાબતો ઉપર ધ્યાન પોંહચાડીને, તેમના પાસે તે ઓછામાં ઓછું પાંચ ને વધતામાં વધતું સાત વરસ સુધી દર વર્ષે એક સરખું કરાવવામાં આવેછે. વ્રતની પૌરાણિક ઉત્પતિ જે પ્રસિદ્ધ છે તે જોતાં તે ઘણું પ્રાચીન જણાય છે. શિવભક્ત બાણાસુર રાજાની પુત્રી ઓખાએ મનવાંછિત વર મેળવવાને દેવી પાર્વતીની સુચના ઉપરથી આ વ્રત આદર્યું હતું, અને તેણીને ફળીભૂત નિવડ્યાથી તે પ્રચારમાં આવેલું ધારી શકાય છે. હિંદુ પુરાણોમાંની આજ્ઞાઓ તથા દંતકથાના બળ ઉપર ચાલુ પ્રચારમાં રહેલી રૂઢીઓને માન્ય કરીને હિંદુ કુંવારીકાઓ તે વ્રત હજુ સુધી ધાર્મીક ભાવથી પાળેછે.

એ વ્રતને સાધારણ રીતે "ગોરો"ની સંજ્ઞાથી ઓળખવામાં આવેછે, અને ઉપર દર્શાવ્યું તેમ તેની યોજના જો કે કુંવારી બાળાઓ માટે થએલી છે તેમ છતાં કુંવારીકા ઉપરાંત કેટલીક પરણેલી છોકરીઓ પણ ગોરો કરતી જોવામાં આવેછે. તેવો વિચીત્ર તફાવત દેખાદેખીનેજ આભારી છે, અને તેનો ખોલાસો એવો કરવામાં આવેછે કે ગોરો કર્યા કે રાખ્યા પછી બીજે કે ત્રીજે વર્ષે, તે કરનારી કુંવારીકાના લગ્ન થતાં પાંચ કે સાત વર્ષ સુધી તે વ્રત કરવાનો રાખેલો સંકલ્પ, પરણેલી સ્થિતિમાં પણ બાકીનાં વર્ષો ગોરો કરીને પૂર્ણ કરેછે. ગોરો કરનારી છોકરીઓ દર વર્ષે જે ક્રિયાઓ કરેછે તે એક સરખી હોયછે. વ્રત પાળનારી છોકરીઓનાં માબાપો પેહેલાં તો ગોર માતાની સ્થાપના કરેછે, જેને કોઇ કોઇ જગાએ હાથીયા પુરેલા હોયછે. વાંસની નાહની છાબડીઓમાં ખાતર ભરીને તેમાં ઘઉં, જવ, જુવાર, વાલ વગેરે પાંચ ધાન્ય પાણી સીપીને રોપવામાં આવેછે અને પછી પૂજ્ય પદાર્થો તરીકે તે છાબડીઓને પાટલા ઉપર મુકવામાં આવેછે. દરરોજ સહવારે સ્નાન કરીને ગોરો બેસનારી બાળાઓ ઘીનો દીવો કરી તથા કંકુ ચોખા ચહડાવીને તે ગોરમાતાની એટલે છાબડીઓની પુંજા કરેછે. તે વિધી ખલાસ થતાં નારંગી, કેળાં, કાજુ, બરફી વગેરે જે વસ્તુઓનો ફળાહારમાં સમાવેશ થાયછે, તેજ ખાઇ ખવાડીને તેણીઓ રમતી ફરેછે, અને દિવસમાં એકજ વેળા અન્ન ખાઇ શકાય છે. તે અન્નની બનાવટમાં ઘી ખાંડ મુખ્ય હોયછે અને મીઠું તથા લસણને ધર્મના નિષેધથી ખાસ કરીને બાતલજ કરેલું હોયછે. આવી રીતે ફળાહાર કરી બાળાઓ આખો દિવસ સણગાર સજી મોજમઝામાં વખત ગુજારેછે. છેલ્લા દિવસે આવાહન કરેલી ગોરમાતાની પેલી છાબડીઓ નદી કે તલાવ

જેવા જળાશયમાં તે છોડીઓ જાતે જઇ પધરાવી આવે છે.

કેટવાક ગામોમાં ગોરો કરનારી પુખ્ત વયની બાળાઓ એકઠી થઇને ગામની ભાગોળે કે લગાર ઉજડ ભાગમાં ઉતરી પડે છે અને ત્યાં પેટ ભરીને મસ્તી તોફાન કર્યા પછી આવતા જતા રાહદારી ઓને કુટે છે, યાતો બિભીત્સ શબ્દોથી વધાવી લે છે.

ગૉલ—અથવા કેલ્ટ, પ્રાચીન ફ્રાન્સના ગૉલિયા માંહેલી પ્રજા. એ લોકો ઘણા લઢાઉ અને ઉગ્ર સ્વભાવના હતા; તેઓ મનુષ્ય બળી આપતા. કેટલેક ઠેકાણે તો ઝાડની ડાંખળીનાં પોકળ રાક્ષસો બનાવી તેમાં મનુષ્યને બંધ કરી તે રાક્ષસને બાળીને માહેલા માનસને ભૂજી નાંખતા. પાતાળનો રાજા પ્લૂટોન (યમને મળતો) પોતે વંશજ છે એમ સમજતા, અને તે ઉપરથી તેઓ બીજા લોકો પ્રમાણે પોતાના કાલમાન દિવસ ઉપરથી નહિ ગણુતાં રાત્ર ઉપરથી ગણુતા. તેઓ મરણ પામેલાના શબની ચિતા પર મૌલ્યવાન ચીજો, બળદ તો કદી ગુલામો રાખી બાળતા.

ગોલકોંડા—નિઝામના રાજ્યમાનું આ જાણીતું પુરાણું પડી ભાગેલું શેહેર તથા કિલ્લો હૈદ્રાબાદની પશ્ચિમે ૭ મૈલ ઉપર છે. આગલા વખતમાં દખણમાં ગોલકોંડાનું રાજ્ય બળવંત ગણાતું હતું પણ બ્રાહ્મણી રાજ્ય પછી તે વધવા માંડતાં ૧૬૮૭માં ઔરંગજેબે જીતી તાબે કીધું હતું, અને દિલ્લીના રાજ્ય સાથે જોડી નાખ્યું હતું. કુતુબશાહના સમયમાં ૧૫૧૨થી ૧૬૮૭ વેર અત્રે મુખ્ય દરબાર ભરાતી હતી. વારંગળના રાજાએ આગળ અત્રે એક નાહનો કિલ્લો બાંધ્યો હતો; ૧૩૬૪માં આ શેહેરને કુલબર્ગનાં બ્રાહ્મણી રાજાએ જીત્યું હતું ને ૧૫૧૨માં કુતુબશાહે જીતી લીધું હતું, ઇબ્રાહીમશાહના સમયમાં આ રાજ્ય હિરાની ખાણ માટે જાણીતું થયું હતું. તે પછી ઇબ્રાહિમના બેટાએ ગાદીએ આવતાં ૧૫૮૯માં ગોલકોંડાથી 'પ' મૈલ ઉપર મુંસી નદી કાંઠે હાલનું હૈદ્રાબાદ શેહેર બાંધવા શરૂ કર્યું હતું. ઇબ્રાહિમના ગાદી વારેસના ૧૬૧૧માં મરણ નિપજવાથી ૧૬૫૭માં ઔરંગજેબે દખણમાં ચઢાઇ કરી ત્યાં વેરનો ઇતિહાસ પ્રસિદ્ધ નથી.

શહાજહાનના સમયમાં ઔરંગાબાદમાં ઔરંગજેબ હાકેમ હતો, ત્યારે ગોલકોંડામાં મીરજમાન દીવાન તરીકે હતો, તે ગોલકોંડાના રાજાઓની ઇતરાજીથી ઔરંગજેબના આશ્રયમાં જઇ ભરાઇ ગોલકોંડાપર ચઢાઇ કરવા ઉશકેરી ગોલકોંડા લુટયું અને ત્યાંના રાજાને એક લાખ મહોર દંડ તરીકે આપવી પડી. ગોલકોંડા તાબે કર્યા પછી મીરજમાન શહાજહાનની દરબારમાં ગયો. ૧૬૮૭ માં આગ્રેથી શિવાજી નહાસી જતાં તેને આપેલી મદદ માટે મોગલ સરકારે ગોલકોંડાના રાજા પર ચઢાઈ કરી પણ તેમાં મોગલો હાર્યા, ૧૬૮૭ માં ઔરંગજેબ ગાદીપતિ થતાં ગોલકોંડા ૭ માસની લઢાઇ પછી જીતી લીધું.

ગોલકોંડાનો કિલ્લો એક ઉંચા પર્વત ઉપર છે. તેમજ તે હાલમાં મજબુત હાલતમાં રહેલો છે. હાલમાં અત્રે નીજામનો ખજાનો તથા રાજ બંધવાને માટે વપરાસમાં લેવાય છે. અત્રે મુખ્ય ચોકી આરબોની છે. આ કિલ્લો નિજામના વજીરની પરવાનગી શિવાય જોઇ શકાતો નથી. ગોલકોંડામાં હિરા સાફ કરવાનો હુન્નર આગળ ઘણો ચાલતો હતો.

ગોલકોંડા—અથવા ગોલુગોન્ડા યા ગોલગોન્ડા. એ મદ્રાસપ્રેસીડન્સીમાં વિજ્યા નગર જીલ્લાનો એક તાલુકો છે. એનું ક્ષેત્રફળ ૧૬૧ ચૌરસ મૈલ હોઇ તેમાં ૧૭૮ ગામડાં છે ને ૨૧૭૧૧ ઘરો છે. ૧૮૮૧ માં લોક વસ્તી ૯૭૭૪૮ ની હતી. તેમાં ૪૯૩૨૩ પુરુષો ને ૪૨૩૬૫ સ્ત્રીઓ હતી. મુખ્ય વસ્તી હિંદુઓની છે. વાર્ષીક જમીનનું મેહેસુલ ૧૧૪૮૬ પૌંડનું ઉપજે છે. આ તાલુકામાં મોટા મોટા પહાડી જંગલો છે તેમ ૬૪૦ ચૌરસ મૈલનું છે; અને તે જેપુરના એક સરદારને હસ્તક છે.

ગોહડસ્ટીલ—આ સુનેરી લોઢાની શોધ ઇંગલાંડના શેફીલ્ડ શેહેરમાં થઇ હતી. ત્યાંના કારીગરોએ આ ધાતુ એલ્યુમિનીઅમ અને કાંસુ એની મીલાવટથી બનાવે છે. એના છરી કાંટા ઘણા ઉત્તમ બને છે, પણ એની છરી પાણીદાર રહી શકતી નહિ હોવાથી છરીના હાથા ગોલ્ડસ્ટીલના બનાવી પાતું લોઢાનું બનાવી તેનીપર તેઓ સુનેરી ગીલ્ટ ચઢાવે છે. આ ધાતુની બનાવેલી ચીજો સુનેરી રંગનીજ રહે છે.

ગોલણુ—હિંદમાં એના છોડ ઘાસ આકૃતિનાં ઉગેછે. એનીપર આવતા પાંદડા ૬ થી ૭ આંગળ લાંબા હોયછે. ઔષધિ ઉપયોગમાં ગોલણુની યોજના કરેલી છે.

ગોલેંડ—બંગાલના ફરીદપૂર જીલ્લાનો એક ભાગ. ક્ષેત્રફળ ૪૨૮ ચોરસ મૈલ છે. તેમાં ૧૨૨૩ ગામો ને ૪૭૨૮૭ ઘરો છે. લોક વસ્તી ૩,૨૧,૪૮૫ ની છે. તેમાં ૧,૬૩૪૩૩ પુરષો અને ૧૫૮૦૫૨ સ્ત્રીઓ છે. હિંદુઓની સંખ્યા ૧,૨૩૨૬૨ ની, મહોમેદનો ૧,૯૮-૦૭૩, ખ્રિસ્તી ૧૩૭ ને બુધિસ્ત ૧૩ છે.

ગોલોક—પૃથ્વીના ઉપરના ભાગમાં ૭ લોક વસે છે એમ પુરાણુમાં જણાવવામાં આવે છે, તેમાંની એક પ્રજા. સત્યલોકમાં પ્રજા વસ્તી નથી.

ગોવર્ધન—ગોકુળ પાસે વૃંદાવનમાં એ નામનો પર્વત છે. જ્યારે ઇંદ્રે કોપાયમાન થઇ ગોકુળ ઉપર મેઘ વૃષ્ટી કરી ત્યારે કૃષ્ણે તેને એક હાથની આંગળી ઉપર ધરી રાખી સાત દહાડા લગી સર્વ ગોવર્ધનનું રક્ષણ કર્યું હતું.

ગોવર્ધન શર્મા—(જુઓ ગટુલાલજી)

ગોવરૂં—" આ એક પ્રકારનો મરજ તાવને મલતો છે, અને તે મનુષ્ય ઉપર જીંદગીમાં એક વેળા પણ હુમલો કર્યા વિના રહેતું નથી. મુખ્ય કરી તે સીતળાથી ગોવરૂં તદન વેગળું દર્દ છે અને સીતળા આવી ગયા પછી અથવા સીતળા મુકાવ્યા પછી ગોવરૂં આવતું નથી, તેમજ ગોવરૂં આવી ગયા-પછી સિતળા અટકતા નથી.

" ગોવરૂં થવાની શરૂઆતમાં પ્રથમ તાવ નો હુમલો થઈ શરીર કંપે છે, ને માથું સખત દુઃખવા માંડે છે, ભુખ ઘટે છે અને ઉલટી થવા માંડે છે, તેમજ આંખો લાલ બની સલેખમ તથા ઉધરસનો હુમલો થઈ અવાજ દબી જાય છે. રોગના હુમલાના ચિન્હો જણાવાને ચોથે દિને યા ૭૦થી ૮૪ કલાકમાં ગોવરાનાં દાણા દેખાવા માંડે છે. ઘણું કરી તે પહેલા કપાળે પછી ગળે અને હાથે અને છેલ્લે તદન બદનપર દેખાયછે, પ્રથમ તે ડાંસના ડંખના જેવા લાલ ઝીણા દાણાના આકારમાં દેખાય છે, પણ પાછળથી શરીરની ચામડી ઉપર દુરથી જોવાઇ શકા યછે. તે વેળા તેનો આકાર ચંદ્રમાંની રેખા જેવો જણાય છે અને તેનો રંગ ઝાંખો જાંબુડો જણાય છે. તે સમે શરીરની ચામડી ગરમ લાગે છે, બદનમાં તાવ માલમ પડે છે, તરસ ઘણી લાગે છે અને ઉધરસથી ગળું છોલાઇ સ્વાસ ઝડપથી ચાલે છે; એ રીતે ૪ દિવસ રહ્યા પછી મોહ ઉપરના દાણા નરમ પડે છે, અને ૭ દિવસે આખા બદનપરના દાણા નરમ પડી ગએલા માલમ પડે છે; તોય ચામડી ખરબચડી રહે છે અને તેના ઉપરની ખોલ ઉતરવા માંડે છે.

" કેટલીક વેળા ઉપલા ચિન્હો દેખાવા છતાં દાણા જણાતા નથી અને તેથી તેનો હુમલો થાય એ બની શકવા જોગ છે. કોઇવાર એનું જોર ઘણુંજ થોડું હોય છે અને ઘણું જોર થતાં તબીબી મદદ મેળવી પડે છે, ને કોઇવેળા તે જીવલેણ પણ થઇ પડે છે. ગોવરાની અસર છાતી-પર ન થાય તેની ભારે સંભાળ લેવાની જરૂર હોય છે. આ બાબતમાં શિયાળા દરમ્યાન નાહાના બચ્ચાંની ભારે જતન લેવી ઘટે છે. જ્યારે એ રોગ નાશકાર આકારમાં ઉભરી નિકળે છે ત્યારે કોઇપણ એલાજ તેપર અસર કરી શકતો નથી.

" આ દર્દના હુમલા સમયે બાળકને સરદી ન લાગે તેની સંભાળ રાખવી ઘટે છે. જો રોગનો હુંમલો સખત પ્રકારનો હોયતો તે બાળકને બિછાનાપર સુવાડી ગરમાવો આપવો અને જવના પાણી જેવા ચીકણી પ્રવાહી પિવા આપવી, ખાવાના ખોરાક તરીકે કાંજી તથા દુધ પાઉં, અને તેનો કોઠો સાફ રાખવાના ઉપાય યોજવા.

" જો ગોવરાના દાણા દેખાવાની બહુ ઢીલ થાય, આખો દિવસ ઉધમાં હોય તે મુજબ આળસુ પડી રહે, જ્ઞાન તતુંઓ ઉપર તાવની અસર બહુ માલમ પડે, ઓરીના દાણા થોડા દેખાવા માંડે અથવા તે દાણાઓ દેખાયા પછી થોડા વખતમાં એકદમ નરમ પડીજાય તો ધારતી ભયું છે, એમ ગણવું. તેવી વેળાએ ઉન્હા પાણીએ બાળકને નહવાડવું એ ઉત્તમ ઉપાય છે. પાણીની ગર્મી ૯૮ ડીગ્રી જેટલી રાખવી અને તે વડે બાળકને ઉમરના પ્રમાણમાં ૧૦ થી ૨૦ મિનિટ સુધી નવરાવવું. ઉપરાંત અબે ત્રણ ત્રણ કલાકે ગરમ કરેલું પાણી પાવું.

ઇંગલંડના લોકો ગોવરૂં જલ્દી દેખાય તે માટે "કાઉસ્લીપ" નો વાઇન આપે છે અને સ્કોટલંડના લોકો તેજ મુજબ વ્હિસ્કી પાય છે, પણ તેથી ગેરફાયદા થાય છે. વળી કેટ-લાકો ગરમાળો ગમે એટલો આપે છે, જેથી ઘણું કરી ગંભીર નુકસાન થવાનો સંભવ રહે છે. આવા દર્દીને સમધાત ગર્મી વાલા ઓરડામાં ઝાંખી રોશનીમાં રાખવો. કેટલાકો એનું જોર નરમ કરવા ગોધંનને થંડા પાણી-માં ધસી પાય છે; કેટલાકો ભેંસનું દુધ ને ચીનાઈ સાકર પાય છે.

ગોવા પ્રાંત—હિંદુસ્તાનમાં આવેલા દક્ષિણ કોંકણમાં આ દેશ આવેલો છે. એની ઉત્તરે તેરાખોલ નદી અને સાવંતવાડી સંસ્થાન, દક્ષિણે કારવાર પ્રાંત, પૂર્વે સહ્યાદ્રી પર્વત અને ઉત્તર કાનડાની સરહદ, તથા પશ્ચિમે હિંદીમહાસાગરછે . એની દક્ષિણોઉત્તર લંબાઈ ૬૧ મૈલ અને પૂર્વ પશ્ચિમ પોહળાઇ ૪૫ મૈલની છે. પૃષ્ટ ભાગ ૧૦૬૪ ચોરસ મૈલ છે.

ગોવા પ્રાતની લોક વસ્તી ૧૮૦૦ માં ૧,-૭૮૪૭૮ ની હતી જેમાં પુરષ સંખ્યા ૯૧,-૪૩૯ ને સ્ત્રીઓ ૮૭૦૪૨ હતી. ૧૮૫૧માં ૩,૬૭૭૮૮ ની વસ્તી હતી. ૧૮૮૧ માં ૪-૪૫,૪૪૯ ની વસ્તી હતી. તેમાં ૬૧૫ યૂરો-પીયન, ૨૩૦ આફ્રીકન અને ૨,૫૬૬૧૧ યૂરેઝીયન અને ત્યાંના દેશી ખ્રિસ્તીઓની વસ્તી હતી. આ પ્રાંતમાં ૪ શહેરો, ૪૦૦ ગામડાં ને ૧૦૦ પરાં છે. તેમાં એકંદર ઘર સંખ્યા ૮૭,૧૯૬ ની છે.

આ પ્રાંતને તાબે ૬,૭૯,૬૮૦ એકર જમીન છે, તેમાં ૨,૩૪,૭૫૪ એકર ખેતીવાડી ખાતે રોકાયલી છે. તેમાં ખેતી વાડી ખાતાની જમીનમાં નીચે મુજબ જૂદા જૂદા પાક માટે જમીન રોકાયલી છે.

૧,૨૨,૫૬૬ એકરમાં ચોખા, અને ધાન્ય; ૭૭૦૭૮ એકરમાં ભાજીપાલો, ૩૩૧૯૪ એકરમાં નારીયળી, ૫૬૫ એકરમાં સોપારીના વૃક્ષો, અને બાકીની ભૂમિ કૂળકૂળાદીથી રોકાયલી છે.

હાલમાં ગોવા પ્રાંતનું વાર્ષીક મહેસુલ ૧,૦૮,૧૪૯ પૌંડનું ઉપજે છે, તેમાંથી ૧,૦૭,૧૪૮ પૌંડનો ખર્ચ થાય છે.

ગોવા પ્રાંતનું મુખ્ય શેહેર પંજીમ અથવા નોવાગોવા છે. તેમાં લોક વસ્તી ૮૪૪૦ ની છે; બીજું શેહેર મારાગોવામાં વસ્તી ૧૧૭૯૪ની છે.

ગોવા પ્રાંતના રાજ્ય વહીવટ સંબંધમાં ૯ વિભાગો કરેલા છે, તેમના નામો :— જંજીરા ગોવા, સાષ્ટી, બારદેશ, અંત્રુંજ, પંચમહાલ, કાનડોણ, બત્તચામ, સત્તરી અને પેડણેમ હાલમાં છે. ત્યાંની જમીન જો કે પહાડી અને ઢેકાઢર્યાવાલી છે તોપણ પાણીની રેલછેલ હોવાથી તે ફળદ્રુપ છે. ત્યાંની કેટલીક જમીન લાલ મટોડીની અને રેતાળ છે જેથી ત્યાં બીજા દેશમાના ઝાડ રોપ્યાથી તે તુરત ઉગી નીકળે છે.

બનીજ પદાર્થમાં સત્તરી તથા બત્તગ્રામ પ્રાંતમાં એક જાતનો કાળો નરમ પથ્થર મળે છે, તેનાં તહેંવાર વાસણો ત્યાંના ધોંડફોડા લોકો બનાવે છે. વળી ત્યાં જડતા ઇમારતી પથ્થરો ઘણી ઉત્તમ જાતના મળે છે.

ઇતિહાસ ઉપરથી જોતાં ગોવા પ્રાંત પ્રાચીન કાળથી પ્રસિધ્ધ છે. કથા ઉપરથી જણાય છે કે પરશુરામે કેટલાક બ્રાહ્મણોને 'ગૌડ' દેશમાંના તિરહૂટ' (પ્રાચીન 'ત્રિહોત્ર) નગર માંથી આણી ત્યાં ગામ વસાવ્યું અને ત્યાંનો અધિકાર બ્રાહ્મણોને સોંપ્યો. આ બ્રાહ્મણો નું પાયતખ્ત શેહેર મઠગ્રામ હતું. બીજા ત્રાંબાના લેખો ઉપરથી જણાય છે કે પ્રાચીનકાળમાં કદંબ નામે રાજ્ય કુટુંબ ત્યાં રાજ્ય કરતું હતું. તેમનો મૂળ પુરૂષ સુલોચન ઉર્ફ જયંત કદંબ નામે હતો. ત્રીનેત્ર કદંબ નામે કોઇ રાજા ઇ૦ સ૦ ૧૧૦માં ત્યાં રાજ્યસન ઉપર હતો એમ કેટલાક ગ્રંથકારો જણાવે છે. આ કદંબ વંશમાં કેટલાક કુલદીપક રાજાઓ થયા. તેઓ ૧૮ અશ્વમેધ યજ્ઞ કરી પૃથ્વીપર તહેંવાર ચીજો ઉત્પન્ન કીધી, તેમાં ગુહલ્લદેવ મોટો પરાક્રમી થયો. તેણે સેંકડો વાઘ મારેલા હોવાથી તે વાઘમારૂ' ને નામે પ્રસિધ્ધ થયો હતો. તેનો શષ્ટદેવ પુત્ર તેના પછી ગાદીએ બેઠો તેણે લંકા જીતી લીધું હતું. આ ઘરાણાએ ઇ૦ સ૦ ૪૭૯ વેર રાજ્ય અમલ ભોગવ્યો, તે પછી ચાલુક્ય રાજાઓએ તેમને જીત્યા અને ખંડણી લેવા માંડી. ઇ૦ સ૦ ૮૯૯ માં ચાલુક્ય રાજાનો દેશ 'રાઢ' નામે રાજ વંશે લીધો તે પછી ઇ૦ સ૦ ૯૭૪માં મહાન તૈલાપ્ય નામે રાજા ચાલુક્ય વંશમાં થયો. તેણે પોતાના પૂર્વજોનું રાજ્ય 'રાઢ' વંશ પાસથી જીતી લીધું. રાષ્ટદેવનો જયકેશી નામનો છોકરો હતો. તેણે ચાલુક્ય રાજા સાથે સુલ્હે કરી પોતાનું સ્વતંત્ર રાજ્ય મેળવી ગોપકપટણ (મોટું ગોવા) ને પોતાની મુખ્ય રાજધાની કીધી.

જયકેશી પછી તેનો બેટો વિજયાદિત્ય રાજ્યાસનપર બેઠો; એ વિદ્વાન હોઇ પ્રવાસનો શોખીન હોવાથી આસપાસના ટાપુઓ તરફ ઘણીક મુસાફરી કીધી હતી. તેણે ૩૦ વર્ષ રાજ્ય કર્યું. તેને જયકેશી નામે પુત્ર હતો તે પણ વિદ્યાવિલાસી હતો, પણ રાજ્ય મંદીરમાં પડી રહી સ્ત્રી સંગતમાં વખત ગુજારતો. તેણે ચાલુક્ય વિક્રમાર્કની કુંવરી મૈલાલ મહાદેવી સાથે લગ્ન કીધું હતું. એના રાજ્ય અમલ દરમ્યાન ઉદાર સમુદ્રનો બલ્લાળ રાજાએ ઇ૦ સ૦ ૧૧૨૮ માં કોંકણમાં બળવો કીધો, અને ગોવાપર ચઢી આવ્યા, ત્યારે વિક્રમરાજાએ પોતાના દીવાનને લશકર સાથે મદદે મોકલી જમાઇનું રાજ્ય બચાવ્યું. જયકેશીએ પોતાનો બુઢાપો કોટેશ્વરીની ભક્તિમાં ગુજાર્યું.

તેને શિવચિત્ત, વિરપર્માડી દેવ તથા વિષ્ણુંમિસ નામે પુંત્રો હતા. ઇ૦ સ૦ ૧૧૫૦ માં શિવમિસ રાજ્ય ૩૮ થયો. તેણે પાંડય વંશના કમલાદેવી નામે કન્યા સાથે લગ્ન કીધું. એ મહા શરવીર ઉદારવૃતીનો રાજા હતો. શિવચિત્ત સાથે તેનો ભાઇ વિષ્ણુચિત્ત અથવા વિજયમાર્ક ઉર્ફ વિક્રમાર્ક પણ રાજ્ય અમલ ભોગવતો હતો, એમ કેટલાક તામ્રપટ ઉપરથી જણાય છે. વિષ્ણુચિત્તને વીરજયકેશી નામે પુત્ર પદ્મમહાદેવી રાણીથી થયો. તે ઇ૦ સ૦ ૧૧૭૦માં ગાદીએ બેઠો. ઇ૦ સ૦ ૧૧૯૩માં બલ્લાળ રાજાએ આ કદંબ રાજાને જીતી ઇ૦ સ૦ ૧૨૧૨ સુધી તેઓ પાસથી ખંડણી લેવા માંડી. પછી દેવગીરીના રાજાનું બળ વધ્યું ત્યારે તેણે કદંબ વંશ પાસથી ૧૩૧૪ વેર ચોથાઇ લીધી. ઇ૦ સ૦ ૧૩૧૩માં મુસલમાન લોકોએ દેવગીરીના યાદવ વંશની સમાપ્તિ કરતાં મુસલમાનોએ ગોવામાં તુફાન મચાવી ત્યાંના ઘણાક દેવ મંદીરોનો નાશ કીધો અને બેદાદી ભર્યું રાજ્ય ચલાવ્યું. તેટલાં ઉત્તર હિંદુસ્તાનાંના દિલ્લી પતિ ગ્યાસુદ્દીન તઘલકે પોતાના શાહાજાદા યુનાખાનને દક્ષિણમાં બંદોબસ્ત કરવા મોકલ્યો. ૧૩૨૩માં તૈલંગણનું રાજ્ય-

ધાની શેહેર વારંગૂળ જીતું લીધું, અને ત્યાંના રાજાને કેદ કીધો. તે વખતે તેનો ગુરૂ વિદ્યારણ્ય માધવ જે બ્રહ્મજ્ઞાની હતો તે ઇ૦ સ૦ ૧૩૬૭ માં ગાદીનશીન થયો. તેના પ્રધાન વિદ્યારણ્ય માધવે ગોમાંતક સરકારી મુસલમાનોસે હાંકી મેળી, ત્યાંના દેવ મંદીરોને ફરી સ્થાપન કીધાં. માધવના મરણ પછી 'હરી હરે' નરહરી મંત્રીને પ્રધાન નેમી ગોવા પ્રાંતમાં મોકલ્યો.

વિજ્યા નગરના તાબામાં સુદગૂલ નામે એક શેહેર હતું. ત્યાં એક સોની પોતાની એકપુરી સુંદર બેટી સાથે રહેતો હતો, તેનીપર શીરાજશાહની નજર પડતાં તેણીને પકડી આણવા ૧૪૦૬ માં લશકર મોકલ્યું. આથી સોની દેશ બહાર નહાશી ગયો; ત્યારે બાદશાહને કૃષ્ણરાયપર શક જવાથી પોતે ૩૦,૦૦૦ સ્વારો લઇ સામો લઢવા ગયો, તેમાં કૃષ્ણરાયની હાર થવાથી તેણે બાદશાહ સાથે સુલ્હે કરવાની મરજી બતલાવી ત્યારે શીરાજશાહ તેની એક બેટી, ચાલીસ લાખ રૂપ્યા, પાંચ મણ મોતી, પચાસ હાથી અને બંકાપુર પ્રાંત એટલું માગાવાથી કૃષ્ણરાય તે નહિ આપીશકવાથી 'રામના ભૂપિર' જંગલમાં નહાશી ગયો, જ્યાં તાવથી પિડાઈ મરણ પામ્યો. પણ બીજી તરફ શીરાજશાહે કૃષ્ણરાયની કન્યા સાથે બળજબરીથી લગ્ન કીધાં. તે પછી ૧૪૬૮ સુધી ઉપલા કોલાકરાર મુજબ આ રાજ્યમાં સુલ્હે પંથરાઇ, પણ તેજ વર્ષમાં મહમદ બ્રાહ્મણીએ વિજ્યા નગરના રાજાના બ્રહ્મજ્ઞાનીને અયોગ્ય રીતે દ્રવ્ય આપવા કહ્યું, પણ તે હોકમ તેણે નહિ બજાવવા ઉપરથી મલેકઉલ તીજૂર કાજ જવાન ઉર્ફ મહમદ ગાવનને ઇ.સ. ૧૪૬૮ માં ૧૨૦ વહાણોનો કાફલો આપી ગોવાપર હલ્લો કરવા મોકલ્યો; તેણે ૧ વર્ષ પછી અમરાજી નામે વિજ્યાનગરના રાજ્યપ્રતિનીધિ પાસેથી ગોવા જીતી લીધું. આ વેળા અમરાજી શિવરાયનો એજંટ હતો. તે પછી ગોવાપર અમલ ચલાવવા બુશકુદીનને બિશવર બાનનો બેતાબ આપી મોકલ્યો. તે વેળા ફરી ગોવા મેળવવાની કોશીસ કરતાં કાંઇ વળ્યું નહિ. તે બાદ ફકીર ઉલને મુલ્કનો સુબો નેમવામાં આવ્યો. આ વેળા વિજ્યાનગરના રાજ પ્રતિનીધીએ ગોવા મેળવવાની કોશીસ ૧૪૮૧ માં કરી પણ મહમદશાહના બળ પાસે તેનું કાંઇ વળ્યું નહિ.

ઇ.સ. ૧૪૮૬ માં બહાદુર ગીલનીએ પ્રપંચથી ગોવામાં પોતાની સ્વતંત્રતા સ્થાપી. ૧૪૯૫માં તેણે પોતાની સ્વતંત્રતા જાહેર કરવા લઢાઇ કરતાં પ્રાણ મેલવ્યો. તે પછી મહમદશાહે મુલુક ઇયલ મુલ્કને સુબો નેમ્યો. પણ તે બે વર્ષ પછી મરણ પામતાં તેનો પુત્ર અધિકારી થયો. તેણે ૧૪૯૭ માં બાદશાહના જાગીરદાર તરીકેની ફરમાબદારીકબુલી, તે પછી આદીલશાહના વખતમાં સર્વ ગોવા પ્રાંત તેના અમલ હેઠળ આવ્યું. ઇ.સ. ૧૫૧૦ માં યુસુફ પાસેથી પોર્તુગીજ સરદારે ગોવા જીતી લઇ મુસલમાનોને હાંકી મેલ્યા.

આ બનાવ એમ બન્યો કે 'આલ્બીકયૂરકયૂ' કલીકતમાં હાર પામી ઇ. સ. ૧૫૧૦ માં ૧૫ મી ફેબ્રુવારીએ 'અગ્વાદના' ઉપસાગરમાં પોતાના કાફલા સાથે દાખલ થયો, અને 'તાંડવી' નદી આસપાસનાં સર્વે કિલ્લા જીતી લીધા, અને ગોવાના કોટ પાસે આવી કાફલો લાંગરી થોભ્યો. વેપારીઓએ જોયું કે દુશ્મન લઢાઇ કરશે તો ઘણું ખમવું પડશે તેથી ખાનગી રીતે કહેવાડીયું કે, જો તેમને વેપારની છુટ આપવામાં આવશે તો અમો તમોને વગર હરકતે શેહેર લેવા દઇશું. આથી પોર્તુગીજ સરદારે તેજ માસની ૨૭ મીએ દાખલ થઇ ગોવાને પોતાને હસ્તક લીધું.

આ ખબર જ્યારે યૂસુફ અદીલશાહને પડી ત્યારે તે ૪૦,૦૦૦ ના ગંજાવર લશ્કર સાથે ગોવા જીતી લેવા આવ્યો. આવા બળવાન શત્રૂ સામે વગર મેહનતે મળેલું રાજ્ય છોડી જવાના વિચારમાં પોર્તુગીજો પડયા,

પણ આલબીકયૂરકયૂએ જીવપર ઉદાર થઇ કેટની મરામત કરી એવી તો ચરતાથી યૂસુફના લશકર સાથે લઢયો કે યૂસુફને નહાશી જવું પડયું. પણ તે પછી ૭ મી એપ્રેલે યૂસુફે અંધારી રાત્રે અચાનક હુમલો કરી ગોવા સર કર્યું, અને આલબીકયૂરકયૂ સૈન્ય સહ નહાશી એક નદી કાંઠેના કિલ્લામાં જઇ ભરાયો. છેલ્લે કમાલખાન નામે યૂસુફના સેનાધિપતિએ ગોવામાં ઠાણું કર્યું, અને પોર્તુગીજોનાં વહાણો બાળી નાખવાનો પ્રયત્ન કર્યો પણ તેમાં તેઓ નિશફળ થયા. તે પછી આલબીકયૂરકયૂએ એક કાફલો તૈઆર કરી અચાનક પનજીમ પાસે આવી સેનાને કિનારે ઉતારી રણ ઢોલ, રણતુરીનો એકદમ અવાજ કાઢી દુશમનોપર હલ્લો કીધો. આ અચાનક હુમલાથી શત્રૂ ભયભિત થઇ નહાશી ગયા. તે પછી કાનાનોરથી બીજું લશકર મંગાવી ગોવાને સ્વતંત્ર રીતે તાબે કરવાનો નિશ્ચય કર્યો. તેટલાં યૂસુફ અદીલશાહ મરણ પામવાથી તેનો પુત્ર ઇસમાઇલ અદિલશાહ વિજ્યાનગરના રાજા સાથે લઢાઇમાં ગુંતાયો. આ અનુકુળ વખત જોઇ ૧૫૦૦ સીપાઇનો કાફલો લઇ ગોવા પાસે આવી પુગો અને મોટા શૌર્યથી ગોવાને પોતાને તાબે લઇ દુશમનોની ભારે કતલ કરી પોર્તુગીજ રાજ્યની સત્તા સ્થાપી. આલબીકયૂરકયૂનો જે રાજ્ય લોભ હતો તે તેણે પૂર્ણ કીધો, અને દેશેદેશ એલચીઓ મોકલી પોર્તુગીજ લોકોની શરતાનો છાપ માર્યો.

આ સમયે દેશીઓ સાથે નીકટ સંબંધમાં આવવા માટે પોતાના લશકરના સર્વે સીપાઇઓને ગોવાના દેશી સૈન્ય તથા લોકોની સ્ત્રીઓ સાથે એકજ રાત્રે લગ્ન કરી આપ્યાં. આ રાત્રે એવો બનાવ બન્યો કે સખત તુફાની પવન નીકળવાથી છાવણીમાંની સઘળી બત્તી બુઝાઇ જવાથી પોતપોતાની સ્ત્રીને કોઈ ઓળખી નહિ શકવાથી જેને જે મળી તેનો તે ભરતાર ગણાયો. બીજે દિવસે ખાસ જાહેર કરવામાં આવ્યું કે "મુદાઈ મરજીથી જે અંધકાર ફેલાઇ દરેકની સ્ત્રીઓ બદલાઇ ગઇછે તે એક દિવસ આગમજ દેવળમાં કરેલી લગ્ન વિધીથી ઉલટું હોવા છતાં મુકરર કરવામાં આવે છે અને ઇશ્વર ઇચ્છાને માન આપવાની દરેકની ફરજ છે." તે પછી પોર્તુગીજ સરકાર તરફથી એક ગવરનર જનરલ નેમાઇ તે ગોવાપર હકુમત ચલાવતો હતો. ઇ. સ. ૧૫૭૦ માં પોર્તુગીજોના મુખ્ય ગવરનરને તાબે નીચલાં ગામો હતાં–દીવ, દમણ, દાબૂલ, વસાઇ, સાષ્ટી, મુંબઈ, મેહેમ, તારાપૂર, કરંજ્યાતું બેટ, કલીકોટ, કોચીન એ સંસ્થાનો અને હુનાવર, બર્સલૂર, માંગલૂર, કાનનૂરની કોઠીઓ અને સિંહલદ્વિપ, નિગામટણ, મછલી પટણ, તથા મલીયાપુર, બંગાલમાં વેપાર માટે કેટલાક ગામો, ઇરાનનાં અખાતમાં ઉર્જમ અને બસોરા; આફ્રિકાના પૂર્વ કિનારા પર સોફાલા, મોઝાંબિક, મોંબાસા, તિમોર, સોલોર અને ચીનને કિનારે મવાક, અરબસ્તાનમાં મસ્કત. એ શિવાય પૂર્વ હિંદુસ્તાનમાં કેટલાક ટાપુઓપર ગોવાના સરકારનું વડપણ ચાલતું હતું. પણ ઇંગ્રેજો બળવંત થતાં ધીરે ધીરે તેમને હટવું પડયું અને આજે તેમની સત્તા નામની રહી છે. માત્ર ગોવાપ્રાંત પોર્તુગીજોને તાબે છે. ઈ. સ. ૧૫૦૫ થી ૧૮૯૭ વેર ગોવામાં ૧૩૦ ગવરનર જનરલો હકુમત ચલાવી ગયા હતા.

ગોવા શેહેર—આ શેહેર તીસવાડી ટાપુની ઉત્તરે અને માંડવી નદીને કાંઠે છે. એ અગ્વાદના ઉપસાગરથી ૬ મૈલ અંતર ઉપર છે. ગોવામાં ત્રીસ ગામો હોવાથી તેને 'તીસવાડી' પણ કહે છે. એની પૂર્વ પશ્ચિમ લંબાઇ ૯ મૈલ અને દક્ષિણોત્તર પોહલાઇ ૬ મૈલની છે. ઘેરાવો ૨૪ મૈલનો છે. આ ટાપુની પશ્ચિમે ૯ મૈલ લાંબી પથ્થરની દેવાલ છે. આ શેહેર ઇ. સ. ૧૪૭૯ માં હુનાવરના મુસલમાનોએ વસાવ્યું હતું. ૧૫૧૦ માં ખ્રિસ્તીઓને તાબે થતાં તે ચઢતી કળાએ આવ્યું. પોર્તુગીજોએ પોતાનાં દેવાલો, મઠ વગેરે ધર્મ સંબંધી ઇમારતો બાંધી હતી. તેમાંની કેટલીએક જાણવાજોગ ઇમારતો હાલમાં કાયમ છે. તે શિવાય ગોદી, ટંકશાળ, યુદ્ધ સંગ્રહલય, રાજ્યમેહેલ, રાજ્યમંત્રી સભાગૃહ વગેરે ઇમારતો બાંધી હતી. તેમાંનાં ગોદી, ટંકશાળ હજી કાયમ છે. નૌકાગમન કરવાના માર્ગમાં એક મોટા દરવાજા ઉપર સેન્ટ-કેથેરાઇન તથા ગામાનાં પુતળાં ગોઠવ્યાં છે. નવા ગવરનર જનરલને આ મોટા દરવાજામાંથી અખત્યાર લેવા માટે દાખવ થવું પડે છે, પણ હાલમાં આ શેહેર એવીતો પડતી સ્થિતિએ પુગું છે કે આગળ આ એક સુંદર શેહેર હતું એમ ખ્યાલ વટીક આવતો નથી, પણ આગલા વખતનાં ખંડીયરો આગલી જાહો જલાલીની નિશાની આપે છે; તેમાં વળી ૪૦ સ૦ ૧૫૭૦માં મોટી મર્કીથી શેહેર નાશ પામ્યું અને તે પછી સર્વ રાજ્ય કારોબારી ઑફીસ પંજીમમાં લઇ જઇ તેને મુખ્ય શેહેર બનાવ્યું. જુના ગોવામાં લોક વસ્તી ૧૮૮૨ની છે; તેમાં ૪૬૯ ઘરો છે. નવાગોવામાં ૮૪૪૦ વસ્તી હોઇ તેના ૧૧૮૫ ઘરો છે.

ગોશઇજદ—જરતોસ્તીઓના એ-તેકાદ મુજબ એ ઇજદ અશો, વૃધ્ધી કરનાર, કોઅત બક્ષનાર, તંદરોસ્તી આપનાર છે. એ ઇજદ બહમન અમશારપંદના ગોસપંદનો પાસબાન હોઇ એક રાતમાં એ ૭ વાર ગોસપંદોની પાસબાની કરે છે, તેમજ એ ફરેસ્તો સર્વે પાદશાહોને મદદ આપેછે. એ ઇન્દ્રની મદદથી જમશેદ પાદશાહે અહરેમન સાથે લડાઇ કરી દોજખના બારણા નીરંગને જોરે બંધ કીધાં, તેથી મહોત ૭૮૧ વર્ષ વેર દુનિયામાંથી નાબુદ થયું હતું; પણ છકુંદરે દોજખનો પાયો કોતરી દરવાજો પાડી નાખવાથી દોજખનાં બારણાં ખુલ્લાં મેલ્યાં હતાં, કે જે કયામતવેર ખુલ્લાં રહેશે. તેમજ ફરેદુન પાદશાહે એજ ફરેસ્તાની મદદથી જોહાકને કેદ કર્યો હતો. જ્યારે અફરાશિયાબ કયખશરૂના હાથથી બંચી નહાસવા લાગ્યો ત્યારે ગોશઇજદે તેને હોમ પાસે પકડાવી કયખશરૂને હવાલે કર્યો હતો. આથી ગોશઇજદ મુશકેલીનો ટાળનાર છે.

ગોસ્તન—હિંદુ સ્ત્રીઓ આ ઘરેણું ગળામાં પહેરે છે. એ ૪ સેરની મોતીની સેર જેવી હોયછે.

ગોસરૂપ ધાતુ—(જુઓ ધાતુ ગોશરૂપ.)

ગોહદ—ગવાલીયરમાંનુ એક શેહેર. આગરાની દક્ષિણ પૂર્વે ૬૦ મૈલ ઉપર છે. આગળ એ ઘાટ તરફના સરદારોનું મુખ્ય રેહેઠાણ હતું. ૧૭૭૯ માં બ્રિટીશ સરકારે તેમને સિંધ્યાથી પિડાતાં જોઇ મદદ કરી હતી. સિંધ્યા સરકારનો મુખ્ય કિલ્લો બ્રિટીશોએ તે સમયે જીતી લઇ ગોહદના વડાને તેનો ઉપરી બનાવ્યો હતો. ૧૮૦૩ માં અત્રેનો કિલ્લો તથા પ્રદેશ ફરી સિંધ્યાના સ્વાધીનમાં આપ્યો હતો, અને ગોહદના રાજાને તેને બદલે ધોલપૂરની જાગીર આપી હતી, કે જે હજી તેમના વંશજોને તાબે છે. ગોહદની કિલ્લેબંદી પથ્થર મટોડીની બનાવેલી છે.

ગોહત્તિ—આસામમાં કામરૂપ જીલ્લામાનું મુખ્ય શેહેર. આ શેહેર બ્રહ્મપુત્ર નદીને એક કાંઠે વસાયલું છે, તેમાં મુખ્ય ભાગ દક્ષિણ કાંઠાપર છે. ૧૮૮૧માં લોક વસ્તી ૧૧,૬૯૫ ની હતી. તેમાં ૯,૨૨૦ હિંદુ, ૨૩૩૩ મોહમેદન ને ૧૪૨ ખ્રિસ્ચીયનો છે. ક્ષેત્રફળ ૨૧૭૨ એકર છે. મ્યુનિસીપલની વાર્ષિક ઉપજ ૧૩૪૭ પૌંડની છે. અને માણસદીઠ કર ૨ શિલીંગ અને ૨½ પેન્સનો છે.

પ્રાચીનકાળમાં ગોહત્તિ આસામનું રાજધાની શેહેર હતું. ૧૮૨૫ માં બરમીસોએ આસામમાં સત્તા સ્થાપી ત્યારે ગોહત્તિ મુખ્ય શેહેર હતું. પણ હાલના આસામના કમીશનરને તાબે ૧૮૭૪ થી મેળાયું છે.

ગોહના સરોવર—બ્રિટીશ ગઢવાલ નામના મુલકમાં બિરાહિ ગંગા નદીની બીણુમાં ગોહના નામનું ગામડું આવેલુંછે. તે નૈનીતાલની ઉત્તરે ૧૩૦ મૈલ ઉપર અને હરદવારથી ૧૬૦ મૈલ દૂર આવેલું છે. ગોહ નાની પશ્ચિમે ૮ મૈલ ઉપર બિરાહિગંગા

એક બીજી નદી સાથે ભેગી થાય છે. ગોહના ખાતે આ ગંગાની સપાટી દરિયાથી ૪૬૦૦ ફીટ ઉંચી છે, અને નદી પોતે એટલીજ ઉંચાઇ ઉપર ૨૦ માઇલ સુધી લંબાયલી છે અને તેનો પાટ ૯ મૈલ પોહોળો છે. તેની ઉત્તરે તથા પશ્ચિમે બરફથી છવાયલા પર્વતો ની હાર ૨૧૦૦૦ ફીટ સુધી ઉંચી છે. ઉન્હાળામાં આ બરફ પિગળીને પેલી સુકી નદીને એક જબરદસ્ત દરિયાનું રૂપ આપે છે, કે જે ગોહાનાની ઉગમણે ૯૦ ચોરસ મૈલ ઉપર ફરી વળીને બીજા ખાલી ખાડામાં પડે છે, અને તે સરોવર તે ગોહના સરોવર નામે જાણીતો થયો હતો. એ સરોવર ડુંગરોની ઉંચી ટોચો ઘસી પડીને ઉંડો બન્યો હતો. ૧૮૯૩ના સપેટંબર માસ સુધી "મૈથાના' નામે એક ઉંચો ડુંગર ત્યાંના દેશીઓને જાણીતો હતો તે ઉપલી તારીખે ગોહના ગામની પાસે ઘસી પડયો હતો પણ તેથી ત્યાંના ખેડુતોએ મનમાં કસી ધાસ્તી નહિ રાખતાં પોતાની ખેતીની જમીન બીગડી જવાથી પાસેની બીજી જમીન ઉપર ખેતી કરવા માંડી હતી. ઉપલી તારીખે મૈથાન અને બીજો ડુંગર તુટી પડતાં નદી માં એક એવો આકાર બનાવી દીધો કે તેનો આકાર બાંધેલા સરોવર જેવો બન્યો. ત્રણ દિવસ સુધી એ ડુંગર ઘસ્યા કીધો તેથી ત્યાં ધરતિકંપ જેવા ધડાકા થયા હતા અને આ ડુંગરોથી બે મૈલ જેટલો લાંબા અને એક મૈલ પોહોળો કોટ નદીમાં બન્યો હતો. અને પાસેનાં બીજા ખડકોની અડચણને લીધે તે કોટ આગળ બંધાતો અટકયો હતો. પણ ૧૮૯૪ ના માર્ચ માસની શરૂઆતમાં આ કોટની બહારનો વિસ્તાર ૪૨૩ એકર જેટલો જણાયો હતો, પણ ત્યાર પછી તે વધતો જઇ સરોવરની લંબાઇ પાા મૈલની ને વિસ્તાર ૩૭૦ એકરનો થયો હતો. તે વેળા તલાવની ઉંડાઈ ૫૧૨ ફીટ મપાઇ હતી, અને દેવાલના મથાળા વેર પાણી ભરાતાં ૭૭૭ ફીટ ની ઉંડાઇ ગણાઇ હતી.

આવો મોટો તલાવ કોઇ વેળા એકાએક ફાટી આસપાસની બીજો માહેલા ગામડાને નાશ કરીનાખે એવું જણાતાં સરકારે ત્યાંના પહાડોપર ખાસ ચોકીખાનો રાખી ફરતી ટેલીગ્રાફની લાઇન જોડી, જેવો સરોવર ફાટતો જણાય કે તુરત આસપાસના ગામોમાં ખબર પોંહચાડી માનસોને નહસાડવાની દરેક સગવડ કરી હતી. અને તે મુજબ ૧૨ ફરતી ચોકીઓ બાંધી ત્યાં પોહોરેગીરો રાખી દેખરેખ રાખી. જુલઇની આખેરીમાં ત્યાંના વતનીઓને દૂર નહસાડયા અને સરકારી ઇજનેરોની વકી મુજબ ઈ. સ. ૧૮૯૪ ની ૧૮ મી આગસ્ટની પાછલી રાતે એક વાગતે ગોહના સરોવર ભયંકર ગરજના કરતો ફાટયો હતો, અને બધે પાણી ઘસવા માંડયા હતા. આ પાણીનો ધોધ અતિ મ્હોટી ગરજના સાથે હેઠેની બીણુમાં ઘસી પડતાં તાર મારફતે તેની ખબર બધે ,પોંહચાડતાં લોકો જનમાલની સલામતી માટે નહાશી ગયા હતા. ગોહના અને શ્રીનગર વચ્ચે કરનપ્રયાગ નામે જગા આગળ એક કલાક દરમ્યાન ૧૩૦ ફીટ ઉંચા પાણીનો જમાવ થયો હતો. અને શ્રીનગર પાસે પાણી આવી પુગતાં તેની ઉંચાઇ ૬૦ ફીટની થઇ હતી. આ રોહ વધતો હરદ્વાર આગલ બીજે દિને આવી પુગો હતો જે વેળા તેની ઝડપ કલાકે ૮ મૈલની હતી અને ગંગામાં પાણી ૧૧ ફીટ ઉંચા ચઢયાં હતા. વળી એના રોહથી જાત્રાળુઓને જવાના અલકનન્દા અને ગંગા નદીની બીણુ તરફના રસ્તા ઉપર ઘણી ભાગતુટ થઇ હતી. ચમાવલી દવાખાનું, બજાર અને ધર્મશાળા રેલથી ઘસડાઇ જઇ ત્યાંના પુલનો નાશ થયો હતો. કરણ પ્રયાગનું પોલીસનું મથક, દવાખાનું, ધર્મશાળાનો પણ નાશ થઇ ત્યાંના ઝુલતા પુલની સાંકળો વટીક ઘસડાઇ ગઇ હતી. શ્રીનગરનો ડાક બંગલો, પોલીસ મથક અને તમામ બજાર પણ તેમાં ધોવાઇ ગયા ઉપરાંત ત્યાંના ઝુલતા પુલને કેટલુંક નુકસાન પુગ્યું હતું. તેમજ દેવપ્રયાગનુ બજાર ઘસડાઇ જવા ઉપરાંત ત્યાંના પુલને ભારે નુકસાની પુગી હતી. તેમજ લક્ષ્મણઝુલા નામના ઝુલતા પુલને મોટી નુકસાની પોંહચી હતી અને ત્યાંના લાકડાનાં સર્વે પુલ નાશ પામ્યા હતા. આવી ભારે નુકસાની ભયંકર રેલથી થયા છતાં આગમજથી ચેતવણી આપી બચાવનાં ઉપાયો યોજેલા હોવાથી મનુષ્યના જાનને જરા પણ નુકસાન પુગ્યું નહોતું. આ ગોહના સરોવરથી જાન માલના બચાવ માટે ચેતવણી આપવા મુખ્ય બાર મથકો જે સ્થાપ્યાં હતા ત્યાં જૂદી જૂદી વેળા કેટલા પાણી ચઢયાં હતા તે નીચલા કોઠા ઉપરથી જણાશે.

મથકો=ગોહનાથી કેટલા=પાણીની ઉંચાઇ=પાણી જઈ પુગવાનો વખત

	મૈલ દૂર	ફીટ.	કલાક-મિનીટ
ગોહના	૦	૨૬૦	૦·૨૫
ચમોલી	૧૨	૧૬૦	૧·૧૭
નંદપ્રયાગ	૧૮	૧૧૩	૧·૧૭
કર્ણપ્રયાગ	૨૮	૧૩૦	૨·૪૫
રુદ્રપ્રયાગ	૪૮	૧૪૦	૩·૪૫
શ્રિનગર	૬૯	૪૨	૪·૪૦
દેવપ્રયાગ	૮૬	૭૦	૭· ૦
બિયાસઘાટ	૯૫	૮૮	૭·૫૦
રિખીકેશ	૧૨૯	૧૮	૧૦·૨૫
હરદ્વાર	૧૪૪	૧૧	૧૧·૩૫

ઉપલા કોઠા ઉપરથી જણાય છે કે રેલનાં પાણીએ શ્રિનગરવેરનો અર્ધો માર્ગ કલાકના ૧૬ મૈલની ઝડપે કાપ્યો હતો અને હરદ્વાર સુધીનો તમામ માર્ગ કલાકના ૧૩ મૈલને હીસાબે કાપ્યો હતો.

ગોહરસાદ બેગમ—અમીર તૈમુરના બેટા મીર્ઝા શહારૂખની બાયડી, એનેસુલતાન બબુ સૈયદ મિર્ઝાએ ઇ. સ. ૧૪૫૭ માં હિરાત ખાતે મારી નાખી અનજર નામના જરા નજદીક દાટી હતી. આ બાનુની કબર ઉપર એક મોટો ગુંબજ બાંધવામાં આવ્યો છે. કહેછે કે દુનિયામાં એના જેવી કોઇ પવિત્ર અને ખુબસુરત બાનું એના વખતમાં બીજી જણાયલી નહોતી. કેટલાકો એને અમીર તૈમુરની બેટી ને શાહારૂખ મિર્ઝાની બેહેન તરીકે જણાવી તેણીએ કદી કોઇ સાથે લગ્ન કર્યા નહોતાં એમ જણાવે છે. એણે પોતાની તમામ જીંદગી કોરાને શરીફના અભ્યાસમાં ગુજારી હતી.

ગોહેલવાડ—કાઠીઆવાડ પ્રાલાકાનો આ પૂર્વ તરફનો પ્રાંત ગોહેલવાડ, ઉડસરવૈયા અને કાઠીના સંસ્થાન એ તાલુકા મળીને થએલો છે. એનું ક્ષેત્રફળ ૩૭૨૮ ચોરસ મૈલ છે તેમાં ૬૪ નાહના મોટાં સંસ્થાનો છે. ૧૮૮૧ માં ત્યાંની લોક વસ્તી ૯૮૩૯૫ ની હતી, તેમાં ૫૨૨૩૮ પુરૂષો ને ૪૬૧૫૭ સ્ત્રીઓ હતી. હિંદુઓની વસ્તી ૭૦૪૪૭, મોહમેદનોની ૧૮૦૭૬, જૈન ૬૧૮૦, ખ્રિસ્તી ૨૫૩, ૧૧૬ પારસી અને ૩૨૩ પરજાતોની વસ્તી હતી.

મુખ્ય સ્ટેશન સોનગઢ છે. એમાં એસીસ્ટંટપોલીટીકલ એજંટ, ડેપ્યુટી અૅસિસ્ટંટ પોલીટીકલ એજંટ અને સ્ટેશન થાણાદારની કચેરીઓ તથા જેલ છે. આ પ્રાંતમાં નીચે મુજબ સંસ્થાનો છે.

૧ લો વર્ગ ૧ લો=ભાવનગર.
૧ " " ૨ જો=પાલીતાણા.
૨ " " ત્રીજો=વળા અને જસદણ.
૧ " " ચોથો=લાઠી.
૦ " " પાંચમો=નથી.
૬ ઠો " ૬ ઠો=બાબરા, કોટડા, પીઠા, ભડાલી, ધતરિઆ, વાકીઆ, અને કરીઆણા.
૧ વર્ગ સાતમો=કમઠીઆ. તે સિવાય બીજા પર વર્ગ બહારનાં છે.

ગોળ—ગોવા પ્રાંતમાં એનાં ઘટાદાર વૃક્ષો વડ જેવી વડવાઇઓ પુટી ફેલાયછે. ગોળનું વૃક્ષ ૫૦૦ વર્ષ સુધી જીવનશકતિ ધરાવેછે અને તેટલી મુદતમાં તે વડના વૃક્ષ જેવું વિશાળ બનેછે. એના પાંદડા જાંબુડીના પાંદડા જેવાં હોયછે.

ગોળ—શેરડીના રસને મોટી ભઠ્ઠીપર ૨૦થી ૩૦ મણ રસ માંમ તેટલું મોટું વાસણ

ચઢાવેછે. તેમાં ગાળીને રસ નામેછે, આ બટ્ટીને બળતણ તરીકે શેરડીના કુચા સાથે બીજા લાકડાને ઉપયોગમાં લેછે. બળતણ કરતાં અરધા કલાકમાં રસપર છારી બંધાય છે; તે વખતે કઢાઈપર બે વાંસ મેલી તેનીપર ટોપલી મુકે છે, અને તેપર રૂમાલ પાંથરેછે. રસપર આવેલી છારી કાઢી રૂમાલ ઉપર નાખે છે, તેથી મેલ ટોપલી ઉપરના રૂમાલમાં ઝીલાઇ રહી રસ પાછો કઢાઇમાં ટપટેછે. આ મેલ જેટલો નીકળે તેટલો ગોળ સ્વચ્છ બને છે. પછી બે અઢી કલાકમાં રસ ઉકળાવા માંડેછે ને રસ બહાર ઉભાય છે તેથી, તેને લાકડાના ચમચાથી ઘુંટેછે આથી તે રસ ઘટ બને છે. આ રસને તે પછી તાર આવતા જણાતાં તે રસ તૈઆર થએલો ગણે છે. પછી તેને માટલામાં રેડી ગોળ દડા બનાવેછે, ત્યારે કેટલાકો જમીનમાં ખાડા કરી તેમાં કપડું પાથરી ત્યાં રસ નાખી તેના ઢેફાં બનાવેછે.

ગોળાનું દર્દ—"આ દર્દમાં પેટમાંથી આતરડું ગોળીની ચામડી અથવા અંડકોશમાં એક ગાળા પ્રમાણે હેઠે ઉતરેછે અને પાછું ઉપર ચઢે છે. આ રોગ ઘણું કુદવાથી યા કાંસવાથી, ગળું ખેંચી ઉલટી કરવાથી, અતીભારી ચીજને હુલડાદએ ઉંચકવાથી, પેટ ઉપર દબાણ થતાં આંતરડા ઉપર દબાણ થાયછે અને તેથી તેનો થોડો ભાગ ગોળીના ચામડામાં ઉતરેછે. આ મરજ જુનો થતાં આતરડું ગોળીનાં ચામડાની અંદરની બાજુ સાથે વળગી જઇ ગોળો ઉપડ હેઠે ફરતો નથી. આ ગોળો ચઢ ઉતર થઈ પીડા કરેછે તે માટે જંતર બાંધીયાથી ફાયદો થાયછે. જંતર વિના એવા દરદીએ કદી ફરફર કરવું નહિ.

ગોળી—"પુરૂષ જાતનું એક અવયવ. ગોળી બે હોય છે અને તે ચામડાની થેલી જેને 'અંડકોશ' કહેછે તેમાં તેની રગ તથા નસ સાથે લટકેલી રહેછે. ગોળીનો આકાર ઇંડા જેવો હોયછે. જમણા કરતાં ડાબી જરા નીચી અને મોટી હોય છે. દરેક ગોળી ૧ થી ૧॥ ઇંચ લાંબી, આગળથી પાછળવેર ૧॥ ઇંચ અને એકથી બીજી બાજુ સુધી ૧ ઇંચ જાડી હોય છે. ગોળીની ઉપર એક જાડું મજબુત પડ હોયછે અને તેની હેઠળ બીજું ઝીણું કરોળીયાનાં પડ જેવું પડ હોયછે. ગોળી ૮૦૦ પતળી નળીઓની બનેલી હોયછે. આજ નળીઓને 'અંડનળી' કહેછે. આ દરેક એક ઇંચનો ૨૦૦ મો ભાગ જેવડી જાડી અને ૧૩થી ૩૪ ઈંચ લાંબી હોય છે. એક બે અથવા ત્રણ અંડ નળી એકઠી થઈને તેના ગુચળાં પડાનાં જેવા આકારનાં થાય છે, અને એવાં ગુચળાં દરેક ગોળીમાં ૩૦૦ હોય છે. નળાની બહાર ધોરી નસની ઘણી ઝીણી જાળી પંથરાયલી હોય છે, તે માહેલા ધોરીમાંથી ધાત ઉત્પન્ન થાયછે."

"અંડ નળીનાં ગુંચળાંઓના છેડા એક બીજા સાથે મળી જઇ તેની આસરે ૨૦ નળીઓ બને છે. જે ગોળીનાં સફેદ પડમાંથી બહાર નીકળે છે. પછી તેઓ સાથે જોડાઈને તેમાંથી એક નળી થાય છે અને તે ગોળીની નસ આગળથી ઉપર ચઢીને પીડુનાં ખાડામાં પીશાબના પુરકાની પાછળ જાય છે અને પીશાબના પુરકાના તથા સફરા વચ્ચે બે નાહની કોથળી હોય છે, તેની નળી સાથે જોડાય છે. આ કોથળીમાં 'ધાતુ' એકઠી થાય છે.

"ગોળીનાં અનેક દર્દો થાય છે; તેમાં ગોળીની આસપાસ પાણી જેવો પ્રવાહી ફરી વળે છે તેથી ગોળી મોટી બને છે; બીજો રોગ ગોળીની ચામડીની કોથળીમાં પેટમાંથી આંતરડું હેઠે ઉતરે છે તેને 'અંતરગળ' કહે છે. ત્રીજા રોગમાં ગોળીની અંદર દરદ ઉત્પન્ન થઈ તે મોટી અને સખત બને છે, ત્યારે તેને ગોળીની ગાંઠ કહે છે. ૪થું–ગોળીની ચામડીના રોગમાં ગોળીની ચામડી અતિ જાડી ને ખબચડી બને છે." !

ગૌ—હિંદુ ધર્મ કથા મુજબ માણસ નામે પિતરોની કન્યા, (૨) ચાલુ મનવંતરમાંના પુલસત્ય ઋષિની સૂર્યવંશી નરિષ્યંત રાજાનો પૌત્ર તૃણબિંદુ રાજર્ષિ રાજાની કન્યા, એનો પુત્ર વિશ્વામિત્ર હતો. (૩) સોમવંશી કુશોત્પન્ન બ્રહ્મદત્ત રાજાની સ્ત્રી, (૪) શામિક ઋષિની સ્ત્રી, શ્રુંગ ઋષિની માતા. (૫) વરૂણનો પુત્ર, (૬) ભૂમિનાં ૪૩ નામોમાંનુ એક.

ગૌઝબાન—એને સંસ્કૃતમાં ખરમંજરી અથવા ગોલોમીયાગો જીબ્હા કહેછે. આ વનસ્પતિના પાંદડાં લોહિ સુધારવા તથા પારો બદનપર ફુટી નિકળતાં આપધિ તરીકે અતિ અકસીર જણાયલો છે, ભાવ મિશ્રના જણાવ્યા મુજબ ચરક મુનીએ ગરલ નામે જે એક ઝેરનું વર્ણન આપ્યું છે તે એજ ગૌઝબાન હશે. ડૉ૦ પાડુરંગના જણાવ્યા મુજબ "અગ્નિ વેશે 'ગોલોમી' નામે જે વનસ્પતિ જોઇ હતી તે એજ હતી એમ જણાયછે."

ગૌડબંગાલ—બંગાલના બે ભેદ છે, કલકત્તા તરફનું બંગાલ તે ગૌડ બંગાલ અને બીજો ભાગ ઢાકા બંગાલ. ગૌડ બંગાલ પ્રાચીન કાળમાં જાદુમંત્ર માટે જાણીતો હતો.

ગૌત્તમ—(૧) દીર્ઘતમાનો પુત્ર. આ ઋષિ ત્રેતાયુગના આરંભમાં હિમાલયના પ્રદેશમાં જનમ્યો હતો, એણે બ્રહ્માની કન્યા અહલ્યા જે એની પત્નિ હતી તેને શ્રાપ આપ્યો હતો, એનો પુત્ર શતાનંદ વિદેહવશંના જનકરાજાનો ગોર હતો એના બે મુખ્ય શિષ્ય કનાયન ને નિંબાળી હતા, ગૌત્તમે ન્યાય શાસ્ત્રનાં સૂત્ર બાંધ્યા છે. (જુઓ અહલ્યાજી.)

(૨) બૌદ્ધ ધર્મ ચલાવનારો મૂળ પુરૂષ જે બુદ્ધ શાક્ય સિંહ તેનું એ નામ (જુઓ બૌદ્ધ) બુદ્ધના ઘણા અવતાર છે. તેમાંનો છેલ્લો તે ગૌત્તમ.

(૩) અંગિરા કુળમાંનો એક પ્રસિદ્ધ વંશ વિસ્તારક ઋષિ. (૪) અંગિરા કુલોત્પન બુદ્ધે ઋષિ, એ ચાલુ મનવંતરમાંના વીસમી ચોકડીમાં છે, (૫) કૌશિક ઋષિનો શિષ્ય, એજ રામસભાના ધર્મશાસ્ત્રીઓમાંનો એક હશે. (૬) એકત્ત, દ્વિત, ત્રીત યા ત્રણ ઋષિનો પુત્ર.

ગૌત્તમ—આ એક ઇરાની હગારો' સરદાર ઇતિહાસ પ્રસિદ્ધ થઇ ગયોછે. એણે કરશના બેટા બરદીઆસને કંબેસીસે પોતાના હાથથી છુપી રીતે મારી નાખવાનો બનાવ જોઇ, જ્યારે કંબેસીસ બજીપ્ત તરફ ગયો ત્યારે એ ગુપ્ત વાતનો લાભ લઈ ગૌત્તમે રાજ્યગાદીપર દાવો કરી પોતાને પાદશાહના ભાઇ તરીકે જાહેર કર્યો. એને ઓળખનારા અમીરોને ગુપ્ત રીતે નીકાલ કરી પોતાની હગાઇ ઢાંકી. પણ આ ખબર દરાયસને પડતાં તેણે લઢાઇ કરી ઇરાનનું તાજ મેળવ્યું હતું, જે લઢાઇમાં ગૌત્તમ માર્યો ગયો હતો.

ગૌરી—પેહેલાં પાર્વતિ શ્યામવર્ણ હોવાથી મહાદેવે તેને કાળી કહી તાનો માર્યો. આથી તપે કરી તેણીએ ગૌરવર્ણ પ્રાપ્ત કર્યાથી તેનું નામ ગૌરી પાડયું. (૨) સ્વાયંભુ મવંતરમાંના પશ્ચિમ દિગપાલ વરૂણની સ્ત્રી (૩) કાશિખંડમાં જણાવ્યા મુજબ મુખ્ય નવ ગૌરી છે.

(૪) ગણેશ ચતુર્થી પછી આ તેહેવાર આવે છે, તેનું વિસરજન ગણપતિ સાથેજ કરવામાં આવે છે. આ તેહેવાર દક્ષિણ તરફના હિંદુઓ પાલે છે. આ વ્રત હિમાચલની કુંવરી ગવરીનું છે, અને તે ધણકરી શુદ્ર જાતની સ્ત્રીઓ કરે છે. આ વ્રત ૩ દિવસનું છે. બ્રાહ્મણોમાં એક પથ્થરની પુંજા કરવાનો ચાલ છે. બીજા લોકો ગૌરીના ચેહેરાનો ચિતાર એક કાગળપર પાડી તેને 'તેરડા'ના રોપાની જુડી ઉપર બાંધી વસ્ત્રાલંકાર પેહેરાવેછે. આ રોપો સહવારમાં લાવી ઓટલાપર ચોક ચાંદન કરી તેને પાટલાપર મેળે છે. પછી સાંહજે તેને ગવરીનું રૂપ આપી ચલાવતી ઘેરમાં લાવે છે. તે એમ કે "ગૌરીના માર્ગપર ચંદનનો લેપ કરી તેની ઉપરથી એક છોકરો તેને હળવે ઉંચકી ચલાવતો લઇ આવી ખુરસીપર મેળે છે. તેની પાસે ચોખા, પૈસા, હળદર, સોપારી, વગેરેથી એક કળ-

શિયો ભરેલો મેળછે અને તેનીપર ચુનો ચોપડેલી માટલી મેળી તે માટલીને શંકર (ગૌરીના ભર્તાર) કહે છે. ગૌરીનાં માથાપર એક લાકડાની ખુંટી ટાંગી તેનીપર ફુલો તથા મીઠાઇ રાખે છે. બીજે દિને તેને આટાના લાડવાનો નૈવેદ આપે છે. તે સાથે એક આટાની બનાવેલી પેટી હોયછે તે ગૌરીના ધરેણાની પેટી ગણાય છે. ત્રીજે દીને ગૌરીને પાણીમાં ડુબાડે છે. તે વેળા તેના નાકમાં એક મીણનું મોતી બનાવી તેની નથ પેહેરાવે છે. પાણીમાં ડુબાડતી વેળા તેને દહી ભાતનો નિવેદ આપે છે. અને એ રીતે ગૌરી પુંજનનું વ્રત પુરૂં થાય છે.

ગૌરાણી—હિંદમાં એના વૃક્ષ બેથી ત્રણ ફીટ ઉંચા વધેછે. એની શિંગોમાંથી નિકળતા બિયાં ઢોરોને ખવડાવવામાં આવેછે. બાળકને ધવાડતી ઓરતોને ગોરાણીની ભાજી ખવડાવવામાં આવતી નથી; કેમકે તેથી બાળકને આંકડીનો રોગ લાગુ પડેછે. જ્યારે ગૌરાણી કુમળી હોયછે ત્યારે તેની ભાજી બનાવવામાં આવેછે.

ગોરીનો કૃણો—જળમય જગાપર એના વેલા ઉગેછે. એના પાંદડા હાથ પંજા જેવી આકૃતિનાં હોઇ તેની ડાંખળી કાળા રંગની હોયછે. ઉંદરી ઉપર એના વેલાને સુકવી તેની કાચી કાળા રંગની રાખ બનાવી તેને તેલમાં ખળી ચોપડવાથી ઉંદરીનો નાશ થાયછે.

ગ્રહમંડળ—દરેક શાસ્ત્રમાં કેટલાક શબ્દો એવાં હોયછે કે તેના અર્થ તે શાસ્ત્ર સંબંધી વિશેષ નિયમીત સમજવાં પડેછે. સાધારણ વેહવારમાં વર્ણ એટલે રંગ, પણ વ્યાકરણ શાસ્ત્રમાં વર્ણનો અર્થ મૂળાક્ષર પકડેલો છે. તેજ મુજબ ગ્રહ એ શબ્દ વિષે કહિએ તો તેનો અર્થ અભિપ્રાય અથવા મનમાં ચોજેલો વિષય એવો થાયછે, પણ જ્યોતિષ શાસ્ત્રમાં તેનો અર્થ એવો કરવામાં આવેછે કે જે પદાર્થ સૂર્યની આસપાસ ફરેછે તે ગ્રહ સમજવાં.

સ્વચ્છ આકાશમાં કાળી રાત્રે આપણને ખુલ્લી આંખે અસંખ્ય તારાઓ જણાય છે. તેઓ નાહના મોટા અને એક સરખા જણાય છે પણ તે તેવાં હોતાં નથી. તેમાંના કેટલાએક એવા હોયછે કે જેઓ પોતાની ગતી બદલતા ફરે છે. અને તેમનેજ ગ્રહ કહેવામાં આવે છે.

હિંદુ જ્યોતીષ શાસ્ત્ર તથા વેદમાં નવ ગ્રહમાંના રવી ચંદ્રનો ઉલ્લેખ સેંકડો ઠેકાણે કરવામાં આવ્યો છે. રાહુ, કેતુ આ ગ્રહો જણાયાં નથીજ. ત્યારે બાકી રહેલા પાંચ ગ્રહો એજ સૂર્યમંડળમાંના મુખ્ય ગ્રહો છે પણ જેમાં પાંચ માટે અથવા તેમાંના કેટલાક વિશે સંબંધ આપ્યો છે એવા ખુલ્લા વાક્યો વેદમાં જણાતાં નથી. તોય માર્મીક રીતે તેને જણાવેલાં છે. હિંદુ ધર્મ ગ્રંથો મુજબ દરેક ગ્રહપર એક અધિપતિ રહે છે. નક્ષેત્રોને ગ્રહોમાં ગણ્યા નથી તોપ તે સઘળાં મંડળો છે. લીંગપુરાણ મુજબ સંપૂર્ણ ગ્રહ અને નક્ષેત્રો એ ગ્રહ તુલ્ય (ઘેર પ્રમાણે) સ્થાનપર હોઇ કલ્પની શરૂઆતથી છેજ. તે સ્થાનમાંથી પોતપોતાના પુણ્ય પ્રભાવ મુજબ તેતે જગે દેવતા વાસ કરે છે. જેમકે સૌર મંડળમાં સૂર્ય, સૌમ્ય મંડળમાં સોમ, શૌકમંડળમાં શૂક્ર અને એ મુજબ સર્વ નક્ષેત્રો કલ્પની આખેરી સુધી હેરફેર વગર રહે છે. માત્ર ફેરફાર તેમનાં અધિપતિમાં થાય છે. તે માટે લીંગપુરાણુમાંના ૬૧ માં અધ્યાયના એક શ્લોકમાં દર્શાવે છે કે ચાલુ મનવંતરમાં અદિતિપુત્ર વિવસ્વાન નામે આદિત્ય સૌરમંડળાધિપતિ મુખ્ય હોઇ સોમ નામે વસુ ગ્રમંડળાધિપતિ છે. આગળ છ મનવંતર સુધી બીજા કોઇનું આ મંડળ પર અધિપતિ પણું નહોતું તે મુજબ બીજા વિશે પણ જાણવું.

ગ્રહમંડળ એટલે ગ્રહોનો ક્રમ અને તેમની ગતી અને તે સર્વેનો એક સાધારણ પરિણામ. આ મંડળમાં સૂર્ય મધ્ય સ્થાને હોઈ તેની આસપાસ પૃથ્વી અનેક લક્ષ યોજનોના અંતર

૨ ઉપર ગોળ રહે છે. પૃથ્વીની કક્ષામાં બુધ્ધ અને શૂક્ર આ બે ગ્રહ તેજ પ્રકારની કક્ષામાં જૂદે જૂદે અંતરે ફરેછે. બુધ્ધ એ સર્વમાં સૂર્ય નજદીક છે અને શૂક્ર એ સૂર્યથી અને બુધ્ધ કરતાં ઘણા દૂર અંતરપર પૃથ્વી તથા બુધ્ધની વચમાં છે. પૃથ્વીની કક્ષાની બીજી બાજુપર સૂર્યથી સુમારે પૃથ્વીથી દોઢ ઘણા અંતરપર મંગળ ફરે છે. મંગળની બીજીગમ વેસ્તા, જુનો, સિરીસ અને પાલાસ એ ૪ નાહના ગ્રહો ફરેછે. એ સૂર્ય પાસથી પૃથ્વી કરતાં ત્રણઘણા અંતર ઉપર હોઇ તેઓ વચ્ચે થોડું થોડું અંતર છે અને તેમની કક્ષાપણ જૂદી જૂદી છે. આ નાહના ગ્રહની પેલીમેર સુમારે સૂર્ય કરતાં પૃથ્વી પાંચ ઘણા અંતર ઉપર બૃહસ્પતિ પોતાની કક્ષાએ ફરે છે. બૃહસ્પતિની પેલીમેર સૂર્યથી પૃથ્વી કરતાં દશઘણા અંતર ઉપર શનીગ્રહ ફરે છે. શનીની પેલીમેર તેની કક્ષા બહાર હર્શલ નામનો ગ્રહ બીજા ગ્રહોની કક્ષા મુજબ પોતાની કક્ષાએ સૂર્યથી સુમારે પૃથ્વીથી ૨૦ ઘણા અંતર ઉપર ફરેછે.

આ દસ ગ્રહો માંહેલા પાંચ ગ્રહો પ્રાચીન કાળથી જણાયલા છે, અને તે એટલા તો સ્પષ્ટ દેખાયછે કે દુર્બિન વિના તેનું અવલોકન કરી શકાય છે. તેમના નામઃ-બુધ્ધ, શૂક્ર, મંગળ, બૃહસ્પતિ અને શની છે. બાકીનાં પાંચ ગ્રહો વેસ્તા, જ્યૂનો, સિરીસ, પાલાસ અને હર્શલ ઓગણીસમી સદીની અધવચમાં શોધી કાઢવામાં આવ્યા હતા. આ ગ્રહો દુર્બિન વડેજ જોઇ શકાય છે, તેમાં વેસ્તા કોઇ વેળા દુર્બિન વડે પણ જોઈ શકાય છે.

એ શિવાય બીજા સંખ્યાબંધ નાહના ગ્રહો મોટા ગ્રહોની આસપાસ ફરે છે તેથી તેમને તેમના ઉપગ્રહ કહે છે. મોટાને મુખ્ય ગ્રહ અને નાહનાને ઉપગ્રહ કહે છે. ચંદ્ર પૃથ્વી આસપાસ ફરે છે તેથી તેને પૃથ્વીનો ઉપગ્રહ કહે છે. સૂર્ય એક મોટો વર્તુલાકૃતિ ગ્રહ છે. ઉષ્ણતા અને પ્રકાશ એ તેનામાંથી ઉત્પન્ન થઇ સૃષ્ટીમાં ચોતરફ ફરી વળેલાં છે. સૂર્ય તદન એક અગ્નિનો દડો છે એમ ઘણા પ્રાચીન કાળથી મનાતું આવ્યું છે; પણ હાલના જ્યોતિષોએ તે મતનું ખંડન કર્યું છે. હર્શલ અને બીજા જાણીતા વિદ્વાન જ્યોતિષ શાસ્ત્રીઓએ માનેલું છે કે સૂર્ય એ અપારદર્શક પદાર્થ છે. તેની આસપાસ તેજસ્વિ પદાર્થનું વેષ્ટન છે. તેથી તેનામાંથી ઉષ્ણુતા તથા પ્રકાશ ઉત્પન્ન થાયછે. સૂર્યની ઉષ્ણુતા વિષે વિદ્વાન અને તત્વ વેત્તાઓનાં મતો જૂદાં જૂદાં છે. પણ સૂર્ય આ તેજનું મૂળ છે અને તેના યોગે સર્વ ગ્રહ મંડળ પ્રકાશીત બનેછે; અને સૃષ્ટીમાંના પદાર્થો ઉત્પન્ન કરવાની શક્તિ જે ઉષ્ણુતાને અંગે છે તેનું કારણ સૂર્ય છે. (જૂદા જૂદા ગ્રહો તેમનાં નામના મૂળાક્ષરમાં જોવાં) (જુઓ ખગોળ વિદ્યા.)

ગ્રહ પરિણામ—બુધ્ધ પૃથ્વીના પરિણામે $\frac{૫}{૧૦૦}$ અંશ છે અને તેનું સૂર્યથી અંતર પૃથ્વીના $\frac{૪}{૧૦}$ ઘણું છે. શૂક્ર પૃથ્વીથી $\frac{૯}{૧૦}$ મોટો છે અને તેનું સૂર્યથી અંતર પૃથ્વીના $\frac{૭}{૧૦}$ અંશ છે. મંગળ પૃથ્વીથી $\frac{૧}{૨}$ ઘણો છે. સૂર્યથી તેનું અંતર પૃથ્વીથી દોઢ ઘણું છે. બ્રહસ્પતિ પૃથ્વીથી ૧૪૦૦ ઘણો મોટો અને તેનું સૂર્યથી અંતર પૃથ્વીથી ૫$\frac{૧}{૨}$ ઘણું છે, શનિ પૃથ્વી કરતાં ૧૦૦૦ ગણો મોટો અને તેનું પૃથ્વીથી ૯$\frac{૧}{૨}$ ઘણું અંતર છે. યુરેનસ પૃથ્વીથી ૯ ઘણો મોટો હોઇ સૂર્યથી તેનું અંતર પૃથ્વીથી ૧૯ ઘણું વધારે છે, ચંદ્ર પૃથ્વીથી $\frac{૧}{૨૭}$ અંશ છે, સૂર્યનું આકારમાન પૃથ્વીથી ૧૩૬૭૦૦૦ ઘણું છે.

ગ્રહણ—હિંદુ જ્યોતિષ શાસ્ત્રમાં ગ્રહણ થવાનું કારણ જે લખેલું છે તેજ યૂરપના વિદ્વાનોએ સિદ્ધ કર્યું છે. 'ગ્રહભાંવ' માં જણાવ્યા મુજબ "જે વેળાએ પૃથ્વી ફરતી ફરતી સૂર્ય અને ચંદ્રમાંના વચમાં આવી જાય છે ત્યારે પૃથ્વીની છાયા ચંદ્રમા ઉપર પડે છે, અને એવી રીતે જ્યારે સૂર્ય અને પૃથ્વીની વચમાં ચંદ્રમાં આવી જાય છે ત્યારે ચંદ્રમાની છાયા પૃથ્વીપર પડે છે, એટલે સૂર્ય કપાયલો દેખાય છે." તે શિવાય વેદમાં તેમજ

ઋકસંહિતા, મહાભારત વગેરે ગ્રંથોમાં ગ્રહણની માહિતી આપી છે. સૂર્યસિધ્ધાંત નામના પ્રાચીન ખગોળ ગ્રંથમાં જણાવેછે કે (૪૦ સ૰ પૂર્વે ૩૧૦૨માં ૧૮મી ફેબ્રુવારી એ) "તે વેળા સૂર્યનું સંપૂર્ણ ગ્રહણ થયું હતું. બ્રાહ્મણો પછી ચીનાઓ ૪૦ સ૰ પૂર્વે ૨૯૦૪ માં ગ્રહણોનાં અવલોકન કરવાની વિદ્યા શિખ્યા હતા.

પ્રાચીન ખાલ્દીયનો એટલું તો જાણતા હતા કે ૬૫૮૬ દિવસે યાને ૨૨૩ ચાંદ્રમાસે તેનાં તેજ ગ્રહણો ફરી થાય છે. પણ તેમની આગમજ હિંદુ જ્યોતિષવેત્તા અત્રીઋષિ તે વિશે ઉંડું જ્ઞાન ધરાવતો હતો. વળી તાંડય બ્રાહ્મણ નામના પ્રાચીન જ્યોતિષ ગ્રંથમાં પાંચથી છ ઠેકાણે ગ્રહણવિશેની સમજણ આપી છે.

૪૦ સ૰ પૂર્વે ૭મી સદીની આખેરીમાં થેલ્સ નામે ગ્રીક વિદ્વાને ગ્રહણ વિશેની સમજણ લોકોને પાડી હતી. તેણે પ્રથમ પોતાના વખતમાં થનાર એક સૂર્ય ગ્રહણ વિશે અગમજથી ખબર આપી હતી અને તે મુજબ તે થયું હતું. આ ગ્રહણ બહુ ચમત્કારિક મનાયું હતું. તેના કારણો એ હતાં કે તે પેહેલાંથી કહેવાયું હતું અને બીજું એકે લીડીયન તથા મીડીયન લોકો વચ્ચે યુદ્ધ ચાલ્યું હતું, તે વખતે તે થયું હતું. આ કારણથી તેઓ એટલા બધાં બીધા હતા કે લઢાઇ પડતી મેલી સુલ્હે કરી હતી.

૪. સ. ૪૯૯ માં આર્યભટે એક જ્યોતિષ ગ્રંથ રચ્યો હતો તેમાં ગ્રહણો થવાનાં સ્પષ્ટ કારણો જણાવ્યાં હતા. તે પછી ૭૫ વર્ષ બાદ ઉજ્જનિમાં વરાહમિહિર નામનો જ્યોતિષ શાસ્ત્રી થયો તેણે પોતાના બૃહતસંહિતા નામે ગ્રંથમાં એનાં કારણ દર્શાવ્યાં છે. તે બાદ ૫૦૦ મે વર્ષે ભાસકરાચાર્ય નામે મોટો સિધ્ધાંતિ થયો તેણે ૧૧૫૦ સ. માં સિદ્ધાંત શિરોમણી નામે ગ્રંથ રચ્યો તેમાં પણ ગ્રહણોનાં સ્પષ્ટ કારણો જણાવ્યાં હતાં.

ચંદ્રગ્રહણ—એમાં ચંદ્ર અને સૂર્ય એમની વચ્ચે પૃથ્વી આડી આવે એટલે સૂર્યથી ચંદ્રને પ્રકાશ મળતો નથી તેથી તે કાળો બને છે, તેથી તેને ચંદ્રગ્રહણ કહે છે. સઘળા ગ્રહો કરતાં સૂર્ય એવડોતો મોટો છે કે કોઇ એકાદ ગ્રહની છાયા તેના તદન સનિધ્ધ ગ્રહની પાસે આવવા આગમજ શકવાકાર બની બીંદુ માત્ર બને છે. તેથી કોઇ પણ એક મુખ્ય ગ્રહનું બીજા ગ્રહને લાગતું નથી. કારણ એકની છાયા બીજા ઉપર પડી ગ્રહણ થવા જેવડી લાંબી જતી નથી, તેમનાં તેમનાં ઉપગ્રહોની છાયાથી માત્ર તેમને ગ્રહણ લાગે છે. તે ફક્ત સૂર્ય ગ્રહ અને તેમનો ઉપગ્રહો એ સંપાતમાં આવ્યા એટલે થાય છે. જે અર્થે સૂર્ય પૃથ્વી અને ચંદ્ર એ મહિનામાં એકે વખત સંપાતમાં હોય છે તે અર્થે દર માસે ચંદ્રગ્રહણ થવાં જોઇએ એમ આપણને ખ્યાલ આવશે; પણ તેમ થતું નથી તેનું કારણ પૃથ્વીની કક્ષા અને ચંદ્રની કક્ષા એ એકમેકથી તીરકસ છે. તે એમ કે ચંદ્ર પોતાની કક્ષામાં ફરતો હોય છે ત્યારે પોતાની ક્રમણનો અર્ધકાળ પૃથ્વી કક્ષાની તળે હોય છે' અને બાકીના અર્ધા કાળમાં ઉપર હોય છે. તેથી પૃથ્વી અને ચંદ્ર એમની કક્ષાની સામસામે બે ઠેકાણે સંગમ થાય છે, તેને 'સંપાત'કહે છે. સંપાતમાં ચંદ્ર આવ્યો એટલે ગ્રહણ થાય છે. તે વખતે સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર એ ત્રણે સમ રેખામાં આવવાં જોઇએ. આ સંપાત સદા ચળીત હોય છે, તેથી ચંદ્રગ્રહણ થવાનો નિયમ નથી. જ્યોતિષના કહેવા મુજબ ૧૯ વર્ષ દરમ્યાન ૨૧ ગ્રહણો થવાં જોઇએ, તેમાં કોઈ પણ એક વર્ષમાં ૩ કરતાં વધારે થતાં નથી, અને કોઇ વર્ષમાં તો તદન ગ્રહણોજ થતાં નથી. ચંદ્ર ગ્રહણ થોડું યા ખગ્રાસ પણ થાય છે. કારણ ચંદ્ર કોઇકોઇ વેળા છાયાથી તદન ઢંકાઇ જાય છે અને કોઇ વેળા અર્ધો ખુલ્લો રહે છે.

સૂર્ય ગ્રહણ—ચંદ્ર ગ્રહણ વિષે જે બિના દર્શાવી તે ઉપરથી જણાય છે કે ચંદ્ર અથવા સૂર્ય ગ્રહણ થતું હોય તો બે પર પ્રકાશ્ય પદાર્થ યાને પૃથ્વી અથવા ચંદ્ર એ એકમેકની પાછળ આવી સૂર્યનું કીરણ બેઉમાંથી એક પર આવતાં પ્રતિબંધ કરવો.

ચંદ્રની છાયા જ્યાં જ્યાં પૃથ્વી પર પડે છે ત્યાંથી સૂર્યનો ભાગ દેખાતો નથી. આ ચંદ્રની છાયા ૧૮૦ મૈલ કરતા વધારે પોહોળી હોતી નથી; તે ચંદ્રની ગતી સાથે પૃથ્વી ઉપરથી ચળીત થતાં કંકણકૃતિ સૂર્ય ગ્રહણ કોઇ પણ ઠેકાણે ૮ મિનિટથી વધારે વાર દેખાતું નથી- ચંદ્રની છાયા એક કલાકમાં ૧૮૦ મૈલ ચાલે છે. જે જે પૃથ્વીના ભાગ ઉપર ચંદ્રની મુખ્ય કાળી છાયા પડે છે ત્યાંથીજ કંકણ કૃતિ સૂર્ય જણાય છે. અને જ્યાં કાળી છાયા પડે છે ત્યાં નાહનું સૂર્ય ગ્રહણ જણાય છે.

ગ્રહરત્ન—હિંદુ જ્યોતિષ શાસ્ત્ર મુજબ નવ ગ્રહનાં નવ રત્નો યોજેલાં છે. જેમકે રવી માટે માણેક, ચંદ્ર માટે મોતી, મંગળ માટે પરવાળું, બુધ્ધ માટે પાનું, ગુરૂ માટે પુષ્કરાજ, શુક્ર માટે હિરો, શની માટે નીળ, રાહુ માટે ગોમેદ, કેતૂ માટે વૈદુર્ય.

ગ્રાનેડા—એન્ડલુશ્યાના પ્રાંતનું આ સુંદર શેહેર પહાડની તળેટીમાં ઉંચા ઢોળાવવાલા ૪ ટેકરા પર સમુદ્ર સપાટીથી ૨૨૪૫ ફીટની ઉંચાઇ પર વસાયલું છે. આગળ મૂર લોકોના સ્પેનના રાજનું રાજધાની શેહેર હતું. મૂર લોકોને તાબે આ શેહેર ૮.સ. ૭૧૧ થી ૧૪૯૨ વેર હતું. આગળ એ અતિ રોનકદાર અને વેપારમાં આગળ વધેલું હતું, પણ હાલમાં પડતી હાલતે પુગું છે. અત્રેના સેનસાલ્વાડોરના દેવળમાં આગલા વખતની યાદગાર ચીજોનો સંગ્રહ કરેલો છે. લોક વસ્તી ૭૩૦૦૦ ની છે. આ શેહેરની ઉત્તરે ડુંગરને માથે બે નદીઓ ની વચ્ચે આલહમ્બ્રાનો મેહેલ છે.

ગ્રીનલેંડ—પૂર્વ ગોલાર્ધમાં એશિયાખંડ અને યુરપની ઉત્તર દિશામાં ઉત્તર સમુદ્ર વચ્ચે જે ઉત્તર ધ્રુવનો પ્રદેશ તે ગ્રીનલેંડ છે. આ પ્રદેશ પૃથ્વીના ઉત્તર ધ્રુવની તદન નજદીક છે. તેથી વિષુવવૃત પાસેથી તેનું અંતર ૬૦૦૦ મૈલનું ગણવામાં આવે છે. અત્રે રાત્ર અને દિવસ ૬ મહિનાની હોય છે. આ લાંબા દિવસમાં ત્યાંના લોકોને સૂર્ય ક્ષિતિજ માત્ર સમાંતર રહેલો દેખાય છે, તથા છ મહિનાની રાતમાં સૂર્ય મુદ્દલ દેખાતો નથી; પણ અરૂણ પ્રકાશ વડે (અરૂણ પ્રકાશ જુઓ) તેઓ વહેવાર ચલાવે છે. અત્રે બારે માસ બરફ પડે છે અને ત્યાંની ઉત્કવિમો પ્રજા પણ બરફનાંજ ઘરોમાં રહે છે. ગ્રીનલેંડમાં ફળફળાદી યા ધાન્ય કદી પાકતું નથી પણ ત્યાંના વતનીઓ 'સીલ, નામની માછલી તથા 'રેન્દીઅર' નામના હરણના માંસપર નિર્વાહ કરે છે. આ લોકનું મુખ્ય પીણું સીલનું લોહી, ને તેની ચર્બિ બળતણ તરીકે વપરાય છે. તેઓ કેળવણી તરફ બીલકુલ ચાહ ધરાવતા નથી. તેમનો પૂજ્ય દેવતા "તોરગસાક" નામનો છે. કે જે સીલનું માંસ ખાઇ જીવે છે એવું તેઓ માને છે. તેમજ મરણ પછી આત્મા તેની નજદીક જતો તેઓ માને છે. તે પ્રજામાં એક વિચિત્ર રેવાજ એ છે કે મુવેલા બાળકની લાશ સાથે જીવતા કુતરાને દાટવામાં આવે છે. તેનું કારણ એમ બતાવવામાં આવે છે કે તે કુતરો મિનોઇ જહાનમાં તે બાળકના ભોમિયા તરીકે કામ લાગે છે. આગળ બીજી એક ક્રૂર રસમ તેઓમાં એવી હતી કે માતાના મરણ સાથે તેના નાહના બાળકને મારી નાખતા. તેનું કારણ એ હતું કે તે બાળકનું કોઇ પાલણ કરી શકશે નહિ એવો તેમનો વિચાર હતો. આ ક્રૂર રીવાજ પાછળથી નાબુદ કરવામાં આવ્યો હતો.

આ દેશના પૂર્વ કિનારા ઉપર આગલા વખતમાં આઇસલેંડના લોક જઈ વસ્યા હતા;

પણ હાલમાં તે ભાગ બર્ફના પર્વતોથી છવાઇ ગએલો છે. ત્યાંના લોકો તે તરફની સખત ઠંડીને લીધે મજબુત', ઠીંગણા ને સખત બાંધાના હોય છે. તેમનો મુખ્ય ગુજરાનનો ધંધો માછલાં મારવાનો છે અને તેઓ વરૂનાં ચામડાંનો પોશાખ પહેરે છે. આ પ્રજાને મોરાવિઅન મીશનરીઓએ ખ્રિસ્તી ધર્મમાં દાખલ કર્યા હતા. આ ગ્રીનલેંડ દેશના પશ્ચિમ કિનારા ઉપર ડેનમાર્કને હસ્તકના ગામો છે, અને તેના સમુદ્ર કાંઠાપર મોટા મોટા મગરોનો પુશકળ શેકાર મળે છે.

ગ્રીસ—અથવા યુનાન. દક્ષિણ યૂરપ માહેલો આ દેશ પ્રાચીન કાળથી ઇતિહાસ પ્રસિધ્ધ છે. એની ઉત્તરે યૂરપીયન તૂર્કસ્તાન,' પશ્ચિમે આયોનીયાનો સમુદ્ર, દક્ષિણે મેડીટરેનીયન અને પૂર્વે એજીઅન સમુદ્ર છે. આ દેશ ૨૧૦ મૈલ લાંબો અને ૧૭૦ મૈલ પહોળો છે. એનું ક્ષેત્રફળ ૧૯૮૦૯ ચૌરસ મૈલ છે. ૧૮૭૯ માં એ દેશમાં કુલે વસ્તી ૧૬૭૯૭૭૫ ની હતી, ૧૮૭૦ માં ૧૪,૫૭,૮૯૪ ની હતી, હતી. ૧૮૮૧ માં બર્લીનના કોલકરાર પછી ૫૧૬૧ ચૌરસ મૈલનો છલ્લો રાજ્ય સાથે જોડાતાં તેનું કુલે ક્ષેત્રફળ ૨૪૯૦ ચૌ૦ મૈલ થતાં તેમાં વસ્તી ૧૯૭૯૪૫૨ ની ગણાઇ હતી. ૧૮૮૯ ની ગણત્રી મુજબ વસ્તી ૨૧,૮૭૨૦૮ ની હતી. આ દેશના લશકરમાં હમેશાં પાયદળ લશકર ૨૫,૦૦ નું રહે છે અને કામ પડવે ૧'૦૦'૦૦૦ વેર વધારી શકાય છે. દરિયાઇ કાફલામાં ૪ મનવારો, ૬૬ નાહાની મનવારો, ૨૧ ટારપીડો અને તે પર ૩૦૦૦ ઓફીસરો અને સીપાહોનું લશકર રોકાયલું રહે છે.

આ દેશ બીજા દેશ કરતાં નાહાનો હોવા છતાં ત્યાંના શૂરવીર યોધ્ધાઓએ ગ્રીસને જગતમાં સર્વોપરી બનાવ્યો હતો. પ્રાચીન કાળમાં ત્યાંની પ્રજાને "હેલ્લેનેસ" કહેતા હતા. પ્રથમ આ 'હેલ્લાસ' એ એક થેસ્સાલીના નાહના પ્રગણાનું નામ હતું અને ત્યાંથી હેલ્લેનેસ ફરતે ફરતે સર્વ દેશમાં ફેલાઇ સર્વોપરી સત્તાધિકારી થયા હતા. ગ્રીક એ નામ પાછળથી રોમનોએ પાડયું. તેઓએ દેશને 'ગ્રિશિઆ' અને ત્યાંના વતનીઓને 'ગ્રીસિ' કહેતા હતા.

ઉત્તર ગ્રીસના પ્રાંતોમાં થેસ્સાલી, એપિરસ એ બેઉની વચમાં પીંડન પર્વત છે. થેસ્સાલી ઉંચા ઉંચા પર્વતોથી વિંટળાયલો અને ફળદ્રુપ પર્વતછે. તેમાં પેનીયન નદી વહેછે; અને તે ડેમ્પિની ખાણીતી ખાણમાં વલાણ લઇ સમુદ્રને મળેછે. ૪પાઇરસમાં ઉત્તરથી દક્ષિણ તરફ વધેલો પહાડી પ્રદેશ છે. ગ્રીસની મોટામાં મોટી નદી એખીલસ પ્રાંતમાં વહીને કોરિંથના આખાતને મળેછે. 'થેસ્સાલી'માંથી મધ્ય ગ્રીસમાં જવાનો માર્ગ સમુદ્ર અને ઉંચા પહાડોની વચ્ચે 'થર્મોપોલના' સાંકડા ઘાટમાંથી થઇને છે. આ કાંઠાના પ્રાંતનું નામ આગળ લોક્રીસ હતું, તેની પશ્ચિમે ડોરિસ અને ફોરિસ ફોસિસના ઘણાખરા ભાગમાં પર્વતો છે, આ પર્વતો ઉપર વિદ્યા દેવીનો વાસ હતો અને તેના ઢાળ ઉપર દેલ્ફી શેહેર હતું. વળી તે નગરમાં એપોલોનું ગંજાવર મંદીર હતું. 'ઓથાસીસ' 'ફોસીસની દક્ષિણે છે. આ પ્રાંતની ચોગરદમ પર્વતો આવ્યાથી તે મોટા ખો જેવો દિસેછે, અને તેનું પાણી સમુદ્રમાં વહી શકતું નથી, તેથી ત્યાંની હવા સરદ રહેછે, તેનું મુખ્ય શેહેર થીબસ હતું. અતિકા ઓથાસિયાની દક્ષિણે ત્રીકોણાકાર આકૃતિએ છે, અને તેની બે બાજુએ સમુદ્ર છે. ત્યાંની જમીન સુકી અને ફળદ્રુપ છે. તેમાં મેવો વીશેષ પાકેછે. એનું મુખ્ય શેહેર અથેન્સ પશ્ચિમકાંઠા ઉપર પિરાયસનાં બંદરથી ૪૫ મૈલ દુરછે. મિગારીસનું નાહનું પ્રગણું અટીકાની પશ્ચિમે સંયોગી ભૂમિ ભણી છે.

પશ્ચિમ લોક્રિસ, ઇતોલીઆ, આકરનાનિઆ એ ગ્રીસનાં પ્રશ્ચિમના પ્રાંતો આગળ અર્ધ સુધરેલી હાલતમાં હતા, મધ્ય ગ્રીસ તથા દક્ષિણ દ્વિપકલ્પ એક સાંકડી સંયોગી ભૂમિથી

જોડાયલાં છે, તેની ઉપર કોરિંથ નગર હતું. આ સંયોગી ભૂમિ એટલીતો સાંકડી છે કે પ્રાંચીનકાળનાં લોકો આ દ્વિપકલ્પને દ્વિપ ગણી એક કલપિત શરવીરના નામ ઉપરથી 'પેલ્લોપોનેસ' અથવા 'એલોપ્સ નો' ટાપુ કહેતા હતા. આ બેટનો આકાર સેંતૂરના પાંદડા જેવો હોવાથી હાલમાં તેને 'મોરિયા' કહે છે.

પેલોપોનેસ ના પર્વતોના મૂળ એ દ્વિપકલ્પના મધ્ય ભાગે છે, અને ત્યાંથી તેની શાખાઓ સમુદ્રભણી જાય છે. આરકાદિઆ મધ્ય ભાગનો પ્રાંત છે. તે આ દ્વિપકલ્પમાં સ્વિતઝરલેંડ જેવો છે. તે ખુદ્રતી દેવાલ રૂપી પર્વતોથી ઘેરાયલો હોવાથી પેલોપોનેસના બીજા સંસ્થાનોથી જૂદો પડેલો છે. પેલોપોનેસના બીજા મુખ્ય ભાગોમાં 'અખાયા, આરગોલીસ, લાકોનિયા મેસેનિઆ, એલીસ, અખાયાનો સાંકડો પ્રાંત, અર્કાદીઆની ઉત્તર સરહદ અને કોરિંથના આખાતની વચ્ચે છે. આગોલીસ પૂર્વમાં છે, તેમાં ઘણા સ્વતંત્ર સંસ્થાનો હતાં અને મુખ્ય શેહેર આર્ગસ હતું; લોકોનિઆ અને મેસ્સેનિઆ દ્વિપકલ્પના દક્ષિણ ભાગમાં છે. તેમની વચ્ચે હાયગેટસ નમે ઉંચો પર્વત ઉત્તરથી દક્ષિણ તરફ પડેલોછે. તેને છેડે 'તૈનારસ, ભૂશલાકા છે, તેને હાલમાં 'કેપમાટાપાન' કહે છે. ગ્રીસનો અને યૂરપનો સૌથી વધારે દક્ષિણમાં ગએલો ભાગછે. લોકોનીઆનુ મુખ્ય શેહેર 'સપાર્તા ઇટોરસ નદીની ખીણમાં હતું. આ નદી પોહળા મેદાનમાં વહી લોકોનીઆના આખાતને મળેછે. મેસ્સેસિઆ પ્રાંતમાં પણ એજ પામીસસ નદી વેહેછે, અને તે ઇરોટસના પ્રદેશ કરતાં વધારે ફળદ્રુપછે. એલીસ અર્કાદિઆની પશ્ચિમે છે. તેમાંજ ઓલિમપ્યાનું જગપ્રસિધ્ધ મેદાનછે. તેમાં 'આલ્ફેસ' નદી વહેછે તથા તેમાં પિસ્સા શેહેરછે.

ગ્રીસના કાંઠા ઉપર અનેક ટાપુઓ આવેલા છે. તેમાં મુખ્ય યુબોયા ઓમાસિયાના કિનારાથી તે અટીકા સુધી ગએલા છે. યુબોયાની દક્ષિણે સિધ્ધકપ દેશ ટાપુનો સમુદાયછે. તેમની વચમાં દેલોશનો ટાપુ છે. અને તેની પૂર્વે એશિઆના કિનારા નજદીક 'સ્પોરો દેશ' ના ટાપુઓછે. આ ટાપુનાં સમુદાયની દક્ષિણે ક્રેતે અને રોદેસના મોટા દ્વિપ છે.

યૂરપમાં સર્વથી વધારે પહાડી પ્રદેશ એ ગ્રીસદેશછે. તેમાં ચુનાના પર્વતથી વિટલાયલા અથવા સમુદ્ર તરફ આવેલા પુશકલ મેદાનો હોઇ તેની ઉપરજ ગ્રીસનાં શેહેરો સ્થાપ્યાં હતા. તેઓ આવા દેશમાં વસ્તા હોવાથી એક બીજાથી તેઓ ઘણા વેગળા રેહતા હતા. તોય સમુદ્ર કાંઠો દરેકને નજદીક હોવાથી તેઓ એક બીજાના સમાગમમાં જલ્દી આવી શકતા હતા, અને તેથી તેઓએ સમુદ્ર હોહવી, પહાડો વટાવી, સખત મહેનત તથા કષ્ટ વેઠી પોતાનો નાહનો પ્રદેશ સ્વપરાક્રમે ઇતિહાસમાં પ્રાસિદ્ધ કર્યો હતો.

ગ્રેગરી—આ એક સુતારનો પુત્ર હોઇ પોતાના અંગના અલૌકિક ગુણથી ઘણી પ્રસિદ્ધતા પામી ૧૦૭૩ માં પોપ પદ પામ્યો હતો. એ મોટો બુદ્ધિમાન હોઇ કાવેબાજ અને મેહનતુ હોવાથી તેના હાથે ધર્મસ્થાનોમાં મોટા ફેરફારો થઇ તેની મોટી નામના થઇ હતી. એણે પોપ તરીકે જે નામના મેળવી તેવી નામના બીજા કોઇ પોપે મેળવી નહોતી; પણ છેલ્લે જર્મનીના હેન્રિની સાથે કલહ થતાં એને પોપ પદ છોડી નહાશી જવું પડયું હતું.

ગ્રેટ ત્રીએક—આ કાચબાના ઘાટનું પ્રાણી આફ્રિકા ખંડમાં નારીયળીના ઝાડમાં વસે છે. આ પ્રાણી ઘણી વેળા નારીયળીપર ચઢી જઇ નારીયળી કરડી ખાય છે. આ પ્રાણીના પેટ આગળનો ભાગ નરમ ચામડીનો બનેલો હોવાથી તેને તિણી ચીજ બોકાતાં તે મરણ પામે છે. આથી આફ્રિકાના બાગબાનો જ્યારે આ પ્રાણી નારીયળી ખાવામાં રોકાય છે ત્યારે ઝાડની અધવચ્ચે તીણા ખીલા મારે છે,

અને જેવું તે દોરતું ઉતરે કે તે તીણા ખીલા ભોકાતાં મરણ પામે છે.

ગ્રેડ પ્રાયર—આ એક મહાધિપતિનો ઓહ્દો છે. એની યોગ્યતા એબ્બેથી ઉતરતી છે. કેટલાક મઠોમાં વધારે ઓછા દરજ્જાના ઘણા મહંત હોયછે ત્યારે તે સઘળામાં જે વડો ઠેરવેલો હોયછે તેને ગ્રેટ પ્રાયર કહે છે.

ગ્રેલ—અથવા હોલીગ્રેલ. આ એક નાહના આવાના ખુમચાનું નામ છે. જ્યૂજસ ક્રાઇસ્ટે પોતાનાં અનુયાયી સનમુખ જે ખુમચામાં પોતાનું છેલ્લું ભોજન લીધું હતું તેને કહે છે. ક્રાઇસ્તને સુળીએ ચઢાવ્યા પછી તેનું પ્રેત નીચે ઉતારવાની રજા જોસફને પાયલટ નામે રોમન જમાદારે આપી હતી. તે પછી જોસફ જે ઓરડીમાં ઉપર જનાવ્યા મુજબ ક્રાઇસ્ટે પોતાનું છેલ્લું ભોજન લીધું હતું તે ઓરડીમાં તે પ્રેત લઇ ગયો. ત્યાં તેને આ 'હોલીગ્રેલ' જડ્યું હતું. આ વાસણમાં ક્રાઇસ્તના શરીરમાંથી નીકળતા રૂધીરનાં થોડા ટીપાં પડ્યા હતા, તેથી તેમાં અદભૂત ચમત્કાર કરવાની શક્તિ સમાઇ હતી એમ ખ્રિસ્તીઓની સમજ છે.

ઘ.

ઘ—ચોથો વ્યંજન

ઘઉં—તેની જાતો, તેમાં સમાયલાં તત્વો, તેનો વેપાર, ખેતી અને દુનિયામાં ખપ.

હિંદુસ્તાનમાં આ ધાન્યની ખેતી ઉત્તર હિંદુસ્તાન તથા પંજાબ એ બે પ્રાંતો

ઘઉંનો કસ માં પ્રાચીનકાળથી થતી આવી છે, અને તે ઉપરાંત હિંદના ઘણાખરા દેશોમાં એની ખેતી થાય છે. મુંબઇ ઇલાકામાં માત્ર કોંકણ તરફ એનો પાક ઉતરેછે. હિંદુસ્તાનનાં ઘઉં દુન્યામાં બીજા દેશોમાં પાકતા ઘઉં કરતાં શ્રેષ્ટ જાતનાં હોવાથી આ દેશના ઘઉં અમેરિકા, આફ્રિકા વગેરે દેશોપર સરસાઇ ભોગવેછે. દરેક જાતના ઘઉંમાં પાણીનો અંશ રહે છે; પણ તેમાં ગરમદેશ કરતાં ઠંડા દેશના ઘઉંમાં વિશેષ પાણી રહે છે. ફ્રાન્સના ઍંદસેસ પ્રાંતનાં ઘઉંમાં ૧૬–૨૦ ભાગ, ઇંગલંડના ઘઉંમાં ૧૪–૧૭ ભાગ, યુનાઇટેડસ્ટેટના ઘઉંમાં ૧૨–૧૪ ભાગ, આફ્રિકા તથા સીસિલીના ઘઉંમાં ૯–૧૧ ભાગ પાણી રહેછે. આથી હિંદુસ્તાનના ઘઉંનો આટો અથવા રવો વેલાતી યા અમેરીકન ઘઉં કરતાં વધારે બને છે. હિંદી ઘઉંની છાલ અતી પાતળી હોયછે તેથી તેમાંથી મેદો પુશકલ નિકળેછે. સામાન્ય પ્રમાણ મુંજબ વેલાત તરફના ઘઉંનો ૬૫ ટકા, અમેરિકનનો ૭૨ ટકા અને હિંદી અથવા મુંબઇ ઇલાકાના ઘઉંમાં ૭૭થી ૮૦ ટકા મેદો રહે છે, આથી હિંદી ઘઉં વેલાતમાં મોંઘો વેચાયછે.

નાઇત્રોજનવાયુ વેલાતી ઘઉંમાં

તત્વ અને ગુણ. ૧૩થી ૧૪ ટકા અને હિંદી ઘઉંમાં ૧૬થી ૧૮ ટકા રહેછે. એ ઉપરથી જણાશે કે હિંદી ઘઉંમાં વધારે પુષ્ટીકારક અંશ હોયછે, તેમજ વળી હિંદી ઘઉંમાં બીજા પણ ગુણોછે. યાને ઇંગલીશ ઘઉંની રોટલી ૬૫·૨, અમેરિકન ૩૨·૨ ત્યારે હિંદી ઘઉંની ૭૭·૪૬—૮૦ પર ટકા ઉતરેછે, તેમજ તેમાં મિઠાસ રહેતો હોવાથી તે ગુણકારી હોયછે.

જૂદે જૂદે ઘોરણે ઘઉંની જૂદી

જાતો જૂદી જૂદી. જૂદી જાતો માનેલીછે. કેટલાક ઉદભિજ શાસ્ત્રીઓ એની ૧૦ જાતો જણાવે છે. વેપારી નજરે ઇંગલંડમાં ઘઉંની મુખ્ય ચાર જાતો જાણતી છે. ૧ નરમ લાલ, ૨ કઠણ લાલ, ૩ નરમ સફેદ ને ૪થી કઠણ સફેદ. હિંદુસ્તાનમાં તેના રંગ યા ગુણ ઉપરથી બોલતો તેને જૂદે જૂદે નામે

ઓળખેછે. ખેતરનાં ઘઉં, જુવાર ઘઉં લાલ, સફેદ, પીળા બનસી, પટણી, કોટ, પેટ, હંસ દાઉદ ખાન, ખાપર્યો, કોડયો, જોડ, બોંડ વગેરે. તેમાં 'બનસી' શ્રેષ્ટ અને ખાપર્યો કનિષ્ટ જાતનાં ગણાયછે. ખાપર્યો ઘઉં બાગાયત જમીનમાં થાય છે. જેટલી ઘઉંની જાત નરમ તેટલીને કીડ યા રોગનો ભય હોયછે, તેટલો કઠણ ઘઉંને બીલકુલ હોતો નથી.

ઘઉંની ખેતી માટે ચીકણી જાતની અને વગર રેતીની જમીન પસંદ કરવી પડેછે. રેતાળ જમીનમાં ચીકણી જમીન કરતાં પાક

ખેતી માટેની ઓછો નિકળે છે; પણ કાળી, જમીન. મળીયની જમીનમાં સારો પાક ઉતરે છે. પણ આવી જાતની જમીનમાં પાકતા ઘઉંને સડો લાગવાનો ભય રહેછે. નદી કાંઠેના કચરાવાળી જમીનમાં એનો પાક ઉત્તમ થાયછે, પણ તેવી જમીનના પાકને રોગનો ભય વિશેષ હોયછે. જે જમીનમાં ચુનાનો અંશ વધારે હોય ત્યાં રોગ લાગુ પડતો નથી, તેમ પાક વધારે થાયછે. આથી ચીકણી, કાળી અને વાડીની જમીનમાં થોડો ચુનો નાખ્યાથી એના પાકને મોટો ફાયદો થાયછે.

ઘઉંની રાખનું પૃથઃકરણ કરી જોતાં ઘઉંના છોડમાં સીલીકા અથવા ચકમકની રજોનો વધારે અંશ હોયછે. ચીકણી જમીનની મટોડી સિલીકાથી કેટલાક પદાર્થોનો રસાયનિક પ્રયોગ થઇ તૈયાર થાયછે. એજ મટોડી ફરી રસાયનિક પ્રયોગથી સીલીકાના રૂપમાં આવી ઘઉંને ઉપયોગી થઇ પડેછે. આ મટોડીજડે સીલીકા અન્ન રૂપે જેટલું તૈયાર થાયછે તેટલો બીજી જમીનથી થતો નથી. કોંકણ પ્રાંતમાં ઘઉં વાવીયા હોય તો દક્ષિણ માહારાષ્ટમાં જે રીતે તે ઉગેછે તે રીતે તેને થતાં અડચણ થનાર નથી. જે જમીનમાં વર્સાદ પડયા પછી બિનાસ ટકી રહેછે તે જમીનમાં ઘઉં સારા ઉગેછે. જમીન જો સારી હોય તો ઘઉં ગમે ત્યાં વાવિ શકાયછે. એમ છતાં ઘઉંની ખેતી હિંદના સઘળા ભાગમાં થતી નથી. ઘઉં પેદા કરનાર પ્રદેશ તાપી નદીની ઉત્તર તરફનો મુખ્ય ભાગ છે. ઘઉંની જમીનને જો ૧૦૦ ઘણી ગણીએ તો તેની વેંહેંચણી નીચે મુજબ થાયછે.

પંજાબમાં —૨૪·૨.
મધ્ય પ્રાંતમાં—૧૮·૨.
ઔદ " —૯·૯.
મુંબઇ ઇલાકામાં–૮·૪.
વહાડ પ્રાંતમાં—૩·૯.
મદ્રાસ ઇલાકામાં–૦·૧૪.

યુરપ સાથે ઘઉંનો વેપાર ઇ. સ. ૧૮૬૮ પછી ઘણો વધ્યોછે. સૂયેજની નેહેર બંધાયા પેહેલાં યૂરપ બંડ જોડે એ વેપાર ચાલી

વેપાર અને શકે તેમ નહોતું. ઇ. સ. ૧૮૭૩ ખપ. સુધી ઘઉંપર નિકાશ જકાત દર ટને પાંચ રૂપ્યા હતી, તે કહાડી નાખ્યા પછી વેપાર વધવા માંડયો, તથાપી ઉત્તર અને પશ્ચિમ હિંદમાં રેલવે તૈયાર થવાથી ૧૮૮૧–૮૨ પછી એ વેપારનું ખરૂં સ્વરૂપ દેખાવા માંડયું. સને ૧૮૯૧–૯૨ માં યૂરપ દેશમાં એના પાકનો નાશ થવાથી ઘઉંનો વેપાર ખૂબ વધ્યો, સાધારણ રીતે દરવર્ષે સાતથી આંઠ લાખ ટન, ઘઉં હિંદથી યૂરપમાં રવાના થાયછે.

દુનિયામાં ઘઉંનો પાક અતિ મોટો થાયછે. તે ૧૮૯૪ થી ૧૮૯૯ વેરના દર્શાવેલા કોડા ઉપરથી જણાશે.

	યૂરપમાં પાક— મણ.	બીજા દેશોનો પાક. મણ.	કુલે પાક. મણ.
દુન્યામાં પેદાશ.	૧૮૯૪ ૧૯૧૨૫૦૦૦૦	૧૨૯૦૦૦૦૦૦	૩૨૦૨૫૦૦૦૦
	૧૮૯૫ ૧૮૬૫૦૦૦૦૦	૧૨૬૫૫૦૦૦૦	૩૧૩૦૫૦૦૦૦
	૧૮૯૬ ૧૯૧૭૭૫૦૦૦	૧૧૧૦૫૦૦૦૦	૩૦૨૮૨૫૦૦૦
	૧૮૯૭ ૧૫૧૦૦૦૦૦૦	૧૩૧૮૦૦૦૦૦	૨૮૨૮૦૦૦૦૦
	૧૮૯૮ ૧૯૦૨૦૦૦૦૦	૧૬૫૩૦૦૦૦૦	૩૫૫૫૦૦૦૦૦
	૧૮૯૯ ૧૭૬૪૦૦૦૦૦	૧૩૭૭૫૦૦૦૦	૩૧૪૧૫૦૦૦૦

દુનિયામાં ઘઉં ઉગાડનારા અમેરિકા, ફ્રાન્સ, રશિઆ તથા હિંદુસ્તાન એ ચાર મોટા દેશો છે. અમેરિકા ખાતે દર વર્ષે દુન્યામાં ખપ. સરાસરી ૪૪ કરોડ બુશલ, ફ્રાન્સમાં ૩૧ કરોડ બુશલ, રશિઆમાં ૨૪ કરોડ બુશલ, ને હિંદુસ્તાનમાં ૨૧ થી ૨૫ કરોડ બુશલ ઘઉં પાકેછે. હિંદુસ્તાનમાં બીજા દેશો કરતાં ઘઉં ઘણો ઓછો પાકેછે, પણ આ દેશની નિર્ધન અવસ્તાને લીધે લોકો ખાવા માટે તેનો ઓછો ઉપયોગ કરતા હોવાથી બીજા દેશોને એ માલ પુરો પાડેછે. અમેરિકા તથા રશિઆ પોતાની પેદાશમાંથી ૮ કરોડ બુશલ ઘઉં બીજા દેશોને પુરો પાડેછે, ત્યારે હિંદુસ્તાન ૩ કરોડ બુશલ ગઉં નિકાશ કરેછે. પણ ફ્રાન્સથી એક બુશલ પણ બહાર મોકલવામાં આવતો નથી; બલકે તે સામું ૩ થી ૪ કરોડ બુશલ બીજા દેશો પાસથી ખરીદે છે. ઉપલા મુલકો શિવાય આસ્ત્રેલિયા પણ દિન પર દિન ઘઉંનો પાક પોતાના દેશમાં વધારતું જાયછે ને તે વખત જતાં સર્વેમાં શ્રેષ્ટાઇ ભોગવશે એમ જણાય છે.

ઇ. સ. ૧૮૯૨–૯૩ અને ૯૪ માં નીચે મુજબ દુન્યામાં ઘઉંનો પાક થવાનો અડસટો કાઢવામાં આવ્યો છે.

વજન ક્વાર્ટરમાં

દેશો	૧૮૯૪	૧૮૯૩	૧૮૯૨
યૂનાઇટેડસ્ટેટસ...	.. ૫૫૦૦૦૦૦૦	૫૫૦૦૦૦૦૦	૬૭૦૦૦૦૦૦
ફ્રાન્સ	...૪૦૦૦૦૦૦૦	૩૪૭૫૦૦૦૦	૩૮૮૭૦૦૦૦
રશિઆ... ...	...૩૫૦૦૦૦૦૦	૪૨૦૦૦૦૦૦	૩૨૧૦૦૦૦૦
હિંદુસ્તાન ...	...૩૨૩૦૦૦૦૦	૩૩૪૦૦૦૦૦	૨૫૮૦૦૦૦૦
હંગેરી	...૨૦૩૦૦૦૦૦	૧૭૭૦૦૦૦૦	૧૭૦૦૦૦૦૦
ઇટલી	...૧૫૦૦૦૦૦૦	૧૬૩૦૦૦૦૦	૧૪૦૦૦૦૦૦
જર્મની	...૧૨૫૦૦૦૦૦	૧૩૫૦૦૦૦૦	૧૪૫૦૦૦૦૦
સ્પેન	...૧૦૦૦૦૦૦૦	૧૦૫૦૦૦૦૦	૯૨૫૦૦૦૦
યૂનાઇટેડ કીંગડમ	... ૭૫૦૦૦૦૦	૬૩૦૦૦૦૦	૭૬૦૦૦૦૦
કેનેડા	... ૬૫૦૦૦૦૦	૫૫૦૦૦૦૦	૬૫૦૦૦૦૦
રૂમાનિઆ ...	... ૫૭૫૦૦૦૦	૭૩૦૦૦૦૦	૭૩૦૦૦૦૦
પોર્ટુગલ... ...	... ૫૦૦૦૦૦૦	૫૩૨૦૦૦૦	૫૮૦૦૦૦૦
આસ્ત્રેલીયા ...	... ૫૦૦૦૦૦૦	૫૩૨૦૦૦૦	૫૮૦૦૦૦૦
બલગેરીઆ... ...	... ૪૦૦૦૦૦૦	૪૫૦૦૦૦૦	૫૨૦૦૦૦૦
બેલજીઅમ ...	... ૨૦૦૦૦૦૦	૨૧૦૦૦૦૦	૨૬૫૦૦૦૦
જુમલે =	૨૫૫૮૫૦૦૦૦	= ૨૬૦૧૭૦૦૦૦	= ૨૬૧૫૭૦૦૦૦

ઇ. સ. ૧૮૯૩થી ૧૮૯૬ સુધી હિંદુસ્તાનમાં ઘઉંના પાક માટે રોકેલી જમીન અને તેમાં ઉતરેલા ઘઉંનો પાક નીચે મુજબ હતો.

વર્ષ	રોકેલી–એકર જમીન.	ઉતર ટન.
૧૮૯૩–૯૪	૨૪૩૭૦૦૬૬	૬૨૩૯૫૭૧
૧૮૯૪–૯૫	૨૫૯૯૪૧૫૫	૬૨૭૯૩૩૪
૧૮૯૫–૯૬	૨૧૭૭૭૪૨૯	૪૮૭૪૯૭૨

ઘઉંનો દુન્યામાં નીચે મુજબ ખપ થાયછે. ફ્રાન્સમાં ૩ અબજ બુશલ ખપે છે યાને માણસદીઠ "૪૬૭" રતલ, કેનેડામાં ૩૦ કરોડ બુશલ ખપે છે. યૂનાઇટેડમાં દર સાલ માણસદીઠ ૨૪૦ રતલ ખપે છે. ઇટલીમાં ૩૦૭ રતલ (યાને સર્વ ખપ ૧ અબજ ૬૦ કરોડ બુશલનો થાયછે.) જર્મની, રશિઆ,

ગ્રેટબ્રિટન અને હંગેરી એ ચારે દેશમાં એક સરખો ખપ થાયછે. રશિઆમાં માણસદીઠ ૯૩ રતલની રાસ આવે છે, જર્મનીમાં ૧૮૦ રતલની, આસ્ત્રેલીયામાં ૨૩૦ રતલની ને ગ્રેટબ્રિટનમાં ૨૫૦ રતલની.

ઘંટ—૭૧ ભાગ ત્રાંબુ, ૨૬ ભાગ કલ્લાઇ, ૨ ભાગ જસત અને ૧ ભાગ લોખંડની બનાવેલી ધાતુનો ઘંટ બને છે. મોટા ઘંટ માટે ૧૦૦ રતલ ત્રાંબુ, અને ૨૦ થી ૨૫ રતલ કલ્લાઇની મિશ્રણ વાલી બનાવેલી ધાતુ વાપરે છે. નાહાની ઘાંટરડીઓ માટે ૩ રતલ ત્રાંબુ અને ૧૨ રતલ કલ્લાઇનું મિશ્રણ વાપરવામાં આવે છે.

ઘંટ પ્રાચીન કાળથી જૂદી જૂદી પ્રજામાં વપરાતા આવ્યા છે અને મુખ્ય કરી ધર્મ સંબંધી ક્રિયા કામોમાં એનો બોહોળો ઉપયોગ કરવામાં આવે છે. પ્રાચીન આર્ય પ્રજા પોતાના દેવમંદીરોમાં દેવ પૂજા વેળા ઘંટો વગાડતા હતા અને તે રેવાજ આજે પણ ચાલુ પ્રચારમાં છે. જરથોસ્તીઓના આતશ બહેરામ તથા અગીયારીઓમાં એકથી બે મોટાં ઘાંટો રાખવામાં આવે છે.

પ્રાચીન કાળમાં ઘાંટો ટીપી ટીપીને ઘડેલી ધાતુમાંથી બનાવવામાં આવતા હતા. પ્રથમ ધાતુને ટીપી તેના પતરા બનાવી તેને ઘાંટના આકારે સાંધી તે વાપરતા. આવી જાતનો એક ઘંટ 'કાશે' શેહેરમાં જોવામાં આવે છે. તે પછી ઓતેલા લોખંડના ઘંટ બનાવવામાં આવ્યા અને તેમાંનો એક નમુનો સાયનનાં દેવળમાં જોવામાં આવે છે.

હિબ્રુઓની અસલી ધર્મ ક્રિયામાં વડા ધર્મગુરૂને પોતાની ઝભાની કિનારીપર એક સુનેરી ઘંટ તથા ઘાઘમ પહેરવાની ફરજ પડતી હતી.

ખ્રિસ્તી દેવળોમાં પ્રાચીન કાળથી ઘંટો વપરાતા આવ્યા છે. તો પણ પહેલાં ઘણીક સદીઓ સુધી હાથે વગાડવાનાં ચંગ જેવાજ ઘંટો વપરાતાં હતાં. જેમ હુન્નરો ખિલતાં ગયાં, તેમ મોટા ઘંટો બનાવવામાં આવ્યા અને તેને ટાંગવા માટે ખાસ મિનારાઓ ઉભા કરી તે વગાડવા યંત્રો યોજવામાં આવ્યા હતા.

આખી પૃથ્વીમાં મોટો ઘંટ જેપાનમાં 'કિયોતો "શેહેરમાં એક મોટા મિનારાપર ટાંગેલો છે, કે જે ૨૪ ફીટ ઉંચો છે. આ ઘંટને લાકડાના હાથા વડે વગાડવામાં આવે છે. રશિઅન માસ્કો શેહેરમાં જે ઘંટ છે તે ૨૧ ફીટ ઉંચો છે; તેનો ઘેરાવો ૬૩ ફીટ ને વજન ૧૯૮ ટનથી ઓછું નથી. આ ઘંટ વિશે એ નોંધો મળે છે. એકમાં જણાવવામાં આવે છે કે એ ૧૭૩૪ માં ગાળવામાં આવ્યો હતો અને ૧૮૩૭ માં આગ લાગવાથી પડી ગયો હતો. ત્યાંથી ૧૮૩૮ માં તેને ફરી ઓદા કાઢવામાં આવ્યો હતો. બીજી નોંધ મુજબ ઇ. સ. ૧૬૩૫ માં શેહેનશાહબાનુ સોફાયાના હોકમથી તે બનાવ્યો હતો, અને તે ભઠ્ઠીમાં ઓતાતો હતો ત્યારેજ તેમાં પાણીનો રેલો જવાથી ફાટ પડી હતી. ત્રીજી નોંધ મુજબ જ્યારે 'કેમલીન' ના મોટા મિનારા પર તે ચઢાવવામાં આવતો હતો ત્યારે તે પડીને ભાગી ગયો હતો.

ઈંગલંડના વેસ્તમિન્સટર દેવલનો ઘંટ 'બીગબેન' ૧૩૧૧ ટન વજનનો છે, ને લીનકનનાં દેવલનો ઘંટ સાડાપાંચ ટનનો છે.

બેલજીયમના એન્ટવર્પ શેહેરમાં મોટા ઘંટ ૬૫ છે. તેમાના કેટલાક ખાસ જોવા જોગ છે. એક ઘંટ ૭૧૧ ટન વજનનો છે જેને હિલવવા ૧૬ માણસો લાગે છે. આ ઘંટ ૪૦ સ૦ ૧૩૧૬માંબનાવવામાં આવ્યો હતો. તેની બનાવટમાં ત્રાંબુ સોનું વપરાયું હતું અને તેની કિંમત ૨૦,૦૦૦ પૌંડની અંકાય છે. આ ઘંટ વર્ષમાં માત્ર બેજ વેળા વગાડવામાં આવે છે.

પ્રૂશિઆના બરેસ્લો શેહેરમાં જે ઘંટ છે તેને ૧૩૮૬ માં ૧૭ જુલાઇએ ગાળવામાં આવ્યો હતો. ગાળતી વખતે ગાળનાર આસામીના એક માણસે ગળાતી ધાતુ જોઇને ગભરાટ વચ્ચે બુમ પાડી. આ બુમ સાંભળી ઘંટ ગાળનાર મુંબી દોડી આવ્યો અને પેલા

માનસને હાથે કાંઇ બગાડ થએલો હશે એવો ખ્યાલ કરી ગુસ્સાથી તે માણસને કાપી નાખ્યો. જ્યારે ઘંટ બની રહ્યો ત્યારે તે ખામી રહીત જણાયાથી તે ભારે પશ્ચાતાપ પામી સત્તાવાલાને તાબે થઈ પોતાના ગુન્હાનો એકરાર કીધો. જ્યારે તેનો ઇન્સાફ થઇ તેને ફાંસી આપવામાં આવ્યો ત્યારે તે ઘંટ વજાડી તેના ક્રૂર કર્મની ખબર કરવામાં આવી. આથી તે ઘંટનું નામ "કંગાળ ગુન્હેગારનો ઘંટ" એમ પડ્યું છે.

ઘંટ—બેલજીયમનું આ શેહેર પૂર્વ ફ્લેંડર્સ પ્રાંતનું મુખ્ય શેહેર છે. આ શેહેર બ્રસેલ્સની ઉત્તર પશ્ચિમે ૩૪ મૈલપર છે. આ શેહેર નેહેરોથી ૨૬ ટાપુમાં વેહેંચાયલો હોઇ તે ટાપુઓને ૨૭૦ પૂલોથી જોડી નાખેલાં છે. મુખ્ય કેથિડરલનાં સેંટ બોવ્હન ૧૩ મી સદીમાં બાંધવામાં આવ્યું છે, તેમજ ૧૧૮૩ –૧૩૩૯ માં બાંધેલો મિનારો ૨૮૦ ફીટ ઉંચો છે, ૧૪૮૦ તથા ૧૬૨૮ માં બાંધી વધારેલું હૉટલડી વેલી ઘંટનું એક નમુનેદાર બાંધકામ છે; અત્રે સૂતર, લાકડાં વગેરેના કારખાનાં છે. તેમજ ચામડું, લેસ અને ખાંડના કારખાના મોટા પાયાપર ચાલે છે. એના બંદરમાં ૪૦૦ વહાણો સમાઇ શકેછે. નવી ગોદી ૧૮૮૧ માં ઉઘાડવામાં આવી હતી, ૧૮૪૬ માં વસ્તી ૧,૦૨, ૯૭૭ ની, ૧૮૯૧ માં ૧,૫૦,૨૨૩ ની અને ૧૮૯૬ માં ૧,૫૯, ૨૧૮ ની હતી.

ઘટપ્રભા—આ નદી હિંદુસ્તાનમાં પશ્ચિમ તરફનાં ઘાટમાં ગંદરગઢ નામના પહાડી કિલ્લો જે બેલગામની વાયવ્યેછે તેની પાસેથી નિકળી 'ગોકાક' ગામ ઉપરથી સુમારે ૧૦૦ મૈલ વહેતી કૃષ્ણાને મળેછે; એનાં પાણી જેમ એકાએક ચઢેછે તેમ ઓસરી જાયછે, કુનૂર અને ગોકાકની વચમાં આ નદીનાં મોટા ધોધછે. ત્યાં ઘણી ઉંચાઈ ઉપરથી નદીનાં પાણી મોટા જોર સાથે પડેછે,

ઘંટાપાટલી—એક પ્રકારની વનસ્પતિ, એને મરાઠીમાં 'મોખાડી' ને કોંકણમાં "હેંદી" અને બીલું કરેછે, એના છાલની હજી પૂર્ણ પરિક્ષા કરવામાં આવી નથી.

ઘટોત્કચ—પંડુપુત્ર ભીમસેનની સ્ત્રી 'હિડંબા' રાક્ષસ સ્ત્રીનો પુત્ર. એ જનમ્યો ત્યારે એનું માથું ઘટજેવું મોટું હોઇ તેપર બાલ નહોતા, તેથી એનું નામ ઘટોત્કચ પડ્યું હતું, તે શિવાય એના બીજાં નામો પિતૃ માતૃ તરફથી નીચે મુજબ પડેલાંછે.—ભૌમ્ય, ભૈમસેની, હૈડિંબ, હૈડિંબે. એના બે પુત્રનું નામ મેઘવર્ણ અને જનપર્વ હતું. ઘટોત્કચને તેની માતાએ પાંડવો સાથે નહિ રાખતાં પોતાની પાસે રાક્ષસી વિદ્યાનું શિક્ષણ આપી દરેક પ્રકારની માયા શિખવી હતી, તે શિવાય કોઈ યાદ કરે ત્યાં ગુપ્ત શકિતથી જઇ હાજર થવાની અને ગમે તેવા રૂંપ ધારણ કરવાની વિદ્યા શિખવી હતી. એ વિશે એવી કથા પ્રસિદ્ધ છે, કે એક સમે પાંડવો વનવાસ દરમ્યાન ફરતા ફરતા ગંદમાદનના શિખરપર ચઢવા જતા થાકી ગયા ત્યારે તેમને ભિમસેન ઉંચકી ઉપર ચઢી શકયો નહિ, ત્યારે એની યાદ કરતાં એણે ત્યાં હાજર થઇ સર્વને ઉંચકી શીખર ઉપર ચઢી જઇ નરનારયણ સામે ધર્યા હતા.

ઘટોત્કચ ભારતીય યૂદ્ધમાં પાંડવો તરફ હતો; એની આકૃતિ ભયંકર અને ભવ્ય હતી, તેથી એના રથને આઠ ચક્ર હોઇ તે ખેંચવા માટે ૧૦૦ ઘોડાઓ જોડવા પડતા હતાં. આ રથ ઉપર ગૃધ્ર પક્ષીની ધ્વજા હોઈ યૂદ્ધ પ્રસંગે એ "ધૌમ્ર સત્ય નામનું ધનુષ્ય રાખતો અને તેનું સારથી પણું વિરૂપાક્ષ નામે રાક્ષસ કરતો. ભિષ્મ રણમાં પડતાં દ્રોણાચાર્ય યૂદ્ધ શરૂ કરી તેમાં જયદ્રથ મરણ પામતાં દુર્યોધન શોક પામ્યો ને દ્રોણાચાર્યને ક્રોધથી ઠપકો આપ્યાથી દ્રોણે રાત્રે ઘોર યૂદ્ધ કર્યું; પણ તે વેલા કર્ણનુ યૂદ્ધ ચાતુર્ય ઘણું વપરવાથી અર્જુન સામો થયો, પણ કૃષ્ણે તેને સમજાવી જણાવ્યું કે "જ્યાંવેર કર્ણ પાસે 'ઇંદ્રદત્તઅસ્ત્ર' છે, ત્યાંવેર તારે તેની સામે લડવું નહિ. આથી ઘટોત્કચને તેની સામે

લડવા મોકલ્યો. આ વેળા કર્ણ ઘટોત્કચના ભયંકર રૂપ ને બેહદ બળથી ગભરાઈ જઇ 'ઇંદ્રદત્તશસ્ત્ર' અર્જુન માટે જાળવી રાખ્યું હતું તે ઘટોત્કચપર છોડ્યું. આ મોટી શકિતથી હવે પોતે મરણ પામશે એમ જાણી એણે માયાથી પર્વત જેવડું પોતાનું શરીર બનાવ્યું, અને પાંડવોના હિતાર્થે કૌરવ સૈન્યપર પડી મોટા ભાગને કચડી નાખ્યું.

ઘડિયાળ—બે હજાર વર્ષ ઉપર જે છાયાયંત્ર બનાવવામાં આવ્યા હતા તે તડકાની વેળા કામમાં આવતા હતા, પણ રાત્રે તે નકામાં થઈ પડતા. તે પછી રેતીનાં ઘડિઆળની શોધ થઇ. તે સમે રેતીનાં જેવા પાણીનાં ઘડિઆળો પણ બનાવવામાં આવતા હતા. ઇતિહાસ ઉપરથી માલમ પડેછે કે અસલના વખતમાં 'અથેન્સ અને રોમ' શેહેરોની ન્યાયની અદાલતોમાં વકીલોની દલીલો કરવાનો વખત પાણીના ઘડિઆળો વાપરવામાં આવતા.

પ્રાચીન ભરતખંડમાં ઘડિઆળને મળતા તેરેહવાર યંત્રો પ્રચારમાં હતા, તે વિશે જુનાગ્રંથો અને તે વખતનાં બાકી રહેલા યંત્રોથી તેમની બનાવટ અને હસ્તિ વિષે આજે જરાએ શક રહ્યો નથી. "પ્રાચીન ભરતખંડનો મહિમા" નામના ગ્રંથમાં આપેલા વર્ણન મુજબ પુરાણા જમાનામાં ઘડિઆળ બાબતની સમજ તથા બનાવટનું વર્ણન ઘણું જાણવાજોગ મલેછે. તેમાં જણાવ્યા મુજબ "પ્રાચીન માનવની કલ્પના સુક્ષ્મ કાળ ઉપર પણ દોડી હતી. યામ, અર્દ્ધયામ, મુહુર્ત, દંડ, દંડદર્વી, પલ, અનુપલ, વિપલ, ત્રુહિ વગેરે પ્રાચીન શબ્દો તેની ગવાહી આપેછે. ઉપલા સૂક્ષમ કાળ જેમ હાલમાં લોકોને તેમ પ્રાચીનકાળના લોકોને પણ ઉપયોગી હતા. પ્રાચીન કાળમાં સૂક્ષમ તથા ખંડ કાળો સ્વભાવિક બનાવથી નિર્ણય કરતા હતા. શબ્દોચ્ચારણ, શ્વાસલેવો, માણસનાં શરીરનું લોહી ફરવું, સૂર્યની છાયા, આંખની પલકો વગેરે.

"આગળ છાયાયંત્ર (સનડાયલ), ધનુયંત્ર, ચક્રયંત્ર, તોયયંત્ર (પાણીનું ઘડિયાળ), મયુરનર અને વાનરાકૃતિ યંત્ર વગેરે વિવિધ પ્રકારનાં ઉપયોગી યંત્રોની શોધો થઈ હતી."

૭૬૫ વર્ષ પેહેલાં ભાસ્કરાચાર્યનાં લખાણ અને તેથી પુરાણા 'સૂર્ય સિધ્ધાંત' નામના ગ્રંથ આધારે અતિ પ્રાચીનકાળનાં વખત જાણવાના યંત્રો સંબંધી ઘણું જણાયલું છે, પણ તે વખતના વપરાતા યંત્રના ચિન્હો અથવા આકાર, બનાવટ વગેરે વિશે ખુલ્લે ખુલ્લું વર્ણન કેયે જડતું નથી.

આગલા વખતમાં છાયા યંત્ર, ઘટીયંત્ર અને સ્વયં સ્વર યંત્ર જાણીતાં હતા.

છાયાયંત્ર ૪ જાતનાં હતા. ૧–શંકુ
૨–યષ્ટિ
૩–ધનુ
૪–ચક્ર.

યષ્ટિયંત્ર નામના છાયાયંત્રને હાલમાં સનડાયલ કહેછે. બીજા છાયા યંત્રો વિશે સિદ્ધાંત શિરોમણી "નામના ગ્રંથમાં લખેલું છે, પણ તે અતિ ગુચવણ ભરી ભાષામાં લખેલું હોવાથી સમજાતું નથી. આ જાતના યંત્રો કાશીના વિદ્યાલય તથા માન મંદીરમાં હાલહવાલ હાલતમાં પડેલા જોવામાં આવે છે, જેને કોઇ સુધારી યા બનાવી નવી હાલતમાં લાવવા શકિતમાન થયું નથી.

ઘટી યંત્રો ઘણી જાતનાં બનાવવામાં આવતાં હતા; તેમાંના કેટલાક પોતાની મેળે ચાલતા ને કેટલાક બીજાની મદદથી ચલાવવામાં આવતા હતા. સૂર્ય સિધ્ધાંત અને સિધ્ધાંત શિરોમણી નામના ગ્રંથોમાં ઉપલા બે જાતના યંત્રો બનાવવાની રીત સમજાવીયા ઉપરાંત તે શા શા કામમાં આવે છે તે જણાવેલું છે.

છાયા યંત્ર સૂર્યપ્રકાશ સુધી ઉપયોગમાં આવતા પણ રાત્રે છાયડામાં નકામાં થઇ પડતા.

જળયંત્ર, કપાળયંત્ર, રેણુયંત્ર વગેરે કોઇની મદદ વડે ચાલનારા યંત્રો પણ જાણીતા

હતા, તથા મયૂર અને વાનર યંત્રો આપ મેળે ચાલનારા બનાવવામાં આવતા હતા. જળયંત્ર અથવા રેતીનું ઘડિયાળ (કપાળયંત્ર) હાલમાં પણ ચાલુ છે.

"મયૂર યંત્ર વિશે સૂર્ય સિધ્ધાંતમાં જણાવ્યા મુજબ તે મોરના આકારનું હતું. તેની અંદર સૂતરવડે ગુંથેલી માટીની ગોળીઓ સૂચક ૬૦ ભાગ રહેતા. દરેક દંડને અન્તરે તેના મુખમાંથી તે સૂતરથી ગુંથેલો એકભાગ પોતાની મેળે નિકળતો."

"વાનર યંત્ર ઉપર મુજબનુંજ પણ તેના પેટમાં રેતી ભરેલી રહેતી કે જે દરેક દંડે ચપટી ચપટી પડતી."

"ઉપલા પોતાની મેળે ચાલનારા યંત્રો સૂતર, પારો, તેલ, પાણી વગેરેથી ચાલતા, પણ તે કેમ બનાવવાં એ હાલમાં કોઇ જાણતું નથી.

" સિધ્ધાંત શિરોમણી " નામના ગ્રંથમાં પોતાની મેળે ચાલનારા ઘડિઆળ વિશે લાંબુ વર્ણન આપેલું છે. પણ હાલમાં તે કોઇ બરાબર સમજી શકતું નથી. શિલ્પસંહિતા નામના ગ્રંથમાં પ્રાચીનકાળમાં બનતા ઘડિયાળો વિષે તથા તેમની બનાવટની સમજ સાથનું વર્ણન આપેલું છે. ઉપલા ગ્રંથ મુજબ બ્રહ્માનો પુત્ર વિશ્વકર્માએ પ્રથમ આવા ઘડિઆળો બનાવ્યા હતાં અને તેણે લોકોને તેની બનાવટ શિખવી મોટું કલ્યાણનું કામ કર્યું હતું."

ઈ.સ. ૧૦૯ માં ખલીફ હારૂન અલ રશીદે એક પાણીનું ઘડીઆળ 'શાર્લમેન'ને ભેટ કર્યું હતું. આ યંત્રમાં ૧૨ બારણાં હતાં અને કલાક કલાકને અંતરે એકેક બારણું ઉઘડીને તેમાંથી પાણીનો ચોક્સ જથો તથા જેટલા વાગ્યા હોય તેટલી સંખ્યાના દડા બહાર નિકળી પડતા. દડા બહાર નિકળવા સમેત તે નીચે ગોઠવેલા યંત્ર સાથ અથડાતા કે જેથી ટકોરી વાગતી. બાર વાગતે ઘડીયાળનું ૧૨ મું બારણું ઉઘડતી વખતે તેમાંથી એક આકાર નિકળતો અને ઉઘડી ગએલા સઘળા બારણા તે બંધ કરતો અને પછી ઘડીયાળ નવેસરથી પોતાનું કામ ચલાવતું.

હાલનાં ઘડિયાળનાં લોલકની શોધ જ્યારે ગેલીલિયો ૨૦ વર્ષની પુરતી ઉમરનો નહોતો ત્યારે એક દિવસે પટલીમાં પાઈઝા નામના શેહેરના દેવળમાં ઉભેલો હતો, તે વખતે સીલીંગને માથેથી એક દિવાનું ફાનસ ટાંગેલું હતું તે પર તેની નજર પડી. તે ફાનસ કોઇ અકસમાતથી આગળ ઝોંકા ખાતું હતું. આ ઉપરથી ગેલીલિઓએ 'લોલક' ની શોધ કરી.

ઘડિયાળના ૧ થી ૧૨ વેરના આંકડા રોમન આંકડા છે. આ આંકડામાં એકથી ચાર વેરના આંકડા મનુષ્યનાં આંગળા ઉપરથી ઉત્પન્ન થયાં હતાં અને બાકીના બીજા પણ આંગળી ઉપરથીજ યોજેલાં છે. V એ પાંચનો આંકડો છે. આ આકારની સમજ એ છે કે અક્ષરનું પતળું પાખડું તે અંગુઠો ને બીજું જાડું પાખડું તે ચાર એકઠાં આંગળાં છે. અંગુઠાને ચારે એકઠાં આંગળાઓથી જૂદો રાખી જોઇશું તો તેનો આકાર V ના જેવા જણાશે અને આવી એ V ને લઇ તેમને અંકેકની સાથે મુકીને નહિ, પણ અંકેકના છેડાઓ સાથે જોડી દેવાથી જે આકાર બને છે તે X= ૧૦. ઉપર મુજબ બે હાથનાં અંગુઠા અને ભેગાં આંગળાઓને અંકેક સાથે જોડીએ તો એવોજ આકાર બને અને તેથીજ X નો અર્થ ૧૦ નો થાયછે. બીજા બાકીના ઉમેરવા યા બાદ કરવા એપર આધાર રાખે છે.

પોલ નામના પટલીના એક પાદરીએ ફ્રાન્સના પાદશાહ પેપીન માટે ઇ. સ. ૭૬૦ માં જે ઘડીયાળ ભેટ મોકલ્યું તે શિવાય બીજું ઘડિયાળ દુનિયામાં આગળ બનેલું હતું નહિ.

દસમી સદીમાં સ્પેનના મઠોમાં ઘણાં ઘડિયાળો બનાવવામાં આવતા. તે વખતનો સર્વેથી કદહેમંદ ઘડીયાળી ' ગરબર્ટ ' નામે

મઠવાસી હતો, જે પાછળથી બીજા સિલ્વેસ્ટર, નામે પોપ થયો હતો (ઇ. સ. ૯૯૬.)

ઇંગલાંડમાં ૮ માં હેન્રિના અમલ સુધી ઉત્તમ ઘડિયાળો મઠમાંજ બનતા હતા.

૧૩૨૬ માં રીચર્ડ વાલીંગફર્ડ નામે એક મઠવાસીએ એક ઘડિયાળ બનાવ્યું હતું, જે વખત આપવા ઉપરાંત ચંદ્ર ગ્રહણો અને ભરતી ઓટના ફેરફારો બતાવતું હતું. આ ઘડિયાળ ૮ માં હેન્રિના વખત સુધી સારી રીતે ચાલ્યું હતું.

"વેનિસના દડા"ને નામે જાણીતું થએલું ઘડિયાળ ૧૦ મી સદીમાં બનાવવામાં આવ્યું હતું. આ ઘડિયાળ ઓરડાની સીલીંગ ઉપર દોરી મારફતે લટકાવી રાખવામાં આવતું. દડાનાં મધ્ય ભાગ આગળ ગોળ ફરતા એક પટા ઉપર તેના કલાક લખેલા હતા, અને દડાની નીચેના કપૂપિડ (કામદેવ) ના આકારની એક પાંખનો છેડો ફરતો ફરતો પટા આગળ જતો અને ઘડિયાળ વાગવાની વખતે અમુક કલાક ઉપર ચઢી બેસતો. આ ઘડિયાળ પોતાના વજનથી ચાલતું અને તેને કુંચી આપવા માટે તેને ફકત થોડોવાર ઉંચે ઉંચકવામાં આવતું હતું, જેથી ઢીલો પડેલો તાર ફરી તંગ થતો હતો.

ઇંગલંડમાં ઘડિયાળ બનાવવાનો હુન્નર પ્રથમ ૧૩૬૨ માં દાખલ થયો હતો, તેની શરૂઆત કારીગરોએ કરી હતી, જેમને તે વેળાના ઇંગલંડના રાજા ત્રીજા એડવર્ડે ઇંગલંડમાં ઘંટો ચલાવવાનો પરવાનો આપ્યો હતો. એની શોધ કરવાનું પેહેલું માન જર્મનોને ઘટેછે, ગજવામાં રાખવાનાં નાહના ઘડિયાળ પેહેલ વેહેલાં ૧૫૭૭ માં જર્મનીથી ઇંગલંડમાં દાખલ થયાં હતા. ૧૫૪૦ માં હેમ્પટન કોર્ટમાં આંઠમાં હેન્રિએ મુકાવેલું ઘડિયાળ હાલમાં નજરે પડેછે.

યૂરપમાં અતિ ઉત્તમ હુન્નર મંદીથી બનાવેલા અનેક ઘડિયાળો છે. તેમાં લાયન્સ ગ્રેહેરનાં ઘડિઆળમાં બે હથિઆરબંધ ઘોડે સ્વારોને સખત પ્રકારનું યૂદ્ધ મચાવતા સામ સામા ઉભા રાખવામાં આવ્યાછે; અને દર કલાકે ઘંટ વાગવાને બદલે જેટલા ટકોરા પડવા જોઇએ તે આ ઘોડેસ્વારો અકેકના બખતર ઉપર કટકા મારી વગાડેછે. ટકોરા આવી રીતે પુરા થયા પછી એક બારણું ઉઘડેછે અને વર્જીન મેરીનો આકાર પોતાના હાથમાં બાળવયના ઇસ્ટ્રાઈસ્તને લઇ બાહેર નિકલેછે. તેણીની પાછળ મેનાઇ અને આખો રેસાલો ચાલેછે. તેઓ તેણી હજૂર નજરાણું ધરછે, અને આખા સરઘસની મંજલ પુરી થાયછે. ત્યાંસુધી તેઓ રણશિંગડાનો અવાજ કાઢ્યા કરેછે.

સ્તાર્સબર્ગના ઘડિયાળમાં દર કલાકે ટકોરી વાગવાને વખતે તેની ઉપર ઉભો રાખેલો એક મરઘો પોતાની પાંખ ફફડાળેછે; કે તુરત એક બારણું ઉઘડેછે ને તેમાંથી એક ફરેસ્તો નિકળી તે વર્જીન મેરીને સલામ કરેછે. તે પછી ફરેસ્તો કબુતરના આકારમાં બદલાઈ જાયછે. અને આકાશ ઉપરથી નીચે ઉતરી વર્જીનનાં ખભાંપર બેસેછે.

૪૦ સ૦ ૧૮૨૫ ના સુમારમાં એક વિચિત્ર ઘડિયાળ ચીનના શેહેનશાહે ઇસ્ત ઇંડીયા કુંપનીને ભેટ તરીકે આપ્યું હતું. આ ઘડિયાળ રથના આકારનું હોઇ નક્કર સુન્નાનું બનાવેલું હતું. રથમાં એક અબળાને દમ ખાતી બેસાડવામાં આવેલી હોઇ તેણીનો જમણો હાથ રથની જમણી બાજુએ ટેકવવામાં આવ્યો હતો. એજ બાજુની વચ્ચોવચ એક અર્ધા રૂપ્યાના કદ જેટલું નાહનું ઘડિયાળ ગોઠવવામાં આવેલું હતું. તેમાં ટકોરી વાગતી. આ ઘડિયાળને આઠ દિવસે કુંચી આપવામાં આવતી. પેલી અબળાના હાથની આંગળી ઉપર તદન હીરા જાણેકનું એક પક્ષી બેઠેલું હતું. ટકોરી વાગવાની વખતે આ પક્ષી કેટલીક મિનિટ સુધી પોતાની પાંખ ફફડાવતું. આ પક્ષી લંબાઇમાં એક ઇંચના સોળમા ભાગ જેટલું હતું અને તેના શરીરમાં ગોઠવવામાં આવેલા યંત્રથી

તેની પાંખ ફફડતી. પેલી સ્ત્રીના ડાબા હાથમાં એક સુન્નાની નળી પકડેલી હતી જે જાડાઇમાં એક ટાચણી જેવડી હતી. નળી ઉપર પાવલીનાં કદ જેટલું નાહનું ગોળ ઘરેણું હતું જે ઘડિઆળ ચાલતી વેળા ગોળ ફર્યા કરતું. આ ઘડિઆળ ઉપર મોતી જડી લીધેલાં હોઇ તમામ રથ મોતીથી સણગારેલો હતો. વળી પેલી સ્ત્રીનાં માથા ઉપર એક છત્ર કરી લેવામાં આવેલું હોઈ તેની અંદર એક ઘંટ મુકવામાં આવ્યો હતો. આ ઘંટ અને ઘડિયાળ વચ્ચે સંબંધ હોઇ, ટકોરી વાગવાની વખતે છત્રમાં છુપી રાખેલી નાહની જેવી એક હથોડી બાહેર નિકળી આવી ઘંટ ઉપર ટકોરા મારતી, ત્યારે તેમાંથી મધુર સ્વર નિકળતો. રથમાં મુકેલી ચોકસ કમાનને લીધે તેમાં કુંચી આપતાં તે ગોળ આકારમાં અથવા સીધી લીટીમાં ચાલતું. રથ ચાલતી વેળા બે નાહનાં પક્ષીઓ તેમાંથી બાહેર નિકળી આવતા ને હવામાં અધર ઉડતા હોય તેમ સાથે સાથે ફરતા. આ પક્ષીઓને બાલ જેવા ઝીણાં તારથી છત્ર સાથે જોડી લીધેલાં હતાં. હાલમાં આ ઘડિયાળ બ્રિટીશ સરકારને હસ્તક છે.

૧૭૫૯ માં હેરીસન નામના પુરૂષે 'ટાઇમપીસ' નામનાં ઘડિયાળ બનાવ્યાં હતા, જે માટે તેને બે લાખ રૂપ્યા મળ્યા હતા. ૧૭૯૭ સુધી ઘડિયાળપર કર લેવામાં આવતો હતો જે ઓગણીસમી સદીની શરૂઆતમાં કાઢી નાખવામાં આવ્યો હતો.

'ગ્રીનિચ ટાઇમ' એટલે ગ્રીનિચ શેહેરમાં રાખવામાં આવેલો વખત આખી દુનિયામાં અતિશય ચોકસપણા માટે જાણીતો છે, અને ઘડિયાળ મારફતે આ વખત નોંધાય છે. તેનું સાંચાકામ સર્વ રીતે સંપૂર્ણ છે. તેના સાંચાકામમાંથી હરઘડીએ થોડાક તાર મારફતે વિજળીનો પ્રવાહ ઉપલા સાંચા મારફતે જાય છે' અને તે પ્રવાહ યોગે બીજાં ઘડિયાળો ચાલે છે. આખા બ્રિટનના ઘડિયાળોની એક મોટી સંખ્યા ઉપલા પ્રવાહથી નિયમસર વખત આપે છે. દર રોજ ૧ વાગે એક પ્રવાહ મુકવામાં આવે છે જેથી ન્યુકેસલ; સાઉથશિલ્ડ, એડીનબરો વગેરે ઠેકાણે વખત બતાવનારી તોપો ફુટે છે. ગ્રીનીચના મુખ્ય અથવા જાહેરે ઘડિયાળમાં જે વખત રાખેલો છે તે તારાની ચાલપરના અતિ ચોકસ ઘડિપળ ઉપરથી માંડેલો છે. પણ તારાની ચાલપરનું ઘડિયાળ દર ૬ મીનિટે એક પળ જેટલું આગળ જતું હોવાથી ત્યાંના ચાલાક કામદારો અને ઉપરીઓને બહુ સાહુચેતી રાખવી પડે છે. એ સઘળું વિજળીથી થાય છે. લોલકની નીચે લોહચુંબકનો એક કટકો જોડેલો છે અને તેની નીચે તારનું ગુછડું છે, જે એવી રીતે ગોહવેલું છે કે જ્યારે વિજળીનો પ્રવાહ તેમાં એક બાજુએથી પસાર થાય છે ત્યારે તેના જોરથી લોલક ધીમું ચાલે છે, અને જ્યારે બીજી બાજુએથી પ્રવાહ પસાર થાય છે ત્યારે લોલક જલ્દી ચાલે છે. ઘડિયાળ માંડનાર ઉસ્તાદ એટલું ચોકસ જાણે છે કે તારની અંદર વિજળીનો પ્રવાહ ૧૦ ઘડી સુધી ચાલુ કરવાથી ઘડિયાળનાં વખતમાં એક ઘડી જેટલો ફરક પડે છે, અને તેટલા ઉપર થી ધીમેથી અથવા ઝડપથી જવા સારૂ સમજીને તે પ્રવાહ મોકલે છે. આ યુક્તિથી ખરા વખતમાં એક ઘડીનાં દસમાં ભાગ કરતાં વધુ ફરક રહેતો નથી.

ફિલાડેલફિયાની સરકારી ઇમારતના 'ટાવરમાં એક ઘડિયાળ મુકવામાં આવ્યું છે તે સર્વથી મ્હોટું ગણાય છે. ટાવરની ફરસબંધથી તે ૩૫૧ ફીટ ઉંચુ છે; તેના ઘંટાનું વજન વીસ હજાર રતલ જેટલું છે; તેની તખતિ ૨૫ ફીટના ઘેરાવાની છે; તેનો મિનિટનો કાંટો ૧૨ ફીટ અને કલાકનો કાંટો ૯ ફીટ લાંબો છે. તખતિ ઉપર માંડવામાં આવેલો દરેક આંકડો ૨ ફીટ અને ૮ ઇંચ જેટલો મ્હોટો છે. ઘડિયાળને કુંચી આપવા માટે ત્રણ ઘોડાના બળનાં એન્જીનને કામે લગાડવામાં આવે છે.

ઘનાક્ષરી છંદ—આ છંદ ૩૧ અક્ષરનો બનેછે, તેમાં છેલ્લો ગુરૂ આવેછે, ને બાકી બધા અક્ષર જે બોલતાં ઠીક પડે તેમ વપરાય છે, તેમાં ૧૬ ને ૧૫ અક્ષરે વિસામો આવેછે.

ઘર—(જુઓ ઇમારત)

ઘરેણાં—ભરતખંડમાં સ્ત્રી મરદ જૂદી જૂદી તર્હેનાં ઘરેણાં પેહેરવાનો બીજા દેશનાં લોકો કરતાં વધારે શોખ ધરાવતા જણાયલાં છે. હિંદુસ્તાનની સ્ત્રીઓનો પોશાક થંડા પ્રદેશમાં વસનારી સ્ત્રીઓનાં લેબાસ જેવો સર્વ બદનને ઢાંકનારો નહિ હોવાથી ઘરેણાં પેહેરવા માટે તેમનાં શરીરનો ઘણો ભાગ ઉઘાડો રહેછે, તેમજ મર્દોપણ ચોકસ પ્રકારનાં ઘરેણાંથી કાન, ગળું, પગ, કમર વગેરે સણગારવામાં મોજ માનેછે.

આ ઘરેણાં સર્વે કિમતી હોતાં નથી પણ છેક તાડપત્રીથી તે લાખો રૂપ્યાનાં જવાહેરના પદાર્થોને ઘરેણાં તરીકે ઉપયોગમાં લેવામાં આવેછે. ઘાસ, લાખ, કાચ, ઝડદાક્ષ, કોડી, શંખ, શીપ, પથ્થર, શીસું, કથીર, પિતળ ચાંદી, સુન્નું અને કિમતી જવાહેર વગેરેનાં ઘરેણાં બનાવવામાં આવેછે.

ઋગવેદના ૧૦માં મંડળનાં ૬૪માં સૂકત અને ૧૧ માં મંત્રમાં જણાવેછે, કે "સોનીઓનો ખાસ વર્ગ હતો કે જેઓ ઘરેણાં બનાવતા." તે વેળા સુન્નાની પોંહચી, કંઠો વગેરે મુખ્ય ઘરેણા ગણાતા હતા. કાનનાં અલંકારની ટીપ 'પ'માં અધ્યાય, ૫૩' સૂકત ને ૪થા મંત્રમાં આપેલી છે.

હિંદુસ્તાનમાં વસતા કણબી, ભીલ, કોળી, વાઘરી વગેરે જંગલી પ્રજા ગમે તેવા પદાર્થનાં ઘરેણા બનાવી ઉપયોગમાં લીયેછે, પણ ઉંચ વર્ણની કોમો જે કિમતી ઘરેણાં પેહેરે છે તેવી જાતનાં અલંકારો પ્રાચીનકાળથી તેઓ પેહેરતા આવ્યા છે.

ભરતખંડનો પ્રાચીન ઇતિહાસ દર્શાવનારો ગ્રંથ ઋગવેદ છે, તેમાં 'ઋદ્ર દેવતાને' સુન્નાનાં ઘરેણાથી સણગારેલો દર્શાવેલો છે, વળી તેમાં વર્ણેલા 'અસૂર' ને સુન્નુ તથા જવાહેરનાં અલંકારો પેહેરતો જણાવ્યો છે. એજ ગ્રંથમાં 'કક્ષિવતઋષિ' ને સુન્નાનાં કુંડળથી તથા રત્નજડીત કંઠીથી સુશોભિત એવો પુત્ર પોતાને મળે એવી દેવતાઓ પાસે માંગણી કરતો જણાવ્યો છે.

ઘરેણા બનાવવાનો હુન્નર હિંદુસ્તાનમાં ઇ. સન પૂર્વે ઓછો જાણીતો નહોતો. તે વખતે જેવા ઘરેણા બનાવવામાં આવતા હતા તેવાજ આજે પણ બનાવવામાં આવે છે. માત્ર તેમાં જમાનાની ફેશીનોથી જૂજ ફેરફાર થયા કરેછે. આગલા જમાનામાં ઘરેણા વિશેની જે જંગલી રસમો ચાલુ હતી તે હાલમાં પણ કેટલેક ઠેકાણે ચાલુછે. હાલમાં બંગાલ ઇલાકાના કેટલાક ભાગમાં શંખ, શીપ વગેરેનાં કંકણો બનાવી સોહાસન સ્ત્રી જ્યાંવેર તે પેહેરતી નથી ત્યાં સુધી તે પવિત્ર થએલી ગણાતી નથી, આ ઘરેણું હાલમાં પેહેરતી વેળા ચોકસ રીતની ધર્મક્રિયા તેઓને કરવી પડેછે, આ કંકણો એક ખુમચામાં મેળી તેની પુજા સીંદુર, દુર્વા, ચોખાથી કરી પેહેરાવનાર 'માલધણી'ને સીધો આપી તેનું દામ ચુકવેછે.

શંખનાં કંકણો બંગાલમાં કાલકાદેવીને પસંદ હોયછે, એમ માનેછે. તેઓમાં એક ધર્મ સંબંધી ગાયણ પ્રસિદ્ધ છે. તેનો સાર એ છે-કે "શંકર દારિદ્રાતાથી પિડાતો હોવાથી તે પાર્વતીને શંખના કંકણો આપી શકયો નહિ, આથી એહ વચ્ચે મોટો કજીયો જાગ્યો હતો." બંગાલમાં લોઢાનાં કંકણ કપાળ ઉપરના કંકુના તિલક પ્રમાણે સગન ભર્યા માને છે, અને જે સ્ત્રી તે ડાબા હાથમાં પેહેરતી નથી તેના ધણીનું કદી કલ્યાણ થશે નહિ એમ તેમની સમજ છે, પણ ભરતારનાં મરણ પછી તેઓ પેલું લોઢાનું કંકણ ઉતારી નાખેછે. હાલમાં આ લોઢાના કંકણપર સુધરેલાઓ સુન્નાનો ઢોળ ચડાવેછે.

ઉંચી જાતની ધાતુ જેમકે પીત્તળ કથીર, કાસું વગેરેનાં ઘરેણા બંગાલ અને વાયવ્યપ્રાંતમાં વધારે બનાવવામાં આવેછે. આ હલકી જાતનાં ઘરેણા હાથ પગ અથવા ગળામાં પેહેરવાનાં હોયછે, તેમાં હાંસળી, વાળા, કડાં, પાટલી, વાંકી, વાયરી નામનું પગમાં પેહેરવાનું એક ભારી ઘરેણું અને 'બતેસી' નામનું હાથની કોણીવેર પેહેરવાનું ઘરેણું મુખ્ય છે. ગુજરાતનાં ખેડા જીલ્લામાં લંગર નામના અતિ ભારી ઘરેણા પેહેરવાનો ચાલ છે. મદ્રાસ ઈલિકામાં મદુરા અને કૃષ્ણામાં હલકી તર્હેનાં ઘરેણા બનેછે. જે ઘણું કરી ત્રાંબાના હોયછે, પણ તેનીપર એવી તો ઉત્તમ નક્ષી કરવામાં આવેછે કે સુધરેલા દેશના હુન્નરમંદ કારીગરો તેનાજ નમુના પર અનેક નમુના બનાવેછે.

પ્રાચીન કાળમાં જેમ અષ્ટ ધાતુના ઘરેણાં પેહેરવાનો ચાલ હતો તેમ ખોટાં બનાવટી ઘરેણા પણ પેહેરવામાં આવતા હતા. એ વિશે મૃચ્છ કટીક નાટકમાં વર્ણન કરેલું છે. એવી જાતનાં ઘરેણા પુના તથા બંગાલમાં ઉત્તમ પ્રકારનાં બનાવવામાં આવેછે તેથી અન્નણ્યાઓ સેહેજમાં ઠગાઈ જાયછે. શંખકાપી તેમાંથી બનાવવામાં આવતા ઘરેણા આગલા વખતમાં બંગાલી સ્ત્રીઓમાં પેહેરવાંનો રેવાજ સાધારણ હતો. હાલમાં "ડાકા તથા સીલહટ" શેહેરમાં યુરોપ્યન સ્ત્રીઓને પસંદ પડતી શીપની બાંગડીઓ બનાવવામાં આવેછે, તે શિવાય હાથીદાંત, શિંગડા અને હળીયા તથા લાકડાનાં ઘરેણા પણ હિંદુસ્થાનમાં બનાવવા માટે જૂદા જૂદા શેહેરો પ્રસિદ્ધ છે.

હાથીદાંત તથા સીંગડાનાં ઘરેણા અમદાવાદ, સૂરત, ખેડા મૂર્શિદાબાદ, કટક, અમરીતસર, શિયાલકોટ, મુલતાન, પાલી તથા ઈંદોરમાં બનેછે. તેમાં મુખ્ય કરી ઉપલા શેહેરમાં હાથનાં ચુડા તથા ગળામાં પેહેરવાનાં 'કોર' ઉત્તમ હુન્નરમંદીથી બનાવવામાં આવેછે. રાજકોટ તથા મોંગીરમાં જનવરનાં શિંગડાની બાંગડીઓ તથા અંગોઠી બનાવવાનો મોટો ઉદ્યોગ ચાલેછે. અબનૂસ તથા સોપારીનાં ઘરેણાં મોંગીર'માં બનેછે.

દુનિયાંમાં વસતી જૂદે જૂદે દેશની પ્રજામાં ઘરેણા પેહેરવાનો રેવાજ અસલી જમાનાથી ચાલતો આવ્યોછે, પણ તેમાં હિંદુસ્તાન દેશનાં સ્ત્રી પુરૂષો સેંકડો તર્હેનાં જે ઘરેણાં પેહેરેછે તેવી જાતનાં ઘરેણા કોઈ પણ દેશમાંની પ્રજા આવી મોટી સંખ્યામાં પેહેરતી જણાઈ નથી. કારણ કે હિંદુસ્તાનની પ્રજામાં સેંકડો પંથ અને જાતો હોવાથી દરેક જાતનાં ઘરેણા પોત પોતાના રેવાજ મુજબનાં તેઓમાં બનાવવામાં આવે છે. તેઓના ખુલ્લા પેહેરવેશથી તેમના બદનનો કેટલોક ભાગ ખુલ્લો રેહતો હોવાથી તેને સણગારવા લાયક તેઓએ ઘરેણા યોજી તે બનાવ્યા છે, જેની એક ટીપ જુના સંસ્કૃત મરાઠી ગ્રંથો આધારે મળી આવેછે તે નીચે આપી છે.

માથામાં પેહેરવાનાં ઘરેણા :—માલ્યા, ગર્ભક, લલામક, અપિર, ભાલપાસ્ય, પારિતથ્ય, હંસતિલક, દણડક, ચૂડામણડન, ચૂડિકા, લમ્બન, મુકુટ, અમરી=ચમરી, સિંથી, ઝીંઝર, કાંટો, ચીકની વગેરે.

કાનમાં પેહેરવાનાં ઘરેણા—મુકતાકંટક દ્વિરાજક, ત્રિરાજક, ખર્ણમધ્ય, વજ્રગર્ભ, ભૂરિમંડલ, કુંડલ, કર્ણપૂર, કાર્ણિકા, શૃંખલ, કર્ણેન્દુ, લલાટીકી, પત્રપાશ્યા, ઘેન્રી, માકી પાશા, ઝુંકા, કર્ણપ્રુલ, કાન, પીંપળપતા, ચાપા વગેરે.

ગળામાં પેહેરવાનાં ઘરેણાં—પ્રાલંબિકા, ઉરસ્સૂત્રીકા, દેવચ્છંદ, ગુચ્છ, ગુચ્છાર્ધ, ગોરતન, અર્ધહાર, માણવક, એકાવલી, નક્ષત્રમાલા ભ્રામર, નીલલવનિકા, વર્ણસર, સારિકા, વજ્રનસંકલીકા, વૈવુક્ષિક, પદક વગેરે.

બાહૂ ભૂષણ—કેયૂર, પંચકા, કતક, ૪૦ કંકણ, વલય, યૂડ, અર્ધચુડ વગેરે.

આંગળાનાં ઘરેણા—(જુઓ અંગોઠી)

કમરપર પેહેરવાનાં ભુષણો—કાંચી, મેખલા, રસના, કલાપ, કાંચિદામ.

પગના ઘરેણા—પાદચૂડ, પાદકંટક, પાદપદ્મ, કીંકણી, મુદ્રીકા, નુપૂર, વાળા, પંચજન વગેરે.

નાકમાં પેહેરવાના ઘરેણા—નથ, નાકછાબી માકરી, બેસર, નોલક વગેરે.

ઉપર દર્શાવેલા હીરા, માણેક, મોતી તથા ધાતુના બનાવેલા ઘરેણા શિવાય લાકડાના તથા ફળના ઠળીયા વગેરેનાં જે પેહેરે છે તે નીચલા પદાર્થમાંથી બનાવવામાં આવે છે.

ગુંજ, વાલગુંજ, અડોળશા, બેલ, કૃષ્ણાગર, સોપારી, વાંસ, તાડ, તુવર, કદંળ, બજરબટું, ધારનાં બીજ, કપાસ, ઋદ્રાક્ષ, સિકી, જેતુન, અળશી, કમળકાકડી, તુલશી, ચોખા પત્રંજીવ, બરૂ, ચંદન, ખુરી, ફરાસ, અને રાળ વગેરેના ઘરેણા બનાવવામાં આવેછે.

ઘરેણાં બનાવવામાં હિંદનાં સોનીઓના આંગળા એટલાંતો ચપળ હોય છે કે તેમની બરોબરી કોઇપણ કારીગરો કરી શકયા નથી. તેઓ સુંના રૂપાના તારનું ઝીણું કામ નાહનાં છોકરાઓ પાસે એવી તો અછી કારીગરીથી કરાવી શકેછે કે કરોળીયાનાં જળાં વટીક તેની પાસે ઝાંખ મારેછે. આવી તર્હેનું ઝીણી કારીગરીનું કામ હિંદમાં પ્રાચીનકાળથી થતું આવ્યું છે, પણ તે પૂર્ણ દશાએ પુગવાથી અર્વાચીનકાળમાં તેમાં સુધારો થવાનો માર્ગ નહિ રેહેવાથી તે આજે અસલી હાલતમાં દિપે છે. તારકામ શિવાય હિંદના સોનીઓના બીજા કામની કૌશલ્યા ફારસી તથા સંસ્કૃત ભાષા પ્રમાણે તેમના દેશમાંના કેટલાક કુટુંબમાં વંશપરંપરાથી ચાલતું આવ્યુંછે. તેનું કારણ તેમનાં છોકરાઓનું જૂદા જૂદા ધંધાપર દોડેલું લક્ષનું છે. તેનું બીજું કારણ પશ્ચિમ તરફના સુધારાથી હિંદમાં અનેક ફેરફારો થયાં તેમ સોની જેવી પ્રજા પ્રાચીન કાળથી પોતાનાજ પંથમાં પોતાના ધંધાને ફેલાવ્યા પછી આજે તેઓએ બીજા ધંધાપર લક્ષ આપવા માંડયાથી હજારો વર્ષ થયાં જે ઉત્તમ કારીગરી તેમના વડવાઓ તરફથી તેમને વારસામાં ગુપ્ત પણે મળી હતી તે છોડતા જાયછે, અને બીજા ધંધામાં પડી જાતી ભેદ પણ તજતા જાયછે. આગલા વખતમાં પોતાની જાતનો ધંધો છોડી બીજી જાતનો ધંધો કરવો એ ન્યાતબહાર પડવા જેવું ગણુતા. તે ન્યાતી ભેદ હાલમાં તેઓમાં રહ્યા નથી, માત્ર જાતી અન્નવ્યહાર, લગ્ન અને ધર્મ સંબંધી કામો માત્ર પોત પોતામાં જલવાયલાંછે.

સોનીઓ ઘરેણાં ઘડેછે; પણ તેમાં રત્નો જડવાનું કામ પંચીગરોનું હોયછે. તેમાં ઉત્તર હિંદુસ્થાનનાં પંચીગરો હુન્નર મંદીમાં બાહોસ હોયછે. તેમજ મિના કારીગરીનું કામ જયપૂરનાં કામદારો કરી જાણેછે.

ઘરેણા બનાવવાનો બોહોળો ઉદ્યોગ હિંદના નીચલા પ્રસિદ્ધ શેહેરમાં ચાલેછે. અમદાવાદ, અમરીતસર, અલવર, અહમદાબાદ, ઇન્દોર, કટક, કરદળ, કરાંચી, કર્ણપુર, કાંચા, કાનરા, ગવાલ્હેર, ગાઝીપૂર, વીજાપૂર, ત્રાવણકોર, કોચીન, સૌરાષ્ટ્રકેનરા, વિજગાપટ્ટણ, પુંના, મદુરા, ચિંગલપટ, કર્નુલ, સાલેમ, અનંતપૂર, કૃષ્ણા, મલબાર, ગોદાવરી, રતલામ, આસામ જોરહાટ, મુલતાન, વિકારનેર, દિલ્લી, આગ્રા, મુંબઇ, કલકત્તા અને હૈદ્રાબાદ.

ચીનના કેટલાક શેહેરોમાં ફળમેવાના ઠળીઆ તથા કોટલાનાં ઘરેણા બનાવવાનો મોટો ઉદ્યોગ ચાલેછે. આવાં ઘરેણા ઘણું કરી આલીચ, પલમ, પીચ અને ચેરી નામનાં વેલાતી ફળો તેમજ અખરોટ અને નારીયળીનાં બનાવેછે. આ ફળોનાં ઠળીઆ તથા કોટલાં પેહેલે સુકવવામાં આવેછે અને તે પછી તેના દાગીના બનાવનાર માણસ તેઓની ઉપર જેવું નકસીકામ કરવાનું હોય તેવી સાધારણ આકૃતિ પાડી કારીગરોને સોંપે છે કે જેઓ તુરત તે આકૃતિ કોતરી કાઢેછે, અને તેમાં વધારો સુધારો કરી તેપર પોલીશ કરી તે વેચવા મોકલે છે.

આ ઠળીઆ તથા કોટલાનાં બટન, બ્રોચ ઝેરીંગ, પોંહચી, બાંગડી. ઘડિયાળ, સાંકળી માળા, વગેરે બનાવવામાં આવે છે. તેવા અકેક ઘરેણા ૬ થી ૯ રૂપ્યા વેર વેચાય છે.

તેઓ આવા ઢળીઆ, કોટલાં ઉપર જે આકૃતિઓ કોતરેછે તેમાં મુખ્ય ત્રણ તરહાં છે. એકપર વેલા, પાંદડા વગેરેની, બીજાપર પશુ પક્ષીઓની ને ત્રીજા પ્રકારનું નક્ષી કામ વધારે ખેંચાણ કારક હોય છે, તેમાં દંતકથા, ઇતિહાસીક સ્ત્રી પુરષો, દેવતા વગેરેની આકૃતિઓ એવીતો ઉત્તમ હુન્નરમંદીથી કોતરે છે કે બારીકીથી જોવા સૂક્ષ્મદર્શક યંત્રની ગરજ પડે છે.

જેમ ધરેણાં ધાતુનાં, ઢળીઆના તથા કોટલાના બનાવવામાં આવેછે, તેમ સુધરેલા દેશોમાં જીવતા જંતૂના પણ બનાવવામાં આવે છે. અમેરિકન સ્ત્રીઓ "કકુયેાસ, ને નામે ઓળખાતા ઝળકતા જંતુઓને ધરેણા તરીકે ઉપયેાગમાં લે છે. તેમને પકડવા માટે એવી યુક્તિ યેાજવામાં આવે છે કે, એક લાકડીના છેડા ઉપર ગરમ કોલસો મુકી તે ખુલ્લી જગામાં રાખતાં આ જંતુઓ તેની ઉપર બેસવા જતાં પકડાઇ જાય છે. આ જંતુને પકડી પીંજરામાં પુરી રાખે છે. કકુયેાસના ગળામાં ટાંચણી પેાઇ શકાતી હોવાથી તેને પેાતાના માથાના બાળમાં ખેાસી શકે છે. આ જંતુઓને હીરા સાથે ગેાઠવી ધરેણા તરીકે જંતુને વાપરવામાં આવે છે. કેટલીક વાર ગળાના હાર યા કમરના પટામાં પણ જંતુને ખેાસવામાં આવે છે. પણ સણગાર ઉતારતાં તેમને પાછા નહવાડી પીંજરામાં પુરવામાં આવતાં તેઓ પેાતાની થાક ઉતારેછે.

ધશિ—જરથેાસ્તી દંતકથા મુજબ આ દેવ હડખું ઉત્પન્ન કરનાર છે, અને તેથી તેને ધિક્કાર્યો છે. તે માનસને ચિંતાતુર બનાવી દેવાનો કરેછે.

ધાંચી—હિંદમાં મુખ્ય જાતી ભેદમાં જે જે પ્રજા ધંધો કરેછે તેઓ પેાતાના ધંધાના વર્ગનાં ગણાયછે. ધાંચીઓ દરેક દેશમાં ત્યાંની પ્રજાની જાતીનાં હોયછે, તેઓ મુખ્ય કરી તલ, દિવેલ, એરંડીયું, કોપરૂં, ભોયસીંગ વગેરે તેલવાલા બિયાં પીળી તેનું તેલ તેમજ ખેાળ વેચવાનો ધંધો કરેછે, ખાનદેશ તરફ ધાટી જાતના લેાકો એ ધંધો કરેછે, ત્યારે ગુજરાતમાં મુસલમાન તથા વાણીયા ધાંચીઓ વસેછે, તેમાં વાણીયા ધાંચી મેાઢવાણીયા તથા કેટલાક વૈષ્ણવપંથી કહેવાયછે, તેઓ કેળવણી.વેપાર વેહવાર પુરતી પેાતાના બાળકોને આપેછે, તેમનાં મુખ્ય ઓજાર ઘાણી ને બળદ અથવા સાંઢ હોયછે.

ધાટ—ધાટ યાને પાહાડી માર્ગ. પાહાડ ઉપરથી થા તેના કિનારા ઉપરથી પગે જવા આવવાનાં માર્ગો ખુદરતી રીતે મનુષ્યના જાવ આવથી પાહાડોપર બનેલા હોયછે. ત્યારે કેટલાક બીકટ પર્વતોપર તેવા ધાટ બાંધવા પડેછે, અને તેવા બાંધેલા ધાટ ઉપરથી મનુષ્ય, જનવર તથા માલનાં ગાડાં જાવ આવ કરી શકેછે. પહાડો દરેક દેશમાં હોયછે અને તે પ્રમાણમાં ત્યાં ધાટો હોયછે; પણ મુખ્યકરી હિંદુસ્તાનમાં સર્વોપરી પર્વતો હોવાથી આ દેશમાં ધાટોની મેાટી સંખ્યા છે. તેમાંના અતરે મુખ્ય ધાટોનું જ સંક્ષિપ્ત વર્ણન આપેલુંછે.

હિંદમાં દક્ષિણ તરફનાં ધાટ યાને બે પર્વતોની હારને જોડનારી જે પર્વતની હાર તેની ઉંચાઇ પશ્ચિમ તથા પૂર્વ તરફનાં પર્વતો કરતાં વિશેષ છે. તેમાં નિલગિરિ નામે જે પર્વત છે તેનું સર્વથી ઉંચુ શિખર સમુદ્ર સપાટીથી ૯૦૦૦ ફીટ છે. પણ પૂર્વ ભણીના પર્વતોની હારમાંના ડુંગરની ઉંચાઈ ૪૦૦૦ ફીટથી વધારે નથી. કૃષ્ણા અને ગેાદાવરી નદીના વચલા પ્રદેશમાં પર્વતોની બેક હાર છે તે પૂ૰ રે૰ ૮૦ અને ૮૧માંથી વધેછે. આ હાર પૂર્વ તરફના ધાટ સાથે સંબંધ રાખેછે, તેથી તેની હાર આગળ ઇશાન્ય તરફ વધતી જાયછે. આ પર્વતની બીજી બાજુપર ગેાદાવરી નદી પાસથી 'ચીલ્કા' સરેાવર સુધી બીજા પર્વતો છે, તે ઓડીયા દેશના સમુદ્ર કાંઠાને અડકી વધેછે. આ પર્વતના ધાટના પશ્ચિમ તરફના ઉતરાણ ઉપર ગેાદાવરી અને મહા નદીની વચમાં જે પહાડી પ્રદેશ છે તેમા 'ખેાડ' નામની

પ્રજા વસેછે, અને આ પ્રદેશમાં જવા આવવાનાં ધાટ સાફ કરેલાંછે. પશ્ચિમ તરફના ધાટની હાર દક્ષિણ દિશા જ્યાં ઇશાન્ય ખુણા ભણી વલાણ લેછે ત્યાં અતી પેાહળી બીણ બની તેની વચમાં વિશાળ મેદાન બનેછે. આ મેદાન ત્યાંથી છેક બંગાલના આખાત વેર લંબાયલું છે. આ મેદાનનો જે ભાગ ઉંચેા છે તે 'કોઇમ્બતુર' અને 'ચરપાલ્લચીરી' ની વચમાં હોઇ 'પેાનાની' તથા 'નાચેલી' નદીના ઉગમ વેર ગએલેાછે. આ ભાગની ઉંચાઇ સમુદ્ર સપાટીથી ૪૦૦ ફીટ માત્ર છે. આ મેદાનમાં જે મેાટા જંગલેા છે તેમાં હાથીઓની મેાટી વસ્તી છે.

ઉપર જણાવેલા મેદાનની દક્ષિણે બીજી એક ડુંગરની હાર લંબાયલીછે. તે દક્ષિણ ભણી વધી કોચીન અને ત્રાવનકોર એની પૂર્વ સિમાએથી 'કેપ કામોરીન' વેર વધેછે. આ ધાટની પશ્ચિમે કોચીન અને ત્રાવણકોર પ્રાંત છે, અને પૂર્વે તિનાવેલ્લી તથા મદુરા પ્રાંત છે. આ હારમાંના ડુંગરની ઉંચાઇ ઉત્તર તરફની હારના ડુંગર જેવડીજ છે.

ઉપલા પર્વતની પશ્ચિમ તરફનો જે ભાગ તે કોંકણ પ્રાંતનો ઉંચ નીચ પ્રદેશ આવેલેા છે. આ તરફનો દર્યા કિનારેા ભારે તુફાની છે.

ધાપાન—અનીનસ જેવા ધાપાનના ઝાડ થાયછે. એના પાંદડાને કરવત જેવાં દાંતા હોઇ તે વાંકદાર અનીનસના પાંદડા કરતાં મેાટા પણ તેજ આકારના હોયછે. એના પાંદડાંમાંથી નિકળતી શાખાનું દોરડું બનાવવામાં આવેછે.

ધામારી—જળમય જગા અથવા સરદ ભૂમિ પર એના ઝાડ એકથી બે ફીટ ઉંચા વધેછે, એના પાંદડા વિચિત્ર પ્રકારનાં હોયછે, એની પર મેાર આવી તેને ફળેા આવેછે, આ ફળેા લંબેાચા આકારનાં હોયછે, જખમ ઉપર ધામારીના પાંદડાનેા રસ કાઢી તે જખમ ઉપર ચેાપડવાથી જખમ રૂજાઈ જાયછે.

ધારાપુરી—મુંબઇથી ૮ મૈલપર આવેલેા એક ટાપુ અને ગુફેા. એનેા ઘેરાવેા ૭ મૈલનેા છે. જમીનની સપાટીથી પહાડની ઉંચાઇ ૭૫૦ ફીટની છે, આ પર્વતમાં કોતરેલા ગુફામાં ૨૬ મેાટા થાંભલા હુન્નરમંદીના નમુના બતાવતા ઉભાછે. સભા મંડપની વચમાં દત્તાત્રેની અતી વિશાળ મૂર્તિ છે, દત્તાત્રેની ડાબી તરફ શિવાલય છે, તેમજ જ્યાં ત્યાં ઉભા કરેલા રાક્ષસી પેાહરેગીરેાનાં પુતળાં ૭થી ૧૨ ફીટ ઉંચા છે. આ ગુફા જોવા જનાર પાસથી ચાર આનાની 'ફી' લેવામાં આવેછે.

ધાસ—ધાસ પેાતાની મેળે અથવા બી વાવિથાથી ઉગેછે; પણ મુખ્ય ભાગ પેાતાની મેળે ઉગી નિકળે છે. ધાસનાં છેાડ કુમળાં હોયછે ત્યારે તેના અંગે મિઠાસ હોયછે. પણ તે જેમ જેમ જુનું થતું જાયછે તેમ તેમ તેમાંનેા મિઠાસ ઓછેા થતેા જઇ, તેનેા સ્ટાર્ચ બની તેનું તે પછી સૂક્ષ્મ તંતૂ બનેછે. એ રીતે ધાસ જેટલું જુનું થાયછે તેટલેા તેમાંથી પેાષણ આપનાર પદાર્થ ઓછેા થતેા જાયછે. ધાસનું બી જુનું થાય ત્યાંવેર જો ધાસ કાપવામાં નહિ આવેતેા તે કસમાં ઓછું થતું જાયછે, એટલુંજ નહિ પણ પેાતાના પેાષણ માટે તે જમીન માહેલેા ઘણેાક કસ શેાષી લઇ તેનેા પણ કસ ઓછેા કરેછે, આ કારણને લીધે ઘણીક જમીન નાપીક બનેછે. તેને જેમ વધારે તાપ લાગેછે તેમ તેમાંનેા મીઠાસ તથા સ્ટાર્ચનું પૃથકરણ થઇ તેને સુકા છેાડનું રૂપ મળેછે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે ધાસ કુમળું હોય ત્યારેજ કાપી તેને સુકવવું. તેની જુડીઓ બાંધી તાપમાં ઉલટ પાલટ કરી સુકવ્યાથી તે ઉત્તમ ધાસ બને છે. પણ બિનાસ રહેવા દઈ ગંજી મારવાથી તે કોહવા માંડતા તેમાં ઉષ્ણુતા ઉત્પન્ન થઇ કોઇ વેળા ગંજીઓ આપેાઆપ સળગી ઉઠેછે. કોઇવેળા હુંફ ઘણી લાગતાં ગંજી માહેલું ધાસ કાળું પડી જાયછે, આવી જાતનું ધાસ પશુઓને ખાવા આપીયાથી તેઓ ના કઉઆત બની હેરાન થાયછે.

બીનું ઘાસ ગંજીરૂપે રચી રાખવાથી તે પોતાની મેળે સળગી ઉઠેછે; તેનું કારણ એ છે કે તે કોહવા માંડતા તેમાં રસાયનિક ફેરફાર ઉત્પન્ન થઇ ઉષ્ણતા ઉત્પન્ન થાયછે. અને તેમાંનો ફાસફેારસ હૈદ્રોજનથી સંયેાગ પામતાં તેમાંથી ફૉસફેરેટ હૈદ્રોજન નામની ગ્યાસ ઉત્પન્ન થાયછે, પાણી ગરમ થવા જેટલી ગર્મી લાગેછે તેટલી તેને લાગતાંજ તે પોતાની મેળે સળગી ઉઠેછે, ઘાસનાં કોહવાટથી તેને જોઈતી ગર્મી ઉત્પન્ન થતાં તે ગ્યાસ સળગી રસાયણ પૃથ્થકરણના સપાટાથી પેહેલેજ ગરમ થએલી ગંજીને સલગાવી નાખેછે.

પુસ્તક ૪ થું સમાપ્ત.

જ્ઞાનચક્ર

યાને

ગુજરાતી "સાઈકલોપીડિયા."

[તૈઆર છે.] પુસ્તક ૪ થાની,— [કિંમત ૩. ૩.]

વિષયાનુક્રમણિકા.

[આ જ્ઞાનચક્ર ગ્રંથ કોશની રચનાથી રચાયલો છે, પણ નીચે આપેલું સાંકળીયું જૂદી જૂદી મનગમતી બાબતો સામટી રીતે મળી શકે તે થકી બનાવ્યું છે.]

વિદ્યા કળા તથા શાસ્ત્રો સંબંધી.

(૧)

વિદ્યા હુન્નર, કળા કૌશલ્યા અને વેપાર સંબંધી.

કેરેાસીન તેલનો વેપાર, બનાવટ અને તવારીખ. ૧
કેળાંનો વેપાર અને તરેહવાર તેમાંથી બનતી બનાવટ ૨૧
કોડીકામ. ૩૮
કોતરકામ હિંદી અને પરદેશી ૩૯
કોલસાનો દુનિયા સાથે વેપાર વહેવાર ને તવારીખ તથા હિંદી કોલસાની ખાસ વિગત ... ૭૭
ખાંડ તેની તવારીખ, બનાવટ ને વેપાર ઉદ્યોગ... ૧૫૩
ખાતરની બનાવટો ... ૧૬૧
ગટાપરચા ૨૦૯
ગ્યાસલાઈટનો ઇતિહાસ ને બનાવટ. ૨૨૬
ગલીચા—તેનો પ્રાચીન અર્વાચીન ઇતિહાસ અને ઉદ્યોગ હુન્નર ... ૨૩૪
ગલીસરાઇન. ૨૩૮
ગાંજાનો પ્રાચીન ઇતિહાસ, તથા વેપાર ને બનાવટ ૨૪૬
ગાડી—તેનો પ્રાચીન અર્વાચીન ઇતિહાસ સાથે... ૨૫૧
ગુંદરનો ઉપયેાગ ને વેપાર. ૩૦૬
ગુલી—તેનો વેપાર અને બનાવટ ૩૨૦
ગોદી—દરિયાઇ ... ૩૩૯
ઘઉંનો વેપાર. ... ૩૭૫
ઘંટની તવારીખ ને ઉપયેાગ ૩૭૭
ઘડિયાળ; તેની પ્રાચીન અર્વાચીન નવાઇ અને તવારીખ ૩૭૯
ઘરેણાં—હિંદી ને પરદેશી. તેની બનાવટ ઇતિહાસ સાથે ૩૮૩

૨

સંગીત, પીંગળ, રસાયન, ગણિત, જયેાતિષ, નાટ્યકળા, ખગોળ, વાયુચક્ર વગેરે વિષયેા.

કોકળ ૨૯
કોંતિવૃત ૧૦૨
ખગોળ વિદ્યા. તેનો પ્રાચીન અર્વાચીન ઇતિહાસ, અને નવી શોધ ખોળ. ૧૨૫
ખંજ છંદ ૧૩૩
ખટશાસ્ત્ર ૧૩૪
ખંભાવતિ રાગણી. ... ૧૪૦
ખાંડનું રસાયનિક પૃથકરણ ૧૫૬
ગજલ છંદ ૨૦૮
ગજલ છંદ ૨૦૮
ગંડિકા છંદ ૨૧૨
ગણ ૨૧૩
ગમક ૨૨૧

ગમક છંદ ૨૨૨
ગવય તારા ૨૩૯
ગાડલી ૨૫૧
ગાંધાર—રાગણી ... ૨૫૨
ગીતકા છંદ ૨૯૧
ગુજરી ૩૦૪
ગુણ કલી ૩૦૫
ગુપ્ત છંદ ૩૦૯
ગુરૂ—ગ્રહ ૩૧૧
ગુરૂત્વાકર્ષણ ૩૧૪
ગોડી ૩૩૮
ગોંધાલમ ૩૪૨
ગોપીયંત્ર ૩૪૭
ગોમુખ ૩૪૮
ઘનાક્ષરી છંદ ... ૩૮૩
ચહુમંડળ ૩૬૮
ચહુણ ૩૬૯
ચહુરત્ન ૩૭૧

૩

સંગીત શાસ્ત્ર સંબંધિ વિષયો.

ગાયન શાસ્ત્ર—તેની ઉત્પતિ, શોધ અને પ્રાચીન તવારીખ, તેનાં સાજ વાજીંત્રની તવારીખ, બનાવટ અને સમજ તથા ગાયન શાસ્ત્રની સમજણ.

હિંદુસ્તાનનું ગાયન શાસ્ત્ર. ૨૬૨
હિંદી ગાયન શાસ્ત્રનાં પુરાણા ગ્રંથોની ટીપ ૨૬૪
હિંદુસ્તાનના પ્રાચીન પ્રસિદ્ધ ગાયનકારોનાં નામો... ૨૬૪
ચીનાઈ રાગ વિદ્યા ... ૨૬૫
ધ્રુજપશિયન ગાયન કળા... ૨૬૫
હિબ્રૂ ગાયન કળા ... ૨૬૫
ગ્રીક ગાયન શાસ્ત્ર ... ૨૬૫
રોમન ,, ,, ... ૨૬૬
પુરાતન ઈરાની ગાયનશાસ્ત્ર ૨૬૬
ઈંગલીશ ગાયનશાસ્ત્ર ... ૨૬૬
ગાયન દ્વવા તરીકે ... ૨૬૭
ગાયનની જાનવરોપર અસર... ... ૨૬૭
ગાયન સાથે વાજીંત્રનો સંબંધ... ... ૨૬૭
વાજીંત્ર શાસ્ત્ર ... ૨૬૮
હિંદી વાજીંત્ર બનાવનાર શેહેરો... ... ૨૬૮
વાજીંત્રની અસર અને તેના દાખલા ... ૨૬૯
દેશી વાજીંત્રોની શોધ ને બનાવટ ... ૨૬૯
દેશી વાજીંત્રોની સંપુર્ણ ટીપ સાથે વર્ણન. ૨૭૨

તંતુવાદ્યોઃ—

,, અલાપ્યુ સારંગી. ૨૭૩
,, આનંદ લેહેરી ... ૨૭૩
,, એક તારો ... ૨૭૩
,, કમાણુચી ... ૨૭૩
,, કાનુન ... ૨૭૩
,, કીનરી વિણો ... ૨૭૩
,, ગોપીયંત્ર ... ૨૭૩
,, ચારતારા ... ૨૭૩
,, ચીકારા ... ૨૭૩
,, તંબુરી ... ૨૭૩
,, તાઉસ ... ૨૭૩
,, તીડ ૨૭૩
,, તુંબર ... ૨૭૩
,, ત્રીથંબ ... ૨૭૩
,, દોતારા ... ૨૭૩
,, નાદતરંગ ... ૨૭૩
,, નાદેશ્વરી વિણો.. ૨૭૩
,, પ્રસરણી વિણો... ૨૭૪
,, મધુર... ... ૨૭૪
,, બીન... ... ૨૭૪
,, માહ તંબુરો ... ૨૭૪
,, મીનસારંગી ... ૨૭૪
,, મોરચંગ ... ૨૭૪
,, રૂદ્ર વિણો ... ૨૭૪
,, વિણો કચ્છપી... ૨૭૪
,, સીતાર ... ૨૭૪
,, સરવથ ... ૨૭૪
,, સરોદ ... ૨૭૪
,, સારંગી ... ૨૭૪
,, સારિંદી ... ૨૭૪
,, સુરબહાર ... ૨૭૪
,, સુરબીન ... ૨૭૪
,, સુરશૃંગાર ... ૨૭૪
,, સુરસંગ ... ૨૭૫

સનઇની જાતનાં વાજીંત્ર ૨૭૫

,, અલકુજ ... ૨૭૫
,, અલગુંજ ... ૨૭૫
,, ઉથ ૨૭૫
,, કર્ણા ... ૨૭૫
,, કલમ ... ૨૭૫
,, કોંબુ... ... ૨૭૫
,, ગોમુખ ... ૨૭૫
,, તુંબડી ... ૨૭૫
,, તુરી... .. ૨૭૫
,, થુર્થી ... ૨૭૫
,, નાગ સરમ ... ૨૭૫
,, નાયરી ... ૨૭૫
,, પંચમ ઉથુ ... ૨૭૫
,, બન્સી ... ૨૭૫
,, બરકત ... ૨૭૫
,, ભગ વિણો ... ૨૭૫
,, રણ શૃંગ ... ૨૭૫
,, લયબન્સી ... ૨૭૫
,, વેણુ... ... ૨૭૫
,, શંખ... ... ૨૭૫
,, સૂંગ... ... ૨૭૫
,, સનઇ... ... ૨૭૫
,, સરલબન્સ ... ૨૭૬
,, સરણૈ ... ૨૭૬
,, સૂરણૈ ... ૨૭૬

હુસ્ત વાજીંત્રોઃ—

,, કરતાલ ... ૨૭૬
,, ખંજેરી ... ૨૭૬
,, ખોળ... ... ૨૭૬
,, ઝાડી કટ્ટી ... ૨૭૬
,, ગોંધાલમ ... ૨૭૬
,, ઘંટો... ... ૨૭૬
,, ઘુઘુર... ... ૨૭૬
,, ચિપળયો ... ૨૭૬
,, જલતરંગ ... ૨૭૬
,, ઝાંઝ ૨૭૬
,, ડફ ૨૭૬
,, ડમરૂ... ... ૨૭૬
,, ડીમડીમી ... ૨૭૬
,, ડેરા ૨૭૬
,, ઢોલ... ... ૨૭૬
,, ઢોલક .. ૨૭૬
,, તાસા... ... ૨૭૬
,, તુંકનારી .. ૨૭૬
,, ધાક... ... ૨૭૭
,, ધોંસ... ... ૨૭૭
,, નગારો ... ૨૭૭
,, ન્યસ્તરંગ ... ૨૭૭
,, નૌબત ... ૨૭૭
,, પખ્ખવાજ ... ૨૭૭
,, પોંબાઇ ... ૨૭૭
,, બોબું ને તબલા ૨૭૭
,, મંદીરા ... ૨૭૭
,, મૃદંગ... ... ૨૭૭
,, સંતૂર ... ૨૭૭
,, સંબળ ... ૨૭૭

દેશી ગાયન શાસ્ત્રની સમજ... ... ૨૭૭

મુખ્ય રાગો, તેની રાગણી ને ગાવાના વખતનો કોઠો.... ... ૨૭૮
રાગ રાગણી ગાવાની ઋતુનો કોઠો. ... ૨૭૯

સ્વર ૨૭૯

સાત સ્વરની અસર ... ૨૭૯
સાતે સ્વરનાં દેવતા, જાતી, ઉચ્ચારનો કોઠો. ... ૨૮૦
ગ્રામ ૨૮૦
આરોહિ અને અવરોહિ... ૨૮૦
શ્રુતી, ... ૨૮૧
કોમળ અને તિવ્ર ... ૨૮૧
મોરચ્છન. ૨૮૧
મીંડ કુમક અને અલંકારો. ૨૮૨
અલાપ. ૨૮૨
તાન. ૨૮૩
ઓનચાસ્ટા કોઠતાન તથા મુલકરમ ... ૨૮૩
આડવ ૨૮૪
ખાડવ ૨૮૪
સંપૂરણ. ૨૮૪
બાદી, સંબાદી ને અંબાદી. ૨૮૪
તાલ. ૨૮૪
ગોડી રાગણી.... ... ૩૩૮

૪

યંત્રશાસ્ત્ર તથા શોધો સંબંધી.

કેલ ટ્રોપ. ૬
કેલીડોસ કોપ.... ... ૧૧
કોન ડ્રમ્સ. ૪૫
કીલ... ... ... ૧૧૫
ક્રોસ હેદ. ૧૨૩
ગલોલ. ૨૩૯
ગલેસોગ્રાફ. ૨૩૯

૫

વૈદક તથા શારિરિક શાસ્ત્ર અને દવા સંબંધી

કોકેન ૩૦
કોઢ ૩૯
કોલારા ૮૩
કોલેરા. ૮૬
કોહોડ. ૯૪
ક્રોકો રોગ ૧૨૦
ખઈ અથવા ક્ષય રોગ ... ૧૨૩
ખરપસું ૧૪૩
ખરવા. ૧૪૩
ખીલ ૧૬૯
ખુજલી ૧૭૨
ખોરાક—મનુષ્ય તેમ પ્રાણી માટે ... ૧૯૪
ખોરો ૨૦૦
ગઉસિતળા ૨૦૩
ગર્ભવેષ્ટન ૨૩૦
ગર્ભસ્થાન, ... ૨૩૦
ગળસુનાનું દરદ ... ૨૪૩
ગુરદો. ૩૧૦
ગોવરૂં. ૩૫૮
ગોળાનું દર્દ ૩૬૬
ગોળી ૩૬૬

૬

બનીજ પદાર્થ અને ધાતુ સંબંધી.

કેરોસીન તેલ અને તેની ઉત્પતી ... ૧
કેલશિઅમ. ... ૮
કેલશિયમ ઓકસાઇડ ... ૯
કેલશિઅમ સલ્ફેટ. ... ૧૦
કોક ૨૬
કોડી ૩૮
કોબાલ્ટ અને નિકલ ... ૫૪
કોરનડમ ૫૯
કોલસો—તેની ખુદ્રતી બનાવટ, ઉત્પતિ, ,, જાતો, રસાયનિક પૃથક્કરણ, તવારીખ ને દુનીયામાં વેપાર. ૭૪ થી ૮૨
ક્રોમિઅમ. ૧૨૧
ખનીજ. ૧૪૦
ગંધક. ૨૧૭
ગ્લાલીઅમ. ૨૨૪
ગ્લુસિનમ. ૨૩૮
ગ્લુકોઅરમાની ૩૨૬
ગેરૂ ૩૩૧
ગેલ્વેનાઇઝડ આયર્ન. ... ૩૩૧

૭

રમત, ગમત અને વાજીંત્ર શાસ્ત્ર સંબંધી

ક્રિકેટ. તેની તવારીખ, સમજ અને રમતનાં કાયદા ... ૧૦૩
ક્રિકેટ–પ્રાચીનકાળમાં ... ૧૦૩
ક્રિકેટના મેદાનના નકાશા સાથે સમજણ ... ૧૦૪
ક્રિકેટની રમતનું સામાન્ય વર્ણન અને કાયદા ૧૦૫ થી ૧૧૨
ક્રોકે ૧૧૯
ખંજરી ૧૩૩
ખટાલી ૧૩૫
ગીતાર ૨૯૧
ગોલ્ફની રમત ... ૩૪૬

૮

વનઔષધી વનસ્પતિ, ખેતીવાડી, મૂળીયાં, જડી બુટ્ટી, ફળફુલ, પાન, મેવા અનાજ વગેરે સંબંધી.

કલ્પ ૬
કેલામાન્ડર ૧૦
કેલેડિઅમ ૧૩
કેવડો અને તેના ઔષધી ગુણો ૧૪
કેશરી ચાંપો ૧૫
કેસર- ૧૭
કેસરી ૧૮
કેળાં, તેની ખેતી અને ઔષધી ગુણો ... ૨૦
કોકમ ૨૯
કોકેન ૩૦
કોટ ૩૪
કોડી ૩૮
કોહીમડાં ૩૮
કોથમિર ૪૧
કોદરા ૪૨
કોબી ૫૫
કોબીતાડ ૫૬
કોરલા ૬૨
કોરાંટ ૬૪
કોરાંટ જાંબુડો ... ૬૪
કોરેલાઈન ૬૮
કોલ્લમ ૭૨
કોવીઆ ૮૯
કોશિંબ ૯૦
કોષ્ટ ... ... ,,
કોષ્ટ કોલંજન ... ,,
કોહળું ૯૨
કોળકંદ ૯૫
કોળસુંદ ... ... ,,
કોચ ૯૬
કોચ ગ્રાસ ૯૬
કોટ્ટી ... ... ,,
કોંડળ ... ... ,,
કોશીકતરૂ ૯૯
કોસકંદ ૧૦૦
ક્રાઉબેરી ... ... ,,
ક્રોનમ ૧૧૫
ક્રીષ્ણયુર. ૧૧૫
ક્રેનબરી ૧૧૯
ક્રેટન્સ ૧૨૦
ખજૂર ૧૩૩
ખજુરીકાળી ૧૩૪
ખડવાંગ ... ,,
ખડયો નાગ ૧૩૭
ખડશિંગ ... ... ,,
ખપાટ ૧૪૦
ખરબુજ ૧૪૩
ખરવત ... ... ,,
ખરશાંબલ ... ... ,,
ખર શૃંગિકા ... ... ,,
ખરસવાં ૧૫૦
ખરસાંડી ... ... ,,
ખરસાંડીયો ... ... ,,
ખટર ... ... ,,
ખસખસ ૧૫૧
ખાંખણ ૧૫૩
ખાખરો ... ... ,,
ખાખસ ... ... ,,
ખાજકોલતી ... ... ,,
ખાટખટુમડો ૧૫૩
ખાતર ૧૬૦
ખિરાં ૧૬૭
ખીજડી ૧૬૮
ખીલખીલા ૧૬૯
ખુશબોઇ ૧૭૬
ખુલખુલા ૧૮૦
ખેતીવાડી ૧૮૨
" તેની તવારીખ .. ૧૮૩
" હિંદી તવારીખ... ૧૮૪
ખેરવૃક્ષ અને તેના જૂદા જૂદા ઉપયોગ ... ૧૮૮
ખેરસાલ ૧૮૯
ખોરાસાની ૨૦૦
ખોરેતી ... ... ,,
ગઓકેરન ૨૦૩
ગંગાવતી ૨૦૭
ગજકર્ણી ૨૦૮
ગજગા ... ... ,,
ગંધપત્રી ૨૧૮
ગંધ પ્રિયંગુ ૨૧૮
ગંધરાજ ૨૧૯
ગંધા બિરોજા ... ,,
ગંધી કાવળ... ... ,,
ગર્જન ૨૩૦
ગરજીભ ... ... ,,
ગરણી ... ... ,,
ગરમાળો ૨૩૧
ગરવેલ ૨૩૨
ગલકાં ૨૩૪
ગલતુરો ... ... ,,
ગ્લાડિઓલસ ... ,,
ગહુલા ૨૪૩
ગલો ૨૪૪
ગાજર ... ... ,,

ગાંજો ૨૪૪
ગાડર ૨૫૧
ગાયનું ઝાડ ૨૮૪
ગાલએનમ ૨૮૬
ગિંધાન ૨૮૮
ગિરીરાજ ૨૯૧
ગીમેડાં ૨૯૨
ગુગળ ૨૯૩
ગુંજ ... ... ,,
ગુંટી ૩૦૪
ગુત્રાં ૩૦૬
ગુંદર ... ... ,,
ગુંદા ૩૦૮
ગુમતી ૩૦૯
ગુમા ... ... ,,
ગુરમૂળા ૩૧૧
ગુલમુળી ૩૧૭
ગુલકેશ ... ... ,,
ગુલ ઘોટીકા ... ... ,,
ગુલંચ ... ... ,,
ગુલછબુ ... ... ,,
ગુલદાવરી ... ... ,,
ગુલનાર ... ... ,,
ગુલબાશી ... ... ,,
ગુલમોહોર ... ... ,,
ગુલર ૩૧૪
ગુલાબ ૩૧૮
ગુલીની ખેતી ... ૩૨૧
ગુવાર ૩૨૬
ગુવાવા ... ... ,,
ગુળવેલ ૩૨૮
ગોળ ૩૩૨
ગોકસ ... ... ,,
ગોકર્ણી ... ... ,,
ગોકલાદીજ ... ... ,,
ગોખરૂ ૩૩૫
ગોખરૂ બોડાં ૩૩૬
ગોટું ... ... ,,
ગોદમડી. ૩૩૭
ગોંડાળ ૩૩૮
ગોંધણી ૩૪૧
ગોનસી ૩૪૪
ગોનસપત્ર ... ... ,,
ગોમેટાં ૩૫૦
ગોરખ આંબલી ... ૩૫૧
ગોરખ મુડી ૩૫૪
ગોરક્ષ દુગ્ધ ... ... ,,
ગોરાડી કંદ ૩૫૫
ગોરીફળ ... ... ,,
ગોલણ ૩૫૮
ગોળ ૩૬૫
ગોઝબાન ૩૬૭
ગોરાણી ૩૬૮
ગોરીનો ફણગો... ... ,,
ઘઉંની ખેતી.... ... ૩૭૪
ઘંટાપાટલી ૩૭૮
ઘાપાન ૩૮૭
ઘામારી ૩૮૭
ઘાસ ૩૮૭

૯

ભાષા તથા ગ્રંથો સંબંધી.

કોરાને શરીફ ... ૬૪
ખાલદી ભાષા... ... ૧૬૬
ખોર્દેહ અવસ્તા ... ૧૯૪
ગણત્રી ગ્રંથ ૨૧૩
ગરૂડ પુરાણ ૨૩૩
ગાથા ૨૫૨
ગાંધર્વવેદ ૨૫૪
ગીતા ૨૯૧
ગુજરાતી ભાષા ... ૩૦૧
ગોરક્ષ કલ્પ ૩૫૪

૧૦

રાહરસમ, તહેવાર, એતાબ, ઓધા અને ઇતિહાસ સંબંધી.

કેસાક ૨૦
કોનગ્રેસ. ૪૨
કોનસલ. ૪૯
કોન્સ્ટેબલ. ... ... ,,
કોહીનૂર–હીરો ... ૯૨
કૂસેડ. ૧૧૭
ખાન ૧૬૪
ગાંધર્વ વિવાહ... ... ૨૫૪
ગાયકવાડના રાજ્યનો ઇતિહાસ, ભૂગોળ. ... ૨૫૬
ગારડરનો ચાંદ... ... ૨૮૪
ગુજરાતનાં રાજા ... ૩૦૦
ગુડી પડવો ૩૦૪
ગુપ્તકાલ ૩૦૮
ગુપ્ત વંશ. ૩૦૮
ગુર્જર. ૩૧૦
ગુલામગીરી. ૩૨૦
ગોવાનો ઇતિહાસ ... ૩૫૯

૧૧

જુદી જુદી કોમનાં પ્રસિદ્ધ સ્ત્રી પુરૂષોનાં જન્મ ચરિત્રો,

ઇતિહાસ, તથા ધર્મજ્ઞાન, કાયદા, રસમ વગેરે વિષયો. પ્રાચીન અર્વાચીન ઈરાની, તુરાની, ને હાલના પારસીઓ સંબંધી.

કેશવાદ ૧૬
કેકાઉસ ૨૩
કેકોબાદ ૨૪
કેખસરૂ ... ... ,,
કોબાદ ૧–૨ ... ... ૫૨
કોબાદ ૨ જો... ... ૫૪
કોરંગશાહ. ૫૯
ખરશેદજી, કા. બનાજી ... ૧૪૩
ખરશેદજી જમશેદજી જીજીભાઇ ૧૪૪
ખરશેદજી નસરવાનજી કામા ૧૪૪
ખરશેદજી ફરામજી કામા ૧૪૪

ખરશેદજી ફરદુનજી પારખ ૧૪૫
ખરશેદજી રૂસ્તમજી વાહા-
ડીઆ ૧૪૬
ખરશેદજી રૂસ્તમજી ઈજનેર ૧૪૭
ખરશેદજી માણેકજી શરાફ ૧૪૭
ખરશેદજી રૂસ્તમજી કામા ૧૪૮
ખાતુનબાનુ ૧૬૩
ખુરશેદજી જ. દ. જમા
સ્પચઅશાના. ... ૧૭૪
ખુરશેદજી જમશેદજી દસ્તુર ૧૭૫
ખુશરો પરવિઝ ... ૧૭૬
ખુશરો-અશકાની ... ૧૭૯
ખુરશો-સાસાની ... ૧૭૯
ખુઝીસ્તકવાતન ૧૮૦
ગંદરેઉ. ૨૧૬
ગયાધાસ્તિ ૨૨૩
ગયોમર્દ ૨૨૮
ગરશારપ ૨૩૨
ગર્સિવજ. ૨૩૨
ગવયાન ૨૩૯
ગીવ ૨૯૨
ગુદર્ઝ ૩૦૮
ગુશતાસ્પ ૩૨૬
ગેરામ. ૩૩૧
ગેવ ૩૩૨
ગોર્દાફરિદ ૩૫૪
ગોસરપબાતુ ૩૬૩
ગૌત્તમ ૩૬૭

૧૨

પ્રાચીન અર્વાચીન આર્યનો, તેમના દેવતા, ધર્મ કથાઓ અને હાલના હિંદુઓ સંબંધી

કેશવ ચંદ્રસેન... ... ૧૫
કેશવજી મોરારજી ... ૧૬
કેશવદાશ-કવિ. ... ૧૬
કેશિનિ ૧૬
કેસરી ૧૮
કૈકેયી ૨૪
કોલાનંદ ૮૩
કૌરવ. ૯૭
કૌશલ્યા. ૯૭
ક્રતુ... ... ... ૧૦૦
રાય બહાદુર ક્રિસ્તોદાસ...
પાલ. ૧૧૫
ક્રોધ. ૧૨૦
ખટવાંગ ૧૩૪
ખંડેરાવ ગાયકવાડ મહા-
રાજા. ૧૩૬
ખના ૧૩૭
ખર. ૧૪૨
ખુમાન ભાઇ.... ... ૧૭૩
ખેંગાર ૧૮૧
ખેતોજી ૧૮૮
ગએાતેમ ૨૦૩
ગંગ કવિ ૨૦૩
પંડિત ગટુલાલજી ધન-
શ્યામજી પંડિત ... ૨૧૦
ગણપતિ. ૨૨૪
ગંધર્વસેન. ૨૧૮
ગણ. ૨૨૨
ગર્ગ. ૨૨૯
ગરડ. ૨૩૨
ગવરીબાઇ. ૨૩૯
ગવરીશંકર ઉદયાશંકર ... ૨૪૦
ગાંધારી ૨૫૪
ગિરધરલાલ ૨૯૦
ગુણાઢય કવિ ૩૦૫
ગુરૂ ગોવિંદ ૩૧૩
ગુરૂદત્ત ૩૧૬
ગુહસેન ૩૨૮
ગોકળદાસ તેજપાલ ... ૩૩૩
ગોકળજી ઝાલા ... ૩૩૩
ગોનંદ ૩૪૪
,, ઉજ્જે ૩૪૩
ગોપાદિત્ય ૩૪૪
નાયક ગોપાલ ૩૪૪
ગોપાલરાવ હરિદેશમુખ ... ૩૪૫
ગોપાલવર્મા ૩૪૫
ગોપીચંદરાજા... ... ૩૪૫
ગોરક્ષનાથ ૩૫૪
ગોરો કુંભાર ૩૫૬
ગોવર્ધનશર્મા ૩૫૮
ગૌત્તમ. ૩૬૭
ઘટોત્કચ, ... ૩૭૧

૧૩

પ્રાચીન અર્વાચીન અને હાલના મોહમેદનો તથા તેમના ધર્મ જ્ઞાન સંબંધી

ખદીજા ૧૩૭
ખલીલ સુલતાન .. ૧૫૦
ખ્વાજે ઇમાદ.... ... ૧૫૦
ખ્વાજે ખીજર ... ૧૫૦
ખાકાની. ૧૫૩
ખાતુન તુરખાન ... ૧૬૩
ખાનજમાન બહાદુર ... ૧૬૪
ખાનજહાન કોકલતાશ ... ૧૬૪
ખાફીખાન ૧૬૫
ખાવંદશાહમીર ... ૧૬૬
ખીજરખાન ૧૬૮
ખુરમ મીર્ઝા ૧૭૪
ખુશરો અમીર... ... ૧૮૦
ખુશરો શાહ ૧૮૦
ખોન્દેમીર ૧૯૩
ગજની વંશ ૨૦૮
ગઝાલે મૈલાના. ... ૨૦૯
ગના બેગમ. ૨૨૮
ગ્યાસુદીન ખીલજી ... ૨૨૭
,, મહમદ ... ૨૨૭
,, મહમદ ઘોરી. ... ૨૨૭
,, મહમદ ઘોરી. ... ૨૨૭
,, તઘલકશાહ પહેલો ... ૨૨૭
ગાઝી ઉદ્દીન ૨૪૯
ગોહરસાદ બેગમ ... ૨૬૫

૧૪

ખ્રિસ્તી, જ્યુ, ચીના, જેપાનિઝ, રોમન ગ્રીક વગેરે પ્રજાના સ્ત્રી પુરૂષોનાં જન્મ ચરિત્રો તથા તેમના ધર્મજ્ઞાન વિષયો.

કેલવીનજ્હેન ૭
લૉર્ડ કેલવીન ૭
કેવેનધ જુલીયા ... ૧૫
કેવેન્ડિશ હેન્રિ... ... ૧૫
કેસસ ૧૯
કેસેની ૧૯
ડૉ૦ રૉબર્ટ કેાક ... ૨૬
કેાટન સર રૉબર્ટ બ્રૂસ ... ૩૬
કેાનરાડ ૪૫
કેાનરાડ રન્જે ૪૬
કેાનરાડ ઉજ્જે... ... ૪૬
કેાન્સટનટાઇન ૧ લેા ... ૪૬
કેાપરનિક્સ ૫૦
કેાબિને ૫૭
કેામેાડસ લ્યુસિયસ ... ૫૮
કૉર્નવાલ્સ ચાર્લસ મારવિસ. ૬૧
કેાર્નેલિયસ એગ્રીપા ... ૬૨
કેાલંબસ ૬૯
કેાલરીજ સેમ્યુલ ટેલર... ૭૨
કેાલરિજ હાર્ટલી ... ૭૨
કેાતિનસ ૧૦૨
ક્રિલેાફ આદવાન ... ૧૧૨
ક્રિસ્ચીયન હેનેકન ... ૧૧૬
ક્રિસ્ટીડિ પિઝાન ... ૧૧૬
ક્રીસસ ૧૧૭
ક્રેામવેલ આલિવર ... ૧૨૧
આકાન ૧૫૨
ખેાલ જેહાન જ્યૉર્જ ... ૨૦૧
ગટે... ... ... ૨૧૧
ગ્યારિબલ્દી ૨૨૪
ગ્યાલીલિયેા ૨૨૫
ગવેલ્ફનાં વંશજ ... ૨૪૩
ગીબન એડવર્ડ ... ૨૯૧
ગીબન્સ ઓરલેંડેા ... ૨૯૧
ગેલેરીયસ ૩૩૧
ડૉ૦ ગેાટલીબ... ... ૩૩૬
ગેાડ ફ્રે૦ ... ... ૩૩૬
ગ્રેગરી ૩૭૩

૧૫

સર્વ ધર્મ જ્ઞાન વિષય સંગ્રહ.

કેલીએાપ ૧૧
કેલાસ ૨૪
કેાકીલાવ્રત ૩૦
કેાન્જગરીયૌર્ણિમાં ... ૩૪
કેાયડેા ૫૮
કેાસ્ટ ૧૦૦
કૂસેડની લડાઇએા ... ૧૧૭
ક્રેાસ ૧૨૧
અનાન પ્રજાનેા ધર્મ ... ૧૩૯
અરતાલ ૧૪૨
અશ્રેમ્યા ૧૫૦
આદએન ૧૬૪
એમાશ ૧૮૮
એારદાદસાલ ૧૯૪
એફસ્તર ૨૦૧
એવિચ્ચિ ૨૦૧
એનાથઇતિ ૨૦૧
ખ્રિસ્તીભેાજન... ... ૨૦૨
ખ્રૂ ૨૦૨
ખ્રૂઇચ્ચિ ૨૦૨
ગજાનન ૨૦૯
ગદપડવેા ૨૧૨
ગણુપતિ ૨૧૪
ગણુપતિ ચેાથ ... ૨૧૪
ગરેાથમાન ૨૩૩
ગાથા ૨૫૨
ગાહમબારેા ૨૮૭
ગીરેહબાન ૨૯૨
ગુડીપડવેા ૩૦૪
ગેઉશ ઉવર્ન ૩૨૮
ગેતી ખરીદ ૩૩૦
ગેથ્રિઅલ ૩૩૦
ગેહ... ... ... ૩૩૨
ગેાપતશાહ ૩૪૪
ગેામેઝ-તેની પ્રાચીન અર્વા
ચીન રીલસુરી ને ગુણુ ... ૩૪૮
ગેારેાનું વ્રત ૩૫૬
ગેાલેાક ૩૫૮
ગેાશ ઇજદ ૩૬૩
ગેાળ ૩૬૫
ગૈા... ... ... ૩૬૭
ગૈાત્તમ ૩૬૭
ગૈારી ૩૬૭
ગ્રેટપ્રાયર ૩૭૪
હેાલી-ગ્રેલ ૩૭૪
ઘશી ૩૮૬

૧૬

જન વર્ણન.

કેલ્ટ-પ્રજા. ૬
કેાકેશિઅન ૩૦
કેાસ્સૅક પ્રજા. ... ૯૦
કેાળી ૯૫
અનાન પ્રજા ... ૧૩૫
એયએાન ૧૪૨
ઐરી ૧૯૦
ઓજા-તેમનેા પંથ અને
રીતી રેવાજો ... ૧૯૦
ગાલચા. ૨૮૬
ગિબીલાઇન ૨૮૮
ગુગળી ૨૯૩
ગેાલ પ્રજા ૩૫૭
ઘાંચી ૩૮૬

૧૭

પ્રાણી વર્ણન.

કેલામરી. ૧૦
કેરિટ્રલ ૧૭
કોઇપસ, ... ૨૪
કોકચેફર, ... ૨૭
કોઆતીસ ૩૨
કોનડર, ... ૪૫
કોયલ. ૫૯
કોર્નક્રેક ૬૧
કોરારી. ૬૫
કોલ—માછલી ... ૭૨
કોલા. ૮૨
કોહલું. ૯૧
કોળી... ... ... ૯૫
ક્રીપર ૧૧૫
ક્રીસોક્લોર ૧૧૭
ક્રેન ૧૧૯
ખરગધ. ૧૪૨
ખરતાલ. ... ... ,,
ખાસકોલી ૧૬૭
ખુબારોડ. ૧૭૩
ગધેડ્યું. ૨૨૦
ગધેડો ૨૨૦
ગરૂડ. ૨૩૩
ગાય—તેની તરફ પૂજ્ય ભાવ, માવજત અને પર દેશી ગાયો વિશે ... ૨૫૫
ગેંડો. ૩૨૯
ગેબોન. ૩૩૦
ગોકળગાય ૩૩૨
ગોધો ૩૪૨
ગોરાર—સર્પ, ... ૩૫૫
ગ્રેટ ત્રીએક ૩૭૩

૧૮

વિવિધ જ્ઞાન સંગ્રહ.

કેલ્યૂમેટ ૬
કોપરૂં ૫૧
કોરીન. ... ... ,,
કોમેડી. ૫૮
કોરે કાગળે મતુ ... ૬૮
કોલ્ડ ક્રિમ..... ... ૬૯
કોલ્લમ કાલ.... ... ૭૨
કોલોસસનું પુતળું ... ૮૯
કોસ્તુભ ૧૦૦
ખારીહવા ૧૬૬
ખીલા ૧૭૧
ખુઆબ. ૧૭૧
ખુન. ૧૮૦
ખોગીર. ૧૯૦
ખોળ. ૨૦૧
ગંજીફો, ... ૨૦૯
ગંધકનો તેજાબ, ... ૨૧૮
ગ્યૂએકમ ગુંદર ... ૨૨૮
ગલ્યૂટેન. ૨૩૪
ગાજ ૨૪૪
ગાય ૨૫૫
ગુગ્ગલનો (ખાતર) ... ૨૯૨
ગુંદર ૩૦૬
ગોદી ૩૩૯
ગોફણ ૩૪૭
ગોરૂ ચંદન ૩૫૫
ગોલ્ડ સ્ટીલ.... ... ૩૫૮
ગોવર્ધન, ... ૩૫૮
ગોરતન, ... ૩૬૩
ઘર... ... ... ૩૮૩

૧૯

ભુગોળ સર્વ સંગ્રહ.

નદી, નાળાં, સરોવર, તલાવ વગેરે.

કોલક... ... ... ૬૮
કોલરૂન ૭૨
કોલેર... ... ... ૮૬
કોલોરેડો ૮૮
કોશાહનાગ ૮૯
કોહ... ... ... ૯૧
કોશાલ્યા ૯૭
કોશીકી ૧૦૦
કિષ્ણા... ... ... ૧૧૯
ખંભાતનો અખાત ... ૧૪૧
ખાજ્ર... ... ... ૧૬૭
ખુદાલુ... ... ... ૧૭૩
ખુરંમ... ... ... ૧૭૩
ગંગા યાને ભાગીર્થિનું માહાત્મ અને સંપૂર્ણ વર્ણન... ... ૨૦૪
ગંગાદ્વાર ૨૦૬
ગંગાલ ૨૦૭
ગંડકી ૨૧૨
ગંધક નદી ૨૧૮
ગંધક નદી ... ... ,,
ગલ્ફસ્ત્રીમ..... ... ૨૩૪
ગાલીલ ૨૮૬
ગુધ... ... ... ૩૦૮
ગોદાવરી ૩૩૮
ગોહના સરોવર ... ૩૬૩
ઘટપ્રભા ૩૭૮

૨૦

પહાડો, ગુફા, કિલ્લા અને કુદરતી અદ્‌ભુતતા.

કેલહારી ૧૦
કેલાહશેરવાન... ... ૧૧
કોકેસસ ૩૧
કોટપીગઢ ૩૭
કોહેપેક્ષી ૩૮
કોંડાણે ૩૯
કોંડાણે ૩૯
કોખી ૫૫
કોરલઇનો કિલ્લો ... ૬૨
કોલાળાનો કિલ્લો ... ૮૩
કોલોઝયમ ૮૮
કોસ્યા પર્વત ૯૦
કાકાટોવાનો—જવાલા મુખી પર્વત ને તેણે કરેલી ખરાબીઓ ... ૧૦૧
કિષ્નાગરી ૧૧૩
કોંચારણ્ય ૧૨૩
ખાઇબર પર્વત ... ૧૫૧
ખાઇબર પાસ ... ૧૫૨
ખાંડવ વન ૧૬૦
ખીલાતે નાદરી ... ૧૭૧
ખોજક ૧૯૦
ખોન્દ ૧૯૩
ગંગોત્રી ૨૦૭
ગદમન હોમન્દ ... ૨૧૫
ગંદીકોટ ૨૧૬
ગઝરગઢ ૨૨૧
ગળવંત ગઢ ૨૪૩
ગાફર પર્વત ૨૫૫
ગાલીલ પર્વત ૨૮૬
ગીરનાર ૨૮૮
ગૃહકૂટ ૩૨૮
ગોપનાથ ૩૪૪
ગોમતી ૩૪૭
ઘાટ ૩૮૬
ઘારાપુરી ૩૮૭

૨૧

ખંડ, રાજ્ય, ઇલાકા, પ્રાંત, ટાપુ, ગામો વીગેરે.

કેલ ૫
કેલકની ૬
કેલવાડોસ. ૭
કેલમાઝો. ૧૧
કેલામરી. ૧૧
કેલીડોન. ... ... ,,
કેલીફોર્નિયા ૧૨
કેલીરઝ ૧૩
કેલે... ... ... ,,
કેલેખિયા. ... ... ,,
કેલો ૧૪
કેશો ૧૭
કેસ્કમીટ ... ... ,,
કેસ્ટલફોર્ડ ... ... ,,
કેસ્ટલમેરી ... ... ,,
કેસ્ટામયુની ... ... ,,
કેસ્ટીલ ... ... ,,
કેસ્ટીલોન ... ... ,,
કેસલ ૧૯
કેસાન્લીક. ... ... ,,
કોઇમ્બતૂર ૨૫
કોઇમ્બ્યા, ... ૨૬
કોકણ પ્રાંત ૨૭
કોકોનોર ૩૧
કોગનાગ ૩૩
કોચીન ... ... ,,
કોચીન ચીન. ... ,,
કોચીન ચાઇન ... ૩૪
કોટકમાલીઆ... ... ૩૫
કોટધર. ... ... ,,
કોટડા સાંગાણી ... ,,
કોટડા પીહા. ૩૬
કોટબ્રિજ. ૩૭
કોટા. ... ... ,,
કોટી. ... ... ,,
કોટેટોમ. ૩૮
કોટેશ્વર. ૩૮
કોડીનાર ૩૯
કોથખાઈ. ૪૧
કોથી. ૪૨
કોન્દાપૂર. ૪૫
કોન્દેપેલી ૪૫
કોનવે. ૪૬
કોન્સટન્સ. ... ... ,,
કોનસટન્ટીનોપલ. ... ૪૭
કોન્સટન્ટીની ૪૮
કોન્સટન્ટીસી ૪૯
કોન્સિપિશન ... ... ,,
કોનાવાર. ... ... ,,
કોનિંગ્સબર્ગ ૫૦
કોપેનહેગન. ૫૧
કોરીન. ... ... ,,
કોબર્ગ ૫૨
કોબ્લેંઝ ... ... ,,
કોબી. ૫૫
કોમ્ટા. ૫૬
કોમ્બકોનમાં ... ... ,,
કોમ્બલે. ૫૭
કોમહારસીન. ... ... ,,
કોમાસી. ... ... ,,
કોમો ૫૮
કોર્ક ૫૯
કોર્દોવા. ૧–૨... ... ૬૦
કોરસિકા ૬૩
કોરસિરા. ૬૪
કોરિયા–હિંદી ૬૫
કોરીચા ૬૫
કોરીંથ. ૬૮
કોલ... ... ... ૬૮
કોલચેસ્ટર. ... ... ,,
કોલંબસ ૧–૨ ... ૬૯
કોલંબસ–૬૦ ... ... ,,
કોલંબિયા ૭૦
કોલંબિયા ૧–૪ ... ૭૧
કોલંબિયા બ્રિટીશ ... ,,
કોલપણ. ૭૩
કોલાબાજીલ્લો. ... ૮૩
કોલાહપુર. ૮૩
કોલાહપુરશેહેર ... ૮૫
કોલીમાં ૮૬
કોલુર. ... ... ,,

કોલોગન ૮૭
કોલોરેડો. ૮૯
કોવેન્ટી. ... ... ,,
કોસ ૯૦
કોસ્ટરિકા. ... ... ,,
કોસમ. ... ... ,,
કોસલ-દેશ ... ... ,,
કોહત ૯૧
કોહિસ્તાન ૯૪
કોંચાધ્વપ ૯૬
કોંડિણ્યપુર. ... ... ,,
કોકુ-દેશનું પ્રાચીનત્વ ... ,,
કૌશાંબી-નગર... ... ૯૮
ક્રાઇમિઆ. ૧૦૦
ક્રિસ્ચાનિયા ૧૧૩
ક્રીટનોટાપુ ... ... ,,
ક્રેકો... ... ... ૧૧૮
ક્રેંગાનોર ... ... ,,
ક્રોઇડન ૧૧૯
ક્રોસેટાનાંટાપુ. ૨૨૩
ક્રોંચધ્વિપ ... ... ,,
ખટમાંડુ ૧૩૪
ખંડ ૧૩૫
ખંદહાર. ૧૩૭
ખનાનદેશ ૧૩૮
ખનિરથ. ૧૪૦
ખંભાત ... ... ,,
ખયરગર. ૧૪૨
ખયરાબાદ ... ... ,,
ખ્યોન. ... ... ,,
ખરસન ૧૫૦
આખમિશ. ૧૫૩
આંચરોડ ... ... ,,
ખાનદેશ જીલ્લો ... ૧૬૪
ખાનપુર ૧૬૫
ખારતૂમ. ૧૬૬
ખારકુફ ... ... ,,
ખારાસમ ... ... ,,
ખાસગંજ ૧૬૬
ખિવા... ... ... ૧૬૭
ખી.... ... ... ૧૬૮
ખીરસરા ... ... ,,
ખીલચીપૂર ૧૬૯
ખીલાત ૧૭૧
ખુંટવાડા ૧૭૨
ખુતન ૧૭૩
ખુદાગંજ ૧૭૩
ખુદાબાર ... ... ,,
ખુરજા ... ... ,,
ખુલિલા ૧૭૪
ખુરદેહ અર્દેશીર ... ૧૭૪
ખેડા ૧૮૧
ખેડા ... ... ,,
ખેપ્રી ૧૮૮
ખૈરપૂર ૧૮૯
,, ,, ... ,,
ખોજંદ ૧૯૦
ખોનસાર ૧૯૩
ખોય ૧૯૪
ખોદંહ ... ... ,,
ખોસાબાદ ... ... ,,
ખોરાસાન ૨૦૦
ખ્રાઇસ્ત ચર્ચ... ... ૨૦૧
,, ,, ... ,,
ખ્રિસ્ચીઅનડેડ ... ૨૦૨
ખ્રિસ્ચીઅનસેન્ડ ... ,,
ખ્રિસ્ચીઆના ... ૨૦૨
ગએ ૨૦૩
ગએાસુત ... ... ,,
ગંતૂર ... ... ,,
ગંગીકંદાપૂર ૨૦૭
ગંગોત્રી ... ... ,,
ગંગોહ ... ... ,,
ગંજમ ૨૦૮
ગંજમ ... ... ,,
ગજરખાન ... ... ,,
ગંજે ૨૦૯
ગડ... ... ... ૨૧૧
ગઢકા ૨૧૨
ગઢડા ... ... ,,
ગઢવાળ ... ... ,,
ગણદેવી ૨૧૩
ગણુદેવી ... ... ,,
ગંતૂર ૨૧૫
ગંતૂરે ... ... ,,
ગદર ... ... ,,
ગદર શેહેર ... ... ,,
ગંદલપટ ૨૧૬
ગદવારા ... ... ,,
ગદવારા ... ... ,,
ગદીબન્દા ૨૧૭
ગદીવારા ... ... ,,
ગદીવારા ... ... ,,
ગંધારા ૨૧૯
ગની ૨૨૧
ગનૂર ... ... ,,૨
ગમસાર ૨૨
ગયબંદાહા ... ... ,,
ગયા જીલ્લો ... ... ,,
ગયા શેહેર ૨૨૩
ગયાલિલી ૨૨૪
ગરગોન ૧-૨-૩-૪ ... ૨૨૯
ગરબાદાન ૨૩૦
ગરમુખતેશ્વર ૨૩૧
ગરવાળ ... ... ,,
ગરવાલ ૨૩૨
ગરથાંકર૧-૨... ... ,,
ગરોથ ૨૩૩
ગરોલા ૨૩૪
ગવાટેમાલા ૨૪૧
ગવાલેર ... ... ,,
ગવાલેર ૨૪૨
ગાઝા ૨૪૯
ગાઝીઆબાદ ... ... ,,
ગાઝીપૂર જીલ્લો ... ૨૫૦
ગાઝીપૂરશેહેર... ... ,,
ગાથા ૨૫૪
ગાંધાર ૨૫૪
ગાયકવાડનું રાજ્ય ... ૨૫૬
ગારગોન ૨૮૪
ગારાહકોટ ૨૮૫
ગારોનો જીલ્લો ... ,,
ગોલગોંગ ... ... ,,
ગાવલગઢ ૨૮૮
ગાવલગર ૨૮૬
ગિઝની ૨૮૭
ગિરવાન ૨૯૦
ગિરીધિ ૨૯૧
ગીલઘીત ૨૯૨
ગીલાનશાહ ... ... ,,
ગુજરાત ૨૯૫
,, ... ,,
ગુજરાત દેશ... ... ૨૯૬
ગુજરાનવાલા ૧-૨-૩ ... ૩૦૩
ગુડી ૧-૨ ... ... ૩૦૪
ગુરજર ૩૦૯
ગુરદાસપુર ૩૧૬
ગુલ શેહેર ૩૧૮
ગોટા ૩૮૨
ગોડી ૩૯૨
ગોડીસ ... ... ,,
ગોડેમસ ... ... ,,
ગોતુલીયા ૩૩૦
ગોબોન ... ... ,,
ગોલેટિયા ૩૩૧
ગોલેસિયા ૩૩૨
ગોકર્ણ ... ... ,,
ગોકાક ૩૪૩
ગોકુળ ... ... ,,
ગોંડળ ૩૩૭
ગોધરા ૩૪૧
,, શેહેર ... ... ,,
ગોધા ૩૪૨
ગોર ૩૫૦
ગોરખપૂર ૩૫૩
,, શેહેર... ... ,,
ગોરખમઢી ... ... ,,
ગોલકોંડા ૩૫૭
,, શેહેર... ... ,,
ગોલેંડ ૩૫૮
ગોવા પ્રાંત ૩૫૯
ગોવા શેહેર ૩૬૨
ગોહદ ૩૬૩
ગોહત્તિ ... ... ,,
ગૌડબંગાલ ૩૬૭
ગ્રાનેડા ૩૭૧
ગ્રીનલેંડ ... ... ,,
ગ્રીસ ૩૭૨
ઘંટ ૩૮૩



જ્ઞાનચક્ર

યાને—

ગુજરાતી સાઇકલોપીડિયા

અથવા

સર્વ વિદ્યા હુન્નર શાસ્ત્રનો કોશ.

આ ગ્રંથમાળાનાં જૂદા જૂદા ભાગો તૈઆર છે.

પુસ્તક ૧ લું	પુસ્તક ૨ જું	પુસ્તક ૩ જું	પુસ્તક ૪ થું
કિંમત ૩ ૩-૦	કિંમત ૩ ૩-૪	કિંમત ૩ ૩-૦	કિંમત ૩ ૩-૦

પોસ્ટેજ દરેકનું ચાર આના જુદું પડશે.

૧—ગુજરાતીમાં સાહીત્યનો સામટો સંગ્રહ ધરાવનાર આ પેહેલુંજ પુસ્તક છે. કે જેમાં હુન્નરો બાબતનો સંગ્રહ છે.

૨ જ્ઞાનચક્ર **યાને** ગુજરાતી સાઈક્લોપીડિઆનો અર્થ=જગતમાં સર્જેલી **વિદ્યા, હુન્નર** અને **કુદરતી** પેદાયશોનો સામટો સંગ્રહ થાય છે. યાને જ્ઞાનચક્રમાં દુન્યામાં થયલા પ્રસિદ્ધ બનાવો, **શોધો,** હુન્નરો, હૈયાત અને મરહુમ **પ્રસિદ્ધ જનનાં** ચરિત્રો, ખરી બનેલી **વારતાઓ, કથાઓ,** પ્રાચિન તથા ચાલુ સ્થિતી વીષેની વિગતો જાણવી હોય તો તે ઘણી સહેલાઈથી એમાં મળી શકે છે.

૩—જાણવા જેગ ખબરોનો એઠલો તો કિમતિ સંગ્રહ આ પુસ્તકોમાં સમાવવામાં આવ્યો છે કે, તે વગર કોઇ પણ એક ભણેલા આસામીનું મકાન ખાલી રહેવું જોઇતું નથી.

૪—આ જ્ઞાનચક્રમાંની દરેક બાબત ચોકસાઇ અને સંભાળથી તપાસ કરી લખવામાં આવ્યા ઉપરાંત **પરિક્ષકો** તરફથી તપાસી **ઈનામ લાયક** ઠેરવેલું હોવાથી આ પુસ્તક ભરૂસેદાર બન્યું છે.

૫—જ્ઞાનચક્ર દરેકનો ભોમિયો છે એમ એની રચના ઉપરથીજ સ્પષ્ટ જણાઇ આવશે. જેમ આ પુસ્તક એક **વિદ્યાર્થીને** તેના અભ્યાસમાં કામ આવશે તેમ બીજા ધંધાદારી અને **હુન્નરમંદ** તથા **અભ્યાસી** માટે ઉપયોગી થઈ પડશે.

૬—**બાતુઓનાં** વાંચન તેમજ અભ્યાસ માટે એના કરતાં વધુ દુન્યાનો સામટો અનુભવ આપનાર ગુજરાતી ભાષામાં એકે ગ્રંથ નથી, એ જ્ઞાનચક્રની રચના ઉપરથીજ વાંચકો જોઈ શકશે.

નીચલા ગ્રંથો તૈઆર છે.

(જાણીતા પુસ્તક પ્રગટ કરનાર તથા વેચનાર પાસથી—
યા—રચનાર પાસથી મળશે.)

	રૂ. આ.
હકદારનો હક—યાને છુપી પોલીસના પરાક્રમો. તદ્દન નવી દીલકશ વાર્તા. ચિત્ર સાથે	૧—૦
ચાઈનીજ ટેલ્સ—રસીલી વાર્તાનું પુસ્તક. એમાં ૩૩ વાર્તાઓ અરેબિયન નાઇટસની ઢબ ઉપર છે...	૧—૪
જમાસપી—આ પુરાણું પુસ્તક ચિત્રો, ફાલ નામુ તથા તાવીને સાથે તૈઆર છે...	૧—૮
એશિઆની સદગુણી બાતુઓ—જાણીતી બાતુઓનાં સચિત્ર વૃત્તાંતો ...	૧—૮
સુંદર હેલન—મહાન કવિ હોમરની ઇલીયડ આધારે રચેલું પુસ્તક... ...	૦—૬
મેસમેરીઝમ—	૦—૬
ફોટોગ્રાફી—હાલની નવી સુધારેલી રૂઢીએ છબી પાડવાના હુન્નરનો સ્વતંત્ર ગ્રંથ...	૦-૧૨
કાચ બનાવવાનો હુન્નર ઉદ્યોગ—હાલની રૂઢીએ કાચ કામ બનાવવાનો સ્વતંત્ર ગ્રંથ. ઇતિહાસ સાથે... ...	૦-૧૨
જ્ઞાનચક્રનાં—ચારે ગ્રંથો	૧૨—૪

(દરેક ગ્રંથનું પોસ્ટેજ જુદું.)

નીચલે ઠેકાણે મળશે.

રતનજી પ્રેમજી શેઠના,

મુંબઇ, બહારકોટ, અબદુલ રહિમાન સ્ત્રીટ, ના૦ ૩૪૫.

NOT TO BE ISSUED.

SMT. HANSA MEHTA LIBRARY, BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.

NOT TO BE ISSUED

ENTERED

SHML
G24747

G.24747

NOT TO BE ISSUED.

7AE
74
.J6-Z4

G.24747